# શ્રીકૃષ્ણચરિત્ર

લેખક:
ગોલોકવાસી શ્રીનાનુલાલ ગાંધી

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :**
શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :**
વિ.સં.૨૦૭૭
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૨

**પ્રતિ :**
૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

# શ્રીકૃષ્ણચરિત્ર

## લેખક: ગોલોકવાસી શ્રીનાનુલાલ ગાંધી



# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફોન : ૯૩૧૩૪ ૩૬૨૦૦, ૦૨૬૭૬-૨૨૫૧૭૧**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ | (અપ્રાપ્ય) ૬૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| વાર્તાપરિચર્ચા | ૧૫ |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) ૫૦ |
| પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (અપ્રાપ્ય)નિઃશુલ્ક |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |
| પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | ૧૦૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | ૧૦૦ |

## નિત્યસ્તોત્રપાઠ

**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) પાકું બાઈંડિંગ — અપ્રાપ્ય
**પુષ્ટિપાઠાવલી** (હિન્દી) પાકું બાઈંડિંગ — અપ્રાપ્ય
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ — ૨૦
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ — ૧૦
**પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) — ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

**શ્રીભાગવતમહાપુરાણ** — શીઘ્ર પ્રકાશ્ય
(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું)

**ષોડશગ્રન્થ** — અપ્રાપ્ય
(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦)

**જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો** — અપ્રાપ્ય
ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી,શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોનું વિવેચન ૪૫૦થી વધુ પાનામાં સંકલન

**કૃષ્ણાશ્રય** — અપ્રાપ્ય
શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજ અનુવાદ

**ભગવદ્ગીતા** — અપ્રાપ્ય
અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે.

**પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) — ૨૫
**ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪વાર્તાઓ,** લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા — અપ્રાપ્ય
**ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮વાર્તાઓ,** લે. ઉપર મુજબ — અપ્રાપ્ય
**ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય,** લેખક : ગો.શ્રીશ્યા.મ. — નિઃશુલ્ક
**ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. — નિઃશુલ્ક
**દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી — નિઃશુલ્ક
**ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી — ૧૦

**શ્રીભાગવતાર્થપ્રકરણ** — ૧૫૦
(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી.

**શાસ્ત્રાર્થપ્રકરણ** — ૫૦
(શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે)

**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** નિઃશુલ્ક

(શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી

**ગૃહસેવા અને વ્રજલીલા** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**શ્રીકૃષ્ણચરિત્ર** અપ્રાપ્ય

(દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

**રસદષ્ટિની તરફેણમાં**. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી** ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**ભક્તિવર્ધિની** વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**હમકું ઈતની સમજ ભલી** અપ્રાપ્ય

(અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક આચાર્યોના વચનામૃતો.

**તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫

**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**पुष्टिविधानम्-२**(व्याकरणम्) અપ્રાપ્ય

श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित ५६ ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय.

**पुष्टिविधानम्-३**(व्रजभाषा) १५०

श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षड्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका.

**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००

**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०

(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.

**विवेकत्रयम्,** प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) १०

**श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत) १००

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)

**श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत) २००

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા)

**गृहसेवा और व्रजलीला**(व्रजभाषा). व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**भगवद्गीताका भक्तियोग.** व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवा : ऋतु–उत्सव–मनोरथ**, विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवाकौमुदी**(नवधाभक्ति) हिन्दी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप–विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઈતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦

શ્રીવલ્લભાચાર્ય–શ્રીગપીનાથજી–શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા

**હમકું ઈતની સમજ ભલી.** નિઃશુલ્ક

એક વાર વાંચવા જેવું. પ્રાચીન–અર્વાચીન–આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ.

**Summary of Shuddhadvaita Vangmaya** 15

Author: Sri Sharad Goswami (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

## શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ

**પ્રથમસ્કન્ધ** ૧૦૦

**દ્વિતીયસ્કન્ધ** ૧૦૦

**તૃતીયસ્કન્ધ** (બે ભાગમાં) ૪૦૦

**જન્મપ્રકરણ** ૨૦૦

## ગોશાળા :

મહિલાબાગ પાસે, માંડવી–કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

## જીર્ણોદ્ધાર :

શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા–કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.

અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

**પુષ્ટિસ્વાધ્યાય :**

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા  ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫

Pushti-Vidya
**'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth

Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ संयुक्तप्रकाशन, दुर्लभ
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

ष. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड २. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण
- खंड ६. तामसप्रमेय-साधनप्रकरण
- खंड ७. तामसफलप्रकरण
- खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण

खंड ९.राजससाधन-फलप्रकरण खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण

खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १-५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६-१ष

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला-भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् गुजराती, व्रज तथा संस्कृत संस्करण

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरण-समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृति-पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विवेक (हिन्दी)
- विशोधनिका (चार खंड) (गुज-हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)

- नवरत्नम् (गुजराती–हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- वार्तान्की सैद्धान्तिक संगति
- पुरुषार्थव्यवस्था (हिन्दी–गुजराती)
- चतुःश्लोकी(हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी–गुजराती)
- गृहसेवा और व्रजलीला (गुजराती–हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी–गुज)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज–हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म–अर्थ–काम–मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी–गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद–विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड–समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह–२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन

**म्पर्क:** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई–

# ।। પ્રકાશકીય ।।

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી લિખિત ‘શ્રીકૃષ્ણચરિત્ર’ ગ્રન્થને કૃષ્ણચરિત્રના રસિક, ખાસ કરીને પુષ્ટિમાર્ગીય, પાઠકો માટે પ્રકાશિત કરતા આનન્દ અનુભવાય છે.

વલ્લભ સમ્પ્રદાયના સંસ્કૃત ગ્રન્થોના ગુજરાતી અનુવાદકોમાં શ્રીનાનુલાલ ગાંધી અગ્રગણ્ય રહ્યા છે. સંસ્કૃત ભાષાના અપરિચયને કારણે આચાર્યવાણીના અવગાહનથી વિમુખ રહેવા વિવશ બનેલા જિજ્ઞાસુ પુષ્ટિમાર્ગીઓમાટે દુરૂહ બની ગયેલ સમ્પ્રદાયાચાર્યો વિરચિત સંસ્કૃત ગ્રન્થોનો સરળ અને પ્રામાણિક ગુજરાતી અનુવાદ કરી આપીને તેમના પર શ્રીનાનુલાલ ગાંધીએ જે ઉપકાર કર્યો છે તેનાથી પુષ્ટિમાર્ગીઓ કદિ ઉઋણ થઈ નહીં શકે.

ગુજરાતી અનુવાદ ક્ષેત્રે તેમની કૃતિઓમાં શ્રીભાગવત દશમસ્કન્ધ પરના સુબોધિની, ભાગવતાર્થનિબન્ધ, વિદ્વન્મણ્ડન, તત્ત્વાર્થદીપનિબન્ધ ગ્રન્થના સર્વનિર્ણયપ્રકરણાન્તર્ગત ‘સાધનપ્રકરણ’, ષોડશગ્રન્થાન્તર્ગત ‘શ્રીયમુનાષ્ટકમ્’ વગેરે ગ્રન્થોનો અનુવાદ તેમજ શ્રીગોકુલનાથપ્રભુચરણો દ્વારા વિરચિત ષોડશગ્રન્થો પરની ટીકાનો તેમજ સ્વતન્ત્ર સ્તોત્ર ગ્રન્થોનો ગુજરાતી અનુવાદ ‘શ્રીગોકુલેશવાક્સુધા’ મુખ્ય છે.

શ્રીસુબોધિનીના અનુવાદકાર્ય દરમ્યાન તેમાંથી સંકલિત કરેલ સુબોધિનીની સૂક્તિઓને શ્રીનાનુલાલભાઈએ અનુવાદ સહિત ‘સુબોધરત્નાકર’ નામે પ્રકાશિત કરેલ. ગમે તે સમયે, ગમે તે પાનું ખોલી, પૂર્વાપર સન્દર્ભ વિના પણ વાંચતા પરમ આનન્દ આપનારું શ્રીનાનુભાઈનું આ સંકલન છે.

સામ્પ્રદાયિક સંસ્કૃત ટીકાઓના આશયને સમાવીને કરેલ વિવેચન સહિત ભગવદ્ગીતાનુવાદ તેમની એક ઉત્તમ કૃતિ છે.

સામાન્ય વ્યક્તિને સમ્પ્રદાયના પાયાના સિદ્ધાન્તોની સમજ માટે લખેલ ‘પુષ્ટિપાઠાવલી ૧-૨’ તેમજ શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રીભાગવતપરની ‘સુબોધિની’ વ્યાખ્યાના નિગૂઢતમ આશયના નિરૂપણ સહિત ભાગવત દશમસ્કન્ધોક્ત ભગવાન્ શ્રીકૃષ્ણના ચરિત્રનું ક્રમબદ્ધ નિરૂપણ કરતું પ્રસ્તુત ‘શ્રીકૃષ્ણ ચરિત્ર’ ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યે રુચિ ધરાવનાર સર્વસામાન્ય લોકો માટે અત્યન્ત ઉપકારક ગ્રન્થરત્ન છે.

‘શ્રીકૃષ્ણ ચરિત્ર’નું પ્રસ્તુત સંસ્કરણ એ તેનું ચોથું સંસ્કરણ છે.

પ્રથમ સંસ્કરણ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીની વિદ્યમાનતામાં ચાર ભાગમાં પ્રકાશિત થયેલઃ ખંડ.૧ઃ શેઠ નારાયણદાસ તથા જેઠાનન્દ આસનમલ ચેરિટેબલ ટ્રસ્ટ વિ.સં.૨૦૦૪; ખંડ.૨-૩ઃ શ્રીઉત્સવલાલ સાંકલચંદ પરીખ, ૨૦૦૫; ખંડ.૪ઃ શ્રીબાલકૃષ્ણ મોહનલાલ કીકાણી, વિ.સં.૨૦૦૭.

દ્વિતીય સંસ્કરણ સુરતથી ‘શ્રીવલ્લભ ગ્રન્થ પ્રકાશન’દ્વારા વિ.સં.૨૦૫૪ માં બે ખંડોમાં પ્રકાશિત થયેલ.

તૃતીય સંસ્કરણ વિ.સં.૨૦૬૩ માં શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છે પ્રકાશિત કર્યું.

આ દિવસોમાં શ્રીકૃષ્ણ ચરિત્ર ઉપલબ્ધ થતું ન હોવાથી શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છે તેનું પુનઃપ્રકાશન કર્યું છે. આ પ્રસંગે ટ્રસ્ટ આ પુસ્તકના પૂર્વપ્રકાશકોનો હૃદયથી આભાર માને છે.

પુસ્તકનું મુખપૃષ્ઠ તૈયાર કરી આપનાર શ્રીકિરણ ઠક્કરનો સહયોગ પણ અવિસ્મરણીય છે.

શ્રીરાધાષ્ટમી
૨૦૭૭

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા**
ગોસ્વામી શરદ્ (માંડવી–કચ્છ)

# વિષયાનુક્રમણિકા


પ્રાકટ્ય

- ભૂમિનું દુઃખ ૧
- શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું પ્રયોજન ૧
- માતા દેવકીનું દુઃખ ૨
- ભક્તોનું દુઃખ ૩
- સાતમા ગર્ભનું સંકર્ષણ ૪
- શ્રીકૃષ્ણનું ગર્ભમાં પધારવું ૪
- દેવોની સ્તુતિ ૫
- પ્રાકટ્યકાલ ૫
- વસુદેવ અને દેવકી ની સ્તુતિ ૯
- શ્રીકૃષ્ણનો પ્રત્યુત્તર ૯
- નન્દના ઘેર પધારવું ૧૦
- કંસનો બાળકીના વધનો પ્રયાસ ૧૧
- વસુદેવે કંસને આપેલો ઉપદેશ ૧૧
- કંસની મંત્રીઓ સાથે મંત્રણા ૧૨

બાલલીલા તામસ ભક્ત નિરોધ

- નન્દ મહોત્સવ ૧૪
- નન્દ–વસુદેવ સમાગમ ૧૫
- પૂતનાવધ ૧૬
- શકટ ભંગ ૧૯
- તૃણાવર્તવધ ૨૦
- જૃમ્ભણલીલા ૨૨
- નામકરણ ૨૩
- રૂપ ૨૭
- યશોદાને સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું ૩૧
- ભક્તિ ૩૩
- ભાગ્ય અથવા મહાપુરુષની કૃપા ૩૪
- દામોદરલીલા ૩૪
- યમલાર્જુન ભંગ ૩૯
- શ્રીકૃષ્ણની બન્ધન મુક્તિ ૪૫
- મુગ્ધલીલા ૪૫
- વૃંદાવન નિવાસ ૪૬
- વાછડાં ચારવાની લીલા ૪૭
- વત્સાસુરનો વધ ૪૭
- બકનો વધ ૪૮
- ગોપોને થયેલ શ્રીકૃષ્ણનું જ્ઞાન ૪૯
- કૌતુકલીલા ૫૦
- બાળકો સાથે લીલા ૫૦
- અઘાસુરનો વધ ૫૧
- બ્રહ્માએ કરેલ વાછડાંનું હરણ ૫૨
- કુમાર અવસ્થાનું કાર્ય પૌગંડમાં કહેવાયું તેનું કારણ ૫૫
- બાળકો તથા વાછડાં પર વ્રજવાસીઓને ઘણો પ્રેમ થવાનું કારણ ૫૫

પૌગંડલીલા

- વૃન્દાવનમાં પ્રવેશ અને બલભદ્રમાં આવેશ ૫૬
- વૃન્દાવનમાં ક્રીડા ૫૭
- ધેનુકવધ ૫૯
- વ્રજમાં સત્કાર ૬૦
- કાલીયના વિષથી મરણ પામેલાને સજીવન કરવું ૬૧
- કાલીયને યમુનામાંથી કાઢવાનો ઉદ્યમ ૬૧
- કાલીયે કરેલો અપરાધ ૬૨
- ગોકુલવાસીઓના સ્નેહની પરીક્ષા ૬૨
- કાલીયમર્દન ૬૩
- નાગપત્નીઓએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ ૬૫
- શ્રીકૃષ્ણે કરેલ કાલીય ઉપર અનુગ્રહ ૬૬
- કાલીયને ધરામાં આવી રહેવાનું કારણ જણાવનારી પ્રાસંગિક કથા ૬૮
- દાવાગ્નિપાન ૬૯
- વસન્ત જેવી ગ્રીષ્મ ૬૯
- વનમાં કરેલી ક્રીડા ૬૯
- પ્રલમ્બવધ ૭૦

▸ દાવાગ્નિપાન ૭૧
▸ વર્ષા ઋતુપ ૭૨
▸ વર્ષાઋતુમાં ગોપો સાથે ક્રીડા ૭૩
▸ શરદ્ ૭૪
▸ ક્રીડામાટે વનપ્રવેશ અને વેણુ કૂજન ૭૫
▸ ભગવાન્નાં સ્વરૂપ વગેરેનું વર્ણન ૭૬
▸ નામલીલારૂપ વેણુનાદ ૭૭
▸ ક્રીડા અથવા લીલા ૭૮
▸ રસરૂપ ભગવાન્નું વર્ણન ૭૮
▸ કેવલ રસરૂપ ભગવાન્ ૭૮
▸ વેણુનાદનું વર્ણન ૭૯
▸ ભગવાન્નાં ચરણારવિંદનું સ્વરૂપ ૭૯
▸ ઐશ્વર્યદર્શાવનારહરણીઓની પૂજા ૮૦
▸ વીર્યનિરૂપક દેવીઓનો મોહ ૮૧
▸ યશ નિરૂપક ગાયો વગેરેની અવસ્થા ૮૨
▸ શ્રીનિરૂપક પક્ષીઓની કૃતિ ૮૨
▸ જ્ઞાનનિરૂપક નદીનું કાર્ય ૮૩
▸ વૈરાગ્યનિરૂપક મેઘનું કાર્ય ૮૪
▸ ભક્તિ સ્થાપન ૮૫
▸ ભગવાન્નું વિચિત્ર ચરિત્ર ૮૬
▸ કાત્યાયની પૂજન વ્રત ૮૭
▸ વયસ્યોને ભગવાને આપેલ જ્ઞાન ૯૨
▸ બ્રાહ્મણોના મર્યાદાવાળાં કર્મ–જ્ઞાન તથા તેમની પત્નીઓનાં પુષ્ટિમાર્ગીય કર્મ–જ્ઞાન ૯૫
▸ ભક્તિ ૧૦૧
▸ ઈન્દ્રયાગ ભંગ ૧૦૪
▸ નંદજીને વરુણનો સેવક વરુણલોકમાં લઈ જાય છે ૧૨૧
▸ શ્રીકૃષ્ણ વૈકુંઠ ગોકુલમાં લાવ્યા ૧૨૩
▸ રાસ લીલા ૧૨૫


રાજસ ભક્ત નિરોધ


▸ વૃષભાસુર વધ ૨૧૮
▸ ભગવાન્ મથુરા પધારે તે માટે નારદે કરેલ ઉપાય ૨૧૯
▸ કંસનો ઉદ્યમ ૨૨૦
▸ શ્રીકૃષ્ણ અને બલભદ્રને મથુરા લાવવા કંસ અક્રૂરને મોકલે છે ૨૨૧
▸ કેશીનો વધ ૨૨૩
▸ નારદ શ્રીકૃષ્ણ પાસે અપરાધ ક્ષમા કરાવે છે ૨૨૪
▸ વ્યોમાસુરનો વધ ૨૨૫
▸ અક્રૂરનું ગોકુલ આગમન ૨૨૬
▸ અક્રૂરનો સત્કાર ૨૩૩
▸ અક્રૂરના આગમનના કારણ સમ્બન્ધી પ્રશ્ન ૨૩૫
▸ અક્રૂરે આપેલ ઉત્તર ૨૩૬
▸ મથુરા જવાની તૈયારી ૨૩૬
▸ ગોપીઓનો વિલાપ ૨૩૬
▸ મથુરા પ્રતિ પ્રયાણ ૨૪૦
▸ અક્રૂરને યમુનાના જલમાં થયેલ ભગવાનના દર્શન ૨૪૧
▸ અક્રૂરે કરેલી ભગવાન્ની સ્તુતિ ૨૪૨
▸ ભગવાને કરેલ અક્રૂરની પરીક્ષા ૨૪૬
▸ મથુરામાં ભગવાન્નું આગમન અને ઉતારો ૨૪૭
▸ ભગવાને સ્વરૂપથી કરેલ મથુરા વાસીઓનો નિરોધ ૨૪૮
▸ કંસના ધોબીનો વધ ૨૫૦
▸ સુદામાને વરદાન ૨૫૧
▸ કુબ્જા ઉપર કરેલી કૃપા ૨૫૩
▸ સાધારણ મનુષ્યોનો નિરોધ ૨૫૪
▸ ધનુષ્યનો ભંગ અને સૈન્યનો નાશ ૨૫૪
▸ કંસને થયેલ સ્વપ્નો ૨૫૫
▸ મલ્લક્રીડા ઉત્સવનો આરંભ ૨૫૫
▸ કુવલયાપીડનો વધ ૨૫૬
▸ શ્રીકૃષ્ણ અને બલભદ્રનું અખાડામાં પધારવું ૨૫૭
▸ ભગવાન્નાં દર્શનથી જુદા–જુદા પુરુષોએ અનુભવેલ જુદા–જુદા રસ ૨૫૭

- મલ્લયુદ્ધ માટે ચાણૂરે કરેલ અહ્‌વાન ૨૬૧
- શ્રીકૃષ્ણનો ઉત્તર ૨૬૧
- ચાણૂરનું આગ્રહપૂર્વક આહ્‌વાન ૨૬૨
- મલ્લયુદ્ધ પ્રારમ્ભ ૨૬૨
- પ્રેક્ષક સ્ત્રીઓના વિચાર ૨૬૩
- મલ્લયુદ્ધ – મલ્લોનો વધ ૨૬૪
- કંસે કરેલ દ્રોહ અને કંસનો વધ ૨૬૬
- કંસના ભાઈઓનો વધ અને સ્ત્રીઓનો વિલાપ ૨૬૮
- વસુદેવ – દેવકીને બન્ધનમુક્ત કરાવ્યાં ૨૬૯
- માતા–પિતાનું આશ્વાસન ૨૬૯
- ઉગ્રસેનનો રાજ્યાભિષેક ૨૭૧
- સાધારણ યાદવોનો નિરોધ ૨૭૨
- નન્દ વગેરે ગોપોને ગોકુલ મોકલ્યા ૨૭૨
- ઉપનયન અને ગુરુકુલવાસ ૨૭૩
- મૃત્યુ પામેલ ગુરુપુત્રને પાછો લાવવારૂપ ગુરુદક્ષિણા ૨૭૪
- ગોપીઓ વગેરેના સાંત્વન માટે ઉદ્ધવને મથુરા મોકલવો ૨૭૬
- ઉદ્ધવનું ગોકુલ આવવું ૨૭૭
- નન્દે કરેલ ઉદ્ધવનો સત્કાર ૨૭૭
- ઉદ્ધવે કરેલ નન્દ–યશોદાનું સાંત્વન ૨૭૯
- ગોપીઓનું પ્રાતઃકાર્ય ૨૮૨
- ગોપીઓએ કરેલ ઉદ્ધવનો સત્કાર ૨૮૩
- ગોપીઓનો શ્રીકૃષ્ણ ઉપર દોષારોપ ૨૮૪
- ગોપીઓએ ભ્રમરને કહેલાં વચનો અથવા ભ્રમરગીત ૨૮૬
- ઉદ્ધવે ગોપીઓને કહેલ ભગવાન્‌નો સંદેશ ૨૯૯
- ગોપીઓનો દોષત્યાગ અને ભગવાન્ સમ્બન્ધી પ્રશ્નોથી જણાતી તેમની શ્રીકૃષ્ણમાં આસક્તિ ૩૦૬
- ઉપદેશ વારંવાર આપતાં ઉદ્ધવનો ગોકુલનિવાસ ૩૧૦
- ઉદ્ધવે કરેલી ગોપીઓની પ્રશંસા ૩૧૧
- ઉદ્ધવનું મથુરાપ્રતિ ગમન ૩૧૬
- કુબ્જાના મનોરથની પૂર્તિ ૩૧૭
- કુબ્જાની દુર્બુદ્ધિ ૩૧૭
- અક્રૂરને પાંડવોનો વૃત્તાન્ત જાણવા હસ્તિનાપુર મોકલે છે ૩૧૮
- અક્રૂર પાણ્ડવોનો વૃત્તાન્ત જાણે છે ૩૨૨
- અક્રૂરે ધૃતરાષ્ટ્રને કરેલો બોધ ૩૨૪
- ધૃતરાષ્ટ્રે અક્રૂરને આપેલ ઉત્તર ૩૨૬
- અક્રૂર પાછો મથુરા આવે છે ૩૨૮
- જરાસન્ધસાથે યુદ્ધ ૩૨૮
- સમુદ્રમાં દ્વારકાનિર્માણ ૩૩૪
- મથુરામાંથી ભગવાન્‌નું બહાર પધારવું ૩૩૬
- કાલયવનનો વધ ૩૩૬
- મુચુકુન્દની કથા ૩૩૮
- મુચુકુન્દે કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ ૩૪૧
- શ્રીકૃષ્ણે મુચુકુન્દને આપેલ વરદાન ૩૪૫
- મુચુકુન્દનો ત્યાર પછીનો વૃત્તાન્ત ૩૪૬
- જરાસન્ધ સાથે અઢારમો સંગ્રામ ૩૪૮
- બલભદ્રનો વિવાહ ૩૪૮
- શ્રીકૃષ્ણનો રુક્મિણી સાથે વિવાહ ૩૪૮
- બલભદ્રે રુક્મિણીને કરેલ બોધ ૩૬૨
- કામનો પ્રદ્યુમ્ન તરીકે જન્મ ૩૬૫
- બાલ પ્રદ્યુમ્નનું હરણ ૩૬૫
- રતિએ પ્રદ્યુમ્નને ઉછેર્યો ૩૬૬
- શમ્બરનો પ્રદ્યુમ્ને કરેલ વધ ૩૬૬
- રુક્મિણી વગેરેને પ્રદ્યુમ્નની પ્રાપ્તિ ૩૬૭
- શ્રીકૃષ્ણનો સત્યભામા સાથે વિવાહ ૩૬૮
- સ્યમન્તકમણિની સત્રાજીતને પ્રાપ્તિ ૩૬૯
- શ્રીકૃષ્ણ ઉગ્રસેનમાટે સ્યમન્તક માગે છે ૩૬૯
- સ્યમન્તકની કથા ૩૭૦

- શ્રીકૃષ્ણનો જામ્બવતી સાથે વિવાહ ૩૭૨
- સત્રાજીતનો શતધન્વાએ કરેલ વધ ૩૭૫
- શતધન્વાને હણવાનો શ્રીકૃષ્ણ તથા બલભદ્રનો ઉદ્યમ ૩૭૫
- શતધન્વાનો વધ ૩૭૬
- સ્યમન્તક માટે શ્રીકૃષ્ણ અને બલભદ્ર માં વૈમનસ્ય ૩૭૭
- શ્રીકૃષ્ણ અક્રૂર પાસેથી મણિ કઢાવે છે ૩૭૮
- શ્રીકૃષ્ણનું ઈન્દ્રપ્રસ્થમાં આગમન ૩૭૯
- શ્રીકૃષ્ણનો કાલિન્દી સાથે વિવાહ ૩૮૦
- ખાંડવદાહ ૩૮૧
- શ્રીકૃષ્ણનો મિત્રવિંદા સાથે વિવાહ ૩૮૨
- શ્રીકૃષ્ણનો સત્યા સાથે વિવાહ ૩૮૨
- ભદ્રા તથા લક્ષ્મણા સાથે વિવાહ ૩૮૫
- શ્રીકૃષ્ણના બીજી સ્ત્રીઓ સાથે વિવાહ ૩૮૫
- નરકાસુરનો વૃત્તાન્ત ૩૮૬
- નરકાસુર ઉપર આક્રમણ અને મુરનો વધ ૩૮૬
- મુરના ભાઈઓ તથા પીઠનો વધ ૩૮૭
- નરકાસુરનો વધ ૩૮૯
- ભૂમિએ કરેલી ભગવાન્‌ની સ્તુતિ ૩૮૯
- પારિજાતહરણ અને ઈન્દ્રનો પરાભવ ૩૯૦
- શ્રીકૃષ્ણની તેમની પત્નીઓથી થતી સેવા ૩૯૧
- રુક્મિણીનો ગર્વ ૩૯૨
- રુક્મિણીનો ગર્વ ઉતારવા ભગવાને કહેલાં વચનો ૩૯૩
- રુક્મિણીની વિકલતા ૩૯૬
- શ્રીકૃષ્ણે કરેલું રુક્મિણીનું સાંત્વન ૩૯૭
- રુક્મિણી શ્રીકૃષ્ણનાં વચનોનો અર્થ કરે છે ૩૯૯
- શ્રીકૃષ્ણે કરેલી રુક્મિણીની પ્રશંસા ૪૦૯
- શ્રીકૃષ્ણની પત્નીઓની તેમનામાં વિકાર ઉત્પન્ન કરવાની અશક્તિ ૪૧૧
- શ્રીકૃષ્ણની સન્તતિ ૪૧૨
- અનિરુદ્ધના રોચના સાથે લગ્ન ૪૧૩
- બલભદ્રે કરેલ રુક્મીનો વધ ૪૧૩
- બાણાસુરનો વૃત્તાન્ત ૪૧૬
- ઉષાને સ્વપ્નમાં અનિરુદ્ધ સાથે થયેલ સમ્બન્ધ ૪૧૭
- ચિત્રલેખાએ કરેલ અનિરુદ્ધનું હરણ ૪૧૮
- અનિરુદ્ધનું બાણે કરેલ બન્ધન ૪૧૮
- યાદવોની શોણિતપુર ઉપર ચઢાઈ ૪૧૯
- શ્રીકૃષ્ણ અને શંકરનું યુદ્ધ ૪૨૦
- શંકરે કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ ૪૨૨
- શ્રીકૃષ્ણનો ઉત્તર ૪૨૪
- અનિરુદ્ધનું ઉષા સાથે લગ્ન ૪૨૫

સાત્ત્વિક ભક્ત નિરોધ

- નૃગનો શ્રીકૃષ્ણે કરેલ ઉદ્ધાર ૪૨૫
- નૃગની કથા; ધર્મમાર્ગની ગહનગતિ ૪૨૬
- શ્રીકૃષ્ણે કરેલ ઉપદેશ ૪૨૯
- બલભદ્રનું ગોકુલ આગમન ૪૩૧
- બલભદ્રને ગોપીઓના પ્રશ્ન ૪૩૧
- બલભદ્રે કરેલ ગોપીઓનું સાંત્વન ૪૩૩
- યમુનાકર્ષણ અને યમુનાની સ્તુતિ ૪૩૪
- પૌંડ્રકનો વૃત્તાન્ત ૪૩૫
- કાશીરાજે પૌંડ્રકને કરેલ સાહાય્ય ૪૩૭
- કાશીરાજ અને પૌંડ્રક નો વધ ૪૩૭
- સુદક્ષિણે કરેલ શંકરની ઉપાસના અને પ્રાપ્ત કરેલ ફળ ૪૩૮
- કાશીદહન ૪૩૯
- બલભદ્રે કરેલ દ્વિવિદનો વધ ૪૪૦
- લક્ષ્મણાનું હરણ અને સાંબનું બન્ધન ૪૪૨
- બલભદ્રનું હસ્તિનાપુર આગમન ૪૪૪
- કૌરવોએ કરેલ બલભદ્રનો સત્કાર ૪૪૪
- બલભદ્રે કૌરવોને જણાવેલ ઉગ્રસેનની

આજ્ઞા ૪૪૫
- કૌરવોનો ઉત્તર ૪૪૫
- બલભદ્રે કરેલ હસ્તિનાપુરનું આકર્ષણ ૪૪૫
- કૌરવોએ કરેલી બલભદ્રની સ્તુતિ ૪૪૭
- દુર્યોધને આપેલ દાયજો. કન્યા સાથે સાંબને લઈ બલભદ્રનું દ્વારકા આગમન ૪૪૮
- નારદનું દ્વારિકા આગમન ૪૪૯
- શ્રીકૃષ્ણના ગૃહસ્થાશ્રમનું નારદે કરેલ અવલોકન ૪૪૯
- શ્રીકૃષ્ણનું પ્રાતઃકાર્ય ૪૫૪
- સુધર્માસભામાં શ્રીકૃષ્ણ ૪૫૬
- રાજદૂતનું આગમન અને રાજાઓની પ્રાર્થના ૪૫૬
- નારદનું આગમન અને યુધિષ્ઠિરની યજ્ઞ કરવાની ઈચ્છાનું નિવેદન ૪૫૮
- શ્રીકૃષ્ણ ઉદ્ધવને કર્તવ્ય સમ્બન્ધી પ્રશ્ન કરે છે ૪૬૦
- ઉદ્ધવે આપેલ ઉત્તર ૪૬૦
- શ્રીકૃષ્ણનું ઈન્દ્રપ્રસ્થ પ્રતિ પ્રયાણ ૪૬૨
- ઈન્દ્રપ્રસ્થમાં શ્રીકૃષ્ણનો સત્કાર ૪૬૨
- યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞ કરાવવા શ્રીકૃષ્ણને કરેલી પ્રાર્થના ૪૬૪
- શ્રીકૃષ્ણનો ઉત્તર ૪૬૫
- યુધિષ્ઠિરે કરેલ દિગ્વિજય અને જરાસંધ વધ ૪૬૬
- રાજાઓએ કરેલ શ્રીકૃષ્ણની સ્તુતિ ૪૭૧
- શ્રીકૃષ્ણે તેમને કરેલ જ્ઞાનનો ઉપદેશ ૪૭૨
- શ્રીકૃષ્ણ વગેરેનું ઈન્દ્રપ્રસ્થાનમાં આગમન ૪૭૩
- યુધિષ્ઠિરે કરેલ શ્રીકૃષ્ણની સ્તુતિ ૪૭૩
- યુધિષ્ઠિરે કરેલ રાજસૂય યજ્ઞ ૪૭૫
- મુખ્ય સભાસદના પદ સમ્બન્ધી ચર્ચા ૪૭૫
- શ્રીકૃષ્ણને અપાયેલ તે સ્થાન અને તેમની પૂજા ૪૭૭
- શિશુપાલનો વિરોધ ૪૭૮
- શિશુપાલનો વધ ૪૮૦
- યજ્ઞની પૂર્તિ ૪૮૧
- દુર્યોધનનો દ્વેષ ૪૮૧
- દુર્યોધનને સભામાં થયેલો ભ્રમ ૪૮૩
- દુર્યોધનની હાંસી ૪૮૪
- શાલ્વે કરેલ દ્વારકા ઉપર ચઢાઈ ૪૮૬
- યાદવોનું અને શાલ્વોનું યુદ્ધ ૪૮૬
- શ્રીકૃષ્ણનું યુદ્ધભૂમિ ઉપર આગમન ૪૮૮
- શ્રીકૃષ્ણ અને શાલ્વનું યુદ્ધ ૪૮૮
- શાલ્વની માયા શ્રીકૃષ્ણનો મોહ ? ૪૮૯
- સત્ય વૃત્તાંત ૪૯૦
- દંતવક્રનો વધ ૪૯૦
- વિદુરથનો વધ ૪૯૨
- બલભદ્રની તીર્થયાત્રા ૪૯૩
- રોમહર્ષણનો બલભદ્રે કરેલ વધ ૪૯૩
- બલભદ્રે કરેલ પ્રાયશ્ચિત ૪૯૪
- બલ્વલનો વધ ૪૯૬
- બલભદ્રની તીર્થયાત્રા ૪૯૭
- ભીમ–દુર્યોધનનું ગદાયુદ્ધ અટકાવવાનો પ્રયાસ ૪૯૮
- ભગવાન્‌ની કથાના શ્રવણ વગેરેનું માહાત્મ્ય ૪૯૯
- સુદામાનું દ્વારકાગમન ૫૦૦
- શ્રીકૃષ્ણે કરેલ સુદામાનું સ્વાગત ૫૦૨
- ગુરુકુલવાસના વૃત્તાંતનું સ્મરણ ૫૦૨
- સુદામાના પૌંઆ શ્રીકૃષ્ણ આરોગે છે ૫૦૪
- સુદામાનું ઘર પ્રતિ પ્રયાણ અને માર્ગમાં થયેલ વિચાર ૫૦૭
- સુદામાને શ્રીકૃષ્ણે પ્રાપ્ત કરાવેલો

વૈભવ ૫૦૭
- વૈભવ જોઈ સુદામાને આવેલ વિચાર અને ધનની અસર ૫૦૮
- યાદવોની કુરુક્ષેત્રની યાત્રા ૫૧૦
- કુરુક્ષેત્રમાં મિત્રોનો મેળાપ ૫૧૧
- નન્દ ગોપો વગેરેનો મેળાપ ૫૧૨
- શ્રીકૃષ્ણ અને ગોપીઓનો મેળાપ ૫૧૩
- શ્રીકૃષ્ણે ગોપીઓને આપેલ ઉપદેશ ૫૧૩
- યુધિષ્ઠિર વગેરેનો મેળાપ ૫૧૫
- સ્ત્રીઓની પરસ્પર વાતચિત ૫૧૬
- શ્રીકૃષ્ણની પટરાણીઓનાં સ્વરૂપ ૫૧૯
- ઋષિઓનું આગમન અને સત્કાર ૫૨૦
- ઋષિઓનો મોહ અને ઉત્તર ૫૨૧
- વસુદેવનો ઋષિઓને પ્રશ્ન ૫૨૩
- ઋષિઓનો સંદેહ અને નારદે કરેલ નિવારણ ૫૨૩
- ઋષિઓનો ઉત્તર ૫૨૪
- વસુદેવે કરેલ યજ્ઞો ૫૨૫
- કુરુક્ષેત્રમાંથી પ્રયાણ ૫૨૫
- ભગવત્તત્ત્વ : ગુણપ્રકરણ ૫૨૬
- શ્રીકૃષ્ણનું જ્ઞાન સમ્બન્ધી ઐશ્વર્ય ૫૨૬
- શ્રીકૃષ્ણનું ક્રિયા સમ્બન્ધી ઐશ્વર્ય ૫૨૯
- શ્રીકૃષ્ણનું વીર્ય દર્શાવનાર સુભદ્રાહરણ ૫૩૨
- શ્રુતદેવ અને જનક બંનેને ઘેર
- શ્રીકૃષ્ણનું ઋષિઓ સાથે એકજ સમયે પધારવું ૫૩૩
- વેદનો પરબ્રહ્મ જણાવવાનો પ્રકાર ૫૩૭
- નારાયણે નારદને કહેલ આ વિષયનો ઈતિહાસ ૫૩૮
- શ્રુતિગીતા ૫૩૯
- વ્યાસનો શ્રુતિગીતાના સિદ્ધાન્તમાં અવિરોધ ૫૫૭
- શ્રીકૃષ્ણને અને શંકરને ભજનાર ભક્તોમાં શ્રી સંબંધિ ભેદ ૫૫૭
- વૃકાસુરની કથા
- ઋષિઓની ત્રિમૂર્તિ સમ્બન્ધી મન્ત્રણા અને નિર્ણય ૫૫૯
- અર્જુને કરેલ નિરર્થક રક્ષણપ્રયાસ ૫૬૧
- શ્રીકૃષ્ણની જ્ઞાનશક્તિથી બધા મરેલ પુત્રોની પણ પ્રાપ્તિ ૫૬૫
- શ્રીકૃષ્ણનો વૈરાગ્ય દર્શાવનાર રતિવિલાસ ૫૬૬
- શ્રીકૃષ્ણની પત્નીઓનો તેમના વિષે ભાન ૫૬૭
- વૈદિક ધર્મનું આચરણ અને યાદવોનો નિરોધ ૫૭૨
- લીલાનું નિત્યપણું ૫૭૩

### આસુર વ્યામોહ

- ભૂમિના ભારરૂપ યાદવકુલ ૫૭૫
- વિપ્રોનો શાપ ૫૭૬
- રાજાએ શાપ ટાળવા કરેલ નિષ્ફળ ઉપાય ૫૭૭
- શ્રીકૃષ્ણનું શાપને અનુમોદન ૫૭૭
- શ્રીકૃષ્ણને દેવોની વિજ્ઞપ્તિ ૫૭૭
- ઉદ્ધવને શ્રીકૃષ્ણની આજ્ઞા ૫૭૮
- યાદવોનું પરસ્પર યુદ્ધ ૫૭૮
- જરાએ શ્રીકૃષ્ણના ચરણમાં મારેલું બાણ ૫૭૮
- શ્રીકૃષ્ણની દારૂકને આજ્ઞા ૫૭૯
- દેવોનું આગમન અને આસુરવ્યામોહ લીલા ૫૭૯

# શ્રીકૃષ્ણચરિત્ર

**નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્।**
**લક્ષ્મીસહસ્ત્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્।।**

**ભૂમિનું દુઃખઃ**

ઘણા સમય પહેલાં યાદવ ભોજ અને અંધકો ઉપર ઉગ્રસેન રાજા રાજ્ય કરતો હતો. તેની રાજધાની મથુરામાં હતી. આ સમયે ઘણા દૈત્યોએ રાજાઓ રૂપે અવતાર લીધો હતો અને તેઓ પ્રજાને પીડતા હતા. પૃથ્વી તેઓના અને તેઓના સૈન્યોના ભારથી ઘણી પીડાતી હતી. તેથી તેણે ગાયનું સ્વરૂપ ધારણ કર્યું અને દયા આવે તે પ્રમાણે ચોધાર આંસુએ રડતી બ્રહ્મા પાસે જઈ પોતાનું દુઃખ તેમને જણાવ્યું. બ્રહ્માએ તેનું દુઃખ સાંભળ્યું અને પછી તેનો ઉપાય કરવા દેવો અને શંકરને સાથે લઈ ક્ષીરસાગરના કાંઠે ગયા. ત્યાં જઈને તેમણે દેવોના દેવ જગતોના નાથ ભગવાનની સ્તુતિ કરી. ભગવાને સમાધિમાં તેમને પૃથ્વીનું દુઃખ દુર કરવાનો ઉપાય કહ્યો, તે સાંભળી તેમણે દેવોને કહ્યું કેઃ''હે દેવો! ભગવાને પહેલાં જ પૃથ્વીના દુઃખનો નિર્ણય કરેલો છે. તે ઈશ્વરેશ્વર પોતાની કાલરૂપ શક્તિથી પૃથ્વીના ભારનો ક્ષય કરતાં ભૂતલ ઉપર વિચરે ત્યાં સુધી તમો બધા યાદવોમાં જન્મ લો. સાક્ષાત્ ભગવાન પર-પુરુષ વસુદેવના ઘરમાં જન્મ લેશે. તેમની સેવા કરવા દેવોની સ્ત્રીઓ પણ જન્મ લેશે. હરિનું પ્રિય કરવા વાસુદેવની કલાવાળા એક હજાર મુખવાળા અનન્ત તેમની પહેલાં જન્મ લેશે. જગતને મોહ કરાવનારી વિષ્ણુની માયા તેમનું કાર્ય કરવા અવતરશે. આ બધું મને ભગવાને કહેલ છે તે તમને કહું છું તેથી તે પ્રમાણે તરત કરો''. એ પ્રમાણે દેવોને કહી, પૃથ્વીને વાણીથી આશ્વાસન આપી બ્રહ્મા પોતાના ધામમાં ગયા.

ભક્તોનું દુઃખ દુર કરવું એ ભગવાન શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું મુખ્ય પ્રયોજન છે.

**શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું પ્રયોજનઃ**

**''ભક્તાનાં દુખનાશાય કૃષ્ણાવતરણં મતમ્, યે ભક્તાઃ શાસ્ત્રરહિતાઃ સ્ત્રી-શૂદ્ર-દ્વિજબન્ધવઃ, તેષામ્ ઉદ્ધારકઃ કૃષ્ણઃ સ્ત્રીણામ્ અત્ર વિશેષતઃ''**. ભક્તોના દુઃખનો નાશ કરવા માટે શ્રીકૃષ્ણનો અવતાર થએલો છે. જે ભક્તો શાસ્ત્ર જાણતા નથી તેઓનો, સ્ત્રીઓનો, શુદ્રોનો અને જેઓ જન્મથી બ્રાહ્મણ હોય પરંતુ કર્મથી બાહ્મણ ન હોય, એટલે બ્રાહ્મણ હોવાનો ડોળજ રાખનારા છે, તેઓનો ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણ છે. અને ખાસ કરીને તે સ્ત્રીઓનો ઉદ્ધાર કરનારા છે.

ભક્તોના દુઃખનો નાશ કરવા શ્રીકૃષ્ણનો અવતાર થવાનો હોવાથી ભક્ત એવી પૃથ્વીના દુઃખનું વર્ણન કરી, હવે માતા દેવકીજીને પણ તે સમયે ઘણું દુઃખ થયું એમ જણાવા તેમના સમ્બન્ધી કથા કહેવામાં આવે છે.

**માતા દેવકીનું દુઃખઃ**

સાત્વતના વંશમાં આહુકને 'દેવક' અને 'ઉગ્રસેન' નામના બે પુત્રો હતા. તેમના વડવા યયાતિએ પોતાના મોટા પુત્ર યદુને રાજ્ય ન આપતાં નાના પુત્ર પૂરૂને રાજ્ય આપેલું. ત્યારથી મોટો પુત્ર જ રાજા થાય એવી મર્યાદા યદુવંશમાં રહી ન હતી. તેથી જે બલવાન હોય તે રાજા થતો. દેવક મોટો હતો છતાં ઉગ્રસેન તેનાથી બળવાન હોવાથી તે રાજા થએલો. તેનો પુત્ર કંસ તેનાથી પણ બલવાન હોવાથી રાજાનું કાર્ય બધું કંસ જ કરતો. કંસના કાકા દેવકની પુત્રી દેવકીજીના લગ્ન શૂરના પુત્ર વસુદેવ સાથે રાજધાની મથુરામાં થયાં, ત્યારે વસુદેવ દેવકીજી સાથે પોતાના ઘેર જવા રથમાં બેઠાં. કંસ પોતાની બેનનું પ્રિય કરવાની ઈચ્છાથી તેમના રથને હાંકતો હતો. સુવર્ણની માલાઓવાળા ૪૦૦ હાથીઓ, ૧૫,૦૦૦ ઘોડો, ૧,૮૦૦ રથ અને અલંકાર સહિત પાલખીમાં બઠેલી ૨૦૦ દાસીઓ દેવકીજીને તેમના પિતા દેવકે દાયજામાં આપેલ. વિવાહના વાજીંત્રો પણ વાગતાં હતાં. આ પ્રમાણે પતિ વસુદેવજીની સાથે રથમાં બેસવું, વિવાહનો ઉત્સવ, રાજા જેવો ભાઈ રથ હાંકે, ચાર અનવાળી સેના દાયજામાં મળેલી, વરઘોડાના વાજીંત્રો પણ ગડગડતાં હતાં એવી દેવકીજીની ઉત્તમ સ્થિતિ હતી. આ સ્થિતિ એટલા માટે જણાવી છે કે જ્યારે આવી ઉત્તમ સ્થિતિ હોય ત્યારે નજીવા કારણથી જે દુઃખ થાય તે પણ ઘણું આકરૂં દુઃખ થઈ પડે છે.

આ પ્રમાણે ઉત્તમ સ્થિતિ દેવકીજીની થઈ ત્યારે કંસમાં રહેલ કાલનેમિ અસુરને અનુકૂલ દેવતાએ દેવકીજીની એવી સ્થિતિ સહન નહીં થવાથી કંસને જણાવવા આકાશવાણી કરી કેઃ ''હે મૂર્ખ! તું આ દેવકીજીને લઈ જાય છે તેનો આઠમો ગર્ભ તને હણશે.'' કંસ તો પાપી હતોજ. આવી આકાશવાણી સાંભળતાંજ હાથમાં તલવાર લઈ બેનનો વધ કરવા તેણે તેને ચોટલાથી પકડી. વસુદેવે તેને સમજાવવા માંડ્યોકેઃ ''મરણ તો સર્વને આવેછે જ. તેથી પોતાનું કલ્યાણ ઈચ્છનારે કોઈનો દ્રોહ કરવો યોગ્ય નથી. તેથી ગરીબડી પુતળી જેવી બેનને હણ નહીં''. પરંતુ કંસ માન્યો નહિ. ત્યારે તેમણે તેને જણાવ્યું કેઃ ''તને આ દેવકીજીથી તો ભય નથી. જેનો ભય છે તે આના પુત્રો હું તને આપીશ.'' આવું વચન મળતાં કંસ તેમને હણતાં અટક્યો. રથ હાંકી તેમના ઘેર લઈ ગયો અને વસુદેવે પણ તેની સ્તુતિ કરી ઘરમાં પ્રવેશ કર્યો.

પછી દેવકીજીને આઠ પુત્રો અને એક કન્યાનો વર્ષે-વર્ષે પ્રસવ થયો. સર્વથી મોટો પુત્ર કીર્તિમાન પાંચ વર્ષનો થયો ત્યારે વસુદેવ કંસને આપેલ વચન પ્રમાણે તેને આપવા તેને ત્યાં લઈ ગયા. કારણ કે આત્મા વાસુદેવને જેમણે ધારણ કરેલ છે, ''સર્વ ભલે જાઓ, હરિ રહો'' એવી જેમની બુદ્ધિ છે તેમને ભગવાનનો અંતરાય કરાવનાર સર્વ તજવા યોગ્ય છે. અસમર્પણ સર્વનો નાશ કરાવનાર હોવાથી, એટલે કંસને પુત્ર સોંપવામાં ન આવે તો સર્વનો નાશ થાય તેમ હોવાથી, તે ભગવાનનો અંતરાય કરાવનાર હતું. ભગવદીયો ત્યાગ કરવાયોગ્ય વસ્તુઓના ગુણ અથવા દોષ નો કાંઈ વિચાર કરતા નથી, અને તેમનો ત્યાગ જ

કરે છે. વસુદેવ કીર્તિમાનને કંસ પાસે લઈ ગયા. વસુદેવની સત્યમાં સ્થિરતાથી પ્રસન્ન જોઈ કંસે તેમને કહ્યું કેઃ ''આ કુમારને લઈને આપ પાછા જાઓ મને આનાથી ભય નથી. તમારા આઠમા ગર્ભથી મારું મૃત્યુ કહેલું છે.'' તેથી વસુદેવ તેને પાછો લઈ ગયા, છતાં તેમણે કંસનું વાક્ય સાચું માન્યું નહિ. તેમને લાગ્યું કે જ્યારે કોઈ આ પાપીને ભરમાવશે કે 'આઠમો' ગર્ભ ક્યાંથી ગણવો ત્યારે, અથવા જ્યારે રાક્ષસો માણસોનું માંસ ભક્ષણ કરવા માંગશે ત્યારે આ પાપી જરૂર આ પુત્રને મારી નાખશે. મહાપુરુષનું અંતઃકરણ તેમને સત્યજ જણાવે છે. તેથી વસુદેવે જેમ વિચારેલું તેવું જ પાછળથી થયું.

કીર્તિમાનને જયારે વસુદેવ કંસ પાસે લઈ ગયા ત્યારે તેની વય પાંચ વર્ષની હતી એટલે તે બધા પાંચ ભાઈઓ હતા. અને છઠો ભાઈ ગર્ભમાં હતો. કંસે તેને જવા દીધો પછી નારદે વિચાર્યું કે કંસ પાપમાં રચ્યો-પચ્યો નહિ રહે અને ભક્તોને દુઃખ નહિ દે તો ભગવાનનો અવતાર થવામાં વિલંબ થશે. ભગવાનના ભક્તને ભગવાન સિવાય બીજામાં પ્રેમ હોય તે યોગ્ય નથી. તેથી કીર્તિમાનમાં વસુદેવ પ્રેમ રાખે તે ઠીક નહી. આમ વિચારી દેવોનું છૂપું કાર્ય સાધનાર નારદ કંસ પાસે આવ્યા અને તેને કહ્યું કેઃ ''નન્દ વિગેરે ગોપો, તેમની સ્ત્રીઓ, વસુદેવ વિગેરે વૃષ્ણિઓ અને દેવકીજી વિગેરે તેમની સ્ત્રીઓ જે જમનાજીના બન્ને કાંઠે રહે છે તે બધા દેવતા જેવા છે, અને ભૂમિના ભારરૂપ થએલ દૈત્યોનો વધ કરવા જન્મેલા છે''. નારદ આમ કંસને કહીને ગયા એટલે કંસે જાણ્યું કે દેવકીજીના ગર્ભમાં મારો વધ કરવા વિષ્ણુ આવનાર છે. વળી આકાશવાણીએ આઠમો ગર્ભ કહ્યો, પરંતુ ગણત્રી કયાંથી કરવી? જુદા-જુદા ગર્ભથી આરંભી ગણત્રી કરીએ તો ગમે તે આઠમો ગર્ભ થઈ શકે. તેથી એવા સંશયમાં રહેવા કરતાં બધા દેવકીજીના ગર્ભનો વધ કરવો એ જ યોગ્ય છે. આમ વિચારી તે સમયે દેવકીજીના છ પુત્રો જન્મેલા તે બધાને, તે કદાચ વિષ્ણુ હોય એવી શંકાથી, તેને મારી નાખ્યા. સાતમા સંકર્ષણ તે સમયે દેવકીજીના ગર્ભમાં હતા. દેવકીજી અને વસુદેવ ને તેણે સાંકળોથી બાંધી કેદમાં પૂર્યા. પોતે પહેલાના જન્મમાં 'કાલનેમિ' નામનો અસુર હતો અને વિષ્ણુએ તેને દેવોની પ્રેરણાથી મારી નાખેલ એમ જાણી, દેવો યાદવો થઈને અવતરેલા હોવાથી તેણે યાદવો સાથે વેર કર્યું. વળી યાદવ, ભોજ અને અંધક નો રાજા, પોતાનો પિતા ઉગ્રસેન, યાદવોનો પક્ષ લેશે એમ માની તેને કંસે પોતેજ બાંધી કેદમાં પૂર્યો અને એ બધા દોશો પોતે જ ભોગવવા લાગ્યો.

**ભક્તોનું દુઃખઃ**

પૃથ્વીના દુઃખની કથા કહીને, માતા દેવકીજીને અત્યંત દુઃખ થયું તેની કથા કહી. હવે સામાન્ય ભક્તોને પણ કંસે દુઃખ દેવા માંડ્યું. યાદવો સાથે તેણે વેર કર્યું એમ સામાન્ય રીતે ઉપર કહ્યું. ત્યાર પછી પોતાના સસરા જરાસંધનો કંસને આધાર હોવાથી તેણે પ્રલંબ, બકાસુર, ચાણૂર, તૃણાવર્ત, મુષ્ટિક, અરિષ્ટ, દ્વિવિદ, પૂતના, કેશી, ધેનૂક અને બીજા રાજા બનેલા અસુરોની મદદથી યાદવોનો નાશ કરવા માંડ્યો. કંસથી એ પ્રમાણે દુઃખ પામતા તેઓ કુરુ, પાંચાલ, કૈકેય વિગેરે દેશોમાં કુટુંબ સહિત નાસી ગયા અને જેઓ ભાગી

ન શકયા તેઓ કંસને અનુસરી તેની સેવા કરવા લાગ્યા.

**''ભૂમિર્માતા તથા ચાન્યે દુઃખભાજો હરિપ્રિયાઃ, યથાયોગ્યં દુઃખમેષામ્ અત્રૈવેતિ નિરૂપ્યતે''**. પૃથ્વી, માતા અને તેવી જ રીતે બીજા ભગવાનના ભક્તો દુઃખ પામ્યા. આ દુઃખો ભગવાનથી જ નાશ થઈ શકે તેવાં હોવાથી તે ભગવાનના પ્રાકટ્યનું કારણ છે. અને તેથી જ પ્રાકટ્યના કારણ તરીકે અહીંજ કહેલાં છે.

**સાતમા ગર્ભનું સંકર્ષણઃ**

એ પ્રમાણે ભક્તો ને દુઃખ થવાથી ભગવાને અવતાર લેવા ઉદ્યમ કર્યો. દેવકીજીના છ બાળકોને કંસે મારી નાખ્યા હતા. સાતમા અનંત તેમના ગર્ભમાં હતા. તે ઘણા પ્રભાવવાળા હોવાથી દેવકીજીને હર્ષ થતો હતો. પરન્તુ કંસ તેમને પણ હણશે એમ જાણી શોક થયો ત્યારે માતાને કંસથી ભય થશે એમ જાણી ભગવાને યોગમાયાને આજ્ઞા કરી. ભગવાનની શક્તિ જગતનું કારણ થએલી છે, એટલે જે શક્તિ જગતને ઉત્પન કરનારી છે તે 'યોગમાયા' કહેવાય છે. તેને ભગવાનને આજ્ઞા કરી કેઃ ''હે દેવી! તું વ્રજમાં જા. ત્યાં નન્દના ગોકુલમાં વસુદેવના પત્ની રોહિણી રહે છે. દેવકીજીના જઠરમાં મારા ધામરૂપ 'શેષ' નામનો ગર્ભ છે તેને ખેંચિને રોહિણીના ઉદરમાં સારી રીતે મુક. પછી હું દેવકીજીનો પુત્ર થઈશ અને તું નન્દની પત્ની યશોદામાં જન્મ લેજે. સર્વ કામનાઓ અને વરદાન(આપવા)ના અધિકારવાળી, સર્વ કામનાઓ અને વરદાન આપનારી તને મનુષ્યો ધૂપ, ઉપહાર અને બલિથી પૂજશે, અને મનુષ્યો ભૂમિ ઉપર તારાં જૂદાં-જૂદાં સ્થાનો અને દુર્ગા, ભદ્રકાળી વિગેરે તારાં નામો કરશે.''

અહીં ભગવાન ''મનુષ્યો તને પૂજશે'' એવી યોગમાયાને આજ્ઞા કરેલી હોવાથી દુર્ગા, ભદ્રકાલી વિગેરે નામવાળી દેવીઓની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ પૂજા કરવી જોઈએ, એમ કેટલાક માને છે તે ભૂલભરેલું છે. કારણ કે ''મનુષ્યો પૂજશે'' એમ કહ્યું, તેનો અર્થ શ્રીસુબોધિનીમાંજ જણાવેલ છે કે ''દૈવી અંશવાળાઓ દેવીની પૂજા કરશે નહિ. કારણ કે તેઓ માત્ર ભગવાનનીજ સેવા કરનારા હોય છે. આસુરી અંશવાળા તો કોઈને ભજતાજ નથી, તેથી તેઓ પણ દેવીની પૂજા કરશે નહિ. તેથી મનુષ સ્વભાવના પુરુષો, જેમને કામના અને વરદાન પ્રાપ્ત કરવાની ઈચ્છા હશે તે બધા દેવીની પુજા કરશે, એમજ ભગવાને તેને કહેલું છે.'' જેમાં કામનાની ગંધ પણ નથી તેવા પુષ્ટિમાર્ગમાં દેવીની પૂજા થઈ શકે નહીં. દેવીની પુજા કરવાથી અન્યાશ્રય દોષ થાય.

ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે યોગમાયાએ તેમની આજ્ઞા માથે ચડાવી, તેમને પરિક્રમા કરી, ભૂતલ ઉપર જઈ, આજ્ઞા પ્રમાણે દેવકીજીના ગર્ભને રોહિણીના ઉદરમાં મૂક્યો. મથુરાના લોકોએ માન્યું કે કંસે રાક્ષસો મોકલી દેવકીજીના ગર્ભને પડાવી નાખ્યો.

**શ્રીકૃષ્ણનું ગર્ભમાં પધારવુંઃ**

પછી ભગવાને તરતજ જેમ લોઢાના ગોળામાં અગ્નિ પ્રવેશ કરે તેમ વસુદેવના

મનમાં પ્રવેશ કર્યો. ભગવાનનું તેજ વસુદેવમાં આવ્યું એટલે તે સૂર્યની જેમે પ્રકાશવા લાગ્યા, અને કોઈ પણ તેમની પાસે જઈ શકે નહિ તેવા થયા. દેવકીજી અને વસુદેવજી ને તો કંસે જુદા-જુદા સાંકળોથી બાંધ્યા હતા તેથી તે બે ભેગા થઈ શકે તેમ હતું જ નહીં. તેથી વસુદેવે મનથીજ દેવકીજીના મનમાં જગતનું કલ્યાણ થાય તે માટે ભગવાનને પધરાવ્યા, અને જેમ દિશા ચન્દ્રને ધારણ કરે તેમ દેવકીજીએ તેમને વિકાર રહિત મનથી ધારણ કર્યા. જે પોતે પરોપકાર ઉત્પન્ન કરનારી ઉત્તમ વિધા જાણે છે પરંતુ બીજો કોઈ અધિકારી હોય તેને પણ આપતો નથી તે 'જ્ઞાનખલ' કહેવાય છે. આવા જ્ઞાનખલમાં રહેતી સતી સરસ્વતી જેમ શોભે નહિ તેમ જ કંસના કેદખાનામાં અગ્નિની શિખાની જેમે રુંધાયેલાં દેવકીજી શોભતાં ન હતાં પરંતુ પોતાના તેજથી કેદખાનાને શોભાવતાં, પવિત્ર હાસ્યવાળા હતાં. પરંતુ તેમનાં તેજથી તેમનામાં ભગવાન છે એમ જણાઈ આવતું હતું. કારણ કે પરમાનન્દ હૃદયમાં પ્રવેશ કરે ત્યારે પ્રાણીનાં સર્વ દુઃખોનો નાશ થાય છે. તેમને તેવાં જોઈને કંસે વિચાર્યું કેઃ ''આ દેવકીજીના હૃદયરૂપી આકાશમાં મારા પ્રાણને હરનારા ભગવાન જરૂર રહેલા છે. કારણ કે પહેલા આ આવી તેજવાળી ન હતી. ત્યારે મારે શું કરવું? આને હણવી? આ સ્ત્રી છે, મારી બેન છે અને ગર્ભણી છે. સ્ત્રીનો વધ કરવાથી યશનો નાશ થાય. બેનનો વધ કરવાથી લક્ષ્મીનો નાશ થાય. ગર્ભિણીનો વધ કરવાથી આયુષ્યનો નાશ થાય. તેની હત્યારૂપ ઘણું ક્રૂર કર્મ કરવાથી યશ અને લક્ષ્મી જતાં માત્ર જીવતાં રહેવું તે મરણ સમાન જ છે. કારણ કે 'આ દુષ્ટ મરો' એમ બધા શાપ જ આપે.''

ભગવાનની ઈચ્છાથી જ દેવકીજીની નજીક આવતાં કંસને ઉપર પ્રમાણે જ્ઞાન થયું. ભગવાનની ઈચ્છાથી સર્વને જ્ઞાન થાય છે અને અમુક પ્રકારનું જ્ઞાન થાય છે. પહેલાં નારદના ઉપદેશથી દેવકીજીના પુત્રોને હણવા જોઈએ એવું તેને જ્ઞાન થયેલ. વસુદેવને પણ પુત્રોને કંસને હણવા આપી દેવકીજીનું રક્ષણ કરવાની બુદ્ધિ થયેલી. તેથી બધાનું સર્વ પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન કરનાર ભગવાન જ છે. કંસ જેવા પાપીની પણ ઉપર જણાવી તેવી બુદ્ધિ શ્રીકૃષ્ણએ જ કરી, તેથી શ્રીકૃષ્ણ ભગવાનજ છે એવો નિશ્ચય થાય છે. કંસની એવી બુદ્ધિ થતાં તેણે દેવકીજીનો વધ ન કર્યો, પરંતુ ભગવાનનું વેર ચાલુ રાખી તેમના જન્મની રાહ જોવા લાગ્યો. બેસતાં સૂતાં ઉભો રહેતાં ખાતાં ફરતાં પીતાં ભગવાનનો જન્મ કયારે થાય એવા વિચારથી તે તેમનું ચિન્તન કરવા લાગ્યો અને તેથી તે જગતને પ્રભુમય જોવા લાગ્યો!

**દેવોની સ્તુતિઃ**

પછી નારદ વિગેરે મુનિઓ સાથે અને અનુચરો સહિત દેવો સાથે બ્રહ્મા અને શંકર કેદખાનામાં આવ્યા અને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાઃ ''હે ભગવાન! સત્યરૂપ આપને અમે શરણે આવ્યા છીએ. આપ જ આ જગતનાં ઉત્પતિ સ્થાન, લય સ્થાન અને પાલન કરનાર છો. આપ ભગવાન જેનું રક્ષણ કરો છો તેનો નાશ થતો નથી. સ્થાવર-જંગમ લોકનાં કલ્યાણમાટે આપ સત્પુરુષોને સુખ આપનારાં અને દુષ્ટોને દુઃખ કરનારાં રૂપો

વારંવાર ધારણ કરો છો. કેટલાક આપનાં ચરણારવિન્દરૂપ નાવથી સંસારસાગરને વાછરડાનું પગલું બનાવે છે. તેઓ ભયંકર સંસારસાગરને આપના આ ચરણારવિન્દરૂપ નાવથી તરીને તે નાવ બીજાનો ઉદ્ધાર કરવા અહીં જ રાખી ગયા છે. બીજા આપના વિષે ભાવ વિનાના મલિન બુદ્ધિવાળા દુઃખથી બ્રહ્મભાવ પ્રાપ્ત કરીને પણ આપના ચરણાવિન્દનો અનાદર કરવાથી ત્યાંથી નીચે પછળાય છે. હે માધવ! જેઓ આપના થઈ આપમાં સ્નેહ રાખે છે તેઓનું આપ રક્ષણ કરતા હોવાથી તેઓ નિર્ભય થઈને પોતાને વિઘ્ન કરનારાઓના માથાં ઉપર પગ મૂકી ઉપર ચઢે છે, કારણ કે સ્નેહ દોરડાંને સ્થાને છે. તેવો સ્નેહ જીવને આપ ભગવાનના ચરણાવિન્દે બાંધે છે, તેથી તેઓ ન પડે તે યોગ્ય જ છે. ભક્તિમાર્ગ કરતાં બીજો કોઈ માર્ગ સાધન અથવા ફલ માં સારો નથી. હે હરિ! આપના ચરણરૂપ આ ભૂમિનો ભાર આપના જન્મથી દૂર થયો એ મહાભાગ્ય! આપના શોભતાં ચિહ્નોવાળાં પગલાઓથી આપે કૃપા કરેલા ભૂમિ અને સ્વર્ગ ને અમે જોઈશું તે પણ મોટું ભાગ્ય! આપના જન્મનું કારણ વિનોદ વિના બીજું કાંઈ હોવાનું અમે ધારતા નથી. આપ ભગવાનનો અવતાર ભૂમિના ભારરૂપ રાજાઓને હણવામાટે છે. માછલું, અશ્વ, કાચબો, નૃસિંહ, વરાહ, હંસ, રામચન્દ્ર, પરશુરામ, વામન ના અવતાર લઈ આપ અમારું અને ત્રણ ભુવનનું રક્ષણ કરો છો તેમ હમણાં કરો. ભૂમિનો ભાર હરો. હે માતા દેવકીજી! પર પુરુષ સાક્ષાત્ ભગવાન અમારા કલ્યાણમાટે આપના ઉદરમાં પધાર્યા છે તેથી કંસનો ભય આપને થશે નહિ. આપનો પુત્ર યાદવોનું રક્ષણ કરનાર છે''. એ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી, બ્રહ્મા અને શંકર ને આગળ કરી, દેવો પોતપોતાના સ્વર્ગે ગયા.

**પ્રાકટ્યકાલઃ**

ભૂમિ, માતા દેવકીજી અને બીજા ભક્તોને ઘણું દુઃખ થતાં ભગવાનના પ્રાકટ્ય થવાનો સમય થયો, ત્યારે ભગવાનના અધિકારી કાલે ભૂમિ-અન્તરિક્ષની ઉપરનો પ્રદેશ(આકાશ), ભુતો તથા ત્રણે લોકમાં રહેનાર, જેઓ ભગવાનનું પ્રાકટ્ય થાય છે એમ જાણતા હતા, તેઓએ પોત-પોતાના ગુણો ભગવાનને પોતાની સેવા જણાવવા પ્રકટ કર્યા. દેવો સ્તુતિ કરીને ગયા ત્યાર પછી તરત જ જન્મરહિત ભગવાનમાંથી જેમનો જન્મ થએલ તે બ્રહ્માનું રોહિણી નક્ષત્ર થયું. તેમાં નક્ષત્રો, ગ્રહો અને તારાઓ શાંત હતા. કાલ સર્વગુણવાળો થયો. દિશાઓ પ્રસન્ન થઈ ગઈ. આકાશ નિર્મલ તારાઓના સમૂહના પ્રકાશવાળું થયું. ભૂમિ ઉપર શહેરો, ગામો, નેસડાઓ માં ઘણા ઉત્સવો થવા લાગ્યા. નદિઓ સ્વચ્છ જલવાળી થઈ ગઈ. ધરાઓ કમલની શોભાવાળા થયાં. વનસ્પતિ પક્ષીઓ અને ભમરાઓ ના અવાજવાળા પુષ્પના ગુચ્છાઓવાળી થઈ. સુખ ઉત્પન્ન કરે તેવા સ્પર્શવાળો, પવિત્ર સુગન્ધને લઈ જનાર પવિત્ર વાયુ વાવા માંડ્યો. બ્રાહ્મણ વિગેરેના અગ્નિઓ ભારેલા હોઈ શાંત હતા તે પ્રદીપ્ત થયા. અસુરો જેઓનો દ્રોહ કરે છે તેવા સારા પુરુષોનાં મન પ્રસન્ન થયાં. જન્મરહિત ભગવાનનો જન્મ થતાં આકાશમાં દુંદુભિઓ ગડગડ્યાં. કિન્નરો અને ગન્ધર્વો ગાન કરવા મંડ્યા. સિદ્ધો અને ચારણો સ્તુતિ કરવા

મંડ્યા. વિદ્યાધરો અપ્સરાઓ સાથે આનન્દથી નૃત્ય કરવા મંડ્યા. મુનિઓ અને દેવો આનન્દવાળા થઈ પુષ્પોની વૃષ્ટિ કરવા મંડ્યા. વાદળાંઓ સાગરની સમીપ મન્દ-મન્દ ગર્જના કરવા મંડ્યા. જેમાં જનાર્દનનો જન્મ થવાનો સમય થયો અને અન્ધકાર મટી ગયો તેવી મધરાત થઈ ત્યારે જેમ પૂર્વ દિશામાં પૂર્ણ ચન્દ્રનો આર્વિભાવ થાય છે તેમ વિષ્ણુના રૂપવાળાં દેવકીજીમાં સર્વના હૃદયરૂપ આકાશમાં શયન કરનાર વિષ્ણુનો આર્વિભાવ થયો. સર્વના ધર્મનું રક્ષણ કરનાર અનિરુદ્ધ, અજ્ઞાન દુર કરી સર્વને મુક્તિ આપનાર સંકર્ષણ અને પ્રદ્યુમ્ન એ ત્રણ વ્યુહ સાથે દેવકીજીમાં ભગવાનનો આર્વિભાવ થયો. વાસુદેવ વ્યૂહ નન્દજીનાં ઘેર પ્રકટ થશે એટલે સર્વરૂપથી ભગવાનનો આર્વિભાવ થયો એમ કહેલું છે. સર્વ ભજન કરે તે માટે ભગવાને પોતે હૃદયમાં રહી તેમને પરાયણ રહેનારા કૃતાર્થ થશે એમ જણાવવા વેદો રચેલા, તે ભગવાન હવે અહીં જ પ્રકટ થયા તેથી હવે પછી પહેલાની ગોઠવણ યોગ્ય નથી, પરન્તુ આ બહાર પ્રકટ થએલા ભગવાનની જ બહાર સેવા કરવી.

''**દાસીનાં સર્વરક્ષાર્થં નિમિત્તીકૃત્ય તાદશમ્, પ્રાદુર્ભૂતો મમ સ્વામી નૈશ્ચિન્ત્યં વાચિ પૂર્વવત્**''. ભક્તોનાં સર્વનું રક્ષણ કરવા દેવકીજીમાં રહેલા સત્ત્વને નિમિત્ત કરીને મારા સ્વામી પ્રગટ થયા છે.

**તમદ્ભુતં બાલકમ્ અમ્બુજેક્ષણં ચતુર્ભુજં શંખગદાદ્યુદાયુધમ્।**
**શ્રીવત્સલક્ષ્મં ગલશોભિકૌસ્તુભં પીતામ્બરં સાન્દ્રપયોદસૌભગમ્।।**
**મહાર્હવૈડૂર્યકિરીટકુંડલત્વિષા પરિષ્વક્તસહસ્રકુન્તલમ્।**
**ઉદ્દામકાઞ્ચ્યંગદકંગણાદિભિર્ વિરોચમાનં વસુદેવ ઐક્ષત।।**

૧.તમ્='તે' લોક અને વેદ માં પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ, સર્વના મૂલરૂપ થએલ હોવાથી સર્વના આધારભૂત.

૨.અદ્ભુતમ્='અદ્ભુત' અલૌકિક પ્રમાણથી અધિક પ્રમેયબલવાળું; લૌકિક અને વૈદિક પદાર્થો જેનું ઉલ્લંઘન કરી શકે નહીં તેવું પ્રમેયસ્વરૂપ.

૩.બાલકમ્='બાળક'. જેમના 'બાલે-બાલે' એટલે રૂંવાડે-રૂંવાડે 'ક' એટલે બ્રહ્મા અથવા બ્રહ્માણ્ડરૂપ વિગ્રહ છે, અથવા 'બાલ' બાળક છે 'ક' બ્રહ્મા જેમનો તેવા.

૪.'અમ્બુજેક્ષણમ્'. 'અમ્બુજ' કમલનાં જેવા 'ઈક્ષણે' બે નેત્રો છે જેમનાં, અથવા 'અમ્બુજા' લક્ષ્મી છે નેત્રમાં જેમના, અથવા 'અમ્બુજૌ' સૂર્ય અને ચન્દ્ર છે નેત્રો જેમનાં, અથવા 'અમ્બુજા' પૃથ્વીમાંજ 'ઈક્ષણ' દષ્ટિ છે જેમની તેવા.

૫.ચતુર્ભુજમ્='ચાર ભુજાવાળા'. ચાર ભુજાઓ એટલે ક્રિયાશક્તિઓ છે જેમની (કારણ કે ચાર વ્યૂહોનાં કાર્ય કરવા ભગવાનનો અવતાર થયેલ છે), અથવા ચાર પુરુષાર્થો અથવા ભૂતો અથવા દિક્પાલો જેમની ભુજામાં છે તેવા.

૬.શંખગદાદ્યુદાયુધમ્=''શથ, ગદા વિગેરે ઊંચા કરેલા આયુધોવાળા''. ઉત્તમ શંખ જલનું તત્ત્વ છે, કમલ ભુવનરૂપ છે, ગદા પ્રાણરૂપ વાયુ છે, સુદર્શન તેજનું તત્ત્વ છે. શંખ, ગદા વિગેરે જ ઊંચા કરેલા આયુધો છે જેમનાં તેવા.

આ છ વિશેષણોથી છ ગુણોવાળા ભગવાન જણાવ્યા. હવે ઐશ્વર્ય વિગેરે છ વૈદિક ગુણો કહે છે.

૭.શ્રીવત્સલક્ષ્મમ્='શ્રીવત્સના ચિહ્નવાળા'. શ્રીવત્સ અસાધારણ ચિહ્ન છે જેમનું. શ્રીવત્સા એટલે બાળકી છે જેની તે 'શ્રીવત્સ' એટલે લક્ષ્મી. તે ભગવાનનું અસાધારણ ચિહ્ન છે. કારણ કે લક્ષ્મી બ્રહ્માનન્દ છે, તેનું મૂલ બ્રહ્મ જ છે. ભગવાનને બ્રહ્મલક્ષણવાળા કહ્યા તેથી તેમનું 'ઐશ્વર્ય' કહેવાયું.

૮.ગલશોભિકૌસ્તુભમ્=''કંઠમાં શોભતા કૌસ્તુભવાળા''. કંઠમાં શોભાવાળો કૌસ્તુભ છે જેમના તેવા ભગવાન છે. ક્રિયાશક્તિ કરતાં જ્ઞાનશક્તિ ઉત્તમ હોવાથી મુક્ત જીવોને સરસ્વતીનું સ્થાન પ્રાપ્ત કરાવવા ભગવાન કૌસ્તુભને કંઠમાં ધારણ કરે છે. આથી 'વીર્ય' કહેવાયું.

૯.પીતામ્બરમ્=''પીત અમ્બરવાળા''. 'પીત' પીળું 'અમ્બર' વસ્ત્ર છે જેમનું તેવા ભગવાન છે. પીતામ્બર ભગનવાન્‌ના અમુક પ્રદેશને ઢાંકનારી માયા છે. ઘણો મોહ કરનારી લય અને વિક્ષેપ રૂપ માયા પીળી જ છે. આથી 'યશ' કહ્યો.

૧૦.સાન્દ્રપયોદસૌભગમ્=''ઘાટાં વાદળાના જેવા શોભતા''. 'ઘાટાં' જલવાળાં શ્યામ વાદળાના જેવા શોભતા છે. જે વાદળું પોતાના સમયે સર્વને આનન્દ આપનારું, અન્ન ઉત્પન્ન કરનારું અને તાપનો નાશ કરનારું છે તે 'ઘાટું' છે, તેવી જ રીતે ભગવાન પણ પૃથ્વીનાં, સ્વર્ગનાં, ધર્મનાં અને ભક્તોનાં સર્વ દુઃખ દૂર કરીને સર્વને ઈચ્છેલું આપનાર છે. આથી કાન્તિરૂપ 'શ્રી' કહેવાઈ.

૧૧.''ઘણા કીમતી વૈડૂર્ય(મણી)વાળા મુકુટ અને કુંડલો ના તેજથી ભેટાએલા હજારો કેશવાળા.'' ઘણાં કીમતી 'વૈડૂર્ય'મણિવાળા મુકુટ અને બે કુંડલોના તેજથી ભેટાએલાં એટલે આલિંગન કરાએલા હજારો કેશ છે જેમના, તેવા ભગવાન છે. કીમતી વૈડૂર્યમણિ ગુરુના સ્થાને છે. વેદના કર્મ અને જ્ઞાન એ બે કાંડો, સાધનરૂપ અને ફલરૂપ બે પ્રકારનો યોગ અને સુયાસ અને જ્ઞાન ના ભેદવાળું એ પ્રકારનું સાંખ્ય એમ છ શાસ્ત્રો કહેવાયાં. એમના હજારો ભેદ છે એમ જણાવવા કેશની સંખ્યા કહી. આ લોકમાં પ્રાપ્ત થતા શાસ્ત્રીય જ્ઞાનનું નિરૂપણ કર્યુ.

૧૨.''નિયમન વિનાના કંદોરા તથા બાજુબંધો અને કંકણો વિગેરેથી શોભતા''. કંદોરો, બાજુબંધો અને કંકણો તમઃ, સત્વ અને રજો રૂપ કર્મો છે. લોકમાં કંદોરો બંધવાળો હોય છે, ભગવાનનો કંદોરો 'નિયમન' એટલે બંધ વિનાનો છે. ભૂમિ ઉપર માયામાં તરબોળ રહેનારાને જ કર્મ કરવાનો અધિકાર હોવાથી પીતાંબર ઉપર કંદોરો ભગવાને ધારણ કરેલો છે. લૌકિક કર્મો ત્યાં નથી એમ જણાવા કંદોરાને બંધ ન હોવાનું કહેલું છે. 'વિગેરે' શબ્દથી વીંટીઓ, બાજુબંધની જગ્યાએ પહેરવાનાં બીજાં આભરણો, નાની ઘુઘરીઓ, નૂપુરો વિગેરે કહેલાં છે. વૈદિક કર્મથી લૌકિક દુઃખ દૂર થતાં હોવાથી, આથી 'વૈરાગ્ય' કહ્યો.

**''વેદે રામાયણે ચૈવ પુરાણે ભારતે તથા, આદાવન્તે તથા મધ્યે હરિઃ સર્વત્ર ગીયતે''.** વેદમાં અને રામાયણમાં, પુરાણમાં તેમજ મહાભારતમાં, આરમ્ભમાં અન્તે તેમજ મધ્યમાં હરિનું જ બધે ગાન કરવામાં આવે છે. એવી રીતે એ ચાર શાસ્ત્રોના આરંભ, મધ્ય અને અન્ત માં હરિનું ગાન કરેલું હોવાથી હરિનાં (૪*૩=૧૨) બાર વિશેષણો અહીં કહેલાં છે. આવા બાર ધર્મવાળા હરિને વસુદેવે નીરખ્યા.

**વસુદેવ અને દેવકી ની સ્તુતિઃ**

હરિને પુત્ર સ્વરૂપે જોઈ, શ્રીકૃષ્ણના અવતારથી ઉત્સવ થતાં આનન્દથી એટલે હર્ષના જલથી સ્નાન કરી વસુદેવે દશ હજાર ગાયો બ્રાહ્મણોને આપવાનો સંકલ્પ કર્યો. પછી તેમને પુરુષોત્તમ જાણી, તેમનો પ્રભાવ જાણી, ભયરહિત થઈ, પોતાના તેજથી કેદખાનાને પ્રકાશિત કરનાર ભગવાનની સ્તુતિ કરીઃ ''હે ઈશ્વર! આ લોકનું રક્ષણ કરવાની ઈચ્છાથી આપ મારા ઘરમાં અવતર્યા છો. આપ અસુર રાજાઓની સેનાઓને હણશો. હે પ્રભુ! આ કંસ નીચ છે, અમારે ઘેર આપનો જન્મ થશે એમ જાણીને તેણે આપના મોટા ભાઈઓને હણ્યા છે. કંસના સેવકો આપનો અવતાર થયાનું તેને જણાવશે ત્યારે તે આયુધો ઊંચા કરી હમણાં જ આવશે''.

ઈશ્વરને માત્ર નિવેદન કરવું એ સેવકની ફરજ છે, શું કરવું તે તો પ્રભુ જ જાણે છે. તેથી વસુદેવે ''કંસ હમણાં જ આવશે'' એટલું જ જણાવ્યું. પછી દેવકીજી ભગવાનને શરણ ગયા અને તેમની સ્તુતિ કરીઃ ''આપ ઈશ્વરને હું શરણે આવું છું. આપ ઈશ્વર ભક્તોનું રક્ષણ કરવામાં વિલમ્બ સહન કરતા નથી તેમજ બેદરકાર રહેતા નથી. આપ સાક્ષાત વિષ્ણુ છો. મૃત્યુરૂપ સર્પથી ભય પામી સર્વ લોકમાં નાસતા મનુષ્યોને ક્યાંય નિર્ભય સ્થાન મળતું નથી. ઈશ્વરની ઈચ્છાથી આપના ચરણકમલ પ્રાપ્ત કરી પછી તે સ્વસ્થ થઈ આરામ કરે છે. સત્સંગ અને ભાગવત એ બે આપના આધિભૌતિક ચરણ છે. જ્ઞાન અને ભક્તિ એ બે આધ્યાત્મિક ચરણ છે. અને પ્રસન્ન થએલ આપના બે ચરણારવિન્દો જ અધિદૈવિક ચરણ છે. તે બધામાંથી એક પ્રાપ્ત થતાં પણ મનુષ્ય કૃતાર્થ થાય છે અને મૃત્યુ તેનાથી દૂર જાય છે કારણ કે આપ ભગવાન કાલને પણ વશ રાખનાર છો. આપ સેવકોનો ભય હરનારા છો. જેમ ગન્ધ પૃથ્વીનો જ ગુણ છે તેમ ભક્તોનાં દુઃખ હરવાં તે આપનો જ ગુણ છે. તેથી પાપી કંસથી અમારું રક્ષણ કરો. હે મધુસૂદન! મારાથી આપનો જન્મ થયો છે તે આ પાપી ન જાણે. આપને માટે કંસથી હું ઘણો ભય પામું છું. શથ, ચક્ર, ગદા, પદ્મ અને કાન્તિવાળું ચાર ભુજાઓવાળું આ અલૌકિક રૂપ આપ છુપાવો. સૃષ્ટિના પ્રલય સમયે આ વિશ્વને છૂટથી પોતાના દેહમાં ધારણ કરનાર આપ મારા ગર્ભમાં પધાર્યા! મનુષ્યલોકનું આ આપે ભારે અનુકરણ કર્યું.''

**શ્રીકૃષ્ણનો પ્રત્યુત્તરઃ**

એ પ્રમાણે વસુદેવ-દેવકીએ સ્તુતિ કર્યા પછી ભગવાને કહ્યુંઃ ''હે સતિ! સ્વયમ્ભૂ મન્વન્તરમાં તું 'પૃશ્નિ' હતી ત્યારે આ વસુદેવ 'સુતપા' નામના પ્રજાપતિ હતા. તમને

બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી. પછી તમે ઇન્દ્રિયોને સંયમમાં રાખી તપ કર્યું. વરસાદ, તાપ, પવન એ કાલના ગુણોને સહન કરતાં, સૂકા પાન અને વાયુ નું ભક્ષણ કરી મારી પાસેથી કામનાઓ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તમે બેએ તેંતાલિસ લાખ વીસ હજાર વર્ષ સુધી કઠણ તપ કર્યું ત્યારે હું તમારા ઉપર પ્રસન્ન થયો અને આ શરીરથી તમને વરદાન આપવા પ્રકટ થયો. તમે મારી માયાથી મોહ પામ્યા અને ભોગ ભોગવેલા નહિ, તેથી મોક્ષ ન માગતાં મારા જેવો પુત્ર માગ્યો. શીલ, ઉદારતા તથા ગુણો માં મારા જેવો બીજા કોઈને ન જોવાથી 'પૃશ્નિગર્ભ' તરીકે ઓળખાતો હું તમારો પુત્ર થયો. બીજા ભવમાં તમે કશ્યપ અને અદિતિ થયા, અને હું 'ઉપેન્દ્ર' નામનો 'વામન' તરીકે પ્રસિદ્ધ થયેલ તમારો પુત્ર થયો. હે સતિ! આ ત્રીજા ભવમાં તે જ તમો બેથી તેહું તમારો પુત્ર થયો છું. તેજ સતી એટલે પતિવ્રતા ગણાય કે જે કલ્પના આરમ્ભમાં જે પતિને પ્રાપ્ત કરે તે જ પતિને કલ્પના અંત સુધી સર્વ જન્મોમાં પ્રાપ્ત કરે. વ્યાભિચારિણી સ્ત્રીનો તો મોક્ષ થતો નથી. તમો દેવકીજી સતી હોવાથી તમારો મોક્ષ થવાનો છે. પહેલાના જન્મોનું તમને સ્મરણ કરાવવા આ મારા રૂપનું તમને દર્શન કરાવ્યું, નહિ તો 'આ ભગવાન છે' એવું મારા સ્વરૂપનું જ્ઞાન મનુષ્યના રૂપમાં હોઉં ત્યારે થાય નહિ. તમો બન્ને પુત્રભાવથી અને બ્રહ્મભાવથી વારંવાર મારું ચિન્તન કરતાં અને મારામાં સ્નેહ કરતાં મારા ઉત્તમ ધામને પ્રાપ્ત કરશો''.

**નન્દના ઘેર પધારવું:**

એ પ્રમાણે કહી ભગવાન શાંત રહ્યા. માતા અને પિતા ના દેખતાં જ ભગવાન પોતાની માયાથી તેજ ક્ષણે પ્રાકૃત બાળક થયા, નાલ વધેર્યા વિનાના બાળક થઈ રહ્યા. તે કારાગૃહમાં પણ સૂવાવડ થયાનાં ચિહ્નો જણાયા. દેવકીજી પણ સૂવાવડાં થયાં. પ્રાકૃત પુરુષની જેમે વસુદેવની પણ ''આ મારું બાળક છે'' એવી બુદ્ધિ થઈ. પછી ભગવાનની પ્રેરણાથી વસુદેવે પુત્રને બહાર લઈ જવાની ઇચ્છા કરી. બીજી તરફ ગોકુળમાં નન્દની પત્નીથી યોગમાયા જન્મી. તેણે દ્વારપાલો અને શહેરીઓ ને ઊંઘાડી દીધા. કેદખાનાના મોટા દ્વારો–– કે જે લોઢાના ખીલાવાળી સાંકળોથી બંધ કરેલાં હતાં અને જેમાંથી બહાર નીકળવું ઘણું કઠણ હતું તે શ્રીકૃષ્ણ સાથે વસુદેવ આવતાં, જેમ સૂર્યથી અન્ધકાર જાય તેમ ––પોતાની મેળે ખુલી ગયાં. ભગવાન શ્રીકૃષ્ણ સર્વને મોક્ષ આપનારા હોવાથી તેમના પધારવાથી તામસ રાક્ષસોએ બાંધેલા (બંધ કરેલા) ઘણા જડ દ્વારોની પણ મુક્તિ થઈ (ખુલી ગયાં). દ્વારો ખુલતાં માયાનો પ્રવેશ થયો એટલે ધીરે-ધીરે ગર્જના કરતો વરસાદ વરસવા લાગ્યો. ફેણોથી જલને રોકતો શેષ, પૂંછડાનો ભાગ જમીન ઉપર ટેકાવી ભગવાનને છત્ર કરતો પાછળ-પાછળ ગયો. ભગવાનના જન્મ સમયે ચારે તરફથી જતાં રહેલા વાદળાં માયાનો જન્મ થતાં આવ્યાં અને વરસાદ વારંવાર વરસવા લાગ્યો. ગંભીર જલના વેગવાળી મોજાંઓવાળી ફીણવાળી અને ભય ઉપજાવે તેવા સેંકડો વમળોવાળી નદીએ, જેમ સમુદ્રે રામચન્દ્રને માર્ગ આપેલ તેમ, શ્રીકૃષ્ણ સાથે વસુદેવ આવતાં તેમને માર્ગ આપ્યો. આમ વસુદેવજી નન્દના વ્રજમાં આવ્યા. ત્યાં ગોપોને ઊંઘતા જોઈ, પુત્રને

યશોદાના શયનમાં પધરાવી, તેમની પુત્રીને લઈ, તે જે રસ્તે આવેલ તે રસ્તે પાછા ગયા. દેવકીજીના શયનમાં કન્યાને મૂકી, બે પગમાં બેડીઓ પહેરી, પહેલાની જેમે પાછા બંધાઈ ગયા. યશોદાને તો 'જન્મ થયો' એટલું જ જણાયું, પરંતુ પુત્ર જુમ્યો કે પુત્રી તે જણાયું નહિ. કારણ કે તેઓ ઘણું થાકેલાં હતાં. પ્રસવની પીડાથી થાક્યાં ત્યારે જ પ્રસવ થએલ, એટલે પ્રસવ થતાંજ નિદ્રા આવેલી.

**કંસનો બાળકીના વધનો પ્રયાસઃ**

માયાનું કાર્ય ભગવાનના કાર્યથી ઉલટું જ હોય છે. તેથી ભગવાન પધારતી વખતે જે દ્વારો ખુલી ગયેલાં તે કેદખાનાના અંદરના, બહારનાં અને મહેલનાં બધાં દ્વારો માયા આવતાંની સાથે જ પહેલાંની જેમે બંધ થઈ ગયા. જો તે બંધ ન થઈ જાય તો વસુદેવ ભગવાનને બીજે સ્થળે પધરાવી ગયા એવી કંસને જાણ થવાનો સમ્ભવ હોવાથી માયાએ તે બધાં દ્વારો બંધ કરેલ. પછી બાળકના રડવાનો અવાજ સાંભળી દ્વારપાલો ઉઠ્યા અને તેમણે તરત દેવકીજીને બાળક અવતર્યાના સમાચાર કંસને આપ્યા. તે તરત પથારીમાંથી ઉઠી ''આ કાળ છે'' એમ જાણતો હોવાથી વિહ્વળ થઈ ઠોકરો ખાતો કેદખાને ગયો. ત્યાં દેવકીજી એ કન્યાને બાઝી પડી દુઃખીઆરાં થઈ રડતાં-રડતાં તેને કહ્યુંઃ ''હે ભાઈ! આ કન્યાને હણ નહિ. તે ઘણાં અગ્નિ સમાન તેજસ્વી બાળકોને હણ્યાં, આ એક પુત્રી આપ. હું તારી નાની બેન છું તેની આ છેલ્લી પ્રજાનું મને દાન કર''. કંસે તેમને ધમકાવી, તેમના હાથમાંથી કન્યા આંચકી લીધી. તે તરતની જન્મેલી કન્યાને બે પગથી પકડી ધોવાનું વસ્ત્ર હોય તેમ પથ્થર ઉપર પછાડી. જેવી તેણે તેને પથ્થર ઉપર પટકી કે તરત તે તેના હાથમાંથી કૂદકો મારી દેવી થઈ આકાશમાં ગઈ. દિવ્ય માલાઓ, વસ્ત્રો, લેપો અને રત્નવાળાં આયુધો તેણે ધારણ કરેલા હતાં. તેને આઠ ભુજાઓ હતી અને ભુજાઓમાં ધનુષ્ય, ત્રિશુલ, બાણ, ઢાલ, તલવાર, શંખ, ચક્ર અને ગદા એ આઠ આયુધો તેણે ધારણ કરેલા હતાં. સિદ્ધો ચારણો, ગન્ધર્વો, અપ્સરાઓ, કિન્નરો અને સર્પો તેને બલિ લાવી આપી તેની સ્તુતિ કરતા હતા. તેણે કંસને કહ્યું ''હે મન્દ! મને હણવાથી તને શું લાભ? તારો નાશ કરનાર પહેલાંનો શત્રુ કોઈ એક સ્થળે ખરેખર જુમ્યો છે. તેથી ગરીબડાં દેવકીજીને હણીશ નહિ'' એમ કહી તે જતી રહી.

**વસુદેવે કંસને આપેલો ઉપદેશઃ**

દેવીનું વચન સાંભળી કંસ ઘણો વિસ્મય પામ્યો. તેણે દેવકીજી અને વસુદેવ ને છુટાં કર્યાં અને સભ્યતાથી તેમને કહ્યુંઃ ''રાક્ષસની જેમે મેં પાપીએ તમારા ઘણા પુત્રો હણ્યા, તેથી બ્રહ્મહત્યારા જેવો હું કયા લોકમાં જઈશ? માત્ર મનુષ્યો જ નહિ, પરન્તુ દેવો પણ અસત્ય કહે છે. આકાશવાણીના વિશ્વાસને લીધે મેં પાપીએ ભાણેજોને હણ્યા. તમે પુત્રોનો શોક ન કરો. જંતુઓ દૈવને અધીન છે અને પોતાનાં કર્મના ફળ ભોગવે છે. તેથી હે વહાલી બેન! મેં હણેલા તારા પુત્રોનો શોક કરીશ નહિ. તમે સત્પુરુષો છો. મારી દુષ્ટતાને ક્ષમા કરો'' —એમ કહી આંસુવાળા મુખથી તેણે બેનના ચરણો પકડ્યા. તેમની સાંકળો

છોડાવી નાખી અને દેવકીજી અને વસુદેવ ને છૂટાં કર્યાં.

દેવકીજીએ તેને ક્ષમા કરી અને વસુદેવે હસીને તેને જણાવ્યું: ''દેહવાળાઓની અહંબુદ્ધિ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થએલી હોય છે, અને તેમાંથી મારું-પારકું એવો ભેદ થાય છે. ભેદની દૃષ્ટિવાળાઓ શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ અને મદ વાળા હોય છે. કોઈ કોઈને હણતું નથી પરન્તુ સર્વમાં રહેલ ભગવાન જ હણે છે એમ શાસ્ત્ર કહે છે. આવા સિદ્ધાન્તનું જ્ઞાન થવામાં ભગવાનથી વિરુદ્ધ જીવના છ દુર્ગુણો નડે છે. (૧)ભગવાનનાં ઐશ્વર્યનું જ્ઞાન થવામાં શોક નડે છે. ભગવાન કંઈ પણ કાર્ય કરવાને, નહિ કરવાને અને કરેલું ફેરવવાને શક્તિવાળા છે. તેથી તેમના કરેલા કાર્યમાં શોક કેમ હોઈ શકે? ભગવાનની 'કોઈને હણવો' એવી ઈચ્છા ન હોય તો, પોતાના અંશ પૈકી જેને જીવતો રાખવાની તેમની ઈચ્છા હોય, તેનો નાશ બીજો કોઈ કરે નહિ, કરી શકે નહિ. (૨)કાળરૂપ ભગવાનના વીર્યનું જ્ઞાન હોય તો જોઈતી વસ્તુ પ્રાપ્ત થતાં હર્ષ થાય છે તે ન થાય. કારણ કે ભગવાન તે પદાર્થનો ગમે ત્યારે નાશ કરી શકે છે. (૩)જો ભગવાનનો યશ જાણીએ તો ભય ન થાય. કારણ કે ભગવાન યશવાળા હોઈ અયોગ્ય કાર્ય કરેજ નહીં, તેથી તેમના કોઈ પણ કાર્યથી ભય થવો ન જોઈએ. (૪)જો ભગવાનની શ્રી જાણીએ તો દ્વેષ અને લોભ ન થાય. દ્વેષ સ્ત્રીને માટે થાય છે અને લોભ ધનને માટે થાય છે. પરન્તુ સ્ત્રી અને ધન ભગવાનનાં જ છે. તેથી આપણે સ્ત્રી અથવા ધન માટે દ્વેષ અથવા લોભ કરવા યોગ્ય નથી. (૫)ભગવાનનું જ્ઞાન થયું હોય તો મોહ રહેતો નથી એ તો પ્રસિદ્ધ છે. (૬)વૈરાગ્ય ન હોય તો મદ થાય. સર્વ પ્રકારે વૈરાગ્ય વિનાનો જ હોય તેને મદ હોય છે. તેથી ભગવાનના છ ગુણોથી વિરુદ્ધ જીવના છ દુર્ગુણોથી આ ભય વિગેરે થાય છે''.

**કંસની મંત્રીઓ સાથે મંત્રણાઃ**

એ પ્રમાણે સત્ય સિદ્ધાન્તનો કંસને ઉપદેશ કરી, વસુદેવે તેને પોતાના ઘેર જવાની રજા આપી એટલે કંસ ઘેર ગયો. તે રાત્રિ વીતી ત્યારે કંસે મંત્રીઓને બોલાવ્યા અને યોગમાયાએ જે પોતાને કહેલ તે તેમને જણાવ્યું. દેવો પ્રતિ ઈર્ષ્યાવાળા દૈત્યોએ એ સાંભળી તેને કહ્યું: ''એમ હોવાથી શહેરોમાં, ગામોમાં અને નેસડાઓમાં અમે નાનાં બાળકોને જરૂર હણશું. બીકણ દેવો શું કરવાના છે? તેઓ તો તમારાથી ભય પામી યુદ્ધ તજી ભાગી જતા રહેલા અને કેટલાકોએ ભયથી શસ્ત્રો નાખી દીધેલ. એકાન્તમાં રહેનાર હરિ અને વનમાં રહેનાર શંકર પણ શું કરવાના? છતાં પણ તેઓ શત્રુ હોવાથી આપણે બેદરકાર રહેવું નહિ. તેથી તેઓનો નાશ કરવા અમને આજ્ઞા કરો. દેવોનું મૂળ વિષ્ણુ છે. તેમનું મૂળ વેદ, ગાયો, બ્રાહ્મણો તપ અને યજ્ઞ છે. તેથી બ્રહ્મવાદી, તપ કરનારા અને યજ્ઞ કરનારા બ્રાહ્મણોને અને હવિ આપનારી ગાયોને અમે હણશું અને ઋષિઓને હણશું.''

એ પ્રમાણે પોતાના દુષ્ટ મંત્રીઓ સાથે મસલત કરી કંસે બ્રાહ્મણોની હત્યાને પોતાનું હિત કરનારી માની. આ દુષ્ટ મંત્રીઓ સાથે મસલત કરવાથી તે પણ દુષ્ટ બુદ્ધિવાળો થયો. બુદ્ધિ થી સર્વનો નિર્ણય થાય, અને દુઃસંગ બુદ્ધિનો નાશ કરનારો છે.

તેને પણ મંત્રી તરીકે સ્વીકારવામાં આવે ત્યારે બુદ્ધિનો નાશ થાય જ(?). તેથી જેમને વિનાશ કરવો જ ગમતો અને જે ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારા હતા, તેવા દાનવોને ભલા લોકોને પીડવાની આજ્ઞા કરી કંસ ઘેર ગયો. દાનવોએ પણ તેમનું મૃત્યુ નજીક આવેલ હોવાથી સારા લોકોનો દ્વેષ કરવા માંડ્યો. તેમનો નાશ થાય તે માટે માયાએ જ તેમની પાસે એવો દ્વેષ કરાવ્યો, કારણ કે મોટા પુરુષોની અવગણના આયુષ્ય, લક્ષ્મી, યશ, ધર્મ, સ્વર્ગ વિગેરે લોક, ત્યાં પ્રાપ્ત થવાની આશિષો અને ઈચ્છેલા પદાર્થો સર્વનો નાશ કરે છે. 'મોટા પુરુષો' એટલે ભગવદીઓ. કારણ કે મોટાઈ ભગવાનના સમ્બન્ધથી જ હોય છે. ભગવાનનો સમ્બન્ધ ન હોય તો માત્ર ચોખાની અણી જેટલા જીવને મોટાઈ ક્યાંથી થાય? એ રીતે ભગવાનનું ચરિત્ર થઈ શકે તે માટે માયાએ પોતાનું કાર્ય કર્યું.

# :: ૨. બાલલીલા ::

**નિરોધઃ**

ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય ભક્તોનો નિરોધ કરવા થયેલું છે. પ્રપઞ્ચ એટલે જગતને ભૂલી જઈ ભગવાન શ્રીકૃષ્ણમાં આસક્તિ એટલે ઘણો પ્રેમ થવો એ 'નિરોધ'. તેથી જીવોને પ્રપઞ્ચ ભુલાવી પોતાની અંદર ઘણો પ્રેમ કરાવવો એ શ્રીકૃષ્ણાવતારનું મુખ્ય પ્રયોજન છે.

જીવો સાત્ત્વિક રાજસ અને તામસ એવા ત્રણ પ્રકારના છે. જેમ કાષ્ઠમાં અગ્નિનો પ્રવેશ થતાં કાષ્ઠ બળી જાય છે તેમ લૌકિક ધર્મ પૈકી જે ધર્મમાં ભગવાનનો પ્રવેશ થાય તે લૌકિક ધર્મ જતો રહે છે. જીવો પોતાનો સ્વભાવ પોતાની મેળે ફેરવી શકે નહિ. ભગવાન જીવનો સ્વભાવ ગમે તે પ્રકારે ફેરવી શકે, છતાં જીવોને ન ગમે તેવી રીતે ભગવાન તેઓનો સ્વભાવ ફેરવે તો તે પરમદયાળુ ન કહેવાય. તેથી જીવોના સ્વભાવને અનુસરી, તેમના જેવા થઈ, ભગવાન તેમના ધર્મોમાં પ્રવેશ કરે તો તેઓના લૌકિક ધર્મ દૂર થાય અને ભગવાનમાં તેમને ઘણો પ્રેમ થાય. તેથી તામસ સાત્ત્વિક અને રાજસ જીવોનો સ્વભાવ ફેરવવા ભગવાન તેમના જેવા થઈ તેમના જેવા કૃત્યો કરે છે.

લૌકિકમાં કામ મુખ્ય હોય છે. લૌકિક પુરુષો કામ પ્રાપ્ત થાય તેવા કર્મ કરે છે. કામથી જે ફળ પ્રકટ થાય તેમાંજ તેમની પ્રીતિ હોય છે. તેથી પ્રથમ તામસ જીવોનો નિરોધ કરવાનું કાર્ય ભગવાન કરે છે. ભગવાનની બાલલીલા વર્ષ પાંચ સુધીની, મધ્ય લીલા વર્ષ છ થી નવ સુધીની. પ્રૌઢલીલા અને કામલીલા એ ચાર લીલાઓ લોકમાં સુખ આપનારી ગણાય છે, તે ભગવાને તામસ ભક્તોનો પોતાની અંદર નિરોધ કરવા કરેલી, તેનું શ્રીમદ્ભાગવતમાં અનુક્રમે ૫ થી ૧૧, ૧૨ થી ૧૮, ૧૯ થી ૨૫ અને ૨૬ થી ૩૨ અધ્યાયોથી વર્ણન કરેલું છે. તે અનુક્રમે તામસપ્રમાણ, તામસપ્રમેય, તામસસાધન અને તામસફલ પ્રકરણો કહેવાય છે. અગિયારમા અધ્યાય પછી અઘાસુરનો વધ, બ્રહ્માએ કરેલ બાળકોનું તથા વાછરડાઓનું હરણ અને બ્રહ્માની સ્તુતિના ત્રણ અધ્યાયો છે, તે કોઈ

પંડિતે શ્રીભાગવતમાં પાછળથી ઉમેરેલ છે, મૂળ ભાગવતમાં ન હતા.

**નન્દ મહોત્સવઃ**

ગયા પ્રકરણમાં કહેલ છે કે પુત્રને યશોદાના શયનમાં પધરાવી તેમની પુત્રી ને લઈ વસુદેવ પાછા ગયા૧ અને યશોદાને તો જન્મ થયો એટલું જ જણાયેલ પરંતુ પુત્ર જન્મી કે પુત્રી તે જણાયું નહિ૨. વસુદેવ માયાને લઈ ગયા પછી યશોદા જાગતાં તેમને પુત્ર જુમ્યો એવું જ્ઞાન થયું. વસ્તુતઃ પણ વાસુદેવનું પ્રાકટ્ય અહિંજ થયેલ. જો વાસુદેવ નું પ્રાકટ્ય અહિં થયેલ ન હોય તો માત્ર માયામાટે ઉત્પન્ન થયેલ ધાવણનું ભગવાન પાન ન કરે અને (નન્દસ્ત્વાત્મજ ઉત્પન્ને જાતાહ્લાદો મહામનાઃ) ''પુત્ર ઉત્પન્ન થતાં નન્દજીને આનન્દ થયો'' એમ વાસ્તવિક રીતે નન્દજીને ઘેર પુત્ર ઉત્પન્ન થયાનું શુક પણ કહે નહીં. તેથી પુરુષોત્તમનું પ્રાકટ્ય અહીં નન્દજીને ઘેરજ થયેલ. અને તે સમયે દેવકીજીને ત્યાં પ્રકટ થયેલ ચતુર્ભુજ સ્વરૂપ પ્રાકૃત બાળક થયા. પછી નન્દજીને ઘેર તરતજ માયા અવતરી અને તેણે પુરુષોત્તમનાં કોઈને દર્શન ન થાય તેમ કર્યું. પછી વસુદેવ પ્રાકૃત બાળક થયેલ ભગવાનને લાવી યશોદાના શયનમાં પધરાવી માયાને લઈ ગયા ત્યાર પછી યશોદા જાગતાં તેમણે એમ જાણ્યું કે મને પુત્ર થયેલ છે. પુત્ર ઉત્પન્ન થતાં નન્દજીને ઘણો આનન્દ થયો. તેમનું મન ઉદાર થયું. વેદ જાણનાર બ્રાહ્મણોને બોલાવી, સ્નાન કરી, પવિત્ર થઈ, અલંકાર ધારણ કરી, તેમણે બ્રાહ્મણો પાસે કલ્યાણની વિધિ કરાવી. પુત્રનો જન્મ થતાં કરવાની વિધિ કરાવી અને પિતૃઓ તથા દેવો નું પૂજન કરાવ્યું. વિપ્રોને બે લાખ ગાયો સારી રીતે શણગારી દાનમાં આપી અને રત્નોના ઢગલા જેમાં હતા તેવા સુવર્ણ અને વસ્ત્રોથી ઢાંકેલા સાત તલના પર્વતો દાનમાં આપ્યા. તેમને ઘેર પુરુષોત્તમ પ્રકટ થયેલ હોવાથી તેમને દ્રવ્યનો તોટો ન હતો. ઘણું મંગલ પ્રાપ્ત કરાવે તેવી વાણીવાળા વિપ્રો, સૂતો, બંદિજનો એ ગાન કર્યું. નગારાં અને દંદુભિઓ વારંવાર વાગ્યાં. વ્રજમાં ઘેર-ઘેર બારણાં આંગણાં તથા ઘરની અંદરના ભાગ લીંપવામાં આવ્યા. ભાતભાતની ધજા, પતાકા, માલા, કાપડ અને વૃક્ષના પાંદડા નાં તોરણો બાંધવામાં આવ્યા. ગાયો, આખલાઓ અને વાછરડાઓ ને હળદરવાળું તેલ ચોળવામાં આવ્યું અને મોરના પીંછા માળાઓ વસ્ત્રો અને સુવર્ણની માળાઓ પહેરાવવામાં આવી. ઘણાં કીમતી વસ્ત્રો, આભૂષણો અને પાઘડીઓ થી શોભતા ગોપો હાથમાં જાતજાતની ભેટો લઈ ધરવા આવ્યા. યશોદાને ત્યાં પુત્ર જુમ્યાનું સાંભળી ગોપીઓ આનન્દ પામી અને તેમણે પોતાના આત્માને વસ્ત્રો, આભુષણો, અઞ્જન વિગેરેથી શણગાર્યો. મુખકમલથી શોભતી, મોટા નિતંબવાળી, કંપતા સ્તનોવાળી તેઓ પૂજાના સાધનો લઈ તરત નન્દજીને ઘેર ગઈ. ત્યાં જતાં તેમણે ઘણાં ઉજળાં મણિવાળાં કુંડલો, કંઠમાં સુવર્ણના હાર, બંગડીઓ અને ભાતભાતનાં વસ્ત્રો પહેર્યાં હતાં. તેમના અંબોડામાંથી ખરી પડતાં ફૂલોની માર્ગમાં વૃષ્ટિ થતિ હતી. તેમના કુંડલો, સ્તનો અને હાર ઝુલ્યા કરતાં હતાં. નન્દજીને ઘેર તેઓએ ''ઘણાં સમય સુધી રક્ષણ કરો'' એવી બાળકને આશિષો આપી અને હળદર, ચુનો, તેલ અને પાણી ભેગાં કરી છાંટતા ભગવાનનું કીર્તન

કર્યું. નન્દજીને ઘેર આ ઉત્સવમાં ઘણાં વિચિત્ર વાજીંત્રો વાગ્યાં. ગોપોએ આનન્દ પામી એક-બીજા ઉપર દહીં, દૂધ, ઘી અને જલ નાંખ્યા અને માખણ ફેંક્યું. ઉદાર નન્દજીએ તેમને તથા સૂત માગધ બંદિજનો વિગેરેને વસ્ત્રો, અલંકારો અને ગાયો આપ્યાં. વિષ્ણુની આરાધના કરવા અને પોતાના પુત્રની ઉન્નતિ થાય તે માટે બીજાઓની યથાયોગ્ય પૂજા કરી.

આ ઉત્સવમાં ઘણાં ભાગ્યવાળી રોહિણી પણ દિવ્ય વસ્ત્રો, માલાઓ અને કંઠમાં આભૂષણો પહેરી નિર્ભય થઈ સર્વત્ર ફરતી હતી. આ ભગવાનનાં પ્રાક્ટયથી આરંભી નન્દના વ્રજમાં ઘણી સમૃદ્ધિ થઈ અને હરિના નિવાસ પરમાનન્દરૂપ દેહ અને ઐશ્વર્ય વિગેરે ગુણોને લીધે તે લક્ષ્મીનું રમણધામ થઈ રહ્યું.

**નન્દ-વસુદેવ સમાગમઃ**

એ પ્રમાણે નન્દમહોત્સવ થયો. નન્દ વિગેરે ગોપો કંસને દર વર્ષે કર આપતા હતા. એ કર આપવાનું ઘણું જરૂરી કાર્ય પણ પડતું મૂકી નન્દજીએ મહોત્સવ કર્યો. ભગવાનમાં તેમની આસક્તિ એથી જણાય છે. ઉત્સવ થઈ ગયા પછી કર ભરવાનું જરૂરી કામ કરવા તેઓ મથુરા ગયા અથવા ભગવાન માટે ઉત્તમ વસ્તુઓ લાવવા મથુરા ગયા. વળી મથુરામાં વસુદેવ અને દેવકી ને પણ મનમાં સંદેહ હતો કે વસુદેવ ભગવાનને ગોકુલ પધરાવી ગયા તે વૃતાંત બીજાઓ જાણે છે કે નહિ તેથી નન્દજી સાથે વાતચિત કરી, તે વૃતાંત બીજું કોઈ જાણતું નથી એમ વસુદેવ જાણે અને તેથી તેમની ચિન્તા દૂર થાય એવા હેતુથી, ઉત્સવ પછી તરત નન્દજી મથુરા જાય તેવી ભગવાને ગોઠવણ કરી. ગોપોને ગોકુલનું રક્ષણ કરવા રાખી કંસનો વાર્ષિક કર આપવા નન્દજી મથુરા ગયા. નન્દજી મથુરા આવ્યા છે અને તેમણે રાજાને કર આપ્યો છે એમ જાણી વસુદેવ તેમના ઉતારે ગયા. તેમને જોઈ પ્રસન્ન થઈ જેમ પ્રાણ આવતાં દેહ એકદમ ઉભો થાય તેમ નન્દજી એકદમ ઉભા થયા એટલે વસુદેવમાં રહેલ તેજ, જ્ઞાન અને સર્વ સદ્‌ગુણો અને વસુદેવનું આધિદૈવિક રૂપ નન્દજીમાં આવ્યાં. પછી નન્દજી તેમને ભેટ્યા અને તેમની પૂજા કરી. વસુદેવે આરોગ્ય પૂછી નન્દજીને કહ્યુંઃ ''હે ભાઈ! વૃદ્ધ પ્રજારહિત અને જેમને પ્રજા થવાની આશા ન હતી તેવા તમને હમણાં પ્રજા પ્રાપ્ત થઈ એ મોટું ભાગ્ય છે. નદીના વહેણથી ઢસડાતા મછવાઓ જેમે, મિત્રોનો પ્રિય સાથે વાસ સમ્ભવતો નથી. સંસારચક્રમાં રહેતાં તમે આજે મળ્યા તે મારૂં મોટું ભાગ્ય. તમે જે બૃહદ્ વનમાં હાલ રહો છો તે પશુઓનું હિતકારી, રોગ વિનાનું અને જલ ઘાસ તથા વેલાઓ વાળું છે ને? તમને તાત માનતો અને તમો તથા યશોદા થી લાડ લડાવાતો પોતાની માતા સાથે વ્રજમાં રહેતો મારો દીકરો કુશળ છે ને?'' અહીં વસુદેવે આ પ્રશ્ન ભગવાન સમ્બન્ધી પૂછ્યો છે. રોહિણી પણ વસુદેવની પત્ની હોઈ ભગવાનનાં માતા છે. ભગવાન હોય ત્યાં રોગ વિગેરે હોય જ નહિ, તેથી વન સમ્બન્ધી પ્રશ્ન પણ એવા જ હેતુથી પૂછ્યો છે. નન્દજીની પ્રજા સમ્બન્ધી પ્રશ્ન પૂછ્યો, એમાં 'પ્રજા' શબ્દથી વસુદેવે માયા કહી, અને નન્દજી ભગવાન માને તેમ પ્રશ્ન પૂછ્યો. અને દીકરા સમ્બન્ધી પ્રશ્ન

પૂછ્યો તે વસુદેવે ભગવાન સમ્બન્ધી પૂછેલ, અને નન્દજી બલભદ્ર માને તેમ પૂછેલ.

નન્દજી ઉત્તર આપે છે કેઃ ''કંસે દેવકીજીથી થયેલ તમારા ઘણા પુત્રોને હણ્યા. એક પાછળથી જન્મેલી કન્યા બાકી રહી તે પણ આકાશમાં જતી રહી તેથી આવા વિષયમાં સર્વ અદૃષ્ટને જ આધીન છે એમ જે જાણે તે મોહ પામતો નથી''. આ ઉત્તર થી વસુદેવે જાણ્યું કે તેઓ પુત્રને મૂકી કન્યા નન્દજીને ઘેરથી લઈ આવ્યો તે નન્દજી પણ જાણતા નથી. નન્દજીએ તો વસુદેવનો શોક દૂર થાય તે માટે તેમને કર્મનું તત્ત્વ જણાવેલ. પછી નન્દજીને ગોકુલ મોકલવા, તેમના મનમાં ભય ઉત્પન્ન થાય તે માટે વસુદેવે તેમને કહ્યું કેઃ ''રાજાનો કર તમે આપ્યો. અમને પણ મળ્યા. હવે તમારે અહિં વધારે રહેવું યોગ્ય નથી, કારણ કે ગોકુલમાં ઉત્પાતો છે.'' એ સાંભળીને તરતજ નન્દજી વિગેરે ગોપો તેમની રજા લઈ ગાડાં જોડી ગોકુલ ગયા. ત્યાર પછી નન્દજી ફરી કર ભરવા મથુરા આવ્યા નથી, અને કંસની દરકાર વિના સુખથી વ્રજમાંજ રહ્યા. આ વૃતાંત ભગવાનનું ઐશ્વર્ય જણાવે છે.

**''ગોકુલોત્સવમીશાનં ગોપ-ગોપી-ગવાં હિતમ્, જ્ઞાનતઃ કર્મતશ્ચૈવ તામસાનાં નમામ્યહમ્''**. ગોકુલના ઉત્સવરૂપ, વશ રાખનાર, જ્ઞાનથી અને કર્મથી પણ ગોપ-ગોપીઓ અને ગાયો એ તામસોના હિતકારી ભગવાનને હું નમન કરું છું.

**પૂતનાવધઃ**

મથુરાથી ગોકુલ આવતાં નન્દજી વિચાર કરતા હતા કે વસુદેવનું વચન ખોટું ન હોય. તેથી તેમને ભય થયો કે ઉત્પાત જરૂર થશે. તેથી તે ભગવાનને શરણ ગયા.

ગયા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે રાક્ષસોને કંસે બાળકોને હણવા મોકલેલા. તે પૈકીની પૂતના બાળકોને હણતી શહેરો, ગામડાઓ, નેસડાઓ વિગેરેમાં ફરતી હતી. કારણ કે લોકો જ્યાં રાક્ષસોને હણનાર વૈષ્ણવોના પતિનાં શ્રવણ-કીર્તન વિગેરે કરતા નથી ત્યાં રાક્ષસીઓ આવે છે. ત્યાં રાક્ષસો હોવાથી રાક્ષસીઓ આવે એ સ્વભાવિક છે, કારણ કે જ્યાં પતિ હાજર હોય ત્યાં સ્ત્રીઓની ગતિને રોકનાર કોઈ હોતું નથી. ભગવાન તો સર્વત્ર રહેલા છે, અને પોતાનાં પ્રાકટ્ય માટે તેમણે ભક્તિમાર્ગને ખાસ કારણરૂપ કરેલ છે. તેથી વૈષ્ણવોના પતિ એવા ભગવાનનાં શ્રવણ-કીર્તન વિગેરે રાક્ષસોને હણનારા છે અને તે જ્યાં થતાં હોય ત્યાં રાક્ષસીઓ જઈ શકતી નથી. જ્યાં તેવા શ્રવણ વિગેરે થતાં ન હતાં ત્યાં જઈ બાળકોને તે હણતી હતી. વસુદેવ જ્યારે નન્દજીને ગોકુલ જવા કહેતા હતા તે જ સમયે આશ્લેષા નક્ષત્ર, વિષ ઘટિકા અને મૃત્યુયોગ માં પૂતના ગોકુલ આવી. તે સમયે નન્દજી મથુરા હતા અને ગાયો ચરવા ગયેલી. તે બેમાંથી કોઈ ગોકુળમાં હોત તો પૂતના ત્યાં આવી શકત નહિ. તેણે ગોકુળ સમીપ આવીને આસુરી માયાથી સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. તેના અંબોડામાં મોગરાનાં ફુલ ખોસ્યાં. મોટા નિતંબ, મોટાં સ્તનો અને સાંકડી કેડ વાળી સુન્દરી બની સારા વસ્ત્રો પહેર્યાં. કાનના ઝુલતા આભુષણોના તેજથી પ્રકાશતા કેશથી તેનું મુખ શોભતું હતું. મનોહર કટાક્ષોથી તે વ્રજવાસીઓનાં મનને હરતી હતી. તેના હાથમાં કમળ રાખેલ હતું, તેથી ગોપીઓએ તો પૂતનાને પોતાના પતિ એવા ભગવાનનાં

દર્શન કરવા આવેલી લક્ષ્મી જ માની લીધી. બાળકોને શોધતી તે ભગવાનની ઈચ્છાથી ગોકુલમાં કોઈ પણ બાલકને હણતા પહેલાં નન્દજીને ઘેર જ આવી. કારણ કે ભગવાન ગોકુલનાં બાળકોનું રક્ષણ કરતા હતા.

ત્યાં નન્દજીને ઘેર તેણે દુષ્ટોનો સંહાર કરનાર, ઢંકાયેલ તેજવાળા, રાખમાં ભારેલા અગ્નિ જેવા બાળકને પથારીમાં જોયો. ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ સદા અતિરોહિત (પ્રકટ) રહે છે. તેથી પૂતના તેમની પાસે જઈ શકે નહિ. પરંતુ ભગવાન પથારીમાં હોવાથી અને પથારીમાં સૂતેલ બાળક ક્રિયા વિનાનો હોવાથી, તેમની ક્રિયાશક્તિએ પૂતનાને તેમની પાસે જતાં રોકી નહિ. ભગવાને પૂતનાને બાળકનો સંહાર કરનારી જાણીને પોતાનાં ચક્ષુઓ બંધ કર્યાં, તેથી તેમની જ્ઞાનશક્તિએ પણ તેને રોકી નહિ. સૂતેલા સર્પને દોરડું માની અજ્ઞાની પુરુષ જેમ ઉપાડે તેમ પૂતનાએ ભગવાનને ઉપાડી ખોળામાં લીધા. ભગવાનની સમીપ માયાનો લય થાય છે. તેથી પૂતનાના ગુણો પ્રકટ થવા લાગ્યા. મ્યાનજ જેનું ઢાંકણ છે તેવી તલવારની જેમે તીક્ષ્ણ ચીત્તવાળી અને વિરુદ્ધ ચેષ્ટાવાળી તે જણાઈ. તેની પ્રભાથી માતાઓ તેને જોતી-જોતી ઉભી રહી ગયી, પરંતુ તેમણે પણ તેને રોકી નહિ. કારણ કે રાક્ષસભાવ મનુષ્યભાવને દાબી દેનારો છે. એ પ્રમાણે કોઈએ રોકી નહિ તેથી પૂતનાએ ભગવાનને પચી ન શકે તેવા વીર્યના ધાવણવાળું ક્રૂર સ્તન આપ્યું. ભગવાનની પીઠનો ભાગ સાથળોથી પકડી પોતાના જમણા હાથથી સ્તનને દબાવતાં, ડાબા હાથથી ભગવાનના શરીરને ઉચું કરી તેણે તેમને ધવડાવવા માંડ્યા. ભગવાન કલેશ વિના કર્મ કરનાર છે તેથી પોતાની મેળે કોઈને હણતા નથી, પરંતુ પૂતનાએ જ તેમને પકડી તેમની વિરુદ્ધ વર્તન કર્યું. ભગવાને બે હાથથી તેના સ્તનને સારી રીતે દબાવ્યું. જેમ તેણે આગ્રહથી ધવડાવવા પ્રયત્ન કર્યો તેમ ભગવાને તેને શિક્ષા કરવાની જરૂર હોવાથી ''આ ધવડાવ્યા વિના ભાગી જશે'' એમ વિચારી તે પ્રમાણે તે ભાગી ન જાય તે માટે બે હાથથી સ્તનને સારી રીતે દબાવીને તેના પ્રાણ સાથે પીવા માંડ્યું. તેથી તેને સર્વ મર્મસ્થાનમાં પીડા થવા માંડી, એટલે ''મૂકી દે, મૂકી દે, બસ કર'' એમ બોલતાં તેણે આંખો ફાડી હાથ-પગ પછાડ્યા અને ગાત્રોમાં પરસેવો થતાં રુદન કરવા માંડ્યું. તેના રુદનના અવાજથી પર્વતોસાથે પૃથ્વી અને ગ્રહો સાથે આકાશ, રસાતલો અને દિશાઓ કંપી ઉઠ્યા. બ્રહ્માંડ જેનો દેહ છે તેવા પુરુષને પણ કંપ થયો, કારણ કે અવતારોના વીર્ય કરતાં પણ પુરુષોત્તમનું વીર્ય વધારે છે. રસાતલ અને દિશાઓમાં તે અવાજના પડઘા થયા અને વજ્ર પડવાના ભયથી માણસો પૃથ્વી ઉપર પડી ગયા. આમ સ્તનમાં પીડા થવાથી મુખ ખુલ્લું કરી, કેશ ચરણ અને ભુજાઓ પ્રસારી, પોતાનું સત્ય રાક્ષસી રૂપ ધારણ કરી, પ્રાણરહિત થઈ પૂતના નેસડામાં વજ્રથી હણાએલા વૃત્રની જેમે પડી.

**''અવિદ્યા પૂતના નષ્ટા ગન્ધમાત્રાવશેષિતા, અતઃપરં નિરોધસ્તુ ગોકુલે સુગમો ભવેત્, પ્રપઞ્ચવિસ્મૃતિઃ સા હિ કૃષ્ણાસક્તિસમન્વિતા''**. અવિદ્યારૂપ પૂતના નાશ પામી, માત્ર તેની ગંધ રહી. હવે તો ગોકુલમાં નિરોધ સહેલાઈથી થશે, કારણ કે શ્રીકૃષ્ણમાં

આસક્તિ સાથે પ્રપઞ્ચનું વિસ્મરણ એ નિરોધ.

પૂતનાના દેહે પડતાં-પડતાં છ ગાઉની અંદરના વૃક્ષો ભાંગી નાખ્યા. તેના ભયંકર મડદાનાં મુખમાં હળના જેવા ભયંકર દાંત હતા, તેનું નાક પર્વતતની ગુફા જેવું હતું, સ્તનો મોટા ખડકો જેવા હતા, વાળ વીંખરાએલા લાલ હતા, આંખો આંધડા કૂવા જેવી ઊંડી હતી, કૂલા નદીના કિનારા જેવા હતા, હાથ-પગ અને સાથળો બાંધેલા પૂલ જેવા હતા અને પેટ પાણી વિનાના ધરા જેવું હતું. ગોપો અને ગોપીઓ ના હ્રદય કાન અને માથાં તેના પડવાનો અવાજ સાંભળી ફાટી ગયાં હતાં, હવે તેના મડદાને જોઈ તેઓ ઘણો ભય પામ્યા. બાળક શ્રીકૃષ્ણ તો તેની છાતી ઉપર નિર્ભય બની ક્રીડા કરતા હતા. ગોપો કરતાં ગોપીઓનો શ્રીકૃષ્ણમાં પ્રેમ અને સાહસ અધિક હોવાથી તેમણે ઝડપથી સમીપ આવી શ્રીકૃષ્ણને ઉપાડી લીધા. આટલી મોટી પૂતનાને હણવામાટે પણ શ્રીકૃષ્ણે પોતાનું સ્વરૂપ તેટલુંજ રાખેલું એટલે તે તો બાળકજ રહેલા. એ પ્રમાણે શ્રીકૃષ્ણે પોતાની વય અને સાધન થી વિરૂદ્ધ કાર્ય કરી પૂતનાને હણી, એ તેમનું ચરિત્ર ધણુંજ અલૌકિક છે.

પછી ગોપીઓએ યશોદા અને રોહિણી સાથે મળી ગાયનું પૂંછડું ફેરવવું વિગેરે ઉપાયોથી શ્રીકૃષ્ણની રક્ષા કરી. ગોમૂત્રથી અને ફરી ગોરજથી સ્નાન કરાવી, છાણ સહિત ગોરજથી તેમના બાર અનોમાં ભગવાનના નામોથી રક્ષા કરી. એ પ્રમાણે પ્રણયથી બંધાયેલી ગોપીઓએ રક્ષણ કરેલા પુત્રને માતાએ ધવડાવી પોઢાડ્યા, એટલામાં નન્દ વિગેરે ગોપો મથુરાથી વ્રજમાં આવ્યા અને પૂતનાનું મડદું જોઈ ઘણો વિસ્મય પામ્યા. નન્દજીએ વિચાર્યું કે જરૂર વસુદેવ ઋષિ અથવા યોગેશ થયા છે, કારણ કે તેમણે કહેલ તે જ ઉત્પાત ખરેખર થયો. વ્રજવાસીઓએ પૂતનાના મડદાને કુહાડાઓથી કાપી, કટકા દૂર નાખી, તે મડદાનાં પડવાથી જે ઝાડો ભાંગી ગયેલાં તેના લાકડાંથી ઢાંકી દઈ બાળ્યું. શ્રીકૃષ્ણે તેના ધાવણનો ભોગ કરેલ તેજ સમયે તેના સર્વ પાપોનો નાશ થયેલ. તેથી તે મડદાનો ધૂમાડો અગરના જેવી સુગંધીવાળો ઊંચે ચઢ્યો, એટલે પૂતનાનો મોક્ષ થયો એમ જણાયું.

ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય રોહિણી નક્ષત્રમાં થયેલ અને પૂતનાને તેમણે આશ્લેષા નક્ષત્રમાં હણી. રોહિણીથી આશ્લેષા નક્ષત્ર છઠું છે. ચંદ્રના નક્ષત્ર દરરોજ બદલાય છે. તેથી શ્રીકૃષ્ણે પૂતનાને હણી ત્યારે તેમની વય માત્ર છ દિવસની જ હતી. જ્યાં કાર્ય થાય ત્યાં તેનું સાધન અવશ્ય હોવું જોઈએ, પરંતુ જ્યાં સાધન વિનાજ કાર્ય થાય, જે સાધન વિનાજ કાર્ય કરે તે પરબ્રહ્મનું સ્વરૂપ જ છે એમ જાણવું કારણ કે તે પરબ્રહ્મ સર્વ થવાની શક્તિવાળું છે. વળી આ પૂતના ઘણી પાપી ઉલૂકિકા એટલે ઘૂવડી હતી. ઘૂવડની પત્ની અથવા ઘૂવડની દિકરી અથવા ઘૂવડી જ હતી. ઘૂવડી સન્માર્ગથી વિમુખ અને વિરૂદ્ધ વર્તન કરનારી હોય છે. તેથી પ્રમાણબલથી તેની મુક્તિ થઈ શકે જ નહિ. તેના જીવને શ્રીકૃષ્ણે હર્યો એટલે પોતાની અંદર સમાવ્યો. કારણ કે જે હરવામાં આવે છે તે પોતાની અંદર સમાવવમાં આવે છે. આમ પરબ્રહ્મમાં સમાવેશ થવો એ જ મુક્તિ. પ્રમાણ બલથી તો

ઉપર કહ્યું તેમ તેની મુક્તિ સમ્ભવતી જ નથી. તેથી પ્રમેયબલથી તેની મુક્તિ થઈ એમ માનવું જોઈએ. શુદ્ધ પરબ્રહ્મ પ્રમેય છે. શુદ્ધ પરબ્રહ્મથી કોઈ પણ અંશે જે ઓછું હોય તે પ્રમેય નથી. તેનાથી જે કોઈ પણ અંશે ન્યૂન હોય તે મુક્તિ આપી શકે એમ સમ્ભવતું નથી. તેથી સાધન વિનાજ શ્રીકૃષ્ણે પૂતનાને હણી અને તેને મુક્તિ આપી, તેથી શ્રીકૃષ્ણ સાક્ષાત્ પુરુષોત્તમ છે. (જુઓ ૨।૭।૨૭ ઉપરનાં શ્રીસુબોધિની)

પૂતનનાના મડદાના ધૂમાડાની સુગંધ લઈને ''આ શું છે? ક્યાંથી આવે છે?'' એમ બોલતા વૃજવાસીઓ ત્યાં આવ્યા. આથી એમ જણાય છે કે બધાએ વૃજવાસીઓને પ્રપઞ્ચનું વિસ્મરણ થયું, અને તેઓની અંદર ભગવાને પ્રવેશ કરેલો છે. તેથી તેમની અંદર રહેલો પ્રપઞ્ચ દૂર થશે. પ્રપઞ્ચ તામસ છે અને પૂતના પણ તામસ હતી. તેથી પૂતનાના મડદાની ગંધ પ્રપઞ્ચનો નાશ કરે તે યોગ્ય છે. ત્યાં ગોપોએ તેમને પૂતનાનું આવવું, મરણ પામવું અને બાલક કુશલ રહ્યા એ વૃતાંત કહ્યું, તે સાંભળી તેઓ વિસ્મય પામ્યા. મથુરા જઈ આવેલ નન્દજીએ પોતાના પુત્રને લઈ, તેમનું મસ્તક સૂંઘી ઘણોજ આનન્દ પ્રાપ્ત કર્યો. જે બાલસ્વરૂપ શ્રીકૃષ્ણનું આ પૂતનાના મોક્ષરૂપ અદ્‌ભૂત ચરિત્ર શ્રદ્ધાથી સાંભળી સત્ય માને છે તે ગોવિંદમાં ભક્તિ પ્રાપ્ત કરે છે.

**શકટ ભંગ:**

શ્રીકૃષ્ણના ચોથા મહિનામાં તેમને ઘરની બહાર લઈ જવાનો (નિષ્ક્રમણ) સંસ્કાર ઉત્સવથી કરવામાં આવ્યો. તે દિવસે પણ રોહિણી નક્ષત્ર હતું. ભેગી થયેલી સ્ત્રીઓની મધ્યે, બ્રાહ્મણોએ કરેલા મંત્રોના ઉચ્ચારો સાથે યશોદાએ શ્રીકૃષ્ણને અભિષેચન કર્યું. તે સમયે વાજીંત્રો વાગતા હતાં અને સ્ત્રી-પુરુષો ગીત ગાતાં હતાં. વિપ્રોને અન્ન, ઘી, વસ્ત્ર, માલા જોઈતા પદાર્થો અને ગાયો આપવામાં આવ્યા. બ્રાહ્મણોએ સ્નાન વિગેરે કરી શ્રીકૃષ્ણને રક્ષાબંધન વિગેરે કર્યુ. પછી શ્રીકૃષ્ણને નિદ્રાભરાતાં યશોદાએ ધીરેથી તેમને શકટ(ગાડાં) નીચે પોઢાડ્યા. પછી યશોદા ઉત્સવના કર્મમાં રોકાયા. ઉત્સવમાં આવેલા પુરુષોને સત્કાર કરવામાં પડ્યા. અને તેથી તેમનામાં ભગવાનનો સમ્બન્ધ ગૌણ થતાં, પ્રવાહનું બળ વધવા માંડ્યું. લૌકિક વ્યવહાર માટે આવેલા સર્વ વ્રજવાસીઓનો સત્કાર કરવામાં તેઓ તલ્લીન થયા તેથી લૌકિક રીતે જ તેમને પ્રપઞ્ચનું વિસ્મરણ કરાવી પોતામાં આસક્તિ કરાવવા શ્રીકૃષ્ણે રડવા માંડ્યું. ભગવાને એવી રીતે ચેતાવવા છતાં યશોદાએ તેમનું રુદન સાંભળ્યું નહીં. તેથી ભગવાને સ્તનની ઈચ્છા કરી અને બાલકોની જેમે પોતાના ચરણો ઊંચા કર્યા. બાલ ભગવાનના કુંણા પાંદડાથી પણ કુમળા ચરણથી અથડાએલું ગાડું ઊંધુ પડ્યું. તેની અંદરના ઘી, મધ, દહીં, માખણ વિગેરે રસ ભરેલાં ચામડાના પાત્રો ભાંગી ગયા. તેના પૈડાં અને ધરો વિખરાઈ ગયાં અને ઊંધ(અડા અને માંચડાને જોડતો ગાડાનો ભાગ) તૂટી ગઈ. સંસારના કાલરૂપી બે પૈડાં અને તે બંનેને પકડી રાખનાર અહંકારરૂપ ધરો ભક્તિના એક ભાગરૂપ ભગવાનના ચરણથી વિખરાઈ ગયાં.

ભગવાને પ્રથમ રુદન કર્યું ન હોત અને માત્ર ક્રિયા જ કરી હોત એટલે માત્ર ચરણ

ઊંચો કરી ગાડું ભાંગી નાખ્યું હોત તો, ભગવાને ગાડું ભાંગવા શ્રમ કર્યો એટલે કલેશથી કર્મ કર્યું એમ બધા માનત. પરંતુ રુદન કરવા છતાં માતાના ન આવવાથી સાધારણ બાળકો એવા પ્રસંગે પગ ઊંચા કરી ઘસે તેમ ચરણ ઊંચા કરવાથી ગાડાનો ભન ગૌણ થયો. તેથી ગાડું ભાંગવાનું કાર્ય શ્રમવિના થયું. વળી પૂતનાના પ્રાણ ભગવાને ચૂસી લીધેલા તે સમયે પૂતનાએ ભક્ષણ કરેલા બાળકો પણ ભગવાને પોતાની અંદર આણેલા. તે બાળકોને અન્ન પ્રાપ્ત થાય તે માટે ભગવાને સ્તન એટલે ધાવણની ઈચ્છા કરેલી. તે બાળકોના દોષ તો ભગવાને પૂતના ઉપર ક્રોધ કર્યો તેથીજ નાશ પામેલા. તેઓ પોતાની સમાન થાય અને પોતાની ભોગ્ય ગોપિકાઓનાં દર્શન થઈ શકે તેવા દોષરહિત થાય તે માટે, અને તે ગોપિકાઓમાં તેઓનો પ્રવેશ કરાવવા અને તેઓને જ્ઞાનનો ઉપદેશ આપવા, ભગવાન પ્રથમ તેમને પોતાનું સર્વથા દોષરહિત ધાવણ આપે છે. તેઓ બહુ પીડાયેલા હોવાથીજ ભગવાને સ્તનની ઈચ્છા કરેલી.

શ્રીકૃષ્ણે જ્યારે ચરણથી ગાડું ઊંધું નાખ્યું ત્યારે તેમને ચોથો માસ ચાલતો હતો. એટલે તેમનું વય માત્ર ત્રણ માસનું હતું. વળી કુણાં પાંદડાંથી પણ કુમળા ચરણથી એટલે સાધન વિના તેને ઊંધું નાખેલ તેથી શ્રીકૃષ્ણ પૂર્ણ ક્રિયાશક્તિવાળા અને પરબ્રહ્મ છે એમ આ પ્રસંગ જણાવે છે.

ગાડું ઊંધું પડેલું જોઈને યશોદાજી, ઉત્સવ માટે આવેલી વ્રજની સ્ત્રીઓ, નન્દજી વિગેરે વિચારવા લાગ્યા કે ગાડું પોતાની મેળે કેમ ઊંધું પડ્યું? બાળકોએ તેમને કહ્યું કે શ્રીકૃષ્ણે રડતાં ગાડાને ચરણથી ફેંકી દીધું છે; પરંતુ શ્રીકૃષ્ણનું અમાપ બળ તેઓ જાણતા નહિ હોવાથી, તેઓએ બાળકોના વચનપર વિશ્વાસ રાખ્યો નહિ. વિપ્રો પાસે પુત્રની રક્ષા બંધાવી, યશોદાજીએ રડતા બાળકને લઈ સ્તનપાન કરાવ્યું. બળવાન ગોપોએ પૈડાં, ઊંધ વિગેરે સાથે ગાડાને પહેલાની જેમે ગોઠવ્યું. વિપ્રોએ હોમ કરી દહીં અક્ષત અને કુશવાળા જલથી તેની પૂજા કરી. ઉત્તમ બ્રાહ્મણોએ વેદના મંત્રોથી તૈયાર કરેલા પવિત્ર ઓષધિવાળાં જલથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો. નન્દજીએ અગ્નિમાં હોમ કરી તેમને જમાડયા અને તેમને વસ્ત્રો, માળાઓ અને સુવર્ણની માળાવાળી ઉત્તમ ગુણોવાળી ગાયો આપી. બ્રાહ્મણોએ કદાપિ નિષ્ફળ ન થાય તેવી આશિષો આપી. ગાડાને ઊંધું ફેંકી દેવારૂપ ભગવાનનું આ ચરિત્ર યશોદાજી અને નન્દજી ની ભગવાનમાં આસક્તિ ઉત્પન્ન કરનારું છે.

**તૃણાવર્તવધઃ**

હવે તૃણાવર્તના વધરૂપ ચરિત્ર કહેવામાં આવે છે. આ ચરિત્ર આશ્ચર્ય રૂપ છે, અને તે શ્રવણ કરવાથી ભગવાનના ચરિત્ર સાંભળવામાં અણગમો હોય તે દૂર થાય છે.

શ્રીકૃષ્ણે પૂતનાનો વધ કર્યો ત્યારથી કંસે જાણ્યું કે જગતે વંદન કરવા યોગ્ય હરિ જે મને હણનાર છે તે ગોકુળમાં છે. કંસે તેમને મથુરા લાવવા તૃણાવર્તને મોકલ્યો. કારણ કે સર્વ કાર્ય કરવામાં ચતુર અને ઘણો બળવાન તૃણાવર્ત, બક અને કેશી એ ત્રણ દૈત્યો તેની પાસે હતા, તેઓમાં પણ તૃણાવર્ત સર્વથી મોટો ગણાતો. આખા વિશ્વને તે

તણખલાંઓની જેમે ભમાવતો, તેથી તેને તૃણાવર્ત (તૃણ=તરખલું+આવર્ત=ભમાવવું તે) કહેતા. તેથી કંસે પહેલા તેને મોકલ્યો.

એક સમયે યશોદા જ્યારે ખોળામાં બેઠેલા શ્રીકૃષ્ણના કેશ પ્રસારતાં તેમના મુખનું ચુંબન વિગેરે કરીને તેમનું લાલન કરતા હતા ત્યારે તૃણાવર્ત તેમને લઈ જવા મથુરાથી નીકળ્યો. ભગવાન શ્રીકૃષ્ણ સર્વજ્ઞ છે, તેથી તૃણાવર્ત પોતાને લઈ જવા મથુરાથી નીકળ્યો છે એ જાણીને, ભારે પદાર્થને તે લઈ જઈ શકે નહીં તેથી પોતે યશોદાના ખોળામાં સ્તનપાન કરતાં જ ભારે થવા લાગ્યા. પર્વતોના સમૂહ જેવો ભાર બાળક શ્રીકૃષ્ણનો યશોદા સહન કરી શક્યા નહીં, ત્યારે વિસ્મય પામતાં ભારથી પીડાતાં તેમણે તેમને ભૂમિ ઊપર પધરાવ્યા. પુત્રના ભારે થવાનું કારણ નહીં જાણવાથી જગતના પતિ ભગવાનનું ધ્યાન ધરી ઘરનું કામ કરવા લાગ્યાં. એવામાં કંસે મોકલેલો તૃણાવર્ત દૈત્ય ચક્રવાત(વંટોળીઆ)નું સ્વરૂપ લઈને આવ્યો અને બાળક શ્રીકૃષ્ણ બેઠા હતા તેમને અદ્ધર આકાશમાં લઈ ગયો. તે સમયે આખા ગોકુલને તેણે અંધકારથી ઢાંકી દીધેલું, બધાની આંખો ધૂળથી ભરી દીધેલી, અને પોતાના ઘોર અવાજથી દશે દિશાઓને પૂરી દીધેલી. ધૂળને લીધે થયેલ અંધકારથી નેસડો એક મૂહર્ત સુધી છવાએલ રહ્યો. પછી શ્રીકૃષ્ણને જ્યાં પધરાવેલા ત્યાં યશોદાએ તેમને જોયા નહિ. ગોકુળના બધા લોકો તૃણાવર્તે ઉડાડેલ કાંકરીઓથી પીડાએલા અને ઘણો મોહ પામેલા હતા તેથી કોઈ પોતાને અથવા બીજાને જોઈ શકતું નહીં. એ પ્રમાણે સખત વંટોળીઆએ કરેલી ધૂળની વૃષ્ટિમાં યશોદાજીએ પુત્રનાં પગલાં જોયા નહીં. ધજા, વજ્ર, અપુશ અને કમળ નાં ચિહ્નવાળાં શ્રીકૃષ્ણનાં પગલાં પડેલી ભૂમિ નહીં જોવાથી યશોદાજીએ ઘણું રુદન કરવા માંડ્યું અને જેનું વાછડું ગુમ થઈ ગયું હોય તેવી ગાયની જેમે મૂર્ચ્છા પામી ભૂમિ ઉપર પડ્યાં. તેમનું રુદન સાંભળીને ઘણી મુંઝાએલ મતિવાળી, આંસુથી ભરેલ મુખવાળી ગોપીઓ પણ રડવા લાગી. થોડાં સમય પછી ધૂળની વૃષ્ટિનો વેગ શાંત થયો, તૃણાવર્તનો વેગ પણ શાંત થયો. તૃણાવર્તે વંટોળીઆમાં પોતાનું રૂપ ધારણ કર્યું પણ આકાશમાં ગયેલો તે ઘણો ભાર ઉપાડેલ હોવાથી શ્રીકૃષ્ણને લઈ જઈ શક્યો નહીં. તેના ઉપાસ્ય દેવતાના બળથી તે શ્રીકૃષ્ણને ઊંચે લઈ ગયો. પણ શ્રીગોકુલથી બીજા સ્થલે તે તેમને લઈ જઈ શક્યો નહીં. શ્રીકૃષ્ણ તે ઉપાડી ન શકે તેટલા ભારવાળા બની ગયા હોવાથી તેમને પથ્થર માની મૂકી દેવા લાગ્યો, પરંતુ શ્રીકૃષ્ણે તેને ગળેથી પકડેલો હોવાથી તે અદ્‌ભુત બાળકને તે મૂકી દઈ શક્યો પણ નહીં. ભગવાનની લીલા વિપરીત છે. ''હું ભગવાનને પ્રાપ્ત કરું'' એમ કહેતાં ભગવાન પ્રાપ્ત થતા નથી અને એક વાર પ્રાપ્ત થયા પછી ''હું તજી દઊં'' એમ કહેવાથી તજાતા પણ નથી. ઊંચા સ્થાનમાં બાળકને લઈ જવામાં આવે ત્યારે તે સ્વાભાવિક રીતે ગળે બાઝે છે તેવી રીતે બાળકનો સ્વભાવ જણાવતા હોય તેમ શ્રીકૃષ્ણ તૃણાવર્તના ગળે બાઝી પડ્યા. ગળું પકડાવાથી દૈત્ય ચેષ્ટા રહિત થયો. તેનાં લોચનો નીકળી ગયાં. તે અવાજ કરી શક્યો નહિ અને પ્રાણરહિત થઈ વ્રજમાં જ પડ્યો. કારણ કે શ્રીગોકુળનાં સર્વસ્વ ભગવાનને બીજે સ્થળે લઈ જવા કોઈ શક્તિવાળો નથી.

અન્તરિક્ષમાંથી તૃણાવર્ત શિલા ઊપર પડયો. જ્યાં નન્દજી સર્વ ગાયોને દોહવાનું કાર્ય કરતા તે દૈત્યોનો નાશ કરનારી બ્રહ્મપુત્રી જેવી શિલા ઉપર તે પડ્યો, અને રુદ્રનાં બાણથી વીંધાયેલા પુરની જેમે તેના સર્વ અવયવોના કટકે કટકા થઈ ગયા. શિલા ઉપર પડેલા તેને જોઈને સર્વ સ્ત્રીઓ એકઠી થઈ.

તૃણાવર્ત વંટોળીયો એટલે વાયુરૂપ પહેલાં થયેલો અને ભગવાન ઘણા ભારે થયેલા. વાયુ ઘણો હલકો હોય છે, તે નીચે પડી નાશ પામ્યો અને ભગવાન તો તેના ઉપરના ભાગ ઉપર, તેને સ્પર્શ કર્યા વિનાજ, તે બે પાંદડું અને પથ્થર હોય તેમ રહ્યા હતા. પથ્થર પડે ત્યારે તેના ઉપર રહેલું પાંદડું જેમ ધીરે-ધીરે નીચે આવે છે તેમ પાંદડાની જેમે ધીરે-ધીરે નીચે આવતા કુશલ શ્રીકૃષ્ણને ગોપીઓએ અધ્ધરથીજ લઈને માતા યશોદાને સોંપ્યા અને વિસ્મય પામી. ગોપીઓ અને નન્દજી વિગેરે ગોપો બાળકને પ્રાપ્ત કરી ઘણો આનન્દ પામ્યા. દોષરહિત તેઓ એક સ્થળે ભેગા થઈ વિચાર કરવા લાગ્યા કેઃ ''રાક્ષસ આ બાળકને દેખાય નહીં તેટલે દુર લઈ ગયેલો. તે બાળક પાછા પધાર્યા. હિંસા કરનારો રાક્ષસ પોતાના પાપે મૂઓ અને આ બાળક ભલા અને સમ હોવાથી ભયથી મુક્ત થયા. જો મૃત્યુને પાપરહિત પુરુષ ઉપર યોજવામાં આવે તો તે તેવા પુરુષને ગ્રહણ કર્યા વિના ફરીને પાછું આવે છે અને પોતાના આશ્રયને એટલે જેણે તેને પાપરહિત પુરુષ ઉપર યોજેલ તેને જ ગ્રહણ કરે છે. તેથી હિંસા કરનારની પોતાના પાપેજ હિંસા થાય છે. જેનામાં પાપ ન હોય તેવું બ્રહ્મ જ છે. તેના ઘણાં રૂપો હોય છે. તેમાં પણ જે રૂપ સમ એટલે સર્વને સમાન ગણનારું હોય છે તે સર્વ દોષ વિનાનું હોય છે. કારણ કે બ્રહ્મ સર્વ દોષ રહિત અને સમ છે. જે સાધુ હોય છે તે બધામાં સમદષ્ટિવાળો જ હોય છે. તેથી આ બાળક બધામાં સમદષ્ટિવાળો જ હોવો જોઈએ. ખરેખર! આપણે ઘણું તપ કરેલ, જેથી આ બાળક ફરીથી જ પોતાના બંધુઓને પ્રસિદ્ધ કરતા પાછા આવ્યા.''

બૃહદ્‌વનમાં આવા અદ્‌ભુત કર્મો વારંવાર જોઈને નન્દજીએ વસુદેવનું વચન ફરીથી સત્ય માન્યું અને વિસ્મય પામ્યા. આ પ્રમાણે ભગવાને તૃણાવર્તનો વધ કર્યો ત્યારે તેમનું વય એક વર્ષનું હતું.

**જૃમ્ભણલીલાઃ**

ભગવાને આરમ્ભમાં સ્વતંત્ર પૂતનાને મારી, પછી પરતંત્ર ગાડાને ભાંગી નાંખ્યું, પછી સર્વને મારનાર તૃણાવર્તનો વધ કર્યો, છતાં તેઓનો વિનાશ થવાનું કાંઈ કારણ દર્શાવેલું નહીં. બાળક શ્રીકૃષ્ણ આવા દૈત્યોને હણે એ ઘણું અસમ્ભવિત હોવાથી જ્યાં સુધી તે તેમને તેવા છે એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી તેમનામાં દઢ આસક્તિ થાય નહીં. તેથી તેવો અસમ્ભવ દૂર કરવા ભગવાન પોતાની અંદર તેવા અસમ્ભવને દૂર કરે તેવું સ્વરૂપ દર્શાવે છે. ભગવાનની અંદર રહેલા ધર્મોનું સારી રીતે જ્ઞાન થાય તે માટે ભક્તિની આવશ્યક્તા છે. તેથી એક સમય જ્યારે પરમ સૌભાગ્યવાળાં યશોદાજીને ઘરના કામની ચિંતા ન હતિ અને ભગવાનમાં તેમનું ચિત્ત પરોવાયેલું હતું ત્યારે કાલું-કાલું બોલતા, એક વર્ષથી અધિક

વયના શ્રીકૃષ્ણને–– તેઓ રમતા હતા ત્યાંથી બળથી ઉપાડી, પોતાના ખોળામાં બેસાડી, સર્વ આભરણોથી શણગારી ––ધવડાવવા માંડ્યાં. ભગવાનની અંદર રહેલા બાળકોને થોડી તૃપ્તિ થયેલી હોવાથી ભગવાન પોતે સ્તનપાન કરતા ન હતા. તેઓને ધાવણની જરૂર પણ હોવાથી યશોદાની પ્રેરણાથી ભગવાન સ્તનપાન કરતા હતા. બાળકોને વધારે પાન કરાવવાથી ઉપદ્રવ થાય, તેથી પાન કરાવનાર યશોદા પાન કરાવતાં અટકે તે માટે ભગવાને તેમને ભક્તિપરાયણ કરીને પોતાના ધર્મનું દર્શન કરાવ્યું. ''જેઓ મને જેવી રીતે ભજે છે તેઓને હું તેવીજ રીતે ભજું છું'' એ નિયમ પ્રમાણે ભક્તિથી નીકળેલા યશોદાના ધાવણને ગ્રહણ કરી, ભગવાન કૃપાથી પોતાનો ફલરૂપ ધર્મ જ્ઞાન તેમને પ્રાપ્ત કરાવે છે.

ભગવાને ધરાઈને ધાવણ પીધું નહીં, પરંતુ થોડું-ઘણું ધાવ્યા, યશોદા તેમના સુંદર સ્મિતવાળા મુખને લાડ કરાવવા લાગ્યા. તે સમયે ભગવાને બગાસું ખાતાં યશોદાજીએ તેમના મુખમાં આકાશ, સ્વર્ગ અને પૃથ્વી, જ્યોતિશ્ચક્ર, દિશાઓ, સૂર્ય-ચંદ્ર, અગ્નિ-વાયુ, સમુદ્રો-દ્વીપો, પર્વતો-નદીઓ, વનો, સ્થાવર-જનમ પ્રાણીઓ જોયાં. ભગવાને અહિં યશોદાને બ્રહ્માંડનું જ દર્શન કરાવેલું છે. તેમનો સારી રીતે અધિકાર થશે ત્યારે ભવિષ્યમાં બ્રહ્માંડની બહારના પદાર્થોનું પણ દર્શન કરાવશે. આ બધાં ભગવાનના આધારે રહેલાં છે એનું તો તેમને ભાન થયું નહીં પરંતુ ભગવાને બગાસું ખાધા પછી આ બધા પદાર્થોનું તેમના મુખમાં તેમને દર્શન થયું. યશોદાએ પહેલાં વિશ્વ વિશે સાંભળેલું, પરંતુ તે જોયેલું નહીં. હમણાં, એકાએક, ક્યાંય જોયા ગયા વિના જ તે જોયું, એટલે તેમનો તેવો અધિકાર નહીં હોવાથી આ સત્ય જગત્ જોવાથી તેમને કંપ થયો. મૃગના બચ્ચાનાં જેવાં તેમનાં સુંદર ચક્ષુઓ તેમણે બંધ કર્યાં અને બહુ વિસ્મય પામ્યાં. પહેલા તૃણાવર્ત આવ્યો હતો ત્યારે ભગવાન ભારે થયેલા તેવો તેમને અનુભવ થયેલ તે સમયે જેવા વિસ્મય પામેલા તે કરતાં પણ વધુ વિસ્મય તેઓ મુખમાં આખું વિશ્વ જોઈને પામ્યા.

પોતાની અંદર ભગવાને યશોદાને સર્વ જગત્ દેખાડ્યું એવું ભગવાનનું આ ચરિત્ર સાંભળવાથી સંસારમાંની સર્વ તૃષ્ણા જતી રહે છે. ''**સ્વાસક્ત્યર્થં શકટભિત્ તૃણાવર્તવિનાશકઃ, સામર્થ્યજ્ઞાપનાર્થાય વિશ્વાધારઃ પ્રસીદતુ**''. પોતામાં આસક્તિ ઉત્પન્ન કરાવવા માટે ગાડાને ભાંગી નાખનાર, તૃણાવર્તનો નાશ કરનાર અને પોતાનું સામર્થ્ય જણાવવા માટે વિશ્વના આધાર થયેલા શ્રીકૃષ્ણ પ્રસન્ન થાઓ.

સર્વનું મૂળ સત્ત્વ છે. 'સત્ત્વ' એટલે અન્તઃકરણ અથવા 'સત્ત્વ' એટલે દેહ ઈન્દ્રિય પ્રાણ અન્તઃકરણ અને આત્મા નો સમૂહ. સત્ત્વ સર્વનું મૂળ હોવાથી હવે સત્ત્વને શુદ્ધ કરનારાં ભગવાન શ્રીકૃષ્ણનાં ચરિત્રો કહેવામાં આવે છે. નામ, રૂપ, જ્ઞાન, ભક્તિ અને ભાગ્ય એ પાંચ સત્ત્વને શુદ્ધ કરનારાં છે.

**નામકરણઃ**

સંસ્કાર કરેલા નામ જ સત્ત્વને શુદ્ધ કરે છે. તેથી આરમ્ભમાં નામકરણ સંસ્કાર જણાવવામાં આવે છે. ભગવાન વસુદેવના પુત્ર હોવાથી વસુદેવે પોતાના એટલે યાદવોના

પુરોહિત મોટા તપસ્વી ગર્ગને ભગવાન તથા બલભદ્ર ના નામકરણ સંસ્કાર કરવા નન્દજીના વ્રજમાં મોકલ્યા. પિતાની આજ્ઞા વિના પુત્રનો સંસ્કાર કરાવવો ન જોઈએ. તેથી વસુદેવે મોકલ્યા ત્યારે ગર્ગ તે કાર્ય કરવા વ્રજમાં આવ્યા. નન્દજી તેમને જોઈ ઘણા પ્રસન્ન થઈ ઉભા થઈ બે હાથ જોડી પ્રણિપાત કરી તેમની પૂજા કરી. તેમનો થાક ઉતર્યો અને તેમને ભોજન કરાવ્યું. ત્યાર પછી ગદ્‌ગદ વાણીથી સ્તુતિ કરી તેમને પ્રસન્ન કરીને નન્દજીએ કહ્યું:

''હે બ્રહ્મન્! આપ પૂર્ણનું અમે શું કાર્ય કરીએ? મોટા પુરુષોને પોતાનું કાંઈ કાર્ય નહીં હોવાથી તેઓ પોતે ક્યાંય જતા નથી. જો ક્યાંય જાય તો બીજા ઉપર ઉપકાર કરવા જ જાય છે. તેથી જેઓને ઘેર જાય છે તેઓનું કાર્ય પાર પાડે છે. તેમ ન હોય તો ઘરમાં આસક્તિવાળા બંધાયેલા અને દુઃખથી પીડાતા દીન ચિત્તવાળાને ઘેર તેઓ ન જાય. તેથી આવાને ઘેર તેઓનું દુઃખ દૂર કરવા અને તેઓને પરમાનન્દ પ્રાપ્ત કરાવવા જાય છે, બીજા કોઈ પ્રયોજનથી તેઓ જતા નથી. આપે તો જ્યોતિઃશાસ્ત્ર રચેલું છે, જેનાથી પુરુષને પોતાથી ઉત્તમ તેમજ હલકા પદાર્થોનું જ્ઞાન થાય છે. બ્રહ્મને જાણે તે જ બ્રાહ્મણ છે. આપ તો બ્રહ્મ જાણનારાઓમાં પણ ઉત્તમ છો. બ્રાહ્મણ જન્મથી જ ગુરુ છે. તેથી આપ આ બે બાળકો સંસ્કાર કર્યા વિનાના છે તેમના સંસ્કાર કરો.''

ગર્ગે જાણ્યું કે નન્દજી પ્રસિદ્ધ રીતે સંસ્કાર કરાવશે તો કંસને તથા અસુરોને તેનું જ્ઞાન થઈ જશે. તેઓને એનું જ્ઞાન થાય તે યોગ્ય નથી. વળી નન્દજીને લૌકિક ભય દર્શાવવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ ગુપ્ત રીતે સંસ્કાર કરવામાં સમ્મત થશે નહીં તેથી ગર્ગે નન્દજીને લૌકિક ભય ઉત્પન્ન કરાવવા કહ્યું કેઃ''હું યાદવોનો આચાર્ય છું અને ભૂતલ ઉપર સર્વત્ર તેમના આચાર્ય તરીકે પ્રસિદ્ધ છું. તેથી મેં સંસ્કાર કરેલ તમારા પુત્રને કંસ દેવકીના પુત્ર માનશે. કંસ પાપી છે. વળી તમારે અને વસુદેવને મૈત્રી છે. દેવકીજીનો આઠમો ગર્ભ સ્ત્રી હોવાનું સમ્ભવતું નથી એમ વિચારી અને દેવકીજીની પુત્રીએ ''તને મારનાર જુમ્યો છે'' વિગેરે કંસને કહેલ તે ધ્યાનમાં લઈ તે એમ માનશે કે દેવકીજીના પુત્રને રાત્રે વસુદેવ લઈ જઈ અહિં રાખ્યા અને તમારી દીકરીને તે ત્યાં લઈ ગયા. પછી આ દેવકીજીનાજ પુત્ર છે એમ તેની ખાતરી થશે તો આપણને ઘણું દુઃખ થશે. તેથી પ્રસિદ્ધ રીતે તમારા પુત્રના સંસ્કાર મારે કરવા એ યોગ્ય નથી''.

''**જ્ઞાપિતં ચ હરેસ્તત્ત્વં સ્નેહાધિક્યાન્ન બુધ્યતે, અતો નિરોધઃ કર્તવ્યઃ શાસ્ત્રં તત્રાપ્રયોજકમ્**''. હરિનું તત્ત્વ એ પ્રમાણે ગર્ગે નન્દજીને જણાવ્યું, છતાં પણ ઘણા સ્નેહને લીધે નન્દજીના જાણવામાં ન આવ્યું. તેથી નિરોધ કરવો યોગ્ય છે. આ વિષયમાં શાસ્ત્રનું જ્ઞાન નકામું છે.

નન્દજીએ ગર્ગનું વચન સાંભળી, પોતાના ગોપો પણ જાણે નહિ તેમ નેસડામાં એકાંતમાં સ્વસ્તિવાચન કરી પુત્રોના દ્વિજાતિના સંસ્કાર કરવા તેમને કહ્યું. દ્વિજાતિના સંસ્કાર મંત્રોથી કરવામાં આવે છે, બીજાઓના મંત્ર વિના કરવામાં આવે છે. તેથી આ

સંસ્કાર મંત્રના પ્રધાનપણાથી કરવાના છે, ઉત્સવના પ્રધાનપણાથી કરવાના નથી.

ગર્ગે પછી એકાંતમાં પોતે ઈચ્છેલ તે બંને બાળકોનું નામકરણ કર્યું. પ્રથમ બલભદ્રનું નામકરણ કરતાં તેમણે કહ્યું કેઃ ''આ રોહિણીનો પુત્ર પોતાના ગુણોથી મિત્રોને રમણ કરાવનાર હોવાથી 'રામ' કહેવાશે અને તેનામાં બળ અધિક હોવાથી તે 'બલ' કહેવાશે યાદવોની આમાં જુદાઈ નહીં હોવાથી આને 'સંકર્ષણ' પણ કહેશે.''

ગર્ગે બલભદ્રનાં એવા નામ પાડ્યાં. બલભદ્ર અને શ્રીકૃષ્ણ બંને વસુદેવના પુત્રો છે. તેમાં એક બલભદ્ર માતાના નામથી અને બીજા શ્રીકૃષ્ણ પિતાના નામથી પ્રસિદ્ધ છે. કંસના ભયને લીધે પોતાનું નામ છૂપું રાખવાનું હોવાથી પ્રથમ માતાના નામથી તેમને ઓળખાવેલ છે. વળી દેવકીજીના ગર્ભમાંથી આમને ખેંચી યોગમાયાએ રોહિણીના ગર્ભમાં મૂકેલ. તેથી ગર્ભ ખેંચાએલ હોવાથી તે 'સંકર્ષણ' કહેવાતા. પરંતુ ૧૦।૨।૧૩ માં ભગવાને યોગમાયાને કહેલ આ વચન દેવગુણ હોવાથી ગર્ગ અહિં 'સંકર્ષણ' શબ્દની જુદા પ્રકારે વ્યુત્પતિ કરે છે. યદુઓની અંદર આ બલભદ્રને જુદાઈ નથી, એટલે બધા યદુઓમાં તેમને આત્મબુદ્ધિજ છે, તેથી સર્વ યદુઓનું સારી રીતે આકર્ષણ એટલે એકત્ર થવાનું જેનામાં છે તે 'સંકર્ષણ'––આવી ગર્ગે 'સંકર્ષણ' નામની વ્યુત્પતિ કરેલી છે.

પછી શ્રીકૃષ્ણનાં નામ પાડતાં ગર્ગે કહ્યું કેઃ ''યુગે-યુગે દેહ ધારણ કરનાર આ શ્રીકૃષ્ણના શ્વેત, લાલ અને પીળો એવા ત્રણ રંગ થઈ ગયા. હમણાં તે કૃષ્ણ થયેલ છે. પહેલાં કોઈ સ્થળે તમારા પુત્ર વસુદેવથી ઉત્પન્ન થયેલા. તે લક્ષ્મીવાળા હોવાથી તેમને વાસુદેવ કહે છે.''

ભગવાન શ્રીકૃષ્ણ ચાર મૂર્તિવાળા છે. તેથી તેમના ચાર નામ કહેવાં જોઈએ. તે પૈકી બે નામ ગર્ગે કહ્યાં અને બીજા બે અનેક ભેદોથી ગુપ્ત રીતે કહેલાં છે. પહેલાં 'શ્રીકૃષ્ણ' નામ કહે છે. 'કૃષ'નો અર્થ સત્તા અથવા સત્પણું છે. અને 'ણ'નો અર્થ આનન્દ છે. એ બે શબ્દોનું જોડાણ (સત્+આનન્દ=સદાનન્દ) પરબ્રહ્મ 'શ્રીકૃષ્ણ' કહેવાય છે. તે સદાએ કૃષ્ણજ છે તો પણ(હમણાં) જેમને કોઈનો આશ્રય નથી તેવા પ્રાકૃત જીવોમાં પણ પોતાનું સ્વરૂપાત્મક સત્ત્વ પ્રકટ કરી, તેવાઓને પણ સ્વરૂપાનન્દનું દાન કરે છે તેથી તેમણે હમણાંજ કૃષ્ણપણું પ્રકટ કરેલું છે. આ છૂપું રાખવા ગર્ગે શબ્દનો છલ કરી રનનો ક્રમ કહેલો છે. શ્રીકૃષ્ણ યુગે-યુગે દેહ ધારણ કરે છે. 'યુગ' એટલે બે, ભગવાન અને જગત્. જો ભગવાન દેહ ધારણ કરતા ન હોય તો જગત્ એકજ રહે, એટલે 'યુગ' જ ન થાય. યુગના ધર્મ જણાવવા ભગવાન તેવું રૂપ ધારણ કરે છે. સત્, તેત્રા અને દ્વાપર યુગમાં ભગવાન અનુક્રમે શ્વેત, લાલ અને પીળો રંગ ધારણ કરે છે. હવે કલિયુગ થશે તેથી ભગવાન 'કૃષ્ણ' એટલે શ્યામ રંગવાળા થયા છે. યુગ પ્રમાણે રંગ ધારણ કરતા હોવાથી કાલને અનુકૂલ હોઈ સંકર્ષણરૂપ પણ છે અને સર્વ વ્યૂહોનો તેમનામાં સમન્વય હોવાથી પુરુષોત્તમરૂપ પણ છે એમ કહેવાયું.

બીજું નામ 'વાસુદેવ' કહેલું છે. તમો નન્દજીને ઘેર આવ્યા પહેલાંજ કોઈ સ્થળે

આ વસુદેવના પુત્ર થયેલા. આધિદૈવિક વસુદેવે નન્દજીમાં પ્રવેશ કરેલ હોવાથી તમો નન્દજીના પણ પુત્ર થયા. આથી આ 'પ્રધુમ્ન' છે એમ કહેવાયું, અને વસુદેવમાં શુદ્ધ સત્ત્વનો આવિર્ભાવ હોવાથી આ 'અનિરુદ્ધ' છે એમ પણ કહેવાયું. આ લક્ષ્મીવાળા એટલે લક્ષ્મીના પતિ હોવાથી આમનું યથાર્થ સ્વરૂપ જાણનારા આમને 'વાસુદેવ' નામથી મુખ્યપણે ઓળખે છે.

ગર્ગ વળી કહે છે કેઃ ''ગુણોના યોગથી આ શ્રીકૃષ્ણનાં ઘણાં નામો અને રૂપો છે. તે સર્વ તેમનાં કર્મોને અનુરૂપ છે.'' આ ભગવાનનાં નામ, રૂપ અને કર્મ અથવા ક્રિયા નિત્ય છે. આ ભગવાન ગોવર્ધનને ઉપાડી રાખતા સદા રહેલા છે, તેથી 'ગોવર્ધનોદ્ધરણધીર' છે. ગોવર્ધનને ઉપાડી રાખવાની ક્રિયા અને 'ગોવર્ધનોદ્ધરણધીર' નામ સાથે ગોવર્ધનને ઉપાડી રાખનારૂં ભગવાનનું રૂપ સદા વિદ્યમાન છે. હાલ પણ ભક્તોને એવા સ્વરૂપનો અનુભવ થાય છે. ભગવાનના ઉદારતા વિગેરે ગુણો, કાલિયનું દમન વિગેરે કર્મો અલૌકિક છે. તેથી આવા ગુણ અને કર્મ ને અનુરૂપ નામો પણ અલૌકિક છે.

જો ભગવાનની ક્રિયા અનિત્ય હોય અને રૂપમાં કાલ વિગેરેથી ફેરફાર થતો હોય તો તે ક્ષણે-ક્ષણે બદલાય. જેવી ક્રિયા અને રૂપ થી જે નામ પ્રાપ્ત થાય તે નામ ક્રિયા અને રૂપ ન હોય ત્યારે અર્થ વિનાનું જ હોય. અને અર્થ વિનાના નામ ફળ ન આપે, અન્તઃકરણને પણ શુદ્ધ ન કરે. ભગવાનનાં સ્વરૂપનાં જ્ઞાન વિના ભગવાનનાં નામનો માત્ર ઉચ્ચાર કરવામાં આવે તો તે નામને ભગવાનનાં સ્વરૂપનો સમ્બન્ધ નહીં હોવાથી અને તે નામ અલૌકિક છે એવું ઉચ્ચાર કરનારને જ્ઞાન પણ નહીં હોવાથી એ પ્રમાણે ઉચ્ચાર કરવાથી પ્રપઞ્ચ પણ મટતો નથી. જેમ 'અગ્નિ' શબ્દનો ઉચ્ચાર કરવાથી દઝાતું નથી તેમ ભગવાનનાં નામનો એવી રીતે ઉચ્ચાર કરવાથી પ્રપઞ્ચ પણ મટતો નથી. ભગવાનનાં રૂપ જેમે, ભગવાનનાં નામો પર નામરૂપ ભગવાનનાં રૂપો છે. જેમ ભગવાનનું રૂપ તેને ગ્રહણ કરનારના દોષથી પ્રાકૃત જેવું જણાય છે તેમ ગ્રહણ કરનાર લૌકિક પુરુષના દેહથીજ ભગવાનનાં નામો પણ લૌકિક વર્ણ(અક્ષર) વાળા હોય તેવાં જણાય છે, પરંતુ વાસ્તવિક રીતે અખંડજ છે. લોકમાં પ્રસિદ્ધ પુરુષને જણાવનારાં નહીં, પરન્તુ ભગવાનનાં નામ અખંડ છે એવા જ્ઞાનપૂર્વક, શુદ્ધ ભાવથી (તે નામથી ઓળખાતાં) ભગવાનનાં રૂપને જાણ્યા પછી જ, તે ભગવાનનું સ્વરૂપ આ નામ જણાવે છે એમ સમજીને ઉચ્ચારેલાં ભગવાનનાં નામ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવે છે. કાલ વિગેરે તો ભગવાનનાં નામનું માહાત્મ્ય જાણતા હોવાથી તેનો ઉચ્ચાર કરનારને છોડી દે છે.

ભગવાનના નામ જેવું લૌકિક નામ પણ ભગવાનના નામ જેવું હોવાથી સારૂપ્યને લીધે કોઈ વાર ફળ આપે છે, એટલે ભગવાનમાં પ્રવૃત્તિ કરાવી મોક્ષ આપે છે. તેથી અજામિલનું ઉપાખ્યાન પણ વ્યર્થ નથી. જો ભગવાનનું અમુક સ્વરૂપ આ નામ જણાવે છે એ સમજીને અજામિલે તે નામ લીધું હોત તો તે જ સમયે તે વૈકુંઠમાં જાત. તેથી ઉપાસના કરવાયોગ્ય અને અંતઃકરણને શુદ્ધ કરનારાં ભગવાનનાં અનંત નામો, ભગવાનનાં રૂપની તે

અવસ્થાનું સ્મરણ કરી તે નામ લેવું, એવા હેતુથી કહેલાં છે. આ પ્રયોજનથી નામકરણના પ્રસંગમાં ગર્ગે રૂપનું નિરૂપણ કરેલું છે.

ભગવાનનાં રૂપો અને નામો નું જ્ઞાન થાય તે માટે ગર્ગ તેમનાં કર્મો અને ગુણો પણ કહે છે. તેમણે કહ્યું: ''આ શ્રીકૃષ્ણ તમારું કલ્યાણ પોષતાં ગોપો અને ગોકુલ ને આનન્દ આપશે. આમનાથી તમે સર્વ સંકટો સહેલાઈથી તરશો. પહેલાં લૂંટારાઓ સત્પુરુષોને પીડતા. રાજા નહિ હોવાથી કોઈ તેમનું રક્ષણ કરનાર ન હતું. તે સમયે આ તમારા પુત્રે તેમને બલવાન બનાવ્યા અને તેઓ લૂંટારાઓને જીત્યા. જેમ વિષ્ણુના પક્ષવાળાઓનો અસુરો પરાભવ કરતા નથી તેમ જેઓ આમનામાં પ્રીતિ કરે છે તેમનો તેમના શત્રુઓ પરાભવ કરી શકતા નથી. આ શ્રીકૃષ્ણ ગુણ, શોભા, કીર્તિ અને પ્રભાવ થી નારાયણની સમાન છે. તમે સાવધાન રહી આમનું રક્ષણ કરો.''

એટલું કહી ગર્ગ પોતાના ઘેર ગયા. ત્યારે આનન્દ પામેલા નન્દજીએ પોતાની સર્વ કામનાઓ પૂર્ણ થયેલી માની.

**રૂપ:**

ભગવાનના નામ પ્રમાણે ભગવાનનાં રૂપ પણ સત્વને શુદ્ધ કરનારાં છે. તેથી હવે ભગવાનનાં રૂપોનું નિરૂપણ કરવામાં આવે છે. અહિં ભગવાનનાં દશ રૂપો કહેવામાં આવે છે. તેમાં છેવટનું રૂપ નિર્ગુણ છે. કારણ કે: ''**સાત્વિકાદિવિભેદેન તત્તદ્‌હૃદયગામિનિ, તાંસ્તાંસ્તુ ક્રમશો ભાવાન્ દૂરીકૃત્યાન્તિમે સ્થિરા**''. ભગવાનનું રૂપ સાત્વિક વિગેરે ભેદોથી જુદા-જુદા પ્રકારના જીવોના હૃદયમાં પ્રવેશ કરી, તેમના જુદા-જુદા ભાવોને અનુક્રમે દૂર કરે છે, તેથી છેવટના નિર્ગુણરૂપમાં તેઓનાં હૃદયની સ્થિતિ સ્થિર થાય છે.

(૧)આરમ્ભમાં ભગવાનનું ચલનરૂપ એટલે ભાંખોડીઆ ચાલવાળું રૂપ કહેવામાં આવે છે. થોડા જ સમયમાં ગોકુલમાં યશોદાના આંગણામાં રામ અને કેશવ બન્ને હાથ સાથે ઢીંચણોથી ભાંખોડીઆ ચાલતા રમવા લાગ્યા. ''**જાનુભ્યાં ગમનં વિષ્ણોર્ દૈત્યાનાં મર્દનાય હિ, બલિર્ દૈત્યપતિર્ ભૂત્વા ન નિવારયતિ સ્વતઃ**''. દૈત્યોનું મર્દન કરવામાટે વિષ્ણુએ ઢીંચણોથી ચાલવા માંડ્યું. કારણ કે બલિ દૈત્યોનો પતિ હોવાથી પોતે તેઓનું નિવારણ કરતો ન હતો.

રામ અને કેશવ થોડું ભાંખોડીઆં ચાલતાં પણ વચ્ચે ભૂમિ ઉપર બન્ને શયન પણ કરતા, વળી ફરી ઉઠી ચાલતા એવી રીતે ક્ષણમાં બેઠેલા અને ક્ષણમાં ચાલતાં એવા ભગવાનનાં હજારો રૂપોનું ધ્યાન કરવું.

(૨)તેઓ નાના-મોટા અવાજથી સુંદર લાગે તેવી રીતે વ્રજની કાદવવાળી ભૂમિમાં બન્ને ચરણો ખેંચી ઉતાવળે ચાલતા તથા તેના અવાજથી મનમાં આનન્દ પામતાં. લોકને અનુસરીને ભોળા અને ભય પામેલાની જેમે માતાની પાસે નજીક આવતા, એવી રીતે ગતિના વિલાસ કરતા. ઝાંઝર અને નાની ઘૂઘરીઓ નો અવાજ જાણે સાંભળતા હોય તેમ અવાજ તરફ કાન માંડીને બન્ને ચરણો ખેંચી ધીરેથી ચાલતા અને તે અવાજ

આપણા આભરણોથીજ થાય છે કે બીજા કોઈ પદાર્થમાંથી એનો નિર્ણય કરવા ઝડપથી ચાલતા. લોકને અનુસરી કોઈ જતું હોય તેની પાછળ જતા અને ઘણું દૂર જવાય ત્યારે ભોળા અને ભય પામેલાની જેમે માતા પાસે નજીક આવતા.

(૩)માતાઓ પુત્રોની સ્તુતિ કરતાં કાદવના સુગંધી લેપથી સુંદર લાગતા પુત્રોને ભેટી ધવરાવવા માંડતી. ભગવાન માતાને ભેટે અને માતા ભગવાનને ભેટે એવી બે ભેટવાની દશાઓ છે. તે દરેક દશામાં ઘણા ભેદો સમ્ભવે છે. તેઓ સ્તનનું પાન કરે એ સ્વતંત્ર દશા છે, અથવા માતાઓએ આલિંગન કરેલા તેઓ માતા ઉપર આધાર રાખી સ્તનપાન કરતા. સ્તનપાન કરતાં તેમનાં મુગ્ધ હાસ્ય અને કુણાં દાંતવાળા મુખને જોઈને માતા ઘણો આનન્દ પામતી. મુખ જોવાની લીલા પણ ઘણા પ્રકારની છે. બધી લીલાઓનું ફળ અધિક આનન્દ છે. જે પદાર્થને જ્યારે ભગવાનનો સમ્બન્ધ થાય ત્યારે તેમાંથી બધા દોષો જતા રહે છે અને ગુણો તેમાં આવે છે. તેથી ભગવાનને લાગેલ કાદવ પણ સુગંધી અનરાગ થાય છે. ભગવાનનું હાસ્ય અને દાંત માયારૂપ અને સ્નેહરૂપ હોવાથી મોહ ઉત્પન્ન કરનારા છે. કૂણાં દાંતો દૂધના બિંદુઓવાળી દાંતોની હાર સૂચવે છે.

(૪)પછી સ્ત્રીઓએ દર્શન કરવા યોગ્ય કુમારલીલા તેઓએ કરવા માંડી. અહીં 'કુમાર' એટલે બે વર્ષના બાળક. 'કુત્સિતઃ' હલકો છે 'મારઃ' કામદેવ જેનાથી તે કુમાર. કરોડો કામદેવોનાં લાવણ્ય કરતા પણ વધારે સુંદર 'કુમાર' બન્યા. ત્યારે જેમનાં પૂંછડાંઓ તેમણે પકડેલાં છે તેવા વાછરડાંઓથી આમ-તેમ ખેંચાતા તે બન્નેને જોતી વ્રજની સ્ત્રીઓ ઘર તજી હંસતાં તેમને પકડતી હતી. ભગવાન પણ વાછરડાંઓને ખેંચે અને વાછરડાંઓ પણ ભગવાનને ખેંચે. વાછરડાંઓનું પૂંછડું જોરથી પકડેલું હોવાથી તેઓ દોડી શકતાં નથી. ભગવાન એવા દર્શન કરાવવાજ પૂંછડું પકડે છે એ તેમનામાં ભોળપણનો ભાવ જણાવે છે. સ્ત્રીઓ પૈકી જેઓ જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છતી તેઓ આ રૂપને જોતી, જેઓ વૈરાગ્યવાળી હતી તેઓ હસતી. બધી ભેગી થઈ ભગવાનને પકડતી. આ ગાયનું પૂંછડું પકડવાની પરાધીન લીલા કહી.

(૫)શીંગડાંવાળાં પ્રાણીઓ, અગ્નિ, દાંતવાળા પ્રાણીઓ, તલવાર, જળ, પક્ષીઓ અને કાંટાઓ માંથી પોતાના બહુ ચપળ રમતીઆળ પુત્રોને રોકવા માટે માતાઓ ઘરનાં જરૂરી કામો પણ કરી શક્તી નહીં, ત્યારે તેઓને મનમાં ઘણી ચિંતા થતી.

**''ઈષ્ટસ્ય દુષ્ટસમ્બન્ધે શિષ્ટઃ પુષ્ટિં વિમુઞ્ચતિ, નાન્યથેતિ હરિઃ પ્રીતઃ સત્યઃ ક્રૂરગતોઽભવત્''**. પોતાને જે પ્રિય હોય તેનો દુષ્ટની સાથે સમ્બન્ધ થાય ત્યારે પોતે (પોતાના પ્રિયનું દુષ્ટથી રક્ષણ કરવા) પોતાના પોષણને તજે છે, તેમ ન થાય તો તજતા નથી. તેથી સત્યરૂપ હરિ પ્રસન્ન થઈ ક્રૂર (પ્રાણીઓ તથા પદાર્થો) પાસે જતા. શીંગડાંવાળા પ્રાણીઓ વિગેરેથી ભગવાનને રોકવાનું કાર્ય તો ક્રિયા કરીને જ થઈ શકે. કારણ કે તેમને આવા ભયવાળી જુદી-જુદી જગ્યાએથી લાવી સારા સ્થાનમાં રાખવા

જોઈએ. ક્ષણે-ક્ષણે તેમ કરવામાં આવે ત્યારે ઘરનું આવશ્યક કામ થઈ શકે નહિ. લોકમાં નિષ્ઠા અને ભગવાનમાં નિષ્ઠા એ પરસ્પર વિરૂદ્ધ છે. માતાની લોકમાં નિષ્ઠા ન થાય અને પોતામાં તેમની આસક્તિ થાય તે માટે ભગવાન આવા ક્રૂર પદાર્થો પાસે જતાં.

(૬)પછી થોડા સમયમાં રામ અને શ્રીકૃષ્ણ ગાયોના નેસડામાં ઢીંચણો ઘસડ્યા વિના ચરણોથી સહેલાઈથી સારી રીતે ચાલવા લાગ્યા. આ સર્વ પ્રકારે સ્વતંત્રતાથી લીલા કરતું ભગવાનનું રૂપ કહેલું છે.

(૭)પછી તો રામ સહિત ભગવાન શ્રીકૃષ્ણ વ્રજની સ્ત્રીઓને આનન્દ ઉત્પન્ન કરતાં પોતાના વયસ્યો વ્રજના બાળકો સાથે ક્રીડા કરવા લાગ્યા. ભગવાને કલેશરહિત ભૂમિ ઉપર પોતાના અંશરૂપ બાળકો સાથે મહારાજાની લીલા કરી. અહિંથી હવે ભગવાન પરતન્ત્ર લીલા કરતા નથી. જેઓનું વય (પોતાની) સમાન છે તેવા વયસ્યો સાથે ક્રીડા કરવા માંડી. રાજલીલામાં ભગવાન પોતે રાજા થાય છે, રામ મન્ત્રી થાય છે, અને બાળકો સેવક થાય છે. એ પ્રમાણે જેટલી ગોપીઓ જેવા-જેવા ભાવવાળી છે તે-તે ભાવને અનુકૂલ અનન્ત લીલાઓ ભગવાને કરી.

(૮-૧૦)જે ગોપીઓ સર્વ પ્રકારે પ્રાકૃત સ્વભાવવાળી અથવા લૌકિક વાક્યમાં ઘણી નિષ્ઠાવાળી છે, તેઓ સાધારણ સાત્વિક લીલાથી પ્રપઞ્ચને ભૂલે નહીં, તેથી જે કાર્યમાં તેઓની આસક્તિ તે જ કાર્યનો નાશ કરી, ભગવાન તેઓનો નિરોધ કરે છે. આ ભગવાનનું કાર્ય સહન કરી શકાય તેવું ન હતું એમ ગોપીઓ પરસ્પર જણાવે છે. આવી ગોપીઓનો નિરોધ કરનારા ધૃષ્ટતાવાળું, ધૂર્તપણાવાળું અને નિર્ગુણ અવસ્થાવાળું એવા ત્રણ રૂપો છે.

આ ભગવાનનાં કાર્ય જણાવનારાં વચન ગોપીઓ પરસ્પર યશોદાના સાંભળતાં કહેતી હતી. તે લીલામાં તેમનું ચિત્ત પરોવાયેલ હોવાથી તે ભગવાનનાં કાર્યથી તેમણે જે દોષ કરેલ તેનાથી તે મુક્ત થઈ.

(૮)ધૃષ્ટતાવાળું રૂપઃ ક.કોઈ સ્થળે ભગવાન કસમયે વાછડાં છોડી મૂકતા. ભગવાન હલકું કાર્ય કરતા નથી. આખા દિવસ સુધી ભૂખ્યાં રહેલ વાછડાં માતાના ધણમાંથી આવ્યા પછી પણ દુઃખી ન થાય એવા વિચારથી સર્વને મોક્ષ આપનાર અક્ષય નિધિના કર્તા ભગવાન મર્યાદાના સમયનું ઉલ્લંઘન કરીને પણ વાછડાં છોડી દે છે. ખ.વાછડાં છોડી દેવા માટે ઠપકો આપવામાં આવે ત્યારે પોતે અભિમાન વિનાના ભગવાન ઠપકો આપનારી ગોપીઓની દુર્બુદ્ધિ જાણી હંસે છે એટલે મોહ કરનારી માયા વધતી જાય છે. બહાર ભૂખે મરતાં વાછડાંનું દુઃખ અને મોહથી થતાં ગોપીઓના અંદરના દુઃખનું ભગવાન નિવારણ કરે છે. હર કોઈ ઉપાયથી મનનો બધો વ્યાપાર ભગવાનના સંબંધવાળો થાય તેવા પ્રકારનો ભગવાન સંબંધી મોહ પણ સારા પ્રકારનો જ છે. ગ.પોતાની અંદર રહેલાં પોતાનાં ભક્ત બાળકોને પોતે ભોજન કરાવવું જોઈએ, તેથી

તેમને અન્ન વિગેરેથી પુષ્ટ કરવા ભગવાન ચોરીથી ભોજન કરે છે. જે હરે છે તે ચોર છે. ભગવાન હરિ સ્મરણ કરતાં જ સર્વ હરે છે. ચોરીથી પ્રાપ્ત કરેલાં અન્ન, ચોખા, દૂધપાક અને સ્વાદિષ્ટ રસવાળાપદાર્થો પોતે ગોપીના ઘરમાં બેસી બાળકોને બેસાડી, ગોપીને બીજે મોકલી આરોગે છે. પછી દહીં અને અન્તે દૂધ આરોગે છે. ચોરી કરવા ઘણા ઉપાયો કરે છે. જો ઘણે ઊંચે શીકામાં જળથી ભરેલી થાળી રાખી ગોપી નીચે સૂતી હોય તો પોલાં રાડાથી જળ પી જઈ, વાંસથી શીકાં ઉપર ચડી થાળી ઉતારી તેમાંનું ખાવાનું લઈ જાય છે. જો માખણ પાસે રાખી ગોપી સાવધાન થઈ પાસે બેઠી હોય તો દૂધ વિગેરેથી મુખ પૂરૂં ભરી લઈ, તેની આંખમાં 'ફૂ' કરી તે ઉડાડી, તે આંખો બંધ કરે ત્યારે માખણ લઈ એક ક્ષણમાં અદષ્ટ થાય છે. આવા અનેક ઉપાયો યોજે છે તે ચોરના શાસ્ત્રમાં પ્રસિદ્ધ નથી પણ ભગવાને પોતેજ કલ્પેલા છે. ઘ.ભગવાન પોતાની અંદરના બાળકોની પ્રીતિ માટે જ ભોજન કરતા. પોતે ભોજન કરતાં બાળકો ધરાઈ રહે ત્યારે માકડાંઓને વહેંચી દે છે. કારણ કે પહેલાં રામાવતારમાં તેઓ ભક્ત હતા. ઙ.તે પણ ધરાઈ રહે ત્યારે અધ્યાત્મા (ભગવાન) ભાવનો સ્વીકાર કરી પોતે ભોજન કરે છે. તે અધ્યાત્મા પણ ભોજન ન કરે ત્યારે વાસણ ફોડી નાખે છે. ભગવાનનું ભોજન કરનારું એક જ રૂપ તે અધ્યાત્મા છે. તે તો અત્યંત શુદ્ધ હોય તેનો જ ભોગ કરે છે, પણ જેની અંદર દૈત્યનો આવેશ હોઈ મોક્ષના સમ્બન્ધવાળું જે ન હોય તેનો તે ભોગ કરતા નથી, અને વાસણ ફોડી નાખે છે. કારણ કે બીજાઓએ દૈત્યના સમ્બન્ધ વાળાનું ભોજન કરવું ન જોઈએ. ચ.ખાવાના પદાર્થ ન હોય ત્યારે અથવા તે બીજે રાખેલ હોવાથી પ્રાપ્ત ન થાય ત્યારે ભગવાન તે ઘરવાળા ગૃહસ્થ ઉપર કોપ કરે છે. ઘર ધર્મ માટે જ હોય છે. જો ઘરમાં ધર્મ ન હોય તો ઘર વ્યર્થ છે. અને ધર્મ દ્રવ્યોથી થાય છે. તે દ્રવ્ય પ્રાપ્ત કરનારા પુરુષો છે. તેથી દ્રવ્ય ન પ્રાપ્ત થાય તો ગૃહસ્થ ઉપર કોપ કરે છે અને બાળકોને રડાવી જતા રહે છે. એ પ્રમાણે આ છ કાર્યથી ભગવાનના છ ગુણો જણાવેલા છે.

(૯)ધૂર્તપણાવાળું રૂપઃ ધૂર્તપણાથી કરવાની ક્રિયાઓ તો ધૃષ્ટતાવાળું રૂપ જણાવાતાં ઉપર કહી. તે માટે જરૂરી જ્ઞાન પણ ભગવાનમાં છે. ક.જ્યારે ગોપીઓ બહાર ગયેલી હોય, સ્નાન કરવા અથવા બાળકોને આનન્દ આપવા અથવા દહીં વલોવવા વિગેરે ઘરના જરૂરી કાર્યમાં ગૂંથાએલી હોય ત્યારે જ ભગવાન ચોરી કરવા આવે છે. કારણ કે તેમને પોતાના આ કાર્ય માટે યોગ્ય સમયનું જ્ઞાન છે. ખ.શીકાં ઉપર વાસણમાં ક્યા પદાર્થ છે તે પણ ભગવાન જાણે છે, એટલે ક્યાં કઈ વસ્તુ રાખેલી છે તેનું પણ તેમને જ્ઞાન છે. ગ.હાથથી પહોંચી શકાય નહીં તેમ હોય, એટલે વસ્તુ જરા અસાધ્ય રીતે રાખેલી હોય, તો ભગવાન પાટલી ખાણ્ડણીઓ વિગેરે નીચે મૂકીને તે લે છે. ઘ.વધારે અસાધ્ય રીતે રાખી હોય, એટલે ઉપર શીંકામાં વાસણમાં દૂધ રાખેલું હોય, તો તે વાસણમાં ભાલાં વિગેરેથી કાંણું પાડે છે અને નીચે બીજું વાસણ મૂકી તેમાં લે છે. જામી ગયેલ દહીં

અથવા સાકર તેવી રીતે રાખેલ હોય તો વાસણને પાડી નાખીને લઈ લે છે. ઙ.અન્ધકારવાળી જગ્યાએ રાખેલ હોય તો ઘણા મણિઓ ધારણ કરેલા પોતાના શ્રીઅંગથી ત્યાં પ્રકાશ કરી તે પદાર્થ લે છે. કારણ કે જરા અસાધ્ય, અત્યંત અસાધ્ય તથા અંધકારમાં રાખેલ પદાર્થને કેવી રીતે લેવા તેનું પણ ભગવાનને જ્ઞાન છે. ઘરના પદાર્થોમાંથી આસક્તિ દૂર કરાવવા અને પોતાનામાં આસક્તિ કરાવવા ભગવાન એવી રીતે પદાર્થો ધૂર્તપણાંથી લે છે.

(૧૦)નિર્ગુણ રૂપઃ ક.ભગવાન ઉપરના બે રૂપમાં જણાવ્યા તેવા ઉદ્ધતાઈના કાર્ય કરે છે, ખ.વાસ્તુદેવતાના સુન્દર પાત્રમાં મૂત્ર વિગેરે કરે છે, ગ.ચોરી કરે છે, ઘ.જે ગોપીના ઘરમાં ચોરી કરવાની હોય તેના પતિ પુત્ર અથવા ભાઈ જેવા થઈ રહે છે, એટલે બીજાનું રૂપ લે છે. ઙ.પોતાનું કામ સાધવા બીજાનું રૂપ લેતા હોવા છતાં સારા દેખાવવાળા અથવા સત્પુરુષ થઈને રહે છે. આ પ્રમાણે, દેહ ઈન્દ્રીય પ્રાણ અન્તઃકરણ અને આત્મા અથવા સ્વરૂપનું અજ્ઞાન એવા પાંચ પ્રકારના અજ્ઞાન દૂર કરવા ભગવાન પાંચ રૂપ ધારણ કરે છે.

સ્ત્રીઓએ યશોદાના સાંભળતા આ વૃત્તાંત જણાવ્યો તો પણ યશોદાને ભગવાનને ઠપકો આપવાની ઈચ્છા ન થઈ. કારણ કે ઠપકો આપવાથી ગોપીઓનાં મનનું રઞ્જન થાય અને ભગવાનને ભય થાય. ઠપકા વિનાજ આ બન્ને કાર્યો થયાં. ભગવાન ભયભીત નયનવાળા થયા અને ગોપીઓ તેમનું શ્રીવાળું મુખ જોવા લાગી. ભય જ્ઞાનશક્તિને જ હોય છે, ક્રિયાશક્તિને હોતો નથી. તેથી ભગવાનનાં નયન જ ભયવાળાં થયાં. તેમનું મુખ શ્રીવાળું('શ્રી' એટલે લક્ષ્મી.) છે, એટલે ભગવાનની આવી રીતે નિન્દા કરનારી ગોપીઓની દ્રષ્ટિ ભગવાનનાં મુખ ઉપર ન પડે તે માટે મૂર્તિમતી લક્ષ્મી તે ગોપીઓની અને ભગવાનના શ્રીમુખની વચ્ચે આવી રહી. તેથી ગોપીઓએ તેમનું શ્રીવાળું મુખ જોયું. યશોદાને ભગવાનમાં લૌકિક ભાવ (આ મારા પુત્ર છે એવી બુદ્ધિ) દઢ હોવાથી તેમણે ભગવાનને ઠપકો આપ્યો, પરંતુ ભગવાનનું માહાત્મ્ય જાણવાને લીધે ન આપ્યો એમ બન્યું નહિ.

**યશોદાને સ્વરૂપનું જ્ઞાન કરાવ્યુંઃ**

તેથી ભગવાન યશોદાનો પોતાના સમ્બન્ધી અધ્યાસ દૂર કરાવવા યશોદાને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. એક દિવસ રામ તથા જે બાળકો નો પ્રભુમાં નિરોધ થયો ન હતો તેઓએ ''શ્રીકૃષ્ણે માટી ખાધી'' એમ યશોદાને કહ્યું. પોતાની અંદર રહેલા બાળકોને પોતાના સમ્બન્ધવાળાં ધાવણ વિગેરે પાનથી પુષ્ટ થયેલા જાણીને ભગવાન પોતાના ચરણારવિંદના સમ્બન્ધવાળા ભક્તિરસથી ભળેલી માટી ખવરાવતા હતા ત્યારે બહિર્મુખ બાળકોએ એવી કલ્પના કરી કે ભગવાન દહીં વિગેરે આરોગે છે તેમ માટી પણ ખાય છે. માટી ખાવી એ નુક્શાનકારક છે એમ જાણી તેમણે યશોદાને કહ્યું. યશોદાએ પુત્રને હાથથી પકડી ફરી માટી ખાય નહિ એવા હેતુથી ઠપકો આપ્યો ત્યારે શ્રીકૃષ્ણનાં નેત્ર

ભયથી ગભરાએલી દષ્ટિવાળાં થયાં. જો યશોદા શ્રીકૃષ્ણને મારે તો તેમની અંદર રહેલા બાળકોને દુઃખ થાય, અને એ પ્રમાણે તે મહાપુરુષોનો યશોદાથી દ્રોહ થાય. જો આવું થાય તો યશોદાને ક્યારે પણ જ્ઞાન પ્રાપ્ત થશે નહીં એવા ભયથી ભગવાનનાં નેત્રની દષ્ટિ ગભરાઈ. તેથી યશોદાએ માર ન મારતાં કહ્યું કેઃ ''હે સંયમરહિત અંતઃકરણવાળા! તેં માટી એકાન્તમાં કેમ ખાધી? તારા આ કુમારો અને મોટો ભાઈ પણ એમ કહે છે.'' શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો કેઃ ''હે માતા! મેં માટી ખાધી નથી. સર્વ ખોટું બોલે છે. સાચું બોલતા હોય તો મારૂં મુખ તમે પોતે જુઓ.'' અહિં ભગવાનનાં વચનનો એવો ભાવાર્થ છે કે ''મેં માટી ખાધી નથી, પરંતુ મારી અંદર રહેલાં બાળકોએ માટી ખાધી છે''. તેથી ભગવાનનું વચન અસત્ય નથી. પોતાનું વચન સત્ય છે એમ ઠરાવવા ભગવાન એવા હેતુથી મુખ જોવાનું કહે છે કે જો તેમણે માટી ખાધી હશે તો તેના કટકાઓ અથવા ગંધ મુખમાં હશે . વળી તેમને માટી અથવા બીજું કાંઈ ભક્ષણ કરવાનું પ્રયોજન છે કે નહિ તે પણ મુખ જોવાથી જણાશે. યશોદાએ તે કથન સ્વીકાર્યું. શ્રીકૃષ્ણને મુખ ઉઘાડવા કહ્યું. શ્રીકૃષ્ણે પોતાનું મુખ ઉઘાડ્યું. શ્રીકૃષ્ણ તો ક્રિડા કરવા જ મનુષ્યના બાળક બનેલા, પરંતુ તેમનું ઐશ્વર્ય જરાએ ઘટ્યું ન હતું. તેથી તેમણે મુખ ઉઘાડ્યું ત્યારે યશોદાએ તેમાં વિશ્વ અને સ્થાવર-જનમ જગત્ જોયાં. વાયુ, અગ્નિ, ચંદ્ર તારાઓ, પર્વતો, બેટો અને સમુદ્રો સાથે ભૂમિના ગોળાને એટલે નીચેના ભાગને જોયો. ઉપરના ભાગમાં જ્યોતિશ્ચક્ર, જલ, તેજ, ઉપર રહેનાર વાયુ, આકાશ, વૈકારિકો એટલે ઈન્દ્રિયોનું અધિષ્ઠાન કરનાર દેવતાઓ, ઈન્દ્રિયો એટલે બ્રહ્માંડની બહાર રહેલી ઈન્દ્રિયો વગેરે જોયાં. જેમ ઘરમાં ઘડો દેખાય તેવું બ્રહ્માંડ તેમને દેખાયું. અને ઘર બહારના બીજા પદાર્થો જેમ દેખાય તેમ તેવી ઈન્દ્રિયો દેખાઈ. વળી તન્માત્રાઓ અને તેના રહેઠાણ થયેલા ત્રણ ગુણો ૧.અહંકારના ગુણો ૨.પ્રકૃતિના ગુણો અને ૩.માયાના ગુણો પણ યશોદાએ જોયાં. દેવો મનુષ્યો અને દાનવો એ જીવો, ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળ, પ્રકૃતિનો ધર્મ સ્વભાવ, કર્મ, 'આશય' એટલે જીવને રહેવાનું હૃદયરૂપી સ્થાન, 'લિંગ' એટલે સૂક્ષ્મ શરીર અથવા સ્ત્રી પુરુષ અને નપુંસક એવા જાતિના ભેદો સાથે આ વિચિત્ર જગત્ તથા વ્રજ ને અને પોતાને પણ ભગવાન શ્રીકૃષ્ણના ઉઘાડેલા મુખમાં યશોદાએ જોયાં. આ સ્વપ્ન છે એવો ભ્રમ ન થાય તે માટે વ્રજ દેખાયું. અને માયા છે એવો ભ્રમ ન રહે તે માટે યશોદા પોતે પણ દેખાયાં. આવાં દર્શન યશોદાને પહેલીજ વાર થયેલ હોવાથી તેઓ ભય પામ્યાં અને કલ્પના કરવા લાગ્યાંઃ

''આ શું સ્વપ્ન હશે? અહિં મને આગળ-પાછળનું અનુસંધાન રહે છે તેથી આ સ્વપ્ન તો ન હોય. ત્યારે આ શું દેવમાયા હશે? શ્રીકૃષ્ણના મુખ ઉઘાડવાના પ્રયત્ન પછી આ દેખાય છે તેથી દેવની માયા હોવાનું પણ સમ્ભવતું નથી. ભગવાનની માયા હોવાનું જણાતું નથી. કારણ કે તેમ હોત તો તેમાં હું પોતે તથા શ્રીકૃષ્ણ ન દેખાત. બીજાને આ દેખાતું નથી તેથી શું મારી બુદ્ધિનો મોહ છે? એમ હોત તો બીજા બાળકમાં અથવા બીજા સ્થળે પણ આ બધું દેખાત, તેથી મારી બુદ્ધિનો મોહ પણ નથી. આ બાળક શ્રીકૃષ્ણમાંજ

આવા દર્શન થાય છે, તેથી જરૂર આ મારા બાળકનોજ કોઈ પ્રભાવ છે. આ તેમનો સ્વભાવિક પ્રભાવ છે. કારણ કે પહેલાં પણ આમણે પૂતના વિગેરેને હણેલાં છે. તેથી જરૂર આ સર્વ ભગવાનનીજ વિભૂતિ છે. જેના સમ્બન્ધી યથાર્થ અને પૂરો વિચાર ચિત્ત મન, કર્મ અને વાણીથી પણ કરી શકાય તેવું નથી અને જેની કોઈ રીતે કલ્પના પણ કરી શકાય તેમ નથી તેવું આ સર્વ જેમનામાં રહેલું છે તેમના ચરણારવિંદને હું પ્રણામ કરૂં છું. વળી જેનાથી આ દેખાય છે તે ચક્ષુ પણ મારાં નથી. કારણ કે મારા ચક્ષુથી હું આ સર્વ જોતી હોત તો બીજા સમયે પણ મને આ જ્યોતિશ્ચક્ર વિગેરે સર્વ દેખાત. તેથી મને જોવાનું સામર્થ્ય આપીને ભગવાને પોતે જ પોતાની અંદર રહેલું જગત્ પોતાનું માહાત્મય જણાવવા મને દેખાડ્યું છે. તેથી તેમના ચરણારવિંદને પ્રણામ કરૂં છું, કારણ કે પ્રણામ કરવા એજ સદ્‌વિદ્યા છે.''

ભગવાનને પ્રણામ કરે તેની બધી દુર્બુદ્ધિ જતી રહે છે. તેથી યશોદા પોતાને જે દુર્બુદ્ધિ છે તે ગણાવે છે કેઃ''હું, આ મારા પતિ, આ મારા પુત્ર, હું વ્રજેશ્વર નન્દના સર્વ ધનનું રક્ષણ કરનારી સતી છું. ગોપીઓ અને ગોધન સાથે ગોપો મારાં છે. જેમની માયાથી મારી આવી દુર્બુદ્ધિ થઈ તે મારું શરણ હો.''

**ભક્તિઃ**

આવી રીતે યશોદાને જ્ઞાન ઉત્પન્ન થયું. ભક્તિનો આનન્દ જ્ઞાનથી પ્રાપ્ત થતાં બ્રહ્માનન્દથી પણ મોટો છે. યશોદાને જ્ઞાન થાય તો તેમને ભક્તિનું સુખ પ્રાપ્ત થાય નહીં. તેથી જ્યારે તેમને જ્ઞાન થયું ત્યારે ઈશ્વર શ્રીકૃષ્ણે પ્રજા ઉપર સ્નેહ કરાવનારી વૈષ્ણવી માયા વિસ્તારી. શ્રીકૃષ્ણ ઈશ્વર હોવાથી હર કોઈ કાર્ય કરવા, ન કરવા અને કરેલું ન કરેલું કરવા પણ શક્તિવાળા છે. તેથી યશોદાને જ્ઞાન આપી, તેના તેજ-જ્ઞાનનો તેમણે નાશ કર્યો અને આધિદૈવિક સ્નેહના સમ્બન્ધવાળી, નિરોધમાં ઉપયોગી થાય તેવી, વૈષ્ણવી માયા વિસ્તારી. આ માયા શાસ્ત્રમાં કહેલા મર્યાદામાર્ગીય સ્નેહવાળી નથી, પરંતુ પ્રજા ઉપર સ્નેહ કરાવનારી છે. પોતાનું હોવાથી ઘણો સ્નેહ થતાં જેવો રસ થાય છે તેવો રસ ''આ ઈશ્વર છે'' એવો ભાવ રાખવાથી થતો નથી. કારણ કે ઈશ્વરથી ભય રહે છે. અને ભયનું જ્ઞાન સ્નેહમાં વિઘ્ન કરનારું છે. તેથી– **''પ્રક્ષિપ્તા જાલવન્ માયા તયા જ્ઞાનં વિનાશિતમ્, પ્રમાણાનાં બલં દગ્ધ્વા મોહયામાસ ગોપિકામ્''**. ભગવાને જાળની જેમે માયા નાખી. તે માયાએ જ્ઞાનનો નાશ કર્યો અને પ્રમાણોનું બળ બાળી નાખી યશોદાને મોહ ઉત્પન્ન કર્યો.

મોહ થતાં શ્રીકૃષ્ણના મુંખમાં વિશ્વ જોયેલ તેનું સ્મરણ પણ યશોદાને રહ્યું નહીં. જે ક્ષણે ભગવાને માયા વિસ્તારી તે જ ક્ષણે તેનું સ્મરણ નાશ પામ્યું. તેમણે શ્રીકૃષ્ણને ખોળામાં પધરાવ્યા, અને પહેલા હતા તેવા ઘણા વધી ગયેલા સ્નેહથી ભરપૂર હૃદયવાળા થયાં. તેમનો ભગવાન સમ્બન્ધી બહારનો સર્વ વ્યવહાર અને અંદરનો સ્નેહ પણ પહેલાના જેવા જ થયા. આ સમય પછી બીજા પ્રમાણોથી પણ તેમણે ભગવાનના મુખમાં વિશ્વ જોયેલું તેનું સ્મરણ તેમને રહ્યું નહીં. ત્રણ વેદ, ઉપનિષદો, સાંખ્ય-યોગ, વૈષ્ણવતન્ત્રો

અને પશુપતિમત અથવા શૈવતન્ત્રો એ બધા પ્રમાણોનું શ્રવણ કર્યા પછી પણ, તે બધામાં જેમના મહાત્મ્યનું ગાન કરેલું છે તે ભગવાનને તેમણે પુત્ર જ માન્યા. પુત્રભાવ રાખવાથી તેમને સ્વતન્ત્ર ભક્તિ પ્રાપ્ત થઈ.

**ભાગ્ય અથવા મહાપુરુષની કૃપાઃ**

નન્દ પહેલાના કલ્પમાં વસુઓમાં ઉત્તમ 'દ્રોણ' નામના વસુ હતા, અને તે સમયે યશોદા 'ધરા' નામની પત્ની હતાં. બ્રહ્માએ તેમને સન્તતિ ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી ત્યારે દ્રોણે તેમને કહ્યું કેઃ ''ભૂમિ ઉપર જન્મેલા અમોને મોટામાં મોટા દેવ, વિશ્વના ઈશ્વર, હરિમાં ભક્તિ પ્રાપ્ત થાઓ, જેથી લોકમાં સહેલાઈથી દુર્ગતિને તરાય''. ભક્તિથી જ દુર્ગતિને સહેલાઈથી તરાય છે, કારણ કે તેમાં નૌકામાં બેઠેલાની જેમે તારવાનું કામ બીજાએ (ભગવાને) જ કરેલું હોય છે. તેથી તેમણે ભક્તિ માગી. બ્રહ્મા તો ભક્તિનું સાધન આપવા અથવા તેનો ઉપદેશ કરવા શક્તિવાળા ન હતા. છતાં દ્રોણ અને ધરા ઉપર ભગવાનની કૃપા હોવાથી બ્રહ્મા ''તેમ થાઓ'' એમ જ બોલ્યા. બ્રહ્માનું વચન ખોટું થતું નથી.

પછી દ્રોણે પોતાના સ્વર્ગમાં જ સન્તતિ ઉત્પન્ન કરી. પછી પ્રલય થતાં તેણે જાણ્યું કે ભવિષ્યમાં ભગવાનનો અવતાર થવાનો છે, ત્યારે બ્રહ્માની પ્રેરણાથી તે દ્રોણ અહીં વ્રજમાં 'નન્દ' નામથી જુમ્યો, અને તે જ ધરા યશોદા થઈ. કારણ કે તેમ જન્મ ન લે તો વ્યભિચાર થતાં ધર્મનો ક્ષય થવાથી ભક્તિ ન થાય. પછી 'જના' એટલે અવિધાનું અર્દન (નાશ) કરનાર જનાર્દન ભગવાન તેમના પુત્ર થયા. બ્રહ્માનું વચન સત્ય કરવા શ્રીકૃષ્ણે બલભદ્ર સાથે વ્રજમાં વસતા નન્દ અને યશોદા ની પ્રીતિ પોતાનામાં ઉત્પન્ન કરી. કારણ કે બ્રહ્મા પોતાના નીમેલા અધિકારી હોવાથી તેમનું વચન સત્ય કરવું જોઈએ. બલભદ્ર વેદરૂપ હોવાથી ભગવાને સાક્ષી માટે તેમને પોતાની સાથે રાખેલ. બ્રહ્માનું વરદાન જ ફળ્યું છે એમ સિદ્ધ થાય તે માટે બીજા કોઈ સાધનવાળા દેશમાં તે પૂર્ણ નહીં કરતા ભગવાને ગામડીઆના પ્રદેશ વ્રજમાં પધારી તે પૂર્ણ કર્યું. દ્રોણરૂપ નન્દ અને ધરારૂપ યશોદા ઉપર ભગવાનની એવી કૃપા હોવાથી માતા-પિતા દેવકી તથા વસુદેવ ને જે ભગવાનના બાળચરિત્રના અનુભવનો આનન્દ ન થયો તે તેમને થયો. આ બાળચરિત્રોના કવિઓ હજી ગાન કરે છે અને તે લોકોનાં મળને દુર કરે છે. તેનું શ્રવણ થતાં જ દોષ જતા રહે છે અને ગુણ આવે છે. નન્દ કરતાં પણ અધિક ભાગ્યવાળાં યશોદા હતાં. કારણ કે તેમના ધાવણનું સર્વના દુઃખ હરનાર હરિએ પાન કર્યું. તે પોતે તો એમ જ જાણતાં કે ભગવાન પોતાની ભૂખ મટાડવા ધાવણનું પાન કરે છે, એટલે તે તો પોતાને સર્વના દુઃખ હરનાર હરિનું પણ ભૂખરૂપ દુઃખ હરનારી માનતાં.

**દામોદરલીલાઃ**

દામોદરલીલા શ્રીકૃષ્ણનું ઘણું જ અદ્‌ભુત ચરિત્ર છે. શ્રીકૃષ્ણમાં નિશ્ચલ ભક્તિ ઉત્પન્ન કરાવનારું અને શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ જ છે એમાં સન્દેહ ન રહે તે સિદ્ધ

કરનારું આ ચરિત્ર છે.

યશોદાને જ્ઞાન થયું ત્યારે શ્રીકૃષ્ણે વૈષ્ણવી માયા વિસ્તારી તેમનામાં મોહ ઉત્પન્ન કરાવી ભક્તિમાં તેમની પ્રવૃત્તિ કરાવી. શ્રીકૃષ્ણે તેમને મોહ ઉત્પન્ન કરતાં તે ફરી સંસારમાં જોડાયાં. એક દિવસે જ્યારે ભગવાનની ઈચ્છાથી ઘરની બધી દાસીઓ ક્ષેત્ર સુધારવા, તેમાં લતા વિગેરેના ઘર બનાવવા ગઈ હતી ત્યારે યશોદા પોતે દહિં મથવા લાગ્યાં. એ રીતે સંસારમાં પરોવાયેલાં હોવા છતાં, દહિં મથતાં-મથતાં પણ ભગવાનનાં બાળચરિત્રનાં પ્રસિદ્ધ ગીતોનું સ્મરણ કરીને તે ગાતાં હતાં. ભગવાનનાં ચરિત્રનું ગાન અમૃતરૂપ હોવાથી દહીં બરાબર મથાતું ન હતું. તેથી ચરિત્રગાનને ગૌણ કરી તેમણે મથનમાં લક્ષ્ય રાખ્યું. ત્યારે પુત્ર ઉપરનાં સ્નેહને લીધે તેમનાં સ્તનો સ્ત્રવતાં હતાં. યશોદાએ એ રીતે દહીં મથવા માટે પોતાના દેહની પણ સંભાળ રાખી નહિ, અને પુત્ર ઉપરનાં સ્નેહને લીધે વધારે પડતું ધાવણ બહાર નીકળી જતું હતું તેનો પણ વિચાર કર્યો નહિ. નેતરું ખેંચવાથી થતા શ્રમને લીધે તેમનાં કંકણો, બે ભુજાઓ સુધી ફરતાં હતાં અને કુંડલો પણ હલતાં હતાં. સાંખ્ય અને યોગ બે કુંડલરૂપ છે. તે બન્નેને કલેશ થતો હતો. બે હાથના કંકણો ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ રૂપ છે. તેમના બે હાથ વિગેરે સર્વને કલેશ થતો હતો. તેમનું માથું પણ કાંપતું હતું. તેમને પરસેવો થતો હતો. ઘણો શ્રમ થવાથી ભક્તિના સારરૂપ પરસેવો પણ નીકળી જતો હતો. તેમના અંબોડામાંથી માલતી પણ ખરી પડતી હતી. (મા= લક્ષ્મી + અલમ્= પૂરી પડે તેવી છે જેમાં, તેવાં જગતનું+અતિ+ઈ=અતિક્રમણ અથવા ઉલ્લંઘન કરીને રહે તે) માલતી એટલે બ્રહ્મવિદ્યા, તે પણ ખરી પડતી હતી. યશોદાને એવી રીતે શ્રમ થતો હતો. અને તે 'જનની' હોવાથી તેમનો નિરોધ કરવો આવશ્યક હતો, તેથી ધાવવાની ઈચ્છા કરી ભગવાન તેમની પાસે આવ્યા અને રવૈયાને પકડી પોતા ઉપર પ્રીતિ ઉત્પન્ન કરતાં તેમણે યશોદાને દહિં મથતાં અટકાવ્યા. ત્યારે સંસારમાં આસક્તિ તજી યશોદાએ ખોળા ઉપર ચઢેલા શ્રીકૃષ્ણને ધવરાવવા માંડ્યા અને ધવરાવતાં તેમનું સ્મિતવાળું મુખ જોવા મંડ્યાં. યશોદા ત્યાં જ રહે તે માટે ભગવાન સ્મિત કરી તેમને મોહ કરતા હતા એટલામાં આંગણામાં અગ્નિ ઉપર દૂધ ઉકાળવા મૂકેલું તે યશોદાએ ઉભરાતું જોયું એટલે જેમની અંદરનાં બાળકોને ધાવણથી તૃપ્તિ થઈ નથી તેવા ભગવાનને પણ તજી દઈ ઝડપથી તે જતા રહ્યાં. દૂધ ઉભરતાં, દૂધ જાય અને દોષ થાય તેથી ભગવાનની પણ દરકાર મુકી દઈ, આંગણાંમાં જઈ તેમણે દૂધ ઉતાર્યું. તેથી પોતાની અંદરના બાળકો તૃપ્ત થયા નહીં હોવાથી ભગવાનને ક્રોધ થયો. એ ક્રોધ યશોદાને મારશે એમ જાણી ભગવાને પોતાના અધરને દાંતથી પીસ્યો અને છાશનું વાસણ ઓરસીઆના પથ્થરથી ફોડી નાખ્યું. અધરને પીસ્યો, એટલે યશોદાનો લોભ, જેને લીધે તેઓ ભગવાનને તજી દૂધ ઉતારવા ગયાં હતા તેનું નિવારણ થયું. અને છાશના વાસણમાં દૈત્યે પ્રવેશ કરેલો હોવાથી તેને શ્રીકૃષ્ણે યજ્ઞના આયુધરૂપ ઓરસીઆથી ફોડી નાખ્યું. પછી એકાન્તમાં પોતાની અંદરના બાળકોને માટે માખણ ખાધું.

યશોદાએ દૂધ ઉતાર્યું. ફરી ઉકાળી ઉતાર્યું. પછા ઘરમાં આવી દહીં મથતાં હતા ત્યાં ગયાં. ત્યાં જોયું તો દહીંનું વાસણ ભાંગેલું, માખણ ન મળે અને છાસનો પ્રવાહ વહેતો હતો. પોતાના પુત્રનું આ કામ છે એમ જાણીને તે હસ્યાં. ભગવાને દહીંની ગોળી ફોડી નાખી દૈત્યનું નિવારણ કરેલ હોવાથી યશોદા હસ્યાં પણ તેમને ક્રોધ ન આવ્યો. યશોદાનું લૌકિક જ્ઞાન દ્દઢ હતું તે દૂર કરવા, અને તેમને તેવું જ્ઞાન દ્દઢ છે એમ જણાવવા, તેમને તામસભાવ ઉત્પન્ન કરાવવા શ્રીકૃષ્ણ ત્યાંથી જતા રહેલા. યશોદાએ દૈત્યના આવેશને લીધે જે માખણ વિગેરે પ્રાપ્ત કરેલ અને શીકામાં રાખેલ તે શ્રીકૃષ્ણે ઉંધા વાળેલા ખાંડણીઆ ઉપર ઉભા રહી પોતાની ઈચ્છા પ્રમાણે માકડાંઓને આપવા માંડ્યું. પહેલાં યશોદાએ શ્રીકૃષ્ણને જોયા નહિ એટલે શોધવા માંડ્યા. શોધતાં ફરીથી તેમનામાં ચિત્ત ચોંટ્યું એટલે તેમને ભગવાનનાં દર્શન થયાં. તે સમયે ભગવાનનાં નયનો ચોરી કરનારના જેવા ભયવાળાં જણાયા. વસ્તુતઃ સ્નેહને લીધે સ્તનો સ્ત્રવત હોવા છતાં, ભગવાનને ન ધવરાવતાં ધાવણને રોકી રાખી યશોદાએ ચોરીનો અપરાધ કરેલો. આ તેમનો અપરાધ ફીટાડવા ભગવાન તેમનું માખણ લઈ જઈ માકડાંઓને આપતા હતા. એટલે કે યશોદાના ચોરીના દોષનું નિવારણ કરવા શ્રીકૃષ્ણ પોતે સર્વના પતિ હોવા છતાં ચોર થયા. ભગવાન માખણ લઈ ગયા તેને લોકમાં ચાલતી રીત પ્રમાણે ચોરી કહેલી છે. તેથી ભગવાને ચોરી કરી છે એમ માની પીઠ તરફથી ભગવાનને જોતાં યશોદા ધીરે-ધીરે આવ્યાં. કારણ કે પાપદષ્ટિવાળું ઝડપથી ભગવાન પાસે આવવા યોગ્ય નથી. વળી યશોદાએ લાકડી લીધી. વાછડાં હાંકવા લાકડી લેવાય તેથી ભગવાનમાં તેમને વાછડાંની બુદ્ધિ થએલી. તેમના આવા ભાવને લીધે તે પોતાની પાસે આવવા પણ યોગ્ય નથી એમ જાણીને ભગવાન ઝડપથી ખાંડણીઆ ઉપરથી ઉતરી, યશોદાથી ઉલટી બાજુએ મુખ રાખી, ભય પામેલા હોય તેમ દોડ્યા. યશોદા પણ ગોપી અથવા અલ્પબુદ્ધિવાળાં હોવાથી યોગીઓનું તપથી પ્રેરેલું મન પણ જેમને પહોંચી શકતું નથી તેવા ભગવાન પાછળ દોડ્યાં. ભગવાનમાં દોષ જોવાથી ભગવદીય પણ ભગવાનને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી ભાર ખેંચતા બળદની ગતિ જેમ ધીમી થાય તેમ નિતંબના ભારને લીધે યશોદાની ગતિ ધીમી થતી હતી. ઝડપ કરવાને લીધે ઢીલાં થયેલા કેશના બંધનમાંથી ખરી પડતાં પુષ્પો તેમની પાછળ જતાં હતાં (ક=બ્રહ્મા + ઈશ =શંકર). 'કેશ' એટલે ઉત્પતિ અને પ્રલયના અધિષ્ઠાતા દેવો. તે પણ અંબોડામાં બંધાએલ હતા. તેવા અંબોડામાંથી જે છૂટે તેમનું ફરી બંધન ન જ થાય. તેથી તેમાંથી છૂટેલાં પુષ્પો અને કેશો મુક્ત (જીવ) સમાન હતાં. તેઓ પણ યશોદાની પાછળ જતાં હતાં. કેશનો પણ બંધનમાંથી છૂટકારો થયો. ભગવાનને પ્રાપ્ત કરવા જવાની ક્રિયા પછી જ અંબોડો છૂટી ગયો અને તેમાંથી પુષ્પો છૂટી પડ્યાં. ભગવાનનો દોષ છે એમ માની તે તેમને પકડવા જતા હતાં તેથી તેમનો શ્રમ પ્રતિકુળ(ઉંધો) હતો, પરંતુ ભગવાનને પ્રાપ્ત કરવા કરેલો પ્રતિકુળ શ્રમ પણ સાર્થક થાય છે, તેથી યશોદાનો દોષ ગયો. તેમનામાં ગુણ આવ્યા અને મુક્ત (પુષ્પો) પણ તેમની પાછળ જવા લાગ્યા. તેથી તેમણે ચારે તરફથી

ભગવાનને પકડ્યા, એટલે તેમનું આલિંગન કર્યું.

યશોદાની દૃષ્ટિમાં શ્રીકૃષ્ણે દહીંનું વાસણ ફોડેલું એ અપરાધ કરેલો તેથી શ્રીકૃષ્ણ રડતા હતા. શ્રીકૃષ્ણ પોતે ઈશ્વર હોવાથી તેમનો કોઈ અપરાધ હોય નહીં, છતાં આ વ્યામોહ કરનારી લીલા છે. યશોદાને ભગવાન મોહ ઉત્પન્ન ન કરે તો તેમની ભગવાનમાં ઘણી આસક્તિ હોવાથી હવે પછી કરવાની લીલામાં તે વિઘ્ન કરનારાં થાય. લોકદષ્ટિ પ્રમાણે યશોદા તેમને મારશે એમ જાણી ભગવાન રૂદન કરે છે. તેમણે પોતાની પ્રકાશતી મેશવાળી આંખોને પોતાના હસ્તથી ચોળી ચળનો નાશ કર્યો. તે સમયે યશોદા તેમને ઉપરથી જોતી હતી પણ તેમના ચરણો જોતી ન હતી. જો ચરણો જોતી હોત તો તેને ભક્તિ થાત. પછી યશોદાએ ભગવાનને હાથથી પકડી ભય પમાડી ધમકાવ્યા. આસ-પાસ ઉભેલી ગોપીઓને ભગવાન જોતા હતા, અને તેઓ પણ પોતાનો દોષ ન દે તે માટે ભગવાન ભય પામતા હતા. પુત્રને ભય પામેલા જોઈને યશોદા તેમને મારવાના સંકલ્પથી લાકડી લાવેલાં તે તેમણે પુત્ર ઉપરના પ્રેમને લીધે નાખી દીધી છતાં તે પુત્રના વીર્યને જાણતા નહીં હોવાથી તેમણે પુત્રને દામણાંથી બાંધવાની ઈચ્છા કરી.

શ્રીકૃષ્ણ પોતે ભગવાન છે. તેમના સ્વરૂપનો વિચાર કરતાં તેમનું બંધન થઈ શકે જ નહિ. બંધનથી બે કાર્યો થાય (ક)બહારથી રોકાણ અને (ખ)અંદરથી દુઃખ. ભગવાન તો પૂર્ણ છે અને સર્વ પદાર્થો વ્યાપીને રહેલા છે, તે કોઈની અંદર સમાએલા હોતા નથી, અને અવયવ વિનાના હોવાથી તેમની હદ બાંધનાર કોઈ હોતું નથી. અંતર્યામી બ્રાહ્મણમાં જણાવેલું છે કે ભગવાન પૃથ્વી વિગેરે સર્વની અંદર રહેલા છે, છતાં પૃથ્વી વિગેરે કોઈ ભગવાનથી જુદું નથી. તેથી સર્વની અંદર રહેલા ભગવાનનો કોની અંદર સમાવેશ થાય? તેથી ભગવાનમાં અંદરપણું (કોઈ પદાર્થની અંદર રહેવાપણું) નથી. વળી ભગવાનમાં બહારપણું (કોઈ પદાર્થની બહાર જ રહેવાપણું) પણ નથી, કારણ કે બહાર રહેલું આકાશ જ ભગવાનની અંદર રહેલું છે, અને આકાશની બહાર કંઈ પણ છે જ નહીં. બંધન ચારે તરફ ફરી વળનારું હોય છે. જેના દિશાઓથી વિભાગ થતા હોય તેનું જ આવું બંધન થઈ શકે. ભગવાનની તો પૂર્વે કંઈ પણ નથી. તેમજ પશ્ચિમે પણ કંઈ પણ નથી. એ જ પ્રમાણે તેમની ઉત્તરે તેમજ દક્ષિણે પણ કંઈ પણ નથી. બધી દિશાઓમાં ભગવાન પોતે જ છે. તેથી સ્વરૂપથી થતાં, તેમજ દિશાઓથી થતું અંદરપણું-બહારપણું, આગળપણું-પાછળપણું વિગેરે ધર્મો ભગવાનમાં નહીં હોવાથી તેમનું બંધન થવાનું સંભવતું જ નથી.

બંધનનાં સાધન દોરડાં વિગેરેનો વિચાર કરતાં પણ ભગવાનનું બંધન થવાનું સંભવતું નથી, કારણ કે તેવા સાધનના આગલા તથા પાછલા ભાગમાં પણ ભગવાન જ રહેલા છે. યશોદાએ જ ભગવાનમાં સર્વ પદાર્થો જોએલ હોવાથી તે પોતે જ આ વિષયમાં પ્રમાણ છે. ભગવાન સર્વ સ્થળે રહેલા હોવાથી બધા પદાર્થોની બહાર છે, અને સર્વ પદાર્થોની અંદર રહેલા હોવાથી સર્વની અંદર પણ છે. વળી સર્વ પદાર્થોનું સ્વરૂપ પણ પોતે જ છે. વળી ભગવાન જગત્ બનેલા છે. ભગવાન જગદ્રૂપ હોવાથી તેમનું બંધન ન થાય,

કારણ કે કોઈ પોતાની મેળે પોતાથી બંધાતું નથી. જો કોઈ પોતાની મેળે પોતાથી બંધાતું હોય તો બંધન કરનારાં દોરડાં નકામાં થાય. વળી ભગવાન જગન્મય છે, બધુંએ જગત્ વ્યાપીને રહેલા છે. આમની આજ્ઞાથી જ જગત્ કાર્ય કરે છે, તો પછી આ પોતાનું બંધન કરવા જગતને કેમ પ્રેરણા કરે? આવા ભગવાન શ્રીકૃષ્ણને પોતાથી ઉત્પન્ન થએલા પુત્ર માની, બાળકને જેમ બાંધે તેમ યશોદાએ બાંધવા માંડ્યા.

ભગવાને પોતાની અંદર બે દોષ દર્શાવેલા (૧)યશોદાના પુત્ર હોવાપણું અને (૨)તેનો અપરાધ. તેથી દોરડું પોતાની અંદર અને બહાર રહેલા ભગવાનને તિરોહિત થએલા માની, પોતે બહાર રહી અંદર રહેલા ભગવાનની આસપાસ વીંટાવા માંડ્યું. ભગવાનને તિરોહિત થએલા માન્યા ન હોત તો તેમની બહાર પણ દોરડું ન હોત અને તે વીંટાતું પણ ન હોત. છતાં તે ભગવાનની ચારે તરફ વીંટાઈ શક્યું નહિ, કારણ કે તેના આગળના અને પાછળના ભાગમાં (બન્ને છેળે) ભગવાન જ હતા. તેથી તે દોરડું બે આંગળ ઘટ્યું. લોકમાં પ્રથમ માપ આંગળનું છે, અને થોડો ફેર હોવા છતાં મોટાં દોરડાં જોડવામાં આવે તેથી આશ્ચર્ય થાય તે માટે, તે બે આંગળ ઘટ્યું. ભગવાનનાં દર્શન થાય તે માટે જ તેમનાં વ્યાપકપણાનો તિરોભાવ થયેલો તેથી દોરડું મોટું હોવા છતાં ભગવાનનું ઉદર મોટું દેખાતું ન હતું. તેથી તે દોરડાં સાથે બીજું તેટલી જ લંબાઈનું દામણું યશોદાએ સાંધ્યું. તે સાંધેલું પણ ઉપર જણાવ્યા પ્રમાણે જ બે આંગળ ઘટ્યું, એટલે ત્રીજું સાધ્યું. તે ત્રણ દામણાં સાંધી કરેલું દોરડું પણ બે જ આંગળ ઘટ્યું. મનુષ્યબુદ્ધિ પ્રમાણે યશોદાએ પછી ઘણાં દામણાં સાંધ્યા, છતાં સંધાએલ દોરડું બે જ આંગળ ઘટ્યા કર્યું. ભગવાને ઉપર જણાવેલ બે અપરાધ યશોદાના ઘરમાં જ દર્શાવેલા, તેથી તેમના ઘરનાં જ દામણાં સંધાયા. બીજી ગોપીઓમાં તો અંદરથી અથવા બહારથી ભગવાનનો તિરોભાવ થયેલ નહિ હોવાથી તેઓની ભગવાનને બાંધવાની પ્રવૃત્તિ જ થઈ નહિ. દોરડાં લાવવાનું કામ પણ યશોદા જ કરતાં, કારણ કે આવું કાર્ય કરનારીને તેમાં બીજું કોઈ સાહાય્ય કરે નહિ. પછી ઘણાં દામણાં સંધાતા પણ ભગવાન બંધાયા નહિ ત્યારે યશોદાને વિસ્મય થયો. તેમણે બીજા દોરડાં શોધવા ઘણો પ્રયત્ન કર્યો. તેમ છતાં બંધન કરવાનું સામર્થ્ય ન રહેતાં ગોપીઓની સમક્ષ તે ઘણી લજ્જા પામી અને માનભન થતાં સંકલ્પ પાર નહીં પડવાથી મરેલી જેવી થઈ. તેનાં અનો પરસેવાથી ભીંજાઈ ગયાં અને અંબોડામાંથી માલા ખરી પડી. અહીં-તહિં ફરવું, ખેદ, પરસેવો, મુખનું સૂકાવું, ઘણી ગ્લાનિ વિગેરે પોતાની માતાનો પરિશ્રમ જોઈ તેમનું દુઃખ દૂર કરનાર બીજું કોઈ સન્તાન તેમને નથી એમ વિચારી, કૃપા કરી, ભગવાન પોતે પોતાનો જ બંધ કરનાર ત્રણ આંગળના દોરડાંરૂપ થયા. એટલે બે આંગળથી ઘટતું દોરડું પૂરૂં થયું અને એક આંગળની ગાંઠ વળી. એવી રીતે પોતાની તરફ અપકાર કરનાર ઉપર પણ, ''આ મારા છે'' અવું ભગવાનમાં માત્ર અભિમાન હોવાને લીધે, ભગવાન ઘણી જ કૃપા કરે છે. આ લીલાથી ભગવાને એમ દર્શાવેલ છે કે ભગવાન ભક્તને વશ છે. ભગવાન સર્વના દુઃખ હરનાર હરિ છે, પણ કાંઈ પણ સમ્બન્ધ વિના

સર્વના દુઃખ હરે તો સંસારનો લય થાય. તેથી જ્યાં સમ્બન્ધ હોય ત્યાં ભગવાન કૃપાળુપણું દર્શાવે છે. કૃપા સર્વ ધર્મો અને ધર્મીઓ થી વધારે બળવાળી છે. જુદા-જુદા દેવતાઓ સહિત સર્વ જગત્ ભગવાનને વશ છે, છતાં ભગવાન ભક્તો પ્રતિ કૃપા દર્શાવી તેમને વશ થાય છે. આવી કૃપા ભગવાને બ્રહ્મા, શંકર અથવા લક્ષ્મી ઉપર પણ કરી નથી. બ્રહ્મા ભગવાનના પુત્ર છે, પ્રવૃત્તિમાર્ગના સર્વ ધર્મોના પ્રર્વતક છે, અને સર્વને ઉત્પન્ન કરનાર છે. શંકર ભગવાનના પૌત્ર છે, સર્વ નિવૃત્તિ ધર્મોના પ્રર્વતક છે, પ્રલય કરનારા છે, અને ભગવાનને પ્રાપ્ત કરવા જ સર્વ તજી તપ કરે છે. લક્ષ્મી ભગવાનનાં પત્ની છે, બ્રહ્માનન્દરૂપ છે, ભગવાનના વક્ષઃસ્થલ ઉપર રહે છે, જગત્‌ની માતા છે, અને સદા ભગવાનની સેવા કરવા તત્પર રહે છે. યશોદા ઉપર ભગવાને જે આ કૃપા કરી તેવી આ કોઈ ઉપર ભગવાને કરી નથી. સર્વને મુક્ત કરનાર કોઈ પણ પોતાને જ બાંધે એવું ન બને, તેથી કોઈએ આ કથા પહેલાં કહેલી નથી.

આ ભગવાનનું બંધન કહેલું નથી, પરંતુ ભગવાન ભક્તોને વશ છે એ કથા કહેલી છે. જેટલા કર્મ કરનારાઓ દેહના અભિમાનવાળા છે, તથા જે અભિમાન વિનાના અને મુક્ત જ્ઞાનીઓ છે તેઓ પણ આ ભગવાનને સહેલાઈથી પ્રાપ્ત કરી શકતા નથી. જ્ઞાનીઓ તો આત્મારૂપ નાવવાળા છે. સંસારરૂપ સમુદ્રને તરવાનો ઉપાય આ આત્મારૂપ નાવ છે, છતાં માત્ર સમુદ્રને તરી જવાથી તેના બીજા છેડે રહેલ મહારાજા પ્રાપ્ત થતા નથી. ભક્તિવાળાને તો ભગવાન અહીં જ સ્હેલાઈથી પ્રાપ્ત થાય છે. સર્વ ભક્ત થાય, એવા હેતુથી ભગવાન આ પ્રમાણે યશોદાને વશ થયા છે.

આ દામોદરલીલાથી પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ જ છે એમ સિદ્ધ થાય છે, કારણ કે જે જે સ્વરૂપથી સર્વરૂપ ન હોય તેના તે સ્વરૂપનું બંધન ન થાય એમ સમ્ભવતું નથી. યશોદાએ જે દામણું લીધું તે દામણાંથી શ્રીકૃષ્ણનું બંધન થઈ શક્યું નહીં, કારણ કે તેના આરમ્ભમાં તેમજ અંતમાં એટલે બન્ને છેડે ભગવાન જ છે. ઘણાં દામણાં સાંધતાં સંધાએલું મોટું એક જ થયું તેનાથી પણ એ જ કારણે બંધન થઈ શક્યું નહિ. તેથી ભગવાનનું જે ઉદર દેખાતું હતું તે જ સર્વ વસ્તુઓમાં વસ્તુનું સ્વરૂપ જ છે. કારણ કે દરેક વસ્તુના આરમ્ભમાં અને અંતમાં પણ તે ઉદર જ હતું. તેથી જ બંધન થઈ ન શકે એ યોગ્ય જ છે (૨।૭।૩૦ ઉપરનાં શ્રીસુબોધિની).

**યમલાર્જુન ભંગઃ**

શ્રીકૃષ્ણ પોતે બંધાયા ત્યાર પછી યશોદા પાછાં ઘરકામમાં ગુંથાયા. શ્રીકૃષ્ણે તે સમયે બે અર્જુનના વૃક્ષો જોયાં. આ યમલ એટલે એક સ્થળે ઉત્પન્ન થયેલાં અને મૂળમાં મળેલાં (એક હોય તેવાં) બે આસુંદરાના વૃક્ષ હતાં. પહેલા એ બે 'નલકૂબર' અને 'મણિગ્રીવ' નામના કૂબેરના બે પુત્રો હતા. તેઓ રુદ્રના સેવકો હતા. તેઓ ઘણા અહંકારી અને મદવાળા હતા. એક સમયે તેઓ વારુણી મદિરાનું પાન કરી, મદથી ઘેરાતા લોચનવાળા થઈ કૈલાશના ઉપવનમાં મંદાકિની(ગંગા) સમીપ ફરવા લાગ્યા. તેઓની

પાછળ સ્ત્રીઓ ગાન કરતી ફરતી હતી. પછી કમળના વનની હારો જ્યાં હતી ત્યાં ગંગાના જળમાં પ્રવેશ કરી, હાથીઓ જેમ હાથણીઓ સાથે ક્રીડા કરે તેમ તેઓ સ્ત્રીઓ સાથે ક્રીડા કરવા લાગ્યા. પવિત્ર જળવાળાં ગંગાના જળમાં ક્રીડા કરવાની શાસ્ત્રની મના છે છતાં તેઓ ક્રીડા કરવા લાગ્યા. ત્યાં અકસ્માત્ દેવર્ષિ નારદે તેમને જોયા, અને મત્ત થયેલા જાણ્યા. નારદને જોઈને તેમની સાથેની વસ્ત્રરહિત સ્ત્રીઓ (અપ્સરાઓ) શરમાઈ, અને શાપના ભયથી તેમણે તરત જ વસ્ત્રો પહેરી લીધાં. પણ નલકૂબર અને મણિગ્રીવે ન જ પહેર્યાં. નગ્નનું દર્શન પણ અમંગલ અને નિષિદ્ધ છે, અને સ્ત્રીઓના સંગમાં ક્ષોભ ઉત્પન્ન કરનારૂં છે. વળી આ બે દેવના પુત્રો હોવા છતાં મદિરાથી મત્ત અને લક્ષ્મીથી આંધળા થએલા હતા. તેથી નારદે તેમના ઉપર કૃપા કરી તેમને શાપ આપવાની પ્રવૃત્તિ કરતાં કહ્યુંઃ

''વિષયો ભોગવનારની બુદ્ધિને નાશ કરનાર રજોગુણ લક્ષ્મીના મદ જેવો બીજો કોઈ નથી. કારણ કે સન્માર્ગ અથવા સત્સંગ સદ્‌બુદ્ધિથી પ્રાપ્ત થાય છે પણ લક્ષ્મીના મદને લીધે તો કોઈ સમયે સદ્‌બુદ્ધિ થતી નથી. હર કોઈ વિષયનું સેવન જ બુદ્ધિનો નાશ કરે છે તો પણ બહારના અને અંદરના દોષના સમૂહરૂપ લક્ષ્મીના મદથી જેવો બુદ્ધિનો નાશ થાય છે તેવો બીજા કોઈથી થતો નથી.

''**વિદ્યામદો ધનમદઃ તથૈવાભિજનો મદઃ, એતે મદા મદાન્ધાનાં તએવ હિ સતાં દમાઃ**'' મદથી અન્ધ થએલાઓને વિદ્યાનો મદ, ધનનો મદ અને ઉત્તમ કુળમાં જન્મનો મદ એ ત્રણ મદ હોય છે. આ ત્રણ મદોમાં ધનનો મદ વચ્ચે રહેલો છે. અને જેમ વચ્ચે રહેલું ઘર બળે ત્યારે તેની બન્ને બાજુએ રહેલાં ઘરોને પણ બાળે છે તેમ બીજા બન્ને મદોને ઉત્પન્ન કરે છે. આ ધનના મદમાં સ્ત્રી, દ્યૂત અને મદિરા છે. તેઓ પ્રાણીઓને સર્વ પ્રાપ્ત કરાવનારાં કાયા, વાણી અને મનનો નાશ કરે છે. સ્ત્રી કાયાનો નાશ કરનારી છે. દ્યૂત જુઠથી ભરપૂર હોઈ વાણીનો નાશ કરનારૂં છે. અને મદિરા બુદ્ધિનો એટલે મનનો નાશ કરનારી છે. વળી દ્યૂત મદિરા અને સ્ત્રી એ ત્રણે અધર્મના પાદ છે. લક્ષ્મીનો મદ હોય ત્યાં આ ત્રણે દોષ હોય છે જ. વળી લક્ષ્મીના મદવાળા આ નાશવન્ત દેહને ઘડપણ વિનાનો અને મૃત્યવિનાનો માને છે અને તેથી નિર્દય અને અજીતેન્દ્રિય થઈ પશુઓને ભક્ષણ કરવા હણે છે. તેઓ નિર્દય હોવાથી કોમળ માંસ માટે કાચા બાંધાના બાળ પશુઓને પણ હણે છે. વાસ્તવિક રીતે દેહ ઘડપણ વિનાનો તથા મૃત્યુ વિનાનો નથી. દેવોનું આયુષ્ય મનુષ્યોથી વધારે હોય છે છતાં તેમને પણ ઘડપણ અને મૃત્યુ આવે છે જ. દેવોનો દેહ પણ 'દેહ' હોવાથી અન્તવાળો જ છે. અને અંતે કીડા, વિષ્ઠા અથવા ભસ્મ જ બને છે. કારણ કે દેહને બાળવામાં આવે તો તેની ભસ્મ થાય છે, ખાવામાં આવે તો તેની વિષ્ઠા થાય છે, અને સડે તો કીડા થાય છે. આમ હોવાથી આવા દેહ માટે પ્રાણીઓને હણે છે તે પોતાનો સ્વાર્થ જાણતો નથી જ. કારણ કે પ્રાણીઓનો દ્રોહ કરવાથી નરકમાં પડાય છે. લક્ષ્મીનો મદ હોય ત્યાં સદા હિંસા હોય છે જ. સ્ત્રીનું સેવન કરનારા પણ પોતાનો સ્વાર્થ જાણતા નથી. તેમને પણ ધર્મ અને સત્સંગ પ્રાપ્ત થતા નથી.

''લક્ષ્મી તથા સ્ત્રીઓ દેહને સુખ આપનારાં છે એમ માની દેહના સુખ માટે પ્રયત્ન કરવો યોગ્ય નથી. અર્થશાસ્ત્રમાં દેહનું રક્ષણ કરવા કહેલું છે, પરંતુ તે અવિચારથી કહેલું છે. વિચાર કરો કે દેહ કોનો છે? દેહની ઉત્પતિ બે પ્રકારની છે. ૧.આરમ્ભની અને ૨.દરરોજ થતી. જો દરરોજ ઉત્પત્તિ થતી હોય તો દેહ અન્ન આપનારનો ગણાય, કારણ કે દેહ અન્નમય છે. આરમ્ભની ઉત્પત્તિ ગણીએ તો દેહ નિષેક કરનાર પિતાનો ગણાય. લોકોમાં ગણાય છે તેવી ઉત્પત્તિ ગણીએ તો દેહ માતાનો ગણાય. દેહને પિંડ આપનાર તરીકે પરલોકનું સાધન ગણીએ તો તે માતાના પિતાનો ગણાય. કારણ કે જે કન્યાને પુત્રિકા કરવામાં આવે છે, એટલે જેના લગ્ન સમયે તેનો પિતા એવો સંકલ્પ કરે છે કે આ કન્યામાં જે પ્રથમ પુત્ર ઉત્પન્ન થાય તે મારો પુત્ર થશે, તે કન્યાનો પુત્ર જે પિંડ મૂકે તે તેની માતાના પિતાને પ્રાપ્ત થાય છે. સંસારના સમ્બન્ધથી વિચારીએ તો દેહ તેને ખરીદનારનો છે, અથવા જે બાંધીને લઈ જાય તેનો છે. અન્તનો વિચાર કરીએ તો દેહ અગ્નિનો છે, અથવા કૂતરાંનો છે. પણ જો તેમાં કીડા પડે તો તે કોઈની માલિકીનો રહેતો નથી. વાસ્તવિક રીતે આ દેહ, ઉપર જણાવેલ પૈકી કોઈની પણ માલિકીનો નથી, કારણ કે પ્રકૃતિમાંથી જ તે ઉત્પન્ન થાય છે, અને પ્રકૃતિમાં જ લય થાય છે. છતાં પોતાના દેહને પોષવા બાળ પ્રાણીઓની પણ હત્યા કરનારા દુષ્ટ લક્ષ્મીના મદથી આંધળા થએલ હોય તેઓનું અઞ્જન ગરીબાઈ છે. જેમ તિમિર, કામલ વિગેરે ચક્ષુના રોગથી આંધળા થએલ હોય તેમને અઞ્જન આપવાથી દ્રષ્ટિ આવે છે, પણ સ્વભાવથી જ આંધળો હોય તેને કેમે કરીને દૃષ્ટિ આવતી નથી, તેમ આ લક્ષ્મીના મદથી આંધળા થયેલ હોવાથી, જેનાથી લક્ષ્મી જાય તે જ આમનું અઞ્જન છે, તેવી ગરીબાઈ છે. ગરીબાઈ સર્વથી ઉંચું અઞ્જન છે. તે દોષ મટાડે છે અને ગુણ પણ ઉત્પન્ન કરે છે. કારણ કે ગરીબ જ પોતાની સરખામણીથી પ્રાણીઓને જુએ છે. જેમ કાંટાથી વીંધાએલો બીજા પ્રાણીઓને તેવી પીડા થાય એમ ઈચ્છતો નથી અને પોતાના અનુભવ સર્વ જીવોને સમાન જાણે છે, તેમ જેને કાંટો ન વાગ્યો હોય તે જાણતો નથી. ગરીબાઈ મોક્ષ પ્રાપ્ત કરાવનારી હોવાથી સ્વરૂપથી દુઃખરૂપ હોવા છતાં તપની જેમે ઈચ્છવા યોગ્ય છે. તે મોક્ષ પ્રાપ્ત કરાવે છે, કારણ કે ગરીબને અહંકાર હોતો નથી. અને અહંકાર ન હોવો એ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. અહંકારરૂપ સ્તંભથી જ અજ્ઞાનરૂપ ઘર સારી રીતે સ્થિર રહે છે. વળી ગરીબને કોઈ પ્રકારનો મદ હોતો નથી. તે અકસ્માત જ દુઃખ પ્રાપ્ત કરે છે એ જ એનું મોટું તપ છે. દુઃખથી પ્રાપ્ત થાય તેવું તપ તેને પોતાની મેળે પ્રાપ્ત થાય છે. તેનો દેહ સદા ભૂખથી ક્ષીણ રહે છે અને ઈન્દ્રિયો શોષાઈ જાય છે. હિંસા કરવાની તેનામાં શક્તિ રહેતી નહીં હોવાથી તે હિંસા કરતો નથી. ઈન્દ્રિયોનો જય તેને સ્વભાવથી પ્રાપ્ત થાય છે. સાધુઓના સંગથી તેની તૃષ્ણા મટી જાય છે. સાધુઓ ભગવાનથી પ્રેરાઈ લોકોનો ઉદ્ધાર કરવા ચારે તરફ ફરે છે, અને ગરીબનું ઘર ખુલ્લું હોવાથી તેઓ ત્યાં જ જાય છે. ધર્મ કરવા અથવા યાત્રા કરવા માટે ધનની તૃષ્ણા ગરીબને રહેતી નથી, અને તૃષ્ણાનો ક્ષય થવાથી તેને તરત જ મોક્ષ પ્રાપ્ત થાય છે. ધનવાનોને સાધુઓનો

સંગ થતો નથી, કારણ કે તેઓના ધર્મો પરસ્પર વિરૂદ્ધ છે. સાધુઓ સદાચારવાળા છે, અને ધનવાનો દુષ્ટ આચાર વાળા હોય છે. સાધુઓ સમચિત્તવાળા છે, અને ધનવાનો વિષમચિત્તવાળા હોય છે. સાધુઓ મુકુંદના ચરણારવિંદની ઈચ્છાવાળા હોઈ તેની શોધમાં તત્પર હોય છે અને ધનવાનો દુષ્ટોનો જ આશ્રય કરે છે, કારણ કે ધન દુષ્ટો પાસે જ રહે છે, અને તે પ્રાપ્ત કરવા ધનવાનો દુષ્ટોના ચરણને શોધી તેમનો જ આશ્રય કરે છે. તેથી ધનવાનોને સાધુઓનું પ્રયોજન હોતું નથી.

આ કુબેરના પુત્રો ૧.સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલી દૈત્યભાવ જાગ્રત કરનારી વારુણીનું પાન કરી મત્ત થયેલા ૨.લક્ષ્મીના મદથી આંધળા બનેલા અને ૩.અજિતેન્દ્રિય હોઈ સ્ત્રીલમ્પટ થએલા છે. તેમનો મદ ઉતારવો જોઈએ. તેમને ગરીબાઈ પ્રાપ્ત કરાવવી જોઈએ અને તેમના નિંદિત કર્મને લીધે તેમને સ્થાવરપણું પ્રાપ્ત થવું જોઈએ. આ બે લોકપાલ કુબેરના પુત્રો થઈ અજ્ઞાનમાં ડૂબેલા છે અને ઘણા દુષ્ટ મદવાળા હોઈ પોતે વસ્ત્રરહિત છે તે પણ જાણતા નથી. તેથી સ્થાવર(=વૃક્ષ) થવા યોગ્ય છે, જેથી ફરીથી એવા દુષ્ટ ન જ થાય. વૃક્ષયોનિમાં પણ મારી કૃપાથી તેમને આ વૃત્તાન્તનું સ્મરણ રહેશે. વળી હું તેઓ ઉપર અનુગ્રહ કરી તેમના દોષ ગ્રહણ કરું છું એટલે દિવ્ય એકસો વર્ષ પૂરા થતાં વાસુદેવ તેમની પાસે પધારતાં, તેઓ પોતાના લોકને પ્રાપ્ત કરશે અને ભક્તિવાળા થશે.'' એમ કહી નારદ ત્યાથી નારાયણના આશ્રમે ગયા અને નલકૂબર-મણીગ્રીવ યમલાર્જુન વૃક્ષો થયા. આ પ્રમાણે નારદે તેમના ઉપર કૃપા કરી તેમને શાપ આપ્યો. બાળક બીજાનો અપરાધ કરે ત્યાર પિતા શિક્ષા કરે છે. કર્મથી પ્રાપ્ત થતું અનિષ્ટ ફળ હોવા છતાં તે બહુ દુઃખ આપનારું હોતું નથી. તેથી કર્મનો અધિકારી કુબેરના પુત્રોને તેમના દુષ્ટ કર્મનું ફળ આપવાનો વિચાર કરે તે પહેલાં જ નારદે શાપ આપ્યો તેથી તેઓ વનમાં વૃક્ષ ન થયા. વળી વૃક્ષોમાં આસુંદરા વૃક્ષોની મુક્તિ થવાનું પ્રસિદ્ધ છે, એટલે નારદની કૃપાથી તેઓ આસુંદરા વૃક્ષો થયા. વળી તેઓ ગાયોને છાંયડો કરનારા અને મહાપુરુષ નન્દજીને સમાચાર આપનારા થશે. વળી વાસુદેવ તેમની પાસે આવશે અને તેમને પણ ભક્તિરૂપ ઉત્તમ ફળ પ્રાપ્ત થશે. તેથી નારદનો શાપ પ્રસાદરૂપ જ છે.

નારદે એ પ્રમાણે કહેલ હોવાથી, યમલાર્જુનને જોઈ, નારદનું વચન સત્ય કરવા ભગવાન શ્રીકૃષ્ણ ધીરે-ધીરે તે વૃક્ષો પાસે ગયા. અવાજ થાય તો સ્ત્રીઓ તેમની પાછળ-પાછળ આવે, તેથી શ્રીકૃષ્ણ ધીરે-ધીરે ત્યાં ગયા. ''જ્યારે સ્ત્રીઓ મને પણ આ પ્રમાણે ખાંડણીઆ સાથે બાંધે છે ત્યારે તમને બેને બંધન કેમ ન કરાવે? તેથી સ્ત્રીઓનો સંગ કરવો નહીં'' એમ તે બેને જણાવવા ભગવાન ત્યાં ગયા. યમલાર્જુન વૃક્ષો હોવાથી તેઓ આવે તે સંભવ ન હોવાથી ભગવાન પોતે જ તેમની પાસે પધાર્યા. પોતાના સેવકો ઉપર ભગવાનની આવી જ કૃપા હોય છે. ભગવાને વિચાર્યુ કેઃ ''દેવર્ષિ નારદ મને બહુ પ્રિય છે. વળી તે મારો ભક્ત છે; અને મારા ભક્તે કર્યું તે મેં જ કર્યુ. તેથી નારદ ઉપરના સ્નેહને લીધે મારે તેણે કહ્યું તેમ કરવું જોઈએ. વળી આ બે કુબેરના પુત્રો છે. કુબેર પણ ભક્ત હોવાથી આ બેનો

મૂળભાવ શુદ્ધ છે. તેથી હું તે બે વૃક્ષોમાં જ પ્રવેશ કરી તેમને સૂકવી નાખી, તેમના અધિદૈવિક ભાવ (ખાંડણીઆ)થી તેમને તોડી પાડી, તે બે દેવોનો ઉદ્ધાર કરી, તેમને દઢ ભક્તિવાળા કરીશ. આમ વિચારી શ્રીકૃષ્ણે જોડકાં અર્જુન વૃક્ષોમાં પ્રવેશ કર્યો. શ્રીકૃષ્ણ સદાનન્દ હોવાથી તેમનો પ્રવેશ થતાં તે બેનાં દુઃખ અને દોષ જતા રહ્યા. ખાંડણીઓ તો કાષ્ઠનો જ હતો, તેથી ભગવાન માત્ર વૃક્ષોની અંદર પ્રવેશ કર્યો એટલે તે પોતાની જાતના વૃક્ષોનો ઉદ્ધાર કરવા આડો થયો. જો તે સીધો રહેતો તો તે પણ ભગવાનની માફક બે વૃક્ષોની મધ્યમાંથી નીકળી જાત, તેથી તે આડો થયો. પછી ભગવાને તેને જરા ખેંચ્યો એટલામાં તો તે બે વૃક્ષો ભયંકર અવાજ કરી નીચે પડ્યાં. ભગવાનનાં સમ્બન્ધથી ભૂમિમાં સાત્વિક ભાવ થતાં ભીનાશ થઈ એટલે વૃક્ષોના સર્વ ભાગ ઢીલા થયા. મૂળના બંધો ઢીલા થવાથી ખાંડણીઓને ખેંચતા ભગવાને વૃક્ષોને પણ ખેંચી કાઢ્યાં. ભગવાનના ઉદરને દોરડું બાંધેલું, અહીં બાળકથી થોડું જ ખેંચાણ થાય. દોરડું પણ ઝીણું હોઈ બહુ ખેંચાય તો તુટી જાય. છતાં દોરડું તૂટ્યું નહીં, ખાંડણીઓ પણ ભાંગ્યો નહિ અને બન્ને વૃક્ષો પણ વચ્ચેથી ન ભાંગતા મૂળમાંથી ઉખડી પડ્યાં. તેથી દામોદર બાળક સાક્ષાત્ ભગવાન છે એમાં કાંઈ પણ સન્દેહ નથી. દોરડું ભગવદ્રૂપ હતું, તેથી ન તૂટ્યું. ખાંડણીઆએ ભગવાનના સમ્બન્ધથી આધિદૈવિક સ્થિતિ પ્રાપ્ત કરેલી હોવાથી તે પણ ન ભાંગ્યો, અને વૃક્ષો મૂળમાંથી પડ્યાં.

આ બે વૃક્ષો ઘણાં વિક્રમવાળા એટલે ભીમ અથવા હનુમાન થી પણ ઘણાં બળથી જ હલે તેવાં હતાં. તેમનાં થડ, પાન અને શાખાઓ ઘણાં કંપ્યા. થડ હલાવવું એ ઘણું કઠણ છે. તેમાં પણ નાનાં પાન જુદા હાલે એ બહુ આશ્ચર્ય કારક છે. પડતાં ઝાડોએ ઘણો ભયંકર અવાજ કર્યો. તે સમયે તેમના આસુર ભાવનો નાશ થતાં, તે ભાવના અભિમાનવાળા દેવતાનો એ અવાજ હતો. અસુરોનો નાશ કરનારી ભગવાનની ક્રિયાશક્તિનું આ મહાત્મ્ય છે. જેમ બે અરણિમાંથી અગ્નિ નીકળે તેમ બે વૃક્ષોમાંથી દિશાઓની કાંતિથી શોભતા બે દેવો નીકળ્યા. જેમ દામોદર (દોરડાંથી બંધાયેલ ઉદરવાળા) ભગવાન મુક્ત કરે છે તેમ જ નગ્ન (કુબેરના પુત્રો) પણ પીતામ્બર સમાન તે જ પ્રાપ્ત કરે છે, એ ભગવાનનું અદ્‌ભુત ચરિત્ર છે. તે દેવોએ શ્રીકૃષ્ણ પાસે આવી, મસ્તકથી પ્રણામ કરી બે હાથ જોડ્યા અને શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહ્યું:

''હે કૃષ્ણ! આપ પરપુરુષ છો. આ વિશ્વ આપનું રૂપ છે. આપ ભગવાન, કાલ, વિષ્ણુ, અને ઈશ્વર છો. શરીર વિનાના આપના અવતારો થાય છે. દેહવાળાઓમાં ન હોય તેવા અને જેની સમાન અથવા જેનાથી અધિક બીજે કયાંય નથી તેવા વીર્યોથી આપના અવતારો જણાય છે. કાલ કરતાં અધિક વીર્ય બીજા કોઈનું નથી. જે કાલનું પણ ઉલ્લંઘન કરે તેનું વીર્ય, જેનાથી અધિક અથવા જેની સમાન બીજા કોઈનું વીર્ય નથી તેવું ગણાય. આપનું તેવું પરાક્રમ પણ એક પ્રકારનું નથી. આપ ક્ષણમાં વિશ્વરૂપ થાઓ છો, ક્ષણમાં વામન થાઓ છો, દર્શન દો છો અને અદષ્ટ થાઓ છો. કોઈ દેહવાળામાં કોઈ સમયે ન હોય

તેવાં વીર્યોથી આપ ભગવાન જણાઓ છો. જો અલૌકિક કોઈક જ વાર થતું હોય તો આ હર કોઈ રીતે થયું એવી કલ્પના પણ કરાય, પરંતુ વાણી અને મન થી જેનો ખ્યાલ ન આવે તો તેવા પ્રભાવો સદા જોવામાં આવતા હોય તો ''આ ભગવાન છે'' એમ કેમ ન જણાય? એવી રીતે અવતારોમાં ''આ ભગવાન છે'' એવું જ્ઞાન અનુમાનથી થાય છે પણ પ્રત્યક્ષ થતું નથી. તેવા ભગવાન આપ સર્વ લોકના વિભવ અને ઐશ્વર્ય માટે હમણાં અવતરેલા છો. તેવા પરમ કલ્યાણ યદુઓના પતિ આપ શાંત વાસુદેવને અમે નમન કરીએ છીએ. અમને જવાની પરવાનગી આપો. અમારી વાણી આપના ગુણોનું કીર્તન કરવામાં, કાન આપની કથાનું શ્રવણ કરવામાં, હાથ સેવાના કાર્યોમાં, મન આપના બે ચરણોના સ્મરણમાં, માથું આપને પ્રણામ કરવામાં અને દષ્ટિ આપના દેહરૂપ સન્તોના દર્શનમાં સદા તત્પર રહો.

**''વાક્ શ્રોત્રે ચ કરૌ ચિતં શિરશ્ચક્ષુઃ તથૈવ ચ, ષડેતે ભગવત્કાર્યે યદિ સક્તાઃ કૃતાર્થતા, કીર્તને શ્રવણે ચૈવ ગુણાનાં રૂપદાસ્યકે, સ્વરૂપસ્મરણે નત્યામ્ અવતીર્ણસ્ય દર્શને''**. ૧.વાણી ૨.કાન અને ૩.હાથ ૪.ચિત્ત ૫.માથું તેમજ ૬.નયન જો આ છ (અનુક્રમે) ભગવાનનાં કાર્ય ગુણોનું કીર્તન તથા શ્રવણ, સ્વરૂપનું દાસ્ય, સ્વરૂપનું સ્મરણ, નમન અને અવતાર ધારણ કરેલ (ભગવાન)નાં દર્શનમાં આસક્ત થાય તો કૃતાર્થ થવાય છે. જેમ વરને આપેલી કન્યા બીજાની પાસે જતી નથી, તેમજ બીજો કોઈ તેની માગણી કરતો નથી, તેમજ પતિના ભયથી તે પણ કોઈ પણ રીતે બીજાના સમ્બન્ધમાં આવતી નથી, તેવાં અમારા વાણી વિગેરે થાઓ.''

એ પ્રમાણે તે દેવોએ સ્તુતિ કરી. જો તેમને સમ્પૂર્ણપણે ભક્તિ પ્રાપ્ત થાય તો તરત જ તેમનો (ભગવાનમાં) લય થાય, તેથી ભગવાને હસીને તેમને કંઈક મોહ ઉત્પન્ન કર્યો અને કહ્યું: ''તમે જેની પ્રાર્થના કરી તે મારા અધિકારી નારદે જ તમને આપેલ છે. ૧.મુક્તિ અને ૨.મારામાં પ્રેમ એ બે પુરુષાર્થ છે. કારણ કે નિરોધનાં આ બન્ને રૂપ છે. પ્રપઞ્ચને ભૂલવો તે મુક્તિ છે. લક્ષ્મીના મદથી આંધળા થએલા તમો બેનો નારદે વાણીવડે પાત કર્યો એ તમારા ઉપર અનુગ્રહ કરેલો છે. તેમના જેવા સમચિત્તવાળા સાધુઓના દર્શનથી બંધ રહેતો નથી. તેઓમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ હોવાથી તેમનાં દર્શનથી કોઈ રીતે બન્ધન રહેતું નથી. કર્મથી તમોગુણ મટે છે, નામથી રજોગુણ મટે છે અને ભક્તિથી સત્ત્વ મટે છે. તેથી કોઈ પણ અંશથી બન્ધન રહેતું નથી. મોક્ષના અધિકારી હોય તેઓનું બન્ધન આવા પુરુષથી મટે છે. હું ભગવાન તો તેવો અધિકાર ન હોય તેવાના બન્ધનને પણ મટાડું છું. તેથી ભાગ્યવાળા તમે બે તમારા ઘેર જાઓ. તમે છેલ્લા ભવરૂપ મારામાં ભાવ ઈચ્છેલ તે હવે તમને પ્રાપ્ત થયો છે.''

ભગવાને એમ કહ્યું ત્યારે ખાંડણીઆ સાથે બાંધેલ ભગવાનની તેમણે ઘણીવાર પ્રદક્ષિણા કરી. દરેક પ્રદક્ષિણા સમયે નમન કરી પોતાની દીનતા દેખાડી અને તેમની પરવાનગી લઈ ઉત્તર દિશામાં ગયા. એવી રીતે ભગવાને ગોકુલમાં વસેલા બે વૃક્ષોનો પણ નિરોધ કર્યો.

**શ્રીકૃષ્ણની બન્ધન મુક્તિઃ**

જ્યારે નલકૂબર અને મણિગ્રીવ સ્તુતિ કરી શ્રીકૃષ્ણની પરવાનગી લઈને ગયા, ત્યારે નન્દ વિગેરે ગોપોએ પડતાં વૃક્ષોનો અવાજ સાંભળ્યો. આ પણ ભગવાનની અદ્ભુત લીલા છે. ભગવાન સિવાય બીજા કોઈથી આવી રીતે અવાજ મોડો સંભળાય તેવી ગોઠવણ થઈ ન શકે. ગોપોને અવાજથી ભય લાગ્યો કે વીજળી પડી હશે. અવાજ સાંભળીને નન્દ વિગેરે ગોપો ત્યાં આવ્યા. ત્યાં તેમણે ભૂમિ ઉપર પડેલાં યમલાર્જુન વૃક્ષો જોયાં. જ્યાં ઉગેલાં ત્યાં જ તે પડ્યાં હતાં. ભૂમિની ભીનાશ તો બહિર્મુખોને દેખાઈ નહીં. વૃક્ષો પડવાનું કારણ એવા ખાંડણીએ દામણાથી બાંધેલા અને તેને ખેંચતા શ્રીકૃષ્ણ પણ ત્યાં જોયા. છતાં વૃક્ષોને શ્રીકૃષ્ણે ખાંડણીઓ ખેંચતા પાડ્યાં એમ તેમણે જાણ્યું નહીં, કારણ કે બાળક વૃક્ષોને પાડે એ તર્કથી વિરુદ્ધ છે. નૈયાયિક ભ્રાંત છે. જો કે ''જે અલૌકિક ભાવો છે તેમાં તર્ક યોજવો નહીં'' એવું શાસ્ત્રનું વાક્ય છે છતાં તર્કથી વિરુદ્ધ તે કંઈ માનતો નથી. બાળકોએ તેમને કહ્યું કે ''વૃક્ષો વચ્ચે આવેલા આ શ્રીકૃષ્ણે આડો પડેલ ખાંડણીઓ ખેંચતાં વૃક્ષો પાડ્યાં, અને તેમાંથી નીકડેલા બે પુરુષોને અમે જોયા.'' બાળકોએ પોતે પુરુષોને જોયાનું કહ્યું એટલે તેમનું જ્ઞાન ભ્રાંતિવાળું ન હતું. છતાં ગોપોએ તેમનું વચન પણ ન માન્યું. કેટલાકને બાળકોના વચનથી સંશય થયો કે આ શ્રીકૃષ્ણે તૃણાવર્ત વિગેરેને મારેલા તેથી વૃક્ષો પણ કદાચ પાડ્યાં હશે અથવા પોતાની મેળે વૃક્ષો પડ્યાં હશે. તેમણે કોઈ પ્રકારનો નિર્ણય કર્યો નહીં. પોતાન પુત્રને ખાણ્ડણીઓ ખેંચતા અને દામણમાંથી બાંધેલા જોઈને નન્દે બંધનથી છુટા કર્યા, અને બધાં દામણાં પણ છોડ્યાં.

**મુગ્ધલીલાઃ**

ગોપીઓ જ્યારે ભગવાનની ખોટી પ્રશંસા કરતી ત્યારે ભગવાન લાકડાની પૂતળી જેમે તેમને વશ થઈ કોઈ વાર નૃત્ય કરતા. દરેક ગોપી ભગવાનને પોતાના ઘેર લઈ જઈ ''હે કૃષ્ણ! નૃત્ય કરો તો લાડુ આપીશ. કૃષ્ણને જ નૃત્ય કરતાં આવડે છે, બલભદ્રને આવડતું નથી'' એમ ખોટી પ્રશંસા કરતી ત્યારે કોઈ વાર ભગવાન નૃત્ય કરતા અને કોઈ વાર ન પણ કરતા. વળી નૃત્ય કરે ત્યારે કોઈ વાર તંડુ અથવા પાર્વતી નૃત્ય કરે તેમ અને તેથી પણ હજારગણું સારું નૃત્ય કરે, અને કોઈ વાર ભોળપણ જણાવવા માત્ર બાળકની જેમે પોતાનો દેહ અને ચરણો હલાવે. વળી કોઈ ગોપી 'ગાઓ' એમ કહે ત્યારે કોઈ વાર શાસ્ત્રવિરુદ્ધ ગાન પણ કરે. લાકડાની પૂતડી જેમે ગોપી કહે તે પ્રમાણે તેને વશ થઈ ભગવાન નૃત્ય અથવા ગાન કરતા. ''બાંકડું લાવો'', ''શેરીયું લાવો'', ''પાદુકાઓ લાવો'' એમ ગોપી કહે તો કોઈ વાર તે-તે પદાર્થ પકડે અને સામાન્ય બાળકની જેમે તે ઉપાડી શકતા ન હોય એમ પોતાની અશક્તિ દેખાડે. કોઈ કહે કે ''મારી સાથે મલ્લયુદ્ધ કરો'' ત્યારે શ્રીકૃષ્ણ પોતાના બાહુ ઠોકતા જેમ પોતાના ભક્તોને પ્રીતિ ઉત્પન્ન થાય તેમ ભગવાન કરતા, અને લોકને એમ દેખાડતા કે પોતાનું સ્વરૂપ જાણનાર પોતાના સેવકોને પોતે વશ છે. જે પોતાનું સ્વરૂપ જાણતા ન હોય તેમને તો ભગવાન મોહજ ઉત્પન્ન કરતા. જુદા-

જુદા માર્ગને અનુસરનારાઓને પણ ભગવાન તે-તે માર્ગ પ્રમાણે ગ્રહણ કરે છે.

**વૃંદાવન નિવાસઃ**

ભગવાન શ્રીકૃષ્ણે બૃહદ્વનમાં એવી રીતે ક્રીડા કરી. પછી તેમની ઈચ્છા વૃંદાવનમાં ક્રીડા કરવાની થતાં ત્યાં જવા તેમણે ગોપોને પ્રરણા કરી એટલે ત્યાં જવા માટે મંત્રણા કરવા નન્દ વિગેરે ગોપો ભેગા થયા, અને વ્રજના કાર્યની મન્ત્રણા કરવા લાગ્યા. તેઓમાં નન્દનો સમ્બન્ધી ઉપનન્દ નામનો ગોપ જ્ઞાન-વયમાં અધિક હતો, અર્થના તત્ત્વને જાણતો હતો અને શ્રીકૃષ્ણ તથા બલભદ્ર નું પ્રિય કરનાર ભક્ત હતો. તેણે કહ્યુંઃ

''ગોકુળનું હિત ઈચ્છનારા આપણે અહિંથી બીજે સ્થાને જવું જોઈએ, કારણ કે અહિં મોટા ઉત્પાતો થાય છે. રાક્ષસી પૂતના બાળકોને હણતી હતી, તેણે આ શ્રીકૃષ્ણને જેમ-તેમ મૂકી દીધા. ભગવાનની કૃપાથી ગાડું પણ તેમના ઉપર ન પડ્યું. શ્યેન વિગેરે પક્ષીઓ આકાશમાં ઘણા ઊંચા ઉડે છે, ત્યાં સુધી ચક્રવાત આ બાળકને લઈ ગયેલો અને પછી શિલા ઉપર પડ્યો. આમ છતાં બાળકનું દેવોના ઈશ્વરે રક્ષણ કર્યું. વળી બે વૃક્ષોની વચ્ચે આવતા છતાં પણ આ બાળકને કાંઈ થયુ નહીં ત્યારે પણ પ્રભુએ તેમનું રક્ષણ કરેલું. તેથી ઉત્પાતથી વ્રજમાં અનિષ્ટ ન થાય તે પહેલા બાળકોને લઈ નોકરો સાથે આપણે બીજે સ્થળે જઈએ. મધુની પુત્રી વૃન્દાના નામથી પ્રસિધ્ધ નવું વૃંદાવન છે. તેમાં સ્ત્રીનું પ્રાધાન્ય હોવાથી તેને દૈત્યોનો સમ્બન્ધ નથી. વળી ભગવાને જાલંધરનો વધ કરવા વૃન્દાને ગ્રહણ કરેલી, તેથી તે દેવતાઓનું પણ રહેઠાણ હોવાથી. દેવોને અને દૈત્યોને પણ ગમતું તે સ્થાન છે. તેથી ત્યાં ઉત્પાત થવાની શંકા નથી. વળી તે નવું વન છે, તેથી ત્યાં સૂકાઈ ગયેલાં વૃક્ષો નથી, તેમજ શીઆળ, સર્પ વિગેરે પણ રહેતાં નથી. તે પશુઓનું હિતકારી છે. ગોપો ગોપીઓ અને ગાયોએ સેવવા યોગ્ય છે. ત્યાં ગોવર્ધન પર્વત છે અને ઘાસ તથા વેલોઓ ઘણા છે. ત્યાં આપણે જઈએ.''

ઉપનન્દનાં આવાં વચન સાંભળી બધાએ કહ્યું કેઃ ''આપણે આજે જ ત્યાં જઈએ''. પછી ઉપનન્દ વિગેરેએ કહ્યું કેઃ ''ગાડાં જોડો, ઢીલ ન કરો''. એ સાંભળી ગોપોએ એકમત થઈ પોતપોતાનાં નેસડાઓને ભેગા કરી ઘરવખરી ગાડામાં ચઢાવી ચાલવા માંડ્યું. વૃધ્ધો, બાળકો, સ્ત્રીઓ અને સર્વ ઘરવખરી ગાડાઓમાં રાખી, કવચ બાંધી, ધનુષ્ય ધારણ કરી, ગાયોને આગળ કરી, ચારે તરફ શીંગડાંઓ વગાડતા ગોપો તુરીના અવાજ કરતા પુરોહિતો સાથે ચાલવા લાગ્યા. સ્તન ઉપર લગાડેલ તાજા કંકુમથી શોભતી, સુવર્ણની કંઠીઓવાળી, ઉત્તમ વસ્ત્રો પહેરેલી ગોપીઓ રથમાં બેસી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણની લીલાઓ ગાતી જતી હતી. યશોદા અને રોહિણી એક શકટમાં શ્રીકૃષ્ણ અને બલભદ્ર ને ખોળામાં બેસાડી જતાં હતાં અને ગોપીઓ ગાતી તે લીલાનું શ્રવણ કરવા તત્પર રહેતાં. આ સમયે શ્રીકૃષ્ણ અઢી વર્ષના હતા. વૃદાવન અને ગોવર્ધન શ્રીયમુનાના ડાબા કિનારા ઉપર હતા, તેથી યમુના ઉતરવી પડે તેમ ન હતું. અક્રૂરના સ્થાને યમુનાને ઉતરવાનું સ્થળ હતું. યમુનાનો પ્રવાહ થોડો હતો પરંતુ તેમાં ધરા ઘણા હતા. યમુનાને

ઉતરી ગોપો ગયા હોય તો પણ યમુનાનો પ્રવાહ અલ્પ હોવાથી તેને ઉતર્યાનું વર્ણન કરેલું ન હોય, કારણ કે માત્ર વર્ષાકાળમાંજ યમુના ઉતરી ન શકાય તેવી હોય છે.

પછી ગોપો વૃદાવનમાં આવ્યા. અર્ધચન્દ્રાકારે શકટો ગોઠવી તેમણે રહેઠાણ કર્યું. વાડને ઠેકાણે ઘરો એટલે શકટો હતાં. વચમાં ગાયોને રહેવાનું સ્થાન હતું. એ પ્રમાણે રહેઠાણ કરવાથી બહાર જવાનું દ્વાર સર્વને નીકળવા તથા પ્રવેશ કરવા સગવડવાળું થયું. ત્યાં ઘર બાંધવાની જરૂર ન હતી કારણ કે વનજ સર્વ કાલમાં સુખ આપનારું હતું. રથો ક્રીડા કરવા રાખ્યા, ગાડાં લાકડાં લાવવા વિગેરે માટે રાખ્યાં અને શકટોથી અર્ધચન્દ્રાકારે રહેઠાણ ગોઠવ્યું. ત્યાં ગોવર્ધન, વૃંદાવન અને યમુનાના કીનારાઓ જોઈ શ્રીકૃષ્ણ-બલભદ્ર બહુ પ્રસન્ન થયા. વૃંદાવન રાજસ છે, ગોવર્ધન સાત્ત્વિક છે.

**વાછડાં ચારવાની લીલાઃ**

વૃંદાવનમાં બાળકના જેવી ચેષ્ટા કરતાં અને તોતડાં વાક્યો બોલતાં શ્રીકૃષ્ણ અને બલભદ્ર વ્રજવાસીઓને પ્રીતિ ઉત્પન્ન કરતા હતા. સમય આવતાં, ત્રણ વર્ષથી અધિક વયના થતાં, તેઓ વાછડાં પાળનારા થયા. વ્રજભૂમિની નજીક જ્યાંથી તેઓ વ્રજને જોઈ શકે અને વ્રજમાં રહેલાઓ તેમને જોઈ શકે ત્યાં ઘાસવાળી ભૂમિમાં તેઓ ગોપોના પુત્રો સાથે જુદાં-જુદાં રમતના સાધનોથી રમતાં વાછડાં ચારતા હતા. ફેરવવાનું ચક્ર, નાનો દંડ, લાકડાંનો કટકો, બનાવટી રથ, વાજીંત્રો, વૃક્ષ ઉપરથી ફળ પાડવાના વાંસ સાથે બાંધેલ દાતરડાં વિગેરેથી તેઓ રમતા. કોઈ વાર વાંસળીઓ વગાડતા, કોઈ વાર ગોફણોથી ઢેફાં વિગેરે દૂર ફેંકતા. કોઈ વાર ઘુઘરીવાળા આભુષણો પહેરી ચરણોથી નૃત્ય કરતાં તથા ઢેંફા વિગેરે ફેંકતાં. કોઈ વાર માટી વિગેરેથી બનાવેલા બન્ને બાજુએ પૈડાવાળા આખલાઓ ઉપર બેસી ફરતા, અથવા ગોપાલો આખલા બનતા અને તે બનાવટી આખલાઓ સાથે યુદ્ધ કરતા, અથવા તેમના ઉપર કોઈને બેસાડી કોઈક સ્થળે પછાડતા. કોઈ વાર પોતે બળદ બની ગર્જના કરતા પરસ્પર યુદ્ધ કરતા. ક્યારેક મોર, દેડકાં વિગેરેના જેવો પોતાનો આકાર કરી, તેમને પણ ભ્રમ ઉપજાવે તેવી રીતે તેમના જેવો અવાજ કાઢતા. આમ વિવિધ લીલા કરતાં સર્વ પ્રાકૃત બાળકોના મનનું રજ્જન કરવા અને તેઓનો નિરોધ કરવા, આવી રીતે પ્રાકૃત બાળકોની જેમે લીલા કરતા.

**વત્સાસુરનો વધઃ**

એક સમયે વાછડાંઓનો નિરોધ કરવાનું ભગવાને વિચાર્યું. ત્યારે શ્રીકૃષ્ણ અને બલભદ્ર યમુનાના તીર ઉપર પોતાના મિત્રો સાથે વાછડાં ચારતા હતા. ત્યાં એક દૈત્ય આવ્યો. પ્રાકૃત પુરુષોજ દોષ વાળા વાછડાં ચારે. ભગવાન તો દોષવિનાના જ ચારે, તેથી તે એકઠાં થયેલાં વાછડાંઓનો અસુરભાવ 'વત્સાસુર' થયો. શ્રીયમુનાના જલથી વાછડાં શુદ્ધ થયાં. યમુના યમની બેન હોવાથી ત્યાં દૈત્ય આવ્યો. આ દૈત્ય ઘાત કરનારો ક્રૂર હતો. જો તે વાછડાંઓના ટોળાંથી જુદો રહે તો કોઈ તેને જાણે, તેથી વાછડાંના જેવી પોતાની આકૃતિ અને રૂપ કરીને તે વાછડાંનાં ટોળામાં જેમો. ''આ વાછડો અસુર છે'' એમ કહી

ભગવાને બલદેવને તેને દેખાડ્યો. પછી ભગવાન ધીરે-ધીરે એક-એક વાછડાંને પકડી મૂકી દેતા-દેતા તેની પાસે આવ્યા અને તેને પણ રમત માટે, પોતે તેને ઓળખતા ન હોય તેમ, પકડ્યો. તે દૈત્ય પોતાનો અપરાધ ન કરે તે માટે ભગવાને તેને પૂંછડા સાથે બે પાછલા પગથી પકડ્યો, અને કોઠીના ઝાડ પાસે તેને ફેરવી, ભગવાનની એક ક્રિયા અનેક કાર્ય કરતી હોવાથી, કોઠાં પાડવા કોઠી પર ફેંક્યો. તે દૈત્ય મુક્તિ ન પામે તે માટે અન્તરિક્ષમાંજ તેના પ્રાણ જાય તેમ ફેંક્યો. તેનાથી જ પડાતાં કોઠાં સાથે તે મોટા દેહવાળો પડયો. બાળકોએ તો જાણ્યું કે મોટું કોઠું અથવા કોઠીનું ડાળું પડે છે. દૈત્યને પડેલો જોઈ તેઓ બહુ આશ્ચર્ય પામ્યા, અને ''બહુ સારું કર્યું'' એમ કહી ભગવાનની પ્રશંસા કરવા લાગ્યા. દેવોએ પણ તેવી રીતે પ્રશંસા કરી. વાછડાંઓમાં દેવો અને દૈત્યો બન્નેનો ભોગ હોય છે. દૈત્ય મરણ પામવાથી હવે દેવોનો જ ભોગ રહેશે તેથી તેઓને ઘણો સંતોષ થયો અને તેઓએ પુષ્પની વૃષ્ટિ કરી. વત્સાસુર હણાયો તે સાંભળીને વ્રજમાં ગોપીઓ પણ વિસ્મય પામી. સર્વ લોકનું પાલન કરનાર શ્રીકૃષ્ણ અને બલભદ્ર એ રીતે વાછડાંનું પાલન કરતા. વાછડાંઓને સંધ્યા સુધી ચરાવવા જોઈએ તેથી વાછડાંઓને ધાવવાના સમયે સવારમાંજ વાંછડાઓ સાથે ભોજન કરીને ધર્મકાર્યમાં ઉપયોગી ગાયોનાં વાંછડાઓને તે બન્ને ચારતાં.

**બકનો વધઃ**

એ પ્રમાણે વાછડાંઓના દોષનો પરિહાર કરી એક સમયે જ્યારે શ્રીકૃષ્ણે વાછડાં પાલન કરનાર ગોપબાળકોના દોષનો પરિહાર કરવાની ઈચ્છા કરી ત્યારે શ્રીયમુના પાસે ચારેલાં પોતપોતાના વાછડાંઓને બધા ગોપોએ યમુનામાં જલપાન કરાવ્યું અને પછી પોતે પણ જળ પીધું. બધા બાળકોએ ત્યાં વજ્રથી ભાંગી પડેલા પર્વતના શિખર જેવું મોટું પ્રાણી પોતાની પાસે જોયું અને ભય પામ્યા. છતાં ભગવાનની કૃપાથી તેઓએ તેનેજ વજ્ર થી ભાંગી પડેલા શિખર જેવું એટલે હણાએલું જ જાણ્યું. તેવું ન જાણ્યું હોય તો ઘણા ભયને લીધે તેઓના પ્રાણ જ નીકળી જાત. ભગવાને આ બધા બાળકોને પ્રપઞ્ચરહિત કરેલા તેથી તેઓના દોષરૂપ બક એટલે બગલાના આકારાવાળો, તીક્ષ્ણ ચાંચવાળો આ મોટો અસુર ઝડપથી આવી શ્રીકૃષ્ણને ગળી ગયો. 'બક' એટલે બગલો, પોતાના નામથીજ દમ્ભથી માછલાંને મારનાર તરીકે પ્રસિધ્ધ જ છે. તે ભગવદીયોનો દોષ હોવાથી વત્સાસુર કરતાં પણ મોટો હતો. તેના ઉપાસ્ય દેવના અનુગ્રહથી તે બળવાન હતો. લોભ અને અસત્ય રૂપ તેની ચાંચો હતી. લોભ આનન્દને અને અસત્ય સત્(સત્ય) ને ગળે જ, તેથી તેવી ચાંચોથી તેના ઉપાસ્ય દેવ એટલે માયારૂપ ભગવાનના બળથી તે શ્રીકૃષ્ણને ગળી ગયો. શ્રીકૃષ્ણને ગળાએલા જોઈને બલભદ્ર વિગેરે બાળકો બેભાન થયા. જેમ પ્રાણો વિના ઈંદ્રિયો ભાનરહિત થાય તેમ બધા બેભાન થયા. કારણ કે તેઓના પ્રાણ શ્રીકૃષ્ણમાં હતા. ઉપાય જાણવાનું અથવા ક્રિયા કરવાનું તેમનામાં સાર્મથ્ય જરાએ રહ્યું નહીં. શ્રીકૃષ્ણ પ્રતિ તેઓનો ઘણો પ્રેમ હોવાથી શ્રીકૃષ્ણ ગળાતાં તેમની આવી સ્થિતિ થઈ.

લોભ અને અસત્ય થી જ સદાનન્દનો તિરોભાવ થાય છે તેથી ચાંચોના ભાગથી

નીચે કંઠ એટલે સરસ્વતીના સ્થાનમાં જતા ભગવાને વેદોનું પ્રામાણ્ય દર્શાવવા બકાસુરનાં તાળવાનાં મૂળને બાળવા માંડ્યું. તે સમયે અગ્નિથી બળતું હોય તેવી પીડા બકાસુરને થવા લાગી. ગરુડે સાધારણ બ્રાહ્મણને ખાધો હતો ત્યારે તેનું પણ તાળવું બળ્યું હતું, તો પછી બ્રહ્માના પણ પિતા પરબ્રહ્મ બકાસુરના તાળવાંને બાળે તેમાં શું આશ્ચર્ય? તેથી બકે તેમને ઓકી બહાર કાઢ્યા. કારણ કે જો બહાર ઓકી ન કાઢે તો તે પોતે બળીજ જાય. ભગવાનને તો જરાએ ઈજા થઈ ન હતી. જો પછી બક જતો રહેત તો જીવત, પરંતુ ફરીથી ક્રોધથી પોતાની બીડેલી ચાંચથી શ્રીકૃષ્ણને પીડા કરવા તે તેમની પાસે આવ્યો. ઘણા ક્રોધને લીધે તેનામાંથી તેના દેવનો તિરોભાવ થયો એટલે ધસી આવતા કંસના મિત્ર બકને શ્રીકૃષ્ણે બે હાથથી ચાંચોથી પકડી, બાળકોના દેખતાં સહેલાઈથી વીરણ (ઘાસ) ની જેમે ફાડી નાખ્યો. બક બાળકોના દોષરૂપ હતો, તેથી બાળકોના દેખતાંજ તેને ફાડી નાખ્યો. દેવોને પણ બકના હણાંતા સન્તોષજ થયો. તે બકના બે કટકા, નીચે મુખ રહે તેમ મૂકેલા, તે ત્યાં આવેલા દેવોનું અતિ કોમલ આસન થયા. વીરણ ઘાસનું પણ આસન બનાવવામાં આવે છે. બકના વધથી દેવોનું પણ હિત થયું, કારણ કે લોભ અને અસત્ય (બકની ચાંચો) સહિત દંભ (બક) જાય ત્યારે દેવો ભૂમિ ઉપર હવિષ્ પામે છે. તે સમયે સ્વર્ગમાં વસનારાઓએ બકના શત્રુ શ્રીકૃષ્ણને નન્દનવનના મોગરા વિગેરે પુષ્પોથી વધાવ્યા અને નગારાં અને શંખ નો નાદ કરતાં તેમની સ્તુતિ કરી. આ સર્વ જોઈ ભોળા ગોપાલપુત્રો, જેઓ શ્રીકૃષ્ણને પોતાની સમાન જાણતા હતા, તેઓને વિસ્મય થયો. પહેલા તેઓએ શ્રીકૃષ્ણનું મહાત્મ્ય જાણેલું અને હવે તેઓને આશ્ચર્ય થયું. બલભદ્ર અને બાળકો બકના મુખમાંથી પાછા આવેલા શ્રીકૃષ્ણને ભેટી સુખી થયા. તેઓને ભગવાન પ્રતિ સ્નેહ જ થયો, માહાત્મય જાણવાથી ભય થયો નહીં. બકના હણાયા પછી તેઓ શ્રીકૃષ્ણ પાસે ગયા ન હતા, પરંતુ મૂર્છા પામેલા હોય તેમ દુઃખમાં પડેલા, તે પાછા ઉભા પણ થયા ન હતા, તેથી ભગવાન જ તેમની પાસે પધાર્યા, અને તેમણે ભગવાનનું આલિંગન કર્યું ત્યારે સુખી થયા. પછી વાછડાંઓને ભેગાં કરી, વ્રજમાં આવી તેઓએ બકના વધનો વૃતાંત સર્વને કહ્યો. તે સાંભળી ગોપો અને ગોપીઓ વિસ્મય પામ્યાં, અને ગોપીઓ ઘણાં પ્રેમને લીધે શ્રીકૃષ્ણનાં દર્શન કરવા લાગી. સર્વનો ત્યાગ કરી, પતિ વગેરેના ભયને ત્યજી ગોપીઓ ભગવાનના દર્શન કરવા લાગી. દર્શન કરતાં તેમનાં નેત્રો તૃપ્ત થતાં ન હતાં, કારણ કે આમ ન કરવાની તેમની બુદ્ધિ કુદરતી હતી.

**ગોપોને થયેલ શ્રીકૃષ્ણનું જ્ઞાનઃ**

શ્રીકૃષ્ણે બકાસુરનો વધ કર્યો તે સાંભળીને જુદા-જુદા ગોપોને તેમનાં સમ્બન્ધી જુદા-જુદા વિચાર ઉદ્ભવ્યા. તામસ ગોપોએ વિચાર્યું કે આ બાળકને દુઃખ થવાનાં ઘણાં કારણો થયાં, પરંતુ આ બાળકનું કાંઈ અનિષ્ટ થયું નહીં અને ''જે હણે છે તે હણાય છે'' એ ન્યાય પ્રમાણે પૂતના વિગેરે જે પહેલાં આને ભય કરવા આવેલ તેઓનોજ નાશ થયો. રાજસ ગોપોએ વિચાર્યુ કે ઘોર દેખાવવાળા (રાક્ષસો) આ બાળકનો પરાભવ કરી શકતા

નથી, પરંતુ મારવાની ઈચ્છાથી આમની પાસે આવીને, જેમ અગ્નિમાં પતંગીઆનો નાશ થાય તેમ મરણ પામે છે. પાંખવાળા નાના પતંગીઆઓ પોતાને મોટા માને છે, અને ''માણસો અગ્નિને શા માટે મોટો માને છે? અમે તેને બુઝાવીશું'' એવા વિચારથી અગ્નિની અવગણના કરી, તેને ઓલવવા પ્રયત્ન કરતાં બળી જાય છે, પણ અગ્નિને જરાએ ઈજા થતી નથી, એવી રીતે શ્રીકૃષ્ણ ઘણા તેજસ્વી હોઈ પૂતના વિગેરેને હણે છે. નન્દ વિગેરે સાત્ત્વિકો ''આ સર્વ પ્રમાણથી જ સિદ્ધ થાય છે'' એમ માનતા હતા. તેઓએ વિચાર્યું કે બ્રહ્મ જાણનાર ગર્ગની વાણી કદાપિ મિથ્યા થતી નથી. તેથી ગર્ગના વચનના લીધે જ આ શ્રીકૃષ્ણમાં આવા ગુણો આવેલાં છે. આમ વિચારતાં નન્દ વિગેરે ગોપો શ્રીકૃષ્ણ અને બલભદ્ર ની કથા સ્વતન્ત્ર રીતે ફળ તરીકે કરતા, અને તેથી તેમને ઘણું સુખ થતું, અને સંસારનું દુઃખ જણાતું નહીં. પ્રપઞ્ચનું પૂરેપૂરું વિસ્મરણ અને ભગવાનમાં આસક્તિ એ નિરોધ છે. નન્દ વિગેરેનો નિરોધ થયો. તેમનો નિરોધ થતાં ભગવાનની કુમાર અવસ્થાનું કાર્ય સિદ્ધ થતાં, તે અવસ્થાનો તેમણે ત્યાગ કર્યો. કુમાર અવસ્થામાં ઉત્પન્ન થયેલી કાલની લીલારૂપ ક્રિયાઓથી કુમાર અવસ્થા ગઈ. ભગવાન કુમાર અવસ્થામાં છૂપા રહેવાની ક્રીડા કરતા. પોતે પરમાનન્દ હોઈ બીજાઓ પોતાને જાણે નહીં તે માટે માયાથી તેમની જ્ઞાનશક્તિને ઢાંકી દેતા. જળ વહેતું હોય ત્યારે સેતુઓ બાંધતા રામાવતારમાં સીતા એકજ હોવાથી એકજ સેતુ બાંધેલો. અહિં તો યમુના ઉપર ઘણાંજ સેતુઓ બાંધેલા કે જેથી કિનારા વગેરે ઉપર જઈ રમણ થઈ શકે. વળી માંકડાઓ જેમે કુદવાનું કરતા. સર્વ શાખાઓ ઉપર રહેલાં ફળ ભોગવવા એક વૃક્ષ ઉપરથી બીજા ઉપર કૂદતા. વળી બ્રાહ્મણ પણ થતા, ક્ષત્રિય પણ થતા, એક સ્થળે રહીને જ સર્વ રસ ગ્રહણ કરતા, છતાં મર્યાદા તેમને નડતી નહીં. જેટલા ભાવોથી ગોકુળમાં રહેનારા જેટલાનો નિરોધ થઈ શકે તે બધાએ, વિહારો ભગવાને કર્યા પછી કુમાર અવસ્થાનું કાર્ય નહીં રહેવાથી, તે લીલાઓ સાથે કુમાર અવસ્થાનો ત્યાગ કર્યો.

**કૌતુકલીલાઃ**

શ્રીમદ્ભાગવતના દશમસ્કન્ધના ૧૨-૧૩-૧૪ અધ્યાયો ક્ષેપક છે. સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણે આ અધ્યાયોમાં જણાવેલી લીલા કરેલ નહીં તેથી શ્રીભાગવતમાં કહેલી ન હતી. પરંતુ હરિની સર્વ કથા કહેવી જોઈએ એવા વિચારથી પદ્મપુરાણમાં કહેલી આ કથા કહેવા માટે કેટલાક પંડિતોએ આ અધ્યાયો નવા બનાવીને ઘુસાડેલ છે. તેમાં અસંગતિ પણ સ્પષ્ટ જણાય છે. પણ લોકમાં પ્રસિદ્ધ હોવાથી તેનો સાર નીચે કહેવામાં આવે છે.

**બાળકો સાથે લીલાઃ**

કોઈ સમયે વનમાં ભોજન કરવાનું મન કરી, પરોઢમાં ઉઠી મિત્રોસાથે શીંગડાં વગાડતાં વાછડાંઓને આગળ કરી ભગવાન નીકળ્યા. તેમનામાં પ્રેમવાળા હજારો બાળકો સારાં શીકાં, લાકડી, શીંગડાં વાંસડી લઈ નીકળ્યા. તે બધા કાચ, મણિ, સુવર્ણ થી શણગારેલા હતા અને વળી તેમણે પોતાને ફળ, પાંદળા, ફૂલ, પીછાં વિગેરેથી શણગાર્યા.

તેઓ એક બીજાના શીકાં છાનામાનાં લઈ લેતા અને જણાઈ જતાં દૂર ફેંકતા, વાંસળીઓ વગાડતા, શીંગડાઓ ફૂંકતા, ભમરાઓ સાથે ગૂંજતા. કોયલો સાથે કૂજતા, વાંદરાઓની પૂંછડીઓ ખેંચતા, દાંતીઆ કરતા, વૃક્ષો ઉપર કૂદતા, દેડકાંઓ સાથે કૂદતા, નદી-ઝરણામાં ડૂબકી મારતા. તેમણે પુણ્યનો સંચય કરેલ હોવાથી આપ્રમાણે મનુષ્યના બાળક તરીકે જણાતા ભગવાન સાથે તેઓ રમતા હતા.

**અઘાસુરનો વધ:**

તેઓની આવી રમત જોઈ ન શકતો 'અઘ' નામનો મોટો અસુર ત્યાં આવ્યો. દેવો પણ તેનાથી ડરતા. તે પૂતના અને બકનો નાનો ભાઈ હતો અને તેમને હણનાર શ્રીકૃષ્ણને હેરાન કરવા આવ્યો હતો. તેણે પોતાનું પર્વત જેવું એક યોજન લાંબુ શરીર ધારણ કર્યું અને ગુફા જેવું મુખ ઉઘાડું રાખી રસ્તામાં સૂઈ ગયો. તેનો ઉપલો હોઠ વાદળોમાં હતો અને નીચલો ભૂમિ ઉપર હતો. દાઢ પર્વતના શિખર જેવી હતી, જીભ પહોળા રસ્તા જેવી હતી, શ્વાસ કઠોર પવન જેવો અને આંખો દાવાનળ જેવી ઉષ્ણ સ્પર્શવાળી હતી. આવા અઘાસુરને જોઈને બાળકોએ તેને વૃંદાવનની કાંતિ માની અને અજગરના ફાડેલા મુખ સાથે સરખાવી. તેમણે કહ્યું કેઃ "ફાડેલા અજગરના મુખ જેવું આ કપટી પ્રાણી છે કે નહીં? આપણે ત્યાં જશું તો આપણને ગળી જશે? તેમ કરશે તો આ શ્રીકૃષ્ણ એક ક્ષણમાં બકની જેમે તેને હણશે". એમ કહેતાં શ્રીકૃષ્ણનું મુખ જોતાં મોટેથી હસતાં તાલીઓ પાડતા તે ગયા. તેમનાં વચન સાંભળીને ભગવાન તેમને રોકવાનું મન કરે એટલામાં તો વાછરડાંઓ સાથે બાળકો તેના ઉદરમાં ગયા, પણ બકના મરણનું સ્મરણ કરતો અઘાસુર તેમને નહીં પચાવતાં શ્રીકૃષ્ણ પ્રવેશ કરે તેની રાહ જોતો રહ્યો. શ્રીકૃષ્ણે તેઓની સ્થિતિ જોઈ વિચાર કર્યો કેઃ "આ અઘાસુર જીવે નહીં અને આ બાળકોનો નાશ ન થાય તે માટે મારે શું કરવું?" પછી તેમણે પણ અઘાસુરના મુખમાં પ્રવેશ કર્યો. ત્યારે દેવો દિલગીર થયા અને કંસ વિગેરે અઘના રાક્ષસ બંધુઓ હતા તે હર્ષ પામ્યા. પછી અઘાસુર બધાના ચૂરા કરવા ઈચ્છતો હતો ત્યારે તેના ગળામાં શ્રીકૃષ્ણ એકદમ વધવા લાગ્યા. આમ થતાં તેના મુખનો માર્ગ રુંધાઈ ગયો, તેની આંખો નીકળી પડી અને આમ-તેમ ભમતા તે રાક્ષસનો દેહ પવનથી પૂરો ભરાઈ જતાં તેનું માથું ફોડી પવન બહાર નીકળ્યો. તેનો પ્રાણ બ્રહ્મરન્ધ્રમાંથી બહાર નીકળી ગયો. તેના પ્રાણો બહાર નિકળી જતાં શ્રીકૃષ્ણે મિત્રોને તથાં વાછડાંઓને પોતાની દષ્ટિથી ઉઠાડ્યા, અને તેમની સાથે અઘાસુરના મુખમાંથી બહાર નીકળ્યા. સર્પના શરીરમાંથી નીકળેલું પ્રકાશતું તેજ શ્રીકૃષ્ણ બહાર નીકળવાની રાહ જોઈ આકાશમાં રહ્યું અને દેવોના દેખતાં તેમનામાં જેમું. પછી દેવોએ શ્રીકૃષ્ણની પૂજા કરી, અપ્સરાઓ નૃત્ય કર્યું, વિપ્રોએ સ્તુતિ કરી અને વૈષ્ણવોએ જયઘોષ કર્યો. આ ઉત્સવના મંગલ શબ્દો બ્રહ્માએ પોતાના ઘેર સાંભળ્યા. તે વિસ્મય પામ્યા. અજગરનું સૂકાએલું ચામડું વ્રજવાસીઓને રમતમાં છૂપાવાનું સ્થાન બન્યું. બાળકોને અઘાસુરથી ભગવાને પોતાની કુમાર અવસ્થામાં મુક્ત કરેલા, અને તેમની પૌગંડ અવસ્થામાં બાળકોએ તેનું

સૂકાએલું શરીર જોઈ વ્રજમાં આવી સર્વને કહ્યું કે ''આજે શ્રીકૃષ્ણે અઘાસુરને હણ્યો''. અઘાસુરને પણ શ્રીકૃષ્ણે મુક્તિ આપી. સચ્ચિદાનન્દરૂપ શ્રીકૃષ્ણ તેના હૃદયમાં પધારેલા તેથી તેને મુક્તિ આપે તેમાં શું આશ્ચર્ય?

**બ્રહ્માએ કરેલ વાછડાંનું હરણઃ**

અઘાસુરના મુખમાંથી વાછડાંનું અને બાળકોનું રક્ષણ કરી ભગવાન તેમને યમુનાના કિનારે લાવ્યા, પછી તેમને કહ્યું કેઃ ''દિવસ ચડ્યો છે. આપણે ભૂખ્યા છીએ. તેથી આ રમણીય કિનારા ઉપર ભોજન કરીએ. વાછડાંઓ જલ પીને નજીકમાં ભલે ઘાસ ચરે.'' તેથી બાળકોએ વાછડાંને જલ પાઈ લીલાછમ ભૂમિ ઉપર ચઢાવ્યાં, અને શીંકા છોડી ભગવાન સાથે આનન્દથી ભોજન કરવા બેઠા અને પુષ્પ પાંદડાં ફૂલ છાલ પથ્થર વિગેરેના પાત્રો બનાવી ભોજન કરવા લાગ્યા. પોતપોતાના ભાતોનો સ્વાદ પરસ્પર દર્શાવતા હસતા અને હસાવતા તેઓ ભોજન કરતા હતા. બાળકની જેમે રમત કરનાર યજ્ઞભોક્તા શ્રીકૃષ્ણે તે સમયે ભેટમાં વેણુ, કાંખમાં શીંગડી અને લાકડી, ડાબા હાથમાં ઘી-ભાતનો કોળીઓ, અને આંગળીઓમાં ફૂલ રાખેલાં. તેઓ પોતાની આસપાસ રહેલા મિત્રોને મશ્કરી-ઠઠ્ઠાથી હંસાવતા દેવોના દેખતાં ભોજન કરતા હતા. વાછડાંઓ તે સમયે ઘાસથી લોભાઈ વનમાં દૂર ગયા. તેમને ન જોતાં બાળકો ભય પામ્યા ત્યારે ભગવાને કહ્યું કે તમે ભોજન ચાલુ રાખો, હું વાછડાં અહિંજ લાવીશ. પછી હાથમાં કોળીઆ સાથે વાછડાંઓને શોધતાં ભગવાન પર્વતની ગુફાઓ, ખીણો અને ભયાનક સ્થાનોમાં ગયા પણ વાછડાં જોયા નહીં. કારણ કે અઘાસુરનો મોક્ષ જોઈ બ્રહ્મા વિસ્મય પામેલા, તેથી તે ભગવાનનો બીજો મહિમા જોવા વાછડાંઓને અને કિનારા ઉપરથી બાળકોને બીજે સ્થાને લઈ જઈ અન્તર્ધાન થયા. વાછડાંઓને ક્યાંય નહીં જોતા ભગવાન કિનારે પાછાં આવતાં તેમણે બાળકોને પણ જોયા નહીં. બન્નેને વનમાં ચારે તરફ શોધતાં પણ ન ભાળતાં તેમણે તરત જાણ્યું કે આ બ્રહ્માંનું કાર્ય છે. પછી શ્રીકૃષ્ણ પોતે વાછડાં અને બાળકો બન્યા. જેટલાં વાછડાં, જેટલા બાળકો, જેટલા નાના તેમના શરીરો, જેટલા હાથ પગ વિગેરે અવયવો, જેટલાં તેમના લાકડી, શીંગડા, વાંસળીઓ, પાંદડાં, શીકાં, આભૂષણો, વસ્ત્રો, સ્વભાવ, ગુણો, આકૃતિ, વય, વિહાર વગેરે હતા તે સર્વ ભગવાન થયા. આમ દરેક બાળકના રૂપથી પોતાનાં વાછડાંને ઘેરી લઈ સર્વરૂપ થઈ વ્રજમાં પધાર્યા. પછી દરેક બાળકના રૂપથી પોતાના વાછડાં જુદા લઈ જઈ, કોઢમાં પૂરી તેના ઘરમાં પ્રવેશ કર્યો. માતાઓએ પણ વેણુનો અવાજ સાંભળી તરત ઉઠી, બાળકને ભેટી સ્તનપાન કરાવ્યું, અને જ્યારે સાંજે બાળરૂપ ધારણ કરનાર ભગવાન પધારતા ત્યારે તેઓ મર્દન, સ્નાન, લેપ, ભોજન વિગેરે સર્વ કરાવતાં. ગાયો પણ પોતપોતાનાં વાછરડાંને ચાટતાં ધવરાવતી, તેઓને પોતપોતાના બાળક તથા વાછરડાં ઉપર પ્રેમ ઘણો જ વધ્યો. આ પ્રમાણે ભગવાને સર્વરૂપ થઈ એક વર્ષ સુધી વનમાં ક્રીડા કરી.

વર્ષમાં પાંચ-છ રાત્રિ બાકી હતી ત્યારે બલભદ્ર સાથે વાછડાં ચરાવવા ભગવાન

વનમાં ગયા ત્યારે વનમાં દૂરથી વાછડાં ચરતાં ભાળી ગાયો ગોવર્ધન ઉપરથી પર્વત માર્ગ તથા ગોપાલોની દરકાર કર્યા વિના દોડી આવી અને વાછડાં ચાટતી ધવરાવવા લાગી. ગોપો તેમની પાછળ આવતાં તેમણે બાળકોને જોયાં એટલે હાથ ઉંચા કરી તેમને ભેટી, માથાં સૂંઘી આનન્દ પામ્યા. આવી તેમના પ્રેમની વૃદ્ધિ જોઈ બલભદ્ર આશ્ચર્ય પામ્યા. વિચાર કરતાં આ ભગવાનની માયા છે એમ તેમને જણાયું ત્યારે તેમણે વાછડાં તથા મિત્રોને ભગવદ્રુપ જોયાં. શ્રીકૃષ્ણને પૂછતાં તેમણે કહ્યું ત્યારે બધો વૃત્તાંત બલભદ્રે જાણ્યો.

પછી બ્રહ્માનો ત્રુટિ સમય એટલે આંગળીનો ટાચકો ફોડાય તેટલો સમય થતાં, એટલે આપણા એક વર્ષ પછી, બ્રહ્મા આવ્યા. આવીને ભગવાનને પહેલાની જેમે ક્રીડા કરતા જોયા. ત્યારે તેમણે વિચાર્યું કે ''ગોકુલના બાળકો અને વાછડાં મારા માયામય લોકમાં સૂતેલા છે, ત્યારે અહિં બાળકો અને વાછડાં છે તે કયા? આ તેમનાથી જુદા છે અને એક વર્ષથી ક્રિડા કર્યા કરે છે! આમાંથી સાચા કયા! આમ ઘણો સમય વિચાર કરવા છતાં તેમને જણાયું નહીં. એ રીતે ભગવાનને મોહ કરવા પ્રયાસ કરતાં બ્રહ્મા જ મોહ પામ્યા.

મહામાયાવાળા ભગવાનમાં બીજાની માયાને તેનું સ્થાન પણ મળતું નથી તો પછી તે કાર્ય તો શું કરવાની હતી? એ પ્રમાણે બ્રહ્મા ચિન્તાથી આકુળ થતાં, બધાં વાછડાં અને બાળકો વાદળાં જેવા શ્યામ-પીળાં વસ્ત્ર, ચાર ભુજાઓ, મુકુટ, કુંડલ, હાર અને વનમાલા વાળા તેમને દેખાયા. બ્રહ્માએ સર્વને પરબ્રહ્મરૂપ જોયા અને શહેરની દેવી પાસે પૂતળી હોય તેવા પોતે શાંત થઈ ગયા, એટલે ભગવાને માયાનો પડદો ઢાંકી દીધો. કારણ કે ભગવાન પ્રકૃતિથી પર છે. જ્યાં ભગવાન છે ત્યાં બીજો કોઈ નથી. તેથી ભગવાનના મહાત્મ્યનું માત્ર ભગવાનને જ જ્ઞાન છે.

પછી અંદરથી જ્ઞાન પ્રાપ્ત કરેલા બ્રહ્મા મરણ પામેલાની જેમે ઉઠ્યા, અને પોતાની આસપાસ આ જગત્ જોયું. પોતાની પાસે રહેલું વૃક્ષોથી ભરપૂર સર્વત્ર પ્રિય વૃંદાવન જોયું. ત્યાં ગોપાલના બાળકપણાનું નાટક ભજવતા, દ્વૈતભાવ વિનાના, પર, અનન્ત, અગાધ જ્ઞાનવાળા, વાછડાંઓને અને મિત્રોને ચારે તરફ પહેલાની જેમે શોધતા, હાથમાં કોળીઆવાળા એકલા શ્રીકૃષ્ણને જોયા. પછી ત્વરાથી પોતાના વાહન ઉપરથી ઉતરી ચારે માથાંથી તેમને દંડવત્ પ્રણામ કર્યા. પછી તેમના મહિમાનું સ્મરણ કરતાં વારંવાર ઉઠી તેમના ચરણમાં પડ્યા અને ધીરેથી ઉઠી ચક્ષુઓ સ્વચ્છ કરી તેમનાં દર્શન કરતાં બે હાથ જોડી વિનયવાળા તથા સાવધાન થઈ ધ્રુજતાં ગદ્-ગદ્ વાણીથી તેમની સ્તુતિ કરતા કહ્યું:

''હે પ્રભો! વાદડાં જેવા શરીરવાળા, વીજળી જેવા વસ્ત્રવાળા, ગુંજાના મુકુટની આસપાસના પીછાંઓથી શોભતા મુખવાળા, વનમાલાવાળા, કોળીઓ લાકડી શીગડું તથા વાંસળી ના ચિહ્નોથી શોભતા, કોમલ ચરણવાળા આપ ગોપાલના પુત્રની હું સ્તુતિ કરું છું. આપના આ દેહના જ મહિમાને વિચાર યુક્ત મનથી પણ જાણવા કોઈ સમર્થ નથી તો પછી સ્વતઃ સર્વપુરુષાર્થરૂપ આપના સ્વરૂપનો મહિમા તો કેમજ જણાય? જેઓ કલ્યાણકારક

આપની ભક્તિ તજીને જ્ઞાનમાટે પ્રયાસ કરે છે તેઓ ખાલી ફોતરાં ખાણ્ડનારાની જેમે કલેશ જ પ્રાપ્ત કરે છે. આપને અર્પણ કરેલ કર્મવાળા યોગીઓએ, કર્મથી મેળવેલી આપની કથાથી પ્રાપ્ત થયેલી ભક્તિથી જ, સહેલાઈથી આપની અલૌકિક ગતી પ્રાપ્ત કરેલી છે. જે નિપુણ પુરુષોએ લાંબા સમયે ભૂમિનાં રજકણો, આકાશના હિમના કણો અને નક્ષત્રના તારાઓ ગણેલા છે તેઓ પણ આપના ગુણો ગણવા શક્તિમાન નથી, કારણ કે આપ ભગવાનના ગુણો અપરિમિત હોવાથી ગણી શકાય તેવા નથી. મેં દુષ્ટે આપના ઉપર પણ માયા વિસ્તારી. અગ્નિ પાસે જ્વાળાની જેમે હું કોણ માત્ર? હે અચ્યુત! આપનાથી જુદો પોતાને ઈશ્વર માનનાર, જન્મરહિત હોવાના મદરૂપ ગાઢ અન્ધકારથી આંધળા ચક્ષુવાળા મને ક્ષમા કરો. બ્રહ્માંડરૂપી ઘડામાં સાતવેંત જેટલા દેહવાળો હું ક્યાં અને આવા અસંખ્ય બ્રહ્માણ્ડરૂપ પરમાણુઓ જેમાં ફર્યા કરે છે તેવા જાળીઆંરૂપ રુંવાટીવાળા આપ ક્યાં? હું તો નારાયણના ઉદરમાંની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કમળમાંથી નીકળ્યો છું. આપ નારાયણ છો, સર્વ પ્રાણીઓના આત્મા છો, અધીશ્વર છો. આપ વિના આ જગત્ માયારૂપ છે એમ આપે જ મને આજ દેખાડ્યું. પહેલાં આપ એક જ હતા, પછી ગોપબાળકો અને વાછડાં થયા, પછી સર્વે એટલે બ્રહ્માંડરૂપ થયા, પછી એક ક્ષણમાં બધા ચાર ભુજાવાળા ભગવત્સ્વરૂપ દેખાયા. તેથી આપ હદવિનાના બ્રહ્મ જ છો. હે ઈશ્વર! આપ જુદા-જુદા અવતારો ધારણ કરો છો તે દુષ્ટોના દુર્મદનો નાશ કરવા અને સત્પુરુષો ઉપર કૃપા કરવા ધારણ કરો છો. આપ યોગમાયાને વિસ્તારી લીલા કરો છો. ત્રણ લોકમાં કોઈ આપની લીલાને જાણતું નથી. આપના સ્વરૂપને આપ જ જાણો છો તેથી તત્ત્વનો ઉપદેશ કરવા આપ અવતાર ધારણ કરો છો. આપ એક, આત્મા, પુરાણ પુરુષ, અનંત, આદ્ય, અવિદ્યારહિત, ઉપાધિરહિત અને અલૌકિક છો. જેમ સ્ત્રીનું સુખ પુરુષથી જ ભોગવી શકાય છે અને પુરુષ નું સુખ સ્ત્રીથીજ ભોગવી શકાય છે તેવા પ્રકારની કોઈ પણ ઉપાધીની જરૂર બ્રહ્માનન્દનું સુખ ભોગવવામાં નથી. આપના ચરણકમળના પ્રસાદનો થોડો પણ અનુગ્રહ હોય તેજ આપનો મહિમા જાણે છે. બીજાને લાંબા સમય સુધી શોધવા છતાં પણ જે જણાતો નથી. ભગવન્માર્ગ પ્રમાણેજ ભગવાનની સેવા કરવી જોઈએ, અને બીજા કોઈની સેવા કરવી ન જોઈએ. તેથી હે નાથ! આપના સેવકોમાંનો એક થઈ હું આપના ચરણકમલનું સેવન કરું તેવા મારો જન્મ હલકાં પ્રાણીઓમાં પણ થાઓ. વ્રજની ગાયો સ્ત્રીઓ અને ગોપો તથા વ્રજવાસીઓને ધન્ય છે, કારણ કે આપ સનાતન પૂર્ણ બ્રહ્મ તેમના મિત્ર થયા. બ્રહ્મ સર્વને સમાન છે. અને મિત્ર હિત કરનાર અને અહિત મટાળનાર હોવાથી પક્ષપાતી છે. આપ શ્રીકૃષ્ણ તો બ્રહ્મ રહીને પણ તેઓના મિત્ર થયા, કારણ કે તેઓના વિરોધીઓને હણી તેઓની સર્વ તરફથી રક્ષા કરો છો. અહિં જંગલમાં અથવા ગોકુલમાં હર કોઈ નજીવો પણ જન્મ જેનો થાય તે ઘણો ભાગ્યવાન છે, કારણ કે જેમનું સર્વ જીવન અનન્ત ભગવાન છે તેવા ગોકુલવાસીના ચરણની રજનો તેને તેથી અભિષેક થાય. સત્સ્ત્રીનો વેશ હોવાથીજ પૂતનાને કુલસહિત આપે મુક્તિ આપી, તો પછી આ

નેસડાંમાં રહેનાર આપને સર્વસ્વ અર્પણ કરનારાને આપ શું ફલ આપશો તે અમે કલ્પી પણ શકતા નથી. હે કૃષ્ણ! જ્યાં સુધી જીવો આપના સેવક થતા નથી ત્યાં સુધી જ તેમના રાગ વિગેરે ચોર થાય છે, ઘર કેદખાનું થાય છે અને મોહ પગની બેડી થાય છે. આપના સેવકોને તો આ ત્રણે સેવામાં ઉપયોગી હોવાથી શાસ્ત્ર કરતાં પણ વધારે ઈચ્છવા યોગ્ય જ છે. હે પ્રભો! મારાં મન, દેહ અને વાણી થી આપનો વૈભવ જાણી શકાય તેવો નથી. આપ સર્વજ્ઞ છો તેથી સર્વ જાણો છો. આપજ જગતના નાથ છો. આ આપનું જગત્ આપે મને સોપેંલું છે, તેથી મને જવાની રજા આપો. આપને કલ્પ સુધી નમસ્કાર હો.''

એ પ્રમાણે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી, ત્રણ વાર તેમની પરિક્રમા કરી, તેમના ચરણમાં નમન કરી, બ્રહ્મા ગયા.

**કુમાર અવસ્થાનું કાર્ય પૌગણ્ડમાં કહેવાયું તેનું કારણઃ**

બ્રહ્માને જવાની રજા આપી, પહેલાની જેમે બાળકો કિનારા ઉપર બેઠા હતા ત્યાં શ્રીકૃષ્ણ વાછડાં લઈ આવ્યા. શ્રીકૃષ્ણની માયાથી બાળકોને એમ જણાયું કે એક ક્ષણમાંજ શ્રીકૃષ્ણ વાછડાં લઈ આવ્યા છે. તેમણે કહ્યું કેઃ ''આપ ઝડપથી આવ્યા. અમે એક કોળીઓ પણ ખાધો નથી, આવો ભોજન કરો.'' પછી હસતાં-હસતાં શ્રીકૃષ્ણે તેમની સાથે ભોજન કર્યું અને અજગરનું ચામડું દેખાડતાં વનમાંથી વ્રજમાં પધાર્યા. બાળકોએ વ્રજમાં કહ્યું કે ''આજે આ નન્દયશોદાના પુત્રે મોટા સર્પને મારી અમારું રક્ષણ કર્યું''. એ પ્રમાણે શ્રીકૃષ્ણે કુમાર અવસ્થામાં એટલે પાંચમાં વર્ષમાં કરેલું કાર્ય બાળકોએ તેમની પૌગણ્ડવયમાં એટલે છઠા વર્ષમાં વ્રજમાં કહ્યું.

**બાળકો તથા વાછડાંરૂપ શ્રીકૃષ્ણ ઉપર વ્રજવાસીઓને ઘણો પ્રેમ થવાનું કારણઃ**

શ્રીકૃષ્ણે બાળકરૂપ અને વાછડાંરૂપ થઈ એક વર્ષ ક્રીડા કરી ત્યારે વ્રજની સ્ત્રીઓ, પુરુષો તથા ગોપોને પોત-પોતાના સન્તાન ઉપર ઘણોજ પ્રેમ થયેલો. કારણ કે પ્રાણીમાત્રને પોતાનો દેહજ ઘણો પ્રિય હોય છે. દેહ પ્રિય હોવાથીજ ધન સંતાન વિગેરે (દેહને ઉપયોગી હોઈ) પ્રિય થાય છે. જેવો પ્રેમ પોતાના દેહ ઉપર હોય છે, તેવો મમતાના વિષય પુત્ર, ધન વિગેરે ઉપર હોતો નથી. તેવી રીતે દેહ પણ જો મમતાનો વિષય હોય એટલે ''હું દેહ નથી પણ આત્મા છું'' એવું જ્ઞાન હોય તો દેહ પણ આત્મા જેટલો પ્રિય હોતો નથી. કારણ કે દેહ જીર્ણ થયેલ હોવા છતાં જીવવાની આશા બળવાન હોય છે. બધા દેહવાળાઓને પોતાને આત્મા વધારે પ્રિય હોય છે અને સ્થાવર જનમ બધું જગત્ આત્મા માટે જ પ્રિય હોય છે. શ્રીકૃષ્ણ તો સર્વ આત્માઓના પણ આત્મા છે. જગત્‌ના હિત માટે અહિં તે પણ દેહવાળા હોય તેવા ભાસે છે. સ્થાવર-જનમ સર્વ જગત્ ભગવાનનું બીજું રૂપ જ છે. ભગવાન સિવાય બીજું કાંઈ છે જ નહીં, કારણ કે કારણથી જુદું કાર્ય હોતું નથી. સર્વ કારણોનું કારણ પણ શ્રીકૃષ્ણ છે. સ્નેહનું કારણ ભગવાન જ છે. તેથી ભગવાનમાંજ સ્નેહ ઘટે છે. તેથી ભગવાનના ચરણરૂપી નાવનો આશ્રય કરનારને સંસારરૂપ સમુદ્ર વાછરડાંના પગલાં જેટલો થાય છે. તેમને વિપત્તિ આવતી જ નથી.

# :: પૌગંડલીલા ::

## વૃન્દાવનમાં પ્રવેશ અને બલભદ્રમાં આવેશઃ

પછી શ્રીકૃષ્ણ અને બલભદ્રે પૌગંડ વય ધારણ કર્યું. છઠ્ઠાથી નવમા વર્ષ સુધીનું વય 'પૌગંડ વય' કહેવાય છે, કારણ કે આ વયમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારી કાલની અભિમાની દેવતાઓ, જે 'પૌગંડ' કહેવાય છે તે, ભગવાનની સેવા કરવા આવેલી. આ વયમાં તેઓ બેઉ પશુઓનું પાલન કરવા યોગ્ય થયા અને મિત્રો સાથે ગાયો ચરાવતાં પોતાના પગલાંઓથી વૃન્દાવનને ઘણું જ પવિત્ર કરવા લાગ્યા. વૃન્દાવનમાં ભગવાનનાં પગલાં પડવાથી સાધન વિનાના જીવોને ભગવાન પ્રાપ્ત કરવાનું તે સાધન થયું અને તેમાં ભગવાનની અમુક લીલાઓ થવાથી તે વૃન્દાવન પોતે જ ફળરૂપ થયું. ગોપોથી વીંટાયેલા, વિહાર કરવાની ઈચ્છાવાળા માધવે વેણુ વગાડતાં પશુઓને આગળ કરી બલભદ્ર સાથે એ વનમાં પ્રવેશ કર્યો. 'વ'=સ્વરૂપાનન્દ, એટલે મોક્ષમાં પ્રાપ્ત થતો આનન્દ. 'ઈ'=વિષયાનન્દ. એ બન્ને 'અણુ' હલકાં છે જેનાથી તે (વ+ઈ+અણુ=વેડણુ=વેણુ) વેણુ. આ બન્ને પ્રકારના આનન્દથી અધિક હોવાથી સ્વરૂપાનન્દ ભોગવનારા મુક્ત જીવો અને વિષયાનન્દ ભોગવનારા વિષયી જીવો, જ્યાં વેણુનાદ થાય છે ત્યાં દોડ્યા આવે છે. અને જીવના અધિકારથી વર્તનારા ભક્તો અને ભગવાનના અધિકારથી વર્તનારા આધિદૈવિક ભક્તો, વેણુનાદ સાંભળીને જાગ્રત થઈ જાય છે. તેથી વેણુનાદ કરતા ભગવાન આધિદૈવિક ભક્ત, ગોપોથી વિટાઈ જાય છે અને આ ભક્તો ભગવાનના યશનું ગાન કરતા હોય છે.

મધુર ઘોષવાળા સરોવરવાળા અને કમલની ગંધથી સુગંધિત વાયુવાળા તે વનને જોઈ ભગવાને ત્યાં રમણ કરવાની ઈચ્છા કરી. આ ભમરા વગેરે સર્વનું સ્વરૂપ એક ભગવાન જ જાણે છે અને તેથી જ આગળ લીલા પ્રત્યક્ષ રીતે થાય તે માટે ભગવાન તેમનું સ્વરૂપ બલભદ્રને જણાવે છે. ભગવાને બલભદ્રને કહ્યું:

''આ વૃક્ષો પોતાની ટોચોથી ફળ અને ફૂલ રૂપી ભેટ લાવી, પોતાના તમોગુણ અથવા અજ્ઞાનનો નાશ થાય તે માટે આપના ચરણને નમન કરે છે. કારણ કે મૂલરૂપ તમસ્ કર્મથી અથવા જ્ઞાનથી મટતું નથી પણ દેવતાથી જ મટે છે. અને તમારા ચરણકમલ દેવોએ પણ પૂજેલાં છે. વૃન્દાવનમાં પોતાની ઉત્પત્તિ થઈ તેથી જ તે પોતાને ધન્ય માને છે, કારણ કે વૃન્દાવનમાં ઉત્પત્તિ થવાથી જ ભગવાન ત્યાં ઉત્પન્ન થયેલાનો 'પોતાના' તરીકે અંગીકાર કરે છે. આ ભમરાઓ સર્વ લોકનાં તીર્થરૂપ આપના યશનું ગાન કરે છે. ઘણું કરીને આ આપના મુખ્ય સેવક મુનિઓ છે. આપ તેમના નિર્દોષ આત્મા અને દેવ છો, તેથી વનમાં ગૂઢ રહ્યા છો છતાં તેઓ આપને તજી બીજે જતાં નથી. આપ મોરના ઘેર (વનમાં) પધાર્યા તેથી આ મોરો નૃત્ય કરે છે. પ્રભુ પધારે ત્યારે જે નૃત્ય કરે તે મોટો ભક્ત હોય છે. હરણીઓ ગોપીઓના નયનો જેવાં પોતાનાં નયનોથી ગોપીઓનું સ્મરણ કરાવી આપને સુખ કરાવે છે. કોયલો પોતાની મીઠી વાણીથી આપની સ્તુતિ કરી આપને આનન્દ આપે

છે. ગૃહસ્થના આવા જ ધર્મ હોય છે, તે આ વનમાં રહેનારાઓ આચરે છે તેથી તેઓ ધન્ય છે. આ વૃન્દાવનની ભૂમિ, તેની ઉપરનાં ઘાસ, રોપા, લતાઓ, નદીઓ, તથા પર્વતોને આપના ચરણોનો સ્પર્શ થાય છે તેથી તેઓ પણ ધન્ય છે. આપની દષ્ટિ પક્ષીઓ અને પશુઓ પર પડવાથી તેઓ ધન્ય બન્યા છે. લક્ષ્મી પણ જેની ઈચ્છા રાખે છે તેવો આપની ભુજાઓમાં પ્રવેશ ગોપીઓને થાય છે, તેથી તેઓ પણ ધન્ય છે''.

ભગવાનનો બલભદ્રમાં આવેશ થાય તે માટે ભગવાન બલભદ્રને આમ કહે છે, કારણ કે આવું વર્ણન સાંભળી બલભદ્ર પોતામાં ભગવાનનો આવેશ છે એવી ભાવના કરે અને તેથી ભગવાનનો તેમનામાં આવેશ થાય.

**વૃન્દાવનમાં ક્રીડાઃ**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થ ગણાતા હોવાથી એ ચારના વિચારથી ભગવાને વૃન્દાવનમાં ક્રીડા કરી અને ભજનાનન્દ (સેવાનો આનન્દ) બ્રહ્માનન્દથી (મોક્ષમાં થતા આનન્દથી) પણ ઉત્તમ છે એમ દર્શાવવા, આનન્દનો અનુભવ લોકમાં દશ પ્રકારે થતો હોવાથી, દશ રસો ઉત્પન્ન કરાવતાં ભગવાને ત્યાં ક્રીડા કરી.

૧.ગાયો ચારવી એ ધર્મ હોવાથી શ્રીકૃષ્ણે સેવકો સાથે નદીઓના કિનારા ઉપર પશુઓને સારી રીતે ચારતાં રમણ કર્યું.

૨.''જ્યારે પુરુષ સ્ત્રીનો ભોગ કરે છે ત્યારે તેની પાસે વીણા વાગે છે'' એ શ્રુતિ પ્રમાણે વીણા વાગે તે 'અર્થ' સૂચવે છે. તેથી વીણાના રાગ જેવાં ભમરાના ગાન થતાં હોય ત્યારે ભગવાન કોઈ વાર ગાન કરતા. આ સમયે ભક્તો ભગવાનના ચરિત્રનું ગાન કરતા અને મિત્રો અને સંકર્ષણ તેમની પાછળ આવતા

૩.કામમાં મુખ્ય બે કાર્ય કરવાના હોય છે ક.રસ ઉત્પન્ન થાય તે માટે કૂજન અને ખ.રસનો ભોગ થાય તે માટે બંધો. મોરનો કામ અપ્રાકૃત છે, કારણ કે નૃત્ય કરતા મોરની આંખમાંથી નીકળતાં આંસુ ઝીલવાથી જ ઢેલ ગર્ભ ધારણ કરે છે એવી લોકોક્તિ છે. તેથી વૃન્દાવનમાં નૃત્ય કરતો મોર જે હાસ્ય રસમાં પ્રસિદ્ધ છે તેને પણ હાસ્યપાત્ર બનાવે તેવી રીતે ભગવાન નૃત્ય કરતા. અને હંસનું કૂજન અપ્રાકૃત હોવાથી કલા જાણનાર હંસના કૂજન જેવું આપ કૂજન કરતા.

૪.ભગવાનનું સાયુજ્ય અને મોક્ષ ભગવાન આપે ત્યારે જ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોમાં કહેલા મોક્ષનાં સાધનો જુદા-જુદા પ્રકારે ભગવાન સાથે સમ્બન્ધ ધરાવે છે. આવી રીતે જીવને ભગવાનનો સમ્બન્ધ થતા ભગવાન પણ સામા તેવા જ ધર્મો આચરે છે. ભગવાને આવી રીતે આચરેલા ધર્મ મોક્ષ કરાવે છે. તેથી ભગવાન મેઘના જેવી ગંભીર વાણીથી દૂર ગયેલા પશુઓને કોઈ વાર પ્રીતિથી બોલાવતા. કોઈને મુક્તિ આપવાની હોય ત્યારે જ ભગવાન આવી લીલા કરે છે.

હવે દશ રસના પ્રકારથી શ્રીકૃષ્ણે કરેલી લીલા કહેવામાં આવે છે.

૧.શૃંગારરસમાં ચકોર પક્ષીનો ભોગ અલૌકિક છે. તે ચંદ્રના કિરણોનો ભોગ કરે છે. સ.

પુરુષોનો સ્ત્રીઓ ભોગ કરે છે, પુરુષો સ્ત્રીઓનો ભોગ કરે છે એમ તો માત્ર લોકમાં દેખાય છે. વસ્તુતઃ પુરુષો સ્ત્રીઓનો ભોગ કરતા નથી, રસનો અનુભવ કરતા નથી પણ સ્ત્રીઓની ગુલામી જ કરે છે. ભગવાન પુરુષો જેમે દેખાવમાં જ રસનો અનુભવ કરતા નથી કે સ્ત્રીઓનું હાસ્ય કરતા નથી, પરન્તુ લૌકિક પુરુષોથી વિલક્ષણ છે એમ જણાવવા તે ચકોરપક્ષીના જેવો અવાજ કરતા, શૃંગારરસના સમ્બન્ધમાં ચકોરપક્ષીનો ભોગ અલૌકિક હોવાથી ભગવાન તેના જેવો અવાજ કરી, પોતે અલૌકિક રસભોક્તા છે એમ જણાવે છે.

૨.વીરરસમાં ક્રૌંચ પક્ષી પ્રસિદ્ધ હોવાથી ભગવાન તેના જેવો અવાજ કરતાં અને પોતામાં અલૌકિક વીરરસ હોવાનું જણાવતા.

૩.કરુણરસમાં વિરહનું ઘણું દુઃખ ભોગવનાર ચક્રવાક પક્ષી પ્રસિદ્ધ હોવાથી ભગવાન તેના જેવો અવાજ કરતા.

૪.અદ્ભુતરસમાં ભારદ્વાજ પક્ષી પ્રસિદ્ધ છે. દ્રોણનો જન્મ અદ્ભુત રીતે થયેલ. ‘ઘૃતાચી’ નામની અપ્સરાને જોઈને ભારદ્વાજનું વીર્ય સ્ખલિત થયેલું. ઋષી તેને વાસણ (દ્રોણ)માં રાખી મૂકતાં. ભારદ્વાજનો જન્મ તેમાંથી થયેલ. તે ‘ભારદ્વાજ’ નામનો સમ્બન્ધ જણાવવો એ અદ્ભુત રસને યોગ્ય છે. તેથી અદ્ભુત રસમાં ભારદ્વાજ પક્ષી પ્રસિદ્ધ હોવાથી ભગવાન તેની જેમે અવાજ કરતા.

૫.હાસ્યરસમાં મોર પ્રસિદ્ધ છે એમ પાછળ તેના નૃત્યના સમ્બન્ધમાં જણાવેલ છે. તેથી ભગવાન મોરના જેવો અવાજ કરતા.

૬.ભયાનકરસ બીજા બધા રસને દબાવી દે છે, તેથી ભગવાન પ્રાણીઓની મધ્યે વાઘ-સિંહથી ડરનારા પ્રાણીના જેવો અવાજ કરે છે.

૭.બલભદ્ર ભગવાન સાથે મલ્લક્રીડા કરી થાકતા અને કોઈ ગોપનું ઓશીકું કરી ભાન રહિત થઈને સૂતા ત્યારે ભગવાન તેમના ચરણ ચાંપતા, તેમની શય્યા વગેરે કરતા. આથી ભક્તોને બીભત્સરસ થતો, કારણ કે ઉત્તમ હોય તે હલકાથી પણ હલકો ભાવ દર્શાવે ત્યારે બીભત્સરસ થાય છે.

રસમાં પ્રીતિવાળા દરેક જીવો ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરે તે માટે, જુદા-જુદા રસમાં પ્રીતિવાળા જીવોને ભગવાનનું ભજન કરવાનો અધિકાર છે એમ જણાવવા ભગવાન આ દશે રસના પ્રકારથી લીલા કરે છે.

૮.મલ્લોના વીરરસ જેવો ક્રોધ ઉત્પન્ન કરનાર રૌદ્રરસ છે. શ્રીકૃષ્ણ અને બલભદ્ર ક્યાંક નૃત્ય કરતા, ક્યાંક સામસામાં યુદ્ધ કરતા અને ક્યાંક બડાઈ મારતા ગોપોને હાથે પકડી હસતા અને તેમની પ્રશંસા કરતા. અહીં રૌદ્રરસ ગોપોમાં ઉત્પન્ન થતો, છતાં ભગવાન તેમાં ભળતાં હોવાથી આ ભગવાનની પણ રસવાળી લીલા થતી.

૯.યુદ્ધના શ્રમને જીતી ભગવાન કોઈ વાર વૃક્ષમૂળનો આશ્રય કરી ગોપોના ખોળાના ઓશીકાં કરી પાંદડાંની શય્યાઓમાં પોઢતા. આ શાંતરસની લીલા છે. કારણ કે જેમણે

શયન કરેલું છે તે શાંત જેવા છે. 'હું' પહેલી શય્યા કરું એમ હરીફાઈથી દરેક ગોપ જુદા-જુદા વૃક્ષમૂળ પાસે પાંદડાંની શય્યા કરતા અને તે બધાને સુખ કરવા ભગવાન જુદા-જુદા રૂપથી તે બધી શય્યાઓમાં પોઢતા.

વૃક્ષમૂલ એટલે વૃક્ષનું મૂળ જ જેમનો આશ્રય છે તેવા પરમહંસ. તેથી જુદા-જુદા વૃક્ષના મૂળો પાસે દેખાય નહીં તેમ રહેલા ઋષિઓને કૃતાર્થ કરવા ભગવાન એ પ્રમાણે વૃક્ષમૂલનો આશ્રય કરતા. લોકો જાણતા કે ભગવાન શય્યામાં પોઢે છે પણ વસ્તુતઃ તે શય્યાઓ નહીં પણ યોગીઓના અન્તઃકરણો હોવાથી ભગવાન તેમાં પોઢતા. ગોપોના ખોળામાં પોતાનું પ્રધાન અંગ મસ્તક રાખતા અને ઋષિઓમાં અપ્રધાન એટલે બાકીનું અંગ રાખતા.

૧૦.કોઈ ભગવાનના ચરણ ચાંપતા અને પાપરહિત બીજાઓ તેમને પંખાથી પવન નાખતા હતા. આ ભક્તિરસ છે. ભગવાનની સન્નિધિ હોવાથી ભક્તો ભગવાનની સેવારૂપ ભક્તિરસ પ્રાપ્ત કરે છે, તેથી આ પણ ભક્તિરસવાળી ભગવાનની જ લીલા છે. વળી સ્નેહથી ભીંજાયેલી બુદ્ધિવાળા કેટલાક સખાઓ ભગવાનનાં ઉત્તમ અને મનોહર ચરિત્રોનું ધીરે-ધીરે ગાન કરતા હતા. આ નામ-રૂપ પ્રપંચ પ્રમાણે ભક્તિરસની જ લીલા થઈ. જેમના ચરણપલ્લવનું રમાએ લાલન કરેલું છે તેવા ભગવાન પોતાની માયાથી પોતાની જ્ઞાનલીલાને છુપાવી, પોતે ગોપાલના પુત્ર જેવું અનુકરણ કરતાં ગામડીયાઓ સાથે ગામડીયા જેમે રમણ કરતા. ક્રીડાના અંતે પતિના ચરણ ચાંપવા એ પતિવ્રતાનો ધર્મ છે. ક્રીડામાં સમાનપણું ભાસે છે. જ્યાં સમાનપણું ભાસે ત્યાં ભક્તિ સંભવે નહીં. ક્રીડામાં લક્ષ્મીએ સમાનપણું અનુભવેલું એટલે તેમની ભક્તિ ગઈ. તેથી જો ક્રીડા પછી તે ભગવાનના ચરણ ચાંપે નહીં તો ભક્તિ પાછી પ્રાપ્ત થાય નહીં. તેથી ભક્તિ પ્રાપ્ત કરવા ક્રીડાના અંતે લક્ષ્મી ચરણ ચાંપતાં. ભગવાન પણ ક્રીડામાં ગામડીયાઓ સાથે ગામડીયા જેમે રમણ કરતા, કારણ કે તેમ ન કરે તો વિજાતીય (પોતાથી જુદા પ્રકારનામાં) રસની ઉત્પત્તિ થાય નહીં. તેમની સાથે ક્રીડા કરવા છતાં ભગવાન તો ભગવાન જ રહેતા. માત્ર લોક જેમે લીલા કરતા. જેમ રાજાઓ શિકારીઓ જેમે શિકાર વગેરે રમત કરે છે તેવી રીતે ભગવાને પણ આવી લીલાઓ કરી.

**ધેનુકવધઃ**

શ્રીકૃષ્ણ શત્રુઓનો નાશ કરે છે એ જોઈને શ્રીદામા વગેરે ગોપોએ એક સમય શ્રીકૃષ્ણ અને બલભદ્ર ને પ્રેમથી કહ્યું કે ''અહીં નજીકમાં તાડના વૃક્ષોથી ભરપૂર મોટું વન છે ત્યાં ઘણાં ફળ પડેલાં છે અને પડતા રહે છે પણ દુષ્ટ ધેનુક તે કોઈને લેવા દેતો નથી. એ ગધેડાના રૂપવાળો છે, ઘણો બળવાન છે અને બીજા ઘણા તેના સમ્બન્ધીઓ તેને મદદ કરે છે. માણસોને ખાઈ જાય છે. તેથી તેનાથી ભય પામી માણસો, પશુઓ તથા પક્ષીઓ ત્યાં જતા નથી. ત્યાંથી ફળોની સુગંધ આવે છે. આવા ફળો આ પહેલાં ખાધેલાં નથી. ગંધથી ખાવાનો લોભ થાય છે. લાવી આપો તો ખાવાની ઘણી ઈચ્છા છે. ગમતું હોય તો લેવા જાઓ''.

ભગવાન શત્રુને હણનાર છે એવો તેમનો ગુણ આ ગોપોના હૃદયમાં સ્ફુરેલો છે. તેમ ન હોય તો આવા ભયવાળા સ્થાને જવા તેઓ વિનન્તી ન કરે. આવી વિનન્તી પ્રેમથી વિરુદ્ધ થાય. તેઓના હૃદયમાં ભગવાનનો એ ધર્મ સ્ફૂરે છે, તેથી જ આ વિનન્તી પ્રેમથી વિરુદ્ધ નથી. મિત્રોનું આવું વચન સાંભળી તેમનું પ્રિય કરવા શ્રીકૃષ્ણ અને બલભદ્ર ગોપોની સાથે જ તે વનમાં ગયા. બલભદ્રે વનમાં પ્રવેશ કર્યો અને હાથીની જેમે બળ પૂર્વક બાહુઓથી તાડોને હલાવીને ફળો પાડ્યાં. પડતાં ફળોનો શબ્દ સાંભળી ધેનુકાસુર પર્વત સહિત પૃથ્વીને કંપાવતો દોડી આવ્યો. પાસે આવી, ફરી, પાછલા બે પગથી બલભદ્રને લાત મારી ભૂંક્યો. બલદેવે પોતે જ તેના વનમાં પ્રવેશ કરેલ, તેથી તેનો આ અપરાધ સહન કર્યો પણ તેણે ગુસ્સે થઈ, ફરી આવી, પાછા ફરી, રોષથી બલભદ્રને ફરી પાછલા પગથી લાત મારી એટલે બલભદ્રે તેને બે પગથી પકડી, એક હાથે ફેરવી, ફેરવવાથી મરણ પામેલાને તાડ ઉપર ફેંક્યો. તે મોટી ટોચવાળો તાડ ભાંગ્યો. તેનાથી તેની પાસેનો અને તેનાથી તેની પાસેનો એમ ઘણા બધા તાડો તૂટી ગયા. જે પદાર્થમાં બલભદ્રની ક્રિયાશક્તિ વ્યાપી તે પદાર્થમાં રહેલી ક્રિયાશક્તિ પણ જાગ્રત થઈ, એમ જેનો-જેનો સમ્બન્ધ થયો તે બધાની ક્રિયાશક્તિ જાગ્રત થઈ. જેમ મહાવાયુનો શાંત પવનને સ્પર્શ થતાં તે પ્રથમ શાંત હોવા છતાં મહાવાયુ થાય છે અને બીજે સ્થળે શાંત પવન હોય તેને પણ જાગ્રત કરી મહાવાયુ બનાવે છે તેમ આ તાડો ભાંગ્યા. ભગવાનમાં આ આશ્ચર્યકારક નથી. ધેનુકે બલભદ્રને પ્રથમ પ્રહાર કર્યો ત્યાં સુધી તે બલભદ્ર જ હતા. પછી પ્રહારની વ્યથા મટાડવાનો ઉપાય શોધતાં, તેમને ભગવાને પાછળ જે બોધ કરેલ તેનું સ્મરણ થતાં, તરત ભગવાનનો તેમનામાં આવેશ થયો અને તેમનામાં રહેલ ભગવાને એ પ્રમાણે ધેનુકને પકડી ફેરવી તાડ ઉપર ફેંક્યો. જો આ બલભદ્રનું કાર્ય હોય તો પહેલાં તેમણે બાહુઓથી વૃક્ષોને હલાવી ફળો પાડ્યાં ત્યારે જ વૃક્ષો ભાંગી જાત.

પછી ધેનુકના સમ્બન્ધી ગધેડાઓએ શ્રીકૃષ્ણ, બલભદ્ર અને ગોપો ઉપર હુમલો કર્યો એટલે દરેક ગોપ પાસે શ્રીકૃષ્ણ અથવા બલભદ્ર હાજર થયા અને જેમની પાસે જે ગધેડો આવ્યો તેને તેમણે પાછલા પગોથી પકડી તાડ ઉપર ફેંક્યો. આ તેઓનું કર્મ જોઈ દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી, વાજાં વગાડ્યાં અને સ્તુતિ કરી. મનુષ્યોએ નિર્ભય થઈ તે વનમાં તાડના ફળો ખાધાં અને પશુઓએ ઘાસનો ચારો કર્યો. કમલનયન હોવાથી પોતાની દૃષ્ટિથી જ સર્વના તાપ દૂર કરનારા, જેમનું શ્રવણ અને કીર્તન પવિત્ર કરનારાં છે તેવા શ્રીકૃષ્ણ વ્રજમાં પધાર્યા. જેમ જલના પૂરથી કચરો ધોવાઈ જાય તેમ ભગવાનનાં શ્રવણ-કીર્તનથી પાપનો નાશ થાય છે. ભગવાનના ગુણોનું શ્રવણ કરવાથી કથાનું પૂર હૃદયમાં પ્રવેશ કરે છે અને બધા દોષોને ત્યાં ડોળી-ડોળી મુખમાંથી બહાર કાઢે છે. આમ કેટલાક સમય સુધી ફરી-ફરી થતાં પુરુષના બધા દોષ નિકળી જાય છે અને તે સર્વ રીતે શુદ્ધ જ થાય છે.

**વ્રજમાં સત્કાર:**

ગોરજથી ભરેલા કેશવાળા, બાંધેલા મોરના પીંછાં, પુષ્પો અને રુચિર દૃષ્ટિથી

મનોહર હાસ્યવાળા, વેણુ વગાડતા અને ભક્તો જેમની કીર્તિ ગાતા હતા તેવા શ્રીકૃષ્ણ વ્રજમાં પધારતા તેમની આસપાસ ગોપીઓ ફરી વળી. મુકુન્દના મુખારવિન્દના મધનું તેઆએ નયનરૂપ ભ્રમરોથી પાન કર્યું. 'મુકુન્દ' એટલે મોક્ષ આપનાર ભગવાન જ્ઞાનરૂપ અને શાંત છે. તેથી તેમના લાવણ્યામૃતનું પાન કરવાથી ભવિષ્યમાં કોઈ દોષ થતો નથી, ઉલટું મોક્ષ પ્રાપ્ત થાય છે. વળી મુખારવિન્દ ભક્તિરૂપ છે. તેથી તેમના લાવણ્યામૃતનું સ્નેહને લીધે ઘણું પાન સંભવે છે. બ્રહ્મા વગેરે દેવોએ અને શ્રુતિઆએ પ્રાર્થના કરી ભગવાનને અહીં પધરાવેલા છે, પરન્તુ તેમના મુખારવિન્દનાં લાવણ્યમૃતના રસનો ભોગ તો ગોપીઓએ જ કરેલો છે. કારણ કે જેઓ માત્ર રસ ઉપર જ રહેનારા હોય તેઓ જ રસને જાણે છે. આવા તો ભ્રમરો જ હોય છે. તેઓના દેહનો નિર્વાહ કરનાર પણ (મધ સિવાય) બીજો કોઈ પદાર્થ હોતો નથી. તેથી તેઓને બીજા કોઈ પદાર્થનો સમ્બન્ધ હોતો જ નથી, બીજે સ્થળે તો માત્ર તેઓ ફરે જ છે. તેવી રીતે ગોપીઓનાં નયનો સર્વ સ્થળે ફરે છે પણ ગ્રહણ તો ભગવાનનાં મુખારવિન્દનાં લાવણ્યામૃતનું જ કરે છે. એ લાવણ્યમૃતનું પાન કરી તેઆએ દિવસમાં વિરહથી થયેલ દુઃખ તજ્યું. લજ્જા, હાસ્ય અને વિનય સહિત કટાક્ષ નાખવારૂપ જે સત્કાર તેઆએ કર્યો તેનો સ્વીકાર કરી ભગવાન ગોષ્ઠમાં પધાર્યા. યશોદા અને રોહિણી એ શ્રીકૃષ્ણ અને બલભદ્ર ને ઈચ્છા પ્રમાણે આશિષો આપી; સ્નાન, સુગંધી દ્રવ્યો ચોળવાં વગેરેથી તેમનો થાક ઉતર્યો ત્યારે તેમણે કચ્છ બાંધ્યો. દિવ્ય માલાઓ પહેરી. માતાએ આણેલાં સ્વાદિષ્ટ અન્નનું ભોજન કર્યું અને પિતા વગેરેએ લાડ લડાવ્યા પછી સુંદર શય્યામાં સુખથી પોઢ્યાં.

**કાલીયના વિષથી મરણ પામેલાને સજીવન કરવું:**

કાલીયનાગ યમુનાજીના ધરામાં વસ્યો હતો અને તેના જલને વિષમય બનાવ્યું હતું. આ સર્પને ત્યાંથી કાઢવાનું કાર્ય પોતાથી જ થઈ શકે તેવું છે એમ જાણી, બલભદ્ર વિના એકલા ભગવાન મિત્રોથી વીંટાઈ કાલીન્દી પધાર્યા. ભગવાન એક સ્થળે જ ઉભા રહ્યા પરન્તુ ઉનાળાના તાપથી દુઃખી અને તરસ્યા થયેલા ગોપો અને ગાયો જલપાન કરવા ગયા. જલપાન કરવા દૂર જજો એમ ભગવાને તેમને કહેલું. પણ ''ધરા પાસે અહીં જલપાન ન કરશો'' એમ કહેલું નહીં, તેથી તેઓએ વિષથી બગડેલું જલ પીધું. જલનું આચમન કરતાં જ સર્વ પ્રાણરહિત થઈ જલની નજીક પડ્યા. તેઓને પ્રાણરહિત થયેલા જોઈને શ્રીકૃષ્ણે પોતાની અમૃત વરસાવતી દૃષ્ટિથી તેમને સજીવન કર્યા. પહેલાં અમે કોણ હતાં, ક્યાં હતાં એ બધું અનુસન્ધાન તેમને પ્રાપ્ત થયું પરન્તુ સર્વ વૃત્તાન્ત સાથે પ્રાપ્ત ન થયું એટલે તે સર્વને આધિદૈવિક ભાવ પ્રાપ્ત થયો. તે બધા જલ પાસેથી ઉઠી એક-બીજાને જોવા લાગ્યા અને વિસ્મય પામ્યા. વિષ પીને મરણ પામેલા પોતે ફરી જીવતા થયા એ સર્વ શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિથી જ થયું, એમ તેઓએ જાણ્યું. આવી રીતે પૂર્ણ જ્ઞાનવાળો દેહ તેઓને પ્રાપ્ત થયો.

**કાલીયને યમુનામાંથી કાઢવાનો ઉદ્યમ:**

કાલીયના વિષવાળાં જલથી ગાયો અને ગોપો પ્રાણરહિત થયેલા, તેથી તે

કૃષ્ણસર્પને કૃષ્ણા (યમુના)માંથી કાઢવા શ્રીકૃષ્ણે ઉદ્યમ કર્યો, કારણ કે ભવિષ્યમાં યમુનામાં ક્રીડા કરવાની હોવાથી તેને શુદ્ધ કરવી જોઈએ. કાલીય યમુનાના ધરામાં રહેતો હતો. તેનું જલ કાલીયની વિષરૂપ અગ્નિથી ઉકળતું અને ઘૂમરી ખાતું હતું. તે ધરા ઉપર આકાશમાં ઉડતાં પક્ષીઓ પણ તેમાં મરીને પડી જતાં અને જલના બિંદુવાળા વાયુનો કિનારા ઉપરના સ્થાવર-જંગમ જે પ્રાણીઓને સ્પર્શ થતો તે પણ મરણ પામતા. આ સર્પ કાલની જેમે ઘણા જ વેગવાળો અને બીજા કોઈથી બહાર કાઢી ન શકાય તેવો છે એમ જાણી શ્રીકૃષ્ણ કાંઠા ઉપરના ઘણા ઉંચા કદંબ ઉપર ચઢ્યા અને બાહુઓ ઠોકી, એટલે મલ્લભાવ દર્શાવી, કચ્છ કરી તેમણે વિષવાળા જલમાં ભૂસકો માર્યો. આ કદંબ ઘણું ઉંચું હોવાથી જ વિષયુક્ત જલના બિંદુવાળો વાયુ ત્યાં પહોંચેલ નહીં હોવાથી જ સૂક્યું ન હતું.

શ્રીકૃષ્ણના ધરામાં પડવાના વેગથી કાલીય ઘણો ગુસ્સે થયો અને તેના વિષવાળા ઉચ્છ્વાસથી પાણી ઉછળવા લાગ્યું. ભગવાનના પડવાના ખળભળાટથી ધરો ઉંચો થઈ વધારે જગ્યામાં ફેલાઈ ''અહીંથી બીજે જતો રહું'' એમ વિચારી ભાગતો હોય તેવો જણાયો. અનન્ત બલવાળા ભગવાનનું આ કાર્ય આશ્ચર્યકારક નથી. આખા જગતને દોડાવનાર અનન્ત, એટલે કાલને પણ બલ જેમનાંથી પ્રાપ્ત થાય છે તેવા ભગવાન, આમ કરે તેમાં શું આશ્ચર્ય? ધરો સર્વ દિશાઓમાં ચારસો-ચારસો હાથ દોડ્યો.

**કાલીયે કરેલો અપરાધઃ**

કાલીય તેના ઉપાસ્ય દેવના બલને લીધે કાલરૂપ હતો. ભગવાનના ભુજરૂપ દંડથી ઘુમરી ખાતાં જલનો અવાજ સાંભળી, કોઈએ તેનાં રહેઠાણ પર આક્રમણ કર્યું છે એમ જાણી, તે દમામથી શ્રીકૃષ્ણ પાસે આવ્યો અને તેમના મર્મસ્થાનોમાં દંશ દીધા. શ્રીકૃષ્ણ દર્શન કરવાયોગ્ય સુકુમાર અને વાદળાં જેવાં સુંદર હોઈ ત્રણે ગુણવાળા જીવોએ માન આપવા યોગ્ય હોવા છતાં તેમને દંશ દેવો એ લોકથી વિરુદ્ધ હતું. તેમણે પીતાંબર અને શ્રીવત્સ ધારણ કરેલા હોવાથી એ કાલીયનું કાર્ય પ્રમાણથી અને પ્રમેયથી વિરુદ્ધ હતું. તેમનું મુખારવિન્દ સ્મિતવાળું સુંદર હોવાથી તે કાર્ય ભક્તિમાર્ગથી પણ વિરુદ્ધ હતું. શ્રીકૃષ્ણ રમણ કરતા હતા, તેથી તે રસશાસ્ત્રથી પણ વિરુદ્ધ હતું. શ્રીકૃષ્ણ ભયરહિત હોવાથી તે નીતિશાસ્ત્રથી વિરુદ્ધ હતું. તેમને દંશ દઈ ''હું તેમને મારા રહેઠાણમાં ઘસડી જાઉં'' એવા વિચારથી ક્રોધ કરી કાલીયે પોતાની ફેણથી તેમનો ભરડો લીધો.

**ગોકુલવાસીઓના સ્નેહની પરીક્ષાઃ**

શ્રીકૃષ્ણને નાગની ફેણથી વીંટાયેલા અને ક્રિયાહીન જોઈને તેમના મિત્ર ગોપાલો બહુ દુઃખી થયા. તેઓએ દેહ, મિત્ર, ધન, સ્ત્રી, કામ સર્વ ભગવાનને અર્પણ કરેલાં, એટલે આત્મનિવેદન કરેલું. અને આત્મનિવેદન જેમણે કરેલું હોય તે ભગવાનથી દૂર રહે તે યોગ્ય નથી. તેથી તેઓ બહુ દુઃખી થયા અને શોક અને ભયથી બેભાન થઈ પડ્યા. ગાયો, આખલાઓ, વાછરડીઓ પણ બહુ દુઃખી થઈ રડતાં હતાં. ''ભગવાન શેષશાયી થઈ પ્રલય કરશે'' એમ જાણી દેવો, મહાભૂતો અને કાલે પ્રલયના સમયે થાય તેવા બધા ઉત્પાતો

કર્યા. વ્રજમાં, ભૂતલ ઉપર, આકાશમાં અને અન્તરિક્ષમાં ઉત્પાતો થયા. તે એમ સૂચવતા હતા કે થોડા જ સમયમાં બહુ જ દારુણ ભય અથવા પ્રલય થશે. તે જોઈને ગોપો તથા નંદજી ભય પામ્યા. શ્રીકૃષ્ણ અને બલભદ્ર માં તેઓ બલભદ્રને વધારે બલવાન્ માનતા હતા, કારણ કે ધેનુકને પણ બલભદ્રે જ હણ્યો હતો. તેથી બલભદ્ર વિના શ્રીકૃષ્ણ એકલા ગાયો ચારવા ગયેલ હોવાથી તેમને આ ઉત્પાતથી શ્રીકૃષ્ણ વિષે અમંગલ શંકાઓ થવા લાગી. સ્નેહનો સ્વભાવ જ એવો છે કે જેના ઉપર આપણો સ્નેહ હોય તેના જીવનની હયાતિ વિષે આપણને અનિષ્ટ જ વિચાર આવે અને જે આપણો વિરોધી હોય તેના જીવનની હયાતિ વિષે આપણને તેથી ઉલટા જ વિચાર આવે. તેથી બાળકથી માંડી વૃદ્ધ સુધી અને સ્ત્રીઓ પણ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઈચ્છાથી ગોકુલમાંથી બહાર નીકળ્યા. ભગવાનનાં પગલાંઓએ સૂચવેલી કેડીથી શ્રીકૃષ્ણને શોધવા લાગ્યા. માર્ગમાં ગાયોનાં અને ગોપોનાં પગલાં વચ્ચે તેમણે શ્રીકૃષ્ણનાં પગલાં જોયાં. ભગવાનનાં પગલામાં કીર્તિ પ્રાપ્ત કરાવનાર યવ, ભગવાન સુખથી સેવા કરી શકાય તેવા છે એમ દર્શાવનાર કમલ જેવી રેખા, ભક્તોનાં મનરૂપી હાથીને વશ રાખનારા અંકુશની રેખા, તેઓના પાપના પર્વતો છેદનાર વજ્ર અને તેઓને ભય રહિત વાસ આપનારી ધજા હોય છે. આવાં પગલાં જોતાં તેઓ ઝડપથી જતા હતા. બલભદ્ર શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણતા હતા, તેથી તેઓને ભય પામેલા જોઈને હસ્યા. પરન્તુ ''ભગવાન આમની પરીક્ષા કરે છે'' એમ જાણીને કાંઈ બોલ્યા નહીં. તેઓ યમુના ગયા એટલે ત્યાં સર્પની ફેણથી વીંટાયેલા શ્રીકૃષ્ણનાં દૂરથી જ તેમને દર્શન થયાં. ભગવાન પોઢેલા હોવાથી ક્રિયારહિત હતા, તેથી શેષશાયીની જેમે તેમને ધરામાં નાગ ઉપર પોઢેલા ભગવાનનાં દર્શન થયા. ત્યાં ધરા પાસે બેભાન ગોપોને અને રડતાં પશુઓને જોઈને તેઓ દુઃખી થઈ મૂર્ચ્છિત થયા. સર્પે શ્રીકૃષ્ણને ગળેલા છે તે જોઈ, તેમનામાં પ્રેમવાળી અને તેમનાં મૈત્રી, હાસ્ય, દૃષ્ટિ અને વાણી નું સ્મરણ કરતી ગોપીઓ ઘણું જ દુઃખ પામી અને ત્રણે લોક તેમને શૂન્ય જણાયા. પુત્રની પાછળ જળમાં પ્રવેશતાં યશોદાને તેમણે પકડી રાખ્યાં અને તેમના જેટલાં જ દુઃખને અનુભવતી, આંસુ પાડતી, ભગવાનની જુદી-જુદી કથાઓ કહેતી, તેમના મુખારવિન્દ તરફ જોતી તે મરેલી હોય તેવી થઈ રહી. નંદ વગેરે ધરામાં જતા હતા તે જોઈને બલભદ્રે તેમને રોક્યા. ભગવાને આવી રીતે પરીક્ષા કરતાં જોયું કે ગોકુલને પોતા વિના બીજો કોઈ પતિ નથી, તેથી એક મુહૂર્ત એ પ્રમાણે રહી સર્પના બંધનમાંથી બહાર નીકળ્યા.

**કાલીયમર્દનઃ**

સર્પે ભગવાનને ભરડો લીધો ત્યારે તેઓ સૂક્ષ્મ હતા. હવે તેમણે પુષ્ટ થઈ શરીર વધારવા માંડ્યું. બંધ તૂટતા ગયા અને સર્પને ફેણમાં પીડા થવા લાગી. તેણે ભરડો કાઢી નાખ્યો અને ફેણ ઉંચી કરી ક્રોધ કરી યુદ્ધમાટે તૈયાર થઈ ઉભો. તે શ્વાસથી વિષવાળો વાયુ છોડતો હતો. તેનાં નેત્રો લાલચોળ પેણાં જેવાં હતાં અને મુખ જ્વાલાવાળું હતું. બે શિખાવાળી જીભથી તે મોઢાના બન્ને ખૂણા વારંવાર ચાટતો હતો. એવા સર્પની આસપાસ

ગરુડની જેમે રમણ કરતાં ભગવાને ફરવા માંડ્યું. આ જોઈ તે પણ અવસરની રાહ જોતો ફરતો હતો. સર્પ ગોળ ફરે ત્યારે તેને પીડા થાય છે, એટલે ફરવાથી તે બલહીન થયો. આ જોઈ ખભાઓ તેણે ઉંચા રાખેલ તેમને નીચા કરી, બે ખભા ઉપર પોતાના બે ચરણો રાખી, બીજા બેને બે શ્રીહસ્તથી પકડી નીચા નમાવી, તેના પહોળા માથાં ઉપર ભગવાન ચઢી ગયા. તેના માથાં ઉપરના રત્નોના સમૂહના સ્પર્શથી તેમના ચરણારવિન્દ લાલ થયા. પછી સર્વ કલાઓના આદિ ગુરુ ભગવાને નૃત્ય કરવા માંડ્યું. જેટલું કલા કૌશલ્ય લોકમાં છે તે બધાં ભગવાને જ કરેલાં છે, તે બધાંનો ઉપદેશ ભગવાને જ કરેલો છે. લોકો ઉંચે દોરડાં ઉપર પાદુકાઓ પહેરી નાચે છે, તો પછી સર્પના સ્થૂલ માથા ઉપર ભગવાન નૃત્ય કરે તેમાં શું આશ્ચર્ય?

ભગવાને નૃત્ય કરવા માંડ્યું ત્યારે દેવો વગેરેએ જાણ્યું કે લૌકિક પુરુષો જલમાં જઈ ભગવાનની સેવા કરી શકે તેમ નથી તેથી તેઓએ પોતે જ સેવા કરવા માંડી. ગન્ધર્વો ગાન કરવા મંડ્યા, સિદ્ધોએ પુષ્પની વૃષ્ટિ કરી, મુનિઓએ સ્તોત્ર કર્યા, ચારણોએ વાજીંત્ર વગાડ્યાં અને અપ્સરાઓએ સાથે નૃત્ય કરવા માંડ્યું. કાલીયના સર્વ માથાં મુખ્ય હતાં. તેથી એક નમાવતાં, બીજું નમતું નહીં. તેથી જે ન નમતું તેને ચરણની લાત મારી ભગવાન નમાવતા. સર્પનું પ્રાણબલ ક્ષીણ થયું. તે ભમવા લાગ્યો અને મુખથી તથા નાકથી લોહી ઓકતો દુઃખી થવા લાગ્યો, પણ ભાગ્યો નહીં. કારણ કે નાગ ઘણા શૂરા હોય છે. તેનાં મુખ અને નાસિકા માંથી ઘણું લોહી નીકળતું હોવાથી, ત્યાંથી તે વિષ કાઢી શક્યો નહીં. નયન જ્ઞાનની ઈન્દ્રિય હોવાથી લોહીથી એ વિષનું દ્વાર બંધ ન થયું, તેથી તેણે નયનોથી વિષ ફેંકવા માંડ્યું. સર્પનું ઉપાસ્યરૂપ વિષ છે, તે તેણે આગળ કર્યું. પણ તે પણ ભગવાનને કાંઈ કરી શક્યું નહીં એટલે તેણે નિસાસા મૂક્યા. ત્યારે ભગવાને નૃત્ય કરતાં, તેને શિખામણ દેતા હોય તેમ ચરણથી નમન કરાવ્યું. ભગવાન અદ્‌ભુત કર્મ કરનારા હોવાથી સર્પને મૂર્ચ્છા થઈ ત્યાં સુધી નૃત્ય કરી શિક્ષા કરી, પરન્તુ ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી તેને મારી ન નાખ્યો.

નૃત્ય બે પ્રકારનું છે ૧.લાસ્ય અને ૨.તાંડવ. સ્ત્રીઓ નૃત્ય કરે તે લાસ્ય અને પુરુષો નૃત્ય કરે તે તાંડવ. તે બન્નેના પેટાભેદો સેંકડો છે. પ્રલય સમયે મહાદેવ જેવું નૃત્ય કરે છે તેવું નૃત્ય ભગવાને સર્પને શિક્ષા કરવા અહીં કર્યું. તેથી સર્પના ફેણરૂપ છત્ર તદ્દન ભાંગી ગયા. તે ભાંગી જતાં તેનું અભિમાન ગયું. અને શરીરમાનું દોષરૂપ લોહી તેણે ઓકી કાઢ્યું. તેથી તે અંદરના અને બહારના દોષ વિનાનો થતાં તેને નારાયણનું સ્મરણ થયું. ''હું દાસ છું અને આ ભગવાન મૂલ પુરુષ હોવાથી મારા સ્વામી છે'' એવું જ્ઞાન થવાથી તે મનથી તેમને જ શરણે ગયો. કારણ કે શરણે ગયેલો પછી સેવા કરવાથી ભક્ત થાય છે. ત્યાર પછી ભગવાને તેના પર પ્રહાર કર્યો નહીં.

ભગવાનની અંદર આખું જગત્ રહેલું છે. તેથી તેમના ભારથી તે ઘણો પીડાયો છે અને તેમની લાતોથી તેનું ફેણરૂપ છત્ર ભાંગી ગયું છે એમ જોઈને, દુઃખી થયેલી તેની

પત્નીઓ ભગવાન પાસે આવી. પતિને પડેલા મારથી પતિવ્રતા પત્નીઓને પીડા થાય છે, તેથી પીડા થવાથી તેઓના અંબોડા, વસ્ત્રો અને ભૂષણો ઢીલાં થઈ ગયાં હતાં. પતિને ભગવાન મૂકી દે અને ભગવાનની તેના ઉપર તેવી દયા થાય તે માટે તે પતિવ્રતાઓએ પતિરૂપ પોતાનાં બાળકોને આગળ કર્યાં, એટલે પતિએ પોતાને આપેલું પોતાનું સર્વસ્વ ભેટ કર્યું. ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરી, બે હાથ જોડી, પાપ અને અપરાધમાંથી પતિની મુક્તિ ઈચ્છતી ભગવાનને શરણે જઈ, તેમની સ્તુતિ કરી.

**નાગપત્નીઓએ કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિઃ**

તેઓએ કહ્યું કેઃ''આ પાપીને આપે જે દંડ કર્યો તે ન્યાયપૂર્વક છે. આપનો અવતાર ખલોને વશ રાખવા થયો છે. આ 'ખલ' છે. ખલો સદા દોષ કર્યા જ કરે છે અને ઘણું જીવનારા હોય છે. યમનો અધિકાર તો મરણ પછી જ થાય છે. ખલો મરણ પામે ત્યાં સુધી તેમને દંડ કરવામાં ન આવે તો સર્વનો નાશ જ થાય. આપ શત્રુ અને પુત્ર ઉપર સમાન દૃષ્ટિ રાખો છો. પીડા કરવાના હેતુથી કોઈને દંડ કરતા નથી પરન્તુ ફળ આપવાના નિશ્ચયથી જ દંડ કરો છો. આપે આને દંડ કર્યો તે પણ આપનો અનુગ્રહ જ છે. કારણ કે અસંતોને આપે કરેલ દંડ તેમના પાપનો નાશ કરનારો હોય છે. દંડથી દુઃખ થાય, તેથી તે ક્લેશરૂપ છે. છતાં તપ, યજ્ઞ વગેરે ક્લેશરૂપ હોવા છતાં જેમ પાપનો નાશ કરનારાં છે તેમ દંડ પણ પાપનો નાશ કરનારો છે. તેથી તે અનુગ્રહ જ છે. સંતો પણ એમ જ માને છે. આણે શું તપ કર્યું હશે અને કેવો ધર્મ કર્યો હશે કે આપ તેના ઉપર પ્રસન્ન થયા છો. ધર્મશાસ્ત્ર પ્રમાણે ધર્મ આચરવાથી આવું (આપની પ્રસન્નતારૂપ) ફળ પ્રાપ્ત થતું નથી, પરન્તુ ભગવચ્છાસ્ત્ર પ્રમાણે જ ભગવદ્ધર્મ આચરવાથી જ આવું ફળ પ્રાપ્ત થઈ શકે. આ ક્યા ધર્મનો પ્રભાવ હશે કે આને આપના ચરણની રેણુના સ્પર્શનો અધિકાર થયો? આપ ભગવાનના ચરણારવિન્દની રેણુઓ ભગવદીય દેહ પ્રાપ્ત કરાવનારી છે. તેમનો સમ્બન્ધ આને થયો, તેથી આ ભગવદીય દેહ પ્રાપ્ત કરશે. ગુણાતીત જીવો જ આપના ચરણારવિન્દની રેણુના સ્પર્શના અધિકારી છે. સગુણ જીવોને તેવો અધિકાર કોઈ રીતે પ્રાપ્ત થતો નથી. આ રેણુના સ્પર્શની ઈચ્છાથી શક્તિરૂપ સ્ત્રી–લક્ષ્મીએ કામનાઓ તજી લાંબા સમય સુધી વ્રત ધારણ કરી તપ કરેલું, છતાં તેને આ અધિકાર પ્રાપ્ત થયો નથી. જેઓ આપના ચરણારવિન્દની રજને શરણે જાય છે તેઓ સ્વર્ગ, સર્વ ભૂમિનું અધિપતિપણું, બ્રહ્માનુ સ્થાન, રસાધિપતિપણું, યોગ, અણિમા વગેરે સિદ્ધિઓ તથા મોક્ષ વગેરે ફળની પણ ઈચ્છા રાખતા નથી. માત્ર એ રજને શરણે જવાથી જ આ બધાં ફળોની ઈચ્છા રાખતા નથી, તો પછી એ રજ પ્રાપ્ત થયા પછી તો તેઓ આ કોઈ ફળની ઈચ્છા ન રાખે એમાં કહેવું જ શું? એવી રીતે બીજાઓને પ્રાપ્ત થવી કઠણ એવી આપના ચરણારવિન્દની રજ આ ક્રોધી સર્પને પ્રાપ્ત થઈ. આ આપની ઈચ્છાથી જ પ્રાપ્ત થાય, કારણ કે સંસારરૂપ ચક્રમાં જે ભમ્યા કરતો હોય તે, ભગવાન પધારે ત્યારે ફરતો–ફરતો તેમના ચરણમાં પણ આવે. તેથી આ પ્રાપ્ત થવાનું કર્મ વગેરે કાંઈ સાધન નથી પણ એ રજ જ એવી છે કે તેની ઈચ્છા જે કરે

તે સાધન વિનાનો હોવા છતાં કોઈ વાર ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે.

આપ ભગવાન, પુરુષ, મહાન, આત્મા, સર્વોત્તમ, વ્યાપક ને અમે નમન કરીએ છીએ. જ્ઞાન અને વિજ્ઞાન ના ભંડાર, અનન્ત શક્તિવાળા, બ્રહ્મ, ગુણરહિત, અપ્રાકૃત આપને નમન કરીએ છીએ. કાલ, કાલના અવયવોના સાક્ષી, વિશ્વના દ્રષ્ટા તથા કર્તા ને નમન કરીએ છીએ. પ્રમાણના મૂળ, કવિ, શાસ્ત્રનાં કારણ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરાવનાર, વેદરૂપ આપને નમન કરીએ છીએ. ભક્તિના ફળરૂપ અને ભક્તિની પ્રવૃત્તિ કરાવનાર આપ વૈષ્ણવોના પતિને અમે નમસ્કાર કરીએ છીએ. મુનિ અને મૌન સ્વભાવવાળા આપે ક્રિયાહીન રહીને ગુણોથી આ જગતનાં ઉત્પત્તિ સ્થિતિ અને લય કરેલા છે. આપનો વિહાર મિથ્યા નથી. જુદી-જુદી વસ્તુઓના સ્વભાવને જાગ્રત કરતાં આપ સારાની સંભાળ લેતાં લીલા કરો છો. ત્રણ લોકમાં શાંત અને અશાંત અથવા મૂઢ યોનિવાળાં આ બધાં શરીરો આપનાં જ છે. હાલ આપ સારાનું પાલન કરો છો અને ધર્મનું રક્ષણ કરવાની ઈચ્છાથી રહો છો, તેથી હાલ આપને શાંત શરીરો પ્રિય છે, છતાં આપે આ સર્પનો અપરાધ એકવાર સહન કરવો જોઈએ. તેથી હે ભગવાન! કૃપા કરો. સર્પ પ્રાણ તજે છે. અમે સ્ત્રીઓનો પતિરૂપ પ્રાણ અમને આપો. અમે સ્ત્રીઓ દુષ્ટ છીએ, છતાં એ યોનિનો જ દોષ છે, જીવનો દોષ નથી. અમે આપની દાસીઓને આજ્ઞા કરો. અમે દાસીઓએ આપની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ, એ પ્રમાણે શ્રદ્ધાથી વર્તનાર સર્વ પ્રકારના ભયથી મુક્ત થાય છે. આપની આજ્ઞા પ્રમાણે વર્ત્યા વિના મુક્તિ મળે તો અમારું દાસીપણું અને આત્મનિવેદન વ્યર્થ થાય અને અમને ભક્તિરસનો અનુભવ ન થાય. તેથી અમને અમારા પ્રાણરૂપ પતિ આપો, જેથી અમે જીવતી રહી આપની આજ્ઞા પ્રમાણે વર્તન કરી આપનું દાસ્ય અનુભવીએ''.

**શ્રીકૃષ્ણે કરેલ કાલીય ઉપર અનુગ્રહ:**

આ પ્રમાણે નાગ પત્નીઓએ સ્તુતિ કરી, એટલે ભગવાને પોતે જલમાં ક્રીડા કરતાં જ મૂર્ચ્છિત થયેલા સર્પને ચરણના પ્રહારથી નાગ પત્નીઓ હતી ત્યાં ફેંકી દીધો. કાલીયની ઈન્દ્રિયો અને પ્રાણ તેને પાછા પ્રાપ્ત થતાં, કષ્ટથી શ્વાસ લેતાં, તેણે દેવરૂપ થઈ, બે હાથ જોડીને શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. તેણે કહ્યું કે:''અમે ઉત્પત્તિથી જ ખલ, તામસ અને લાંબા સમય સુધી ક્રોધવાળા છીએ, અમારો સ્વભાવ તજી શકાય તેવો નથી. આપે આ જગત્ રચ્યું છે તેમાં જુદા-જુદા પ્રકારના સ્વભાવ, વીર્ય, ઓજસ, યોનિ, બીજ અને આકૃતિઓ છે. તેઓમાં અમે સર્પો તો જાતિથી જ બહુ ક્રોધવાળા અને મોહ પામેલા છીએ, તે આપથી ન તજી શકાય તેવી માયાને કેમ તજીએ? ગુણાતીત અવસ્થા, સાત્ત્વિક અવસ્થામાં રહીને માયાનો ત્યાગ કરી શકાય. અમારે તો તેવી અવસ્થા હોય જ નહીં. અમે એવા છીએ તેનું કારણ, જગતના ઈશ્વર અને સર્વજ્ઞ આપ છો, આપે મને એવો બનાવ્યો અને મારી પાસે આપનો અપરાધ કરાવ્યો. તેથી મારા ઉપર અનુગ્રહ કરો અથવા આપને યોગ્ય લાગે તેમ કરો''.

એ સર્પના વચન સાંભળીને ભગવાને તેને આજ્ઞા કરી કે ''તારે અહીં રહેવું નહીં. તારા સમ્બન્ધીઓ પુત્ર તથા સ્ત્રીઓ સહિત તું સમુદ્રમાં જા. વિલંબ ન કર. જેથી ગાયો અને મનુષ્યો આ નદીના જલનો ભોગ કરે. વૈષ્ણવનું સર્પે ભક્ષણ ન કરવું અને જે મારા આ ચરિતનું સ્મરણ કરે અથવા બન્ને સંધ્યા સમયે તેનું કીર્તન કરે તેને પણ તારાથી ભય ન થાય. જે મારા આ રમણસ્થાનમાં સ્નાન કરી, દેવો વગેરેનું જલથી તર્પણ કરશે તે સર્વ પાપથી મુક્ત થશે. જેના ભયથી તું રમણક દ્વીપ તજી આ ધરામાં આવ્યો છે તે ગરુડ હવે તારું ભક્ષણ નહીં કરે કારણ કે તારા ઉપર મારાં ચરણના ચિહ્ન છે.''

ગરુડનો ભય જતો રહેવાથી કાલીયને ઘણો આનન્દ થયો અને તેણે દિવ્ય વસ્ત્રો, માલાઓ, મણિઓ કીમતી ભૂષણો દિવ્ય સુગંધી પદાર્થો લેપો તથા કમલોની માલાઓથી ભગવાનની પૂજા કરી અને નાગપત્નીઓએ પણ પ્રેમપૂર્વક ભગવાનની પૂજા કરી. પછી ભગવાનને પ્રસન્ન કરી તેમની રજા લઈ, તેમને પરિક્રમા અને વન્દન કરી, કાલીય પોતાની સ્ત્રીઓ મિત્રો અને પુત્રો સાથે સમુદ્રના બેટમાં ગયો. તે યમુનામાંથી નીકળ્યો કે તરત જ ભગવાનની કૃપાથી યમુના વિષરહિત થઈ. ભગવાનને ત્યાં ક્રીડા કરવાની હોવાથી તેમણે તેના ઉપર અનુગ્રહ કર્યો.

**કાલીયને ધરામાં આવી રહેવાનું કારણ જણાવનારી પ્રાસંગિક કથાઃ**

પહેલા ગરુડ સર્વ સર્પોનું ભક્ષણ કરતો અને સદા તેઓને મારતો. કારણ કે સર્પોની માતા કદ્રુએ તેની માતા વિનતાને ઘણું દુઃખ દીધેલું. વાસુકી વગેરે સર્પો પોતાનું દુઃખ દૂર કરાવવા બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ ગરુડને બોલાવી તેમની વચ્ચે એવી સંધિ કરાવી કે ''નાગલોકમાં એક દિવસમાં જે ઉત્પન્ન થાય તેટલું અમાસના દિવસે સર્પોએ ભેગું કરી વૃક્ષના મૂલમાં મૂકવું. પછી ગરુડ તે દિવસે તેનું ભક્ષણ કરે અને સર્પોને પીડા કરે નહીં.'' આવી વ્યવસ્થા થતાં સર્વ સર્પો દર માસે ગરુડને પોતાના ભાગનો બલિ પર્વે-પર્વે આપતા હતા. આ કાલીય વિષરૂપ દેવનો ઉપાસક થયો. વિષ તેનું વીર્ય થયું. તે પોતે પણ કાલનું આધિભૌતિક રૂપ હતો તેથી મદને લીધે તેણે ગરુડની અવજ્ઞા કરી તેનાં સેવકોને માર્યા અને બલિનો પોતે જ ભોગ કર્યો. ગરુડના સેવકોએ તે ગરુડને જણાવ્યું. તે સાંભળી કાલીયને મારી નાખવાની ઇચ્છાથી ગરુડ મહાવેગથી કાલીય પાસે આવ્યો. કાલીય પોતાના માથાં ઉંચા કરી સામો આવ્યો ત્યારે તેની જીભ ભયંકર હતી અને ફાડેલા તેના ડોળા ઉગ્ર હતા, એટલે એની જ્ઞાનશક્તિ બહેર મારી ગઈ હતી. તેણે ગરુડને દાંતથી દંશ કર્યા, ગરુડનો વેગ પ્રચંડ હોઈ તેની ક્રિયાશક્તિ કાલીયથી અધિક હતી કારણ કે તે ભગવાનનું આસન હોવાથી તેનામાં ભગવાને આપેલી ક્રિયાશક્તિ હતી. તેથી ગરુડે તેને ક્રોધથી દૂર ફેંકી દીધો અને પોતાની જમણી બ્રહ્મરૂપ પાંખથી તેને પ્રહાર કર્યો. પાંખથી ઘવાતાં કાલીય બહુ દુઃખી થયો અને કાલિન્દીના ધરામાં ગરુડ જઈ શકે તેમ નહીં હોવાથી તેમાં પેસી ગયો.

એક સમયે જ્યારે ગરુડમાં ભગવદ્‌ભાવ ન હતો ત્યારે ગરુડ આ ધરામાંથી પોતાનું ઈચ્છેલું મત્સ્ય ભક્ષણ કરવા ઉપાડી ગયેલો. સૌભરિએ તેને તે ન લઈ જવા આજ્ઞા કરી પણ

તે ભૂખ્યો હોવાથી તેણે સૌભરિની આજ્ઞા માની નહીં. એ મત્સ્યના રાજાને લઈ ગયો તેથી માછલાં દુઃખી થયાં. તેથી ત્યાંના પ્રાણીઓનું કુશલ કરવા સૌભરિએ ગરુડને શાપ આપ્યો કે ૧.જો ગરુડ ધરામાં પ્રવેશ કરશે તો તેના પ્રાણ તરત જશે અને ૨.જો ગરુડ બીજે સ્થળે કોઈ પક્ષીએ લાવેલું પણ આ ધરાનું મત્સ્ય ખાશે તો પણ તેના પ્રાણ જશે. આ બે શાપ થયેલ હોવાથી ગરુડ આ ધરામાં જઈ શકતો નહીં. કાલીયને આ વૃત્તાન્તની ખબર હતી, બીજા સર્પોને ખબર નથી તેથી કાલીય ગરુડથી દુઃખી થતાં આ ધરામાં જઈ વસ્યો. શ્રીકૃષ્ણે તેને ધરામાંથી કાઢ્યો.

આ પ્રાસંગિક કથાથી એમ સ્પષ્ટ જણાય છે કે શ્રીકૃષ્ણ અદ્‌ભુત કર્મ કરનાર છે. સૌભરિએ ગરુડને શાપ આપી ધરામાં તે જઈ ન શકે તેમ કર્યું. તેથી કાલીય ત્યાં આવ્યો. તેથી મત્સ્યોને કાલનો ભય મટાડવા સૌભરિએ શાપ આપેલ તેથી ઉલટા તેઓનું કાલીયના વિષથી મૃત્યુ થયું. ભય મટાડવા પ્રયાસ કરનાર સૌભરિ ભય અને મૃત્યુ ઉત્પન્ન કરનાર થયો એ ભગવાનનું અદ્‌ભુત કર્મ. વળી કાલીયના ધરામાં ભગવાને વિહાર કર્યો. તેથી જ તેમાંના કોઈ પણ જીવને ગરુડ પીડા કરવાનો નહીં, એટલે સૌભરિના શાપનું પ્રયોજન શાપ વિના પણ સિદ્ધ થયું એ ભગવાનનું અદ્‌ભુત કર્મ. સૌભરિએ ભક્ત ગરુડને શાપ આપી અપરાધ કરેલ, તેમાંથી તે પણ મુક્ત થયો, એ પણ અદ્‌ભુત કર્મ. ધરામાં સર્પનું રહેવું, સર્પના વિષથી પ્રાણીઓ વગેરેનો નાશ થવો એ સર્વનું કારણ સૌભરિનો શાપ હતો. ભગવાને સર્પને ધરામાંથી કાઢ્યો તેથી તે સર્વ દોષો મટ્યા. અને યમુનાનું જલ પણ નિર્વિષ દોષ રહિત થયું એ બધા ભગવાનના અદ્‌ભુત કર્મ આ પ્રાસંગિક કથાથી જણાય છે.

ભગવાન ધરામાંથી નીકળ્યા ત્યારે તેમણે દિવ્ય માલાઓ અને વસ્ત્રો પહેરેલાં અને સુગન્ધી દ્રવ્યોનો લેપ તેમને થયેલ. તેમના દેહ ઉપરના મોટા મણિઓ અને સુવર્ણના ભૂષણોથી તે શોભતા હતા. તેમને બહાર નીકળતા જોઈ સર્વમાં પ્રાણ આવ્યા. ગોપો આનન્દ પામી તેમને પ્રેમથી ભેટ્યા. યશોદા, રોહિણી, નંદ, ગોપીઓ અને ગાયો શ્રીકૃષ્ણના પધારતાં ભાનમાં આવ્યા. તેમનામાં ક્રિયાશક્તિ આવી અને તેમનો મનોરથ ફળ્યો. બલભદ્રે તેમને આલિંગન કર્યું અને ''તમે આ બધાની પરીક્ષા બહુ સારી કરી'' એમ હસ્યા. એમના મનથી ભગવાને કાલીયને કાઢ્યો એ કાંઈ આશ્ચર્યકારક ન હતું, કારણ કે જે ક્ષણ માત્રમાં આખા વિશ્વનો નાશ કરી શકે તે કાલીયને કાઢી મૂકે તેમાં શું આશ્ચર્ય? સ્ત્રીઓ, પુરુષો, બળદો, વાછરડાં બધાને ઘણો આનન્દ થયો. નંદે બ્રાહ્મણોને દાન આપ્યાં. યશોદાએ શ્રીકૃષ્ણને ખોળામાં પધરાવી વારંવાર હર્ષનાં આંસુ પાડ્યાં.

આટલું થતાં અર્ધરાત્રિ થઈ. તે દિવસે કોઈએ કાંઈ ખાધું ન હતું. ગાયોનું દૂધ પહેલાં દુઃખથી સૂકાઈ ગયેલું. ભગવાન ધરામાંથી પધાર્યા પછી તેમના આઉમાં દૂધ હતું પણ દોહવાનાં સાધન ન હતાં, તેથી દૂધ પણ પ્રાપ્ત થયેલ ન હતું. છતાં ભગવાન પાછા પધાર્યા તેથી આનન્દ થતાં બધા સુખી થઈ ત્યાં જ રાત રહ્યા, કાલિન્દીનો કિનારો મૂકી કેટલેક દૂર વનમાં બધા સૂતા.

**દાવાગ્નિપાનઃ**

તે સમય કાલીયમાં રહેલા દોષનાં અભિમાનવાળા દૈત્ય અને સર્વનું ભક્ષણ કરવા રહેલ મૃત્યુએ ભેગા થઈ અગ્નિનું રૂપ ધારણ કર્યું અને તે અગ્નિ સૂતેલા વ્રજવાસીઓને ચારે તરફથી બાળવા લાગ્યો. અગ્નિને કારણે વ્રજવાસીઓ જાગી ગયા. તેઓ ખુબ ગભરાયા. બધા શ્રીકૃષ્ણને શરણે ગયા. તેમને મરવાની ચિન્તા ન હતી, પરન્તુ ભગવાનના ચરણારવિન્દનો વિયોગ થવાની ચિન્તા હતી. તેથી પોતાનું અગ્નિથી રક્ષણ કરવા તેઓએ શ્રીકૃષ્ણને વિનંતિ કરી. પોતાના ભક્તોનું દુઃખ જોઈને અનન્ત શક્તિવાળા જગદીશ્વરે તે અગ્નિનું તરત જ પાન કર્યું. ભગવાનનું મુખારવિન્દ પણ અગ્નિ છે. તેથી ભગવાનને અગ્નિનો તાપ લાગતો નથી. ભગવાન સર્વને વશ રાખનારા છે. તે દુષ્ટ અગ્નિ બહાર ન રાખવો જોઈએ, કારણ કે બહાર રાખવામાં આવે તો તે બીજા કોઈ સમયે પણ ઉપદ્રવ કરે. વળી કાલકૂટ વિષનું પાન કરવાથી મહાદેવને ગર્વ થયેલો કે મારી જેમે વિષનું પાન કોણ કરી શકે? વિષ પણ અગ્નિરૂપ જ છે. તેથી મહાદેવનો ગર્વ ઉતારવા ભગવાને અગ્નિનું પાન કર્યું.

**વસન્ત જેવી ગ્રીષ્મઃ**

જેમણે કપટથી ગોપાલનું રૂપ ધારણ કરેલું તેવા શ્રીકૃષ્ણ અને બલભદ્ર આવી રીતે વ્રજમાં ક્રીડા કરતા હતા ત્યારે ગ્રીષ્મ ઋતુ આવી. જો તે શ્રીકૃષ્ણ અને બલભદ્રને ઓળખતી હોત તો વૃન્દાવનમાં આવત જ નહીં. વૃન્દાવનના ગુણોથી ગ્રીષ્મ પણ વસન્ત જેવી જણાઈ. પાણીવાળો પ્રદેશ ઠંડી ઉત્પન્ન કરનાર હોય છે અને તેમાં પવન પણ હોય છે. તેથી ગરમીના સમયમાં એવા પ્રદેશમાં ઠંડી અને ગરમી સમાન હોય છે. વૃન્દાવનમાં ઝરણાંઓના શબ્દથી જંતુઓના અવાજ ઢંકાઈ જતા. ગ્રીષ્મમાં ઝાડની છાલ સૂકાઈ જાય છે તે ત્યાં જલના બિંદુઓવાળી રહેતી. ત્યાં લીલીછમ ભૂમિ હતી. તેમાં દિવસના તથા રાત્રિના કમળો વગેરે હતાં. નદીઓ સરોવરો અને ઝરણાંઓનાં મોજાં ઉપરથી મંદ શીતળ સુગંધીદાર વાયુ આવતો, તેથી તે વનમાં રહેનારને ઉનાળાનો અગ્નિ અને સૂર્યનો તાપ લાગતાં ન હતાં. અગાધ જલવાળા સરોવરના કિનારા પાસેનાં મોજાંથી કિનારાની માટી ગળતી. ભૂમિ સદા રસવાળી જ રહેતી. તેનો રસ સૂર્યનાં કિરણો વિષથી પણ તીવ્ર હોવા છતાં ચૂસતા નહીં. વન પુષ્પોથી શોભતું. તેમાં મૃગો અને પક્ષીઓ નાદ કરતા, મોર અને ભમરા ગાન કરતા અને કોયલો અને સારસો કૂજન કરતા. ક્રીડા કરવાની ઈચ્છાથી ભગવાને વનમાં રહેનાર દેવોને જાગૃત કરવા વેણુ વગાડતાં, તે વનમાં બલભદ્ર ગોપો અને ગાયો સહિત પ્રવેશ કર્યો.

**વનમાં કરેલી ક્રીડાઃ**

આ વનમાં પાંદડાં, મોરપીછ, પુષ્પો, માલાઓ અને ધાતુના આભરણો પહેરી શ્રીકૃષ્ણ અને બલભદ્ર ગોપો સાથે નૃત્ય કરતા, યુદ્ધ કરતા અને ગાન કરતા. શ્રીકૃષ્ણ નૃત્ય કરતા ત્યારે કેટલાક ગાન કરતા, કેટલાક વાંસળી, હાથની તાળી, પાંદડાં તથા શીંગડી વગાડતા તો કેટલાક પ્રશંસા કરતા. કોઈ સમયે શ્રીકૃષ્ણ અને બલભદ્ર ફેરફૂદડી રમતા, કૂદકા

મારી ટપતા, બાહુ ઠોકતા, કોઈને ખેંચી લઈ જતા અને બાહુયુદ્ધ કરતા. ગોપો નૃત્ય કરે ત્યારે તેઓ બંને ગાન કરતા, વાજીંત્ર વગાડતા અથવા પ્રશંસા કરતા. કોઈ વાર બીલા-આમળાં ફેંકી રમત કરતા અથવા આંખમીંચામણી, સંતાકુકડી, લંગડી વગેરે રમતા. હરણ જેવી આકૃતિ કરી નૃત્ય કરતા અથવા મોર વગેરે જેમે ચેષ્ટા કરતા. દેડકાં જેમે કૂદતા, મશ્કરીઓ કરતા, પાલખીની રમત કરતા અથવા રાજા બની રમતા. એ પ્રમાણે વનમાં, પર્વત ઉપર, ખીણોમાં, કુંજોમાં, નદીઓમાં વગેરે સ્થળે લોકોમાં પ્રસિદ્ધ ક્રીડા કરતા.

**પ્રલમ્બવધ:**

શ્રીકૃષ્ણ અને બલભદ્ર ગોપો સાથે ગાયો ચરાવતા હતા, ત્યાં ગોપનું રૂપ લઈ પ્રલમ્બ દૈત્ય આવ્યો. શ્રીકૃષ્ણે તેને ઓળખ્યો છતાં તેનો વધ કરવાના વિચારથી તેની મૈત્રી કરી. તેની મૈત્રી કરેલી હોવાથી જ તેમણે તેને હણ્યો નહીં પણ બલભદ્ર પાસે હણાવ્યો. પછી તેનો વધ ક્લેશ વિના કેવી રીતે થશે તે વિચારી ભગવાને ગોપોને બોલાવી કહ્યું કે આપણે બે પક્ષ કરી રમીએ. તેમાં બલભદ્ર અને શ્રીકૃષ્ણ નાયક થયા અને બીજા બનાવટી નામ પાડી આવતા, તેમને તેમણે માગી લીધા. શ્રીદામા વૃષભ વગેરે બલભદ્રના પક્ષમાં આવ્યા અને પ્રલમ્બ શ્રીકૃષ્ણના પક્ષમાં આવ્યો. શ્રીદામા અને પ્રલમ્બ મંત્રી જેવા હતા. જે પક્ષ હારે તે પક્ષવાળાએ સામા પક્ષવાળાને ભાંડીરક વડ સુધી ઉપાડી લઈ જવાના હતા. શ્રીકૃષ્ણનો પક્ષ હારતાં, પ્રલમ્બ બલભદ્રને ઉપાડે તે માટે તેમણે શ્રીદામાને ઉપાડ્યો.

''**અક્લિષ્ટકર્મતા સિદ્‌ધ્યૈ હીનત્વં કુરુતે ક્વચિત્, ધર્મપ્રધાનો ભગવાન ઈતિ જ્ઞાપયિતું તથા**''. ભગવાન ધર્મને મુખ્ય માનનારા છે એમ જણાવવા, ક્લેશ વિના કર્મ થઈ શકે તે માટે કોઈવાર તે હલકાપણું સ્વીકારે છે. વસ્તુતઃ (શ્રી=લક્ષ્મી+દામ=માલા, વનમાલા, તેથી શ્રીદામ એટલે લક્ષ્મીએ બનાવેલી વનમાલા) શ્રીદામો લક્ષ્મીએ બનાવેલી વનમાલારૂપ હોવાથી ભગવાને પોતાના અલંકારમાટે તેને ઉપાડેલો. પ્રલમ્બે બલભદ્રને ઉપાડ્યા. શ્રીકૃષ્ણે પ્રલમ્બની મૈત્રી કરેલી હોવાથી તેણે જાણ્યું કે શ્રીકૃષ્ણ કોઈથી હારે તેવા નથી. તેથી તે બલભદ્રને ઉપાડી, ઉતારવાની જગ્યાથી દૂર ઝડપથી લઈ ગયો, કારણ કે ધીરે-ધીરે જાય તો બધા સાથે આવે અને શ્રીકૃષ્ણ પાસે હોય તો તે બલભદ્રને દૂર લઈ જઈ શકે નહીં. ઉતારવાનું સ્થાન ભાંડીરક વડ વટી જતાં તેણે આસુર દેહ ધારણ કર્યો. પ્રદીપ્ત આંખવાળું, ઉગ્ર દાંતવાળું, જ્વલિત ચોટલીવાળું તેનું શરીર જોઈ બલભદ્ર જરા ભય પામ્યા, પરન્તુ તેમનામાં શ્રીકૃષ્ણનો આવેશ થયો એટલે તે ભયરહિત થયા અને પર્વતના જેવા ભારે થયા. અસુરનો વેગ તેમના ભારથી ઘટી ગયો અને જેમ ઈન્દ્રે વજ્રથી પર્વતને મારેલ તેમ બલભદ્રે તેના માથામાં ક્રોધથી મજબૂત મુક્કીનો પ્રહાર કર્યો. તે પ્રહારથી પ્રલમ્બનું માથું ભાંગ્યું. તે લોહી ઓકી બેભાન થયો અને ભારે ચીસ પાડી પ્રાણ તજી પડ્યો. તેના પ્રાણ અન્તરિક્ષમાં જ ગયા, પછી તે ભૂમિ ઉપર પડ્યો. તે જોઈ ગોપો બહુ વિસ્મય પામ્યા અને ''સારું થયું'' એમ કહેવા લાગ્યા. તેઓએ બલભદ્રને આશિષો આપી, તેમની પૂજા કરીને પછી સ્તુતિ કરી. પ્રલમ્બના વધથી દેવો ઘણા સુખી થયા. તેઓએ બલભદ્ર

ઉપર પુષ્પની વૃષ્ટિ કરી અને ''બહુ સારું કર્યું'' એમ પ્રશંસા કરી. કારણ કે એક જ્યારે બીજાને ઉપાડીને આકાશમાં લઈ જતો હોય ત્યાં જેને તે ઉપાડી લઈ જતો હોય તે પોતાનું રક્ષણ ઈચ્છતો હોય. તેવામાં ઉપાડી લઈ જનારને મારે એ અશક્ય છે, કારણ કે તેમ કરવાથી પોતે પણ ભૂમિ ઉપર પડતાં પ્રાણ ગુમાવે. પ્રલમ્બ અન્તઃકરણના દોષરૂપ હતો. તેનો વધ શ્રીકૃષ્ણના આવેશવાળા બલભદ્રે એ પ્રમાણે કર્યો.

**દાવાગ્નિપાનઃ**

એ રીતે ગોપો રમતમાં પડ્યા હતા ત્યારે ગાયો પોતાની ઈચ્છા પ્રમાણે ચરતી ઘાસના લોભથી દૂર ગીચ જંગલમાં ગઈ. એક વનમાંથી બીજા વનમાં જતાં ગાયો, ભેંસો અને બકરીઓ ઈષીકાવનમાં જેમા. 'ઈષીકા' એટલે મુંજ-ઘાસ. તેમાં પેસવું કઠણ અને તેમાંથી બહાર નીકળવું પણ કઠણ. તેથી પશુઓ ત્યાં રડવા લાગ્યાં અને તાપને લીધે તરસ્યાં થયાં. શ્રીકૃષ્ણ બલભદ્ર અને ગોપોએ પશુઓને જોયાં નહીં તેથી તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પશુઓની ખરીથી નમેલા અને દાંતથી કપાયેલા અને ગાયોના પગલાંની નિશાનીવાળા ઘાસથી તેઓ તેમના માર્ગે ગયા ત્યારે મુંજના જંગલમાં ભૂલી પડેલી અને રડતી ગાયો મળી. તેમણે તેમને પાછી વાળી. શ્રીકૃષ્ણે ગાયોને મેઘના જેવી ગંભીર વાણીથી બોલાવતાં તેઓ ઘણી હર્ષ પામી અને સામો અવાજ કરવા લાગી. આ સમયે આત્માના અજ્ઞાનરૂપ અથવા સ્વરૂપાજ્ઞાનરૂપ દોષ દાવાગ્નિનું રૂપ લઈ, ગોપો શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જાણે તે માટે, અકસ્માત ચોતરફ ઉત્પન્ન થયો. અગ્નિના સારથિએ તેને પ્રેરણા કરી. અગ્નિનો રથ ચલાવનાર સારથિ વાયુ છે. જ્વાલા તેનો રથ છે. તેથી સર્પની જેમે સ્થાવર-જંગમ જે પણ પ્રાણી તેના માર્ગમાં આવ્યું તેને ગળતો તે આવ્યો. તેને ઝડપથી આવતો જોઈ ગોપો અને ગાયો ભય પામ્યાં અને જેમ ટાળી ન શકાય તેવા મૃત્યુના ભયથી પીડાયેલો, જેણે ઘણા પુણ્ય કર્યાં હોય તેવો કોઈ મનુષ્ય, ગજેન્દ્રની જેમે હરિને શરણે જાય તેમ શ્રીકૃષ્ણને શરણે ગયા. ગોપોએ પ્રાર્થના કરી કે ''હે ભગવાન! અમારું રક્ષણ કરો, અમે આપના બાંધવો છીએ. આપ અમારા નાથ અને આધાર છો.'' બાંધવોનું વચન સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું કે ''તમે ચક્ષુઓ બંધ કરો. ભય ન પામો''. ભગવાનનું કાર્ય દેવોથી ગુહ્ય અને અજ્ઞાનીઓને ભય ઉત્પન્ન કરનારું હોવાથી, જ્ઞાનવાળા ગોપોથી તે છૂપું રાખવા અને જ્ઞાન વિનાનાને ભય ન થાય તે માટે ભગવાને તેમને ચક્ષુઓ બંધ કરવાની આજ્ઞા કરી. તેમણે ચક્ષુઓ બંધ કર્યાં ત્યારે શ્રીકૃષ્ણે મુખથી તે તીવ્ર અગ્નિનું પાન કરી તેમને ભયથી મુક્ત કર્યાં. પછી ગોપોએ જેવા ચક્ષુઓ ઉઘાડ્યાં ત્યારે તેઓએ પોતાને તથા ગાયોને ભાંડીરવનમાં પહોંચેલા જોયા. મુંજના વનમાંથી ભાંડીર વનમાં પાછા જવાનું તેઓને જ્ઞાન ન હતું. અને જે રસ્તે આવેલા તે રસ્તો તેઓ ભૂલી ગયેલા. જે ઘાસનાં ચિહ્નોથી આવેલા તે દાવાગ્નિથી બળી ગયેલા. તે ચિહ્નથી રસ્તો જાણવાનો પ્રયાસ કરી જવામાં બહુ વિલંબ થાય, તેથી ભગવાને જ તેમને ભાંડીરવન પહોંચાડી દીધાં. શ્રીકૃષ્ણના આ યોગવીર્યને જોઈ તેઓએ તેમને 'અમર' એટલે મરણને ફિટાડનાર અથવા કાલથી પર પુરુષોત્તમ માન્યા. પછી સાંજે

ગાયોને પાછી વાળી, ગોપોની 'જના' એટલે અવિદ્યાનો નાશ કરનાર જનાર્દન નેસડે ગયા. ગોપીઓને તેમનાં દર્શન વિના એક ક્ષણ સો યુગો જેવી થતી હતી. એટલે એક ક્ષણમાં તેઓ અનંતવાર જન્મ લેતી અને મરણ પામતી. ભગવાન વિના તેમને જરાએ સુખ ન હતું, કારણકે તેઓ પ્રપંચને વિસરી ગઈ હતી. ભગવાન પધારતાં તેમનાં દર્શનથી તેઓને ઘણોજ આનન્દ થયો.

**વર્ષા ઋતુઃ**

દેહના દોષરૂપ ધેનુકાસુર, ઈન્દ્રિયના દોષરૂપ કાલીય, પ્રાણના દોષરૂપ પ્રથમ દાવાગ્નિ, અન્તઃકરણના દોષરૂપ પ્રલમ્બ અને સ્વરૂપાજ્ઞાન દોષરૂપ બીજો દાવાગ્નિ એ પાંચે દોષનો નાશ અથવા નિગ્રહ થતાં ગોપ-ગોપીઓને ભગવાન સંબંધી વાસ્તવિક જ્ઞાન થતાં, ભગવાન તે ભક્તો સાથે ક્રીડા કરેછે.

ભગવાને બીજા દાવાગ્નિનું પાન કર્યા પછી ગોપો વ્રજમાં આવ્યા. તેમણે સ્ત્રીઓને અને વૃદ્ધો તથા બાલકો જે વનમાં જતાં ન હતાં તેઓને ભગવાનનું આ અદ્‌ભુત કર્મ કહી સંભળાવતાં તે બધા વિસ્મય પામ્યા અને તે સર્વેએ ભગવાનને ઉત્તમ દેવ અથવા પુરુષોત્તમ માન્યા. એ પ્રમાણે ભગવાન સમ્બન્ધી જ્ઞાન થતાં, ક્રીડા સારી રીતે થઈ શકે તે માટે વર્ષા ઋતુ આવી. આ ઋતુમાં સર્વ પ્રાણીઓની સારી રીતે ઉત્પત્તિ થાય છે. ભગવાન પણ સર્વ પ્રાણીઓનો ઉદ્ધાર થાય તે માટે જ ક્રીડા કરે છે. સાત્ત્વિકો સાથે સત્ત્વગુણથી ક્રીડા કરે છે. જેમ મહારાજને માન આપવાની તૈયારી કરવાની હોય ત્યારે આખું ગામ જાગ્રત થાય છે, તેમ ભગવાનની ક્રીડામાટે વર્ષામાં ભૂમિ, આકાશ અને દિશાઓ જાગ્રત થાય છે. ભૂમિમાં જીવોની ઉત્પત્તિ થાય છે, દિશાઓ વિજળીથી પ્રકાશે છે અને આકાશમાં ગડગડાટ થાય છે. વિજળી અને ગર્જના કરતાં કાળાં પ્રકાશતાં વાદળાંઓથી ઢંકાયેલું આકાશ સગુણબ્રહ્મ જેમે અસ્પષ્ટ તેજવાળું થયું. આઠ મહિના ભૂમિનું જલરૂપ ધન જે પર્જન્યે ચૂસેલું તે સમય આવતાં તેણે મૂકવા માંડ્યું, કારણ કે ભીની ભૂમિ જ ધનમાં જે મુખ્ય છે તેવું અનાજ ઉત્પન્ન કરે છે. વીજળીવાળાં મોટાં વાદળાં વાયુએ કંપાવ્યાં એટલે તેમણે વિશ્વને બલ આપનાર અને પ્રાણ ટકાવનાર જલ મૂકવા માંડ્યું. ગ્રીષ્મમાં ભૂમિ સૂકાઈ હતી તે, જેમ તપસ્વીઓનાં દુબળાં શરીર તપનું ફળ મળતાં પુષ્ટ થાય છે તેમ, વૃષ્ટિથી પુષ્ટ થઈ.

''પુષ્ટિમાર્ગે મર્યાદામાર્ગઃ તત્ર ન શોભતે'' પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગ શોભતો નથી તેથી કલિયુગમાં વેદ વગેરેની હાનિ થાય છે, વેદો પ્રકાશતા નથી, પરન્તુ પાપને લીધે પાષંડો પ્રકાશે છે. તેવી રીતે રાત્રિના આરંભમાં ગ્રહો પ્રકાશતા નથી પણ અંધકારથી આગીયાઓ પ્રકાશવા લાગ્યા. આગીયાઓ અંધકારના આરંભમાં જ પ્રકાશે છે, પછી તો વૃષ્ટિ થતાં તેઓ પોતે જ મરણ પામે તો બીજા કોનો પ્રકાશ કરે? નિત્ય પ્રકાશનારા ગ્રહો રાત્રિના આરંભમાં અંધકારમાં પ્રકાશતા નથી, કારણ કે જેમ-જેમ પાપ વધારે હોય છે તેમ-તેમ વેદથી વિરુદ્ધ માર્ગમાં રુચિ થાય છે. જેમ શાંત સૂતેલા બ્રાહ્મણો ધાર્મિક સમય

વહી જતાં જેમ તેમ વાણી બોલે છે, તેમ મેઘની ગર્જના સાંભળીને દેડકાં અવાજ કરવા લાગ્યા.

જેમ અસ્વતન્ત્ર પુરુષના દેહ, શક્તિ અને ધન આડે માર્ગે જાય અને નાશ પામે તેમ નાની નદીઓ આડે માર્ગે ફેલાઈ અને પછી સૂકાઈ ગઈ. અનાજની સમૃદ્ધિથી ખેતરો ખેડૂતોને આનન્દ આપવા લાગ્યા અને બધું દૈવને આધીન છે એમ નહીં જાણનાર અભિમાનીઓ, જેઓ શત્રુઓનો વધ કરવા સેના લઈ જવા ઈચ્છતા હોય તેમને પીડા કરવા લાગ્યા. જેમ હરિની સેવાથી મનોહર રૂપ પ્રાપ્ત થાય તેવું મનોહર રૂપ જલમાં અને ભૂમિ ઉપર રહેનારા જીવોને નવું જલ મળવાથી પ્રાપ્ત થયું. વર્ષાકાલ કામીઓને અને ખાસ કરીને સ્ત્રીના સંગવાળાઓને ક્ષોભ ઉત્પન્ન કરનારો છે. તેથી જેમ કાચા યોગીનું ગુણના સંગવાળું, કામથી ખરડાયેલું ચિત્ત ખળભળે તેમ નદીઓના સંગવાળા પવનથી મોજાવાળો સમુદ્ર ખળભળ્યો. પણ ભગવાનમાં ચિત્તવાળાઓને સ્ત્રી વગેરેથી પરાભવ થયો હોય તો પણ તેઓ જેમ ક્ષોભ પામતા નથી તેમ વરસાદની ધારાઓથી હણાતા છતાં પર્વતોને પીડા થઈ નહીં. બ્રાહ્મણો અભ્યાસ ન કરે તો સમય જતાં વેદ ભૂલી જાય છે તેમ ઘાસથી ઢંકાયેલા માર્ગો સંસ્કાર વિનાના હોઈ શંકા પડતા થયા. જેમ કામિનીઓ ગુણવાન પુરુષમાં પણ સ્થિરતા રાખતી નથી તેમ વિજળીઓ લોકબંધુ મેઘોમાં સ્થિર રહી નહીં. જેમ ઘરમાં દુઃખી નિરાશ થયેલા પુરુષો ભક્ત પધારતાં આવકાર આપે છે (પણ સંસારમાં નિરાશ થયા ન હોય તેઓ આવકાર આપતા નથી) તેમ મેઘોના આવવાથી જેમને ઉત્સવ થાય છે તેવાં અનાજ–વૃક્ષ–લતાને જોઈને અથવા મેઘના ઉત્સવરૂપ વિજળી વૃષ્ટિ વગેરેને જોઈને તેમને મોરોએ આવકાર આપ્યો. જેમાં કર્તવ્ય કદિ પણ પૂરું થતું નથી એવાં ઘર છે, કારણ કે મરણ થાય ત્યાં સુધી ઘરની ચિંતા મટતી નથી, જેમ દુષ્ટ અન્તઃકરણવાળા પુરુષો આવા ઘરોમાં રહે છે તેમ, જેના કિનારા અટકતા નથી પણ આગળ આવ્યા જ કરે છે તેવા સરોવરમાં સારસ રહ્યાં. જેમ રાજાઓ સમયે–સમયે બ્રાહ્મણોની પ્રેરણાથી ધન વગેરે આપે છે તેમ વાયુની પ્રેરણાથી વાદળાઓએ પ્રાણીઓને અમૃત આપ્યું.

**વર્ષાઋતુમાં ગોપો સાથે ક્રીડાઃ**

પાકાં ખજૂર અને જાંબુવાળાં વનમાં ભગવાને રમણ કરવા બલભદ્ર ગોપો તથા ગાયો સાથે પ્રવેશ કર્યો. ગાયો મોટા આઉના ભારથી ધીમી–ધીમી ચાલતી હતી તે ભગવાને બોલાવતાં સ્તનમાંથી દૂધ જરતી, પ્રેમથી ઝડપથી ગઈ. વર્ષાથી વનમાં રહેનારા આનન્દ પામ્યા. કારણ કે વૃક્ષોમાંથી રસ ઝરતા હતા, પર્વતમાંથી જલની ધારાઓ પડતી હતી અને રહેવામાટે સમીપમાં ગુફાઓ હતી. કોઈ વાર વરસાદ વરસતો ત્યારે બલભદ્ર વૃક્ષના કોટરમાં અથવા ગુફામાં પ્રવેશ કરી કંદમૂળ તથા ફળ ખાઈ રમણ કરતા. ભગવાન પણ બલભદ્ર તથા ગોપો સાથે જલની સમીપ ગોપીઓએ અથવા યશોદાએ આણેલા દહીંભાતનું ભોજન કરતા. બળદો વાછરડા અને ગાયો પણ તૃપ્ત થતા અને લીલા ઘાસવાળી જમીન ઉપર બેસી આંખો બંધ કરી વાગોળતા ગાયો આઉના ભારથી થાકી જતી. વર્ષા એ રીતે સર્વ

પ્રાણીઓને સુખ આપતી હતી. ભગવાનની સર્વ શક્તિઓથી તે વૃદ્ધિ પામી હતી અને આધિદૈવિક હતી. તેથી ભગવાને તેનું અભિનન્દન કર્યું.

**શરદ્:**

એવી રીતે ભગવાન બલભદ્ર સાથે વનમાં ક્રીડા કરતા વ્રજમાં રહેતા હતા ત્યારે શરદ્ ઋતુ થઈ. ''વર્ષામાં ભગવાને ક્રીડા કરી તેથી મારામાં પણ ક્રીડા કરશે'' એમ વિચારી શરદ્ પણ આવી. શરદ્‌માં વાદળાં ન હતાં, જલ સ્વચ્છ થયેલું અને પવન કોમળ થયો. વર્ષા કરતાં શરદ્ ઉત્તમ છે, કારણ કે વર્ષા પ્રવૃત્તિધર્મ વાળી છે અને શરદ્ નિવૃત્તિ ધર્મવાળી છે. ઉત્પત્તિ મુખ્ય છે પણ ઉત્પન્ન થયેલાનું નિર્મલપણું તેથી પણ મુખ્ય છે. શરદ્‌માં જલ અને વાયુ નિર્મલ થયાં. જેમ યોગથી ભ્રષ્ટ થયેલાનાં ચિત્ત ફરી યોગ આચરવાથી સંયમ પામે તેમ શરદ્‌માં કમલોની ઉત્પત્તિથી જલ મૂળ સ્થિતિમાં આવ્યાં. જેમ શ્રીકૃષ્ણમાં ભક્તિ આશ્રમવાળાઓના પાપને હરે તેમ શરદે આકાશનાં વાદળાં, મહાભૂતોની સેળભેળ એટલે અગ્નિ અને વાયુનો મળ તથા ભૂમિ અને જલના મળ-કાદવને હરી, પાંચે મહાભૂતો શુદ્ધ કર્યાં. ભગવાનની સન્નિધિને લીધે આધિદૈવિકની જેમે તે દોષ દૂર કરે છે. જેમ કામના તજેલા શાંત પાપરહિત મુનિઓ સ્વચ્છ તેજવાળા થઈ શોભે છે, તેમ વાદળાંઓ પોતાનું સર્વસ્વ (જલ) તજી સ્વચ્છ તેજવાળા થઈ શોભ્યાં. શુદ્ધ અવસર હોય ત્યારે જ્ઞાનીઓ દેશ કાલ તથા અધિકારી જોઈને જે જ્ઞાન આપવા યોગ્ય હોય, ભવિષ્યમાં સમ્પ્રદાય ટકાવી રાખે અને ખોટા માર્ગે ન જાય અને વિચારીને જ બીજાને જ્ઞાન આપે તેવા હોય, તેમને જ્ઞાન આપે છે અને તેવા ન હોય તેમને આપતા નથી; તેવી રીતે પર્વતો કોઈ સ્થળે જલ મૂકતા અને કોઈ સ્થળે ઉત્તમ જલ ન મૂકતા. મનુષ્યોનું આયુષ્ય ટૂંકું હોય છે અને આયુષ્યથી પુરુષાર્થો પ્રાપ્ત કરવાના હોય છે. તે આયુષ્યનો નકામો વ્યય થાય તેવાં ઘરનો ત્યાગ કરી જો કોઈ ભયરહિત ભગવાનના ચરણારવિન્દને શરણે જાય તો પોતાના ઈચ્છેલા સર્વ પદાર્થ પ્રાપ્ત કરે. છતાં કુટુંબવાળા મૂઢ મનુષ્યો દરરોજ ઘટતા આયુષ્યને જાણતા નથી તેમ છીંછરા જલમાં વસતા જલચરોએ દરરોજ જલ ઘટે છે તે જાણ્યું નહીં અને શરદ્‌ના સૂર્યથી થતું દુઃખ અનુભવ્યું. જેમ ધીર પુરુષો શરીર વગેરેમાંથી અહન્તા-મમતાનો ધીરે-ધીરે ત્યાગ કરે છે તેમ ભૂમિએ ધીરે-ધીરે કાદવ તજ્યો અને વેલાઓએ ધીરે-ધીરે આમપણું (ચાસ) તજી. જેમ અન્તઃકરણ શાંત થતાં મુનિને વેદના અર્થનું અનુસન્ધાન રહેતું નથી, તેમ શરદ્ આવતાં સમુદ્રની અસ્થિરતા રહેતી નથી અને તે શાંત થાય છે. જેમ યોગીઓ પ્રાણનો સંયમ કરી સ્રવી જતું જ્ઞાન રાખે છે તેમ ખેડૂતોએ દૃઢ પાળા કરી ક્યારાઓ માટે જળ રાખ્યું. મુકુન્દે વ્રજની સ્ત્રીઓનું દેહના અભિમાનથી થતું દુઃખ હર્યું. તેમનું દેહના અભિમાનરૂપ આધ્યાત્મિક દુઃખ હર્યું. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થવાથી આ દુઃખ હર્યું. તેમનું દેહના અભિમાનરૂપ આધ્યાત્મિક દુઃખ હર્યું. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થવાથી આ દુઃખ જાય છે, કારણ કે દેહ વગેરેનો ભગવાનમાં વિનિયોગ થતાં કોઈ પણ અંશથી દુઃખ રહેતું નથી. જેમ ચંદ્ર શરદ્‌ના સૂર્યના કિરણોથી થતાં પ્રાણીઓનાં દુઃખને હરે છે તેમ મુકુન્દે વ્રજની

સ્ત્રીઓનું આવું દુઃખ હર્યું. જેમ સત્ત્વગુણવાળું વેદના અર્થ જાણનારું ચિત્ત શોભે છે તેમ મેઘરહિત અને નિર્મળ તારાવાળું આકાશ શરદ્‌માં શોભ્યું. જેમ ભૂમિપર વૃષ્ણિઓથી વીંટાયેલા યદુપતિ શ્રીકૃષ્ણ શોભે છે તેમ આકાશમાં પૂર્ણ ચંદ્ર તારાઓથી વીંટાયેલો શોભ્યો. જેમાં ઠંડી અને ગરમી સમાન હોય તેવો સુગન્ધી વનનો પવન લઈ માણસોએ તાપ તજ્યો પણ ગોપીઓએ ન તજ્યો. કારણ કે તેઓનું ચિત્ત શ્રીકૃષ્ણે હરેલું હતું. તેઓનું ચિત્ત શ્રીકૃષ્ણના સમ્બન્ધવાળા દેહમાં હોવાથી તેમણે તો એ પવન લીધો પણ નહીં. ગાયો, મૃગલીઓ, પક્ષિણીઓ અને સ્ત્રીઓ માં શરદે પ્રવેશ કરતાં તેઓના રજનો વિકાસ થયો. તે સર્વનો ઋતુકાલ થયો અને જેમ ઈશ્વરના સમ્બન્ધવાળી ક્રિયાઓથી ફળ પ્રાપ્ત થાય તેમ પોતાના પતિથી અનુસરાતાં તે સર્વ ફળ પ્રાપ્ત કરવા લાગી. જેમ ચોર સિવાયના લોકો રાજાથી નિર્ભય થાય છે તેમ કુમુદ (રાત્રે ખીલતાં કમલ) સિવાયના કમલો સૂર્ય ઉગતાં ખીલ્યાં. જેમ વર્ષો સુધી સંયમ પાળનારા સિદ્ધો સમય આવતાં પોતાના પહેલા હતા તેવા દેહ પ્રાપ્ત કરે છે તેમ વાણીયા, મુનિઓ અને રાજાઓ બહાર નીકળી પોતપોતાના કામે લાગી ગયા. ભગવાનની લીલાસહિત એવી શરદ્ ઋતુ વ્રજમાં થઈ. શરદ્‌માં ભગવાને ગોપો સાથે ક્રીડા કરતાં તેમની પોતાની અંદર આસક્તિ કરાવી.

**ક્રીડામાટે વનપ્રવેશ અને વેણુ કૂજનઃ**

ભગવાન શરદ્‌માં લીલા કરે તે માટે શરદ્‌નું વર્ણન કર્યું. હવે લીલા કરવા ભગવાન વૃન્દાવનમાં પ્રવેશ કરે છે. ઉપર જણાવી તેવી શરદ્‌ને લીધે વૃન્દાવનમાં જલ સ્વચ્છ હતું. અને કમલની સુગન્ધવાળો વાયુ વાતો હતો. વનમાં નિર્મલ જળ હતું, શરદ્‌ને લીધે ટાઢ ન હતી, સુગન્ધી મંદ વાયુ હતો. ક્રીડામાટે જરૂરી આ સર્વ સાધનો જેમાં હતાં તેવાં વૃન્દાવનમાં ભગવાને પ્રવેશ કર્યો. વનના સરોવર નદીઓ અને પર્વતમાં ભ્રમરો અને પક્ષીઓનાં ટોળાં હતાં. તેઓ પુષ્પવાળાં વૃક્ષોની હારોને લીધે મત્ત થયેલાં હતાં અને કામભાવની વૃદ્ધિ કરતાં હતાં. એવા વનમાં મધુપતિ એટલે વસન્તના અધિપતિ, રસવાળા, શૃંગારરૂપ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ વાળા ભગવાને ગાયો ચરાવતાં, એટલે ધર્મનું આચરણ કરતાં, વનના દેવતાઓને જાગ્રત કરવા વેણુનાદ કર્યો. ભગવાને કરેલો વેણુનો નાદ આધિદૈવિક હોવાથી તે વનમાં કરેલો હોવા છતાં વ્રજમાં માત્ર ગોપીઓએ તે સાંભળ્યો, બીજા કોઈએ વ્રજમાં તે સાંભળ્યો નહીં. ભગવાનનો વેણુનાદ સ્ત્રીઓના કામને જાગ્રત કરનારો હોવાથી ગોપીઓનો કામ પણ જાગ્રત થયો. એટલે કામને વશ થયેલી ગોપીઓએ ભગવાનને જાગ્રત કરવા પોતાના જેવા સ્વભાવ અને વ્યસનવાળી સખીઓ પાસે તે નાદના ગુણોનું વર્ણન કરવા માંડ્યું. નાદ કામભાવની વૃદ્ધિ કરનારો હોવાથી જેમ નાદથી વનની દેવતાઓ જાગ્રત થઈ તેમ કામ પણ જાગ્રત થયો. તેણે કેટલીક ગોપીઓને મૂર્ચ્છિત કરી પરન્તુ કેટલીકને કૃપાને લીધે ભગવાનનો સંગ થયો અને ભગવાન જ્યાં ન હતા ત્યાં વ્રજમાં, તેઓએ ભગવાને નાદ કર્યા પછી તેનું વર્ણન પોતાની સખીઓ પાસે કરવા માંડ્યું. તેઓએ જે ભગવાનના સ્વરૂપનો અથવા વેણુગીતનો અનુભવ કર્યો તેનું

કાર્ય, કારણ, ફળ અને સ્વરૂપ થી વર્ણન કરવા માંડ્યું. પરન્તુ વર્ણન કરવામાટે વચમાં શ્રીકૃષ્ણની ચેષ્ટાનું તેમને સ્મરણ થયું. ચેષ્ટાનું સ્મરણ થતાં તેમનો કામ પણ જાગ્રત થયો. એટલે કામને લીધે તેમનું ચિત્ત ચંચળ થયું એટલે મનનો વિક્ષેપ થવાથી તેઓ વર્ણન કરી શક્યાં નહીં. ભગવાનનાં જે સ્વરૂપ વગેરેનું વર્ણન ગોપીઓ કરી શકી નહીં તે નીચેના શ્લોકમાં જણાવેલાં છે.

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કરિકારમ્, બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજયન્તીઞ્ચ માલામ્ ।**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ, વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ગીતકીર્તિઃ ।।**

**ભગવાનનાં સ્વરૂપ વગેરેનું વર્ણનઃ**

'બર્હ' એટલે મોરનું પીછું. તેનો ભગવાને મુકુટ ધારણ કર્યો હતો. નૃત્ય કરતા મોરનું આ અનુકરણ થયું. જ્યારે રસ જાગ્રત થયો હોય ત્યારે જ મોર નૃત્ય કરે છે. તેથી મોરના પીછાંનો મુકુટ કર્યો તેથી એમ સૂચવેલું કે ભગવાનમાં પણ આ સમયે રસ જાગ્રત થયેલો છે. તેથી જ ગોપીઓ ભગવાનના સ્વરૂપનું વર્ણન કરી શકી ન હતી.

રસ પણ બે પ્રકારનો છે ૧.ધર્મવાળો તથા ૨.કેવલ અથવા શુદ્ધ. કેવલ રસ નાટકમાં પ્રસિદ્ધ છે. ધર્મવાળો સંભોગમાં પ્રસિદ્ધ છે. ભગવાનનું શરીર તો નટ જેવું અને વર જેવું બન્ને પ્રકારનું છે. વર વારંવાર ભોગ કરનાર છે. ભગવાને નટ જેવું અને વર જેવું બન્ને પ્રકારનું શરીર ધારણ કર્યું. ભગવાન હૃદયમાં પણ રહે છે અને તેટલાથી જ જ્ઞાનીઓને સુખ થાય છે, પરન્તુ તેમની જેમે ગોપીઓને તેટલાથી સુખ થતું નથી. તેથી ગોપીઓને સુખ થાય તે માટે ભગવાને એવું બન્ને પ્રકારનું શરીર ધારણ કર્યું, તેથી ભગવાન આપણા જેવા દેહી જ છે આત્માથી જુદો દેહ ધારણ કરનાર છે, એમ ન માનવું. વળી ભગવાને બન્ને કાનમાં કર્ણિકાર (કણેર)ના પુષ્પ ધારણ કર્યાં હતાં. આ પુષ્પ શૃંગારનો ઉદ્‌બોધ કરનારાં છે. સંયોગ અને વિપ્રયોગ એ બે પ્રકારનો શૃંગાર છે. બે કાન બે પ્રકારનો શૃંગાર જણાવે છે, તેમને કણેરનો સમ્બન્ધ થતાં ઉપર જણાવેલો રસ ઉભરાઈ જાય છે. આવો રસ ગુપ્ત હોય ત્યારે જ રસ ગણાય, તેથી ભગવાને તેને ગુપ્ત રાખવા પીતાંબર ધારણ કરેલું. તે સુવર્ણના જેવું પીળું હતું. રસ જાગ્રત થાય ત્યારે ગોપીઓ (ભગવાનનાં) વસ્ત્રની દરકાર ન રાખે તેથી સુવર્ણની જેમે મોહ ઉત્પન્ન કરનારું પીતાંબર ભગવાને પહેરેલું. સુવર્ણના જેવું પીળું પીતાંબર સુવર્ણની જેમે મોહ કરનારું હોઈ માયારૂપ છે. તેથી જ્યાં ગોપીઓ માયારૂપ વસ્ત્રને જ બરાબર નીરખી શકતી નથી તો પછી તેનાથી ઢંકાયેલા રસને તો કેમ ખુલ્લો કરી શકે? તેના ઉપર તેનાથી પણ વધારે રસનું જ્ઞાન થવા ન દે તેવી વૈજયન્તી માલા ભગવાને ધારણ કરેલી. એવી રીતે ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરતાં ધર્મવાળો અને કેવલ એવા બે રસ, તેમનો ઉદ્‌બોધ કરનાર કણેરના પુષ્પો, તેમને ઢાંકનાર પીતાંબર અને તેમનું જ્ઞાન ન થવા દેનાર વૈજયન્તી માલા કહ્યાં.

**નામલીલારૂપ વેણુનાદઃ**

એ પ્રમાણે ભગવાનનાં સ્વરૂપનું નિરૂપણ કરી ભગવાને વેણુનાદ કર્યો એ તેમના

ગુણનું આ શ્લોકમાં નિરૂપણ કરેલું છે. વેણુને સાત છિદ્રો હોય છે. જેમ સ્વરૂપમાં છ ધર્મો અને ધર્મી એ સાતનો અનુભવ થાય છે તેમ નામસૃષ્ટિમાં પણ વેણુના સાત છિદ્રો છે. ભગવાન વેણુને લોભરૂપ અધર ઉપર ધારણ કરે છે અને પોતાના અધરની સુધા તેમાં ભરે છે. આ અધરસુધાનો સાક્ષાત્ અનુભવ ઉચ્છિષ્ટના પ્રકારે ગોપીઓને થઈ શકે તેવું સંભવતું નથી, કારણ કે ભગવાન વનમાં છે અને ગોપીઓ વ્રજમાં છે. તેથી ગોપીઓ તો કાનથી જ તેનું પાન કરી શકે તેમ છે. આ સુધા સર્વને ભગવદીય બનાવે છે, તે પ્રવાહી બનેલ પ્રકટ આનન્દ જ છે. બ્રહ્માનન્દથી પણ અધિક છે. આનન્દના સારરૂપ છે. તે પોતાની મેળે કોઈ પ્રકારે સાધન થતી નથી (ફળરૂપ જ છે). ગોપીઓ કાનથી જ તેનું પાન કરી શકે તેમ હોવાથી અને કાનથી નાદ (અવાજ)નો જ અનુભવ થતો હોવાથી, તે સુધાને નાદરૂપ બ્રહ્મ સાથે જોડવા, જેમાંથી નાદની ઉત્પત્તિ થાય તેવા વેણુનાં છિદ્રોમાં ભગવાને ભરી. સુધા આકૃતિ વિનાની હોવાથી તેને વેણુનાં છિદ્રોમાં ભરી, તે વેણુનો પણ સાક્ષાત્ સ્પર્શ કરતી નથી, વેણુની અંદર પણ જતી અથવા રહેતી નથી તેથી જ્યારે વેણુદ્વારા નાદ જાય છે ત્યારે નાદની સાથે ભળી સુધા પણ જાય છે. પછી કાનદ્વારા ગોપીઓનાં હૃદયમાં પ્રવેશ કરે છે અને ગોપીઓ તેનું વર્ણન કરે ત્યારે તેમના મુખમાં આવી તેને પોતાનો ભોગ કરવા યોગ્ય બનાવે છે. છતાં સુધાનો તે હૃદયમાં થઈ મુખમાં આવતો અંશ પણ રસનાં પૂરરૂપ થઈ હૃદયમાં પ્રવેશ કરે નહીં ત્યાં સુધી તેનો સાક્ષાત્ ભોગ કરવાની યોગ્યતા થતી નથી. જેમ ઝરણાંઓથી જલનો પ્રવાહ પુષ્ટ થાય છે તેમ હૃદયમાં આવેલો સુધાનો અંશ ગોપીઓની સર્વ ઇન્દ્રિયોમાં રહેલ વિવિધ ભાવોથી પુષ્ટ થતાં, પોતાના જેવા સ્વભાવ અને વ્યસનવાળી બધી ગોપીઓ પરસ્પર તેનું વર્ણન કરે છે એટલે તે સુધાનો અંશ બહાર પ્રકટ થાય છે. દરેકના હૃદયમાં રહેલો સુધાનો અંશ એ પ્રમાણે બહાર પ્રકટ થઈ (તેનું શ્રવણ કરતી) સર્વ ગોપીઓનાં હૃદયમાં પ્રવેશ કરે છે એટલે ઘણો જ ભાવ ઉત્પન્ન થતાં તેનો સાક્ષાત્ અનુભવ કરવાની સર્વ ગોપીઓની યોગ્યતા થાય છે. એ સુધારસ હૃદયમાં પ્રવેશ કરે ત્યારે નિરોધ પૂર્ણ થાય છે. ભગવાને ભોગ કરવા યોગ્ય ગોપીઓનો પૂરો નિરોધ થાય છે. બીજી ગોપીઓનો, ગોપોનો અને બીજા વ્રજના સર્વ જીવો વેણુનાદનું શ્રવણ કરે છે તેમનો થોડો-થોડો નિરોધ થાય છે. આ રસ ફળરૂપ હોઈ મર્યાદા ભક્તોએ પણ માંગવા યોગ્ય જ છે. તેથી જ શ્રીમદ્‌ભાગવતના નવમા સ્કન્ધમાં બન્ને પ્રકારના ભક્તોનું નિરૂપણ થયા પછી જ દશમા સ્કન્ધમાં નિરોધનું નિરૂપણ કરેલું છે. સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા ભક્તોના ભોગમાં આ ભગવાનની અધરસુધાના રસનો ભોગ જ ઉત્તમ છે. તે પ્રાપ્ત ન થાય તો ભક્તની ઉત્પત્તિ જ વ્યર્થ છે. વળી બ્રહ્માનન્દભાવ થાય અને તેનું પણ આધિદૈવિક રૂપ પ્રાપ્ત થાય ત્યારે લક્ષ્મીની જેમે મુખ્ય રસનો ભોગ થવાનું સંભવે છે. અને ભગવાનની બીજી રાણીઓને ક્રમથી આવો ભોગ થાય છે. તેથી નિરોધ જ ઉત્તમ ફળ છે. ભગવાન ભોગ કરે ત્યાર પછી જ તે ભોગ્ય થાય છે. તેથી જ આ પ્રકરણના અંતે સ્ત્રીઓનું નિરૂપણ કરેલું છે. અને ઋષિકુમારો પણ સ્ત્રી થયેલા, કારણ કે પુરુષનો ભોગ બીજાથી અથવા પોતાથી થતો

નથી. તેથી જ સ્ત્રીઓનું જ મુખ્યપણે વર્ણન કરેલું છે.

**ક્રીડા અથવા લીલાઃ**

ભગવાને પોતાના રૂપથી વશ કરી ગોપીઓને વેણુનાદદ્વારા પોતાની અધરસુધાના રસનું પાન કરાવતાં વૃન્દાવનમાં એટલે વૃન્દા સ્ત્રીના વનમાં પ્રવેશ કર્યો. પોતે સર્વ કાર્ય કરી ગોપીઓને સ્વચ્છન્દપણું પ્રાપ્ત કરાવ્યું. ભગવાને વૃન્દાવનમાં પોતાના ચરણનું સ્થાપન કર્યું એટલે તેમાં ભક્તિનું સ્થાપન થયું. તે વનમાં ભગવાને ગોપો સાથે પ્રવેશ કર્યો. ગોપો સાથે હોવાથી ધર્મનું પણ સ્થાપન થયું. વળી ગોપો ભગવાનની કીર્તિનું ગાન કરતા હતા તેથી બાકીના પુરુષાર્થ અર્થ, કામ અને મોક્ષ નું પણ સ્થાપન થયું.

ભગવાન ભોગ કરે ત્યાર પછી ગોપીઓ પોતે ભોગ્ય થાય છે. ભગવાન શ્રીકૃષ્ણમાં સ્ત્રીભાવ ગૂઢ રહેલો છે. ભગવાનમાં રસ ઉભરાતાં તે લક્ષ્મી સમાન ભોગ્ય બને છે. આ ભગવાનનો સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે. તેની આગળ બીજું સર્વ ગૌણ છે. તેથી વેણુનાદ જ મુખ્ય હોવાથી તે નાદ સાંભળી બધીએ ગોપીઓએ તેનું વર્ણન કરવા માંડ્યું. વેણુનાદ ભગવાને વેણુને અધર ઉપર મૂકી, તેનાં છિદ્રોમાં અધરની સુધા ભરીને કરેલો છે. આ માત્ર નાદ નથી પરન્તુ નાદ સાથે આવતી ભગવાનના અધરની સુધાના સમ્બન્ધવાળો છે, એમ તેનું સારી રીતે આદરપૂર્વક શ્રવણ કરી, બધી ગોપીઓએ વર્ણન કરવા માંડ્યું. તેમને બીજું કાંઈ કાર્ય પણ ન હતું, કારણ કે પુરુષો વનમાં ગયેલા અને સંધ્યા સુધી તેમના આવવાનો સંભવ પણ ન હતો. ઘરનાં કામ તો બધાં તેમણે સવારમાં જ આટોપેલાં. તેથી તેમણે બધીઓએ વેણુનાદનું જ વર્ણન કરવાનો આરંભ કરેલો. ત્યારે વેણુનાદના માત્ર શ્રવણથી જ કામ વધી જતાં ચિત્ત ચંચલ થવાથી તેઓ વર્ણન કરી શક્યાં ન હતાં. હમણાં તો અધુરસુધાથી તેમનો દેહ આખો ભરાઈ ગયો અને તેથી પણ સુધા ઘણી અધિક થતાં સર્વ તરફથી તે બહાર નીકળવા માંડી, એ જ તેનું વર્ણન થયું.

**રસરૂપ ભગવાનનું વર્ણનઃ**

આરંભમાં પાછલા શ્લોકમાં જે સ્વરૂપ વગેરેનું વર્ણન કર્યું તેનું જ ગોપીઓ વર્ણન કરે છેઃ ''મિત્રો સાથે પશુઓની પાછળ રહી તેઓને મિત્રોદ્વારા વનમાં પ્રવેશ કરાવતા વ્રજેશના પુત્રો (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) ના મુખનું સેવન કરવું અથવા વેણુ વગાડવાનું કાર્ય કરતાં તેને ભક્તો જેના ઉપર પ્રેમવાળા કટાક્ષો નાખે છે તેવા તે મુખનું પાન કરવું એ જ ચક્ષુવાળાઓનું તથા ઈન્દ્રિયોવાળાનું ઉત્તમ ફળ છે, મોક્ષ પણ તેવું ફળ નથી.''(૧)

બલભદ્રમાં શ્રીકૃષ્ણનો આવેશ હોવાથી તેમનું મુખ સ્પષ્ટ જણાતું નથી, તેથી શ્રીકૃષ્ણનું મુખ તે બન્નેનું મુખ છે. તેને પોતાના ચક્ષુઓ દ્વારા હૃદયમાં પ્રવેશ કરાવવો એ જ ઈન્દ્રિયોવાળાનું મુખ્ય ફળ છે.

**કેવલ રસરૂપ ભગવાનઃ**

''જેમ રંગમંડપમાં કોઈવાર ગાન કરતા બે ઉત્તમ નટો શોભે તેમ પશુપાલોની સભામાં શ્રીકૃષ્ણ અને બલભદ્ર શોભતા હતા. તેમના કર્ણોમાં આંબાના કૂણાં પાંદડાં,

મસ્તક ઉપર મોરના પીછાંનો ગુચ્છો અને શ્રીકંઠમાં માલા હતી અને તે સર્વ સાથે ભળતાં પીતાંબર વગેરે વસ્ત્રો તેમણે પહેરેલાં હતા''(૨).

રસ પ્રકટ થાય તે માટે આંબાના પૂરાં પાંદડાં, મોરના પીછાંનો ગુચ્છો, માલા અને પીતાબર વગેરે વસ્ત્રો તેમણે ધારણ કરેલાં. પહેલા ત્રણમાં અનુક્રમે રસ, રૂપ અને સુગંધ એ ગુણો છે. અને રસને ઢાંકવા જે માયારૂપ પીતાંબર પહેરેલું તે રાત-દિવસ એ રસની ઈચ્છા રહે તે માટે તેને ઢાંકેલો છે. રસ પ્રકટ થાય ત્યારે તેનો ભક્તો સ્વાદ લે છે. ત્યારે નૃત્ય થાય છે અને તેથી શોભા થાય છે. જેમ નટો શાસ્ત્ર પ્રમાણે રંગમંડપમાં નૃત્ય કરે છે તેવી રીતે આ બે અલૌકિક નૃત્ય કરે છે. ગાયન અને વાજીંત્ર સાથે નૃત્ય થાય છે. અમુક પ્રદેશોમાં માત્ર હાથના લહેકાથી શ્રમ વિના ગાન કરતા. આવું ગાન પણ લોકોમાં પ્રસિદ્ધ છે.

**વેણુનાદનું વર્ણનઃ**

''હે ગોપીઓ! આ વેણુએ શું કુશલ કાર્ય અથવા ધર્મ કર્યો હશે કે ગોપીઓની માલિકીની દામોદરના અધરની સુધાને પણ પોતે જ પ્રસિદ્ધ પ્રકારે ભોગ કરે છે અને તેણે ભોગ કરતાં વધેલા રસનો ભોગ કરી ઝરણાંઓ અને વૃક્ષો આર્યોની જેમે રોમાંચવાળા થાય છે અને તેમને હર્ષના આંસુ આવે છે.''(૩)

ભગવાનના અધરની સુધાનો પુરુષથી ભોગ થઈ શકતો નથી. સ્ત્રીઓજ તેનો ભોગ કરી શકે. છતાં 'વેણુ' પુરુષ હોવા છતાં અને વૃક્ષયોનિનો હોવા છતાં તેનો ભોગ કરે છે એ આશ્ચર્યકારક છે. જે ધર્મ કરે તેનું ફળ તેને મળે એવો વૈદિક સિદ્ધાન્ત છે. આને ફળ મળે છે તો તેણે એવો શું ધર્મ કર્યો હશે કે જે આપણે ગોપીઓ, ક્ષુતિરૂપ હોવા છતાં, જાણતી નથી? પુષ્ટિબલનો વિચાર કરીએ તો પણ ભગવાન દામોદર હોવાથી ગોપીને વશ છે, અને અધર તો લોભરૂપ છે, તેથી ભગવાનથી અથવા અધરથી તેને એ ફળ મળવાનું સંભવતું નથી. વળી સુધા રસરૂપ છે અને વેણુને તો રસનો આસ્વાદ કરનારી જીભ પણ નથી. ભગવાન તેને સુધા આપે તો કદાચ તે પાન કરે, પણ વેણુ તો પોતાની મેળે જ સુધાનું પાન ગોપીઓની જેમે કરે છે, કારણ કે ભગવાનના અધરનો મુખ સાથે સમ્બન્ધ થવાથી આપણે ગોપીઓને સુધાનું પાન થાય છે તેમ તેનાં મુખને પણ ભગવાનના અધરનો સમ્બન્ધ થાય છે. વળી પાન કરતાં વધે તે પોતાના પિતા વૃક્ષો અને માતા ઝરણાંઓને આપે છે અને તેથી ઝરણાંઓમાં રોમાંચરૂપ કમલો થાય છે અને તેમને મકરંદરૂપ હર્ષનાં આંસુ આવે છે. વૃક્ષોને પણ ફળરૂપ રોમાંચ થાય છે અને મધુધારારૂપ હર્ષના આંસુ આવે છે. વળી આ તેમના સ્વાભાવિક ગુણ નથી કારણ કે વેણુનાદ થવા પછી જ તેમ થયેલ છે. જેમ આર્યોને ભગવાનના ધર્મોનો અંદર પ્રવેશ થાય ત્યારે જ રોમાંચ થાય છે અને હર્ષના આંસુ આવે છે તેમ તેમનામાં વેણુનાદથી સુધાનું પાન થયા પછી જ એ ગુણો આવેલા છે.

**ભગવાનનાં ચરણારવિંદનું સ્વરૂપઃ**

''ગોવિંદના વેણુને અનુસરીને જેમ વેણુ વાગે તે પ્રમાણે વૃન્દાવનમાં મત્ત મયૂર નૃત્ય કરે છે અને તે નૃત્ય જોઈને ગોવર્ધનનાં શિખરપર સર્વ પ્રાણીઓ શાંત થાય છે. વળી

વૃંદાવને દેવકીના સુતનાં ચરણકમલનાં ચિહ્નોથી લક્ષ્મી પ્રાપ્ત કરી છે તેથી વૃંદાવન ભૂમિની કીર્તિને વિસ્તારે છે''(૪)

દેવોના ચરણ ભૂમિનો સ્પર્શ કરતા નથી. ઉત્તમ દેવમાં તો ન જ કરે તો પછી પુરુષોત્તમના ચરણ તો ભૂમિનો સ્પર્શ કેમ જ કરે? ભૂમિમાં પણ દૈત્યની ભૂમિ અધમ છે અને તે પણ વૃન્દાસ્ત્રીના સમ્બન્ધવાળી એવા વૃન્દાવનમાં ભગવાનના ચરણો છે એ તેનું મોટું ભાગ્ય છે. અમારો ગોપીનો હૃદયપ્રદેશ પણ વૃન્દાવન જેમે ભૂમિ છે. જેમ વૃન્દાવનમાં પર્વતો છે તેમ અમારા હૃદય પણ કઠણ છે. જેમ વૃન્દાવનમાં નદીઓ છે તેમ અમારામાં અંદર વહેતી રસથી ભરપૂર નદીઓ પણ છે. જેમ તેમાં વન એટલે વૃક્ષો છે તેમ અમારામાં પણ રુંવાડાંની પંક્તિઓ છે. જેમ તે સ્ત્રીના સમ્બન્ધવાળું છે તેવાં અમે પણ છીએ. એમ અમે વૃન્દાવન સમાન હોવા છતાં અમારા ઉપર ભગવાન ચરણ સ્થાપતા નથી અને વૃન્દાવનમાં સ્થાપે છે એ તેનું મોટું ભાગ્ય છે. ભગવાનમાં ચરણકમલના ચિહ્નથી વૃન્દાવને લક્ષ્મી પ્રાપ્ત કરેલી હોવાથી ''જ્યાં આવું વૃન્દાવન છે તેવી પૃથ્વીને ધન્ય છે'' એમ તે ભૂમિની કીર્તિને વિસ્તારે છે. વૃન્દાવનમાં સ્ત્રીનું પ્રધાનપણું હોવાથી સ્ત્રીઓ ઉપર ભગવાનની કૃપા હોવાનું પણ જણાય છે. પુષ્ટિમાર્ગમાં સ્ત્રીઓનું જ પ્રધાનપણુ છે. ભક્તિમાર્ગમાં ભગવાનના ચરણો પ્રધાન છે. તે ચરણો પણ જલમાં ઉત્પન્ન થતાં કમલ જેવા હોઈ, દુઃખ હરનાર તરીકે સ્ત્રીઓનાજ હૃદયમાં શોભે. તેમાં પણ ધ્વજા, વજ્ર, અંકુશ વગેરે ચિહ્નો છે તે બીજી ભૂમિમાં ઉઠતા નથી પરન્તુ વૃન્દાવનની ભૂમિમાં બરાબર પડે છે. એટલે વૃન્દાવન ભગવાનનું 'ચરણ' જ થઈ રહે છે અને તેથી લક્ષ્મી પણ ત્યાં સદા રહે છે. વૃન્દાવને લક્ષ્મી પ્રાપ્ત કરી છે એટલું જ નહીં પરન્તુ ભક્તિ અને જ્ઞાન પણ પ્રાપ્ત કર્યા છે. જ્યારે ભગવાન વેણુનાદ કરે છે ત્યારે એમ લાગે છે કે નીલ (શ્યામ) મેઘ ગર્જના કરે છે અને તેથી મોરો મત્ત થઈ નૃત્ય કરે છે. ભગવાન વેણુનાદ કરે છે કે તરત જ દેહને ભુલાવનારું નૃત્ય થાય છે એટલે ભક્તિ ઉભરાય છે. મોર વનમાં વસતા હોઈ વન જ છે. તેથી આ પણ વૃન્દાવનની જ પ્રશંસા થઈ. એ મોરનાં નૃત્યને જોઈને બીજા પ્રાણીઓ ગોવર્ધન ઉપર શાંત થઈ રહે છે. મોર ભક્ત છે અને પ્રાણીઓ જ્ઞાની છે. સ્વભાવથી જ નીચે ગુફામાં રહેનારા પ્રાણીઓ પણ ગમે તે સ્થળે હોય ત્યાંથી ઉંચે ગોવર્ધનનાં શિખર ઉપર જઈ, નૃત્ય જોતાં શાંત રહે છે. એમ તેઓ જ્ઞાનીઓ જેમે દોષ રહિત થઈ, પોતાનાં સ્થાનને તજી ઉંચે જાય છે. એટલે ઊંચી ગતિ પ્રાપ્ત કરે છે.

એ પ્રમાણે ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરીને હવે ગોપીઓ વેણુના નાદનું છ પ્રકારે વર્ણન કરે છે. તે દરેક પ્રકારથી ભગવાનના એક-એક ગુણનું નિરૂપણ કરે છેઃ

**ઐશ્વર્ય દર્શાવનાર હરણીઓની પૂજાઃ**

''વેણુનો રણકાર સાંભળીને પોતાના પતિ કૃષ્ણસારો (કાળીયારો) સાથે વિચિત્ર વેષ ધારણ કરેલ નંદનંદનની પ્રણયવાળી દષ્ટિથી પૂજા કરનારી આ મૂઢમતિવાળી હરણીઓ પણ ધન્ય છે.''(૫)

બ્રહ્માનાં વચનથી ભક્તોનો ઉદ્ધાર કરવા ભગવાન પ્રકટ થયા છે. એટલે હરણીઓનો પણ ઉદ્ધાર કરવા તેમણે વિચિત્ર વેષ કર્યો, એટલે રસ પ્રકટ કરવા તેમણે પ્રવૃત્તિ કરી છે. તેથી તે વેણુનો રણકાર કરે છે. જે પ્રકારે રસ બહાર જતો ન રહે તે પ્રકારે શબ્દ કરવો તે રણકાર. હરણીઓ ભગવાન પાસે જઈ આવા રણકારનું શ્રવણ કરે છે એટલે તેમને દેહના ધર્મો રહ્યા નથી. તેમના પતિઓ તેમની સાથે છે એટલે પતિઓ તેમને રોકતા નથી અને તે પતિઓ 'કૃષ્ણસાર' એટલે કૃષ્ણ જ જેમને સારરૂપ છે, તેવા હોવાથી તેઓ શ્રીકૃષ્ણની પૂજા કરે તેમાં તેમના પતિઓને ઈર્ષ્યા પણ નથી. ગોપો આવા 'કૃષ્ણસાર' નથી જણાતા પરન્તુ અભિમાનસાર છે. તેથી અમે ગોપીઓ હરણીઓ જેવી થઈ શકતી નથી. જો ગોપો પણ 'કૃષ્ણસાર' હોત તો અમે ગોપો સાથે ગાયો પણ ચારત. હરણીઓ પ્રણયવાળી દૃષ્ટિથી ભગવાનની પૂજા કરે છે. દૃષ્ટિ એટલે નેત્રો, જેમાં જ્ઞાન રહેલું છે અને તે જ્ઞાનની ઉત્પત્તિનાં સ્થાન છે, તે કમલરૂપ છે. તેમનાથી કરેલી પૂજા સર્વથી ઉત્તમ છે અને એવી પૂજા ચાલુ રાખવી તે સર્વથી ઉત્તમ છે. લોકમાં મૂઢ ગણાતી આ હરણીઓ પણ ભગવાનની પૂજા કરે છે. તેથી ભગવાનમાં ઉપાધિ વિનાનું ઐશ્વર્ય છે એમ સર્વ વિચારશીલ પુરુષો કહે.

**વીર્યનિરૂપક દેવીઓનો મોહઃ**

''વનિતાઓને ઉત્સવ થાય તેવા મનોહર વેષવાળા શ્રીકૃષ્ણના સારીરીતે દર્શન કરીને અને તેમણે વગાડેલા વેણુનું વિચિત્ર ગીત સાંભળીને વિમાનમાં ફરનારી દેવીઓ કામથી વિવેકભ્રષ્ટ થઈ, તેમના અંબોડામાંથી પુષ્પો ખરી પડ્યાં, તેમના વસ્ત્રોની ગાંઠો છૂટી ગઈ અને તેઓ માહ પામી''.(૬)

આનન્દ જોવામાં આવે ત્યારે આનન્દના સાધનમાં આસક્તિ ન રહે તે યોગ્ય છે. તેમાં પણ સદાનન્દ શ્રીકૃષ્ણનાં દર્શન સારી રીતે એટલે દિવ્યદૃષ્ટિથી થાય ત્યારે આનન્દના સાધનમાં આસક્તિ કેમ રહે? શ્રીકૃષ્ણ પણ સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા જ પધારેલા તેથી તેમણે વનિતાઓને જ ઉત્સવ થાય તે માટે જ મનોહર વેશ કરેલો. આ ઉત્સવમાં જે સ્ત્રીઓને અલંકાર વગેરેથી ઉત્સવ ન થયો તેઓનું વનિતાપણું રાંડેલીઓની જેમે નકામું જ છે. બહારથી જ નહીં પણ અંદરથી પણ પ્રેમ, જ્ઞાન વગેરે અલંકારો સ્ત્રીઓ ધારણા કરે તે માટે શ્રીકૃષ્ણે 'મનોહર' વેશ ધારણ કરેલો. અપ્સરાઓએ તેમનાં દિવ્યદૃષ્ટિથી દર્શન કરી, હરણીઓની જેમે તેમની પાસે જઈ, વેણુનું ક્વણિત સાંભળ્યું. 'ક્વણિત' એટલે વેણુનો નાદ અને ભગવાનનું કૂજન વગેરે. વેણુમાં ભગવાને વિચિત્ર ગીત કર્યું તે પણ સાંભળ્યું. ગીત 'વિચિત્ર' હોવાથી સર્વ રસ ઉત્પન્ન થયા. ''શૃંગાર રસમાંજ સર્વ રસો છે'' એવો નાટ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. જેમ મોટા પુરુષો આભરણો અને ઘરવખરી સર્વે સુવર્ણની કરે છે તેમ શૃંગારમાંજ સર્વે રસો છે. વેણુનાદ સાંભળીને–– તેઓ દેવીઓ હોઈ પૂજ્ય હતી, વિમાનમાં ફરનારી હોઈ મનુષ્યથી ભોગ થાય તેવી તેમજ દુઃખ સહન કરે તેવી ન હતી છતાં ––કામથી વિવેકભ્રષ્ટ થઈ. કારણ કે દેહ, ઈન્દ્રિયો વગેરે કરતાં મન બળવાન્ છે.

તેમના હૃદયમાં મોહ થયો. ઉપરના ભાગમાં અંબોડામાંથી પુષ્પો ખરી પડ્યાં. નીચેના ભાગમાં અધોવસ્ત્રની ગાંઠો છૂટી ગઈ. દેવીઓ હતી તેથી મરણ ન પામી, વિમાનમાં ફરનારી હતી તેથી નીચે ન પડી, વિવેકભ્રષ્ટ હતી તેથી ઉપાય કરી શ્રીકૃષ્ણ પાસે આવી શકી નહીં. ઘણું કરી દેવો વ્રજમાં અવતરેલા, તેમની આ સ્ત્રીઓ હતી અને પોતાના પતિને શોધવા આવેલી, પરન્તુ ભગવાનનાં દર્શન થતાં પહેલાંની બધી સ્થિતિ ભૂલી ગઈ અને ''ભગવાન જ અમારા પતિ થાઓ'' એવી ઈચ્છા થતાં તેમની આવી સ્થિતિ થઈ. વીર્ય દેવોમાં છે. તે પણ સ્ત્રીઓમાં કામ ઉત્પન્ન કરવાથી જણાય. અહીં પુરુષોની સમીપ દેવોની સ્ત્રીઓને પણ ભગવાનના વેષનું દર્શન કરીને અને તેમનું વેણુનું ક્વણિત સાંભળીને મૂર્ચ્છા થઈ એ વૃત્તાન્ત ભગવાનનું અનુપમ વીર્ય દર્શાવે છે.

**યશ નિરૂપક ગાયો વગેરેની અવસ્થાઃ**

''અને આંખમાં આંસુવાળી તથા શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળતાં વેણુગીતરૂપ અમૃતનું ઊંચા કરેલા કાનના પડીઆઓથી પાન કરતી ગાયો અને આંખમાં આંસુવાળા તથા ઝરતા દૂધનો ઘૂંટડો મુખમાં રાખેલા વાછરડાંઓ ગોવિંદનો પોતાના અંતઃકરણામાં દૃષ્ટિથી સ્પર્શ કરતાં ખરેખર ઉભાં રહ્યાં''(૭)

ગાયો પણ મોહ પામી, ઉત્તમ દેવીઓ અને હલકા પ્રાણી ગાયો એ બંનેને મધ્યમ સ્ત્રીઓ થવાની અભિલાષા થઈ, પરંતુ તે સંભવિત નહિ હોવાથી બંનેને મોહ થયો. વેણુ વગાડનાર ઘણાં હોય અને જુદાં-જુદાં વગાડતાં થતા નાદના ભેદનું જ્ઞાન ન હોય તો પણ આ વેણુગીત અમૃતરૂપ હોવાથી શ્રીકૃષ્ણના મુખમાંથી જ નીકળેલું છે એમ સમજાય. બીજા ગીતનો પોતાના કાનમાં પ્રવેશ ન થાય તે માટે ગાયોએ કાન ઊંચા કરેલા. ક્ષણે-ક્ષણે ગીતરૂપ અમૃતનું પાન કરનારા કાન નવા થતા, અને તેથી દરેક ગાયને એવા ઘણાં કાનના પડીઆઓ હતા. પડીઆમાં એક જ વાર કાર્ય થાય છે અને આ ગીતરૂપ અમૃતનું પાન કરનારા કાન નવા થતા અને તેથી દરેક ગાયને એવા ઘણાં કાનના પડીઆઓની જરૂર હતી. વાછરડાં તથા બીજા પ્રાણીઓનાં બચ્ચા તથા બાળકો સ્તનમાંથી ઝરતાં દૂધનો ઘૂંટડો મુખમાં જ રાખી રહ્યાં, પણ ગળાથી નીચે દૂધ ઉતારતા ન હતાં. ગાયો પણ ઊંચા કાન રાખીને જ ઊભેલી. બંનેની તેવી અવસ્થા રહેવાનું કારણ એ છે કે અંતઃકરરમાં તેઓ પોતાની દૃષ્ટિથી એટલે પાછાં વાળેલાં નયનોથી ભગવાનનો સ્પર્શ કરતાં હોવાથી તેમને બહારનું ભાન ન હતું. તેઓ અંતઃકરણમાં ભગવાનની માત્ર ભાવના કરતા ન હતા પરંતુ ભગવાન તેમના અંતઃકરણમાં પ્રકટ થયેલા. તેમની આંખો આંસુવાળી હોવાથી બહાર તેમને ભગવાનનાં દર્શન થતાં ન ત્તાં. ગાયો અને વાછરડાં જેવા મૂઢ પ્રાણીઓની પ્રત્યક્ષ દેખાતા ઘાસ, દૂધ વગેરે પદાર્થમાંથી આસકિત દૂર કરી પોતાના ગુણમાં યોજવામાં આવે તો યશ થાય. તેથી ગાયો તથા વાછરડાંઓની આ સ્થિતિથી ભગવાનના યશનું નિરૂપણ થયેલ છે.

**શ્રીનિરૂપક પક્ષીઓની કૃતિઃ**

''અહો! આ વનમાં, સુંદર કૂણાં પાનવાળી ઝાડની શાખાઓ ઉપર ચઢીને

શ્રીકૃષ્ણનું દર્શન કરતાં જે પક્ષીઓ નેત્ર બંધ કરી, બીજી વાણી અટકાવી દઈ શ્રીકૃષ્ણે કરેલા સુંદર વેણુગીતનું શ્રવણ કરે છે તે ઘણું કરીને મુનિઓ છે.''(૮)

મુનિઓ મનન કરવાના અભ્યાસવાળા હોવાથી ''અહીં ભગવાન પધારશે'' એમ જાણે છે તેથી જ વનમાં રહ્યાં. ભગવાન પધારતાં તેમનાં દર્શન કરતાં તેમણે કરેલા વેણુગીતનું શ્રવણ કરે છે. જયાં સુધી ભગવાનના વેણુનો નાદ સાંભળ્યો ન હતો ત્યાં સુધી ભગવાનનાં જ દર્શન કર્યાં પણ જયારે ભગવાને વેણુનાદ કર્યો ત્યારે તેમના દર્શન પણ કરતાં અને નાદનું શ્રવણ પણ કરતાં. પછી જ્યારે ભગવાન દૂર પધાર્યા ત્યારે ઉડીને દૂર જવાથી વેણુનાદરસ જતો રહે તેથી ત્યાં જ રહ્યાં. વેદની શાખાઓ જેવી ઝાડની ડાળીઓ ઉપર ચઢીને, ત્યાંથી પડવાનો અથવા કોઈ ત્યાં મારે તેવો ભય ન હોવાથી નિશ્ચિત થઈ વેણુનાદનું શ્રવણ કરતાં. મન બીજા વિષયમાં ન જાય તે માટે ભગવાન દૂર પધારતાં તેમના દર્શન ન થવાથી તેમણે નેત્રો બંધ કર્યાં. તેઓ ભગવાનના સમ્બન્ધવાળી વાણી સિવાય બીજી વાણી બોલતા નહીં. વેણુનાદનું શ્રવણ કરતાં ત્યારે જ એવી વાણી ન બોલતાં એમ નહીં પરંતુ કોઈ સમયે ન બોલતાં. એટલે તેમના હૃદયમાં સદા આ રસ હતો. આ વેણુનાદ અલૌકિક અને દુર્લભ છે કારણ કે તેવો ન હોય તો આ પક્ષીઓ જે મુનિઓ છે તેમની તેમાં આસક્તિ ન હોય. તેઓ કોમળ પાનવાળી ડાળોપર બેસતાં જેથી પાનને લીધે કોઈ તેમને જુએ નહીં અને બાણ વગેરે મારે નહીં. પાંદડા પણ દેખાય નહીં તે માટે નેત્ર બંધ કરેલાં. તે ખાવાનું મન ન થાય, કોલાહલ અને પરસ્પર પક્ષીઓની બોલચાલ ન થાય, તે માટે તેમણે મુખ પણ બંધ કરેલું. ''જ્યારે પુરુષ શ્રીનો ભોગ કરે છે ત્યારે તેના માટે વીણા વગાડવામાં આવે છે'' એ ન્યાય પ્રમાણે વેણુનાદરૂપ વીણા પક્ષીઓ પાસે વાગતી હોવાથી, તે ભગવદીય પક્ષીઓને 'શ્રી' પ્રાપ્ત થાય છે અને સેવકોને પણ શ્રી પ્રાપ્ત થતી એ સ્વામીમાં શ્રીની પરમકાષ્ઠા જ થઈ. તેથી મુનિ-પક્ષીઓની આ કૃતિથી 'શ્રી'નું નિરૂપણ થાય છે.

**જ્ઞાનનિરૂપક નદીનું કાર્યઃ**

''તે સમયે મુકુંદના તે ગીતનું નિર્ણય પૂર્વક શ્રવણ કરીને ઘુમરીઓથી જણાતા મનોભાવથી ભાંગી ગયેલ વેગવાળી નદીઓ કમલરૂપ ભેટ ધરી મુરારિના આલિંગન માટે સ્થિર થયેલા બે ચરણોને મોજારૂપ હાથથી ગ્રહણ કરે છે.''(૯)

જ્યારે ભગવાનની કૃપાથી મુનિઓએ સર્વ તત્ત્વ જાણ્યું ત્યારે મુનિઓને ભગવાને જ્ઞાન આપ્યું એવો નિર્ણય કરીને ''આપણે પણ કૃતાર્થ થશું'' એવા વિચારથી મોક્ષ આપનાર ભગવાનનાં પ્રસિદ્ધ વેણુગીતનું નદીઓએ જ્યારે શ્રવણ કર્યું ત્યારે ઘુમરીઓથી જણાયું કે તેમને કામ થયો છે. કામ સામાન્ય કામકાજને અટકાવનારો હોવાથી તેમનો વેગ અટકી ગયો. તેમની સ્વાભાવિક ગતિ રોકાઈ ગઈ. આ તેમનો કામ વિવેકવાળો હતો, દેવીઓની જેમે વિવેકરહિત ન હતો. દેવીઓ જેવો રસાભાસ ઉત્પન્ન કરનારો હોત તો નદીઓ ભગવાન પાસે જઈ પણ ન શકત. છતાં અચેતન જેવી નદીઓને પણ ભગવાનના સમ્બન્ધની ઈચ્છા થઈ તેથી આલિંગન માટે સ્થિર થયેલાં ભગવાનનાં બે ચરણો પાસે

કમળરૂપ ભેટ ધરી. તેમણે પોતાનાં મોજારૂપ હાથથી તે ચરણો ગ્રહણ કર્યાં, એટલે પોતાનું હૃદયરૂપ કમળ ભગવાનના ચરણારવિંદમાં સમર્પણ કરી તે ચરણારવિંદ પોતે ગ્રહણ કરે છે. નદીઓ પણ દેવતાઓ હોવાથી તેમની સાથે બીજી લીલા સંભવતી નહી હોવાથી તેઓ આલિંગન કરે તે માટે જ ભગવાન ત્યાં ઉભા રહેલા. વળી ભગવાન મુરારિ ('મુર' એટલે જલના દોષરૂપ અવિદ્યાના 'અરિ'=શત્રુ, તે મુર+અરિ=મુરારિ) હોવાથી, તેમના ચરણાવિંદનો સમ્બન્ધ થતાં તે નદીની અવિદ્યાનો અવશ્ય નાશ કરે જ. સદા વહ્યા કરવું એ નદીનો સ્વભાવ છે. વેણુગીત સાંભળતાં નદીઓ એ સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરી વહેતી બંધ થાય છે. સ્વભાવનો વિજય થાય ત્યારે જ ઉત્તમ જ્ઞાન થયું જાણવું. સેવકને પણ એવું જ્ઞાન થાય તો પછી ભગવાનમાં તો તે હોવું જ જોઈએ. તેથી નદીઓનું આ કાર્ય જ્ઞાનનું નિરૂપણ કરે છે.

**વૈરાગ્યનિરૂપક મેઘનું કાર્યઃ**

''બલભદ્ર અને ગોપો સાથે વ્રજના પશુઓને તડકામાં ચરાવતા જોઈને અને પછી વેણુ વગાડતા મિત્ર શ્રીકૃષ્ણને જોઈને પ્રેમથી વધેલા અને આનન્દ પામેલા મેઘે પોતાના દેહથી તેમના ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી અને છત્ર ધર્યું.''(૧૦)

સદા છાયામાં રહેવાની ટેવવાળા પશુઓને રક્ષણ કરનાર ગોપો અને આનન્દ કરાવનાર બલભદ્ર સાથે ભગવાન શરદ્‌ના તડકામાં ચરાવતા અને પછી વેણુ વગાડતા એટલે સર્વના આધિદૈવિકને પ્રોત્સાહન કરતા હતા. આ પ્રમાણે જ્યારે ભગવાન સર્વ શક્તિઓ સાથે રહી તેમની સાથે ક્રીડા કરતા હોય ત્યારે છાયાની જરૂર રહે તેથી ભગવાન ઉપરના સ્નેહને લીધે સખ્ય સુધી પહોંચેલા, વધેલા અને આનન્દ પામેલા મેઘે પોતાના દેહથી મિત્ર ભગવાનને છત્ર ધર્યું. પહેલાં આ મેઘે સખ્ય સુધીની આઠ પ્રકારની ભક્તિ કરેલી. હવે તે વધ્યો, મોટો થયો. મેઘ ઈચ્છા પ્રમાણે પોતાનું રૂપ બનાવનારા હોય છે. આ સમયે ભગવાન ઉપરના સ્નેહને લીધે બધાને પોતાથી છાયા થાય તેવું પોતાનું ઈચ્છેલું મોટું રૂપ ધારણ કર્યું. એમ કરતાં તેને દુઃખ ન થયું પણ આનન્દ જ થયો. જન્મથી આરંભી જે ભક્તિથી જ વધે છે તે છેવટે આત્મનિવેદન કરે છે. તેથી તેણે પુષ્પોથી એટલે પોતામાં રહેલા ઝીણાં કરાઓથી વૃષ્ટિ કરી. આથી એમ જણાય છે કે સાક્ષાત્ લક્ષ્મી સાથે ભગવાન ક્રીડા કરતા હતા. તેથી જ આગળ ભીલડીઓ સમ્બન્ધી કહેવામાં આવતો વૃત્તાંત પણ ઘટે છે. ભગવાન ગોપો પાસે ગાયો ચરાવતા હતા, બલભદ્રથી તેમનું રક્ષણ કરાવતા હતા, વેણુનાદથી જાગ્રત કરતા અને પછી લક્ષ્મી સાથે રમણ કરતા હતા. અને આ મેઘ ભગવાનનો મિત્ર હોવાથી રમણ સમયે પણ શેષની જેમે છાયા કરે તે યોગ્ય જ છે. પોતાનું સર્વસ્વ નિવેદન કરીને હરિના ચરણમાં પ્રેમ રાખવો એ વૈરાગ્ય છે અને જ્યારે દુઃખ હરનાર હરિના પણ દુઃખ હરવામાં તત્પર રહે ત્યારે ઉત્તમ વૈરાગ્ય જણાય. મેઘે પોતાનું સર્વસ્વ, કરાઓ, નિવેદન કરી દેહથી છત્ર ધરી ભગવાનમાં પ્રેમ દર્શાવ્યો અને શરદ્‌ના તાપમાં દેહથી છત્ર ધરી હરિનો તાપ દૂર કર્યો તેથી તેનામાં વૈરાગ્ય હતો. સેવકોમાં પણ વૈરાગ્ય છે તો પછી

સ્વામી–ભગવાનમાં હોય તેમાં કહેવું જ શું?

**ભક્તિ સ્થાપનઃ**

''ઘણાં જેમનું ગાન કરે છે તેવા શ્રીકૃષ્ણના ચરણકમલમાં પ્રેમવાળી લક્ષ્મીનું કુંકુમ, જે તેમણે પત્નીના હૃદયપર લગાડેલું અને ઘાસને ચોંટેલું, તેના દર્શનથી થતા કામની પીડાવાળી ભીલડીઓએ તેને પોતાનાં મુખ અને હૃદય ઉપર લગાડી કામની પીડા તજી. આ ભીલડીઓ પૂર્ણ છે''(૧૧)

ભીલો વનમાં વસનારી હલકી કોમ છે. તેમની પત્નીઓ ભીલડીઓને, ભગવાન સમીપ પધારતાં તેમનામાં પણ ભક્તિ ઉત્પન્ન થઈ. આપણા સર્વ કરતાં તે ભીલડીઓ જ પૂર્ણ છે કારણ કે તેમને ભગવાનના ચરણાવિંદની રજનો સાક્ષાત્ સમ્બન્ધ થાય છે. ઘણાં જેમનું ગાન કરે છે તેવા ભગવાનના બે ચરણારવિંદમાં પ્રેમવાળી લક્ષ્મી છે. કારણ કે લક્ષ્મી ઘણો વિચાર કરીને ભગવાનને વરેલી છે. તેનું દિવ્ય કુંકુમ, જે તેણે જ બનાવેલું તે તેણે ભગવાનના ચરણાવિંદને લગાડેલું. તે રસનું દાન કરનાર ભગવાનથી અમુક પ્રકારના બંધ સમયે પોતાની પત્ની લક્ષ્મીનાં જ સ્તન ઉપર ચોંટ્યું અથવા લક્ષ્મીએ પોતે પોતાના હૃદય ઉપર રાખેલું અથવા લક્ષ્મીએ આધિદૈવિક શકિતઓને આપેલું અને તેમના સ્તન ઉપર લગાડેલું તે પાછું ભગવાનના ચરણારવિંદને ચોંટેલું. અથવા ઘાસની સળીથી તે મગરના આકારમાં લગાડેલું અને પછી તે કુંકુમવાળી સળી ભગવાનના શ્રીહસ્તમાંથી ભૂમિ ઉપર પડેલી. અથવા તે ભગવાનના ચરણારવિંદને લગાડેલું કુંકુમ ચરણારવિંદ પરથી ઘાસને ચોંટેલું. તે કુંકુમ જોઈને કામને લીધે ભીલડીઓને પીડા થઈ. એટલે કામને શાંત કરવા તેમણે તે પોતાના મુખ અને સ્તન ઉપર લગાડયું. ત્યારે તે કુંકુમ દ્વારા તેમનામાં લક્ષ્મીનો પ્રવેશ થતાં ભગવાને જ્યારે તેમની સાથે રમણ કર્યું ત્યારે તેમની કામની પીડા દૂર થઈ. તેથી તે ભીલડીઓ પૂર્ણ છે. આ અલૌકિક કથા છે. ભગવાનનું ઘણાં ગાન કરતા હોવાથી તેમણે પણ ભગવાનનું શ્રવણ કરેલું. વનમાં જાય તેને આ સંભવે. આપણે ગોપીઓ તો વનમાં જઈ શકતી નહીં હોવાથી અપૂર્ણ છીએ. ભગવાનના ચરણારવિંદે લગાડેલ કુંકુમના દર્શન વગેરેથી ભીલડીઓને પણ ભક્તિની પ્રાપ્તિ થઈ.

''અરે! આ પર્વત હરિના દાસોમાં ઉત્તમ છે, કારણ કે બલભદ્ર અને શ્રીકૃષ્ણના ચરણના સ્પર્શથી તેને ઘણો આનન્દ થાય છે. અને જલ, કૂણું ઘાસ, કંદરા અને કંદ તથા મૂળો થી ગાયો અને ગોપાલો સાથે તેમનો તે સત્કાર કરે છે.''(૧૨)

ભીલડીઓને ઉપર જણાવ્યા પ્રમાણે ભક્તિ થઈ તેનું કારણ એ છે કે તેમને ભગવાનના ભક્ત ગોવર્ધન પર્વતનો સંગ હતો. દિલગીર છીએ કે આપણે ગોવર્ધન ઉપર રહ્યાં નહીં. જો રહ્યા હોત તો આપણે પણ તેવા થાત. આ ગોવર્ધન પર્વત હરિના દાસોમાં ઉત્તમ છે કારણ કે બલભદ્ર અને શ્રીકૃષ્ણ ના ચરણનો સ્પર્શ થતાં તેને ઘણો આનન્દ થાય છે. ભક્તિમાર્ગ (ભગવાનનાં ચરણારવિંદ)નો સ્પર્શ થતાં પણ જેને આનન્દ થાય તે જ ભગવદીયોમાં ઉત્તમ છે. વળી આ સાત્ત્વિક અથવા ગુણાતીત હોવાથી નિર્ધન છે છતાં પણ

ગાયો અને ગોપાલો સહિત તે બેનો સત્કાર કરે છે. જલ, કૂણું ઘાસ, કંદરા અને કંદ તથા મૂળો થી સત્કાર કરે છે. જલ અને ઘાસ ગાયો માટે ઉપયોગી છે. કંદરા રહેવાનું સ્થાન છે. કંદ અને મૂળ ખાવાના પદાર્થો છે. કૂણું ઘાસ ગાયો ખાય અને બીજાઓ તેનું બિછાનું કરે. કંદરાથી સન્માન વૃષ્ટિ સમયે થાય. તેથી આ સમયે વૃષ્ટિ પણ થતી હશે એમ જણાય છે. કંદને શેકવાની જરૂર છે. મૂળ તો કાચાં જ ખવાય. આપણે તો ભગવાન માખણ વગેરે આરોગતા ત્યારે નારાજ થઈ જતા. તેથી આપણે અપૂર્ણ હોઈએ અને કંદ-મૂળ વગેરે લાવી આપનારી ભીલડીઓ પૂર્ણ હોય તે યોગ્ય જ છે. ગોવર્ધનને પણ ભગવાનના ચરણના માત્ર સ્પર્શથી જ આનન્દ થાય છે અને તે તેમનો સત્કાર કરે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ભગવાનના ચરણથી ભક્તિ સિદ્ધ થાય છે.

**ભગવાનનું વિચિત્ર ચરિત્રઃ**

''ગોપબાલકો મારફત ગાયોને જુદાં-જુદાં વનમાં લઈ જતા અને ગાયો અને વાછરડાઓને બાંધનાર દોરડાનાં ચિહ્નવાળા (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) બે, ઉદાર વેણુના નાદથી અને અવ્યકત પગલાંથી દેહધારીઓમાં ગતિવાળાઓને અટકાવી દે છે અને વૃક્ષોને રોમાંચ કરાવે છે.''(૧૩)

તેમનું કાર્ય વિચિત્ર છે. આપણે ગોપીઓ ભગવાન જેવી ગોપજાતની અને યોગ્ય હોવા છતાં આપણને તજી ભીલડીઓ અને ગોવર્ધન ઉપર ભગવાન કૃપા કરે છે કારણ કે ભગવાનનું ચરિત્ર વિપરીત છે. ભગવાન પોતે તો કાંઈ કાર્ય કરતા નથી. પરંતુ તેમની માત્ર સન્નિધિથી જ ગતિવાળાઓ અટકી જાય છે અને વૃક્ષોને રોમાંચ થાય છે. તેમ આપણે યોગ્ય છીએ તે અયોગ્ય થઈએ છીએ અને ભીલડીઓ અયોગ્ય છે તે યોગ્ય થાય છે. તેના ત્રણ કારણ છે. ૧.ભગવાન ગોપબાલકોથી ગાયોને જુદાં-જુદાં વનમાં લઈ જાય છે અને વન બધાં શુદ્ધ થાય છે. વસ્તુનાં તત્ત્વને ન જાણવારૂપ વૃક્ષોની અશુદ્ધિ દૂર થાય છે, કારણ કે ગાયોની શુદ્ધિ અને ગોપાલોનો ધર્મ વૃક્ષોને પ્રાપ્ત થાય છે. ૨.ઉદાર વેણુનો નાદ ભગવાન કરે છે એટલે વેણુએ ભોગવતા વધેલી સુધાનો વૃક્ષો ભોગ કરે છે તેથી તેમને રોમાંચ થાય છે. અને જે ગતિવાળા પ્રાણીઓ છે તેને દોહવા જ્યારે ભગવાન પધારે છે ત્યારે પોતાનું દૂધ ભગવાનને આપવા અને તે ભગવાન લે તેમાં વિઘ્ન ન થાય તે માટે શાંત ઉભા રહે છે. અવાજ થશે એવા ભયથી હાલતા પણ નથી. ૩.ભગવાન પણ ધીરે-ધીરે દોહવા પધારે છે એટલે અસ્પષ્ટ મધુર પગલાં ભરે છે, તેથી ગતિવાળા પ્રાણીઓ શાંત જ રહે છે. ભગવાનનાં હાથમાં ગાયો અને વાછરડાંઓને બાંધવાના દોરડાં છે. બંનેને હાથથી પકડી રાખે છે અથવા પગ સાથે બાંધે છે તેથી બધા જંગલ (ગતિવાળા) પ્રાણીઓ ભય પામે છે કે ભગવાન આપણને પણ બાંધશે, એટલે શાંત થઈ જાય છે. સ્થાવર વૃક્ષો તો ભયને લીધે પોતાની મેળે રસની ધારાઓ આપે છે. એ રીતે ગતિવાળાને શાંત કરવાનું અને વૃક્ષોને રોમાંચ કરવાનું ભગવાનનું ચરિત્ર વિચિત્ર છે.

આવી અનેક પ્રકારની લીલાઓ ભગવાન કરે છે. છ ગુણો અને ભગવાન જુદાં-

જુદાં પ્રકારે મિશ્ર થતાં લીલાના કરોડો પ્રકારો થાય છે. મર્યાદા પ્રમાણે કદાચ લીલાની અમુક સંખ્યા થાય, પરંતુ વૃન્દાવનમાં સ્વેચ્છાથી ફરતા ભગવાનની અસંખ્ય લીલાઓ થાય છે, કારણ કે તે મર્યાદારહિત છે. આ લીલાઓનું વર્ણન કરતાં ગોપીઓ જાગતાં અને સ્વપ્નમાં પણ લીલાઓનું જ દર્શન કરતી લીલામય થઈ, એટલે પછી તેમને સંસારમાં આવવાનું રહ્યુંજ નહીં. એવી રીતે ભક્તોની પોતામાં આસકિત ભગવાને કરાવી.

**કાત્યાયની પૂજન વ્રતઃ**

ગોપીઓની ભગવાનની ક્રીડામાં ઘણી આસક્તિ થઈ એમ વેણુગીતમાં જણાવ્યું. આ ગોપીઓ ૧.અનન્ય પૂર્વા એટલે કુમારિકાઓ અને ૨.અન્યપૂર્વા એટલે ગોપોની સાથે પરણેલી એમ બે પ્રકાની હતી. અન્યપૂર્વાનો સંસ્કાર (લગ્ન) થઈ ગયેલ. તેમને માત્ર ત્યાગ જ કરવો બાકી રહ્યો. અનન્યપૂર્વાને સંસ્કાર કરવાનો હોવાથી તે અહીં કહેવામાં આવે છે.
ગોપોમાં 'નંદ' ગોપ મુખ્ય હતો. તેમના ઘરમાંજ આ કુમારિકાઓ રહેતી. પદ્મપુરાણ વગેરેથી જણાય છે કે સોળ હજાર ઋષિઓ જ આ કુમારિકારૂપે અવતરેલા. તે કુમારિકાઓ ઋષિરૂપ હોવાથી તેમને શંકા થઈ કે કદાચ આપણને ભગવાન સિવાય બીજ કોઈ સાથે પરણાવી દેશે અને બીજો કોઈ આપણો ભોગ કરશે તેથી તેઓએ વ્રત કરવા માંડ્યું. હેમંત ઋતુના પહેલા માસ માગશરમાં વ્રતનો આરંભ કર્યો. ફરાળ જ કરવી અને નિત્ય કાત્યાયનીનું પૂજન કરવું એવો તેમણે નિયમ કર્યો. કાલિંદીમાં સ્નાન વ્રતને અનુકૂલ અને સફળ કરનારું હોઈ સવારમાં, સંધ્યા સમયે, તેમાં સ્નાન કરી, તેના જલ પાસે રેતીની દેવીની પ્રતિમા કરી ત્યાં તેનું પૂજન અને ઘેર પણ પૂજન કરતી. ૧.સુગંધી પુષ્પો ૨.સુગંધી પદાર્થો ૩.લિ ૪.ધૂપ ૫.આરતી ૬.જાતજાતના ખાદ્ય પદાર્થો ૭.કૂણાં પાંદડાં ૮.ફળ અને ૯.ચોખા એ નવ પ્રકારના દ્રવ્યોથી પૂજા કરતી. ''હે કાત્યાયની! હે મોટા ભાગ્યાવાળી! હે મહાયોગિની! હે અધીશ્વરી! હે દેવી! નન્દગોપના સુતને મારા પતિ કર, હું તને નમન કર છું'' એ મંત્રનો જપ કરતી શાંત રહીને જ કુમારિકાઓ પુજા કરતી. એ પ્રમાણે તેમણે એક માસ સુધી વ્રત કર્યું. (કર્તા)તે કુમારિકાઓએ (દેશ)યમુના કિનારા સમીપના દેશમાં (દ્રવ્ય)ઉપર જણાવેલ નવ દ્રવ્યોથી, (મંત્ર)મંત્ર (ક્રિયા)જપ (કાલ)એક માસ સુધી કર્યો. એમ કર્તા, દેશ, દ્રવ્યો, મંત્રો, ક્રિયા અને કાલ છ એ કર્મના અંગ પૂરાં થયાં. એ કર્મથી તેમને ભગવાનની પ્રાપ્તિ થઈ, શ્રીકૃષ્ણમાં ચિત્તવાળાં થયાં. ચિત્તનો દોષ ગયો તેથી હવે તેઓ બીજાની પ્રાર્થના કરવી બંધ કરી અને શ્રીકૃષ્ણની જ પ્રાર્થના કરશે.

એક માસ પૂરો થયા પછી પણ વ્રત ચાલુ રાખ્યું અને ભદ્રકાલીનું પૂજન આરંભ્યું. તે સમયે તેમને બીજો મંત્ર સૂઝ્યો : ''નંદના સુત પતિ થાઓ''. ''નંદના સુત પોતે જ અમારા પતિ થાઓ'' એવો મંત્ર સ્ફૂર્યો. 'ભદ્ર' એટલે ભગવાનના સમ્બન્ધરૂપ ભદ્ર કાલ થાય તે માટે તેમણે ભદ્રકાલીનું જ પૂજન કરવા માડ્યું. ભગવાન પતિ થાય તેમાં કાલને નિમિત્ત કર્યું તેથી તેમને ભગવાનનો સમ્બન્ધ અમુક સમય સુધીનો જ થશે, સદાનો થશે નહીં. ''નંદના સુત પોતાની મેળે અમારા પતિ થાઓ'' એમ ભગવાનની જ પ્રાર્થના કરી

પણ બીજા કોઈની કરી નહીં. બધીઓએ સાથે પ્રાર્થના કરી પણ દરેકે જુદી-જુદી કરી નહીં. તેથી ભગવાન બધીની સાથે એક સમયે રમણ કરશે, દરેક સાથે જૂદું-જુદું રમણ કરશે નહીં. આ મંત્ર પૂજાના અંગ તરીકે ન હતો. મંત્રથી ભગવાનની જ પ્રાર્થન કરી અને પ્રાર્થના અંતઃકરણનો ગુણ હોવાથી ભગવાન તેમના અન્તઃકરણમાં જ પતિ થયા, એટલે ભગવાનનું સ્વરૂપ અન્તઃકરણમાં પધારતાં ભગવાન તેમની સાથે રમણ કરશે એ વિષયમાં તેમને શંકા રહી નહીં.

તેથી પ્રકટ રીતે ભદ્રકાલીનું પૂજન કરવું પડતું મૂકી તેઓ ભગવાનનું જ ગાન કરવા લાગી અને ગાન કરતાં કામનાસ્નાન કરવા કાલિંદી ગઈ. અરુણનો ઉદય થાય તે પહેલાં જ ઊઠી, એક-બીજીને નામ દઈ જગાડી, સ્વતઃપુરુષાર્થરૂપ સદાનંદ શ્રીકૃષ્ણનું ગાન મુખ્ય કરતી, પોતાની મધ્યે ભગવાન છે એવી કલ્પના કરી, એક બીજાના હાથ પકડતી, રાસમાં થાય તેમ ભગવાનનું ગાન કરતી-કરતી કાલિંદી સ્નાન કરવા જતી. શ્રીકૃષ્ણનું ગાન મુખ્ય હતું અને સ્નાન અને કાલિંદી જવાનું ગૌણ કાર્ય હતાં. એ પ્રમાણે તેઓ નિત્ય કરતી. હેમંતમાં કરવાનો નક્કી કરેલો નિયમ, વ્રત એ કાંઈ રહ્યા નહીં, માત્ર શ્રીકૃષ્ણનું ગાન જ રહ્યું. સ્નાન પણ કાલિંદીમાં કરતી. 'કલિં' કલિનો 'દ્યતિ' નાશ કરે તે કલિંદ. તે પર્વતની પુત્રી કાલિંદી પણ તેવી જ છે. તેથી તેમાં સ્નાન કરવાથી ૧.પરસ્પરનો કજીઓ ૨.ભગવાન સાથે કજીઓ અને ૩.કલિકાલના દોષ એ ત્રણે દૂર થયા. દરરોજ એ પ્રમાણે ઉષા સમયે કાલિંદીમાં સ્નાન કરતાં ભગવાનનું ગાન કરતી, તેથી ભગવાન સદા અપ્રકટ રીતે તેમનામાં રહેતા, ભગવાનનું ગાન સદા થતું. તેમને એક-બીજીની અદેખાઈ થતી નહીં અને તેમનામાં કોઈ દોષ રહ્યો નહીં.

પછી કોઈ સમયે જ્યારે ભદ્ર કાલ આવ્યો ત્યારે પહેલાંની જેમે જ ભગવાનનું ગાન કરતાં મત્ત થઈ, પોતાના દેહને ભૂલી, પોતે પહેરેલાં વસ્ત્રો કાલિંદીના કાંઠે મુકી, ભગવાન સાથે જલક્રીડા કરવા તેમણે આનન્દથી જલમાં પ્રવેશ કરી વિહાર કરવા માંડ્યો. આ પ્રમાણે સ્નાન કતાં ૧.મૌનનો ત્યાગ ૨.વસ્ત્રનો ત્યાગ ૩.જલની ક્રીડા અને ૪.નિયમગ્રહણ કરેલ હોવા છતાં દેહનું વિસ્મરણ એવા કર્મમાર્ગ પ્રમાણે ચાર દોષો થયા. ભક્તિમાર્ગમાં તો આ ચારે ગુણો જ છે. તેથી સ્નાન પૂરું થતાં તેમના એ કર્મના દોષો દૂર કરવા સ્ત્રીઓનું હિત કરનાર સદાનંદ શ્રીકૃષ્ણ ત્યાં પોતાના મિત્ર બાલકો સાથે પધાર્યા. આ બાલકોને પૂતનાએ હણેલા ત્યારે તેમણે તેનામાં પ્રવેશ કરેલો. પછી ભગવાને પૂતનાના પ્રાણોનું પાન કર્યું ત્યારે તેઓ ભગવાનમાં આવ્યા. આ કુમારિકાઓના આધિદૈવિક રૂપો પુરુષરૂપ જ હતા. ભગવાને ત્યાં પધારી પોતાની અને કુમારિકાઓની વચ્ચે અંતરાયરૂપ વસ્ત્રો હતાં તેને પોતાની અંદર રહેલ જગતને ઢાંકી દેવા પોતાની પાસે લીધા. તેમનાથી જગતને ઢાંકી દઈ, ઢંકાયેલા જગતમાં દૈત્યનો પ્રવેશ ન થાય તે માટે ઝડપથી ભગવાન નીપ (કદંબ) ઉપર ચઢી ગયા. 'નિતરાં' સારી રીતે 'ઈ' કામનું 'પાતિ' રક્ષણ કરે તે ('નિ+ઈ+પ') નીપ-કામનું રક્ષણ કરનાર કદંબ ઉપર ચઢ્યા, એટલે કુમારીમાં કામને

સ્થાપ્યો. તેથી હવે તેઓ નિષ્કામ થવાના નહીં. ભગવાન જો કદંબ ઉપર ચઢે તો તેઓ નિષ્કામ જ થાય. બાળકો ભગવાનની ચતુરાઈ અને ઝડપ જોઈ સંતોષથી હસવા લાગ્યા. ભગવાન પણ હસ્યા એટલે તેમણે કુમારીઓનો સહજ કામ દૂર કરી પોતાના આધિદૈવિક પ્રહસનરૂપ કામનું તેમનામાં સ્થાપન કર્યું. એમ કરીને કુમારિકાઓનું અભિમાન અને હું પણું દૂર થાય તે માટે જેમ સર્વતઃ હાસ્ય ઉત્પન્ન થાય તેવી રીતે ભગવાને તેમને કહ્યું કે ''અહીં આવીને કામરૂપ પોતપોતાનાં વસ્ત્રો લો. હું સત્ય કહું છું. મશ્કરી કરતો નથી. કારણ કે તમે વ્રતથી દુબળી થયેલી છો. મેં પહેલાં કોઈ વાર અસત્ય કહ્યું નથી. તે આ (બાલકો) જાણે છે. હે સુન્દર અન્તઃકરણવાળીઓ! એક એક આવીને અથવા (બધી) સાથે આવીને વસ્ત્ર લો''. સર્વકામનું આધિદૈવિક વસ્ત્રોમાં હોવાથી ભગવાને પોતાનો આધિદૈવિક કામ આપવા તે પ્રમાણે કહ્યું. કારણ કે ભગવત્સમ્બન્ધી કામ તે ગ્રહણ કરે તો તેમનામાં ભગવાન સાથે રમણ કરવાનું બળ આવે. બાળકોની આધિદૈવિક માયાએ કુમારીઓમાં પ્રવેશ કરેલો હોવાથી ભગવાનનું વચન તેઓ સત્ય ન માને તેથી ''હું સત્ય કહું છું, મશ્કરી કરતો નથી'' એમ પણ ભગવાને કહ્યું. વળી ''તમે વ્રતથી દુબળી થયેલી છો'' એમ મશ્કરી ન કરવાનું કારણ પણ કહ્યું. ભગવાને એ પ્રમાણે કહ્યું છતાં પણ બાળકોની માયાએ તેમનામાં પ્રવેશ કરેલો હોવાથી ભગવાનનું તે મશ્કરીનું કાર્ય જાણીને પ્રેમથી ભરપૂર થઈ, શરમાઈ, એક બીજીના સામું જોઈ રસ ઉત્પન્ન થતાં તેઓ હસી પરન્તુ ભગવાન પાસે આવી નહીં. ભગવાને ફરીથી એ પ્રમાણે કહ્યું ત્યારે ભગવાનનાં એ મશ્કરીના વચનથી તેમના ચિત્તમાં ખળભળાટ થયો અને ભગવાનનાં વચનના અર્થનો વિચાર કર્યા વિના બહાર નીકળીશું તો ભગવાન ''આ નિર્લજ્જ છે એમ જાણશે'' એવા વિચારથી કંઠ સુધી જલમાં દેહ ઢંકાય તેમ ઊભી રહી... ત્યારે ઘણાં સમય સુધી દુઃખ વેઠીને તેમણે કહ્યું કે ''વસ્ત્રો નહીં આપો તો અમે રાજાને કહીશું''.

એવાં કુમારીઓનાં વચનો સાંભળીને, આ કુમારીઓ પોતાના આધિદૈવિક બાલકોથી મોહ પામેલી હોવાથી, તેમનાં વચનોની દરકાર નહીં કરતાં, ભગવાને લૌકિક તર્ક પ્રમાણે તેમને બોધ આપતાં કહ્યું કે ''જો તમે મારી દાસીઓ હો અથવા મારું વચન માનતી હો, તો સરલ હાસ્ય સાથે અહીં આવી પોતાનાં વસ્ત્રો લો. મારું વચન ન માનો તો તમારા કહેવા પ્રમાણે વર્તો.

તમે કહ્યું કે ૧.તમે મારી દાસીઓ છો. દાસીઓથી લોકમાં અયોગ્યતાનો વિચાર ન કરાય. દાસીઓએ ઈશ્વરને સુખ થાય તેમ કરવું જોઈએ. તેમને કોઈ પ્રકારની મર્યાદા ન હોય...આવી તમારા મનની સ્થિતિ હોવી જોઈએ. વળી તમે કહ્યું કે ૨.તમે મારું કહ્યું કરશો. એમ હોય તો અહીં આવીને વસ્ત્રો લો અને તમારા કહ્યા પ્રમાણે વર્તો. બેમાંથી એકે વચન પ્રમાણે નહીં વર્તો તો તમારો નાશ જ થાય''.

ભગવાને ઈશ્વરભાવથી એ પ્રમાણે કહ્યું ત્યારે તેમના વાક્યનો અર્થ ન જાણતી હોવા છતાં ટાઢથી ધ્રૂજતી અને દુઃખી થયેલી બધી કુમારીઓ બે હાથથી પોતાના અંગોને

ઢાંકી બહાર નીકળી. એટલ તેઓ સર્વ પ્રકારે દોષરહિત છે એમ જોઈને ભગવાને તેમના શુદ્ધ ભાવથી પ્રસન્ન થઈને, વૃક્ષો વૈષ્ણવ હોવાથી ભગવાને તેમના વસ્ત્રોને વૃક્ષની શાખા ઉપર મૂક્યાં, એટલે તેમના આવરણોને વૈષ્ણવ કર્યા અને જરા સ્મિત કરી તેમને મોહ ઉત્પન્ન કર્યો. કારણ કે તેમ ન કરે તો તેઓ મુક્ત જ થઈ જાય; અને પછી પોતાનું વાક્ય તેઆ અંગીકાર કરે તેવી રીતે તેમને કહ્યું કે ''તમે વ્રત ધારણ કરેલું અને વસ્ત્રરહિત થઈ જલમાં ઘૂમ્યા એ ખરેખર દેવની અવગણના કરી. તે પાપ દૂર કરવા હાથ જોડી મસ્તકે મૂકી નમન કરી, તમારું વસ્ત્ર લો.''

જલમાં અગ્નિ અને દેવતાઓ રહે છે તેથી જલમાં વસ્ત્રરહિત થઈ સ્નાન વગેરે કાર્ય કરવાની શાસ્ત્રમાં મના છે. તેમ કરવામાં આવે તો અગ્નિ અને દેવતાઓ વ્રત વગેરે સર્વનો નાશ કરે. તેથી તે પાપનું પ્રાયાશ્ચિત કરવું જોઈએ. ભગવાન તેમના કર્મને સફળ કરવા ત્યાં પધાર્યા હતા, તેથી તે કર્મ ઉત્તમ થાય તે માટે તેમણે તેઓને કહ્યું કે તમે વ્રત ધારણ કરેલું, છતાં જલમાં વસ્ત્રરહિત થઈ ક્રીડા કરી એ પાપનું પ્રાયાશ્ચિત કરવા બે હાથ જોડી, મસ્તકે મૂકી, નમન કરી, તમારું આ વસ્ત્ર લો. જે ક્રિયાશક્તિ (હાથ) તમે અભિમાનનું રક્ષણ કરવા (અંગોને ઢાંકવા) રાખેલી, તેનો અપરાધ દૂર કરવામાં ઉપયોગ કરો અને જ્ઞાન સાથે (મસ્તક સાથે) જોડો, કારણ કે ક્રિયાશક્તિ જ્યારે જ્ઞાનશક્તિથી વ્યાપ્ત થાય ત્યારે જ ફળ પ્રાપ્ત થાય છે.

ભગવાને કુમારીઓને એમ કહ્યું ત્યારે તેઓને જ્ઞાન પ્રાપ્ત થયું. વસ્ત્રરહિત થઈ સ્નાન કરવાથી વ્રતમાં ખામી થઈ એમ તેમણે પણ માન્યું. તેથી માત્ર દેવતાનો અપરાધ દૂર કરવા જ નહીં, પરન્તુ તે વ્રત અને સર્વ કર્મ થી જેમનો સાક્ષાત્કાર થયેલ હતો, કર્મથી સાક્ષાત્ ફળરૂપ તરીકે જે પ્રાપ્ત થયેલ તે ભગવાનને નમસ્કાર કર્યા. ફળ પ્રાપ્ત થાય ત્યારે સાધનમાં ખામી રહેલી હોય તે નકામી છે એવા વિચારથી તેમણે ભગવાનને જ નમસ્કાર કર્યા, કારણ કે ભગવાનને નમસ્કાર કરવાથી કોઈ પણ જાતની ખામી રહેતી નથી. ભગવાને જોયું કે આ કુમારીઓએ ચતુરાઈથી મને નમન કરેલું નથી પરન્તુ પ્રાપ્ત ફળરૂપ માનીને નમસ્કાર કરેલા છે તેથી ભગવાન તેમના ઉપર પ્રસન્ન થયા...

ભગવાને તેમને ''તમે વસ્ત્રરહિત થઈ જલમાં ઘૂમ્યા'' એમ કહી મોહમાં નાખી. ''અહીં આવી તમારાં વસ્ત્રો લો'' એમ કહી લાજ મુકાવી. લાજ (સ્ત્રીઓનું સર્વસ્વ હોઈ) તેમનું સર્વસ્વ હતું. ''જો તમે મારી દાસીઓ હો'' એમ કહી તેમના ઉપર જય મેળવ્યો, એટલે તેમનું અપમાન કર્યું. ''બે હાથ જોડી, મસ્તકે મૂકી'' એમ કહી તેમને પૂતળી જેવી કરી. વળી તેમનાં વસ્ત્રો પણ લઈ લીધાં. એ પ્રમાણે ભગવાને તેમના પાંચ દોષો કર્યા છતાં પણ તેમણે ભગવાનની ઈર્ષ્યા ન કરી, કારણ કે ભગવાનનાં વચનમાં તેમને વિશ્વાસ હતો, ભગવાનમાં સ્નેહ હતો; ભગવાનને તેઓ સત્ય બોલનારા જાણતી હતી. તેમને પોતાનો દોષ સ્ફૂર્યો અને તે દૂર કરવાનો ઉપાય ભગવાને જણાવ્યો તે સિવાય બીજો કોઈ ન હતો એમ પણ તેઓએ જાણ્યું. અન્તઃકરણમાં દુઃખ થાય તો ઈર્ષ્યા થાય, પણ ભગવાનનાં

વચનો તો મોટા અગ્નિમાં પડતાં જલ જેમે તેમને શાંતિ જ આપતા હતાં. ભગવાને તેમને સ્વરૂપાનન્દ પ્રાપ્ત કરાવેલ, તેથી એ વચનોથી તેમને દુઃખ જ થયું નહીં અને વસ્ત્રદ્વારા પ્રિય ભગવાનનો સંગ થતાં તેઓ સુખી થઈ. પ્રમેયના બલ પાસે પ્રમાણનું બલ નિર્બલ થયું અને તેમણે ભગવાનને કાંઈ પણ દોષ દીધો નહીં...

તે પછી ભગવાને તેમના સંકલ્પનો વિચાર કર્યો. આ કુમારીઓ લૌકિક સ્ત્રીઓની જેમે ભોગ કરવા કે લોકનો વિરોધ થાય તેવી રીતે કે જ્ઞાન પ્રાપ્ત કરવા પણ આવી ન હ્તી, પરન્તુ ચરણનો સ્પર્શ ક્રવાની કામનાથી જ આવેલી. વળી કાત્યાયનીના પૂજનનું વ્રત પણ તે માટે જ તેમણે ધારણ કરેલું. તેથી તેમના બધા દેહનો ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કરવામાં જ તેમણે ઉપયોગ કરેલો. આવો તેમનો સંકલ્પ જાણીને એવી ભક્તિ જે પ્રકારે પ્રાપ્ત થાય તેવો ઉપાય ભગવાને તેમને જણાવ્યો. ભગવાને તેમને કહ્યું કે ''હે ભલી સ્ત્રીઓ! તમે મારી પૂજા કરી તેથી તમારો સંકલ્પ મેં જાણ્યો. પાછળથી તેનું હું અનુમોદન કરું છું તેથી તે સત્ય થવા યોગ્ય છે''. તમારો સંકલ્પ મેં જાણ્યો, તેથી તમારે કહેવાની જરૂર નથી. કહેવાથી રસ અપુષ્ટ થાય, તેથી ભગવાનપણ તે કહેતા નથી...

કાત્યાયનીના પૂજનથી આ સંકલ્પ સિદ્ધ થયેલો, છતાં બીજીવાર તમે મારું જ પૂજન કર્યું. આમાં બે ખામીઓ છેઃ ૧.તમે દેવતાની આજ્ઞા વિના પૂજન કરેલું અને ૨.કાત્યાયનીની ભાવનાથી તે કરેલું. આ બે ખામીઓના કારણે તમે કરેલ પૂજનનો મને સાક્ષાત્ સ્પર્શ નથી થયો. પરન્તુ પાછળથી હું તેનું અનુમોદન કરું છું. એટલે મને સંતોષ થવાથી એ ખામીઓને હું પૂર્ણ કરું છું, તેથી તે સંકલ્પ સત્ય થઈ ફળ આપશે. હમણાં હું તમને પ્રત્યક્ષ છું, અંદરના કામનું મેં તમને દાન કર્યું છે. આ તમારી દષ્ટિ પણ ભાવ પ્રકટ કરે છે અને તમારે તમારું સર્વસ્વ નિવેદન કરવાનું છે તેથી તમારો સંકલ્પ સ્વરૂપથી સત્ય છે અને ફળથી પણ સત્ય થશે.

વળી ભગવાને તેમને કહ્યું કે ''તમે જેમણે તમારી બુદ્ધિ મારા વિષે રાખી છે તેમનો કામ બીજા કામને ઉત્પન્ન નહીં કરે. ભૂંજેલા અને ઉકાળેલા જવ સામાન્ય રીતે બીજ થઈ શકતા નથી. શ્રુતિમાં કહેલું છે કે મન જ બધું છે, કારણ કે બધું મનના ધર્મરૂપ છે. બુદ્ધિ મનથી પર છે. તેથી જેમ રાજાને વશ કરતા આખું રાજ્ય વશ કરનારને અધીન થાય છે, તેમ બુદ્ધિ મને નિવેદન કરવામાં આવે ત્યારે બધુંએ નિવેદન કરેલું થાય છે. આ સંસ્કાર છે. જેમ સંસ્કાર જેને કરવામાં આવ્યો છે તેવો બ્રાહ્મણ સંસ્કાર વિનાના બ્રાહ્મણો સાથે રહે તો પણ સંસ્કાર વિનાનો થતો નથી અને તેને ફરી સંસ્કાર પણ કરવામાં આવતો નથી, તેમ ભગવાનને એક વાર સમર્પણ કરેલી બધી સામગ્રી ભગવદીય જ થાય છે. ભગવાન કરોડો સૂર્ય કરતાં પણ અધિક જ્ઞાનરૂપ અગ્નિવાળા છે, તેમને બુદ્ધિ સમર્પણ કરવાથી સર્વ સમર્પિત થાય છે. તમે તો મારા-ભગવાનમાં જ બુદ્ધિ રાખી છે તેથી જેમ ભૂંજેલા અને ઉકાળેલા જવ ફરી બીજ થઈ શકતાં નથી તેમ કરોડો સૂર્ય કરતાં પણ અધિક જ્ઞાનરૂપ અગ્નિવાળા મારામાં બુદ્ધિ સાથે રાખેલો તમારો કામ બળી જ જશે અને બીજા કામને

ઉત્પન્ન નહીં જ કરે. તેથી તમારે હવે બીજો દેહ થશે નહીં. તમારામાં ભગવદ્ભાવ થયેલ છે તેથી તમે ગમે ત્યાં રહો તો પણ તમારી પ્રાકૃત અવસ્થા થશે નહીં. તેથી હે અલબલાઓ! વ્રજમાં જાઓ...

ભગવાન તેમને અલૌકિક દષ્ટિ આપી રમણની રાત્રીઓ દેખાડે છે અને કહે છે કે ''આ દેખાય છે તે રાત્રીઓમાં મારી સાથે તમને રમણ થશે''. રમણ સાથે રાત્રીઓ દેખાડેલી છે. ''રમણના ઉદ્દેશથી જ તમે કાત્યાયનીનું પૂજન કરેલું. મારું પૂજન તો તમારો સંકલ્પ સત્ય કરવા કરેલું. રમણ તો કાત્યાયનીના વ્રતનું ફળ છે. વ્રતમાં માસ નિયામક હતો અને રાત્રીના અંતે પૂજન કરેલું તેથી રાત્રીમાં જ અને અમુક સમય સુધી જ રમણ થશે, દિવસે અથવા નિત્ય રમણ થશે નહીં. વળી તમે સતી છો. સતીઓથી દિવસે અથવા સદા પોતાની ઈચ્છા પ્રમાણે રમણ થઈ શકતું નથી. તેથી પરણેલી સ્ત્રી જેમે તમને રમણ થશે. જો પહેલાં મેં બોલાવ્યા ત્યારે આવ્યાં હોત તો મારી આજ્ઞા પાળવાથી અક્ષય ફળ પ્રાપ્ત થાત. વ્રતરૂપ કર્મનું ફળ તો હદવાળું જ હોય''.

પછી ભગવાનની આજ્ઞાને લીધે આજ્ઞાનું ઉલ્લંઘન થવાના ભયથી તેઓ વ્રજમાં ગઈ. તેમનો કામ ઘણો હતો, પણ ભગવાનની ઈચ્છાથી તે હાલ પૂર્ણ થયો ન હતો, છતાં ''ભગવાન પતિ થાઓ'' એવો તેમનો મનોરથ ફળ્યો હતો. ભગવાનનાં ચરણકમલનું ધ્યાન ધરતાં જ તેઓ જેમ-તેમ કરી વ્રજમાં ગઈ. ઘેર જવાની આજ્ઞાથી તેમને એવો તાપ થયો કે તેઓ ભગવાનનાં ચરણકમલનું ધ્યાન કરતી ન હોત તો તેમનું જીવનજ ન રહેત. ભગવાનનાં ચરણકમલનાં ધ્યાનને લીધે જીવન ટકી રહ્યું, પરન્તુ તાપ તો રહ્યોજ. તેથી 'જેમ-તેમ' એટલે દુઃખથી વ્રજમાં ગઈ.

**વયસ્યોને ભગવાને આપેલ જ્ઞાનઃ**

પછી વયસ્ય ગોપોને જ્ઞાન આપવા ભગવાન ત્યાંથી બીજા સ્થળે પધારે છે. આપણા દેહ વગેરે સર્વ પરોપકાર માટે જ છે એવું જો તેમને જ્ઞાન થાય તો ધીરે-ધીરે તેઓ એમ પણ જાણે કે સર્વ પદાર્થો ભગવાન માટે જ છે. તેથી તેઓને તેવું જ્ઞાન આપવા તેમનાથી વિંટાઈ બલભદ્ર સાથે ગાયો ચારતાં વૃન્દાવનથી દૂર પધાર્યા. કારણ કે વૃન્દાવનમાં સ્ત્રીનું પ્રધાન હોવાથી ત્યાં જ્ઞાન ન થાય. ગાયો અને બલભદ્ર ભગવાન સાથે પહેલાં ન હતા, પાછળથી ભેગા થયા. કેટલેક દૂર જઈને થાક લાગતાં વૃક્ષની છાયામાં બધા બેઠા હતા ત્યારે ભગવાને ઉનાળાના સૂર્યના પ્રચંડ તાપમાં છાયાથી જે પોતાનાં છત્ર બનેલાં તે વૃક્ષોને જોયાં. આ સમયે ઉનાળો ન હતો, તેમજ વૃક્ષો છત્ર બન્યા ન હતા, પરન્તુ તેમની પહેલાની આવી સ્થિતિનું સ્મરણ કરીને, વ્રજમાં ઉત્પન્ન થયેલ ગોપો કરતાં વનમાં ઉત્પન્ન થયેલાં વૃક્ષો વધારે સારાં છે એમ જણાવી, જ્ઞાનના પ્રથમ ભાગરૂપ વૈરાગ્ય જેનાથી પ્રાપ્ત થાય છે તેવા પરોપકારનો બોધ કરવા ભગવાને અગીયાર ઈન્દ્રિયોના અધિષ્ઠાતા કૃષ્ણ વગેરે અગીયાર ગોપોને સંબોધી ઉપદેશ આપ્યો. કારણ કે એ સર્વનો ભગવાન સાથે સારી રીતે વ્યવહાર થતાં, જ્ઞાનનું એક મુખ્ય પર્વ સિદ્ધ થતાં, એમનું સંબોધન કરીને ભગવાને કહ્યું કે

''જેમનાં જીવનનો માત્ર પરોપકારમાં જ અંત આવે છે તેવા મોટા ભાગ્યવાળાં આ વૃક્ષો જુઓ. પવન, વરસાદ, તાપ અને હિમ સહન કરતાં આપણા સુધી તેને આવવા દેતાં નથી.'' કેવો ધર્મ કરવાની જરૂર છે તે અહીં કહેલ છે. ''આપણું જીવન અને તેનાં સર્વ સાધનો જો પરોપકારમાં જ ઉપયોગમાં આવે તો અંતે ધર્મ થાય. તે ધર્મ મુખ્ય છે, કારણ કે અંતે જેવી મતિ હોય તેવી ગતિ થાય છે. આ વૃક્ષો સામાન્ય રીતે પરોપકાર કરે છે એમ નહીં, પરન્તુ સમ્પૂર્ણ પ્રકારે પરોપકાર માટે જ તેમનું જીવન છે. સ્વાર્થ અને પરોપકાર બન્ને સાધનારા મધ્યમ તેઓ નથી. જે માત્ર સ્વાર્થ માટે જ જીવે તે અધમ. એવી જ રીતે ધર્મ પણ પરોપકાર માટે જ કરવામાં આવે તે ઉત્તમ. સ્વાર્થ અને પરોપકાર માટે કરવામાં આવે તે મધ્યમ અને કેવલ સ્વાર્થ માટે કરવામાં આવે તે અધમ. આ વૃક્ષો ઉત્તમ ધર્મ આચરે છે. પવન અને વરસાદ, તાપ અને હિમ પોતે સહન કરે છે અને આપણા સુધી તેને આવવા દેતા નથી. પોતાનાં સર્વસ્વનો ત્યાગ કરી આ વૃક્ષો પરોપકાર કરે છે. આ ધર્મરૂપ પરોપકાર કહ્યો. વળી ''સર્વ પ્રાણીઓને જીવનનું સાધન પુરું પાડવામાં આમનો જન્મ ઉત્તમ છે. સજ્જન પાસેથી જેમ યાચકો વિમુખ જતા નથી તેમ આમની પાસેથી વિમુખ જતાં નથી.'' દેહ ગ્રહણ કર્યા પછીના આમનાં જીવનમાં સ્વાર્થ જરાએ નથી. આવો સ્વાર્થરહિત જન્મ થાય છે એ આશ્ચર્ય છે. જે બધાને જીવાડે તેમનું જીવન સફળ છે. આવા સજ્જનો છે. યાચક સજ્જનને ઘેર આવે ત્યારે ધન હોય તો વિમુખ જતો નથી. વૃક્ષો બધાં તેવાંજ છે. તેમની પાસેથી માગનારા વિમુખ જતા નથી. મૂઆ પછી પણ જો કાષ્ઠમાં રહે (બાળવામાં આવે) તો વિમુખ થતા નથી એટલે (વિ=પક્ષી+મુખ) પક્ષીઓના મુખમાં જતા નથી. વૃક્ષો જો ભિખુક (પરમહંસ) થાય તો (વિ=કાલ) કાલના મુખમાં પણ પડતા નથી. આ વૃક્ષોને સર્વમાં ભગવદ્ બુદ્ધિ છે. જે યાચક આવે તેને પોતાનું સર્વસ્વ આપે છે. આ અર્થરૂપ પરોપકાર જણાવ્યો. વળી પત્ર પુષ્પ ફળ માલા મૂળ છાલ કાષ્ઠ ગંધ ગુંદર ભસ્મ અસ્થિ અને બાલવૃક્ષો થી વૃક્ષો સર્વનાં કામ પૂરે છે. મનુષ્યના કેશ-દાંત વગેરે જેમે પત્રો વૃક્ષને લાગેલા હોય છે. કેશ વગેરેનો કાંઈ ઉપયોગ થતો નથી પણ વૃક્ષોનાં પત્રો સર્વને ઉપયોગી થાય છે. પુષ્પો સ્ત્રીઓના રજં રજરૂપ છે. પુષ્પો પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારાં છે, જ્યારે રજ તો સ્ત્રીઓને પણ અપકાર કરે છે. ફળો પુત્ર જેવા છે. વૃક્ષો ફળ બીજાને આપે છે. મનુષ્યો પુત્રોમાટે બીજાની હત્યા કરાવે છે, પણ તેમને બીજાને આપતા નથી. છાયા ઘર જેવી છે, પરન્તુ મનુષ્યોનાં ઘરમાં સર્વ જતાં નથી અને જાય તે પણ તાપની જેમે દુઃખ, ટાઢની જેમે ભય અને વરસાદની જેમે કઢંગી સ્થિતિ પ્રાપ્ત કરે છે.

મૂળ વૃક્ષોનો ધર્મ જ છે. પ્રાણીઓના ધર્મમાં પશુઓની હત્યા કરવામાં આવે છે અને વૃક્ષો તો પોતાનાં મૂળને ઔષધ માટે બીજાઓને આપે છે. વૃક્ષની છાલ વૃદ્ધ વગેરેને ઘરવખરી જેવી છે (વૃક્ષો છાલ સર્વને આપે છે, મનુષ્યો ઘરવખરી આપતા નથી). વક્ષો પોતાના સૂકા કાષ્ટ બધાને આપે છે. પણ મનુષ્યો ભોગવતાં વધેલી વસ્તુથી પણ બીજાનો ઉપકાર કરતા નથી. ચંદન વગેરે વૃક્ષોની ગંધ કીર્તિ જેવી છે. (ચંદનની ગંધ સર્વને

ઉપયોગમાં આવે છે). પ્રસિદ્ધ નામવાળા માણસો નામથી પણ બીજાનો ઉપકાર કરતા નથી. ગુંદર એટલે વૃક્ષોની અંદરનો સાર વાણીરૂપ છે. ગુંદર સર્વને ઉપયોગી છે, વાણી વૈર પણ ઉત્પન્ન કરે છે. વૃક્ષોનો નાશ થતાં તેની ભસ્મ બને છે, તે પાત્રો માંજવા વગેરે કામોમાં આવે છે. જ્યારે મરેલો માણસ તો પ્રેતની જેમ શ્રાદ્ધ વગેરે કરાવી અપકાર જ કરે છે. અસ્થિ, વૃક્ષના કટકા, અંગારા છે. તે ચૂલામાં બાળવામાં ઉપયોગી થાય છે. મનુષ્યોનાં અસ્થિ તો કોઈનો ઉપકાર કરતાં નથી, પરન્તુ તેનો સ્પર્શ થતાં પણ દોષ થાય છે. (જૂઓ મનુસ્મૃતિ ૫|૮). શાખારૂપ નાના વૃક્ષો ઘાસ જેવા છે. એવી રીતે પોતાના સર્વ અવયવોથી વૃક્ષો સર્વના કામ પૂરે છે. તેમની સર્વમાં ભગવદ્‌બુદ્ધિ છે એમ તેઓ સર્વની આ પ્રમાણે સેવા કરે છે તેથી જણાય છે. આ કામરૂપ પરોપકાર થયો.

વળી આ વૃક્ષો સ્વાર્થ માટે અને પરમાર્થ માટે એમ કરે છે એવું નથી. પરન્તુ પરમાર્થ માટે જ કરે છે. ''પ્રાણો, ધન, બુદ્ધિ અને વાણી થી સદા (બીજાનું) કલ્યાણ જ કરવું એવા ધર્મવાળો આ લોકના દેહવાળાઓમાં જન્મ થાય તે સફળ છે''. દેહ ધારણ કરનારાઓમાં દેહ ગ્રહણ કરવો એ ભગવાનની ઈચ્છાથી થાય છે. તેમાં દેહ ગ્રહણ કરનારની પોતાની અથવા બીજાની કાંઈ પણ ક્રિયા હોતી નથી. દેહ ગ્રહણ કર્યા પછી સંસ્કારથી જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જો બીજા બધાના જેવો રહે તો કાંઈ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. વળી ભગવાને બધાને માટે સર્વ રચેલું છે. તેથી જો તે પોતે પણ પોતાનું બધું સર્વના ઉપયોગમાં આણે તો તે ભગવાનના જેવો થાય, એટલે ભગવાનના અવતાર જેવો થવાથી તેનો જન્મ સફળ થાય; પણ તેમ ન કરે તો પ્રવાહની સમાન જ રહે. જેનું સર્વ પરમાર્થ માટે જ છે તેને સ્વાર્થ હોઈ જ ન શકે. તે પોતે નિષ્કામ જ રહે છે. તેથી પ્રાણથી જે ધર્મ થઈ શકે તે પણ પરોપકાર માટે જ કરવો જોઈએ. ધનથી જે અર્થ (પુરુષાર્થ) થઈ શકે તે પણ પરોપકાર માટે જ કરવો જોઈએ. બુદ્ધિ અમુક વિષયના સમ્બન્ધવાળી હોઈ કામરૂપ છે અને વાણી ઉપદેશરૂપ હોઈ મોક્ષ આપનારી છે, તેમનો ઉપયોગ અનુક્રમે બીજાના કામ અને મોક્ષ સિદ્ધ થાય તે માટે કરવો જાઈએ. આ ચારથી સર્વના ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરાવવા અને સદા તેમ કરવું. આ ભગવાનની વાણીનું વર્ણન થયું એટલે આ પણ ભગવાનની લીલા થઈ. તે પછી ભગવાન કુમળાં પાંદડાં, ગુચ્છા, ફળ, પુષ્પ અને દલ ના સમૂહોથી નમ્ર થયેલી શાખાવાળા વૃક્ષોની મધ્યે થઈ યમુના પધાર્યા. પાંદડાં, ગુચ્છા વગેરે આપવા છતાં વૃક્ષો નમ્ર જ રહેતાં. તેમના ગુણોનો ગોપોને સમ્બન્ધ થાય તે માટે તેમની વચ્ચે થઈ યમુના પધાર્યા. કારણ કે યમુના પણ આવા જ ગુણવાળી છે. ત્યાં ગાયોને ઉજળાં શીતલ કલ્યાણકારી જલનું પાન કરાવી, ભગવાને પોતે અને ગોપોને પોતાની ઈચ્છા પ્રમાણે મીઠા જલનું પાન કર્યુ. જલપાનથી ઉપરની જ ભૂખ ગઈ તેથી યમુનાજીના ઉપવનમાં પશુઓને ઈચ્છા પ્રમાણે ચરાવતાં, ભૂખથી પીડાયેલ ગોપો, શ્રીકૃષ્ણ અને બલભદ્ર પાસે આવીને ભૂખ મટે તે માટે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા.

**બ્રાહ્મણોના મર્યાદાવાળાં કર્મ-જ્ઞાન; તેમની પત્નીઓનાં પુષ્ટિમાર્ગીય કર્મ-જ્ઞાનઃ**

તેઓને ભગવાને વિદ્યાનો ઉપદેશ કર્યો તેથી તેઓનો મોહ બધો ગયો પરન્તુ દેહના ધર્મો મટ્યા નહીં. દેહના ધર્મો પણ જો મટે તો તેઓ કૃતાર્થ થાય. ભૂખ મટાડવા તેઓ ભગવાનને વિનંતી કરવા લાગ્યા, કારણ કે આનન્દનો સદા તિરોભાવ કરાવનારી ભૂખ સદાનંદ શ્રીકૃષ્ણથી જ મટે. શ્રીકૃષ્ણ દુષ્ટોનો નાશ કરનારા છે. બધા દુષ્ટોનો ભગવાને સંહાર કર્યો પણ ભૂખ રહી. તે સ્ત્રીરૂપ હોઈ ગોપોની સ્ત્રીરૂપ વિદ્યાથી મટી નહીં. તેથી તેને શાંત કરાવવા તેઓએ ભગવાનની પ્રાર્થના કરી. સ્ત્રીઓ ઉપર, અને તેમાં પણ પુરુષનો અધિકાર જેમને નથી તેવી બ્રહ્માણની સ્ત્રીઓ ઉપર, ઉપકાર કરવા અને ધર્મમાર્ગનું સ્થાપન કરવા માટે, જેમને જ્ઞાન પ્રાપ્ત થયું છે તેમનો મુખ્ય ધર્મ ભિક્ષા માટે ફરવું એ જ છે એમ વિચારી, ભગવાને તેમને પહેલાં બ્રહ્મણો પાસે અન્ન માગવા જવા કહ્યું. કારણે કે દ્રવ્યનું સ્વામીપણું પુરુષોનું હોય છે. ભગવાન તો સર્વ શક્તિવાળા હોવાથી અલૌકિક ઉપાયથી પણ ગોપોની ભૂખ મટાડી શકે, પણ તેમ કરવાથી યજમાનની સ્ત્રીની મુક્તિ (આ પ્રકારે થશે તે) ન થાય, સર્વને સત્સંગ ન થાય અને તેથી માર્ગનો નાશ થાય. વળી ગોપોને અભિમાન ન હતું, સામે પક્ષે યજ્ઞ કરનારા બ્રાહ્મણો પૂજ્ય હતા, તેથી તેમની પાસે માગવામાં તેમની હલકાઈ થવાની ન હતી. વળી જ્ઞાન બ્રહ્મના બીજરૂપ છે. જેમ બ્રાહ્મણીમાં પોષાયેલું બ્રાહ્મણનું બીજ બ્રાહ્મણના અન્નથી વૃદ્ધિ પામી, બ્રાહ્મણના સંસ્કારો અને વેદથી ભરપૂર થાય ત્યારે બ્રહ્મ થવા યોગ્ય થાય છે, તેમ આ ગોપોને હમણાં પ્રાપ્ત થયેલું જ્ઞાન જો બ્રાહ્માણના અન્નથી પુષ્ટ થાય તો તેનાથી કાર્ય સિદ્ધ થાય. જ્ઞાનનું મૂળ અન્ન છે તેથી જો બ્રાહ્મણે આપેલું અન્ન ગોપોના ખાવામાં આવે તો તેમને બ્રહ્મજ્ઞાન થાય તેથી ભગવાને તેમને કહ્યું કે ''દેવયજ્ઞ થાય છે ત્યાં જાઓ. ત્યાં બ્રહ્મવાદી બ્રાહ્મણો સ્વર્ગ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી 'આંગિરસ' નામનો યજ્ઞ કરી રહ્યા છે. ત્યાં જઈને બલભદ્રનું અને મારું નામ લઈને, અમે મોકલેલ હોવાનું જણાવી ચોખા માગજો. અમારા નામથી માગજો, સ્વતન્ત્રતાથી માગતાં અપરાધ થાય''. ભગવાને એવી આજ્ઞા કરી એટલે તેઓમાં ગર્વ નહીં હોવાથી તેમણે ત્યાં જઈ વિપ્રો પાસે બે હાથ જોડી ભૂમિ ઉપર દંડવત પડી તે પ્રમાણે માગ્યું. તેમણે કહ્યું કે ''બલભદ્ર અને શ્રીકૃષ્ણ સમીપમાં ગાયો ચરાવે છે. ભૂખ્યા થતાં તમારા ચોખાની ઈચ્છા રાખે છે. તમને શ્રદ્ધા હોય અને તમારી પાસે ચોખા હોય તો તેમને આપો''. ભૂખ્યા થયા છે તેથી માગે છે નહીં તો ન માગે. કારણ કે ભીખ માગનાર બ્રાહ્મણ પાસે કોઈ માગે નહીં. ભગવાને કહેલું કે ''અમારું નામ લઈને માગજો'' એટલે તેનો અભિપ્રાય સમજ્યા વિના ગોપાએ જાણ્યું કે ભગવાનને ભૂખ લાગી છે એટલે તે માગે છે. અને જેમ શેઠ માગીને નોકરને આપે તેમ ભગવાન માગીને અમને આપશે. તેથી તેમણે એ પ્રમાણે ભગવાન ભૂખ્યા થયેલ હોવાનું કહ્યું. વળી બલભદ્ર અને શ્રીકૃષ્ણ એ બેને આપવાથી કૃતાર્થ થશું એવી તમને શ્રદ્ધા હોય અને તમારા પોતાના ચોખા હોય તો આપજો. તમે યજ્ઞ કરો છો પણ હજી દીક્ષા થઈ નથી, પશુનો વધ થયો નથી અને આ યજ્ઞમાં સુરા (દારુ)નું પ્રધાનપણું નથી, તેથી હજી તમારું અન્ન ખાવામાં દોષ નથી, શ્રદ્ધા હોય તો

આપો.

ગોપોએ આવી રીતે યુક્તિપૂર્વક માગણી કરી તે બ્રાહ્મણોએ સાંભળી, છતાં પણ સંસ્કાર વિનાના સ્ત્રી અને શુદ્રો સાથે ભાષણ કરવું યોગ્ય નથી એમ માની તેમણે તે ધ્યાનમાં ન લીધી. કારણ કે ૧.તેઓ હલકા પદાર્થની એટલે સ્વર્ગની આશા રાખતા હતા. પરમાનંદસ્વરૂપ પ્રભુ પાસે સ્વર્ગ શું? વળી તેઓ પ્રમાણમાં શ્રદ્ધાવાળા હતા. યજ્ઞ પણ ભગવાન છે, તે જ પૂર્ણ કરવો જોઈએ, એમ તેઓ માનતા હતા. વળી ૨.તેઓ આડંબરવાળા મોટાં કર્મ કરનાર હતા. મોટો યજ્ઞ કરવાથી મોટું ફલ થાય તેવું સમજનારા હતા. અરે, મોટા યજ્ઞથી ઘણું અધિક ફલ ભગવાનને અન્ન દેવાથી થાય છતાં મોટા કર્મમાં આસક્તિવાળા હોવાથી, અન્ન દેવાથી યજ્ઞ પૂર્ણ નહીં થાય એમ માની, તેમણે ગોપોને અન્ન ન આપ્યું. વળી ૩.તેઓ અજ્ઞાની હતા. કર્મ તો દેવને પ્રસન્ન કરવા કરવાનું હોય છે અને તે તો ભગવાન પ્રસન્ન થાય તો આધિદૈવિક દેવો પ્રસન્ન થાય. સર્વ દેવતારૂપ ભગવાન પધાર્યા તો પણ યજ્ઞ જેવા હલકાં સાધનથી સંતોષ માની ભગવાનનો આદર ન કર્યો. કારણ કે યજ્ઞનું સ્વરૂપ તેઓ જાણતા ન હતા અને યજ્ઞ જ કરવો જોઈએ એમ માનતા હતા. વળી ૪.પોતાનો દોષ પણ તેઓ જાણતા ન હતા. અમે જ મોટા ત્રણ વેદો અને વેદના અર્થ ને જાણનારા છીએ એમ તેઓ માનતા હતા તેથી તેમણે લક્ષ્ય ન આપ્યું. દેશ, કાલ, મંત્ર, તંત્ર, દ્વિજ, અગ્નિ, દેવતા, યજમાન, યજ્ઞ, ધર્મ એ બધા જેમનાથી થાય છે, જેમનાથી ઈન્દ્રિયોથી થતું જ્ઞાન હલકું છે, તેવા સાક્ષાત્ ભગવાનનું, આત્માને મરણયોગ્ય બનાવનાર, તે દુષ્ટ બુદ્ધિવાળાઓએ માન્યું નહીં, કારણ કે તેમને ભગવાનનાં સ્પરૂપનું ખોટું જ્ઞાન હતું. જેવા આપણે મનુષ્ય છીએ તેવા શ્રીકૃષ્ણ પણ મનુષ્ય છે એમ તેઓ માનતા હતા. જેમ ચોર બધાને ચોર જ જાણે છે, મૂર્ખો જેમ આવેલ દેવને પણ પોતાના જેવા જ જાણે છે, જેમ શિકારી તપસ્વીને પણ પોતાના જેવો જ માને છે, તેમ પોતાના દોષને લીધે દોષરહિત ભગવાનનું તેમને ખોટું જ્ઞાન થયું. તેમણે તેમને મનુષ્ય જ માન્યા. તેથી તેમણે ''આપશું'' કે ''નહીં આપશું'' એમ કાંઈ પણ કીધું નહીં, એટલે ગોપો નિરાશ થઈ પાછા ગયા અને તેમણે તે બધું બલભદ્ર અને શ્રીકૃષ્ણ ને જણાવ્યું.

ગોપોને બ્રાહ્મણોએ ઉત્તર ન આપ્યો તેથી તેમને ખેદ થયેલો અને તેઓ ભગવાનથી વિમુખ હોવાથી ક્રોધ પણ થયેલો તે મટાડવા ભગવાન હસ્યા અને ''ક્યાંક મળે, ક્યાંક ન મળે અને ક્યાંક ઉત્તર પણ ન મળે એવી લૌકિક ગતિ છે'' એમ જણાવી તેઓ ફરી માગવા જાય તે માટે કહ્યું કે ''તેમની પત્નીઓને કહો કે બલભદ્ર સાથે હું આવ્યો છું. તેઓને મારા ઉપર પ્રેમ હોવાથી તમને તમારી ઈચ્છા પ્રમાણે અન્ન આપશે. તેઓ બુદ્ધિથી મારામાં રહેલી છે. તમારે માગવું નહીં પડે, માગ્યા વિના જ આપશે. જેમ પ્રિય વૃત્તાન્ત જણાવનારને આપવામાં આવે છે તેમ હું આવેલ છું એમ જણાવશો તેટલા માત્રથી જ સંતોષ પામી આપશે''. બુદ્ધિથી એટલે જ્ઞાનશક્તિથી અને અન્તઃકરણથી તેઓ મારામાં રહેલી છે. તેમના દેહ અને બહારની ક્રિયા ત્યાં છે પરન્તુ જ્ઞાનશક્તિ મારામાં હોવાથી તમને

આપશે જ.

પછી તે બાલગોપો પત્નીઓના ઓરડા પાસે ગયા અને વિનયથી તેમને નમન કરીને કહ્યું કે ''હે દ્વિજપત્નીઓ! તમને નમસ્કાર. પાસે જ ફરતા શ્રીકૃષ્ણે અમને મોકલ્યા છે. ગોપાલો પાસે ગાયો ચરાવતા બલભદ્ર સાથે બહુ દૂર આવ્યા છે. તે ભૂખ્યા થયા છે. તેમને તથા બલભદ્રને અન્ન આપો''. ગોપો બીજાનું (માલિક સિવાય બીજાએ) આપેલું લેતા ન હતા, તેથી ભગવાને કહેલ અને સ્ત્રીઓએ આપવા માંડેલ છતાં પોતે અન્ન ન લીધું અને ભગવાન માટે માગ્યું કારણ કે તે જ તેમનો ધર્મ હતો. ભગવાન ભૂખ્યા હોવાનું કહ્યું તે તેઓમાં અજ્ઞાનને લીધે કહ્યું. ભગવાન ગોપોની પાછળ નજીક આવે છે એમ સાંભળીને, તેમના દર્શનની નિત્ય ઈચ્છા રાખતી તેઓ ગભરાટમાં પડી. દર્શન માટે તરત જવું જોઈએ અને તે ભૂખ્યા હોવાથી સામગ્રી પણ લઈ જવી જોઈએ. વળી મન ગમે ત્યાં દૂર હોય ત્યાંથી નીકળી ભગવાન પાસે જતું. તેથી મનોરથ ઘણાં હોવાથી ગભરાટમાં પડી. હમણાં તો સામગ્રી લઈ તરત જવું એ જ જરૂરનું છે એમ વિચારી, પાત્રોમાં ખાવા, પીવા, ચૂસવા અને ચાટણા ના એવા ચાર પ્રકારના ગુણકારી ઘણાં અન્ન લઈ, પ્રિય ભગવાનના સામી ગઈ. જેમ નદીઓ પર્વત વગેરેના અટકાવની દરકાર કર્યા વિના સમુદ્ર પ્રતિ જાય, કારણ કે દેવો તેમના પતિ નથી પણ સમુદ્ર જ તેમનો ખરો પતિ છે તેવી રીતે આ સ્ત્રીઓ પણ ઊંચે અહંકારમાં રહેલા બ્રાહ્મણ પતિઓની દરકાર કર્યા વિના (નદીઓની જેમે) નીચે (ખરા પતિ) ભગવાન પાસે ગઈ. ધર્મ પ્રાપ્ત કરાવનાર પતિ, અર્થ આપનાર ભાઈ, ઈચ્છેલા પદાર્થ (કામ) આપનાર બંધુઓ અને મોક્ષ પ્રાપ્ત કરાવનાર પુત્રો એ ચાર સમ્બન્ધીઓએ તેમને રોકી, છતાં તે ચાર પુરુષાર્થની દરકાર નહીં કરતાં, પાંચમી ભક્તિને જ પરમ પુરુષાર્થ માનનારી તેઓ ગઈ જ. ઈચ્છેલ હોય તે જ પુરુષાર્થ ગણાય. લાંબા સમય સુધી જે ભગવાનનું શ્રવણ કરેલું તે જ તેમનાં ચિત્તમાં હતા. જેમ ફલનું શ્રવણ થતાં ફલમાં ચિત્ત રહે, તેમ તેમનું ચિત્ત ભગવાનમાં જ હતું. યજ્ઞ કરનારા બ્રાહ્મણો યજ્ઞમાં રોકાયેલા હતા, તેથી તેમણે વાણીથી જ જવાની મના કરી. કારણ કે એકની પત્નીને બીજો અડી શકે નહીં. અડે તો યજ્ઞનો નાશ થાય. તેથી યજમાનની પત્ની સિવાય બધી ગઈ.

યમુનાનાં ઉપવનમાં ગોપોથી વીંટાયેલા બલભદ્ર સાથે શ્રીકૃષ્ણનાં તેમને દર્શન થયા. તેમનો વર્ણ શૃંગારરસરૂપ શ્યામ હતો. તેમણે સુવર્ણનો કંદોરો, કુંડલ, મુકુટ, કંઠમાં હાર, કંકણ, બાજુબંધ પીતાંબર વગેરે પહેરેલાં હોવાથી તેજના કુંડાળા સાથે સહસ્રમૂર્તિવાળા શ્યામચંદ્ર જેવા શોભતા હતા. પુષ્પોથી ભરપૂર વનમાલા ધારણ કરી હતી. મોરના પીછાં, ધાતુ અને કુંણાં પાંદડાથી નવે રસ ઉત્પન્ન થાય તેવો નટનો વેષ ધારણ કરેલો. સેવકના ખભા ઉપર એક શ્રીહસ્ત મૂકેલો અને બીજાથી હાથમાંના વિશ્વરૂપ કમલને હલાવતાં પોતાનું નિર્ભયપણું દર્શાવતા હતા. કાનમાં રહેલા કમળો ઉપરના કેશ, ગાલ અને મુખકમલ ઉપર તેમનું હાસ્ય પ્રસરી રહ્યું હતું. એક કાન યોગરૂપ અને બીજો સાંખ્યરૂપ છે. કમલ મર્યાદારૂપ છે. કેશ શાસ્ત્રરૂપ છે. ગાલ ભક્તિના અંગ છે. મુખ ભક્તિરૂપ છે. એ સર્વ

રસવાળાં છે. હાસ્ય મોહરૂપ હોવાથી એ સર્વને મોહ થયો અને સર્વ એક ભગવાનમાં એક સાથે રહ્યાં એટલે તેમનો વિરોધ પણ ન રહ્યો. આવા ભગવાનના કીર્તિરૂપ ગુણો તેમણે પહેલાં કર્ણથી સાંભળેલા, એમ કર્ણ દ્વારા ભગવાને તેમની અંદર પ્રવેશ કરતાં જેમ ગંગાનું પૂર આવે તેમાં ઘર ડૂબી જાય તેમ તેમનાં મન ભગવાનમાં લીન થયેલાં અને તેથી તેમનો લૌકિક તાપ જતો રહેલો. હવે ચક્ષુનાં છિદ્રોથી તેમણે ભગવાનનો પોતાની અંદર પ્રવેશ કરાવ્યો અને તેથી તેમનો અલૌકિક તાપ પણ શાંત થયો. કારણ કે તેમણે પોતાની અંદર રહેલા ભગવાનનું ઘણાં સમય સુધી આલિંગન કર્યું. તેમને ભગવાનનું સાયુજ્ય જ થાત પરન્તુ સંસ્કાર બાકી રહેલા હોવાથી બહાર આવવાનું થયું. ભગવાને જોયું કે આ સ્ત્રીઓએ આલોકની અને પરલોકની બધીએ આશાઓ તજેલી છે અને મારાં દર્શન કરવાની ઈચ્છાથી આવેલી છે. મર્યાદામાર્ગમાં ભગવાનના ગુણોનું શ્રવણ કર્યા પછી, મનથી ભગવાનનું ચિંતન કરવું જોઈએ, અને સાક્ષાત્કાર કરવો જોઈએ તે બધું આમણે કરેલું છે એમ જોઈને ભગવાને તેમને કહ્યું કે ''તમે ભલે આવી. બેસો, તમારું શું કામ કરું? મારાં દર્શન કરવાની ઈચ્છાથી આવી એ તમે યોગ્ય કર્યું.'' તેમને ખેદ ન થાય તે માટે ભગવાને બેસવાનું કહ્યું. ''તમારું શું કરું?'' અર્થાત્ ન હોય તે પ્રાપ્ત કરાવું અને અન્તે પવિત્ર ફલ આપું. વૈષ્ણવો સાથે સંગ કરાવીશ. આમ કરવા જ ભગવાન યજ્ઞ કરનાર બ્રાહ્મણોને જ્ઞાન આપી શુદ્ધ કરશે અને પછી તેમનો આ સ્ત્રીઓને સંગ કરાવશે. વળી ભગવાને કહ્યું કે ''સ્વાર્થને જાણનાર કુશલ માણસો ખરેખર જેમ પ્રીતિના વિષય આત્મામાં ભક્તિ કરે છે તેમ મારામાં પ્રયોજન વિનાની અને આવરણ વિનાની ભક્તિ કરે છે.'' તમારો મારામાં પ્રેમ છે. તે મર્યાદા પ્રમાણે જ રાખવો યોગ્ય છે. તેથી કામના માટે ભક્તિ ન કરવી. સાધનમાત્ર અને ફલ અમુક પ્રકારે પ્રાપ્ત થશે એમ જાણનાર કુશલ માણસો મારામાં એવી જ રીતે પ્રેમ રાખતા આવ્યા છે. જ્યાં સુધી ભગવાનમાં પ્રેમ ન હોય ત્યાં સુધી આત્મામાં પ્રેમ હોતો નથી. ભગવાનમાં પ્રેમ ન હોય ત્યાં બીજા પદાર્થોમાંથી આસક્તિ જતી નથી એમ કુશલ માણસો સ્વાર્થ જાણે છે. તેથી જેમ આત્મામાં ભાવ રાખે છે તેમ દેહ, ઈન્દ્રિય વગેરેના આવરણ વિનાના અને પ્રયોજન વિનાની ભક્તિ મારામાં રાખે છે. વળી પ્રાણ, બુદ્ધિ, મન, પોતાનો આત્મા, સ્ત્રી, પુત્ર, પશુ વગેરે એ સર્વ જેમના સમ્બન્ધથી પ્રિય થાય છે, તેમનાથી બીજો કોણ પ્રિય હોઈ શકે? આત્મા પણ પરમાત્મા (ભગવાન)ના સમ્બન્ધને લીધે પ્રિય થાય છે, કારણ કે પરમાનન્દ પણ આત્મારૂપ જ પ્રિય હોય છે. માત્ર આત્મા અથવા માત્ર આનન્દ પ્રિય લાગતા નથી. જો માત્ર આત્મા પ્રિય હોય તો દુઃખી જીવ પણ પ્રિય લાગે. માત્ર આનન્દ પ્રિય હોય તો પારકાનો આનન્દ પણ પ્રિય લાગે. પણ તેમ થતું નથી તેથી પ્રાણ વગેરેમાં પ્રેમ ઉપાધિવાળો હોય છે, સ્વાભાવિક પ્રેમ તો ભગવાનમાં જ હોય છે. સર્વને વશ રાખનાર ભગવાન જ પ્રિય હોય છે, વશ રહેનાર તો પ્રિય ન જ હોઈ શકે. મારામાં પ્રેમ રાખી મારાં દર્શન કરવાની ઈચ્છાથી તમે આવ્યા એટલે તમારું કાર્ય સિદ્ધ થયું. હું આત્મા છું, છતાં બહાર રમણ કરવાથી તમારી બુદ્ધિ બગડશે. તેથી તે કરવા યોગ્ય નથી, તમે પતિવ્રતા છો,

સંસ્કારવાળી છો, તેથી ઘેર જાઓ. તમારા વડે તમારા પતિઓ યજ્ઞ પૂર્ણ કરશે કારણ કે ગૃહસ્થ પત્નીવાળો હોય તે જ કર્મનો અધિકારી છે. તમારા સંસ્કારનો નાશ થાય તો યજ્ઞ પૂર્ણ ન થાય.

ભગવાને એમ કહ્યું પરન્તુ આ સ્ત્રીઓ સર્વનો ત્યાગ કરીને આવેલી અને ભગવાનનો સાક્ષાત્કાર થયા પછી પાછી પહેલાંની સ્થિતિ થાય તે યોગ્ય નહીં એમ વિચારી તેમણે કહ્યું કે ''હે પ્રભો! આપે આવું ક્રૂર વચન કહેવું યોગ્ય નથી. વેદવાક્ય સત્ય કરો. આપના ચરણથી દૂર નાખેલી તુલસીની માલા કેશ ઉપર ધારણ કરવા અમે સર્વ બંધુઓનો ત્યાગ કરી આપના ચરણનાં મૂલ પાસે આવેલી છીએ. હવે અમારે ઘેર જવું યોગ્ય નથી, છતાં આપ ઈશ્વરની આજ્ઞાથી જવું પડે તો ઓકેલું ગળનારા થઈએ. આપ સર્વ પ્રકારે સર્વ કરવા શક્તિવાળા છો એટલે આવું ક્રૂર વચન આપે કહેવું યોગ્ય નથી. આ વાક્ય સ્વરૂપથી ક્રૂર છે, કારણ કે આપ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવવા પ્રકટ થયા છો, તે મર્યાદાનું શા માટે સ્થાપન કરો? વળી અમારે પાછા જવું એ મર્યાદા પણ નથી, કારણ કે મર્યાદા માર્ગમાં જેનો ત્યાગ કરેલ હોય તે પાછું ગ્રહણ કરવાની વિધિ નથી. સ્ત્રીઓએ ત્યાગ કરવો એવી વિધિ નથી, છતાં આપે અવતાર લીધેલ હોવાથી સ્ત્રીઓએ ત્યાગ કરવો યોગ્ય છે. કારણ કે સ્ત્રીઓ માટે જ આપ આનન્દરૂપ પ્રકટ થયા છો. તેથી આપ પ્રકટ ન હતા ત્યારે ફલરૂપ આનન્દ ન હોવાથી (અને) સ્ત્રીઓ ભોગ્ય હોવાથી તેમને (ભગવાન સિવાય) બીજે જવાનું જરૂરી હતું એટલે (તે બીજાનો) ત્યાગ અયોગ્ય હતો. હમણાં તો તેથી ઉલટી સ્થિતિ હોવાથી, આપ ભગવાન પોતે જ ભોગ કરનાર હોવાથી, (બીજાનો) ત્યાગ જ છે. ત્યાગ કર્યા પછી ફરી તેને ગ્રહણ કરવાનું કહેવું એ ક્રૂરતા છે. વળી સંસારરૂપ દાવાગ્નિમાંથી બહાર નીકળેલાને આપની આજ્ઞા તેમાં ફરી પ્રવેશ કરાવે છે. જો ફરી સંસારમાં જવાથી જ અમને પુરુષાર્થની પ્રાપ્તિ થવાની હોય તો પણ આપે મોકલવી ન જોઈએ, કારણ કે આપ સર્વ કરવા સમર્થ છો. અહીં જ અમારા પુરુષાર્થ સિદ્ધ થાય તેમ કરો, આપ પોતે અમારા પતિરૂપ થઈ ક્યાંક રહો, અમને જુદા પ્રકારના દર્શાવો, આપની અંદર અમારો પ્રવેશ કરાવો, અમને વૃક્ષ વગેરે બનાવો અથવા અદૃશ્ય બનાવો. આવા સર્વ ઉપાયો હોવા છતાં અમને પાછા શા માટે મોકલો છો?

જો ઘરે જ મોકલશો તો ત્યાગ પછી ફરી ગ્રહણ ન કરવાનું જણાવનારાં વેદનાં બધા વચનો ખોટાં ઠરશે. તે વાક્યોને સત્ય કરો. અમે આપના ચરણનાં મૂલ પાસે આવેલી છીએ. પ્રાણીઓએ આટલો જ પ્રયત્ન કરવાનો છે કે આપના ચરણનાં મૂલ પાસે આવવું, આપના ચરણારવિંદમાં પ્રેમ રાખવો, તેની રજ ધારણ કરવી, તેની છાયાનો આશ્રય કરવો, તેનો અધાર છે એવી ચિત્તની સ્થિતિ રાખવી અથવા તેની નીચે રહેવું, એમ સેવામાં આસક્તિ રાખવી. એટલું કરે એટલે બાકીનું આપે જ કરવું જોઈએ, તેની અધોગતિ કરવી ન જોઈએ. વળી અમે અયોગ્ય કર્મની ઈચ્છા રાખતી નથી. અમે આખો દિવસ સેવા કરી, આપને નિદ્રાનો સમય થાય અથવા નિદ્રા આવેલી હોય ત્યારે આપના ચરણ ચાપતાં

ચરણમાં રહેલી તુલસીની માલા આપે પ્રસાદ તરીકે આપેલી હોય અથવા દૂર ફેંકી દીધેલી હોય તે મહાપ્રસાદરૂપ માલા અમારા પરમ પુરુષાર્થ તરીકે લઈ, કેશ ઉપર એટલે વેણી અથવા અંબોડા માં ધારણા કરવાની ઈચ્છાથી અમે આપના ચરણનાં મૂલ પાસે આવેલી છીએ. વળી અમે પતિ-પુત્ર વગેરે બાંધવોનો ત્યાગ કરીને આવેલી છીએ, તેથી તેમના વિરોધને લીધે તેમની પાસે રહી શકીએ તેમ પણ નથી. વળી અમારા પતિઓ મા-બાપ. પુત્રો, ભાઈઓ, બંધુઓ અને મિત્રો અમને પાછા ગ્રહણ કરશે નહીં તો બીજાઓ તો કેમ જ ગ્રહણ કરે? તેથી હે શત્રુનું દમન કરનાર! આપના ચરણમાં પડેલીની અમારી બીજી સ્વર્ગ વગેરે ગતિ ન થાઓ. અમે પતિઓ વગેરેનું ઉલ્લંઘન કરીને આવેલી હોવાથી તેઓ અમને નહીં જ રાખે. તેથી જાતિ તજીને સંસારમાં બીજે રહેવાનું હોય તો અહીં જ રહેવું યોગ્ય છે. અહીં રહેવાથી સ્વર્ગ ન મળે તેમ હોય તો ભલે ન મળે, આપના ચરણે આવેલીને અમને સ્વર્ગ વગેરે બીજું ફળ ભલે ન મળે. ચરણમાં આવેલ જોડાની અથવા ચરણમાં પડતાં વસ્ત્રની જે ગતિ થાય છે તેવી જ ચરણે આવેલીની અમારી ગતિ થાઓ. અમે આપની દાસીઓ થઈ આપની સાથે સર્વ સ્થળે ફરશું. તેથી આપના ચરણમાં જ રહેવાની આજ્ઞા કરો.

તેઓએ એવી પ્રાર્થના કરી એટલે ભગવાને જાણ્યું કે પતિઓ વગેરે હેરાન કરશે એવા ભયથી આ સ્ત્રીઓ આમ કહે છે. તેથી ભગવાને તેમને કહ્યું કે ''પતિઓ, પિતા, ભાઈ, પુત્ર અને લોકો તમને દોષ નહીં દે. મારી પાસે આવેલીનું તમારું દેવો પણ સન્માન કરશે. પતિઓ વગેરે તમારો ત્યાગ કરશે અથવા તમને રાખશે નહીં એવું નહીં જ બને. તમને દોષ પણ નહીં દે. જે શાસ્ત્ર વિરુદ્ધ અથવા યુક્તિથી વિરુદ્ધ હોય તેમાં સર્વને વાંધો આવે. તમે મારી પાસે એટલે આત્મા પાસે આવેલી છો. આત્મા પાસે જવામાં કોઈને વાંધો ન હોય. તેમાં વાંધો થતો હોય તો પોતાનો સ્પર્શ કરવામાં અથવા પોતાનાં કાર્ય માટે જવામાં પણ વાંધો આવે તેથી તમને કોઈ દોષ નહીં દે. મારી પાસે આવવામાં લોકનો અને વેદનો વિરોધ નથી. મારી સાથે આત્માથી અથવા મનથી સંગ કરવો યોગ્ય છે, પરન્તુ અંગથી સંગ કરવો યોગ્ય નથી, કારણ કે તે લોકથી વિરુદ્ધ છે. વળી તેનાથી ભક્તિ પણ થશે નહીં. તે મનુષ્યોને પણ તેનું જ્ઞાન થવાથી મારામાં સ્નેહ થશે નહીં. તેવો સંગ સાયુજ્યમાં વિઘ્ન કરનારો છે. તેથી મારામાં ચિત્ત રાખવાથી તમે થોડા સમયમાં મને પ્રાપ્ત કરશો. સીધા માર્ગે જે ફલ પ્રાપ્ત થતું હોય તે પ્રાપ્ત કરવા વાંકો માર્ગ લેવા યોગ્ય નથી.''

ભગવાને એ પ્રમાણે કહ્યું ત્યારે તેમના વાક્યનું ઉલ્લંઘન થઈ ન શકે તેવું હોવાથી દ્વિજપત્નીઓ ફરી યજ્ઞના સ્થળે ગઈ અને તેમના પતિઓએ તેમને દોષ ન દેતાં તેમની સાથે યજ્ઞ પૂર્ણ કર્યો. મુખ્ય યજમાન પત્ની ભગવાન પાસે ગઈ ન હતી, કારણ કે તેના પતિએ તેને પકડી રાખી હતી. તેણે ભગવાનના ગુણો શ્રવણ કરેલા. ભગવાનનું તેણે હૃદયથી આલિંગન કર્યું અને જે દેહને લીધે કર્મનું બંધન થતું હતું તેનો ત્યાગ કર્યો. આત્માના અધિકાર માટે દેહ ધારણ કરવામાં આવે છે. આત્માની ઉત્તમ ગતિ થાય તેવો અધિકાર થાય

તે દેહ ધારણ કરવાનું પ્રયોજન છે. તેવી ગતિ એટલે ભગવાનનું આલિંગન તો બીજા પ્રકારે થઈ ગયું. જેમ ભગવાનની શક્તિઓ ભગવાન સિવાય બીજે જતી નથી, તેમ ભગવાનને આલિંગન કરેલી સ્ત્રી પણ બીજે જતી નથી. તેથી ઊલટું જ્યારે આત્માને કર્મનો સમ્બન્ધ થાય છે ત્યારે તેનું બંધન થાય છે. તેથી કર્મના સ્થાન યજ્ઞમાં તે ગઈ નહીં. ત્યાં જવા કરતાં દેહનો ત્યાગ જ તેણે શ્રેષ્ઠ માન્યો. તેની મુક્તિ થઈ, એટલે તેણે ભગવાનની અંદર પ્રવેશ કર્યો. પછી ભગવાને તેને અને તે ગોપબાલકોને બ્રહ્માણની સ્ત્રીઓ જે અન્ન લાવેલી તેનાથી ભોજન કરાવ્યું. ભગવાન સર્વ કરવા સમર્થ છે. આજ્ઞાથી જ ભૂખ મટાડી શકે છતાં ધર્મ, ભક્તિ અને પોતાના વચન નું રક્ષણ કરવા તે જ ચાર પ્રકારના અન્નથી ગોપબાલકો અને બલભદ્ર ને ભોજન કરાવ્યું. પોતાની અંદર આવેલી યજમાન પત્નીને ભોજન કરાવવા ભગવાને પણ તે અન્ન લીધું. જેમણે લીલા કરવા જ મનુષ્યનો દેહ ધારણ કરેલો તેવા ભગવાન શ્રીકૃષ્ણે બધા નૃલોકને પોતાના ગુણોથી યોજતાં એટલે બધાને ભગવચ્છાસ્ત્રને અનુસરનારાં કરતાં ગાયો, ગોપો અને ગોપીઓ નેં તાનાં સ્વરૂપ, વાણી અને કૃત્ય થી રમણ કરાવતાં રમણ કર્યું.

**ભક્તિઃ**

એવી રીતે બ્રાહ્મણોના મર્યાદામાર્ગના જ્ઞાન-કર્મ અને તેમની પત્નીઓનાં પુષ્ટિમાર્ગીય જ્ઞાન-કર્મ થયાં, તેનાથી ભક્તિની પ્રાપ્તિ થઈ. ભગવાનની એક કૃતિ અનેક કાર્ય સિદ્ધ કરે છે. ભગવાને ગોપોને અન્ન માગવા મોકલી બ્રાહ્મણોને પોતાનું સ્મરણ કરાવ્યું તેથી ગોપબાલકોને બોધ થયો, યજમાનપત્નીની મુક્તિ થઈ, બ્રાહ્મણોને ભગવાનનું સ્મરણ થયું અને મર્યાદાનું સ્થાપન થયું. ગોપબાલકોના વચનનું સ્મરણ કરી, તે વચન દ્વારા તેનાં મૂલરૂપ ભગવાનના વચનનું સ્મરણ કર્યું અને પછી બ્રાહ્મણો કર્મજડપણાને તજી, ભક્તિને અનુસર્યા. કારણ કે બ્રાહ્મણોને પાછળથી જ અક્કલ આવે છે. પત્નીઓને અન્ન આપવા જતાં રોકી, અઘટિત વચનો કહ્યાં, ભક્ત યજમાનપત્નીનું મૃત્યુ કરાવ્યું –એવા અપરાધો કર્યા પછી તેઓ પશ્ચાત્તાપ કરવા લાગ્યા. ગોપબાલકો મારફત ભગવાને અન્ન મંગાવ્યું તે તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, એ સર્વથી મોટો અપરાધ કરેલો. સ્ત્રીઓની ભગવાન પ્રતિ ભક્તિ જોઈ પોતાનો તેમને તિરસ્કાર થયો. પુષ્ટિભક્તિની આવી જ સ્થિતિ છે. છ ગુણોના વૈભવવાળા હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણ સદાનંદ જ થયા. ગુણોને ઢાંકી દઈ, ગુણી જ થઈ રહ્યા. તે ફલરૂપ હોવાથી સ્ત્રીઓની તેમનામાં ભક્તિ હોય છે. પુરુષો તો ગુણોમાં આસક્તિવાળા હોવાથી તેમનામાં તે ભક્તિ હોતી નથી. બ્રાહ્મણોએ પોતાની સ્ત્રીઓની ભગવાનમાં દોષરહિત અલૌકિક ભક્તિ જોઈ. જેને ભેદનું જ્ઞાન હોય, પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણતો હોય અને ભક્તિનું અસ્તિત્વ અને અભાવ જાણતો હોય તે ભક્ત. અહીં બ્રાહ્મણો જે પોતાની નિંદા કરે છે તેથી જણાય છે કે તેઓને આવું જ્ઞાન છે. તેથી તેઓ ભક્ત જ થાય છે એટલે આ નિંદા-સ્તુતિ જ થાય છે. તેઓને પોતાના અપરાધ માટે પશ્ચાત્તાપ પણ થયો અને તેઓએ અપરાધની શિક્ષા તરીકે પોતાની નિંદા કરી કે ''શુકલ

સાવિત્ર અને યાજ્ઞિક એવો ત્રેવડો અમારો જન્મ બળો. ત્રણ વેદવાળી અમારી વિદ્યા બળો. યજ્ઞમાં હોઈએ ત્યારે અન્ન ન દેવું એ અમારું વ્રત બળો. જે ધર્મનાં ઘણાં સૂક્ષ્મ જ્ઞાનવાળા હોય છે તેઓ લોકથી વિરુદ્ધ કાર્ય કરે છે તેવું અમે કર્યું. તેથી અમારું ઘણાં જ્ઞાનવાળા હોવાપણું પણ બળો. કુલને કલંક લાગશે એવા ભયથી અમે સ્ત્રીઓને ભગવાન પાસે જતા રોકી. તેથી કુલવાનપણું પણ બળો. જેમ કામ ન કરી શકે તેવા આંધળા અને પાંગળાં ને જ બીજાનો આશ્રય લેવો પડે છે તેમ અશક્ત હોય તે જ ભક્તિ કરે. અમે તો બીજા પ્રકારે યજ્ઞ વગેરે કરી પુરુષાર્થ પ્રાપ્ત કરશું એવી ભગવાનની અવગણના કરાવનારું અમારું કર્મનું ચાતુર્ય પણ બળો. કારણ કે આ બધાને લીધે અમે ભગવાનથી વિમુખ થયા. યજ્ઞ પણ ભગવાનનું સ્વરૂપ છે એ ખરું, પણ ઈન્દ્રિયોથી થતાં જ્ઞાનથી ભગવાન પ્રાપ્ત થતા નથી. જ્ઞાનથી માત્ર આત્માનો સાક્ષાત્કાર થાય છે, કર્મથી ક્રિયારૂપનો અને જ્ઞાનવાળાને અલૌકિક રૂપનો સાક્ષાત્કાર થાય છે, પણ ભક્તિમાર્ગમાં તો સાક્ષાત્કાર પણ ફલ નથી. તે પણ ગૌણ છે. શેરડી ખાનાર કરતાં માત્ર તેનો રસ ખાનારા વધારે રસિક છે. તેથી હમણાં ભગવાને આવો (રસરૂપ) ભક્તિમાર્ગ પ્રકટ કરેલો હોવાથી, યજ્ઞરૂપ વગેરે તેમનાં બીજારૂપો ભજન કરવા યોગ્ય રહેલ નથી. આપણે લોકના ગુરુ છીએ. ગુરુઓ શિષ્યમાં રહેલું પ્રાકૃત જ્ઞાન માયાથી ઢાંકી દઈ નવું જ્ઞાન આપે છે તેથી તેઓ માયાવી છે. આપણા સમ્બન્ધમાં તો ભગવાનની માયાએ તેથી વિપરીત કાર્ય કર્યું. આપણે આપણી માયાથી આપણી જ બુદ્ધિ ઢાંકી દીધી અને પ્રાકૃત બુદ્ધિ ગ્રહણ કરી. તેથી ખરેખર ભગવાનની માયા માયાવીઓને પણ મોહ કરનારી છે. ભગવાનની માયાનું એ જ કાર્ય છે કે પ્રાકૃત બુદ્ધિ હોય તેનું તે પ્રાકૃતપણું ઢંકાવી દઈ, અલૌકિકપણું કરાવે. જો તેમ ન હોય તો ભગવાન અથવા ભગવાન નું શાસ્ત્ર શી રીતે ગ્રહણ થાય? ભક્તિ કેવી રીતે થઈ શકે? કારણ કે પ્રાકૃત જ્ઞાન તેમાં વિઘ્ન કરે. ભક્તિ કોમલ હોવાથી કુદરતી પ્રાકૃત જ્ઞાનનો નાશ કરતી નથી. તેથી ગુરુની માયા પ્રાકૃત જ્ઞાનને ઢાંકી દે અને અલૌકિક જ્ઞાન પ્રાપ્ત કરાવે. તે જ્ઞાન પણ દૃઢ થાય પછી ભગવાનની માયા તેને ઢાંકી દે છે. ત્યાર પછી પ્રાકૃત જ્ઞાન થાય તો તે મૂલ વિનાનું હોવાથી, ભગવાનનું શાસ્ત્ર અથવા ભક્તિ તેનો નાશ કરી ભગવદીય જ્ઞાન કરાવે છે. તેથી ભગવાનની માયા માયાવીઓને પણ મોહ કરનારી છે. જગતના ગુરુ શ્રીકૃષ્ણમાં પ્રેમ થવો પુરુષને દુર્લભ છે, તે આ સ્ત્રીઓમાં આટલો બધો છે એ ઘણું આશ્ચર્ય છે. સ્ત્રીઓને કામીઓમાં પ્રેમ હોય, પરંતુ 'ઘર' નામના મૃત્યુના બંધનને છેદી નાખે તેવી ભગવાનમાં ભક્તિ હોવી આશ્ચર્યકારક છે. સ્ત્રીઓને દ્વિજાતીના સંસ્કાર ગુરુના ઘેર વાસ, શ્રૌત તથા સ્માર્ત કર્મ, ઈન્દ્રિયોનો સંયમ અથવા દુઃખ સહન કરવારૂપ તપ, આત્માનો વિચાર, પવિત્રતા તથા અગ્નિહોત્ર વગેરે શુભ ક્રિયાઓ હોતાં નથી. આવાં સાધન ન હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણમાં તેલની ધારા જેવી અટકે નહીં તેવી નિરંતર ભક્તિ તેમનામાં છે અને અમારામાં સંસ્કાર વગેરે હોવા છતાં અમારામાં તેવી ભક્તિ નથી. અમને બહુ જન્મોના સંસ્કારો થયા નથી એવું પણ નથી, કારણ કે અમે પણ ભગવદીય જ હતા, પણ સ્વાર્થને લીધે ભગવત્સેવામાં ગફલત કરી, ઘરની સ્પૃહાથી ભાન

ભૂલ્યા. અમારામાં દૈત્યનો આવેશ થયો, દૈત્યના રાજાના દેશમાં રહ્યા, તેનું અન્ન ખાધું તેથી અમારું સ્વરૂપ ભૂલ્યા. ભગવાન તો અમને પોતાના જ જાણે છે, તેથી ગોપનાં વચનના બાનાથી અમને અમારું ખરું સ્વરૂપ જણાવ્યું. નહીં તો તે બીજાનું અન્ન શા માટે માગે? જો ભગવાન દરકાર ન કરે તો સત્પુરુષોનો નાશ જ થાય. ભગવાનને તો દુઃખ દૂર કરવાની કે તેના સાધનની, સુખની કે તેના સાધનની કોઈની જરૂર જ નથી. કારણ કે તેઓ તો પૂર્ણકામ છે. લૌકિક કામ ઉત્પન્ન થાય તે વિષયોથી પૂરાતો નથી. ભગવાનના સમ્બન્ધમાં તો કામ પૂર્ણ થઈને જ પ્રકટ થાય છે. તેથી ભગવાનને અન્નની ઈચ્છા થઈ ત્યારે અન્ન સાથે જ તે ઉત્પન્ન થયેલી. અન્ન તો હતું જ. તેથી માગવું યોગ્ય ન હતું, પરંતુ આપણને જતાવવા જ તે અન્ન હતું તેને દૂર કરી માગણી કરી. મોક્ષ વગેરેના પણ ભગવાન પતિ છે. શરીર વગેરે ન રહેતાં માત્ર આત્મામાં સ્થિતિ તે મોક્ષ. એ પ્રથમ ફલ છે. તે ન થાય ત્યાં સુધી દુઃખ હોય. મોક્ષ થયા પછી સ્વરૂપથી ભગવાનનું ભજન, પછી આનન્દનો આવિર્ભાવ, પછી ભગવાનમાં પ્રવેશ અથવા તેમનામાં ભક્તિ, પછી ભગવાનની આજ્ઞારૂપ ભગવદીય ધર્મો, પછી ભગવદીય અર્થ, કામ વગેરે આ સર્વના ભગવાન પતિ છે. આમ હોવાથી ગોપોને ભૂખ જ ન લાગે. લોકોને પણ જે મોક્ષ વગેરે આપે છે તે ગોપોને ભૂખ કેમ લાગવા દે? તેથી આપણને જતાવવા જ માગેલ. વળી આપણે દાસ છીએ. દાસનું અન્ન કોઈ ખાય નહીં, તેને તો આપે. કોઈ દાસ મહારાજાની એક દિવસની પણ વ્યવસ્થા કરી શકે નહીં. જેમ નટ રસ ઉત્પન્ન કરવા યોગીની સ્થિતિ દર્શાવે છે તેમ ભગવાને આપણને જતાવવા જ માગણી કરેલી. બીજાને તજી, પોતાની ચંચલતાનો સર્વ પ્રકારે ત્યાગ કરી, માત્ર ચરણના સ્પર્શની આશાથી લક્ષ્મી જ જેમનો આશ્રય કરે છે તે અન્ન માગે એ તો પોતાના શરીરમાં જ ત્રણ લોક દર્શાવનાર વામને જેમ લોકને વ્યામોહ કરવા ભૂમિ માગેલી તેવી જ માગણી હોય. કારણ કે જો લક્ષ્મીને જ આજ્ઞા કરે તો પોતાને કૃતાર્થ માની તે આજ્ઞા ઉઠાવે જ. દેશ, કાલ, દ્રવ્ય, મન્ત્ર, તન્ત્ર, ઋત્વિજ, અગ્નિ, દેવતા, યજમાન, યજ્ઞ, ધર્મ વગેરે સર્વ ભગવદ્રૂપ જ છે. તેવા ભગવાનને ન આપવું એવી આપણી બુદ્ધિ મોહ થયા વિના કેમ થાય? તેમણે માગ્યું તે પણ મોહ કરાવવા જ. તે યોગેશ્વરોના ઈશ્વર ભગવાન વિષ્ણુ હમણાં યાદવોમાં અવતરેલા છે એમ આપણે સાંભળેલ હોવા છતાં આપણા પહેલાના સંસ્કારનો લોપ થવાથી અને આપણા ઘણાં મૂઢપણાને લીધે આપણે તેમને ઓળખ્યા નહીં.

એ પ્રમાણે બ્રાહ્મણોએ પોતાનો અપરાધ જાણ્યો અને દીનતા દર્શાવી ત્યારે ભગવાન ત્યાં પ્રકટ થયા એટલે તેઓએ કહ્યું કે ''જેમનું પુષ્ટિમાર્ગીય જ્ઞાન કોઈ સમયે રોકાતું નથી તેવા આપ ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર છે.'' આ પ્રમાણે નમસ્કાર કરવાથી તેમનો અપરાધ દૂર થયો. ભગવાન પોતાના સેવક વિના બીજું કાંઈ જાણતા નથી. પહેલાં આ ભક્તો હોવાથી ભગવાન તેમને 'પોતાના' જાણતા. પછી આ બહિર્મુખ થયા છતાં પણ ભગવાનનું પોતાના ભક્ત સમ્બન્ધી ''આ મારા છે'' એવું જ્ઞાન કોઈ સમયે રોકાતું નહીં

હોવાથી, તે જ્ઞાનનાં કાર્યરૂપ આમને જતાવવાની માગણી ભગવાને કરેલી. વળી આમાં કાંઈ એમનો પણ અપરાધ ન હતો, કારણ કે ભગવાનની માયાથી જ બુદ્ધિનો મોહ થવાથી આ બધા કર્મમાર્ગમાં ભમ્યા કરતા હતા. જો એમ બુદ્ધિનો મોહ થયો ન હોત તો તેમની મતિ ભક્તિ કરવાની, જ્ઞાન પ્રાપ્ત કરવાની, અથવા શુદ્ધ વૈદિક કર્મ કરવાની થાત. પોતાની ક્રિયા દુર્બલ હોવાથી, તેથી અપરાધની ક્ષમા કરાવી શકાય તેમ નહીં હોવાથી તેમણે વાણીથી અપરાધની ક્ષમા કરવવા કહ્યું કે ''જેમનો અપરાધ આપણે કરેલ તે જ આ ભગવાન આપણી પાસે પ્રગટ થયા છે તેથી તે આપણા અપરાધની ક્ષમા કરશે. વળી આ સર્વના મૂળ પિતા છે, તેથી પુત્રોના અપરાધ ક્ષમા કરશે. વળી આ અંતર્યામી પુરુષ હોવાથી તેમની પ્રેરણાથી જ અપરાધ થયેલ તેથી અને તેમણે જ પોતાની માયાથી આપણાં ચિત્તને મોહ કરેલ હોવાથી અને આપણે તેમનો પ્રભાવ જાણેલ નહીં હોવાથી આપણો અપરાધ ક્ષમા કરશે.'' આ પ્રમાણે કહીને તેઓ બેસી રહ્યા પણ લોકના રીવાજ પ્રમાણે ભગવાન પાસે વ્રજમાં જઈ અપરાધની ક્ષમા કરાવી નહીં. શ્રીકૃષ્ણ વ્રજમાં બિરાજતા હતા, તેમનો તેમણે અપરાધ કરેલો. તેમનાં દર્શન કરવાની પણ તેમની ઇચ્છા હતી, છતાં પણ વ્રજ ગયા નહીં. કારણ કે તેમને ભય લાગ્યો કે તેઓ વ્રજ જાય તો કંસ ''શ્રીકૃષ્ણ ભગવાન છે'' એમ જાણી કદાચ તેમનો દ્રોહ કરે તો તેઓથી વ્રજનો મહાન અપરાધ થાય. તેથી વ્રજ ગયા નહીં.

**ઇન્દ્રયાગ ભંગઃ**

બ્રાહ્મણોની શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઇચ્છા હોવા છતાં તેઓ વ્રજ ગયા નહીં તે કારણે કોઈ એમ માને કે વ્રજમાં વૈદિક યજ્ઞો થતા નહીં હોય તેથી શ્રીકૃષ્ણે, પોતે ભગવાન હોઈ પોતાને કોઈની કાંઈ જરૂર ન હોવા છતાં, લૌકિક-સકામ ઇન્દ્રના યજ્ઞનો ભંગ કરાવી ગોપો પાસે વૈદિક યજ્ઞ કરાવ્યો.

વૃદ્ધ ગોપો ઇન્દ્રનો યજ્ઞ કરવાની તૈયારી કરી રહ્યા હતા. આ ઘણું આશ્ચર્યકારક હતું, કારણ કે શ્રવણ વગેરે પરંપરાથી પ્રાપ્ત ભગવદ્‌ધર્મને શાસ્ત્રમાં આચરવાની આજ્ઞા હોવાથી પણ જ્યાં આચરવામાં આવતો હોય ત્યાં પણ ભગવાન સિવાય બીજાનો સમ્બન્ધ હોવાનું સંભવતું નથી. જ્યારે અહીં તો કુદરતી ઐશ્વર્ય વગેરે સર્વ ધર્મોવાળા સાક્ષાત્ ધર્મી વાસ કરતા હતા. પોતાનાં કિરણોથી નાશ પામે તેવા અંધકારના સમુહને જેમ સૂર્ય જુએ તેમ ભગવાને પોતે બીજા ધર્મ (ઇન્દ્રના યજ્ઞ)ને જોયો. આટલા સમય સુધી ભગવાને માત્ર ત્યાં વાસ કરેલ, પરંતુ બીજામાં સમ્બન્ધવાળા ધર્મોને અટકાવેલ નહીં. કારણ કે ભગવાન ધીરે-ધીરે નિરોધ કરવા ઇચ્છતા હતા. સંપૂર્ણ નિરોધ એક જ સમયે કરે તો લીલાનો રસ પ્રાપ્ત ન થાય. તેથી અત્યાર સુધી ભગવાને બીજાના સમ્બન્ધવાળા ધર્મો અટકાવેલ નહીં. ભગવાને હવે ગોપોમાં પોતાની જ્ઞાનશક્તિ મૂકી. કારણ કે તેમ ન કરે તો ઇન્દ્રનો યજ્ઞ તેઓ પરંપરાથી કરતા હોવાથી અને તે ન કરવામાં આવે તો દુઃખ થાય એવી લોકરીત પ્રમાણે તેમની બુદ્ધિ હોવાથી, આવું કર્મ તેઓ માત્ર બાળકના કહેવાથી પડતું ન મૂકે અને ભગવાન કહે તે પ્રમાણે ન કરે. તેથી આવી પોતાની જ્ઞાનશક્તિ ગુપ્ત પ્રકારે બીજની જેમે ભગવાને

તેમનામાં મૂકી અને પછી તેને જાગ્રત કરનારાં વચનો ભગવાન તેમને કહેશે. આના પરિણામે તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે ઈન્દ્રયાગ પડતો મૂકી ગોવર્ધનયાગ કરશે.

ભગવાન તો જાણતા હતા કે આ ઈન્દ્રનો યજ્ઞ કરે છે. આવો યજ્ઞ તેમણે કરવો જોઈએ નહીં એમ વિચારી તે ન કરવાની સૂચના થઈ શકે તે માટે ભગવાને આ શું થાય છે તે પોતે ન જાણતા હોય તેવો ડોળ કરી, વિનયપૂર્વક તેમને પૂછ્યું કે ''હે પિતા! આ શું સંભ્રમ થાય છે? ક્યા ઉત્સવની તૈયારી છે? જો કાંઈ અલૌકિક હોય તો તેનું શું ફલ છે? ફલ જાણ્યા વિના મૂર્ખ પણ કાર્ય કરતો નથી. કોના માટે આ કાર્ય થાય છે? ક્યા દ્રવ્યોથી કરશો? કર્મના દેવતા, દ્રવ્ય અને ફલ મને કહો. તૈયારીઓ ઉપરથી મોટો યજ્ઞ જણાય છે. મને પણ આના સમ્બન્ધી ઘણી જિજ્ઞાસા છે તેથી સાંભળવા ઈચ્છું છું તેથી મને કહો. ભારે તૈયારી થતી જણાય છે તેથી આ છૂપું રાખવાનું કર્મ નહીં જ હોય. વળી સારા પુરુષોને છૂપું રાખવાનું હોય પણ શું? તેઓ સર્વના હિતમાં આનન્દ માનનારા હોવાથી આ લોકમાં તેમને છૂપું રાખવા યોગ્ય કાંઈ હોતું નથી. 'આ મારો, આ પારકો' એવી બુદ્ધિ તેમને રહેતી નથી. 'આ પારકો' એવી જેને બુદ્ધિ હોય તેને છૂપું રાખવા યોગ્ય હોય. વળી તેમને મિત્ર, દ્વેષી અથવા ઉદાસીન કોઈ હોતા નથી, તેથી તેમને સર્વમાં સમાનતાની બુદ્ધિ હોય છે. તમે તો આ શું કર્મ છે તે જાણીને જ કરતા હશો, કારણ કે જાણીને વૈદિક કર્મ કરે તે સારાં ફલ આપે છે, જાણ્યા વિના કરવામાં આવે તો તે સારું ફલ આપતાં નથી. તેથી મને કહો કે આ તમે કરો છો તે કર્મ વૈદિક છે, સ્માર્ત છે કે લૌકિક છે? મને યુક્તિ સાથે તથા પ્રમાણ સાથે એ કહો.''

ભગવાને એ પ્રમાણે પ્રશ્ન કરતાં નંદજીએ ઉત્તર આપ્યો કે ''વૃષ્ટિ કરનાર પર્જન્ય દેવ ભગવાન છે અને મેઘો તેના દેહના અવયવો છે. તે મેઘો પ્રાણીમાત્રની પુષ્ટિ અને જીવન કરનાર જલ વરસાવે છે. જલથી અન્ન થાય છે. જલ અને અન્ન થી જ સર્વ પ્રાણીઓ જીવે છે. તેથી પર્જન્ય આખા જગતનું રક્ષણ કરનાર દેવ છે. તેથી આપણે વૈશ્યો અને બીજા, ક્ષત્રિયો અને બ્રાહ્મણો મેઘોના પતિ ઈન્દ્રનું તેણે આપેલ જલથી પ્રાપ્ત થયેલ ચોખા વગેરેથી થતા યજ્ઞોથી પૂજન કરીએ છીએ અને તે યજ્ઞ કરતાં જે વધે તેનાથી ધર્મ, અર્થ અને કામ પ્રાપ્ત કરવા નભીએ છીએ. તેના દાસ્યથી જીવીએ છીએ, ખેતી વગેરે પુરુષના પ્રયત્નોનું ફલ તે આપે છે. વૃષ્ટિ ન થાય તો તે બધા વ્યર્થ થાય. તેથી તેના ઉપર સર્વનો આધાર છે. પરંપરાથી આ ધર્મ ચાલ્યો આવે છે. જેમ ગામના દેવતાની પૂજા કરવામાં ન આવે તો તે ગામને તરત જ બાળી દે, તેમ આ પરંપરાથી પ્રાપ્ત થયેલ ધર્મ જો કામ, લોભ, ભય અથવા દ્વેષ ને લીધે તજે તો તેનું સારું ફલ ન જ આવે. તેથી આ કર્મ વૈદિક, સ્માર્ત અથવા લૌકિક ન હોવા છતાં હેતુવાદથી એટલે તે કરવાનું પ્રયોજન હોવાથી કરવું જોઈએ.''

સર્વધર્મોનું રક્ષણ કરનાર, પાખંડ ધર્મનો નાશ કરનાર ભગવાને નંદનાં આ વચન અને તેમાં સંમતિ દર્શાવનારા પુરોહિત વગેરેનાં વચન સાંભળી ''વ્રજવાસીઓ બધા મૂર્ખ છે, તેઓ જેનો આદર કરે છે તે ધર્મ નથી, આધિભૌતિક ઈન્દ્ર મફતનો બલિ લે છે'' એમ

વિચારી હેતુવાદનો નિરાસ કરવા વિચાર કર્યો. જેના હૃદયમાં હેતુવાદ દઢ હોય તેને સાક્ષાત્ બ્રહ્મવાદનો ઉપદેશ કરવો યોગ્ય નથી. તેથી તેઓ હેતુવાદમાંની શ્રદ્ધાનો ત્યાગ કરે તે માટે તેમને કાલવાદ, કર્મવાદ તથા સ્વભાવવાદ કહેવા જોઈએ. તે પૈકી કાલવાદ ઘણો ગૂઢ હોઈ તરત સમજી શકાય તેવો નથી, કારણ કે જ્યોતિષ જાણનારાઓ જ તેમાં કુશલ હોય છે. કર્મવાદ તર્કથી સમજાય તેવો છે અને ઉત્પત્તિના સમ્બન્ધમાં સ્વભાવવાદ સમજાય તેવો છે તેથી તે વાદ પ્રમાણે ભગવાન ગોપોના હેતુવાદનો નિરાસ કરે છે.

પ્રથમ કર્મવાદ પ્રમાણે ભગવાને ઈન્દ્રને ક્રોધ ઉત્પન્ન કરતાં પિતાને કહ્યું કે ''જેનું સારું અથવા ખરાબ જેવું કર્મ તે પ્રમાણે પ્રાણી દેવ, હલકું પ્રાણી અથવા મનુષ્ય રૂપે જન્મે છે અને સારા અથવા ખરાબ કર્મનો ભોગ સમાપ્ત થતાં વિપરીત કર્મથી મૃત્યુ પામે છે. જીવતો હોય ત્યાં સુધી સુખ, દુઃખ, ભય અથવા કલ્યાણ પ્રાપ્ત કરે છે. તે પણ કર્મથી જ પ્રાપ્ત કરે છે. કર્મ જડ છે અને પ્રાણી ચેતન હોવાથી તેને ફલ આપનાર કોઈક ચેતન હોવો જોઈએ એમ ન માનવું, કારણ કે ફલ આપનાર ઈશ્વર માનવાનું કાંઈ પ્રયોજન નથી. કર્મનો સિદ્ધાન્ત નહીં જાણનાર મૂર્ખ ઈશ્વરને માને છે. વેદ તો એમ જણાવે છે કે કર્મ સાધન છે અને કર્મ કરે તેને તેનું ફળ મળે છે. જેમ ભોજન કરવાથી તૃપ્તિ થાય છે, બીજ વાવવાથી ફલ થાય છે, શયન કરવાથી નિદ્રા આવે છે તેમ અલૌકિકમાં પણ કર્મ કરવાથી તેનું ફલ મળે છે. કર્મ અનિત્ય છે છતાં કર્મ કરીએ તે જ સમયે, જેમ બીજથી ગર્ભાધાન થાય તેમ, તે સૂક્ષ્મ ફલ ઉત્પન્ન કરે છે, અથવા અદષ્ટ ઉત્પન્ન કરે છે અને પછી અદષ્ટ ફલ આપે છે. ઈશ્વર છે એમ માનીએ તો પણ તે રસોઈયાની જેમે જીવને પરતન્ત્ર અને નમાલો જ હોવો જોઈએ. કારણ કે જેવું જીવનું કર્મ તેવું ફલ તૈયાર કરી તે તેને આપે, એટલે જે જીવ જેવું કર્મ કરે તેવું ફલ તેને આપે, બીજાને ન આપે; (એટલે કર્મ કરનાર જીવને કેવું ફલ આપવું તે વિષયમાં તેને તે જીવ ઉપર જ આધાર રાખવો પડે. તેનું કર્મ જોઈને તે પ્રમાણે જ ફલ અપાય.) જો ફલ આપવામાં સ્વતન્ત્ર હોય તો સત્કર્મ વિના સારું ફલ આપે તો પક્ષપાતી ગણાય અને દુષ્ટ કર્મ વિના પીડા કરે તો ઘાતકી ગણાય. તેથી કર્મનું ફલ પ્રાપ્ત કરવામાં પ્રાણીઓનો પોતપોતાનાં કર્મ ઉપર જ આધાર છે. કર્મનાં ફલમાં ફેરફાર કરવાની શક્તિ વિનાના ઈશ્વરનું શું પ્રયોજન? તેથી ઈન્દ્રની આપણને કાંઈ પરવા નથી.

ઈશ્વર અથવા ઈન્દ્ર સારાં અથવા ખરાબ કર્મ કરાવે છે એમ પણ માનવું યોગ્ય નથી કારણ કે સ્વભાવ જ કર્મ કરાવે છે. માણસ માત્ર પોતાના સ્વભાવ પ્રમાણે જ કર્મ કરે છે. સ્વભાવને દેશની અથવા કાલની હદ પણ નથી. સર્વ સ્થળે સદા સ્વભાવ છે જ. તેથી તેને જાગ્રત કરવા પણ ઈશ્વરની જરૂર નથી. આરંભમાં સ્વભાવ જીવને વશ કરે છે, એટલે જીવ સ્વભાવને વશ થતાં બંધનમાં પડેલો હોય તેમ સ્વભાવને જ અનુસરે છે. જગત્ બધુંએ સ્વભાવમાં રહેલું છે. દેવો સાત્ત્વિક છે, અસુરો રાજસ છે, મનુષ્યો તામસ છે. ત્રણે પ્રકારના જીવો સાથે સર્વ જગત્ સ્વભાવમાં જ રહેલું છે. જીવોની ઉંચી અથવા નીચી ગતિ કર્મથી જ થાય છે. કર્મને લીધે ઊંચા અથવા હલકા દેહ પ્રાપ્ત કરી, જીવ તેનો ત્યાગ કરે છે.

એક-બીજા શત્રુ, મિત્ર અથવા ઉદાસીન થાય છે તે પણ કર્મથી જ થાય છે. ગુરુ પણ કર્મ છે, કારણ કે ગુરુનો ઉપદેશ ફળે તેવું અદષ્ટ ન હોય તો ગુરુ ઉપદેશ કરતા નથી. કરે તો પણ ફળતો નથી. ઈશ્વર પણ કર્મનાં જ ફળ આપનાર હોવાથી કર્મ જ છે. તેથી કર્મનો જ આદર કરવો. બ્રાહ્મણ વગેરેએ જેનો જેવો સ્વભાવ તે પ્રમાણે પોતાના વર્ણ તથા આશ્રમ પ્રમાણે શાસ્ત્રમાં કહેલું કર્મ કરવું. તે ન કરે તે પતિત થાય. સારું અથવા ખરાબ પોતાનું વર્ણાશ્રમ પ્રમાણે જે કર્મ કરવાથી વિના પ્રયાસ જીવન નભે તે કર્મ કરવું. તે જ તેના દેવ. વ્યભિચારિણી સ્ત્રીને જારથી સંતોષ થતો નથી કારણ કે જાર તેનું ભરણ-પોષણ કરતો નથી, તેમ સદા સંભોગ પણ થતો નથી અને પરલોકનો નાશ થાય છે. તેવી રીતે જે એક દેવ ઉપર આધાર રાખી તેનાથી સંતોષ ન થતાં અધિક ફલ પ્રાપ્ત કરવા બીજા પાસે દોડે છે તેને તે બીજાથી કલ્યાણ થતું નથી, કારણ કે તે બીજો પણ માને છે કે આ મારો પણ ત્યાગ કરશે. તેથી કર્મ કરવાનું જરૂરી હોવાથી તેનો ત્યાગ ન કરવો. વળી સર્વ કર્મ ઉપર આધાર રાખે છે. બ્રાહ્મણે વેદનું અધ્યયન વગેરેથી નભાવ કરવો, ક્ષત્રિયે ભૂમિનું રક્ષણ કરીને, વૈશ્યે વાર્તાથી અને શૂદ્રે દ્વિજોની સેવાથી નભાવ કરવો. આપણે વૈશ્યો હોઈ વાર્તાથી નભાવ કરવો જોઈએ. ૧.ખેતી, ૨.વેપાર, ૩.ગોરક્ષા અને ૪.વ્યાજ એમ વાર્તા ચાર પ્રકારની છે. તેમાં ચોથું વ્યાજનો ધંધો હલકો પાપરૂપ હોઈ નિંદાયેલ હોવાથી, પહેલા ત્રણ ન થઈ શકે તેમ હોય તો જ કરવો. આપણે તો સદા ગોરક્ષા જ કરીએ છીએ. તેથી આપણે ખેતી કરતા નહીં હોવાથી આપણને ઈન્દ્રનું કાંઈ કામ નથી. કદાચ ખેતી કરતા હોઈએ તો પણ તેનું કાંઈ કામ નથી. કારણ કે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો અનુક્રમે સ્થિતિ, ઉત્પત્તિ અને લય કરે છે. રજોગુણ વિશ્વને ઉત્પન્ન કરે છે. જો રજોગુણ મેઘોને પ્રેરે નહીં તો વૃષ્ટિ કેમ થાય? ઈન્દ્ર વગેરે દેવો પણ ગુણોને અધીન છે, સ્વતન્ત્ર નથી. વિવિધ જગત્ રજોગુણથી જ ઉત્પન્ન થાય છે, જેમ બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ થાય છે તેમ. જીવસૃષ્ટિ કર્મથી થાય છે તેમ જડસૃષ્ટિ રજોગુણથી થાય છે. તેથી તે સૃષ્ટિને ઉત્પન્ન કરવામાટે પણ ઈશ્વરની જરૂર નથી. વૃષ્ટિ માટે પણ ઈન્દ્રની જરૂર નથી. મેઘોમાં રજોગુણ છે, તે તેમનામાં ક્ષોભ કરે છે એટલે વૃષ્ટિ થાય છે. મેઘો જો ઈન્દ્રની આજ્ઞાથી વરસતા હોત તો જલમાં અથવા ક્ષારવાળી ભૂમિમાં ન વરસત. તેથી રજોગુણને લીધે વૃષ્ટિ થાય છે અને તેથી પ્રજા નભે છે. કદાચ ઈન્દ્ર વૃષ્ટિ કરાવતો હોય તો પણ આપણને તેની દરકાર નથી. કારણ કે આપણને નગરો નથી તેથી તેનાં રક્ષણની અથવા અધિપતિપણાની પરવા નથી. આપણે દેશ નથી તેથી ખેતી કરવાની નહીં હોવાથી તેની દરકાર નથી. ગામ નથી તેથી ઈન્દ્ર હવિ નહીં ગ્રહણ કરે એવો ભય નથી. ઘરો નથી તેથી દિશાઓ વગેરે જાણવાની જરૂર નથી. આપણે તો વનમાં રહીએ છીએ અને વન કોઈની માલિકીનું નથી. વનમાં વનસ્પતિ હોય છે તે વિષ્ણુરૂપ છે. પર્વતનો અધિપતિ પણ વિષ્ણુ છે. તેથી વૈષ્ણવ યજ્ઞ કરવો યોગ્ય છે. ગાય અને બ્રાહ્મણ એ બે વિષ્ણુના અંગ છે. બ્રાહ્મણ પાસે મન્ત્રો છે. ગાય પાસે દૂધ વગેરે હવિ છે. ગોવર્ધન પર્વત પોતે જ દેવ છે. તેથી ગાય, બ્રાહ્મણ અને ગોવર્ધન નો યજ્ઞ કરો. પર્વત

અને વનમાં રહેનારાઓએ આવો જ યજ્ઞ કરવો યોગ્ય છે. ઈન્દ્રના યજ્ઞ માટે ઘી વગેરે પદાર્થો ભેગા કર્યા છે તેનાથી જ આ યજ્ઞ કરો. ઈન્દ્રને અજ્ઞાનને લીધે આપતા હતા, તે તેને ન આપતાં ગાય, બ્રાહ્મણ અને ગોવર્ધન ને આપો. યજ્ઞ કરવા જાત-જાતના પાક તૈયાર કરો. પહેલાં દૂધપાક કરો, માલપૂઆ, વડાં, જલેબી બનાવો. છેવટે ખીર કરો. દૂધ બધું રાખો. બ્રહ્મ જાણનાર બ્રાહ્મણો પાસે અગ્નિમાં હોમ કરાવો, પછી તેમને ઘણાં પ્રકારનું અન્ન અને દક્ષિણામાં ગાયો આપો. પછી બીજા ક્ષત્રિય-વૈશ્યને તથા કૂતરાં-ચાંડાલને યથાયોગ્ય આપો. ગાયોને ચારવા છોડવી નહીં પણ ઘાસ નીરવું. પછી ગોવર્ધન પાસે બધાં અન્નનો ઢગલો કરી તેને બલિ આપો. પછી આપણે બધા, સ્ત્રીઓ અને બાલકો સાથે શૃંગાર કરી, ભોજન કરી, ચંદન વગેરેનો લેપ કરી, ઉત્તમ વસ્ત્રો પહેરી, ગાયો બ્રાહ્મણો, અગ્નિ અને ગોવર્ધનની તથા વૃંદાવનની પ્રદક્ષિણા કરીએ. હવે તમે ઈન્દ્રનો યજ્ઞ કરો અથવા હું કહું છું તે યજ્ઞ કરો. જો તમને ગમતું હોય અને શ્રદ્ધા હોય તો આ હું કહું છું તે યજ્ઞ કરો. શ્રદ્ધા વિના કરવું નકામું છે. આ યજ્ઞ ગાય, બ્રાહ્મણ, પર્વત અને મને તથા દેવોને પણ પ્રિય છે. તેથી ઈન્દ્રનો યજ્ઞ પડતો મૂકી આ યજ્ઞ કરવો એવો મારો વિચાર છે.''

ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છા ઈન્દ્રના ગર્વનો નાશ કરવાની હતી. ભગવાન તેના ઉપર ઉપકાર કરવા પધાર્યા હતા તેથી તેણે તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ. ગર્વને લીધે તે તેમ કરતો ન હતો. તેને સત્તાને લીધે ગર્વ થયેલો, તે અધિકારી હોવાથી તેની પાસે સત્તા રહેવા દેવી જોઈએ પણ તેના ગર્વનો નાશ કરવો જોઈએ. દુષ્ટનો નાશ કરનાર કાલરૂપ પ્રકટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણે ઈન્દ્રના ગર્વનો નાશ કરવા એ પ્રમાણે કહ્યું ત્યારે તેનો નંદ વગેરે ગોપોએ સ્વીકાર કર્યો અને જેમ તેમણે કહેલ તે પ્રમાણે બધું કર્યું.

આરંભમાં સ્વસ્તિવાચન કરાવ્યું. પછી ગ્રહોની જેમે પૂજા કરવા યોગ્ય પૂજા કરી. આ નિમંત્રણ થયું. પછી બધાંએ બલિ લાવીને ગ્રહોને, દિશાના દેવતાઓને અને તેમના અંગને બલિ આપ્યાં. ગાયોને ઘાસ આપ્યું. પછી ગાયોને આગળ કરીને આદરપૂર્વક ગોવર્ધનની પ્રદક્ષિણા કરી. ગાડાંને બળદો જોડી, અલંકાર ધારણ કરી, ગાડાંને તથા બળદોને શણગારી ગાડામાં બેઠા. ગોપીઓ પણ ગાડામાં બેઠી અને ભગવાનનાં પરાક્રમોનું ગાન કરતાં ગોવર્ધનની પ્રદક્ષિણા કરી. આ ભગવાનનાં પરાક્રમોનાં ગાનને લીધે કાર્યમાં કોઈ પ્રકારની અપૂર્ણતા ન રહી. સત્પુરુષોએ અને બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા. આ યજ્ઞથી બ્રાહ્મણોને અને સ્ત્રીઓને બહુ જ સંતોષ થયો. ભગવાન શ્રીકૃષ્ણે આ ગામડીયા ગોપો વગેરેને વિશ્વાસ રહે તેવું બીજું ઘણું મોટું રૂપ ધારણ કર્યું, કારણ કે તેઓને તો જુએ તેમાં જ વિશ્વાસ આવે. આ પર્વતનું આધિદૈવિક રૂપ ન હતું, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણનું જ રૂપ હતું. તે રૂપથી ''હું પર્વત છું'' એમ કહેતાં ઘણું બલિ પર્વતને ધરેલ તે તેમણે આરોગ્યું એટલે પર્વત પર રહેલ બધાને તૃપ્ત કર્યા. વળી આ વિષયમાં કોઈને સંદેહ ન રહે તે માટે શ્રીકૃષ્ણે તે પોતાના મોટાં રૂપને દેખાડતાં વ્રજજનો સાથે તેને નમસ્કાર કર્યા અને કહ્યું કે ''જુઓ! આ પર્વત છે. તમને સંતોષ થાય તે માટે આ મોટું રૂપ ધારણ કરી આપણા ઉપર તે ઉપકાર કરે

છે. આપણે ધરેલું બલિ આરોગે છે એ ઉપકાર કરે છે. જે આની અવજ્ઞા કરે છે એટલે પર્વત આપણું શું કરવાનો છે એમ માને છે તેમને આ હણે છે, કારણ કે આ ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરે છે. કોઈ વાર શસ્ત્ર ધારણ કરનાર, તો કોઈ વાર વાઘ અથવા સિંહ થાય છે અને હણે છે. કારણ કે વનમાં રહેનારા તેનાથી ભાગીને ક્યાંય જઈ શકે તેમ નથી. તેથી આ હણે નહીં, પણ આપણું અને ગાયોનું કલ્યાણ કરે તે માટે આપણે આને નમન કરીએ.''

ભવિષ્યમાં પણ ગોપો બધા આ યજ્ઞ કરે અને પડતો મૂકતાં બીએ, તે માટે ભગવાને એમ કહ્યું. તે ગોપોએ ગોવર્ધન, ગાય અને બ્રાહ્મણ નો આ યજ્ઞ ભગવાને જે પ્રમાણે વખતોવખત જણાવ્યું તે પ્રમાણે કર્યો અને પછી શ્રીકૃષ્ણ સાથે વ્રજ ગયા.

એ પ્રમાણે ભગવાને ગોપોને ઈન્દ્રનો યજ્ઞ ન કરવા ઉપદેશ કરી ગોવર્ધનનો યજ્ઞ કરાવ્યો. આ જોઈ ઈન્દ્રને ઘણો ક્રોધ થયો. તેણે વ્રજમાં સર્વને દુઃખ દેવાનો અને સર્વનો નાશ કરવાનો નિશ્ચય કર્યો. નાશ કરે એવા મેઘોના સમૂહોને અને સાંવર્તક મેઘને તેણે વિચાર કર્યા વિના મોકલ્યા અને પોતાને ત્રણ લોકનો ઈશ્વર માનનાર તેણે પોતાના મનમાં વિચાર્યું કે ''આશ્ચર્યની વાત છે કે વિવેક વિનાના ગોપોએ પરંપરાથી પ્રાપ્ત યજ્ઞ કરવો તજી મર્યાદાનું ઉલ્લંઘન કર્યું. લક્ષ્મીનો મદ આશ્ચર્યકારક છે કે વનમાં રહેનારા સાધારણ ગોપો, જેમને નથી સત્સંગ કે નથી રહેવાનો સારો પ્રદેશ, તેમને પણ લક્ષ્મીનો મદ થતાં તેમણે મનુષ્ય એવા શ્રીકૃષ્ણનો આશ્રય લીધો. મારો યજ્ઞ કરવાનું પડતું મૂકી મારી અવગણના કરી અને તેના તે જ દ્રવ્યોથી બીજાનો યજ્ઞ કર્યો''.

કર્મ દૃઢ નથી, કારણ કે તેમાં ઘણાં પ્રાયશ્ચિત કરવાનાં હોય છે. નૌકાના જેવા તે દેખાય છે પણ નૌકારૂપ નથી. તેવાં કર્મથી જેઓ ભવસાગર તરવા ઈચ્છે છે તેઓ વચમાં જ ડૂબે છે. કારણ કે પોતે જ જે નૌકાને ખેંચી જતો હોય તેનાથી તે તરી શકતો નથી, પણ તેને ખેંચવાનું કાર્ય પણ કરવું પડતું હોવાથી ઉલટો બમણો ક્લેશ થાય છે. તે કર્મ પણ ચિત્તની શુદ્ધિ માટે કરાતા નથી, પણ જેમાં શ્રવણ અને પછી આત્માનું અનુસંધાન થાય છે તેવી આન્વીક્ષિકી વિદ્યાનો ત્યાગ કરી કર્મ કરે, તેમ ઈશ્વરવાદને તજી આ ગોપો કર્મવાદથી પોતાનો નિર્વાહ કરવા ઈચ્છે છે. તેમણે કરેલ કર્મ વ્યર્થ હોવાથી તેમનો નિર્વાહ તેનાથી થશે નહીં અને સહેલાઈથી નાશ થઈ શકશે.

ભગવાન શ્રીકૃષ્ણમાં તેને દોષ ભાસતાં તેની બુદ્ધિ બગડી, તેથી તેણે મેઘોને કહ્યું કે ''**વાચાલં બાલિશં સ્તબ્ધમ્ અજ્ઞં પણ્ડિતમાનિનમ્, કૃષ્ણં મર્ત્યમ્ ઉપાશ્રિત્ય ગોપા મે ચક્રુરપ્રિયમ્**''.

છ ગુણનું ઐશ્વર્ય જેમનામાં સદા સંપૂર્ણ રહેલું છે તેવા શ્રીકૃષ્ણમાં તેને છ દોષો ભાસ્યા. ૧.બહુબોલા, ઈશ્વર ન હોવા છતાં પોતે ઈશ્વર હોય તેમ બોલનાર. આથી પોતાને માટે બહુ બોલનાર હોવાથી વૈરાગ્ય વિનાના જણાવ્યા. ૨.મૂર્ખ, જેનામાં પરાક્રમ ન હોય અને અશક્ય કાર્ય કરવા ઈચ્છે તેવા. આથી જ્ઞાનવિનાના (અહીં વીર્ય વિનાના હોવું જોઈએ એમ જણાય છે (લેખક)જણાવ્યા. ૩.સ્તબ્ધ, વિનય વિનાના. વિનયવાળાને કીર્તિ પ્રાપ્ત

થાય. તેથી આથી કીર્તિવિનાના જણાવ્યા. ૪.અજ્ઞાની, જ્ઞાનવિનાના. ૫.પોતાને જ પંડિત માનનાર. આથી શ્રીવિનાના કહ્યા. અથવા આથી કીર્તિવિનાના અને ત્રીજા વિશેષણથી શ્રીવિનાના કહ્યા. ૬.મર્ત્ય, મનુષ્ય છે, ઈશ્વર અથવા વિરક્ત નથી. આથી ઐશ્વર્ય વિનાના કહ્યા. આવા છ દોષવાળા શ્રીકૃષ્ણનો આશ્રય કરી ગોપોએ મારા યજ્ઞનો ભંગ કર્યો.

વાસ્તવિક રીતે તેણે કહેલ ઉપરના શ્લોકનો અર્થ એવો છે કે ૧.વાચાલં=વાચા અલમ્. વાણીથી પૂર્ણ થવાય છે જ્યાં. એટલે જ્યાં વાણીની પ્રવૃત્તિ થતી નથી તે પૂર્ણ છે, સર્વ વેદોના કર્તા છે. કારણ કે સંપૂર્ણ પ્રકારે તેમનો આશ્રય થતો નથી, પરંતુ થોડો જ આશ્રય થાય છે. વળી ૨.વાલિને પણ 'શમ્' સુખ થયું જેમનાથી તેવા, તે શત્રુનો પક્ષપાત કરે છે. વાલિ રાવણનો મિત્ર હતો, તેને પણ મોક્ષ આપ્યો. 'બાલમ્' વાલ છે જેને, એટલે પૂછડાંવાળો વાંદરો વાલિ હતો. પહેલાં વિશેષણથી વેદો પણ જેમને જાણતા નથી એવું ઉત્તમપણું કહ્યું. આનાથી વાલિને પણ મોક્ષ આપ્યો એવું કૃપાલુપણું કહ્યું. ૩.''એક આકાશમાં વૃક્ષની જેમે સ્તબ્ધ તે પુરુષથી આ સર્વ પૂર્ણ છે.'' એ શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે 'સ્તબ્ધ' એટલે બ્રહ્મરૂપ. જો ભગવાન નમ્ર હોય તો સત્યલોક વગેરે લોકોનો નાશ જ થાય. તેથી પોતે અનમ્ર(સ્તબ્ધ) રહી, ભગવાન બીજાઓને નમાવે છે. ૪.'અજ્ઞઃ' જેમનાથી બીજો કોઈ જાણકાર નથી. આ શ્રીકૃષ્ણ સદાનંદ હોઈ સર્વજ્ઞ છે. કારણ કે જ્યાં ધર્મી હોય ત્યાં ધર્મો સાથે જ રહે છે. ૫.વળી 'પંડિત માની' એટલે વિદ્યાવાળા પંડિતોનો આદર કરનાર છે. તેથી પૂજન થાય તે માટે તેમણે વિદ્યાનો ઉપદેશ કરેલો છે. તેથી ગોપોએ 'મર્ત્ય' મરણ પામે તેવા શરીરનો આશ્રય કરીને 'મે અપ્રિયમ્' જેમનાથી બીજો કોઈ મને પ્રિય નથી તેવા કર્યા. કારણ કે તેમનાથી પ્રિય બીજો નથી જ. જેમ મારું (તે ભગવાન) નિત્ય પ્રિય કરનારા થાય તેમ ગોપોએ એક પછી એક (કાર્ય) કર્યું, એટલે તેવા ગુણો (મને) પ્રાપ્ત કરાવ્યા. એવો સરસ્વતીએ વિચારેલો અર્થ છે.

ઈન્દ્રે એ પ્રમાણે ભગવાનમાં દોષ જોઈ મેઘોને આજ્ઞા કરી કે ''લક્ષ્મીના ગર્વવાળા શ્રીકૃષ્ણને લીધે ફુલાયેલા આ વ્રજવાસીઓનો લક્ષ્મીનો મદ હરો. જેમ વાયુ મનુષ્યના દેહમાં પ્રવેશ કરી તેને ફુલાવે છે ત્યારે ઉપવાસ કરવાથી ફુલાવો મટે છે તેમ આમની લક્ષ્મી પશુઓ છે તેથી ઘણી વૃષ્ટિ કરી, પથ્થરની વૃષ્ટિ કરી, પશુઓનો નાશ કરો. ગોપો તો ગુફાઓમાં પણ રહે તેથી તેમનો વધ કરવા શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ પણ કરવું પડે. તેથી જલમાં અથવા જમીન ઉપર યુદ્ધ કરવાની શક્તિવાળા મારા ઐરાવત હાથી ઉપર બેસી હું પાછળથી વાયુના ગણો સાથે નંદના નેસડાનો નાશ કરવા આવીશ.''

ઈન્દ્રે એવી આજ્ઞા કરી, સાંકળોથી બાંધેલા મેઘોને છૂટા કર્યા, એટલે તેમણે વાયુ સાથે બળથી વૃષ્ટિ કરી નંદના નેસડાને પીડા કરવા માંડી. વજ્ર જેવી વીજળીઓના ચમકારાથી આંખનું તેજ હરતાં, ગર્જનાઓથી કાનમાં ધાક પાડતાં, તીવ્ર વાયુથી પ્રેરાયેલા તેમણે કરાઓથી દેહને દુઃખ દેતાં, વૃષ્ટિથી પ્રાણને પીડા કરવા માંડી. થાંભલા જેવી જાડી ધારાઓથી પૃથ્વીમાં ખાડા થતાં વારંવાર જલના સમૂહોથી ડૂબેલી ભૂમિ ઊંચી અથવા નીચી

ક્યાં છે તે પણ જણાતું ન હતું. ઘણી વૃષ્ટિથી અને ઘણાં વાયુથી દુઃખી થયેલા પશુઓ, ગોપો અને ગોપીઓ ટાઢથી ધ્રૂજતા ગોવિંદને શરણે ગયા. ભગવાન પોતાની સ્થિતિ જુએ અને તેમને દયા આવે તે માટે પોતાનું માથું તથા પુત્રો ને પોતાની કાયાથી ઢાંકી દઈ, વૃષ્ટિથી પીડાયેલા તેઓ, દેહ નભશે કે નહીં એનો સંદેહ રહેવાથી, ભગવાનનાં ચરણારવિન્દ પાસે આવ્યા અને મનથી ભગવાનના ચરણના મૂલમાં પ્રવેશ કર્યો. આવી વૃષ્ટિમાં તેમણે ભક્તિમાર્ગ પ્રમાણે ભગવાનના રક્ષણ માટે જ પ્રયત્ન કરવો જોઈએ પરંતુ વૃષ્ટિથી પીડા થતાં તેમણે ભક્તિમાર્ગનો ત્યાગ કરી પોતાનું રક્ષણ કરવા ભગવાનને પ્રાર્થના કરી કે ''હે શ્રીકૃષ્ણ! આપ સર્વ અલૌકિક ભાગ્યવાળા છો. તેથી આપ જ જેમના નાથ છો તેવા ગોકુલનું રક્ષણ કરો. ગાયોનું રક્ષણ બધાએ કરવું જોઈએ અને આપ રક્ષણ કરવા શક્તિવાન છો. આ દેવનો કોપ છે, તેથી કાંબળા, વસ્ત્ર, ગુફા અથવા ઘર થી આમાંથી ઉગરાય તેમ નથી. તેથી આપ જ રક્ષણ કરો.''

ભગવાને જોયું કે શિલા જેવા કરા ચાલુ પડ્યા જ કરે છે અને તેથી ગોકુલને પીડા થાય છે અને તેનું ચેતનપણું નષ્ટ થાય છે. તેથી આ કોપેલા ઈન્દ્રનું જ કામ છે. વળી આ મર્યાદાનો સમય છે, તેથી કલિયુગની જેમે ગમે તે સમયે વૃષ્ટિ થવી ન જોઈએ. વૃષ્ટિનો સમય તો ગયો, તેવા સમયે આવી ભયાનક વૃષ્ટિ, આટલો ભારે વાયુ અને આટલા બધા કરાવાળી વૃષ્ટિ થાય છે, તેથી પણ જણાય છે કે ઈન્દ્રના યજ્ઞનો ભંગ થવાથી ગોકુલનો નાશ કરવા ઈન્દ્ર જ વૃષ્ટિ કરે છે. ત્યારે હવે શું કરવું? ઈન્દ્રને મારી નાખવો? મેઘોને રોકવા? વૃષ્ટિ અટકાવવી? આ ગોપોને અલૌકિક શક્તિ આપવી કે બીજા સ્થલે લઈ જવા? ઈન્દ્રને મારીને દૂર કરવાથી ક્લેશવાળું કર્મ થાય, કારણ કે અધિકારનો જ દોષ છે, ઈન્દ્રનો પોતાનો દોષ નથી. વૃષ્ટિ અટકાવું તો ઈન્દ્ર પોતે યુદ્ધ કરવા આવશે, તેને મારવાથી કે ન મારવાથી અધિકારનો દોષ જવાનો નથી. મેઘોનો નાશ કરવાથી ભવિષ્યમાં વૃષ્ટિ ન થાય. તેથી આમનાં દુઃખ દૂર કરવાનો જ ઉપાય કરવો જોઈએ. આમને બીજે લઈ જાઉં તો ત્યાં પણ વૃષ્ટિ થાય, તેમનાં સ્થાનનો ત્યાગ થાય અને બીજા સ્થાનનો આશ્રય કરવો પડે. તેથી તેમ ન કરવું. આ ગોવર્ધને જ આમના ભાત ખાધા છે તેથી આને જ સાધન બનાવી ઉપાય કરવો યોગ્ય છે. આમાં ઘણાં પથ્થરો છે, એક અવયવવાળો પર્વત નથી, તેથી તેને ઊંચો કરીશ તો પથ્થરો પડશે. હમણાં હું અવતાર લઈ લૌકિક પુરુષ પ્રમાણે પ્રવૃત્તિ કરું છું, આજ્ઞા કરીને પર્વતને આમની ઉપર રાખવાનું પણ બની શકે તેવું નથી. તેથી યોગમાયાનો પર્વત ધારણ કરવામાં ઉપયોગ કરું. જેમ બલભદ્રનો ગર્ભ દેવકીજીમાંથી ખેંચી રોહિણીમાં મૂકવામાં તેનો ઉપયોગ કરેલો તેમ પર્વતને એવી રીતે ઊંચો ધારણ કરવામાં તેનો ઉપયોગ કરું, કે તેમાંથી એક કાંકરી પણ ખરે નહીં. પર્વતને એવી રીતે ધારણ કરવાનું બળ મળે તે માટે મારી ક્રિયાશક્તિ તેમાં મૂકું. આ ઈન્દ્ર તો અજ્ઞાનને લીધે એમ માને છે કે હું જ લોકોનો ઈશ્વર છું. તે તો માત્ર અધિકારી જ છે અને અધિકારી ઈશ્વર થઈ શકતો નથી. તેને એ મોહ અજ્ઞાનથી થયેલ છે, તે તેનું અજ્ઞાન દૂર કરવા મારે આ ઉપાય કરવો જોઈએ. દેવપણું,

ઐશ્વર્ય, પૂજ્યપણું, શુદ્ધસત્ત્વ એવા મારા ગુણો જ્યાં હોય ત્યાં ''હું જ ઈશ્વર છું'' એવું અજ્ઞાન અને ગર્વ ન જ હોવા જોઈએ. જ્યાં ગર્વ હોય ત્યાં ભક્તિ તો હોતી જ નથી, પણ ઐશ્વર્ય વગેરે મારા ગુણો અને અજ્ઞાન સાથે રહે તે યોગ્ય નથી, લોકોમાં પણ ''હું ઈશ્વર છું'' એવો ગર્વ અધિકારીને થતો નથી અને થાય તો તેને અધિકારીના પદપર રાખવામાં આવતો નથી. તેથી ઐશ્વર્ય વગેરે અથવા અજ્ઞાનથી થયેલ ગર્વ બેમાંથી એક દૂર કરવું જ જોઈએ. હું કૃપાલુ હોવાથી અજ્ઞાન જ દૂર કરીશ. હું તેનું માનભંગ કરીશ તેથી તેને શરમાવાનું કારણ નથી. ઈશ્વરથી માનભંગ થાય તેમાં શરમાવા જેવું નથી. એકનું માનભંગ થતાં બીજાઓને પણ બોધ થશે. જ્ઞાન નહીં, ભક્તિ નહીં, પણ હું જ જેમનું શરણ છું તેમનું રક્ષણ મારે કરવું જ જોઈએ. તેમ ન કરું તો અવતારનું પ્રયોજન ન રહે, પુષ્ટિમાર્ગ પણ ન રહે. વળી આ નેસડો છે. તેમાં ગાયો છે, તેમનું દુઃખ જ્ઞાનના ઉપદેશથી જાય પણ નહીં. ગોપોને હમણાં જ મુક્તિ દઉં તો ભક્તિમાર્ગનો વિરોધ થાય. કારણ કે હું જ તેમનો સ્વામી છું તેથી સ્વામિ-સેવક ભાવનો નાશ કરનારી મુક્તિ દેવી પણ યોગ્ય નથી. તેમના જીવો તેમ દેહોને મેં મારા ગણેલા હોવાથી હું આત્મયોગથી તેમનું રક્ષણ કરું. જેમ વાયુને રોકવાથી બધી ઈન્દ્રિયોનું દુઃખ દૂર થાય છે, તેમ આમનામાં હું રહીશ, એટલે મેં પહેલાં ભોજન કરેલ મારામાં રહેલું અન્ન ખાઈને આ બધા સુખી થશે. આ જ તે ભોજનનો ઉપયોગ છે. આ પ્રમાણે રક્ષણ કરવું એવું વ્રત મેં લીધેલું છે. એ વ્રત પાળવા પણ આમનું રક્ષણ કરું, કારણ કે લીધેલું વ્રત તજવું યોગ્ય નથી.''

આ પ્રમાણે વિચારી ભગવાને ગોપોને વિશ્વાસ રહે તે માટે, શ્રુતિમાં ભગવાનને ઈન્દ્રના મિત્ર કહેલા છે તે શ્રુતિનો વિરોધ ન રહે તે માટે, અને યોગમાયા ગોવર્ધન વગેરે જાગ્રત થાય તે માટે એ પ્રમાણે કહીને ગોવર્ધનને અચલ કરી એક હસ્તથી ઊંચો કરી, જેમ બાલક બિલાડીના ટોપને ધારણ કરે તેમ ધારણ કર્યો. જો ઊંચો કરતાં તે હાલવા માંડે તો તેનાં સ્વરૂપનો નાશ થાય, તેથી તેને અચલ કર્યો. ગાયોની વૃદ્ધિ કરે તે ગોવર્ધન, એ તેના આધિદૈવિકનું નામ છે. તેને ધારણ કરવામાટે પાલન કરનારી એક ક્રિયાશક્તિ (શ્રીહસ્ત)થી તેને અચલ કર્યો. તેમ ન કરે તો તે ભગવાનની સેવા કરવાની પ્રવૃત્તિ કરે અને તેમ કરતાં હાલવા માંડે. આ માત્ર લીલાથી કર્યું, તેથી ભગવાનને ક્લેશ થયો ન હતો. લીલામાં ક્લેશ થાય તો પણ તેથી રસ ઉત્પન્ન થાય છે. જેમ જમીન ઉપર સ્થિર બિલાડીનો ટોપ હોય તેને બાળકો રાજલીલાની રમતમાં ઉપાડી માથા ઉપર ધારણ કરે છે તેમ ભગવાને તેને ઉપાડી ધારણ કર્યો, એટલે તેમને પ્રયાસ કરવો પડ્યો ન હતો.

ભગવાને પુરુષાતન પ્રકટ કર્યું નહીં, તેથી ઈન્દ્ર પણ વૃષ્ટિ કરતાં અટક્યો નહીં. વસ્તુતઃ ગોપો વગેરેનું રક્ષણ તો ભગવાને જ કર્યું, કારણ કે બિલાડીના ટોપથી કોઈ પ્રસંગે વૃષ્ટિથી રક્ષણ થતું નથી અને વૃષ્ટિથી તો તેનો નાશ થાય. વળી આ બિલાડીનાં ટોપ જેમે ગોવર્ધનને ધારણ કર્યો એટલે રક્ષણ કરવામાં ભગવાનને તેની જરૂર પણ ન હતી. ભગવાને તેને એવી રીતે ઉપાડ્યો કે વચ્ચે ખાડો થાય, છેડાનો ભાગ લાંબો રહે અને તેની છાયા

ખાડાથી અધિક પ્રદેશમાં રહે. આ રીતે ગોવર્ધનને ધારણ કરી ભગવાને ગોપોને કહ્યું કે ''હે માતા! હે પિતા! હે વ્રજવાસીઓ! જેમ તમે સુખે રહો તેમ પર્વતના ખાડામાં ગાયો તથા ધન સાથે આવો. તમો બધા રહી શકો તેટલી મોટી જગ્યા છે. અહીં તમો આવ્યા પછી મારા હાથથી પર્વત પડી જશે એવો ભય ન રાખશો, કેમ કે તે નહીં પડે અને પવન તથા વરસાદનો ભય તમને નહીં રહે, કારણ કે મેં આ તેનો ઉપાય કરેલો છે.''

શ્રીકૃષ્ણે એ પ્રમાણે આશ્વાસન આપ્યું એટલે પર્વત પડશે એવો ગોપોને ભય રહ્યો નહીં અને તેમણે ગાયો, પુત્રો, સેવકો, બ્રાહ્મણો વગેરે સાથે પર્વતના ખાડામાં મોકળાશ રહે તેમ પ્રવેશ કર્યો. પછી ભગવાન અને તેમના છ ગુણો, એ સાત, ગોપો વગેરેનું રક્ષણ કરે છે કે નહીં તે જોવા સાત રાત સુધી વૃષ્ટિ થઈ. જો ત્યાર પછી પણ વૃષ્ટિ ચાલુ રહી હોત તો ઈન્દ્ર અને મેઘોનો નાશ જ થાત, કારણ કે તેથી વધારે સમય સુધી ભગવાન સહન કરતા નથી. તેથી જે વિચાર કરીને ભગવદીઓને દુઃખ દે છે તે સાત રાત સુધી એવા વિચારથી રાહ જુએ છે કે જો આટલો સમય ભગવાન તેનું રક્ષણ કરે તો દુઃખ ન દેવું, પણ જો ભગવાન તેની દરકાર ન કરે તો પછી દુઃખ દેવું. વિચાર કર્યા વિના ભગવદીઓને દુઃખ દે છે તે સાત રાત સુધી દુઃખ દે છે અને ત્યાં સુધી તે જીવે તો પોતાનો નાશ થવાના ભયથી તે દુઃખ દેતો અટકે છે. તેથી ભગવાન સાત રાત સુધી ગોવર્ધનને ધારણ કરી ઊભા રહ્યા. તેટલો સમય નિદ્રા વગેરે સુધીનો ત્યાગ કરી, ભૂખ અને તરસ થી થતાં દુઃખ સહન કરી વ્રજવાસીઓ તેમનાં દર્શન કરતાં રહ્યા. ભગવાનનાં દર્શનને લીધે અથવા ભગવાને કરેલાં અન્નનાં ભોજનને લીધે તેમને ભૂખ અથવા તરસ નું દુઃખ જણાયું નહીં. તેમ ન હોત તો ગોપો ધીરજ કેમ રાખી શકત? પ્રભુનાં સ્વરૂપ વિના બીજા કોઈ પદાર્થનું તેમણે આટલા સમય સુધી સ્મરણ  ન કર્યું. હમણાં પ્રભુ રક્ષણ કરે છે અને પછી સુખ દેશે એવા વિચારથી તેઓ ભગવાનનાં દર્શન કરી રહ્યા ન હતા. એમ કર્યું હોત તો એ રક્ષણ ભક્તિમાર્ગીય ન થાત. તેઓ માત્ર ભગવાનને જ આધીન રહ્યા તેથી ભગવાને તેમનું રક્ષણ કર્યું. દેવો, ઋષિઓ, પિતૃઓ, આત્મા, પુત્રો વગેરે પોતાના સગાં આ લોક અને પરલોક એ સાત પ્રાણીઓના અંગભૂત ગણાય છે. જો સાતમાંથી કોઈએ ગોપોનું રક્ષણ કર્યું હોત તો ગોપો તેમનો સમ્બન્ધ રાખે, પણ તેઓ રક્ષણ કરવા અશક્ત હતા અથવા વિરોધ કરતા હતા, તેથી હવેથી તેમનો સમ્બન્ધ ગોપોને નથી, એમ જણાવવા સાત રાત એટલે સાત દિવસ અને સાત રાત સુધી પર્વતને ભગવાને ધારણ કરી રાખ્યો. તેથી જ ગોપોએ પ્રાણના સમ્બન્ધરૂપ ભૂખ અને તરસ તથા અન્તઃકરણના સમ્બન્ધરૂપ સુખનો ત્યાગ કર્યો. ભગવાન પણ આ સાત દિવસ અને રાત પર્વતને અચલ રાખવા માટે જરાએ ચાલ્યા નહીં. એટલામાં સાતમા દિવસની રાત્રી જરા બાકી હતી ત્યારે ઈન્દ્ર યુદ્ધ કરવા આવ્યો. તેણે મેઘો પાસેથી સાંભળ્યું કે લીલા કરવા અવતરેલા યોગના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન ધારણ કરી રાખી સર્વ ગોપો વગેરેનું રક્ષણ કરેલું છે અને આ અલૌકિક દૃશ્ય તેણે જોયું એટલે તેનો ગર્વ જતો રહ્યો. સંકલ્પ ઊડી ગયો. અને ''હું હણીશ'' એવી પોતાની સરસાઈ

માનતો હતો તે પણ સરી ગઈ. તેણે મેઘોને વૃષ્ટિ કરતાં તદ્દન અટકાવ્યા. આકાશમાં વાદળાં વિખરાઈ ગયાં. સૂર્યનો ઉદય થયો. ભગવાને ગોવર્ધન ઊંચો ધારણ કરી રાખતાં જ જોયું કે વાયુ સાથેની વૃષ્ટિ, પથ્થરની વૃષ્ટિ અને મેઘ અટકી ગયા છે એટલે તેમણે ગોપોને કહ્યું કે "હે ગોપો! સ્ત્રીઓ, ધન, પુત્ર અને બાલકો સાથે હવે પર્વતની બહાર નીકળો. વાયુ અને વરસાદ બંધ થયા છે. નાની-નાની નદીઓ લગભગ સૂકાઈ ગઈ છે. ક્યાંક ખાડાઓમાં જ જલ છે, બીજે નથી." ભગવાનના વચનો સાંભળીને તેઓ જેમ ત્યાં આવેલા તેવી જ રીતે ત્યાંથી બહાર નીકળ્યા. સર્વ પોતપોતાની ગાયો તથા ધન જુદાં રાખેલ તે લઈ, જેમ નિર્ભય આનન્દી માણસો બહાર નીકળતાં ઘણી ધમાલ કરે છે તેમ ગાડાંઓ ભપકાબંધ હાંકતાં બહાર નીકળ્યા. અને બીજા સ્ત્રીઓ-બાળકો ધીરે-ધીરે બહાર નીકળ્યા. બધા નીકળી ગયા ત્યારે ભગવાને ગોવર્ધનને પહેલાં હતો તેવો કરી તેની મૂળ જગ્યાએ મૂકી દીધો, જેમ હાથમાં રહેલું ઠામ તેની યોગ્ય જગ્યાએ મૂકવામાં આવે તેવી રીતે. ગોવર્ધનને ધારણ કરવામાં તથા મૂકવામાં કાંઈ જાદુ કરેલ ન હતું એમ જણાય તે માટે સર્વ પ્રાણીઓનાં દેખતાં જ મૂળ જગ્યાએ મૂક્યો. વ્રજવાસીઓ તો ભગવાનને આલિંગન કરવાની રાહ જ જોતા હતા. જેવો તેમણે ગોવર્ધનને મૂક્યો કે તરત જ તેમણે તેમનો આલિંગન વગેરેથી યોગ્ય સત્કાર કર્યો. તેમનાં હૃદયમાં ભગવાન માટે પ્રેમ હતો તે વેગથી બહાર નીકળ્યો. તેથી તેમણે યથાયોગ્ય સત્કાર કર્યો. ગોપીઓ પણ પ્રેમથી ભરપૂર હતી. તેમણે સ્નેહથી ઉત્સાહપૂર્વક તેમની પૂજા કરી. તે બધાએ જાણ્યું કે શ્રીકૃષ્ણ દેવ છે. તેથી તેમણે લૌકિક ક્રિયાને પણ વૈદિક કરી સ્નેહથી પૂજન કર્યું. જલથી ચરણક્ષાલન કર્યું, દહીંથી તિલક કરી તેના ઉપર અક્ષત ચોડ્યા અને માથા ઉપર જલ ફેરવી તેનું પાન કર્યું. પછી સંતોષથી "ઘણું જીવો, અમારું સદા પાલન કરો" એવી આશિષો આપી.

યશોદા, રોહિણી, નંદ, બલભદ્ર, શ્રીદામા વગેરે મોટાઓએ સ્નેહથી વિહ્વળ થઈ શ્રીકૃષ્ણને આલિંગન કરી આશિષો આપી. બલવાનોમાં ઉત્તમ બલભદ્રને પણ શ્રીકૃષ્ણનું આ ગોવર્ધનને ઊંચો ધારણ કરી રાખવાનું કાર્ય આશ્ચર્યકારક જણાયું હતું. દેવોએ પણ ભગવાનનું માહાત્મ્ય જોયું તેથી તેમણે પણ પોતાનો અપરાધ દૂર કરાવવા ઉત્સવ કર્યો. વસુઓ વગેરે દેવો, સાધ્યો, સિદ્ધો, ગંધર્વો, અપ્સરાઓ અને ચારણો એ સ્તુતિ કરી અને પ્રસન્ન થઈ પુષ્પની વૃષ્ટિ કરી. તેમણે ઈન્દ્રનો ભય ન ગણ્યો અને સ્વર્ગમાં શંખ-દુંદુભિ વગાડ્યા. વિશ્વાવસુ-તુંબરુ વગેરે ગંધર્વોએ ગાન કર્યું.

દેવો વગેરેના શબ્દોનું શ્રવણ કર્યા પછી ભગવાન પોતામાં પ્રેમવાળા ગોપોથી વિંટાઈ બલભદ્ર સાથે નેસડે ગયા. નેસડો તેમને રહેવા યોગ્ય ન હતો કારણ કે આપનું સહજ સ્થાન વૈકુંઠ કરતાં પણ ઘણું ઉત્તમ છે એમ "આપના પ્રસિદ્ધ ધામમાં જવાની ઈચ્છા રાખીએ છીએ" એ શ્રુતિમાં કહેલું છે. ત્યાં ન પધારે તો પણ દ્વારકા જેવું ઉત્તમ સ્થાન બનાવી ત્યાં રહે તે યોગ્ય હતું છતાં તે નેસડે જ પધાર્યા. ગોવર્ધનોદ્ધરણ, પૂતનાના પ્રાણરૂપ ધાવણનું પાન વગેરે આ જ ભગવાને કરેલાં ચરિત્રોનું ગાન કરતી ગોપીઓ પણ

તેમની સાથે વ્રજ ગઈ. ગોપોએ ભગવાનની અદ્ભુત લીલા જોઈ તેથી ભગવાનનાં માહાત્મ્યનું તેમને જ્ઞાન થયું અને તેમનામાં ઘણો સ્નેહ થયો. હવે તેઓ આપણને (ગોપીઓને) ભગવાન પાસે જતાં રોકશે નહીં અને કદાચ રોકશે તો ભગવાન હાલ દર્શાવ્યો તેવા અદ્ભુત પ્રકારથી આપણું રક્ષણ કરશે એમ જાણી ગોપીઓને ઘણો આનન્દ થયો. તેમનો સંસાર દૂર થયો. વળી ભગવાનનાં હૃદયનો તેમને સ્પર્શ થયો અને પોતાનાં હૃદયમાં તેમને ભગવાનનો સ્પર્શ થયો. તેથી બધા કરતાં ગોપીઓને અધિક અંદરનો સંગ થયો. એ પ્રમાણે દુઃખ દૂર થતાં ભગવાનમાં સર્વની આસક્તિ થઈ.

ગોપોએ ગોવર્ધનોદ્ધરણ વગેરે શ્રીકૃષ્ણનાં કર્મો જોયાં તેથી તેઓ વિસ્મય પામ્યા, કારણ કે આવાં અલૌકિક પરાક્રમ કરનાર નંદનો પુત્ર કેમ હોય? એવી તેમને શંકા થઈ. તેથી ભેગા થઈ નંદ પાસે આવી તેમણે કહ્યું કે ''આવાં અદ્ભુત કર્મો કરનાર બાલકનો મોટા પુરુષને ન શોભે તેવો આપણ ગામડીયાઓમાં જન્મ કેમ થાય? કારણ કે કોઈ પોતાની ઈચ્છાથી પોતાની હલકાઈ કરતું નથી. વળી આ કરવા, ન કરવા અને કરેલું ફેરવવા શક્તિમાન હોવાથી કર્મને આધીન પણ નથી. સાત જ વર્ષના બાલકે માત્ર એક જ હસ્તથી જેમ હાથી કમલ ધારણ કરે તેમ ગોવર્ધનને રમતમાં જ કેવી રીતે ઉપાડી રાખ્યો? કોઈ વાર તો વેણુ વગાડતાં માત્ર આંગળીઓથી જ તેને ઉપાડી રાખેલ. આ પ્રકારે ગોવર્ધન ઉપાડી રાખે તે બાલક કેમ હોય? તેથી આ બાલક પણ નથી અને તમારો પુત્ર પણ નથી. વળી આ ઘણા નાના બાલક હતા ત્યારે નયન તદ્દન બંધ રાખીને તેમણે ઘણી શક્તિવાળી પૂતનાનું ધાવણ તેના પ્રાણ સાથે પીધું હતું. જેમ કાલ દેહનું આયુષ્ય હરે છે તે દરરોજ હરાતું હોવા છતાં પુરુષને તેની ખબર પણ પડતી નથી તેમ પૂતનાના પ્રાણનું પાન કર્યું તેની તેને પણ ખબર પડી હોત તો તે કાંઈક ઉપાય કરત અથવા ભાગી જાત. તેથી બાલપણમાં પણ આમનું સામર્થ્ય અલૌકિક હતું. વળી ત્રણ માસની વયે રડતાં-રડતાં આમણે ચરણો ઊંચા કર્યા ત્યારે તેમના ચરણનો આગલો ભાગ જરા અડતાં ગાડું ઊંધું પડી ગયેલું. એમ નજીવા સાધનથી મોટું કાર્ય કરેલું. વળી આ એક વર્ષની વયના હતા અને ચાલવાની પણ શક્તિ ન હતી ત્યારે તૃણાવર્ત દૈત્ય તેમને આધાર વિનાના આકાશમાં લઈ ગયેલ ત્યારે તેમણે તેને માત્ર કંઠથી પકડીને જ મારી નાખેલો. વળી માખણ ચોર્યું ત્યારે માતાએ ખાંડણીયા સાથે બાંધેલ ત્યારે બે પગ સાથે ખાંડણીયાને ખેંચતા ભાખણીએ ચાલતાં બંધાયેલા જ તેમણે બે હાથથી બે જોડકાં અર્જુનને ઉખાડી પાડેલ. બલભદ્ર સાથે બાલકોથી વિંટાઈ વાછરડાં ચારતા હતા ત્યારે બક શત્રુ થઈ આવેલ તેને મુખથી જ ચીરી નાખેલો. બાલકો તો તેનાથી ભાગી જઈ શકત પણ નહીં, પણ આમણે તો તેને ચીરી નાખ્યો. વળી વાછડાનું રૂપ લઈ વત્સાસુર વાછડાઓમાં ભળી ગયેલો ત્યારે તે મારવાની ઈચ્છાથી આવેલો છે એમ જાણી લઈ, તેને પકડી ફેરવી રમત માત્રમાં મારી નાખ્યો અને તેના વડે કોઠાં તથા વૃક્ષની શાખા પાડ્યાં. ધેનકાસુર ગધેડો હતો. તેના બંધુઓ પણ ગધેડા હતા. તે બધાને બલભદ્રને સાથે રાખી હણી પાકાં ફલવાળું તાડનું વન સહેલાઈથી સર્વ જઈ શકે તેવું કર્યું. બલભદ્રને ક્રૂર

પ્રલંબને હણવાની શક્તિ આપી, તેની પાસે પ્રલંબનો વધ કરાવ્યો અને વ્રજના પશુઓ તથા ગોપોનું વનના દાવાનલથી રક્ષણ કર્યું. જેનું સ્મરણ કરતાં પણ બીજાઓને ભય લાગતો તેવા ઉગ્ર વિષવાળા કાલિય સર્પનું ધરામાં દમન કરી, બલથી તેને ધરામાંથી કાઢી મૂકી યમુનાને વિષરહિત કરી. આ કાર્ય ગરુડથી થઈ શકે તેમ ન હતું. થઈ શકત તો તે પોતાના શત્રુ કાલિયને જરૂર હણત. યમથી પણ થઈ શકે તેમ ન હતું. થઈ શકત તો તે પોતાની બહેન યમુનાને શુદ્ધ કરત જ. વળી અમો સર્વ વ્રજવાસીઓનો આમના ઉપર તજી ન શકાય તેવો સ્નેહ છે. કોઈ સમ્બન્ધવાળાના પુત્ર ઉપર માત્ર સામાન્ય સમ્બન્ધને લીધે ધન પુત્ર અને પ્રાણથી પણ અધિક આવો સ્નેહ થવાનું સંભવતું નથી. ગુરુ વગેરે ઉપર કોઈકને સ્નેહ હોય, પણ બધાને ન હોય, તેથી આ કોઈ અલૌકિક હોવાથી તેમનાં સામર્થ્યથી જ એવો સ્નેહ થાય છે. વળી તેમનો પણ અમારા ઉપર કુદરતી જ સ્નેહ છે, બીજા કોઈ બાલકનો નથી. આ કેમ બને? તેથી આ મહાન પુરુષ હોવા જોઈએ. સાત વર્ષના બાલક ક્યાં અને મોટા પર્વતને ધારણ કરવાનું (સામર્થ્ય) ક્યાં! તેથી કાર્ય અને કારણ લોકના નિયમથી વિરુદ્ધ હોવાથી તમારા પુત્ર સમ્બન્ધી અમને શંકા થાય છે કે આ તમારા પુત્ર છે કે નહીં? જો હોય તો અમે કૃતાર્થ છીએ, પણ ન હોય તો અમે તેમના અપરાધો કરી રહ્યા છીએ. તેથી કોણ જાણે અમારું શું થશે? તેથી આ સંશય સમ્બન્ધી વિચાર કરવો જોઈએ.''

એવા સંશય દર્શાવી ગોપોએ ભગવાનનું માહાત્મ્ય નિરૂપણ કર્યું ત્યારે ગર્ગનાં વચનોથી સિદ્ધાન્ત કહી, એવા અલૌકિક પુરુષ જ મારા પુત્ર અવતરેલા છે એમ જણાવવા નંદે તેમને કહ્યું કે ''હે ગોપો! હું કહું તે સાંભળો તેથી તમારી શંકા દૂર થશે. જ્યારે આ માત્ર બાળક હતા ત્યારે ગર્ગે મને જણાવેલ કે આ બાળકના શ્વેત, લાલ અને પીળો એવા ત્રણ વર્ણો (રંગ) પહેલાં થઈ ગયેલા. હમણાં કૃષ્ણ વર્ણ થયેલ છે. સત્ય વગેરે ત્રણ યુગોમાં એવા ત્રણ વર્ણ થયેલ. હમણાં કલિમાં તારા ઘેર કૃષ્ણ થયા છે. સૂર્યના મંડલના મધ્યાહ્ને જે કૃષ્ણપણું છે તેવા છે. કોઈ સમયે કોઈ દેશમાં આ વસુદેવના પુત્ર થયેલ. તે જાણનારા આમને 'વાસુદેવ' કહે છે. વસુ એટલે ધન, તેવા રૂપના દેવ તે વસુદેવ=લક્ષ્મી. તેના પતિ એટલે લક્ષ્મીના પતિ હોવાથી આ 'વાસુદેવ' 'શ્રીમાન્' કહેવાય છે. તારા પુત્રના ગુણ અને કર્મ પ્રમાણે ઘણાં નામ છે. જેટલા ગુણો અને કર્મો, તેટલા તે પ્રમાણે પડેલાં નામો અને રૂપો છે. તે હું (ગર્ગ) જાણું છું, સાધારણ માણસો જાણતા નથી. તમારું કલ્યાણ કરતાં આ ગોપ તથા ગોકુલ ના આનન્દની વૃદ્ધિ કરશે. આમનાથી તમે બધા સંકટો વિના પ્રયાસ તરી જશો. પહેલાં સાધુઓ લૂંટારાથી પીડાતા હતા અને રાજા ન હોવાથી કોઈ તેમનું રક્ષણ કરનાર ન હતું. ત્યારે આમની જ સાહાય્યથી તેમણે લૂંટારા દૈત્યોને જીત્યા હતા. જે મોટા ભાગ્યવાળા પુરુષો આમના ઉપર પ્રેમ રાખે છે તેમને શત્રુઓ હરાવી શકતા નથી, કારણ કે લોકમાં પણ વિષ્ણુ જેમના પક્ષમાં છે તેવા વૈષ્ણવોને અસુરો હરાવી શકતા નથી. તેથી આ તારો (નંદનો) કુમાર શ્રી, કીર્તિ અને પ્રભાવ થી નારાયણની સમાન છે.'' એમ મને ગર્ગે કહેલ. તેથી ગોવર્ધનોદ્ધરણ વગેરે કાર્યો તે કરે છે એમાં આશ્ચર્ય નથી. મને પોતાને એમ જણાવી

ગર્ગ પોતાને ઘેર ગયા ત્યારથી હું શ્રીકૃષ્ણને નારાયણના અંશ જ માનું છું. નારાયણ પુરુષ છે, તેનો આ અંશાવતાર છે એમ મેં ત્યારથી જાણ્યું. વળી આમણે કોઈ સમયે ક્લેશવાળું કર્મ કર્યું નથી અને કરતા નથી. જો આ જીવ હોય તો તેવું કર્મ કરે. કારણ કે દુઃખથી પીડાયેલ હોય તે તેમ કરે છે, પણ પીડાયેલ ન હોય તે કરતો નથી. બ્રહ્મને જ દુઃખ હોતું નથી. તેથી શ્રીકૃષ્ણ બ્રહ્મ છે એમ હું માનું છું.''

જેમનો પ્રભાવ વ્રજવાસીઓએ પોતે જોયેલ અને સાંભળેલો અને જેમનું તેજ અનહદ હતું તેવા ભગવાન શ્રીકૃષ્ણના સમ્બન્ધમાં ગર્ગે કહેલાં નંદના વચન સાંભળીને તે બધાને આનન્દ થયો. તેમણે નંદની પૂજા કરી. કારણ કે આવો તેને પુત્ર હોવાથી તે ઘણાં ભાગ્યશાળી હતા. ભગવાન તો પૂજા કરવા યોગ્ય જ હોવાથી તેમણે શ્રીકૃષ્ણની પણ પૂજા કરી. ભગવાનનાં કર્મ સમ્બન્ધી તેમને આશ્ચર્ય થતું હતું તે આશ્ચર્ય હવે ન રહ્યું.

**''દેવે વર્ષતિ યજ્ઞવિપ્લવરુષા વજાશ્મપરુષાનિલૈઃ,**
**સીદત્પાલપશુસ્ત્રિ આત્મશરણં દષ્ટ્વાનુકમ્પ્યુત્સ્મયન્,**
**ઉત્પાટ્યૈકકરેણ શૈલમવલો લીલોચ્છિલીન્ધ્રં યથા,**
**બિભ્રદ્ ગોષ્ઠમપાન્મહેન્દ્રમદભિત્ પ્રીયાન્ન ઈન્દ્રો ગવામ્''.**

જ્યારે યજ્ઞના ભંગથી થયેલ ક્રોધને લીધે દેવ (ઈન્દ્રે) વજ, પથ્થર અને સખત વાયુ સાથે વૃષ્ટિ કરતો હતો ત્યારે જેમાં ગોપાલો, પશુઓ અને સ્ત્રીઓ દુઃખી થતાં હતાં તેવાં પોતાને શરણ આવેલા (વ્રજ)ને જોઈને, કૃપા કરીને હાસ્ય કરતાં, જેમ બાળક રમતમાં બિલાડીના ટોપને ઉપાડી ધારણ કરે તેમ, જેમણે એક હસ્તથી પર્વત (ગોવર્ધન)ને ઉખાડી ધારણ કર્યો, નેસડાનું રક્ષણ કર્યું અને મહેન્દ્રના મદનો નાશ કર્યો, તે ગાયોના ઈન્દ્ર (ગોવિંદ) અમારા ઉપર પ્રસન્ન થાઓ.

વ્રજવાસીઓને શ્રીકૃષ્ણ સમ્બન્ધી સંદેહ ન રહેતાં તેઓએ શ્રીકૃષ્ણ કહે તેમજ કરવું જોઈએ. જે કર્મ પરંપરાથી ઈન્દ્રયાગ તરીકે પ્રસિદ્ધ હતું તે ઈન્દ્રયાગ ન બને તો પરંપરાની પ્રસિદ્ધિ ખોટી ઠરે અને ભગવાનનો ઈન્દ્ર તરીકે અભિષેક થાય તો એ ખોટી ન ઠરે. તેથી ભગવાનનો ઈન્દ્ર તરીકે અભિષેક કરવા ઈન્દ્ર અને કામધેનુ આવ્યા. ભગવાનનો ઈન્દ્રે અપરાધ કરેલો તે ક્ષમા કરાવવા ઈન્દ્ર આવ્યો. વૃષ્ટિથી ભગવાને પોતાના વંશરૂપ ગાયોનું રક્ષણ કર્યું તેથી કામધેનુ આવી. કારણ કે તેના વંશની ગાયોથી ભગવાનનું પૂજન થઈ શકે નહીં. ઈન્દ્રના સમ્બન્ધવાળા બીજા દેવો પણ આ ઉત્સવ કરવા આવ્યા, ભગવાનનો અપરાધ કરવાથી લજ્જા પામેલો અને ભયભીત થયેલો ઈન્દ્ર અપરાધ ક્ષમા કરાવવા ભગવાન પાસે એકાન્તમાં આવ્યો અને પીઠ નમાવી માથું ભગવાનના ચરણોમાં મૂકી, સૂર્ય જેવા તેજસ્વી મુકુટથી તેણે ચરણારવિન્દનો સ્પર્શ કર્યો. ગોવર્ધનને ભગવાને ઊંચો ધારણ કરી રાખ્યો એ તેમનો પ્રભાવ તેણે જોયેલો અને પૂતનાના પ્રાણરૂપ ધાવણનું તેમણે પાન કરેલું વગેરે તેમના પ્રભાવ તેણે સાંભળેલા. વળી પ્રજળતો અગ્નિ સર્વને બાળી ભસ્મ કરે તેવું ભગવાનનું તેજ તેમની આસપાસ દેખાતું હતું, તે જોવાથી ''હું ત્રણ લોકનો

ઈશ્વર છું'' એવો તેનો મદ જતો રહ્યો. તેથી ભગવાનની સરસાઈનું ભાન થતાં તેણે બે હાથ જોડી તેમની સ્તુતિ કરતાં કહ્યું કે ''આપ વસ્તુતઃ સર્વના આત્મા, સર્વના કર્તા અને સર્વને પ્રેરણા કરનારા હોવાથી આપને ક્રોધ કરવાનું કારણ હોતું જ નથી. રજોગુણ અને તમોગુણ ક્રોધ કરનારા છે. તે તો આપમાં નથી, કારણ કે આપનું ધામ શુદ્ધ એટલે રજોગુણ અને તમોગુણ વિનાનું છે. આપનું તેજ પણ સાત્ત્વિક છે અને તે સત્ત્વ પણ ઉત્તમ સ્થિતનું શાંત છે અને લોકના પણ રજોગુણ તથા તમોગુણ નો નાશ કરનારું છે. (ભગવાન કોઈ સમયે વિષ્ણુના સત્ત્વને આધાર તરીકે સ્વીકારે છે અને કોઈવાર સત્ત્વના આધાર વિના કેવલ પ્રકટ થાય છે. શ્રીકૃષ્ણ કેવલ પ્રકટ થયા છે, સત્ત્વને આધાર તરીકે લીધું નથી, છતાં ઈન્દ્ર ભ્રમથી માને છે કે તે સત્ત્વનો આધાર લઈ પ્રકટ થયા છે. પહેલાં તે તેમને ભ્રમથી મનુષ્ય જેવા જ જાણતો હતો. એ ભ્રમ કરતાં આ ભ્રમ સારો હોવાથી જ આ વાક્ય 'સ્તુતિ' ગણાય). તેથી દેવ, હલકાં પ્રાણી, મનુષ્ય વગેરે રૂપ માયાથી ભરપૂર ગુણોના સમુહરૂપ આ પ્રાકૃત પ્રપંચને આપનું જ્ઞાન ન જ થઈ શકે. તેથી ''આણે મારો અપકાર કર્યો અને આણે મારાપર ઉપકાર કર્યો'' એવો વિચાર આપને હોવાનું સંભવતું જ નથી. એમ હોવાથી અજ્ઞાનીઓના ચિહ્નરૂપ ક્રોધ, લોભ વગેરે દોષો તો આપ ઈશ્વરમાં હોય જ ક્યાંથી? મારા યજ્ઞનો ભંગ કર્યો તે ક્રોધથી કર્યો નથી. માત્ર દોષથી જ કાર્ય થાય છે એમ નથી, પણ ગુણથી પણ થાય છે. જેમકે દુઃખથી આંસુ આવે છે તેમ આનન્દથી પણ આંસુ આવે છે. તેથી આપે મારા ઉપરના અનુગ્રહથી જ તે યજ્ઞનો ભંગ કર્યો છે. આપ દંડ કરો છો તે પણ ધર્મનું રક્ષણ કરવા અને દુષ્ટોને વશ કરવા જ કરો છો. જો આપ ભગવાન એમ ન કરો તો પાખંડની પ્રવૃત્તિ થવાથી ધર્મનો નાશ થાય. વસ્તુતઃ આપે મને દંડ કર્યો  નથી પણ બોધ જ આપ્યો છે. પિતા, ગુરુ વગેરે પુત્ર, શિષ્ય વગેરેનું કલ્યાણ થાય તે માટે દંડ કરે છે. તેમ આપ જન્મ આપનાર હોવાથી પિતા છો, વેદ રચનાર હોવાથી ગુરુ છો, સર્વ જગતોના સ્વામી છો. ઉલ્લંઘન થઈ ન શકે તેવા મૃત્યુરૂપ કાલ અને દંડ ધારણ કરનાર યમ આપના અધિકારીઓ છે. આપ તે સર્વને કામ કરાવનાર તથા પ્રેરણા કરનાર હોવાથી આપનો જ અધિકાર સર્વમાં છે તેથી ઈચ્છા પ્રમાણે પિતારૂપ પુરુષ, મત્સ્યરૂપ ગુરુ, કૂર્મ અને વરાહરૂપ સ્વામી, મૃત્યુ અને દંડ ધારણ કરનાર નૃસિંહ તથા વામન વગેરેનાં રૂપ ધારણ કરી કલ્યાણ થાય તે માટે આપ દંડ કરો છો. મારા જેવા અજ્ઞાનીઓ પોતાને જગતના ઈશ્વર માને છે. વસ્તુતઃ આપની આજ્ઞા પ્રમાણે જ અમારે વર્તવાનું છે, છતાં અમે પોતાને મોહથી જ જગતના ઈશ્વર માનીએ છીએ અને જ્યારે અન્તઃકાલ આવે ત્યારે ભયરૂપ આપને જોઈને તરત જ એ મદ તજી દઈ આપના નામનું સ્મરણ કરવું, તુલસી ગોપીચંદન ધારણ કરવાં એ આર્યમાર્ગ ગ્રહણ કરીએ છીએ. પરંતુ જ્યાં સુધી ભયરૂપ આપને જોઈએ નહીં ત્યાં સુધી તેમ કરતા નથી. તેથી આપ ધર્મનું રક્ષણ કરવા જ દંડ કરો છો. આર્યમાર્ગથી વિરુદ્ધ આચરણ કરાવનાર ગર્વ જ છે. તે ભયરૂપ આપનાં દર્શનથી જતો રહે છે. તેથી આપે તો રમત કરવા જ ગોવર્ધન ધારણ કર્યો છતાં તેને કારણે મારા જેવા દુષ્ટને શિક્ષા મળી.

આપની સર્વ ક્રિયા સફળ જ છે. આપ પ્રભુ છો, તેથી આપનો પ્રભાવ નહીં જાણવાથી ઐશ્વર્યના મદમાં ડૂબેલાએ મેં આપનો અપરાધ કરેલ તે આપ ક્ષમા કરો. મારા દોષ ન વિચારતાં ''આ માત્ર દીન અને ભ્રાંત છે'' એમ જાણી ક્ષમા કરો. કારણ કે પામરોએ કરેલા અપરાધો પ્રભુના ચિત્તમાં ભાસતા નથી. આપ ક્ષમા કરો કે જેથી મને ફરી આવી દુષ્ટ બુદ્ધિ ન થાય. જેમનો જન્મ ઘણાં ભારરૂપ છે અને જેઓ પૃથ્વીને ભારરૂપ છે તેવા સેનાપતિઓનો નાશ કરવા અને આપના ચરણને અનુસરનારાઓનો ઉદ્ધાર કરવા આપે અવતાર ધારણ કરેલો છે. જેમના દોષ દૂર થઈ શકે તેવા હોય તેમના દોષ આપ દૂર કરો છો, જેમના દોષ દૂર થઈ શકે તેવા ન હોય તેમનો નાશ કરો છો. આપે મારો મદ ઉતારી મારો દોષ દૂર કર્યો. હવે હું શરણે આવ્યો છું તેથી મારો ઉદ્ધાર કરો. આપ ભગવાન, પુરુષ, મહાત્મા, મોક્ષ આપનાર વાસુદેવ, સદાનંદરૂપ આધાર અને ફળરૂપ શ્રીકૃષ્ણ યાદવોના પતિને નમસ્કાર. ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવા દેહ ધારણ કરનાર સર્વરૂપ, સર્વના કારણરૂપ આપને નમસ્કાર. આપે વિધિપૂર્વક યજ્ઞ કરાવ્યો ત્યારે નેસડાનો નાશ કરવા વાયુ સાથે મેં ઘણી વૃષ્ટિ કરી. વાસ્તવિક રીતે તો આ યજ્ઞમાં જ મેં ભોજન કર્યું, પહેલાં કર્યું ન હતું, કારણ કે આપ ભગવાને ભોજન કર્યું એટલે આપના હસ્તરૂપ મેં ભોજન કર્યું. છતાં અભિમાનથી અને એકદમ ઘણો ક્રોધ થવાથી મેં ભોજન પ્રાપ્ત કર્યું તે ભૂલી જઈ ઘણી વૃષ્ટિ કરી. નહીં તો ગાયો તો સર્વના આધારરૂપ છે અને મારા તો ખાસ આધારરૂપ છે, તેથી હું નેસડાનો નાશ કરનારી પ્રવૃત્તિ કેમ કરું? છતાં આપે મારા ઉપર કૃપા કરી, ગોવર્ધનને ધારણ કરી મારા માનનો જ નાશ કર્યો, પણ મને ન માર્યો. આપે મારા માનનો નાશ કર્યો તેમાં મને શરમ નથી, કારણ કે આપ ઈશ્વર ગુરુ અને આત્મા હોવાથી આપથી લોક રીતે, વેદ રીતે તથા અનુભવથી શિક્ષા મળે તેમાં અપમાન થતું નથી. તેથી હું આપને શરણ આવું છું. જેમ યોગ્ય લાગે તેમ આપ કરો.''

ઈન્દ્રે એ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે ભગવાને હસી તેને મોહ પમાડી, મેઘ જેવી ગંભીર પાણીથી તેનું દુઃખ દૂર કરતાં કહ્યું ''હે ઈન્દ્ર! તું તારા વૈભવથી સદા મત્ત રહેતો હતો તેથી તને મારું સ્મરણ થાય તે માટે તારા ઉપર કૃપા કરી મેં તારા યજ્ઞનો નાશ કર્યો હતો. સત્તા અને લક્ષ્મી (વૈભવ) એ બે મદ કરાવનારા છે. બે માંથી એક ન હોય ત્યાં સુધી તેને બીજાની જરૂર રહેતી હોવાથી મદ પ્રબલ થતો નથી. એક આંખે ખોડવાળો હોય તે આંધળો કહેવાતો નથી, તેમ એ બન્ને ન હોય ત્યાં સુધી મદ પ્રબલ થતો નથી. એ બેના મદથી આંધળો થયેલ હોય તે હાથમાં દંડ ધારણ કરનાર મને જોતો નથી. તેને મારું ભાન થાય તે માટે તેનો વૈભવ હું હરું છું. વળી જેના ઉપર કૃપા કરવા ઈચ્છું છું તેનો વૈભવ હરું છું, કારણ કે જેમ વાયુ ઘણો હોય તે જગ્યાએ દીપક સ્થિર રહેતો નથી, તેમ (વૈભવથી પ્રાપ્ત થતા) વિષયો હોય ત્યાં કૃપા પણ સ્થિર રહેતી નથી. થોડાથી કાર્ય પતતું હોય તો વધારે અનુગ્રહ કરવો પડે, તેથી બોધ આપવા (મારું ભાન કરાવવા) અથવા કૃપા કરવા વૈભવ હરું છું. તેમ તારા યજ્ઞની સત્તા મેં હરી. હજી ત્રણ લોક રહ્યા. તેથી હે ઈન્દ્ર! તું જાણીલે કે મોહ ન થાય તે

માટે મારી આજ્ઞા પ્રમાણે વર્તજે. તમે બધા મારી આજ્ઞામાં રહી તમારા અધિકાર પ્રમાણે કામ કરજો. નમ્ર રહેજો, કારણ કે માત્ર કાર્ય કરવાથી હું પ્રસન્ન થતો નથી, પરંતુ નમ્રતા સાથે કાર્ય કરવાથી પ્રસન્ન થઉં છું. ભક્તનો તેં અપકાર કર્યો તેથી ભક્તિ તારો નાશ કરે, પરંતુ ''તારું ભલું થાઓ'' એવી હું આજ્ઞા કરું છું. તેથી તારો નાશ નહીં કરે અને તું સ્વસ્થતા પ્રાપ્ત કરીશ.''

ભગવાને ઇન્દ્રને એમ કહી જવાની આજ્ઞા કરી છતાં તે પૂજન કરવા ત્યાં રોકાયો. પછી કામધેનુએ ''આપે ગોરક્ષા કરી તથા ઇન્દ્ર ઉપર કૃપા કરી એ બહુ સારું કર્યું.'' એમ ભગવાનનું અભિનંદન કરી, પોતાના સંતાનો સાથે મસલત કરી, ભગવાનનો ગાયોના ઇન્દ્ર તરીકે અભિષેક કરવાનો નિર્ણય કર્યો. કામધેનુ પણ માનવાળી છે. ભગવાન જો મારા અભિષેકનો સ્વીકાર નહીં કરે તો હું જીવીશ નહીં એવો આગ્રહ રાખી તેણે વિચાર્યું કે ''જે ઇન્દ્રે મારા ઉપર અપકાર કર્યો તે હવે અમારો ઇન્દ્ર નહીં. અમે ગાયો કાંઈ ભગવાન જેમ અભિમાન વિનાની નથી. અમે તો માનવાળી છીએ. ઈશ્વર સર્વના ઇન્દ્ર ન બને, પરંતુ તે ગોપ બની અમારું રક્ષણ કરે છે. ઇન્દ્ર તો લોકનું રક્ષણ કરતો તેમ અમારું કરતો. એવી રીતે રક્ષણ કરનારા હલકા છે. જ્યારે શ્રીકૃષ્ણ ગોપ થઈ અમારું રક્ષણ કરે છે તો પછી અમે કહીએ તો ગાયોના ઇન્દ્રની સત્તા કેમ ન સ્વીકારે? વળી પહેલાં પણ આ શ્રીકૃષ્ણ જ ઇન્દ્ર હતા. કારણ કે યજ્ઞમાં ઈશ્વર જ ઇન્દ્ર થયેલા. તેથી સત્તા તો આમની જ છે. તેથી અમે કાંઈ અલૌકિક કરતાં નથી. પણ જે છે તે જ લોકમાં પ્રકટ કરીએ છીએ. અમે અભિષેક કરીએ તે યોગ્ય જ છે'' એવો વિચાર કરી તેણે ભગવાનને વિજ્ઞપ્તિ કરતાં તેમની સ્તુતિ કરી કે ''હે કૃષ્ણ આપ અલૌકિક ઉપાય કરનાર મોટા યોગી છો. કાંઈક કરો અને કાંઈક ફળ થાય. ઇન્દ્રે દુઃખ દીધું એમ લોક જાણે, છતાં તેને જ દુઃખ થયું છે. વળી લીલામાં પ્રવૃત્ત થયેલા મહાયોગી માટે કાંઈ પણ યોગ્ય અથવા અયોગ્ય હોતું નથી. સર્વ લોકનું રક્ષણ કરનાર આપથી અમે સનાથ છીએ, અમને હણનાર ઇન્દ્રથી સનાથ નથી. વળી ઇન્દ્ર મન્વંતરે મન્વંતરે બદલાય જ છે, તેથી તે ચોક્કસ (એક) હોતો નથી, કાલની હદવાળો છે અને સ્વભાવથી જીવ હોઈ વશ રહેનારો છે. આપ જ લોકના નાથ છો, કારણ કે જે જીવાડે તે જ નાથ છે. આપ અમો ગાયોના ઉત્તમ દેવ છો, અમારા ભાગ્યરૂપ અમને વશ રાખનાર છો. આપ અમારી સાથે ક્રીડા કરો છો, ઇન્દ્રથી અમને છૂટાં પાડી અમારો આપે વિજય કરાવ્યો તેથી જ અમે આપની સ્તુતિ કરીએ છીએ અને તેથી જ અમને સૌંદર્ય અને સર્વ ગતિ પ્રાપ્ત થયાં છે. તેથી આપ જ અમારા દેવ છો. જગતના પતિ વિના બીજા કોઈને હદ વિનાનું ઐશ્વર્ય હોતું નથી, તેથી દેવેન્દ્ર પણ આપ જ છો. હવિરૂપ ગાય, મન્ત્રરૂપ વિપ્ર અને હવિનો ભોગ કરનાર દેવોની આપ ઉન્નતિ કરો, એટલે યજ્ઞનું પાલન કરો. વળી નિવૃત્તિપરાયણ ભગવાનના ભક્તોની પણ ઉન્નતિ કરો. અભિષેક સંસ્કારરૂપ હોવાથી શાસ્ત્ર પ્રમાણે જેનો અભિષેક થયો ન હોય તે ઇન્દ્ર કહેવાતો નથી. તેથી આપનો અમે અભિષેક કરીશું. અભિષેક કરવાનો અધિકાર શાસ્ત્ર પ્રમાણે બ્રહ્માનો છે, પણ બ્રહ્મા પોતાના સ્વામી

આપનો ઈન્દ્ર તરીકે અભિષેક કરતાં શરમાય છે અને તેણે અમને મોકલી છે. અમે તો હલકાં હોઈ અભિષેક કરીએ તે યોગ્ય છે, કારણ કે હલકો હોય તે પણ મોટાને પોતાના પતિ તરીકે પસંદ કરે છે. આપ ગાયોનું રક્ષણ કરતા હો ત્યારે સર્વથી ઉત્તમ હવિ થાય તેથી અને આપે ભૂમિનો ભાર હરવા અવતાર લીધેલ હોવાથી તે હરી આપ તરત તિરોહિત થવાના એવા વિચારથી આપનો તરત ગાયોના ઈન્દ્ર તરીકે અભિષેક કરવા બ્રહ્માએ અમને પ્રેરણા કરેલી છે.''

કામધેનુએ એવી રીતે પ્રાર્થના કરી, શ્રીકૃષ્ણને દેવ તરીકે આમંત્રણ કર્યું અને તે તેમણે દયાથી સ્વીકાર્યું, એટલે તેણે તેમનો પોતાના દૂધથી અભિષેક કર્યો અને પછી ઐરાવતની સૂંઢથી લીધેલા આકાશગંગાના જલથી અભિષેક કર્યો. આકાશમાં શિશુમાર ચક્રમાં આકાશગંગા નિત્ય વહે છે. ઐરાવત હાથીની સૂંઢ અભિષેક કરવામાં ઉત્તમ ગણાય છે. તે જલ લે તે પુષ્કરજલ બને છે. તેના સમ્બન્ધથી જલ દૂષિત થતું નથી પરંતુ પવિત્ર જ થાય છે. ઐરાવત વિના બીજા કોઈથી આકાશગંગાનું જલ લાવી શકાય પણ નહીં. તે સમયે ત્યાં ઈન્દ્ર અને જે દેવો અને ઋષિઓ હતા તેમણે દેવમાતાઓ સાથે સેવકોનું રક્ષણ કરનાર ભગવાનનો અભિષેક કર્યો અને સુરભિએ 'ગોવિંદ' એટલે 'ગાયોના ઈન્દ્ર' એવું તેમનું નામ પાડ્યું, એટલે ઈન્દ્રે 'ઈન્દ્રેંદ્ર' દેવોએ 'દેવેન્દ્ર' એમ સર્વેએ પોતપોતાનાં નામને 'ઈન્દ્ર' શબ્દ લગાડી નામ પાડ્યાં. તેથી 'વ્રજેન્દ્ર' 'ગોપેન્દ્ર' વગેરે નામ પડ્યાં.

અભિષેક સમયે તુંબરુ નારદ, ગાન કરનાર ગંધર્વો, વાજીંત્ર વગાડનાર વિદ્યાધરો, ચમત્કાર દર્શાવનારા સિદ્ધો, નૃત્ય કરનાર પુરુષ ચારણો એ સર્વ આવ્યા અને લોકના મલને દૂર કરનાર ભગવાનનાં યશનું તેમણે ગાન કર્યું. હર્ષ સાથે દેવોની સ્ત્રીઓએ ભાવપૂર્વક નૃત્ય કર્યું. દેવોના સમૂહમાં ધજા જેવા બ્રહ્મા વગેરે દેવોએ ત્યાં આવી ભગવાનની સ્તુતી કરી. વળી વેદો, મન્ત્રો વગેરેએ પણ સ્તુતિ કરી. ભગવાન પોતે ઈન્દ્ર થયા તેથી જ વેદમાં ઈન્દ્રની મોટા દેવ તરીકે સ્તુતિ કરવામાં આવી છે. વળી તેઓએ અદ્‌ભુત પુષ્પોની ભગવાન ઉપર વૃષ્ટિ કરી. લોકો બધા ઘણાં સુખી થયા. ત્રણે લોક પરમાનંદ પામ્યા. ગાયો અંદર રસથી ભરપૂર થઈ અને તેમણે દૂધથી પૃથ્વીને ચીકણી કરી. નદીઓ ઘી દૂધ વગેરે રસથી ભરપૂર થઈ. વૃક્ષો મધ(રસ) ઝરવા લાગ્યા. ચોખા વગેરે અનાજ ખેતી વિના જ પાકવા માંડ્યાં અને પર્વતોએ પોતાની અંદર રહેલા મણિઓ બહાર કાઢ્યા. સદાનંદ શ્રીકૃષ્ણ જે સર્વનો અભિષેક કરે છે તેમનો અભિષેક થતાં સ્વભાવથી જ ક્રૂર સહજ વૈરવાળાં પ્રાણીઓ પણ વૈર વિનાનાં થયાં. એ પ્રમાણે ગાયો અને ગોકુલના પતિનો 'ગોવિંદ' તરીકે અભિષેક કરીને ભગવાનની રજા લઈ દેવો વગેરેથી વીંટાયેલો ઈન્દ્ર તેના સ્વર્ગમાં ગયો.

**નંદજીને વરુણનો સેવક વરુણલોકમાં લઈ જાય છેઃ**

નંદની ધર્મમાં ઘણી આસક્તિ હતી. તેથી મર્યાદા પ્રમાણે વર્તન કરતા હોવાથી સંપૂર્ણ રીતે તે ભગવાનનું ભજન કરી શકતા નહીં. ધર્મમાં આસક્તિ હોવાથી તે વિષ્ણુના

વ્રત કરવામાં તત્પર રહેતા. એક સમય તેમણે એકાદશી કરી, આહાર ન કર્યો, જનાર્દનની પૂજા કરી અને અર્ધરાત્રીએ બારસ બેઠી ત્યારે વૈષ્ણવધર્મ પ્રમાણે સ્નાન કરવા યમુનાજીના જલમાં પ્રવેશ કર્યો. વરુણનો સેવક ત્યાં જલનું રક્ષણ કરતો હતો, તેને વૈષ્ણવધર્મનું જ્ઞાન ન હતું તેથી તેણે વિચાર્યું કે અર્ધરાત્રે આસુરી સમય હોવાથી તે સમયે જે ધર્મ કરવામાં આવે તે અસુરોને પ્રાપ્ત થાય છે. આ નિયમના અજ્ઞાનને લીધે આમણે અત્યારે જલ પ્રવેશ કરી અન્યાય કર્યો છે. તેથી તેણે નન્દજીને બાંધ્યા અને વરુણ પાસે લઈ ગયો. ગોપોએ જ્યારે નંદને જોયા નહીં ત્યારે સર્વ અવસ્થામાં અને સર્વ કાર્યમાં જ્યારે બીજો કાંઈ ઉપાય ન જણાય ત્યારે તેઓ ભગવાનને જ વિજ્ઞપ્તિ કરતા. તેથી તેમણે ''હે શ્રીકૃષ્ણ! હે રામ'' એવી રાડો પાડવા માંડી. ભગવાન તે સમયે ઘેર જ સૂતા હતા. તેમણે દૂરથી રાડો સાંભળી અને પોતાના પિતાને વરુણ લઈ ગયો છે એમ જાણી ''હું વરુણ પાસેથી પિતાને લઈ આવું છું'' એમ જણાવી વરુણ પાસે ગયા.

ભગવાન નિરોધલીલા એ પ્રયોજનથી કરે છે કે સર્વના કાર્યોમાં પોતે પ્રવેશ કરી, તે કર્મોને પોતાનાં કર્મો કરી, તે કર્મોમાંથી વ્રજજનોને બચાવી લેવા. નંદે એકાદશી કરી. કર્મ પૂરું થયું તેથી તેમાં પ્રવેશ કરવાનું સંભવતું નથી. તેનું ફળ જરૂર ભોગવવું રહ્યું. તેથી તે કર્મનાં અનિષ્ટ ફળમાંથી નંદને છોડાવવા ભગવાન પોતે જ વરુણ પાસે ગયા. નંદને ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન થાય અને આવાં કર્મમાંથી તેમની આસક્તિ ટળે તે માટે વરુણને પોતાની પાસે નહીં બોલાવતાં, અથવા નંદને ખેંચી નહીં લેતાં, પોતે જ વરુણ પાસે પધાર્યા.

**''કાલાદ્યુપાસકશ્ચેત્ સ્યાત્ ભગવત્સેવકઃ ક્વચિત્, તતઃ ક્લેશમવાપ્નોતિ કૃષ્ણાદેવ ચ મુચ્યતે''**. જો કોઈ પ્રસંગે ભગવાનનો સેવક કાલ વગેરેની ઉપાસના કરે તો તે (કર્મ)થી દુઃખ પામે છે અને શ્રીકૃષ્ણ જ (તેને તેમાંથી) મુક્ત કરે છે. શ્રીકૃષ્ણે ભૂમિ ઉપર અવતાર લીધો તેથી ભૂમિ ઉપરજ કાંઈ કરે અને બીજે (જલમાં-સ્વર્ગમાં) કાંઈ ન કરે એવું નથી. સર્વ પ્રકારની શક્તિ ન હોય તો આ લીલાના અંતે સર્વ ગોકુલને વૈકુંઠમાં લઈ ન જાત. બીજા કોઈ અવતારે એ પ્રમાણે કરેલ નથી. તેથી શ્રીકૃષ્ણમાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે.

ભગવાન વરુણ પાસે પધારતાં તેમનાં દર્શનથી વરુણને મોટો ઉત્સવ થયો. તેનું મન ઘણું પ્રસન્ન થયું. જેવો દેવોમાં ઈન્દ્ર તેવો દૈત્યોમાં વરુણ. ભગવાન ઈન્દ્રિયોના અધિપતિ હોવાથી જો વરુણ તેમની પૂજા ન કરે તો પછી તે પોતાના લોકનો ભોગ (ઈન્દ્રિયોથી) કરી શકે નહીં અને ભગવાનને નિવેદન કર્યા ન હોય તેવા (પદાર્થોના) ભોગથી દોષ થાય. તેથી તેણે પોતાનું સર્વસ્વ નિવેદન કરી ભગવાનની પૂજા કરી. ભવિષ્યમાં પ્રાપ્ત થવાના ભોગ પણ નિવેદન કરીને ભારે પૂજા કરી. સ્તુતિ કરવા યોગ્ય હોય તે ભગવાનના ગુણોનું વર્ણન કરી સ્તુતિ કરે. જે તેમ ન કરી શકે તે માત્ર પોતાના ઉપર ભગવાને કરેલા ઉપકારોનું વર્ણન કરે. વરુણ દૈત્ય હોઈ ભગવાને કરેલા ઉપકારો જણાવતાં તેણે કહ્યું કે ''હે પ્રભો! ખરેખર તો મેં આજે જ દેહ ધારણ કર્યો. દેવયોનિનો છું, પણ દૈત્યોનો અધિપતિ હોવાથી તેમના સંગને લીધે આપમાં આસક્તિ થઈ ન હતી. તેથી દેવની ઉત્તમ યોનિ પ્રાપ્ત

થઈ તે ન થયા જેવી જ હતી. આજે જ ખરો દેહ પ્રાપ્ત થયો. આજે જ પુરુષાર્થ પ્રાપ્ત થયો. સાધન વિના ફળ પ્રાપ્ત થયું, કારણ કે આપ જ સાધન વિના ફળ આપવા સમર્થ છો. ફળ પ્રાપ્ત કરાવનાર સાધનપણું આપે જ કરેલ છે. આપના સેવકો પણ અલૌકિક કર્મ કરે છે તો પછી આપ કરો તેમાં શું આશ્ચર્ય? લોકમાં તો ચરણ પ્રાપ્ત કરેલ ચાખડીઓ વગેરેને જવાનું રહે છે જ. જવા માટે જ તે પહેરવામાં આવે છે. આપના ચરણમાં આવેલને ક્યાંય જવાનું રહેતું નથી. તેથી જ આપનાં દર્શન, ભક્તિ, પૂજા વગેરે સાધન નથી. કારણ કે આપ આનન્દના નિધિ મળ્યા પછી બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. તેથી સફળ થયેલ જન્મવાળો, ફળ પ્રાપ્ત કરેલો હું આપ ભગવાન બ્રહ્મ પરમાત્મા ને નમન કરું છું. જીવો નમન કરવા યોગ્ય નથી. કારણ કે તેઓ અમારી સમાન છે. (દેવ વગેરેના) દેહો અકસ્માતથી પ્રાપ્ત થયેલા હોય છે. તેથી સર્વ સિદ્ધાન્તોથી સાબિત થતા ભગવાન આપ જ નમસ્કાર કરવા યોગ્ય છો. જો સત્પુરુષોમાં (''આ ભગવાન છે કે નહીં'' તે વિષયમાં) વિવાદ હોય તો તે ભગવાન નથી એમ જ માનવું જોઈએ. તેથી જેમના સમ્બન્ધમાં શ્રુતિ, સ્મૃતિ અને પુરાણો સંમત હોય તેમને જ નમન કરવું જોઈએ. તેમાં પણ જો (આ ભગવાન છે એવો) અનુભવ થતો ન હોય તો નમન ન કરવું જોઈએ, કારણ કે પ્રખ્યાત પુરુષોનું મન પણ પ્રમાણ છે. વૈષ્ણવ સિદ્ધાન્તથી ભગવાન, વેદથી બ્રહ્મ અને સ્મૃતિ પ્રમાણે પરમાત્મા સાબિત થતા આપને હું નમન કરું છું. આપમાં માયા જ નથી તો પછી માયાથી થતા કામ વગેરે દોષો તો ક્યાંથી જ હોય? આપ આત્મા તરીકે સાબિત થતા હોવાથી મારે કાંઈ પણ વિજ્ઞપ્તિ કરવાની નથી. આપે જેને લીલામાં પિતા તરીકે સ્વીકારેલા છે તે નંદને આ મારો સેવક લઈ આવ્યો છે, કારણ કે તે દૈત્ય હોવાથી ધર્મના તત્ત્વને જાણતો નથી. નંદનો આપ સાથેનો સમ્બન્ધ જાણતો નથી અને શું કરવું જોઈએ તે પણ જાણતો નથી. આ આપના પિતા ધ્રૂજતા ઊભા છે. મારો સેવક લઈ આવ્યો એ મેં લીલામાં અપરાધ કરેલ છે, તે ક્ષમા કરાવવા હું યોગ્ય નથી, પણ આપ ક્ષમા કરવા યોગ્ય છો.''

એ પ્રમાણે પોતાનો અપરાધ નિવેદન કરી વરુણે ભગવાનને પ્રસન્ન કર્યા એટલે તેના સિંહાસન ઉપર બિરાજેલા ભગવાન પોતાના પિતાને લઈ ગોકુલ પધાર્યા. ત્યાંથી ગોકુલ જવા માટે અથવા પિતાને લઈ જવા તેમને વરુણને કાંઈ કહેવાની જરૂર ન હતી અને ગોકુલ જવામાં સાધનની પણ જરૂર ન હતી, એટલે માત્ર (ગોકુલનું) સ્મરણ કરતાં પિતાને તથા બંધુઓને આનન્દ પમાડતા ગોકુલ પહોંચ્યા.

**શ્રીકૃષ્ણ વૈકુંઠ ગોકુલમાં લાવ્યાઃ**

જેમ ગોવર્ધનયાગ કરવાનું જણાવનાર ભગવાનનાં એક વચને અનેક કાર્ય કરેલાં તેમ વરુણ પાસેથી નંદને લઈ આવવાની તેમની કૃતિએ પણ ઘણું કાર્ય કર્યું. વરુણના સેવકે નંદને વરુણ લોકમાં લઈ જઈ ત્યાં રાખ્યા છતાં તેમણે ત્યાં કાંઈ જોયું ન હતું. પછી ભગવાન પધાર્યા ત્યારે તેમણે વરુણનો ઘણો વૈભવ વગેરે જોયાં. વળી તે બધા શ્રીકૃષ્ણને તેમના જન્મથી જ દાસ હોય તેમ નમન કરતા હતા તે જોયું. તેથી વિસ્મય થવાથી તે બધું તેમણે

ઉપનંદ વગેરે ગોપોને કહ્યું. તેમને સ્પષ્ટ જણાયું કે આ શ્રીકૃષ્ણ મારા પુત્ર નથી. ગર્ગે કાં તો મને છેતર્યો અથવા તેને ખબર ન હતી. આ જાણી ગોપોએ શું કરવું તેનો વિચાર કર્યો. પહેલા તો શ્રીકૃષ્ણની સરસાઈ જોવા આતુર થયા. તેમણે સંદેહ વિના એમ જાણ્યું કે શ્રીકૃષ્ણ ઈશ્વર છે અને આપણા મિત્ર થવાથી આપણને તેમનાં સ્થાનમાં દર્શન કરાવશે એવો નિશ્ચય કરી શ્રીકૃષ્ણ પોતાનું 'વૈકુંઠ' નામનું સૂક્ષ્મ ધામ આપણી પાસે પ્રકટ કરે એવો મનોરથ કર્યો. પોતે તે ધામનાં દર્શન કરવાનું કંઈ સાધન કરેલ નથી, છતાં શ્રીકૃષ્ણનાં જ ઐશ્વર્યથી એ ફળ પ્રાપ્ત કરવાનો મનોરથ કર્યો. તે ધામનાં દર્શન કરાવવાની ભગવાનને તેમણે પ્રાર્થના કરી ન હતી, માત્ર પોતે જ અંદર સંકલ્પ કરેલો. છતાં શ્રીકૃષ્ણ ભક્તોની કામનાઓ આપનાર હોવાથી તેમણે એ સંકલ્પ જાણી, તે પૂર્ણ થાય તે માટે વિચાર કર્યો કે આમની પાસે સાધન કરાવવું કે મર્યાદાનું ઉલ્લંઘન કરી ફળ આપવું? સાધન કરતાં તેમને દુઃખ થાય, તેથી તેમ ન કરવું જોઈએ. પાંચ પર્વવાળી અવિદ્યા જીવને ઘેરીને રહે છે. પછી તેના સમ્બન્ધથી તેને કામ થાય છે. કામને લીધે તે જાતજાતનાં કર્મો કરે છે અને કર્મને લીધે તેનો જન્મ થયા કરે છે. આ લોકમાં જે જન્મે છે, તે ઊંચી અને નીચી યોનિમાં ભમ્યા કરે છે અને સામાન્ય રીતે જ પોતાને જે ફળ પ્રાપ્ત કરવાનું છે તે જાણતો નથી. પ્રાપ્ત કરવાનાં ફળનું જ્ઞાન થયા પછી પોતાના દોષ દૂર કરી તે ફળ પ્રાપ્ત કરવાના ઉપાયો જાણવા, પછી શાસ્ત્રમાં જણાવેલા ક્રમથી સાધનો કરવાં, પછી આત્માની પ્રાપ્તિ કરવી, પછી બ્રહ્મ અને આત્માનું ઐક્ય કરવું, પછી ભક્તિ કરવી, તેનાથી ભગવાનને જાણવા, પછી મારાં ધામનાં દર્શન કરવાં. આટલું આ જીવો કરોડો જન્મે પણ કરી શકે તેમ નથી. કારણ કે પહેલું પગથિયું તો ફળનું જ્ઞાન થવાનું છે તેનો પણ તેમને અધિકાર નથી. તેથી મૂલથી જ અશુદ્ધ જીવને મારા ધામનાં દર્શન કેમ થાય, કારણ કે તે તો ઊંચી અને નીચી યોનિમાં ભટક્યા જ કરે છે. ઉત્તમ યોનિ પ્રાપ્ત કરીને તેથી આગળ વધતો નથી, પણ પાછો જ પડે છે. તેથી આ ઈચ્છા રાખે છે તે તેને મળી શકે તેમ નથી જ. એવો ભગવાને વિચાર કર્યો. ભગવાન પોતે સર્વ કરવા શક્તિવાળા હોવાથી અધિકાર વિના પણ પોતાનાં ધામનાં તેમને દર્શન કરાવી શકે. છતાં તેમ કરવાથી મર્યાદાનો ભંગ થાય. વળી ભગવાન ઘણાં દયાળુ છે. સાધન વિના, અધિકાર ન હોવા છતાં તેમની ઈચ્છા પૂર્ણન ન કરે તો દયાળુપણાની હાનિ થાય. મર્યાદા સાચવીને પણ તેમને પોતાના ધામનાં દર્શન કરાવવાની ભગવાનમાં શક્તિ છે. તેથી ક્યાંય ગયા વિના તે જ સ્થલે રહીને ''મારો આટલો બધો વૈભવ છે'' એમ તેમને જણાવવા ભગવાને તેમને પોતાનાં ધામનાં દર્શન કરાવ્યા. જ્યારે તેઓ સ્વયં ભગવાનનાંજ દર્શન કરતા હતા ત્યારે તેમનાં ધામનાં દર્શન કરે તેમાં શું આશ્ચર્ય?

પ્રકૃતિથી પર તમઃ (અંધકાર) છે અને તેથી પર તમઃ થી ઢંકાયેલ 'વ્યાપિવૈકુંઠ' નામનું ભગવાનનું ધામ છે તેનાં દર્શન કરાવ્યાં. તે ધામ અક્ષરરૂપ છે, દેશ અને કાલથી જેના ભાગ થઈ ન શકે તેવું સત્યરૂપ, કદાપિ દૂર ન થાય તેવા જ્ઞાનરૂપ અને હદ ન બાંધી શકાય તેવું અનંત છે. જેને સર્વ વેદાંતો 'બ્રહ્મ' કહે છે તે એ છે. તેથી તે ઘણું મોટું વૃદ્ધિવાળું અને

બ્રહ્મના સર્વ ગુણોવાળું છે. તેજરૂપ છે. એટલે તેમાં દોષ નથી. કરોડો સૂર્યથી અધિક તેનો પ્રકાશ છે અને તે પોતાની મેળે જ પ્રકાશે છે. આવું તે અનાદિકાળથી છે અને સદા આવું રહેવાનું. તેનું સ્વરૂપ જ એવું છે. મનન કરવાથી મુનિઓની જ્યારે સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થા મટી જાય અને તેમના બુદ્ધિ વગેરે સ્વભાવના ગુણોનો લય થઈ જાય અને જ્યારે તેઓ નિર્ગુણ અવસ્થા પ્રાપ્ત કરી સાવધાન થાય ત્યારે જ તેમને પણ તે ધામનાં દર્શન થાય છે. જ્યારે તેનાં દર્શન કરનારાઓ પણ નિર્ગુણ છે તો પછી તે ધામ સગુણ કેમ હોઈ શકે?

તેમણે એ ધામનાં દર્શન કર્યા ત્યારે ત્યાં સર્વત્ર તે પ્રકટ થયું અને ગોકુલ બધું નિવૃત્ત જ થયું. તેમ રહે તો ભવિષ્યમાં લીલા થઈ શકે નહીં, તેથી તેમને પોતાનાં અક્ષરધામમાંથી પાછા લાવવા ભગવાન તેમને બ્રહ્મહ્રદમાં લઈ ગયા. અક્ષરધામ અગ્નિરૂપ છે અને બ્રહ્મહ્રદ એટલે વેદરૂપ બ્રહ્મ જલરૂપ છે. તેથી અક્ષરરૂપ થયેલા વ્રજવાસીઓને બ્રહ્મહ્રદમાં લઈ જઈ ભગવાને તેમાં સ્નાન કરાવ્યું, એટલે તેમનામાં રહેલ અક્ષરધામ તિરોહિત થયું. બ્રહ્મહ્રદમાં પણ તેઓ ડૂબી ગયા. જો કે લીલાના ઉત્તમ અધિકારીઓ હતા છતાં શબ્દ બ્રહ્મરૂપ છે, સર્વથી પર પરબ્રહ્મ છે, તેમાંથી શબ્દબ્રહ્મ નીકળે છે અને તેમાંથી જગત નીકળે છે. તેઓ બ્રહ્મરૂપમાં ડૂબી શબ્દબ્રહ્મરૂપ થયા. તેમાંથી પણ ભગવાને અને ભગવાનની આજ્ઞાથી વેદે તેમને બહાર કાઢ્યા. તેમ ન કરે તો તેઓ બ્રહ્મપરાયણ થયેલા હોવાથી લીલામાં ઉપયોગી ન રહે. શબ્દબ્રહ્મથી ભીંજાયેલ નયનવાળા તેઓને શબ્દબ્રહ્મનાં દર્શન થયાં. અક્રૂરે પણ અહીં જ ભગવાનનાં સ્વરૂપને પ્રથમ જાણ્યું હતું. અક્રૂરને પ્રમાણથી અહીં જ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થયેલ. આમને પણ પ્રમાણથી જ્ઞાન કરાવવા ભગવાને બ્રહ્મહદમાં ડુબાડી તેમાંથી બહાર કાઢ્યા. નંદ વગેરેએ સર્વ અવિદ્યાનો નાશ કરનાર અને સર્વ આવરણોને દૂર કરનાર બ્રહ્મલોકનાં દર્શન કર્યાં. ત્યાં વેદો શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા હતા તે જોઈ તેમને ઘણો વિસ્મય થયો. પ્રમાણથી તે લોકનો અનુભવ કરી તેઓ ઘણો આનન્દ પામ્યા. વૈકુંઠમાં અને શબ્દબ્રહ્મમાં પણ શ્રીકૃષ્ણજ ફળરૂપ છે એમ જાણી બીજી ઈચ્છાનો ત્યાગ કરી તેઓ આશ્ચર્યમાં ડૂબ્યા.

**રાસ લીલાઃ**

ભગવાન શ્રીકૃષ્ણે સર્વ ગોકુલવાસીઓને બ્રહ્માનન્દનો અનુભવ કરાવ્યો. પછી ગોપીઓને ભજનાનન્દનું દાન કરવા તેમણે તે સર્વનો બ્રહ્મહ્રદમાંથી ઉદ્ધાર કર્યો. ભગવાન ગોપીઓ સાથે બહારનું અને અંદરનું એવા બે પ્રકારનું રમણ કરે છે. તે બેમાં અંદરનું રમણ ઉત્તમ છે. વળી આ રમણ ૧.આત્માથી ૨.મનથી ૩.વાણી અને પ્રાણ થી ૪.ઈન્દ્રિયોથી અને ૫.શરીરથી એમ પાંચ પ્રકારે કરેલું છે. તે પૈકી પ્રથમ આત્માથી કરેલ રમણનું નિરૂપણ કરવામાં આવે છે.

સ્ત્રીઓને ભજનાનન્દ પ્રાપ્ત થાય તે માટે ભગવાને પોતાના આનન્દનું તેમનામાં સ્થાપન કરવા રમણ કરવાની ઈચ્છા કરી. તેમણે કુમારિકાઓને વરદાન કરતાં ''મારી સાથે

આ રાત્રિઓમાં રમણ કરશો'' એમ કહી રમણની રાત્રિઓ દર્શાવી હતી. તે રાત્રિઓ લઈ, તે બધી રાત્રિઓમાં અધિદૈવિક રાત્રિઓનો આરોપ કર્યો. તે રાત્રિઓ પૂર્ણ હોવાથી બધીને પૂનેમ બનાવી. ઋતુ પણ શરદ જ બનાવી. તે ઋતુમાં ઉગે તેવાં મલ્લિકાનાં પુષ્પો પણ બનાવ્યાં. એમ રસની વૃદ્ધિ કરનારી બધી સામગ્રી ઉત્પન્ન કરી રમણ કરવા માટે આનન્દનો પ્રકાશ કરનારું મન કર્યું. ભગવાન આવી વ્યવસ્થા કર્યા વિના પણ પોતાના આનન્દનું ગોપીઓમાં સ્થાપન કરી શકે. છતાં પણ ''મર્યાદા પણ ભલે રહી'' એવા વિચારથી તેમણે રમણ કરવાનું મન કર્યું. પછી પોતાના આનન્દનું ગોપીઓમાં સ્થાપન કરવા ભગવાને યોગમાયાનો ઉપયોગ કર્યો. યોગમાયાએ જેમ સંકર્ષણના ગર્ભને દેવકીના ઉદરમાંથી લઈ લીધો હતો તેવો ને તેવો રોહિણીના ગર્ભમાં મૂકેલ, તેમ ભગવાનના આનન્દને ગોપીઓમાં તે મૂકે તે માટે ભગવાને યોગમાયાનો ઉપયોગ કર્યો. વળી જે રાત્રિઓ રમણ કરવા બનાવેલી તે જ રાત્રિઓ લીધી. સાધારણ રાત્રિઓ લીધી હોત તો જગત્માં બધે આનન્દ પ્રસરી રહેત. ભગવાને જ્યારે રમણ કરવાનું મન કર્યું તે જ સમયે રમણ સિદ્ધ થાય તે માટે મનના આધિષ્ઠાતા દેવ ચંદ્રનો પણ ઉદય થયો. બધી રાત્રિઓ ભગવાને એક સાથે જોઈ, છતાં રમણ સમયે તેઓ એક પછી એક આવતી ગઈ. ચંદ્ર પણ ભગવાનનાં મનનો અધિદેવ હોવાથી પૂર્ણ અને કલંક વિનાનો ઊગ્યો. ભગવાને રમણ કરવા મન કર્યું તે જ સમયે ચંદ્ર ઊગ્યો, રમણ પૂરું થયું ત્યારે સ્થિર થયો. આટલા સમયમાં તે આકાશની મધ્ય સુધી જ આવ્યો, પણ કોઈ પણ સમયે અસ્ત થયો ન હતો. વળી સ્ત્રીઓનાં મન નક્ષત્ર જેવાં હતાં, તેમનું તે રક્ષણ પણ કરતો હતો. પૂર્વ દિશા દેવતાઓની દિશા છે અને તેનો દેવતા અને અધિપતિ ઈન્દ્ર છે. હમણાં ભગવાન જ ઈન્દ્ર થયેલા હોવાથી તેમનાં વીર્યરૂપ ચંદ્રને (પૂર્વ)દિશાના મધ્યભાગને પોતાના કિરણોથી રંગતો તે દિશામાં જ ઊગ્યો. પૂર્વ દિશામાં તે સમયે (રાત્રિના આરમ્ભમાં) રાગ (રતાશ, પ્રેમ) ન હતો, તેની સામેની (પશ્ચિમ) દિશામાં સૂર્યના સમ્બન્ધને લીધે રાગ હતો તેથી કુંકુમના જેવા પોતાનાં કિરણોથી પૂર્વ દિશાના મધ્ય ભાગને સહેજ રાગવાળી કરતો ઊગ્યો. તેના કિરણો શીતળ હોવાથી તાપ હરતા હતા. અને લાલ રંગવાળા હોઈ ઘણા કલ્યાણરૂપ હતાં. લાલ રંગમાં રાગ મુખ્ય છે. પુરુષ પણ રાગ (પ્રેમ)થી સ્પર્શ કરે ત્યારે સુખ થાય છે. જેમ લાંબા સમયે આવેલ પતિ પોતાની પ્રિયાનો શોક દૂર કરે છે તેમ સર્વત્ર પરિભ્રમણ કરનારી વ્રજની સ્ત્રીઓનો શોક દૂર કરતાં ચંદ્ર ઊગ્યો.

ચન્દ્રનો ઉદય થવામાં ત્રણ પ્રયોજન હતાંઃ ૧.પૂર્વ દિશાના મધ્ય ભાગને રંગવો ૨.પરિભ્રમણ કરનારી વ્રજસ્ત્રીઓનો શોક દૂર કરવો અને ૩.અંધકારને દૂર કરવો. ચન્દ્ર અખંડ મંડલવાળો પૂર્ણ હતો. તેથી તેણે 'કુ'=પૃથ્વીમાં સર્વત્ર 'મુદ્'=આનન્દ ઉત્પન્ન કર્યો. વળી લક્ષ્મીના મુખના જેવી તેની કાંતિ હતી કારણ કે તે લક્ષ્મીનો ભાઈ છે. વિવાહ સમયે લક્ષ્મીના મુખની જેવી કાંતિ હતી તેવી આની કાંતિ હોવાથી તે નવીન કામ ઉત્પન્ન કરતો હતો. વન પણ તેનાં કોમળ કિરણોથી રંગાયેલું હોવાથી તેનાં રસનું પોષણ કરતું હતું.

એવા ચંદ્રને અને વનને જોઈ ભગવાને વિચાર્યુ કે સંકલ્પ દ્વારા કામ ઉત્પન્ન થતાં સર્વ સિદ્ધ થશે તેથી સંકલ્પ ઉત્પન્ન કરવા માટે સુંદર દષ્ટિવાળી સ્ત્રીઓનું મન હરણ કરે તેવું અસ્પષ્ટ મધુર ગાન કર્યું. એટલે ગાનથી ગોપીઓને પોતાની પાસે બોલાવી. જો ભગવાન સ્પષ્ટ મધુર ગાન કરે તો ગોપીઓ ગાન સાંભળતી વ્રજમાં જ રહે. તેથી અસ્પષ્ટ મધુર ગાન કરી સુંદર દષ્ટિવાળી કુમારિકાઓને જ બોલાવી. જેમની દષ્ટિ સુંદર ન હતી તેમને તો બોલાવી જ ન હતી. છતાં પણ અનંગની વૃદ્ધિ કરનારું ભગવાનનું ગાન બધીએ સાંભળ્યું અને નિરોધ પણ બધીનો કરવાનો હોવાથી બધી આવી. ગાન સાંભળીને તેમનામાં ઉત્પન્ન થયેલો નવો કામ તેમને લઈ આવ્યો. વળી આ વ્રજની સ્ત્રીઓ પહેલાં પણ ભગવદીય હોવાથી શ્રીકૃષ્ણે તેમનું મન ગ્રહણ કરેલું તેથી જ્યાં પતિ-ભગવાન હતા ત્યાં આવી. કુમારિકાઓ જ પ્રથમ આવી, કારણ કે તેમણે દરેકે ભગવાનને પ્રથમ પતિ તરીકે સ્વીકારેલા. ત્યાં આવતાં તેમને પોતાના દેહનો પણ વિચાર ન રહ્યો. એટલે આવવાની ઝડપને લીધે તેમણે પહેરેલાં કુંડલો હાલ્યાં કરતાં હતાં અને તેથી કાનને પીડા થતી હતી તેનું પણ તેમને ભાન ન હતું. આ ૧૬,૦૦૦ કુમારિકાઓ પહેલાં ગૌડદેશ(બંગાલ)માં રહેતી અને ત્યાંથીજ આવેલી, તેથી કુંડલો પહેરતી. મથુરા પાસેના પ્રદેશમાં પણ ગામડાઓમાં રહેનારી સ્ત્રીઓ કુંડલો પહેરતી.

ભગવાને કુમારીકાઓને જ બોલાવેલી છતાં પ્રસંગને લીધે બીજીઓ પણ કાર્યમાં રોકાયેલી હોવા છતાં આવી. રજસ્, સત્ત્વ અને તમસ્ એ ત્રણ ગુણો છે. અને દરેકના રજસ્, સત્ત્વ અને તમસ્ એવા ત્રણ પેટા પ્રકારો કરતાં નવ ગુણો થાય છે. જાતિધર્મમાં, કુળધર્મમાં અને લોકધર્મમાં રોકાયેલી એવા ત્રણ પ્રકારની ત્રણ-ત્રણ મળી નવ અને નિર્ગુણ એવી દશ પ્રકારની ગોપીઓ ભગવાન પાસે આવી.

ગોપ જાતિની રાજસી હતી અને દૂધની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરતી હતી. ૧.તે પૈકી ઉત્પત્તિ કરનારી ગાયો દોડતી હતી. ગાયો અને વાછડાં બાંધેલાં, બંધોણુ અડધું દુધથી ભરેલું. એવો સમય તજાય નહિ, છતાં ભગવાનને મળવાની આતુરતાને લીધે તેઓ દોહવાનું પડતું મૂકી ભગવાન પાસે દોડી ગઈ, કારણ કે કોણ જાણે બીજી ક્ષણે ભગવાન કયાં જતા રહે? ૨.બીજીઓએ દૂધ ઉકળવા મૂકેલું, તે એમને એમ રહેવા દઈ ભગવાન પાસે ગઈ. ૩.બીજીઓ દૂધમાં ઘઉંના જીણા કટકા ઉકાળી રાંધતી હતી. તે પાકવા આવેલા, અને બળી જાય તો બધું બગડે, તે એમને એમ રહેવા દઈ ભગવાન પાસે આવી. આ ત્રણ અનુક્રમે રાજસ-રાજસી, રાજસ-સાત્ત્વિક અને રાજસ-તામસ ગોપીઓ હતી.

કુળના ધર્મમાં રોકાયેલી ગોપીઓ ત્રણ પ્રકારની હતી. તેમાં કેટલીક પતિની અને છોકરાંની સેવા કરતી હતી. ભોજન કરાવવામાં અને શયનમાં પતિની સેવા કરવી તે સ્ત્રીઓનો સ્વધર્મ છે. ૪.તેમાં કેટલીક પતિને ભોજન પીરસતી હતી. ખોરાકથી વીર્યની ઉત્પત્તિ થાય છે, તેથી આ સેવા સૃષ્ટિ કરાવનારી હોઈ રાજસ છે. ૫.કેટલીક નાના છોકરાંઓને સ્તનપાન કરાવતી હતી. આ પોષણરૂપ હોઈ સાત્ત્વિક છે. ૬.કેટલીક પતિની

શયનમાં સેવા કરતી હતી. આ ત્રણ અનુક્રમે સાત્ત્વિક-રાજસ, સાત્ત્વિક-સાત્ત્વિક અને સાત્ત્વિક-તામસ હતી.

કેટલીક લોકના ધર્મમાં રોકાયેલી એટલે પોતાના શરીરની સેવા કરતી હતી. તેમાં કેટલીક ૭.ભોજન કરતી હતી, તે ભોજન પડતું મૂકી આવી. ૮.કેટલીક શરીર ઉપર લેપ કરતી હતી અથવા ઘરમાં ગાર કરતી હતી અને ૯.કેટલીક શરીર ચોળતી અથવા આભરણો કે વાસણો માંજતી હતી. તે બધી ગોપીઓ સર્વ કાર્ય પડતાં મૂકી આવી. આ ત્રણ અનુક્રમે તામસ-રાજસ, તામસ-સાત્ત્વિક અને તામસ-તામસ હતી. ત્રણ-ત્રણ અનુક્રમે રાજસ, સાત્ત્વિક અને તામસ ગણી, કારણ કે ગાયની સેવા કરતાં પતિની સેવા મુખ્ય છે અને પોતાના દેહની સેવા કરતાં ગાયની સેવા મુખ્ય છે. ૧૦.કેટલીક આંખોમાં કાજળ આંજતી હતી, તેઓ તે પડતું મૂકી આવી. આ જ્ઞાનમાર્ગ (આંખ)ને શુદ્ધ કરનારી હોવાથી નિર્ગુણ હતી. આમનો અધિકાર દુર્લભ છે.

આ બધીનાં વસ્ત્રો અને આભરણો વીંખાઈ જઈ આડાં-અવળાં થઈ ગયાં હતાં. તેમને ભગવાન પાસે જતાં પોતાના દેહનું પણ ભાન રહેલું નહીં, તો પછી દેહના ધર્મ વસ્ત્ર-આભરણ ઠીક રાખવાનું ભાન હોય જ ક્યાંથી? આવી ગોપીઓમાંથી પણ કેટલીક શ્રીકૃષ્ણ પાસે આવી અને કેટલીક ન આવી. પતિ વગેરેએ રોકાવાની આજ્ઞા કરતાં, જે ગોપીઓ તેનો વિચાર કરવા રહી તે ભગવાન પાસે ન આવી. પરન્તુ જેમણે (ભગવાન સિવાય) કોઈની પણ દરકાર રાખી નહિ, તેઓ ઉપર જણાવ્યું તેમ દેહ અને તેના ધર્મોની પણ દરકાર રાખ્યા વિના ભગવાન પાસે આવી. કોઈને પતિઓએ, કોઈને માત-પિતાઓએ, કોઈને પુત્રોએ અને કોઈને બંધુઓએ રોકવા માંડેલી, કારણ કે આ પતિ વગેરેનો ભગવાને નિરોધ કરેલો હોવા છતાં તેઓ ફળના રસને જાણતા ન હતા અને સાધન કરવામાં સાવધાન રહેતા. તેઓ માનતા હતા કે સ્ત્રીઓએ પોતાની મારફત જ ભગવાનનું ભજન કરવું જોઈએ, સ્વતન્ત્ર રીતે કરવું ન જોઈએ. છતાં પણ જે ગોપીઓનું અન્તઃકરણ ભગવાને હરેલું તે રોકાઈ નહિ. પતિ વગેરે રોકાવાની આજ્ઞા કરતા, તે કાનથી સાંભળી ખરી પરન્તુ જ્યારે માણસમાત્ર અન્તઃકરણને વશ હોય છે અને ભગવાન અન્તઃકરણને (પોતાની પાસે આવવાની) પ્રવૃત્તિ કરાવતા હતા તેથી જેમ પ્રવાહના વેગથી જતી નૌકાને ''ઊભી રહે-ઊભી રહે'' એમ કહેવામાં આવે છતાં તે ઊભી રહેતી નથી તેમ આ ગોપીઓ પણ રોકાઈ નહિ. તેઓ ભગવાનથી મોહ પામેલી હતી તેથી તેમને (પતિ વગેરેનો) ભય ન હતો. તેમજ પોતાના ધર્મ (પતિસેવા વગેરે)ની પરવા પણ ન હતી. જો તેઓ શ્રીકૃષ્ણ પાસે ન જાય તો મૂર્છા પામી તેજ સમયે પ્રાણનો ત્યાગ કરે, તે દશે પ્રકારની ગોપીઓ ભગવાન પાસે ગઈ.

જે ગોપીઓને ભગવાનમાં જારબુદ્ધિ હતી તેઓને પતિ વગેરેએ ભગવાન પાસે જતાં રોકી. આવી ગોપીઓ દૈવગતિથી તે સમયે ઘરમાં હતી. બહાર જતાં રહેવાની ચતુરાઈ તેમનામાં ન હતી અને પતિઓ તેમની સાથે રમણ કરતા હતા તેથી તેઓ બહાર નીકળી

શકી નહિ. પછી આ પતિએ કરેલ વિઘ્ન દૂર થાય તે માટે તેમણે ભગવાનનું ધ્યાન ધર્યું, પરન્તુ ''ભગવાન જાર છે અને અમે અભિસારિકા (જાર પાસે જનારી) છીએ'' એવું જ વિચાર્યું તેથી વિઘ્ન દૂર ન થયું. તેમણે પણ ચક્ષુઓ બંધ કરી ભગવાનનું ધ્યાન ધર્યું એટલે તેમની મુક્તિ થઈ. તેઓને જ્ઞાન ન હતું, શાસ્ત્રીય ભક્તિ પણ તેમનામાં ન હતી અને ભગવાન પણ તેમની પાસે પ્રકટ થયા ન હતા છતાં તેમનાં પાપ અને પુણ્ય નો ક્ષય થતાં તેમની મુક્તિ થઈ. સર્વથી અધિક પ્રિય ભગવાન છે. તેમનો વિરહ મોટા અગ્નિરૂપ છે. તેના તીવ્ર તાપથી તેમના બધાં પાપ બળી ગયાં, દુષ્ટ કર્મના ફળરૂપ જેટલું દુઃખ ભોગવાય તેટલું દુઃખ તેમને ભગવાનના વિરહથી એક ક્ષણમાં થયું. એટલે બધાં પાપનાં ફળ ભોગવાઈ ગયાં. અચ્યુત પરમાત્મા ભગવાન ધ્યાનમાં પ્રાપ્ત થયા, જાર તરીકે પ્રાપ્ત થયા નહિ. જો જાર તરીકે પ્રાપ્ત થાય તો તેથી પણ કાંઈક કર્મ ભોગવવાનું બાકી રહે. તેઓ ભગવાનને ધ્યાનમાં ભેટી, તેથી તેમને જે સુખ થયું તેનાથી તેમનાં પુણ્યનો ક્ષય થયો. બ્રહ્માના કરોડો કલ્પો સુધી સ્વર્ગ વગેરે લોકોમાં જેટલું સુખ ભોગવાય તેટલું ભગવાનને ભેટવાથી તેમણે એક ક્ષણમાં અનુભવ્યું. તેથી તેમનાં પુણ્યનો પણ નાશ થયો. એટલે તેઓ મુક્ત થઈ. આરમ્ભમાં તો તેઓ સુખ ભોગવવાજ ભગવાનને ભેટી. સુખ ભોગવવા છતાં પણ ભગવાનથી છૂટા પડાવનારું પાપ નહિ હોવાથી તેઓ છૂટી ન પડી, પરન્તુ ભેટેલી જ રહી. પ્રારબ્ધ કર્મનો ક્ષય થઈ જતાં શરીર પડ્યું. તેઓએ તે કર્મ કરેલ હોવાથી તેનાં શુભ તથા અશુભ ફળ તેમને ભોગવવાં પડત, પરન્તુ તેઓ ભગવાનને જ ભેટેલી હોવાથી (દેહ પડતાં) તેમણે ભગવાનમાં પ્રવેશ કર્યો અને મુક્ત જ થઈ. શ્રીકૃષ્ણથી તેમને છૂટાં પાડે તેવું અથવા બીજો દેહ ઉત્પન્ન કરાવે તેવું કાંઈ કર્મ ન હોવાથી, શ્રીકૃષ્ણ ભગવાન છે એ વિષયનું અજ્ઞાન અને જાર છે એવું ખોટું જ્ઞાન ત્રણ ક્ષણ સુધી જ રહે તેવાં હોવાથી, તેમનાથી મુક્તિ પ્રાપ્ત થવામાં કાંઈ વિઘ્ન થયું નહિ. માત્ર તેમની અવિદ્યા રહી. તે અવિદ્યા ભગવાનની શક્તિ છે અને જેમને ભગવાનનો સમાગમ હોય તેમને મોહ કરતી નથી. તેથી તેણે પણ તેમની મુક્તિમાં અડચણ કરી નહિ એટલે તેઓ મુક્ત થઈ.

મર્યાદામાર્ગમાં જ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાર્ગમાં જ્ઞાનથી તથા ભક્તિથી મુક્તિ પ્રાપ્ત થાય છે. ગોપીઓને ન હતું જ્ઞાન કે ન હતી ભક્તિ. તેઓ ભગવાનને જાર અને પોતાને અભિસારિકા માનતી હતી. તેથી તેમને જ્ઞાન ન હતું. અને તેમની ભક્તિ પણ સગુણ હતી. તેઓ ભગવાનને અને પોતાને બન્નેને સગુણ જાણતી હતી. આવી ગુણબુદ્ધિથી સંસારની વૃદ્ધિ જ થાય, પણ મુક્તિ ન થાય. છતાં આ ગોપીઓને મુક્તિ પ્રાપ્ત થઈ, કારણ કે તેમનો ભગવાન શ્રીકૃષ્ણ સાથે સમ્બન્ધ થયો હતો. ભગવાનમાં સર્વ ઐશ્વર્ય (સત્તા) રહેલ છે. તે પરાધીન નથી. કાલ કર્મ અને સ્વભાવ ને પણ વશ રાખનારા છે અને કોઈની તેમને જરૂર નથી. તેથી અહીં ભૂતલ ઉપર પ્રકટ થવામાં તેમને કાંઈ સ્વાર્થ (પોતાનું પ્રયોજન) હોવાનું સમ્ભવતું જ નથી. બીજાનું પ્રયોજન સિદ્ધ થાય તે માટે પણ પ્રકટ થવાનું તેમને કારણ નથી. કારણ કે તે 'અવ્યય' હોવાથી તેમનામાં કોઈ પ્રકારનો વિકાર

નથી, એટલે કોઈની ક્રિયાથી તે પ્રાપ્ત થઈ શકે તેવા નથી. 'અપ્રમેય' એટલે જેમનું જ્ઞાન થઈ શકે નહિ તેવા હોવાથી કોઈ જ્ઞાનથી પણ તેમને પ્રાપ્ત કરી શકે તેમ નથી. 'નિર્ગુણ' હોવાથી કોઈ દેહ વગેરેનું ભજન કરી તેમની ભક્તિ કરી શકે તેમ પણ નથી, કારણ કે જેમનામાં ગુણો હોય તેમની જ બીજા ભક્તિ કરી શકે. જેમકે જેને ભૂખ હોય તેને અન્ન આપી શકાય, જેને કામ હોય તેના ઉપયોગમાં સ્ત્રી આવી શકે, જેને ઈન્દ્રિયો હોય તેને ઈન્દ્રિયોના વિષયો ઉપયોગી થાય. ભગવાનમાં એવો કોઈ પણ અંશ પૂર્ણ કરવા યોગ્ય નથી કે જે સેવકો તેમનામાં પૂર્ણ કરી શકે તેથી ભગવાનની ભક્તિ થઈ શકે તેમ નથી. લીલા માટે તેમને કોઈ પણ પદાર્થની જરૂર હોય તો પણ બધા ગુણોના આત્મા પણ ભગવાનજ હોવાથી સર્વ પદાર્થો તેમના જ છે. તેથી સાધન તરીકે તેમને કોઈ પણ પદાર્થની જરૂર નથી. એ જ પ્રમાણે ભગવાનને ભૂતલ ઉપર પ્રાકટ્ય લેવાનું પોતાનું અથવા બીજાનું પણ કાંઈ પણ પ્રયોજન નથી. તેથી પ્રાણિમાત્રને મોક્ષનું દાન કરવા જ ભૂતલ ઉપર તે પ્રાકટ્ય કરે છે. જો પ્રાકટ્ય લેવાનું આ પ્રયોજન ન હોય તો પ્રાકટ્ય લેવાનું કાંઈ બીજું અસાધારણ પ્રયોજન ન હોવાથી ભગવાન પોતાનું પ્રાકટ્ય કરત નહિ. ભૂમિનો ભાર હરવો વગેરે પ્રયોજનો તો ભગવાનનાં પ્રાકટ્ય વિના પણ થઈ શકે તેવા છે. તેથી ભગવાનનું પ્રાકટ્ય પ્રાણિમાત્રને મોક્ષ આપવા માટે જ થયેલું. તેથી હર કોઈ પ્રકારે જે ભગવાનના સમ્બન્ધમાં આવ્યા તે સર્વની મુક્તિ થઈ છે. કામથી સ્ત્રીઓની, ક્રોધથી શત્રુઓની, ભયથી વધ કરવા યોગ્ય પ્રાણીઓની, સ્નેહથી સમ્બન્ધીઓની, ઐક્યથી જ્ઞાનીઓની, મૈત્રીથી ભક્તોની (કારણ કે ભક્તોને જ ભગવાનની મૈત્રી થાય છે) મુક્તિ થયેલી છે. બીજા હર કોઈ ઉપાયથી ભગવાનના સમ્બન્ધમાં અવાય તેથી મુક્તિ થાય છે જ. પણ તે ઉપાય સદા કરવો જોઈએ. કારણ કે અન્ત સમયે જેવી મતિ થાય તેવું ફળ મળે છે. અને ભગવાન પ્રપચંના વિરોધી હોવાથી બીજાની જેમ અન્ત સમયે સ્મરણ થતું નથી. તેથી ભગવાન સાથે નિત્ય સમ્બન્ધ રાખવો. તેમ કરવાથી ભગવન્મય થવાય છે. ભગવાન 'હરિ' હોવાથી સર્વના દુઃખ હરે છે. તેમની સદા ભાવના કરવાથી આખું જગત્ ભગવન્મય જણાય છે. જેમ કામિનીના કામથી રંગાયેલી દષ્ટિ સર્વત્ર કામિનીને જુએ છે તેમ ભગવાનની સદા ભાવના કરનારની દષ્ટિ આખા જગત્‌ને ભગવન્મય જુએ છે, તો પછી તે પોતે ભગવન્મય થાય તેમાં શું આશ્ચર્ય? આનું કારણ એ છે કે જેમ જ્ઞાન અને ભક્તિ દર્શાવનારું શાસ્ત્ર મુક્તિનું સાધન છે તેમ ભગવાનનું સ્વરૂપ પણ મુક્તિનું સાધન છે. કારણ કે મુક્તિનું દાન કરવા માટે જ ભગવાને સચ્ચિદાનન્દરૂપથી પ્રકટ થઈ અવતાર લીધેલો. તેથી હરકોઈ ઉપાયથી જે કોઈ તેમની સાથે સમ્બન્ધમાં આવે તે મુક્ત થાય છે જ.

જ્ઞાન અને ભક્તિ તો ભગવાનનો આવિર્ભાવ કરવામાં ઉપયોગી છે. જો આવિર્ભાવ તેમના વિના થયેલ હોય તો તેમનો કાંઈ ઉપયોગ રહેતો નથી. આ શ્રીકૃષ્ણ તો સર્વને સામાન્ય રીતે મુક્તિ આપવા માટે પોતાની મેળે જ પ્રકટ થયેલા, કારણ કે ઈશ્વરની ઈચ્છાને કોઈ પ્રકારનો અંકુશ હોતો નથી. તેથી ભગવાનનું પ્રાકટ્ય તેમની ઈચ્છાથી, જ્ઞાનથી

અને ભક્તિથી થાય છે. ભગવાનનો અવતાર થયેલ ન હોય ત્યારે જ્ઞાન અને ભક્તિ થી જ તે પ્રકટ થાય છે. જ્યારે અવતાર થયેલ હોય ત્યારે આ બેનું કાંઈ પ્રયોજન નથી. જેમ વર્ષાસમયે સર્વત્ર જલ સ્હેલાઈથી પ્રાપ્ત થાય છે ત્યારે નદીએ કે કૂવે જવાનું પ્રયોજન રહેતું નથી, તેમ અવતાર હોય ત્યારે જ્ઞાન અથવા ભક્તિનું પ્રયોજન રહેતું નથી. આમ છતાં તે નકામા છે એમ ન માનવું.

શિશુપાલ ભગવાનનો સદા દ્વેષ કરતો હતો. તે શ્રીકૃષ્ણના સમ્બન્ધમાં દ્વેષથી આવ્યો છતાં તેને મુક્તિ મળી. દ્વેષ કરવાથી દોષ થાય તે મુક્તિમાં વિઘ્ન કરનારો છે, છતાં ભગવાનનું સ્મરણ થવાથી, તેના પાપનો નાશ થતાં તેને સાયુજ્ય મુક્તિ મળી. વળી તેણે દ્વેષ કર્યો તેમાં તેનો કાંઈ દોષ પણ ન હતો. કારણ કે ભગવાન 'હૃષીકેશ' ઈન્દ્રિયોને પ્રેરણા કરનારા હોવાથી પોતાને જેમ સુખ થાય તેવા ભાવ જીવોમાં ઉત્પન્ન કરે છે. જ્યારે શિશુપાલને દ્વેષથી મુક્તિ મળી ત્યારે ગોપીઓને જારબુદ્ધિ રાખવાથી મુક્તિ મળે તેમાં શુ આશ્ચર્ય? જેમ ગોપીઓને મુક્તિ મળી તેમ બીજા ઘણાને ભગવાન મુક્તિ આપશે તેમાં શંકા ન રાખવી. જો મોક્ષ આપવા માટે જ્ઞાનની જરૂર હોય તો ભગવાનમાં તે છે જ. તેથી જરૂર હોય તો તે પણ આપીને મુક્ત કરે. ભગવાન અજ–જન્મરહિત હોવાથી દોષરહિત છે. કારણ કે દોષનું મૂલ જન્મ છે. જેમનો જન્મ થાય છે તે જીવોના સમાન હોવાથી મુક્તિ આપી ન શકે. સર્વથી નિવૃત્ત થયેલું મન મુક્તિનું સાધન છે. તેવું મન યોગથી થાય છે અને યોગને પણ વશ રાખનાર ભગવાન જ છે. જેને મોક્ષ પ્રાપ્ત થાય છે તેને ભગવાનની ઈચ્છાથી જ પ્રાપ્ત થાય છે, કારણ કે મુક્તિનાં સોગ વગેરે તેમને જ અધીન છે. વળી શ્રીકૃષ્ણ સદાનન્દ ફળરૂપ છે. જેને મુક્તિ મળે તે તેમને જ પ્રાપ્ત કરે છે, એટલે સાધનો કરીને પણ તેમને જ પ્રાપ્ત કરવાના છે, તે ભગવાન ગોપીઓ સાથે પોતે જ સમ્બન્ધમાં આવે છે. એટલે તેમની મુક્તિ થાય તેમાં કાંઈ અજુગતું નથી. વળી આ દેખાતું સર્વ જગત્ શ્રીકૃષ્ણથી મુક્તિ પામશે. કારણ કે તેઓ પોતે અથવા પરંપરાથી સર્વને મુક્ત કરશે.

તે વ્રજની સ્ત્રીઓ ભગવાન પાસે આવી. તેમને જોઈને વક્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન સુન્દર શબ્દવાળાં વાક્યોથી મોહ પમાડતાં તેમને વ્રજ પાછા જવાનું કહેવા લાગ્યા. જે કુમારિકાઓ બોલાવેલી આવેલી તેમને ભગવાન આમ કહેતા નથી, પરન્તુ જે બીજાના સમ્બન્ધવાળી સગુણ સ્ત્રીઓ દોહવાનું વગેરે પડતું મૂકી વેણુનાદ સાંભળીને આવેલી ભગવાન તેમને શબ્દ વાણીથી પાછા જવાનું કહે છે, કારણ કે બીજાના અંગ તરીકે ભગવાનનું ભજન કરવું યોગ્ય નથી. ભગવાન જે લીલા કરવાના છે તે સર્વભાવથી તેમની ભક્તિ કરનારને જ પ્રાપ્ત થાય તેવી છે. તેથી આ ગોપીઓની પરીક્ષા કરવા ભગવાન તેમને પાછા જવાના વચનો કહે છે. ભગવાન સર્વસમર્થ છે અને તે વ્રજની સ્ત્રીઓ પણ સરલ–કપટરહિત અને ભગવદીય છે, છતાં તેમને ધર્મનો ઉપદેશ કરવા ભગવાન આ વચનો કહે છે. પતિ વગેરેએ રોકવા છતાં નહિ રોકાતા આ ગોપીઓ આવેલી, છતાં ભગવાન વક્તાઓમાં શ્રેષ્ઠ હોવાથી તેમનાં વચન હૈયે ઉતરે અને તેઓ પાછાં જાય તો તેમને

રાસલીલામાં યોજવા યોગ્ય નથી એમ વિચારી ભગવાન તેમને આ વચન કહે છે. સુન્દર શબ્દોવાળી વાણીથી તેમને મોહ પમાડતાં ભગવાન પાછાં જવા માટે શબ્દો કહે છે. અથવા તેમને આ શબ્દોથી વિશેષ મોહ ઉત્પન્ન થાય અને તેઓ ભગવાન પાસે વનમાં રહેવાના નિશ્ચયમાં સારી રીતે દઢ થાય તે માટે આ વચનો ભગવાન કહે છે. તેમ ન કરે તો તેઓ જતાં રહે. તેથી સામાન્ય અર્થ પ્રમાણે ઘેર પાછાં જવા, પરન્તુ ભાવાર્થ પ્રમાણે ત્યાં જ રહેવા ભગવાન તેમને કહેવા લાગ્યા.

ભગવાને તેમને કહ્યુંઃ ''હે મોટાં ભાગ્યાવાળીઓ! તમે સુખથી તો આવી છોને? તમારું હું શું પ્રિય કરું? વ્રજમાં બધું કુશળ છે ને? અહીં આવવાનું કારણ કહો''.

દશ પ્રકારની ગોપીઓ પૈકી તામસ-તામસીઓને ભગવાને એ પ્રમાણે કહ્યું. ''સુખથી આવ્યા છો ને?'' એ પ્રશ્ન લોકવ્યવહાર પ્રમાણે કર્યો. વાસ્તવિક રીતે તો તમે મારી પાસે કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના આવી તેથી તમે મોટા ભાગ્યવાળી છો એમ ભગવાને જણાવ્યું. પછી ભગવાન એમ જણાવે છે કે હું તમને સ્વભાવથી પ્રિય નથી પરન્તુ કામનાને લીધે પ્રિય છું. કામના ત્રણ પ્રકારની હોય છે ૧.ઈચ્છેલું પ્રાપ્ત કરવાની ૨.દુઃખ દૂર કરવાની અને ૩.દેશ અને કાલમાં જે પદાર્થ ઘણો દૂર હોય તે મેળવવાની. તેથી ભગવાન ત્રણ પ્રશ્ન કરે છે ૧.''તમારું હું શું પ્રિય કરું?'' તમે મારી પાસે કાંઈક માગવા આવ્યા હો તેમ જણાય છે. એમ હોય તો શું જોઈએ છે તે કહો. ૨.તમે દોડતી-દોડતી આવી છો તો વ્રજમાં શું કાંઈ ઉપદ્રવ થયો અને તે જણાવવા આવી છો? ૩.તમારે કાંઈ જોઈતું ન હોય અને વ્રજમાં ઉપદ્રવ પણ થયો ન હોય તો અહીં આવવાનું કારણ કહો.

વળી ભગવાને કહ્યું કે ''હે સુન્દરીઓ! આ રાત્રિ ભયાનક છે. ભયાનક પ્રાણીઓ તેમાં બહાર ફરે છે. વ્રજમાં પાછી જાઓ. સ્ત્રીઓએ અહીં રહેવું ન જોઈએ''.

આ રાત્રિ છે, દિવસ નથી. કામ હોય તો દિવસે જ વનમાં જવાય. આ ચંદ્ર છે પણ સૂર્ય નથી. રાત્રે પ્રકાશ છે તેથી અહીં અવાય નહિ, કારણ કે પ્રકાશવાળી પણ રાત્રિ ભયંકર હોય છે. પ્રકાશવાળી રાત્રે પણ જતાં પુરુષને ભય થાય છે. વળી ભયાનક પ્રાણીઓ જ રાત્રિમાં બહાર ફરે છે, ભયાનક ન હોય તેવાં બહાર ફરતાં નથી, તેથી ભયાનક ન હોય તેવાં બહાર નીકળે તો ભયાનક પ્રાણીઓ તેમને હણે છે. તેથી રાત્રિનો સ્વભાવ, ભયંકરપણું અને તેમાં ફરનારાં પ્રાણીઓનાં સ્વરૂપને જાણી વ્રજમાં પાછી જાઓ. હું ઓળખીતો છું તેથી ભય ન થાય તે માટે મારી પાસે રહેવું પણ યોગ્ય નથી, કારણ કે હું પુરુષ છું અને આ રાત્રિ છે. તેથી સ્ત્રીઓએ અહીં રહેવું ન જોઈએ. અહીં સ્ત્રીઓ રહે તો તેમનામાં અને મારામાં વિકાર થાય. વળી જો તમે ઘરડી અથવા બાલકીઓ હો તો કદાચ અહીં રહી શકત, પરન્તુ તમો સુન્દરીઓ છો, રસથી ભરપૂર છો. તેથી દેહનો અધ્યાસ હોય તો જતા રહેવું જ જોઈએ.

ભગવાને આમ કહ્યું તેનો ભાવાર્થ એવો છે કે આ રાત્રિ સુન્દર છે ('ઘોર'ને બદલે 'અઘોર' શબ્દ સંધિના નિયમ પ્રમાણે લેવાથી આવો અર્થ થાય છે.). ભલાં પ્રાણીઓ

આમાં બહાર ફરે છે. વ્રજમાં પાછી ન જાઓ. હે સુન્દરીઓ! (તમે) સ્ત્રીઓએ અહીં રહેવું. વળી ભગવાને કહ્યું કે તમે મારા માટે જ અહીં આવી હો તો પણ તમારા માતા-પિતા, પુત્રો, ભાઈઓ અને પતિઓ તમને નહિ જોતાં શોધશે. સગાંઓને ભય ન કરો.

તમે માતાને વશ છો, તે તમારી સાથે આવેલ નથી તેથી તમને શોધશે. તેઓ સ્ત્રી હોવાથી રાત્રિએ વનમાં નહિ આવે તો પણ તમારા પિતાઓ આવશે જ, કારણ કે કુળને કલંક લાગવાનો તેમને ભય થશે. પિતાઓ આવે ત્યારે તેમની સાથે જશું એમ પણ ન વિચારો, કારણ કે તમને નહિ જોતાં તેઓ શોધશે. ગોકુલ નીકળી મારી પાસે વનમાં આવતાં રસ્તામાં ઘણા માર્ગો આવે છે. ત્યાં મારી માયા રહેલી છે તે કોઈને પણ મારી પાસે આવવા નહિ દે. તેથી તેઓ ખોટા જ માર્ગે જઈ તમને ન જોતાં શોધ્યા જ કરશે. આથી ભગવાને એમ પણ સૂચવ્યું કે તમે અહીં મારી પાસે રહો તેમાં ભય નથી, કારણ કે તમારા પિતાઓ વગેરે અહીં નહિ આવે અને તેથી અહીં રહેવામાં સગાઓનો ભય ન રાખો.

તમારા પિતાઓ સ્ત્રીનો સ્વભાવ જાણતા હોવાથી, અથવા તમે મારા-ભગવાનને માટે આવી છો એમ જાણતા હોવાથી કદાચ ન આવે તો તમારા પુત્રો આવશે. તેઓ સર્વ પ્રકારે તમારું રક્ષણ કરે છે અને તમારા કારણે તેમને ઘણી લાજ આવે છે. તેથી તેમના ઉપર દયા કરી તેમને ભય ન થાય તે માટે પાછાં ઘેર જાઓ. તેઓ બાલક હોવાથી ન આવે તો પણ તમારા ભાઈઓ આવશે. તેઓ શોધવા શક્તિવાળા છે અને તમારા કારણે લાજવાળા પણ છે. તેથી તમને નહિ જૂએ તો લાજને લીધે કદાચ દેહનો પણ ત્યાગ કરશે. તમે તરુણીઓ છો અને ભાઈઓ તરુણ હોવાથી અપકીર્તિ થશે એવા ભયથી કદાચ તેઓ તમને શોધવા ન આવે તો પણ તમારા પતિઓ આવશે. તેમને ભોગ કરવા પણ તમારી જરૂર છે. અને આ રસ તેમનો જ છે. તેથી પારકો (પતિઓનો) રસ બીજાને તમારે દેવો યોગ્ય નથી. તેમનાથી પણ તમને ભોગ પ્રાપ્ત થશે. આ બધાએ ઘરમાં તમને નહિ જોતાં અવશ્ય શોધતા હશે અને લાંબા સમય સુધી ન જોતાં તેઓ માનશે કે તમારો નાશ થયો છે અથવા તમને કોઈ ઉપાડી ગયું છે. અને તેથી ભય પામશે. તે બધાં તમારાં સગાં છે. તેમની સાથે જ તમારે રહેવું જોઈએ. તેથી અહીં રહેવામાં ઘણી અડચણો હોવાથી પાછી ફરી ઘેર જાઓ.

આ સમયે ચારે તરફથી જોતી રાજસ-રાજસી ગોપીઓને જોઈ વળી ભગવાને કહ્યં કે ''યમુનાના વાયુની લહેરથી હાલતાં વૃક્ષોનાં પાંદડાથી શોભતું, ચંદ્રના કિરણોથી રંગાયેલું પુષ્પોવાળું વન તમે જોયું''.

જો વન જોવા જ આવી હો તો તે જોઈ જ લીધું તેથી પાછી જાઓ. ભાવાર્થ એ છે કે આ વન તમે સદા જોયેલું છે, એટલે તમને અહીં રહેવામાં ભય નથી, તેથી ઘેર ન જશો. ઘેર જવાની ખાસ જરૂર હોય તો જ જજો. વળી તેમની વનમાં આસક્તિ થાય તેમ ભગવાન વનનું વર્ણન કરે છે. આ વન પુષ્પોવાળું છે, હમણાં પુષ્પો ઊગ્યાં છે, ફળ થતાં નથી. પુષ્પોવાળાં વનમાં રમણ કરવું યોગ્ય છે. આ વર્ણનથી ભગવાન ગોપીઓને પોતામાં

મોહ ઉત્પન્ન કરે છે એટલે વનમાં પોતાની પાસે રહેવા સૂચવે છે અને ઘેર જવાનું કહે છે. વળી આ વન ચન્દ્રના કિરણોથી રંગાયેલું છે. વન તામસ છે, પુષ્પો રાજસ છે અને ચન્દ્રનાં કિરણો સાત્ત્વિક છે. આ બધાં કામને ઉદ્દીપન કરનારાં છે. ચન્દ્ર પણ પૂર્ણ છે. તેથી પૂર્ણ હો તો અહીં રહેજો એમ સૂચવ્યું છે. વળી યમુનાના સમ્બન્ધવાળા વાયુની લહેરથી જે વૃક્ષોનાં પાંદડાં હાલે છે તેમનાથી આ વન શોભે છે. યમુનાના જલના સમ્બન્ધથી વાયુ શીતલ છે, પાંદડાંને લહેરથી હલાવતો હોવાથી મંદ છે અને સુગંધી વૃક્ષોના સમ્બન્ધથી સુગંધીવાળો છે. આ રસને જાગ્રત કરવામાં આ ઉપયોગી છે.

એ પ્રમાણે વનનું વર્ણન કરી, તેમાં આસક્તિ ઉત્પન્ન કરીને, રાજસ-તામસી ગોપીઓને ભગવાન ત્યાંથી જવા કહે છે કે ''તેથી હે સતીઓ! નેસડે જાઓ, નહિ કરો વિલંબ, પતિઓની સેવા કરો. વાછડાં અને બાલકો રડે છે, તેમને ધવરાવો, (ગાયોને) દુહો''.

વન જોયું એ તમારું કાર્ય પત્યું તેથી જાઓ. ભાવાર્થ એવો છે કે આવું (સુંદર) વન છે, તેથી જાઓ નહિ. ''નહિ કરો વિલંબ'' વિલંબ ન કરો. ભાવાર્થ એવો છે કે 'ચિરમ્' લાંબા સમય સુધી ન જાઓ, કારણ કે કોઈ ભગવાનને તજી નેસડે જતું નથી. વળી 'નેસડે જાઓ' ત્યાં ગાયોની સેવા પણ થશે. વળી સ્ત્રીઓનો ધર્મ પતિની સેવા કરવાનો છે તે પણ થશે. તેમાં પણ તમે સતીઓ છો. ભાવાર્થ એવો છે કે નેસડે જવાથી ધર્મ થશે, રસ અહીં રહેવાથી જ પ્રાપ્ત થશે. વળી ''પતિઓની સેવા કરો'' એમ 'પતિ' બહુ વચનમાં યોજેલ હોવાથી ત્યાં ધર્મ પણ નહિ થાય. તેથી તમારામાં જે પતિવ્રતાઓ હો તે જાઓ. બધી પતિવ્રતા ન હો તો કોઈ ન જ જાઓ. લૌકિક ધર્મમાં આસક્તિવાળી પતિવ્રતાઓ પતિને તજી આવેજ નહિ. તેથી આ ભગવાનનું વચન રસવાળું હોઈ એમ સૂચવે છે કે તેમની લૌકિકધર્મમાં આસક્તિ નથી. વળી વાછડાં દોહતી વખતનાં એમને એમ બાંધેલાં છે અને બાલકો પણ ભૂખ્યાં છે. તેઓ રડે છે તેથી તેમને છાનાં રાખવા ધવરાવો અને ગાયો દુહો. તમારું જીવન બીજા માટે છે, સ્વાર્થ માટે નથી. ભાવાર્થ એ છે કે સુખની ઈચ્છા રાખનારીઓએ દુઃખીઓના સ્થાનમાં જવું યોગ્ય નથી.

ભગવાને એમ કહ્યું ત્યારે જેમની દૃષ્ટિ સ્નેહાળ થઈ તેવી ગોપીઓને ભગવાને કહ્યું કે ''અથવા મારામાં ઘણો પ્રેમ હોવાથી (મને) વશ થયેલાં અન્તઃકરણવાળી તમે આવી તે યોગ્ય છે, કારણ કે મારા સમ્બન્ધવાળાં પ્રાણીઓ પ્રસન્ન થાય છે''.

તમે શા માટે આવી છો એ સમ્બન્ધી બધા તર્કો મેં ખોટા કર્યા. વાસ્તવિક રીતે તો તમે મારાં દર્શન કરવા જ આવેલી છો. મારામાં જે ઘણો પ્રેમ, તેને લીધે (મને) વશ થયેલું છે અન્તઃકરણ જેમનું તેવી તમે અહીં આવી તે યોગ્ય જ છે, કારણ કે મારા સમ્બન્ધવાળાં બધાએ પ્રાણીઓ પોતાની મેળે જ પ્રસન્ન થાય છે. મારે (તેમને પ્રસન્ન કરવા) કાંઈ પણ કરવું પડતું નથી. મારે તો સ્નેહ જ રાખવાનો, પણ કાંઈ ક્રિયા કરવાની હોતી નથી. આ સામાન્ય નિયમ જાણી ઘેર જાઓ. ભાવાર્થ એવો છે કે જશો નહિ (પાછલા વાક્યના

'જાઓ નહિ' શબ્દોનું અહીં અનુસંધાન થાય છે). કારણ કે સ્નેહને લીધે આવેલ હોય તેઓ કોઈ જવાની પ્રેરણા કરવા છતાં પણ જતો નથી. વળી આમનાં તો અન્તઃકરણ ભગવાનને વશ થયેલાં છે. અન્તઃકરણ બીજાને વશ થાય ત્યારે કાંઈ કરવાનું (પાછા જવાનું) રહેતું નથી. વનમાં રહેવામાં અથવા પાછા જવામાં બન્ને પક્ષમાં ભગવાન ઉપર કપટરહિત સ્નેહ રાખવાનો ભાવ છે.

પછી સાત્ત્વિક-સાત્ત્વિક ગોપીઓને ભગવાને કહ્યું કે ''હે કલ્યાણીઓ! પતિની અને તેના સગાઓની કપટવિનાની સેવા અને પ્રજાનું પોષણ એ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે''.

સ્ત્રીઓનો મુખ્ય ધર્મ પતિની સેવા છે. સ્વભાવથી જીવોના પતિ ભગવાન જ છે અને તેમાં પણ સ્ત્રીઓ એટલે જેમને સ્ત્રીદેહ પ્રાપ્ત થયેલ છે, તેમણે તો વ્યભિચાર ન થાય તે માટે ભગવાનની જ સેવા કરવી જોઈએ. લૌકિકમાં તો લગ્નથી જેને પતિ માનેલ હોય તેની સેવા કરવી જોઈએ એ જ મુખ્ય ધર્મ છે. તે સેવા પણ કપટ વિનાની કરવી જોઈએ, કપટથી સેવા કરવામાં આવે તો કાંઈ ફળ ન મળે. બીજા બધા ધર્મો (આથી) હલકા છે. પતિના સગાં-સસરા વગેરેની સેવા કરવી જોઈએ. તમે 'કલ્યાણીઓ' હોવાથી તમારે આ બધાં સગાં છે. વળી પુત્ર વગેરે પ્રજાનું અન્ન વગેરે આપીને અથવા ધવરાવીને પોષણ કરવું જોઈએ. (ભાવાર્થ એવો છે કે લૌકિક ધર્મ સાચવવો હોય તો પાછા જાઓ. જીવનો સ્વાભાવિક ધર્મ સાચવવો હોય તો અહીં રહો.)

વળી ભગવાને સાત્ત્વિક-રાજસ ગોપીઓને કહ્યું કે ''પતિ લાયક ન હોય અને દુષ્ટ, દુર્ભાગી, વૃદ્ધ, જડ, રોગી અથવા નિર્ધન હોય તો પણ પાતકી ન હોય તેવા પતિનો લોકની ઈચ્છા રાખનારી સ્ત્રીઓએ ત્યાગ કરવો જોઈએ નહિ''.

દુષ્ટ એટલે દ્યુત વગેરે વ્યસનવાળો, દુર્ભાગી એટલે દરિદ્ર, વૃદ્ધ એટલે ઈન્દ્રિયોમાં નબળો, જડ એટલે મૂર્ખ, રોગી એટલે મોટા રોગવાળો, નિર્ધન એટલે ગરીબ. ગરીબ પતિ પણ જો ભાગ્યવાળો હોય તો આદરને લીધે સ્ત્રીઓ તેનો ત્યાગ કરતી નથી (તેથી દુર્ભાગી અને નિર્ધન જુદા કહેલા છે.) આવા છ દોષવાળો પતિ હોય તો પણ સ્ત્રીઓએ બીજો આધાર નહિ હોવાથી તેનો ત્યાગ કરવો ન જોઈએ.

લૌકિક પતિમાં અને ભગવાનમાં વિરોધ સ્પષ્ટ જ છે. ભગવાન છ ગુણવાળા છે, ત્યારે લૌકિક પતિ છ દોષવાળો છે. જો પતિ પાતકી હોય તો તો તેનો ત્યાગ કરવો જ જોઈએ, કારણ કે ''પતિત ન હોય તેવા પતિને ભજવો'' એમ જ શાસ્ત્ર કહે છે. જે સ્ત્રીઓને આ લોકમાં અથવા પરલોકમાં કીર્તિ વગેરેની ઈચ્છા હોય તેમણે પતિનો ત્યાગ ન કરવો જોઈએ. ત્યાગ કરે તો તેમની અપકીર્તિ થાય. (ભાવાર્થ એ છે કે આ લોક અથવા પરલોકની દરકાર ન હોય તો તમોને અહીં રહેવામાં અડચણ નથી.)

વળી ભગવાને કહ્યું કે ''હે કુલવાન સ્ત્રીઓ! જારકર્મ સ્વર્ગનો નાશ કરનારું, અપકીર્તિ કરનારું, અલ્પ કષ્ટથી પ્રાપ્ત થાય તેવું પરન્તુ ભય કરનારું અને સર્વ સ્થળે

નિન્દાયેલું છે''.

જાર સાથેનો સમ્બન્ધ રસવાળો હોવા છતાં ઘણાં દોષોથી ખરડાએલો છે. તેમાં છ દોષો છે. ૧.તે સ્વર્ગનો એટલે કે પરલોકનો નાશ કરે છે. પહેલાં ધર્મથી સ્વર્ગ પ્રાપ્ત કરેલ હોય તે પણ જારકર્મ કરતાં જતું રહે છે. ૨.વળી આ લોકમાં પણ તે યશનો નાશ કરે છે અને નરક પણ પ્રાપ્ત કરાવે છે. વળી ૩.તેમાં રસનો પણ વધારે ભોગ થતો નથી, કારણ કે તે સુખ માત્ર એક ક્ષણ સુધી ભોગવાય તેવું હોઈ અલ્પ જ છે. સ્વરૂપથી મોટું હોવા છતાં કાલથી ઓછું જ છે. ૪.તે કષ્ટથી પ્રાપ્ત થાય તેવું છે. થોડી મહેનતે પ્રાપ્ત થતું નથી. તેથી તેમાં ઘણું દુઃખ રહેલું છે. ૫.વળી જ્યારે તેનો અનુભવ થતો હોય ત્યારે પણ તે રસ ઉત્પન્ન કરતું નથી, કારણ કે (કોઈ જોઈ જશે એવો) ભય ઉત્પન્ન કરે છે. અને ભયાનક રસ તો શૃંગારરસનો વિરોધી છે. તેથી જ જારકર્મ 'વ્યભિચાર' કહેવાય છે. તે મુખ્ય રીતે ભયાનક રસ ઉત્પન્ન કરે છે અને ખાસ કરીને આરમ્ભમાં ભયાનક રસ ઉત્પન્ન કરે છે. ૬.વળી સર્વ સ્થળે આ નિંદાયેલું છે. તે કર્યા પછી જો સારું કર્મ કરે તો પણ સર્વ દેશોમાં સર્વ કાલમાં તેનાથી તેની નિન્દા જ થાય છે. જારકર્મ ધર્મ છે એવો મત ભૂલ ભરેલો જ છે. તેથી જારકર્મ ઘણા દોષોથી ખરડાયેલું હોવાથી ઉત્તમ સ્ત્રીએ તે કરવું યોગ્ય નથી.

ભાવાર્થ એવો છે કે જારનો સમ્બન્ધ દોષવાળો છે, પણ હું ભગવાન સહજ પતિ છું તેથી અહીં રહેવામાં દોષ નથી. વળી જેમને કુલના સમ્બન્ધનું અભિમાન હોય તેવી કુલવાન સ્ત્રીઓને જ જારકર્મ દોષરૂપ છે. તમારામાં કુલનું અભિમાન ન હોય તો અહીં રહો.

એવી રીતે સગુણ નવ પ્રકારની ગોપીઓને બોધ કરીને નિગુર્ણ ગોપીઓને બોધ કરતાં ભગવાને કહ્યું કે ''શ્રવણ, દર્શન, ધ્યાન અને પછી કીર્તનથી મારામાં જે પ્રકારનો ભાવ થાય છે તેવા પ્રકારનો ભાવ પાસે રહેવાથી થતો નથી. તેથી ઘેર પાછી જાઓ''.

ઉપર જે જારકર્મના દોષો કહ્યાં તે લૌકિક દૃષ્ટિ પ્રમાણે દોષ છે, ભક્તિમાર્ગમાં અથવા પારમાર્થિક દૃષ્ટિ પ્રમાણે એ દોષો નથી, કારણ કે હું પુરુષોત્તમ છું છતાં પણ ભક્તિમાર્ગમાં (ભગવાન સાથે) સમ્બન્ધ જ કરવો એવી આજ્ઞા શાસ્ત્ર કરતું નથી, કારણ કે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એવા નવ પ્રકારની અને પ્રેમલક્ષણા એવી દશ પ્રકારની ભક્તિ છે. સ્વતન્ત્ર પ્રેમલક્ષણા ભક્તિમાં તો સમ્બન્ધની જરાયે જરૂર નથી. ભગવાન વિષે પ્રેમ હોય છે તે અલૌકિક હોય છે. અલૌકિક પ્રેમ જ સર્વથી અધિક છે. લૌકિક પ્રેમ તો કામના અંગરૂપ હોઈ હલકો છે. શ્રવણ, કીર્તન અને ધ્યાન એ ત્રણ અલૌકિક પ્રેમ ઉત્પન્ન કરાવનારાં છે.

૧.આરમ્ભમાં શ્રવણ કરવું જોઈએ. શ્રવણ એટલે ભગવાનને જણાવનારાં શબ્દો અને વાક્યો નો વાચ્ય અર્થ અને તાત્પર્ય ભગવાન જ છે એવો નિશ્ચય કરવો. આમ થાય ત્યારે સંસારના વિષયો દૂર થાય છે. આ કરવામાં ન આવે તો ભગવાન સિવાયના પદાર્થોમાં પણ પ્રેમ થાય. શ્રવણ પછી ૨.દર્શન કરવાં જોઈએ. 'દર્શન' એટલે જેમનું શ્રવણ કરેલ છે

તેમનો અનુભવ, અથવા  ભગવાનની કામના થાય તે માટે કૃપાથી ભગવાને નારદ વગેરેને કરાવેલ તેવો સાક્ષાત્કાર. ૩.પછી ધ્યાન એટલે ભગવાનનું યોગથી ચિન્તન કરવું જોઈએ.

આ ત્રણ સાધનોથી જ મારામાં પ્રેમ ઉત્પન્ન થાય છે અને તે પ્રમાણે ઉત્પન્ન થયેલો પ્રેમ, ત્યાર બાદ, કીર્તન કરવાથી સ્થિર થાય છે. આ શાસ્ત્રીય ઉપાય જેવો સુખદ છે તેવો સુખદ સદા પાસે રહેવાથી ઉત્પન્ન થયેલો લૌકિક પ્રેમ નથી. તે કામના અંગરૂપ છે એમ પાછળ કહેલું છે. તેથી ઘેર પાછી જાઓ. તેથી પરમાર્થનો વિચાર કરતાં પણ તમારે અહીં રહેવું ન જોઈએ. ભાવાર્થ એવો છે કે શાસ્ત્રીય પ્રેમ જેવા પ્રકારનો સારો છે તેવા પ્રકારનો આ સદા પાસે રહેવાથી ઉત્પન્ન થયેલ પ્રેમ નથી, એમ બેનાં પ્રકાર જ જુદાં કહેલા છે, પણ પાસે રહેવાથી થયેલ પ્રેમ સ્વરૂપથી ઉત્તમ નથી એમ કહેલું નથી. ઘેર રહેલાં પણ શાસ્ત્રમાં જણાવેલ ભક્તિ કરી શકે છે તેથી ઘેર જવાની આજ્ઞા કરેલી છે.

એ પ્રમાણે ભગવાને ગોપીઓને ઘેર જવા કહ્યું ત્યારે તેમણે વિચાર્યું કે ''તજેલાં ઘરનું ફરી ગ્રહણ કરવું એ ઓકેલું ખાવા જેવું છે. વળી બીજી તરફ ભગવાનનાં વાક્યનો અનાદર થઈ શકે નહિ. ઘેર જવું અને ભગવાનની આજ્ઞાનો અનાદર ન કરવો તે તો શરીરનો ત્યાગ કરવાથી જ થાય, તેથી શરીરનો ત્યાગ કરવો. પરન્તુ તેમ કરવાથી પણ ભગવાનના સમ્બન્ધથી થતો આનન્દ મળશે નહિ''. એમ વિચારતાં હવે શું કરવું તે તેમને સૂઝ્યૂં નહિ. જેમાંથી પ્રિય જતું રહેલ છે તેવાં આ ભગવાનનાં વચનો સાંભળીને ગોપીઓ વિચારવા લાગી કે ભગવાન આપણી પરીક્ષા કરવા આમ કહે છે કે આપણે ઘેર જઈએ તેવુંજ ભગવાન ઇચ્છે છે? ગોપીઓમાં ચતુરાઈ ન હતી. તેથી સ્વામી ગોવિંદના વચન અસત્ય હોવાની શંકા થઈ શકે નહિ એમ વિચારતાં તેમના મનમાં ઘણો ખેદ થયો. કારણ કે તેમના સંકલ્પો બધા ભાંગી ગયા અને તેમણે વિચારેલ ભગવાન સાથેનો સમ્બન્ધ અને ભગવાનના વચનો બન્નેને મેળ કેમ આવે એ વિષયની તેમને ઘણી ચિંતા થઈ. ચિતાંથી પ્રથમ તો તે ગભરાઈ ગઈ. પછી ''અમે હવે અમારાં મુખ કોઈને દેખાડશું નહિ'' એવા વિચારથી મુખ નીચાં કર્યાં. તેમને શોક થયો. શોકવાળા શ્વાસના વાયુથી તેમનાં બિંબ જેવાં અધર સુકાવા લાગ્યા. ભૂમિને માર્ગ આપવા પ્રાર્થના કરતી હોય તેમ તેઓ ચરણથી ભૂમિ ખોતરવા લાગી. મેશવાળા આંસુઓથી તેમના સ્તન ઉપરનાં કેસર ધોવાવા લાગ્યાં. તેઓ શાન્ત ઊભી રહી. શાન્તિથી તેમની ભક્તિનો તિરોભાવ થયો. શ્વાસથી પ્રાણને અને શોકથી અન્તઃકરણને પીડા થઈ. અધરના સુકાવાથી કામરસનો તિરોભાવ થયો. ચરણથી ભૂમિ ખોતરતાં દેહને પીડા થઈ. આંસુઓથી ઇન્દ્રિયોને પીડા થઈ. કેસર ધોવાતાં કાન્તિ ગઈ અને ઘણું દુઃખ થતાં આનન્દનો અને શાન્ત રહેવાથી ચૈતન્યનો તિરોભાવ થયો. તેઓ માત્ર થાંભલાની જેમે ઊભી રહી.

તેમની આવી સ્થિતિ થઈ ત્યારે પણ ''એમ રડો છો શા માટે? સ્વસ્થ થાઓ, ઘેર જાઓ'' એમ ભગવાને હસતું મુખ રાખીને કહ્યું ત્યારે તેમનાં હ્રદયમાં ભગવાનનાં વાક્યરૂપી અમૃતે પ્રવેશ કરી, પોતાનાં જેવાં વાક્યો ઉત્પન્ન કર્યાં. ભગવાન સર્વથી પ્રિય છે,

પરન્તુ પ્રિયથી જુદા હોય તેવાં વચન તેમણે કહ્યાં. ભગવાન પ્રિય થાય છે અને સર્વ થવાની શક્તિવાળા હોવાથી પ્રિયથી જુદા પણ કોઈ વાર થાય છે, પરન્તુ કોઈ સમયે અપ્રિય થતાં નથી. જેમ તે જગત્ થાય છે અને જગત્‌થી જુદા પણ હોય છે, તેમ તે પ્રિય અને પ્રિયથી જુદા પણ હોય છે. પ્રિયથી જુદું એટલે અપ્રિય નહિ. ભગવાન પ્રિયથી જુદા થાય ત્યારે 'પ્રિય' અંશ ઢાંકી દે છે. આ વાક્ય ભગવાન પ્રિયરૂપથી બોલ્યા નથી, પણ પ્રિયરૂપને ઢાંકીને બોલ્યા છે, એટલે તેમની સાથે વાદ થઈ શકે. પ્રિયરૂપથી બોલ્યા હોય તો તેમની સાથે વાદ થઈ ન શકે. ભગવાન ફલરૂપ છે. ફલ કોઈવાર સાધન થતું નથી, તેમ જ ''મને પસંદ કર'' એમ કહેતું નથી. છતાં બલથી પણ અડચણોને દૂર કરી તેને ગ્રહણ કરવું જ જોઈએ. ભગવાન સ્વીકારવાની ના પાડે તો પણ તેમને તજી બીજા કોઈ તેમનાથી હલકાને ગ્રહણ કરવાની ગોપીઓની ઈચ્છા ન હતી, કારણ કે ભગવાન જ કામના કરવા યોગ્ય છે એવો નિશ્ચય કરીને તેમણે ભગવાન માટે સર્વ કામનાઓનો– ''આ પુરુષ કામમય છે'' તે શ્રુતિ અનુસાર સર્વ પુરુષોનો –ત્યાગ કરેલો. એ રીતે તજેલા પુરુષને ગ્રહણ કરવા તે કરતાં તો ભગવાને કહેલ તજેલાં ઘરને જ ગ્રહણ કરવું સારું. તેથી તેમને માત્ર ભગવાનની જ કામના રહી હતી. તે પ્રાપ્ત ન થાય તો ગોપીઓના સ્વરૂપનો જ નાશ થાય એવો નિશ્ચય કરી, ભગવાન સાથે માન ન કરતાં, દૃઢ થઈ, રડવાથી બગડેલાં ચક્ષુઓ સ્વચ્છ કરી તેમણે ભગવાન સાથે વાદ કરવાનો ઉદ્યમ કર્યો. કારણ કે ભગવાને વચનથી તેમની સાથે સમ્બન્ધ કરવાની ના પાડી હતી પણ સ્વરૂપથી ના પાડી ન હતી. વચનનું તો ખંડન કરાય, એટલે ભગવાનનાં વાક્યરૂપી અમૃતથી ભગવાને ગોપીઓને જાગ્રત કરી ત્યારે તેમણે એ પ્રમાણે ભગવાનનાં વચનનું ખંન કરવા ઉદ્યમ કર્યો, કારણ કે બધા છેવટનો ઉપાય કરી પાછા ફરે છે. આ છેવટનો ઉપાય ગોપીઓ કરે છે, પરન્તુ બે ઉદ્યમ કરતાં તેમની વાણીનું સ્ખલન થવા લાગ્યું. અક્ષરો સ્પષ્ટ બહાર નીકળતા ન હતા, કારણ કે ઈશ્વરના વાક્યોનું ખંડન કરતાં વાણીને ભય લાગતો હતો. ગોપીઓને તો ભય લાગતો ન હતો, કારણ કે ભગવાન ઉપર તેમને પ્રેમ હતો. પ્રેમ ભયનો વિરોધી છે. જ્યાં થોડો પણ પ્રેમ હોય ત્યાં ભય લાગતો નથી. તેથી ગોપીઓ ભગવાનને ઉત્તર આપવા લાગી. તેમણે વિચાર્યું કે ભગવાનથી ન થઈ શકે તેવું કાંઈ નથી. તેમણે ''હે મોટાં ભાગ્યાવાળીઓ! તમે સુખથી આવી છોને?'' એમ આપણી સ્તુતિ કરી, પરન્તુ આપણને ઘેર મોકલવા સ્તુતિ કરી, તેમની પાસે આપણે આવી તે માટે કરી નથી. એમ હોવાથી આ સ્તુતિ નથી, પરન્તુ દુઃખ ઉપજાવનારું હોવાથી ઘણું ક્રૂર વચન છે એમ વિચારી તેમણે કહ્યુંઃ

''હે પ્રભો! એવી રીતે ક્રૂર વચન કહેવાં આપને યોગ્ય નથી. સર્વ વિષયોનો ત્યાગ કરીને અમે આપના ચરણના મૂલમાં આવી છીએ. હે દુરાગ્રહવાળા! અમને તજો નહિ. જેમ આદિપુરુષ દેવ મોક્ષની ઈચ્છાવાળાઓને ભજે છે તેમ આપ અમને ભજો''.

આપ બધુંય કરવા શક્તિવાળા છો. શક્તિવાળા હોવા છતાં જો અવળું બોલે તો તે વચન ક્રૂર જ છે, કારણ કે દયા હોય તો (એવું) ન બોલે. વળી ''વ્રજમાં કુશળ છે ને!'' એમ

તમે પૂછ્યું તો તે સાથે અમારે કાંઈ પ્રયોજન નથી, કારણ કે બધાએ વિષયોનો ત્યાગ કરીને અમે આપના ચરણના મૂલમાં આવી છીએ. એટલે તજેલા વિષયોને ગ્રહણ કરવા એ અમારા માટે યોગ્ય નથી. તેમ જ અમે આપને જાર માનીને આપની પાસે આવી નથી, કારણ કે અગીઆરે ઇન્દ્રિયોના વિષયોને અમે વાસના સાથે તજેલા છે. આપના ચરણના મૂલમાં અમે આવેલી છીએ તેથી જ એવો નિશ્ચય થાય છે. અમે તેવો ત્યાગ કર્યો ન હોત તો આપના ચરણના મૂલ અમને પ્રાપ્ત ન થાત. ''અહીં આવવાનું કારણ કહો'' અમે આપે પૂછ્યું તો આપ અમને ભજો–સ્વરૂપાનન્દનું દાન કરો તે માટે અમે આવેલી છીએ. અમને ભજવું નહિં અને બીજું કાંઈ અમારા માટે કરવું એવો જીવોના જેવો આપ ખોટો આગ્રહ રાખો છો. જીવો સર્વ કરવા ઈચ્છે છે પણ ભગવાનનું ભજન કરવા ઈચ્છતા નથી. આ તેઓનો આગ્રહ જેમ દુષ્ટ છે તેવો આ આપનો આગ્રહ છે. ''જેઓ મને જે પ્રકારે ભજે છે તેમને હું તે જ પ્રકારે ભજું છું'' એવી આપની પ્રતિજ્ઞાને લીધે આપ અમને ઘેર જવાનું કહેતા હો તો એ પ્રતિજ્ઞા અમને ઘેર મોકલવાથી સચવાતી નથી, કારણ કે અમે આપનો ત્યાગ કરતા નહિ હોવાથી એ પ્રતિજ્ઞા પ્રમાણે આપ અમારો ત્યાગ ન કરો.

જે ભજન કરવાનું અમે કહીએ છીએ તે વિષય જેવું નથી, પરન્તુ જેમ આદિપુરુષ દેવ મોક્ષની ઈચ્છાવાળાઓને ભજે છે તેમ આપ અમને ભજો. દેવ સર્વને ભજે છે–ફલ આપે છે. તેમ ન હોય તો શાસ્ત્ર ખોટું ઠરે. તેમાં પણ આપ આદિપુરુષ અને દેવ છો, તેમની સેવા કરવી જ જોઈએ, કારણ કે દેવના ભજનથી વ્યભિચાર થતો નથી...તેથી આપ અમને ઘેર મોકલો તે આપને પણ યોગ્ય નથી.

વળી ભગવાન મોક્ષની ઈચ્છાવાળાઓને પોતાના તરીકે સ્વીકારે છે, તેમના આત્મા તરીકે તેમને ભાસે છે, પોતાના આનન્દનું તેમને દાન કરે છે અને એવું દાન કરવા પોતાને તેમની પાસે પ્રકટ કરે છે. તેથી ભગવાન તેમને ભજે છે એમ કહેવાય છે. નહિ તો મોક્ષને ઈચ્છનારાઓ ભગવાનને ભજે છે, પણ ભગવાન તેમને ભજતા નથી. તેથી ભગવાન ફલદ્વારા ભજે છે, એટલે ભગવાન ફલ આપે તેને ભગવાનનું ભજન કહેલું છે. જેમ મોક્ષ આપેલાઓને આપ પહેલાની અવસ્થા પ્રાપ્ત કરાવતા નથી અને સદા પોતાની અન્દર રાખો છો, તે પ્રમાણે અમારા માટે પ્રકટ થઈ અમને આપ આપનો સ્વરૂપાનન્દ આપો. આ આપને કરવાનું છે (આ માટે અમે આવેલી છીએ).

વળી ભગવાને જે કહ્યું કે ''સ્ત્રીઓએ પોતાના ધર્મનો ત્યાગ કરવો યોગ્ય નથી'' ''આ રાત્રિ ભયાનક છે'' ''સ્ત્રીઓએ અહીં રહેવું ન જોઈએ'' તે સમ્બન્ધમાં ગોપીઓ કહે છે કે ''ધર્મ જાણનાર આપે જે કહ્યું કે પતિ બાલકો અને મિત્રોની સેવા એ જ સ્ત્રીઓનો સ્વધર્મ છે, તો તે ઉપદેશના ધામરૂપ આપ ઈશ્વરમાં સિદ્ધ થાઓ. આપ ખરેખર દેહીઓના સર્વથી પ્રિય, બધું અને આત્મા છો''.

પતિ, બાલકો અને મિત્રો ની સેવા સ્ત્રીઓનો સ્વધર્મ છે એમ ધર્મ જાણનાર આપે કહ્યું. ધર્મશાસ્ત્ર જાણનારાઓ ખરેખર બહિર્મુખ છે. તેઓ દેહના ધર્મને જ પોતાનો

ધર્મ જાણે છે, આત્મા સમ્બન્ધી ધર્મને અથવા ભગવાન સમ્બન્ધી ધર્મને પોતાનો ધર્મ જાણતા નથી. કારણ કે તેઓ આત્માને જાણતા નથી. આપે ધર્મ જાણનારા તરીકે જ એવું કહેલું છે, પરન્તુ અમારા સમ્બન્ધી વિચાર કરીને કહેલું નથી, છતાં અમે આપના તે વચનમાં દોષ કાઢતા નથી પરન્તુ તેનો નિર્ણય કરીએ છીએ કે સ્ત્રીઓએ પોતાનો ધર્મ આચરવો જોઈએ એમ આપે કહ્યું તે બરાબર; પણ પતિ વગેરે ધર્મનું સ્વરૂપ નથી, તેમજ ધર્મનો આધાર પણ નથી, પરન્તુ નિમિત્ત (ધર્મ આચરવાનાં સાધન) છે. વળી ધર્મ જાણવાનો અને આચરવાનો હોય છે. આચરવામાં પુત્રો, પતિ વગેરે નિમિત્ત છે, તેમ જાણવામાં ગુરુ નિમિત્ત છે. જાણ્યા વિના તો આચરી શકાય નહિ. તેથી પહેલાં તો ગુરુની સેવા કરવી જોઈએ, કારણ કે તેમની સેવા વિના ધર્મ જાણવામાં જ ન આવે. તેથી આપે જે ધર્મનો ઉપદેશ કર્યો તે સિદ્ધ થાય તે માટે આપ (ગુરુ)ની સેવા કરાવો. અમને પહેલાં આવા ધર્મનું જ્ઞાન ન હતું, તેથી આપે જ તે શીખવ્યો છે. અમે જાણતા હતા તેજ આપે કહેલ નથી. જો અમે પહેલાં જ એવો ધર્મ હોવાનું જાણતા હોત તો તેમ જ કરત. આપ ગુરુની સેવા કર્યા વિના અમને ધર્મ જણાશે નહિ. આપની સેવા વિના જણાતો હોત તો આપના વચનથી જ અમે ગયા હોત. તેથી આપે ઉપદેશ કરેલો ધર્મ અમારા જાણવામાં આવે તે માટે આપની સેવા કરાવો.

વળી સ્વધર્મો પણ અનેક પ્રકારના હોય છેઃ ૧.પોતાથી ઉત્તમ પ્રતિ આચારવાના ૨.પોતાના બરોબરીઆ પ્રતિ આચરવાના અને ૩.પોતાથી હલકા પ્રતિ આચરવાના. તેમાં પોતાનાથી ઉત્તમ પ્રતિ આચરવાના સ્વધર્મો સર્વથી બલવાન છે. જેમ પતિ-પુત્ર વગેરે પોતાનાં બરોબરીઆની સેવા કરવી એ સ્ત્રીઓનો ધર્મ છે તેમ પોતાને વશ રાખનાર (પોતાથી ઉત્તમ) ઈશ્વરની સેવા એ પણ તેમનો મુખ્ય ધર્મ છે. જો ઈશ્વરની સેવા ન કરીએ તો પતિ વગેરેની સેવા કરવામાટે તેમની પ્રેરણા ન થવાથી, પતિ વગેરેની સેવા કરવાની પ્રવૃત્તિ જ ન થાય. આ જ પ્રસંગ જુઓ, આપ ઈશ્વર-અન્તર્યામી (અન્દરથી પ્રેરણા કરનાર) છો, છતાં પતિ-પુત્ર વગેરેની સેવા કરવાની અમને પ્રવૃત્તિ કરાવતાં નથી. પરન્તુ આપની જ સેવા કરવાની પ્રેરણા કરો છો. તેથી આપે ઉપદેશેલો ધર્મ સિદ્ધ થાય તે માટે પણ પહેલાં અમારે આપની સેવા કરવી જોઈએ.

વળી ધર્મનું મૂળ ધર્મી છે. ધર્મીનો વિરોધ ન આવે તેવી જ રીતે અને ફળ પ્રાપ્ત કરવા ધર્મ આચરવાનો છે. તેમ ન હોય તો ધર્મ અનિષ્ટ કાર્યમાં પણ પુરુષની પ્રવૃત્તિ કરાવનારો હોય અને તેથી વિશ્વાસપાત્ર ન રહે. તેથી જ ધર્મશાસ્ત્રમાં શરીર પ્રિય હોવાથી, તેની અનુકૂલતાએ ધર્મ આચરવાનો કહેલો છે. ''દ્રવ્ય અને તેનો સંસ્કાર (શુદ્ધ કરનારી ક્રિયા)માં વિરોધ હોય તો દ્રવ્ય બલવાન છે'' એવા ન્યાય પ્રમાણે પણ દેહની અનુકૂલતાએ ધર્મ આચરવો જોઈએ. ત્યારે કોઈને દેહ પ્રિય હોય છે, કોઈને આત્મા, કોઈને પરમાત્મા અને કોઈને નિર્વાહ કરાવનાર પ્રિય હોય છે. આપ ભગવાન તો આ સર્વ છો, કારણ કે આપ સર્વથી અત્યન્ત પ્રિય છો, આપમાં (સર્વને) ઘણો પ્રેમ હોય છે, આપ આનન્દરૂપ છો,

આપ બધું છો તેમ દેહનો નિર્વાહ કરાવનાર પણ છો. વળી અમારી એકલીના નહિ પરન્તુ બધાએ દેહધારીઓના આપ સર્વથી પ્રિય હોય તેમને પ્રિય વસ્તુ આપવી જોઈએ. તેથી આપની સેવા જ મુખ્ય (ધર્મ) છે. તેથી જ્યારે આપને અમારો દેહ વગેરેનો ઉપયોગ નહિ હોય ત્યારે અને તે પણ આપ એવી પ્રેરણા કરશો તો જ અમે તે બીજાને આપીશું, નહિ તો નહિ આપીએ.

ધર્મીનો વિચાર ધર્મથી પણ અધિક છે. આપ અમારા દેહ વગેરેનો અંગીકાર ન કરો તો તે સર્વ પ્રતિકૂલ થઈ જાય. તેથી અમે પ્રાર્થના કરીએ છીએ કે તે (સેવા) ઉપદેશનાં ધામરૂપ આપ ઈશ્વરમાં સિદ્ધ થાઓ. આપ સર્વરૂપ હોવાથી આપની જ સેવા કરવી જોઈએ. બીજાની સેવા કરીએ તો એક જ સમયે પતિ-પુત્ર વગેરે બધાની સેવા કરવાની હોય ત્યારે કોની સેવા પહેલી કરવી તેનો નિર્ણય કરાવનાર કાંઈ પ્રમાણ નહિ હોવાથી કેટલાક અંશે સેવામાં અડચણ આવે. જેમાં કાલથી આવી અડચણો આવે તે ધર્મ જ ન હોય અને થઈ શકે પણ નહિ. તેથી આપની સેવા કરવી એ જ યોગ્ય છે.

પછી સાત્ત્વિક ગોપીઓએ ભગવાનને કહ્યું કે ''કુશલ પુરુષો પોતાના આત્મરૂપ અને પોતાને નિત્યપ્રિય આપમાં પ્રેમ રાખે છે. દુઃખ આપનારા પતિ પુત્ર વગેરેનું તેમને શું પ્રયોજન? તેથી હે વરદાન કરનારાઓના ઈશ્વર! અમારા ઉપર પ્રસન્ન થાઓ. હે કમલ જેવાં નયનવાળા! આપમાં ઘણા સમયથી રાખેલી આશાનો નાશ ન કરો''.

આપે કહ્યું કે ''તમારાં માતા-પિતાઓ તમને શોધશે, સગાંઓને ભય ન કરો'' તો આ શું અમે જ પહેલવહેલી કરીએ છીએ કે બીજાઓ પણ કરે છે? તેમાં પણ અધમો હોય તે માતા વિગેરેની સેવા કરે છે કે ઉત્તમ હોય તે? ઉત્તમ હોય તે કરતા હોય તો પણ આપની સેવા કરવા અશક્ત હોય તેવા કે તે કરવાની શક્તિવાળા? આ વિચારવા યોગ્ય છે. આ વિષયનો મોટા પુરુષોનાં ચરિત્રથી નિર્ણય થઈ શકે. જેઓ આત્મામાં કુશલ છે, આત્માનું હિત ઈચ્છનારા છે, પણ દેહ-ઈન્દ્રિય વગેરેનું હિત ઈચ્છતા નથી, તેઓ તો આપમાં જ પ્રેમ રાખે છે. ક્રિયા (સેવા) પ્રેમને લીધે થાય. જો પુત્ર વગેરેની સેવા કરવી એવો પણ ધર્મ હોય તો તેવી સેવા પુરુષાર્થરૂપ હોઈ આત્માનું હિત રી હોવ જોઈએ. (પણ તે તેવી થતી નહિ હોવાથી ધર્મ નથી). ઉત્તમ પુરષોની એ ચતુરાઈ છે કે પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિને ઉત્તમ ગણવી. ઈન્દ્રિયોને વશ રાખવાની શક્તિ ન હોય તો જ પતિ વગેરેની સેવામાં તેમને યોજવી. વશ રાખેલી ઈન્દ્રિયો આત્માનું હિત કરે છે. તેથી જેઓ માત્ર ઈન્દ્રિયોને વશ રાખે છે તેમના કરતાં આપમાં જેઓ પ્રેમ કરે છે તેઓ ચતુર છે, કારણ કે આપ એકમાં પ્રેમ કરવાથી (આપ સર્વરૂપ હોવાથી) સર્વમાં પ્રેમ થવાનું સંભવે છે. વળી આપ અમારા આત્માનું સ્વરૂપ જ છો. આત્મા ન હો અને અમે આત્મા માની લેતા હોઈએ તેવા નથી.

વળી જે પ્રિયને કાલની હદ ન હોય, એટલે જે સદા પ્રિય રહેવાના હોય તેમની જ સેવા કરવી યોગ્ય છે. આવા પ્રિય તો આપ જ છો. કાલની હદવાળા પ્રિયની સેવા કરવા યોગ્ય હોય તો પતિની સેવા જેમે જારની સેવા પણ કરવી જોઈએ. કારણ કે પતિ એક

જીંદગી સુધી પ્રિય રહે છે તેમ જાર એક દિવસ–અમુક સમય સુધી પ્રિય રહે છે.

વળી પતિ–પુત્ર વગેરે ધર્મના કારણરૂપ ધર્મ કરાવનારા નથી, કારણ કે તેઓ દુઃખ આપનારા છે. દુઃખ આપનારાં કોઈ સમયે ધર્મ કરાવતાં નથી. તેથી તેમનું અમારે શું પ્રયોજન? તેમને ભય થાઓ કે બીજું ગમે તે થાઓ તેની સાથે અમારે કાંઈ પ્રયોજન નથી. આપની પાસે અમારે એક જ માગવાનું છે કે આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ. આપની પ્રસન્નતા ન હોય તો બધાં શાસ્ત્ર અને તર્ક નકામા છે. આપની કૃપા જેમના ઉપર ન હોય તેઓ જ મુંઝાય છે અને દુઃખ ઉત્પન્ન થાય તેવા કાર્ય કરે છે.

અમારા ઉપર આપ કૃપા કરો એવું સાધન જો કે અમે કરેલું નથી પરન્તુ આપ વરદાન કરનારાઓના ઈશ્વર છો. જેઓ વરદાન કરે છે તેઓ દયાળુ હોવાથી લોકનું દુઃખ જાણીને વર આપે છે. તેમ ન હોય તો તપ કરે ત્યારે તપ કરનારને વર ન આપે. આપ તો તેમના પણ ઈશ્વર હોઈ ઘણા દયાલુ છો, એટલે તેમની મારફત પણ બધાનાં દુઃખો મટાડો છો. અમે દુઃખી છીએ અને તપના જેવું અમારું દુઃખ જ આપ કૃપા કરો તેવું અમારું સાધન છે.

અત્યાર સુધી અમે પતિઓની સેવા કરી છે. પરંતુ અમે પતિની સેવા કરવા તેમની પાસે રહી ન હતી, પણ આપની આશાથી રહી હતી. આપની સેવા પ્રાપ્ત થાય ત્યાં સુધી દેહનો નિર્વાહ કરવા માટે જ તેમનો અંગીકાર કરી તેમની સેવા કરેલી. હવે અમે આપની પાસે આવેલી છીયે અને જો અમારી ઈચ્છાઓ પૂર્ણ નહિ થાય તો અમારી આશા ભાંગી જશે, અને આશા જતાં પ્રાણ પણ જશે. આપના વિષે અમે ઘણા સમયથી આશા રાખેલી છે. તેનો નાશ થશે તો અમારે કોઈ આધાર નહિ રહેવાથી અમે નીચી પછડાવાની. આપ કમલ જેવાં નેત્રવાળા હોવાથી આપ તાપ દૂર કરનારી આપની દૃષ્ટિથી જ અમારી ઈચ્છાઓ પૂર્ણ કરી શકશો. તેથી જ અમે આપની આશા રાખી આજ સુધી જીવતી રહેલી છીએ.

વળી આપે પૂછયું કે અમે વન જોવા આવેલી છીએ અને પછી વનનું વર્ણન કર્યું તો તે સંબંધમાં જણાવીએ છીએ કે ''અમારું ચિત્ત જે ઘરના કામમાં પણ લાગતું તેને આનંદરૂપ આપે હરી લીધું. અમારા હાથ પણ ઘરના કામમાં લાગતા નથી. પગ આપના ચરણના મૂળથી ડગલુંએ ખસતા નથી. અમે વ્રજમાં કેવી રીતે જઈએ? અને વળી જઈને કરીએ શું?''.

જો ચિત્ત અમારી પોતાની પાસે રહે તો વન જોવાની ઈચ્છા થાય, પણ તે તો આપે હરી લીધું. તેને હરવામાં આપને પ્રયાસ પણ કરવો પડયો નથી, પણ સહેલાઈથીજ હરી લીધું. સાક્ષાત્ પરમાનંદ પ્રાપ્ત થતો હોય ત્યારે કોઈ પણ પરંપરાથી તેમને પ્રાપ્ત કરાવે તેવું શંકા પડતું સાધન કરે નહિ. વન જોવાની વાત તો દૂર રહી, ઘરમાં આ ચિત્ત લાગતું તેને આપ પરમાનંદ પ્રાપ્ત થતાં તે આપમાં જ ચોંટયું. એટલે અમારી જ્ઞાનશકિત જતી રહી. આપ એમ પણ ન માનશો કે અમે કોઈ કાર્ય માટે વનમાં આવી છીએ. આપે અમારી

ક્રિયાશક્તિ પણ હરી લીધી છે. આપ સંબંધી કામનાથી અમારું બળ જતું રહેવાથી–વનનું કામ તો દૂર રહ્યું પણ અમારાં હાથ જે ઘરના કામમાં લાગવા જોઈએ તે–તે કામમાં પણ લાગતા નથી. આપનો સ્પર્શ થશે તો જ હાથ સજીવન થશે, નહિ તો મરેલો જ છે. તેથી હાથ નહિ હોવાથી (પતિ વિગેરની) સેવા પણ થઈ શકે તેમ નથી.

વળી આપે અમે પાછી જઈએ એવા અભિપ્રાયથી ''વન જોયું'' એમ કહેલ, પણ તે પાછું જવાનું સંભવતું નથી, કારણ કે અમારા બંને પગ આ સ્થળે આપનાં ચરણના મૂળ છે ત્યાંથી એક ડગલું પણ ખસતા નથી, બીજે કયાંય જતા નથી. ગતિવાળા અમારા પગનું મૂળ આપનાં ચરણો છે. અમારા પગો જ્યારે તેમના મૂલરૂપ આપના ચરણના પણ મૂળ સુધી પહોંચી ગયેલા છે, તો તે બીજે સ્થળે કેમ જાય? મૂળ સુધી પહોંચેલા અમારા પગો ખસી શકે તો વૃક્ષો પણ જઈ શકે. આપના ચરણ અમારા પગનું મૂળ હોવાથી, આપ જ્યાં જાઓ ત્યાં બધે સ્થળે અમારા પગ જઈ શકશે, પણ આપ વિના ક્યાંય જઈ શકશે નહિ. તેથી અમે ઘેર કેવી રીતે જઈએ? ગાડાં વિગેરેમાં અમને ઘેર મોકલો તો પણ અમે ત્યાં જઈને શું કરવાની? કારણ કે અમને ઘેર મોકલવા માટે જેમ ગાડું વિગેરે સાધન છે તેવું અમારા હાથ પાસે કામ કરાવવાનું કોઈ સાધન લોકમાં જણાયેલું નથી. તેથી અમે ઘેર જઈએ એ પણ નકામું જ છે, કારણ કે પિતા વગેરેની સેવા કરવા ઘેર જવાનું નકામું જ છે. અહીં રહીશું તો આપમાં પ્રેમ હોવાથી હાથ વિના પણ ક કરી શકશું. ઘેર જઈએ તો બાળકોને પણ ધવરાવી નહિ શકીયે, કારણ કે અમારી આશા ભાંગી જવાથી બધો દેહ સૂકાઈ જવાથી ધાવણ આવશે જ નહિ.

વળી આપે ''ઝટ ઘેર જાઓ'' એમ કહ્યું તે સંબંધમાં વિનંતિ કરીએ છીએ કે ''આપની હાસ્ય સાથેની દૃષ્ટિ અને અસ્પષ્ટ મધુર ગાનથી ઉત્પન્ન થયેલો અમારા કામરૂપ અગ્નિને આપનાં અધરામૃતના પૂરથી સીંચો. હે સખા! જો આપ તેમ નહિ કરો તો વિરહથી થયેલા અગ્નિથી બળી ગયેલ દેહવાળી અમે ધ્યાનથી આપના ચરણને પ્રાપ્ત કરીશું''.

જો આપ અમને ઘેર જવામાં અડચણ નહિ કરો તો અમે તરતજ જઈશું. આપ જો અહીં માત્ર શાંત રહો (અમને અધરામૃતનું દાન ન કરો) તો પણ અમે મરશું તો પછી પાછી ઘેર જઈએ તેમ બને જ ક્યાંથી? તેથી આપ આપનાં અધરામૃતના પૂરથી અધરામૃતના પ્રવાહના જલથી અમારા કામરૂપ અગ્નિને સીંચો, કારણ કે આપે જ તે અગ્નિ ઉત્પન્ન કરેલો છે. આપની હાસ્ય સાથેની દૃષ્ટિ અને આપનું અસ્પષ્ટ મધુર ગાન એ બેથી અમને કામ ઉત્પન્ન થયો છે તે જ અગ્નિ છે. હાસ્યે કામને ઉત્પન્ન કર્યો, દૃષ્ટિએ તેની વૃદ્ધિ કરી. ગાન વાયું જેવું છે. તેમાં પણ અસ્પષ્ટ મધુર ગાન સર્વ તરફથી આવતા વાયુ જેવું છે (તેથી તેણે અગ્નિને ઘણો ફેલાવ્યો). આ કામરૂપ અગ્નિ પણ અમારા હૃદયમાં ઉત્પન્ન થયેલો, અને હૃદયમાં પ્રવેશ કરે તેવું તો આપનું અધરામૃત જ છે, પૂર તો વસ્તુને ઢસડી જાય છે, પણ તે આ અગ્નિનું માત્ર સિંચન કરશે, કારણ કે આ અગ્નિ ઘણો મોટો છે, આ અગ્નિ અલૌકિક હોઈ આપનાં અલૌકિક (અધરામૃત)થી જ શાંત થશે. કામ મરે ત્યારે

બાળે છે અને જીવતો હોય ત્યારે અગ્નિરૂપ રહેતો નથી. પણ જીવતો ન હોય તો અગ્નિની સ્થિતિ તજતો નથી. તેને જીવાડનાર અમૃત જ છે. દેવો જે અમૃતનો ભોગ કરે છે તે અમૃત તેને જીવાડતું નથી. તે જીવાડતું હોત તો દેવોએ તેને જીવતો કર્યો હોત. તે સૃષ્ટિ ઉત્પન્ન કરનાર હોવાથી તેનો મોક્ષ થતો નથી તેને જીવાડનાર અતિગુપ્ત અધરામૃત છે, તેથી જ અમે અધરામૃતથી તેને સીંચવાની આપને વિનંતિ કરીએ છીએ. તે જીવતો થશે તો જ અમે જીવશું. તે જીવતો નહિ થાય તો પોતે બળતો રહેશે અને (અમારા જેવા) બીજાઓને પણ બાળ્યા કરશે. તેમ ન હોત તો અમે તેને હોલવી નાખવાની આપને પ્રાર્થના કરત. મંત્ર બોલનારની જેમે અધરામૃતનું સીંચન કરીને આપ તે અગ્નિને સજીવન નહિ કરો તો વિરહથી ઉત્પન્ન થયેલા અગ્નિથી બળી ગયેલ દેહવાળી અને ધ્યાનથી આપનાં ચરણના પગલાં પ્રાપ્ત કરીશું. અમને પોતાને સ્વતન્ત્ર રીતે કોઈ માર્ગનું જ્ઞાન નથી અને આપ સખા છો તેથી આપ જે માર્ગે જશો તે જ માર્ગે અમે પણ આવીશું. દેહ ઉત્પન્ન કરનાર બીજ બળી જવાથી બીજો દેહ અમને પ્રાપ્ત થવાનો નથી. તેથી આ દેહના બળી જતાં અન્તર્યામીએ બીજે કયાંક જવું જોઈએ તેથી ધ્યાનથી આપનાં પગલે જ આવીશું...

આપના ચરણનો સાક્ષાત્ સ્પર્શ થવો દુર્લભ છે, પરન્તુ આપનું પગલું પડે તે લક્ષ્મીને પણ જીવાડનારું છે. નાગપત્નીઓએ પણ આપની સ્તુતિ કરતાં કહેલું કે આપના ચરણની રેણુની ઈચ્છાથી લક્ષ્મીએ તપ કરેલું. તેથી આપનું પગલું લક્ષ્મીના હૃદય ઉપર પડતાં તેને સુખ થયેલું, કારણ કે સુખ હૃદયમાંજ થાય છે. અમે ભૂમિ ઉપર રહેનારાને તો આપનાં પગલાંનો સ્પર્શ જ થાય, પરન્તુ લક્ષ્મી જેમે તે અમારા હૃદય ઉપર પડતું નથી. અમે વિચાર્યું કે લક્ષ્મીએ ચંચલપણાનો ત્યાગ કરી તપ કરીને આ પ્રાપ્ત કર્યું છે, તો આપણે પણ ચંચલપણાનો ત્યાગ કરી તે પગલાંનો આધાર રાખવો. વળી આપને વનવાસીઓ પ્રિય છે તેથી પણ અમારે સર્વનો સંગ તજી રહેવું, કારણ કે બીજાનો સંગ ન રાખવાથી આપ પ્રસન્ન થાઓ છો. વન સાત્ત્વિક છે અને વૈષ્ણવ છે તેથી આપની પ્રાપ્તિ થાય તે માટે બીજા કોઈની સમક્ષ અમે રહી શકતી નહિ હોવાથી વનમાં આવેલી છીએ. અમારામાં ભગવદ્‌ભાવનો પ્રવેશ થયેલો હોવાથી જે સર્વ પ્રકારે આપને શરણે આવેલ નથી તેની સમીપ અમે રહી શકતી નથી. જેમ દેહના અભિમાનવાળો વાઘની સમીપ રહી શકતો નથી, કારણ કે વાઘ દેહનો ઘાત કરે છે તેમ ભગવદીય ભગવાનને શરણ ગયેલ ન હોય તેની પાસે રહી શકતો નથી, કારણ કે તે તેના ભગવદ્‌ભાવનો નાશ કરે છે. તેથી અમે બીજાની પાસે- અમારે ઘેર ગોપો પાસે જઈ-તેમને દેવ માનીએ એ સંભવતું જ નથી. તેથી અમારા આપ વિષેના પ્રેમની આપે જે પ્રશંસા કરી તે ઘણી ઓછી છે. અમે લક્ષ્મીની જેમે અનન્યભાવવાળી જ છીએ. વળી જેમ સર્વનો ત્યાગ કરી લક્ષ્મી આપને શરણ આવી, એટલે આપે તેને રમણ કરાવ્યું છે તેમ અમને સદા સ્વપ્નમાં આપનો સમ્બન્ધ થાય છે. તેમ થયું ન હોત તો અમે જીવતાંજ ન હોત. એ રીતે આપે પહેલાં ભોગ કરેલી અમને બીજે આપ મોકલો તે યોગ્ય નથી.

લક્ષ્મીમાં અને અમારામાં ભેદ પણ નથી કારણ કે ''લક્ષ્મીની દષ્ટિ પોતા ઉપર પડે તે માટે બીજા દેવો પ્રયાસ કરે છે તેને આપના વક્ષઃસ્થલમાં સ્થાન મળવા છતાં તેણે સેવકોથી સેવાયેલી આપના ચરણકમલની રજની તુલસીની સાથે કામના કરી. તેની જેમે અમે પણ આપના ચરણની રજનો આશ્રય કરેલો છે''.

લક્ષ્મીએ પણ આપને દૈવગતિથી પ્રાપ્ત કર્યા નથી પરન્તુ આપના ચરણારવિન્દને પ્રાપ્ત કરવા ઘણું તપ કરેલું. તે લક્ષ્મી સ્ત્રી તરીકે આપની નથી, પરન્તુ ભક્ત તરીકે છે. જો સ્ત્રી જ હોત તો આપના વક્ષઃસ્ક્ષલમાં સ્વતન્ત્ર સ્થાન મેળવ્યા પછી તુલસીની શોક્ય થવાનું પણ સ્વીકારીને આપના ચરણની રજની કામના ન કરત. આપના ચરણની રજ તુલસીની છે, કારણ કે તે આપના ચરણરૂપ ભક્તિની ભક્ત છે. આ રજ આપના સેવકોએ સેવેલી છે. તેમના દેહની ઉત્પત્તિ આ રજથી જ થયેલી છે. બધાએ ભક્તોના દેહ આપના ચરણની રજના જ બનેલા છે. તેથી તુલસી આપના ચરણમાં ભક્તિરૂપે રહે છે. જેમને તે રજ પ્રાપ્ત થાય છે તેઓ આપના ભક્ત જ થાય છે. તેથી આપના અન્તઃકરણમાં સ્થાન પ્રાપ્ત કર્યા પછી પણ ''મને કોઈ બીજો સ્પર્શ કરશે'' એવા ભયથી લક્ષ્મીએ આપના ચરણની રજની કામના કરી. તે રજ પ્રાપ્ત થાય ત્યારે એવો ભય રહેતો જ નથી. લક્ષ્મીને એવો ભય થયેલ, કારણ કે બ્રહ્મા વગેરે દેવો ''લક્ષ્મી અમારા ઉપર દષ્ટિ કરે'' એવા પ્રયોજનથી તપ કરે છે, કારણ કે લક્ષ્મીની દષ્ટિ ન પડે તો તેમને કોઈ પુરુષાર્થ પ્રાપ્ત થતો નથી. ઘણા દેવો એવી પ્રાર્થના કરતા હોવાથી લક્ષ્મીને ભય થયો કે કોઈક દેવ ઘણું વધારે તપ કરીને કોણ જાણે શું યે કરે. આપના ચરણની રજની કામના થતાં એવો ભય રહેતો નથી. રજની પ્રાપ્તિ થાય ત્યારે તો બીજો કોઈ સ્પર્શ કરે એવો સંદેહ પણ રહેતો નથી. કારણ કે જેમને આપના ચરણની રજ પ્રાપ્ત થાય છે તે આપના અનન્ય ભક્ત થાય છે. અમે પણ તેવી અનન્ય છીએ. અમને પણ ઘણા તેમની સાથે સમ્બન્ધ રાખવા વિનવે છે, તેમના ભયથી જ અમે પહેલાં આપના ચરણની રજનો સ્પર્શ કરેલો. પછી અમારા દેહ પણ આપના ચરણની રજના ઘડાયા. તેથી અમે સમ્પૂર્ણ રીતે તે રજનો આશ્રય કરેલો છે.

જે ગોપીઓ અહીં નથી આવી તથા જે આપની રાણીઓ થવાની છે તે બધી આવા જ દેહવાળી છે. અમારા માટે જ આપ ભૂતલ ઉપર પધારેલા છો. હવે પોતાને છુપાવો નહિ, છુપાવી શકશો પણ નહિ. તેથી અમને ઘેર પાછાં જવા માટે આગ્રહ ન કરો.

વળી અમારે પતિની સેવા કરવાની જરૂર નથી ''તેથી હે પાપનો નાશ કરનાર! અમારા ઉપર પ્રસન્ન થાઓ. આપની સેવા કરવાની આશાથી અમે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી આપના ચરણના મૂળમાં આવેલી છીએ. હે પુરુષોના ભૂષણ! આપના સુંદર મંદહાસ્યવાળી દષ્ટિથી ઉત્પન્ન થયેલ તીવ્ર કામથી તપી ગયેલાં અન્તઃકરણવાળી અમને દાસ્ય આપો''.

આપની કૃપા ન હોય ત્યારે જ તેવા (લૌકિક) પતિ વગેરે સાથે સમ્બન્ધ થાય.

આપની કૃપા જ સર્વથી અધિક છે. તેથી આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ. આપ પ્રસન્ન થશો એટલે અમને બધું ફળ પ્રાપ્ત થશે. અમારાં કર્મથી બંધાએલું અમારું અદષ્ટ અમને ગમે તેટલું દુઃખ આપનારું હોય તો પણ દુઃખ ઉત્પન્ન કરનાર પાપનો આપ નાશ કરનાર છો. હર કોઈ પ્રકારે જેને આપની સાથે સમ્બન્ધ થાય તેનાં સર્વ પાપનો આપ સ્વભાવથી જ નાશ કરો છો. અમે તો આપના ચરણના મૂળમાં આવેલી છીએ. જે આપના ચરણના મૂલમાં આવે છે તેને આપની કૃપા પણ પ્રાપ્ત થાય છે. પશુ-પુત્ર વગેરે પ્રાપ્ત કરાવનારી આપની કૃપા અમારે જોઈતી નથી, કારણ કે અમે માત્ર ઘરનો જ નહિ પરન્તુ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી આપની પાસે આવેલી છીએ. આપની સેવા પ્રાપ્ત થશે એવી આશાથી જ પશુ-પુત્ર વગેરે હતાં તે સર્વનો ત્યાગ કરીને આવેલી છીએ. અહીં આવેલી અમે પાછી ઘર સાથે સમ્બન્ધ કેમ કરીએ? આપની કૃપા થતાં અમારે માગવાનું આપનું દાસ્ય જ છે. મોહ કરાવનારું છતાં આનન્દ ઉત્પન્ન કરનારું આપનું જે સુન્દર મંદ હાસ્ય છે તેવાં હાસ્યવાળી આપની દષ્ટિથી જે તીવ્ર કામ અમને ઉત્પન્ન થયેલો છે તેનાથી તપી ગયેલા અન્તઃકરણવાળી અમને, પુરુષોના ભૂષણરૂપ અનન્ત કરોડો કામદેવના લાવણ્યરૂપ, આપનું દાસ્ય, જે સ્વતઃ પુરુષાર્થરૂપ જ છે, તે આપો. અમે માત્ર આપનાં દાસ્યની જ ઈચ્છા રાખીએ છીએ, અમારી સાથે વિવાહ કરવાનું આપની પાસે માંગતી નથી. તેથી વિવાહ કરવાનો નહિ હોવાથી લોકના વ્યવહાર પ્રમાણે આપને જનોઈ ધારણ કરવી વગેરે સંસ્કાર કરવાની જરૂર નથી.

સાલોક્ય વગેરે ફલ છે છતાં ''કુંડલોને શોભાવનારું, ગાલનાં સ્થલ અને અધરમાં સુધા જેમાં છે તેવું હાસ્ય સાથેની દષ્ટિવાળું કેશોથી વીટાયેલું આપનું મુખ જોઈને, અને અભય આપનાર બે ભુજારૂપ દંડ અને લક્ષ્મીના રમણસ્થાનરૂપ વક્ષસ્થલ જોઈને, અમે આપની દાસી બની છીએ''.

''લોકની ઈચ્છા રાખનારી સ્ત્રીઓએ પતિનો ત્યાગ કરવો જોઈએ નહિ'' એમ આપે કહ્યું તે સમ્બન્ધમાં જણાવીએ છીએ કે લોકમાં ત્રણ પુરુષાર્થ છે : સારૂપ્ય સાલોક્ય સામીપ્ય અને સાયુજ્ય એ ચાર પ્રકારનો ૧.મોક્ષ, ઈન્દ્રાદિની સત્તા સાથે ૨.સ્વર્ગની પ્રાપ્તિ અને આ લોકમાં ઘણીજ ૩.લક્ષ્મી આ ત્રણે આપના દાસ્યમાં સર્વથી ઉત્તમ રહેલાં છે.

૧/અ.સારૂપ્ય એટલે ભગવાનના જેવું સ્વરૂપ. આપના કેશો સારૂપ્ય પ્રાપ્ત કરેલા જેવા ભ્રમરો છે. ઘણાએ કેશો આપના મુખને વીટાંઈને રહે છે. તેથી સારૂપ્ય મુક્તિ પ્રાપ્તિ કરેલા પણ મુખારવિન્દરૂપ ભક્તિના અંગ તરીકે રહે છે તો પછી સારૂપ્ય પ્રાપ્ત કરવાનું શું પ્રયોજન? ૧/આ.વળી કુંડલો પણ શોભે છે. જેનાથી તેવું આપનું મુખારવિન્દ છે. સામીપ્ય મુક્તિમાં આપની સમીપ રહેવાનું પ્રાપ્ત થાય છે. ગમે તેટલું સમીપ આવીએ તો પણ આપનાં કુંડલોથી વધારે સમીપ અવાય તેમ નથી. આપના કર્ણોમાંથી લટકતાં અને આપની ગતિને અધીન (ગતિથી હાલતાં) સાંખ્ય અને યોગ રૂપ આપનાં કુંડલો પણ ભક્તિરૂપ આપનાં મુખારવિન્દને નીરખ્યા કરે છે તો પછી સામીપ્યનું પણ અમારે શું

પ્રયોજન છે? ૧/ઈ.સાલોક્ય એટલે આપની સાથે એક લોકમાં રહેવું. આપનાં ગાલ વિશાલ છે. ગંડસ્થલમાં રહીને રસનું પાન કરી શકાય. આપના અધરમાં સુધા છે. ગાલના સ્થલમાં રહીને આપના અધરની સુધાનું પાન કરી શકાય તેમ છે. સાલોક્ય મુક્તિમાં અક્ષરનો થોડો આનન્દ અને અક્ષરરૂપ અમૃતનું પાન થાય. અક્ષરમાં રહેવા કરતાં ચુંબન વગેરે કરવા માટે આપના ગંડસ્થલમાં રહેવું ઉત્તમ છે. વળી અક્ષરરૂપ અમૃત કરતાં આપના અધરનો રસ ઉત્તમ છે, એ તો સ્પષ્ટ જ છે. ૧/ઈ.સાયુજ્ય મુક્તિ એટલે બ્રહ્મમાં ભળી જવું. તેથી બ્રહ્મના આનન્દનો અનુભવ થાય. બ્રહ્માનન્દમાં જેઓનો પ્રવેશ થાય છે તેમને ભક્તિનો વિલાસ પ્રાપ્ત થતો નથી. આપનું હાસ્ય સર્વ રસને જાગ્રત કરનારું છે અને દૃષ્ટિ એટલે જ્ઞાન પણ પ્રકટ થયેલું છે. તેથી આપના હાસ્ય સાથેની દૃષ્ટિથી સર્વ રસની વૃદ્ધિ અને જ્ઞાન થાય છે. બ્રહ્મના આનન્દમાં તો જલમાં ડૂબેલો જેમ જલપાન કરે તેના જેવો આનન્દ અને જ્ઞાન બન્ને અસ્પષ્ટ રહે છે, કારણ કે જુદાં રહેવાથી જ અનુભવનો રસ પ્રાપ્ત થાય છે. તેથી કેશોથી વીંટાયેલું, કુંડલોને શોભાવનારું, ગાલના સ્થલ અને અધરમાં સુધાવાળું અને હાસ્ય સાથેની દૃષ્ટિવાળું ભક્તિરૂપ આપનું મુખારવિન્દ અમે જોએલું હોવાથી આપનું દાસ્ય જ અમારે ફલરૂપ છે. ચારે પ્રકારની મુક્તિ તેથી હલકી છે, કારણ કે આવાં મુખારવિન્દના દર્શન થતાં મોક્ષની ઈચ્છા રહેતી જ નથી.

૨.આપના બે ભુજદંડ જોયા પછી, ઈન્દ્ર વગેરેની સ્થિતિ સાથે સ્વર્ગ મળતું હોય તો પણ અમારે તે નકામું છે. સ્વર્ગમાં ઉત્તમ સ્થિતિ ઈન્દ્રની છે. તે ઈન્દ્ર વગેરે દેવો પણ સદા દૈત્યોથી ભય પામે છે અને તેમને પણ આપના ભુજદંડ જ અભય આપે છે. આપના દાસ્યથી જ એ ભુજદંડ અમને પ્રાપ્ત થાય છે તો પછી તે દાસ્યને તજી ઈન્દ્ર થવાનું અમારે શું પ્રયોજન? આપની ભુજાઓ ઈન્દ્ર વગેરે દેવોને અભય આપે છે એટલું જ નહિ પરન્તુ આપની ક્રિયાશક્તિરૂપ યજ્ઞો વગેરેથી હવિ (યજ્ઞમાં હોમાતા પદાર્થો) પણ તેમને આપે છે કે જેથી ભવિષ્યમાં ઈન્દ્ર પોતાના અધિકાર ઉપરથી ઊતરે ત્યારે તેને મુક્તિ મળે. આપની ભુજાઓ દંડરૂપ હોવાથી આપની આજ્ઞાનું કોઈથી ઉલ્લંઘન થતું નથી. બન્ને ભુજાઓ દંડરૂપ હોવાથી તે સમ્પૂર્ણ રીતે દૈત્યોનો નાશ કરે છે.

૩.લોકો લક્ષ્મી વડે આનન્દ કરે છે અને લક્ષ્મી પણ આપનાં વક્ષસ્ક્ષલમાં રમણ કરે છે. ૪.ધર્મ પણ આપના વક્ષઃસ્થલમાં રહે છે. તેથી સર્વ પુરુષાર્થ આપના દાસ્યથી પ્રાપ્ત થતા હોવાથી અમે આપની દાસીઓ થઈ છીએ. વળી આપે જારકર્મમાં છ દોષો ગણાવ્યા તે આપના (ચાર મુખારવિન્દના, ભુજાઓ અને વક્ષઃસ્થલ નો એક-એક એવા) છ ગુણોને લીધે રહેતા નથી, કારણકે જેનાથી પરમ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે તે પાપ હોઈ શકે નહિ. પાપફલ અનિષ્ટ હોવાથીજ તેની નિન્દા થાય છે.

સ્ત્રીઓ જાર પાસે જાય તેની લોકમાં નિન્દા થાય છે તેથી સત્પુરુષોના માર્ગનું રક્ષણ કરવા અમારે ઘેર જવું અને શ્રવણ-દર્શન વગેરે કરવા એમ આપે કહ્યું તે સમ્બન્ધમાં જણાવીએ છીએ કે ''આપના અવ્યક્ત મધુર શબ્દરૂપ અમૃતથી ભરેલા વેણુના ગીતથી

મોહ પામેલી ત્રણ લોકમાં કઈ સ્ત્રી આર્યચરિતથી ચલિત ન બને? ત્રણ લોકનું સૌભાગ્ય કરનારું આ રૂપ જોઈને ગાયો, પક્ષીઓ, વૃક્ષો અને હરણો પણ રોમાંચિત થયાં છે''.

શ્રવણ–દર્શન વગેરે ધર્મ કહ્યો તેનો ઉપદેશ પુરુષોને કરવો જોઈએ, પરન્તુ સ્ત્રીઓને ન કરવો જોઈએ. કારણ કે સ્ત્રીઓથી તે થઈ શકે તેવો નથી. થઈ ન શકે તેવો ધર્મ હોય જ નહિ. એ અમારા ધર્મનો નાશ થવામાં કારણભૂત ધર્મનું સ્થાપન કરનારું આપનું સ્વરૂપ જ છે. ધર્મ સ્થાપન કરનારું આપનું સ્વરૂપ અદ્‌ભુત કર્મ કરનારું હોઈ આ ધર્મનો નાશ કરાવે છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણના કાર્યરૂપ, ત્રણે લોકમાં 'સ્ત્રી' શબ્દથી ઓળખાય તેવી કઈ સ્ત્રી આપના વેણુના ગીતથી આર્યમાર્ગથી ચલિત ન થાય? તામસી સ્ત્રીઓ પોતાના અજ્ઞાનને લીધે ''અમે આર્યમાર્ગમાં જ રહીએ છીએ'' એમ માનતીજ તેનાથી ચલિત થાય છે. રાજસી સ્ત્રીઓનો તો (જાર પાસે જવાનો) સ્વભાવ જ છે. સાત્ત્વિક સ્ત્રીઓને સત્ત્વને લીધે (આપની પાસે નહિ આવતાં પતિસેવા વગેરે કરવામાં) ધર્મ છે એવા નિર્ણયમાં શંકા થતાં તેઓ તેનો ત્યાગ કરે છે. બધી સ્ત્રીઓ એ પ્રમાણે આર્યચરિત્રથી ચલિત થાય છે, કારણ કે તેઓ અવ્યક્ત મધુર શબ્દરૂપ અમૃતથી ભરેલા વેણુના ગીતથી મોહ પામેલી હોય છે. મોહ પામે તે આર્યમાર્ગનો ત્યાગ કરે જ.

પાંચ ભાગવાળી અવિદ્યાના સ્થાને રહેલાં ૧.મધુર અસ્પષ્ટ ૨.શબ્દ ૩.અમૃત ૪.વેણુ અને ૫.ગીત મોહ પમાડે છે. ભગવાનના સમ્બન્ધને લીધે અવિદ્યા મોહ પમાડતી નથી પણ આ પાંચ મોહ પમાડે છે. તે પાંચે આપના હોવાથી તેમનામાં તેવું બળ રહેલું છે. તે પૈકી ૫.ગીત દેહને મોહ પમાડે છે. કારણ કે ગાનારની સ્ત્રીઓ કામના કરે છે અને સ્ત્રી તો (સ્ત્રીનો) દેહ જ છે. ૪.વેણુ રસથી ભરપૂર હોઈ ઈન્દ્રિયોને મોહ પમાડે છે. ૩.અમૃત પ્રાણને ૨.શબ્દો અન્તઃકરણને અને ૧.મધુર અસ્પષ્ટ આત્માને મોહ પમાડે છે તેથી તેમને ઘણો જ મોહ થાય છે.

આર્યો પ્રમાણબલનો વિચાર રાખનારા છે. વસ્તુનો વિચાર પ્રમેયબલથી કરવો જોઈએ. તેથી પ્રમાણમાર્ગનો વિરોધ પ્રમેયમાર્ગમાં દરકાર કરવા યોગ્ય નથી. પ્રમાણની મર્યાદાનો ભંગ થાય તો તેથી પ્રમેયમાર્ગમાં દોષ થતો નથી. તેથી આપના દાસ્યથી અમને ફલ પ્રાપ્ત થતું હોવાથી મર્યાદામાર્ગની દૃષ્ટિએ અમારી અપકીર્તિ થાય તે અમને અડચણરૂપ નથી.

વળી આપ શબ્દથી જ મર્યાદાનો ભંગ કરાવો છો એટલું જ નહિ પરન્તુ સ્વરૂપથી પણ મર્યાદાનો ભંગ કરાવો છો. આપનું સ્વરૂપ ત્રણે લોકને સૌભાગ્ય કરાવનારું છે. જેમ સૂર્યથી દિવસ અને ચંદ્રથી રાત્રિ સુન્દર થાય છે તેમ આપના સ્વરૂપથી ત્રણે લોક સુન્દર થાય છે. આપનું ગીત સાંભળે અને આપના આ રૂપના દર્શન કરે તે કઈ સ્ત્રી આર્યચરિતથી ન ડગે? આપના સ્વરૂપથી પ્રમેયની મર્યાદા, જે કોઈ પ્રકારે ફરે નહિ તે પણ તૂટી જાય છે. કારણ કે આપના સ્વરૂપના દર્શન કરીને ગાયો, પક્ષીઓ વૃક્ષો અને હરણો ને પણ રોમાંચ થાય છે. ગાયો અને બળદો ને તે પ્રમાણનું ભાન પણ ન હોય, કારણ કે બળદો પોતાની

માતા સાથે પણ સમ્બન્ધ કરે છે. પક્ષીઓ સર્વ પદાર્થ ખાનારા છે. વૃક્ષો સ્થાવર હોય છે અને તેમને કોઈ પણ સમયે બહારનું ભાન હોતું નથી. અને કેટલાકના મત પ્રમાણે તો તેમને ઈન્દ્રિયો પણ હોતી નથી. હરણો સર્વથી ભય પામી ભાગે છે. આ બધા આપના સ્વરૂપના દર્શનથી અથવા આપના ગાનથી રસમાં મગ્ન થઈ રોમાંચિત થાય છે, એટલે રસિક મનુષ્યના ગુણો પ્રકટ કરે છે. આપ ભગવાને એમને રસનો અનુભવ કરી શકે તેવા સર્જેલા ન હોવા છતાં તેઓ રસનો અનુભવ કરતા જણાય છે તો પછી સ્ત્રીઓ તો સ્વભાવથી જ આર્યમાર્ગથી ચલિત થાય તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી.

એવી રીતે ભગવાને જે વચનો કહેલા તે યોગ્ય નથી એમ જણાવવા પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તનું નિરૂપણ કરીને, આ ફલ માત્ર ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય તેવું હોવાથી, તેમની કૃપાથી પ્રાર્થના કરતાં ગોપીઓએ કહ્યું કે "જેમ આ આદિપુરુષ દેવલોકનું રક્ષણ કરનાર અવતરેલા, તેમ આપ ક્વચિત વ્રજજનોનાં દુઃખ અને ભય હરનારા પધાર્યા છો. તેથી હે દુઃખીના બન્ધુ! અમે કિંકરીઓનાં તપી ગયેલાં સ્તનો અને શિરો ઉપર આપનું કરકમલ ધરો."

આપે જે અમને ઉપદેશ આપ્યો તે કાંઈ અમને ફલ પ્રાપ્ત કરાવનારો નથી અને અમે જે કહ્યું તે કાંઈ અમને અડચણ કરનારું નથી, છતાં આપના અવતારના પ્રયોજનનો વિચાર કરીને અમારા ઉપર કૃપા કરો. આપ ક્વચિત વ્રજજનોનાં દુઃખ અને ભય હરવાના પ્રયોજનથી જ અહીં પધાર્યા છો, તેથી આપે તે દૂર કરવા જ જોઈએ. એ આપના અહીં પધારવાનું પ્રયોજન ન હોય તો આપ સાક્ષાત્ ભગવાનને અવતાર લેવાનું પ્રયોજન અમને જણાતું નથી. ભૂમિનો ભાર હરવાનું તો સંકર્ષણ અંશથી પણ થઈ શકે. વસુદેવ વગેરેનું પ્રિય પ્રદ્યુમ્ન અંશથી પણ થઈ શકે અને ધર્મનું રક્ષણ તો અનિરુદ્ધથી પણ થઈ શકે. જો વ્રજનાં દુઃખ અને ભય આપ દૂર ન કરો તો આપના અવતારનું બીજું શું કાર્ય હોઈ શકે? તેથી કદાચ આપ વ્રજનાં દુઃખ અને ભય હરનારા છો. અત્યારે અમને જેવું દુઃખ થાય છે તેવું કોઈ વાર થયેલ નથી. અમારો નાશ થશે તો આખાયે વ્રજને બહુ દુઃખ થશે. તેથી આપે અમારું દુઃખ દૂર કરવું જોઈએ, કારણ કે બ્રહ્મરૂપ ભગવાનને બધા સરખા હોવા છતાં તે ઈન્દ્ર વગેરે ઉપર કૃપા કરે છે અને દૈત્યોને હણે છે, પરન્તુ તેમને જ્ઞાન આપી દુઃખ દૂર કરતા નથી. જ્યારે સર્વને સમાન ભગવાન દેવોનું દુઃખ હરવા પોતાનું સર્વને સમાન સ્વરૂપ જ ફેરવી નાખે છે તો પછી આપનાં વચન ખોટાં પડે તેની આપને શી ચિન્તા? તેથી જેમ આદિપુરુષ પણ દેવ થઈ દેવલોકનું રક્ષણ કરે છે તેમ ધર્મની મર્યાદાનું રક્ષણ કરનારા આપ પણ અમારી સાથે સમ્બન્ધ કરો. આરમ્ભમાં અમારા શિર ઉપર આપનો કર ધરો જેથી અમે અભય થઈએ. પછી અમૃત વરસાવનાર પીડા હરનાર આપનું કરકમલ અમારા હૃદયનો તાપ દૂર કરવા અમારા સ્તનો ઉપર ધરો. આમ કરવામાં કાંઈ પણ અયોગ્ય નથી કારણ કે અમે આપની કિંકરીઓ છીએ. અથવા અમે અમારી સ્થિતિ કહી તે ખરી છે કે નહિ તેની પરીક્ષા કરવા એ પ્રમાણે આપનું કરકમલ ધરી ખાતરી કરો. ગોપીઓનાં એવા નમ્ર વચન સાંભળીને

ભગવાને હસીને તેમની સાથે રમણ કર્યું...

પછી ગોપીઓ જેમની સમીપ ગાન કરતી હતી તેવા ભગવાન પણ ગાન કરતાં સેંકડો ગોપીઓના અનેક પ્રકારના યૂથનું રક્ષણ કરતા હતા. જેટલી ગોપીઓ સાથે ભળવાથી રસ પ્રકટ થાય તેટલી ગોપીઓનું એક યૂથ થતું. તેથી ભગવાને જેટલા યૂથ તેટલાં પોતાના અનેક રૂપ કર્યાં અને ગોપીઓનું દૂરથી જ તથા આશ્વાસન આપી રક્ષણ કરવા લાગ્યા. તે સમયે તેમણે નવરત્નો જડેલી, સ્વાભાવિક, પોતાનું ઐશ્વર્ય જણાવનારી, કીર્તિમયી (વૈજયન્તી) માલા પહેરી હતી અને આખા વનને શોભાવતા, ગોપીઓના કામને જાગ્રત કરનારી લલિતગતિથી ફરતા હતા, કારણ કે તે ગોપીઓના કામને પૂર્ણ કરનાર છે. પછી ગોપીઓનો કામ જાગ્રત થતાં, અંદરની ગરમીને મટાડનારી ઠંડી રેતીવાળા નદીના સ્વચ્છ કોમલ તટ ઉપર પ્રદેશ કરીને, રમણમાટે (રેતીના) બંધ વગેરેથી તેને ઘણો કોમલ બનાવીને ભગવાને ત્યાં અનેક પ્રકારની ગોપીઓ સાથે રમણ કર્યું. તે સમયે નદીના તરંગોથી તટ જ આનન્દવાળો થયો હતો, કમલોની આનન્દવાળી સુગંધ આવતી હતી, આનન્દવાળો વાયુ વાતો હતો. વાયુ આનન્દ આપનારો હોવાથી મંદ હતો અને તેને કમલો અને જલનો સમ્બન્ધ હોવાથી તે સુગન્ધવાળો અને શીતલ હતો. મહાબન્ધમાં વાયુની પણ જરૂર હોવાથી એવો વાયુ વાતો હતો. ગોપીઓને એ પ્રમાણે સમ્પૂર્ણ રીતે કામકેલિનો અનુભવ થયો.

**''ક્રિયા સર્વાપિ સૈવાત્ર પરં કામો ન વિદ્યતે,**
**તાસાં કામસ્ય સમ્પૂર્તિર્નિષ્કામેનેતિ તાસ્તથા''.**

લૌકિક કામમાં હોય છે તે જ બધીએ ક્રિયાઓ અહીં થઈ પરન્તુ તેમાં લૌકિક કામ નથી. કારણ કે ગોપીઓના કામને નિષ્કામ ભગવાને પૂર્ણ કરેલો હોવાથી ગોપીઓ પણ નિષ્કામ એટલે લૌકિક કામ રહિત જ છે.

**''કામેન પૂરિતઃ કામઃ સંસારં જનયેત્ સ્ફુટઃ,**
**કામાભાવેન પૂર્ણસ્તુ નિષ્કામઃ સ્યાત્ ન સંશયઃ''.**

લૌકિક કામથી પૂર્ણ થયેલો સ્ફુટ લૌકિક કામ પુત્ર વગેરે સંતાનરૂપ સંસાર ઉત્પન્ન કરે, પરન્તુ નિષ્કામ પુરુષથી પૂર્ણ થયેલો કામ નિષ્કામ જ હોય છે. ગોપીઓને આ રમણથી કાંઈ સંતાન થયેલું નથી, તેથી તેઓ પણ લૌકિક કામ રહિત જ હતી તેમાં કાંઈ સંશય નથી.

**''અતો ન કાપિ મર્યાદા ભગ્ના મોક્ષફલાપિ ચ,**
**અત એતચ્છ્રુતૌ લોકો નિષ્કામઃ સર્વથા ભવેત્''.**

તેથી આ લીલામાં અલૌકિક ભાવ જ હોવાથી અહીં કોઈ પણ મર્યાદાનો ભંગ થયો નથી; અને આ લીલા મોક્ષરૂપ ફલ આપનારી છે. તેથી આ લીલાનું શ્રવણ થતાં લોક સમ્પૂર્ણ રીતે નિષ્કામ (લૌકિક કામરહિત) થાય છે.

**''ભગવચ્ચરિતં સર્વં યતો નિષ્કામમીર્યતે,**
**અતઃ કામસ્ય નોદ્બોધઃ''.**

ભગવાનનું બધું ચરિત નિષ્કામ છે તેથી આ લીલા પણ નિષ્કામ, લૌકિક કામ રહિત છે. તેથી આનું શ્રવણ કરવાથી લૌકિક કામ ઉત્પન્ન થતો નથી, પરન્તુ હૃદયના રોગરૂપ લૌકિક કામરૂપ રોગનો નાશ જ થાય છે.

એવી રીતે સર્વ રસનું દાન કરવાની શક્તિવાળા સદાનન્દન ફલરૂપ શ્રીકૃષ્ણે ગોપીઓના સર્વ મનોરથો પૂર્ણ કર્યા ત્યારે ગોપીઓ પોતાને જ પૂર્ણ માનવા લાગી, પરન્તુ ભગવાન પૂર્ણ છે અથવા ભગવાનને લીધે અમે પૂર્ણ છીએ એમ માનતી ન હતી. ભગવાન મહાત્મા, મોટા જ આત્મા, હોવાથી તેમણે તેમને ન્યૂન રાખી નહિ પણ પૂર્ણ જ કરેલી, કારણ કે અગાધ જલમાં જે પ્રવેશ કરે તે પલળ્યા વગરનો રહે એવું ન બને; અથવા તેવા જલમાં જેમેલો ઘડો અપૂર્ણ રહે જ નહિ. પોતાને પૂર્ણ માનીને ગોપીઓ એમ માનવા લાગી કે ''અમે સર્વ સ્ત્રીઓમાં અને પૃથ્વી પરની સ્ત્રીઓમાં સર્વથી ઉત્તમ છીએ. અમારા જેવી બીજી નથી, તેથી ભગવાન જો અમને પ્રાર્થના કરશે તો તેમને અમે રસનું દાન કરશું.'' એવું તેમને માન થયું. ભગવાનના ગુણો તેમનામાં આવ્યા. રસ પ્રાપ્ત થાય તે માટે તેમની આવી સ્થિતિ થયેલી હોવાથી અને તે ભગવદ્ભાવરૂપ હોવાથી દોષરૂપ નથી, પરન્તુ સંયોગ અવસ્થાના શૃંગારસનો તેમને અનુભવ કરાવ્યા પછી, વિપ્રયોગના રસનો અનુભવ કરાવવા ભગવાને તેમનામાં આ પ્રમાણે માન ઉત્પન્ન કર્યું.

ગોપીઓને માન થયું અને પોતાને પૂર્ણ માનવા લાગી તે દોષરૂપ ન હતું પરન્તુ ''પૃથ્વી ઉપર અને સ્ત્રીઓમાં સર્વથી અમે ઉત્તમ છીએ'' એવું પોતે ઉત્તમ હોવાનું જ્ઞાન દોષરૂપ હોવાથી તેમનો તે મદ ઉતારવા ભગવાન અન્તર્ધાન થયા.

ભગવાન સાથે રમણ કરવાથી જ તેમને આ મદ થયેલો એટલે ભગવાને જ તે કરેલો, છતાં તે મદ ઉતારવો જોઈએ. માન અંદરનો ગુણ છે. અંદર પ્રવેશ કરી માન ઉતારવા શક્તિમાન્ ન હોય તે બહારથી માન ઉતારવા પ્રયાસ કરે. વળી ગોપીઓમાં પૂર્ણ હોવાનો ગુણ ભગવાનનો હતો. ભગવાને ગોપીઓનો મદ અને માન જોયાં. તેમને શાંત કરવા અને તેમની પૂર્ણતાને લીધે તેમનાપર કૃપા કરવા ભગવાન ત્યાંજ ગોપીઓની મધ્યે જ અથવા તેમના યૂથમાં અન્તર્ધાન થયા. જેમ ભગવાને બ્રહ્માના રજોગુણનું અને શિવના તમોગુણનું નિવારણ કરી તેમને મુક્તિ આપેલી, તેમ ગોપીઓના મદ અને માન ને ઉતારી તેમને પણ વિપ્રયોગના અનુભવરૂપ મુક્તિ આપવા ભગવાન અંતર્ધાન થયા. ગોપીઓ પ્રથમ અધિકારી હોવાથી ભગવાને કાયિક તિરોભાવ કર્યો, એટલે ભગવાન દર્શન દેતા બંધ થઈ ગયા.

ભગવાને પોતાના આનન્દનું ગોપીઓમાં સ્થાપન કરવા માટે તેમની સાથે ક્રીડા કરી, તેથી તેમને બહાર આનન્દ ઉત્પન્ન થયો. તે આનન્દ પાછો પુષ્ટ થઈ ગોપીઓમાં પ્રવેશ કરે તે માટે ભગવાને તેમનામાં લીલા સહિત પ્રવેશ કર્યો કે જેથી ગોપીઓ રસમાં આસક્ત થાય. ભગવાન અન્તર્ધાન થયા એટલે ગોપીઓને ઘણો તાપ થયો. ભગવાન અન્તર્ધાન થયા પછી જ્યાં સુધી ગોપીઓએ પોતાની અન્દર ભગવાન માટે શોધ કરી નહિ ત્યાં સુધી ભગવાનનાં દર્શન ન થવાથી તેમને ઘણો જ તાપ થયો. તાપ તો સહજ હતો જ,

તે ભગવાનનાં દર્શન-સ્પર્શ વગેરેથી શાંત થતો હતો. બહાર દર્શન બન્ધ થતા તાપ થાય જ... ગોપીઓને તાપ થયો પણ તે તાપ અંદર પ્રવેશ કરવા લાગ્યો. એટલામાં ભગવાનની લીલાઓએ અંદર પ્રવેશ કરી તે તાપને દૂર કર્યો. ભગવાનની ગતિ, સ્નેહ સાથેનું સ્મિત, વિલાસવાળા કટાક્ષ, મનોહર ગુહ્ય વાતચીત વગેરેથી ગોપીઓનાં ચિત હરાઈ ગયેલાં હોવાથી ભગવાનની તે-તે લીલા તેમનામાં પ્રગટ થતાં તેમનો તાપ દૂર થયો. તેમને ઘણો મદ થયો હતો, મદ થયો ન હોત તો દાસીભાવ જ રહ્યો હોત. મદ થવાથી એકલા ભગવાનની પોતાને ઉપયોગી થાય તેવી લીલાનો તેમને અનુભવ ન થયો, પરન્તુ લક્ષ્મીપતિ ભગવાનની લક્ષ્મી સાથેની વિલાસરૂપ ચેષ્ટાઓનો અનુભવ થતાં, તે ચેષ્ટાઓનું તેમણે અનુકરણ કરવા માંડયું. ભગવાન જ તેમની અન્દર તે પ્રકારે સ્ફુર્યા અને તેથી તે-તે લીલાઓનું તેમણે અનુકરણ કરવા માડ્યું. તે સમયે ગતિ, સ્મિત, દૃષ્ટિ, ભાષણ વગેરે ભગવાનના ગુણો તેમનામાં આવ્યા અને પોતાના ગુણોથી તે વિરુદ્ધ હોવાથી પોતાના ગુણોનો તેમણે ભગવાનમાં આરોપ કર્યો. અને જ્યારે જે ગોપીથી ભગવાન પહેલાં થોડા દૂર હતા તેમણે ભગવાનના સમ્બન્ધી પ્રશ્ન કર્યો ત્યારે કાયા, વાણી અને મન ની ચેષ્ટાઓ શ્રીકૃષ્ણ પ્રમાણે જ કરતી ગોપી જેમને શ્રીકૃષ્ણ અન્તર્ધાન થયાનું જ્ઞાન ન હતું તે કહેતી કે ''આ શ્રીકૃષ્ણ રહ્યા, હું શ્રીકૃષ્ણ છું''. કારણ કે ભગવાને પોતે અને તેમના ગુણોએ પણ આ ગોપીઓમાં પ્રવેશ કર્યો હતો.

ગોપીઓને પ્રથમ ૧.તાપ થયો. પછી ૨.ભગવાનની લીલાએ તેમનામાં પ્રવેશ કર્યો અને પછી તેઓ ૩.ભગવદ્રૂપ થઈ. આ ત્રણે ભગવાનની ઈચ્છા પ્રમાણે એક-બીજાને દબાવી, એક પછી એક પ્રકટ થવા લાગ્યા. એટલે ત્રણમાંથી જે પ્રકટ થાય તેનું કાર્ય થવામાં પ્રતિબન્ધ થતો ન હ્તો. પ્રથમ મિશ્રભાવ હોવાથી ગોપીઓ ગાવા લાગી. જેમ ભગવાને ગાન ગર્યું ત્યારે ગોપીઓ પોતે આવી ભગવાનને મળેલી તેમ ભગવાન પ્રકટ થાય તે માટે ગોપીઓ ગાવા લાગી. જેને પોતામાં અને બીજામાં ભેદ જણાતો નથી, જે વસ્ત્ર વગેરે રાખતો નથી તેવા ગાંડાની જેમે તેમણે ભગવાનની શોધ કરવા માંડી. ભગવાનને શોધતાં-શોધતાં તેઓ એક વનમાંથી બીજા વનમાં જતી. આકાશની જેમે સર્વની અંદર અને સર્વની બહાર ભગવાન રહે છે, છતાં તેમના દર્શન ન થતાં ગોપીઓ પોતાની અંદર તેમનાં દર્શન કરવાનો વિચાર કરતી ન હતી. ચેતન બુદ્ધિવાળાને ભગવાન ક્યાં છે એમ પૂછતી ન હ્તી, પણ સ્થાવર વનસ્પતિઓને પૂછવા લાગી. કારણ કે વનસ્પતિ વૈષ્ણવ છે અને વૈષ્ણવો મૂઢ હોય તે પણ ભગવાનની ગતિ જાણે છે, પરન્તુ બુદ્ધિવાળાઓ પણ વૈષ્ણવ ન હોય તે તેમની ગતિ જાણતા નથી.

વનસ્પતિઓમાં પણ અશ્વત્થ (પીપળો) લોકમાં સન્માનપાત્ર હોવાથી અને વિષ્ણુરૂપ હોવાથી પ્રથમ તેને પૂછયું. તેની ઉત્પત્તિ પ્રજાપતિથી થયેલી હોવાથી પછી પ્રજાપતિરૂપ (પ્લક્ષ) પીપળને પૂછ્યું. મનુષ્યો અજ્ઞાની રહે તે માટે તેમનું પવિત્રપણું દૂર કરવાથી પીપળની ઉત્પત્તિ થયેલી હોવાથી તે અપવિત્ર છે અને લોકને અજ્ઞાની રાખનાર છે

તેથી ભગવાન કયાં છે તે પીપળ કહી શકશે નહિ એમ જાણી, કર્મના સમ્બન્ધ વિનાના વૈષ્ણવધર્મનો ઉપદેશ કરનાર શિવરૂપ ન્યગ્રોધ(વડ)ને પૂછ્યું. આ વૃક્ષોને તેમણે પૂછેલ કે ''તમારા સમ્બન્ધવાળા નન્દપુત્રને તમે ક્યાંય જોયાં? અમારાં મન હરીને તે ગયા છે તેથી પૂછીએ છીએ. પ્રેમથી તેમણે અમારી અન્દર પ્રવેશ કર્યો, હાસ્યથી મન ગ્રહણ કર્યું અને દૃષ્ટિથી તેને હરી ગયા''.

વૃક્ષોએ ઉત્તર ન આપતાં તેમણે વિચાર્યુ કે આ વૃક્ષો મોટાં હોવા છતાં તેમનાં ફળ સારાં નથી અને કાગડાઓ જ તે ફળો ખાય છે, તેથી સુગંધી પુષ્પવાળા મોટા વૃક્ષોને પૂછીએ. તેથી તેમણે કામની વૃદ્ધિ કરનારાં કુરબક, અશોક, નાગકેસર અને ઘણાં સુગંધી પુષ્પવાળા પુન્નાગ અને ચંપા ને પૂછ્યું કે ''માનિનીઓના ગર્વને જે સ્મિતથી હરે છે તે રામાનુજ (બલભદ્રના નાનાભાઈ) ને તમે જોયા? અમને ગર્વ થયો હતો તે તો માત્ર સ્મિતથી જ તે હરી શકત. અમારો ગર્વ હરવા તે નકામા જતા રહ્યા''.

વળી તેમણે વિચાયું કે આમને પણ નકામો પ્રશ્ન કર્યો, કારણ કે કુરબકને રડવું પ્રિય છે. અશોક તો શોકનો જ નાશ કરે છે, કોઈને સુખ આપતો નથી. નાગકેસર તેના નામથી જ બીવળાવે તેવું છે. પુન્નાગ પુરુષોનો પણ નાગ છે અને ચંપો પાકતાં રસ વિનાનો હોય છે. વળી આ કોઈને પણ ફળ તો હોતા જ નથી. ફલવાળાં અને પુષ્પવાળાં વૃક્ષોનો જાત-જાતનો ઉપયોગ થતો હોવાનું સભવતું હોવાથી ભગવાન ક્યાં છે તે તેઓ જાણતા નહિ હોય. તેથી ફળ અને પુષ્પ જેને નથી અને જે ભગવાનના સમ્બન્ધવાળી છે તે તુલસીને પૂછીએ. એમ વિચારી તેમણે તુલસીને પોતાની સખી અને ભગવાનની પત્ની માનીને પૂછ્યું કે ''ગોવિન્દના ચરણ ઉપર પ્રેમ રાખનારી હે તુલસી! ભ્રમરોના સમૂહો સાથે તને ધારણ કરનાર તને બહુ પ્રિય છે તે અચ્યુતને તેં જોયાં છે? તારી જાતની તુલસી ભગવાન પાસે હોવાથી તેં જોયા હશે, કારણ કે એક પદાર્થ પોતાની જાતના બીજાને માર્ગમાં જોઈને તેની પાસે જાય છે. વળી ભગવાન તને બહુ પ્રિય હોવાથી જો તે આ માર્ગે ગયા હોય તો તેં જરૂર જોયા જ હશે''.

આ તુલસી પણ શોક્યની જેમે પોતાની શ્રેષ્ઠતા જણાવતી હોઈ આપણને કહેશે નહિ, આપણા ઉપર તો સાધારણ સ્ત્રીઓ જ ઉપકાર કરશે એમ વિચારી તેમણે માલતી, મલ્લિકા, જાતિ અને જૂઈ ને પૂછ્યું કે ''હાથના સ્પર્શથી તમને પ્રીતિ ઉત્પન્ન કરતા માધવ ગયા, તેમને તમે જોયા છે?'' તમે ચારેય ઘણાં સુગન્ધી પુષ્પોવાળી લતાઓ ભગવાનને બહુ પ્રિય છો. વળી ભગવાન લક્ષ્મીના પતિ લક્ષ્મી સાથે ગયા છે તેથી તેનો અંબોડો ગૂંથવા તેમને પુષ્પો ચૂંટવાની જરૂર હોવાથી, પુષ્પો ચૂંટતાં પોતાના શ્રીકરના સ્પર્શથી તમને આનન્દ આપતા જ તે ગયા હશે.

આ ચારેય સ્ત્રીઓ છે છતાં ફળરહિત છે, નજીવી છે, સ્વાર્થમાં તત્પર છે અને લક્ષ્મીનો પક્ષપાત કરનારી છે તેથી આપણને કહેશે નહિ એમ જાણી, તેમણે મધુર આંબા, રાણ, પનસ, ખાટા આંબા વગેરે વૃક્ષોને તથા શ્રીયમુનાના તટ ઉપર તપસ્વીની જેમે રહેલાં

બીજાં વૃક્ષોને પૂછ્યું, કારણ કે વૃક્ષો બધાં પરોપકારી છે અને શ્રીયમુનાના તટ ઉપરના વૃક્ષોને અવશ્ય ભગવાનનું દર્શન થાય. તેમણે આ વૃક્ષોને પૂછ્યું કે ''આત્માવિનાના અમને ભગવાનનો માર્ગ દેખાડો. કોઈ ઘર, ધન કે દેહ વિનાના હોય પણ અમે તો આત્મા વિનાના છીએ તેથી અમારા ઉપર દયા કરી શ્રીકૃષ્ણ જે માર્ગે ગયા હોય તે અમને કહો''.

એ પ્રમાણે ગોપીઓએ ઘણો વિલાપ કરી દીનતા દેખાડી ત્યારે તેમને ભૂમિ ઉપર ભગવાનનાં ચરણારવિન્દનાં દર્શન થયાં. ત્યારે તેમણે ભૂમિની પ્રશંસા કરતાં કહ્યું કે ''હે ભૂમિ! તેં શું તપ કર્યું હતું કે કેશવના ચરણના સ્પર્શથી ઉત્સવવાળી રોમાંચિત થઈ તું શોભે છે? તને ભગવાનના ચરણના સ્પર્શથી ઉત્સવ થયો છે કે વામનના પગલાંથી થયો છે અથવા વારાહના આલિંગનથી થયો છે? અમે પણ તપ કર્યું છે. પણ તને તપનું જેવું ફળ મળ્યું છે તેવું અમને મળ્યું નથી. ભગવાનના ચરણનો તને સ્પર્શ થયો છે એટલું જ નહિ, પરન્તુ બ્રહ્મા અને શંકર ને પણ મોક્ષ આપનાર અને બ્રહ્મા પણ જેમનાં ચરણારવિન્દની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે તેવા ભગવાનના ચરણના સ્પર્શથી તને ઉત્સવ થયો છે. ઉત્સવના આનન્દથી તને પરસેવો થયો હશે જ. ન થયો હોય તો ચરણારવિન્દ આવા સ્પષ્ટ ન પડે. વળી તને રોમાંચ પણ થયો છે. બધે (શરીર ઉપર) દુર્વાના અંકુરો પ્રકટ થયા છે. એ રોમાંચથી તું ઘણી શોભે છે. રોમાંચ બધે થયો છે પરન્તુ ચરણારવિંદ બધે ઉઠ્યા નથી તેથી કદાચ ભગવાનના ચરણારવિન્દના સ્પર્શથી વામને પહેલાં ચરણથી સ્પર્શ કરેલ તે તને સાંભર્યો હશે. એ સ્પર્શ તો બધે સ્થળે થયેલો અને તે સાંભળવાથી ઉત્સવ થતાં બધે રોમાંચ થયાં હશે. માત્ર ચરણના સમ્બન્ધથી, સંભોગ વિના, સાત્ત્વિકભાવરૂપ ઉત્સવ અને રોમાંચ ન થાય. તેથી કદાચ વારાહના આલિંગનનાં સ્મરણથી રોમાંચ થયો હશે''.

એ પ્રમાણે સ્થાવરોને પ્રશ્ન કરી તેમણે મૃગલીને પૂછ્યું કે ''હે કાળીયારની પત્નિ! હે સખિ! પ્રિયાની સાથે અહીં આવેલા પોતાના અવયવોથી તમારી દૃષ્ટિને આનન્દ આપતા અચ્યુતને તમે જોયા? કારણ કે ...ગોકુલપતિની કુંદની માલાની સુગંધ અહીં વાય છે. લક્ષ્મી અથવા બીજી પત્ની સાથે આજ માર્ગથી જતા પોતાના અવયવોથી તમારી દૃષ્ટિને આનન્દ આપતા અચ્યુતને તમે જોયા છે? ચરણારવિન્દ દેખાય છે તેથી આજ માર્ગે તે ગયા છે એવો નિશ્ચય થાય છે. તમે જોયા હોય તો અમને પણ તેમનાં દર્શન થઈ શકે તે માટે પૂછીએ છીએ. તું બીજાની પત્ની છે, કૃષ્ણમાં તારો સ્નેહ છે, અમારાં જેવાં તારાં નેત્રો છે અને બીકણપણું વગેરે અમારા જેવા તારા ગુણો છે તેથી તું અમારી સખી છે. તે અચ્યુત હોવાથી તેમણે લીલા કરેલી હોવા છતાં તેમની કાંઈ ક્ષતિ થતી નથી.

આ હરણી પોતાના પતિની હાજરીમાં ઉત્તર આપી નહિ શકે એમ માની ભગવાને જે વૃક્ષોની પ્રશંસા કરેલી તેમને તેમણે પૂછ્યું કે ''હે વૃક્ષો? પ્રિયાના ખભા ઉપર બાહુ રાખીને કમલ ધારણ કરેલા, તુલસી ઉપર બેઠેલા મદથી અન્ધ થયેલા ભમરાઓના ટોળાં જેમની પાછળ જાય છે તેવા રામાનુજ અહીં ફરતાં પ્રેમવાળી દૃષ્ટિઓથી તમારા પ્રણામ સ્વીકારે છે ને? પહેલાં ભગવાને ભક્ત તરીકે તમારી પ્રશંસા કરેલી તેથી તમે કરેલા

પ્રણામ અહીં તે સ્વીકારે છે કે નહીં? પ્રિયાના ખભા ઉપર તેમણે બાહુ રાખેલ એ બન્નેના પગલાઓ એક હારમાં દેખાતાં હોવાથી અને તે સમાન અંતરે ગયેલ હોવાથી જણાય છે. કોઈક સ્થળે ભ્રમરોએ પ્રિયાની ગતિ રોકેલી, ત્યાં તેમને કાઢી મૂકવા ભગવાને પ્રયાસ કરેલો જણાય છે. તમે નમેલાં છો એટલે ભગવાનને નમસ્કાર કરવા માટે જ ફલની ભેટ ધરી ભૂમિને તમારાં માથાં તમે અડાડેલાં છે, તેથી તમે પ્રણામ કરેલા એમ જણાય છે. તમે પાછાં માથાં ઊંચા કર્યા નથી એટલે ભગવાને તમારા પ્રણામ સ્વીકાર્યા છે કે નહિ તે સંદેહ રહેવાથી પૂછીએ છીએ. ભગવાન જતા હોવાથી તેમને ધ્યાન ન રહે તો પ્રણામ ન પણ સ્વીકાર્યા હોય. વાણીથી તેમણે પ્રણામ સ્વીકાર્યા હોય તો અમને પણ સંભળાય, એટલે વાણીથી સ્વીકાર્યા નથી પણ પ્રેમવાળી દષ્ટિથી સ્વીકાર્યા પણ હોય''.

વળી ગોપીઓએ વિચાર્યુ કે આ વૃક્ષો તો જ્ઞાની હોવાથી સ્ત્રીઓ સાથે બોલશે નહિ, તેથી તેમની પત્નીઓને જ પૂછીએ. એમ વિચારી તેમણે વૃક્ષોનું આલિંગન કરેલી લતાઓને પૂછયું... ગોપીઓએ ઘણાંને પ્રશ્ન કર્યા પણ કોઈએ તેમને ઉત્તર ન આપ્યો એટલે તેઓ બેભાન જેવી થઈ ગઈ. ભગવાન અંતર્ધાન થવાથી તેમને જે તાપ થયો તે મટાડવા તેમણે આટલો પ્રયાસ કર્યો ત્યારે એ તાપને દબાવી દેનારી ભગવાનની લીલા પ્રકટ થઈ. ભગવાનને એ રીતે શોધતાં તેમના દેહ અને વાણી થાકી ગયાં એટલે ભગવાનની લીલા પ્રકટ થઈ. ભગવાને લીલા સાથે તેમનાં હૃદયમાં પ્રવેશ કર્યો. જ્યારે-જ્યારે ભગવાન અવતાર લે છે ત્યારે-ત્યારે જેમ પૂતનાના પ્રાણરૂપ ધાવણનું પાન વગેરે લીલાઓ કરે છે તેમ આ ગોપીઓના મનમાં પ્રકટ થયેલા ભગવાને પણ કરવું જોઈએ. ભગવાન તેમના મનમાં તેમની ભાવનાથીજ પ્રકટ થયેલા એટલે આ લીલાઓ સાક્ષાત્ થઈ શકે નહિ તેથી ગોપીઓએ માત્ર આ લીલાઓનું અનુકરણ જ કર્યું.

પૂતનાના પ્રાણરૂપ ધાવણનું પાન એ ભગવાનનું પહેલું ચરિત્ર છે. (૧)એક ગોપી પૂતના થઈ. બીજી કહે ''હું કૃષ્ણ છું''. પૂતના થયેલીએ તેને શ્રીકૃષ્ણ માની ખોળામાં બેસાડી અને તેણે તેને ધાવવા માંડ્યું. પૂતના બનેલીના માટે તેને મરવાની ભાવના ન હતી તેથી અને અમંગળ ન થાય તે માટે તે મૃત્યુ ન પામી અને પૂતનાએ મરતી વખતે જે કાર્ય કરેલ તેનું અનુકરણ પણ તેણે ન કર્યું. શ્રીકૃષ્ણ બનેલી ગોપીમાં ભગવાનનું અલૌકિક સામર્થ્ય નહિ હોવાથી તેણે માત્ર સ્તનપાનજ કર્યું, પણ પ્રાણ હર્યા નહિ. (૨)એક બાળક શ્રીકૃષ્ણ થઈ. બીજી શકટની જેમે ઉભી રહી. તેને બાળક થયેલીએ રડતાં-રડતાં ચરણનો પ્રહાર કર્યો. (૩)એક દૈત્ય થઈ અને બીજી પોતે બાળક શ્રીકૃષ્ણ હોવાનું માનતી, તેને ઉપાડી ગઈ. (૪)એક ઘૂંટણીએ ચાલતી ઘૂઘરીઓનો અવાજ કરતી, જેમ બાળપણમાં ભગવાન ભોળા અને ભય પામેલાની જેમે નાના-મોટા અવાજ કરતાં ચાલતા તેમ ચાલવા લાગી. ૧, ૨ અને ૩ લીલાના અનુકરણમાં ગોપીઓનાં જોડકાં હતાં. પરન્તુ આ લીલાનું અનુકરણ કરનારી ગુણાતીત ગોપી એકલી હતી.

પછી ગોપીઓએ વૃંદાવનમાં ભગવાને કરેલી લીલાનું અનુકરણ કરવા માંડ્યું.

તેમાં (૫)એક બલભદ્ર અને એક શ્રીકૃષ્ણ થઈ. કેટલીક ગોપો એટલે ગોપના બાળક બની અને કેટલીક વાછડાં બની. એક ગોપી તેને મારવા લાગી જ્યારે બીજી ફળો પાડવા લાગી. વત્સાસુરને બલભદ્રે માર્યો એમ પણ લોકમાં પ્રસિદ્ધ થયેલું. તેથી જ કંસે રચેલા અખાડામાં જોનારાઓ બોલેલા કે ''આ બલભદ્રે પ્રલંબ, વત્સાસુર, ધેનુક વગેરેને હણ્યા છે.'' તેથી બલભદ્ર બનેલી વત્સાસુરને મારવા લાગી. (૬)બીજી બકાસુર બનેલી, તેને શ્રીકૃષ્ણ બનેલી ગોપી મારવા લાગી. (૭)કેટલીક ગાયો બની અને કેટલીક ગોપો બની. જેમ શ્રીકૃષ્ણ દૂર રહેલી ગાયોને બોલાવી વેણુ વગાડતા તેમ શ્રીકૃષ્ણ બનેલી ગોપી દૂર રહેલી (ગાયો બનેલી) ગોપીઓને બોલાવી શ્રીકૃષ્ણનું અનુકરણ કરતી અને તે વેણુ વગાડી ભાત-ભાતની ક્રીડા કરતી, ત્યારે બીજી ગોપો બનેલી ગોપીઓ ''બહુ સારું, બહુ સારું'' એમ પ્રશંસા કરતી. (૮)કોઈ ગોપ બનેલી ગોપી ઉપર પોતાનો હાથ રાખીને, જેનું ચિત્ત શ્રીકૃષ્ણમાં જ લાગેલું હતું, તેવી ગોપીએ કહ્યું કે ''હું શ્રીકૃષ્ણ છું, મારી મનોહર ચાલ જુઓ.''

૫,૬,૭ માં ત્રણ જોડકાં હતાં જ્યારે કે ૮વાળી ગુણાતીત ગોપી છે.

(૯)કેટલીક ગોપીઓ વૃષ્ટિથી ભય પામેલ હોય તેવી ગાયો, ગોપો અને ગોપીઓ થઈ. ત્યારે એક ગોપીએ તેમને કહ્યું કે ''વાયુ અને વૃષ્ટિ નો ભય ન રાખો, મેં તેથી તમારું રક્ષણ કરેલું છે'' એમ કહીને એક હાથથી પોતાના વસ્ત્રને તેણે ગોર્વધનની જેમે ઊંચે ધરી રાખ્યું.

(૧૦)એક ગોપી બીજી ઉપર ચઢી ગઈ અને તેના માથાં ઉપર પ્રહાર કરતાં તેણે કહ્યું ''હે દુષ્ટ સર્પ કાલીય! અહીંથી જતો રહે. કારણ કે હું દુષ્ટોને શિક્ષા કરનાર પ્રકટ થયો છું''. આ લીલા ઘણી કઠણ છે અને વૃક્ષની શાખાનો આધાર લઈ કરેલી હશે.

(૧૧)કેટલીક ગોપીઓ ગાયો અને કેટલીક ગોપો થઈ. એક શ્રીકૃષ્ણ થઈ અને ભગવાનના વિરહને લીધે તેણે દાવાગ્નિ જોયો અથવા દાવાગ્નિની તેના મનમાં ભાવના થઈ. તેણે કહ્યું કે ''હે ગોપો! આ તીવ્ર દાવાગ્નિ જુઓ. તમારા ચક્ષુઓ તરત બંધ કરો. હું તરત તમારું રક્ષણ કરીશ.'' બીજી ગોપીઓ તેને ભગવાન જાણતી ન હોવાથી તેમણે દાવાગ્નિમાંથી રક્ષણ કરવા તેની પ્રાર્થના કરી ન હતી. જે ઘણી મત્ત થએલી હોય તેજ ભગવાન થતી હોવાથી તેનામાં જ જુદી-જુદી લીલાનો આવેશ થતો અને તેને જ એવી લીલાનું દર્શન થતું.

(૧૨)એક ખાંડણીઓ બની, બીજી યશોદા બની. તેણે શ્રીકૃષ્ણ બનેલી ગોપીને માલાથી ખાંડણીએ બાંધી ત્યારે તે સુંદર દષ્ટિવાળીએ ભય પામી, હાથથી બધું મુખ ઢાંકી દીધું અને ભય પામી હોય તેવું અનુકરણ કર્યું.

૯ વાળી ગોપી ગુણાતીત હતી જ્યારે ૧૦, ૧૧, ૧૨ અનુક્રમે સાત્ત્વિક, રાજસ અને તામસ હતી. જુદી-જુદી ગોપીઓના અધિકાર પ્રમાણે એવી રીતે જુદી-જુદી લીલા પ્રકટ થઈ. છેવટે દામોદર લીલા થઈ. કારણ કે ભગવાન વશ થાય ત્યાં સુધી જ લીલાનું

અનુકરણ કરવાનું હતું. ભગવાને ભય પામેલાનું અનુકરણ કર્યું એટલે બધી લીલા તિરોહિત થઈ. લીલા તિરોહિત થતાં ગોપીઓને બહારના જગતનું ભાન થયું. તેથી તેમણે પહેલાની જેમે વૃંદાવનની લતાઓ તથા વૃક્ષો ને ભગવાન સમ્બન્ધી પ્રશ્ન કરવા માંડયાં. તેમણે ઉત્તર ન આપ્યો એટલે ભગવાને તેમનામાં પ્રવેશ કરી તેમનો મોહ દૂર કરી તેમને જ્ઞાન કરાવ્યું, એટલે વનની ભૂમિ ઉપર તેમણે પોતાના પરમ પુરુષાર્થરૂપ ભગવાનનાં પગલાં જોયાં. કારણ કે ભગવાનનો આવેશ જેનામાં થાય તે સર્વજ્ઞ થાય છે. પગલાં જોઈને તેમણે નિશ્ચય કર્યો કે ધજા, કમલ, ચક્ર, અંકુશ, યવ વગેરે ચિહ્નો આ પગલામાં હોવાથી આ પગલાં ખરેખર મહાત્મા શ્રીકૃષ્ણનાં જ છે. કારણ કે જુદા-જુદા કાર્ય કરવા માટે ભગવાનનાં પગલામાં આ જુદા-જુદા ચિહ્નો રહેલા છે.

ધજા એમ દેખાડે છે કે ભક્તો અહીં નિર્ભય રહે છે. કમલ એમ દેખાડે છે કે ભગવાન સુખથી સેવા કરી શકાય તેવા છે. ચક્ર રક્ષણ કરવા રાખેલું છે. અંકુશ ભક્તોનાં મનને વશ રાખવા રાખેલું છે. યવ કીર્તિ પ્રાપ્ત કરાવવા રાખેલ છે. પાપના પર્વતોને કાપવા વજ્ર પણ રાખેલું છે. તેથી જરૂર આ ચિહ્નોવાળાં આ પગલાં ભગવાનનાં જ છે. એવુ જ્ઞાન થતાં તેઓ ભગવાનને શોધતી તે પગલે-પગલે આગળ ગઈ. આગળ જતાં સ્ત્રીનાં પગલાં સાથે ભળેલાં તે પગલાં જોતાં તેમને તે સ્ત્રીની અદેખાઈ થઈ. જો તેમને અદેખાઈ થઈ ન હોત તો તેઓ ભગવાન પાસે પહોંચી જાત, પરંતુ એ દોષથી વિઘ્ન થયું અને દુઃખી થઈ. આ ભગવાનનાં પગલાં છે એ જ્ઞાન અને પગલે-પગલે ભગવાનને શોધવાની ક્રિયા પડતાં મૂકી તેઓ ઈર્ષ્યાથી કહેવા લાગી કે ''આ પગલાં કોનાં છે? જેમ હાથણી હાથી સાથે જાય તેમ પોતાનાં ખભા ઉપર ભગવાનનો હાથ રખાવીને આ ગયેલી છે. ભગવાનને લઈને જ આ આપણામાંથી જ ગયેલી કોઈ સ્ત્રી છે, નહિ તો ભગવાન જતાં ન રહેત. માર્ગમાં રસનો આર્વિભાવ પણ થયેલો છે, કારણ કે જેમ હાથી પોતાની સૂંઢ હાથણી ઉપર રાખીને જાય ત્યારે જેવાં પાસે-પાસે પગલાં પડે તેવાં ભગવાનના અને તેનાં પગલાં પાસે-પાસે હોવાથી ભગવાને પોતાનો હાથ તેના ખભા ઉપર રાખેલ છે.''

ગુણાતીત ગોપીએ કહ્યું કે ''આણે જ ખરેખર ભગવાનને પ્રસન્ન કરેલા છે. આપણે પ્રસન્ન કરેલાં પણ આની જેમે નહિ, કારણ કે બરોબર પ્રસન્ન કર્યા હોય તો ભગવાન વશ થાય. તેથી પ્રસન્ન કરવામાં પણ ભેદ છે. ભગવાન જ તે ભેદ જાણે છે. ભેદ જણાવવા જ ભગવાને એ પ્રમાણે કર્યું હશે. આપણી ભક્તિ તેની ભક્તિ જેવી છે, છતાં ભગવાન ઈશ્વર હોવાથી કોઈ વાર ભક્તિ પ્રમાણે, કોઈ વાર કર્મ પ્રમાણે અને કોઈ વાર પોતાની ઈચ્છા પ્રમાણે ફળ આપે છે. ઈશ્વરને કોઈ વશ કરી શકે તેમ નથી. તેથી જ આપણને તજી એકાંતમાં આ ગોપી ઉપર પ્રસન્ન થઈ ભગવાન આને જ લઈ ગયા. કારણ કે કામરસ સ્ત્રીઓના સમૂહ કરતાં એક સ્ત્રીમાં જ ઉત્તમ પ્રકારે ઉત્પન્ન થાય છે. આની ભક્તિ અથવા કર્મ થી આના ઉપર પ્રેમ થયો અને આના ઉપર પ્રેમ થવાથી આપણને તજી આને જ લઈ ગયા. હે સખીઓ! આ ગોવિંદના ચરણકમલની રેણુઓ ધન્ય છે. જેવી આ

રેણુઓ છે તેવી તે પણ ધન્ય છે. આ રેણુઓ ધન્ય હોવાથી તેમને ધારણ કરવાથી આપણો દોષ દૂર થશે. આ રેણુઓ પહેલાં પણ અહીં હતી ત્યારે ધન્ય ન હતી. પણ જ્યારે તેમને ધનરૂપ શ્રીકૃષ્ણના ચરણનો સમ્બન્ધ થયો ત્યારે જ ધન્ય થઈ. જેમ ધનથી સર્વ પદાર્થો પ્રાપ્ત થાય છે તેમ પ્રભુ શ્રીકૃષ્ણથી પણ સર્વ પદાર્થો પ્રાપ્ત થાય છે. તેથી તે ધન હોઈ તેમના ચરણના સમ્બન્ધથી રેણુઓ ધન્ય થઈ. બ્રહ્મા, શંકર અને દેવતા રૂપ પાલન કરનારી ભગવાનની શકિત લક્ષ્મી પોતાના અધિકારના કાર્યમાં દોષ થવાનો સંભવ હોવાથી તે દૂર કરવા આ રેણુઓને પોતાનાં માથાં ઉપર ધારણ કરે છે. તેથી આપણે પણ આ રેણુઓ ધારણ કરીશું તો આ જે ગોપીને ભગવાન લઈ ગયા છે તેના જેવી દોષ વિનાની થશું''.

બીજી રજોગુણના સ્વભાવાળી ગોપીઓએ કહ્યું કે ''ભગવાનના ચરણારવિંદની રેણુઓ તો એવી ધન્ય જ છે, પણ ભગવાન સાથે ગયેલી ગોપીના આ પગલાં અમને ઘણોજ ઉદ્વેગ કરે છે. ભગવાન એકલા પધારે તે કરતાં કોઈની સાથે જાય તે સારું, પણ આપણી બધીના ભાગરૂપ ભગવાનનાં અધરનો તો આપણને તજી આ એકલીજ આપણી સંમતિ વિના ભોગ કરે છે તેથી અમને ઉદ્વેગ થાય છે. આપણા બધી સાથે સમ્બન્ધ થયેલ હોવાથી ભગવાન વિરકત થઈ ભોગ ન કરે એમ મનાય તેમ નથી, કારણ કે તે અચ્યુત છે, હંમેશા પૂર્ણકામ છે, તેમની કાંઈ પણ ક્ષતિ થતી નથી.''

બીજી તેમનાથી પણ વધારે ઉદ્વેગ કરનારી ગોપીઓએ કહ્યું કે ''...અહીં સુધી તેના પગલાં જણાતાં નથી. તેના પગની પાનીઓ ઘાસના અંકુરોથી પીડાતી હશે, તેથી ભગવાને તેને પોતાની કેડ ઉપર અથવા ખભા ઉપર ઉપાડી લીધી છે, અથવા શ્રીહસ્તોથી જ ઉચકી લીધી જણાય છે. કારણ કે આ ભગવાનને બહુ પ્રિય છે અને ભગવાન આને પણ બહુ પ્રિય છે. તેથી ભગવાને તેને ખભા ઉપર ઉપાડી નથી, પણ ઉચકી જ લીધી છે. તેથી અમને બહુ જ ઉદ્વેગ થાય છે. વળી એમ ઉચકીને બહુ દૂર ન જવાય તેથી વિશ્રામ લઈને અહીં ભગવાને તે પ્રિયાને માટે પુષ્પો ચૂંટેલાં છે. તે પોતે થાકી ગયેલી અને પુષ્પો ચૂંટી શકે નહિ. ભગવાનથી ઠીંગણી અને વળી આગલા પગ ઉપર ઉભી શકે નહિ તેથી ભગવાને જ ચૂંટેલા છે. ભગવાને આગલા પગ ઉપર ઉભા થઈ પુષ્પો ચૂંટેલાં હોવાથી જ આ તેમનાં પગલાં અપૂર્ણ છે. પગલાંનો પાછલો પાની તરફનો ભાગ દેખાતો નથી તે જુઓ.''

ભગવાનનો ગોપીઓમાં આવેશ થયા પછી બધા વૃત્તાંતનું એ પ્રમાણે તેમને બરાબર જ્ઞાન થયું. જેવું જ્ઞાન થયું તેવી જ ભગવાનની લીલા એવી રીતે દેખાડતા તેઓ વનમાં ફરી. તેઓ શાસ્ત્રના જ્ઞાનથી ભગવદીય થઈ ન હતી પરંતુ સ્વભાવથી જ ભગવદીય હતી. સ્વભાવ અનેક પ્રકારના હોવાથી તે પ્રમાણે સર્વ વૃતાંત થયો. વળી તેઓ જ્ઞાન પ્રાપ્ત કરીને બધું બોલતી હતી એમ ન હતું, પરન્તુ મૂઢ જ હતી. ૧.રસમાં આસક્તિ થતાં તેઓ ભગવાનને શોધવા લાગી. ૨.પછી ભગવાનની લીલાઓનું તેમણે અનુકરણ કર્યુ અને ૩.પછી ભગવાનનો આવેશ થતાં તેમને બધો વૃત્તાન્ત જણાયો. એ સર્વ પુરું થતાં તેઓ વિહ્વલ થઈ, એટલે આગળ ગઈ પણ નહિ, તેમ બોલતી પણ બંધ થઈ.

વનમાં રહેલીઓને સારું નરસું જણાય તે માટે તે સ્ત્રીઓને વનમાં તજી ભગવાન જે ગોપીને દોષ વિનાની હોવાથી પોતાની સાથે પોતાના આનન્દનું તેની અંદર સ્થાપન કરવા લઈ ગયેલા તે પાછી માનવા લાગી કે બધી સ્ત્રીઓમાં હું જ ઉત્તમ છું. પહેલાં તે એમ માનતી ન હતી તેથી ભગવાને તેને તજી ન હતી, કારણ કે સમૂહનો દોષ હોવાથી ભગવાન બધાને તજતા નથી, પણ સમૂહમાં જેનો દોષ હોય તેનો જ ત્યાગ કરે છે. એ ગોપીએ વિચાર્યું કે બધી ગોપીઓ ભગવાનના સમ્બન્ધને ઈચ્છતી હોવા છતાં તે બધીને તજી ભગવાન મને જ સાથે લઈ જાય છે અને હું જેમ ઈચ્છુ તેમજ કરે છે તેથી હું જ ઉત્તમ છું. તેનામાં દોષ ન હતો એજ તેનું ઉત્તમપણું હતું, પણ બીજા કોઈ ગુણને લીધે તે ઉત્તમ ન હતી. તેથી ''હું ઉત્તમ છું'' એવી તેની માન્યતા ખોટી હતી. તે પછી વનના ઘણાં રમણીય પ્રદેશમાં ભગવાન સાથે તે ગઈ ત્યારે તેણે માન્યું કે ''આ ભગવાન પોતાના સ્વાર્થમાટે જાય છે. મારા માટે જતા નથી, તો મારે તેમના માટે શામાટે દુઃખી થવું? ભગવાનની આવી કૃપાનો તેને અધિકાર ન હોવા છતાં કૃપા થઈ હોવાથી તેને અજીર્ણ થયું. તેથી બ્રહ્મા વગેરેને મોક્ષ આપનાર, દેહ-ઈન્દ્રિય વગેરે સહિત પરમાનન્દરૂપ કેશવને તેણે કહ્યું કે ''હું ચાલી શકતી નથી. તારું જ્યાં જવાનું મન હોય ત્યાં તું જ મને લઈ જા''. તે પ્રિય હોવાથી ઘણા ચતુર ભગવાને તેને ઉત્તર આપ્યો કે ''ખભા ઉપર ચઢી જા''. ... આ અશક્ય છે, પણ તેણે ભગવાન પાસે પોતાને તેડીને લઈ જવાની અશક્ય માગણી કરી હતી તેથી ભગવાને તેને તેવું અશક્ય કાર્ય કરવા કહ્યું. ભગવાને તે અલૌકિક રસ બહાર દેખાડે એમ ઈચ્છેલું અને જો તે ભૂમિ ઉપર પગ રાખે તો તેમ થઈ શકે નહિ તેથી ભગવાને તેને પોતાના ખભા ઉપર ચઢવા એમ વિચારી કહ્યું કે જો તે તેમ કરવા શક્તિવાળી ન હોત તો તે એવી માંગણી કેમ કરત? અને જો તે પોતાના ખભા ઉપર ચઢી અલૌકિક રસ બહાર દેખાડશે તો હું તેને તેડીને લઈ જઈશ. તેવો તેને અધિકાર ન હોય તો તેને એવી રીતે કેમ લઈ જવાય? ભગવાન તો ખોટું બોલતા જ નથી. તેથી ભગવાનના ખભા ઉપર ચઢવાનું તેને કહ્યું ન હતું, પણ તેણે મોહને લીધે માન્યું કે ભગવાન મને તેમના ખભા ઉપર ચઢવા કહે છે. તેથી તે મોહને લીધે ભગવાનના ખભા ઉપર ચઢવા પ્રયાસ કરવા લાગી. તેને તેમ કરતી જોઈ ભગવાન ત્યાંથી પણ અન્તર્ધાન થયા.

સદાનન્દ શ્રીકૃષ્ણ અન્તર્ધાન થયા એટલે આ પહેલાં કોઈને નહીં પરણેલી અને કાત્યાયનીનું વ્રત કરનારી ભગવાનની ગુણાતીત પત્નીને પહેલાંની જેમે શોક થયો અને તે પશ્ચાતાપ કરવા લાગી કે ''મેં આપને મને ઉપાડી લઈ જવા કહ્યું તે અયોગ્ય હતું છતાં આપ જ મારા સ્વામી હોવાથી આપે મારો દોષ દૂર કરવો જોઈએ, મારો ત્યાગ કરવો ન જોઈએ...આપે તો મારી સમીપ રહેવું જોઈએ. આપના ઉપર જ મારો પ્રેમ છે તેથી આપ વિના હું કેમ જીવીશ? આપ ક્યાં છો?'' એમ બોલતી તે ઘણી દુઃખી થઈ ભાન ભૂલીને પડી ગઈ અને પોતાને ઉઠાડવા કહેવા લાગી કે ''હે મોટી ભુજાવાળા! આપની ક્રિયાશક્તિ ઘણી છે. તેથી મારો દોષ દૂર કરો પણ મારો ત્યાગ ન કરો. કારણ કે હું આપની જ દાસી છું અને

વગર વિચાર્યું માગનારી કૃપણ છું''. આવી રીતે તેણે પ્રાર્થના કરી ત્યારે પરમ કૃપાલુ ભગવાને અદૃશ્ય સ્વરૂપથી જ તેને ઉઠાડી અને સ્વસ્થ કરી. પછી તેણે ફરી કહ્યું કે ''આપ સ્પર્શ કરી આપના ધર્મ મારામાં મૂકી સખા થયા છો તો હવે આપનાં દર્શન કરાવો. આપ સમીપ જ છો, તો આપના દર્શન મને થાય તેમ કરો''. આમ તે બોલતી રહી અને ભગવાન પણ ત્યાં જ રહ્યા.

એટલામાં જે ગોપીઓ ભગવાનને શોધતી હતી તેમણે તેને પોતાની નજીક દુઃખી થતી જોઈ. ત્યારે ભગવાનનો વિયોગ થવાથી તે મૂર્ચ્છા પામેલી હતી. તે પોતાની સખી હોવાથી તેઓ તેને ભાનમાં લાવી. પહેલાં આ ગોપીઓ એમ જાણતી હતી કે ભગવાન વિનોદ કરવા જતા રહ્યા છે. ગોપીઓનો દોષ થવાથી ગયા છે એમ તેઓ જાણતી ન હતી. એમ જાણતી હોત તો પોતાનો દોષ દૂર કરવા પ્રયત્ન કરત. પોતાના દોષનું જ્ઞાન ભગવાનની કૃપાથી જ થાય છે, પોતાની મેળે થતું નથી એ જણાવવા જ ભગવાન આ ગોપીને લઈ ગયેલા અને પછી તે આમને એ વૃત્તાન્ત જણાવે તે માટે જ ભગવાને આનો ત્યાગ પણ કરેલો. તેથી ભગવાનની ઈચ્છાથી તેણે ભગવાન તેને લઈ ગયા ત્યારથી આરમ્ભી તેનો ત્યાગ કર્યો ત્યાં સુધીનો બધો વૃત્તાન્ત કહ્યો. લક્ષ્મીના પતિ ભગવાનના ગુણોને લીધે તેમણે તેનું કેવું સન્માન કર્યું અને પોતાની ધૃષ્ટતાને લીધે કેવી રીતે તેનો ત્યાગ કર્યો અને પછી તે કેવી દુઃખી અને ભ્રમિત થઈ એ બધું સાંભળી, ભગવાનનું અલૌકિક માહાત્મ્ય જાણી, તેઓ ઘણો વિસ્મય પામી અને તેના કહેવાથી તેમણે જાણ્યું કે ભગવાનને શોધવાથી તે મળશે નહિ.

પછી ભગવાન શાથી પ્રસન્ન થાય એમ વિચારી, સર્વનો ત્યાગ કરી, દેહનો ત્યાગ થાય ત્યાં સુધીનાં સાધન છે એવો નિર્ણય કરી, પોતાનો મોહ દૂર કરવા તેમણે વનમાં પ્રવેશ કર્યો. જ્યાં સુધી ચન્દ્રનો પ્રકાશ દેખાયો ત્યાં સુધી વનમાં ગઈ, પણ ગાઢ વનમાં ચન્દ્રનાં કિરણો જતાં ન હતાં, ત્યાં અન્ધકાર જોઈને તેઓ પાછી ફરી કારણ કે તેઓ ભગવદીય હતી. ભગવદીયો અન્ધકારમાં પ્રવેશ કરતા નથી. ભગવાને જ તેમને ગાઢ વનમાં જવા ન દેતાં પાછી વાળી. ભગવાનમાં જ તેમનું મન હતું, એટલે પોતાનાં ઘર તથા દેહ નું તેમને સ્મરણ પણ થતું ન હતું. ભગવાનની જ તેઓ વાત કરતી હતી. બીજી વાત કરે તો કદાચ ઘર અથવા દેહ નું સ્મરણ થાય, પણ બધી ભગવાન સમ્બન્ધી જ વાત કરતી હતી એટલે કોઈ વાત-ચીતથી પણ ઘર અથવા દેહ નું સ્મરણ કરાવે તેમ ન હતું. ભૂખ-તરસ વગેરે દેહસમ્બન્ધી ક્રિયાઓ પણ દેહ વગેરેનું સ્મરણ કરાવે તેમ ન હતું. કારણ કે ભગવાનની લીલાની જ ચેષ્ટા તેઓ કરતી હોવાથી દેહની ક્રિયાઓ તેમને નડે તેમ ન હતી. વળી ભગવાન જ તેમના આત્મા હતા. ''શ્રીકૃષ્ણ જ અમારા આત્મા છે'' એવી જ તેમની ભાવના હતી તેથી આત્મા તરીકે પણ ભગવાન જ સ્ફુરતા એટલે દેહ વગેરેનો વિચાર આવતો જ નહી. તેઓ ભગવાનના જ ગુણોનું ગાન કરતી હતી, એટલે તેમના દુષ્ટ અદષ્ટનો નાશ થવાથી અદષ્ટને લીધે પણ તેમને દેહ અથવા ઘરનું સ્મરણ થતું ન હતું,

જ્યારે ઘરનું સ્મરણ જ થતું ન હતું, તો પછી ઘેર જવાનું તો હોય જ ક્યાંથી? તેથી પહેલાં જ્યાં શ્રીયમુનાજીના તટ ઉપર હતી ત્યાં જ તે પાછી આવી. શ્રીકૃષ્ણના જ વિચાર તે કરતી હતી, એટલે ભગવાનની પ્રેરણાથી ભગવાન તે જ સ્થળે અમારી સાથે રમણ કરશે એવો નિશ્ચય કરી, તેને જ પોતાનું હિત કરનારું માની ત્યાં આવી. પછી કોના ભાગ્યથી, કોના ઉપર સ્નેહ હોવાથી અથવા કોના ઉપર કૃપા હોવાથી ભગવાન પધારશે એ નક્કી થઈ શકે તેમ નહિ હોવાથી બધી ભેગી થઈ અને પોતાનો દોષ દૂર થાય તે માટે બીજું કાંઈ સાધન ન મળતાં, ભગવાનના ગુણોનું ગાન એ જ પોતાનો દોષ દૂર કરવાનું સાધન છે અને દોષ દૂર થશે એટલે ભગવાન પોતે જ પધારશે એમ માની, સદાનન્દ શ્રીકૃષ્ણનું ગાન કરવા લાગી.

ગોપીઓ બે પ્રકારની હતીઃ ૧.પરણેલી અને ૨.કુમારિકાઓ. તે દરેકના ૧.સાત્ત્વિક-સાત્ત્વિક ૨.સાત્ત્વિક-રાજસ ૩.સાત્ત્વિક-તામસ ૪.રાજસ-સાત્ત્વિક ૫.રાજસ-રાજસ ૬.રાજસ-તામસ ૭.તામસ-સાત્ત્વિક ૮.તામસ-રાજસ અને ૯.તામસ-તામસ તથા ૧૦.નિગુર્ણ એવા દશ પ્રકાર થાય એટલે ૨ . ૧૦ =૨૦ પ્રકારની ગોપીઓ થાય, પરન્તુ બીજાને પરણેલી ગોપીઓમાં તામસ-તામસ પ્રકારની ગોપીઓ નથી તેથી ગોપીઓના ૧૯ પ્રકાર છે. દરેક પ્રકારની ગોપીઓનાં યૂથો છે. તેથી ઓગણીસમ પ્રકારની ગોપીઓનાં ઓગણીસ યૂથો શ્રીકૃષ્ણનું ગાન કરે છે.

આરમ્ભમાં બીજાને પરણેલી સાત્ત્વિક-રાજસ ગોપીઓએ કહ્યું કે ૧.આપના જન્મથી વ્રજનો અધિક જય થાય છે, કારણ કે અહીં લક્ષ્મી સદા રહે છે. હે વહાલા! આપને માટે પ્રાણ ધારણ કરનારી આપની (દાસીઓ) દિશાઓમાં આપની શોધ કરે છે તે જુઓ. આપના અવતારથી બધું વ્રજ કૃતાર્થ થયું છે, માત્ર અમે કૃતાર્થ થઈ નથી, તેથી અમે પણ કૃતાર્થ થઈએ એવું આપે કરવું જોઈએ''.

આપના જન્મથી વ્રજનો અધિક જય થાય છે. 'જય' એટલે સર્વથી (વૈકુંઠથી પણ) ઉત્તમ પ્રકારની સ્થિતિ વ્રજની આપના જન્મથી થાય છે, કારણ કે વૈકુંઠમાં પણ આપ આવા પ્રકારની લીલા કરતા નથી. આપનો જન્મ મથુરામાં થયો છતાં તે જન્મથી મથુરાની ઉત્તમ સ્થિતિ થઈ નથી, પરન્તુ વ્રજની જ થઈ છે, કારણ કે અહીં સદા લક્ષ્મી પોતાની હલકી સ્થિતિ સ્વિકારીને રહે છે. વૈકુંઠમાં તો તે જ આપની સ્થિર પત્ની હોવાથી તેને સદા આપને વળગી રહેવું પડતું નથી, પરન્તુ અહીં તો તેના જેવી અમે ઘણી હોવાથી તે સ્વસ્થ રહી શકતી નથી અને ''મારો વારો ક્યારે આવશે?'' એવા વિચારથી સદા સેવામાં તત્પર રહે છે. જ્યાં લક્ષ્મી રહેતી હોય તેને લોકો ઉત્તમ માને છે, તે લક્ષ્મી પણ ગોકુલના આધારે રહે છે. આમાં કાંઈ નવાઈ જેવું નથી, કારણ કે લક્ષ્મી પતિવ્રતા છે અને જ્યાં તેના પતિ આપ પોતે પણ ભક્તો ઉપર કૃપા દર્શાવવા ખાંડણીએ બંધાઈ બીજાને અધીન થઈ રહો છો ત્યાં તે આપની પત્નીને બીજાના આધારે જ રહેવાનું હોય. આપના જન્મથી વ્રજની આવી ઉત્તમ સ્થિતિ થઈ છે એ સર્વત્ર પ્રસિદ્ધ છે. તેથી આપ અમારી સાથે રમણ કરો તેમાં કાંઈ ક્ષતિ નથી. તેમ આપે અમારો પોતાના તરીકે અંગીકાર કરેલો હોવાથી,

લક્ષ્મીના મનમાં ખેદ પણ નહિ થાય. તેથી આપ અમારા માટે અહીં પ્રકટ થયેલા હોવાથી, અમે આપને માટે પ્રાણ ધારણ કરનારી આપની દાસીઓ દિશાઓમાં આપની શોધ કરીએ છીએ તે જુઓ. આ અયોગ્ય જ છે, કારણ કે બ્રહ્મા વગેરે લોકો આપ અવતાર લઈ વ્રજમાં રહો છો એવો નિશ્ચય કરી, આપનાં દર્શન માટે અહીં આવે છે, જ્યારે અમારા જેવી વ્રજમાં રહેનારીઓ આપને દિશાઓમાં શોધીએ છીએ. વળી અમે ભક્ત ન હોવાથી અમને આપનાં દર્શન થતાં નથી એમ પણ નથી, કારણ કે અમે આપને માટે જ પ્રાણ ધારણ કરનારી છીએ. જ્યારે એ પ્રાણો આપને ઉપયોગનાં નથી એમ જાણીશું તે જ સમયે તેનો ત્યાગ કરશું. આપનાં દર્શન થવામાં થોડો પણ વિલંબ થશે તો પ્રાણ જતા રહેશે. તેથી પ્રાણોને આશ્વાસન આપવા જ આપને શોધીએ છીએ. તેમ ન હોય તો આપ પ્રાતઃકાળે તો આપની મેળે જ વ્રજમાં પધારવાના હોવાથી, અમે આપની નકામી જ શોધ ન કરતાં વ્રજમાં જ જાત. આપ અહીં હોવા છતાં અમારે આપને શોધવા પડે એ મોટું દુઃખ છે. તેથી એકવાર આપ અમને આપની દાસીઓને જુઓ. આપ અમારા 'વહાલા' પતિ છો, તેથી આપની દૃષ્ટિ અમારા ઉપર ન પડે તો અમારે જીવવું યોગ્ય નથી. એવી રીતે ભગવાનની દૃષ્ટિ પોતા ઉપર પડે તો ભગવાન તેમનું દુઃખ જોઈ જરૂર તેમને પણ દર્શન આપે એવા હેતુથી આ પ્રકારની ગોપીઓએ ભગવાનને પોતા ઉપર દૃષ્ટિ કરવા પ્રાર્થના કરી. આમણે પોતાના દુઃખનું અને ભગવાન દર્શન ન આપે તેની અયોગ્યતાનું નિરૂપણ કરેલું હોવાથી આ ગોપીઓ સાત્ત્વિક-રાજસ છે.

સાત્ત્વિક-તાસમ ગોપીઓએ ભગવાનનાં દર્શન ન થવાથી પોતાનો વધ થતો હોવાથી, તે ન થાય તે માટે પ્રાર્થના કરતાં કહ્યું કે ૨.''હે સુરતનાથ! શરદ્‌ના જલાશયમાં સારી રીતે ઉત્પન્ન થયેલાં ઉત્તમ કમલની કાંતિને હરનારી દૃષ્ટિથી આપની શુલ્કરૂપ દાસીઓને હણતાં, હે વરદાન આપનાર! આપને અહીં વધ (દોષ) નહિ થાય?''

શરદ્‌ના જલાશયમાં સારી રીતે ઉત્પન્ન થયેલાં કમલની અંદર જે કાંતિ રહેલી છે તેનું પણ જે હરણ કરે તેવી દૃષ્ટિથી જે વધ કરે છે તેને વધનો દોષ લાગતો નથી? લાગે જ છે. જે સાધનથી બીજાના પ્રાણ જાય તે સાધન પ્રાપ્ત કરાવી હણનાર દોષિત થાય છે. આપની દૃષ્ટિ સર્વને હણનારી છે. આપ ઘણું કરી અમને ક્રૂર દૃષ્ટિથી જુઓ છો. તેમ ન હોય તો અમને પ્રાણપીડા કેમ થાય? આપનું સ્વરૂપ તો આનન્દમય છે. તેનાં અમને દર્શન થાય તો તે જ અમને જીવાડે, તેથી દર્શન આપતા નહિ હોવાથી આપ માત્ર અમારી હત્યા જ કરો છો.

વળી અમે વધ કરવા યોગ્ય નથી, કારણ કે અમે આપની નજીવી દાસીઓ છીએ. અને નજીવી સ્ત્રીઓને કોઈ હણતું નથી. વળી અમે શુલ્કરૂપ દાસીઓ છીએ અને આપ સુરતનાથ છો. આપ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારા હોવાથી બધા લોકો પોતપોતાના અધિકાર પ્રમાણે આપને જુદાં-જુદાં નામથી બોલાવે છે. ધર્મમાર્ગવાળા આપને 'ધર્મપાલક', 'બ્રહ્મણ્ય', 'યજ્ઞેશ્વર' એમ કહે છે. અર્થ પ્રાપ્ત કરવા ઇચ્છનારાઓ આપને

'લક્ષ્મીપતિ' 'સર્વસિદ્ધિદાતા' એમ કહે છે. મોક્ષ મેળવવા ઈચ્છનારાઓ 'મુકુન્દ' 'યોગેશ્વર' 'જ્ઞાનનિધિ' એમ કહે છે. એવી રીતે કામની ઈચ્છાવાળી અમે 'સુરતનાથ' કહીએ છીએ. 'સુરત' એટલે સંભોગ. જગતમાં જેટલો સંભોગ છે તેના આપ નાથ છો. આપની આજ્ઞા વિના જગતમાં સુરતની પ્રવૃત્તિ થતી નથી. તેથી બ્રહ્માએ અથવા કામે લોકમાં સુરતની પ્રવૃત્તિ થાય તે માટે અમો શુલ્કરૂપ દાસીઓ આપને આપેલી છે. 'શુલ્ક' એટલે માર્ગને નભાવનારું, વિઘ્નોને દૂર કરનારું દ્રવ્ય. સુરત જો આપમાં જ રોકાઈ રહે તો લોકમાં કામનો રસ હોય નહિ. તેથી અમારા દ્વારા આપથી તે લોકમાં પ્રસરે તે માટે અમે અહીં આવેલી છીએ. તે કાર્ય તો દૂર રહ્યું, ઉલટું આપ અમને હણો છો. આમ થશે તો બધુંએ કામશાસ્ત્ર નકામું થશે. અને 'કામ' ત્રીજો પુરુષાર્થ પણ નહિ રહે. તેથી સર્વથા જે માટે અમને અહીં (બ્રહ્માએ) મોકલી છે તે કાર્ય કરવું જોઈએ. અથવા આપને યોગ્ય લાગે ત્યારે તે કરવાનું હોય તો પણ હમણા આપનું સ્વરૂપ પ્રકટ કરીને અમને જીવાડવી જોઈએ.

''જે ચોર હોય છે તે હત્યારો પણ હોય છે. જેમ-જેમ ચોરીમાં કુશલ તેમ-તેમ હત્યા કરવાનું વધારે. આપની દષ્ટિ તો ચોરીમાં ઘણી કુશલ છે, કારણ કે જે લોકો કિલ્લાઓમાં ઉત્પન્ન થયેલા હોય તે ઘણા નિપુણ હોય છે. તેમાં પણ જલનાં કિલ્લામાં ઉત્પન્ન થયેલાં બહુ જ નિપુણ હોય છે. કમળ તેવાં જ હોય છે. તે જલનાં કિલ્લામાં જ રહે છે. વળી તે સારી રીતે જન્મેલા એટલે શક્તિવાળા હોય છે. તેમની પાસેથી પણ આપની દૃષ્ટિ તેમના ઉદરમાં રહેલી કાંતિની ચોરી કરે છે અને તે પણ ટાઢ વગેરેની પીડા ન હોય અને પ્રકાશવાળો સમય હોય ત્યારે. આવી રીતે દેશ (જલના કિલ્લા), કાલ (પ્રકાશવાળો) અને સ્વરૂપ (ઘણાં નિપુણ કમલો)ને લીધે જેમની ચોરી કરવી અશક્ય છે તેવા પુરુષ પાસેથી તેના ઉદરમાં રહેલું તેનું સર્વસ્વ (કાંતિ) જે હરે તે સાધારણ ગોપીઓની અંદર રહેલા પ્રાણોને હરે તેમાં શું આશ્ચર્ય? સર્વથી બલવાન હોય તે (બલથી પોતાને જોઈતું હોય તે લઈ શકે, છતાં) અપકીર્તિ ન થાય તે માટે ચોરી કરતા હોય છે. અહીં અમારા પ્રાણ દૃષ્ટિથી હરશો તેમાં અપકીર્તિ થવાની નથી પણ વધનો દોષ શું નહિ લાગે? આપ અમને સ્વરૂપનાં દર્શન નહિ દેતાં પ્રાણ હરશો તો તેથી હત્યાનો દોષ તો લાગશે જ.

અમે આવી તો સુરતમાટે હતી, તે તો દૂર રહ્યું, ઉલટું મરણ આવી પડ્યું. આપની દૃષ્ટિ પડતી ન હોય તો લક્ષ્મી પણ ન રહે તો પછી અમારો વધ થાય તેમાં શું આશ્ચર્ય? કમલની અંદર રહેલી શ્રી(લક્ષ્મી-કાંતિ)ને પણ જો બહા રકાઢવામાં આવે તો કાચા ગર્ભની જેમે પુષ્ટ થયેલી નહિ હોવાથી તે પણ મરણ પામે છે. તેને જીવાડનારાં કાલ, દ્રવ્ય, દેશ તથા બીજા ઘણા પદાર્થો છે છતાં પણ આપનાં દર્શન ન થાય તો તે જેમ જીવતી નથી તેમ અમે પણ આપનાં દર્શન નહિ થાય તો જીવશું નહિ. વળી આપ બધાને વરદાન આપો છો પણ અમને તો હણો છો, એ ઘણું આશ્ચર્યકારક છે. વરદાન આપનાર દર્શન દઈ વર આપે છે. અમે આપની મૂલ્ય વિનાની દાસીઓ છીએ, તેથી આપે અમને હણવી ન જોઈએ.

એવી રીતે આ ગોપીઓએ ભગવાન અનેક પ્રકારે પોતાના પ્રતિ ક્રૂર થાય છે એવા

વિચારથી તેમને ટોંણાં માર્યા. ભગવાને અમારું ઘણા પ્રકારે રક્ષણ કર્યુ છે તેથી હવે પણ રક્ષણ કરશે એવા વિચારથી બીજી કોમલ સાત્ત્વિક-સાત્ત્વિક ગોપીઓએ કહ્યું કે ૩.''હે ઋષભ! વિષવાળાં જલથી થયેલાં મૃત્યુથી, સર્પો અને રાક્ષસોથી, વૃષ્ટિ અને વાયુથી, વીજળી અને અગ્નિથી, મયના પુત્ર વૃષથી અને સર્વ તરફથી આવતા ભયથી આપની (દાસીઓ)નું અમારું આપે વારંવાર રક્ષણ કરેલું છે. કાલિયના ધરાના વિષવાળાં જળનું પાન કરીને બધા બાળકો અને ગાયો મરણ પામેલાં તેમને આપે પાછાં સજીવન કરેલાં, કાલિય-સુદર્શન* વગેરે સર્પો, તૃણાવર્ત વગેરે રાક્ષસો, ઈન્દ્રે કરેલી વૃષ્ટિ અને વાવાઝોડું અને તે પ્રસંગે જ થયેલી વીજળી, અગ્નિ અને દાવાગ્નિ, વૃષ અને મયનો પુત્ર વ્યોમાસુર એ બધાથી આપે અમારું રક્ષણ કરેલું છે. વધારે શું કહીએ? આપ ઋષભ હોઈ આપે સર્વ તરફથી આવતા ભયથી અમારું રક્ષણ કરેલું છે, કારણ કે પતિ હોય તે રક્ષણ કરે જ. તેથી આપ સદા રક્ષણ કરનારા હોવાથી હમણાં પણ અમારું રક્ષણ કરો. ઉપર કહેલા હણનારા બધા બહારના હતા જ્યારે અત્યારે હણનાર કામ તો અન્દરનો છે. તેથી આપે સમ્પૂર્ણ રીતે અમારું રક્ષણ કરવું જોઈએ''.

(*સુદર્શન સર્પ તથા વ્યોમાસુર થી હજી સુધી ભગવાને રક્ષણ કરેલું નથી પરન્તુ તે લીલા ભગવાન ભવિષ્યમાં કરવાના છે, છતાં પણ આ ગોપીઓ સર્વજ્ઞ હોવાથી તેમને આ જ્ઞાન થયું છે અને કઈ લીલા ભૂતકાલની અને કઈ ભવિષ્યની છે તે વિષય જણાવવાની તેમને જરૂર નથી.)

બીજી નિગુર્ણ ગોપીઓએ ભગવાન ઘણા પ્રભાવવાળા છે એમ જાણીને, જેમ ભગવાન જ્ઞાનીઓને મોક્ષ આપે છે તેમ અમને પણ અમારા માટે યોગ્ય હશે તે મોક્ષ આપશે એવા હેતુથી તેમની સ્તુતિ કરતાં કહ્યું કે ૪.''આપ વસ્તુતઃ ગોપીના પુત્ર નથી. સર્વ દેહીઓના અન્તઃકરણને જોનારા છો. હે સખા! વિશ્વનું રક્ષણ કરવા બ્રહ્માએ પ્રાર્થના કરેલા આપ યાદવોના કુલમાં પ્રકટ થયા છો''.

આપ જો નન્દના પુત્ર હોત તો આપને મારેલાં ટોણાં બધાં અયોગ્ય છે. એ નિશ્ચિત્ સત્ય છે કે આપ ગોપી યશોદાના પુત્ર નથી. જો આપ યશોદાના પુત્ર હોત તો જેમ તેણે આપને વશ કર્યા અને જાણ્યા તેમ અમે ગોપીઓ પણ આપને જાણત અને વશ કરત, કારણ કે આપ ગોકુલના સ્વામી નન્દના પુત્ર હોઈ, જેમ ગોપી યશોદાએ આપને જાણ્યા અને વશ કર્યા, કારણ કે સમાનપણું હોય ત્યાં જ સત્યજ્ઞાન અને યોનિનો સમ્બન્ધ થાય છે, તેમ અમે પણ સમાનપણાને લીધે આપને જાણત અને વશ કરત. વળી આપ વૈકુંઠના અધિપતિ પુરુષોત્તમ છો. એટલું જ નહિ, પરન્તુ અમે વગેરે બધા દેહીઓનાં અન્તઃકરણને જોનારા છો. જો આપે અમારા હૃદયમાં (આપની પ્રીતિ થાય) તેવો તાપ જોયો હોત તો આપ અમારા ઉપર પ્રસન્ન જ થાત. વળી આપ અમે વગેરેના રક્ષણ માટે જ પધારેલા છો તેથી અમે મરી રહી છીએ એવું જો આપ સમજતા હો તો આપ અમારું રક્ષણ કરો. બ્રહ્મા જે વેદના અર્થનો સારી રીતે વિચાર કરનાર છે તેમણે રક્ષણ કરવા આપને પ્રાર્થના કરેલી

હોવાથી જ આપ અહીં પધારેલા છો. તેથી આપનું ભજન કરવાનો બોધ આપતો વૈખાનસ મત બ્રહ્માએ પ્રકટ કરેલો છે. તેથી વેંકટાદ્રિ વગેરેમાં તેવી જ રીતે આપની પૂજા થાય છે. બધાની પૂજા સ્વીકારવા પણ બ્રહ્માએ આપને પ્રાર્થના કરેલી. તેથી સર્વની પૂજા સ્વીકારવા અને સર્વનું રક્ષણ કરવા આપ અહીં પધારેલા છો. એ પ્રમાણે આપ સર્વના અન્તરાત્મા હોઈ સર્વના સખા છો. તેવા આપ લોકમાં આપનું સખ્ય પ્રકટ કરવા યાદવોના અથવા વૈષ્ણવોના કુલમાં પ્રકટ્યા છો. પહેલાં પણ આપ સખા હોઈ આપની ઈચ્છા પ્રમાણે જ સર્વને પ્રેરણા કરતા. પછી અહીં પધાર્યા તેનું ખાસ પ્રયોજન હોવું જોઈએ. તે પ્રયોજન આપ અમને ભક્તોને સ્વરૂપાનન્દનું દાન કરવારૂપ આત્મનિવેદન કરો તે જ છે. તેથી અમારે આપને શું વિનંતિ કરવી? આપને યોગ્ય લાગે તેમ કરો.

અમે ચાર પ્રકારની બીજાને પરણેલી ગોપીઓએ સ્તુતિ કરી. તે પછી કુમારિકાઓ સ્તુતિ કરે છે. તેમાં સાત્ત્વિક-સાત્ત્વિક ગોપીઓએ ભગવાન નહિ માગેલું આપશે નહિ એમ વિચારી એવી પ્રાર્થના કરી કે ૫.''હે વૃષ્ણિઓમાં ઉત્તમ! હે કાન્ત! સંસારના ભયથી આપને શરણે આવનારને અભય આપનાર, કામનાઓ આપનાર અને લક્ષ્મીના કરનું ગ્રહણ કરનાર આપના કરકમલ અમારા શિર ઉપર મૂકો''.

અમારું હૃદય ફાટે છે તેથી અમારા બધા અંગોને પુષ્ટિ મળે તેવી રીતે આપનું કરકમલ અમારાં શિર ઉપર મૂકો. કારણ કે કમલ અને તે પણ જલમાં ઊગતું, સદા શીતલ જ હોય છે. વળી આપનો કર સરોવરરૂપ અને કમલરૂપ છે, તેથી (કરકમલને) ઉંચું કરવાથી તેનું રસાલપણું મટવાનું નથી. વળી આપનો કર તાપ મટાડશે એટલું જ નહિ, પરન્તુ તે અમારી ઈચ્છેલી કામનાઓ પણ આપશે. આપ પુરુષોત્તમ છો, યોગીઓ આપનું ધ્યાન કરે છે, છતાં આપે લક્ષ્મીના કરનું ગ્રહણ કરેલું હોવાથી આપ ગૃહસ્થ છો. આપે જ્યારે લક્ષ્મીના કરનું ગ્રહણ કર્યું છે તો પછી અમારાં શિરનું ગ્રહણ કરવામાં આપને શું હાનિ થવાની છે? લક્ષ્મી સાથે આપનો વિવાહ થયો છે એ ખરું પણ અમે સંસારના ભયથી આપને શરણે આવેલી છીએ. જેમ વિવાહમાં પરણેલી સ્ત્રીનું પાલન કરવાનું હોય છે તેમ શરણે આવેલાનું પણ રક્ષણ કરવાનું હોય છે. વિવાહ કરતાં પણ શરણે આવેલાનું રક્ષણ કરવાનું કાર્ય વધારે ઉપયોગી છે કારણ કે પરણેલીનું રક્ષણ કરવાનો ધર્મ બધા પુરુષોને સમાન છે, જ્યારે શરણે આવેલાંનું રક્ષણ કરવું એ ઈશ્વરનો ધર્મ છે. શરણે આવેલ સ્ત્રીના શિર ઉપર કર મૂકવો એની શાસ્ત્રમાં મના નથી. આપ વૃષ્ણિઓમાં ઉત્તમ છો. વૃષ્ણિ યદુના વંશમાં ઉત્પન્ન થયેલા, તેને ઘણી સ્ત્રીઓ હતી અને તેનો વંશ પણ ઘણો થયો છે. એ વંશમાં પણ આપ ઉત્તમ છો. વળી અમે સંસારના ભયને લીધે આપને શરણે આવેલી છીએ. સંસાર સ્વભાવથી જ દુષ્ટ નથી પરંતુ તેનાથી અસહ્ય દુઃખ ઉત્પન્ન થાય છે. વળી આપ તો જાણવામાં આવેલા તથા નહિ જણાયેલા પ્રકારે સંસારદુઃખોને દૂર કરનારા છો. આપ બીજાનું પણ સંસારનું દુઃખ દૂર કરનારા હોવાથી આપને તો તેનો ભય નથી જ. તેથી અમારા સિર ઉપર હાથ મૂકવામાં આપને દોષ થવાનો નથી. આપ અમારા પતિ છો. તેથી

આપ અમે સ્ત્રીઓએ કરેલ વ્રતનું સ્મરણ કરી અમારું ઇચ્છેલું કરો. અમારા કાત્યાયની વ્રતનું સ્મરણ કરી અમારી સાથે રમણ કરો.

પછી સાત્ત્વિક-તામસી કુમારિકાઓએ હિંમતથી તે જ વિષયની કાંઈક ભેદથી પ્રાર્થના કરતાં કહ્યું કે ૬.''હે વ્રજજનોની પીડાના નાશક! હે સ્ત્રીઓના વીર! નિજજનોના ગર્વનો મંદ હાસ્યથી નાશ કરનાર! હે સખા! અમે આપની દાસીઓનો આપ ભોગ કરો! આપનાં મનોહર મુખકમલના અમને દર્શન કરાવો. હે ભગવાન! આ ગોપીઓને કહેતાં આવડતું નથી, અમે નિશ્ચિત વાત કહીએ છીએ કે આપ અમારો ભોગ કરો. આ અમારું હિતકારી વચન છે. આમા શાસ્ત્રની મના નથી, કારણ કે અમે આપની દાસીઓ છીએ અને આપની પ્રતિજ્ઞા છે કે 'જેઓ મને જે પ્રકારે ભજે છે તેમને હું પણ તે પ્રકારે ભજું છું' આ આપની પ્રતિજ્ઞા અને અમે આપની દાસીઓ હોવાનું પ્રસિદ્ધ જ છે''.

વળી આપ વ્રજજનોની પીડાનો નાશ કરનારા હોવાથી પણ આપે અમારો ભોગ કરવો જોઈએ. આથી મોટી પીડા અમને બીજી નથી. વળી આપ સ્ત્રીઓના વીર છો. 'વીર' હોય તેણે બીજામાં રહેલા કામ વગેરે શૂરોનો નાશ કરવો જોઈએ. શૂરોમાં મુખ્ય કામ છે. તે ઘણા પ્રકારનો છે. આપે (તેનાથી પીડા પામનારીઓને) અંદર અને બહાર આપના આનંદરૂપ પૂર્ણ પદાર્થથી ભરી દઈ, કામને રહેવાના સ્થાન વિનાનો કરી, દૂર કરવો જોઈએ. તેથી જ લોકોમાં વીરો કરતાં દાન કરનારાઓ વધારે કીર્તિ પ્રાપ્ત કરે છે. આપ પોતાની અંદર રહેલા આનંદથી જે ઘણા દરિદ્ર છે અને જેમની કામનાઓ બ્રહ્માથી પણ પૂર્ણ થઈ શકે નહિ તેવી છે તેમની ઇચ્છાઓને પણ પૂર્ણ કરનારા મહાવીર છો એ વૃત્તાન્ત સર્વ જાણે છે. તેથી આપ સ્ત્રીઓના વીર છો. આપ વિના બીજાના કામ અપૂર્ણ હોવાથી, બીજા કોઈ 'સ્ત્રીઓના વીર' કહેવા યોગ્ય નથી.

અમારો અભિમાનરૂપ દોષ દૂર કરવા આપ અમારો ભોગ કરતા અટકો નહિ. આપનું મંદ હાસ્યજ તેને દૂર કરે છે. અમારો ગર્વ દૂર કરવા અમારો ત્યાગ કરવો યોગ્ય નથી, તે માટે તો આપે મંદ હાસ્ય જ કરવું પૂરતું છે. આપનું હાસ્ય માણસોને મોહ કરાવનાર માયારૂપ છે. અમને આપના હાસ્યથી એટલે માયાને લીધે મોહ થવાથી ગર્વ થયો છે, કારણ કે માયાએ કરેલા મોહ વિના કોઈને પણ ગર્વ થતો નથી. આપનું હાસ્ય મંદ થાય ત્યારે ભક્તોમાં તેની પ્રવૃત્તિ થતી નથી તેથી આપ હાસ્યને મંદ કરો એજ અમારા ગર્વને દૂર કરવાનું સાધન છે. અમે આપની છીએ, અમારો ગર્વરૂપ ધર્મ જ દુષ્ટ છે, પણ ધર્મી અમે પોતે-દુષ્ટ નથી. અમે જો દુષ્ટ હોઈએ તો આપની નિજજન જ કેમ હોઈએ? આપના હાસ્યથી અમે, આપની નિજજનને પણ, અમને આપની તુલ્ય માની. પણ જ્યારે હાસ્ય મંદ થશે ત્યારે અમારો ગર્વ જતો રહેશે. વળી અભિમાન આપના મંદ હાસ્યનાં દર્શન થાય ત્યાં સુધી જ રહે તેવો દોષ છે, કારણ કે આપના મંદ હાસ્યવાળા મુખનાં દર્શન કર્યા પછી પણ અભિમાન રાખી શકે તેવી કોઈ સ્ત્રી છે જ નહિ. આપનું મુખ કમલ જેવું છે અને તેમાંથી અમૃત ઝરે છે. અમૃતનું પાન કરવામાં આવે ત્યારે કોઈનો દોષ રહેતો નથી. જો

અમારું અભિમાન દૂર કરવાનું આ સાધન છે કે નહિ એ વિષયમાં આપને સન્દેહ રહેતો હોય તો એકવાર આપના મંદ હાસ્યવાળા મુખકમલનું દર્શન કરાવી જુઓ. વળી અભિમાન મનનો દોષ છે અને આપનું મુખકમલ તો મનોહર (મનને હરનારું) છે. જ્યારે ધર્મી અમારાં મનને–આપનું મુખકમલ હરી લેશે ત્યારે તેનો ધર્મ–અભિમાન કેમ રહેશે? તેથી આપ સખા હોવાથી અમે સખીઓનો ભોગ કરો તે યોગ્ય જ છે.

તે કુમારિકાઓથી ઉત્તમ સાત્ત્વિક–રાજસી કુમારિકાઓએ તે જ વિષય માટે જુદા પ્રકારે પ્રાર્થના કરતાં કહ્યું કે ૭.''પ્રણામ કરનારા દેહીઓના પાપનો નાશ કરનારું, ઘાસ ચરનારોની પાછળ ફરનારું, લક્ષ્મીનાં ધામરૂપ, સર્પની ફેણ ઉપર મૂકેલું આપનું ચરણકમલ અમારા હૃદય ઉપર પધરાવી અમારા કામનો નાશ કરો''.

અમારા કામનો નાશ કરવા આપનું ચરણકમળ અમારા હૃદય ઉપર પધરાવો, આટલાથી જ અમારા હૃદયમાં રહેલો કામ જતો રહેશે. ... તેમ કરવાથી આપને કાંઈ હાનિ થવાની નથી. અમે જીતેન્દ્રિય નહિ હોવાથી પાપી છીએ પણ અમે આપને ઉત્તમ પ્રકારે નમન કરનારી છીએ. અને નમન કરનારાઓનાં પાપને આપનું ચરણકમલ જ દૂર કરે છે. તેના પ્રસાદથી જ અમારું પાપ જશે, બીજી રીતે પાપનો નાશ કરવાની અમારી શકિત નથી. અમે આપને ઉત્તમ પ્રકારે નમન કરનારી હોવાથી અમે ધર્મમાર્ગવાળી નથી. અમે દેહી–દેહના અભિમાનવાળી હોવાથી અમે જ્ઞાનમાર્ગવાળી નથી. અને આપને ઉત્તમ પ્રકારે નમન કરનારી હોવાથી અમારી અધોગતિ પણ થાય નહિ. તેથી આપનું ચરણ જ તેનું ચિંતન કરવાથી, તેના દર્શન કરવાથી તેનો સ્પર્શ કરવાથી અથવા તેનું આલિંગન કરવાથી અમારાં પાપનો નાશ કરનારું છે...

નિર્ગુણ કુમારિકાઓએ હવે એ જ વિષયમાટે તેથી પણ ઉત્તમ પ્રકારે પ્રાર્થના કરતાં કહ્યું કે ૮.''હે કમલ જેવાં નેત્રવાળા! હે વીર! આપની મધુર–મનોહર વાક્યવાળી જ્ઞાનીઓને આનંદ આપનારી વાણીથી આજ્ઞા પ્રમાણે વર્તનારી અને મોહ પામતી આ આપની દાસીઓને આપના અધરામૃતથી પુષ્ટ કરો''.

હે સ્વામી! આપની મધુર વાણીથી મોહ પામતી અમે ગોપીઓને આપ પુષ્ટ કરો, કારણ કે અમે આપની આજ્ઞા પ્રમાણે વર્તનારી અથવા આપની સેવા કરનારી છીએ. અને મોહ મરણની પહેલાની અવસ્થારૂપ છે. આપ 'વીર' હોવાથી આપમાં તે પ્રમાણે કરવાની શક્તિ પણ છે. શૌર્ય દુઃખીઓનું દુઃખ દૂર કરવા માટે જ હોય છે. 'આ' એટલે આવી દેખાય છે તેવી મરણ પહેલાંની તરતની સ્થિતિમાં આવેલી અમે, આપ એક ક્ષણનો પણ વિલંબ કરશો તો મરશું.

આપની માત્ર વાણીથી અમારો મોહ જતો રહેશે, કારણ કે આપની વાણી મધુર છે, મોહ માયારૂપ છે. તે આપના સચ્ચિદાનન્દ સ્વરૂપથી જ જાય છે. આપની વાણી મધુર હોઈ આનન્દરૂપ છે. 'મધુ' એટલે અસાધારણ રસ. તે રસવાળી હોઈ તે મધુર છે. આપની વાણી આવા રસવાળી હોઈ આનન્દરૂપ છે. વળી તે મનોહર વાક્યવાળી છે. સત્ય અને

પ્રિય નું પ્રતિપાદન કરે તે મનોહર. આપની વાણી સત્ય અને પ્રિયનું પ્રતિપાદન કરનારી હોઈ સદ્રૂપ છે. વળી તે જ્ઞાનીઓને આનન્દ આપનારી છે તેથી જ્ઞાનરૂપ એટલે ચિદ્રૂપ પણ છે કારણ કે જ્ઞાનીઓને જ્ઞાનથી જ આનન્દ થાય છે.

વળી નયનો પણ મુખમાં જ છે તેથી નયનોની કૃતિ કરીને જ વાણી બોલશો, કારણ કે કમલ જેવાં તે નયનો બીજાનાં તાપને હરનારાં છે. વળી આપ અધરામૃતથી અમને પુષ્ટ કરો એટલે ૧.અમને વાણી સંભળાવો ૨.અમારા તરફ દષ્ટિ કરો અને અમને ૩.અધરામૃતનું પાન કરાવો. કારણ કે જે મૂર્ચ્છા પામેલ હોય તેમની મૂર્ચ્છા દૂર કરવા મોટા મન્ત્રો બોલવામાં આવે છે કમળ વગેરે શીતલ દ્રવ્યો રાખવામાં આવે છે અને મૂર્ચ્છા કોઈ પ્રકારે ઉતરે તેવી ન હોય તો અમૃતનું અથવા ઘણા ગુપ્ત રસનું પાન કરાવવામાં આવે છે. આ અમારી મૂર્ચ્છા તો થોડા સાધનથી ઊતરે તેવી નથી, કારણ કે અમારી છેવટની અવસ્થા થઈ છે. પહેલાંની કુમારિકાઓએ જે આપના કરકમલ, સ્વરૂપ અને ચરણકમલ ની પ્રાર્થના કરી તે બધાએ આપનું સ્મરણ કરાવીને અમારી મૂર્ચ્છાને ઘણી વધારી છે.

એ પ્રમાણે શ્રીહસ્તથી, સ્વરૂપથી, ચરણથી અને મુખથી એમ ચાર પ્રકારે ઉપકાર કરવાની પ્રાર્થના કરીને તે પ્રમાણે ભગવાન ઉપકાર કરતા નથી તેનું કારણ પોતે જ છે એવી શંકા કરીને રાજસ-સાત્ત્વિક કુમારિકાઓએ શંકા ખોટી ઠરાવતાં કહ્યું કે ૯.''આપનું કથારૂપ અમૃત દુઃખીઓને જીવાડનારું, કવિઓએ પ્રશંસા કરેલું, પાપનો નાશ કરનારું, શ્રવણથી આનન્દ આપનારું, લક્ષ્મીવાળું અને સર્વત્ર વ્યાપેલું છે''.

ભૂમિ ઉપર જેઓ તેનું ગાન કરે છે તેઓ ઘણું દાન કરનારા અને જન્મરહિત છે. ઉપર જેની પ્રાર્થના કરવામાં આવી તે આપ ભગવાન ભક્તોને આપો છો, પરંતુ ભક્તો ન હોય તેમને નથી આપતા. અને આપનો વિરહ થવા છતાં અમે જીવીએ છીએ તેથી અમે ભક્ત નથી. આપ ભગવાનને તો કોઈની જરૂર નથી તેથી અમે જીવીએ તેનું આપને કાંઈ પ્રયોજન નથી કારણ કે લક્ષ્મી જેવી તો આપને કરોડો દાસીઓ છે. તેથી ''આપને માટે પ્રાણ ધારણ કરનારીઓ આપને શોધે છે'' વગેરે જે કહ્યું તે બધું સમ્બન્ધ વિનાનું હોઈ પ્રાર્થના કરવી નકામી છે એમ જણાય, પરંતુ અમે જે જીવીએ છીએ તે અમારા પ્રયાસથી જીવતી નથી પરંતુ આપના વિરહને લીધે અમારા પ્રાણ જાય છે તેમને આપની કથા જવા દેતી નથી. અને વળી જેવી શક્તિ આપની છે તેવી જ આપની કથાની પણ શક્તિ છે. તે પણ આપની જેમે પરમાનન્દરૂપ મોક્ષ આપનારી અને છ ગુણોવાળી છે. તે ભગવત્સ્વરૂપ અમૃત જેવી છે. સર્વના મરણ વગેરેને દૂર કરે તે અમૃત. આપની કથા તેવી હોવાથી તે મોક્ષ આપનારી અને પરમાનન્દરૂપ છે. વળી તે આપના જેવા છ ગુણોવાળી છે.

૧.સંસારમાં જે દુઃખી છે તેમને તે જીવાડનારી છે કારણ કે અમૃત દુઃખનો નાશ કરનારું છે એ પ્રસિદ્ધ જ છે. આપનો ગુણ વૈરાગ્ય અથવા જ્ઞાન સર્વ દુઃખનો નાશ કરે છે. જેનો સંસ્કાર થઈ શકે તેનો જ્ઞાનથી અને જેનો સંસ્કાર થઈ ન શકે તેનો વૈરાગ્યથી નાશ થાય છે. તેથી જ સંસ્કાર કરવાની શક્તિવિનાના સ્માર્તો ત્યાગ કરવાનો (વૈરાગ્યનો) જ ઉપદેશ

કરે છે. ઉપર-ઉપરથી તો જલ વગેરે પણ દુઃખનો નાશ કરે છે પણ કથારૂપ અમૃત ૨.કવિઓએ પ્રશંસા કરેલુ છે. શબ્દ અને અર્થ ના રસીઆ બધાએ કવિઓ-જ્ઞાનીઓ તેની પ્રશંસા કરે છે. તેથી આ જ્ઞાન કે વૈરાગ્ય જેવું છે. કવિઓ ઉપર-ઉપરથી સ્ત્રીઓની પણ પ્રશંસા કરે છે પણ કથારૂપ અમૃત ૩.પાપનો નાશ કરનારું છે, એટલે ધર્મરૂપ છે. કોઈ સ્થળે વીર્યને બદલે ધર્મને પણ ભગવાનનો ગુણ કહેલો છે. જે વીર્યથી અલૌકિક પદાર્થ પ્રાપ્ત થાય તે ઉત્તમ પ્રકારનું વીર્ય ધર્મરૂપ છે. અને વળી જે ધર્મવાળું હોય તે પાપનો નાશ કરનારું અને અલૌકિક પદાર્થ પ્રાપ્ત કરનારું હોય છે. આપની કથા આવી છે તે પ્રસિદ્ધજ છે. ૪.પ્રાયશ્ચિત્ત પણ ઉપર-ઉપરથી પાપનો નાશ કરનારું હોય છે પણ આપની કથા ૫.શ્રવણથી આનન્દ આપનારી છે. પ્રાયશ્ચિત્તમાં તો છાણ લીંપવાનું, ઉપવાસ કરવાનું વગેરે હોઈ તે સ્વરૂપથી જ અમંગળ અને ઘોર રૂપ હોઈ દુઃખ આપનારું હોય છે. આપની કથારૂપ અમૃત તો ઉદાર ચરિત્રવાળું હોઈ શ્રવણ કરતાંજ આનન્દ ઉત્પન્ન કરે છે એ અનુભવથી સાબિત થયેલું છે. તેથી તે આપના ગુણ, યશ અથવા કીર્તિ ની સમાન છે. ૬.પુત્રનો જન્મ વગેરે પણ શ્રવણથી આનન્દ આપનારાં છે, છતાં આપની કથા લક્ષ્મીવાળી છે. પુત્રના જન્મનું શ્રવણ તો ધન ખરચાવે છે, પ્રાપ્ત કરાવતું નથી. કથારૂપ અમૃતની તો લક્ષ્મીને પણ જરૂર હોવાથી તે લક્ષ્મીવાળું છે. અને તેને કહેનાર તથા તેનું શ્રવણ કરનાર લક્ષ્મી પ્રાપ્ત કરે છે. ૭.રાજ્યની પ્રાપ્તિનું શ્રવણ લક્ષ્મી પ્રાપ્ત કરાવનારું છે છતાં આપની કથારૂપ અમૃત સર્વત્ર વ્યાપેલું છે. રાજ્ય વગેરે હદવાળાં છે પણ આપનું ઐશ્વર્ય હદ વિનાનું અને સર્વની અંદર અને બહાર સંપૂર્ણ રીતે વ્યાપેલું છે. તે સર્વલોકમાં વ્યાપીને રહેલું છે અને બધાને પોતાની શક્તિ પ્રાપ્ત કરાવે છે તેથી આપની કથા સ્વરૂપથી તથા ગુણોથી આપની સમાન હોવાથી તે કથાને લીધે અમે જીવીએ છીએ પણ પોતાથી જીવતી નથી. આપ તો કોઈ સમયે અમને મારો છો ત્યારે પણ આપની કથારૂપ અમૃત અમને જીવાડે છે એટલું તે ઉત્તમ પણ છે. ભેદ એટલો છે કે આપ સ્વતન્ત્ર છો જ્યારે કથારૂપ અમૃત પરતન્ત્ર છે, કારણ કે તેમાં વક્તાની જરૂર છે. જ્યારે બ્રહ્મા વગેરે પ્રાર્થના કરે છે ત્યારે આપ અવતાર ધારણ કરી ભૂમિ ઉપર પધારો છો અને પછી અન્તર્ધાન પણ થાઓ છો, જ્યારે કથા તો આવ્યા પછી તિરોહિત થતી નથી. તેથી જ આવા ઉત્તમ ક્થારૂપ અમૃતનું જે ભૂમિ ઉપર ગાન કરે છે તેઓ ઘણું દાન કરનારા છે. વ્યાસ વગેરે તેવા પ્રસિદ્ધ છે. તેઓ કેવલ ભગવદ્રુપ અને જન્મ વગેરે દોષવિનાના છે. પણ કથારૂપ અમૃત છૂટું-છવાયું પ્રાપ્ત થાય છે, માત્ર મરણ આવે ત્યારે તેને દૂર કરનારું જ છે, પણ એક જ સ્થળે ભેગું થઈ રસ ઉત્પન્ન કરતું નથી. છૂટો રસ અને રસના પિંડના જેવો ભેદ આપની કથામાં અને આપમાં છે. જો આમ ન હોત તો અમે કથા માટે જ પ્રયત્ન કર્યો હોત. આપમાં અને કથામાં આવો ભેદ હોવા છતાં વિરહમાં મરણને દૂર કરવા કથાનો ઉપયોગ થતો હોવાથી આપની જેમે તેની સ્તુતિ કરીએ છીએ તે તો આપની કથા કહેનારાઓએ અમને ઘણું દાન કરેલું હોવાથી કથાને લીધે અમે જીવીએ છીએ.''

પછી તામસ-રાજસ કુમારિકાઓએ કહ્યું કે ૧૦.''હે પ્રિય! આપનું અધિક હાસ્ય, પ્રેમવાળી દૃષ્ટિ, ધ્યાનથી શુભકારી વિહાર, એકાન્તમાં કહેલી વાણી અને હૃદયનો સ્પર્શ કરનારી વાણી આ બધું હે ઠગ! અમારા મનમાં ખળભળાટ કરે છે''.

જો આપના ગુણો ખળભળાટ ઉત્પન્ન કરતા ન હોત તો આપની કથાથી અમે નિરાંતે રહી શકત, પરંતુ જેમ આપમાં છ ગુણો છે તેમ મોહ કરનારા પણ છ ગુણો છે, અને મોહ કરવા જ આપ ઠગની લીલા પણ કરો છો. ૧.આપનું અધિક હાસ્ય અમારા મનમાં ખળભળાટ ઉત્પન્ન કરે છે. અમારા સ્વભાવને લીલે જ અમે ખેદ પામેલી હોઈએ ત્યારે આપ અમારો ત્યાગ કરી બીજાની સાથે રહો અને ત્યાંથી અમારી પાસે આવી ઘણું હસો ત્યારે અમારા મનમાં ઘણો જ ખળભળાટ થાય છે. આપ પ્રિય હોવાથી આપનો સમ્બન્ધ પણ તેનું સ્મરણ કરવાથી ખળભળાટ ઉત્પન્ન કરે છે. તેથી જ જેમની સાથે આપને સમ્બન્ધ થયો નથી તેમને ખળભળાટ થતો નથી. ૨.વળી આપની પ્રેમવાળી દૃષ્ટિ પણ ખળભળાટ ઉત્પન્ન કરે છે. એ દૃષ્ટિનું સ્મરણ થાય ત્યારે, બીજાની ઉપર આપ એવી દૃષ્ટિ કરો ત્યારે તથા અંદરથી કપટરૂપ હોવા છતાં એવી દૃષ્ટિથી આપ અમારામાં વિશ્વાસ ઉત્પન્ન કરો ત્યારે એ દૃષ્ટિ ખળભળાટ ઉત્પન્ન કરે છે. જો આપની દૃષ્ટિ મોહ ઉત્પન્ન કરનારી ન હોય તો પહેલાં તે આનન્દ આપતી અને હવે ખળભળાટ ઉત્પન્ન કરે છે એવો તેના કાર્યમાં વિરોધ કેમ હોય? વળી તે મનને ઊંચું કેમ કરે છે? વળી તે આશા ઉત્પન્ન કરે છે અને આશાને લીધે અમને દુઃખ થાય છે. ૩.આપનો વિહાર, વેણુ વગાડતાં આપ ફરો છો તે, પણ અમારા મનમાં ખળભળાટ ઉત્પન્ન કરે છે. વિહાર આપના રસને આપનાં સ્વરૂપથી બહાર પ્રકટ કરે છે, એટલે જેમાંથી રસ ઉત્તમ પ્રકારે બહાર પ્રકટ થાય છે તે ત્રિભંગલલિત સ્વરૂપ આપનાં વિહારરૂપ છે. ૪.અમે પહેલાં તેનું ધ્યાન કરેલું, તે ધ્યાન જ આપનાં સ્વરૂપરૂપ ઉત્તમ ફલ આપનારું હોઈ શુભકારી છે. તે પણ હાલમાં આપ અન્તર્ધાન થવાથી ખળભળાટ ઉત્પન્ન કરે છે. આપના સ્વરૂપના સમ્બન્ધવાળા આ ચાર ખળભળાટ ઉત્પન્ન કરનારાં છે. ૫.આપની એકાંતમાં કહેલી વાણી અથવા શાસ્ત્રથી પ્રાપ્ત થતું બંધ વગેરેનું આપનું જ્ઞાન પણ ખળભળાટ ઉત્પન્ન કરે છે. ૬.તેમાં પણ હૃદયનો સ્પર્શ કરનારી વાણી, માત્ર નાયકને જ અનુકૂલ હોય તેવા બંધ વગેરેની નહિ, પરંતુ અમને જ અનુકૂલ હોય તેવા ઉત્તમ બંધ વગેરેનાં જ્ઞાનરૂપ વાણી પણ ખળભળાટ ઉત્પન્ન કરે છે. આ બધા સુખ ઉત્પન્ન કરનારાં હોવા છતાં જ્યારે આપ ઠગો છો ત્યારે ખળભળાટ ઉત્પન્ન કરે છે, એ સર્વના અનુભવથી સાબિત છે.

આ પ્રકારની કુમારિકાઓને તેમના પોતાના સ્વભાવદોષને લીધે ભગવાનમાં દોષ જણાય છે. જેમ તાવવાળાને અન્નમાં વિરસતા જણાય છે, અન્ન કડવું લાગે છે, તેમ આમને પોતાના સ્વભાવના દોષથી ભગવાનમાં દોષ જણાવાથી આ ગોપીઓએ એમ કહેલું છે. વસ્તુતઃ ભગવાનમાં દોષ નથી.

પછી રાજસ-રાજસ કુમારિકાઓએ કહ્યું કે ૧૧.''હે નાથ! જ્યારે આપ

પશુઓને ચરાવતા વ્રજમાંથી નીકળો છો ત્યારે કમલથી પણ સુંદર આપનું ચરણ પથ્થર, ઘાસ અને અંકુરો થી પિડાય છે તે કારણે હે કાન્ત! અમારું મન વ્યાકુળ થાય છે''.

જ્યારે વ્રજમાંથી પશુઓને ચરાવતા આપ નીકળો છો ત્યારે હે નાથ! કમલ કરતાં પણ સુંદર આપનું કોમલ ચરણ માર્ગમાં પડેલાં પથ્થર, ઘાસ અને દર્ભ વગેરેના અંકુરોથી અથવા શિલા જેવું ઘણું કઠણ જે ઘાસ તેના ઘણાં કઠણ અને તીક્ષ્ણ અંકુરોથી પિડાય છે. વાસ્તવિક રીતે દુઃખ થતું નથી, છતાં પણ અમારું મન વ્યાકુળ થાય છે. પ્રાતઃકાલે આપ વ્રજમાંથી નીકળો છો ત્યારથી આપના ઉઘાડા ચરણે ચાલવાથી જ ખેદ થાય છે. વાસ્તવિક રીતે આપનાં ચરણ અમારું સ્થાન તજીને બીજે જતાં જ નથી, પરંતુ આપજ તેમને બીજે ચલાવો છો. વળી વ્રજમાં રહેલી ગાયોને આપ વનમાં લઈ જાઓ છો. રસ્તે ચાલવાથી તેમને ચરાવવાનું બને નહિ તેથી રસ્તો ન હોય ત્યાં પણ આપને જવું પડે છે. ભૂમિ વગેરે ઉપર કૃપા કરવા આપ પાદુકા પહેરતા નથી અને પાલન કરવા યોગ્ય પશુઓનાં ચામડાંનો પણ ઉપયોગ થાય નહિ. તેથી કમલથી પણ સુન્દર આપનું ચરણ જ પથ્થર, ઘાસ અને અંકુરો થી પીડાય છે. આપનું ચરણ તો કમળથી પણ સુંદર હોવાથી જલમાં અથવા જલથી ભરેલા સ્થાનમાં જ રહેવા યોગ્ય છે, અથવા લક્ષ્મી ઉપર અથવા અમારી ઉપર રહેવા યોગ્ય છે. આપ 'નાથ' હોવાથી ચારવા માટે ઘણાએ સેવકોને મોકલી શકો તેમ છો છતાંય આપ પોતે જ ચારવા જાઓ છો. જ્યારે આપના ચરણ પથ્થર વગેરેથી પીડાય છે ત્યારે ચાલવાની તેની શકિત ન હોવાથી આપને એક ઠેકાણે રહેવું પડે છે ત્યારે અમને ચિંતા થાય છે અને અમે પોતે તે સ્થલે જઈને અમારા હૃદય ઉપર તે ચરણને પધરાવીએ એવી ઈચ્છા થાય છે. આપ અમારા મનના પતિ હોવાથી આપે તેને અમારા દેહમાં મૂકેલું હોવા છતાં તે ત્યાં રહેતું નથી. સ્નેહને લીધે આપની કફોડી સ્થિતિથી પણ અમને આમ દુઃખ થાય છે. જ્યારે અમને ખરેખરું દુઃખ થાય છે ત્યારે પણ આપને કાંઈ વિચાર આવતો નથી એ સામાન્ય નિયમથી વિરુદ્ધ છે.

આ પ્રમાણે સાત પ્રકારની કુમારિકાઓએ કહ્યું. હવે જે ગોપીઓ પરણેલી હોવાને કારણે બહાર જઈ ભગવાનનાં દર્શન કરી શકતી નહિ હોવાથી જ્યારે સંધ્યા સમયે ભગવાન વનમાંથી પધારે છે ત્યારે ભગવાનનાં દર્શનથી તેમના મનમાં કામ ઉત્પન્ન થાય છે. તેથી આ ગોપીઓ પૈકી રાજસ-તામસ સ્વભાવવાળી ગોપીઓ પ્રથમ ભગવાનને બંધની પ્રાર્થના કરતાં કહે છે કે (૧૨)''હે વીર! દિવસનો ક્ષય થતાં કાળા કેશથી વીંટાયેલું અને ગાયોથી ઉડેલી રજવાળું કમલ જેવું આપનું મુખ અને તેનું વારંવાર અમને દર્શાવતાં આપ અમારા મનમાં કામ ઉત્પન્ન કરો છો''.

દિવસનો ક્ષય થતાં સંધ્યાનો સમય થાય તે રજોગુણનો અને કામનો સમય છે અને કાળા કેશ ભ્રમરો જેમે રસને જાગ્રત કરનારા છે, કારણ કે (કેશ) જે મુખકમલના લાવણ્યરૂપ અમૃતનું પાન કરે છે તે (રસને) જાગ્રત કરનાર હોય છે. તેથી તેવા કેશોથી વીંટાયેલું કમલ જેવું મુખ ધારણ કરી રાખતા વીર આપ અમારા મનમાં કામ ઉત્પન્ન કરો

છો. ધનરૂપ ગાયોથી ઉડેલી રજવાળું તેવું મુખ આપ અમને વારંવાર દેખાડો છો. આપ માર્ગની વચ્ચેથી જતા હો ત્યારે બંને બાજુએ ઉભી રહેલી અમને, વારાફરતી આપ જુઓ છો એટલે અમને આપનું મુખ વારંવાર દેખાય છે. અથવા આપ અમારાથી આગળ જતાં વારંવાર પાછળ ફરી અમને જુઓ છો તેથી આપના મુખનાં અમને વારંવાર દર્શન થાય છે. આપનું તેવું દર્શન આપ અમારો આદર કરશો એમ જણાવતું હોવાથી અમારામાં કામ ઉત્પન્ન કરે છે...

પછી એ ગોપીઓ કરતાં ઉત્તમ બીજાને પરણેલી રાજસરાજસ સ્વભાવવાળી ગોપીઓ કુમારિકાઓ જેમે ભગવાનને તેમનું ચરણ પોતાનાં હૃદય ઉપર પધારવા પ્રાર્થના કરે છે, તેથી અહીં તેની તે જ પ્રાર્થના ફરી કરવારૂપ દોષ નથી. કુમારિકાએ પ્રાર્થના કરેલ તેના કરતાં આ પ્રાર્થનામાં ચરણનું માહાત્મ્ય અધિક દર્શાવેલું છે. કુમારિકાઓએ ચરણને દોષ મટાડનાર કહેલ. અહીં તેને ગુણો આપનાર વર્ણવતાં આ ગોપીઓએ કહ્યું:

૧૩.''હે રમણ! હે દુઃખ હરનાર! પ્રણામ કરનારાઓની કામનાઓને આપનારું, બ્રહ્માએ તથા લક્ષ્મીએ પૂજેલું, ધરણીના અલંકારરૂપ આપનું ચરણકમલ અમારા હૃદય ઉપર પધરાવો''.

હે રતિ કરનાર! આપ અમારા મનનાં દુઃખનો તથા અમારાં હૃદયના તાપનો નાશ કરવા આપનું ચરણકમલ અમારાં હૃદય ઉપર પધરાવો. એ જોઈ શકાય તેવા ઉપકારથી જ અમારો તાપ જતો રહેશે. અમે તેને હૃદયમાં પધરાવેલું છે તે બહાર આવતું નથી, તેથી આપ તેને બહાર (અમારા સ્તનો ઉપર) પધરાવો. આપનાં ચરણકમલમાં પણ આપની જેમે છ ગુણો છે.

૧.તે પ્રણામ કરનારાઓની કામનાઓને આપનારું છે. જેઓ સારી રીતે નમન કરે છે, એટલે જેમને બીજું કાંઈ શરણ નથી, તેમના ઈચ્છેલા પદાર્થો તે આપે છે. ઈશ્વર જ આમ કરે છે તેથી આ આપનો ૧.ઐશ્વર્ય ગુણ તેનામાં છે. ચરણમાં રહેલ ઈચ્છેલો પદાર્થ જેઓ અક્કડ રહે છે, એટલે જેઓ તેને નમન કરતા નથી, તેઓ લઈ શકતા નથી. તેથી આ ઈચ્છેલો પદાર્થ લેવા માટે નમન કરવાની આવશ્યકતા છે. ૨.વળી તે બ્રહ્માએ પૂજેલું છે, કારણ કે બ્રહ્માની પ્રાર્થનાથી જ તે ભૂતલ ઉપર આવેલું છે. તેથી આપનો ૨.'ધર્મ' ગુણ પણ તેમાં છે. તે ધરણીના અલંકારરૂપ છે અને દુઃખમાં ધ્યાન કરવા યોગ્ય છે તેથી આપના ૩.શ્રી અને ૪.કીર્તિ ગુણો પણ તેમાં છે. ૫.તે કલ્યાણરૂપ હોવાથી આપનો ૫.જ્ઞાન ગુણ પણ તેમાં છે, તે આપનું છે. અને આપ દુઃખ હરનાર છો એટલે આપના સમ્બન્ધથી તે દુઃખ હરનારું હોવાથી આપનો ૬.વૈરાગ્ય ગુણ પણ તેમાંછે.

વળી તે કમલની સમાન હોવાથી સ્વરૂપથી પણ ઉત્તમ છે. આપ 'રમણ' હોવાથી ઈચ્છેલો પદાર્થ પ્રાપ્ત કરાવો છો અને 'દુઃખ હરનાર' હોવાથી અનિષ્ટ (ન જોઈતા) પદાર્થોને દૂર રાખો છો. આપની સમાન આપનું ચરણકમલ છે તે અમારાં સ્તનો ઉપર પધરાવો.

પછી રાજસ-રાજસથી પણ ઉત્તમ રાજસ-સાત્ત્વિક સ્વભાવની બીજાને પરણેલી ગોપીઓએ સત્ત્વગુણને લીધે અધરામૃતની પ્રાર્થના કરી. અહીં પણ અધરામૃત ગુણો આપનારું વર્ણવેલું છે. પહેલાં અધરામૃતની પ્રાર્થના કુમારિકાઓએ કરેલી તેથી અહીં પણ તે જ પ્રાર્થના ફરી કરવારૂપ દોષ નથી. તેમણે પ્રાર્થના કરતાં કહ્યુંઃ

૧૪.''હે વીર! સુરતની વૃદ્ધિ કરનારાં, શોકનો નાશ કરનારાં, વગાડેલા વેણુએ સારી રીતે ચુંબન કરેલાં અને મનુષ્યોનો બીજામાં પ્રેમ હોય તેને ભુલાવનારાં આપના અધરામૃતનું અમને દાન કરો''...

પછી બીજાને પરણેલી તામસ-સાત્ત્વિકીએ દેવ બ્રહ્માની નિંદા કરતાં કહ્યું કે ૧૫.''આપ જ્યારે દિવસે વનમાં ફરો છો ત્યારે આપને નહિ નીરખતાં અમને ક્ષણ યુગ જેવી થાય છે અને જ્યારે વાંકા કેશવાળાં આપનાં મુખનું અમે દર્શન કરીએ છીએ ત્યારે અમારાં નયનોની પાંપણ બનાવનાર જડ જણાય છે''.

આપ જ્યારે દિવસે વનમાં ફરો છો ત્યારે આપનાં દર્શન અમને થતાં નહિ હોવાથી એક ક્ષણ અમને યુગ જેવી થાય છે અને પાછાં જ્યારે સાંજે દર્શન થાય છે ત્યારે વાંકા કેશવાળું આપનું શ્રીમુખ નીરખતા અમારાં નયનોની પાંપણ જેણે બનાવી છે તે બ્રહ્મા અમને જડ (અક્કલ વગરનો) જણાય છે. કારણ કે દેવો અલૌકિક પદાર્થ જોનાર હોવાથી તેણે દેવોનાં નયનોને પાંપણ કરી નથી તેમ અમે દેવો કરતાં પણ ઘણો જ અલૌકિક પદાર્થ-આપનું શ્રીમુખ નીરખનારી હોવાથી અમારાં નયનોને પણ પાંપણ કરવી યોગ્ય ન હતી. વળી જેમ દેવો ઘણા સમય સુધી જીવે છે તેમ આપ વનમાં ફરો છો ત્યારે અમારે પણ ક્ષણ એક યુગ જેવી થતી હોવાથી અમે પણ ઘણો સમય જીવીએ છીએ. દિવસે આપ વનમાં ફરો છો તેથી કાંઈ પ્રયોજન સરતું નથી, કારણ કે વનમાં કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી અને અમે બહાર નીકળી ત્યાં આવી શકતી નથી. આપના દર્શન ન થવાથી અમારી ક્ષણ યુગ જેટલી થતી હોવાથી અમે લાંબો સમય જીવીએ પણ છીએ, એટલે આપે અમને દેવ બનાવીછે. દેવ જેવી અમે હોવાથી અમારા નયનોને પાંપણ બનાવનાર બ્રહ્મા મૂર્ખછે.

તેમનાથી હલકી તામસ-તામસ સ્વભાવની બીજાને પરણેલી ગોપીઓએ ભગવાનની નિંદા કરતાં કહ્યુંઃ ૧૬.''હે અચ્યુત! પતિ, પુત્રો, વંશ, ભાઈઓ અને બાંધવો નું ઉલ્લંઘન કરીને આપનાં મોટે અવાજે કરેલાં ગાનથી મોહ પામેલી ગતિ જાણનારી અમે આપ ગતિ જાણનારની પાસે આવેલી છીએ''.

હે ઠગ! રાત્રે સ્ત્રીઓનો કોણ ત્યાગ કરે? આપ 'અચ્યુત' હોઈ આપનો કામ પોતાની મેળે અટકી જાય તેવો આપને ભય નથી. પતિ, પુત્રો, વંશ, ભાઈઓ અને બાંધવો એ બધા કોઈ પણ પ્રકારે ઉલ્લંઘન થઈ શકે તેવા નથી. તેમનું પણ ઉલ્લંઘન કરીને અમે આપની પાસે આવી, કારણ કે આપ સર્વની ગતિ (સર્વ જે ફલ આપે તેને) જાણનાર છો. તે બધા જે ફલ આપે છે તે બધું આપ આપશો એમ વિચારી અમે પણ આપની ગતિને જાણાનારી છીએ. વળી આપનાં મોટે અવાજે કરેલાં ગાનથી મોહ પામેલી છીએ તેથી

આપની પાસે આવી છીએ. તેથી મોહ પમાડી અમને લાવીને પતિ વગેરે અને આપ એ બંને ગુમાવીએ તેમ અમે સ્ત્રીઓનો રાત્રીએ વનમાં કોણ ત્યાગ કરે? સ્ત્રીઓ કોઈ પણ સમયે ત્યાગ કરવા યોગ્ય નથી. ખાસ કરીને વનમાં અને તે પણ ખાસ રાત્રીએ જેને માટે અમને બોલાવી તે પણ આપ્યા વિના આપે અમારો એ પ્રમાણે ત્યાગ કર્યો તેથી આપ ઠગ છો.

તેમનાથી ઉત્તમ તામસ-રાજસ સ્વભાવની બીજાને પરણેલી ગોપીઓએ પોતાની નિંદા કરતાં કહ્યું : ૧૭.''કામનો ઉદય કરનારી એકાંતમાં આપે કરેલી વાતચિત, પ્રેમવાળી દષ્ટિવાળું હસતું આપનું મુખ અને લક્ષ્મીના ધામરૂપ આપનું વિશાલ વક્ષઃસ્થલ જોઈને આપ સાથે સંગમની ઘણી ઈચ્છા કરનારું અમારું મન વારંવાર મોહ પામે છે''...

અથવા આપમાં છ ગુણો હોવાથી આપના સંગમની ઈચ્છા અમારું મન કરે છે. [૧]આપની સાથે એકાંતમાં વાતચીત થાય છે. [૨]આપથી કામનો ઉદય થાય છે. [૩]આપનું શ્રીમુખ હસતું છે. [૪]આપની દષ્ટિ પ્રેમવાળી છે. [૫]આપનું વક્ષઃસ્થલ વિશાલ છે અને [૬]તે લક્ષ્મીનું ધામ છે. પહેલા ચાર વિશેષણો એમ દર્શાવે છે કે આપનું સ્વરૂપ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ ના બલવાળું છે અને છેલ્લાં બેથી અનુક્રમે એમ જણાય છે કે અમે આપના વક્ષઃસ્થલમાં સ્થિતિ કરી શકીએ તે માટે ત્યાં યશ અને શ્રી રહેલાં છે...

ત્યાર બાદ આટલા સમય સુધી વિચારોમાં અટવાયેલી રાજસ-સાત્ત્વિક કુમારિકાઓએ પ્રાર્થના કરતાં કહ્યું કે ૧૮.''હે વહાલા! આપનું સ્વરૂપ વ્રજના અને વનના રહેવાસીઓના પાપને હરનારું અને વિશ્વને ઘણું મંગલરૂપ છે. આપની ઈચ્છા રાખનારા અન્તઃકરણવાળા અમને સ્વજનોના હ્રદયના રોગોનો જે નાશ કરે છે તેવા આપનાં સ્વરૂપનું કાંઈક દાન કરો''.

આપનું આ સ્વરૂપ વ્રજના અને વનના રહેવાસીઓના પાપનો નાશ કરનારું છે અને વિશ્વને ઘણુ મંગલરૂપ છે. બધાને તે ગુણ આપનારું છે, જ્યારે ખાસ કરીને અમારા દોષ દૂર કરનારું છે. તેથી તેવા સ્વરૂપનું કાંઈક અમને દાન કરો. કારણ કે અમારું અન્તઃકરણ આપની જ ઈચ્છા રાખનારું છે. અમે ગોપીઓ આપના સ્વજન છીએ તેમના હ્રદયના કામરૂપ રોગોનો આપના સ્વરૂપથી સમ્પૂર્ણ પ્રકારે નાશ થાય છે, તેથી તેનું અમને કાંઈક દાન કરો. આપ ઘણાને ફલ આપનારા છો તો અમારા રોગ મટાડો.

પછી રાજસ-તામસી કુમારિકાએ ખેદ સહિત કહ્યું : ૧૯.''હે પ્રિય! અમે અમારી કઠોર છાતી ઉપર આપનાં જે સુંદર ચરણવિંદને ભય પામીને ધીરેથી પધરાવીએ છીએ તે ચરણોથી આપ જ્યારે વનમાં ફરો છો ત્યારે આપ માટે જીવન નભાવનાર અમારી બુદ્ધિને ભ્રમ થાય છે કે ક્યાંક તે કાંકરાઓ વગેરેથી આપના ચરણો પિડાતા તો નહિ હોય!''

આપનું સુંદર ચરણકમલ ભય પામીને અમે અમારા હ્રદય ઉપર ધીરેથી પધરાવીએ છીએ. કારણ કે તે કઠોર છે. આપ અમારા 'પ્રિય' હોવાથી અમે સ્નેહને લીધે અને હિંમતથી તેને સ્તનો ઉપર પધરાવીએ છીએ. તે સુંદર હોવાથી ઉત્તમ રીતે ઉત્પન્ન થયેલું, શીતલ-સુગંધી કમલ જેમ તાપનો નાશ કરે છે તેમ તે અમારા તાપનો નાશ કરે છે,

તેથી અમે તેને હૃદય ઉપર પધરાવીએ છીએ, આપ અમારો ત્યાગ કરીને તે જ ઘણાં કોમલ ચરણથી અમારા દોષને લીધે હમણા વનમાં ફરો છો. જે પોતે દુઃખી થયા વિના બીજાને દુઃખ આપી શકે તે ભલે દુઃખ આપે, પણ પોતે દુઃખ પામીને તેમ કરવું યોગ્ય નથી. તેથી અમને સંદેહ થાય છે કે તે ચરણને દુઃખ નહિ થતું હોયને? દુઃખ કેમ ન થાય? ખરબચડા કાંકરાઓથી દુઃખ થતુંજ હશે. પણ પોતે દુઃખ પામીને બીજાને કોઈ દુઃખ આપે નહિ તેથી અમારી બુદ્ધિને ભ્રમ થાય છે. બુદ્ધિને માત્ર ભ્રમ જ થાય છે કે આપનાં ચરણકમલને દુઃખ થતું હશે કે નહિ થતું હોય? જો દુઃખ થતું હશે એવો નિશ્ચય થાય તો બુદ્ધિ શાંત જ થાય. (બુદ્ધિ રહે જ નહિ. મૂર્ચ્છા થાય). બુદ્ધિ પાછી ફરી આવે છે, તેથી તેને સંદેહ જ છે. અમારી બુદ્ધિને આમ સંદેહ થયા કરે છે તેનું કારણ એ છે કે અમે આપના માટે, આપની લીલા માટે જ, જીવન નભાવનારી છીએ.

ગોપીઓએ પહેલાં ભગવાનનાં ચરણને દુઃખ થતું હશે એવા ખેદથી મનની પીડા જણાવેલી હવે તેમને મૂર્ચ્છા થાય છે એટલે તેમની છેવટની સ્થિતિ થઈ. એ પ્રમાણે બધીને મૂર્ચ્છા સુધીની સ્થિતિ થઈ. વળી ભગવાનની લીલાનો તેમનામાં પ્રવેશ થાય ત્યારે તેઓ પ્રલાપ કરે અને ભગવાનનું સ્વરૂપ તેમનામાં પધારે ત્યારે ભગવાનનાં ગુણોનું ગાન કરે. એવી રીતે ભગવાનને પ્રાપ્ત કરવા માટે જેટલાં સાધન થઈ શકે તેટલાં ગોપીઓએ કર્યાં અને ભક્તોના ઉપરના પ્રેમની જેટલી પરીક્ષા થઈ શકે તેટલી ભગવાને કરી.

એ પ્રમાણે ગોપીઓએ ભગવાનનું ગાન કર્યું. આ પહેલાં તેમણે ભગવાનને શોધવા સ્થાવર-જંગમ પદાર્થોને પ્રશ્ન કરેલાં તેમનાં ગાન તથા પ્રશ્નો નો એક પ્રકાર ઉપર જણાવ્યો. તેઓએ એવા પ્રશ્ન તથા ગાન જુદા-જુદા ઘણા પ્રકારે કર્યા, છતાં ભગવાન પ્રકટ થયા નહિ. તેમને શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઘણી તીવ્ર ઈચ્છા હતી અને તે માટે તેમણે ગાન તથા પ્રશ્નોનાં સાધનો કર્યાં તે બધા જ્યારે નિષ્ફળ ગયાં ત્યારે તે બધી ભેગી થઈ ઊંચા સ્વરે રડવા લાગી. તેઓ પોતાના દેહનું રક્ષણ કરાવવા રડતી ન હતી, પરંતુ ભગવાનનાં પોતાને દર્શન થાય તે માટે રડતી હતી. તેમ ગોપીઓ રડી ત્યારે માયાનો પડદો દૂર કરી ભગવાન તેમની વચમાં જ પ્રકટ થયા.

**''નહિ સાધનસમ્પત્ત્યા હરિસ્તુષ્યતિ કસ્યચિત્,**
**ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણસાધનમ્''.**

સાધન ગમે તેટલાં કરવામાં આવે તો તેથી ભગવાન કોઈના ઉપર પ્રસન્ન થતાં નથી (તેથી જ્યાં સુધી ગોપીઓએ ભગવાનનાં દર્શન થાય તે માટે સાધનો કર્યાં ત્યાં સુધી ભગવાન પ્રકટ ન થયા). ભક્તોનું ભગવાનને પ્રસન્ન કરવાનું એક જ સાધન છે : દીનતા.

ગોપીઓએ સાધનો પડતાં મૂકી, રડી પોતાની દીનતા દર્શાવી, એટલે ભગવાન તેમની વચમાં જ પ્રકટ થયાં. તે સમયે ગોપીઓના દોષ તદ્દન નાશ પામે તે માટે અથવા ભક્તોનો દોષ નીકળી જાય તો તે ભક્તિમાં આવે છે તેમ દર્શાવવા તેમણે પોતાનું મુખ સ્મયમાન-સહેજ હસતું અથવા સ્મય-ગર્વ અને માનવાળું રાખેલું. પોતાનું હાસ્ય

સંકુચિત-સહેજ રહે તે માટે તેમણે પીતાંબર પહેરેલું અને તેને શ્રીહસ્તથી પકડી રાખેલું. અથવા આટલા સમય સુધી ભગવાન પોતાના વ્યાપિ વૈકુંઠમાં રહેતા સ્વરૂપથી લક્ષ્મી સાથે રમણ કરતા હતા અને હવે તે જ સ્વરૂપથી એ પ્રમાણે પીતાંબર પહેરી શ્રીહસ્તથી તેને પકડી રાખી પ્રકટ થયાં. આ સમય દરમ્યાન બ્રહ્મા અથવા લક્ષ્મી ની પૂજા સ્વીકારેલી હોવાથી પૂજા સમયે તેમણે પહેરાવેલી વનમાલા પણ ભગવાને ધારણ કરેલી હતી. વળી આ પૂજા સ્વીકારવાને લીધે જ ગોપીઓની વચ્ચે પ્રકટ થવામાં આપને વિલંબ થયો હતો...

ભગવાન સર્વનું દુઃખ દૂર કરવા યદુવંશમાં અવતરેલા અને શૂરના પૌત્ર હોવાથી હવે શૌર્ય પ્રકટ કરવું જોઈએ એમ જોઈ એવાં સ્વરૂપથી ગોપીઓની વચ્ચે પ્રકટ થયા. પહેલાં ભગવાન ગોપીઓની અંદર રહેલા તે બહાર પ્રગટ થયા એટલે તેમને પધારેલા જોઈને ગોપીઓના નયનો પ્રીતિને લીધે ખીલી ઉઠયાં. અત્યાર સુધી ગોપીઓ નિર્જીવ હતી તે હવે સજીવ થઈ અને જેમ પ્રાણો આવતાં કર-ચરણ વગેરે અવયવો સચેતન થાય તેમ બધી એક સાથે ઉભી થઈ ગઈ. તેમનાં દેહ, ઈન્દ્રિયો, અન્તઃકરણ, પ્રાણ અને જીવ પાંચે સચેતન થાય છે. જીવનું આવવું બીજાને (ઈશ્વરને) આધીન છે, પણ જીવ આવે ત્યારે બધા અંગો સચેતન થાય છે. જીવ પ્રથમ ભગવાનમાં ગયેલો, ભગવાન પધાર્યા ત્યારે તેમની સાથે આવ્યો અને ભગવાન પ્રકટ થયા ત્યારે તે પણ ઉભો થયો અથવા સચેતન થયો. કારણ કે ભગવાન તેમને સર્વથી વધારે પ્રિય હતા. ભગવાનમાં તેમની પ્રીતિ હોવાથી ભગવાન પધારતાં તેમનાં નયનો, બધી ઈન્દ્રિયો ખીલી ઉઠ્યાં. ભગવાન પ્રાણોના પણ પ્રાણ હોવાથી, તે પધારતાં પ્રાણો પણ સચેતન થયા અને ભગવાનનાં દર્શનની તેમણે પહેલાં ઈચ્છા રાખેલી હોવાથી, તે પધારતાં તેમના દેહ પણ સચેતન થયા.

એ પ્રમાણે બધી ગોપીઓ માટે ભગવાન પ્રકટ થતાં ૧.કોઈ એક ગોપીઓ તેમનાં ચંદન લગાડેલાં કરકમલને આનન્દથી પોતાના હાથની અંજલિમાં ગ્રહણ કર્યું. ભગવાને એક જ શ્રીહસ્ત લાંબો કરેલો, કારણ કે હાસ્યનો સંકોચ કરવા બીજા શ્રીહસ્તથી ભગવાને પીતાંબર પકડી રાખ્યું હતું. ૨.બીજી ગોપીએ પહેલી કરતાં પણ હું વધારે અંતરંગ થઈશ એવા વિચારથી ભગવાનના બાહુને જાણે ભગવાને પોતાનું આલિંગન કર્યું હોય તેમ પોતાના ખભા ઉપર ધારણ કર્યો. ૩.કોઈક કોમલ અંગવાળી ગોપીએ ભગવાનનું ચાવેલું પાન પોતાના બે હાથમાં લીધું. આ પાન તથા પાછળ જણાવ્યા પ્રમાણે શ્રીહસ્તને લગાડેલ ચંદન ભગવાનની પૂજા કરતાં બ્રહ્માએ અથવા લક્ષ્મીએ ભગવાનને ધરેલાં.

૪.બીજી વિરહથી ઘણી દુઃખી થયેલી ગોપીએ ભગવાનનું ચરણકમલ પોતાનાં હૃદય ઉપર પધરાવ્યું. આ ગોપીને ભગવાનનો સાક્ષાત્ સમ્બન્ધ નહિ હોવાથી, અથવા પોતે ઊઠી શકે તેવી સ્થિતિમાં નહિ હોવાથી બેઠાં-બેઠાં જ તેણે ભગવાનનાં ચરણકમલને પોતાનાં હૃદય ઉપર પધરાવ્યું. ૫.બીજી ઘણી દૂર રહેલ તામસ સ્વભાવની ગોપી જે પ્રેમ સાથે ક્રોધ થવાથી વિહ્વલ થઈ હતી, તે ભવાં ચઢાવીને, પોતાના દાંતથી હોઠને દબાવીને, કટાક્ષોથી પ્રહાર કરતી હોય તેમ ભગવાનને જોવા લાગી. તેનું ચિત્ત કુટિલ હોવાથી તેણે

ભવાં ચઢાવેલાં. તેની ઈન્દ્રિયો વિકલ હોવાથી તેને પ્રેમ સાથે ક્રોધ થયેલો. હોઠ દબાવ્યો તેથી તેના દેહમાં ખળભળાટ થયેલો. તેના પ્રાણના બલની સ્ફૂર્તિ થવાથી તે પ્રહાર કરતી હોય તેવી જણાઈ. તેનાં જ્ઞાનના સાધનનો નયનમાં વિકાર થયેલો. જેમ વાણીથી કોઈ ધમકી આપે તેમ આ કટાક્ષથી જ તે કાર્ય કરવા લાગી. ધમકી આપવાનું પૂરેપૂરું થાય અને કાલ વશ થાય તે માટે તેણે ભવાં ચઢાવેલાં. સ્વભાવને વશ કરવા તેણે ક્રોધ કરેલો. લોભનો નાશ કરવા હોઠ દબાવેલો. અને પોતાનો મોક્ષ ન થાય તે માટે કટાક્ષ–નયનોનું વાંકાપણું કરેલ. લૌકિક ભક્તિ પુષ્ટ થાય તે માટે પ્રમાણને બદાવી દેવા તેણે પ્રહાર કરતી હોય તેમ (કટાક્ષ કરેલાં). આ ગોપી લૌકિક પ્રકાર કરનારી હતી.

૬.બીજી ગોપી જેના દોષ ભગવાનનાં દર્શનથી જતા રહેલા, તે આંખ ન મીચતાં નયનોથી તેમનાં મુખકમલનું પાન કરતી હતી. ધ્યાનથી ભગવાનને હૃદયમાં પધરાવવા ઈચ્છતી તેણે નેત્રો દ્વારા ભગવાનને પોતાનાં હૃદયમાં પધરાવ્યા. ભગવાનનાં મુખકમલનાં લાવણ્યામૃતનું તેને પાન કરવું હતું. વચ્ચે આંખ મિંચાય તો રસપાન તૂટક થઈ જાય, તેથી આંખ મિંચાયા વિના તે પાન કરતી હતી. લાવણ્યામૃત વિરલ છૂટું–છવાયું હોવાથી આંખોની તેણે અંજલિ કરેલી, જેથી બધાનું એક સાથે પાન થઈ શકે. તેણે ઈચ્છેલું બધું લાવણ્યમૃત ગુણો સહિત તેને સ્વાધીન થયું, એટલે જ્યારે તે ઈચ્છે ત્યારે હૃદયમાં તેને ભગવાનનાં દર્શન થાય તેમ થયું, છતાં પણ ભગવાનનાં સૌંદર્યને લીધે તે એ પ્રમાણે પાન કરતાં ધરાઈ નહિ. જેમ સંત પુરુષો જેમણે પોતાનું કાર્ય સાધેલું છે તેઓ પણ તેમને કાંઈ ઈષ્ટ પ્રાપ્ત કરવાનું અથવા અનિષ્ટ દૂર કરવાનું ન હોવા છતાં પણ ભગવાનના ચરણમાં કુદરતી રસ હોવાથી તેને સેવતાં ધરાતા નથી, તેમ જ આ ગોપી પણ ભગવાનના લાવણ્યમૃતનું પાન કરતાં ધરાતી ન હતી. આ ગોપી ભક્તિમાર્ગને અનુસરનારી હતી.

૭.વળી યોગને અનુસરનારી કોઈ ગોપી પોતાનાં નયનોનાં છિદ્રથી ભગવાનને હૃદયમાં પધરાવી, નયનો બન્ધ કરી રોમાંચિત થઈ. દૃષ્ટિ જુદી–જુદી ન થાય તેમાટે તેણે એક છિદ્ર દ્વારા ભગવાનને પોતાનાં હૃદયમાં પધરાવ્યા. પછી હૃદયમાં પધારેલા ભગવાન બહાર જતા ન રહે તે માટે નેત્ર બંધ કર્યાં, કારણ કે તેની માન્યતા પ્રમાણે ભગવાન જરાએ બહાર રહ્યા ન ત્તા. અથવા તે એમ માનતી હતી કે ભગવાનનો મારો ભાગ મેં લઈ લીધો. ભગવાન બહાર જતા ન રહે તે માટે નયનો સાથે બધી ઈન્દ્રિયો તેણે બંધ કરી. પછી દેહ આનન્દથી ભરાઈ જતાં તેને રોમાંચ થયો. માત્ર આનન્દથી રોમાંચ થાય તો ગોપીપણું ન રહે તેથી ભગવાનને તે અંદરથી ભેટીને રહી. તેને ભવિષ્યમાં ભગવાન સાથે સંભોગ તથા વાતચીત કરવાનાં છે અને પોતાના ઘેર જવાનું છે. છતાં પણ યોગીની જેમે તે આ ભગવાનને ભેટેલી સ્થિતિમાં જ રહી, કારણ કે યોગી એક જ સ્થિતિમાં રહીને ભવિષ્યનાં બીજા કાર્યો કરે છે, તેમ આ જ સ્થિતિમાં રહીને હું સર્વ કાર્ય કરીશ એવા વિચારથી તે એમ જ રહી. વળી તે આનન્દમાં ડૂબેલી હોવાથી તેને બહારનું ભાન ન રહેવાથી શું કાર્ય કરવાનું છે તેનો ખ્યાલ ન રહે. જ્યાં સુધી આનંદ ભરપૂર હોય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની ઈચ્છા

રહેતી નથી. તે બધી ગોપીઓ કેશવનાં દર્શનના મોટા ઉત્સવથી સુખી થઈ. સર્વથી બલવાન રજોગુણ અને તમોગુણવાળા જે 'ક'=બ્રહ્મા અને 'ઈશ'=શંકર, તેમને પણ 'વ'=આનન્દનું દાન કરનાર જે કેશવ, તેમને આ ગોપીઓનો ઉદ્ધાર કરવામાં શું શ્રમ થવાનો? કેશવનાં દર્શન અથવા અંદર અને બહાર તેમનો પ્રકાશ એ જ, જેમ લૌકિક પુરુષોને મોટું રાજ્ય પ્રાપ્ત થતાં અથવા પુત્ર પ્રાપ્ત થતાં મોટો ઉત્સવ થાય તેવો, ગોપીઓનો મોટો ઉત્સવ હતો અને તે ઉત્સવથી બધીએ સુખી થઈ. વળી તેમને વિરહથી થયેલું દુઃખ પણ જતું રહ્યું. સુખ મળ્યું અને દુઃખ જતું રહ્યું, સંસાર ટળ્યો અને ભગવાનનાં દર્શનથી ઘણુ સુખ થયું, છતાં તેમનો મોક્ષ થયો ન હતો. જેમ સુષુપ્તિ-સ્વપ્ન વિનાની સારી ઉંઘમાં જીવ પોતાની વાસના સહિત ભગવાનમાં પ્રવેશ કરે છે અને દુઃખથી મુક્ત થાય છે, પણ તે જન જન્મમરણના અધિકારી હોઈ પાછા સંસારમાં આવે છે, કારણ કે મોક્ષનો તેમને અધિકાર નથી, તેમ આ ગોપીઓ પણ મોક્ષના અધિકારવાળી નહીં હોવાથી ભગવાનનો સાક્ષાત્કાર થયા પછી પાછી આવશે. ભગવાન તેમનો પોતાની સાથેનો સમ્બન્ધ દર્શાવવા જ તેમની પાસે પ્રકટ થયેલાં, તેમનો પોતામાં પ્રવેશ કરાવવા પ્રકટ થયા ન હતા.

પછી જેમ શક્તિઓ સાથે પુરુષ અધિક શોભે તેમ જેમનો શોક જતો રહેલો છે તેવી ગોપીઓથી વીંટાયેલા ભગવાન અચ્યુત અધિક શોભવા લાગ્યા. ગોપીઓના સમ્બન્ધથી ભગવાનનાં સ્વરૂપમાં જરા પણ ન્યૂનતા થઈ નથી. જો તેમના સમ્બન્ધથી ભગવાનમાં ન્યૂનતા થતી હોય તો-તો ભગવાન અન્તર્ધાન થયા તે, તેવી ન્યૂનતા ન આવે તેવા પોતાના સ્વાર્થ માટે અન્તર્ધાન થયા કહેવાય. લોકને પણ માત્ર ભગવાનના સમ્બન્ધથી આનન્દ થતો નથી. પરંતુ સર્વ શક્તિવાળા ભગવાનનાં દર્શનથીજ આનન્દ થાય છે. ગોપીઓ પણ ભગવાનને સંપૂર્ણ રીતે શરણ આવેલી. વચ્ચે તેમને શોક થયો તે ભગવાનનાં દર્શનથી જતો રહ્યો, એટલે તેઓ પણ પહેલાં હતી તેવી જ ઉત્તમ પ્રકારની પૂર્ણકામ થઈ. ભગવાન પણ છ ગુણોવાળા અને પૂર્ણકામ અચ્યુત છે. ભગવાનનો કામ પણ જો હદવાળો હોય તો ગોપીઓમાં અને તેમનામાં ભેદ હોવાથી અધિક શોભા ન થાય. બંને પૂર્ણકામ હોવાથી ભગવાન સ્વભાવિક રીતે, પોતે એકલા શક્તિઓ તિરોહિત રાખેલા હોય ત્યારે શોભે તે કરતાં ગોપીઓથી અધિક, શોભવા લાગ્યા. જેમ પ્રાકૃત પુરુષ પણ તેની શક્તિઓનો લય થયો હોય ત્યારે લોકની દૃષ્ટિમાં શોભતો નથી, પણ જો તે પોતાની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ પ્રકટ કરે તો અધિક શોભે છે તેમ એકલા પણ શોભતા હોવા છતાં આ ભગવાને જ્યારે પોતાની ગોપીરૂપ શક્તિઓ પ્રકટ કરી ત્યારે ભાવવાળા ભગવદીઓના અન્તકરણમાં તે વધારે શોભવા લાગ્યા. આ ભગવાન આનન્દ આપનારા હોવાથી ગોપીઓને આનન્દ આપવા તેમને સાથે લઈ કાલિન્દીના કિનારે પધાર્યા. 'કલિં' કલિનો 'દ્યતિ' નાશ કરે તે કલિન્દ. કાલિન્દી તેની કન્યા હોવાથી તેના તીરપર ગોપીઓને ભગવાન સાથે અથવા પરસ્પર કલહ થાય તેમ ન હોવાથી ભગવાન ત્યાં પધાર્યા.

કાલિન્દીના કિનારાની ચોતરફ કુંદ અને મંદાર નાં પુષ્પો ખીલતાં હતાં. તેમની સુગંધવાળો પવન વાતો હતો. ભ્રમરો પુષ્પોના ઘણા મકરંદથી મત્ત થઈ ગાન જેવો ગુંજારવ કરતા હતા. વાયુ સુંગંધવાળો મંદ અને શીતલ હતો. વાયુ સુંગંધી થાય તે માટે જ પુષ્પો ખીલતાં હતાં. કુંદની ગંધ શાંત છે અને મંદારની ગંધ પુષ્ટ હોય છે. તેથી તેઓ છૂપી રીતે અને પ્રકટ રીતે કામને જાગ્રત કરતાં હતાં. એ પ્રમાણે કિનારાની સર્વ બાજુએ જલ, સુગંધ, પુષ્પો, વાયુ અને ભ્રમરો ના નાદ હતા. શરદ્ ઋતુના ચંદ્રના કિરણોએ ત્યાં રાત્રીના અંધકારનો નાશ કર્યો હતો. વળી તે કિનારો કલ્યાણરૂપ હતો, એટલે ત્યાં ભૂત વગેરે ન હતાં. તે રાસલીલા સારી રીતે થઈ શકે તેવો હતો, કારણ કે ત્યાં આસપાસ ઉપર અથવા નીચે કાંઈ હલકા પદાર્થ ન હતા. વળી કૃષ્ણા (યમુનાજી)એ પોતાના હસ્તરૂપ તરંગોથી કોમલ રેતી ત્યાં સરખી પાથરી દીધી હતી, એટલે કિનારાને શીતલ અને સપાટ કર્યો હતો. તે કૃષ્ણ ભગવાનના જેવા નામવાળી હોવાથી ભગવાન ત્યાં રમણ કરે તે માટે તેણે કિનારાની ભૂમિ એવી રીતે શણગારી હતી. એવા સુંદર કિનારા ઉપર જઈ ભગવાન ઊભા ત્યારે તેમનો શોક જતો રહેલ, પરંતુ તેમને ભગવાનનો સમ્બન્ધ થયેલ નહીં હોવાથી તાપ કરનાર કામ રહેલો જ. પછી હમણા જ્યારે ભગવાન રમણની સર્વ સામગ્રીવાળા યમુનાના કિનારા ઉપર પધાર્યા, ત્યારે રમણ કરવાની તૈયારી વાળા ભગવાનનાં દર્શન થતાં, હવે ભગવાન રમણ કરશે જ એવો નિશ્ચય થવાથી તેમને આનન્દ થતાં, તે આનન્દથી તેમના હૃદયના બધા રોગ જતા રહ્યાં અને દોષ જતાં જેમ શ્રુતિઓને પોતાના મનોરથ કરતાં અધિક ફલ પ્રાપ્ત થયેલ તેમ ગોપીઓને પણ પોતાના મનોરથ કરતાં અધિક ફલ પાપ્ત થયું. શ્રુતિઓ સદા ભગવાનના ગુણોનું વર્ણન કર્યા કરતી. તેમ કરવાથી વાણીનું પહેલાનું રૂપ જે મન, તે પણ જેને પહોંચતુ નથી, તેવું ભગવાનનું સ્વરૂપ તેમને પ્રાપ્ત થયું.

''મનની સાથે વાણી જેને પ્રાપ્ત કર્યા વિના પાછી ફરે છે'' તેવો ભગવાનનો આનન્દ મનોરથથી પણ અધિક છે. ''સર્વ વેદો જેના પદને જણાવે છે'' વગેરે વાક્ય પ્રમાણે બ્રહ્મના સમ્બન્ધમાં વેદ પ્રમાણ છે અને સર્વ તેમ માને છે. વેદના શબ્દો અલૌકિક છે. વેદનો અર્થ પણ અલૌકિક છે. લોકમાં તે જાણવાની સામગ્રી નથી, છતાં વેદો સદા ભગવાનનાં કાર્યનું નિરૂપણ કરતા હોવાથી તેમના શ્રવણથી લોકોનાં અન્તઃકરણ શુદ્ધ થાય છે અને તેઓ પોતે જ આ અલૌકિક વિષય જાણવાની પોતામાં શક્તિ હોવાનું માને છે. વળી શ્રુતિ ભગવાનની ઈચ્છાથી બ્રહ્મસમ્બન્ધી જ્ઞાન કરાવે છે અને તેવું જ્ઞાન કરાવવા માટે તેને લૌકિક સાધન અથવા તર્કની જરૂર પડતી નથી. જેમ શ્રુતિને આ પ્રમાણે પોતાના મનોરથથી અધિક ફલ પ્રાપ્ત થયું, તેમ ગોપીઓને પણ રમણ કરવાની તૈયારીવાળા ભગવાનનાં દર્શનથી પોતાના મનોરથથી પણ અધિક ફલ પ્રાપ્ત થયું. હર કોઈ પ્રકારે ભગવાન સાથે સમ્બન્ધ થાય એવો તેમનો મનોરથ હતો ત્યારે મનોરથ કરતાં અનન્ત ગણી સામગ્રી સાથે ભગવાનનો તેમને સમ્બન્ધ થયો.

એ પ્રમાણે પરમ પુરુષાર્થનું દાન કરનાર ભગવાન જો બીજા કોઈ આસન ઉપર

વિરાજે તો, તે આસનનો તેમને સમ્બન્ધ થવાથી, પોતાનું કૃતાર્થપણું થાય નહીં એમ વિચારી, ભગવાનની પૂજા થાય અને તેમને પોતાનું આત્મનિવેદન થાય તે માટે, ગોપીઓએ ભગવાન માટે આસન બનાવ્યું. બધી ગોપીઓએ પોતાનાં વસ્ત્રો ભગવાનનાં આસનમાટે આપ્યાં. તે આસન ઉપર ભગવાન બિરાજ્યા. ગોપીઓએ તે આસન ઉપર બિરાજવા પ્રાર્થના કરી અને પોતે ઈશ્વર સર્વ કરવા શક્તિવાળા હોવાથી જલક્રીડા કરતાં ભીંજાય નહિ તેવાં દિવ્ય વસ્ત્રો તેમને પ્રાપ્ત કરાવી, પોતે તે આસન ઉપર બિરાજ્યા. યોગેશ્વરોનાં હૃદય શુદ્ધ હોય છે, તેમના પણ અંદરના હૃદયમાં ભગવાનનું આસન કલ્પેલું જ હોય છે, બનાવેલું હોતું નથી, તે કલ્પેલા આસન ઉપર પણ ભગવાનની માનસિક (મનથી ચિંતન કરેલી) મૂર્તિ હોય છે, પણ ભગવાન કોઈ સમયે પોતે ત્યાં બિરાજતા નથી. એટલે તેમનું મુખ આસન તો ગોપીઓએ વસ્ત્રોનું બનાવેલું તે જ છે. આ આસન ઉપર ભગવાન ઘણું શોભ્યા અને ગોપીઓની સભામાં બિરાજ્યા. ભગવાન સભાપતિ થયા અને આસપાસ ગોપીઓ બેઠી. ગોપીઓએ તેમની પૂજા કરી એટલે ત્રણે લોકમાં ઈન્દ્રનું સ્થાન વગેરે જેટલાં લક્ષ્મીરૂપ છે તે બધાંનો જેમાં સમાવેશ થાય અને જુદા-જુદા લક્ષ્મીનો ભોગ કરનારાઓ માત્ર જેનો અંશ છે તેવો દેહ ભગવાને ધારણ કર્યો; એટલે જુદા-જુદા દેશોમાં જુદા-જુદા સમયે જેટલા ઉત્તમ પદાર્થોની જરૂર પડે તે બધા પદાર્થો ભગવાને એવો દેહ ધારણ કરી પ્રકટ કર્યા. હાસ્ય સાથે લીલાવાળી દૃષ્ટિથી વિલાસ કરતી ભ્રમરથી અનંગનું દીપન કરનાર ભગવાનની ગોપીઓએ પછી સ્તુતિ કરી.

અનંગનું દીપન કરનારા ભગવાન પાસે પાંચ સાધનો હતાંઃ [૧]હાસ્ય [૨]લીલા [૩]દૃષ્ટિ [૪]વિલાસો [૫]ભ્રમર. આ પાંચ સાધનથી અનંગનું દીપન અડચણ વિના થાય જ. ૧.હાસ્ય એટલે માયા, સ્વરૂપને ભુલાવે. ૨.લીલા પોતાની અંદર આસક્તિ કરાવે. ૩.દૃષ્ટિ જ્ઞાન ઉત્પન્ન કરે. દૃષ્ટિ જ્ઞાન ઉત્પન્ન ન કરે તો બીજાનાં જ્ઞાનથી ભગવાનમાંથી તેમની આસક્તિનો નાશ થાય. ૪.વિલાસો અનંગનું પોષણ કરે ૫.ભ્રમર યમરૂપ હોઈ વશ રાખનાર કાલ છે, એટલે જેટલી કૃપા છે તે બધીનું દાન કરનાર ત્યાં (ભ્રમરમાં)જ છે. આ સાધનોથી ભગવાન અનંગનું સદા દીપન કરે છે એટલે અંગ ન રહે તેમ કરે છે. કારણ કે એકવાર ભોગ કરવાથી કાર્ય સરતું નથી, પણ તેનાથી ભવિષ્યમાં વધારે ખેદ જ થાય છે. જો તે ખેદ ગોપીઓના દોષથી થતો હોય તો તેમણે તે દોષ દૂર કરવો જોઈએ. ભગવાનના કોઈ ગુણથી તે થયો હોય તો વાણીથી તકરાર કરાવીને અથવા પ્રાર્થના કરીને (દોષ દૂર કરાવી) ફલનો અનુભવ કરવો જોઈએ. તેથી પોતાનાં અન્તઃકરણનો દોષ દૂર કરાવવા, પોતાની કૃતઘ્નતા ભગવાનમાં હોવાની પહેલાં જે તેમણે કલ્પના કરેલી તે દોષનો નાશ થાય તે માટે, ભગવાનને પ્રશ્ન કરવાનો તેમણે ઉદ્યમ કર્યો. પ્રશ્ન કરવા ભગવાનની પાસે આવી, તેમનું ચરણાવિંદ પોતાના ખોળામાં લઈ, પોતાનાં બે હાથથી તેનો સારી રીતે સ્પર્શ કરી તેનું લાલન કર્યું અને ભગવાન પોતાના વચન ઉપર ધ્યાન આપે તે માટે તેમની સ્તુતિ કરી. તે પછી સંપૂર્ણ પ્રકારે શરણે આવેલા (અમ જેવા)નો પણ ભગવાન ત્યાગ કરે છે એવા

વિચારથી ભગવાનમાં દોષ જોવાથી સહેજ કોપ કર્યો અને સાધનોથી દોષ દૂર કરેલો હોય છતાં પણ જ્યાં સુધી ભગવાન તેને દૂર ન કરે ત્યાં સુધી તે દૂર થતો નહિ હોવાથી ભગવાન સાથે વિવાદ કરતી હોય એમ તેમણે ભગવાનને પ્રશ્ન કર્યો કે ૧.''કેટલાક પોતાનું ભજન કરનારને તેમણે કરેલ ભજન પ્રમાણે ભજે છે. ૨.કેટલાક પોતાનું ભજન ન કરનારને પણ ભજે છે અને ૩.બીજાઓ ભજન કરનારને તેમજ ભજન ન કરનારને પણ ભજતા નથી. આ બધાનું (સ્વરૂપ અને ફલ) અમને સારી રીતે કહો''.

૧.કેટલાક પોતાને જે પ્રકારે બીજાઓ ભજે છે, તે જ પ્રકારે તેમને ભજે છે તેઓ કૃતઘ્ન છે, ધૂતારા છે, કે ભલા છે? કોઈએ એકના પગ ધોયા, તે પણ તેનાં પગ ધૂએ તો શું થાય? જો પહેલાં એ ફલ પ્રાપ્ત કરવા પગ ધોયા હોય તો બીજાએ તેને ફલ આપવું જોઈએ. જો બીજા પણ તેજ કાર્ય કરે એવા હેતુથી પહેલાએ તેના પગ ધોયા હોય તો બીજાએ પણ તેમજ કરવું જોઈએ. પણ જો પહેલાએ કાંઈ પણ (પ્રત્યુપકારની) ઈચ્છા વિના પગ ધોયા હોય, તો બીજાએ શું કરવું એ વિષયમાં સંદેહ જ રહે છે.

૨.કેટલાક પોતાનું ભજન નહીં કરનારને પણ ભજે છે. તેમ કરવામાં કોઈ વાર દોષ થાય છે. જેમકે કામના વિનાના પુરુષનું કામિની ભજન કરે તો તેને દોષ થાય છે; પણ કોઈ વાર જો સામા પુરુષને તેની જરૂર હોય તો તેમ કરવાથી ઉપકાર થાય છે. કોઈ વાર તેમ કરવાથી સ્નેહ થાય છે અને કોઈ વાર ધર્મ થાય છે. આ બધાનું એક નિશ્ચય ફલ શું તે કહો, અને જે પહેલો પુરુષ ભજન કરતો નથી તેને શું ફલ થાય તે પણ કહો.

૩.વળી જેઓ પોતાનું ભજન કરનારને તેમજ ભજન નહિ કરનારને પણ ભજતા નથી, તે બંને પ્રકારનાને શું ફલ પ્રાપ્ત થાય છે તે કહો. ભજન કરનારે જે સાધન કર્યું તેનો શું ઉપયોગ? આ બધું અમને સારી રીતે કહો.

**''સન્તુષ્ટઃ સર્વદુઃખાનિ નાશયત્યેવ સર્વતઃ,**
**અતો નિર્ણયવાક્યાનિ ભજનાર્થં ન્યરૂપયત્''.**

ભગવાન જ્યારે પ્રસન્ન થાય ત્યારે સર્વ તરફથી બધાં દુઃખોનો નાશ કરે છે જ. તેથી (ગોપીઓ) ભજન કર્યા કરે તે માટે તેમણે આ પ્રશ્નોના નિર્ણય જણાવનારાં વચનો કહ્યાં. ગોપીઓના આ પ્રશ્નોના ભગવાને ઉત્તર આપ્યો કેઃ

૧.જેઓ પરસ્પર ભજન કરે છે તેઓ માત્ર સ્વાર્થમાટે ઉદ્યમ કરનારા છે. તેમાં સ્નેહ અથવા ધર્મ હોતો નથી. તે (ભજન) સ્વાર્થમાટે હોય છે બીજા પ્રયોજનમાટે હોતું નથી. પરસ્પર ભજનના ઉદ્યમનું ફલ માત્ર સ્વાર્થ જ છે. તેઓ સામો ઉપકાર થવાનો છે એમ જાણીને જ ઓછા-વધારે પ્રમાણમાં એક-બીજાનું ભજન કરે છે, તેથી તેઓમાં એક-બીજાને ઠગવાનું પણ સંભવતું નથી. તેથી તેમનું ફલ લૌકિક સ્વાર્થ જ છે. પરસ્પર ભજન કરનારા બન્ને બ્રાહ્મણો હોય તો પણ એવાં ભજનથી સ્નેહ અથવા ધર્મ થતા નથી. સામે બદલામાં મારું ભજન કરતો નથી એમ જાણતાં જ પહેલો ક્રોધ કરે છે, તેથી તેમાં સ્નેહ હોતો નથી. તેમાં ધર્મ પણ નથી, કારણ કે ''(બ્રાહ્મણો) સાથે ભોજન કરે તે

પિશાચભિક્ષા છે. તે પિતૃઓને અથવા દેવોને પહોંચતી નથી પણ મરેલા વાછડાંવાળી બીજા ઘરમાં બાંધેલી ગાયની જેમે પુણ્યનો ક્ષય થતાં આ લોકમાં ફર્યા કરે છે.'' શિષ્ય ગુરુની સેવા કરે તેમાં પણ શિષ્યને વૃત્તિ પ્રાપ્ત કરવા વગેરે અને ગુરુને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા વગેરે પ્રયોજન હોય તો તેથી કોઈને ધર્મ થતો નથી. જો શાસ્ત્રની આજ્ઞા હોવાથી જ શિષ્ય ગુરુની સેવા કરે તો તેમાં પરસ્પર ભજન થતું નથી. અને શિષ્યને વિદ્યા મળે છે તે તેની સેવાના ફલરૂપ છે. પરસ્પર ભજન કરનારા વાણીયાં જેવા સ્વાર્થમાટે જ પ્રવૃત્તિ કરનારા છે. ધર્મ વગેરે પણ સ્વાર્થ જ છે, છતાં પરસ્પર ભજનથી તે પ્રાપ્ત થતા નથી તેમ જ સામો ભજન કરે એવી ઈચ્છા રાખી ભજન કરવાથી સ્નેહ પણ થતો નથી. ધર્મ અથવા સ્નેહ માટે આવું ભજન થતું હોવાનું દેખાય, પણ તે સ્વાર્થમાટે જ કરવામાં આવે છે. સેવા કરે તેનો બદલો આપવામાં આવે તેમાં પણ સ્વાર્થ જ હોય છે. આવા ભજનથી બીજું કોઈ પ્રયોજન થતું નથી, પરોપકાર પણ થતો નથી, કારણ કે સામાના હૃદયમાં પહેલાએ કરેલ ભજનનો બદલો વાળવાની ચિંતા થાય છે. તેથી આવા ભજનનું ફલ લૌકિક સ્વાર્થ જ છે. ધર્મ તેમાં કહેવા માત્રનો હોય છે, વાસ્તવિક રીતે ધર્મ નથી.

૨.દયાળુ પુરુષો અને મા-બાપ જેમ પોતાનો ઉપકાર ન કરનારનો પણ ઉપકાર કરતા હોય છે, તેમને નિંદારહિત ધર્મ અને સ્નેહ પ્રાપ્ત થાય છે. ભજન ન કરનાર અને શાંત બેસી રહેનારા નું જે ભજન કરે છે તેમને ભજન કરવાનાં કલૌકિક સ્નેહ અને ખશાસ્ત્રીની આજ્ઞા એવાં બે કારણો હોય છે. અને તેમને અનુક્રમે સ્નેહ અને ધર્મ એવાં ફલ પ્રાપ્ત થાય છે. ૧.પહેલા પ્રકારમાં, એટલે સ્નેહથી ભજન કરવામાં આવે તેમાં જ્યારે પ્રસંગ આવે ત્યારે જેનું ભજન કરેલું હોય તેણે સામો ઉપકાર કરવો જોઈએ અને જો ન કરે તો તે કૃતઘ્ન ગણાય. ૨.ધર્મમાટે ભજન કરવામાં આવેલ હોય તો જેનું ભજન કરેલ હોય તેણે પ્રાયશ્ચિત કરવું જોઈએ, કારણ કે તેનો જ ધર્મ ભજનદ્વારા ભજન કરનારમાં જાય છે. આવા ધર્મમાટે કરેલ ભજનમાં જ્યારે કર્મ મુખ્ય હોય, એટલે કર્મ કરવું જ જોઈએ એવી બુદ્ધિથી કર્મ કરેલ હોય અથવા દેવતા મુખ્ય હોય એટલે દેવતાની પૂજા જ ધર્મમાટે કરેલ હોય, તેવા પ્રસંગનો અહીં સમાવેશ કરેલ નથી. એટલે તેવા પ્રસંગમાં પ્રાયશ્ચિત્ત કરવાનાં નથી, કારણ કે સામો પક્ષ (જેનું ભજન કરેલ તે) ભજન કરે તેની આશા હોતી જ નથી. ગાયને કાદવમાંથી કાઢવામાં આવે તેવા પ્રસંગો, જેમા બે પક્ષોમાં સમાનતા નથી, તેમનો પણ સમાવેશ કરેલ નથી, પણ જ્યાં ભજન કરનારના ઉપર સામો ઉપકાર કરવાનું સંભવતું હોય તેવા પ્રસંગે પહેલો પુરુષ ભજન કરે અને બીજો તેનું ભજન કરે ત્યારે તેને નિંદારહિત ધર્મ અને સ્નેહ ફલ પ્રાપ્ત થાય છે. એવું ભજન કરનારમાં જ્યાં ધર્મ પ્રાપ્ત થતો હોય ત્યાં કરુણાને લીધે અને સ્નેહ પ્રાપ્ત થતો હોય ત્યાં દેહનાં સમ્બન્ધને લીધે પ્રવૃત્તિ થતી હોય છે. કોઈ વાર ક્રૂર સંસારીઓ પણ નિરાધાર પુરુષોનું ભજન(ઉપકાર) કરે છે અને દયાળુ જેવા થાય છે. દેહનો સમ્બન્ધ તો પૂર્વજન્મનો પણ હોય છે. ભજન કરનાર ભજન ન કરનાર ઉપર ઉપકાર કરે તેથી ભજન ન કરનારની નિંદા થાય છે. તેવી નિંદા ન થાય ત્યારે ભજન

કરનારને નિંદારહિત ધર્મ પ્રાપ્ત થાય છે. એટલે જ્યાં ભજન કરનાર ઉપર જેનું તે ભજન કરે છે તે સામો ઉપકાર કરે તેવો સંભવ પણ ન હોય, ત્યાં ભજન કરનારને નિંદારહિત ધર્મ પ્રાપ્ત થાય છે. તેથી જ કેટલાક ભજન કરનારાઓ તેમના ઉપર સામો ઉપકાર કરવામાં આવે તો પણ તે સ્વીકારતા નથી. સ્નેહ થતો હોય ત્યાં પણ ધર્મ થાય છે.

(૩)કેટલાક ધર્મમાટે ભજન કરનારા સામો પોતાનું ભજન (=પ્રત્યુપકાર) કરે તેવી આશા રાખતા જ નથી. કેટલાક સામો પોતાનું ભજન કરે તે માટે તેનું ભજન કરે છે અને કેટલાક સ્નેહને લીધે બીજાનું ભજન કરે છે. આવા બને પ્રકારના ભજન કરનારાઓને કેટલાક ભજતા નથી. તેમજ કેટલાક દીન અજ્ઞાનીઓ અને કેટલાક ધર્મ પ્રાપ્ત કરાવે તેવા, ભજન ન કરનારા હોય તેમનું પણ ભજન કરતા નથી. એ પ્રમાણે કેટલાક ભજન કરનારાઓને પણ ભજતા નથી. તો પછી ભજન ન કરનારાઓને તો કેમ જ ભજે? આવા લોકો ૧.આત્મારામ ૨.આપ્તકામ ૩.અકૃતજ્ઞ અથવા ૪.ગુરુદ્રોહી –આમ ચાર પ્રકારના હોય છે. તેમાં બે સારા છે અને બે અધમ છે. જેઓ લૌકિક નિમિત્તથી ભજન કરનારાઓનું ભજન કરતા નથી તેઓ ઉત્તમ છે. જેવા કે ૧.આત્મારામ. તેઓ આત્મામાં જ રમણ કરનારા હોઈ, દેહ વગેરે જેનું બીજાઓ ભજન કરે છે તેની આમને જરૂર જ નથી. તેથી જેઓ બીજાનાં ભજન કરે છે તેમની આમને જરૂર જ નથી. તેથી બીજાના ભજનને આવા હોય તે ભજન ગણતા જ નથી. પોતાના દેહ વગેરેનું પણ બીજા પોતાનું ભજન કરે તેના સાધન તરીકે ગણતા નથી. ૨.આપ્તકામ; જેમણે કામ-ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરેલા છે. જેણે ભોજન કરેલું હોય તેને 'તમે ભોજન કરો' એમ કોઈ કહે તો તે ભોજન કરતો નથી અને તેથી કહેનારનું વચન નકામું થાય છે. વળી કોઈ તેને કહે 'તમે ભોજન કરો' તો તે માત્ર જે સ્થિતિ થયેલી તે જ કહે છે. તેનું વચન પણ નકામું થાય છે.

જે દયા કરવાની શક્તિવાળા છે, ધર્મમાટે ભજન કરતા હોય તેમને ધર્મ પ્રાપ્ત કરાવવાની શક્તિવાળા છે, તેમનું જો ભજન કરતા નથી તો તે અધમ છે. આવા ૩.અકૃતજ્ઞ છે. બીજાઓએ કરેલ ઉપકાર જાણતા નથી. તેઓ સામા ઉપર ઉપકાર કરવાની શક્તિવાળા હોવા છતાં પોતાનું ભજન કરનારને તેમજ પોતાનું ભજન ન કરનારને ભજતા નથી. ભજન ન કરવાનું કારણ તેમનું અજ્ઞાન જ છે. ૪.જો બીજાઓએ પોતાના ઉપર કરેલો ઉપકાર તેઓ જાણતા હોવા છતાં તેમનું ભજન ન કરે તો તેઓ ગુરુદ્રોહી છે. જે કોઈ પોતાને પુરુષાર્થની પ્રાપ્તિ કરાવે છે તે ગુરુ છે અને તેથી પૂજા કરવા યોગ્ય છે. તેના ઉપર સંકટ આવે અને પોતે તે સંકટ દૂર કરવાની શક્તિવાળો હોવા છતાં તેની દરકાર ન કરે તો તેણે તેનો દ્રોહ કરેલ હોવાથી તે ગુરુનો દ્રોહ કરનાર થાય છે. એ રીતે *ત્રણે પક્ષના ભજન કરનાર અને ભજન ન કરનારના ગુણ અને દોષનો નિર્ણય ભગવાને કહ્યો.

(*વાસ્તવિક રીતે ચાર પક્ષ થાય છે પણ ત્રીજામાં ૧.ભજન કરનારને નહિ ભજનારા અને ૨.ભજન ન કરનારને નહિ ભજનારા એવા બે પક્ષોનો સમાવેશ કરેલ હોવાથી ત્રણ ગણાવેલા છે.)

ગોપીઓ ભગવાનનું ભજન કરતી હતી, છતાં ભગવાન અંતર્ધાન થયા અને ગોપીઓનું ભજન તેમણે કર્યું નહિ તેથી ભગવાનનો ત્રીજા પક્ષમાં સમાવેશ થાય. તે પક્ષના ચાર પ્રકાર પૈકી ભગવાન આત્મારામ નથી, કારણ કે પહેલાં તેમણે ગોપીઓ સાથે રમણ કરેલું. તેજ કારણથી તે આપ્તકામ પણ નથી. વળી એક વાર રમણ કરવાથી તૃપ્તિ થતાં ગોપીઓનો ત્યાગ કરવો પણ યોગ્ય ન હતો. જો આ સ્થિતિ હોય તો ભગવાન ગોપીઓની દૃષ્ટિએ 'અકૃતજ્ઞ' સાબિત થાય. આવું ન થાય એટલે કે ભગવાન અકૃતજ્ઞ નથી એમ જણાવવા ભગવાને કહ્યું કે ''જેમ નિર્ધન માણસ ધન પ્રાપ્ત કરીને ગુમાવે ત્યારે તે ધનની ચિંતામાં ડૂબેલો રહી બીજું કાંઈ જાણતો નથી, તેમ મારું ભજન કરનાર પ્રાણીઓને મારું સ્મરણ ચાલુ રહે તે માટે હું તેમનું ભજન કરતો નથી. હું ભગવાન છું, જીવ નથી. તેથી આત્મારામ વગેરે ચાર પ્રકારો કહ્યા તે મને લાગુ પડતા નથી. હું રામ-રમણ કરનાર જ છું, આત્મારામ નથી, કારણ કે મારા આત્મા સિવાય કોઈ પદાર્થ છે જ નહીં, એટલે મારા આત્માથી જૂદું પાડી શકાય તેવું કાંઈ છે જ નહીં. મારે કામ જ નથી, તેથી હું આપ્તકામ, જેણે કામ ઈચ્છેલો પદાર્થ મેળવ્યા છે તેવો, પણ હું નથી. મારી વ્યવસ્થા જીવના જેવી નથી, પણ જુદી જ છે. મને ભજનારાં પ્રાણીઓને પણ હું ભજતો નથી, તેનું કારણ જુદું જ છે. મારે કોઈની જરૂર નથી અને હું ફલરૂપ હોવાથી બધાને મારી જરૂર છે. આમ હોવાથી તેઓને મારું ભજન જ ઈષ્ટ છે, અથવા ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરાવનારું છે. તેમાં પણ જો હું સાધન તરીકે પ્રવેશ કરું તો ભજનનો જ નાશ કરું, કારણ કે પછી ભજન કરવામાં અડચણ થાય (ફલ પ્રાપ્ત થયા પછી સાધન કોણ કરે?) અને પહેલાનું ભજન નકામું થઈ જાય છે.

મારો ચાર પ્રકારે ઉપયોગ થાય : ૧.ભક્તની કામનાઓ પૂર્ણ કરનાર તરીકે ભોગ્ય થાઊં ૨.સ્વતન્ત્રતાથી ભોગ્ય થાઊં ૩.ભક્તે ભક્તિથી આપેલ પદાર્થ સ્વીકારી તેનો ભોક્તા થાઊં અથવા ૪.વિષય તરીકે (પદાર્થનો) ભોગ કરી ભોક્તા થાઊં.

૧.પહેલા પ્રકારે મારો ઉપયોગ કરવામાં આવે તો હું થોડું ફલ આપનાર થવાથી ભજનનો નાશ થાય. એ ફલ સ્વરૂપથી મોટું હોવા છતાં (કામનાઓ પૂર્ણ થાય ત્યાં સુધી હોઈ) કાલની હદવાળું હોવાથી થોડું જ છે. ૨.મારું અતિશય ભજન થાય ત્યારે હું સ્વતન્ત્રતાથી-મારી પોતાની ઈચ્છાથી ભોગ્ય થાઊં છું; પણ તમે આવું અતિશય ભજન કરેલું નહિ હોવાથી તમે તેવું ભજન કરો તે માટે તમારું ભજન મેં કર્યું નહિ (અને હું અંતર્ધાન થયો). ૩.મારે કોઈ પદાર્થની જરૂર નહીં હોવાથી હું વિષય તરીકે કોઈનો ભોગ કરતો નથી. ૪.ભક્તિ પ્રાપ્ત કરાવવા ભોગ કરું અને ભકિત તમને પ્રાપ્ત થાય તે માટે તો તમારું મેં ભજન ન કર્યું અને હું અંતર્ધાન થયો. જેમ પહેલાં નિર્ધન હોય તેને પછી ધન મળે અને પછી તે તેને ગુમાવે ત્યારે તે ધનથી ચિંતામાં ડૂબેલો રહેવાથી બીજું કાંઈ જાણતો નથી, તેમ પહેલાં હું તમને પ્રાપ્ત થયો ન હતો, પછી પ્રાપ્ત થયો અને પછી અંતર્ધાન થયો એટલે મારામાંજ પરોવેલ ચિત્તવાળી તમે હવે પછી પ્રપંચનું સ્મરણ પણ નહીં કરો. અને

મારામાંજ તમારું ચિત્ત રખાવવાનું પ્રયોજન એ છે કે તમને મારું અતિશય ભજન થતાં હું સ્વતન્ત્રતાથી મારી પોતાની ઈચ્છાથી તમારો ભોગ્ય થાઉં.

વળી હું અંતર્ધાન થયો એટલે તમે માની લીધું કે મેં તમારો ત્યાગ કર્યો. અને તેથી તમે કહ્યું કે રાત્રે વનમાં સ્ત્રીઓનો કોણ ત્યાગ કરે? આ પ્રસંગે મારે બે કાર્ય કરવાનાં હતાં ૧.તમે મારું ભજન ચાલુ રાખો તે માટે તમને મારે ન ભજવા અને ૨.રાત્રે તમારું રક્ષણ કરવા તમારું ભજન કરવું. હું પરોક્ષ રીતે (દર્શન થાય તેમ) તમારું ભજન કરું તો આ બંને કાર્ય થાય, તેથી પરોક્ષ રીતે તમારું ભજન કરતાં હું અંતર્ધાન થયો, કારણ કે મારા માટે જ તમે લોક-વેદ અને સમ્બન્ધીઓ નો ત્યાગ કર્યો હતો. તમે વિના પ્રયોજન તેમનો ત્યાગ કર્યો ન હતો. તેવી રીતે ત્યાગ કર્યો હોય તો તેથી દુઃખ થાય, તેમજ મોક્ષમાટે પણ તેમનો ત્યાગ કર્યો ન હતો. જો મોક્ષમાટે ત્યાગ કર્યો હોત તો મારે માથે કાંઈ ભાર ન રહેત; પણ મારા માટે જ-મને પ્રાપ્ત કરવા જ ત્યાગ કરેલ હોવાથી, મારે માથે તમારું રક્ષણ કરવાનો ભાર રહ્યો. ૧.લોક તજવો કઠણ છે. ૨.વૈદિક આર્યમાર્ગ પણ તજવો કઠણ છે, કારણ કે લોકમાં મેં જ એવું જ્ઞાન ઉત્પન્ન કર્યું છે કે કોઈ તેનો ત્યાગ ન કરે. ૩.પતિ-પુત્ર વગેરે સમ્બન્ધીઓ પણ તજવા કઠણ છે. તમે આ ત્રણેનો મને પ્રાપ્ત કરીને ત્યાગ કર્યો નથી પણ મને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી જ ત્યાગ કર્યો છે. આમ સર્વધર્મોનો ત્યાગ કરીને જે મારે શરણ આવે છે તેના ઉપર મારો પ્રેમ થાય છે અને હું તેની સ્પૃહા કરું છું. તેથી તમે આ ત્રણેનો મારા માટે ત્યાગ કરેલ હોવાથી મેં તમારું ભજન-રક્ષણ કર્યું, કારણ કે અનન્ય સેવકોનું રક્ષણ કરવું જ જોઈએ. મારુ ભજન તમે ચાલુ રાખો તે માટે મેં તમારું ભજન કર્યું અને તમે અબલાઓ હોવાથી સત્પુરુષોની જેમે પ્રત્યક્ષ તમારું ભજન થાય નહીં, તેથી પરોક્ષ રહીને મેં તમારો ભોગ કર્યો તેથી તમને મારાં દર્શન ન થયાં. તેથી મેં તમારું ભજન કર્યું નથી એ ખોટું છે, મેં તમારું ભજન ન કર્યું હોય તો તમને મારા ઉપર ઈર્ષ્યા થાય, પણ મેં તમારું ભજન કરેલું હોવાથી મારા ઉપર દોષ મૂકી મારી ઈર્ષ્યા કરશો નહીં, કારણ કે હું તમને પ્રિય છું અને પ્રિયનો ત્યાગ થઈ શકતો ન હોવાથી, પ્રિય દુષ્ટ હોય તો પોતાને પણ તેવા થવાનું જરૂરી થાય છે. વળી તમે પણ મને પ્રિય છો. કૃતજ્ઞ વગેરે ગુણો જેઓ પ્રિય હોય તેવામાં જોવાતાં નથી; કારણ કે જ્યાં પ્રેમ અથવા દ્વેષ ન હોય, પણ ઉદાસીનતા હોય તેવામાં જ તે ગુણો જોવાય છે.

દોષરહિત ભજન કરનાર તમે મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનો બદલો હું બ્રહ્માના આયુષ્યથી અથવા મન્વંતર જેટલા આયુષ્યથી અથવા મોટા જ્ઞાનીઓના અનંત આયુષ્યથી પણ વાળી શકું તેમ નથી, કારણ કે તમે કરેલું ભજન અને હું બદલામાં જે સાચો ઉપકાર કરું તે જુદા-જુદા પ્રકારના છે. તમારું ભજન કપટ રહિત છે, જ્યારે હું ભજન કરું તે કપટવાળું થાય, કારણ કે સાચું ભજન જીવનો ગુણ હોવાથી મારા ઈશ્વરથી તેમ થઈ શકે જ નહીં. તેથી ઝાંઝવાનું જળ ઘણું હોય તો પણ થોડાં જળની સમાન થઈ શકે નહીં. તેમ હું ગમે તેટલું તમારું ભજન કરું તો પણ તેથી તમારાં ભજનનો બદલો વાળી શકું નહીં. વળી

ઘરની સાંકળ તોડવી ઘણી કઠણ છે. માણસ ઘરડો થાય તો પણ તે ઘરની સાંકળ તોડી શકતો નથી. તેને પણ તોડીને તમે મારું ભજન કર્યું. તમારા પતિ વગેરે, જેઓ પોતાના સ્વાર્થમાટે તમને બાંધીને રહેલા, તેમના અર્થને અને તમારા આત્માને પણ તમે મને જ સમર્પણ કર્યા. બહારની સાંકળ તજી પણ શકાય, પણ સર્વ તરફથી ઘરની સાંકળથી ઘેરાઈએ ત્યારે તે તજી ન શકાય. એવું અલૌકિક કાર્ય કરનારીઓ તમે જે મારું ભજન કર્યું તે તમારું જ ભલું કૃત્ય થાઓ, તેજ તમારો સાચો ઉપકાર કરનારું થાઓ; કારણ કે સત્પુરુષો ઉત્તમ કર્મ કરીને પોતે જ સંતોષ પામે છે, પણ બદલાની આશા રાખતા નથી. ભજન કરવું એ જીવનો ગુણ હોવાથી મારામાં ભજન કરવાનો ગુણ નથી. તેથી ભવિષ્યમાં પણ જો તમને તમારાં ભજનથી તમારી મેળે જ સંતોષ થતો હોય તો ભજન કરજો, તેમ સંતોષ ન થતો હોય તો તમને ગમે તેમ કરજો. હું તમારું ભજન નહીં કરું, કારણથી પોતાથી થઈ ન શકે તેવું કાર્ય કોઈ કરી શકતું નથી.

ભગવાન પોતાને તજી જતા રહ્યા છે એવી ખોટી માન્યતાથી ગોપીઓને દુઃખ થયેલું. ભગવાને તેમને કહ્યું કે હું તજી ગયો ન હતો પણ અદૃશ્ય રહી તમારું રક્ષણ કરતો હતો, એટલે તેમણે જાણ્યું કે આપણું દુઃખ તો આ સત્ય વૃત્તાન્તના આપણા અજ્ઞાનને લીધે જ હતું. ભગવાનનાં વચન સાંભળવાથી ''આપણને તો આપણા ભ્રમને લીધે જ ભગવાનનો વિરહ થયો હતો'' એમ જાણવાથી તેમનું વિરહથી થયેલું દુઃખ જતું રહ્યું. ભગવાનની વાણી ઘણી મનોહર હોવાથી, તેમના શબ્દના સ્વભાવથી જ તેમના મનમાં સંદેહ પણ ન થયો. જેમ સ્વપ્નમાંથી જાગેલો પુરુષ સ્વપ્નમાં થયેલાં દુઃખને માનતો નથી તેમ તેમણે પણ જાણ્યું કે આપણને વિરહ થયો જ ન હતો અને ભગવાને કાંઈ પણ કર્યા વિના તેમના અવયવોથી જ ગોપીઓના સર્વ મનોરથો પૂર્ણ થયા.

તે પછી ગોવિંદે આ ઉત્તમ સ્ત્રીઓ સાથે રાસક્રીડાનો આરમ્ભ કર્યો. આ માટે જ તે ઈન્દ્ર બનેલા, અને ઈન્દ્ર બનેલા હોવાથી અસાધારણ ભોગ કરવો તેમને જરૂરી છે. રાસમાં ક્રીડા એટલે લીલા તે 'રાસક્રીડા'. ઘણી નૃત્ય કરનારીઓવાળું અમુક પ્રકારનું નૃત્ય તે 'રાસ'. ક્રીડા કરતાં મનમાંથી રસ પ્રગટ થાય છે. નૃત્ય કરતાં દેહમાંથી રસ પ્રકટ થાય છે. રસ પ્રકટ થાય જેમાંથી તે 'રાસ'. રસ પ્રકટ કરવા માટે જ નૃત્ય કરવામાં આવે છે. કામ ભોગ કરનારમાં રહેલો હોવાથી ભગવાન આમાં પ્રધાન છે. સમાજમાં પણ રસ ઉત્પન્ન થાય છે. ઘણા બધા શેરડીના સાંઠામાંથી જેમ શેરડીનો રસ નીકળે છે, જેમ ઘણા ભક્તો કીર્તન વગેરે કરે તેમાંથી ભક્તિરસ નીકળે છે, તેમ સમાજમાં કામરસ પણ ઉત્પન્ન થાય છે. ગોપીઓ પણ ભગવાનને અનુસરનારી હતી. તેમને પણ રસ ઉત્પન્ન કરવાનું જરૂરી હતું. અને જેવો રસ ભગવાને ઈચ્છેલો તેવો જ તેમને પણ જોઈતો હતો. જેમ રેતીના ઢગલામાંથી તેલ નીકળે નહિ, તેમ લૌકિક સ્ત્રીઓમાં અલૌકિક રસ ઉત્પન્ન ન થાય એ ખરું, પરન્તુ આ ઉત્તમ સ્ત્રીઓ હતી. સ્વભાવથી લોકના ભેદ પ્રમાણે ત્રણ પ્રકારની સ્ત્રીઓ છે. તે પૈકી મનુષ્યની સ્ત્રીઓ પદ્મિની વગેરે ચાર પ્રકારની છે, અને તેમાં અશ્વ જેવા સ્વભાવવાળી

વગેરે ચૌદ વાસનાથી થતા પ્રકારો છે. એ સર્વમાં આ ગોપીઓ ઉત્તમ સ્ત્રીઓ છે. પોતામાં જ રહેલા ખાસ ગુણોથી જુદા-જુદા પ્રકારની સ્ત્રીઓના ગુણોનો પ્રકાશ કરનારી છે, એટલે તેઓ સમ્પૂર્ણ રીતે રસ ઉત્પન્ન કરવા યોગ્ય છે. ભગવાન પણ સાથે હતા. ભગવાન નાયકમણિ-મુખ્ય મણિ અને ગોપીઓ તેમને યોગ્ય મણિઓ એકધારો રસ ઉત્પન્ન થાય તે માટે તે ભેગા મળશે. તેથી જ ગોપીઓએ ભગવાનને સમ્બોધી કહેલું કે ''અમે રસ પ્રકટ થાય તે માટે કામદેવે આપને આપેલી દાસીઓ છીએ''. ભગવાન આનન્દમય છે તેમ આ ગોપીઓ પણ સર્વ પ્રકારે પ્રસન્ન થયેલી, ભગવાનના જેવી આનન્દમય થયેલી હતી અને તેમણે બન્ને તરફથી એક-બીજીના હાથ પકડી રાખ્યા હતા. ભગવાનના હાથ પકડ્યા ન હતા. ભગવાન તેમના હાથના મંડલીની બહાર રહેલા. પછી ગોપીઓનાં મંડલોથી શોભતા યોગેશ્વર શ્રીકૃષ્ણે રાસલીલાનો સારી રીતે આરમ્ભ કર્યો. આમાં રસ જ પ્રધાન હોવાથી અને બીજું બધુંએ-કામની ક્રિયાઓ તેનાથી હલકું હોવાથી રાસોત્સવનો જ સારી રીતે આરમ્ભ થયો, એટલે તે બન્ધ થયા વિના ચાલુ પ્રકટ થયા કર્યો.

'ઉત્સવ' એટલે સર્વ પદાર્થને ભુલાવે તેવો મનનો આનન્દ. આવો ઉત્સવ થાય તે માટે એક પ્રકારના અનેક રસ ઉત્પન્ન કરવા માટે અનેક પ્રકારના ગોપીઓના મંડલોથી ભગવાન શોભવા લાગ્યા. ઉત્સવ પણ બ્રાહ્મણ વગેરેનાં અનેક પ્રકારનાં મંડલોથી શોભે છે. અહીં જુદાં-જુદાં મંડલો થયાં અને તે મંડલોથી ભગવાન શોભવા લાગ્યા. રાસનું પોષણ કરનાર રસો આ મંડલોથી ઉત્પન્ન થશે, એટલે પહેલાં પ્રકટ થયેલ રસનું પાછળ-પાછળનું મંડલ પોષણ કરશે. તેથી આ રસ બીજે ક્યાંય થવાનો જ નહીં. વળી શ્રીકૃષ્ણ યોગેશ્વર છે. તે સર્વના ઉપાય છે જાણે છે. તેથી કાલ, કર્મ અને સ્વભાવ ને લીધે થતાં વિઘ્ન તેમને નડે તેમ નથી. તેથી જુદાં-જુદાં મંડલોમાં ઉત્પન્ન થતો રસ પણ તે ભેગો કરશે. યોગ જ બધી વસ્તુઓમાં રહેલ ભગવાનનાં ઐશ્વર્ય વગેરેને પ્રકટ કરતો હોવાથી તે સાધનોમાં મુખ્ય છે. ઐશ્વર્ય હોય તો પદાર્થમાત્રમાં રહેલો તેનું મૂલ બનેલો રસ ઉત્પન્ન કરી શકાય. વળી શ્રીકૃષ્ણ પોતે જ સદાનન્દ છે. બહાર નીકળેલો અગ્નિ બધા(કાષ્ઠ)માં છૂપા રહેલા અગ્નિને પ્રકટ કરી શકે છે તેમ શ્રીકૃષ્ણ સદાનન્દ હોઈ સર્વમાં રહેલા આનન્દને પ્રકટ કરશે.

ભગવાન શ્રીકૃષ્ણ બે-બે ગોપીઓ વચ્ચે પ્રવેશ કર્યો. મંડલમાં જેટલી છે તે પૈકી બે-બે જુદી હોવાનું વિચારો. બે-બે ગોપીઓનું જોડું થાય. એવાં બે જોડાં એક સ્થલે નથી એમ માનો. એવાં બે-બે છૂટી થયેલી ગોપીઓનાં મંડલમાં જ્યાં બે ગોપીઓના હાથ ભેગા છે ત્યાં ભગવાનનું ઉદર આવે તેમ ભગવાન તેમની વચ્ચે પ્રકટ થયા; અને પોતાના બે શ્રીહસ્તથી બન્ને બાજુએ ઉભેલી બે ગોપીઓને તેમણે કંઠથી પકડી. એ પ્રમાણે સોળ ગોપીઓને વચ્ચે આઠ શ્રીકૃષ્ણ પ્રકટ થયા અને દરેક ગોપી ભગવાન પોતાની જ પાસે છે, બીજીની પાસે નથી એમ માનવા લાગી. પોતાની સામે રહેલી ગોપીના કંઠનું આલિંગન કરેલા શ્રીકૃષ્ણનું પણ તેને ભગવાનની ઈચ્છાથી દર્શન થતું ન હતું. ગોપીઓ ભગવાન પોતાની જ પાસે છે એમ માને તે માટે ભગવાને પોતાનાં સ્વરૂપ વધાર્યાં. ગોપીઓથી અર્ધ

સ્વરૂપથી જ તે કાર્ય સિદ્ધ થતું હોવાથી, તેમના જેટલા સ્વરૂપ આરમ્ભમાં કર્યા નહીં, પણ જરૂર પડયે કરશે.

અહીં રસ પ્રકટ કરવા જ નૃત્ય કરવાનું હોવાથી ભગવાને વેણુનાદ કર્યો નથી. ગાનમાટે નાદની જરૂર પડે તો પણ દેવો જ ગાન કરશે, એટલે વેણુનાદની જરૂર ન હતી. એ રીતે રસ પ્રકટ કરવાની બધી સામગ્રી તૈયાર થઈ ત્યારે તે પ્રકટ થયેલો રસ સર્વને પ્રાપ્ત થશે એવા વિચારથી, અલૌકિક જ્ઞાનવાળાં દેવો વગેરે રાસનાં દર્શન કરવા આવ્યા, એટલે તેમનાં સેંકડો વિમાનોથી આકાશ ભરાઈ ગયું. નૃત્ય મંડપમાં કરવામાં આવે તો તેથી રસ ઉત્પન્ન થાય. મંડપ ન હોય તો ઉપરના ભાગમાં આશ્ચર્યકારક કાંઈ ન હોય. તેથી જેમ રસ ઉત્પન્ન કરવા જુદા-જુદા પ્રકારના બન્ધથી સમ્બન્ધમાં આવેલા સ્ત્રીઓ અને પુરુષોના ચિત્રો (મંડપમાં ઉપરના ભાગમાં) મૂકવામાં આવે છે તેમ ભગવાને ચિત્ર જેવા દેવોને ઉપર આકાશમાં રાખ્યા. તેઓ તો રસ લેવા આવ્યા. પણ ભગવાનની ઈચ્છા તેઓ ચિત્ર બની રહે તેવી હતી. વિમાનમાં સ્વર્ગમાં રહેનારા દેવો તેમની પત્નીઓ સાથે હતા. તેમનામાં દર્શન કરવા સિવાય બીજો ભાવ ઉત્પન્ન ન થાય તે માટે તેમની પત્નીઓ સાથે હતી. સ્વર્ગમાં રહેનારા રસને જાણનારા રસને યોગ્ય હોય છે. તેથી તેઓ આવ્યા. ઈશ્વરની લીલાનાં દર્શન કરવાં ન જોઈએ, એટલે તેમણે આવવું ન જોઈએ, છતાં લીલાથી તેમનાં મન ખેંચાયા, એટલે વિચાર કર્યા વિના તેઓ આવ્યા. પોતાના અવિચારીપણાને લીધે જ આવ્ય, પણ ભગવાનનાં ધર્મનો-ભગવાનની લીલાના દર્શન કરવાં ન જોઈએ એ વિચાર કર્યો નહીં.

પછી નૃત્યના આરમ્ભમાં દુંદુભિઓ વાગ્યાં અને મંગલ કરવા પુષ્પોની વૃષ્ટિઓ થઈ. આવનાર રસની અથવા તે જેમાં રહેલ છે તે દેવ (ભગવાન)ની પૂજા કરવા જુદા-જુદા પ્રકારનાં પુષ્પોની જુદી-જુદી વૃષ્ટિઓ થઈ. પછી ઉત્તમ ગાંધર્વો, વિશ્વાવસુ વગેરેએ ગાન કર્યું. ભગવાન ગાનનું શ્રવણ કરશે એમ જાણી ઉત્તમ ગંધર્વોએ જ ગાન કર્યું. તેમની બુદ્ધિ બગડે નહિ તે માટે તેઓ પણ પોતાની સ્ત્રીઓ સાથે આવેલા અને ભગવાનના અમલ-દોષને મટાડનારા યશનું ગાન કરતા હતા. એટલે સમયને ઉપયોગી હોય તેવા પદાર્થ સિવાયનો બીજા કોઈ પ્રકારનો ભાવ તેમને અથવા તેમની સ્ત્રીઓને થતો ન હતો.

પછી પ્રિય શ્રીકૃષ્ણ જેમની સાથે હતા તેવી તે સ્ત્રીઓનાં નૃત્યમાં રસ ઉત્પન્ન કરવામાં ઉપયોગી થાય તેવા કંકણો, ઝાંઝરો અને ઘૂઘરીઓ નો અવાજ થયો. વાજીંત્રો ત્રણ સ્થળે વાગવા જોઈએ. ૧.ભૂમિની ઉપર વાગતાં હોય તેમ નીચે ૨.વચ્ચે અને ૩.ઉપર. તેવી જ રીતે જુદા-જુદા તાલ થવા જોઈએ. તેથી અહીં પણ નીચે ઝાંઝરોનો શબ્દ થયો. ઉપર કંકણોનો શબ્દ થયો. ગોપીઓએ એક બીજીના હાથ પકડેલા, છતાં વચ્ચે-વચ્ચે પોતાના બે હાથ મેળવી તાલી પાડતી, એટલે કંકણોનો પણ અવાજ થતો. વચમાં ઘૂઘરીઓનો અવાજ થતો. ભગવાન તેમની સાથે હતા, તેથી જ સર્વને ભગવાનનો સમ્બન્ધ થાય તે માટે લાસ્ય-સ્ત્રીઓનું કોમલ નૃત્ય તેઓ કરી શકી. વળી બીજા કૂજનના અને મુખના શબ્દો પણ થતા. આ બધા અવાજ ભેગા થઈ ઘણો મોટો અવાજ થયો, જેથી

રાસના સ્થાનથી દૂર હોય તેઓ શેના-શેના અવાજ ભેગા થઈ ઘણો મોટો અવાજ થયો, જેથી અવાજ થાય છે તે જાણી શકે નહિ; કારણ કે જે ભક્ત ન હોય તેને આ સાંભળવાનો અધિકાર નથી. જેમ વેદ સાંભળવાના અધિકાર વિનાનો શૂદ્ર વેદનું શ્રવણ કરે તો તેના અભ્યાસ કરનારની અને વેદના મન્ત્રની શક્તિ ઘટે છે, તેમ આ રસ અલૌકિક હોવાથી તેનો અવાજ સાંભળવાના અધિકાર વિનાનો, એટલે ભક્ત ન હોય તે, જો આ અવાજનું શ્રવણ કરે તો રાસમંડલમાં સર્વનો રસ જતો રહે અને શ્રવણ થતાં તે અવાજ શોધવાની પ્રવૃત્તિ કરે તે પાપરૂપ હોવાથી તેને જ અનિષ્ટ કરનાર થાય.

જેમ સુવર્ણના મણિઓની વચ્ચે રહેલો મોટો મરકત મણિ શોભે તેમ દેવકીપુત્ર ભગવાન ત્યાં રાસમાં ગોપીઓથી અધિક શોભવા લાગ્યા. ભગવાન સ્વભાવથી જ શોભે છે, પણ શક્તિઓ સાથે હોય ત્યારે અધિક શોભે છે. જેમ ભગવાન કુદરતથી શોભતા હોવા છતાં પોતાના ઐશ્વર્ય વગેરે ગુણોથી વધારે શોભે છે તેમ ગોપીઓ સાથે અધિક શોભવા લાગ્યા. દેવકીની ભક્તિને લીધે ભગવાન તેના પણ પુત્ર થયા અને સ્ત્રીઓ ઉપર ઉપકાર કરવા જ પ્રકટ થયા, તેમ ગોપીઓને પણ પોતાની શક્તિ આપીને તેમનાથી અધિક શોભ્યા. જેમ સુવર્ણના મણિઓ હોવા છતાં તેમને કુદરતી મોટા મરકત મણિની આસપાસ ગોઠવવામાં આવે ત્યારે તેમનાથી તે મરકત મણિ ઘણો શોભે છે તેમ કુદરતી શોભાવાળા ભગવાન ગોપીઓથી અધિક શોભવા લાગ્યા. પછી મુખ્ય નૃત્યનો આરમ્ભ થયો.

**રસાત્મકસ્તુ યઃ કામઃ સોઽત્યન્તં ગૂઢ એવ હિ, અતઃ શાસ્ત્રં પ્રવૃત્તં હિ તૃતીયં ભારતસ્તથા ।**
**અતોઽત્ર ભગવાંશ્ચક્રે નૃત્યં કારિતવાંસ્તથા, સર્વાંગેષુ તુ યો લીનઃ સ યથા વ્યક્તતાં વ્રજેત્ ॥**

જે રસાત્મક કામ છે તે ઘણો ગૂઢ જ છે. તેથી જ ત્રીજા કામશાસ્ત્રની અને ભરતમુનિના નાટ્યશાસ્ત્રની પ્રવૃત્તિ થઈ છે. તેથી બધા અંગોમાં છુપાયેલો જે રસ છે તે જે પ્રકારે પ્રકટ થાય તેમ ભગવાને અહીં રસમાં નૃત્ય કર્યું અને કરાવ્યું.

નૃત્યમાં ગોપીઓ અનેક પ્રકારે ચરણો મૂકતી. કોઈ સમય એક અને કોઈ સમયે બે ચરણો ફેરવતી. ભુજાઓ ઘણા પ્રકારે હલાવતી. એક અવયવ હાલતાં બીજાં યોગ્ય અવયવો તેની સાથે યોગ્ય પ્રકારે હાલતા. કેડથી વાંકી વળતી એટલે કેડ ઉપરનો ભાગ ચારે તરફ ગોળ ફરતો. રસમાં આસક્ત થયેલી ગોપીઓ બધા અવયવોને ભ્રમણ કરાવતી એટલે બધા અવયવોમાંથી રસ ભેગો થતો. માથું અનેક પ્રકારની સ્થિતિમાં ફેરવવાથી ગાલ ઉપર કુંડલો હાલતાં અને તેથી જેમ વીજળી થતાં વાદળાં શોભે તેમ ગાલ શોભતા. ગાલમાં શુદ્ધ રસ રહેલો છે અને પાન કરવાના રસનું ગાલ ઉપરથી જ પાન કરવામાં આવે છે તેથી તે જ રસ પ્રકટ થાય તે માટે કુંડલો તેનો પ્રકાશ કરતાં. કુંડલોથી ગાલનો પ્રકાશ થતાં તેની અંદર રહેલો રસ પુષ્ટ થઈ પ્રકટ થઈ મુખ ઉપર પરસેવા રૂપે બહાર આવતો. બધા અવયવોમાં રહેલો રસ ભેગો થતાં, દેહ દૂબળો થતાં, અંબોડાની અને વસ્ત્રોની ગાંઠ ઢીલી થઈ જતી. ગોપીઓ શ્રીકૃષ્ણની વધૂઓ હોઈ સદાનન્દરૂપ ફલનો ભોગ કરતી હોવાથી તે ક્રિયામાં તેમને શ્રમ તો થાય જ, છતાં અન્દરથી સંતોષ થતાં તેઓ ગાન કરતી હતી. કાયા વગેરેને શ્રમ થવા

છતાં, જેમ વાદળાંના સમૂહમાં વીજળી શોભે તેમ તેઓ ઘણી શોભવા લાગી. વીજળી લાંબા સમય સુધી જોવાતી નથી, છતાં વાદળાઓને ઘણાં શોભાવે છે જ. તેમ શ્રીકૃષ્ણનાં સ્વરૂપોનાં સમૂહથી ચારે તરફથી ઢંકાયેલી ગોપીઓ કોઈક વાર જ કોઈક અંશથી જ બહાર નીકળતાં દેખાતી. તેથી તેમની શોભાથી કોઈને દોષ થતો ન હતો પરન્તુ શોભા જ ઉત્તમ પ્રકારની થતી. તેઓ નૃત્ય કરતાં-કરતાં જ ગાન કરતી, અથવા પહેલાં મોટેથી ગાન કરતી અને પછી નૃત્ય કરતી. તેમનો સ્વર આનન્દદાયક હતો અને આનન્દ જ તેમને પ્રિય હતો. તેઓ ગાનથી અને નૃત્યથી ભગવાનને મોહ ઉત્પન્ન કરતી. પહેલાં તેઓ થાકેલી, પણ પરસેવો લુછવા વગેરે કાર્યથી ભગવાનનો તેમને સ્પર્શ થતાં તેઓ અંદર આનન્દથી પૂર્ણ થઈ. તેમનાં ગાનથી જગત્ છવાઈ રહ્યું. તેમની આ રાસલીલાને પ્રસિદ્ધ કરતું લોકો જે ગાન કરે છે તેનાથી આ જગત્ છવાઈ રહેલું છે. એટલે તેમણે લોકમાં રસ પ્રકટ થાય તે માટે જ આ નૃત્ય વગેરે કરેલું હોવાથી, જે પ્રયોજનથી તે કરવામાં આવેલ તે સફળ થયું છે.

એ પ્રમાણે ઉત્પન્ન થયેલો અવાજ અમૃતમય થાય તે માટે ભગવાને પણ નાદ કર્યો. તે નાદ મધુર જ થવો જોઈએ અને તેનાથી જગત્ ભરપૂર થવું જોઈએ. તેથી કોઈ એક ગોપીએ મુકુંદે કરેલા નાદ સાથે પોતાના શુદ્ધ સ્વરો ઊંચા કર્યાં. આ ગોપીએ સારી રીતે ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલો અને મુકુંદે મોક્ષ આપવા માટે જ ઉપનિષદ્માં ગોપીઓના અવાજમાં પોતાનો નાદ પૂરેલો. ભગવાન અને ગોપી બન્ને એકરૂપ થયા, બન્નેના નાદ સમાન થયા. મોક્ષ આપવામાં બે કાર્ય કરવાનાં ૧.પહેલાના સંઘાતથી જુદા પાંડવું અને ૨.બ્રહ્મની પ્રાપ્તિ કરાવવી. તે માટે પહેલાના સંઘાતથી જુદા પાડવામાં ઉપનિષદોનો ઉપયોગ થાય છે. ષડજ, ૠષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સાત સ્વરો છે. અને તેમના જાતિભેદો ઘણા છે. જેમકે મોર ષડજ બોલે છે. તેમજ બીજા પક્ષીઓ, મનુષ્યો અને બીજા જીવો પણ ષડજ બોલે છે, એમ તે સ્વરોની પેટા જાતિઓ હોય છે. તેમને જે અભિપ્રાયથી સૃષ્ટિમાં ઉત્પન્ન કરેલા તે ક્રમ પ્રમાણે રસ પ્રકટ થાય તેવી રીતે જ યોજવામાં આવે તો સ્વરની જાતિ અમિશ્રિત-શુદ્ધ રહે છે. તેવું કાર્ય ભગવાન જ કરી શકે. બીજાથી થઈ શકે નહીં. તે શુદ્ધ સ્વરોને જો ઊંચા કરવામાં આવે તો ભગવાનને સંતોષ થાય જ. તેથી ભગવાને તે શુદ્ધ સ્વરોને ઊંચા કરનાર ગોપીનો ''બહુ સારું કર્યું, બહુ સારું કર્યું'' એમ કહી આદર કર્યો. ભગવાન પોતે બ્રહ્મ હોઈ પોતે સ્વરોનો અનુક્રમ વિચારેલો હોવાથી, પોતે તેવું ગાન કરે તેમાં આશ્ચર્ય નથી, પરન્તુ બીજાઓ તો તે સ્વરોનું સ્વરૂપ પણ જાણતા ન હોવાથી તેવું ગાન કેમ જ કરી શકે? છતાં આ ગોપીએ તેમ કર્યું. તેથી ભગવાને તેનો આદર કર્યો અને તેણે સ્વરૂપથી તથા ફલથી ઘણું ઉત્તમ પોતે કરેલ ગાનની સમાન અને તેને સમ્પૂર્ણ પ્રકારે અનુકૂલ ગાન કરેલું હોવાથી, ભગવાન તેના ઉપર પ્રસન્ન થયા. એ ગોપીએ ઊંચા કરેલ સ્વરોનું જ ભગવાન ગ્રહણ કરે, એટલામાં બીજી ગોપીએ તેમને તે જ પ્રકારે ઊંચા કર્યાં અને તે જેમ ધ્રુવ એટલે નિશ્ચલ થાય તેમ ઊંચા કર્યાં, એટલે તે નાદને ધ્રુવનાદ સાથે જોડયો. ધ્રુવનાદ અટલે કારણનાદ (બધા નાદ જેમાંથી નીકળે તે) સ્થાયી

સ્વર. જેમાં રાગ રહે છે તે સ્થાયીસ્વર કહેવાય છે. અથવા ધ્રુવનાદ એટલે ભગવાનનો નાદ, કારણ કે ભગવાને તે જ પ્રમાણે ગાન કરેલું. એ પ્રમાણે આ બીજી ગોપીએ ધ્રુવનાદ સાથે ઊંચા કરેલ સ્વરને જોડયા, એટલે ભગવાને તેનું બીજી ગોપીઓ કરતાં અધિક સન્માન કર્યું અને તેનું ઇચ્છેલું તેન આપ્યું. એવી રીતે ગોપીઓમાં અન્દરની શક્તિઓ આવી, તો પછી બહારની શક્તિઓ આવે તેમાં શું આશ્ચર્ય? આ બે ગોપીઓ અનુક્રમે ઐશ્વર્ય અને વીર્યરૂપ હતી.

કીર્તિ ભગવાનનો આશ્રય કરી રહી છે, એટલે રાસથી થાકેલી કીર્તિરૂપ ગોપીએ પોતાના હાથથી પોતાની એક બાજુએ પાસે રહેલા ભગવાનનો સ્કન્ધ પકડી ભગવાન સ્થિર રહે તે માટે તેમણે ગદા પકડી રાખેલી. સ્થિર રહેવા તેથી અધિક પ્રયત્ન કરે તો નૃત્યમાં ભંગ પડવાથી રાસમાં ભંગ થાય. ગોપીમાં રસ ઘણો વધવાથી તેને થાક લાગેલો. બીજા કારણથી થાક લાગ્યો હોત તો રસ માટેની તેની પ્રવૃત્તિ અટકી પડત. તે મંડલ તજી જતી હોય ત્યારે મંડલ ચાલુ રહે તે માટે ભગવાને પણ તેનો હાથ પકડયો હોવાનું સંભવે છે. તેથી તેની એક બાજુએ ભગવાન જ હતા...

પછી રાધા-દામોદરની જેમે ભગવાને દરેક ગોપી સાથે નૃત્ય કર્યું. નૃત્ય પણ રસ ઉત્પન્ન કરવા જ કરેલું; છતાં દરેકને આ નૃત્યમાં જુદો રસ ઉત્પન્ન થાય છે, કારણ કે એક ભગવાન અને એક ગોપી એમ બેનું આ ગાઢ નૃત્ય થાય છે. આ નૃત્યમાં વાજીંત્રો તો પહેલાંની જેમે જ કંકણો, ઝાંઝરો અને ઘૂઘરીઓ ના શબ્દો જ હતા. નૃત્યમાં ગોપીઓ ઘણી આસક્ત થવાથી તેમનાં અંબોડામાંથી માલાઓ સરી પડતી. પહેલાનાં નૃત્યથી ગોપીઓ થાકેલી હોવા છતાં ફરીથી તેઓ આ નૃત્ય કરવા માંડી અને આ નૃત્ય પણ રસાળ થયું. નૃત્યના આરમ્ભમાં તેઓ ઘણી શોભતી હતી. તેમણે પોતાના કાનમાં કમળો મૂકેલાં કે જેથી નૃત્ય કરતાં તે પડવા ન દેવાથી પોતાની નૃત્યમાં ચતુરાઈ જણાય. તે કમલો ઉપર રસનું પાન કરનાર ભમરાઓ જેવા તેમના કેશ હતા. તે કેશ તેમના ગાલોને શોભાવતા. નૃત્યમાં આસક્તિ થતાં આવા ગાલો ઉપર પરસેવો થયેલો અને તે પરસેવાથી તેમનાં મુખની કોઈ અલૌકિક પ્રકારની શોભા થઈ. બન્ને ગાલ મોતીથી શણગારેલા હોય તેવા દેખાતા. આથી એમ જણાતું કે તેમને શ્રમ થયો નથી અને ભગવાન સાથે નૃત્ય કરતાં આ પરસેવો તેમને (ભગવાનનાં ચુંબન વગેરેનો) અનુભવ કરાવતો. અથવા આ પરસેવાથી એમ જણાતું કે ગોપીઓ પોતાની મેળે ક્રીડા કરતી અટકી ગઈ છે અને ભગવાનને લીધે જ તેઓ આટલું ચતુરાઈવાળું નૃત્ય કરે છે. તેથી ભગવાનની સાથે, જેમ-જેમ ભગવાન નૃત્ય કરે તેમ-તેમ તેઓ પણ નૃત્ય કરતી હતી.

...આ ગોપીઓ વ્રજની સુંદરીઓ હતી અને લક્ષ્મી પ્રવેશ કરે તે માટેની બધી યોગ્યતા તેમનામાં હતી. તેમનામાં લક્ષ્મીએ ભગવાનની આજ્ઞાથી પ્રવેશ કરેલો અને ભગવાન રમાના પતિ છે તેથી પ્રાકૃત સ્ત્રીઓ સાથે ભગવાને રમણ કર્યું નથી, પરન્તુ લક્ષ્મી સાથે જ કર્યું છે. લક્ષ્મી બ્રહ્માનન્દરૂપ છે જેમ બાલક પોતાની સામે દર્પણ અથવા જલ

મૂકીને તેમાં પોતાનાં પ્રતિબિંબને જોઈને તેની સાથે રમે છે તેમ ભગવાને પણ પોતાનું સ્વરૂપ અને શક્તિ ગોપીઓમાં મૂકી, તેમાં બ્રહ્માનન્દ પ્રકટ કરી, પછી તેમની સાથે રમણ કર્યું. જેમ ભગવાને (સર્વશક્તિમાન્ હોવા છતાં) બાલલીલા કરી, તેમ આ લીલા પણ કરી. આ રમણ એક સાથે, ઘણી ગોપીઓ સાથે અને દરેક ગોપી સાથે ભગવાને કર્યું. એ પ્રમાણે ભગવાનના ગુણનો સમ્પૂર્ણ રીતે ગોપીઓમાં આવેશ થતાં તેઓ મહારસમાં આસક્ત થઈ, એટલે ભગવાનનાં અંગના સંગથી તેમને દેહ વગેરેને પણ ભુલાવનારો ઘણો મદ થયો. અને તે મદથી તેમની ઈન્દ્રિયો આકુલ થતાં તેઓને શું કરવું તેનું ભાન રહ્યું નહીં. તેથી તેઓ પોતાના કેશના સમૂહને પહેરેલાં વસ્ત્રને અને ચોળીને તેમના યોગ્ય સ્થાને રાખી શકી નહીં. આ બધી વ્રજની સુંદરીઓ હોવાથી ભગવાનના અલ્પ અંગસંગથી જ તેમની આવી દશા થઈ અને તેમને શ્રમ થતાં તેમની માલાઓ અને આભરણો ખસી ગયાં. ઈન્દ્રિયો આકુલ થવાથી તેમને લોકનો વિચાર રહ્યો ન હતો. ગોપીઓ હોવાથી તેમને પારમાર્થિક-વેદનો પણ વિચાર રહ્યો ન હતો અને શ્રમ થવાથી દેહનો પણ વિચાર રહ્યો નહીં. ...

શ્રીકૃષ્ણની ઉત્તમ ક્રીડા જોઈને દેવોની સ્ત્રીઓ અને ચન્દ્ર કામથી પિડાઈ મોહ પામ્યા; કારણ કે પરમાનન્દ પ્રભુ કોઈના પતિ થતા નથી. અને જેમનામાં આનન્દ ન હોય તે આનન્દનું દાન કરી શકતો નથી. વળી જીવને આવી ઉત્તમ ક્રીડા આવડે જ નહીં. આકાશમાં ફરનાર દેવોની સ્ત્રીઓને (આકાશમાં ફરનારી હોવાથી) સર્વ જોઈ શકે તેવું વરદાન ભગવાને આપેલું છે. અને સ્ત્રીઓ રાસલીલાનું દર્શન કરે તેમાં કાંઈ દોષ થતો નથી. તે સ્ત્રીઓને આ લીલાનું જ્ઞાન થયું નહીં, તેમ રસ પણ પ્રાપ્ત થયો નથી. તેમને માત્ર મોહ જ થયો... કુમારિકાઓએ દરેકે ''નન્દગોપના સુત મારા પતિ થાઓ'' એવી પ્રાર્થના કરેલી હોવાથી ભગવાને પછી દરેક ગોપી સાથે રમણ કર્યું.

**કૃત્વા તાવન્તમાત્માનં યાવતીર્ગોપયોષિતઃ ।**
**રેમે સ ભગવાંસ્તાભિઃ આત્મારામોऽપિ લીલયા ।।**

ગોપ જાતની જેટલી સ્ત્રીઓ હતી તેટલાં ભગવાને પોતાનાં રૂપ કર્યાં અને પોતે આત્મારામ હોવા છતાં પોતે લીલાથી તેમની સાથે રમણ કર્યું. જ્યાં-જ્યાં ગોપ જાતની સ્ત્રી હતી ત્યાં-ત્યાં માયાને ખસેડીને પોતાનું રૂપ પ્રકટ કર્યું, આ મહાસૌરત છે. શ્રીકૃષ્ણ 'ભગવાન' હોવાથી તેમનામાં આમ કરવાની શક્તિ છે. તેમણે આ માટે જ અવતાર ધારણ કરેલો. આ પ્રસંગે ગોપીઓએ એવું વ્રત કરેલ હોવાથી તેમની સાથે જ રમણ કર્યું, પણ પહેલાંની જેમે આત્મારામપણું ન રાખ્યું. પોતે આત્મારામ હોવા છતાં તેમની સાથે જ રમણ કર્યું, પણ આત્મારામ જ ન રહ્યા. ભગવાનમાં ચન્દ્રનો પ્રવેશ થતાં આવું રમણ સમ્ભવે છે. આ દશામાં પણ ભગવાન તો આત્મારામ જ છે, કારણ કે આ રમણ લીલાથી કરેલું હોવાથી આમાં પણ આત્મા-રમણ જ મુખ્ય છે. જેમ મોટો પુરુષ પણ લીલાથી હલકું કાર્ય કરે છે, પોતે પગે ચાલીને મૃગયા કરવા જાય છે, જેમ ભગવાને બીજી પણ અવતારની લીલાઓ કરી છે તેમ આ લીલા પણ ભગવાને કરી.

પછી ગોપીઓના રમણનો અન્ત આવ્યો. ઘણો વિહાર કરવાથી તેઓ થાકી ગઈ એટલે ભગવાન શ્રીકૃષ્ણે, ભવિષ્યની લીલા થઈ શકે તે માટે, પોતાના શ્રીહસ્તથી તેમનાં મુખ લૂછ્ય ાં. શ્રીકૃષ્ણે આ માટે જ અવતાર લીધેલ હોવાથી અને પોતે દયાળુ હોવાથી બધી ગોપીઓનાં મુખ લૂછ્ય ાં. તેથી ગોપીઓને ઘણો આનન્દ થયો. ...

પછી ભગવાને બધીએ ગોપીઓ સાથે મધ્યરાત્રિએ જલક્રીડા કરવા યમુનામાં પ્રવેશ કર્યો.

**શંકાઃ**

ધર્મનું સ્થાપન કરવા અને અધર્મનો નાશ કરવા જગતના ઈશ્વર ભગવાને બલભદ્ર સાથે અવતાર કરેલો. ધર્મની મર્યાદા બનાવનાર, લોકોને તે જણાવનાર અને તેનું રક્ષણ કરનાર હોવા છતાં તેમણે તે મર્યાદાની વિરુદ્ધ પારકી સ્ત્રીઓનો સંગ કેમ કર્યો? તેમણે ધર્મનું સ્થાપન કરવા અવતાર ધારણ કરેલ હોવાથી આ તેમનું કાર્ય તેમના અવતારથી પણ વિરુદ્ધ છે, લોકથી અને વેદથી પણ વિરુદ્ધ છે. આ કાર્યથી તો તેમણે ધર્મનો નાશ કર્યો અને અધર્મનું સ્થાપન કર્યું. વળી અધર્મ આચર્યો, તે લોકોને જણાવ્યું અને તેનું રક્ષણ કર્યું. વળી તેઓ આપ્તકામ હોવાથી તેમને (કામના ન હોવાથી) આવું કાર્ય કરવાની જરૂર ન હતી. કામના હોય તો પણ તે યાદવોના પતિ હોવાથી તેઓ ઘણી સ્ત્રીઓ કરી શકે તેમ હતા, છતાં તેમણે આવું લોકમાં નિંદાયેલુ કર્મ કેમ કર્યું? આવુ કરવામાં તેમનો શું અભિપ્રાય હશે? ભગવાનમાં વિરુદ્ધ ધર્મો રહે છે, છતાં આમ કરવાનું તેમને શું પ્રયોજન હોય? આ કર્મ લોકનું હિત કરનારું નથી જણાતું કારણ કે મર્યાદા જ લોકોનું તેમજ ગોપીઓનું હિત કરનારી છે; ભગવાનનું પોતાનું હિત કરનારું નથી, કારણ કે તે પોતે તો પૂર્ણ જ છે છતાં આવું કર્મ ભગવાને કરવાનું શું પ્રયોજન હોઈ શકે? આવી શંકા કરવી નહીં.

**સમાધાનઃ**

આ કાર્ય ભગવાનના અવતારથી વિરુદ્ધ નથી. ઈશ્વરોમાં (સત્તાવાળાઓમાં) ધર્મનું ઉલ્લંઘન અને સાહસ જોવામાં આવે છે. આ સત્તાવાળાનું ચરિત્ર નથી એમ ન કહી શકાય. એક કાર્ય (ધર્મનું સ્થાપન) કરવા ભગવાને અવતાર લીધો અને બીજું (અધર્મનું આચરણ) કર્યું એમ કહેવામાં આવે તો તેમ થઈ ન શકે? એકને જોડવા આવેલ હોય તે બીજાને વિખૂટા ન પાડે? બીજાનું હિત કરવા આવેલ હોય તો પણ કોઈ પોતાનો ગુણ તજતું નથી. ઘરનો પ્રકાશ કરવા દીપક (પ્રકટાવવા)માં આવે છે તેને પણ જો ઘરનો સ્પર્શ થાય તો તે ઘરને બાળવાનો જ. આ તો ઈશ્વરનો ગુણ છે. એમ ન કરે તે ઈશ્વર જ ન હોય. વાણીયાઓને બધા કર્મોમાં નિયમ પ્રમાણે ચાલવાનું હોય છે, તેવું ઈશ્વરને હોતું નથી જ. જે ધર્મ (ચાલતો) હોય તેનું ઉલ્લંઘન કરવું અને ન (ચાલતો) હોય તે આચરવો એટલે સાહસ કરવું એ ઈશ્વરમાં જોવામાં આવે છે જ. ઈશ્વરના વીર્યવાળા સેવકો હોય તેઓ પણ આવા કાર્ય કરે છે. ઘણાં તેજવાળા હોય તેમને આવા કાર્યથી અધર્મ થતો નથી, કારણ કે અમુક કાર્ય કરવા એવી શાસ્ત્રની આજ્ઞા અને અમુક ન કરવાં એવી શાસ્ત્રની મના તેમને

માટે હોતાં નથી, પણ આજ્ઞા ઉઠાવનારમાટે જ હોય છે. જેમ લોકમાં આવી આજ્ઞા તથા મનાઈ સેવકો માટે જ હોય છે, તેવું જ વેદના વાક્યો વિષે પણ જાણવું. જેમ અગ્નિને હર કોઈ પદાર્થનું ભક્ષણ કરવાથી દોષ થતો નથી, તેમ બધાં કર્મને બાળી નાખવાની શક્તિવાળા ઘણા તેજસ્વી પુરુષોને આવાં કર્મથી દોષ લાગતો નથી. અગ્નિ સર્વને બાળે છે, છતાં તે વધ કરનાર ગણાતો નથી અને બધું ખાય છે છતાં ન ભક્ષ કરવા યોગ્ય પદાર્થને ખાનારો ગણાતો નથી, કારણ કે મિથ્યાજ્ઞાનરૂપ જલથી સિંચાયેલી અંતઃકરણરૂપી ભૂમિમાં જ કર્મનાં બી ધર્મ અથવા અધર્મ ના અંકુરો ઉત્પન્ન કરે છે, પરંતુ તત્ત્વજ્ઞાનરૂપ તાપથી સુકાઈ ગયેલ જલવાળા ખરાબામાં કર્મના બી તેવાં અંકુરો ઉત્પન્ન કરતાં નથી. આ ઈશ્વરનું કાર્ય ઈશ્વર ન હોય તેણે મનથી પણ કરવું ન જોઈએ. ઐશ્વર્ય સાથે આવું કર્મ હોય તો તેથી હાનિ થતી નથી. જેનામાં ઐશ્વર્ય ન હોય તેણે કોઈ પણ પ્રસંગે, કુતુહલથી પણ, મનથી પણ આવું કર્મ કરવું નહીં. ઈશ્વર ન હોય તે ઐશ્વર્યની કામના કરે તો તે કારણથી જ વધને પાત્ર થાય છે અને મહારાજ્યનો અધિકારી ન હોય તે તેની ઇચ્છા કરે તેથી જ વધને પાત્ર થાય છે. તેથી ઈશ્વર ન હોય તેણે મનથી પણ આવું કાર્ય ન કરવું. કારણ કે આવું કર્મ કરવાથી જ તેનો નાશ થાય છે. જેમ રુદ્રના જેવું જેનું પરાક્રમ ન હોય તે કાલકૂટ વિષનું ભક્ષણ કરે તો તેનો નાશ થાય છે તેમ ઈશ્વર ન હોય તે આવું કર્મ કરે તો તે કર્મથી જ તેનો નાશ થાય છે. નિંદિત કર્મ પણ કાલકૂટ જેમે નાશ કરનારું છે. ઈશ્વરને જ તે શોભાવે છે, એટલે કાલકૂટ ખાવાથી શંકર નિલકંઠ થયા. તેવી જ રીતે ગોપીઓ સાથે રમણ કરવાથી શ્રીકૃષ્ણ 'ગોપીજનવલ્લભ' થયા.

ઈશ્વરોની વાણી જ સત્ય હોય છે, કારણ કે તેઓ ખોટું બોલતા નથી. તેઓ બીજાને જે આજ્ઞા કરે છે તે તેનો અધિકાર જોઈને જ કરે છે. તેમનું આચરણ સદા અનુકરણ કરવા યોગ્ય હોતું નથી, પણ વાણી પ્રમાણે આચરણ હોય તે જ અનુકરણ કરવા યોગ્ય હોય છે. ઐશ્વર્ય, ધર્માત્માપણું, દયા વગેરે ઘણા ગુણો ઈશ્વરમાં હોય છે તે પૈકી ઐશ્વર્ય, જ્ઞાન અને વૈરાગ્ય થી તે જે કાર્ય કરે છે તે તેમનું સ્વચ્છંદ ચરિત છે. બુદ્ધિમાન પુરુષોએ આ તેમનાં સ્વચ્છંદ ચરિત્રનું આચરણ ન કરવું. બીજાઓને ઈશ્વર જેવું ઉપદેશ આપે છે તેવું તે પોતે આચરણે રાખતા નથી. કારણ કે કુશલ આચરણ કરવાનું તેમને કાંઈ પ્રયોજન નથી, કેમકે આવાં આચરણથી જે ફલ પ્રાપ્ત થાય તેનાથી પણ અધિક અનંત ફલ તેમને પ્રાપ્ત થયેલું જ છે. વળી અકુશલ આચરણ કરવાથી તેમને કાંઈ અનિષ્ટ થતું નથી, કારણ કે તેમને અહંકાર નથી. કોઈ પણ કાર્યથી ''હું કર્તા છું'' એવું જરાએ અભિમાન જ્ઞાનીઓને થતું નહીં હોવાથી, શાસ્ત્રમાં મના કરેલાં કાર્ય કરવાથી તેમને પણ કાંઈ અનિષ્ટ થતું નથી તો પછી ઈશ્વરને તો તેવાં કાર્યથી અનિષ્ટ કેમ જ થાય? જેમ આ લોકમાં ઈશ્વર (રાજા) સેવકને મારે અથવા તેને જુદી સ્થિતિમાં મૂકે તેથી તેને કાંઈ ભય નથી, તેમ પરલોકમાં પણ જાણવું. ભય તો વશ રાખનારથી થાય, જ્યારે ભગવાનને તો બીજો કોઈ વશ રાખનાર છે જ નહીં. જંતુઓ, મનુષ્યો, દેવો વગેરે સર્વ પ્રાણીઓને વશ રાખનાર

ઈશ્વર જ છે. જડ, જીવ, પ્રાકૃત અને અપ્રાકૃત બધાને વશ રાખનાર શ્રીકૃષ્ણ જ છે. તે સેવકોના સમ્બન્ધમાં ભલું અથવા બૂરું કરે તેથી તેમને ગુણ અથવા દોષ થવાનો સંભવ જ નથી. પોતાનાં અંગરૂપ દાસીઓ સાથે સમ્બન્ધ થવાથી, જે કોઈને પણ વશ નથી તેવા શ્રીકૃષ્ણનું આ લોકમાં અથવા પરલોકમાં કાંઈ પણ અનિષ્ટ થવાનું નથી. વળી અંતરંગ સેવકો જ તે જાણી શકે તેમ હોવાથી તેમની અપકીર્તિ પણ થવાની નથી. વળી બધા જીવોને એક સરખાં કર્મથી એક સરખું ફલ પ્રાપ્ત થતું નથી. એમ હોય તો (જ્ઞાનશાસ્ત્ર ભક્તિશાસ્ત્ર વગેરે) શાસ્ત્રો નકામાં થઈ જાય. ઉત્તમ કર્મ કરનાર કોઈ વાર હલકું કર્મ કરે તો તેથી તે હલકો થઈ જતો નથી.

ભગવાને ત્રણ માર્ગ કરેલા છે. તે ત્રણે માર્ગમાં સારી રીતે જેની પ્રવૃત્તિ થઈ હોય, તે માર્ગમાં જે પ્રવૃત્ત થયો હોય અને તેમાં જે પુષ્ટ થયો હોય તે હલકો થતો નથી. ૧.ભક્તિમાર્ગમાં જે પ્રવૃત્ત થયો હોય અને તેમાં પુષ્ટ થયો હોય તે હલકો થતો નથી. ભગવાનનાં ચરણકમલની રજરૂપ જે ભગવાનના સેવકો છે તેમના સેવનથી જેઓ તૃપ્ત થયેલા છે, ભગવાનના ભક્તોની સાથે ભગવાનના ગુણોનું સ્મરણ કરવાથી જ જોયેલા અને સાંભળેલા સુખને જેઓ ભૂલી ગયા છે, તેવા ભક્તો પોતાની ઈચ્છા પ્રમાણે આચરણ કરે છે. ઉત્તમ કર્મથી તેઓને કાંઈ લાભ થતો નથી તેમ જ હલકાં કર્મથી કોઈ હાનિ થતી નથી. તેવું જ ૨.કર્મમાર્ગમાં પણ છે. યોગ મોટો ધર્મ છે. તેનો પ્રભાવ અણિમા વગેરે ઐશ્વર્ય અને જ્ઞાન વગેરેની પ્રાપ્તિ કરાવવાનો છે. એ ઐશ્વર્ય વગેરેથી પહેલાં કરેલાં કર્મથી ઉત્પન્ન થયેલાં સર્વ કર્મનાં બંધનો જેમણે ફગાવી દીધા છે તેઓ પણ ઈચ્છા પ્રમાણે આચરણ કરે છે. ૩.જ્ઞાનમાર્ગીય મુનિઓ પણ ઈચ્છા પ્રમાણે આચરણ કરે છે. આ સર્વને કર્મથી કાંઈ બંધન થતું નથી. કર્મનો તેમને સમ્બન્ધ થતો જ નથી. જ્યારે ભગવાને પ્રવર્તાવેલા ત્રણ માર્ગોમાં પણ આવી વ્યવસ્થા છે તો પછી ''જેટલી ગોપજાતિના સમ્બન્ધવાળી સ્ત્રીઓ'' તેટલાં રૂપ ભોગ કરવા જેમણે પોતાની ઈચ્છાથી પ્રકટ કરેલાં તેવા ભગવાનને બંધન કેમ જ થાય? જે એટલાં બધાં પોતાનાં રૂપો પ્રકટ કરે છે અને ભોગ કર્યા પછી પાછાં તે બધાં સંકેલી દે છે, તેમને કયું કર્મ સમ્બન્ધ કરે? કર્મ દરેક જીવમાટે જુદું-જુદું નક્કી થયેલું છે. જો ભગવાને ધારણ કરેલ દરેક રૂપમાં જુદો-જુદો જીવ હોય તો તે દરેકે કરેલ કર્મથી તેને બંધન થાય. આકાશના જેમ પગલે-પગલે જુદા રૂપ છે તેમ ભગવાનનાં પણ પગલે-પગલે જુદાં રૂપ છે. જેમ દરરોજ જુદું-જુદું અન્ન ખાનાર દેહ એક જ છે એવો વ્યવહાર થાય છે, તેમ સર્વ સ્થળે જેમના શ્રીહસ્ત અને ચરણ રહેલા છે તેવા ભગવાન તેટલી-તેટલી હદમાં પોતાની ઈચ્છાથી પ્રકટ થાય છે. અથવા ભગવાને જ આ બધાં સ્વામિનીઓનાં શરીરો ધારણ કરેલા. એ પ્રમાણે પ્રમાણનો અથવા પ્રમેયનો વિચાર કરતાં પણ ભગવાનને બંધન થવાનું સંભવતું નથી.

જ્ઞાનીઓ ભક્તો અને યોગીઓ અવધૂત હોઈ લોકવ્યવહારમાં નિરુપયોગી છે, તેથી તેમનું દષ્ટાંત લાગુ પડતું નથી એમ કહેવામાં આવે તો પણ ભગવાનનાં આ કાર્યથી

લોકની મર્યાદાનો ભંગ થયો નથી. કારણ કે ભગવાન ગોપીઓના, તેમના પતિઓના અને બધાએ દેહધારીઓના આત્મા છે. પોતાનો સ્પર્શ પોતે ન કરવો એવી શાસ્ત્રમાં મના નથી. ભગવાન ગોપીઓના આત્મા હોવાથી તેમણે ગોપીઓનો સંગ કર્યો તે તેમણે પોતે પોતાનો જ સ્પર્શ કર્યો છે. વળી પરસ્ત્રી એટલે પોતાથી જુદી સ્ત્રી, અથવા પરસ્ત્રી એટલે પોતાથી જુદાની સ્ત્રી. આવું ભગવાન વિષે સંભવતું નથી, કારણ કે ભગવાન ગોપીઓના આત્મા હોઈ પોતાથી જુદી સ્ત્રીનો તેમણે સ્પર્શ કર્યો નથી, તેમજ ભગવાન ગોપીઓના પતિઓના આત્મા હોવાથી પોતાથી જુદા પુરુષની સ્ત્રીનો પણ તેમણે સ્પર્શ કર્યો નથી. તેમના લૌકિક સગાંઓ એમ માનતાં નથી પણ ભગવાન તે બધાના પણ આત્મા છે. જે ભગવાન આસન્ય (મુખ્ય પ્રાણ) અથવા જીવરૂપે સર્વની અંદર રહેલા છે, તેજ આ શ્રીકૃષ્ણે પ્રત્યક્ષ થઈ નટની જેમે પુરુષનું રૂપ ધારણ કરેલું. વાસ્તવિક રીતે તો વેદ કહે છે તેમ ભગવાન નથી પુરુષ કે નથી સ્ત્રી કે નથી ષંઢ. તેથી હર કોઈ પ્રકારે વિચાર કરતાં ભગવાનને આ કાર્યથી કાંઈ પણ દોષ થવાનું સંભવતું નથી.

વળી લોકમાં નિંદિત ગણાતું આ કર્મ ભગવાને પ્રયોજન વિના કર્યું નથી. જેમ ભગવાને ભક્તો ઉપર કૃપા કરવા મનુષ્યનો દેહ ધારણ કર્યો, કારણ કે જુદી જાતના (મનુષ્ય ન હોય તેવા) ઉપર તેમને વિશ્વાસ ન થાય તેવી રીતે ગોપીઓ ઉપર કૃપા કરવા, ગોકુલમાં તેમને પોતાના આનન્દનું દાન કરવા, ભગવાને જુદા-જુદા પ્રકારે રમણ કર્યું, કારણ કે જુદા-જુદા ધર્મ (કામ વગેરે)માં ભગવાનનો પ્રવેશ ન થાય, તો ભક્તોનો તે-તે દોષ દૂર ન થાય. આવી સ્થિતિમાં પણ ભગવાન ઉદાર પૂર્ણકામ અને સર્વનું દાન કરવાની શક્તિવાળા હોય છે. ગોપીઓની પોતામાં આસક્તિ કરાવી, તેમને ભગવાને અપાય તેવું દાન કરવાની આ લીલા એવા પ્રયોજનથી કરી કે જે કોઈ આ લીલાનું શ્રવણ કરે તે ભગવાનમાં સંપૂર્ણ પ્રકારે આસક્તિવાળો થાય.

લોકના વ્યવહાર પ્રમાણે સ્ત્રીઓ તેમના પતિઓને અધિન હોવાથી અને પતિઓએ ભગવાનને તેમને આપેલી ન હોવા છતાં ભગવાને તેમનો ભોગ કર્યો તેથી પતિઓના મનમાં ખેદ થાય અને તેઓ ભગવાનની અપકીર્તિ કરે એમ પણ બન્યું ન હતું. પતિઓએ ભગવાનની ઈર્ષ્યા ન કરી. આરંભમાં તેઓએ જાણેલ કે તેમની સ્ત્રીઓ ભગવાન પાસે જાય છે, છતાં ભગવાનની માયાથી મોહ પામી તેમણે ભગવાનની ઈર્ષ્યા ન કરી અને પાછળથી પોતપોતાની પત્નીઓ પોતપોતાની પાસે જ હોવાનું તેમણે માન્યું કારણ કે તેઓ વ્રજવાસી, આગળ પાછળનો સમ્બન્ધ ન જાણનારા, અથવા સંપૂર્ણ રીતે ભગવાને જેમનો અંગીકાર કરેલો છે તેવા હતા; અને આવા અંગીકૃત જીવો ભગવાન ઉપર દોષ મૂકે એ સંભવતું નથી. તેમની પત્નીઓ ભગવાન પાસે જ હતી, છતાં ભગવાનની માયાથી મોહ પામી તેમણે તેઓ પોત-પોતાની પાસે જ હોવાનું માન્યું. ભ્રમને લીધે આવું મનાવનારી બુદ્ધિ જ ગોપોની હતી, તેમના દેહ વગેરે બીજું બધું ભગવાનનાં જ હતાં. અમારી સ્ત્રીઓ અમારી પાસે જ છે એવી તેમની માન્યતાથી જ ભગવાન ઉપર તેમણે દોષ

ન મૂકયો, તેમજ સ્ત્રીઓમાં પણ દોષ ન જોયો. તેથી આ લીલાના સમ્બન્ધમાં ભગવાનનો કોઈ દોષ હોવાની શંકા કરવી નહીં.

પછી બ્રહ્મરાત્ર એટલે અરુણનો ઉદય થયો ત્યારે ગોપીઓમાં અંતર્યામી તરીકે રહેલા ભગવાને તેમનામાં ''હવે ઘેર જઈએ'' એવી ઈચ્છા ઉત્પન્ન કરી અને મોક્ષ આપનાર ભગવાને તે ઈચ્છાનું અનુમોદન કર્યું. કારણ કે જો તેઓ સંધ્યાકાલ સુધી અંતઃકરણમાં ભગવાનનું સ્મરણ કરે તો મોક્ષનો અધિકાર તેમને પ્રાપ્ત થાય. જો કે ગોપીઓ સર્વનો ત્યાગ કરી ભગવાન પાસે આવેલી હોવાથી તેમને ઘેર જવાની ઈચ્છા ન હતી, છતાં અંતર્યામી ભગવાને તેમનામાં એવી ઈચ્છા ઉત્પન્ન કરી ત્યારે તેઓ ગોપીઓ હોવાથી તેમનામાં ઉલટી બુદ્ધિ અથવા હઠ કરવાની બુદ્ધિ નહીં હોવાથી તેઓ પોત-પોતાને ઘેર ગઈ. છતાં તેમને પોતાનાં ઘર પ્રિય ન હતાં, ભગવાન જ પ્રિય હતા. વળી તેઓ પણ ભગવાનને પ્રિય હોવાથી તેમને સંસારનો ભય પણ ન હતો.

ભગવાનનાં આ ગોપીઓ સાથેનાં ઉત્તમ રમણની કથા સારી રીતે કહેવામાં આવતી હોય તે જે કોઈ શ્રદ્ધાવાળો થઈ સાંભળે અને શ્રવણ કર્યા પછી તેનું કીર્તન કરે તે ભગવાનની ઉત્તમ પ્રકારની ભક્તિ પ્રાપ્ત કરે છે. તે બ્રાહ્મણ વગેરે ઊંચા વર્ણનો ભલે ન હોય અને ગમે તેવાં હલકાં વર્ણનો હોય, છતાં ''ભગવાન આવી રીતે (રમણ કરીને) પણ મોક્ષ પ્રાપ્ત કરાવે છે'' એવું ભગવાનનું માહાત્મ્ય અને ભક્તોની સંપૂર્ણ પ્રકારની ભક્તિ શ્રવણ કરવાથી અને તેનું કીર્તન કરવાથી ઉત્તમ પ્રકારની ભક્તિ પ્રાપ્ત કરે છે. પછી ભક્તિ અંતઃકરણમાં સ્થિર થતાં તે કામરૂપ હૃદયના રોગને તરત જ દૂર કરે છે. જે કામરોગ પહેલાં હૃદયમાં પીડા કરનારો હતો અને ઝડપથી જ પીડા કરતો હતો, તેને તરત જ માત્ર શ્રવણથી જ દૂર કરે છે. પછી પહેલાંની વાસનાને લીધે જો તે ફરી ઉત્પન્ન થાય તો તે થોડા જ સમયમાં ધીર થાય છે. તેથી આ લીલાનું બુદ્ધિપૂર્વક શ્રવણ કરવું.

એ પ્રમાણે ભગવાને સ્વરૂપથી રમણ કર્યું. સ્વરૂપથી રમણ કરી હવે નામલીલાથી આનન્દ પ્રાપ્ત કરાવશે. ભગવાન નામલીલાથી (શબ્દથી) પણ આનન્દ પ્રાપ્ત કરાવતાં આરંભમાં ગોકુલવાસીઓની બીજા દેવમાં આસક્તિ હોય તે દૂર કરાવે છે. લોકની રીત પ્રમાણે પણ બીજા દેવ પાસે જવાથી દુઃખ ઉત્પન્ન થાય છે એમ અંબિકાયાત્રાના પ્રસંગથી સિદ્ધ થાય છે.

ગોકુલવાસીઓ દર વર્ષે અંબિકા જતા ન હતા પરંતુ એક વાર શિવરાત્રીના સમયે સાધારણ ધર્મમાં જ આસક્તિવાળા ગોપાલો કૌતુકને લીધે ઘર સાચવવા પુરુષો રાખી, બળદ જોડેલ ગાડામાં બેસી, ઠાઠ-માઠથી અંબિકા ગયા. ત્યાં પશુના પાશ છૂટે તે માટે સરસ્વતીમાં તેમણે સ્નાન કર્યું. અને પોતે પશુઓનું પાલન કરનારા હોવાથી પશુપાલન કરનારને સર્વ ફલ આપવાની શક્તિવાળા દેવ પશુપતિ (શંકર)ની પૂજા કરી. વળી દેવી પાર્વતીની આસપાસના દેવોની પણ પૂજા કરી. ગાયો, સુવર્ણ, જાતજાતનાં વસ્ત્રો, મધ અને મીઠાં અન્ન નું બ્રાહ્મણોને દાન કર્યું. મહાદેવ અથવા જે કોઈ દેવ હોય તે પોતાના ઉપર

પ્રસન્ન થાય તે માટે બધાએ એ પ્રમાણે દાન કર્યું, બીજી કાંઈ કામના તેમને ન હતી. પછી નંદ સુનંદ વગેરે અંતઃકરણ શુદ્ધ થાય તે માટે સરસ્વતીના જલનું જ પાન કરી તેના કાંઠે જ રાત્રિએ સૂતા. એટલે ઉપવાસ સુધીનો બધો ધર્મ આચર્યો. એ પ્રમાણે ધર્મ પ્રાપ્ત કરતાં ભગવાનમાં ભાવ હતો તે તિરોહિત થયો ત્યારે જેમ પોતામાં નિરોધ કરાવવા ભગવાને ગાડાને ફેંકી દીધેલું તેમ ભગવાને અહીં પણ સર્પ પાસે નંદને ગળાવ્યા. એક મોટો ભૂખ્યો અજગર, દેવગતિથી વનમાં આહાર નહીં મળવાથી ઘણો ભૂખ્યો થઈ અકસ્માત નંદ પાસે જ આવ્યો. નંદે પણ વ્રત કરેલ હોવાથી જાગતા રહેવું જોઈએ, છતાં પણ દેવગતિથી તે સમયે સૂઈ ગયેલ. અજગરે આવી નંદને ગળ્યા. કંઠથી નીચેનો ભાગ ગળ્યો ત્યારે નંદે માત્ર રાડ પાડી. પછી ભગવાનનું માહાત્મ્ય સાંભરતાં, આદરથી અથવા ભયને લીધે તેમને બોલાવ્યા અને ''આ મોટો સાપ મને ગળે છે. મને શરણ આવેલાને છોડવો'' એમ કહ્યું. ભગવાન તેમને છોડાવે તે પહેલાં તો તેમની રાડ સાંભળીને અને નંદને ગળેલા જોઈને. બીજા ગોપાલો વિચાર કર્યા વિના ભગવાનને પૂછ્યા વિના ઊઠી, ટાઢ ઉડાડવા સળગાવેલાં બળતાં લાકડાંથી સર્પને મારવા લાગ્યા. આમ કરવાથી તો નંદ પણ મરી જાય. ભગવાનની હાજરીમાં અજ્ઞાનને લીધે તેમણે જેમ આ યાત્રા કરી તેમ નંદને છોડાવવા આવો ઉપાય પણ કર્યો. સર્પને તો ગળતાં આવડે, ગળેલું મૂકતાં ન આવડે. તેથી બળતાં લાકડાં વાગવા છતાં તેણે નંદને મૂકયા નહીં. ત્યારે ભગવાને આવી તેને પોતાના ચરણથી સ્પર્શ કર્યો કારણ કે તેનાં કર્મનો નાશ કરવો જોઈએ. કર્મનો નાશ જ્ઞાનથી થાય, અથવા ભક્તિથી થાય. જ્ઞાનથી કરવો હોય તો જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેવો દેહ હોવો જોઈએ અને ભક્તિ પ્રમેય બલથી જ પ્રાપ્ત થાય. તેથી ભક્તિ અને ભગવદીય શરીર પ્રાપ્ત થાય તે માટે ભગવાને પોતે પધારી તેને પોતાના ચરણથી સ્પર્શ કર્યો. ભગવાન વૈષ્ણવોના પતિ હોવાથી વૈષ્ણવનું હિત કરવા તેમણે એ પ્રમાણે કર્યું. ભગવાનના શ્રીવાળા ચરણના સ્પર્શથી તેણે સર્પના શરીરને તજી વિદ્યાધરોના દેવનું રૂપ ધારણ કર્યું. સર્પની યોનિ સર્વથી હલકી છે તે તજી સર્વથી ઉત્તમ ભગવદીયની યોનિમાં આવ્યો. સર્વથી અધમ સર્પ સર્વથી ઉત્તમ બન્યો તેનું કારણ એ હતું કે તેને ભગવાનના ચરણનો સ્પર્શ થયો. ભગવાનના ચરણનો આટલો બધો પ્રભાવ છે. તેના સ્પર્શથી સર્પના સર્વ પાપ નાશ પામ્યાં અને તેનામાં ઉત્તમ ગુણો આવ્યા. ભગવાને આ ઉપકાર તેના ઉપર કર્યો તેનું તેને જ્ઞાન હતું એમ જણાવવા પોતાને પ્રણામ કરીને નમ્રતાથી પાસે ઉભેલા તેજસ્વી દેહવાળા અને સુર્વણની માલા પહેરેલા તેને ભગવાને પ્રશ્ન કર્યો. ભગવાન તો 'હૃષીકેશ' ઈન્દ્રિયોને

પ્રેરણા કરનાર હોવાથી તેનાં અંતઃકરણની બધીએ વાત જાણતા હતા, છતાં પણ તેનામાં શાસ્ત્રીય ભક્તિનું સ્થાપન કરવા ભગવાને તેની સાથે સંભાષણ કરી બધાને તેના અંતઃકરણની વાત જણાવી. વળી તેણે ભગવાનને પ્રણામ કર્યા હતા અને નમ્રતાથી તેમની પાસે ઊભો હતો. જેવું ભગવદીયનું તેજસ્વી શરીર હોય તેવું તેજસ્વી તેનું શરીર હતું. તેણે પુરુષનું શરીર ધારણ કર્યું હતું અને સુર્વણની માલા પહેરેલી હતી. આવી તેની

બહારની કાંતિ પણ, તેનું અંદરનું સ્વરૂપ પણ ભગવાનના આવા ઉપકારમાટે લાયક હતું એમ દર્શાવતી હતી. ભગવાને તેને પૂછ્યું કે ''તું કોણ છે? તું કઈ જાતનો છે, તારું નામ શું? તું ઉત્તમ કાંતિથી શોભે છે, એટલે સ્વભાવથી જ કોઈ ઉત્તમ પુરુષ હોવો જોઈએ. દેવો વગેરે ઘણા આવી ગયા અને જોયા, પણ તું અદ્‌ભુત દેખાય છે. તારા જેવો તેજસ્વી પહેલાં કોઈ જોયો નથી. પહેલાં પુણ્ય કર્યું ન હોય તો આવું તેજ ન હોય, પુણ્ય કર્યું હોય તો આવી હલકી સર્પની યોનિ પ્રાપ્ત થઈ ન હોય, એટલે કોઈએ શાપ આપી આવી યોનિ પ્રાપ્ત કરાવી હશે. વળી તને વનમાં કોણે ધકેલ્યો?''

તે આ પહેલાં સર્પ હતો. ભગવાનની કૃપાથી વિદ્યાધર થયો. પાછો સર્પ જ થઈ તેણે ભગવાનને ઉત્તર આપ્યો કે ''હું કોઈ અપ્રસિદ્ધ વિદ્યાધર હતો. મારું નામ 'સુદર્શન' હતું. મારા દેહની કાંતિ, મારું ધન અને મારી શક્તિ અદ્‌ભુત હોવાથી હું વિમાનમાં બેસી સર્વ બાજુએ ફરતો હતો. ક્યાંય હું ન જઈ શકું તેમ ન હતું. અંગિરસના ગોત્રમાં ઉત્પન્ન થયેલા કેટલાક ઋષિઓ અષ્ટાવક્ર જેમે કદરૂપા હતા અને મારા રૂપનો મને ગર્વ હોવાથી મેં તેમની મશ્કરી કરી. મેં વ્યંગ વાણીથી તેમને દુઃખ દીધું એટલે તેમણે શાપ દઈ મને આ યોનિ પ્રાપ્ત કરાવી, કારણ કે વિના કારણે સ્વરૂપથી પીડા કરાવનાર સર્પ જ હોય છે. મેં પહેલાં બ્રાહ્મણોની આજીવિકા પડાવી લીધેલી. તેથી મારા પાપને લીધે જ મારી આવી દશા થઈ. ઋષિઓએ તો જે થવાનું હતું તે માત્ર જણાવ્યું જ. આ શાપ તો મને કૃપારૂપ થયો, કારણ કે હું વિદ્યાધર રહ્યો હોત તો કોઈ સમયે મારી મુક્તિ જ થાત, પણ તે ઋષિઓ દયાળુ હોવાથી તેમણે મને શાપ આપ્યો, એટલે જગતના ગુરુ આપે ચરણથી મારો સ્પર્શ કર્યો. ઋષિઓની કૃપાથી જ આપનું દર્શન થઈ શકે, તે મને તેમના શાપથી જ થયું તેથી તે શાપ મને કૃપારૂપ જ થયો. વળી ત્રણે લોકને આપ જ્ઞાનનો ઉપદેશ કરનાર ગુરુ છો. ગુરુસેવાનું ફલ જ્ઞાન. ગુરુ પોતે ચરણથી સ્પર્શ કરે ત્યારે તે સેવા પુષ્ટ થાય છે. ગુરુ ઘણા વિશ્વાસુ અને પ્રીતિપાત્ર શિષ્યનો જ પોતાનાં ચરણથી સ્પર્શ કરે છે. એવા આપના સ્પર્શથી જ મારો અપરાધ અને પહેલાનું પાપ બધાં નાશ પામ્યાં. આપ તેવા સર્વ ફલ આપનારા અને જે કોઈ સર્વ તરફથી સંસારથી ભય પામેલા હોય તેમના ભયને માત્ર શરણ આવવાથી જ દૂર કરનારા છો; કારણ કે આપની સેવા કરે તે માટે આપ સર્વને સંસારમાં ઉત્પન્ન કરો છો, પણ તે બધા સંસારમાં રહેલી માયાથી તેથી ઊલટા જ ચાલે છે એટલે આપની સેવા કરતા નથી. છતાં પણ જો તેઓ 'હે કૃષ્ણ! હું તારો છું' એમ કહે તો આપ તેમનો બધોએ ભય દૂર કરો છો તેમ આપે મારો પણ બધો ભય દૂર કર્યો. મેં નંદને ગળી આપનો અપરાધ કર્યો છે, છતાં આપ શું શિક્ષા કરશો તેવો ભય મને રહ્યો નથી તેથી આપની સાથે વાતચીત કરું છું અને વચ્ચે મને ઋષિનો શાપ થયેલો તેથી પણ હું છૂટયો. આપના ચરણના સ્પર્શથી મારો દોષ અને ભય ગયા. આપ પાપનો નાશ કરનારા છો. તેથી મારું સ્વભાવિક પાપ પણ ગયું. શરણે આવનારના બધા અપરાધો દૂર થાય છે, તેથી હું આપને શરણે આવ્યો છું. આપ મહાયોગી છો. તેથી આ નંદ વગેરે આપના પિતા તથા સગાં નથી, પરંતુ આપ ઘણા

નજીકના સમ્બન્ધી હો તેમ વર્તન કરો છો, તેથી કોઈ આપને જાણતું નથી. વળી નંદને મેં ગળ્યા પણ નાનો પુરુષ હોય તે જ મારા જેવા હલકાએ કરેલો અપરાધ મનમાં લે, પણ આપ તો મહાપુરુષ છો. સત્પુરુષો બીજાનો અપરાધ સહન કરનારા હોય છે અને આપ તો તેમના પતિ હોવાથી તેમ કરો તેમાં આશ્ચર્ય જ નથી. તેથી આપ મને સેવક તરીકે જાણો. આપ 'દેવ' હોવાથી દેવ યોનિવાળો મારા વિદ્યાધરનો પક્ષપાત કરો તે યોગ્ય છે, મનુષ્ય (નંદ)નો પક્ષપાત કરો તે યોગ્ય નથી. આપ યમ કાલ વગેરે સર્વના ઈશ્વર હોવાથી આપ ક્ષમા કરશો એટલે તેઓ પણ મને શિક્ષા નહીં કરે. આપની કૃપા થતાં મને કાંઈ ચિંતા રહેશે નહીં. આપ ઉદાસીન છો, આપને કોઈ દ્વેષ કરવા યોગ્ય અથવા પ્રિય નથી, છતાં આપના ગુણો ઉદાસીન નથી. તેથી આપના દર્શનથી જ બ્રાહ્મણના શાપથી હું તરત જ મુક્ત થઈ ગયો. વળી આપના ગુણો નિત્ય છે. તેથી જે મારા અપરાધ તથા પાપ તેમને લીધે ગયા તે ગયા જ. મારા સર્વ પાપ દૂર થયાં તેમાં કાંઈ સંદેહ જ નથી, કારણ કે જો માત્ર આપનું નામ જ કોઈ લે તો તે નામ લેનાર અને તે સાંભળનાર હર કોઈ હોય તેને આપ પાપરહિત કરો છો. તેમના અધિકારની પણ પરવા કર્યા વિના તે બધાઓને આપ પાપરહિત કરો છો. માત્ર તેમના દેહના જ દોષો દૂર કરો છો એમ નથી, પરંતુ તેમના અજ્ઞાન વગેરે સર્વ દોષો પણ દૂર કરો છો અને તેમને તરત જ શુદ્ધ કરો છો. શુદ્ધ કરનારા દેશ અથવા કાલની પર તેમાં આપને જરૂર નથી. ગમે તેવા અપવિત્ર દેશમાં અને અશુભ કાલમાં પણ તેમને પવિત્ર કરો છો તો પછી વારંવાર આપનું નામ લે તે પવિત્ર થાય તેમાં શું આશ્ચર્ય? જ્યારે આપનાં નામનું આટલું માહાત્મ્ય છે તો પછી આપનાં સ્વરૂપનાં માહાત્મ્યનું તો કહેવું જ શું? મને તો આપના ચરણનો સ્પર્શ થયો. ચરણનો સ્પર્શ ઘણો દુર્લભ છે તે પણ આપે કરેલો અને સ્પર્શ કરનાર પણ આપનું ચરણ. તે ચરણમાં પવિત્ર કરનારી રજ, ગંગા વગેરે તીર્થો, અમૃતરસ અને ભક્તો પણ છે. તે બધાં ચરણમાં હોવાથી તેનો સ્પર્શ મારા સર્વ દોષ દૂર કરે જ તે ચરણ પણ સર્વ દોષ દૂર કરવા જેમણે અવતાર ધારણ કરેલ છે તેવા આપનો જ હોઈ દોષ દૂર કરે જ.''

એ પ્રમાણે કહી સુદર્શને જવા માટે ભગવાનની રજા માગી. ભગવાન શાંત રહ્યા એટલે રજા મળી છે એમ જાણી તેણે ભગવાનની પરિક્રમા કરી. સર્વ પુરુષાર્થરૂપ ભગવાનની પરિક્રમા કરવાથી સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિ તેને સ્વાધીન થઈ. પછી ભગવાનને તેણે પ્રણામ કર્યા અને તેમની સ્તુતિ કરી વિદ્યાધર લોકમાં જ સ્વર્ગે ગયો, કારણ કે તે સર્વ દોષથી મુક્ત થયો હતો. નંદ પણ દુઃખમાંથી છૂટયા અને ભગવાનનો વૈભવ તેમણે જાણ્યો.

**એવમ્ ઉદ્ધૃતભક્તાસ્તુ યદ્યન્યં સમુપાસતે ।**
**દુઃખભાજો ભવુત્યેવ મુચ્યન્તે હરિણૈવ તુ ।।**

જે ભક્તોનો ઉદ્ધાર કરેલો છે તેઓ પણ જો એવી રીતે (ભગવાન સિવાય) બીજાની ઉપાસના કરે તો તેઓ દુઃખી થાય છે જ અને ભગવાન જ તેમને (દુઃખમાંથી) મુક્ત કરે છે. ભગવાનનો આવો પ્રભાવ હોવાથી તેમની અનન્ય ભક્તિ કરવી જોઈએ.

શ્રીકૃષ્ણનો આ વૈભવ જાણી, તેમણે આ પ્રસંગે અલૌકિક શક્તિ પ્રકટ કરેલી હોવાથી બધા વ્રજવાસીઓ વિસ્મય પામ્યા. આમાં કાંઈ (ફલ) ક્રિયાથી પ્રાપ્ત થાય તેવું ન હતું. તેથી પહેલાંના કોઈ કાર્યથી આ કહેવાઈ ગયું એમ ગણાય તેવું નથી. આ વૈભવ તો પ્રભાવરૂપ છે. તેવો પ્રભાવરૂપ ન હોય તો બળતાં લાકડાના પ્રહાર કરતાં ચરણસ્પર્શ ઘણો નાજુક હોવાથી નંદને સર્પથી છોડાવવાનું કેમ બની શકે? આ પરમાનંદરૂપ શ્રીકૃષ્ણનો પોતાનો જ વૈભવ છે, પરંતુ તેમની શક્તિનો નથી એવો વ્રજવાસીઓને અનુભવ થયો. તેઓ અનુભવથી જ્ઞાન થયું હોય તેના ઉપર ઘણો આધાર રાખનાર અને ઘણા જ વિશ્વાસુ હતા. પહેલાં ભગવાનનાં કાર્યથી તેઓ વિસ્મય પામેલા હોવા છતાં, આ પ્રસંગથી તેમના પ્રભાવથી પણ વિસ્મય પામ્યા. તેથી તેમણે આરંભેલું યાત્રારૂપ કર્મ ભગવાનને જ નિવેદન કરી; ત્યાં વ્રજમાં જ સર્વની પ્રાપ્તિ થાય તેમ હોવાથી તેઓ વ્રજમાં ગયા. જો તે કર્મ ભગવાનને તેઓ નિવેદન ન કરે તો તે કર્મથી તેમને બંધન થાય. વ્રજ આવ્યા પછી મનથી પણ તેમણે બીજે કયાંય જવાની ઇચ્છા ન કરી, પણ ભગવાનની આ લીલામાં આદર રાખી તેનું જ ગાન કરતા સંપૂર્ણ રીતે ભગવાનમાં આસક્તિવાળા થયા.

પછી ગોપીઓ દ્વારા શબ્દબ્રહ્મના આનન્દથી સર્વને ભરપૂર કરવા, શબ્દરૂપ બલભદ્ર સાથે મળી ભગવાને ગોપીઓ સાથે લીલા કરવાનો આરમ્ભ કર્યો. પહેલાં જે ગોપીઓ સાથે ભગવાને લીલા કરી તેથી જુદી ગોપીઓ સાથે આ લીલા કરી છે. જે ગોપીઓ પહેલાં શાસ્ત્રમાં અને લૌકિક ધર્મમાં આસક્તિવાળી હતી તેમણે પણ ભગવાનનો પ્રભાવ જોયો અને બધું ભગવાનને અધીન છે એમ જાણ્યું, એટલે હવે તેમણે પણ ભગવાન અને બલભદ્ર સાથે રમણ કરવાની ઇચ્છા થઈ. ભગવાન 'ગોવિન્દ' હોઈ આ ગોપીઓના પણ ઇન્દ્ર હોવાથી ક્રિયાશક્તિને મુખ્ય કરી તેમણે અને બલભદ્રે કોઈ એક સમયે ઉષ્ણકાળમાં આ ગોપીઓ સાથે રમણ કર્યુ. બલભદ્રમાં આ સમયે ભગવાનનો આવેશ હતો. પ્રમાણરૂપ બલભદ્રમાં પણ જે ગોપીઓની આસક્તિ હતી તેમનો પણ બલભદ્રમાં પોતાનો આવેશ કરી ભગવાને જ અંગીકાર કરેલો હોવાથી, મધ્યમ અધિકારીઓ વેદમાં રચ્યાપચ્યા રહે તેમાં દોષ નથી. જો ભગવાનનો બલભદ્રમાં આવેશ ન હોય તો વેદરૂપ બલભદ્રમાં આસક્તિ રાખનારની અનન્યતાનો ભંગ થાય. સ્વરૂલીલાના જેવી જ આ નામલીલા વનમાં રાત્રીએ થઈ. ગાયો જેમાં મુખ્ય છે એવા વ્રજના સમ્બન્ધવાળી સ્ત્રીઓ સાથે રાત્રે વનમાં શ્રીકૃષ્ણ અને બલભદ્ર બન્નેએ વિહાર કર્યો. આ લીલામાં શબ્દ પ્રધાન હતો. તેથી અન્તઃકરણમાં સ્નેહવાળી સ્ત્રીઓ મનોહર પ્રકારે બન્નેના ચરિત્રનું ગાન કરતી હતી. તે બન્ને પણ છ ગુણોવાળા હતા. ૧.તેમણે સર્વ અલંકારો ધારણ કરેલા હતા. શબ્દના અલંકાર શિક્ષા વગેરે વેદના છ અંગો છે અને અર્થના ઉત્તમ અલંકાર દેશ વગેરે છે. અલંકાર ન હોય તો પ્રેમ થાય નહીં. ૨.પછી ચન્દન વગેરેનો અંગો ઉપર લેપ કરેલો. ૩.બન્નેએ માલાઓ ધારણ કરેલી. કીર્તિની પણ જરૂર હોવાથી કીર્તિરૂપ માલા ધારણ કરેલી. ૪.સ્વચ્છ વસ્ત્રો ધારણ કરેલા, કારણ કે દોષ ન હોવા અને શુદ્ધ માયા

એ બન્નેની જરૂર હોય છે. ૫.કર્મમાં રાત્રી જ મુખ્ય છે અને અગ્નિહોત્ર વગેરે સુધ્યામાં જ કરવામાં આવે છે, તેથી બંને સુધ્યાકાલનું સન્માન કરતા હતા. સુધ્યા સમયે ચન્દ્ર અને તારાઓ ઊગ્યા હતા. ચન્દ્રનો સુધ્યા સમયે ઉદય થયેલ તેથી તે પૂર્ણિમાની રાત્રી હતી. નક્ષત્રોનો ઉદય થયો હતો એટલે વાદળાં ન હતાં. ચન્દ્ર પ્રમાણરૂપ અને નક્ષત્રો ફલરૂપ છે. કમલના સમ્બન્ધવાળો શીતલ અને મન્દ વાયુ તે સમયે વાતો હતો અને સારી વાસનારૂપ મલ્લિકાની ગન્ધથી મત્ત થયેલા ભમરાઓ પોતાના ગુંજારથી બીજું સર્વ ભુલાવતા હતા. આ ભમરાઓ સર્વજ્ઞ હતા. આવા કાલનું શ્રીકૃષ્ણ અને બલભદ્ર ''આ ઉત્તમ કાલ છે'' એવી પ્રશંસા કરી સન્માન કરતા હતા, કારણ કે કાલ પણ કર્મનું અંગ છે. ૬.બન્ને સાથે સ્વરના સમૂહોની મૂર્ચ્છનાની કલ્પના કરતાં બધાએ પ્રાણીઓનાં મન અને કર્ણને મંગલ થાય તેવું ગાન કરતા હતા. ગાનનું પરિણામ ઉત્તમ આવતું હોવાથી તે મનને મંગલરૂપ હતું અને તેનું સ્વરૂપ ઉત્તમ હોવાથી તે કર્ણને મંગલરૂપ હતું. સ્વરની મૂર્ચ્છના વિના ગાનમાં મન મલીન થતું નથી અને મનનો લય થયા વિના સમ્પૂર્ણ રીતે ગાનમાં આસક્તિ થતી નથી, તેથી તેઓ બન્ને એ પ્રમાણે ગાન કરતા હતા. બન્નેનું પ્રયોજન એક જ હતું. તે બેનું એવું ગાન સાંભળીને ગોપીઓ મૂર્ચ્છા પામી અને તેમને દેહનું ભાન ન રહ્યું....

પ્રમાણમાર્ગમાં દૈત્યનો ઉપદ્રવ થાય જ; તેથી જ્યારે શ્રીકૃષ્ણ અને બલભદ્ર ક્રીડા કરતા હતા ... ત્યારે કુબેરનો 'શંખચૂડ' નામનો સેવક ભગવાનને પ્રાકૃત પુરુષ જાણીને સ્ત્રીઓને લઈ જવા ત્યાં આવ્યો. જ્યારે શ્રીકૃષ્ણનો બલભદ્રમાં આવેશ થયો હોય ત્યારે આવેશ(બલભદ્ર) અને અવતાર(શ્રીકૃષ્ણ) સમાન થતા હોવાથી બન્ને ઉન્મત્ત થયેલ. શંખરૂપ નિધિ જેવા ચૂડા (માથા)માં હતો તે શંખચૂડ એટલે તેને નિધિ પ્રાપ્ત થયેલ હોવાથી તે ઘણો જ ઉન્મત્ત થયેલો. 'ધનદ' એ નામ જ લક્ષ્મીના મદરૂપ બધા ગુણ દર્શાવે છે. તેથી જ્યાં ધન છે ત્યાં જ સ્ત્રીઓ હોવી જોઈએ એવા વિચારથી શંખચૂડ સ્ત્રીઓને લઈ જવા આવ્યો. કારણ કે ગોપીરૂપ બધી શ્રુતિઓને લૌકિક બનાવવી જોઈએ, એવી પાંખડીઓની બુદ્ધિ હોય છે. શ્રીકૃષ્ણ અને બલભદ્ર જોતા હતા એટલામાં તેઓ જ જેમના નાથ હતા તેવી રાડો પાડતી સ્ત્રીઓના સમૂહને તે નિર્ભય થઈ ઉત્તર દિશામાં લઈ ગયો. આ બન્ને તે સ્ત્રીઓના નાથ હતા તેથી તેઓ ગઈ, પણ જો એક (શ્રીકૃષ્ણ)માં જ આસક્તિવાળી હોત તો જાત નહીં. તેઓની જવાની ઈચ્છા નહીં હોવાથી તેઓ રાડો પાડતી હતી. શંખચૂડ પણ નિર્ભય હતો. જેમ રોકી ન શકાય તેવા બલવાળો કાલ બધાને હરી જાય છે તેમ આ પણ સ્ત્રીઓને લઈ જતો હતો. તેનું ઘર ઉત્તર દિશામાં હોવાથી અને પોતાના ઘરમાં બધા વિશેષ બલવાન થતા હોવાથી તે તેમને ઉત્તર દિશામાં લઈ ગયો. તેથી જ તે ''ભગવાન શું કરશે?'' એમ માનતો ભય વિનાનો હતો. જેમ ચોરે પકડેલી ગાયો બરાડે તેમ સ્ત્રીઓ 'હે કૃષ્ણ! હે બલભદ્ર!' એવી રાડો પાડતી હતી. જો તેઓ રાડો પાડતી ન હોત તો ભગવાન તેમનું રક્ષણ ન પણ કરત, કારણ કે જેનું પોતાની મેળે બીજામાં ચિત્ત લાગેલું હોય તેનું ભગવાન રક્ષણ કરતા નથી. તેમાં પણ જો તેઓ બીજાના સમ્બન્ધવાળી હોત તો ભગવાન રક્ષણ ન કરત,

પરન્તુ આમનો તો પહેલાં જ ભગવાને સ્વીકાર કરેલો હતો. તેથી તેમને શંખચૂડ લઈ ગયો તે પછી બન્ને ભાઈઓ તેની પાછળ દોડ્યા. તે બન્નેએ 'ભય ન પામો' એમ ભય દૂર કરનારું વચન કહ્યું. પોતાનું સામર્થ્ય દૂરથી જ દેખાડવા હાથમાં સાગના વૃક્ષો તેમનું કાંઈ પણ પ્રયોજન ન હોવાં છતાં લીધાં અને નાસી જવા ઝડપથી દોડતો તે અધમ યક્ષ શંખચૂડ પાસે ઘણા વેગથી દોડી ગયા. પોતે પહોંચે તેટલામાં શંખચૂડ એક પણ ગોપીને લઈ જતો ન રહે અથવા એકનો સ્પર્શ ન કરે તે માટે, તેઓ ઝડપથી કાંઈ પણ વિચાર કર્યા વિના જ દોડી પહોચ્યાં. મનુષ્ય કરતાં દેવ સામાન્ય રીતે વધારે બલવાન હોવાથી એ પ્રમાણે દોડી જતાં વિચાર કરવો યોગ્ય ગણાય. શંખચૂડ યક્ષ હોવાથી ગોપીઓને લઈ જવા આવેલો, પણ અધમ હોવાથી નાઠો. પોતાના મરણના 'કાલ' અને મરનાર 'મૃત્યુ'ના જેવા તે બેને પાછળ આવતા જોઈને તે અલ્પબુદ્ધિવાળો સ્ત્રીઓને મૂકી દઈને ભાગ્યો. ''કાલ અને મૃત્યુ બેમાંથી એકને પણ રોકી શકાય નહીં તો પછી બન્ને આવે છે ત્યારે મારું શું થશે? અને જીવતો હોઈશ તો ભોગ પ્રાપ્ત થશે'' એવા વિચારથી જીવતા રહેવાની ઈચ્છાથી તે નાઠો. તે અક્કલ વિનાનો હોવાથી ભગવાનને શરણે ન ગયો. જો શરણ ગયો હોત તો જીવત. નાસવાથી જીવાય તેમ ન હતું. જ્યાં-જ્યાં તે દોડી ગયો ત્યાં-ત્યાં ગોવિન્દ તેની પાછળ દોડ્યા. કારણ કે સ્ત્રીઓનું રક્ષણ કરવામાં તેમની ક્રિયાનો ઉપયોગ કરવો જોઈએ. તેમ ન કરે તો ઈન્દ્રપણું ન રહે અને 'ગોવિન્દ' ન કહેવાય. દોષનો જડમૂલથી નાશ કરવાથી જ તેમનું રક્ષણ થાય. તેના માથામાં મણિ હતો તે લેવા ભગવાન તેની પાછળ દોડ્યા અને દૂરથી તેને હણ્યો નહીં; કારણ કે તેને ભગવાન દૂરથી હણે તો તેના સમ્બન્ધવાળા યક્ષો તેને લઈ જાય (એટલે મણિ જતો રહે) અને જ્યાં સુધી તેના માથામાં મણિ હોય ત્યાં સુધી મણિની જેમે શસ્ત્રથી પણ તે મરે તેવો ન હતો. તેથી જીવો તેને હણી શકે તેમ નહીં હોવાથી ભગવાન પોતે તેની પાછળ-પાછળ દોડ્યા. બલભદ્ર સ્ત્રીઓનું રક્ષણ કરતા ત્યાં ઊભા રહ્યા. જો તેમ ન કરે તો તેના સમ્બન્ધવાળા બીજા યક્ષો તેમને લઈ જાય. યક્ષો ઘણાં હતા અને તેઓ સ્ત્રીઓનો ઘાત પણ કરે. તેથી ઘણાં યક્ષો સામા આવે તો પણ રક્ષણ કરવાનાં બલવાળા બલભદ્ર તેમનું રક્ષણ કરવા રહ્યા, કારણ કે સ્ત્રીઓનું રક્ષણ કરવું જ જોઈએ. ભગવાને થોડા જ સમયમાં શંખચૂડ પાછળ ઘણું અન્તર દોડીને તેને પકડી પાડી પોતાની મૂઠીથી જ રત્ન સાથે તેનું માથું હરી લીધું. નાસતો હોય તેને હણવો ન જોઈએ, પરન્તુ શંખચૂડ દુષ્ટ હોવાથી વધ કરવા યોગ્ય જ હતો, કારણ કે વેદનો દ્વેષ કરનારાઓ હણવા યોગ્ય જ છે. તે સ્ત્રીઓને લઈ જતો હતો એ તેને હણવાનું કારણ ઉત્પન્ન થયું હતું. નહીં તો ભગવાને તેને પહેલાં જ હણ્યો હોત. હમણાં ભગવાન તેને જવા દે, તો તે પાછો ફરી આવે અથવા બલભદ્ર ક્રીડા કરતા હોય ત્યારે આવી ઉપદ્રવ કરે. તેથી જેમાં જ્ઞાનશક્તિ મુખ્ય છે તેવું તેનું માથું જ ભગવાને હરી લીધું, પણ તેના કટકા ન કર્યા. જ્યારે તેણે ગોપીઓને લઈ જવાની પ્રવૃત્તિ કરી ત્યારે જ તેના અવયવોને ભેગા રાખનાર દેવો અવયવોમાંથી જતા રહેલા. માત્ર મણિના પ્રભાવથી દેહ ટકી રહેલો. તેથી જેમ ચોખાના ઢગલામાંથી મૂઠીથી

ચોખા લઈ લેવાય, તેમ ભગવાને એકઠા રહેલા તેના અવયવો મૂઠીથી જ લઈ લીધા. ભગવાને તો તેના માથામાં મણિ હતો તે મણિ સહિત તેનું માથું ઉપાડી લીધું. સ્ત્રીઓને લઈ જવારૂપ તેનાં કર્મથી જ તેના અવયવો સંસર્ગ વિનાના થઈ ગયેલા હોવાથી ભગવાન ક્લેશ વિના જ કર્મ કરનારા છે. વળી મણિની પણ શક્તિ દૂર કરવા તે સમર્થ છે. એવી રીતે ભગવાને શંખચૂડને હણ્યો અને તેને મુક્તિ ન આપી. મણિ તેજસ્વી હોવાથી તેમાં રહેલ દેવતા સાથે તે લીધો અને બલભદ્ર તેનો ઉપયોગ કરે તે સાથે બલભદ્રને તે પ્રેમથી આપી તેમની કામના સફળ કરી. મણિ બધી સ્ત્રીઓને ભગવાને દેખાડ્યો અને તેમણે તેનો સ્પર્શ કર્યા પછી બીજા દેવો અને સ્ત્રીઓ ના દેખતાં તે બલભદ્રને આપ્યો. આ શબ્દલીલામાં કાલ મુખ્ય છે તેથી આ લીલામાં દૈત્યો વિઘ્ન કરે છે. વિઘ્ન થાય ત્યારે ભગવાનના સામર્થ્યથી તે દૂર કરવામાં આવે છે. શબ્દ (વેદ)નું માહાત્મ્ય દર્શાવાય છે, એવા અભિપ્રાયથી ભગવાન મણિ બલભદ્રને જ આપે છે. ભગવાનનું લૌકિક અને આલૌકિક માહાત્મ્ય જાણવામાં આવે ત્યારે જ વેદો પોતાથી જ પ્રમાણ છે એમ સિદ્ધ થાય. એમ ન હોય તો જેમ મૂર્ખ મીમાંસકો વેદને અનુમાનથી ભરપૂર માને છે તેવો તે થઈ જાય. ભગવાને મણિ બલભદ્રને આપ્યો તેથી એમ જણાય છે કે પ્રમાણ સિદ્ધ થાય તે માટે ભગવાન જે કાંઈ કરે છે તે-તે પ્રમાણના અધિષ્ઠાતા બલભદ્રને જ આપે છે. આ લીલામાં પ્રમાણબલ જ મુખ્ય હોવાથી, પ્રમેયબલ અહીં કાંઈ પણ દર્શાવેલું નથી.

ગોપીઓએ રાત્રે ભગવાન સાથે ક્રીડા કરી. પરન્તુ દિવસે પણ તેમની સંસારમાં પ્રવૃત્તિ થઈ નહીં. દિવસે પણ તેઓ ભગવાનના ગુણોનું વર્ણન કરવામાં લાગી રહી, કારણ કે "અન્તઃ પ્રવિષ્ટો ભગવાન મુખાદ્ ઉદ્‌ધૃત્ય કર્ણયોઃ, પુનર્નિવેશ્યતે સમ્યક્ તદા ભવતિ સુસ્થિરઃ". અન્તઃકરણમાં પ્રવેશ કરેલા ભગવાનને જ્યારે મુખમાંથી બહાર કાઢી ફરીથી કાન દ્વારા અંદર પ્રવેશ કરાવવામાં આવે ત્યારે તે ઘણાં સ્થિર થઈ રહે છે. તેથી ભગવાનના ગુણોનું વર્ણન કરવાનું જરૂરી છે. તેમ કરતાં આરમ્ભમાં દુઃખ થાય, પરન્તુ પરિણામે ઘણું સુખ થાય છે. જે ગોપીઓએ પહેલાં શ્રીકૃષ્ણ સાથે જ ક્રીડા કરેલી તેમનું ચિત્ત બીજા કોઈને ગ્રહણ કરી શકતું ન હતું. તેથી જ્યારે દિવસે ભગવાન વનમાં પધાર્યા ત્યારે તેમનાં ચિત્ત ભગવાનની પાછળ દોડ્યાં. તેથી તેમણે ભગવાનની લીલાઓનું ગાન કરવા માડ્યું. જેવું શ્રીકૃષ્ણનું સ્વરૂપ સદાનન્દરૂપ છે, તેવી જ તેમની લીલાઓ પણ સદાનન્દ છે. તેથી જ્યારે ભગવાનનો વિયોગ થાય ત્યારે તેમની લીલાઓ સિવાય બીજું બધું સ્વરૂપથી હલકું હોઈ ગોપીઓનાં જીવનને ટકાવી રાખી શકે નહીં. તેથી જેમ-તેમ કરી મનનું ઘણું દુઃખ સહન કરી તેઓ દિવસો ગાળતી. પણ જ્યારે તેમનાં ચિત્ત ભગવાનનાં છૂટાં છવાયાં ચરિત્રોમાં લીન થઈ તેમાં ભળી જશે ત્યારે તેમના મનોરથ પૂર્ણ થશે. હમણાં તો બધી સામગ્રી છૂટી પડી ગયેલી હોવાથી તેઓ રાત્રી આવે તેની રાહ જોતી, રાત્રી માટે પ્રાણ નભાવી રાખતી ભગવાનના ગુણોનું ગાન કરતી, દિવસો દુઃખમાં ગાળતી. આ ગુણગાનમાં શબ્દ અને તેનો અર્થ બન્ને મુખ્ય હોવાથી યુગ્મ (બબ્બે શ્લોકનાં જોડકાં)થી તેઓ ગુણગાન કરે છે. ભગવાન

દરેક માસમાં જે-જે લીલા કરે છે તે એક-એક જોડકાંથી કહેલી હોઈ બાર જોડકાંથી આ લીલાનું તેમણે ગાન કર્યું. કોઈવાર અધિક માસ આવે છે, તેથી આ જોડકાંની પહેલાના અને તેમની પછીના ફલ જણાવનાર શ્લોકનું જોડકું ગણતાં તેર જોડકાં આ લીલાનું ગાન કરનારાં થાય છે.

રજસ્, સત્ત્વ, તમસ્ એ ત્રણ ગુણો છે. તે દરેકના રજસ્, સત્ત્વ અને તમસ્ એવા પેટાવિભાગ ગણતાં નવ ગુણો થાય છે અને નિગુર્ણના જ્ઞાન અને ભક્તિ એવા ભેદથી ત્રણ પ્રકાર ગણતાં બાર પ્રકાર થતાં હોવાથી અહીં ગોપીઓ બાર જોડકાં શ્લોકોથી ભગવાનનાં ગુણોનું જ્ઞાન કરે છે. તે પૈકી પહેલાં વેણુનાદના પ્રભાવે દેવોની સ્ત્રીઓની કેવી સ્થિતિ કરી તે કહે છે (૧)''ડાબા બાહુ ઉપર ટેકાવેલા ડાબા ગાલવાળા, નચાવેલી ભ્રમરવાળા મુકુન્દ જ્યારે કોમલ આંગળીઓથી પૂરેલ છિદ્રવાળાં અધર ઉપર રાખેલ વેણુને વગાડે છે ત્યારે સિદ્ધો સાથે વિમાનમાં ફરનારાની સ્ત્રીઓ વિસ્મય પામે છે, તે (નાદ)ને ઓળખીને લજ્જા પામે છે, કામના બાણને ચિત્ત સમર્પણ કરી મૂર્ચ્છા પામે છે.

વેગેનો નાદ પાંચ પ્રકારે થાય છે. ૧.વેણુને સમાન રીતે ડાબી બાજુએથી ધારણ કરીને ૨.તેવી જ રીતે જમણી બાજુએથી ધારણ કરીને ૩.તેવી જ રીતે મધ્યમાંથી ધારણ કરીને ૪.ઉપર ધારણ કરીને અને ૫.નીચે ધારણ કરીને. પહેલા પ્રકારે ધારણ કરેલા વેણુનો નાદ સ્ત્રીઓના કામને જાગ્રત કરે છે, બીજા પ્રકારે ધારણ કરેલાનો નાદ સ્ત્રીઓના અને પુરુષોના કામને જાગ્રત કરે છે, ત્રીજા પ્રકારે ધારણ કરેલાનો નાદ સર્વ પ્રાણીઓના અને જડ પદાર્થોના કામને જાગ્રત કરે છે, ચોથા પ્રકારે ધારણ કરેલાનો નાદ દેવોના અને પાંચમા પ્રકારે ધારણ કરેલાનો નાદ હલકા પ્રાણીઓના કામને જાગ્રત કરે છે. ...

પછી ગોયોને પણ વેણુનાદથી તેવી જ અસર થઈ એવું ગાન કરતાં કહે છે કે (૨)''હારના જેવા હાસ્યવાળા! વક્ષઃસ્થલ ઉપર સ્થિર વીજળીવાળા, દુઃખી પુરુષોને આનન્દ આપનારા આ નંદના પુત્ર જ્યારે વેણનું કૂજન કરે છે ત્યારે જથ્થાબંધ વ્રજના આખલાઓ, જંગલી પશુઓ અને ગાયો દૂરથી વેણુના નાદથી હરાયેલા ચિત્તવાળા થતાં દાંતોથી કરડેલ કોળીયાવાળા રહી, કાન માંડી નિદ્રામાં પડેલા, જાણે ચિત્રમાં આલેખેલાં હોય તેવાં થાય છે. આ આશ્ચર્યકારક છે...

આવા વેણુને વગાડનારા ભગવાન ૧.હારના જેવાં હાસ્યવાળા ૨.વક્ષઃસ્થળ ઉપર વિજળીવાળા ૩.નંદના પુત્ર અને ૪.બધાયે દુઃખી પુરુષોને આનન્દ આપનારા છે. જો બધા પુરુષોને આનન્દ આપનારા ન હોત તો હમણાં આપણી સમક્ષ પ્રકટ ન થાત. ૧.બીજાનું હાસ્ય દોરડાં જેમે એક સરખું હોય છે, પણ ભગવાનનું હાસ્ય રત્નોથી છૂટાં પાડેલાં મોતીઓના હાર જેવું છે. દાંતોની કાન્તિથી શણગારેલું છે. આવાં હાસ્યથી ભગવાને જગત્ને પ્રપંચમાં મોહ કરવાનું સ્થિર કરેલું છે. સ્નેહની કલાઓ (દાંતો)થી માયા (હાસ્ય)ના વિભાગ કરેલા છે. જેમ લોક્માં જે જોવામાં આવે તે પ્રમાણ ગણાય છે તેમ વેદમાં શ્રુતિ પ્રમાણ છે. જેટલું કહેવાથી જ જેનું જ્ઞાન કરાવવાનું છે તે બરાબર જણાય

તેટલું જ કહેવામાં આવે છે. ૨.સંસારમાં પુત્ર વગેરેમાં આસક્તિ હોય તેને જ પોતાની અંદર ભગવાન સ્થિર કરે છે એટલું જ નહીં, વક્ષઃસ્થલ ઉપર વિજળીવાળા હોવાથી જેમની ધન વગેરેમાં આસક્તિ હોય તેમને પણ તે પોતાની અંદર સ્થિર કરે છે. એવી રીતે ભગવાન પ્રમાણબલનો અનાદર કરે છે.

''ભગવાને પ્રમેયબલનો પણ અનાદર કરવા બે કાર્યો કર્યા. ૩.તે પોતે જ નંદના પુત્ર થયા અને ૪.પોતે જ ભૂતલ ઉપર પધારી દુઃખીઓને આનન્દ આપ્યો. પુરુષો આવાં કાર્ય કરતા નથી તેથી ભગવાનનાં આ કાર્યો આશ્ચર્યકારક છે. આ જ અર્થને પ્રકટ કરતાં ભગવાન વેણુ વગાડે છે, અથવા પહેલા કરતાં નીચું મુખ રાખી વેણુ વગાડે છે. આવા ભગવાન નંદના પુત્ર થતાં અને તે પણ પોતાના ઉપર ઉપકાર કરનારા થતાં તેમનામાં સ્નેહ વધે છે. ૫.કૂજન વેણુ વગાડવાનો એક પ્રકાર છે. તે સર્વની અન્દર રહેલા પ્રાણધર્મનું હરણ કરે છે. તે પશુઓના પ્રાણ હરે છે. એકાદ પશુના પ્રાણ હરાય તો બીજા કોઈ કારણથી પણ તે હરાયા હોવાનું મનાય, પરન્તુ વેણુનો નાદ થતાં પશુઓના આખા ધણના પ્રાણ હરાય ત્યારે તે નાદથી જ હરાયેલા હોવા જોઈએ. વ્રજમાં રહેલા આખલાઓ, છૂટા મૂકેલા આખલાઓ જેમે મોટી ખૂંધવાળા મસ્ત હોય છે, અને ગાડાં વગેરે વહે છે. તેઓ નેસડાની સમીપ રહે છે, એટલે ગામના પશુઓ છે. જંગલી પશુઓ અને ગાયો વનમાં મળી આવે છે. ગામના અને વનનાં બધા પશુઓનાં ચિત્ત વેણુનાદથી હરાય છે. તેઓ ભગવાનની સમીપ પણ જઈ શકતાં નથી, પણ દૂરથી જ હરાયેલા ચિત્તવાળા થાય છે. તેમનાં ચિત્ત હરવાં એ વેણુનાદનો સ્વાભાવિક ગુણ છે. તેમ કરવા માટે તેને ભગવાનની સન્નિધિની જરૂર પણ નથી. આ પશુઓએ ઘાસરૂપ કોળીઆ માત્ર દાંતથી કરડેલા, વેણુનાદ થતાં તેઓ એ કોળીયાનો ત્યાગ કરી ન શક્યા, તેમ ખાઈ પણ ન શક્યા. તેમની બધી ક્રિયાઓ નાદથી બંધ થઈ ગઈ. દેવોની સ્ત્રીઓ જેમે મૂર્ચ્છા થવાથી તેમની ક્રિયાઓ અટકી પડી ન હતી, પણ બધાં કાર્ય તજી વેણુનાદ સાંભળવા તેમણે કાન માંડ્યાં. તેમની બહારની બધી ક્રિયા અટકી પડતાં તેઓ નિદ્રામાં પડેલા જેવા થયા અને પછી ચિત્રમાં આલેખેલા હોય તેવા થયા, એટલે સ્થાવર પદાર્થો કરતાં પણ અધિક સ્થિર થયાં. આ ઘણું આશ્ચર્યકારક છે.

પછી વેણુનાદથી જડ નદીઓને પણ ભગવાનનાં ચરણારવિન્દની રજની ઈચ્છા થઈ એવું ગાન કરતાં તેમણે કહ્યું કે (૩)''મોરનાં પીંછાંઓના ગુચ્છાઓ, ધાતુઓ અને પાંદડાઓથી ગોઠવેલ મલ્લના વેશનું જેમણે અનુકરણ કરેલ છે તેવા મુકુન્દ કોઈ વાર જ્યારે બલભદ્ર સાથે અને ગોપો સાથે ગાયોને બોલાવે છે ત્યારે જેમની ગતિ ભાંગી ગઈ છે તેવી નદીઓ પવને આણેલી તેમનાં ચરણારવિન્દની રજની ઈચ્છા કરે છે. આપણી જેમે બહુ પુણ્યવાળી નહીં હોવાથી પ્રેમથી ભુજાઓ કંપાવે છે અને સ્થિર જલવાળી થાય છે. ચેતન પ્રાણીઓની ક્રિયા તો મૂર્ચ્છામાં અથવા નિદ્રા વગેરેમાં બંધ પડે છે પણ નદીઓની ક્રિયા તો કયારેય બંધ થતી નથી અને સદા ચાલુ રહે છે. તેમાં પણ મોટી નદીઓની ક્રિયા તો બંધ પડતી જ નથી. તેઓનો બંધ પણ થતો નથી. છતાં આવી નદીઓની ક્રિયા પણ વેણુનાદથી

અટકી પડી.

મોરના પીછાંઓના ગુચ્છાઓ, ગેરુ વગેરે ધાતુઓ તથા પાંદડાઓ અથવા પાંદડાંના આકારની ધાતુઓની આકૃતિઓથી ભગવાને પોતે મલ્લના વેશનું અનુકરણ કરેલું છે. નાટકના મલ્લની જેમે આવો બનાવટી વેશ ધારણ કર્યો. નૃત્યના વેશનું અનુકરણ કરેલું હોવાની ક્રિયાશક્તિ પ્રકટ થઈ અને તે નદીઓને આકર્ષણ કરે છે. જ્યારે ક્રિયાશક્તિમાં ઉત્સાહ હોય તેવા કોઈ સમયે જ ભગવાન આવો વેશ ધારણ કરે છે, બલભદ્ર સાથે ભળે છે, ગોપો સાથે ભળે છે અને વૈકુંઠમાં જે લીલા થતી તે અહીં પણ કરે છે.

તે સમયે ભગવાન ગાયોને બોલાવે છે. વેણુનાદથી જ ગાયોને બોલાવે છે, અથવા વેણુનાદ જેવા અવાજથી ગાયોને બોલાવે છે. ગાયો પાસે મોક્ષ પ્રાપ્ત કરવાનું સાધન હોતું નથી અને તેમને મોક્ષ આપવો છે. તેથી તેમને મોક્ષ આપવા અથવા પોતાનો રસ તેમનામાં મૂકવા, એટલે પોતાનાં સ્વરૂપનું તેમને ભાન કરાવવા ભગવાન તેમને બોલાવે છે. 'ગચ્છન્તિ' જાય તે ગાય અને 'સરન્તિ' સરે, વહે, વહ્યા કરે તે સરિત્ (નદી). બંને ગતિ કર્યા કરે છે. તેથી ભગવાને ગાયોને બોલાવી ત્યારે નદીઓએ જાણ્યું કે ભગવાને અમને બોલાવી. તેથી નાદ સાંભળ્યો કે નદીઓ વહેતી બંધ થઈ ગઈ, કારણ કે ભગવાનની આજ્ઞાનું કોઈથી પણ ઉલ્લંઘન થઈ શકતું નથી. નદીઓનો પતિ સમુદ્ર છે. પણ તેમને વૈષ્ણવ થવાની ઈચ્છા છે. તેથી ભગવાનને પતિ કરવાની ઈચ્છાથી તેમણે ભગવાનનાં ચરણાવિંદની રજની ઈચ્છા કરી. વાયુ ભગવાનનાં ચરણાવિંદની રજ લાવે છે અને તે જલની ઈચ્છા રાખતો હોવાથી નદીઓને તેની સાથે સારો સમ્બન્ધ હોય છે. પણ ભગવદીઓને જ ભગવાનનો સમ્બન્ધ પ્રાપ્ત થાય છે. નદીઓ દેવતા હોવાથી તેમનાં મનમાં તો કામ જ હતો. તેથી ભવિષ્યમાં કાંલિદી પણ કામની ઈચ્છાવાળાં થશે. હમણા તો નદીઓ બહુ પુણ્યવાળી નહીં હોવાથી તેવી થઈ શકે તેમ નથી એટલે દિવસે ગાયનું અથવા ગોપાલનું અને રાત્રે સ્ત્રીનું (ભગવાન સાથે રહી શકે તેવું) રૂપ તેઓનું થઈ શકે તેમ નથી. આપણે ગોપીઓ પણ બહુ પુણ્યવાળી નથી, કારણ કે આપણે પણ દિવસે ગાય અથવા ગોપાલ થઈ શકતી નથી અને પુણ્ય વિના ઈચ્છેલા પદાર્થની પ્રાપ્તિ થતી નથી. નદીઓ પણ આપણી જેમે બહુ પુણ્યવાળી નહીં હોવાથી ઈચ્છા જ કરે છે, પણ તેમનું કાર્ય સિધ્ધ થતું નથી. વળી પ્રેમથી તેમની ભુજાઓ કાંપે છે તેથી પણ તેમની અંદર રહેલો ભાવ જણાય છે. તેમની ભુજા(મોજાં) વાયુથી કાંપતી નથી પણ પ્રેમથીજ કાંપે છે, તેથી તેઓને વિરહનું દુઃખ છે એમ સ્પષ્ટ થાય છે. વળી તેમનાં જલ પણ સ્થિર થયેલાં છે. રજોગુણના ત્રણ ભેદવાળી ગોપીઓએ એવી રીતે ગાન કર્યું.

લતાઓ અને વૃક્ષો, પક્ષીઓ અને મેઘ સાત્ત્વિક છે. વેણુના નાદથી તેઓ ભક્તિથી ભરપૂર થાય છે. આ ત્રણ પૈકી વૃંદાવનની લતાઓ અને વૃક્ષો વૈષ્ણવ હોઈ તેમનામાં વેણુનાદથી પ્રેમરસ ઉભરાય છે તેથી તેમને માટે કરેલ નાદનું અને તે નાદ કરનાર ભગવાનનું ભક્તિને અનુસરીને ગાન કરતાં ગોપીઓ કહે છે કે (૪)''જ્યારે સેવકોથી સારી

રીતે વર્ણન કરાયેલાં વીર્યવાળા, આદિપુરુષની જેમે અચલ લક્ષ્મીવાળા, વનમાં ફરતા ભગવાન પર્વતની કોર ઉપર ચડતી ગાયોને વેણુથી બોલાવે છે ત્યારે વનની લતાઓ અને વૃક્ષો પોતાની અંદર જાણે કે વિષ્ણુને દર્શાવતાં હોય તેમ પુષ્પો–ફલોથી ભરપૂર થાય છે, નમેલી અને ભારવાળી ડાળોવાળા થાય છે અને પ્રેમથી હરખાયેલ દેહવાળા થઈ મકરંદની ધારાઓ વરસાવે છે.

સેવક, ગોપો અને અનુચર વેદ, ભગવાનનાં જગતના કર્તા હોવાપણું વગેરે વીર્યોનું સારી રીતે વર્ણન કરે છે. ભગવાન આદિપુરુષ પુરુષોત્તમની જેમે અચલ લક્ષ્મીવાળા છે એવું લોકને અનુસરી ભગવાનનું ઉત્તમ માહાત્મ્ય તેઓ કહે છે. ભગવાન લૌકિક પુરુષોની સાથે સમ્બન્ધમાં આવતા હોવાથી તેઓ તેમની પુરુષોત્તમ સાથે સરખામણી જ કરે છે પણ તે પોતે જ પુરુષોત્તમ છે એમ જાણતા નથી. ભગવાન વનમાં ફરે છે એટલે સત્ત્વવાળી ભૂમિમાં સાત્ત્વિક ભાવથી રહે છે. ભગવાન પોતે વનમાં સપાટ ભૂમિ ઉપર રહીને પર્વતની કોર ઉપર ચરતી ગાયોને ભયવાળા સ્થાનમાંથી સપાટ ભૂમિ ઉપર બોલાવે છે. ભગવાન વેણુનાદ દ્વારા તે ગાયો વગેરેમાં પ્રવેશ કરી અલૌકિક પ્રકારે તેમને બોલાવે છે. ગાયો પણ વેણુનાદને ઓળખે છે અને તેથી કરેલો સંકેત, એટલે ભગવાન કોને આ નાદથી બોલાવે છે એમ જાણે છે. તેવી જ રીતે વૃંદાવનની લતાઓ અને વૃક્ષો પણ વેણુનાદને ઓળખે છે અને તેથી કરેલ સંકેત જાણે છે.

ભગવાન પોતાની નજીક ફરે છે અને પોતાનાં ગાયો આખલાઓ વગેરેને બોલાવે છે એમ જાણીને તે બધાને ભોગ પ્રાપ્ત થાય તે માટે વનની લતાઓએ અને વૃક્ષોએ પોતાની અંદર રહેલો આનન્દ પ્રકટ કર્યો. જેમ ભગવદીય સ્ત્રીઓ અને પુરુષો ભગવાન અને ભગવદીયો પધારે ત્યારે આનન્દ પામે છે અને તેઓના ભોગ માટે પોતાનું હોય તે આપે છે તેમ આ લત્તાઓએ અને વૃક્ષોએ કર્યું. આ બધા સ્થાવર હોવા છતાં પણ પોતાની અંદર જાણે વિષ્ણુને દર્શાવતાં હોય તેમ ચેતનના ગુણો પ્રકટ કરે છે. ચેતનોમાં જ ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનો આવિર્ભાવ થાય છે અને તેઓ અનુક્રમે સત્, ચિત્ અને આનન્દ રૂપ જણાય છે. તેમની અંદર પ્રવેશેલા ભગવાન જ્યારે પ્રકટ થાય ત્યારે આ સર્વ ઘટે છે. ૧.લતાઓ અને વૃક્ષો માં ભગવાનની ક્રિયાશક્તિનો આવિર્ભાવ થતાં તે બધાં પુષ્પો અને ફલોથી ભરપૂર થયાં. પુષ્પો મધ્યનું ફલ અને છેવટનું ફલ છે. જેમાં ભગવાન પ્રવેશ કરે તેમાં મધ્યનાં અને છેવટનાં ફલ થાય છે. આવાં ફલોથી ભરપૂર થઈ તેઓ જણાવે છે કે ભગવાન તેમનામાં પ્રવેશ કરી પ્રકટ થયા છે. ૨.વળી તેઓ નમેલી અને ભારવાળી ડાળોવાળાં થયાં. તેમની શાખાઓ ભગવાનને નમી અને ભારવાળી થઈ. ભારથી નમી ન હતી પરંતુ ભગવાન પ્રતિ આદર દર્શાવવા જ નમેલી હતી. આ એમ દર્શાવે છે કે તેમનામાં 'સત્' ભલાઈ વધી ગઈ. ૩.તેમના દેહ પ્રેમથી હરખાયાં. તેથી એમ જણાય છે કે તેમનામાં જ્ઞાનરૂપ ચિત્ વધ્યું, કારણ કે ભક્તો જ પ્રેમને લીધે હરખાયેલા અને રોમાંચવાળા થાય છે. ૪.વળી તેમણે મકરંદની ધારાઓ એટલે પોતાની અંદર રહેલો

આનન્દ ભગવાન માટે પ્રકટ કર્યો. પ.આ સર્વનું તેમને જ્ઞાન થયેલું, તેનું કારણ એ છે કે ભગવાનની જ્ઞાનશક્તિનો તેમનામાં આવિર્ભાવ થયો હતો.

પક્ષીઓને પણ વેણુના નાદની અસર થઈ. તેમને અસર થાય તેવાં ભગવાનનાં રૂપ અને વેણુના નાદનું ગાન કરતાં ગોપીઓએ કહ્યું કે (પ)''વનમાળાની દિવ્ય ગંધવાળી તુલસીના મકરંદથી મત્ત થયેલા અલિના સમૂહોએ કરેલાં અલઘુ ગીતને ઈચ્છેલી રીતે આદર આપતાં, દર્શન કરવા યોગ્યોમાં ઉત્તમ ભગવાન જ્યારે વેણુ વગાડે છે ત્યારે સરોવરમાં રહેનારા સારસ, હંસ અને બીજા પક્ષીઓ સુંદર ગીતથી હરાયેલાં ચિત્તવાળાં થઈ આવીને હરિની ઉપાસના કરે છે અને તેઓ ચિત્તને વશ રાખી ચક્ષુઓ બંધ રાખી મૌન ધારણ કરી રહે છે.

પક્ષીઓ મુનિઓ છે અને તેઓને ગીત વગેરેથી ભગવદ્ભાવ થતો નથી, પણ તેવો ભાવ તેમનામાં સ્વભાવિક જ છે. છતાં લોકને જોવાથી કદાચ તેમની બુદ્ધિ ફરી જાય તેથી ભગવાનનાં રૂપ અને વેણુના નાદથી તેમને ભક્તિ જ પ્રાપ્ત થઈ. ભગવાન દર્શન કરવા યોગ્યોમાં મુખ્ય છે. તેઓમાં તિલકરૂપ એટલે ઘણા જ સુંદર છે. આવું ભગવાનનું રૂપ ઉત્તમ છે. પક્ષીઓમાં રૂપ મુખ્ય છે અને તેઓ રૂપના ભેદને જાણનારા હોય છે. વેણુનો નાદ પણ સ્વકીયોનું હિત કરનારો છે અને તેમના અપરાધને પણ ગણતો નથી, કારણ કે વનમાલાની દિવ્ય ગંધવાળી તુલસીના મકરંદથી મત્ત થયેલા ભમરાઓના સમૂહોએ કરેલા મોટા અવાજવાળા ગીતનો પણ આદર કરતાં જ ભગવાન વેણુ વગાડે છે. ભમરાઓ જેવો ઝંકાર કરે છે તે જ પ્રમાણે તેમના અવાજનું અનુકરણ કરતાં જ પછીથી કરેલાં રણકાર જેમે જ ભગવાન વેણુ નાદ કરે છે. પક્ષીઓમાં ભમરાઓ અધમ અને હલકા છે તેમના પણ સમૂહો એટલે જાત-જાતના ભમરાઓ, તેઓ પણ મોટા અવાજે ગીત કરે છે અને પોતે મત્ત થયેલા અને તે મદ પણ જેનાથી ઉત્પન્ન થવો યોગ્ય નથી તેવી તુલસીથી થયેલો, તે તુલસી પણ દિવ્ય ગંધવાળી અને ભગવાનની વનમાલાની તુલસી બીજા પુષ્પ જેમે મદ કરનારી નહીં હોવા છતાં, આવી ઉત્તમ પ્રકારની તુલસીથી પણ મત્ત થયેલા ભમરાઓનો પણ ભગવાન આદર કરે, તો પછી સરોવરમાં રસવાળા રસિક સારસ અને દૂધ અને પાણીનો ભેદ જાણનારા હંસો રહે છે તેમનો આદર કેમ ન કરે? ભગવાન ભમરાઓનો આદર કરે છે તે પણ તેમના ઈચ્છેલા પ્રકારે કરે છે. વનમાલા ઉપર આવતા ભમરાઓને ઉડાડતા નથી, પણ તેમને ઉપદ્રવ ન થાય તેવી રીતે જ વેણુ વગાડી તેમનો આદર કરે છે. તે જ સમયે ૧.સરોવરનાં જલમાં રહેનાર સારસો એટલે રસવાળા ભક્તોના સમ્બન્ધીઓ ૨.દૂધ અને પાણીનો ભેદ જાણનારા હંસો અને ૩.ઊંચી ગતિવાળા પક્ષીઓનાં ચિત્ત તેમનાં સુંદર ગીતથી હરાય છે, કારણ કે પક્ષીઓ ઊંચી ગતિવાળાં એટલે પુરુષો કરતાં ભગવાનનાં ભજનનાં વધારે અધિકારી છે. તેઓનાં ચિત્ત નિષ્કામ થાય તેવી રીતના ભગવાનનાં સુંદર ગીતથી હરાઈ વશ થાય છે. તેઓ ભગવાનની સમીપ આવીને રહે છે અને તેમની સેવા કરે છે, તેથી તેઓનું ભજન પણ ભક્તિમાર્ગીય છે, પરંતુ અંતર્યામી રૂપનું અથવા જ્ઞાનરૂપનું

નથી. ભગવાને તેમને 'મુનિઓ' કહેલા છે.

સરોવરનાં સારસ-હંસ પક્ષીઓનું ભજન ભમરાઓના ભજનથી ઉત્તમ છે, કારણ કે તેઓ ચિત્તને વશ રાખીને ભજન કરે છે. વશ રાખેલા ચિત્તથી કરેલું ભગવાનનું ભજન મુખ્ય છે, પરંતુ વિક્ષેપવાળા ચિત્તથી કરેલું ભજન મુખ્ય નથી. આવું ભાગ્ય આ પક્ષીઓનું જ છે. વળી તેમણે મૌન ધારણ કરેલું છે અને ચક્ષુઓ બંધ રાખેલાં છે એટલે બહારની ક્રિયા વિનાના છે. બે ચક્ષુઓ અને વાણી વશ રાખવાથી બહારની ક્રિયાઓ બંધ થાય છે. જેમનાં ચક્ષુઓ બંધ થાય, એટલે જે ભગવાન સિવાય બીજાને જુએ નહીં અને જેમની વાણી વશ થાય એટલે જેઓ ભગવાન સિવાય બીજાના ગુણ ગાય નહીં તેઓનું ભજન ઉત્તમ છે. હમણાં આ સારસ, હંસ અને પક્ષીઓ વેણુનાદ સાંભળવામાં તલ્લીન છે, તેથી દૃષ્ટિથી બીજામાં ચિત્ત જાય નહીં તે માટે તેમણે ચક્ષુઓ બંધ કરેલા છે. આ તેમનું કાર્ય સાત્ત્વિક છે.

મેઘ સર્વનું હિત કરનારો છે. વેણુનાદથી જેનામાં જે લાગણી ઉત્પન્ન થઈ તેનું ગાન કરતાં કહે છે કે (૬)''બલભદ્ર સહિત માલારૂપ છેલકડીના વિલાસવાળા, આનન્દ પામેલા ભગવાન જ્યારે પર્વતના શિખરો ઉપર વેણુના નાદથી આનન્દ પમાડતાં વિશ્વને ભરી દે છે, ત્યારે મોટા અપરાધથી ભયભીત થયેલા ચિત્તવાળો મેઘ મિત્ર ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતાં મંદ-મંદ ગર્જના કરે છે''.

ભગવાન જ્યારે વેણુના નાદથી વિશ્વને પૂરે છે ત્યારે મોટાના અપરાધથી ભયભીત થયેલા ચિત્તવાળો મેઘ મિત્ર ભગવાનના ઉપર વૃષ્ટિ કરે છે અને પોતાના દેહની છાયાથી છત્ર ધારણ કરે છે. આ વેણુનાદ ઘણા બલવાળો છે અને વિશ્વમાં રહેલા બધાએ ધર્મોને હઠાડી દઈ પોતે જ વિશ્વમાં ભરાય છે. તે સમયે ધૂમાડો વગેરેના સમૂહરૂપ અને ભગવાનના દેખાવવાળા મેઘે પણ વિશ્વ ભગવાનથી જ કૃતાર્થ થયું એટલે મેઘનું કાર્ય થઈ ચૂકેલ હોવા છતાં પણ પોતાનો જન્મ સફલ થાય તે માટે ભગવાન ઉપર જ વૃષ્ટિ કરી. આ વેણુનાદ કરનાર ભગવાન ૧.'બલભદ્ર સહિત' હોઈ પૂર્ણ ક્રિયાશક્તિવાળા હતા. સૃષ્ટિ રચવાની ક્રિયા કરતાં પણ આ ક્રિયા સ્વરૂપથી મોટી હતી. ૨.માલારૂપ છેલકડીથી વિલાસ કરનારા હતા. માલા કીર્તિરૂપ છે અને દશે દિશાઓ કર્ણ છે. દશદિશઓ(કર્ણ)ના આભરણ છેલકડીરૂપ માલા(કીર્તિ) છે, એટલે દશે દિશાઓમાં કીર્તિ ભરેલી છે. અથવા ભગવાનની કીર્તિનું નિરૂપણ કરનાર ભાગવતાદિ શાસ્ત્ર વેદોના આભરણરૂપ છે, તે ભાગવતાદિ શાસ્ત્રની અંદર વિલાસવાળી આ ભગવાનની ક્રિયા છે, એટલે તે શાસ્ત્રમાં તે કહેલી છે. તેથી ગુણથી પણ આ ક્રિયા મોટી છે. ૩.ભગવાન પોતે આનન્દ પામેલ છે અને ૪.સર્વને આનન્દ પમાડે છે, એટલે તેમની ક્રિયાશક્તિ સાથે કાર્ય કરનારી ઈચ્છાપણ ઉદારછે.

ભગવાનની ક્રિયાશક્તિ સર્વ દેશમાં પણ વ્યાપેલી છે, કારણ કે પર્વતના શિખરો ઉપર પણ તેમણે કરેલો વેણુનાદ સર્વને આનન્દ પમાડે છે. સર્વનો આધાર બનેલી પૃથ્વીને પણ પર્વતો ધારણ કરે છે, તેમના પણ ઊંચા શિખરો ઉપર આ નાદ પહોંચે છે, તો પછી

વિશ્વને તે કેમ ન ભરી દે? આ નાદ વિશ્વને પણ ભરી દેતો હોવાથી ભગવાનની ક્રિયા મેઘની ક્રિયાથી પણ અધિક છે. જ્યારે નાદ વિશ્વને ભરી દે છે ત્યારે ભગવાનની ઉપર રહેવારૂપ તેમના અપરાધથી મેઘના ચિત્તમાં ભય થાય છે. નીલમેઘ જેવા શ્યામ અને વિશ્વને જીવાડનાર પોતાના જેવા ગુણવાળા ભગવાનને તે પોતાના મિત્ર જાણે છે અને મિત્ર ઉપર પુષ્પરૂપ પોતાના બિન્દુઓની વૃષ્ટિ કરી તેમની પૂજા કરે છે. તેણે ભગવાનની પૂજા કરી તેમના ઉપર પોતાના દેહથી છત્ર ધર્યું, એટલે તેમને રાજ્ય આપ્યું અને સૂર્યથી નીચે આવી પોતાની છાયાથી આત્મનિવેદન પણ કર્યું. એ પ્રમાણે ત્રણ પ્રકારના સાત્ત્વિકને જે અસર થઈ તેનુંગાન કર્યું.

વેણુનાદથી બ્રહ્મા વગેરે જ્ઞાનીઓને પણ સંદેહ થયો એવું ગાન કરતાં ગોપીઓએ યશોદાને કહ્યું કે (૭)''હે સતિ! ગોપોની વિવિધ ચાલોમાં પ્રવીણ તમારા પુત્ર જ્યારે અધરના બિંબ ઉપર વેણુ રાખી વેણુરૂપ વાજીંત્ર ઉપર ઘણા પ્રકારે પોતાથી જ જેનું શિક્ષણ થાય તેવા જુદા-જુદા સ્વરોને ઉત્પન્ન કરે છે, ત્યારે જેમની ગરદન નમેલી છે અને ચિત્ત વશ થયેલા છે તેવા કવિઓ અને ઈન્દ્ર શંકર અને બ્રહ્મા જેમના અગ્રેસર છે તેવા દેવો સવને-સવને તેનો વિચાર કરીને તત્ત્વનો નિશ્ચય નહીં થતાં મૂર્ચ્છા પામે છે''.

વેણુ અમુક પ્રકારનું રાડું છે. તેના પ્રકારો શાસ્ત્રમાં કહેલા છે. બ્રહ્મા તે શાસ્ત્રમાં કહેલા બધા પ્રકારો જાણે છે પણ આ ભગવાન વગાડે છે તે પ્રકારો ઘણા છે અને ભગવાનથી જ જેનું શિક્ષણ થઈ શકે તેવા છે. નાદરૂપ બ્રહ્મ નિત્ય છે. બ્રહ્માની ઉત્પત્તિ પહેલાનો છે. વળી આ પ્રકારે નાદ ઉત્પન્ન કરનાર ભગવાનની ક્રિયાશક્તિ પણ અલૌકિક છે, કારણ કે ભગવાન વિવિધ ગોપોની ચાલોમાં, એટલે ગોપોની સંચારોમાં પ્રવીણ છે. ગોપના સંચારો વેદમાં કહેલા નથી, પરન્તુ લૌકિક છે. તે બીજા લોકમાં પણ થતા હોય છે અને બીજા લોકમાં થતા સંચારો આ લોકમાં પ્રસિદ્ધ નહીં હોવાથી બ્રહ્મા તેને જાણતા નથી. વળી લોક તથા વેદ માં ક્યાંય પ્રસિદ્ધ ન હોવાથી બ્રહ્મા તેને જાણતા નથી. ભગવાન તો બધા સંચારોમાં પ્રવીણ હોવાથી, બ્રહ્મા વગેરે જાણતા ન હોય તે જ પ્રકારના સંચાર કરે છે. ભગવાન જેમ યશોદાના પુત્ર થયા, છતાં યશોદાનું મન પણ વિચારી ન શકે તેવા કાર્ય કરે છે તેમ આ બ્રહ્માંડમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં બ્રહ્માથી પણ વિચાર ન થઈ શકે તેવા કાર્ય કરે છે. ભગવાનનો અધર લોભરૂપ છે અને લોકમાં પ્રસિદ્ધ નથી, કારણ કે તેવો રસ ભગવાને કોઈને આપેલો નથી. વળી તે 'બિંબ' જેવો એટલે સૂર્ય જેમે પ્રકાશનારો છે. જેમનો તે પ્રકાશ કરે છે તેઓ તેનું સ્વરૂપ ન જ જાણે. વળી આવા અધર ઉપર ભગવાન વેણુ રાખી ષડજ વગેરે સ્વરોની જુદી-જુદી જાતને નવીન ઉત્પન્ન કરે છે. એટલે તેમનું જ્ઞાન બ્રહ્મા વગેરેને ક્યાંથી જ થાય? આ સ્વરોનું જ્ઞાન થાય તે માટે ત્રણ ગુણો જેમનામાં પ્રધાન છે તેવા ઈન્દ્ર(સાત્ત્વિક), શંકર(તામસ), બ્રહ્મા(રાજસ) વગેરે દેવો દિવસના ત્રણે સવન (યજ્ઞમાં સોમરસ કાઢવાના સમય)માં એટલે આધિદૈવિક સમયમાં ભેગા થાય છે અને વેણુનાદનો વિચાર કરે છે, છતાં તે ન જાણવાથી મૂર્ચ્છા પામે છે. નાદમાં નિપુણ કવિઓ પણ મૂર્ચ્છા

પામે છે. ત્રણ લોકનો અધિપતિ ઈન્દ્ર સદા નાદમાં ચિત્તવાળો છે. શંકર તો નાદ શાસ્ત્રના રચનાર છે અને બ્રહ્મા તે બન્નેના ગુરુ છે. વેણુનાદ સાંભળી તે બધાની ગરદન નમે છે અને ચિત્ત નાદને વશ થાય છે, એટલે એકાગ્રચિત્તે તેનું શ્રવણ કરે છે, છતાં તેઓ તેનો નિશ્ચય કરી શકતા નથી. તેઓ કેટલાક સમય સુધી ઉદાસીનતાથી વિચાર કરી, નાદનું જ્ઞાન ન થવાથી બેસી રહેલા નથી, પણ એકાગ્ર ચિત્તે વિચારવા છતાં તેનું જ્ઞાન ન થવાથી ખિન્ન થયેલા અને ચિન્તા કે વેણુનાદ થી મોહિત થઈ મૂર્ચ્છા પામેલા રહેછે એવોઆનાદ અલૌકિક રસ ઉત્પન્ન કરનારો છે.

પછી વેણુનાદે આપણને શ્રુતિરૂપ ગોપીઓને પણ મોહ ઉત્પન્ન કર્યો એવું ગાન કરતાં કહે છે કે (૮)''ધજા વજ્ર અને કમલ ની આકૃતિ જેમાં છે તેવાં વિચિત્ર ચિહ્નોવાળાં પોતાનાં ચરણકમલનાં તળીયાના ભાગોથી વ્રજભૂમિની (પશુઓની) ખરીઓથી થયેલી વ્યથા મટાડતા, ઉત્તમ આખલાના જેવી ગતિવાળા ભગવાન જ્યારે વેણુ વગાડતા ફરે છે ત્યારે વિલાસવાળી દષ્ટિથી મૂકાયેલો છે કામનો વેગ જેઓમાં તેવી, તે વેણુનાદથી વૃક્ષની ગતિને પ્રાપ્ત થયેલી આપણને મૂર્ચ્છાને લીધે અંબોડા અથવા વસ્ત્ર નું પણ ભાન રહેતું નથી''.

...ભગવાનની ચેષ્ટાથી અને આપણા અનુભવથી જણાય છે કે આ નાદ ભગવાન આપણા માટે જ કરે છે. ભગવાન ગોકુલનું હિત કરનારા છે. ૧.નિરંતર પશુઓના ફરવાથી તેમની ખરીઓથી વ્રજભૂમિને જે દુઃખ થાય તે ભગવાન ધીરે-ધીરે પોતાની લીલાયુક્ત ગતિથી ફરતાં પોતાનાં ચરણાવિંદની દશ અંગુલિઓથી અથવા તળીયાના ભાગોથી મટાડે છે. ભગવાનની ગતિના વિલાસવાળા ચરણાવિંદના સ્પર્શથી ખરીઓથી ઘવાયેલા ભાગનું દુઃખ દૂર કરે છે. આધિભૌતિક તામસ દુઃખ ધજાથી, આધ્યાત્મિક રાજસ દુઃખ વજ્રથી અને આધિદૈવિક સાત્ત્વિક દુઃખ કમલથી દૂર કરે છે. ૨.વળી ભગવાન પોતાની ગતિથી અને કાર્યથી ગાયોનાં દુઃખને દૂર કરે છે. ઉત્તમ ખાંધવાળો આખલો જેમ લહેરથી ધીરે-ધીરે જાય તેમ ફરતાં ભગવાન વેણુ વગાડી ગાયોનું દુઃખ પણ દૂર કરે છે. વ્રજમાં ભૂમિ, ગાયો અને આપણે ગોપીઓ મુખ્ય છીએ. ૩.ભગવાન જ્યારે વેણુ વગાડતાં ફરે છે ત્યારે આપણને કામ ઉત્પન્ન થતાં સ્થાવરપણું પ્રાપ્ત થાય છે. વેણુનાદના સ્વભાવથી જ આપણને કામ ઉત્પન્ન થયો. વળી ભગવાને પોતાની વિલાસવાળી દષ્ટિથી આપણામાં કામનો વેગ મૂક્યો, એટલે કામના વેગથી આપણે ક્રિયાવિનાની સ્તબ્ધ થઈ વૃક્ષનાં જેવી સ્થિતિવાળી થઈ. વૃક્ષોને અંદરથી જ્ઞાન રહે છે પણ આપણને તેવું જ્ઞાન રહ્યું નહીં અને તેથી જ આપણને અંબોડાનું અથવા વસ્ત્રનું ભાન રહ્યું નહીં. અંબોડાનું અને વસ્ત્રનું ભાન રહે એ આપણે સ્ત્રીઓને ઘણું જરૂરી છે, છતાં ઊંઘને લીધે નહીં, પણ વેણુનાદ સાંભળતાં મૂર્ચ્છા આવવાથી આપણને તેવું ભાન રહ્યું નહીં. ભગવાનની ગતિ અને દષ્ટિથી જ વેણુનાદના આરંભમાં જ આપણી આવી સ્થિતિ થઈ.

વેણુનાદથી હરણીઓએ પણ પોતાનાં સર્વનો ત્યાગ કર્યો એમ ગાન કરતાં તેમણે

કહ્યું કે (૯)''મણિ ધારણ કરનાર, કોઈ વાર ગોયોને ગણતાં પોતાને પ્રિય ગંધવાળી તુલસીની માલાથી જણાઈ આવતા પ્રેમવાળા સેવકના ખભા ઉપર શ્રીહસ્ત રાખીને કદાચિત્ ગાન કરે છે ત્યારે વગાડેલ વેણુના સ્વરથી જેમનાં ચિત્ત હરાયેલાં છે તેવી કૃષ્ણની ગૃહિણી હરણીઓ શ્રીકૃષ્ણની નજીક બેસે છે અને ગુણોના સમૂહોના સાગરની પાછળ જઈ ગોપિકાઓ જેમે ઘરની આશા તજી દે છે''.

મણિઓ ગાયોનાં આધિદૈવિકરૂપ છે, તેથી ભગવાન કોઈ વાર મણિઓથી ચારે તરફથી ગાયો ગણે છે. તેથી ગાયો અને તેમના ધર્મો (રંગ) ભગવાનમાં જ રહેલા હોવાથી ગાયોને સંસાર રહેલો નથી. તે જ પ્રમાણે મણિઓ પ્રિયાઓનું સ્મરણ કરાવનાર હોવાથી, ગોપીઓને પણ સંસાર રહેલો નથી. ભગવાન ગામના પશુ (ગાય)નો ઉદ્ધાર કરે છે, તો પશુપણું વનના પશુઓમાં પણ હોવાથી તેમનો પણ ઉદ્ધાર કરશે જ એવા વિચારથી હરણીઓ પણ ભગવાનમાં આસક્ત થાય છે અને તેમને પણ સંસાર રહેલો નથી. ભગવાન તેમને પ્રિય ગંધવાળી તુલસીની માલાથી ઓળખાય છે. તેમને જેમ શ્યામ રંગ પ્રિય છે, સ્ત્રીઓનો સ્પર્શ પ્રિય છે, વેણુનો અવાજ પ્રિય છે અને માખણનો રસ પ્રિય છે તેમ તુલસીની ગંધ પ્રિય છે. તેની ગંધની ઉત્તમતા કોઈ સાત્ત્વિક પુરુષોને અનુભવથી જણાયેલી છે. તુલસી તેવી ઉત્તમ ગંધવાળી હોવાથી ભગવાન તેની માલા ધારણ કરે છે. તેથી જ્યારે આપણે પણ તેમને પ્રિય થઈશું ત્યારે આપણને અથવા આપણા ધર્મોને પણ તે ધારણ કરશે એવા હેતુથી કાળા હરણની સ્ત્રીઓ ભગવાન નજીક બેસે છે અને ઘરની આશા તજી દે છે.

વળી ભગવાન કોઈ સમયે પોતા ઉપર ઘણો પ્રેમ રાખનાર સેવકના ખભા ઉપર પોતાનો શ્રીહસ્ત રાખે છે અને તે ગોપાલ ગાનની ઈચ્છા કરે ત્યારે તેનો પોતાની ઉપર તેવો સ્નેહ અને સેવાધર્મ હોવાથી ભગવાન ગાન કરે છે. તેથી આપણામાં પણ તેવો સ્નેહ અને સેવાધર્મ થશે ત્યારે ભગવાન આપણી ઈચ્છા પ્રમાણે ગાન કરશે એવા હેતુથી હરણીઓ પણ આપણાં ગોપીઓની જેમે સ્નેહથી ભગવાનનું ભજન કરે છે. તેમને દેહનું ભાન રહેતું નહીં હોવાથી વિજાતીય સાથે (મનુષ્ય સાથે હરણીને) કામ થઈ શકે નહીં એવું પણ ભાન રહેતું નથી. ભગવાને તે જ સમયે વેણુ વગાડયો. તેમાંથી ઓચિંતો મનને હરનાર શબ્દ નીકળ્યો. શબ્દથી હરણને વશ કરવામાં આવે છે એ પ્રસિદ્ધ જ છે. આ વેણુનો શબ્દ તેમનામાં એવી માન્યતા ઉત્પન્ન કરે છે કે હમણાં જ ભગવાન આપણો ઉપયોગ કરશે. તેથી આવા મનને હરનાર ઠગનાર શબ્દથી તેમાનાં ચિત્ત હરાય છે, તેઓ શ્રીકૃષ્ણની નજીક બેસે છે અને મરણ પામતાં સુધી બેસી રહેવા બેસે તેવા પ્રકારે બેસે છે. તેઓ 'કૃષ્ણ' એટલે કાળાં હરણની સ્ત્રીઓ હોવાથી શ્રીકૃષ્ણની જ ગૃહિણીઓ થઈ. તેમનું ચિત્ત હરાયેલું હોવાથી રૂપ (મનુષ્ય અથવા હરણના આકાર)ને ભૂલી માત્ર શબ્દમાં આસક્ત થઈ અથવા વેણુનાદના પ્રભાવથી કાળાં હરણને પણ કૃષ્ણ માનીને (તે બે માં ભેદ નહીં જણાવાથી) શ્રીકૃષ્ણની નજીક જ બેઠી. કારણ કે કાળા હરણમાં એક અથવા બે ગુણો હશે પણ ભગવાન

તો ગુણોના સાગર છે. તેથી જ્યાં-જ્યાં ભગવાન પધારે ત્યાં-ત્યાં તેમની જ પાછળ હરણીઓ જતી. અને પોતાના ઘેર જવાની આશાનો પણ તેમણે ત્યાગ કર્યો.

તેમણે ભગવાનની સમીપ રહી ભગવદ્રસનું પાન કર્યું ત્યારે તેના સ્વાદને લીધે ગોપીઓની જેમે તેમાં જ આસક્ત થઈ. તેમનાં નયનોમાં પોતાની પ્રિયાઓનાં નયનોની સમાનતા જોવામાં આવવાથી, ભગવાન જેવા ભાવથી પ્રિયાઓને જોતા તેવા જ ભાવથી આમને પણ જોવા લાગ્યા. તેથી આમનામાં પણ ગોપીઓના જેવો જ ભાવ થયો. ભગવાને પણ તે જ પ્રમાણે વેણુ વગાડવા માંડયો. તેના રવ (ર=અગ્નિ+વ=અમૃત)નું શ્રવણ થતાં જ હરણીઓને ઘણી જ આર્તિ(અગ્નિ) અને તે તાપની શાંતિ(અમૃત) થયાં. એવી રીતે ત્રણ ઉત્તમ(તામસ) પ્રકારે વેણુનાદનું ગાન કર્યું.

ગુણાતીત પ્રકારના વેણુનાદના ગાનમાં, આરંભમાં વેણુનાદથી ભગવાને જગતને જ વશ કર્યું એમ ગાન કરતાં તેમણે યશોદાને કહ્યું કે (૧૦)''હે પાપરહિત સ્ત્રી! ડોલરની માલાઓથી રમતનો વેશ કરેલા, ગોપો અને ગાયોરૂપી ધનથી વીંટાયેલા, (પોતામાં) સ્નેહ રાખનારને સુખ આપનાર, નંદના પુત્ર અને તમારા વત્સ જ્યારે યમુનામાં વિહાર કરે છે ત્યારે ચંદનના સ્પર્શવાળો મંદ વાયુ સન્માન કરતો અનુકૂલ રીતે વાય છે અને જે ઉપદેવના સમૂહો છે તેઓ બંદીજનો થઈ વાજીંત્ર ગીત અને પૂજાનાં સાધનો સહિત તેમની આસપાસ વીંટાઈ જાય છે''.

જ્યારે ભગવાન યમુનામાં વિહાર કરે છે ત્યારે વિહાર કરતાં પહેલાં રમતનો વેશ ધારણ કરતી વખતે અને પછી જલક્રીડા કરતી વખતે પણ જરૂરી વેણુનાદ કરે છે. તે સમયે ઉપદેવના સમૂહો તેમને વીંટાઈ જાય છે, ભગવાન યમુનામાં એટલે યમુનાની સમીપ કિનારા ઉપર અથવા યમુનાનાં જલમાં પણ વિહાર કરે છે, કારણ કે ઉનાળામાં ગાયો અને ગોપો જલમાં રહે એ સંભવે છે. યમુનામાં ભગવાન ગોપો સાથે જલક્રીડા કરે છે અને ગાયોને નવરાવે છે. સર્વ સ્થળે ઉદ્વેગથી શાંતિ થાય તે માટે ભગવાન વેણુનાદ કરે છે.

તે સમયે ભગવાને વસ્ત્રો અને આભરણો તો ધારણ કરેલા જ હતા. વધારામાં ડોલરની માળાઓથી રમતનો વેશ ધારણ કરેલો. માલાઓ અનેક પ્રકારની હોય છે અને તેમનાથી ઘણો અદ્‌ભુત વેશ કરાય છે. ભગવાને તો હાસ્યરસ ઉત્પન્ન થાય તેવો જ વેશ ધારણ કરેલો. જેમ ભગવાન નંદના પુત્ર થયા અને તમે યશોદાના 'વત્સ' થયા, તેથી પ્રાકૃત લીલા કરી તેમણે રમતનો વેશ પણ ધારણ કર્યો. ભગવાન તમે યશોદાના 'વત્સ' વાછડા થયા, એટલે તમે યશોદા ગાયરૂપ હોવાથી સર્વ ગુપ્તરસથી અજ્ઞાત છો. જો તમે ગુપ્તરસ જાણતા હોત તો ભગવાનને ખાંડણીયા સાથે બાંધત નહીં. તમે અને નંદ બંને દોષરહિત છો અને ભગવાન પણ દોષરહિત છે. ભગવાન તો પૂર્ણગુણવાળા પણ છે, કારણ કે પોતામાં સ્નેહ રાખનારને સુખ આપનારા છે. જે ભગવાનમાં સ્નેહ રાખે છે તેઓ જેમ કરવાથી ભગવાનમાં સ્નેહ રાખ્યા જ કરે તેવી જ લીલા ભગવાન કરે છે. લીલામાં આસક્તિ રાખી ભગવાન જે ક્રીડા કરે તે વિહાર. અહીં જલક્રીડા, નૃત્યક્રીડા અને વેણુ વગાડવાની

ક્રીડા 'વિહાર' છે. માત્ર જલક્રીડાને જ વિહાર ગણવામાં આવે તો વાંજીત્રોનો ઉપયોગ ન હોય. ભગવાન આ વિહારથી વિદ્યાવાળાઓને વશ કરે છે. વાજીંત્ર વગાડવાની વિદ્યા ઉત્પન્ન કરનાર વાયુ છે અને દેવોમાં તે વિદ્યા રહેલી છે. તે પૈકી ઉપદેવના સમૂહો અને બંદીઓ વિદ્યાને બહાર પ્રકટ કરનારા છે. તેમના ઉપર વેણુનાદની અસર થઈ. વિદ્યા ઉત્પન્ન કરનાર વાયુ મંદ અને અનુકૂલ થાય તેવી રીતે વાયો. યમુનાજીના તટની નજીક હિત થાય તે પ્રમાણે વાયો, એટલે તે શીતલ હતો. વળી ચંદનના સ્પર્શથી તે સુગંધી હતો, અથવા ભગવાનનનાં સ્વરૂપને લગાડેલાં ચંદનના સ્પર્શથી તે વધારે શીતલ થયો. મંદતા, શીતલપણું અને સુગંધ એ પોતાના ત્રણ ગુણોથી જેમ ભગવાનનું સન્માન થાય તે પ્રકારે વાયો, એટલે ભગવાનને સંપૂર્ણ પ્રકારે વશ થયો. ઉપવેદના સમૂહો એટલે ગંધર્વો વગેરે ભગવાનની કીર્તિનું ગાન કરનારા થયા. તેઓ ભગવદીય હતા તેથી તામસ વાજીંત્ર, રાજસ ગીતો અને સાત્ત્વિક પૂજાનાં સાધનો સહિત ભગવાનની આસપાસ વીંટાઈ જઈ. સર્વ પ્રસંગોએ ભગવાનની જરૂરી હોય તેવી સેવા કરવા લાગ્યા.

સામાન્ય રીતે વેણુનાદે બધાને કેવી અસર કરી તે જણાવતાં માત્ર ભગવાનનાં જ ચરિત્રનું ગાન કરતાં તેઓએ કહ્યું કે (૧૧)"પર્વત ધારણ કરનાર હોવાથી વ્રજ અને ગાયો ઉપર પ્રેમવાળા, રસ્તામાં વૃદ્ધો જેમનાં ચરણાવિંદને નમન કરે છે તેવા, વેણુ વગાડતા, સેવકોથી જેમની કીર્તિની પ્રશંસા થાય છે તેવા, ગાયોની ખરીઓની રજથી છવાઈ ગયેલી માલાવાળા, દેવકીની જઠરમાં રહેલા આ ચંદ્ર દિવસના અન્તે સર્વ ગોધનને સમીપમાં લાવી, શ્રમની કાંતિથી પણ દષ્ટિને ઉત્સવ કરતા સુહૃદોને આશિષો આપવાની ઈચ્છાથી પધારે છે".

ભગવાન ગાયોનાં ધણને નેસડામાં લઈ આવે છે તે પણ કૃપા કરવા લાવે છે. તેમ ન કરતા હોય તો એક જ લીલામાં રહેલી ગાયોને પણ મોક્ષ થાય, તેવી જ રીતે એક જ લીલામાં રહેલી આપણે ગોપીઓને પણ મોક્ષ થાય. પરન્તુ ભગવાન કૃપાથી ભજનાન્દનો અનુભવ કરાવવા જ ગાયોને નેસડે લાવે છે. જેમ ભજનાનન્દનો અનુભવ કરાવવા ભગવાને ગોવર્ધનને ધારણ કર્યો, તેવો અનુભવ કરાવવો ન હોત તો તેને ધારણ ન કરત, તેમ તે જ પ્રયોજનથી ગાયોને નેસડે લઈ આવે છે. ભગવાને ગોવર્ધન ધારણ કર્યો એ તેમનું માહાત્મ્ય સર્વે જાણેલું હોવાથી, માર્ગમાં વૃદ્ધો તેમનાં ચરણારવિન્દને નમન કરે છે. કારણ કે વૃદ્ધો બહુ પ્રવીણ હોય છે અને તેવાથી જ ભગવાનની સેવા થઈ શકે છે. રાત્રે વનમાં રહેવું યોગ્ય નહીં હોવાથી અને બીજી લીલા કરવાની ઈચ્છા હોવાથી સાંજે ભગવાન બધી ગાયોને વનમાંથી છૂટી પાડી, નજીકમાં એકઠી કરી નેસડે પધારે છે, ત્યારે શ્રમ દૂર કરવા અને પોતે પધારે છે એમ વ્રજવાસીઓને જણાવવા ભગવાન વેણુ વગાડે છે. તે સમયે સેવક ગોપો તેમની પ્રશંસા કરે છે. ભગવાન ગોપીઓને જ કૃતાર્થ કરે છે. જેમ દિવસે ગોપીઓ ભગવાનના ગુણોનું ગાન કરે છે તેમ રાત્રે ગોપો પણ કરે છે. એમ ન હોય તો બધાનો નિરોધ (પ્રપઞ્ચની વિસ્મૃતિ પૂર્વક ભગવાનમાં આસક્તિ) ન થાય. આવો નિરોધ કરવાનું ભગવાન

પોતે જ જાણતા હોવાથી, શ્રમની કાંન્તિથી વ્રજવાસીઓની દષ્ટિને ઉત્સવ કરતા અશિષો દેવાની ઈચ્છાથી તે નેસડે પધારે છે. ભગવાન સર્વ વિરુદ્ધ કર્મોના આશ્રય હોવાથી તેમને શ્રમ થાય છે અને શ્રમ નથી પણ થતો. પણ તે માત્ર શ્રમ રહિત જ છે એવું નથી. નાયકમાં રહેલી શ્રમની કાન્તિ સ્ત્રીઓનું હિત કરનારી હોતી નથી, છતાં ભગવાનની આ શ્રમવાળી કાન્તિ આપણે ગોપીઓનું હિત કરનારી જ છે, કારણ કે શ્રમને લીધે ભગવાન દષ્ટિને ઉત્સવ કરતા પધારે છે. જો શ્રમવાળા ન હોય તો ઝડપથી પધારી જાય અને તેથી દષ્ટિનો પરમાનન્દ ટકી ન રહે. વળી શ્રમને લીધે ભગવાનની માલા ખરીઓની રજથી છવાઈ જાય છે. વાયુને લીધે ઉડેલી રજ સ્થિર હોતી નથી, તેમજ એક સ્થલે રહેતી નથી, પણ ગાયોની ખરીઓથી ઉડેલી રજ તો સ્થિર અને એક સ્થળે રહેનારી હોય છે. ગાય (ગાયની ખરી) ધર્મ છે, રજ અર્થ છે અને છવાયેલા હોવું એ કામ છે. સુહૃદો એટલે સર્વ સમ્બન્ધીઓને આશિષો આપવી એ ભગવાનનું નેસડે પધારવાનું પ્રયોજન છે. ભગવાને પોતાની અન્દર આ બધી લીલા જણાવેલી છે.

ભગવાન દેવકીની જઠરમાંથી ઉત્પન્ન થયેલ 'ચન્દ્ર'રૂપ હોવાથી તે સામાન્ય રીતે સર્વના તાપનો નાશ કરે છે. દેવકી અદિતિ આકાશ છે. આકાશમાં અવશ્ય ચન્દ્રના ઉદયની જરૂર છે જ. અદિતિએ અમુક (દેવકીનું) રૂપ ગ્રહણ કરેલું હોવાથી તેમાં જેમનો ઉદય થયેલો છે તે ચન્દ્ર પણ અમુક ઉત્તમ કાર્ય કરે છે. તાપ લૌકિક ગરમીથી થનારો છે અને ભગવાનના વિરહથી થતો તાપ ત્રણ પ્રકારનો છે. તે ત્રણે પ્રકારના તાપનો આ ચન્દ્ર (ભગવાન) નાશ કરે છે. ચન્દ્ર નક્ષત્રોનો રાજા છે. તે જેમ ઉદયગિરિ ઉપર પ્રકટ થાય છે પણ પતિ તો નક્ષત્રોનો જ થાય છે. તેમ ભગવાન દેવકીમાંથી પ્રકટ થાય છે, પણ આપણે ગોપીઓને જ સુખ આપનારા છે.

એ પ્રમાણે ભગવાનની સાધારણ લીલાનું ગાન કરીને ગોપીઓના સમ્બન્ધમાં જ ભગવાને કરેલી અને વેણુનાદથી થયેલી લીલાનું ગાન કરતાં તેમણે કહ્યું (૧૨)''મદથી ઘેરાયેલા લોચનવાળા, પોતાના સુહૃદોને અલ્પ માન આપનારા, વનમાલાવાળા બોરના જેવા પીળાશવાળા વદનવાળા, કનકના કુંડલની કાંતિથી મૃદુ ગાલને શોભાવતા, ગજરાજ જેવા વિહારવાળા, આનંદિત મુખવાળા આ યદુપતિ દિવસના અંતે વ્રજ અને ગાયોના અનંત દિવસના તાપને મટાડતા, રાત્રિના પતિની જેમે સમીપમાં પધારે છે''.

વેણુનાદે ૧.દેવોની સ્ત્રીઓ ૨.ગાયો ૩.નદીઓ ૪.વૃક્ષો અને લતાઓ ૫.પક્ષીઓ ૬.મેઘો ૭.બ્રહ્મા અને દેવો ૮.ગોપીઓ ૯.હરણીઓ ૧૦.દેવો તથા ગન્ધર્વો માં જે અસર કરી તે પહેલાં દસ જોડકામાં જણાવી. છેવટના બે જોડકામાં તો ભગવાનનું જ નિરૂપણ છે. એ દસે જોડકામાં વર્ણવેલી દસ લીલાઓ ભગવાને ગોપીઓ માટે જ કરી છે એમ જણાવવા અહીં તેઓ ભગવાનનું દસ પ્રકારે નિરૂપણ કરે છે. સર્વત્ર વેણુનાદમાં રજોગુણ મુખ્ય છે અને તે ગોપીઓને જ ફળ્યો છે એમ તેઓ જણાવે છે.

૧.ભગવાન મદથી ઘેરાયેલાં લોચનવાળા છે. 'મદ' એટલે પોતાના આનન્દમાં સ્થિતિ

હોવાને લીધે (પોતામાં રહેલું) પૂર્ણ જ્ઞાન. તે જ્ઞાનના માર્ગ (નયન)માં જ થાય એમ પ્રકટ કરવા સર્વ વિષયોને જુદા(મદ વિનાના) રાખવામાટે ભગવાન ઘેરાયેલા લોચનવાળા છે.

૨.તેવા ભગવાન પણ સ્વરૂપ ટકી રહે તે માટે 'અલ્પ માન આપનાર' થાય છે. ક.ભગવાન સન્માન કરે છે તેથી તેમની સમીપ જઈ શકાય છે. ખ.માન=અભિમાન. રજોગુણ પ્રકટ થવાથી ભગવાન આપણને અભિમાન કરાવે છે. અથવા ક.(માનં દ્યતિ) આપણા અભિમાનનો નાશ કરે છે આ સર્વ 'અલ્પ' જ કરે છે. ભગવાનના આપણે સુહૃદો હોવાથી, આપણે તેમના પોતાના હોવાથી ભગવાન તેમ કરે છે, કારણ કે મોટાઓએ પણ સુહૃદોનું કાર્ય કરવું જોઈએ.

૩.ભગવાન 'વનમાલાવાળા' છે. તે કીર્તિરૂપ વનમાલા પ્રકટ કરે છે. એ તેમનું સાધારણ કાર્ય છે.

૪.ભગવાન ''બોરના જેવા પીળાશવાળા વદનવાળા'' છે. બોરનું ફલ તાપને લીધે દરેક ક્ષણે જુદી-જુદી કાંતિ ધારણ કરે છે. તે અડધું પાકું હોય ત્યારે પીળાશવાળું હોય છે. પછી સહેજ લાલ થાય છે. તેમ ભગવાન હમણાં અડધા રમણ કરનાર છે પણ ભવિષ્યમાં ઘણું રમણ કરનાર થશે.

૫.ભગવાન ''કનકના કુંડલની કાંતિથી મૃદુ ગાલને શોભવે છે''. તેમના ગાલ ઉપર દાઢી ઉગેલી નહીં હોવાથી અને તે આનન્દનું ધામ હોવાથી, ભોગ થઈ શકે તે માટે તે 'મૃદુ' છે, કારણ કે ગાલમાં જ રસની સમાપ્તિ થાય છે. ગાલ શ્યામ છે, કનક પીળું છે. ગાલ પરમાનંદરૂપ હોવા છતાં (કનકના કુંડલથી) તેને શોભતી ભગવાને આપણા માટે કામરસ જ જાગ્રત કરેલો છે. તેથી એવો નિશ્ચય થાય છે કે ભગવાન આપણા માટે જ પધારે છે.

૬.ભગવાન 'યદુપતિ' એટલે યાદવોના પતિ છે અને યાદવો ઘણી પત્નીઓવાળા હોય છે. તેથી ભગવાન બાલક અને નંદના પુત્ર હોવા છતાં (આપણા માટે) આવી અસાધારણ લીલા કરે છે.

૭.ભગવાન 'ગજરાજ જેવા વિહારવાળા' છે. તેમની લીલા મર્યાદા વિનાની છે. તે મહાસુરતમાં ગજરાજ જેવા મોટા છે.

૮.આ ભગવાન રાત્રિના પતિની જેમે સુખ રાખનારા છે, તેથી ગજરાજના કરતાં પણ અધિક છે. કારણ કે આરમ્ભમાં પહેલાંના તાપને મટાડે છે. તે સમ્પૂર્ણ રાત્રીના પતિ છે. અને તેમની પાસે ગયેલીઓના તાપને મટાડી સુખ આપે છે. આ ભગવાન સર્વના શૂનારરૂપ થઈ ત્યાં રહેલા છે. હમણાં તો શ્રમિત થયેલા જ છે. અને રાત્રિના પતિ ચન્દ્રની જેમે દૂરથીજ તાપ મટાડે છે, પરન્તુ રાત્રે પતિ જેવા થશે, કારણકે તે

૯.'આનંદિત મુખવાળા' છે. પ્રસન્ન મુખ રાખી આપણી સમીપ પધારે છે. વળી તે.

૧૦.''વ્રજ અને ગાયોના(અનન્ત દિવસના તાપને)મટાડતા'' પધારે છે. આખા દિવસમાં જેટલો તાપ થયો હોય તે બધાને મટાડે છે.

વ્રજમાં રહેનારી સ્ત્રીઓ પણ દિવસે ભગવાનનો સમ્બન્ધ ન હોય તેવી સ્થિતિમાં પણ શ્રીકૃષ્ણની લીલાનું જ ઘણાં સમય સુધી સ્મરણ રહે તે માટે એ પ્રમાણે અનુક્રમે ગાન કરતી આનન્દ કરતી. તેથી તેમનાં મન અને ચિત્ત ભગવાનમાં જ પરોવાયાં. એટલે ભગવાનની લીલાનું કીર્તન તેમનામાં પોતાની મેળે આનન્દરૂપ થયું અને તેઓની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ પણ ભગવાનમાં જ દૃઢ થયાં. ચિત્તનો મુખ્ય વિષય જ્ઞાન છે. અને મનનો મુખ્ય વિષય કર્મ છે. તે બન્ને ભગવાનમાં પરોવાતાં તેમને સમ્પૂર્ણ રીતે પ્રપઞ્ચનું વિસ્મરણ થયું. ભગવાનમાં તેમની આસક્તિ થઈ. તેમનાં ભાગ્ય મોટાં હોવાથી તેમનો આમ સમ્પૂર્ણ નિરોધ થયો.

હવે પ્રદ્યુમ્નરૂપ ભગવાન રાજસોનો નિરોધ કરે છે. આ રાજસો ભગવાન સાથે સમ્બન્ધથી જોડાયેલા હતા. આ લીલામાં ભગવાન બંધુઓને સુખ આપશે અને પછી વંશની વૃદ્ધિ કરશે.

**વૃષભાસુર વધઃ**

ભગવાને જ્યારે તામસોનો નિરોધ કર્યો ત્યારે આખલાના રૂપવાળો વૃષભાસુર નેસડામાં આવ્યો. તેની ખૂંધ અને કાયા ઘણાં મોટાં હતાં. તે પૃથ્વીને કમ્પાવતો, ભયંકર બરાડા પાડતો, પગથી ભૂમિ ખોતરતો, ખરીઓથી ખાડા પાડતો, શીંગડાંની અણીથી ટેકરાને તોડી પાડતો પૂંછડું ઉંચું કરીને આવ્યો. તેના ભયંકર બરાડાથી ભય થતાં ગાયો અને સ્ત્રીઓ ના ગર્ભો સમય થયો ન હોવા છતાં પડી જતા અથવા સરી જતા. તેની ખૂંધને પર્વત માની વાદળાંઓ તેના ઉપર બેસતાં. તેનાં શીંગડાં ઘણાં તીક્ષ્ણ હતાં. ગોપ-ગોપીઓ અને ગાયો ઉંચે જોતાં, તેને ઘણો ઉંચો જોવાથી ભય પામતા અને પશુઓ ભય પામી ગોકુલ તજી ભાગવા લાગ્યા.

મોટો ભય આવે ત્યારે જે જેના મુખમાંથી નીકળે તે તેના હૃદયમાં રહેલો તેનો સ્વાભાવિક ગુણ જાણવો. વ્રજવાસીઓના તો શ્રીકૃષ્ણમાં જ સર્વ ગુણો હતા. તેથી બધા લોકો ભયમાં શ્રીકૃષ્ણને શરણે જવું એ જ યોગ્ય છે એમ જાણી ''હે કૃષ્ણ! હે કૃષ્ણ!'' એમ કહી બધા લોકો તેમને શરણે ગયા. ભગવાને પણ જોયું કે વૃષાસુર ગોકુળને ભય પમાડી દુઃખી કરે છે, તેથી તેમણે ''તમે ડરો નહિ'' એમ કહી વ્રજવાસીઓને આશ્વાસન આપ્યું. અને જેમ બ્રહ્માના પૌત્ર વગેરે દૈત્ય અંશવાળાને હણ્યા તેમ વૃષાસુર પણ દૈત્યના અંશવાળો હોવાથી હણવા યોગ્ય છે. દેવના અંશવાળાઓને જ હણવામાં દોષ છે, અસુરો તો રોગ અને મળ જેવા હોઈ હણવા યોગ્ય જ છે એમ વિચારી, તેને આહ્વાન કર્યું. ભગવાને તેને કહ્યું કે ''પશુઓ તો તારી જાતના છે અને ગોપો તેમનું રક્ષણ કરનારા છે. તારા જેવો મોટો આખલો પોતાની જાતના પશુઓ સાથે અથવા નજીવા ગોપો સાથે યુદ્ધ ન કરે. વળી તું તેમને હણી તો શકતો નથી. હણી શકતો હોય તો તો એમને હાનિ પણ થાય. માત્ર તું તેમને ભય પમાડે છે. તેથી નિરર્થક સારા પુરુષોને ભય કરનારા તારા જેવા ઘણા દુષ્ટને હણવો જોઈએ. હું સામાન્ય રીતે બધા દુષ્ટોનો મદ હરનારો છું, તેમાં પણ ક્રિયાથી અન્તઃકરણથી

અને સ્વરૂપથી દુષ્ટ તારા જેવા ભય પમાડનારાઓનો મદ જરૂર હરીશ.'' એમ કહી, ભય વિનાના અચ્યુતે મલ્લની જેમે પોતાના બાહુ ઠોકી, તેને ''તું અધમ છે'' એમ કહી તેને ક્રોધ ઉત્પન્ન કર્યો અને સખાના ખભા ઉપર પોતાનો લાંબો હાથ રાખી તેની અવગણના કરતા હોય તેમ ઉભા રહ્યા. એ પ્રમાણે કોપાવેલો, સ્વભાવથી પણ દુષ્ટ અરિષ્ટ ખરીઓથી પૃથ્વીને ઉખાડતો, પૂંછડું ઉંચું કરી તેનાથી વાદળાંઓને આમ-તેમ ભગાડતો, શીંગડાંની અણીઓ આગળ રાખી, આંખો લાલ કરી, જેમ ઇન્દ્રે મૂકેલું વજ્ર આવે તેમ તે ભગવાન પાસે ઝડપથી દોડી આવ્યો. પછી ભગવાને તેનાં શીંગડાં પકડી, અઢાર વિદ્યાઓના સ્થાનમાં આખલો હણાય નહિ તેથી, જેમ બલવાન્ પુરુષ બકરાને પાછો હઠાડે તેમ તેને અઢાર પગલાં પાછો હઠાડ્યો. છતાં તે પાછો સામો આવે તે માટે તેના કરતાં થોડું વધારે બલ દેખાડી, જેમ એક હાથી સામા હાથીને પાછો હઠાડે તેમ જ પાછો હઠાડ્યો અને પછી ભૂમિ ઉપર નાખી દીધો. છતાં તે તરત ઉભો થયો અને સર્વ અવયવોમાં પરસેવો થયેલ હોવા છતાં ''મારી નાખવામાં આવે ત્યારે અથવા મારીને જ હું અટકીશ, નહિ તો અટકીશ નહિ'' એમ જણાવતો, ક્રોધથી ભાન ભૂલેલો, નિઃશ્વાસ નાખતો તે ફરી ભગવાન પાસે દોડી આવ્યો. તે દોડી આવતો હતો ત્યારે ભગવાને તેને તે બલહીન થાય તેમ શીંગડાંથી પકડી ભૂમિ ઉપર પછાડ્યો. એક ચરણથી દબાવી, શીંગડા પકડી ભીનાં વસ્ત્રની જેમે તેને નીચોવ્યો. વસ્ત્રને હાથથી નીચવો તો બધું જલ નીકળી ન જાય, તેથી ધોબીઓ લાકડાના કકડાથી વસ્ત્રને પકડી જેમ નીચોવે તેમ ભગવાને અરિષ્ટને તેનાં શીંગડાંથી પકડી નીચોવ્યો, એટલે તેનો દેહ ઘવાયો ન હોવા છતાં રૂંવાડાંદ્વારા તેમાંથી લોહી નીકળી ગયું. પછી શીંગડાંથી ભગવાને તેને માર્યો. ''જે મને જેવી રીતે ભજે છે તેને હું પણ તેમ જ ભજું છું'' એ નિયમ પ્રમાણે શીંગડાંથી તે ભગાવન્‌ને મારવા આવેલો હોવાથી તેનાથી જ ભગવાને તેને હણ્યો, એટલે તેના પેટમાં શીંગડાં ખોસી દીધાં. પછી તેણે ઉઠવાનો પ્રયત્ન ન કર્યો, પણ મુખથી લોહી ઓકતો, દેહના મધ્યમાંથી પેશાબ કરતો અને છેવટના ભાગથી પોદળા કરતો, નેત્રો ઠરડાવતો તે બેભાન થયો અને મરણ પામ્યો.

ભગવાને તેને હણી દેવોનું દુઃખ દૂર કર્યું. તેથી તેમણે ભગવાનના ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી અને તેમની સ્તુતિ કરી. એ પ્રમાણે નેસડાના શત્રુને હણી ગોપોથી સ્તુતિ કરાતા ભગવાને નેસડામાં પ્રવેશ કર્યો, કારણ કે ભગવાન ગોપીઓના નયનોના ઉત્સવરૂપ હતા...

**ભગવાન મથુરા પધારે તે માટે નારદે કરેલ ઉપાયઃ**

હવે ભગવાનને નેસડામાં કાંઈ કાર્ય કરવાનું ન હતું, કારણ કે ગોકુલમાં બધુંએ દુઃખ આ આખાલ 'અરિષ્ટ'ને લીધે હતું. વસ્તુતઃ ભગવાને અરિષ્ટને હણ્યો નહિ, પરન્તુ ગોકુલમાં જ સ્થાપ્યો, કારણ કે તેને હણ્યો ત્યારથી ગોકુલમાં દુઃખ જ થવાનું. અરિષ્ટને હણી ગોકુલમાં અરિષ્ટ (દુઃખ)નું જ સ્થાપન કર્યું, એવી ભગવાનની વિરુદ્ધ ક્રિયાને લીધે જ તે અદ્‌ભુત કર્મ કરનારા છે. હવે ગોકુલમાં ભગવાનને કાંઈ કાર્ય ન હોવાથી ભગવાન બહાર પધારશે એમ જાણી, ભગવાન ગોકુલ બહાર પધારે તે માટે રથ વગેરે તેમને

મોકલવાનો નારદે ઉપાય કર્યો, કારણ કે નારદની દૃષ્ટિ દેવ અથવા ભગવાન જેવી હતી. તેથી અરિષ્ટ હણાયા પછી જ્યારે ભગવાનને ગોકુલ બહાર પધારવાની ઈચ્છા થઈ તે જ સમયે નારદે કંસ પાસે આવી તેને સત્ય વૃત્તાન્ત જણાવ્યો. કંસ એમ જાણતો હતો કે દેવકીનો આઠમો ગર્ભ કન્યા હતી અને આકાશવાણીએ તેને ખોટું કહેલું. આ તેની માન્યતા ખોટી હોવાનું જણાવતાં નારદે તેને કહ્યું કે ''કન્યા દેવકીની ન હતી, તેમ જ પુત્ર પણ યશોદાનો નથી, પણ યશોદાની કન્યા હતી અને શ્રીકૃષ્ણ તો દેવકીના જ પુત્ર છે. બલભદ્ર દેવકીનો અને રોહિણીનો પણ પુત્ર છે. શ્રીકૃષ્ણ તો માત્ર દેવકીના જ પુત્ર છે, દેવકીના અને યશોદાના પુત્ર નથી. વસુદેવે તમારા ભયથી પોતાના મિત્ર નન્દને આ બે પુત્રો સોંપેલા અને પ્રલમ્બ વગેરે તારા અસુરોને આ બેએ જ હણ્યા છે. બીજો કોઈ તેમને હણી શકે નહિ.'' એ પ્રમાણે નારદે કંસને કહ્યું.

વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ નન્દને ત્યાં એવી રીતે રહેતા હતા કે નન્દને પણ ખબર ન હતી કે આ મારા પુત્ર નથી પણ વસુદેવના પુત્ર છે, તેમજ નારદને પણ એવી ખબર ન હતી, અને તેથી વસુદેવે તેમને પોતાના મિત્ર નન્દને સોંપેલ હોવાનું કંસને કહ્યું. આ સાંભળતાં જ કોપને લીધે કંસ ખળભળી ઉઠ્યો. વસુદેવ તે સમયે સભામાં જ હોવાથી, આ તેમનો જ અન્યાય છે એમ જાણી, તેમને હણવા તીક્ષ્ણ તલવાર તેણે લીધી. આ જોઈ નારદે ભય પામી તેને વસુદેવને હણતાં અટકાવ્યો. નારદ દેવોને તથા અસુરોને પણ સમાન હોવાથી અસુરો પણ તેનું માન રાખતા. તેથી કંસે વસુદેવનો વધ ન કર્યો પણ તેના પુત્રોથી પોતાનું મૃત્યુ છે એમ જાણી, તેણે લોઢાની સાંકળોથી વસુદેવ તથા દેવકી ને બાંધ્યાં. માત્ર પગમાં જ બેડીઓ નાખી એમ નહિ, પરન્તુ બધા અવયવોનું સાંકળોથી બન્ધન કર્યું.

**કંસનો ઉદ્યમઃ**

નારદ એ પ્રમાણે કહીને ગયા પછી કંસે પોતાના મુખ્ય અશ્વ કેશીને બોલાવીને કહ્યું કેઃ ''હે કેશી! તું ગોકુળ જા અને ત્યાં જઈ રામ અને માધવને હણ.'' 'હન્'(=હણ) ધાતુ 'જવું' એ અર્થવાળો પણ છે. તેથી ભગવાનને લઈ આવવા જ તેણે અશ્વ મોકલ્યો. મધુના વંશમાં ઉત્પન્ન થયેલા 'માધવ'(શ્રીકૃષ્ણ) એવું નામ કંસ બોલ્યો, પરન્તુ ભગવાનનું સાક્ષાત્ નામ સાંભળવાથી કેશી પણ ક્યાંક ભક્ત થઈ ન જાય એવી બીકે તેણે ભગવાનનું સાક્ષાત્ નામ ન લીધું. એ પ્રમાણે કેશીને ગોકુળ મોકલી, મન્ત્રીઓની સભા ભરવાથી કામ સરશે એમ માની, મુષ્ટિક વગેરે મલ્લો, મન્ત્રીઓ, યુદ્ધમાં કુશળ હાથીના રખવાળો અને પોતાના પક્ષના બંધુઓ બધાને તેમના ઘરેથી બોલાવી કહ્યું કે ''હે વીર ચાણૂર! મુષ્ટિક! નન્દના વ્રજમાં, આનકદુન્દુભિના બે પુત્રો, બલભદ્ર અને શ્રીકૃષ્ણ છે, તેમનાથી મારું મૃત્યુ થવાનું એમ બધા છડેચોક કહે છે. તેથી તે બે અહીં આવે ત્યારે તમે બે ચાણૂર અને મુષ્ટિક તેમને મલ્લવિદ્યાથી હણો.

(ભાવાર્થ કે પ્રાપ્ત થાઓ. લોક રીતે કંસ જો ભગવાનથી વિરુદ્ધ ન બોલે તો ભગવાન લોકરીતે તેને હણે પણ નહિ) કારણકે આ મારા ભાણેજો હોવાથી પ્રકટ રીતે હણી

શકાય તેમ નથી. બાલકોને ઠગવામલ્લોના અખાડાની આસપાસ ઉંચા આસનો ગોઠવો, જેથી મનોહર દેખાવ થતાં તેમનું ચિત્ત તેમાં જતાં તેમને હણી શકાય. વળી શહેરીઓને અને ગામડીયાઓને આ આસનો પર ઈચ્છા પ્રમાણે યુદ્ધ જોવા જુદા-જુદા બેસાડજો, જેથી તેમના કોલાહલમાં લોકોનું ચિત્ત પરોવાતાં આપણી અપકીર્તિન થાય.

આટલાથી પણ કાર્ય સરશે કે નહિ તેનો સંદેહ રહેતાં તેણે પોતાના મુખ્ય હાથી કુવલયાપીડ (કુ=પૃથ્વીના, વલય=ગોળાના, આપીડ=મુકુટરૂપ)ને વશ રાખનારા મહાવતને કહ્યું કે ''તારે કુવલયાપીડને અખાડાના દરવાજે રાખવો. બીજા કોઈએ નહિ પણ તારે જાતે જ. બીજા હાથીને નહિ પણ કુવલયાપીડને જ રાખવો અને તેનાથી મારા બે શત્રુઓ(કામ અને ક્રોધ)ને હણવા.''

તેણે એ પ્રમાણે લૌકિક ઉપાયો કરીને, અલૌકિક ઉપાય પણ કરવાનો નિર્ણય કર્યો. આ ભગવાનને તે વિષ્ણુના અંશ હોવાનું માનતો હોવાથી, ''તેમના સામે શિવ જ થઈ શકે અને તેમના યજ્ઞો બહુ થાય છે તે પૈકી યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાએ ધનુર્યાગ કરવો જોઈએ'' એમ વિચારી તેણે ધનુર્યાગ કરવાની આજ્ઞા કરી. જે યજ્ઞમાં ધનુષ્ય ઉપર શિવનું પૂજન થાય તે શિવતન્ત્રમાં ધનુર્યાગ કહેવાય છે. ચૌદશ શિવની તિથિ હોવાથી એ યાગ તે દિવસે થાય છે. તેથી તેણે આજ્ઞા કરી કે ચૌદશને દિવસે વિધિ પ્રમાણે ધનુર્યાગ કરો અને કામના પૂર્ણ કરનાર ભૂતરાજને પવિત્ર પશુઓનાં બલિદાન આપો.

**શ્રીકૃષ્ણ અને બલભદ્રને મથુરા લાવવા કંસ અક્રૂરને મોકલે છેઃ**

એ પ્રમાણે ઉપાયો કરવાનું કહી, ભગવાનને તથા બલભદ્રને મથુરા લાવ્યા પછી એ ઉપાયો કરવાના હોવાથી અને અક્રૂર વિના બીજા કોઈથી એ કાર્ય થઈ શકશે નહિ એમ જાણી, તેણે અક્રૂરને ઘેરથી બોલાવ્યો. તેને આદર આપવા તેનો હાથ પકડી તેને પ્રસન્ન થયેલો જાણી 'હે દાનપતે!' એમ કહી તેને સંબોધ્યો. કારણ કે તે દાનમાત્રનો અધિષ્ઠાતા હતો. બાર વર્ષ સુધી દરરોજ ગાયનું દાન કરવામાં આવ્યું ત્યારે તે પુત્રરૂપે પ્રાપ્ત થયેલો. તેની માતા ગાન્દિની પણ ગોદાનથી જ પ્રાપ્ત થયેલી. તેથી જેમ દુઃખીને અજાનું દાન કરવામાં આવે છે તેમ ''મને દુઃખીને ભગવાન લાવી આપ'' એમ જણાવવા એવું સમ્બોધન કરી તેને કહ્યું કે ''તું મારો મિત્ર છે તો મિત્રને યોગ્ય મારું કાર્ય કર. ભોજો અને વૃષ્ણિઓમાં તારા સિવાય બીજો કોઈ મારું હિત કરનારો નથી. આટલા સમય સુધી તું મારો આશ્રય કરી રહ્યો હતો, હવે હું તારો આશ્રય કરું છું. જેમ ઈન્દ્ર મોટો હતો અને વિષ્ણુ વામન નાના હતા, છતાં દૈત્યોએ ત્રણ લોક ઈન્દ્ર પાસેથી હરી લીધાં ત્યારે ઈન્દ્રે વામનનો આશ્રય કરી તે પાછા મેળવ્યા, તેમ હું પણ તારો આશ્રય કરી મારું કાર્ય સાધવા ઈચ્છું છું. તેથી તું નન્દના નેસડે જા. ત્યાં આનકદુન્દુભિના બે પુત્રો છે, તેમને આ રથમાં બેસાડી અહીં લઈ આવ. વિષ્ણુનો આશ્રય કરેલા દેવોએ તેમનાથી મારું મૃત્યુ થવાનું નક્કી કર્યું છે એમ બધા કહે છે. તે બાલક હોઈ એકલા નહિ આવે, તેથી તેમના પિતા નન્દ અને ગોપોને સાથે લાવજે. રાજાને ધરવાની ભેટ લઈ આવો એમ કહેજે. અહીં આવશે ત્યારે હું તેમને

કુવલયાપીડથી મરાવીશ. કુવલયાપીડ કાળથી સહેજ ન્યૂન હોઈ કાળ જેવો છે તે હણશે જ. છતાં ત્યાંથી છટકશે તો અખાડામાં વિજળી અને અગ્નિ જેવા મલ્લોથી મરાવીશ. તેમનાથી કોઈ બચી શકે તેમ નથી. તે હણાશે ત્યારે દુઃખી થયેલા વસુદેવ વગેરે તેમના બંધુઓ અને વૃષ્ણિ, ભોજ, દશાર્હો ને, તથા વૃદ્ધ હોવા છતાં રાજ્યની ઈચ્છા રાખતા મારા પિતા ઉગ્રસેનને અને તેના ભાઈ દેવકને હણીશ, કારણ કે જે કોઈ શત્રુઓમાં ભળે તે વિરોધી છે. મારો દ્વેષ કરનારા મારા બંધુઓને તેમજ બીજાઓને પણ હણીશ. જે રાજાઓ ભૂમિ ઉપર ફરે તે પૈકી જેઓ મારા વિરોધી છે તે કાંટારૂપ છે. તેમને હણવાથી ભૂમિ કાંટાવિનાની થશે. મારો સસરો જરાસંધ, વહાલો વાનર દ્વિવિદ, શમ્બર, નરક, બાણ વગેરે મારા મિત્રો મારામાં જ સ્નેહ રાખનારા છે, તેમની મદદથી હું દેવપક્ષના રાજાઓને હણી તે મિત્રો સાથે ભૂમિ ભોગવીશ. તેથી બલભદ્ર અને શ્રીકૃષ્ણ ને અહીં લઈ આવ. બાલકો હર કોઈ સ્થળે જોવાનું હોય ત્યાં જાય, તેથી ધનુર્યાગ જોવા અને મથુરાની શોભા જેવાનું કહી લઈ આવ.''
આ અક્રૂર સાત્ત્વિક અને કાર્ય માટે દૈત્યના આવેશવાળો એવો બે સ્વભાવનો હતો. તેવો જો એ ન હોત તો કંસ તેને આમ કહેત નહિ. દૈત્યો સાથે તેને પ્રીતિ પણ હોત નહિ અને તેમણે આપેલા ભોગ પણ તે ભોગવત નહિ. તે આવો હોવાથી જ ભગવાનને કંસની ઈચ્છા પ્રમાણે લઈ આવશે અને સ્યમન્તક મણિના પ્રસંગમાં પણ ભગવાન વિરુદ્ધના પક્ષમાં ભળશે. તે દ્વિસ્વભાવનો હોવાથી કંસને તેણે સંદેહવાળો ઉત્તર આપ્યો કે ''તમે વિચાર્યું તે બરાબર છે, કારણ કે લૌકિક દષ્ટિ પ્રમાણે એમ કરવાથી તમારો દોષ જણાશે નહિ.'' આથી એ સૂચવ્યું કે કંસ ભય પામે છે તેથી તે રાજા નથી. રાજાતો કાળ છે અને કંસ તેનો સેવક છે.

વળી કંસે દૈત્યનો સિદ્ધાન્ત ગ્રહણ કરેલો હોવાથી તેના નિર્ણયમાં શાસ્ત્રદ્વારા પણ વિરોધ આવતો નથી, કારણ કે દેવોના રાજ્યમાં જ શાસ્ત્રનો અધિકાર હોવાથી તેમણે જણાવેલ રીતે સ્વર્ગ અને નરક પ્રાપ્ત થાય, પરન્તુ દૈત્યોનો અધિકાર હોય ત્યાં તેમ ન થાય. દૈત્યોના અધિકારમાં પણ તેમ થતું હોય તો દૈત્યોથી દેવોનો પરાજય ન થાય. ગ્રહો તો બન્નેને સમાન છે. કાળની વ્યવસ્થા એવી છે. ભગવાન તો સર્વ પ્રકારના છે તેથી જ દૈત્યોની મુક્તિ થાય છે. વિરુદ્ધ મતવાળાઓમાં પણ તેમનો પ્રભાવ છે. ભગવાનના જે સેવકોએ કાળમાં પ્રવેશ કરેલ હોય તેમનો ઉદ્ધાર કરી ભગવાન તેમને લઈ જાય છે. તેથી કાળથી પર ભગવાનનો પ્રદેશ છે. ભગવાન કાળને ઠગીને જ પોતાના ભક્તોને લઈ જાય છે અને કાળરૂપ પણ થાય છે. તેથી કાળનું ઉલ્લંઘન કરવા જ ભગવાનનો અવતાર થયો છે, એમ પ્રમેય (ભગવાન)નું બલ સિદ્ધ થાય છે. પ્રમાણનું બલ સર્વને જણાયેલું જ છે. તેથી જ દેવો, બ્રાહ્મણો અને ધર્મ ની પ્રતિષ્ઠા છે. મૂળ કાળ દેવો અને દૈત્યો સર્વને સમાન છે. મધ્યમાં કાળ દેવોને અનુકૂલ અને દૈત્યોને અનુકૂલ એમ બે પ્રકારનો થાય છે. તેથી જ મધ્ય કાળમાં પ્રમાણનું બલ રહે છે. પ્રમેયનું બલ તો મૂળ કાળનું પણ ઉલ્લંઘન કરાવે છે.

કંસે દૈત્યોના સિદ્ધાન્ત પ્રમાણે નિર્ણય કરેલો હોવાથી અક્રૂરે તેનો સિદ્ધાન્ત બરાબર હોવાનું કહ્યું, પરન્તુ મૂળકાળ અનુકૂલ છે કે નહિ તે જાણી શકાય તેમ નહિ

હોવાથી, શું થશે એ નક્કી કહી શકાય નહિ. તેથી તેણે કંસને કહ્યું કે ''સર્વ સિદ્ધાન્ત જાણનારે કરવાના કાર્યમાં આગ્રહ ન રાખવો. કારણ કે (કાળ) બે પ્રકારનો હોવાથી આપણે તો પ્રયત્ન જ કરવાનો. ફલ તો દૈવને અધીન છે. પ્રાણી મોટા મનોરથો કરે છે, પણ તેનો કોઈ મનોરથ સિદ્ધ થતો નથી, કારણ કે તે 'જન'=જન્મેલો છે. જો તેનો મનોરથ સિદ્ધ થતો હોય તો તે બીજાના ગર્ભમાં જન્મ જ કેમ લે અને કોઈના મલરૂપ વીર્યમાં કેમ રહે? તેથી જે મનોરથ કરવો તે વિચારીને કરવો. તેમ ન કરે તો કાર્ય સરતાં હર્ષ થાય અને ન સરતાં શોક થાય; કારણ કે ભગવાન ક્યારેક મનોરથ પૂર્ણ કરે છે અને ક્યારેક નથી કરતા. છતાં પણ હું તમારી આજ્ઞા પ્રમાણે કરીશ'' એમ કહી અક્રૂર પોતાના ઘેર ગયો. કાર્યમાં ચિત્ત ચોંટેલ હોવાથી કંસે તેણે અક્રૂરા વગેરેને જે કહ્યું તેના ઉપર વિચાર પણ ન કર્યો અને મન્ત્રીઓ, કેશી, હાથીના મહાવત વગેરેને બહાર જ રાખી પોતે અન્તઃપુરમાં ગયો.

**કેશીનો વધ:**

કેશીને કંસે બલભદ્ર અને માધવ ને હણવા ખાસ મોકલેલો. તે મોટો અશ્વ પોતાની ખરીઓથી પૃથ્વીમાં ચીરાડો પાડતો મનના જેવા વેગવાળો તરત ગોકુલ પહોંચ્યો. પોતાની કેશવાળીથી વાદળાં અને વિમાનો ને હડસેલી આકાશને અવ્યવસ્થિત કરતો અને પોતાના હણહણાટથી સર્વને, અસુરોને પણ, ભય પમાડતો તે આવ્યો. તેનાં નેત્રો વિશાલ હતાં, તેનું ગુફા જેવું મુખ ભયાનક હતું અને તે કાળાં વાદળાંથી પણ મોટો હોવાથી કાળાં વાદળાંને તેની ઉપમા અપાતી. તેથી તે કાંઈ કાર્ય ન કરે તો પણ તેનું રૂપ જોઈને જ સર્વ ભય પામતા હતા. તે સ્વભાવથી જ દુષ્ટ અન્તઃકરણવાળો હતો અને હમણાં કંસનું હિત કરવા વ્રજને પીડા કરવા માટે જ ગોકુલ આવ્યો હતો.

તેનાં રૂપથી જ ગોકુલમાં બધા દુઃખ પામ્યા. ભગવાન ક્લેશ વિના કર્મ કરનારા હોવા છતાં ગોકુલ પોતાનું હોવાથી અને તેના દેવોને પણ ભય પમાડનાર હણહણાટથી જ દુઃખી થતું હોવાથી, તે કાંઈ કાર્ય કરે તે પહેલાં જ ભગવાને તેને બોલાવ્યો. કારણ કે પૂછડું ફેરવવાથી તે વાદળાંઓમાં ખળભળાટ કરી આપત્તિ લાવતો હતો, એટલે ભગવાન થોડો વિલમ્બ કરે તો પણ ઘણી જ આપત્તિ થાય. આવતાંવેત તેણે ગોકુલવાસીઓને દુઃખ ન કીધું, કારણ કે સંગ્રામ માટે તે શ્રીકૃષ્ણને જ શોધતો હતો. તેણે ભગવાનને જોઈને સિંહની જેમે ગર્જના કરી, કારણ કે બીજાને તો તે જેમ સિંહ હાથીને માને તેવા માનતો હતો. ભગવાને તેને બોલાવ્યો તે સાંભળીને જાણે કે આકાશને પીતો હોય તેમ મુખ પ્રસારી ગળી જવા ભગવાન સામો દોડી આવ્યો. આકાશને જે પી જાય તે તેમાં રહેલાને સહેલાઈથી ગળી જાય એમાં આશ્ચર્ય નથી. ભગવાન પાસે આવતાં તેમના કમલ જેવાં નયન અને ઘણું સૌન્દર્ય જોઈ તે તેમના ઉપર સીધો હુમલો કરી શક્યો નહિ, તેથી તેમનાં દર્શન ન થાય તેમ પાછો ફરી તેણે તેમનો પાછલા બે પગથી લાત મારી. તે ઘણી ઝડપથી આવતો હોવાથી બલભદ્ર વગેરે કોઈ તેને રોકી શક્યું નહિ. ભગવાન તો ઘણા ચતુર છે અને દેવો તથા અસુરો કોઈ શસ્ત્રોથી પણ તેમને ઈજા કરી શકે તેમ નથી. તેથી આડા ફરી તેમણે તેની લાત ચૂકાવી,

પછી બે હાથથી તેના બે પગ પકડી ઉંચો કરી ચક્કર-ચક્કર ફેરવી તિરસ્કારપૂર્વક એકસો ધનુષ્ય દૂર ફેંકી દીધો.

ભગવાન અલૌકિક સામર્થ્યવાળા હોવાથી તેની લાત ચૂકાવે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. વળી જો કે કેશી લાત મારવા જ ઝડપથી દોડી આવેલો અને તેનાં પગનો વેગ પણ ઘણો હતો, છતાં ભગવાન 'અધોક્ષજ' હોવાથી ઈન્દ્રિયોથી ઉત્પન્ન થયેલાં (અક્ષજ) તેનાં જ્ઞાન અને ક્રિયા તેમને પહોંચી શક્યા નહિ, તેથી પણ તેની લાત ચૂકાવેલી હશે એવું કોઈ ન માને તે માટે, કોઈ સગાંને ભેટે તેમ કેશીને તેણે લાત મારવા ફેંકેલા પગથી જ પકડી ભગવાને એમ દર્શાવ્યું કે જે કોઈ કાંઈ આપે છે તે જ ભગવાન લે છે. પછી તેના ગર્વનો નાશ કરવા તેને તિરસ્કારપૂર્વક જેમ ગરુડ પોતાના ભક્ષ્ય સર્પને તે મોટો હોય તો પણ તેના બલનો નાશ થાય તેમ દૂર ફેંકે છે, તેમ એકસો ધનુષ્ય દૂર ફેંકી દીધો.

જમીન પર પટકાતાં તે મૂર્ચ્છા પામ્યો, પણ પાછો ઉભો થયો અને ક્રોધથી મુખ ફાડી ભગવાન તરફ દોડ્યો, એટલે ''તું ખાવા આવે છે તો ભલે ખા'' એમ જણાવતા હોય તેમ ભગવાને પોતાનો ડાબો હાથ, જે દૈત્યોનો જ છે, તે હસતાં-હસતાં તેના મુખમાં નાખ્યો. જેમ સર્પ તેના દરમાં જાય તેમ ભગવાનનો ડાબો હાથ તેના મુખમાં ગયો. તેને તે ખાવા જતાં, જેમ તપેલાં લોઢાને અડતાં દાંત પડી જાય તેમ ભગવાનની ભુજાનો સ્પર્શ થતાં તેનાં દાંત-જેનાથી તે દેવોનો પણ સંહાર કરતો-તે પડી ગયા અને તેના દેહમાં પ્રવેશ કરેલી ભગવાનની ભુજા વધવા માંડી જેમ દરકાર ન કરેલો રોગ વધે તેમ તે પોતાની મેળે વધવા લાગી. ભગવાનની વધતી ભુજાથી તેના મુખનું પોલાણ ભરાઈ જતાં વાયુ રોકાઈ ગયો, મુખ તથા નાકથી શ્વાસ લેવાનું બંધ થયું, તેથી દુઃખી થઈ પગ પછાડતો, કંસ વગેરે દુષ્ટોએ મને મરવા જ અહીં મોકલ્યો એમ તેમને દોષ દેતો, અંદરના પ્રયાસથી પરસેવાથી રેબઝેબ થયો. તેની આંખો ઠરડાઈ ગઈ અને લાદ કરતો મરણ પામી તે પૃથ્વીપર પડ્યો.

તેના પ્રાણ ગયા છતાં ભગવાનની ભુજા વધતી જ ગઈ અને તેના દેહને પાકાં ચીભડાં જેવો કરી ફાડી નાખી, ફાટેલા ભાગમાંથી બહાર નીકળી. જો મુખમાંથી પાછી નીકળે તો કરેલી ક્રિયા પાછી ફરેલી ગણાય તેથી અને અપવિત્ર મડદામાં ભુજા રાખવી યોગ્ય નહિ હોવાથી તેના દેહને ફાડી નાખી તેમાંથી ભગવાને ભુજા બહાર કાઢી, પહેલાં હતી તેવી કરી. આટલું કરવા છતાં જેમ તણખલું તોડવાથી કોઈને અભિમાન થતું નથી તેમ ભગવાનને કાંઈ વિસ્મય ન થયો. એવી રીતે ભગવાને કાંઈ પણ પ્રયાસ કર્યા વિના જ તેને મારી નાખ્યો અને દેવોએ પુષ્પોની વૃષ્ટિથી ભગવાનની સ્તુતિ કરી.

**નારદ શ્રીકૃષ્ણ પાસે અપરાધ ક્ષમા કરાવે છેઃ**

જ્યારે ભગવાને કેશીને માર્યો ત્યારે તેમની સમીપ કોઈ ન હતું તેથી તે જ સમયે નારદ ભગવાન પાસે આવ્યા. તે ભાગવતમાર્ગનો ઉપદેશ કરનાર હોઈ ઉત્તમ વૈષ્ણવ હતા. તેથી પોતે કંસને પહેલાંનો સત્ય વૃત્તાન્ત કહી જે અપરાધ કરેલો તેને ક્ષમા કરાવવા એકાન્તમાં ભગવાન પાસે આવી તેમની સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કે ''હે કૃષ્ણ! હે

યોગીશ! હે જગદીશ્વર! હે વૈષ્ણવોના ઉત્તમ પતિ! આપ પ્રાણીમાત્રના આત્મા, સાક્ષી, મહાપુરુષ અને ઈશ્વર છો. જીવો તો બધા આપને વશ છે. આપ જેવી પ્રેરણા કરો છો તેમ તેઓ કરે છે. જીવોનાં સ્વરૂપ અને તેમને પ્રેરણા કરનાર આપ જ હોવાથી મેં કંસને પહેલાંનો વૃત્તાન્ત કહ્યો તેમાં મારો કાંઈ દોષ નથી. વાસ્તવિક રીતે દૈત્યોએ જ ભૂમિનું પાલન કરનાર રાજાઓ તરીકે જન્મ લીધો છે. તેઓ પાલન કરતા નથી, પણ સર્વનો નાશ કરે છે અને પર્વતની જેમે માત્ર ભૂમિને ભારરૂપ છે. તેમનો નાશ કરવા આપે અવતાર ધારણ કરેલો છે, કારણ કે આપ સત્પુરુષોનું રક્ષણ કરનારા છો. રાજાવિનાના રાજ્યમાં સત્પુરુષોનું રક્ષણ થાય નહિ અને જેમનું રક્ષણ ન થાય તે બધા દુષ્ટ જ થાય. તેથી દૈત્યોનો વધ બીજા પ્રકારે કરવાથી સત્પુરુષોનું રક્ષણ ન થાય. બધાનો વધ કરવાથી તો પ્રલય જ થાય. તેથી રાજાઓ બનાવીને જ દૈત્યોને હણવાના છે તેથી આપે પોતે તેમનો વધ કરવા અને સત્પુરુષોનું રક્ષણ કરવા અવતાર લીધેલો છે. તેથી આપને અનુકૂલ કાર્ય અમો આપના સેવકોએ પણ કરવું જોઈએ. આ કેશી જેના હણહણાટથી દુઃખી થઈ દેવો સ્વર્ગને તજી ભાગતા, તેને આપે કાંઈ પણ પ્રયાસ વિના માર્યો. હું યોગથી પ્રાપ્ત થયેલી દષ્ટિથી જોઉં છું કે પરમ દિવસે આપ ચાણૂર વગેરે મલ્લોને, હાથીના મહાવતને અને કંસને હણશો. ત્યાર પછી પઞ્ચજન, કાળયવન, મુર-નરક ને હણશો, પારિજાત લાવશો અને ઈન્દ્રને હરાવશો, રાજાઓની કન્યાઓને પરણશો, દ્વારકામાં નૃગને પાપમાંથી મુક્ત કરશો, સ્યમન્તક મણિને પત્ની જામ્બવતી સાથે લઈ આવશો, બ્રાહ્મણના મરેલા પુત્રને લાવી આપશો, પૌણ્ડ્રક અને કાશીરાજ ને હણશો, કાશીને બાળી નાખશો, યજ્ઞમાં શિશુપાલને હણશો. દ્વારકામાં રહી આપ બીજાં જે પરાક્રમો કરશો તે હું જોઈશ. કવિઓ તેનું ગાન કરશે. મારે ભવિષ્યની પ્રજાનો મોક્ષ થાય તે માટે તેનો ઉપદેશ કરવાનો હોવાથી હું તે સર્વ જોઈશ. આપ કાળરૂપ થઈ ભારતના યુદ્ધમાં અક્ષૌહિણીઓનો વધ કરાવશો. આપ સર્વના ઈશ્વર છો, બીજા બધા વશ રહેનારા છે છતાં લૌકિક રાજા જેમે આપને પોતાના માટે એ બધાની કાંઈ જરૂર નથી, કારણ કે આપ પોતાનો જ આશ્રય કરી રહો છો. તેમની સાથે આપનો સંયાગે પણ નથી, આપ સંગરહિત છો. અવતાર દશામાં આપનાં દેહ વગેરે દેખાય છે તે સ્વાભાવિક નથી, પણ આકાર છૂપા રાખવા માત્ર દેખાડવાના જ છે. તેથી દોષરહિત અને ગુણોથી ભરપૂર, સર્વ ભક્તોનો ઉદ્ધાર કરનારા આપને હું નમન કરું છું.''

**વ્યોમાસુરનો વધઃ**

નારદે એ પ્રમાણે ભવિષ્યમાં થવાની લીલા ભગવાનને જણાવી કે જેથી ભગવાન તે પ્રમાણે લીલા કરે. તેણે એ પ્રમાણે કહ્યું છતાં ''આ મૂર્ખ છે'' એમ જાણી ભગવાને કાંઈ ઉત્તર ન આપતાં તેને જવાની રજા આપી, એટલે તેમને સાષ્ટાન પ્રણામ કરી તે ગયા. તેને ઉત્સવરૂપ ભગવાનનાં દર્શન થયાં. સંગ્રામમાં કેશીને હણીને ભગવાન પણ ગોકુલ પધાર્યા. નારદના વચનથી તેમણે સત્તાનો મદ અથવા ખેદ કાંઈ થયું નહિ, પરન્તુ પહેલાંની જેમે જ ગોપાલો પાસે પશુઓનું પાલન કરાવવા અને વ્રજને સુખ આપવા લાગ્યા.

ભગવાન શ્રીગોકુલથી પધારી ગયા પછી પણ તેનું પાલન કરશે એમ ભગવાને કરેલા વ્યોમાસુરના વધથી સ્પષ્ટ થાય છે. તે સમયે ગોપાલો પર્વતની ટોચ ઉપર પશુઓને ચરાવતાં 'ચોર-ચોર'ની રમત રમતા હતા. કેટલાક ચોર થઈ સંતાઈ જતાં, કેટલાક મેંઢા થઈ ભગવાનને લીધે નિર્ભય થઈ ફરતા અને કેટલાક ચોરને શોધી પકડનાર પોલીસ થતાં. ભગવાન તથા બલભદ્ર તે દિવસે ગાયો ચરાવવા ગયા ન હતા. મય રાક્ષસનો પુત્ર વ્યોમ ગોપાલનું રૂપ લઈ તેમની સાથે રમવા લાગ્યો અને ઘણી વાર ચોર થઈ મેઢાં બનેલા ગોપાલોને લઈ જવા લાગ્યો. બીજા ચોર બનેલા મેંઢા બનેલાને લઈ જાય ત્યારે પોલીસ બનેલા જાગી જતા, પરન્તુ વ્યોમ લઈ જાય ત્યારે તેની માયાને લીધે કોઈ જાગતું નહિ. તે એકજ ફેરે ઘણાને લઈ જતો અને એવા ઘણા ફેરા એણે કર્યા. લઈ ગયેલા દરેકને વારાફરતી સાંકડા મુખવાળી ગુફામાં નાખતો અને પછી તે ગુફાનું મુખ પથ્થરથી ઢાંકી દેતો. મેંઢા બનેલા ઘટી જતાં, ચોર અથવા પોલીસ બનેલા મેંઢાં થતા. એમ કરતાં માત્ર ચાર અથવા પાંચ ગોપાલો જ રહ્યા.

ભગવાને ગોકુલમાં રહ્યાં જ જાણ્યું કે વ્યોમ આ પ્રમાણે કરે છે. ભગવાન શરણે આવેલાનું રક્ષણ કરનારા છે, તે તેમનું પાલન ન કરે તો સત્પુરુષોને દુઃખ થાય અને શાસ્ત્રની પદ્ધતિનો નાશ થાય. તેથી ગોકુલમાં હોવા છતાં ભગવાન વ્યોમ પાસે પોલીસ થયેલા જેમે પ્રકટ થયા અને જેમ સિંહ વરૂને પકડે તેમ તેને પકડી લીધો. વ્યોમે વિચાર્યું કે ભગવાન મોટા હોવા છતાં તેમણે પોલીસનું જુદું રૂપ લીધું છે, તેથી જો હું મારું સ્વરૂપ પ્રકટ કરું તો તે નાના રૂપવાળા હોવાથી મને મારી શકશે નહિ અને ભગવાન જો પોતાનું રૂપ પ્રકટ કરશે તો તેમણે લીધેલ અવતાર પૂરો થવાથી કંસ વગેરેને અને મને કોઈ મારી શકશે નહિ. એમ વિચારી તેણે પોતાનું મોટા પર્વત જેવું રૂપ ધારણ કર્યું. તે બલવાન્ હતો છતાં તે ભગવાનના હાથમાંથી છૂટી શક્યો નહિ એટલું જ નહિ પરન્તુ ભગવાનના પકડવા માત્રથી જ તે ઘણો દુઃખી મરવા પડેલા જેવા થયો. પછી ભયરહિત ભગવાને બે હાથથી તેને પકડી પૃથ્વી ઉપર પછાડ્યો અને દેવોના દેખતાં તેનું મુખ બંધ કરી ગળું મરડી નાખ્યું. પછી તેમણે વ્યોમે માયાથી ઢાંકેલું ગુફાનું દ્વાર તોડી નાખી ગુફાનો નાશ કર્યો જેથી બીજો કોઈ તેમ કોઈને પૂરી શકે નહિ. ગોપોને સંકટમાંથી બહાર કાઢ્યાં અને પછી તે ગોપો તથા દેવોથી સ્તુતિ કરાતા ભગવાને પોતાનાં ગોકુલમાં પ્રવેશ કર્યો.

**અક્રૂરનું ગોકુલ આગમનઃ**

કંસે શ્રીકૃષ્ણ તથા બલભદ્ર ને ગોકુલથી ગોપો વગેરે સાથે મથુરા લઈ આવવા અક્રૂરને જવા કહેલુ. ''ભગવાન અથવા તેમનો ભક્ત અથવા મથુરામાં કોઈ કંસની આ આજ્ઞા પ્રમાણે વર્તતાં મને રોકશે તો હું ગોકુલ જઈશ નહિ'' એવો નિશ્ચય કરી, અક્રૂર તે રાત મથુરામાં રહ્યો. તેને, પરન્તુ, કોઈએ રોક્યો નહિ ત્યારે આ ઉપાય જ સર્વનું હિત કરનારો છે એમ તેણે નિશ્ચય કર્યો અને કંસે આપેલા દિવ્ય રથમાં બેસી પોતે એકલો જ, સારથિ જેવો થઈ ઘણા સન્તોષપૂર્વક નન્દના ગોકુલ જવા ઉપડ્યો.

સાત્ત્વિક પુરુષ ભગવાન પાસે જાય ત્યારે તેને ભક્તિ ઉત્પન્ન થાય છે, તેથી માર્ગે જતાં તેને ભગવાન સમ્બન્ધી મનોરથ થવા લાગ્યા. તેને દુષ્ટ કંસનો સંગ થયેલો અને તેની પ્રેરણાથી જ તે જતો હતો, છતાં પહેલાં તેણે ઘણું પુણ્ય કરેલું તે હવે ફલ આપવા લાગ્યું. તેથી તેને વિભૂતિમાં નહિ, પરન્તુ દષ્ટિથી જ સર્વ દુઃખ હરનારા, ફલદાતા ભગવાન પુરુષોત્તમમાં પરા પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થવા લાગી. પહેલાં ભક્તિ હતી તે જતી રહેલી, હવે પાછી આવી અને પોતાની મેળે (દુષ્ટના સંગને લીધે) આવી શકે તેમ નહિ હોવાથી, ભગવાનની સરસાઈ જણાવી તેમનાથી પોતાના શ્રેયની કામના કરે તેમ તેને વિચાર કરાવવા લાગી.

**સાત્ત્વિકશ્ચેદ્ અભિમુખઃ તદા ભવતિ ભક્તિમાન્।**
**અન્યથા દૈત્યસંસર્ગે સ્તબ્ધા ભક્તિર્ ભવેદ્ ધ્રુવમ્ ।।**

સાત્ત્વિક જીવ જ્યારે ભગવાન પાસે જાય ત્યારે ભક્તિવાળો થાય છે, નહિતો દૈત્યનો સંગ થતાં ભક્તિ અટકી પડે છે.

ભક્તિ દઢ થાય તે માટે પ્રથમ તેને ભગવાનના ગુણોનું માહાત્મ્ય જણાયું. તેમાં પણ ભગવાનનાં દર્શન સર્વથી ઉત્તમ જણાયાં. તેણે વિચાર્યું કે ''મેં જરૂર કાંઈક કલ્યાણકારી આચરણ કર્યું હશે અથવા ભગવાનની શક્તિરૂપ ઉત્તમ તપ કર્યું હશે અથવા કોઈ ભગવાનનાં સેવકને ભગવાનના જ ઉપયોગમાં આવે તે માટે શ્રદ્ધાથી દાન કર્યું હશે કે જેથી આજે મને બ્રહ્મા અને શંકર ને પણ સુખ અને મોક્ષ આપનાર ભગવાનનાં દર્શન થવાનાં છે. તેવું કાંઈ કરેલ ન હોત તો આજે તેમનાં દર્શન મને ન થાત. ભગવાનનાં દર્શન દુર્લભ છે, કારણ કે ઉત્તમ સર્વજ્ઞ ભક્તો પણ તેમની સ્તુતિ જ કરે છે, પરન્તુ તેમને દર્શન થતાં નથી, તો પછી મારા જેવા વિષયમાં આસક્તિવાળાને તો ક્યાંથી જ થાય? જેમ પૂર્વજન્મમાં બ્રાહ્મણ હોય, સર્વજ્ઞ હોય, વેદના ઉચ્ચાર કરવા શક્તિમાન હોય, છતાં પણ જો તે શૂદ્રના બીજથી ઉત્પન્ન થાય તો તેને વેદનો ઉચ્ચાર કરવાનો પણ અધિકાર રહેતો નથી, તેમ મને પહેલાં દર્શન થયેલાં હોવા છતાં, સહેલાઈથી થઈ શકતાં હતાં છતાં, વિષયમાં આસક્તિ થવાથી હવે તેમનાં દર્શન કરવાની મારામાં યોગ્યતા નથી, કારણ કે વિષયો દર્શન થવામાં માત્ર વિઘ્ન કરતા નથી પરન્તુ દર્શન કરવાના અધિકારનો જ નાશ કરે છે એમ તદ્દન નહિ હોય. વિષયો અધિકારનો નાશ કરતા નહિ હોય પણ તેને અધમ બનાવતા હશે. આસુરપણું જ અધિકારનો નાશ કરે. વળી વિષયો ભક્તિમાં વિઘ્ન પણ કરતા નહિ હોય કારણકે વિષયોથી પણ ભગવાનનું ભજન થવાનું શાસ્ત્રમાં કહેલું છે. તેથી મને અધમને પણ ભગવાનનાં દર્શન થશે જ, કારણ કે ભગવાન જ ફલરૂપ હોવાથી તેમનું કીર્તન ક્યારેય વ્યર્થ જતું નથી. તણખલાંની જેમે કાળરૂપ નદીમાં તણાતો કોઈક કોઈવાર તેને તરી જાય છે. જલમાં પડેલી નૌકા જેમ પોતાની મેળે જ એક કિનારેથી બીજા કિનારે જાય છે તેમ કાળરૂપ નદીમાં પડેલો પણ કોઈક તરી જાય છે એમ પણ કેટલાક કહે છે. કોઈવાર વિઘ્ન કરનારાઓ પણ લાભ કરાવે છે. વિષ ખાવાથી પણ કેટલીકવાર જીવ રહે છે

અને તે ખાધું ન હોય તો પણ મરણ થાય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. તેમ સદા ભક્તિમાં વિઘ્ન કરનાર કંસે જ આજે મારા ઉપર ઘણો અનુગ્રહ કર્યો, કારણ કે મને તેના લીધે જ ભગવાનનાં દર્શન થશે. જે ભગવાનનાં દર્શન કરાવે છે તે જ અનુગ્રહ કરે છે. તેણે તો મને ભગવાન વિરુદ્ધ કાર્ય કરવા મોકલ્યો, પણ સર્વ દુઃખ હરનાર હરિનો માત્ર સમ્બન્ધ થવાની જ જરૂર છે અને તે કંસે કરાવ્યો. જે કોઈ પોતાના સમ્બન્ધમાં હરકોઈ પ્રકારે આવે તેમને તારવા જ ભગવાને અવતાર લીધેલો છે. પહેલાંના ભગવદીયો પણ તેમના નખમંડલની કાંતિથી સંસાર તરી ગયા છે. એવી રીતે ચિન્તન કરવાથી હૃદયમાં પ્રકાશતો ચરણ સૂર્યના મંડલ જેમે પોતાની કાન્તીથી અવિદ્યારૂપ અંધકારને નસાડી મુક્તિ આપે છે, તો પછી દશ નખના મંડલોવાળી ચરણરૂપ નૌકાનું માત્ર ચિન્તન નહિ પરન્તુ દર્શન થાય ત્યારે તરીએ એમાં શું સંદેહ? તેનાં દર્શનથી જરૂર મોક્ષ થાય, કારણ કે આ લોકમાં ૧.બ્રહ્મા મોટા ગણાય છે અને વિષય પૂરા પાડનાર તરીકે ૨.લક્ષ્મી મોટી ગણાય છે. જ્ઞાનશાસ્ત્રમાં ૩.મુનિઓ અને ભગવાન સમ્બન્ધી શાસ્ત્રમાં ૪.વૈષ્ણવો મોટા ગણાય છે. તે બધાએ પોતાનું ઈચ્છેલું પ્રાપ્ત થાય તે માટે આ ભગવાનનાં ચરણારવિન્દનું પૂજન કરેલું છે. જગતમાં બ્રહ્મા, વિષ્ણુ અને શંકર મોટા ગણાય છે. તે બધા અને ઈન્દ્ર વગેરેએ પણ એ પ્રમાણે તેનું પૂજન કરેલું છે. ગોપો અજ્ઞાની અને કોઈની દરકાર ન કરનારા હોય છે. તેઓ ભગવાનની પાછળ અલૌકિક પ્રકારે ગાય ચારવાનું શીખવા જતાં ભગવાનના ચરણોનું પૂજન કરે છે અને તેમની સ્ત્રીઓ કામથી ભગવાનનું ભજન કરતાં તે ચરણોને બહાર પણ પોતાના હૃદય ઉપર ધારણ કરે છે. હરણો મારી જમણી બાજુએ જાય છે તેથી હું કંસનો સેવક હોવા છતાં જરૂર મને ભગવાનનાં મુખનાં દર્શન થશે. તેમના સુન્દર ગાલ અને નાસિકા ઉપરથી જણાશે કે તે મારા ઉપર ક્રોધ કરતા નથી કે મારો દોષ વિચારતા નથી. તેમની અલ્પ હાસ્યવાળી દૃષ્ટિ અને લાલ કમલ જેવાં લોચનથી જણાશે કે હું અપકાર કરવા જતો હોવા છતાં તે મારો અંગીકાર કરે છે. તે મોક્ષ આપનાર હોવાથી તેમનાં મુખકમલનાં દર્શનથી જ મને બધું ફલ પ્રાપ્ત થશે. તેમનું મુખ વાંકડીયા કેશથી ઢંકાયેલું હશે. તત્ત્વજ્ઞાનીઓ કેશરૂપ હોઈ, તે બધે ફેલાવાના સ્વભાવવાળા હોવા છતાં અદેખાઈ તજી ભેગા થઈ, ભગવાનને આશ્રય કરી રહે છે. તેથી તેવા કેશથી ઢંકાયેલાં મુખકમલનાં દર્શનથી સર્વ ફલ પ્રાપ્ત થાય તેમાં જરા પણ સંશય નથી. આજનો દિવસ દુર્લભ છે કે પોતાની ઈચ્છાથી ભૂમિનો ભાર ઉતારવા મોક્ષ આપનાર જે ભગવાને મનુષ્યનો અવતાર લીધેલો છે તેમનાં મને દર્શન થશે. બ્રહ્મા વગેરે ભક્તોની ઈચ્છાથી ભગવાન લાંબા સમયે ફલદાન કરે કે ન પણ કરે, પરન્તુ સર્વ સૌન્દર્યનાં ધામ બનેલા ભગવાનનાં મને થોડા જ સમયમાં દર્શન થશે અને દર્શન થતાં જ પરમાનન્દ પ્રાપ્ત થશે. દૃષ્ટિનું ફલ (દર્શન) સહેલાઈથી પ્રાપ્ત થશે ત્યારે ઈન્દ્રિયો સફલ થતાં જન્મ સફલ થશે અને આત્મા તો મુક્ત થશે.

ભગવાનને પ્રાકૃત ગુણોનો જરાએ સમ્બન્ધ નથી. જો તેવા ગુણનો જરાય સમ્બન્ધ હોય તો તેમના ગુણ-નામ વગેરેનાં કીર્તનથી કોઈનાં પાપ નાશ ન પામે, પરન્તુ

આ ભગવાનનાં નામો તો સર્વનાં પાપોનો નાશ કરે છે અને સર્વને મંગલ પ્રાપ્ત કરાવે છે. તેમનાં નામ સાથે ભળેલી બીજાની વાણી પણ તે પ્રમાણે પાપોનો નાશ કરી મંગલ પ્રાપ્ત કરાવે છે. સત્ય વગેરે ભગવાનના ગુણો, ગોવર્ધન ધારણ કરવો વગેરે તેમનાં કર્મો તથા દેવકીના પુત્ર વગેરે તેમના જન્મો સાથે ભળેલી બીજાની વાણી બધાનાં સર્વ પાપોનો નાશ કરે છે. આમની સાથે ભળેલી વાણી જીવે છે, કારણ કે ભગવાનનાં ગુણો એ વાણીના પ્રાણરૂપ છે. એવી વાણી જ શોભે છે, પુષ્ટ થાય છે, પ્રભાવશાળી હોય છે અને જગતને પવિત્ર કરે છે. જેમ દેહમાં પ્રાણ, અન્ન અને ગુણ હોય છે તેમ એ વાણીમાં ભગવાનના ગુણો, જન્મ અને કર્મો છે. તેવી જ રીતે મનમાં પણ ભગવાનના ગુણો, જન્મ અને કર્મો રહે છે. જે વાણીમાં તે હોતા નથી તે મડદાની શોભારૂપ જાણવી. મડદાંને વસ્ત્ર આભૂષણ પહેરાવી શોભા કરાવવામાં આવે છે છતાં તે શોભા અમંગલરૂપ જ છે, કારણ કે તેનામાં પ્રાણ નથી, પ્રાણનું પોષણ કરનાર અન્ન નથી અને પ્રાણના કાર્યરૂપ ગુણ નથી. જેવી મડદાંની શોભા તેવી ભગવાનના નામ ગુણ અને કર્મ વિનાની વાણી જાણવી. તે જ ભગવાને, અન્તર્યામીસ્વરૂપ હોવા છતાં, હમણાં બહાર અવતાર લીધેલો છે. યાદવો બધા વૈષ્ણવો છે. તેમની પ્રસિદ્ધિ થાય તે માટે, પોતે જગતમાં કરેલી મર્યાદાનું પાલન કરનાર ભગવાને, દેવોને સુખ થાય તે પ્રકારે અવતાર ધારણ કરેલો છે. ભવિષ્યની પ્રજાને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે પોતાનો યશ વિસ્તારતાં હાલ તે વ્રજમાં રહે છે. પોતે ઈશ્વર હોવાથી હલકાં સ્થાન (વ્રજ)માં રહીને પણ દેવોને સુખ થાય તેવાં કર્મો કરતાં સર્વને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. તેથી જ ભગવાનનાં ચરિત્ર જે સર્વને મંગલરૂપ છે તેનું બધા લોકો અને ખાસ કરી દેવો ગાન કરે છે. ભગવાન મોટા પુરુષોના ફલરૂપ હોવાથી અને વળી ગુરુ એટલે જ્ઞાનનો ઉપદેશ કરનાર અથવા જ્ઞાનસ્વરૂપ પણ હોવાથી વૈદિક પ્રકારે ઉત્તમ છે. લૌકિક પ્રકારે પણ ઉત્તમ છે, કારણ કે ત્રણ લોકના કાન્ત એટલે પતિ અને સુન્દર છે અને વળી જ્ઞાનીઓના ઉત્સવરૂપ એટલે ફલરૂપ છે. આવી રીતે લૌકિક અને વૈદિક ફલ સ્વરૂપ ભગવાનનું દર્શન એ મોટું ફલ છે. લોકમાં સર્વ પુરુષાર્થરૂપ લક્ષ્મી છે તેનું પણ ઈચ્છેલું સ્થાન ભગવાનજ છે. આ પ્રાતઃકાલ ક્ષણે-ક્ષણે મને આનન્દ આપે છે. તેથી આજે મને તેમનાં દર્શન જરૂર થવાનાંજ.

ભગવાનનાં દર્શન થયા પછી અથવા દર્શન થવાની ઘડીએ જ હું રથમાંથી ઉતરી માતા-પિતાના પણ સ્વામી એવા બે ઈશ્વર બલભદ્ર અને શ્રીકૃષ્ણ નાં ચરણને નમન કરીશ. યોગીઓ પણ આત્માની પ્રાપ્તિ થાય તે માટે તેમના ચરણનું મનથી ધ્યાન કરે છે તો પછી હું સાક્ષાત્ નમસ્કાર કરીશ ત્યારે તે મને શું ફલ નહિ આપે? તે બેની સાથે તેમના મિત્ર ગોપાલોને અને બધા વ્રજવાસીઓને પણ હું નમન કરીશ. તેથી મને ભક્તિ પ્રાપ્ત થશે. ભક્તિ ઉભરાતા હું ધીરે-ધીરે નમન નહિ કરું, પણ તેમના ચરણકમલમાં પડી જ જઈશ. તે મને ઓળખવા તથા મારા ઉપર કૃપા કરવા શક્તિમાન્ છે અને ઘણું કરીને મારા માથાઉપર પોતાનું હસ્તકમલ મૂકશે. તેથી જ મને ઘણું સુખ થશે. કાલરૂપ સર્પના વેગથી દુઃખી થયેલા તેને જોઈને જ ''કાલ અમને ખાઈ જશે'' એવા ભયથી પોતાની મિલ્કત તજી નાસી જતાં

સુવાસીઓ તથા વિવેકવાળા ગૃહસ્થો ભગવાનનું શરણ શોધે છે. તેવા લોકોને આ ચરણકમલ અભય આપે છે. આ ચરણ કમલરૂપ છે. કમલમાં પ્રવેશ કરે છે તેને સર્પનો ભય થતો નથી, કારણ કે જલમાં વિષનું પરાક્રમ રહેતું નથી. વળી કમળમાં સર્પ પ્રવેશ કરતો નથી. આ હસ્તકમલ ઇચ્છેલા પદાર્થ પણ આપે છે. તેમાં કાંઈક સમર્પણ કરવાથી ઇન્દ્ર અને બલિએ ત્રણ જગતનું રાજ્ય પ્રાપ્ત કરેલ. વળી તે મિત્રનું કાર્ય પણ કરે છે. વ્રજની સ્ત્રીઓ સાથેના વિહારમાં તેમને થયેલ સુગન્ધવાળાં જલ જેવો પરસેવો આ હસ્તે લૂછેલો. ત્રણ ગુણવાળા (ઠંડા, સુગન્ધી અને મન્દ) વાયુથી શ્રમ મટે છે, તેમ આ ભગવાનના શ્રીહસ્તે તેમનો શ્રમ મટાડેલો. જો કે હું કંસનો દૂત છું, તેણે જ મને મોકલ્યો છે અને તેણે આજ્ઞા કરી છે તે બધું હું કરીશ, છતાં પણ હું શત્રુ છું એમ ભગવાન નહિ ગણે, કારણ કે તેઓ 'અચ્યુત' હોવાથી તેમને કોઈનો ભય નથી. તેથી તેમના ઉપર અપકાર કરનાર તરીકે કોઈ તેમનો શત્રુ નથી. દૈત્યોને તો તે તેમના અને લોકો ઉપર ઉપકાર કરવા હણે છે. મને હણવાનું તો તેમને કાંઈ કારણ નથી. વળી ભગવાન સર્વના ચિત્તના વિચાર અને બહારનાં કાર્ય જાણે છે. તેમને બધું પ્રત્યક્ષ હોવાથી તે મારો વૃત્તાન્ત પણ જાણતા હોવાથી મને શત્રુ નહિ ગણે. મને સંગદોષ અને અન્ન વગેરેના દોષ છે, છતાં પહેલાંના પુણ્યને લીધે હું તેમના ચરણમાં પડીશ, એટલે મારા અપરાધ દૂર થતાં તે મારા ઉપર દયાની દૃષ્ટિ કરશે. તેનાથી મારાં બધાં પાપ દૂર થશે અને મને પરમ આનન્દ થશે. હું સાવધાન રહી ''હું શરણે આવેલો છું'' એમ જણાવીશ અને બે હાથ જોડીશ એટલે ભગવાન અવશ્ય મારા ઉપર દૃષ્ટિ કરશે. હમણાં ચિન્તન કરતાં જ ભગવાન પ્રત્યક્ષ થાય છે તો પછી તે સમયે જરૂર દૃષ્ટિ કરશે. મારી પ્રવૃત્તિ અને પહેલાંનુ દુષ્ટપણું સંભારી હસશે અને પ્રવૃત્તિ જાણી દૃષ્ટિ સ્નેહવાળી પણ થશે એટલે તરત મારાં પાપ જતાં રહેશે, વાસના પણ મને તજી જતી રહેશે, મને સન્તોષ થશે. મારો ભય જતો રહેશે કારણ કે ભગવાને મારા પહેલાંના મોટા અપરાધ દૂર કર્યા તો પાછળના નાના અપરાધને દૂર કરશે તેમાં શંકા રહેશે નહિ અને ભગવદીયોનું કાર્ય કરવા હું શક્તિમાન થઈશ. ભગવાનનાં દર્શનથી આ સર્વ થશે.

હું ભગવાનમાં ઘણા પ્રેમવાળો હોઈ અન્તઃકરણનો સમ્બન્ધી છું. તેમનો કુટુમ્બી હોઈ દેહનો સમ્બન્ધી છું. તે જ મારા દેવ છે અને બીજો કોઈ મારે દેવ નહિ હોવાથી શાસ્ત્ર પ્રમાણે હું તેમનો ભક્ત છું. એવી રીતે ત્રણ પ્રકારના સમ્બન્ધવાળો હોવાથી ભગવાન તેમની મોટી ભુજાઓથી મને ભેટશે! તેમ કરશે તો મારો દેહ તીર્થ ન હોવા છતાં તીર્થરૂપ થશે અને લોકોનો ઉદ્ધાર કરશે, તો પછી મારો ઉદ્ધાર થવામાં શું સંદેહ? બધા અવયવોમાં ચરણ હલકો છે, અને ભગવાનના ચરણમાંથી ગંગા વગેરે તીર્થો ઉત્પન્ન થાય છે, તેથી તેમના ઉત્તમ અંગોમાંથી તો ઘણાંએ તીર્થો નીકળે. તેથી ભગવાન ભેટ્યા પછી તેમના બાહુમાંથી નીકળેલો મારો દેહ ગંગા વગેરે કરતાં પણ ઉત્તમ થશે. અને ત્યારે જ મારાં કર્મના બન્ધનો મારા દેહમાંથી બહાર નીકળી તૂટી જશે. ભગવાનના અંગનો સંગ થયા પછી હું ગર્વ નહિ કરું પણ પ્રણામ કરીશ અને બે હાથ જોડીશ ત્યારે ભગવાન મને ''હે તાત! હે અક્રૂર!'' એમ

પિતા, બંધુ અને સ્નેહી તરીકે આદર આપશે ત્યારે જ મારો જન્મ સફલ થશે. હું મોટા પુરુષ તરીકે ઉત્તમ કુલમાં જુમ્યો તે ત્યારે જ સફલ થશે. ભગવાન મને એમ આદર આપશે કારણ કે તેમની કીર્તિ ઘણી છે. અને જેના ઘરમાં જે વધારે હોય તે જ તે બીજાને આપે. ભગવાન કોઈ સમયે જરાય આદર ન આપે તેના જન્મને ધિક્કાર છે, કારણ કે તે જન્મથી લૌકિક કાર્ય પણ ન થવાથી તે વ્યર્થ જવાનો. ભગવાન પુરુષોત્તમ છે અને હું તેમનાથી ઘણો હલકો છું, છતાં તે મને આદર આપશે, કારણ કે તેમને કોઈ દેહના સમ્બન્ધવાળો વહાલો નથી, કોઈ ગાઢ મિત્ર નથી, કોઈ અપ્રિય નથી, કોઈના ઉપર દ્વેષ કરવાનું કારણ નથી અને કોઈ દરકાર ન કરવા યોગ્ય નથી. આ બધા દેહના ધર્મો હોવાથી ભગવાનને કોઈની સાથે આવો કાંઈ સમ્બન્ધ નથી એટલે લોકની રીત પ્રમાણે તે કોઈનો આદર અથવા અવગણના કરતા નથી. છતાં જે તેમને જે પ્રકારે ભજે છે તેને તે પણ તે પ્રકારે ભજતા હોવાથી ભક્તિશાસ્ત્ર પ્રમાણે મારો આદર કરશે. કારણ કે તેમ ન કરે તો તેમની એ પ્રતિજ્ઞા ખોટી ઠરે. ભક્તો ભગવાનને ભજે છે તેથી ભગવાન પણ તેમને ભજે છે. ભક્તો નમસ્કાર કરે છે, ચરણ ચાંપે છે અને તુલસી સમર્પણ કરે છે. ભગવાન તેમને કલ્પવૃક્ષની જેમે તેમના ઈચ્છેલા પદાર્થો આપે છે. ભક્તોએ આપેલ હોય તે જ આપતા નથી પરન્તુ તેમના ભજન પ્રમાણે તેમને જોઈતું ફલ જ આપે છે. જેમ કલ્પવૃક્ષ પાસે જવાથી કાર્ય પાર પડે છે, તેમ ભગવાન પણ ભક્તોને ઈચ્છેલું ફલ આપે છે. ભગવાન સર્વરૂપ છે, છતાં ભક્તોને જ દાન આપે છે તેમાં પક્ષપાત નથી, કારણ કે ઈચ્છેલું આપનાર કલ્પવૃક્ષ પક્ષપાતી નથી. કર્મનું ફલ તો તુચ્છ છે. ભગવાન કર્મનું ફલ જ આપે તો તેમની સરસાઈ ન હોય. આશ્રય કરે તેને જ ભગવાન પુરુષાર્થનું દાન કરે છે, આશ્રય ન કરે તેને કરતા નથી.

મોટાભાઈ બલભદ્રને પણ હું નમન કરીશ એટલે ''તું ઠીક કંસનો ઘાત કરાવવા આવ્યો!'' એમ હસતાં તે મને બંધુને ભેટશે. પછી આદરપૂર્વક મારા હાથ પકડી, ઘરે લઈ જઈ, ભોજન કરાવી, હું પોતાને જ ઘેર હોઉં તેમ અથવા તેથી પણ વધારે સરભરા કરી, આરામ કર્યા પછી કંસે પોતાના બંધુઓ પ્રતિ કેવું વર્તન કર્યું તે પૂછશે.

માર્ગમાં રથ ઉભો રાખી સંધ્યા સુધી અક્રૂરે આવા મનોરથ જ કર્યા, છતાં ભગવાનને સન્મુખ થવાની પ્રવૃત્તિમાં બધુંએ અનુકૂલ જ થતું હોવાથી, તે શ્રીકૃષ્ણનું અન્તઃકરણમાં ચિન્તન કરતો હતો અને અન્તઃકરણમાં તેને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે રથ જ તેને ગોકુલ લઈ ગયો અને સૂર્ય પણ તે સમયે અસ્ત થયો. પછી જે ભગવાનનું તે હૃદયમાં ચિન્તન કરતો હતો તેમનાં ચરણની રેણુ તેણે જોઈ. ભગવદીય શરીર પ્રાપ્ત કરાવે તેવી રજવાળાં ભગવાનનાં ચરણ ભૂમિ ઉપર ઉઠેલાં. દેવો–દૈત્યો વગેરે બધા લોકપાલોની સત્તા ભગવાનને જ અધીન છે. તે બધા પોતાનાં આભરણો પહેરી ભગવાનને નમન કરે ત્યારે તેમના મુકુટને આ પવિત્ર રજનો સ્પર્શ થતો. ભગવાનનાં ચરણની રેણુનું આ ઉત્તમપણું ભગવાનના સમ્બન્ધથી થયું. કસ્તૂરી જેમે રેણુ જાતે ઉત્તમ નથી. આવી રેણુવાળાં ભગવાનનાં પગલાં અક્રૂરે જોયાં. આ પગલામાં ભગવાન સુખથી સેવા થઈ શકે

તેવા છે એમ જણાવનારી કમલની આકૃતિ, કીર્તિ પ્રકટ કરનારી યવની આકૃતિ, મનરૂપી હાથીને વશ રાખવા માટે અંકુશની આકૃતિ, ધજાની આકૃતિ વગેરે હોવાથી તે ઓળખાતાં. ભૂમિ ઉપર રસ પ્રકટ થાય તે માટે, ભૂમિ ઉપર વસનારાઓ ભજન કરી શકે તે માટે તથા આવાં નાનાં સ્થાનમાં પણ ભગવાન ઘણું ફલ આપે છે એમ જણાવવા ભગવાને આવાં આશ્ચર્યકારક પગલાં પાડેલાં. ભગવાનનાં પગલાંની રજ ભગવદીય દેહ ઉત્પન્ન કરાવનારી છે. તેનાં દર્શન થતાં તેમાંના ભક્તિરસે અક્રૂરમાં પ્રવેશ કરી તેના દેહના ધર્મો હઠાવ્યા. પગલાંના દર્શનથી તેને ઘણો આનન્દ થવાથી તેનો ગભરાટ વધી પડતાં મનના ગુણો હઠી ગયા. પ્રેમને લીધે રૂંવાડાં ઉભાં થતાં દેહના ગુણો હઠી ગયા. આંસુઓથી નયનો ભરાઈ જતાં ઈન્દ્રિયોના ગુણો હઠી ગયા. એ પ્રમાણે પહેલાંના ગુણો હઠી જતાં, જેમ જડ પદાર્થ પડી જાય તેમ તેનો દેહ રથમાંથી રેણુમાં પડી ગયો. પછી રેણુના પ્રભાવથી તે ભગવદીય થયો. ભક્તિ ઘણી વધે તે માટે કાયાથી પણ કાર્ય કરવું જોઈએ, તેથી બહારનો દેહ ભગવદીય થાય તે માટે તે રેણુમાં લોટ્યો. આટલા સમય સુધી તે ભગવાનને ઈશ્વર તરીકે, મોટા પુરુષ તરીકે, સમ્બન્ધી તરીકે જાણતો હતો. હવે તે પોતે તેમનો શુદ્ધ સેવક થયો અને ભગવાન તેના સ્વામી થયા. એમ થતાં ભગવાનના ચરણની આવી દુર્લભ રજ ભૂમિ ઉપર રહે તે યોગ્ય નહિ એમ વિચારી તે બધીએ પોતાના શરીર ઉપર આવી જાય તે માટે તે બધી તેના શરીર ઉપર આવે ત્યાં સુધી તે તેમાં લોટ્યો. આને જે ફલ પ્રાપ્ત થયું તે જ દેહીઓનો પુરુષાર્થ અને જન્મનું સફલપણું છે, કારણ કે જે જન્મે તેણે પણ પુરુષાર્થ પ્રાપ્ત કરવો જોઈએ. અને ભગવદીય ભાવ પુરુષાર્થ છે. ભગવદીય ભાવ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. જ્ઞાન વગેરે તો પેટાફલ છે. આ ભગવદીય ભાવ સ્વભાવથી જ મોક્ષથી પણ અધિક છે. દેહ લેવો દુઃખરૂપ છે, તે લઈને પણ પરમ પુરુષાર્થ પ્રાપ્ત ન કરીએ તો તે વ્યર્થ છે.

કંસના સંદેશાથી આરંભી તેનું ચિત્ત ભગવાનમાં આસક્તિવાળું થવા લાગ્યું. આસક્તિ વધતાં તે ભગવદીય થયો અને તેને ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન થયું. પ્રથમ તેને ભગવાનનાં પગલાંના દર્શન થયાં, તેનો સ્પર્શ થયો અને સાયુજ્ય પ્રાપ્ત થયું. પછી ભગવદીયપણું અને માહાત્મ્યનું જ્ઞાન થયાં. કંસના સંદેશાને લીધે આ સર્વ તેને પ્રાપ્ત થયાં. નાના પ્રસંગથી પણ આટલું બધું ફલ મળ્યું. પણ આ ફલ પ્રાપ્ત કરવા ત્રણ દોષો તજવા જોઈએ ૧.બહારનો દમ્ભ ૨.શરીરનો ભય અને ૩.અન્તઃકરણનો શોક. અક્રૂરે તે તજેલા. કંસે કહેલું કપટ ન કરી દમ્ભ તજ્યો. ભગવાન શું કરશે એવો ભય તજ્યો અને ભગવાન મથુરા પધારશે ત્યારે કંસ શું કરશે એનો શોક તજ્યો. ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન ન હોય તો શોક થાય, નહિ તો ન થાય. એવી રીતે બીજાઓએ પણ લૌકિક અથવા અલૌકિક આ ત્રણ દોષ તજવા જોઈએ. ન તજે તો આવું ફલ પ્રાપ્ત ન થાય.

પછી ગાયો દોહવાના સ્થળે તેને શ્રીકૃષ્ણ તથા બલભદ્રનાં દર્શન થયાં. ભગવાને પીળાં અને બલભદ્રે શ્યામ વસ્ત્રો પહેર્યાં હતાં. શરદ્‌નાં કમલ જેવાં તેમનાં નયનો હતાં. તે બન્ને કિશોર વયના –અગીયાર વર્ષના હતા. શ્રીકૃષ્ણ શ્યામ અને બલભદ્ર શ્વેત હતા.

શ્રીવત્સ ભગવાનનું ચિહ્ન છે તે સમયે જ પ્રકટ થયેલું. બન્નેની ભુજાઓ મોટી હતી, મુખ સુન્દર હતું, આકૃતિ સુન્દર હોઈ ગુણોના ધામરૂપ હતી. બન્ને બાળ હસ્તીના જેવા અમાનુષ પરાક્રમવાળા હતા. ધજા, વજ્ર, અંકુશ અને કમલ ના ચિહ્નવાળાં પગલાંઓથી ભગવાન વ્રજને શોભાવતા હતા. સર્વ પુરુષાર્થોનું દાન કરનારાં આ પગલાં પણ વ્રજ ઉપરની ભગવાનની કૃપાથી તેને શોભાવનારાં થયાં હતાં. બન્નેનું સ્વરૂપ ઉદાર હતું અને દૃષ્ટિ દયા અને સ્મિતવાળી હતી. એટલે બન્ને દીનો પ્રતિ દયા અને સમાન પ્રતિ સ્મિત કરતા અને ઉત્તમ હોય તેમને જ્ઞાન આપતા હતા. સંસારમાં દુઃખીઓ ઉપર દયા કરતા, કર્મ કરીને અથવા સુયાસને લીધે દુઃખી થયેલાઓને સ્મિતથી જરા મોહ કરી સુખ આપતા અને ભક્તોને જ્ઞાન આપતા. બન્નેની ક્રીડા રુચિર અને ઉદાર હતી. ભગવાનની લીલા, પાત્ર છે કે નહિ તેનો વિચાર કર્યા વિના, બધાને સર્વ પુરુષાર્થો આપતી હોવાથી ઉદાર છે, રુચિર એટલે મનોહર છે અને પોતે જ ફલરૂપ છે. ભગવાન અને બલભદ્ર બન્નેએ કંઠમાં જાતજાતની માલાઓ પહેરેલી અને ચરણ સુધી લટકતી વનમાલા પણ પહેરેલી. પવિત્ર સુગન્ધી દ્રવ્યોનો તેમનાં અંગ ઉપર લેપ કરેલો હતો. બન્નેએ સ્નાન કરેલું હતું અને નવાં નિર્મલ વસ્ત્રો પહેર્યાં હતાં.

તેઓ મૂળ પ્રધાન અને પુરુષ રૂપ અથવા મુખ્ય પુરુષરૂપ જણાતા હતા, જગતના કારણરૂપ અને જગતના પતિ એટલે પાલન કરનાર હતા, અને જગતનું પાલન કરવા ભૂમિ માટે જ પોતાના આનન્દ અંશથી અવતરેલા હતાં. તેમાં બલભદ્રમાં ક્રિયાશક્તિ મુખ્ય હોઈ તે જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર હતા અને ભગવાન કેશવ બ્રહ્મા-શંકર વગેરેને પણ મોક્ષ આપનાર હતા. બન્ને દશે દિશાઓને પોતાની અસાધારણ કાન્તિથી અંધકારરહિત કરતા હતા. અલૌકિક, નહિ ઠંડી કે નહિ ઉષ્ણ, સર્વ તાપનો નાશ કરનારી, સૂર્યથી અધિક, સર્વને આનન્દ આપનારી તેમની કાન્તિ જ એમ જણાવતી હતી કે તેઓ ભગવાન છે. શ્રીકૃષ્ણ જાણે મરકત મણિના બનાવેલ સુવર્ણના શિખરવાળા પર્વત હોય અને બલભદ્ર જાણે રૂપાના બનાવેલા કૈલાસ જેવા સુવર્ણનાં શિખરવાળા પર્વત હોય તેવા જણાતા હતા.

**અક્રૂરનો સત્કારઃ**

તેમનાં દર્શન થતાં અક્રૂર રથમાંથી ઉતર્યો નહિ, પણ તે ઉંચા રથ ઉપરથી એકદમ ભૂમિ ઉપર પોતાના દેહ વગેરેનો વિચાર કર્યા વિના દંડની જેમે બલભદ્ર અને શ્રીકૃષ્ણના ચરણ પાસે પડ્યો. પહેલાં તે ચરણની રજમાં પડેલો અને સાક્ષાત્ દર્શન થયા પછી જે ગાઢ સ્નેહ થયો તેનાથી વળી વિહ્વલ થઈ તે એવી રીતે તેમનાં ચરણ પાસે પડ્યો. ભગવાનનાં દર્શનથી તેને ઘણો આનન્દ થયો. તે આનન્દથી દેહ ભરાઈ જતાં તે આંસુરૂપે બહાર નીકળ્યો અને તેથી તેનાં નયન વ્યાકુલ થયાં. જ્ઞાનના ફલરૂપ આનન્દથી જ્ઞાન દૃષ્ટિ તિરોહિત થવાથી તેને કોઈ વિચાર થયો નહિ. ઘણાં પ્રેમને લીધે બધાં અંગોમાં રૂંવાડાં ઉભા થયાં અને તેથી પરવશ થવાથી તે ''હું અક્રૂર છું'' એમ પોતાનું નામ પણ બોલી શક્યો નહિ. છતાં શ્રીકૃષ્ણ

ભગવાન હોવાથી તેમણે તેને ઓળખ્યો. ચક્રના ચિહ્નવાળા કાલરૂપ પોતાના હસ્તથી દુષ્ટના સંગથી ઉત્પન્ન થયેલા તેના દોષનો નાશ કરી તેને પોતાની પાસે ખેંચી લીધો. તેને ભેટી પોતાની અંદર લઈ લીધો એટલે પોતાની સાથે એકતા પ્રાપ્ત કરાવી. કારણ કે તે દંડની જેમે પડ્યો તેથી જ તે તેના ઉપર પ્રસન્ન થયાં હતા. તેના સંગથી થયેલા દોષ ઘણા હતા છતાં જે સારી રીતે નમન કરે છે તેના ઉપર ભગવાન કૃપા કરે છે તેથી તેને ભેટ્યા.

જે અક્રૂરનો ભગવાને અંગીકાર કરેલો અને જે તેમના ચરણની રજમાં લોટી ભગવદીય થયેલો, તે ભગવાનમાં ભળી જ ગયો, પાછો બહાર નીકળ્યો નહિ; પણ તેણે પહેલાં જે કામનાઓ કરેલી તે તેની ફળે તે માટે ભગવાને તેના જેવી પ્રતિમા કરી પોતામાંથી બહાર કાઢી, કારણ કે પરમ પ્રેમને લીધે જેને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે તે ફરીથી બહાર નીકળતો નથી. પછી બહાર નીકળેલા અક્રૂરે બલભદ્રને પ્રણામ કર્યા ત્યારે ઉદાર બલભદ્ર, લૌકિક ધર્મ પ્રમાણે પિતરાઈ આવેલ છે એમ જાણી પોતાના હસ્તથી તેનો હાથ પકડી ભગવાન સાથે તેને ઘેર લઈ ગયા, એટલે તેણે કરેલી કામના ફળી. પછી તેના કુશલ સમાચાર પૂછી, તેના ઘેર ન મળે એવું ઉત્તમ આસન આપી, શાસ્ત્રના નિયમ પ્રમાણે પરોણાના ચરણ ધોઈ મધુપર્કથી તેની પૂજા કરી. પછી અતિથિને આપવાં જાઈએ તેમ તેને ગાય, વસ્ત્રો વગેરે આપ્યાં, તેલનું અભ્યંગ કરી ચોળી બધાં અંગોનો શ્રમ દૂર કરી આદર આપ્યો અને ઘણાં અથાણાં તથા ચટણી સાથે ભાત વગેરે પવિત્ર અન્ન શ્રદ્ધા સાથે આપ્યું. તે ધરાંતાં સુધી જમ્યો. ત્યાર પછી ઘણા પ્રેમથી બલભદ્રે તેને પાન વગેરે મુખવાસ આપ્યો અને સુગન્ધી દ્રવ્યો, માલાઓ વગેરેથી રાજાની જેમે તેને પ્રસન્ન કર્યો. અતિથિને પોતાના જેવો બનાવવો એ સામાન્ય ધર્મથી પણ વધારે સરભરા કરી.

આટલી સરભરા થવા છતાં ગામનાં ઉપરી નન્દ જો સન્માન ન કરે તો તેને સન્તોષ ન થાય તેથી નન્દે તેનો સત્કાર થયા પછી પૂજા કર્યા વિના જ તેને પૂછ્યું કે ''દુષ્ટ કંસ જીવતો છે ત્યારે તમે તેની નજીક કેમ જીવી શકો છો? નિત્ય હિંસા કરનાર માંસ વેચનાર જેમનું રક્ષણ કરતો હોય તેવાં એક-બીજાં પાછળ જનાર ઘેટાંઓ જેમ વિચાર કર્યા વિના તેની પાસે રહે છે તેમ રહેવું યોગ્ય નથી. ભાણેજો બહુ આદર આપવા યોગ્ય છે તેમને, બાલકો હોવા છતાં, પોતાની બેન રડતી હોવા છતાં, તે દુષ્ટે મારી નાખ્યા, તે પણ 'તેમને નહિ મારું તો મારા પ્રાણ જશે' એવા વિચારથી પોતાના પ્રાણ નભાવવા જ માર્યા. જ્યાં રાજા આવો હોય ત્યાં તેના તાબાની તમો પ્રજાનું શું કુશલ વિચારીએ? તેથી તમારા કુશલપણામાં સંદેહ રહેતો હોવાથી પૂછું છું'' આવી રીતે નન્દે સત્ય કોમલ સુખકારી વાણી વડે આપેલ આદરથી અક્રૂરનો કાયા, વાણી અને મન નો માર્ગનો બધો શ્રમ ઉતરી ગયો.

માર્ગમાં અક્રૂરે ઘણા મનોરથો કરેલા. તે વાસ્તિક રીતે ઈષ્ટ નથી, છતાં પણ ભક્તિમાર્ગથી ભક્તે કરેલા હોવાથી ભગવાને તે બધા પૂર્ણ કર્યા. નન્દ અક્રૂરને ઉપર જણાવ્યા પ્રમાણે પ્રશ્ન કરી ઘેર ગયા એટલે બલભદ્રે અને ભગવાને અક્રૂરનું સન્માન કરવા તેને સુખશય્યા ઉપર બેસાડ્યો. માર્ગમાં કરેલા મનોરથ કોઈના સિદ્ધ થતા નથી છતાં તેણે

માર્ગમાં કરેલા મનોરથો તેને સિદ્ધ થયા. ફલ બે પ્રકારનાં છેઃ ૧.નિત્ય અને ૨.અનિત્ય. નિત્યફલ ભગવાનના છ ગુણવાળું હોઈ ભગવાનથી પ્રાપ્ત થાય છે. અનિત્ય ફલ લક્ષ્મીને અધીન હોઈ તેનાથી પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ પોતે ૧.ભગવાન છે અને વળી ૨.લક્ષ્મીના પતિ છે. તેથી જો શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય તો નિત્ય અને અનિત્ય સર્વ ફલ તેમને અધીન હોવાથી પ્રાપ્ત થાય તેમાં શું આશ્ચર્ય? ભગવાનની કૃપા વધારે થાય તો તે પોતાના પરમ આનન્દનું પણ દાન કરે છે, પણ તેમની કૃપા જ પ્રાપ્ત થવી દુર્લભ છે. કૃપા થાય તો કાંઈ પણ દુર્લભ નથી. કૃપા ન થાય તો કાંઈ પણ ફલ પ્રાપ્ત થતું નથી. તેથી જેના ઉપર ભગવાનની કૃપા થાય તે જો કામનાઓ કરે તો તે મૂર્ખ જ છે. ભગવાનમાં જેમની આસક્તિ છે અને લૌકિક વિષયોમાં જે રચ્યા-પચ્યા રહેતા નથી તેવા ભક્તો કાંઈ પણ કામના કરતા નથી. આ અક્રૂરને તો વચ્ચે કંસનો દુઃસંગ થયેલો તેથી તેણે કામનાઓ કરેલી, તે ભગવાને પૂર્ણ કરી.

**અક્રૂરના આગમનના કારણ સમ્બન્ધી પ્રશ્નઃ**

અક્રૂર સુખશય્યામાં સૂઈને ઉઠ્યા પછી સાંજે યશોદાને ઘેર ભોજન કરી ભગવાને તેને કંસ સમ્બન્ધી પ્રશ્ન કરવા માંડ્યા. વસુદેવ અને દેવકી ને કંસે બાંધેલા તે વાત સાંભળ્યા પછી તેમને છોડાવવાનો ઉદ્યોગ કર્યા વિના ભોજન કરવું યોગ્ય નહિ હોવાથી ભગવાને ભોજન કર્યા પછી જ તેને આ પ્રશ્નો કર્યા. કોઈ વાર કંસમાં દૈત્યનો આવેશ ન હોય ત્યારે તે સારી રીતે વર્તતો એમ સંભળાતું. તેથી તેની વર્તણુક સંદેહ રહે તેવી હોવાથી અને વળી ''અક્રૂર મને મનુષ્ય જાણી કદાચ ખોટું પણ કહે, તેથી ગોપીઓ જેમે આની પણ પરીક્ષા કરવી જોઈએ'' એવા વિચારથી ભગવાને તેને કંસે કરેલ વસુદેવ વગેરેનાં બન્ધન અને તેણે પોતાને મથુરા લઈ જવા ઈચ્છેલ તે સમ્બન્ધી પ્રશ્ન કરવા માંડ્યા.

તેણે માર્ગમાં મનોરથ કરેલ તે પ્રમાણે ભગવાને તેનું પૂછ્યું કે ''હે તાત! હે ભલા! તું સુખપૂર્વક આવ્યો છે ને? તમારું ભલું થાઓ. વળી તું વગેરે ભક્તો, પીતરાઈઓ, સમ્બન્ધીઓ બધા પાપરહિત અને રોગરહિત છો ને?'' એમ લોકરીત પ્રમાણે પૂછ્યું. કારણ કે કંસ પાસે રહેનારાઓ નિત્ય બ્રહ્મહત્યા વગેરે પાપ કરે અને તેના સંગ માત્રથી જ તેમને ઘણા સમય સુધી દુઃખ આપે તેવા મનના અને દેહના રોગો થાય એવું સમ્ભવતું હતું. ભગવાને તે બધા કુશલ છે કે કેમ એવો પ્રશ્ન ન કર્યો, કારણ કે બ્રાહ્મણ શત્રુ હોય તેને જેમ હણાય નહિ તેમ પોતાનો મામો કંસ જ દરરોજ વધતા રોગરૂપ હોઈ, તેનો ઉપાય કર્યા વિના એવો પ્રશ્ન સમ્ભવતો નથી. તે મામો હોવાથી તેના વિરુદ્ધ આચરણ થાય નહિ, પણ જો તે જ વિરોધ કરે તો તેને હણવામાં ભગવાનને કાંઈ પ્રયાસ કરવો પડે તેમ ન હતું.

ભગવાને તેને કહ્યું કે ''મારા લીધે મારા માતપિતાને તેણે ઘણું દુઃખ દીધું. વાસ્તવિક રીતે તે બન્ને નિરપરાધી છે. તેમનો આઠમો પુત્ર ''હું તેને હણીશ'' એવું સાંભળી, મારા લીધે તેણે તેમના બીજા પુત્રોને કારણ વિના મારી નાખ્યા અને તેમને કેદખાનામાં નાખ્યા. હમણાં મથુરામાં શું થયું છે અને અહીં આવવાનું તારે શાથી થયું છે તે

કહે.''

**અક્રૂરે આપેલ ઉત્તરઃ**

ભગવાને એ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે અક્રૂરે તેમને કહ્યું કે ''કંસે યાદવો ઉપર દઢ વૈર કર્યું છે અને વસુદેવનો વધ કરવા ઉદ્યમ કર્યો હતો, એ બે વૃત્તાન્ત હમણાં જ બન્યા છે.'' વળી, પોતાને શું કહીને ભગવાન તથા બલભદ્રને તેડી લાવવાની આજ્ઞા કરી છે અને તેમનું અનિષ્ટ કરવાના વિચારથી તેડાવ્યા છે એ પોતાને ગોકુલ આવવાનાં કારણ કહ્યાં. નારદે કંસ પાસે આવી વસુદેવથી ભગવાનનો જન્મ થયો છે એમ તેને કહ્યું, તેથી આમ બન્યું છે એમ પણ કહ્યું.

**મથુરા જવાની તૈયારીઃ**

આ સાંભળીને કાલરૂપ શ્રીકૃષ્ણ અને ક્રિયાશક્તિવાળા બલભદ્ર, જેમણે કંસને હણવા જ અવતાર ધારણ કરેલો તે, એવા વિચારથી હસ્યા કે આપણે જે યુદ્ધ કરવાનું હતું તે આ કંસે જ કર્યું. પછી આ છૂપો રાખવાનો વૃત્તાન્ત છૂપો જ રાખો, કારણ કે તે નન્દને કહે તો નન્દ ભય પામી તેમને મથુરા જવા જ ન દે. તેમણે નન્દને કહ્યું કે રાજાએ ધનુર્યાગ જોવા આપણને બોલાવ્યા છે. નન્દને પહેલા કંસનો ભય હતો છતાં ભગવાનની ઈચ્છાથી કંસે કરેલ ઉત્સવ જોવા અને સામગ્રી તૈયાર કરાવવા તેમણે પોતાના અન્તઃપુરના અધ્યક્ષ મારફત ગોકુલમાં જાહેર કર્યું કે ''આપણે કાલે જ મથુરા જવાનું છે. કંસે ક્રૂરતા તજી ઉત્સવ જોવા આપણને બોલાવેલ હોવાથી તેને રાજાના છઠ્ઠા ભાગના રસ આપવાના છે. શ્રીકૃષ્ણને શ્રાવણ વદ આઠમે અગીયાર વર્ષ પૂરા થયાં છે અને વદ ચૌદશનો મોટો ધનુર્યાગનો ઉત્સવ થાય છે, તેથી આપણે અવશ્ય જવાનું છે. લોકો પણ જાય છે તેથી ત્યાં લઈ જવા દહીં-દૂધ વગેરે બધા ગોરસ તૈયાર કરો અને વસ્ત્રો-આભરણો વગેરે ભેટો લઈ લેજો.'' ગોકુલમાં એ પ્રમાણે જાહેર કરી પોતાની પાસે આવેલા બીજા મંડલોના ગોપોને પણ તે પ્રમાણે કહી દીધું. ભગવાન ઉપર સર્વનો પ્રેમ વધે તે માટે એ પ્રમાણે ભગવાન કાલે પધારશે એમ સર્વને જણાવ્યું.

**ગોપીઓનો વિલાપઃ**

ગોપીઓએ પણ સાંભળ્યું કે ભગવાન કાલે મથુરા પધારશે. ભગવાનનો વિયોગ થવાનું જાણી તે બહુ દુઃખી થઈ. જેમ ઘણું દુઃખ થતાં મૂર્ચ્છા આવે તેમ તેઓ મૂર્ચ્છા પામી. રાજસ સ્વભાવની ગોપીઓ મૂર્ચ્છા જ પામી. એ વૃત્તાન્ત સાંભળવાથી થયેલ હૃદયનાં દુઃખવાળી સાત્ત્વિક ગોપીઓનાં મુખની શોભા જતી રહી. તેમને પૂર્ણ જ્ઞાન હોવા છતાં તેઓ સગુણ હોવાથી તેમને હૃદયમાં દુઃખ થયું જ. તેને લીધે પ્રથમ શ્વાસ થયો અને પછી મુખ કરમાઈ ગયું. તામસ ગોપીઓના દેહ આ સાંભળી દુબળા થઈ ગયા. જ્ઞાનવાળી ગોપીઓએ ભગવાનનાં સ્મરણ પછી તેમનું ધ્યાન ધરતાં, તેમનાં દેહ, ઈન્દ્રિય અને અન્તઃકરણ ની બધી પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ અને ગાઢ ઉંઘમાં પડેલાની જેમે તેમને આ લોકનું ભાન રહ્યું નહિ. બીજી ભક્ત ગોપીઓ ભગવાનના પ્રેમપૂર્વક હાસ્યથી પોતાના

સ્થાનમાંથી ચલિત થઈ અને ભગવાને તેમને સુખ આપવા ઉચ્ચારેલી, વિચિત્ર શબ્દોવાળી, હૃદયનો સ્પર્શ કરનારી વાણી સંભારી મૂર્ચ્છા પામી. ભગવાને પહેલાં તેમને કહેલું કે ''તારો કોઈ સમયે ત્યાગ નહિ કરું. તું પ્રાણરૂપ છે'' અને હવે ભગવાન પધારે છે એમ સાંભળ્યું ત્યારે બેમાં સત્ય શું તેનો નિર્ણય ન થવાથી મૂર્ચ્છા પામી. પછી બધી ભેગી થઈ અને પોતાની પાસે પધારતા ભગવાનની ગતિ-આલિંગન વગેરેની તેમની ચેષ્ટા, કામલીલામાં સ્નેહ અને હાસ્યવાળી તેમની દષ્ટિ, થોડા સમયના વિયોગ પછી ભગવાન પધારે ત્યારે વિયોગનો શોક દૂર કરાવનારાં તેમનાં મશ્કરીનાં વચનો, મદવાળા હાથીના જેવા બન્ધન વિનાના તેમનાં સ્વછન્દ ચરિતો વગેરેનું ચિન્તન કરતાં ''આ આપણાં સર્વસ્વરૂપ આપણી પહેલાંની સ્થિતિ ગઈ'' એવા વિચારથી ભય પામી, વિરહથી દુઃખી થઈ, એક-બીજીનું જીવન નભે તે માટે ભગવાનમાં ચિત્ત રાખી કહેવા લાગી કે ''આશ્ચર્યની વાત છે કે જગત્ રચનાર. વેદ જાણનાર બ્રહ્મા પણ વિવેકવિનાનો છે કે જેણે ભગવાન સાથે અમારી મૈત્રી કરાવી, કૃતાર્થ થયાં પહેલાં વિયોગ કરાવે છે. તેને દયા જ નથી. પોતે જન્મ આપેલ પોતાનાં સન્તાનોને બોધ આપવા સજા કરવી પડે તો પણ કોઈ વાર દયા ઉત્પન્ન થાય. કોઈ દેહને જ પ્રહાર કરે, કોઈ ધન લઈ લે, કોઈ મોજશોખના વિષયો પડાવી લે. અમારું તો સર્વસ્વ ભગવાન હોવાથી જો બ્રહ્માને કાંઈ પણ દયા હોત તો અમારું કાંઈક રહેવા દેવા તેમને અહીં રાખત. ભગવાનને તે અહીં રાખતો નથી તેથી તેને જરાયે દયા નથી. ભગવાન અન્તર્યામી અને આત્મા છે, તેમની પ્રાર્થના કરી, તેમને અવતાર લેવડાવી, સહજ સમ્બન્ધ વિના અમને તેમની મૈત્રી કરાવી,

તેમના સમ્બન્ધવાળું કાંઈ ફળ મળ્યા પહેલાં જ અમને તેમનો વિયોગ કરાવે છે તેને પણ આથી કાંઈ ફલ મળતું નથી. જેમ બાલક અલૌકિક ઉત્તમ માટી વગેરેની મૂર્તિ બનાવીને તેને ક્ષણમાં જ ભાંગવાની રમત કરે તેવું આ બ્રહ્માનું કાર્ય હોવાથી તે વિવેક વિનાના છે. વળી અમારા ઉપર ઉપકાર કરવા, અમારો શોક દૂર કરવા અથવા અમને મોક્ષ આપવા બ્રહ્માએ અમને મોક્ષ આપનાર ભગવાનનાં મુખારવિન્દનાં દર્શન કરાવ્યા. તે મુખારવિન્દ ઘણા કાલા કેશરૂપ સર્વજ્ઞ પુરુષોથી ઢંકાયેલું હોવાથી અમારો તેનાં દર્શન કરવાનો અધિકાર પણ ન હતો. છતાં આ ચારે તરફ વીંટાઈ રહેનાર કામરસ જ હોવાથી અમને તેના દર્શન કરાવ્યાં. વળી તે સુન્દર ગાલવાળું હોવાથી રસનો અનુભવ કરવા યોગ્ય છે. તેમાં ઉંચી નાસિકા હોવાથી રસથી પૂર્ણ હોઈ ખીલેલું છે. તેનું સ્હેજ સ્મિત પણ અમારો શોક દૂર કરે છે. આવું સુન્દર મુખારવિન્દ અમને દેખાડી, હવે બ્રહ્મા તે અમારાથી દૂર લઈ જાય છે, કારણ કે સદા દર્શન આપવાના સ્વભાવવાળું મુખારવિન્દ પોતાની મેળે દૂર જતું નથી.

''બ્રહ્માનું આ કાર્ય ઘણું દુષ્ટ છે, અને તેથી બ્રહ્માનું પણ ભલું થવાનું નથી. ભગવાનને અક્રૂર લઈ જતો નથી, પણ 'અક્રૂર' નામ ન હોય તો ગોકુલમાં પ્રવેશ થવો કઠણ હોવાથી એ નામ ધારણ કરી બ્રહ્મા જ તેમને લઈ જવા આવેલ છે, કારણ કે બ્રહ્મા જેમને

લાવેલ છે તેમને અક્રૂર લઈ જઈ ન શકે. તેથી લોકો બ્રહ્માની નિંદા ન કરે તે માટે તે 'અક્રૂર' નામ ધારણ કરી તેમને લઈ જવા આવેલ છે. આ ભગવાન અમારાં ચક્ષુના ચક્ષુરૂપ છે. અમને જ બ્રહ્માએ આપેલ છે. દેવો પણ પોતે આપેલું લઈ લેતા નથી; પણ બીજા લઈ ગયા હોય તે લાવી આપે છે. ભગવાન ન હોય તો અમે આંધળી જ થઈએ, કારણ કે અમારાં લૌકિક ચક્ષુ તો ભગવાન પ્રાપ્ત થયા ત્યારે જ જતા રહ્યા છે. તેથી વિચાર કર્યા વિના ભગવાનને અમારી પાસેથી લઈ ન જા. આ અમારું ચક્ષુ બ્રહ્મા ઉપર પણ ઉપકાર કરનારું છે, કારણ કે સૌન્દર્ય તેણે પણ ક્યાંક પ્રસિદ્ધ કરવાનું છે. બધાનું સૌન્દર્ય ભગવાનના એક જ અવયવમાં ભેગું થયેલું છે. રૂપ જોવા જ ચક્ષુ બનાવેલું છે. અમે શ્રુતિરૂપ ગોપીઓ બ્રહ્માની બધી સૃષ્ટિનું સૌન્દર્ય ભગવાનના એક અવયવમાં જ જોઈએ છીએ. વળી મધુને હણી બ્રહ્મા ઉપર પણ ઉપકાર કરનારા ભગવાન અહીં રમણ કરે છે તેમાં વિઘ્ન કરવું તે પણ બ્રહ્માને યોગ્ય નથી.

''અથવા ભગવાન સ્વતન્ત્ર હોઈ બ્રહ્માનું માને નહિ. તેમણે જેમ જુદા-જુદા માર્ગો કર્યા અને પોતે ઉદાસીન રહી, દૂર રહી કાંઈ કરતા નથી, તેમ ભક્તિમાર્ગમાં કાંઈ શાસ્ત્ર ન બનાવ્યું અને સાધન પણ ન બનાવ્યા. ભક્ત ઉપરની કૃપાને લીધે ભક્તિમાર્ગ પ્રમાણે નન્દના પુત્ર થયા, તેમ આપણા માટે મથુરા જવામાં વિલમ્બ કેમ કરતા નથી? તેથી જણાય છે કે આપણી મૈત્રીનો ક્ષણમાં ભંગ કરી બીજીમાં લપટાયા છે. તેથી આપણી તરફ બરાબર જોતા પણ નથી. આપણે તેમને લીધે દુઃખી થયેલી છીએ. કર્મમાર્ગમાં અને લોકમાં પણ પોતાને લીધે જ દુઃખી થતાં હોય તેમની સંભાળ લેવામાં આવે છે, છતાં ભગવાને આપણી મૈત્રી તજેલી હોવાથી જ તે આપણી દરકાર રાખતા નથી. આપણે તો બંધુઓ, પોતાના જ પુત્રો અને પતિઓ તથા ઘરનો ત્યાગ કરી, તેમના સર્વ ધર્મોનો પણ ત્યાગ કરી, ભગવાનના દાસ્યને સાક્ષાત્ સ્વીકાર્યું છે. એવી રીતે પાસે આવેલીઓ આપણનો પણ ભગવાન વિચાર કરતા નથી. આપણી પ્રતિસ્પર્ધા કરનારી નગરની સ્ત્રીઓ માટે જ આ પ્રભાત સુન્દર ઉગ્યું છે અને બ્રાહ્મણોએ તેમને આપેલી આશિષો જ સાચી થઈ છે... ભગવાન ભક્તો ઉપર પ્રેમ રાખનારા છે. ત્યાં પણ ઘણા ભક્તો છે. દાશાર્હ, ભોજ, અંધક, વૃષ્ણિ, સાત્વત વગેરે ભગવાનના માર્ગમાં દર્શન કરશે. ભગવાન લક્ષ્મીના પતિ છે અને શોભા લક્ષ્મીને અધીન છે. શોભાના દર્શન કરવાં જોઈએ. તેથી ભગવાનનાં દર્શન થતાં તેમની દૃષ્ટિને મોટો ઉત્સવ થશે. વળી ભગવાન અનન્ત ગુણોનું ધામ છે. દર્શન થતાં ગુણો પણ તેમની દૃષ્ટિમાં આવશે, તેથી મોટો ઉત્સવ થશે.

૩.ક્રૂરતા વગેરે અન્તઃકરણના ગુણો છે. આ અક્રૂર ઘણો જ ક્રૂર છે. અર્થ પ્રમાણે નામ પાડવું જોઈએ, તેમ આનું નામ પાડેલું નથી. આનું નામ 'આક્રૂર' હોવું જોઈએ, કારણ કે બહુ દુઃખી થયેલી આપણે ગોપીઓનું કાંઈ પણ આશ્વાસન કર્યા વિના આપણને પ્રાણથી અને આત્માથી પણ પ્રિય આપણા સર્વસ્વરૂપ ભગવાનને ગાયો ચારવાની જેમે થોડે દૂર નહિ, પણ માર્ગને પેલે પાર લઈ જાય છે, કે જ્યાંથી તે દિવસે પાછું અવાતું નથી.

ભગવાનને આપણી પાસે લાવી, હર કોઈ સ્વરૂપે આપણી પાસે રાખીને, અથવા ''હું આવીશ'' એવું તેમની પાસેથી વચન અપાવીને લઈ જાય, તો આપણને આશ્વાસન આપી લઈ ગયો ગણાય. તેમ પણ કરતો નથી.

૪.આપણે ગોપીઓ સિવાય બધાને આજે ઘણો ઉત્સાહ હોવાથી બધાએ પરોઢીયામાં જમીને, અક્રૂર સિવાયના બધા લોકો રથમાં અથવા ગાડામાં બેસી ગયા છે. યશોદાની સમ્મતિ લઈ ભગવાન પણ રથમાં બેસી ગયાં છે. આવા સમયે પણ તેઓ આપણો વિચાર કરતા નથી તેથી તે દયાહીન મતિવાળા છે. બીજા મરે તો પણ જેમને દુઃખ થતું નથી તેવા આ વિચાર વિનાના ગોપો પણ તેમના પાછળ ઝડપથી ગાડામાં બેસી રહ્યા છે. ઉપનન્દ વગેરે ઘરડાઓ આપણી દરકાર કરતા નથી. તેમની દષ્ટિમાં તો જેવી ગોપીઓ તેવી શહેરની સ્ત્રીઓ અને જેવા નન્દ તેવા વસુદેવ, તેથી દૈવ-કાલ વગેર બધાં આપણાથી વિરુદ્ધ જણાય છે.

૫.આપણે બધી ભેગી થઈ ભગવાનને જતાં અટકાવીએ. તેમ કરવાથી બાંધવો કોપવાના, પણ કોપીને શું કરશે? તેઓ કુલમાં વૃદ્ધ હોવાથી કુલની દરકાર હોય તો આપણને કુલમાં રાખે, પણ ભગવાન અને કુલ નો ભેદ વિચારતાં, કુલ બંધન કરાવનારું છે, જ્યારે ભગવાન મુકુન્દ મોક્ષ આપનાર છે. તેમનો સાક્ષાત્ સંગ અડધી પલક સુધી પણ તજી શકાય તેવો નથી, તે છૂટતો હોવાથી દૈવે જ આપણને હણ્યા છે અને લાચાર બનાવ્યા છે. આપણને કુલના વૃદ્ધો કાંઈ કરી શકવાના નથી. તે જો આપણને ભગવાનને આપી દે તો તેમણે આપણું કાર્ય કર્યું કહેવાય, પણ તે તો તેઓ કરતા નથી. ઉલટા અડચણકર્તા થાય છે, તેથી તેમનું આપણને શું પ્રયોજન? ભગવાનને રોકીએ તો તે આપણી પાસે આવશે, કારણ કે તે 'માધવ'—લક્ષ્મીના પતિ છે. લક્ષ્મીએ બલથી તેમને પકડી રાખ્યા એટલે તેના થયા, તેમ રોકવાથી આપણા પણ થશે. પ્રયત્ન કરશું તો આપણો દોષ નહિ રહે, નહિ કરીએ તો પછી પશ્ચાત્તાપ થશે. કાર્ય ન થાય તો પણ પશ્ચાત્તાપ ન થાય તે માટે એમને રોકવા પ્રયાસ કરવો જોઈએ. એ પ્રમાણે વિચાર કરવા છતાં ભગવાનને રોકવામાં બધીની સમ્મતિ ન થવાથી લૌકિક અને અલૌકિક માં પરમાર્થ દષ્ટિવાળી ગોપીઓએ ભગવાનને રોકવાનો પ્રયાસ ન કર્યો.

૬.ભગવાન આપણું દુઃખ દૂર કરે છે અને આપણને સુખ આપે છે. તેમનું પ્રેમપૂર્વક હાસ્ય, હાસ્ય પછીના છૂપા વચનો, તેવા વચનોવાળી લીલાદષ્ટિ, આલિંગન અને રાસ આ બધાને લીધે આપણે લીલાની રાત્રિઓ ક્ષણ જેમે વીતાડી, એ આપણો પોતાનો અનુભવ છે. હવે જ્યારે ભગવાન નહિ હોય ત્યારે તેમની સર્વ સામગ્રી પણ જતી રહેશે, એટલે ચન્દ્ર વગેરે જતાં રહેતાં ગાઢ અંધકાર જ છવાશે. (આ શ્રાવણ વદ ૧૩નો દિવસ હોવાથી અંધારી રાત જ હતી.) તેથી આપણી એક રાત પણ જશે નહિ. અંધકારમાં પણ કેટલાક જીવે છે, પણ આપણે જીવ નહિ શકીએ, કારણ કે સંધ્યા સમયે બલભદ્ર સાથે ભગવાન ગોપોથી વીંટાઈ પધારે ત્યારે વ્રજમાં પ્રવેશ કરતી ગાયોની ખરીઓની રજથી

તેમના જ્ઞાનરૂપ કેશો અને ભક્તિરૂપ માલાઓ છવાતાં. એમ જ્ઞાનીઓ અને ભક્તો બન્નેને ધર્મનો સમ્બન્ધ કરાવી, ભગવાન ક્લેશ સહન કરી બન્નેનો ઉદ્ધાર કરતા... એમ સર્વ પ્રકારે સુખ આપનાર ભગવાન વિના આપણી શી દશા થશે? આપણે કેમ જીવશું?

એ પ્રમાણે ૧.બ્રહ્મા ૨.ભગવાન ૩.અક્રૂર ૪.સામાન્ય રીતે બધા ગોપો વગેરે ૫.બાંધવો અને ૬.પોતાને દોષ દેનારો તેમના વિરહના દુઃખનો એક પ્રકાર જણાવ્યો. તેવા અનેક પ્રકારે વિરહના વિચારથી દુઃખી થઈ વિષયમાં ન રાચતી ભગવાનમાં આસક્તિવાળી વ્રજની સ્ત્રીઓએ પહેલાં રાસલીલામાં રુદન કરવાથી ભગવાન પ્રકટ થયા હતા તેથી લજ્જા તજી મોટેથી ''હે ગોવિન્દ, હે દામોદર, હે માધવ'' એમ રૂદન કર્યું. દેવો વગેરેએ શાસ્ત્ર પ્રમાણે કરેલ અભિષેક તે (ગોવિન્દ), યશોદાએ વશ કરેલ તે (દામોદર) અને લક્ષ્મીના પતિ થયા તે (માધવ) બધા ગુણો ભગવાન વિસરી ગયા એમ દર્શાવતાં તેમની દયા પ્રાપ્ત થાય તે માટે ભગવાનનાં એ ત્રણ નામનો રુદન કરીને તેમણે ઉચ્ચાર કર્યો.

**મથુરા પ્રતિ પ્રયાણઃ**

સ્ત્રીઓ રડ્યા કરશે તો શ્રીકૃષ્ણ આવશે નહિ એવા વિચારથી સૂર્યોદય થતાં સુધ્યાવન્દન વગેરેથી પરવારી અક્રૂરે રથ હાંકવા માંડ્યો. નન્દ વગેરે ગોપો તેની પાછળ ગાડામાં ચાલ્યા. તેમને અવશ્ય જવાનું હતું અને ભગવાને રક્ષણ કરેલા તેઓના રસનો ભગવાને જ ભોગ કરવો જોઈએ તેથી તેઓએ ભેટ તરીકે ગોરસથી ભરેલા કુમ્ભો સાથે લીધેલા. સૂક્ષ્મરૂપથી ગોપીઓ ભગવાન સાથે ગઈ, પણ સ્થૂલરૂપથી સદાનન્દ પતિ શ્રીકૃષ્ણની સાથે કેટલેક દૂર ગઈ. પછી ભગવાને તેમને પોતાના સ્નેહથી રંગી એટલે વચમાં ''અમે સાથે આવીએ કે આપ સ્વામી પાછા પધારશો'' એવા પ્રશ્નના ભગવાનના પ્રત્યુત્તરની રાહ જોતી ઉભી રહી. આ ગોપીઓ પોતે મથુરા પધારતા હોવાથી દુઃખી થાય છે એમ જોઈ, યાદવોનું કાર્ય પણ મારે કરવું જોઈએ એમ વિચારી, ''દૂતવચનથી હું જ આવીશ'' એમ ભગવાને કહેવળાવી તેમને સાંત્વન આપ્યું. આ વાક્યમાં ગોપીઓને ભ્રમ થયો. ભગવાને એમ કહેલું કે દૂતના વચનદ્વારા શબ્દના અર્થરૂપ અથવા જ્ઞાનરૂપ હું તમારી પાસે આવીશ. ગોપીઓ એમ સમજી કે ''હું આવીશ'' એમ જે દૂતે કહ્યું તે જ દૂતનું કાર્ય છે અને ભગવાન પોતે પધારશે. આવો ગોપીઓને ભ્રમ થવો એ પણ ભગવાનનું જ કાર્ય છે.

જ્યાં સુધી ભગવાનના રથની ધજા અને રેણુ દેખાઈ ત્યાં સુધી ગોપીઓ ચિત્રેલી હોય એમ ત્યાં ઉભી રહી. તેમના આધિદૈવિકરૂપ અન્તઃકરણો તો ભગવાન સાથે જ ગયેલાં, માત્ર દેહથી તેઓ ચિત્રની જેમે હાલ્યા-ચાલ્યા વિના ત્યાં ઉભી રહી. પછી ''ભગવાન કોઈ પણ નિમિત્તથી હમણાં જ પાછા આવશે'' એવી આશા ન રહેતાં તેઓ પછી ફરી અને ભગવાનની લીલાનું ગાન કરતાં રાત-દિવસ વીતાડવા લાગી. ભગવાનના ગુણો પણ ભગવાન જ છે. તેથી તે ગુણોના ગાનથી જ, રાત્રિના ચરિત્રનું રાતે ગાન કરી અને દિવસનાં ચરિત્રનું દિવસે ગાન કરી રાત-દિવસ વીતાડવા લાગી. એ રીતે ભગવાનના ચરિત્રનાં ગાનથી તેમનો શોક દૂર થયો ત્યારે ભગવાન ગોકુલના વૃત્તાન્તનો વિચાર કરવો

મૂકી દઈ આગળ પધાર્યા.

બલભદ્ર અને અક્રૂર સાથે એક વાયુવેગી રથમાં બેસી એક ઘડીમાં ત્રણ અથવા ચાર યોજન દૂર શ્રીયમુનાનાં 'અઘનાશિની' (પાપનો નાશ કરનારા) તીર્થે પધાર્યા કે જેથી અક્રૂરનાં સર્વ પાપનો નાશ થતાં તે ભગવાનનાં દર્શન કરવા યોગ્ય થાય. નન્દ વગેરે બધા ગોપાલો પાછળ રહી ગયા. અક્રૂરને કાંઈક અલૌકિક દેખાડવા ભગવાન આગળ પધાર્યા. પછી કાલિન્દીમાં પોતે ઉતર્યા, લીલાથી સ્નાન કર્યું, તેના સ્વચ્છ જલનું પાન કર્યું, પોતાની અંદર રહેલા અક્રૂરને અને જરૂર હતી તે બીજાઓને આ ઈન્દ્રનીલ જેવાં શ્યામ, સર્વનો પ્રકાશ કરનારાં જલનું પાન કરાવી જ્ઞાન આપ્યું. પછી વૈષ્ણવ સ્વરૂપ વૃક્ષોની છાયાનો આશ્રય કર્યો અને પછી બલભદ્ર સાથે પાછા રથમાં બેઠા.

**અક્રૂરને યમુનાના જલમાં થયેલ ભગવાનનાં દર્શનઃ**

શ્રીયમુનાનું જલ દુર્લભ છે. દરરોજ ત્યાં નહાવા જઈ શકાય નહિ, તેથી અક્રૂરે ભગવાનની તથા બલભદ્રની રજા લઈ નહાવા ગયો. ''તમે રથમાં જ બેસી રહેજો'' એમ કહી, કાલિન્દીના કાંઠે જઈ, વિધિપૂર્વક માટીથી સ્નાન કરવા લાગ્યો. તેણે જલમાં ડૂબકી મારી, પાપ નાશ કરનારા વેદના મન્ત્રનો જપ કરવા માંડ્યો અને જપથી અન્તઃકરણ શુદ્ધ થતાં, જલમાં પડેલા બીજા પદાર્થો જેમ દેખાય તેમ ત્યાં જલમાં જ તેણે શ્રીકૃષ્ણ અને બલભદ્રને ભેગા જોયા. ભગવાન તો સર્વત્ર છે જ, પણ દેશ વગેરેના દોષને લીધે તેમનાં દર્શન બધે થતાં નથી. તે સ્થાનમાંથી ભગવાને માયા હટાડી એટલે તે સ્થાન પ્રભાવવાળું થતાં અક્રૂરના સંદેહ દૂર થાય તે માટે ભગવાને ત્યાં તેને પોતાનાં દર્શન કરાવ્યાં. ભગવાન સર્વરૂપ છે એ ભૂલી જઈ ''વસુદેવના બે પુત્રોને મેં રથમાં બેસાડેલા, તેઓ અહીં ક્યાંથી? કદાચ મારું ધ્યાન ચૂકાવીને અહીં આવી ગયા હશે, તેથી રથમાં નહિ હોય'' એમ વિચારી, અક્રૂરે જલમાંથી બહાર ડોકું કાઢીને જોયું તો રથમાં પણ તેમને પહેલાં બેસાડેલા તેવી જ સ્થિતિમાં જોયા. ''ત્યારે જલમાં મને તેમનાં દર્શન થયાં તે ખોટાં હશે'' એમ વિચારી વળી ડૂબકી મારી. આને લૌકિક અથવા અલૌકિક કોઈ પ્રમાણમાં શ્રદ્ધા નથી એમ વિચારી ભગવાને તેને પોતાનું માહાત્મ્ય જણાવ્યું. જલમાં ફરી તેને ભગવાનનાં દર્શન થયાં ત્યારે સંકર્ષણને તેણે શેષરૂપ જોયા. ભગવાન પુરુષોત્તમ છે એમ જાણવા તે યોગ્ય ન હોવાથી ભગવાનના દર્શન તેને શેષ ઉપર શયન કરનાર નારાયણ જેવાં થયાં. સિદ્ધો, વાસુકિ વગેરે સર્પો, કાલનેમિ વગેરે અસુરો જે સંકર્ષણના ભક્તો છે તે માથાં નમાવી તેમની સ્તુતિ કરતા હતા. અસુરો બધા એ પ્રમાણે સ્તુતિ કરતા હોવાથી તેમનો ભય ભગવાનને ન જ હોય એમ ભગવાને તેને જણાવ્યું. સંકર્ષણને એક હજારા માથાં હતાં અને તે દરેક ઉપર ફેણ અને મુકુટ હતા. તેમનું વસ્ત્ર કાળું કાળરૂપ હતું. તે પોતે શીતલ, ચીકણા અને શ્વેત કમલના દાંડા જેવા હતા. ફેણનો ભાગ ઉંચો રાખી તે ઉભા હતા, તેથી કૈલાસ પોતાના શિખરો સહિત ઉભો હોય તેવા તે દેખાતા હતા. તેમનો કોમળ, ધીરેધીરે ગોળ થતા દેહ ઉપર દુઃખીઓનું દુઃખ દૂર કરનાર પીળું રેશમી વસ્ત્ર પહેરેલા ચાર ભુજાવાળા મનેહર પ્રસન્ન વદનવાળા,

સુન્દર હાસ્ય પૂર્વક જોતા, સુન્દર ભ્રમરવાળા, ઉંચી નાસિકાવાળા, સુન્દર કર્ણવાળા, સુન્દર ગાલ અને લાલ અધરવાળા, લાંબી જાડી ભુજાવાળા, ઉંચા ખભાવાળા, છાતી ઉપર લક્ષ્મીવાળા, સર્વવિદ્યારૂપ ત્રણ લીંટીવાળા, શંખ જેવા કંઠવાળા, ઉંડી ડૂંટીવાળા, ત્રણ લીંટીવાળા પીપળાના પાન જેવા ઉદરવાળા, સ્થૂળ કેડ અને નિતમ્બ વાળા, હાથીની સૂંઢ જેવા બે સાથળવાળા, એક ઉપર બીજું સુન્દર ઢીંચણ રાખીને રહેલા, ઉંચી ઘૂંટી અને લાલ નખોના સમૂહની કાંતિથી વીંટાયેલા અને આંગળીઓ અને અંગુઠારૂપ નવા કમળનાં પાનથી શોભતા ચરણકમળવાળા, ઘણા કિંમતી મણિઓના સમૂહવાળા મુકુટ કડાં અને બાજુબંધ તથા કંદોરો જનોઈ હાર નૂપુર અને કુંડલો થી શોભતા અને હાથમાં કમળ ધારણ કરેલા, શંખ, ચક્ર અને ગદાધારણ કરેલા, છાતી ઉપર શ્રીવત્સવાળા, પ્રકાશતાં કૌસ્તુભરત્નવાળાં, વનમાલા પહેરેલા અને સુનન્દ–નન્દ વગેરે આઠ દ્વારપાલ, સનક વગેરે આધિદૈવિક ભક્તો, ઈન્દ્ર વગેરે દેવો, આઠ લોકપાલો, બ્રહ્મા, શંકર વગેરે ઉત્તમ સેવકો, મરીચિ વગેરે નવ ભગવાનના કામમાં તત્પર રહેનાર ઉત્તમ બ્રાહ્મણો, દેવ દૈત્ય અને મનુષ્યોમાં ઉત્તમ નારદ પ્રહ્લાદ ભીષ્મ વગેરે નિર્મલ અન્તઃકરણવાળા ઉત્તમ ભક્તોથી સ્તુતિ કરાતા ભગવાનનાં તેને દર્શન થયાં. ૧.લક્ષ્મી, જેનાથી સર્વ પુષ્ટ થાય છે અને જે જેમનામાં પ્રવેશ કરતી નથી તેઓ ઘણો આહાર કરવા છતાં પુષ્ટ થતા નથી તે ૨.પુષ્ટિ, ૩.સરસ્વતી, રાજ્યાભિષેક વગેરે સમયે પ્રકટ થાય છે તે ૪.કાંતિ, ૫.કીર્તિ (આ જેનામાં પ્રવેશ કરતી નથી તે બીજા કીર્તિવાળા જેવું કર્મ કરે છતાં કીર્તિ પ્રાપ્ત કરતા નથી), સન્તોષરૂપ ૬.તુષ્ટિ, જેના વિના મોટો પણ તરખલાં જેવો રહે છે. ૭.ભૂમિ, સર્વ શક્તિરૂપ ૮.ઉર્જા, મોક્ષ આપનારી જ્ઞાનરૂપી ૯.વિદ્યા, બંધન કરાવનારી ૧૦.અવિદ્યા. (નિદ્રા વગેરે આના જ પેટા ભેદ છે), સર્વને વશ રાખનારી ૧૧.ઇચ્છા શક્તિ, સર્વ થવાની શક્તિવાળી અને મોહ કરાવનારી એવા ૧૨.બે પ્રકારની માયા –આ બાર ભગવાનની મુખ્ય શક્તિઓ ભગવાનની સેવા કરતી હતી. આવાં ભગવાનનાં દર્શન થતાં તે ઘણો પ્રસન્ન થયો. પછી ઘણો ભક્તિવાળો થયો અને આનન્દથી તેને રોમાંચ થયાં. ભાવથી તેનું અન્તઃકરણ અને લોચનો ભીનાં થયાં એટલે તેનો ભગવાન ઉપરનો પ્રેમ પ્રકટ થયો. પછી નિર્ગુણાવસ્થા તજી વૈષ્ણવ હોવાથી તેણે સાત્ત્વિક અવસ્થા ધારણ કરી અને ભગવાનને પ્રણામ કર્યા. ભગવાને ત્યાં વૈકુંઠ જ પ્રકટ કર્યું. તેથી ત્યાં જલ વગેરે ન રહેવાથી તેણે સાવધાન થઈ, મનને સ્થિર કરી, બે હાથ જોડી, ઘણા સમય સુધી શાંત રહી, થોડું પણ બોલવાની શક્તિ આવી એટલે ધીરે–ધીરે ગદ્ગદ્ વાણીથી ભગવાનની સ્તુતિ કરવા માંડી.

**અક્રૂરે કરેલી ભગવાનની સ્તુતિઃ**

અક્રૂર સ્તુતિ કરે છે કે ''સર્વ જગતના કારણના પણ કારણરૂપ આપ નારાયણ, વિકાર વિનાના આદિપુરુષને હું નમન કરું છું. આપની નાભિમાંથી નીકળેલ કમળની નાળમાં સ્થિર ભમરો હોય તેમ બ્રહ્મા પ્રકટ થયા અને તેમનાથી આ સૃષ્ટિ રચાઈ. પૃથ્વી વગેરે મહાભૂતો, મન, ઈન્દ્રિયો, મહત્તત્ત્વ, પ્રકૃતિ, પુરુષ, ઈન્દ્રિયો, સર્વ પદાર્થો જે બધા

જગતના કારણરૂપ છે, તે આપના અંગ અક્ષરબ્રહ્મમાંથી ઉત્પન્ન થયા છે, બ્રહ્મા વગેરે આપના પુત્રો, પૌત્રો આપનાં સ્વરૂપને જાણતા નથી. આપ સર્વના આત્મા છો, છતાં આપને તેઓ તેવા જાણતા નથી અને તેથી અજ્ઞાનને લીધે મુક્તિ પામતા નથી. બ્રહ્મા પણ સત્ત્વગુણથી અથવા કર્તાપણું વગેરે ગુણોથી આસક્તિને લીધે બંધાયેલ હોવાથી આપને જાણતા નથી, કારણ કે ઘરમાં બંધાયેલો હોય તે ઘરની બહાર રહેલા પદાર્થને જોતો નથી. તેથી તેમની પણ મુક્તિ થતી નથી. તેના જેમ સંસારમાં જે આસક્તિવાળા રહેશે તેને પણ જ્ઞાન નહિ થાય, પરન્તુ આપની કૃપાથી જેને આપનું જ્ઞાન થશે તેજ કૃતાર્થ થશે. જ્ઞાન ન હોય તો પણ રુચિ પ્રમાણે શાસ્ત્રાનુસાર આપની સેવા કરવી યોગ્ય છે. એમ કરવાથી આપ આપના સ્વરૂપનું જ્ઞાન કરાવશો. તેથી જ યોગીઓ પણ આપ મહાપુરુષનું પૂજન કરે છે. યજ્ઞ કરનારાઓ એક હજાર વર્ષ સુધી ચાલે તેવા જાતજાતના યજ્ઞોથી જુદા-જુદા રૂપવાળા ઈન્દ્ર વગેરે દેવોના નામથી આપનું જ પૂજન કરે છે. તેઓ તો આપના અંગ જ છે. કેટલાક બધા કર્મોનો ત્યાગ કરી ચિત્તની શાંતિ પ્રાપ્ત કરી જ્ઞાનરૂપ આપને ચિદ્રૂપ આત્માની જ યજ્ઞરૂપથી કલ્પના કરી આપને સમર્પણ કરે છે. એ પ્રમાણે બધા જુદા-જુદા રૂપથી સર્વ દેવમય આપની જ પૂજા કરે છે. ''અમે આત્માથી જુદા અથવા વિષ્ણુથી જુદા દેવતાની ઉપાસના કરીએ છીએ'' એમ આપને તેમના ઉપાસ્ય દેવથી જુદા હોવાનું જેઓ માને છે તેઓ પણ જેની ઉપાસના કરે છે તે મોટા છે નમાલા નથી એમ માની તેની ઉપાસના કરે છે, કારણ કે કોઈ પણ જેને નમાલા અને નજીવ માનતો હોય તેની ઉપાસના કરે નહિ, પણ ભ્રમને લીધે (તેને મોટો માની) તેની ઉપાસના કરે છે. આ ભ્રમમાં તે આપ ભગવાનના જ ગુણો તેના ઉપાસ્ય દેવમાં હોવાનું માને છે, તેથી તે આપની જ સેવા કરે છે; પણ તેઓ આપનું વિધિપૂર્વક પૂજન કરતા નથી. જેમ મૂર્તિમાં ભગવાન અને તેમના ગુણોનો આરોપ કરવામાં આવે છે તેમ જુદા-જુદા દેવોની ઉપાસના કરનારાઓ પોતાના સેવ્યમાં ભગવાનપણું અને તેમના ગુણોનો આરોપ કરે છે, પરન્તુ તે વિધિ પ્રમાણે નહિ હોવાથી તેમને ભગવાનનું જ્ઞાન થતું નથી પણ ઈચ્છેલું ફલ જ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાનનું જ્ઞાન ન થવાથી તેઓ સંસારમાં જ રહે છે. છતાં જો તેઓ નિષ્કામ હોય તો તેમને ભગવાનનું સાયુજ્ય પરંપરાથી ઘણા સમય પછી થાય છે. જેમકે ભૂતોને મહાદેવ સાયુજ્ય પ્રાપ્ત થાય છે અને મહાદેવને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત થાય છે. જેમ વૃષ્ટિથી ભરપૂર થતી બધી નદીઓ બધી દિશાઓમાંથી સમુદ્રમાં જ પ્રવેશે છે, તેમ નદી જેવા જીવોના સમૂહો ભગવાનનું જ સાયુજ્ય પ્રાપ્ત કરે છે. વિધિ પ્રમાણે ભગવાનનું સેવન કરવાથી તરત અને વિધિ પ્રમાણે ન કરવાથી કરોડો જન્મે પણ ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરે છે. આપની જ પ્રકૃતિના સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણ ગુણોમાંથી બ્રહ્માથી આરમ્ભી જડ પદાર્થ સુધીના બધા ઉત્પન્ન થયા છે અને તેમાં જ પરોવાયેલ છે. તેથી બધા આપમાંજ પ્રવેશ કરે છે.

આપ ફલરૂપ હોવાથી આપની પ્રાપ્તિ થાય તે માટે આપને નમન કરું છું. અગ્નિ આપનું મુખ છે, ભૂમિ આપના ચરણ છે. એ પ્રમાણે સર્વ દેવો આપના અવયવરૂપ હોઈ

આપ સર્વ દેવરૂપ છો. (સ્થૂળરૂપવાળા જ આ સૂક્ષ્મરૂપવાળા શ્રીકૃષ્ણ થયા છે એમ અક્રૂર જાણે છે, પરન્તુ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એમ જાણતો નથી) જેમ જલમાં માછલાંઓ ભેગાં થઈ રહે છે, જેમ ઉંબરાના ફળમાં મચ્છરો ઘણા રહે છે, છતાં જલને કે ઉંબરાને તેનો ભાર લાગતો નથી, તેમ આપની અંદર બધા લોકો રહે છે. આપ ક્રીડા માટે મત્સ્ય વગેરે જે-જે રૂપો ધારણ કરો છો તે રૂપોથી પોતાનો શોક નાશ થતાં સર્વ લોક આનન્દથી આપના યશનું ગાન કરે છે. લોકો આપના યશનું ગાન કરે તે માટે આપ જુદાં-જુદાં ચરિત્રો કરો છો. તે ગાનથી લોકોને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય છે અને સર્વનાં દુઃખોનો નાશ કરવા જ આપ અવતાર ધારણ કરો છો. જગતમાં જેટલાં રૂપો છે તે બધાનાં કારણરૂપ આપાનાં રૂપ છે, તેથી આપ ગમે તે રૂપ ધારણ કરો તેથી હાનિ થતી નથી.

પ્રલય સમયે સત્યવ્રતની રક્ષા અને વેદનો ઉદ્ધાર કરવા જેમણે સમુદ્રમાં ફરનાર કારણમત્સ્યનું રૂપ ધારણ કરેલ, તેવા આપને નમસ્કાર.

મધુ અને કૈટભને હણવા હયગ્રીવ (અંગ પુરુષનું અને માથું હયનું એવું) રૂપ ધારણ કરનાર આપને નમસ્કાર.

અમૃતમન્થન સમયે મન્દરને ધારણ કરનાર ઘણા મોટા કૂર્મનું રૂપ ધારણ કરનાર આપને નમસ્કાર.

ક્ષિતિનો ઉદ્ધાર કરવા માટે જ વિહાર કરનાર વારાહનું રૂપ ધારણ કરનાર આપને નમસ્કાર.

પ્રહ્લાદ વગેરે સત્પુરુષોના ભયને હરનાર સ્તમ્ભમાંથી પ્રકટ થનાર અદ્ભુત નૃસિંહરૂપ ધારણ કરનાર આપને નમસ્કાર.

ત્રણ પગલામાં ત્રણ ભુવનો ઉલ્લંઘનાર તથા બલિનું બન્ધન કરનાર વામનરૂપ આપને નમસ્કાર.

ઘણા વધેલા અહંકારી ક્ષત્રિયોનાં વન છેદનાર પરશુરામરૂપ આપને નમસ્કાર.

રાવણનો નાશ વગેરે અનન્ત ચરિત્ર કરનાર રામભદ્રરૂપ આપને નમસ્કાર.

સર્વ ભક્તોનું સર્વ પ્રકારે રક્ષણ કરનાર પોતાના ભક્તોને સર્વ પુરુષાર્થનું દાન કરવા અવતાર ધારણ કરનાર વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ રૂપ આપને નમસ્કાર.

દૈત્યો અને દાનવો ને મોહ ઉત્પન્ન કરનાર, સર્વ દોષરહિત બુદ્ધનો અવતાર ભવિષ્યમાં ધારણ કરનાર આપને નમસ્કાર.

સ્વાભાવિક દૈત્યરૂપ મ્લેચ્છો અને દોષવાળા ક્ષત્રિયોને હણનાર, ચારયુગરૂપ કાલનાં કાઢેલ રસરૂપ કલ્કિનું રૂપ ભવિષ્યમાં ધારણ કરનાર આપને નમસ્કાર.

—એ પ્રમાણે આર્ષજ્ઞાનથી જેવા ભગવાનનાં તેને દર્શન થયાં અથવા ભગવાને

જેવા તેને પોતાનાં દર્શન કરાવ્યાં તેવા રૂપનું નિરૂપણ કરી અક્રૂરે તેમને નમસ્કાર કર્યા. હવે પ્રાર્થના કરવા સર્વનું સાધારણ દુઃખ જણાવે છે.

આ દેખાય છે તે બધા જીવ આપની માયાથી મોહ પામેલા હોવાથી દેહ વગેરેમાં 'હું' 'મારું' એવો દુષ્ટ આગ્રહ રાખે છે અને તેથી જ ઉંચી–નીચી કુતરા વગેરેની યોનિમાં કર્મમાર્ગમાં વારંવાર ભમ્યા કરે છે. જો આપની માયાથી મોહ પામેલા ન હોત તો એક વાર દુઃખ પામ્યા પછી ફરીથી 'હું' 'મારું' એવું અભિમાન ન રાખત. બધાની જેમે હું પણ મોહ પામેલો છું. દેહ, પુત્રો, ઘર, સ્ત્રીઓ, ધન, બંધુઓ બધાથી દુઃખ થાય છે એમ એક વાર જાણેલ હોવા છતાં તેમનામાં ભમ્યા કરું છું. મને માત્ર અહન્તા–મમતા છે એટલું જ નહિ, પરન્તુ સ્વપ્ન જેવામાં પણ મને સત્ય હોવાની બુદ્ધિ થાય છે. તેથી હું સર્વથી મૂઢ છું અને વિચાર કરવાથી અથવા બોધથી મારો ભ્રમ જતો નથી. શાસ્ત્રથી પણ મને વિવેક થતો નથી. બધા અનિત્ય પદાર્થો નિત્ય છે, આત્મા નથી તેવા દેહ વગેરે આત્મા છે, વિષ્ઠા મૂત્ર અને પરૂ જેમાં છે તેવા દેહ વગેરેમાંનું દુઃખ સુખ છે એવી જ મારી બુદ્ધિ હોવાથી શાસ્ત્રનું જ્ઞાન અનુભવને હઠાવતું નથી, તેથી સુખ–દુઃખ, રાગ–દ્વેષ વગેરેમાં મને મજા આવે છે. મને મહામોહ છે. આપનું જ્ઞાન થાય તો તે દૂર થાય, પણ આંખમાં રહેલ અંધાપાને લીધે આપનું જ્ઞાન જ થતું નથી. આંધળો હોય તે પોતાની મેળે પ્રકાશનાર સૂર્યને પણ જેમ જોતો નથી તેમ આત્મરૂપ, પરમાનન્દ આપનાર, આપ સહેલાઈથી જણાઓ તેવા પ્રત્યક્ષ છો છતાં હું આપને જાણતો નથી. જેમ સરોવર પાસે ઉભેલો જલ ઈચ્છતો મૂર્ખ કમલના પાંદડાં વગેરેથી ઢંકાયેલા જલને ઘાસ અને પાંદડાનો ઢગલો જ જાણી, તેને ખસેડ્યા વિના, નીચે રહેલા જલને ન લેતાં દૂર ઝાંઝવાનાં જલને જોઈને તેને લેવા દોડે છે, તેમ ભગવાનથી ઉત્પન્ન થયેલા અહપાર વગેરેથી ઢંકાયેલા અંદર રહેલા ભગવાનને ન જાણતાં અહપાર વગેરે દૂર ન કરતાં, પરમાનન્દનો અનુભવ કર્યા વિના દુઃખથી ભરપૂર બહારના વિષયો માટે દોડનારની જેમે હું આપને તજી વિષય સુખ માટે દોડું છું, કારણ કે હું આપથી બહિર્મુખ છું. શાસ્ત્ર વગેરે દ્વારા જ્યારે અન્તર્મુખ થવાય ત્યારે જ સમીપમાં આપ ભગવાનની પ્રાપ્તિ થાય. બહાર જલની પ્રાપ્તિ તો પ્રલય સમયે થાય છે, તેમ જ્યારે ભગવાનની ઈચ્છાથી ભગવાન સર્વ સ્થળે પ્રકટ થાય ત્યારે તેમની પ્રાપ્તિ થાય. મોહ જતો નથી કારણ કે મન ક્રિયાશક્તિવાળું અને જ્ઞાનશક્તિવાળું એમ બે ગુણવાળું છે. શાસ્ત્ર અને વિવેકથી જ્ઞાનશક્તિ ઉત્પન્ન થાય છે તેમ યોગથી જો ક્રિયાશક્તિ પણ ઉત્પન્ન થાય તો એકધારું મન થાય. તેમ ન થાય તો ક્રિયા બલવાળી હોવાથી જ્ઞાનને હઠાવી પોતાનું જ કાર્ય કરે છે. જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન એક પછી એક વધારે બલવાન છે. તેવી જ રીતે મન, વાણી અને કાયા એક પછી એક વધારે બલવાન છે. કામ વગેરે જ્ઞાન થવામાં વિઘ્ન કરે છે અને સંસારમાં જ મનની પ્રવૃત્તિ કરાવે છે. યાસંકગેરે થઈ શકતા નથી, કારણ કે અંધકાર સમયે ઘણો વાયુ અને વરસ હોય તો દીવો રાખી શકાતો નથી. મનને વશ રાખનારી બુદ્ધિ છે. તે મારી બુદ્ધિ જ સેવામાં પામર હોઈ વિષયમાં રચી–પચી રહેનારી છે, કારણ કે ચોર કોઈને સારા માર્ગે ચઢાવતો

નથી. જ્ઞાન બલહીન, સાહાય્ય કરનાર વિનાનું છે. વળી તીવ્ર ઈચ્છારૂપ કામ અને તેને અનુકૂલ કર્મથી મન હણાયેલું છે, એટલે તેમનાં ભયથી તેમને અનુકૂલ જ રહે છે, પણ આત્માને અનુકૂલ રહેતું નથી. વળી બલવાન્ ઈન્દ્રિયોથી તે આડે રસ્તે દોરાઈ જાય છે, એટલે તેને વશ રાખવું અશક્ય છે એવો નિશ્ચય થવાથી તેને વશ રાખવાનો મને ઉત્સાહ જ થતો નથી. તેથી બધી બાબતમાં અશક્ત હોવાથી હું આપને શરણ આવું છું. સર્વ પ્રકારે સાધન વિનાનો હું આપના ચરણે દીન થઈ શરણ આવું છું. દુષ્ટોને આપના શરણે આવવાનું પણ દુર્લભ છે, છતાં હું શરણ આવું છું તે પણ આપની કૃપા જ માનું છું. સૃષ્ટિ સમયે આપ ભગવાન બધાના સમ્બન્ધમાં વિચારો છો કે આ જીવને હું આ પ્રમાણે ફલ આપીશ. તેમાં જેને મુક્તિ આપવાનું વિચારો છો, તેના જન્મોના અન્ત વિચારો છે. તેનો છેલ્લા જન્મ થાય છે તે 'સંસરણાપવર્ગ' (સંસારમાંથી મુક્તિ થાય છે તેમાં તે) કહેવાય છે, કારણ કે પછી તેનો જન્મ થવાનો નથી. તે જન્મમાં સત્પુરુષોની ઉપાસનાથી તેની આપનામાં મતિ થાય છે, તેને ભગવાનનું જ્ઞાન થાય છે. સત્પુરુષો આવાં જ્ઞાનનો બોધ કરનારા છે અને શાસ્ત્ર તેનો ઉપદેશ આપનારું છે. તેથી ૧.સત્પુરુષોની સેવા ૨.ભગવાનના સ્વરૂપનાં જ્ઞાનની ઈચ્છા અને ૩.ભગવાનનાં શાસ્ત્રમાં આસક્તિ એ છેવટનો જન્મ જણાવનારાં છે. વિશેષ જ્ઞાનરૂપ, સર્વ જ્ઞાનનાં કારણરૂપ, ૧.ગુણરૂપ પ્રકૃતિ ૨.પતિ પુરુષ અને ૩.ઈશ કાલ એ ત્રણેરૂપ, સર્વ થવાની શક્તિવાળા, અનન્ત શક્તિઓવાળા આપને નમસ્કાર. સર્વ ભૂતોનાં સ્થાનરૂપ, ઈન્દ્રિયોના પ્રેરક આપ વાસુદેવને મારા સર્વ અપરાધોનો નાશ કરાવવા હું નમન કરું છું. શરણાગત એવા મારું પાલન કરો, જેથી હું ફરીથી પ્રવાહમાં ન પડું.

**ભગવાને કરેલ અક્રૂરની પરીક્ષાઃ**

અક્રૂર આ પ્રમાણે સ્તુતિ કરતો હતો ત્યારે, તેની સ્તુતિ પૂરી થયા પહેલાં જ, એટલાથી જ કાર્ય સિદ્ધ થશે એમ જાણી, નટ જેમ પોતાની અંદર રહેલી વિદ્યાને અભિનયથી બહાર પ્રકટ કરી પાછી પોતાની અંદર સમાવી દેતો હોય છે તેમ ભગવાને પોતાની અંદર રહેલું બ્રહ્માણ્ડરૂપ પાછું પોતાની અંદર સમાવી દીધું. કારણ કે ઘણો દુર્લભ બ્રહ્મનો સાક્ષાત્કાર લાંબા સમય સુધી થતો નથી, તેમજ ભગવાન અક્રૂરને વૈકુંઠમાં લઈ ગયા ન હતા, પરન્તુ જલમાં જ તેને પોતાનાં બ્રહ્માણ્ડરૂપ નારાયણ સ્વરૂપનાં દર્શન કરાવેલાં. તે પણ બહાર દર્શન કરેલ સ્વરૂપને પોતાના હૃદયમાં પધરાવી જલમાંથી બહાર નીકળ્યો અને સ્નાન કરવાની વિધિ પડતી મૂકી, ઘણું આવશ્યક કર્મ ઝપાટાબંધ કરી, તેમજ કર્યા વિના, ભગવાને દુર્લભદર્શન કરાવ્યાં તેથી વિસ્મય પામી રથ પાસે આવ્યો. તેને વિસ્મય રહે તે યોગ્ય નહિ હોવાથી તેનો વિસ્મય દૂર થાય તે માટે ભગવાને તેને પૂછ્યું કે ''આ જલાશયમાં તેં શું અલૌકિક, પહેલાં ન જોયું હોય તેવું, જોયું? ભૂમિ ઉપર, આકામાં અથવા જલમાં એવું કાંઈક જોયું હોય તેવો તું દેખાય છે!'' જો અક્રૂર ભગવાનને પોતે જોયું તે કહે તો તે બીજાઓને પણ કહેવાનો, એટલે ભગવાનનું માહાત્મ્ય તેણે બરાબર જાણ્યું ન

ગણાય, પણ જો ભગવાનને પણ ન કહે તો બીજાઓને નહિ જ કહે, એવા વિચારથી ભગવાને તેને એમ પૂછ્યું. અક્રૂરે ભગવાનનું માહાત્મ્ય જાણેલું હોવાથી ''પોતે જે જોયું તે કહેવું ન જોઈએ પણ ભગવાને પૂછ્યું તેનો ઉત્તર આપવો જોઈએ'' એમ વિચારી, તેણે સામાન્ય ઉત્તર આપ્યો કે ''ભૂમિ આકાશ અથવા જલમાં જે-જે અલૌકિક છે તે બધાં આપમાં જ છે, કારણ કે આપ જ વિશ્વરૂપ છો. તે સર્વ પ્રદેશ આપમાં જ હોવાથી આપનાં દર્શન થતાં તે બધાં મેં જોયા જ. લોકો જે-જે અલૌકિક જુએ છે તે આપમાં જ હોય છે, એટલે આપનાં દર્શન થતાં મેં શું અલૌકિક જોયું નથી? સર્વના આધાર આપજ છો. આપમાં જ તે સર્વ રહેલાં છે, આપ જ તે છો અને આપમાં જ તેનાં દર્શન થયાં કારણ કે આપ બ્રહ્મ છો.'' એવી રીતે સંકેતમાં ઉત્તર આપી ભગવાનની ઈચ્છા જાણી તેણે રથને હાંક્યો.

**મથુરામાં ભગવાનનું આગમન અને ઉતારો:**

અક્રૂર ગાન્દિનીનો પુત્ર હતો. ગોદાનથી ઉત્પન્ન થયેલી ગાન્દિની ગાય જેવી જ હોય અને તેનો પુત્ર બળદ જ હોવાથી તેણે ભગવાન તથા બલભદ્રને ગોધૂલિકા સમયે મથુરા પહોંચાડ્યા. માર્ગમાં જુદા-જુદા સ્થળે ગામડીયાઓ નજીક આવતા અને વસુદેવના પુત્રોને જોઈ આનન્દ પામતા. ભગવાન મથુરા પહોંચ્યા તે પહેલાં નન્દ-ગોપ વગેરે ખુલ્લામાં રહેવાની ટેવવાળા વ્રજના લોકો મથુરાની વાડીઓ પાસે આવી ભગવાનના આવવાની રાહ જોઈ ઉભા રહેલા. ત્યાં ભગવાન પહોંચ્યા ત્યારે તેમણે વિચાર્યું કે અક્રૂર લોકવ્યવહાર પ્રમાણે કાકો હોવાથી તે સાથે રહેશે તો સ્વચ્છન્દલીલા થઈ શકશે નહિ. તેથી પોતાના શ્રીહસ્તથી તેનો હાથ ઝાલી હસીને તેને મોહ ઉત્પન્ન કરાવી અસલ સ્થિતિમાં મૂકી કહ્યું કે ''અમે શહેરમાં પ્રવેશ કરીએ તે પહેલાં જ તું રથ સાથે શહેરમાં તારા ઘેર જા. તારો અપરાધ ન ગણાય તે માટે અમે અહીં ઉતારો કરશું અને પછી શહેર જોઈશું.'' અક્રૂરે જાણ્યું કે ભગવાન એમ જાણે છે કે જેવા કંસ વગેરે છે તેવો હું છું અને તેથી મને પોતાથી છૂટો પાડે છે, પણ મારે ભગવાન વિનાના શહેરમાં અથવા ઘેર જવું નથી. તેથી તેણે કહ્યું કે ''આપ બે વિના હું મધુદૈત્યના સમ્બન્ધવાળી મથુરામાં જઈશ નહિ. આપ નાથ હોઈ મને તજો એ યોગ્ય નથી, કારણ કે નાથ તજે ત્યારે સેવકોને ક્યાંય ગતિ હોતી નથી. વળી હું તો આપનો ભક્ત છું અને આપ ભક્તો ઉપર પ્રેમ રાખો છો. આપ ભક્તો ઉપર પ્રેમ રાખનાર હોવાથી ભક્તોને આપે કોઈ સમયે તજવા ન જોઈએ. આપણા ઘેર આપ પધારો. અમે ઘણા ભાઈઓ છીએ અને દરેકને ઘણાં ઘર છે તેથી જગ્યાનો તૂટો નથી. આપ અમારા ઘેર ન પધારા તો અમે અનાથ ગણાઈએ, તેથી આપ અમને સનાથ કરો અને બલભદ્ર, ગોપાલો અને મિત્રો સાથે ઘેર પધારો. આપના ચરણની રજથી અમો ગૃહસ્થોના ઘરો પાવન કરો. આપનાં ચરણની રજ ભગવદીયપણું પ્રાપ્ત કરાવનારી છે. અહીંથી આપનાં ચરણની રજ લઈ જઈએ તો થોડી જ લેવાય, પણ આપ ત્યાં પધારો તો ઘરોની બધી ભૂમિ આપનાં ચરણના રજના સમ્બન્ધવાળી થાય અને બધા ઘરો પવિત્ર થાય. અમો ગૃહસ્થના ઘરોમાં રોજ હિંસા થતી હોય છે. તે ઘરો જો પાપરહિત થાય તો જ અમારો ઉદ્ધાર થાય. આપના

પધારવાથી અમો જીવતા છીએ તેમના ઉપર ઉપકાર થશે એટલું જ નહિ, પરન્તુ પિતૃઓ વગેરે બધાને ઘણો સન્તોષ થશે. આપનાં ચરણારવિન્દના જલથી બ્રહ્મદંડથી હણાયેલા પણ મુક્ત થતા હોવાથી તેનાથી પિતૃઓ અગ્નિઓ અને દેવો પણ તૃપ્ત થશે. આપનાં ચરણ ધોઈ ચરણોદકથી બલિએ કીર્તિ, ઐશ્વર્ય અને ભક્તિ પ્રાપ્ત કર્યા. સર્વ લોકમાં તેની કીર્તિ થવાથી તે પ્રસિદ્ધ થયો, ઈન્દ્રપણું અને તેથી પણ અધિક ઐશ્વર્ય તેણે પ્રાપ્ત કર્યું, કારણ કે ભગવાન તેને વશ થયા. વળી તેણે સ્વતન્ત્ર ભક્તિ પ્રાપ્ત કરી. ત્રણ પગલાં ભરનાર આપનાં ચરણ ધોવાના જલે મંદાકિની વગેરેના ભેદથી ત્રણ લોક પવિત્ર કર્યા, કારણ કે તે જલ પવિત્ર છે. તે સર્વને પવિત્ર કરે છે એટલું જ નહિ પણ આધિદૈવિક પણ બનાવે છે. શંકરે તેને પોતાના શિર ઉપર ધર્યું, ત્યાંથી ભૂમિ ઉપર પડીને પણ તેણે બ્રહ્મદંડથી હણાયેલા સગરના પુત્રોને સ્વર્ગ પ્રાપ્ત કરાવ્યું. ઈન્દ્રે તેમનો નાશ કરવા પ્રયત્ન કરેલ, છતાં આપનાં ચરણોદકે તેમને ઈન્દ્રની સમાન (સ્વર્ગ ભોગવનાર) બનાવ્યા. હે દેવોના દેવ! હે જગતના નાથ! હું આપને નમન કરું છું.''

અક્રૂરે એ પ્રમાણે પોતાના ઘેર પધારવા વિનન્તી કરી ત્યારે ભગવાને તેને કહ્યું કે ''યાદવોનો દ્રોહ કરનાર કંસને હણીને બલભદ્ર સાથે હું તારા ઘેર આવીશ અને અહીં જે મિત્રો અને પાંડવો છે તેમનું પ્રિય કરીશ.'' મિત્રોને બદલે ઉદ્ધવ મારી સાથે તારા ઘેર આવશે અને પાંડવોને સુખ થાય તે માટે તને હસ્તિનાપુર મોકલવા હું તારા ઘેર આવીશ, એમ ભગવાને તેને સૂચવ્યું. ભગવાને એવી આજ્ઞા કરી ત્યારે હાલ તેનું કાર્ય સિદ્ધ ન થવાથી ખિન્ન થયેલાં જેવો થઈ, તેણે પહેલાં જ શહેરમાં પ્રવેશ કર્યો. કંસને જાહેર કર્યું કે હું ભવગાન્‌ને અહીં લઈ આવ્યો છું અને પછી પોતાના ઘેર ગયો.

**ભગવાને સ્વરૂપથી કરેલ મથુરાવાસીઓનો નિરોધઃ**

ત્યાર પછી શહેરના વાસીઓ જેઓનો નિરોધ ભગવાન સમ્બન્ધી વાત-ચીતથી થયેલો તેમનો સ્વરૂપથી પણ નિરોધ કરવા સાંજના સમયે બલભદ્ર સાથે ગોપોથી વીંટાઈ ભગવાન મથુરા જોવા તે નગરીના દ્વાર પાસે પધાર્યા. તે સમયે મથુરાના દરવાજા ઉંચા અને સ્ફાટિકમણિના બનાવેલા હતા. દરવાજાના બારણાંઓ અને તોરણો સુવર્ણના હતાં. તેનો ગઢ અને કાંગરા તાંબાના હતા. ફરતી ખાઈને લીધે તેમાં પ્રવેશ કરવો કઠણ હતો. તે બગીચાઓથી રમણીય અને વાડીઓથી શોભતી હતી. જેવી તે બહારથી શોભતી જણાતી હતી તેવી અંદરથી પણ તે શોભતી હતી. વિશ્રામસ્થાન, ધનવાનોની હવેલીઓ, જડેલી ભૂમિ, વેપારના બજારો, માણસોને બેસવાના સભાસ્થાનો અને ઘરો સુવર્ણનાં હતા. વૈદૂર્ય, હીરા, સ્ફાટિક, નીલમણિ, પરવાળાં, મોતી તથા લીલાં મણિઓનાં બનાવેલા બાંકડા અને ઉંચી બેઠકોથી તે શોભતી હતી અને તેમનાથી જડેલી જાળીઆંની અંદર જગ્યામાં બેઠેલા કબૂતર અને મોરના અવાજથી ગાજતી હતી. શેરીઓ, બજારો, રસ્તા અને આંગણાઓમાં છંટકાવ કરેલો હતો અને ભગવાન પધારવાના હોવાથી મંગલ પ્રસંગને લીધે સર્વ સ્થળે પુષ્પો, ઝવેરાત, ધાણી અને ચોખા નાખેલા હતા. દહીં અને ચન્દન

છાંટેલા પૂર્ણ કુમ્ભો, પુષ્પો, પલ્લવવાળી આરતીઓ, ફલવાળી કેળો, અને ધજાવાળા સોપારીનાં નાનાં વૃક્ષોથી ઘરનાં દ્વારોની શોભા કરવામાં આવી હતી. મહોત્સવ હોય ત્યારે દ્વારની બન્ને બાજુએ બે ઘડા અને તેમના ઉપર દહીંથી ભરેલું વાસણ મૂકવામાં આવે છે. તેમની પાસે દીવા, કેળ અને સોપારી ધજા તથા પતાકા અને ચન્દ્રના જેવા રંગવાળા ચન્દ્રના આકારના અરીસા મૂકવામાં આવે છે. તે બધે સ્થળે કરેલું.

મિત્રોથી વીંટાયેલા વસુદેવના પુત્રોએ નગરીમાં પ્રવેશ કર્યો ત્યારે રાજમાર્ગે જતા તેમનાં દર્શન કરવા શહેરની સાધારણ સ્ત્રીઓ સામી આવી. જે સ્ત્રીઓ દૂર રહેતી હતી અને જે બહાર નીકળી શકે તેવી ન હતી તેઓ દર્શન કરવા તત્પર થઈ. જ્યાંથી તેમનાં દર્શન થઈ શકે તેવી મેડીઓ ઉપર ચઢી. ભગવાન ઉપર ઘણો પ્રેમ હોવાથી તેમનાં દર્શન માટે તેઓ એટલી બધી ઉત્સુક હતી કે કેટલીકે વસ્ત્રો અને આભરણો ઉલટાં પહેરેલાં હતાં. પગનું આભરણ હાથમાં અને નીચે પહેરવાનું વસ્ત્ર ઉપર પહેરેલાં. કેટલીકે બંગડી વગેરે જોડ પહેરવાનાં આભરણો પૈકી એક જ પહેરેલું. કેટલીકે કાનમાં એક જ એરીંગ અને પગમાં એક જ નૂપુર પહેરેલું. કેટલીકે પોતાની એક જ આંખમાં મેશ આંજેલી અને જે બીજીની આંખોમાં મશ આંજતી હતી તે એક આંખમાં આંજી, બીજી આંખે આંજવાનું પડતું મૂકીને જ આવેલી. કેટલીક ભોજન કરતી હતી, તેઓ ઉલ્લાસને લીધે ભોજન પડતું મૂકી આવેલી, કેટલીક ડીલે તથા માથે તેલ લગાડતી હતી તે સ્નાન કર્યા વિના જ આવી ગઈ. જે સૂતી હતી તે ભગવાન પધારે છે એવો કોલાહલ સાંભળી પોતાના દેહનો વિચાર કર્યા વિના જ ઉઠીને દોડી આવી. જે માતાઓ પોતાનાં જ બાળકોને ધવરાવતી હતી તેઓ બાળકોને તજી દોડી આવી. એ પ્રમાણે ભગવાનનાં દર્શન કરવા તેઓ પ્રપઞ્ચને ભૂલી ગઈ અને ભગવાને પોતામાં તેમને આસક્ત કરવા પોતાના સ્વરૂપનાં સૌન્દર્યથી તથા તેમને મોહ પમાડીને તેમના મનને વશ કર્યું. સર્વ દુઃખ હરનાર કમલ જેવાં લોચનવાળા ભગવાને સ્વછંદ લીલા સૂચવનાર પોતાનાં હાસ્ય અને દૃષ્ટિ થી તેમનાં મન હર્યાં. આ શહેરની સ્ત્રીઓ ચતુર હોઈ તે જાણતી હોવાથી તેનાથી મોહ પામી. જે સ્ત્રી જેવાં હાસ્ય અને જેવી દૃષ્ટિથી મોહ પામે તેના પ્રતિ ભગવાને તેવાં જ હાસ્ય અને દૃષ્ટિ કર્યાં. વળી ભગવાન મદ ઝરતા ઉત્તમ હાથીના જેવા પરાક્રમવાળા હોવાથી એમ કરવામાં તેમને કાંઈ ભય ન હતો, તેમજ તેમની પાસે જવામાં તે સ્ત્રીઓને પણ ભય ન હતો. પોતાની દૃષ્ટિથી સ્ત્રીઓનું મન વશ થાય તે માટે ભગવાને લક્ષ્મી સાથે રમણ કરનારાં પોતાનાં સ્વરૂપથી તેમનાં નયનોને ઉત્સવ કરાવ્યો, કારણ કે ઉત્સવમાં જેનું ચિત્ત ચોંટેલ હોય તેનું સર્વસ્વ હરી લેવામાં આવે તો પણ તેને ઉત્સવ વિના બીજાં કાંઈનું ભાન રહેતું નથી. ચંચલ પદાર્થોમાં લક્ષ્મી સર્વથી ચંચલ છે. તેને પણ ભગવાન રમણ કરાવી પોતામાં જ આસક્તિવાળી કરે છે, તો બીજી સ્ત્રીઓને તેવી કરે તેમાં શું આશ્ચર્ય? વારંવાર જેમના વિષે સાંભળેલું તે ભગવાનના હમણાં દર્શન થતાં નયનો પ્રસન્ન થયાં એટલે તેમનાં ચિત્ત ભગવાનની પાછળ દોડ્યાં. મન તો ભગવાને હર્યું અને તે ચિત્તને રોકતું ન હતું, પણ તેને સરળતા જ કરી આપતું હતું. ભગવાને

પણ તેમના ઉપર દૃષ્ટિ કરી સર્વ પ્રપઞ્ચ કરતાં અધિક રસવાળું અને તેને ભૂલાવનારું હાસ્ય કર્યું. તે દૃષ્ટિ અને હાસ્ય ભેગાં થતાં અમૃતતુલ્ય થયાં. તે અમૃતથી તે સ્ત્રીઓનું સિંચન કર્યું એટલે તેમને માન થયું. લતા જેવી તે સ્ત્રીઓ અમૃતનું સિંચન થતાં ભગવાનને પણ આનન્દરૂપ ફલ આપનારી થઈ. તેથી માન પામી. તે માન ઉતારવા પધારતા આનન્દરૂપ દેહવાળા ભગવાનને હૃદયમાં ચિત્તથી આલિંગન કરી તેઓ અંદર આનન્દથી ભરપૂર થઈ. ભગવાન તેઓની દૃષ્ટિદ્વારા તેમના હૃદયમાં પધારતાં તેમને હૃદયમાં પ્રાપ્ત થતાં, તેઓ અંદર આનન્દથી ભરપૂર થઈ. પછી સર્વ અવયવોમાં રોમાંચદ્વારા તેઓએ બહાર પણ આનન્દ પ્રકટ કર્યો અને મનની અનન્ત વ્યથાને તજી. પહેલાં ''અમને ભગવાન પ્રાપ્ત થયા નથી'' એમ તેમનાં મનમાં વ્યથા થતી. ભગવાન પ્રાપ્ત થયા ત્યારે પણ જ્યાં સુધી તે સદાને માટે પ્રાપ્ત થયા છે એમ જણાય નહિ અથવા હૃદયમાં પધારી સ્થિર થાય નહિ, ત્યાં સુધી ભવિષ્યમાં ભગવાનનો સમ્બન્ધ રહેશે કે નહિ એવી ચિન્તા દૂર ન થાય. હવે તો ભગવાન હૃદયમાં પધારતાં, તેમનાથી જ દેહ ભરપૂર થતાં મનની પીડાને રહેવાનું સ્થાન ન રહેતાં તેનો ત્યાગ કર્યો. પછી મનોરથ પૂર્ણ થતાં તેઓ દેવોની સમાન થઈ, કારણ કે તેમનાં અન્તઃકરણ અમૃતથી ભરપૂર થયાં. તેથી દેવો જેમ વિમાનમાં આકાશમાં રહે તેમ તેઓ મહેલોના છાપરે ચઢી. દેવોની આંખ મીંચાય નહિ તેમ પ્રેમને લીધે તેઓની આંખો મીંચાયા વિના ખુલ્લી જ રહી. દેવો સુન્દર હોય તેમ આ અબલાઓ સ્વભાવથી જ સુન્દર હતી. દેવોની જેમે આ પ્રમદાઓએ બલભદ્ર અને કેશવ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી.

જગતમાં બે જ રત્નો છે. ૧.લોકમાં સ્ત્રીઓ અને ૨.અલૌકિકમાં બ્રાહ્મણો. સ્ત્રીઓ પછી બ્રાહ્મણોએ ભગવાનનું સન્માન કર્યું. તેમણે દેશાચાર પ્રમાણે દહીંનું તિલક કરી અક્ષત ચોડી પૂજા કરી. જાતજાતના જલથી ચરણ ધોઈ, માલા પહેરાવી, ચન્દન લગાડી ધૂપ કર્યો. મીઠાઈ તથા ફલ ધર્યાં અને આનન્દ પામ્યા. જુદા-જુદા સ્થળે બ્રાહ્મણોએ એ પ્રમાણે સન્માન કર્યું. શહેરીઓએ ભગવાનનાં દર્શન કરી આનન્દનો અનુભવ થતાં, જે સદા તેનું દર્શન કરતા હતા તેમના મોટા ભાગ્યનું સ્મરણ થતાં કહ્યું કે ''ગોપીઓએ શું મોટું તપ કર્યું હશે કે લોકના મહોત્સવરૂપ આ બેનાં દર્શન તેઓ સદા કરે છે. જો તેની ખબર પડે તો આપણે પણ તેવું તપ કરીએ. જ્યારે સાધન કરવાની તેમની આવી ઈચ્છા થઈ તો તેનું ફલ પ્રાપ્ત કરવાની ઈચ્છાનું કહેવું જ શું?

**કંસના ધોબીનો વધઃ**

અધમ લોકો ભગવાનની અવગણના કરે છે. તેમ ન કરતા હોય તો ભગવાન તેમને અધમ કેમ કરે? અધમમાં મુખ્ય ધોબી છે. રામ અવતારમાં પણ ધોબીએ જ નિંદા કરેલી. ભગવાને પોતાની સાથે ઉત્તમ વસ્ત્રો લઈ આવતો કોઈ રંગારો ધોબી જોયો. જેવા નગરના રહીશો હતા તેવા જ જો કંસના સેવકો હોય તો તેમને ન હણવા, એવા વિચારથી આ રંગારા ઉપર ભગવાનની કૃપાદૃષ્ટિ પડતાં તેનો ઉદ્ધાર કરવા ભગવાને તેની પાસેથી ધોયેલાં ઉત્તમ વસ્ત્રો માગ્યાં. ભગવાને કહ્યું કે ''મને અને બલભદ્ર ને યોગ્ય, મને પીળાં અને બલભદ્રને

શ્યામ વસ્ત્રા આપ. જો તું આપીશ તો બીજાને આપવાથી લાભ થાય છે તે કરતાં ઘણું વધારે તારું કલ્યાણ થશે અને પછી રાજા થઈશ તો પણ દોષ નહિ લાગે.'' ભગવાનને તો સર્વ પદાર્થ હતો, કોઈ પદાર્થનો તોટો ન હતો, છતાં તેના ઉપર ઉપકાર કરવા વસ્ત્રો માંગ્યાં, ત્યારે તે દુષ્ટ અભિમાની કંસના સેવકે તિરસ્કાર કરી ક્રોધથી કહ્યું કે ''તમે તો પર્વત પર અને વનમાં ફરનારા છો. તેવા પુરુષો વસ્ત્ર પહેરે તો પણ ફાટેલા મલિન જ પહેરે. તમે આવાં ઉજળાં વસ્ત્ર રોજ પહેરો છો? કુતુહલથી સાધારણ વસ્ત્રો મગાય. આવાં રાજાનાં વસ્ત્રો ન મગાય. તમે રાજાનાં વસ્ત્રો માગવાની ઉદ્ધતાઈ કેમ કરી? આ વાત બીજા જાણે તે પહેલાં ભાગી જાઓ. જીવવાની ઈચ્છા હોય તો આમ ન માગવું, કારણ કે આવી માગણી કરે તેને રાજાના સેવકો અપરાધના પ્રમાણમાં બાંધે છે, લૂંટી લે છે અથવા હણે છે.'' આ પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યા વિના તેણે પોતાની બડાઈ જ ગાઈ, ત્યારે બલભદ્રનો તેણે તિરસ્કાર કર્યો તે સહન ન કરતાં કોપ કરી, પોતાનું પુરુષાતન કંસને જણાવવા ભગવાને નખ વડે તેનું માથું તેના દેહથી જુદું પાડી તેને મારી નાખ્યો. તેના સેવક રંગારા બધાં વસ્ત્રો પડતાં મૂકી, તે પાછાં મેળવવાની આશા તજી, જ્યાં માર્ગ ભાળ્યો ત્યાં ભાગી ગયા. ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે હણાયેલા શત્રુની મિલ્કત પોતાની જ થાય છે. તેથી ભગવાને તે બધા વસ્ત્રો લીધાં. ભગવાને અને બલભદ્રે પોતાને યોગ્ય વસ્ત્રો લીધાં, હલકાં જમીન ઉપર મૂકી દીધાં અને બાકીનાં સારાં ગોપોને આપ્યાં. શ્રીકૃષ્ણ અને બલભદ્ર ને સર્વનું જ્ઞાન હોવા છતાં, વસ્ત્ર પહેરાવનારાને સન્તોષ થાય તે માટે વસ્ત્રો જેમ તેમ વીંટાળવા લાગ્યા, ત્યારે ''આ મારું કામ છે'' એમ જાણી વસ્ત્ર પહેરાવનારો પ્રસન્ન થયો. અને તે બન્ને જેવો વેષ યોગ્ય હોવાનું પહેલાં તેણે વિચારેલું તેવો વેષ બન્નેનો તેણે ભગવાને લીધેલાં વસ્ત્રોથી કર્યો. શ્યામ ભગવાનને તથા ગૌર બલભદ્રને યોગ્ય વેષ ધારણ કરાવ્યા. એ જુદા-જુદા વેષથી સારી રીતે શણગારાયેલા તે બે, અતિસુન્દર બે નાના હાથીઓ જેમ નવમી વગેરે ઉત્સવમાં શણગારાયેલા શોભે તેમ શોભવા લાગ્યા. તેથી બધાને સન્તોષ થતાં ભગવાન પ્રસન્ન થયા અને તેને સારૂપ્ય આપ્યું, એટલે હાલ તે તેને ઈષ્ટ નહિ હોવાથી આ દેહ પડે ત્યારે વ્યાપિવૈકુંઠમાં તેને સ્થાન આપ્યું. વળી આ લોકમાં ધન વગેરે સમ્પત્તિ આપી અને દેહનું બલ, આજ્ઞા કરવાની શક્તિરૂપ ઐશ્વર્ય, ભગવાનનું તથા આત્માનું અનુસન્ધાન રહે તેવી સ્મૃતિ અને સર્વ ઈન્દ્રિયોનું સામર્થ્ય આપ્યાં. એવી રીતે એક જ સ્થળે એક જ વિષયમાં ભગવાને રંગારાને માર્યો અને વસ્ત્ર પહેરાવનારને વર આપ્યા.

**સુદામાને વરદાનઃ**

પછી 'સુદામા' નામનો માળી ભગવાનનો ભક્ત હોવાથી તેનું ઘર રાજમાર્ગ ઉપર નહિ હોવાથી અને બજારમાં ઉત્તમ માલાઓ ન મળે તેથી ભગવાન અને બલભદ્ર તેના ઘેર પધાર્યા. ઉત્તમ માલા બનાવી ''હવે શું કરવું'' એમ તે વિચારતો હતો ત્યારે જ બન્ને તેના ઘેર પધાર્યા. તેમને પધારેલા જોઈને, તેણે ઉભો થઈ સાષ્ટાન પ્રણામ કર્યા, કારણ કે તે નિરોધ માટે યોગ્ય હતો. પછી પોતાના ઘરમાં ઉત્તમ આસન નહિ હોવાથી બીજેથી લઈ

આવ્યો અને તેમના ચરણ ધોયા અને બીજા ઉપચારો કર્યા, ચન્દનનો લેપ, તામ્બૂલ અને માલાથી સેવકો સાથે તેમની પૂજા કરી અને ભક્તનો ઉદ્ધાર કરનાર ભગવાન પધારેલા હોવાથી પોતાને કૃતકૃત્ય માની કહ્યું કે ''આજે અમો ગૃહસ્થોનો જન્મ સાર્થક થયો. મારું કુલ પણ પાવન થયું એટલે મારા બધા સમ્બન્ધીઓના જન્મ સાર્થક થયા. કરોડો જન્મોમાં મેં કરેલ સર્વે કર્મનું ફલ આપના આગમનરૂપ મળ્યું, એટલે આપના પધારવાથી જ પિતૃઓ, દેવો અને ઋષિઓ મારા ઉપર પ્રસન્ન થયેલ હોવાથી મારે હવે તેમનું આરાધન કરવાનું ન રહ્યું. આપ વિશ્વબંધુ છો, જગતનાં મૂલ કારણ છો. આપે ક્રિયાશક્તિથી અહીં પ્રપઞ્ચમાં સર્વ દુષ્ટોનો નાશ કરવા, સત્પુરુષોનું રક્ષણ કરવા, મોક્ષ અને ભક્તિ આપવા અવતાર લીધેલ છે, છતાં ''કોઈકને મારવો અને કોઈને બચાવવો'' એવી પક્ષપાતવાળી આપની દષ્ટિ નથી. પિતા કોઈક પુત્રને મારે છે અને કોઈકને અભિનન્દન કરે છે તેમ આપ પણ બધાને બોધ દેવા જુદાં-જુદાં ફલ આપવા છતાં, સર્વને સમ છો. જેમ હાથથી પગ ધોનાર અને માથું ન ધોનાર પોતાના કોઈ અંગ પ્રતિ પક્ષપાતી થતો નથી તેમ આપ જગતના આત્મા હોવાથી કોઈ તરફ પક્ષપાતી થતા નથી. કાલના મુખમાં જેમેલા જીવોનો ઉદ્ધાર કરવા પધારેલા આપ કાલને ઠગી તેની પાસેથી જીવોને લઈ જાઓ છો. એ કાલને ઠગનાર આપ મિત્ર જ છો. ''જે મને જે પ્રકારે ભજે છે'' (ભગ.ગીતા૪।૧૧) તે વચન પ્રમાણે અને કલ્પતરુ જેવો આપનો સ્વભાવ હોવાથી આપ પ્રાર્થના કરનારને જ આપો અને બધાને ન આપો, તેમ છતાં આપ પક્ષપાતી થતા નથી. હું આપને સર્વ નિવેદન કરી દાસ થયો છું. આપ જો દાસ તરીકે સ્વીકારો તો ખરો દાસ ગણાઉં. તેથી મને આજ્ઞા કરો કે આપ બેનું હું શું કાર્ય કરું? આપ પૂર્ણકામ છો આપને માટે મારાથી કાંઈ કરી શકાય તેમ નથી, છતાં આ આજ્ઞા આપના હિત માટે નહિ, પણ મારા ઉપર ઉપકાર કરવા કરો, કારણ કે તેથી હું સેવક ગણાઉં. સેવક તરીકે આપ સ્વીકારો તે વરદાન કરતાં પણ વધારે કૃપા છે; કારણ કે વર હદવાળો હોય છે અને દાસપણું હદ વગરનું હોય છે અને દાસનું બધું કામ સ્વામીએ જ કરવાનું હોય છે.''

એ પ્રમાણે કહેતાં ભગવાને તેનો દાસ તરીકે સ્વીકાર કરતાં, ભગવાનની આજ્ઞા શું છે તે કહ્યા વિના જ તેણે જાણી. ભગવાનની ભક્તિનું જ એવું સામર્થ્ય છે કે તેનાથી અલૌકિક દષ્ટિ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાનની ઈચ્છા પોતે જ જાણી મનમાં પ્રસન્ન થયો અને શાસ્ત્રમાં ઉત્તમ ગણેલાં, સ્વરૂપથી ઉત્તમ સુગન્ધવાળાં મલ્લિકા વગેરે પુષ્પોની બનાવેલી માલાઓ તેણે ભગવાનને આપી. તે ઉત્તમ માલાઓથી શણગારાયેલા અને તેથી પ્રસન્ન થયેલા ભગવાન અને બલભદ્રે પ્રણામ કરીને શરણ આવેલા સુદામાને વર માગવા કહ્યું. તેણે પણ સર્વના આત્મરૂપ ભગવાનમાં જ્ઞાનરૂપ અચલ ભક્તિ, ભગવાનના ભક્તોની મૈત્રી, ભગવદીય ન હોય તેમનાથી ઉદાસીનપણું અને બધા પ્રાણીઓ પ્રતિ દયા માગ્યાં. ભગવાને તેને એ બધા વર આપ્યા અને વધારામાં તેના વંશની વૃદ્ધિ અને તે બધાને ધન વગેરે સમ્પત્તિ આપી. વળી તેને દેહની શક્તિ, આયુષ્ય, યશ, કીર્તિ અને સૌન્દર્ય આપ્યાં

અને પછી બલભદ્ર સાથે તેના ઘરમાંથી બહાર પધાર્યા.

**કુબ્જા ઉપર કરેલી કૃપાઃ**

પછી રાજમાર્ગે જતાં ભગવાને કુબ્જાને જોઈ. સ્ત્રીઓ ભગવાનની કૃપાપાત્ર છે, તેથી તેમના માટે ભગવાનને બહુ પ્રયાસ કરવો પડતો નથી, કારણ કે કાલ જ તેઓને ભગવદીય કરે છે. પોતાના ઘેર શરીરે લગાડવાનો લેપ તૈયાર કરી તે કંસ માટે લઈ જતી હતી... ભગવાને હસીને તેને પૂછ્યું કે ''હે સુન્દરી! તું કોણ છે? આ લેપ કોનો છે? અમને બેને આ લેપ ઉત્તમ લાગે છે તેથી અમને આપ. તેથી તારું તરત જ કલ્યાણ થશે. દેશ ઉત્તમ ન હોવાથી લેપ આપવાનું ફલ તરત નહિ મળે તો પણ તે આપવાથી મારાં દર્શનનું તરત ફલ મલશે.'' અંગે લગાડવાનો લેપ તું આપીશ તો હું તને તારાં અંગ જ આપીશ એમ ભગવાને તેને એ પ્રમાણે કહી સૂચવ્યું. તેણે ઉત્તર આપ્યો કે ''હું જાતિથી જ દાસી છું. લેપ બનાવવામાં બધા મને કુશલ જાણે છે. મેં બનાવેલો લેપ કંસને ઘણો જ પ્રિય છે. આપ બે વિના બીજો કોણ તેને યોગ્ય છે? કંસને તે પ્રિય છે પણ કંસ તેને યોગ્ય નથી.'' તે લેપ કંસનો હતો તેથી કંસ તેને યોગ્ય ન હોય તો પણ તે બીજાને ન અપાય, છતાં ભગવાનનાં ઘનશ્યામ સ્વરૂપ, તે સ્વરૂપનું કોમલપણું, માધુર્ય, માધુર્યવાળું હાસ્ય, વાતચિત અને દષ્ટિ થી તેનાં દેહ ઈન્દ્રિયો અન્તઃકરણ તથા આત્મા વશ થવાથી તેણે તે ગાઢ લેપ બન્નેને આપ્યો. પછી પોતાના રંગથી જુદા રંગવાળો તે લેપ નાભિથી ઉપરનાં ભાગમાં લગાડવાથી તે બન્ને શોભવા લાગ્યા અને પ્રસન્ન થયા. ભગવાનનું વચન તેણે માન્યું તેથી ભગવાન તે ખૂંધવાળી પગ, પેટ અને કેડ એ ત્રણ ઠેકાણે વાંકી વળેલી પણ સુન્દર મુખવાળી સ્ત્રી ઉપર પ્રસન્ન થયા અને પોતાનાં દર્શનનું ફલ તેને દેખાડવા તેને સીધી કરવાનું મન કર્યું. બ્રહ્માની સૃષ્ટિમાં તે વાંકી જ હતી એટલે તે વાંકી જ રહે એવી પહેલાં ઈચ્છા હતી. રાજસો બહુ કઠિન હોવાથી ભગવાન તેમને માટે નવીન પણ કરે છે, એમ ભગવાને તેને સીધી કરવાનું મન કર્યું તેથી જણાય છે. તેના બે પગના આગલા ભાગ પોતાના ચરણોથી દબાવી, તેની પીઠે શ્રીહસ્ત રાખી, બીજા શ્રીહસ્તની ટચલી તથા તેની પાસેની આંગળીઓ વાળી દઈ, બીજી બે આંગળીઓ પ્રસારી, તેમનાથી તેની હડપચીના નીચેનો ભાગ પકડી ભગવાને તેને ઉંચી કરી અને વસ્ત્રની પુતલીને સીધી કરે તેમ તેને સીધી કરી. આ સીધી કરવાનું કાર્ય અલૌકિક હોવાથી પોતાનું અલૌકિક સામર્થ્ય જણાય તે માટે ભગવાને તેને ચાર રસ્તા મળે તેવા ધોરી માર્ગ ઉપર જ સીધી કરી. તરત જ તેનાં અંગો સીધાં અને માપસર બન્યાં...મુકુન્દ મોક્ષ આપનારા હોવાથી બધાને પહેલાંની અવસ્થા તજાવી પોતાનો આનન્દ પ્રાપ્ત કરાવે છે. આના કોંધ અને વાંક કાઢી નાખી તેને લક્ષ્મીની સમાન ઉત્તમ પ્રમદા બનાવી. તેને રૂપ મળ્યું. કમલના જેવી સુગન્ધ, પૂર્ણ રસ વગેરે ગુણો મળ્યા અને રસ આપવાની ઉદારતા પણ પ્રાપ્ત થઈ. વળી દાસી હોવા છતાં તે પ્રમદા થઈ અને ભગવાનના સ્પર્શથી તે નિર્ભય થઈ. તેથી ભગવાનને પોતાનું હૃદય જણાવતી હોય તેમ તેણે કહ્યું કે ''હે વીર! મારા ઘેર તમારે આવવું જોઈએ...'' એ પ્રમાણે તેણે બલભદ્રના દેખતાં પ્રાર્થના કરી

ત્યારે શ્રીકૃષ્ણે બલભદ્રનું અને સેવકોનાં મુખ જોઈને, હસીને તેને મોહ પમાડતાં મશ્કરી કરતા કહ્યું કે ''હું તારા ઘેર આવીશ, પણ મારું કાર્ય પતાવીને આવીશ. અમો ઘર વિનાનાં મુસાફરોને તું જ આશ્રય છો. ક્યાંક રહેવું તો પડશે તેથી ઘર જોશે જ. તો કોઈ કહે તેના ઘેર જવામાં શું સંદેહ હોય?''

**સાધારણ મનુષ્યોનો નિરોધ:**

એ પ્રમાણે મધુર વાણીથી તેને રજા આપી, રાજમાર્ગે જ પધારતાં વાણીયાઓએ જાતજાતની ભેટ, તામ્બૂલ, માલા અને સુગન્ધી પદાર્થોથી બલભદ્ર સાથે ભગવાનની પૂજા કરી. ભગવાનનાં દર્શનથી કામનો વેગ આવતાં સાધારણ સ્ત્રીઓ પોતાના દેહ ભૂલી, પ્રપઞ્ચને વિસરી, બધાં આભૂષણોથી શણગારાઈ ભગવાનનાં દર્શન કરવા તેઓ આવેલી. ત્યાં કામનો વેગ થતાં તેમનાં વસ્ત્રો, અંબોડો અને કંકણ વગેરે આભરણો સરી પડ્યાં અને પોતે ચિત્રેલી હોય તેવી ક્રિયારહિત થઈ.

**ધનુષ્યનો ભંગ અને સૈન્યનો નાશ:**

પછી શહેરીઓને ''ધનુર્યાગ ક્યાં થાય છે?'' એમ લોકોને ભ્રમ થાય તે માટે પૂછતાં જ ભગવાન તે સ્થળે પહોંચ્યા અને ત્યાં ધનુષ્ય જોયું. આ ધનુષ્ય કંસના ઉપાસ્ય દેવે એમ કહીને મૂકેલું કે જ્યાં સુધી આ ધનુષ્ય રહેશે ત્યાં સુધી તારો પરાજય નહિ થાય. તેથી હમણાં મરણનો ભય લાગવાથી જ કંસે તેની પૂજા કરવા માંડેલી. જેવું ઈન્દ્રધનુષ્ય મોટું અને વિચિત્ર હોય છે તેવું આ મોટું અને તેનાથી પણ વિચિત્ર હતું. વળી આ કંસના પ્રાણરૂપ હોવાથી ઘણા શસ્ત્રધારી પુરુષો અને દૈત્યનું હિત કરનાર દેવો તેનું રક્ષણ કરતા હતા. વસ્ત્ર વગેરેથી તેની પૂજા થતી. ધનુષ્ય જોવા પધારેલા ભગવાન અદૃશ્ય થઈ, રક્ષકોને વટી અંદર પધાર્યા અને રક્ષકો વગેરેએ મના કરવા છતાં તેમણે તેમને દૂર કરી ધનુષ્ય ઉપાડ્યું. ધનુષ્ય ડાબા હાથથી જ પકડાય, છતાં જમણા હાથથી પકડી, તે દૈત્યના અંશવાળું હોવાથી તિરસ્કાર પૂર્વક ડાબા હાથથી સજ્જ કરી, રક્ષણ કરનારાઓના દેખતાં જ વચ્ચેથી પકડી ખેંચી ભાંગી નાખ્યું. જેમ મદમત્ત હાથી શેરડીના સૂકા સાંઠાને પોતે ભાંગે છે તેમ ભગવાને તેને વચ્ચેથી જ ભાંગ્યું કે જેથી તે સંધાય પણ નહિ. ધનુષ્ય ભંગાતાં અવાજ થયો તે આકાશ સ્વર્ગ અને પૃથ્વી અને ચારે દિશામાં સંભળાયો. બધે આ જ અવાજ સંભળાય અને બીજું કાંઈ સંભળાય નહિ તેવો અવાજ થયો. થોડા જ સમયમાં આ ભંગાયું, એટલે રક્ષકો ભગવાનને રોકી શક્યા નહિ અને પછી કેટલોક સમય તેનો અવાજ સાંભળી રહ્યા. આ અવાજ સાંભળી કંસને ઘણો ભય થયો. ત્યાં ધનુષ્યના રક્ષકો હતા તેઓએ ભગવાન બલભદ્ર અને ગોપો ને પકડવાની ઈચ્છાથી શસ્ત્રો લઈ તેમને ઘેરી લીધા અને 'પકડો બાંધો' એમ રાડો પાડવા લાગ્યા. તેમનો દુષ્ટ અભિપ્રાય જાણી ગોપોનું રક્ષણ કરવા અને કંસને પોતાનું પુરુષાતન જણાવવા બલભદ્ર અને ભગવાને ''આટલા સમય સુધી જેનું તમે રક્ષણ કર્યું તે જ તમને હણનારું થાય છે'' એમ જણાવવા, તે ધનુષ્યના જ કટકા લઈ તે રક્ષણ કરનાર દુષ્ટ પુરુષો તથા દેવો ને હણ્યા. પછી જવાની તૈયારી કરતા હતા

એટલામાં કંસે મોકલેલ હાથી, ઘોડા, રથ તથા પાયદલનું સૈન્ય આવ્યું. તેને પણ હણી તે સ્થાનમાંથી બહાર નીકળ્યા અને પ્રસન્ન થઈ આમને ધનુર્યાગની ખબર પણ નથી એમ લોકો જાણે તેમ નગરીનું સૌન્દર્ય જોતા ફરવા લાગ્યા. તેઓ એ પ્રમાણે સુખપૂર્વક ફરતા હતા ત્યારે સૂર્ય અસ્ત પામ્યો અને ગોપોથી વીંટાઈ તે બન્ને શહેરમાંથી ઉતારે આવ્યા. અને ચરણો ધોઈ દૂધભાત જમ્યા, કારણ કે જેમ બહારગામ જતાં દહીંભાત વાય છે, તેમ નગરમાં પહેલાં જવામાં આવે ત્યારે દૂધભાત લેવાય છે.

પછી કંસ મલ્લયુદ્ધ કરાવવા ઈચ્છે છે, એટલે પોતાનો વધ કરાવવા પોતે જ પ્રયાસ કરવાનો છે, એમ જાણી તે રાત્રિ ભગવાન સુખથી પોઢ્યા; કારણ કે જેમ આટલા સમય સુધી પોતે વસુદેવના પુત્ર છે એ છૂપું રાખ્યું તેમ આ રાત્રિ પણ છૂપું રાખવું જોઈએ. છૂપું ન રાખે તો નન્દને દુઃખ થાય. વળી શત્રુને હણીને જ તેણે મેળવેલું લેવું, હણ્યા વિના લેવામાં આવે તો ચોરી ગણાય, એવો વ્યવહાર પણ હોવાથી, આ રાત્રિ સુખથી પોઢી રહ્યા. ગોકુલથી ભગવાન મથુરા પધારતા હતા ત્યારે ગોપીઓએ ''મથુરાની સ્ત્રીઓને, તેમની દૃષ્ટિને આજે ઉત્સવ થશે, તેમને સારું પ્રભાત ઉગ્યું'' એવી જે આશિષો આપેલી તે સત્ય થઈ, કારણ કે તેમને પુરુષોના મુકુટમણિ ભગવાનના અંગોની લક્ષ્મીનાં દર્શન થયાં.

**કંસને થયેલ સ્વપ્નોઃ**

ભગવાન સુખથી પોઢ્યા ત્યારે પોતાનાં ધનુષ્યનો ભંગ, તેનું રક્ષણ કરનારાનો અને પોતાના સૈન્યનો વધ અને તે પણ ગોવિન્દ અને બલભદ્રે માત્ર રમતમાં જ કર્યું, એમ સાંભળવાથી કંસને બહુ બીક લાગી. પહેલાં તો ઉંઘ જ ન આવી અને ભય થયો, પછી ઉંઘમાં પણ ''હું અવશ્ય મરણ પામીશ'' એવું સૂચવનારાં ખરાબ ભયંકર સ્વપ્નો આવ્યાં. તે દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી ભગવાનના વિષે જેવું વિચારતો તેવું તેને થતું. જાગતો હતો ત્યારે પ્રતિબિમ્બ વગેરેમાં તેને તેનું માથું હોવા છતાં દેખાતું ન હતું, માત્ર ડોક સુધી જ દેહ દેખાતો. એક ભગવાન તો સદા છે જ અને જ્યારે પ્રાણી મરવાનો હોય ત્યારે તેને કાલ ભાસે છે. તેથી બે ન હોવા છતાં તે બે જોતો. દીવો, ચન્દ્ર, તારા વગેરે બેવડાં જોતો. પોતાની છાયામાં છિદ્ર જોતો. તે પ્રાણનો ઘોષ સંભળાતો ન હતો. વૃક્ષોમાં અગ્નિ જોતો. તેનાં પગલાં ભૂમિ ઉપર દેખાતાં ન હતાં. જાગતો ન હોય ત્યારે સ્વપ્નમાં ''આ મારો મિત્ર થશે'' એવા વિચારથી પ્રેતો તેને ભેટતાં. તે ગધેડાં ઉપર પોતાને બેઠેલા જોતો. વિષ ખાતો અને જાસુદ ફૂલની માલા પહેરી ફરતો પોતાને જોતો. મહારાજા હોવા છતાં એકલો ફરતો. તેલ ચોળેલો અને પોતાને નગ્ન જોતો. સ્વપ્નમાં અને જાગતાં આવાં મરણનાં બીજાં ઘણાં ચિહ્નો જોવાથી તેને મરણનો ભય થયો અને ચિન્તાને લીધે ઉંઘ આવતી ન હતી.

**મલ્લક્રીડા ઉત્સવનો આરંભઃ**

પ્રભાત થતાં તેને મલ્લક્રીડાના ઉત્સવનો આરંભ કરાવ્યો. આમાં મલ્લો ક્રીડા કરે. લોકને ઠગવા તેણે આ એક ઉપાય પોતાનું કાર્ય સાધવા શોધેલો. અધિકારીઓએ અખાડાની ભૂમિની લેપ વગેરેથી પૂજા કરી શરણાઈ અને ઢોલ વગડાવ્યા. સર્વ સ્થળો–

માંચડાઓ તોરણો અને પતાકાથી શણગાર્યાં. માંચડા ઉપર શહેરના વતનીઓ તથા દેશના લોકો, બ્રાહ્મણો ક્ષત્રીઓને આગળ બેસાડીને બેઠા. ખંડીઆ રાજાઓ સન્માનથી આપેલ આસન ઉપર બેઠા. પોતાના મન્ત્રીઓથી વીંટાયેલ કંસ બધાની વચ્ચે ઉત્તમ રીતે બનાવેલ રાજાના મંચ ઉપર બેઠો અને તેની આસપાસ મંડલેશ્વરો બેઠા. છતાં કંસના હૃદયમાં વેદના થતી હતી. શરણાઈના અવાજોથી મંગલ થતાં મલ્લો હાથથી સાથળો ઠોકતા આવ્યા. ''અમે શોભા માટે જ જોઈએ છીએ, પણ કોઈ અમારો સમોવડીયો નથી'' એમ માની તેઓ અહંકારી બનેલા હતા. તેમના શિક્ષકો પણ તેમની સાથે આવ્યા. પછી ચાણૂર મુષ્ટિક કૂટ શલ અને તોશલ એ પાંચ દૈત્યોના પ્રાણરૂપ મલ્લો યુદ્ધભૂમિની નજીક આવ્યા અને આવકારના મનોહર વાજીંત્રોના અવાજથી ખુશ થયા. બોલાવેલા નન્દ વગેરે ગોપો આવ્યા અને ઘેરથી ભેટો લાવેલા તે ધરી, બીજી જાતનાઓ સાથે કજીઓ થવાના ભયથી એક જ માંચડા ઉપર બેઠા.

**કુવલયાપીડનો વધઃ**

એ પ્રમાણે ભગવાનનો દોષ નથી એમ જણાવવા ધનુષ્યનો ભંગ, સૈન્યનો નાશ વગેરે કરી તેમણે પોતાનું ખાસ બલ જણાવ્યું અને મારો કાલ આવ્યો છે એમ જણાવનારાં સ્વપ્નાં વગેરે પણ કંસને થયાં, છતાં પણ તે અટક્યો નહિ અને મલ્લક્રીડાનો ઉત્સવ કરાવવા લાગ્યો, ત્યારે મલ્લોના અને દુન્દુભિઓના અવાજો સાંભળી શ્રીકૃષ્ણ અને બલભદ્ર ગોપબાલો સાથે અખાડો જોવા પધાર્યા. અખાડાના દ્વાર પાસે ભગવાન પધાર્યા ત્યારે તેમણે ત્યાં કુવલયાપીડ (કુ=ભૂમિનાં વલય=મંડલના આપીડ=મુકુટરૂપ, અથવા કુ=ભૂમંડલને આ=સર્વ તરફથી પીડ=પીડા કરનારો) હાથી ઉભેલો જોયો. વર્ણશંકર અમ્બષ્ઠ (બ્રાહ્મણ વૈશ્યની કન્યાને ઉપાડી જઈ તેનાથી પુત્ર ઉત્પન્ન કરે તેને 'અમ્બષ્ઠ' કહેવાય છે. મનુસ્મૃતિ૧૦-૮) તેને હાંકતો હતો. ભગવાનને જોતાં જ તેનાં બલનો ક્ષય થયો, છતાં ભગવાને પોતાનું ઉપરનું વસ્ત્ર કેડે બાંધી, બે હાથથી કેશ ભેગા કરી, બાંધી, મેઘના અવાજથી પણ વધારે ગમ્ભીર વાણીથી તેને ચેતવ્યો; કારણ કે હાથી જો દુષ્ટ હોય તો મહાવતે તેને વારવો જોઈએ. મહાવત જ દુષ્ટ હોય તો તે જ હણવા યોગ્ય છે અને બન્ને દુષ્ટ હોય તો બન્ને હણવા યોગ્ય છે. તેથી ભગવાને તેને કહ્યું કે ''હે અમ્બષ્ઠ! અમારો માર્ગ મૂક, અમને માર્ગ દે. અહીંથી ખસી જા. વાર ન લગાડ. નહિ તો મારી આજ્ઞાનું ઉલ્લંઘન થતાં મારો અધિકારી કાલ તને હણશે. જો માર્ગ નહિ દે તો તને અને હાથીને હમણાં જ યમના ઘેર મોકલી દઉં છું.'' એમ તેને ધમકાવી તેના હિતનું વચન કહેતાં તે હલકી જાતનો હોવાથી ગુસ્સે થયો. હાથીને તો તેણે પહેલેથી જ ખીજવી રાખ્યો હતો, તેથી કાલ, મૃત્યુ અને યમ જેવા હાથીને તેણે શ્રીકૃષ્ણ ઉપર ધસાવ્યો. તે ઉત્તમ હાથીએ ઝડપથી ભગવાન સામે ધસી તેમને સૂંઢથી પકડ્યા. ક્રિયાથી ભગવાનને પહોંચીશ એમ માની તેણેઃ પકડ્યા, પણ ભગવાન તો ભક્તિથી જ વશ થાય તેવા હોવાથી તેની સૂંઢમાંથી નીકળી ગયા. ભગવાનમાં બધી શક્તિઓ છે. હાથીએ મોટા દેહવાળા જાણી પકડેલ ત્યારે ભગવાન નાના

થયા એટલે સૂંઢમાંથી નીકળી ગયા. પછી તેને પ્રહાર કરી તે જુએ નહિ તે માટે તેના પગ વચ્ચે સંતાયા. કોઈને એમ ન લાગે કે તે દૈવયોગથી સૂંઢમાંથી છૂટેલા અથવા ભાગી ગયેલા અને વળી જ્યારે તેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે ત્યારે જ તે પ્રાપ્ત થાય તેવા છે એવું હાથીને ભાન કરાવવા, તે એ પ્રમાણે તેના ચાર પગો વચ્ચે છૂપાયા. પ્રહાર થવાથી તે વધારે કોપ્યો, તેથી ભગવાનને જોઈને પ્રહાર કરવા તેણે જોવા પ્રયત્ન કર્યો, છતાં તેને ભગવાનનાં દર્શન થયાં નહિ. પશુઓને ગન્ધથી જ્ઞાન થાય છે. તેથી ગન્ધથી ભગવાન ક્યાં છે તે જાણી તેણે પુષ્કર (સૂંઢનાં ટેરવાં)થી તેમને પકડ્યા, ત્યારે ભગવાન મોટા થઈ બલ કરી તેનાં પુષ્કરમાંથી નીકળી ગયા, કારણ કે પુષ્કર (=કમળ) જેમની નાભિમાં છે તેવા ભગવાન પુષ્કરથી પકડી શકાય નહિ. તે વધારે ક્રોધ કરે તે માટે ભગવાન તેની પાછળ ગયા અને બે હાથથી તેનું પૂછડું પકડી, જેમ ગરુડ મોટા નાગને પણ નિર્બલ કરવા ખેંચે છે તેમ ભગવાને તે ઘણા બલવાન્ હાથીને પચીસ ધનુષ્ય એટલે એકસો હાથ પાછો ખેંચ્યો. તેનામાં પચીસ તત્ત્વો હોવાથી અને ધનુષ્ય રક્ષણ કરનારું હોવાથી તેના માપે તેના બલનો નાશ કરી, તેને હણવા પોતાનું બલ તેને જણાવવા રમત માત્રથી પચીસ ધનુષ્ય ખેંચ્યો, કારણ કે તે એટલો દૂર અખાડાના દ્વારથી થાય એટલે તેમાં જવાનો માર્ગ થાય. એ પ્રમાણે ખેંચતાં હાથી પૂંછડું મૂકાવી શક્યો નહિ અને સ્થિર રહી શક્યો નહિ, એટલે તેણે ડાબા જમણા ફરી ભગવાનને પકડવા પ્રયાસ કર્યો, ત્યારે જેમ બાલક રમતમાં ગાયનું પૂછડું પકડી ફરે તેમ ભગવાન પણ તેને ફેરવતા પોતાની લીલા દેખાડવા ફરવા લાગ્યા. પછી લીલાનો ત્યાગ કરી, પૂંછડું મૂકી દઈ, પોતાનું પુરુષાતન દેખાડવા પોતાની જાતના બાલક સામે આવતા હોય તેમ હાથી સામે આવી, તેના મુખ ઉપર લપાટ મારી, પગલે-પગલે પકડાઈ જતા હોય તેમ દોડવા લાગ્યા. ત્યારે ભગવાન નાના હોવાથી અને હાથી પોતે ઉંચો હોવાથી નીચો થઈ પકડવા જતાં પડવા લાગ્યો. પછી લીલાથી દોડતાં ધ્યાન ન રહ્યું હોય તેમ ભગવાન પડ્યા, પણ તરત જ ઉઠી જતા રહ્યા. હાથીએ પડ્યા ત્યાં સુધી જોયા એટલે જ્યાં પડ્યા હતા તે ભૂમિને દન્તશૂલથી પ્રહાર કરતાં દુઃખી થયો. એમ તેના બલનો નાશ થતાં ઉલટો તેને વધારે ક્રોધ થયો અને મહાવતોએ પણ તેને સર્વ બાજુએ ઉશ્કેરી શ્રીકૃષ્ણ સામે દોડાવ્યો. જો શુદ્ધ ભાવથી શ્રીકૃષ્ણ પ્રતિ જાય તો તે કૃતાર્થ થાય, પણ ક્રોધથી દોડ્યો ત્યારે ભગવાન પોતે તેના તરફ ગયા અને પોતાના હાથથી તેની લાંબી કરેલી સૂંઢ લાકડીની જેમે પકડી તેને જમીન ઉપર પછાડ્યો. પછી તેના માથા ઉપર પગ મૂકી સિંહ જેમ દાંતના મૂલ ઉખેડી તેનાં દન્તશૂળ કાઢે, તેમ કુમ્ભસ્થલ તોડી દન્તશુળ કાઢ્યા. સિંહને તો તે કાઢતાં ઘણો શ્રમ થાય, પણ ભગવાને તો રમતમાં જ તે કાઢ્યા અને તેનાથી તેને ઉશ્કેરનાર માવતો અને હાથી ઉપર પ્રહાર કર્યા. અર્ધ મરેલ હાથી જીવે તો દુઃખી થાય તેથી તેનું દુઃખ હરવા તેને મારી નાખ્યો અને હાથમાં દન્તશૂળ લઈ, તે બહુ ભારે હોય તેમ લોકને દેખાડવા ખભે મૂકી, હાથીના મદ તથા લોહીના બિન્દુઓથી ખરડાયેલા ભગવાન શોભવા લાગ્યા.

**શ્રીકૃષ્ણ અને બલભદ્રનું અખાડામાં પધારવું:**

શ્રીકૃષ્ણ અને બલભદ્ર એક-એક દન્તશૂળ આયુધ તરીકે લઈ, કેટલાંક ગોપો સાથે રહેલ તેમનાથી વીંટાઈ અખાડામાં પધાર્યા ત્યારે જુદા-જુદા લોકોને પોતપોતાના ભાવ પ્રમાણે ભગવાનનાં દર્શન થયાં.

**મલ્લાનામશનિર્નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્**
**ગોપાનાં સ્વજનોઽસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ।।**
**મૃત્યુર્ ભોજપતેર્ વિરાડવિદુષાં તત્ત્વં પરં યોગિનામ્**
**વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો રનં ગતઃ સાગ્રજઃ।।૧।।**

### ભગવાનનાં દર્શનથી જુદા-જુદા પુરુષોએ અનુભવેલ જુદા-જુદા રસઃ

૧.મલ્લોને ભગવાન વિજળી જેવા જણાયા. તે પોતાના સમોવડીયા નથી, પરન્તુ જુદા જ પ્રકારના અને સમ્પૂર્ણ પ્રકારે આપણને હણનારા જ છે એમ તેઓને લાગ્યું. જ્યાં વિજળી પડે અને વરસાદ થતો હોય ત્યાં રહેવું યોગ્ય નથી એમ તેમણે જાણ્યું, છતાં વિજળીના ઘણા વેગને લીધે તેઓએ ભાગવાની પણ હિમ્મત કરી નહિ. એ પ્રમાણે રૌદ્ર (ક્રોધી) સ્વભાવવાળા મલ્લોનો ભગવાને નિરોધ કર્યો.

૨.સાધારણ રાજ્ય પુરુષોને ભગવાનના અદ્ભુત પુરુષ, અથવા ઉત્તમ પુરુષ તરીકે દર્શન થયાં. તેમને અદ્ભુત રસ જ ઉત્પન્ન થયો, કારણ કે તેવા હોય તેઓ અદ્ભુત રસથી જ વશ થાય છે.

૩.રાજસ-સાત્ત્વિક સ્ત્રીઓ ત્યાં દર્શન કરવા આવેલી તેમને ભગવાન પોતાનાં ફલસ્વરૂપ સાક્ષાત્ કામદેવ જણાયા. કામની સેનારૂપ સ્ત્રીઓએ પોતાના સ્વામી(કામ)ને પહેલાં કોઈ વાર જોયેલ નહિ, કારણ કે 'સ્મર'નું સ્મરણ જ થાય છે. હમણાં તે મૂર્તિમાન્ થઈ આવવાથી તેઓ સનાથ થઈ, કારણ કે હવેથી બધી ઈન્દ્રિયો, શરીર અને અન્તઃકરણ થી તેઓ તેમની સેવા કરી શકે તેવા તે થયા. તેમને કામ રસ થયો. આ ત્રણમાં સ્ત્રીઓ ઉત્તમ, પુરુષો મધ્યમ અને મલ્લો અધમ છે.

ભગવાને હાથી તથા મહાવાતોને હણી પોતાનું સામર્થ્ય પ્રકટ કર્યું છતાં ૪.રાજસ-તામસ ગોપોએ તેમને પોતાના ઉત્તમ બંધુ જ જાણ્યા. તેથી ભગવાને દન્તશૂળ પકડીને વગેરે પ્રકારે જે જુદા પ્રકારનો વેશ ધારણ કરેલો તેથી તેમને હાસ્ય રસ જ ઉત્પન્ન થયો.

૫.દુષ્ટ રાજાઓએ ભગવાનને પોતાને શિક્ષા કરનાર જોયા. આમને વશ રાખવાના હોઈ એ રાજાઓ ઈન્દ્રિય તુલ્ય હતા. ભગવાનનાં દર્શનથી તેમનામાં વીર રસ ઉત્પન્ન થયો. તેઓ રાજસ-રાજસ હતા. ભગવાનને જોઈ તેમને યુદ્ધ કરવાનો વિચાર થયો, પરન્તુ તે શિક્ષા કરનાર છે એમ જોવાથી યુદ્ધ કરી શક્યા નહિ. જેમ મહારાજાની રાણીઓ જોવામાં આવતાં હલકા પુરુષને પણ શૃનાર રસ ઉત્પન્ન થાય છે જ, પણ

રાણીઓને તે પુરુષ અધમ છે એવી બુદ્ધિને લીધે ઉત્પન્ન થતો નથી કારણ કે

''આ પદાર્થ ઉત્તમ છે'' એવી બુદ્ધિ જ રસને પોષે છે; તેમ વિચાર વિનાના અહપારી દુષ્ટ રાજાઓએ ભગવાનને શિક્ષા કરનાર જોયા છતાં તેમને મોહને લીધે વીર રસ ઉત્પન્ન થયો.

૬.પોતાના માતપિતા વસુદેવ અને દેવકીને ભગવાન બાલક જ જણાયા. તેમને દયા એટલે કરુણા ઉત્પન્ન થઈ.

૭.દુષ્ટ કર્મ કરનાર તામસ-સાત્ત્વિક કંસે ભગવાનને મૃત્યુરૂપે જોયા. મૃત્યુ ભયરૂપ છે, તેનાથી અધિક બીજો કોઈ ભય નથી. લોકના ધારા પ્રમાણે નરકથી પણ મૃત્યુ વધારે ભયાનક છે. કંસ ભોજોનો અધિપતિ હતો એ તેનું સાત્ત્વિકપણું હતું. દેહમાં રહેનાર દેવતા જેવો તે જ્ઞાની હતો. મૃત્યુનું દર્શન થવાથી તેને ભયાનક રસ ઉત્પન્ન થયો.

૮.ભગવાનનાં સ્વરૂપમાં શ્રદ્ધાવાળા રાજસ-સાત્ત્વિક અજ્ઞાની ભક્તોએ ભગવાનને રુધિર અને મદના બિંદુઓથી ખરડાયેલા શોભાવિનાના જોયા, તેથી તેમને બીભત્સ રસ ઉત્પન્ન થયો. ભગવાનની લીલાનું તેમને જ્ઞાન નહિ હોવાથી તેમણે તેમને શોભાવિનાના જોયા. જેમ પોતાના બાલકને ખરાબ પદાર્થના સમ્બન્ધવાળો જોવાથી ઘૃણા આવે છે અને તેવો સમ્બન્ધ દૂર કરાવવા પ્રવૃત્તિ થાય છે તેમ એમને થયું. આવી ગ્લાનિ પણ ઉદાર મનવાળાને જ થાય છે. ઘણા હલકા પુરુષોને થતી નથી અને તેવા પુરુષો નિરોધના અધિકારી પણ નથી.

૯.યોગીઓ પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળા હોવાથી સાત્ત્વિક-સાત્ત્વિક છે પણ ત્રિગુણાતીત નથી. ભગવાન તેમને પોતાનો ઈચ્છેલો પદાર્થ આપનાર અને તેમના આત્મા હોવાથી તેમને ભગવાનમાં સ્નેહ હોય છે. તેઓએ ભગવાનને પરમ તત્ત્વ અથવા પુરુષોત્તમ રૂપ જોયા. તેમને બધું તત્ત્વરૂપ હોવાથી આત્મરૂપ ભગવાનને પણ તેમણે ઘણી ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરેલ તત્ત્વ જાણ્યા. તેમને શાંત રસ ઉત્પન્ન થયો. આ ત્રણ (કંસ, અજ્ઞાની ભક્તો અને યોગીઓ) મુક્તિના અધિકારી અલૌકિક હતા.

૧૦.વૃષ્ણિઓ એટલે ભગવદીય ગુણાતીત યાદવોને ભગવાનનાં સ્વામી અને દેવ તરીકે દર્શન થયાં. સ્વામી દાસને નિયમમાં રાખે છે. આ 'દેવ' હોઈ લૌકિક સ્વામી નથી. પોતામાં અલૌકિકપણાની બુદ્ધિ હોય તો હલકાપણું ન રહેવાથી દૃઢ ભક્તિ થાય નહિ, તેથી વૃષ્ણિઓ પોતાને પ્રાકૃત જ જાણતા તે ભગવાનને ઉત્તમ દેવ જાણતા. તેમને ભગવાનનાં દર્શનથી ભક્તિરસ થયો.

ભગવાનનાં એ પ્રમાણે જુદા-જુદા લોકોને જુદાં-જુદાં સ્વરૂપે દર્શન થયાં, પણ ભગવાન તો જેવા હતા તેવા જ, સર્વથી જુદા અને સર્વરૂપ જ હતા. જેનો લોકમાં જેવો ભાવ હોય તે ભાવને ભગવાન અનુસરે તો તેનો સારી રીતે ભગવાનમાં નિરોધ થાય. તેથી ભગવાન એ પ્રમાણે સર્વને પોતપોતાના ભાવ પ્રમાણે જુદા-જુદા પ્રકારે દર્શન થાય તેમ અખાડામાં સર્વનો નિરોધ કરવા બલભદ્ર સાથે પધાર્યા.

કંસે માનેલું કે ભગવાન અમ્બષ્ઠ વગેરેને અંધારામાં રાખી છૂપી રીતે અખાડામાં

આવશે. પણ તે તો હાથી વગેરેને હણી અખાડામાં પધાર્યા. જ્યારે શસ્ત્ર વિના તેમણે હાથીને માર્યો તો બીજાને પણ મારશે જ અને ભગવાન તથા બલભદ્ર જીતી ન શકાય તેવા છે એમ જાણી, તે શૂરવીર હોવા છતાં ઘણો ડર્યો. આમ તેને ભયાનક રસનો અનુભવ થયો. પ્રેક્ષકોનાં મનને પોતામાં આકર્ષવા માટે શ્રીકૃષ્ણ અને બલભદ્રે પોતાના વેષ વિચિત્ર થાય તેવી રીતે આભરણો, માલા અને વસ્ત્રો પહેરેલાં અને તેથી જેમ ઉત્તમ વેષ ધારણ કરનારા બે નટો શોભે તેમ અખાડામાં આવેલા તે બે શોભતા હતા; અને પોતાની કાન્તિથી સર્વ પ્રેક્ષકોનાં મનનું આકર્ષણ કરતા હતા. તે બે ઉત્તમ પુરુષોને જોઈને માંચડાઓ ઉપર બેઠેલા રસના જાણકાર શહેરીઓએ અને ઘણાં જ્ઞાનવાળા ગામડાના વતનીઓએ પોતાને થયેલા ઘણા આનન્દના વેગને લીધે ખુલ્લા મુખવાળા થઈ પોતાના નયનોથી તેમનાં મુખનું પાન કર્યું, એટલે નયનમાર્ગે મુખને પોતાના હૃદયમાં પધરાવ્યું. એ પ્રમાણે તેમને હૃદયમાં અને બહાર ભગવાનનાં જ દર્શન થતાં, એ જ તેઓની આસક્તિ. દરેક પોતાના બે ચક્ષુઓથી સહન થઈ ન શકે તેવા તાપને શાંત કરવા તેમને પોતાના હૃદયમાં પધરાવતા હતા. જેમ વાછરડું આવે ત્યારે ગાય તેને જીભથી પોતાના પ્રેમને પૂર્ણ કરવા ચાટે છે તેવો ભાવ બધાએ દેખાડ્યો. જેમ પિતા બહારગામથી આવેલ પુત્રનું માથું સૂંઘે છે તેમ તેમના સમ્બન્ધમાં સર્વે કર્યું. વળી જેમ મિત્રો અથવા સ્ત્રીઓ લાંબા સમયે આવનારનું આલિંગન કરે છે તેવો ભાવ તેમના વિષે બધાએ દેખાડ્યો. તેમના રૂપ, ગુણ, મધુરતા અને નિર્ભયતાને લીધે તેમણે તેમના વિષે જે સાંભળેલું અને જે જોયું તેનું સ્મરણ થતાં તેઓ પરસ્પર તેમના વિષે કહેવા લાગ્યા કે ''આ બે શ્રીકૃષ્ણ અને બલભદ્ર વસુદેવના ઘરમાં સાક્ષાત્ ભગવાન નારાયણના અંશથી સર્વનો ઉદ્ધાર કરવા અવતરેલા છે''. જેમનો ઉદ્ધાર કરવો છે તેમની વચ્ચે અવતરવું તે અવતાર. કાં તો ભગવાન અવતાર લઈ ઉદ્ધાર કરે અથવા કૂવામાં પડેલો પાતાની મેળે ગુણોથી ('ગુણ' એટલે દોરડું અથવા સદ્ગુણો) પોતાનો ઉદ્ધાર કરે. અજ્ઞાનીઓનો ઉદ્ધાર કરવા તો ભગવાન પોતે જ તેમની વચ્ચે અવતાર લઈ આવે એ યોગ્ય છે. તેથી આ બે અવતરેલા છે. આ શ્રીકૃષ્ણ દેવકીથી જન્મેલા અને વસુદેવ તેમને ગોકુલ લઈ જઈ તેમના બદલામાં કન્યાને લઈ આવેલા. આટલો સમય એટલે અગીયાર વર્ષ સુધી તે નન્દના ઘરમાં છૂપા રહી મોટા થયા છે. આમણે પૂતના અને તૃણાવર્ત ને હણ્યા, બે યમલાર્જુન પાડી નાખ્યા, કેશી ધેનુક શંખચૂડ અને તેવા બીજા રાક્ષસોને માર્યા, ગાયો અને ગોપોને દાવાગ્નિથી બચાવ્યા, કાલિય સાપને નાથ્યો, ઈન્દ્રનો મદ ઉતાર્યો, ગોવર્ધનને સાત દિવસ સુધી એક હાથે ધારણ કર્યો અને વરસાદ પવન તથા વિજળીથી ગોકુલનું રક્ષણ કર્યું. સદા આનન્દવાળું અને હર્ષવાળી દષ્ટિવાળું આમનું મુખ જોતાં ગોપીઓ પોતાનાં કામ અજ્ઞાન વગેરે તાપોને તરી જતી. કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગ પ્રમાણે તાપને તરતાં છેવટ સુધી શ્રમ થાય અને ગોપીઓને આમનાં મુખનું દર્શન કરી તરતાં શ્રમ પણ થયો ન હતો. નૌકાથી નદી વગેરે તરતાં શ્રમ થાય છે, પણ ગોપીઓ તો તેમના તાપ આનન્દથી તરી ગઈ. યદુઓ પોતાનું યૌવન પિતાને નહિ આપવાથી તેના વંશની નિંદા થતી; કારણ કે દુષ્ટનું કોઈ

શ્રવણ ન કરે, પણ દોષ દૂર થાય ત્યારે શ્રવણ કરે તેમાં પણ ગુણો આવે ત્યારે તે પપાય. અલૌકિક ગુણ આવે ત્યારે ઘણો પપાય અને સર્વને મોક્ષ આપવા ભગવાન જે (વંશ)માં પધારે તે તો અત્યન્ત પપાય. તેથી દુષ્ટ યદુનો વંશ પણ આમના લીધે અત્યન્ત પપાશે. આમનાથી જ તેનું રક્ષણ થશે અને તે લક્ષ્મી, યશ, ઉદારતા અને સત્ય વગેરે ગુણો પ્રાપ્ત કરશે. આ તેમના મોટા ભાઈ બલભદ્ર ઘણી શોભાવાળા અને દષ્ટિથી જ સર્વના તાપ નાશ કરનારા છે. તેમણે પ્રલમ્બ, વત્સ, ધેનુક વગેરેને હણ્યા.

**મલ્લયુદ્ધ માટે ચાણૂરે કરેલ અહ્‌વાનઃ**

એ પ્રમાણે પ્રેક્ષકોથી ભગવાન અને બલભદ્રના ગુણો સાંભળ્યા એટલે અતિ કઠણ મલ્લોને પણ રસ પ્રકટ થયો. ગુણ સાંભળ્યા પહેલાં પણ રૌદ્રરસ ઉત્પન્ન થયો હતો. પણ ભયને લીધે રોકાઈ ગયો હતો. ગુણો સાંભળવાથી રૌદ્રપણું જતું રહ્યું એટલે લોકો એ પ્રમાણે બોલતા હતા અને વાજીંત્રો વાગતાં હતાં ત્યારે જ તેમનામાં મુખ્ય ચાણૂર હતો તેણે શ્રીકૃષ્ણ તથા બલભદ્રને બોલાવી, કુશલ પ્રશ્ન પૂછી, ચતુરાઈથી છૂપી રાખવા યોગ્ય વાત છૂપી રહે તેવી રીતે જ તેમણે કહ્યું કે ''હે નન્દપુત્ર! હે રામ! તમારા પરાક્રમની સર્વ પ્રંશસા કરે છે, કોઈને તેમાં શંકા નથી. મલ્લયુદ્ધમાં તમે કુશલ છો એમ સાંભળી રાજાએ તે જેવાની ઈચ્છાથી તમને બોલાવ્યા છે. મન, વાણી અને કાયાથી રાજાનું પ્રિય કરનારી પ્રજા જરૂર કલ્યાણ પ્રાપ્ત કરે છે, પણ કપટથી આચરણ કરે તો તેને ફલ મળતું નથી. રાજાનું એ રીતે પ્રિય કરવાનો પ્રજાનો ધર્મ હોવાથી જે એમ નથી કરતાં તેઓ દુઃખ પામે છે. અમે મલ્લો આજીવિકા માટે શીખીએ છીએ. બીજા ગોપો વગેરે બલ પ્રાપ્ત કરવા મલ્લયુદ્ધ શીખી બલવાન્ થાય છે. અમારા શિક્ષકો પરંપરાથી શાસ્ત્રરીતિ જાણે છે અને ગોપો લૌકિક રીતે પ્રમાણે યુદ્ધ કરે છે. તેથી ગોપો શાસ્ત્ર રીતે શીખેલા હોય તેમનાં કરતાં હલકાં હોવા છતાં સ્વરૂપથી બલવાન્ હોય છે. ગોપો સદા આનન્દમાં રહી બાલપણમાં પણ વાછડાં ચારતાં અને ગાયો ચારતાં મલ્લયુદ્ધ કર્યા કરે છે. ગાયો ચારતાં શ્રમ થાય ત્યારે દૂધ પીવાનું એની મેળે મળે છે અને બળદોને વશ રાખનાર તેઓ બલવાન જ હોય છે, તેથી અમે શાસ્ત્રરીત જાણનાર અને તમે લોકરીત જાણનાર બધા રાજાનું પ્રિય કરીએ. રાજા સર્વભૂતવાળો હોવાથી એમ કરવાથી ભૂતો આપણા પર પ્રસન્ન થશે.''

**શ્રીકૃષ્ણનો ઉત્તરઃ**

ચાણૂર જાણતો હતો કે શ્રીકૃષ્ણ નન્દના પુત્ર નથી પણ વસુદેવના પુત્ર છે. કંસે તેને તેમ કહેલું. છતાં તે છૂપાવી 'હે નન્દપુત્ર' એવું તેણે સમ્બોધન કર્યું અને મલ્લયુદ્ધ કરવા જણાવ્યું. ભગવાન તો ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી તેનું યુક્તિવાળું વચન સ્વીકારવું હતું, છતાં લૌકિક પ્રકારનો પણ વાંધો ન આવે તેમ મલ્લયુદ્ધ પોતાને પણ ઈષ્ટ હોવાથી તેનાં વચનને સ્વીકારતાં દેશ અને કાલ ને યોગ્ય ઉત્તર આપતાં તેમણે કહ્યું કે ''આ ભોજપતિની અમે પણ પ્રજા છીએ? અમે તો વનમાં ફરનારા છીએ. અમારે રાજાનું કાંઈ પ્રયોજન નથી. છતાં નિત્ય પ્રિય કરીએ છીએ પણ ફલની જરૂર નથી. આ મોટી કૃપા થશે

(કારણ કે રાજા મામો છે અને મામો ભાણેજમાં ગુણો જુએ તો જરૂર કૃપા કરે) જો રાજાને દેખાડવા જ યુદ્ધ કરવાનું હોય તો બાહુયુદ્ધ શાસ્ત્ર પ્રમાણે જ કરવું જોઈએ અને તેમ અમે કરશું. સમાન વયવાળાઓ જ સમાન બલ અને દેહવાળાઓ સાથે મલ્લયુદ્ધ કરે એવો મલ્લયુદ્ધનો ધારો છે. તેથી અમે અમારી સમાન વય અને બલવાળા આ ગોપબાલો સાથે મલ્લયુદ્ધ કરશું, જેથી શાસ્ત્ર પ્રમાણે યુદ્ધ થતાં અધર્મ ન થાય અને સભાસદોને દોષ ન લાગે.''

ચાણૂરે લૌકિક ધર્મ કહેલ. ભગવાને તેથી વિરુદ્ધ ન થાય તેવો શાસ્ત્રીય ધર્મ કહ્યો. ચાણૂર વગેરે દૈત્યો હોવાથી ભગવાને છલથી જ એવા અભિપ્રાયથી ઉત્તર આપ્યો કે બલના સમ્બન્ધવાળા સમાન બલવાળા દેખાતા મિત્ર ગોપો અથવા બલભદ્ર 'બાલો' છે. તું તો મારી સમાન બલવાળો નથી પણ ઓછા બલવાળો છે.

**ચાણૂરનું આગ્રહપૂર્વક આહ્‌વાનઃ**

ચાણૂર ઉંધું સમજ્યો અને તેથી ભગવાનને પોતાની સાથે યુદ્ધ કરાવવા તે પણ બલવાળા છે એમ સમજાવતાં તેણે કહ્યું કે ''તમારું બલ વયથી જોવાનું નથી. તમે નથી બાલક કે નથી કિશોર, પણ બલવાનોમાં ઉત્તમ છો. બલભદ્ર પણ તેવા છે. એક હજાર હાથીના બલવાળા કુવલયાપીડને તમે રમતમાં જ હણ્યો. કોઈ સાધન વિનાનો પુરુષ અથવા બાલક સાધનવાળા હાથીને હણી ન શકે. તેથી હાથીથી વધારે બલવાળાઓ તમારી સાથે યુદ્ધ કરે તેમાં કાંઈ અયોગ્ય નથી. તેથી હે વાર્ષ્ણેય (વૃષ્ણિકુલમાં જન્મેલ વસુદેવના પુત્ર) કપટ તજી મારી સાથે યુદ્ધ કરો. તમે કંસના ભાણેજ છો, તેથી છલ ન કરતાં હું શત્રું છું તેની સાથે યુદ્ધ કરો. તમે મારા સામે પરાક્રમ કરો અને મુષ્ટિક બલભદ્ર સામે પરાક્રમ કરે.'' આનો ભાવાર્થ એવો છે કે મુષ્ટિક હલકા બલવાળો છે, તેનાથી બલભદ્ર વધારે બલવાળા છે અને હું ચાણૂર તમારાથી પણ વધારે બલવાન્ છું.

**મલ્લયુદ્ધ પ્રારમ્ભઃ**

એવી રીત ચાણૂરે યુદ્ધ કરવા શ્રીકૃષ્ણને આહ્‌વાન કર્યું અને ''આહ્‌વાન થાય ત્યારે પાછું ન ફરવું એમ શાસ્ત્રમાં કહેલ છે'' એવો વિચાર કરી, ચાણૂર પોતાથી ઓછા બલવાળો હોવા છતાં, યુદ્ધ કર્યા વિના તે રહેશે નહિ એમ વિચારી, ભગવાન મધુસૂદન યુદ્ધ કરવા તેની પાસે ગયા. મુષ્ટિક ઓછા બલવાળો હતો, તેણે પોતે યુદ્ધ કરવા કહેલ નહિ અને પોતે ભયભીત હતો છતાં ચાણૂર યુદ્ધ કરવા લાગ્યો ત્યારે તેણે કહેલ હોવાથી મુષ્ટિક પણ રોહિણીસુત સાથે યુદ્ધ કરવા લાગ્યો. પહેલાં હાથોથી બે હાથ પકડી, પગોથી પગો દબાવી જીતવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણ અને ચાણૂર એક-બીજાને ખેંચવા લાગ્યા. જે સામાવાળાથી ખેંચાઈ જાય તે હાર્યો ગણાય. પછી કોણી સાથે કોણી, ઢીંચણો સાથે ઢીંચણો, માથા સાથે માથું અને છાતી સાથે છાતી વારાફરતી ભટકાડી એક-બીજાને પ્રહાર કરવા લાગ્યા. એક-બીજાને ગોળ ફેરવી, દૂર ફેંકી દઈ, ગાઢ બાથ લઈ, ભૂમિ ઉપર નાખી દઈ, ઉંચે ફેંકી તથા નીચે ફેંકી બલનો ક્ષય કરવા લાગ્યા. સ્થિર બેઠો હોય તેને ઉંચો કરવો, જે ઉંચે ઉભો હોય

તેને ઉંચો કરવો, જે સ્થિર બેઠો હોય તેને ખસેડવો, જે આમ-તેમ ફર્યા કરતો હોય તેને નિશ્ચલ કરવો, એમ જીતવાની ઇચ્છાથી એક-બીજાના દેહને ખેંચતા. અહીં ચાણૂર વગેરેના દેહ સ્થૂળ કપાસના જેવા અને ભગવાનનો દેહ નાનો વજ્રના જેવો ઘણો કઠણ પ્રત્યક્ષ દેખાતા. એ પ્રમાણે હોવાથી અન્તે ભગવાનનો જય થાય તેમ હોવા છતાં, દેખાવમાં તેથી ઉલટું જણાતું હોવાથી, જેમની પોતામાં ભગવાને પહેલાં આસક્તિ ઉત્પન્ન કરેલી તેઓ આ સહન કરી શક્યા નહિ.

**પ્રેક્ષક સ્ત્રીઓના વિચાર:**

તેમાં ભોળી સ્ત્રીઓથી તો આ સહન ન થતાં, પોતાનો હૃદયનો ભાવ પ્રકટ કરતાં તે બલવાન્ અને બલરહિત નું યુદ્ધ જોઈ, બધી ટોળાબંધ ભેગી થઈ અને ''જેના ઉપર સ્નેહ હોય તે શક્તિવાળા હોવા છતાં શક્તિવિનાના મનાય'' એવો સ્નેહનો ગુણ હોવાથી પરસ્પર કહેવા લાગી કે ''એક બાળક અને બીજો બલવાન, એવા બેનું યુદ્ધ શાસ્ત્રથી વિરુદ્ધ હોવાં છતાં ધર્મમૂર્તિ રાજાના દેખતાં જેઓ કરાવે છે તેવા સભાસદોને અધર્મ જ થાય છે. રાજાનો સમ્બન્ધ જ અધર્મ છે, તેમાં પણ સભાનો સમ્બન્ધ અને તેમાં પણ અધિકાર અધર્મરૂપ છે અને આવું યુદ્ધ કરાવવું તે ઘણો મોટો અધર્મ છે. વજ્રથી પણ કઠણ સર્વ અંગોવાળાં અને મહામેરુ પર્વત જેવા ઘણા ઉંચા મલ્લો ક્યાં અને ઘણાં કોમલ અંગોવાળા અને જેમને જુવાની પણ ફૂટી નથી તેવા કિશોરવયના બાલકો ક્યાં? શુભ ફલ ધર્મથી પ્રાપ્ત થાય છે તેથી તેનું ઉલ્લંઘન થતાં અધર્મથી નાશ જ થાય છે. આ સમાજે પહેલો અધર્મ એ કર્યો કે બલવાન્ અને બાલક નું યુદ્ધ કરાવ્યું. પ્રભુ અચ્યુત છે. તેમને અયોગ્ય કાર્યમાં જોડવાથી અથવા તેમની લીલા જોવાથી, ધર્મના સેવક રાજાના સેવકો, ધર્મના સેવકના સેવકો હોવાથી, તેમને અધર્મ થાય જ. આ સમાજમાં ચારે તરફથી અધર્મ થઈ રહ્યો છે. તેથી અહીં દુઃખ થવાનું જ. જો કે દુઃખ થવાનો સમ્ભવ નથી, છતાં તેનું કારણ (અધર્મ) ઉત્પન્ન થયેલ હોવાથી, જેમ સર્પની પાસે પથારી કરવી યોગ્ય નથી તેમ અહીં રહેવું યોગ્ય નથી. સભામાં જે જાય તેને પૂછે કે ન પૂછે, છતાં જે યોગ્ય જણાય તે ન બોલે, અથવા યોગ્ય હોય તેથી વિરુદ્ધ બોલે, અથવા જાણતો હોય છતાં ''હું જાણતો નથી'' એમ કહે તો તે નરકમાં પડે છે. તેથી સભાસદોના આ દોષોનું સ્મરણ કરી, ભવિષ્યમાં જેની દૃષ્ટિ પડતી હોય તેવાએ સભામાં જવું ન જોઈએ.

ચાણૂરની આસપાસ મલ્લ શબ્દો કરનાર આપણા સર્વસ્વ સદાનન્દ શ્રીકૃષ્ણનું વદનકમલ પરસેવાના જલથી ભરપૂર છે તે જુઓ. શક્તિવિનાના હોય તે જ અવાજ કરે. કમલ જલની બહાર રહે છે, જલ તેનો કોઈ સમયે સ્પર્શ કરતું નથી. જેમ જલ વધે તેમ કમલનો દાંડો વધવાથી તેને જલનો સમ્બન્ધ થવાનું સમ્ભવતું જ નથી. તેમ ભગવાનને પણ પરસેવાના જલનો સ્પર્શ થવા સમ્ભવતો નથી. છતાં આ સ્ત્રીઓની પોતામાં આસક્તિ થાય અને બીજામાં આસક્તિ ન થાય તે માટે અને કંસ વગેરેને આરંભમાં સુખ થાય તે માટે ભગવાને પોતાનું મુખકમલ પરસેવાના જલથી ભરપુર હોય તેવું દેખાડેલ.

વળી તેમણે કહ્યું કે ''મોટાભાઈ રામનું સહેજ લાલ લોચનવાળું મુખ તમે નથી જોતા? તેમને શ્રમ સ્પષ્ટ થયેલ છે, નહિ તો ક્રોધ ન કરત. શક્તિ વિનાનો જ ક્રોધ કરે છે. મુષ્ટિક ઉપર તેમણે ક્રોધ કરેલો છે.''

એ પ્રમાણે સ્નેહને લીધે શ્રમવિનાના ભગવાનને શ્રમ થયો છે એમ માની, પોતાને કસમયે ભગવાનનાં દર્શન થવાથી પોતાનો તિરસ્કાર કરતાં વ્રજભૂમિનું અને ગોકુલ-વાસીઓનાં ભાગ્યનું અભિનન્દન કરતાં તેમણે કહ્યું કે ''વ્રજભૂમિ ધન્ય છે કે ત્યાં આ પુરાણ પુરુષ મનુષ્યના દેહમાં ગૂઢ રહી, બલભદ્ર સાથે ગાયોનું પાલન કરતાં વેણુ વગાડતાં ક્રીડા કરતા ફરે છે. ભૂમિ સ્વભાવથી જ પુણ્ય (પવિત્ર) છે. વ્રજવાસી ગોપીઓને ભગવાનની ક્રીડાથી સુખનો અનુભવ થાય છે અને સુખ પુણ્યનું ફલ છે, તેથી તે ભૂમિ પુણ્ય છે. અમને તો અહીં ભગવાનનાં દર્શન થવા છતાં તેમની આવી સ્થિતિ જોવાથી દુઃખ જ થાય છે. વળી વ્રજમાં ભગવાન સ્વછન્દ લીલા કરે છે, તેમાં અવગણના થાય તો પણ અપરાધ થતો નથી. અહીં ભગવાન છૂપા ન રહે તો ઈચ્છેલું કાર્ય થાય નહિ અને છૂપા રહે તો ચાણૂર વગેરે યુદ્ધ કરે છે એટલે સર્વ પ્રકારે દુઃખ જ છે. વળી ગોકુલમાં પણ ભગવાનને મહાદેવ અને લક્ષ્મી પૂજે છે એટલે ત્યાં પણ પોતાનાં સ્વરૂપમાં કાંઈ પણ હાનિ વિના જ રહે છે. ગોપીઓએ ખરેખર કાંઈક ભારે તપ કરેલું કે તેઓ લાવણ્યના સારરૂપ. જેની સમાન અથવા જેથી અધિક બીજું કોઈ નથી તેવા, પ્રતિક્ષણે નવા, દુઃખથી પણ પ્રાપ્ત થઈ ન શકે તેવા, શ્રી-યશ અને ઐશ્વર્ય નાં ધામરૂપ ભગવાનનાં રૂપનું નયનોથી પાન કરે છે. ત્યાં ભગવાનનું રૂપ લાવણ્યના પણ સારરૂપ છે, અહીં ક્રોધનો આવિર્ભાવ થવાથી લાવણ્ય તિરોહિત થયું હોય તેવું જણાય છે. ત્યાં ભગવાન એકલા જ તેમને દેખાય છે, અહીં તો તેમના સમ્બન્ધમાં આવેલ ચાણૂર વગેરે દુષ્ટો પણ દેખાય છે અને માંચડા ઉપર બેઠેલા હોવાથી કંસ વગેરે મોટ દેખાય છે. ગોપીઓ તો નયનોથી પણ દર્શન કરે છે અને અલસ વલિત વગેરે જુદા-જુદા પ્રકારના કટાક્ષોથી તે રૂપનું પાન કરે છે, તેથી તેના તે જ રૂપનું પાન કરતી નથી કારણ કે ભગવાનનું રૂપ ક્ષણે-ક્ષણે નવું થાય છે. તે બીજાને દુઃખથી પણ પ્રાપ્ત થતું નથી, જ્યારે ગોપીઓને તો વગર પ્રયાસે પ્રાપ્ત થાય છે અને ભોગ પ્રાપ્ત કરાવે છે. આ લોકના અને પરલોકના પદાર્થોમાં ભોગ સર્વથી ઉત્તમ હોવાથી વીર્ય, જ્ઞાન અને વૈરાગ્ય નો (ભોગ પ્રાપ્ત કરવા સિવાય) બીજો ઉપયોગ નથી. ત્યારે યશ, શ્રી અને ઔશ્વર્ય બાકી રહ્યાં. તેમનું એક જ ધામ ભગવાનનું લાવણ્યરૂપ અમૃત જ છે. તે લાવણ્યામૃત પ્રાપ્ત થતાં યશ, શ્રી અને ઐશ્વર્ય બધું પ્રાપ્ત થાય છે. સાંજે કે વહેલાં પરોઢીએ ગાયો દોહતાં, ખાંડતાં, દહીં મથતાં, લિંપણ કરતાં, હીંચકામાં હીંચકાવતાં, બાલકોનાં રુદન સમયે, વૃક્ષો વગેરેને અથવા તુલસીને સિંચન કરતાં, આંગણાં વાળતાં વગેરે સમયે ભગવાનમાં પ્રેમવાળી બુદ્ધિ રાખી, કંઠમાં આંસુ સાથે ભગવાનનું જ ચિન્તન કરતાં તેમનાં ચરિત્રોનું ગાન, સ્મરણ અને વિચાર કરનારી વ્રજની સ્ત્રીઓ ધન્ય છે. આવી હોવા છતાં તેઓ યોગી જેમે ભગવાનના સાક્ષાત્કાર વિનાની હોતી નથી, પરન્તુ તપસ્વીઓ જેમ વરદાન કરવા પધારેલા

ભગવાનનાં દર્શન કરે છે તેમ તેમને સદાએ ભગવાનનાં દર્શન થાય છે. પ્રાતઃકાલે ગાયો લઈ ભગવાન વ્રજમાંથી વનમાં પધારે ત્યારે, સાંજે વ્રજમાં ગાયો સાથે પધારે ત્યારે અને બીજા કોઈ સમયે પોતાની ઈચ્છાથી પધારતા હોય ત્યારે વેણુ વગાડે છે. વેણુનાદ સાંભળીને આ ઘણાં પુણ્યવાળી ગોપીઓ તરત બહાર નીકળી ભગવાનનાં સ્મિતવાળાં અને દયાવાળી દષ્ટિવાળાં મુખનું દર્શન કરે છે. જે પ્રકારે તેમનું ચિત્ત હરાય તેવા પ્રકારે ભગવાન વેણુ વગાડે છે, તેથી ગોપીઓમાં વેણુનાદ સાંભળીને ભગવાન સમ્બન્ધી બધા ભાવો પ્રકટ થાય છે અને બીજા બધા ભાવ અદષ્ટ થાય છે. તેથી તરત ઘરમાંથી નીકળી, ભગવાન પધારતાં માર્ગમાં જ તેમનાં દર્શન કરે છે. યોગીઓને તો ભગવાન તેમની પાસે પધારે ત્યારે જ તેમનાં દર્શન થાય છે, પણ ગોપીઓને તો અડધા માર્ગે આવ્યા હોય ત્યારે જ દર્શન થાય છે. તેથી તેઓ ઘણાં પુણ્યવાળી છે. તેથી જ તેમની અંદર આનન્દ પ્રકટ કરે અને ભક્તિમાં વિઘ્ન કરનારું જ્ઞાન ઉત્પન્ન થયું હોય તેને પણ કાઢી મૂકે તેવા સ્મિતવાળાં ભગવાનના મુખનાં તેમને દર્શન થાય છે. વળી તેમને કૃતાર્થ જ કરવી એવા વિચારથી ભગવાન દયાથી તેમને જુએ છે. અને દષ્ટિથી સર્વસ્વનું દાન કરે છે. તેથી આ ગોપીઓ જ ધન્ય છે.''

**મલ્લયુદ્ધ-મલ્લોનો વધઃ**

ભગવાન ચાણૂર સાથે યુદ્ધમાં રોકાયા હતા, છતાં સર્વરૂપ હોવાથી અને યોગેશ્વર હોવાથી દૂરથી જ સ્ત્રીઓની આ વાણી તેમણે સાંભળી અને તેમનું દુઃખ હરવા શત્રુ કંસનો, ચાણૂરનો તથા સ્ત્રીઓના શોકનો નાશ કરવા તેમણે વિચાર કર્યો. સ્ત્રીઓનાં વચન સાંભળી દેવકી અને વસુદેવ જેમને પણ ત્યાં લાવવામાં આવેલ તેમને પણ દુઃખ થયું. ભગવાનમાં ચાણૂર વગેરેને હણવાની શક્તિ નથી એમ સ્ત્રીઓનાં વચનથી તેમને લાગ્યું. ભગવાનનું માહાત્મ્ય તેઓ જાણતા હતા, પણ બળ જાણતા ન હતા. તેથી તેમને પણ દુઃખ થયું. તેથી તેમનું દુઃખ દૂર કરવા પણ ભગવાને એ પ્રમાણે કંસ વગેરેનો નાશ કરવા વિચાર કર્યો.

જેમ મલ્લયુદ્ધના જુદા-જુદા પ્રકારો પ્રમાણે શ્રીકૃષ્ણ અને ચાણૂર યુદ્ધ કરતા હતા, તેવા જ પ્રકારે બલભદ્ર અને મુષ્ટિક યુદ્ધ કરતા હતા. વજ્રથી વારંવાર પ્રહાર થાય તે કરતાં પણ વધારે દુઃસહ ભગવાનના અવયવો પોતાના ઉપર પડવાથી ચાણૂર વારંવાર મૂર્ચ્છા પામતો એ આશ્ચર્યકારક હતું, કારણ કે પહેલાં તે ઈન્દ્ર સાથે યુદ્ધ કરતો હતો ત્યારે ઈન્દ્રે વજ્રનો પ્રહાર કરતાં તેણે તેને પોતાની છાતીથી જ દૂર ફેંક્યું હતું. બાજ પક્ષી પોતાના શત્રુને પાડી નાખી પકડે છે તેનાથી પણ અધિક વેગથી દોડી આવી, પોતાના બન્ને હાથની મૂઠી વાળી ગદાની જેમે બન્નેને ભેગા કરી, ક્રોધ કરી, ચાણૂરે ભગવાન વાસુદેવને છાતી ઉપર પ્રહાર કર્યો. જેમ હાથી અંકુશના પ્રહારને ગણતો નથી તે માલાના પ્રહારની દરકાર કરે જ નહિ, તેમ ભગવાને તેના પ્રહારની કાંઈ દરકાર કરી નહિ. કંસને પ્રસન્ન કરી તેની પાસેથી લક્ષ્મી મેળવીશ એવા વિચારથી ચાણૂર યુદ્ધ કરતો હોવાથી, તેણે લક્ષ્મીનું રહેઠાણ બનેલ ભગવાનની છાતીનો જ માત્ર સ્પર્શ કર્યો. ભગવાન ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી તેણે આ અપરાધ કર્યો ન હોત તો તેને ન હણત, પરન્તુ તેણે પ્રહાર કર્યો તેથી જરાએ ન ડગતાં,

જે બાહુઓથી તેણે પ્રહાર કરેલો તે બન્ને બાહુઓને ભગવાને એક હાથથી પકડી, જેમ ગોફણને પથ્થર ફેંકતા ફેરવાય તેમ તેને ઘણીવાર ફેરવ્યો. પછી ધોવાનાં વસ્ત્રોને જેમ પથ્થર ઉપર પછાડવામાં આવે છે તેમ તેને ભૂમિ ઉપર પછાડ્યો. તેનો જીવ તો ફેરવ્યો ત્યારે જ જતો રહેલો. ભૂમિ ઉપર પડતાં, જેમ ઇન્દ્રધ્વજ પડે ત્યારે તેનાં વસ્ત્ર અને આભરણ વીંખાઈ ગયેલા હોય છે તેમ ચાણૂરના આભરણો કેશ અને માલા વીંખાઈ ગયા હતા. આ ઇન્દ્રધ્વજ ઉંચો થાંભલો હોય છે અને ચારે તરફથી દોરડાં બાંધી ઉંચો કરેલો હોય છે. દોરડાં ઢીલાં થતાં તે પડે છે, તેમ શરીરને નભાવી ન શકવાથી ચાણૂર એ પ્રમાણે પડી ગયો.

બલભદ્રને પણ પહેલાં મુષ્ટિકે મુક્કી મારી ત્યારે તેમણે તેને લપાટ મારી, એટલે ઘણો દુઃખી થઈ મુખમાંથી લોહી ઓકતો મરણ પામ્યો. જેમ વાયુનો પ્રહાર થતાં વૃક્ષ પડે તેમ બલવાન્ બલભદ્રની લપાટ વાગતાં બલના મૂળકારણરૂપ વાયુની શક્તિને લીધે જ તે પડ્યો. લપાટ વાગવાથી જ તેની ક્રિયાશક્તિ જતી રહી. તે હણાતાં ઘણાં કપટ જાણનાર, કૂટ યુદ્ધમાં કૂટ (પર્વતનાં શિખર) જેમે ઉભો રહ્યો, છતાં બલભદ્રે તેને રમતમાં જ ડાબા હાથની મુક્કીથી મારી નાખ્યો. તેમણે મુષ્ટિકને માર્યો એટલામાં જ શલ શ્રીકૃષ્ણને પગથી પ્રહાર કરવા આવેલ તેનું માથું શ્રીકૃષ્ણે પોતાનાં ચરણથી જ દૂર ફેંકી દીધું એટલે તેના બે કટકા થઈ ગયા અને તે માથું લાગવાથી તોશલના શરીરમાં ચીરાડ પડી. એમ તે બન્ને મૂઆ. એ પાંચ મુખ્ય મલ્લો મરતાં, બીજા મલ્લો ધન પ્રાપ્ત કરવાની ઈચ્છા તજી પ્રાણનું રક્ષણ કરવાની ઈચ્છાથી નાસી ગયા, કારણ કે ત્યાં રહી યુદ્ધ ન કરે તો કંસનો ભય હતો અને યુદ્ધ કરે તો ભગવાનનો ભય હતો. તેથી ભાગી જવાનો જ માર્ગ રહ્યો હતો, કારણ કે વીરો જેમે મલ્લો પ્રાણની દરકાર કર્યા વિના યુદ્ધ કરતા નથી. ભગવાને તથા બલભદ્રે સમાન બલવાળા ગોપો સાથે ક્રીડા કરવાની પ્રતિજ્ઞા કરેલી હોવાથી, પછી થોડા ભય પામેલા ગોપબાલોને હાથથી પકડી ખેંચી લાવી, કંસનું પ્રિય કરવા તેમની સાથે ક્રીડા કરવા માંડી. મલ્લો મરી ગયા અને ભાગી ગયા છતાં તેમનામાં રસ ઉત્પન્ન કરનારી શરણાઈઓ વાગતી હતી તેથી લોકોને પ્રસન્ન કરવા તેમણે એ પ્રમાણે ક્રીડા કરવા માંડી અને મલ્લો પર વિજય મેળવ્યાનો અવાજ કરવા લાગ્યા. મલ્લોના વધરૂપ તેમનાં અલૌકિક કર્મથી, તથા આ બાલકો સાથેની ક્રીડાથી કંસ સિવાયના બધા લોકો હર્ષ પામ્યા અને મુખ્ય વિપ્રો અને ભક્તો ''બહુ સારું થયું, બહુ સારું થયું'' એમ બોલવા લાગ્યા.

**કંસે કરેલ દ્રોહ અને કંસનો વધઃ**

વચમાં જ્યાં સુધી ભગવાન તથા બલભદ્ર બાલકો સાથે યુદ્ધ કરતા હતા ત્યાં સુધી કંસ ચિન્તાતુર હોઈ ભાન વગરનો રહ્યો. પછી દૈત્યનો આવેશ થતાં બહિર્મુખ થયો. તેણે શરણાઈઓ બંધ કરાવી, યુદ્ધ માટે સાવધાન થયો અને ભગવાન તથા તેમની સાથેના પોતાના સમ્બન્ધી લોકોને દોષ ન જણાય તે માટે કપટથી કહ્યું કે ''આ બે બાળકો દુષ્ટ આચરણવાળા છે. તેમને યુદ્ધ જોવા જ બોલાવેલા. તે વસુદેવના પુત્રો હોવાથી મારા ભાણેજ હોઈ હણવા યોગ્ય નથી. તેથી તેમને કાઢી મૂકો. ગોપોએ ધનથી તેમનું પોષણ

કરેલું હોવાથી તેમનું ધન લઈ લો. નન્દ પણ દુષ્ટ બુદ્ધિવાળો છે, કારણ કે પુત્રને પોતાથી જુદા પ્રકારનો જોઈ, તે પોતાનો હોવાની શંકા થતાં તેણે મને રાજાને જાહેર કરવું જોઈએ. ચતુર પુરુષોએ એ પ્રમાણે કરવું જોઈએ તે તેણે ન કર્યું, તેથી તે દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી તેને પણ બાંધો. વસુદેવ તો મુખ્ય અપરાધી છે. મને આઠમો પુત્ર લાવી આપવાની તેણે પોતે પ્રતિજ્ઞા કરેલી હોવા છતાં, બીજે મૂકી આવ્યો. તેથી તેને વિચાર કર્યા વિના તરત મારી નાખો, કારણ કે સર્વને પૂજવા યોગ્ય રાજાને હણવા તેણે પ્રયત્ન કર્યો છે. ઉગ્રસેન મારો પિતા હોવા છતાં શત્રુના પક્ષમાં ભળેલો હોવાથી તેના નાના ભાઈ દેવક સાથે તેને પણ મારી નાખો. પછી બીજા યાદવો અરાજકતાના ભયથી અથવા સાધારણ (બલવાળા) હોવાથી મારો વિરોધ કરશે નહિ.'' જે ભક્તોનો દ્રોહ કરે તેનો વધ કરવાની ભગવાનની પ્રતિજ્ઞા હોવાથી, ભગવાન ક્લેશ વિના કર્મ કરનારા છે એમ સિદ્ધ થાય તે માટે, તેણે એ પ્રમાણે કહી ભક્તોનો દ્રોહ કર્યો.

પોતાની સમક્ષ પોતાથી અધિક બલવાળાઓને ભગવાને હણ્યા તે જોવા છતાં, ભગવાન સાથે સન્ધિ ન કરતાં તે એવાં વિરુદ્ધ વાક્યો બોલ્યો, ત્યારે ભક્તોનાં અનિષ્ટની વાત સાંભળી કોપ કરી, મલ્લવિદ્યામાં ઉંચે કૂદે તેમ કૂદકો મારી ભગવાન તે બેઠો હતો તે ઉંચા માંચડા ઉપર એવા વિચારથી કૂદ્યા કે આ ઉંચા સ્થાને બેઠેલો હોવાથી બણગાં ફૂંકે છે, તેથી તેને નીચે પાડવો. ભગવાન માંચડા ઉપર કૂદી તેના તરફ એમ સૂચવવા પધાર્યા કે જો તે હજી પણ શરણ આવે તો તેને મારવો નહિ. તેણે પ્રથમ પણ ભગવાનને મૃત્યુરૂપ જોયેલા. છતાં તે શૂરવીર હતો. શૂરવીરને અન્તકાલે શૌર્ય આવે છે, તેથી તે ઝડપથી આસન ઉપરથી ઉઠ્યો અને ક્ષત્રિયોના ધર્મ પ્રમાણે યુદ્ધમાં મરવું સારું એમ વિચારી, ઢાલ અને તલવાર નો જ તરતમાં ઉપયોગ હોવાથી તેણે તે લીધાં. હાથમાં તલવાર લઈ તે બાજની જેમે ઝડપથી ડાબો અને જમણો ફરવા લાગ્યો, ત્યારે અન્તરિક્ષમાં (અદ્ધર) યુદ્ધ કરવું યોગ્ય નહિ હોવાથી તેને નીચે ભૂમિ ઉપર પાડવા અસહ્ય અને ઉગ્ર તેજવાળા ભગવાને, જેમ ગરુડ સાપને પકડે તેમ તેને બલથી પકડ્યો. ભગવાનના તેજના પ્રભાવથી તે તેમના ઉપર શસ્ત્રનો પ્રયોગ કરી શક્યો નહિ અને પકડાઈ ગયો. ભગવાને તેનો સ્પર્શ ન કર્યો. માત્ર તેના કેશ પકડેલા, એટલામાં તેનો મુકુટ ડોલવા લાગ્યો. પછી યુદ્ધ માટે સમ્પૂર્ણ રીતે સજ્જ કરેલ અને પોતાનાં પગલાંથી પવિત્ર થયેલ અખાડામાં, તેને ભગવદીયરૂપ પ્રાપ્ત થાય તે માટે, ભગવાને તેને ઉંચા માંચડા ઉપરથી નાખ્યો. માંચડા પરથી ધ્યાન ન રહેવાથી બન્ને નીચે પડ્યા એમ લોકોને જણાય તેવી રીતે પોતે પણ તેની ઉપર પડ્યા. ભગવાન વિશ્વના આધાર હોવાથી તેના પણ આધાર છે, તેથી તેનો પણ તેમણે ઉદ્ધાર કરવો જોઈએ. તેથી તેના ઉપર પડી તેને પોતાનાં સ્વરૂપનું દાન કર્યું. ભગવાન સ્વતન્ત્ર છે.

તેથી એ પ્રમાણે પડી અધિકાર વિનાના કંસને પણ પોતાના સ્વરૂપનું દાન કર્યું. તેને ભગવાનની પ્રાપ્તિ થઈ અથવા ભગવાનના હાથમાં તે મરણ પામ્યો. તેના પ્રાણો દેહમાંથી બહાર ન નીકળ્યા, પણ મૂર્ચ્છા થતાં દષ્ટિ દેહમાં પડતાં, અંદર અને બહાર

ભગવાનનાં સ્વરૂપનાં તેને દર્શન થતાં, તેમાં પોતે પ્રવેશ કરતાં પ્રાણોને પણ તેણે તેમાં પ્રવેશ કરાવ્યો. એમ તેને સારૂપ્ય મુક્મિ મળી. પછી તેને ભગવદીયનું શરીર પ્રાપ્ત થાય તે માટે ભગવાને તેને ભૂમિ ઉપર ખેંચી જ્યાં-જ્યાં પોતાના ચરણની રજ હતી તેનો સમ્બન્ધ કરાવ્યો. સર્વનું દુઃખ હરનાર હરિ જેમ ગજેન્દ્રને જલમાંથી ભૂમિ ઉપર લાવેલા તેમ તેમણે અહીં ભૂમિ ઉપર કંસને ખેંચ્યો. બધાને જણાયું કે ભગવાને કંસને હણ્યો. તે રાજા હોવાથી, રાજા હણાતાં બધાએ અકસ્માત્ 'હા! હા!' એમ કહી શોક દર્શાવ્યો. ખાતાં, પીતાં, મૃગયા કરવા ફરતાં, ઉંઘતાં તથા શ્વાસ લેતાં તે ભયને લીધે શંખ ચક્ર ગદા અને પદ્મ ધારણ કરેલા ભગવાનનાં સ્વરૂપનું દર્શન કરતો, તેજ સ્વરૂપનાં મરણ સમયે તેને દર્શન થયાં. ભગવાને તેની અંદર પોતાનું તેજ સ્વરૂપ પ્રકટ કર્યું. લડવૈયાઓને કાલનું સાયુજ્ય થાય છે, છતાં ભગવાન સર્વથી બલવાન્ હોવાથી કંસને જે સ્વરૂપનો સાક્ષાત્કાર થતો તે જ, કોઈને પ્રાપ્ત ન થઈ શકે તેવું, સ્વરૂપ તેને પ્રાપ્ત થયું. તેને સાયુજ્ય મુક્તિ મળી.

**કંસના ભાઈઓનો વધ અને સ્ત્રીઓનો વિલાપઃ**

કંસ હણાતાં, કપ ન્યગ્રોધ વગેરે તેના આઠ ભાઈઓ ભાઈના વધનો વેર વાળવા ઘણો ક્રોધ કરી દોડી આવ્યા. એકલા કંસને કોઈ રીતે હણ્યો, પણ અમે આઠ છીએ, અને મારનારો એક છે એમ માની વેર વાળાવા આવ્યા. તે બધા હાથમાં શસ્ત્રો લઈ ઘણી ઝડપથી આવતા હતા. તેમને તો જેમ સિંહ પશુઓને હણે તેમ રોહિણીના પુત્રે આગળીયા જેવા દન્તશૂળથી અથવા ત્યાં પડેલા આગળીયાથી જ મારી નાખ્યા. તેઓ દેવકીના ભાઈઓ હોઈ ભગવાનના મામા હોવાથી, ભગવાને તેમને મારવા એ યોગ્ય નહિ હોવાથી રોહિણીના પુત્રે જ હણ્યા. કંસ તેના ભાઈઓ સાથે હણાતાં ભગવાનથી ધર્મનું સ્થાપન થયું, તેથી દેવોને ઘણો આનન્દ થયો. ભગવાનમાં મામાને હણવાનો દોષ નથી એમ દર્શાવવા બ્રહ્મા, શંકર વગેરેએ પ્રસન્ન થઈ ભગવાન ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી. આકાશમાં દુન્દુભિઓ વાગ્યાં, દેવોની સ્ત્રીઓએ નૃત્ય કર્યું. બ્રહ્માને બધા સરખા છે અને કંસ મહાદેવનો ભક્ત હતો, છતાં તેનો ભગવાનની વિભૂતિરૂપ હોવાથી, સ્વામી ભગવાને જે કર્યું તેનું તેમણે અનુમોદન કર્યું. મલ્લો તથા કંસ અને તેના ભાઈઓની સ્ત્રીઓને પોતાના મિત્રો (પતિઓ) હણાતાં દુઃખ થયું, પરન્તુ તેમના દોષનું સ્મરણ થવાથી અને ભગવાન ઉપર ઘણો પ્રેમ હોવાને લીધે બહુ દુઃખ ન થયું. તેઓ અન્યાયી હોઈ પતિત થયેલા હોવાથી પતિ કહેવાવા યોગ્ય ન હતા, પરન્તુ ''પત્ની સર્વની મિત્ર છે'' એ શ્રુતિ પ્રમાણે મિત્ર જ હતા. તે સ્ત્રીઓ આંખમાં આંસુ સાથે માથાં કૂટતી સભામાં શોક દર્શાવવા આવી. બીજા સમયે કુલવાન સ્ત્રીઓ સભામાં ન આવે. શયનમાં સ્ત્રીનો અધિકાર હોવાથી વીરશય્યામાં પોઢેલા પતિઓનું આલિંગન કરી તેમણે શોક કર્યો અને વિલાપ કર્યો. પુત્ર વગેરેનાં મરણ થતાં જેમ દેવકી વગેરે રડેલા, તેમ આ સ્ત્રીઓને પણ રડવું પડ્યું, એવી ભક્તો પરની કૃપાને લીધે ભગવાને ગોઠવણ કરી. તેઓએ રડતા કહ્યું કે ''તમે હણાતાં અમે ઘર અને સન્તાનો સાથે હણાયાં. અમારા દેહથી, ઘરથી અથવા પુત્રોથી હવે ધર્મ થઈ શકશે નહિ, કારણ કે બધા

હણાયા. આ નગરી પવિત્ર હોવા છતાં તમારા વિના નહિ શોભે, એટલે તે બીજાઓ ઉપર મોક્ષદાન વગેરે ઉપકાર નહિ કરી શકે. જેમ અમારી શોભા તમારા વિના ગઈ, તેમ નગરીમાંથી પણ ઉત્સવ અને મંગલ બંધ થતાં તેની શોભા પણ ગઈ. તેનો કોઈક પતિ થશે, પણ તમારા બન્ધનમાંથી છૂટેલો, જુનાં વસ્ત્રની જેમે માત્ર દેખાવ કરનારો થશે, પણ ભગવાન પતિ નહિ થાય. નિરપરાધી પ્રાણીઓના પુત્રોની હત્યારૂપ પાપ તમે કર્યું, તેથી તમારી આવી દશા થઈ. ઘણો જ ધર્મ કરનાર પણ જો પ્રાણીઓનો દ્રોહ કરે તો તેને સુખ નથી જ મળતું, કારણ કે પ્રાણીઓનો દ્રોહ બધા ધર્મનો નાશ કરી પોતાનું જ ફલ આપે છે. આ શ્રીકૃષ્ણ પ્રાણીમાત્રની ઉત્પત્તિ લય અને પાલન કરનાર છે. તેમનું અનિષ્ટ ઈચ્છનારને ક્યારેય સુખ થતું નથી. તેથી તમારા દોષથી જ તમારી આવી સ્થિતિ થઈ છે.''

**વસુદેવ-દેવકીને બન્ધનમુક્ત કરાવ્યાંઃ**

પ્રાણીઓનું કલ્યાણ કરનાર ભગવાને તેમનાં સત્ય વચન સાંભળી તેમને આશ્વાસન આપ્યું, એટલે તેમને ઘણો આનન્દ થયો. ભગવાનને કોઈ શત્રુ મિત્ર કે ઉદાસીન નથી, તેથી તેમણે તે સ્ત્રીઓ ઉપર પણ ઉપકાર કર્યો. પછી મૃત્યુ પામેલાઓનો દાહસંસ્કાર કરવાની આજ્ઞા કરી. સ્ત્રીઓનું ભગવાને આશ્વાસન કરેલ હોવાથી તેઓ તેમની સાથે સતી ન થઈ. કંસની પત્નીઓ 'અસ્તિ' અને 'પ્રાપ્તિ' દુષ્ટ હતી, છતાં ભવિષ્યમાં લીલા કરવાની હોવાથી ભગવાને તેમને કંસ પાછળ મરવાની બુદ્ધિ થવા ન દીધી.

પછી ભગવાને પ્રથમ માતા અને પિતાને કંસના કેદખાનામાંથી છુટા કરાવ્યા, કારણ કે તેમના માટે જ આ બધું કાર્ય કરેલું. પછી શ્રીકૃષ્ણ અને બલભદ્ર બન્નેએ તેમનો પોતામાં નિરોધ થાય તે માટે તેમને નમન કર્યું. પોતાના શિષથી તેમના ચરણોનો સ્પર્શ કર્યો. ભગવાનનું શિષ સત્યલોકરૂપ હોવાથી તેમને સત્ય લોકની ઉપર મૂક્યા, કારણ કે તેમનું માત્ર દુઃખ જ દૂર કરવું ન હતું; પરન્તુ તેમને ફાલ પણ આપવું હતું. તેથી સત્યલોક વટી ઉપર જાય તે પ્રમાણે તેમના ચરણોનો પોતાના શિષથી સ્પર્શ કર્યો. દેવકી અને વસુદેવે જોયું કે ભગવાને અને બલભદ્રે કંસને હણી તેમને વૈકુંઠની પ્રાપ્તિ કરાવી. એવો તેમનો પ્રભાવ જોવાથી તે જગતના ઈશ્વરો છે એમ જાણ્યું. તેથી તેમણે વંદન કર્યું ત્યારે ભગવાનનું આલિંગન ન કર્યું, કારણ કે તેમને ભય લાગ્યો. સમ્બન્ધીઓને પણ ઈશ્વરનો ભય લાગે છે જ. તેમનો પ્રપઞ્ચ તો કંસે જ દૂર કરેલો. ભગવાનમાં આસક્તિ તો હતી જ. તેથી તેમને સાધન કરાવી ફલ આપવું બાકી હતું. ભગવાનનું તેમને જ્ઞાન થયું એ સાધન થયું અને વૈકુંઠની પ્રાપ્તિ થઈ એ ફલ પ્રાપ્ત થયું, તેથી તેમનો સમ્પૂર્ણ નિરોધ થયો.

**માતા-પિતાનું આશ્વાસનઃ**

એ પ્રમાણે માતા-પિતાનો અલૌકિક નિરોધ કર્યો. તેમણે આ બે જગતના ઈશ્વર છે એ જાણ્યું. ભગવાન તેમને વ્યાપિ વૈકુંઠમાં પણ લઈ ગયા. છતાં આ તેમનું જ્ઞાન ભવિષ્યમાં કરવાની લીલામાં નડતરરૂપ થાય તેવું હોવાથી, તે જ્ઞાન તેમને ન રહે તે માટે ભગવાને મનુષ્યોને મોહ કરનારી પોતાની માયા વિસ્તારી. આ માયા ભગવાનની પોતાની

હોવાથી યોગ્ય કાર્ય જ કરશે, ભગવદીયોને મોહ નહિ કરે. લોકના નિયમ પ્રમાણે મા-બાપની સેવા કરેલ ન હોવાથી આ બન્ને અપરાધી છે, વળી તે પુત્રો માત-પિતાને બંદી-ખાનામાંથી છોડાવે તેથી વસુદેવને લજ્જા થતાં દુઃખ થાય. એટલે તેમણે પુત્રોને આલિંગન કર્યું નહિ એમ જણાવી, પોતાના દોષ દૂર કરાવવા ભક્તોને સત્પુરુષોની મર્યાદાનો બોધ કરનાર ભગવાન શ્રીકૃષ્ણે માત-પિતાની પાસે આવી, બાલકની જેમે વિનયથી નમ્ર થઈ 'હે માતા! હે પિતા!' એમ પ્રીતિ ઉત્પન્ન કરે તેમ આદરપૂર્વક સમ્બોધન કર્યું.

આત્મા જ પુત્રરૂપે અવતરતો હોવાથી, પુત્ર બન્ધનમાંથી મુક્ત કરે તે કાર્ય પોતે જ કરેલું ગણાતું હોવાથી, તેનાથી લજ્જા થવાપણું નથી એમ જણાવવા એવું સમ્બોધન કર્યું. પછી અપરાધ દૂર કરાવવા પ્રથમ પોતે અપરાધી છે એમ જણાવવા કહ્યું કે ''પુત્રોની બાલ્ય, પૌગણ્ડ અને કિશોર અવસ્થાઓનો અનુભવ કરવા તમારી સદા ઈચ્છા હોવા છતાં, મારા લીધે આપને અમારી તથા કીર્તિમાન્ વગેરે બીજા પુત્રોની એ અવસ્થાઓનો અનુભવ થઈ ન શક્યો, કારણ કે મારો જન્મ થવાનો છે એ સાંભળવાથી કંસે લોકોને પીડવા માંડ્યા. મેં કંસની ઉપેક્ષા ન કરી અને મને ગોકુલ લઈ જવા કહેલ. મારા ધર્મનું સંરક્ષણ કરવા અને ક્લેશ વિના કર્મ થઈ શકે તે માટે હું ગોકુલ રહ્યો, તેથી જ આપને અમારી એ અવસ્થાનો અનુભવ થઈ ન શક્યો. મા-બાપને ઘેર રહેનાર બાલકો જે આનન્દ પ્રાપ્ત કરે છે તે અમને તમારી પાસે ન રહેવાથી ન મળ્યો. બાલકપણું સન્તોષ આપનારું છે, છતાં અમને તેનો સન્તોષ ન મળ્યો, કારણ કે નન્દ-યશોદા અમારા કુદરતી પિતા અથવા માતા ન હતા, એટલે તેમની પાસે અમારું હૃદય તેવી રીતે અમે પ્રકટ કર્યું નહિ. યશોદા ખરાં માતા હોત તો મને ખાંડણીએ બાંધત નહિ અને તૃણાવર્ત આવ્યો ત્યારે ભૂમિ ઉપર મૂકત નહિ. ધર્મ વગેરે સર્વ પુરુષાર્થો જેનાથી પ્રાપ્ત થાય છે તેવા દેહને ઉત્પન્ન કરનાર તથા તેનું પોષણ કરનાર માત-પિતાનું ઋણ માણસ એકસો વર્ષનું પૂરું આયુષ્ય ભોગવે તો પણ ચુકવી શકતો નથી. ઋણ ન ચુકવી શકાય તો કાંઈ નહિ, પરન્તુ તેમણે ઉત્પન્ન કરેલ દેહથી પ્રાપ્ત કરેલું ધન તેમનું જ હોવા છતાં જે તેનો પોતાના માટે જ ઉપયોગ કરે છે, પોતાના શરીરને પોષે છે અને પરલોક પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે પરન્તુ શક્તિવાળો હોવા છતાં મા-બાપને આજીવિકા આપતો નથી, તેના ઉપર ઉપકાર કરવા તેનો દેહ ન વધે તે માટે દેવો તેને તેનું જ માંસ ખવળાવે છે. જે શક્તિવાળો હોવા છતાં માતા, વૃદ્ધ પિતા, સાધ્વી પત્ની, નાનો જનોઈ ન દીધેલ બાળક, પુરોહિત અને શરણ આવેલાનું ભરણ-પોષણ કરતો નથી, તે શ્વાસ લેતો (જીવતો) હોવા છતાં મૂએલો જ છે. અમે બેએ આટલા દિવસો આપની સેવા ન કરીને નકામા ગુમાવ્યા, કારણ કે અમે જુદા સ્થળે રહેતા હોવાથી સેવા કરી ન શક્યા. કંસ વળી પૂતના વગેરે દૈત્યોને સદા મોકલ્યા કરતો, તેથી આપનો અમારી સાથે સમ્બન્ધ જાણી જાય તો આપને પીડા કરે એવા કારણથી અમે દૂર રહેવા છતાં અલૌકિક પ્રકારે આપની પૂજા કરી શકત તે ન કરી. છેવટે તેણે એ સમ્બન્ધ જાણી આપને પીડા કરી જ. હું એકલો અલૌકિક પ્રકારે આવી તેને મારી શકત, છતાં એમ કરવાથી અવતાર લીધો તે વ્યર્થ થાય.

વળી અલૌકિકથી વરદાનને લીધે તેનો વધ થઈ શકે તેમ ન હતું, છતાં આપની અનુકૂળતા માટે તે કરવું જોઈતું હતું તે ન કર્યું એ અમારો અપરાધ છે, તે આપ અમારા માતા-પિતા હોવાથી ક્ષમા કરો. વળી અમે તે સમયે પરતન્ત્ર, નન્દને અધીન હતા. અમે તેમને, તેમને અધીન તેમના પુત્રો હોઈએ તેમજ જણાવેલ. તેથી અમે પરતન્ત્ર હોવાથી તેમ કરી આપની સેવા કરી ન શક્યા.''

પોતે મનુષ્ય છે એમ માયાથી દેખાડનાર, દુઃખ હરનાર ભગવાનની એ વાણીથી માત-પિતા મોહ પામ્યા. તેઓ આ જગતના ઈશ્વર છે એવું તેમનું જ્ઞાન જતું રહ્યું. ભગવાન વિશ્વરૂપ હોઈ પરમ દયાળુ છે અને સર્વને સુખ થાય તેવી પ્રેરણા કરે છે. આ બેને ભક્તિથી જ કૃતાર્થ કરવાના હોવાથી, જ્ઞાન તેમને કામનું નહિ હોવાથી, તે દૂર કરવા મોહ કરાવ્યો, એટલે તરત તેમણે ભગવાનને આલિંગન કર્યું અને આનન્દ પામ્યા. તે બન્ને લૌકિક પુત્રો હોય તેમ, સ્નેહના બન્ધનથી બંધાયેલા તેમણે તેમને આંસુની ધારાઓથી ભીંજવ્યા. તેમના કંઠમાં પણ આંસુઓ ભરાયાં અને પુત્રના સ્નેહમાં સમ્પૂર્ણ રીતે ડૂબેલા હોવાથી તેઓ કાંઈ બોલ્યા નહિ. એ પ્રમાણે ભગવાને માત-પિતાનો લૌકિક નિરોધ કર્યો.

**ઉગ્રસેનનો રાજ્યાભિષેકઃ**

પછી ભગવાને પોતાના માતામહ ઉગ્રસેનને યાદવોનો રાજા બનાવ્યો, કારણ કે પિતા અથવા સસરા રાજા હોય તો પુત્રી દેવકી અને જમાઈ વસુદેવને અધિક ભોગ પ્રાપ્ત થાય. તે પહેલાં તે રાજા હતો, પણ યાદવોનો રાજા ન હતો. શ્રીકૃષ્ણ તો યાદવોના આધિદૈવિકરૂપ હોવાથી તેમણે કરેલું યાદવો માન્ય રાખે જ. ભગવાને તેને કહ્યું કે તમે હવે પ્રજાને આજ્ઞા કરો. અમો યદુના પુત્રોથી રાજ્ય ન થાય, કારણ કે યયાતિએ સર્વથી મોટા પુત્ર યદુને રાજ્ય ન આપ્યું, ત્યારથી ''ટીકાયેત રાજા થાય'' એવી મર્યાદા જતી રહી. સહસ્રાર્જુન વગેરે યદુના પુત્ર રાજા થયા, પણ તે બલથી, કંસ પણ તેવી જ રીતે રાજા થયેલો. મેં તો મર્યાદા સાચવવા અવતાર ધારણ કરેલ હોવાથી અને હું યદુની મુખ્ય શાખામાં અવતરેલ હોવાથી મારાથી રાજ્ય ન કરાય. ભોજ વગેરે નાની શાખામાં આવેલ હોવાથી તે રાજ્ય કરે તે યોગ્ય છે. તેથી (જુદી-જુદી શાખા હોવાથી) જ અમારી અને તેમની શાખામાં વિવાહ થઈ શક્યો. યદુના સન્તાનોને રાજ્ય ન લેવાનો શાપ હોવાથી તમને પણ તે લાગુ પડે છે અને તમારામાં જો કે શક્તિ નથી, છતાં હું તમારો સેવક તમારી સમીપ હોઈશ એટલે દેવો પણ તમને બલિ આપશે, તો પછી ભૂમિ ઉપરના રાજાઓનું તો કહેવું જ શું? તેઓ નમ્રતાથી તમને અધીન રહેશે. હું જેમ વસુદેવનો પુત્ર થયો છું તેમ તમારો સેવક થઈશ. મારા કારણે મારા ઈચ્છેલા સ્થાન (રાજ્યાસન) ઉપર બેઠેલા તમને દેવો વગેરે પણ બલિ આપશે. એવો ભગવાનનાં વાક્યનો અર્થ છે. તેથી ભગવાને પોતાના કાર્ય માટે જ તેને રાજા બનાવ્યો અને તે પ્રમાણે તેનો નિરોધ કર્યો. ભગવાન તેમ ન કરે તો ઉગ્રસેનને પણ વૈરાગ્ય થયેલ હોવાથી તે કદાચ જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયાસ કરત.

**સાધારણ યાદવોનો નિરોધઃ**

ઉગ્રસેનનો નિરોધ કરી, ભગવાને સાધારણ માણસોનો નિરોધ કરવા માંડ્યો. પોતાના ભક્તો, ગોત્રજો, વિવાહથી સમ્બન્ધી થયેલા યાદવો, વૃષ્ણિઓ, અન્ધકો, મધુના સન્તાનો, દાશાર્હો, કુકુરો વગેરે જે મથુરા પાછા આવવાની આશાનો ત્યાગ કરી જુદી-જુદી દિશાઓમાં અતિક્રૂર કંસના ભયથી જતા રહેલા તેમને બોલાવી, તે બધાનો સત્કાર કરી, તેમને આશ્વાસન આપી તેમને તેમના ઘરમાં વસાવ્યા અને તેમણે જે ધન ગુમાવેલ તેનાથી પણ ઘણું અધિક ધન આપ્યું. આથી તેઓ તેમને ચિન્તા કરાવનારા પહેલાનાં ઘર વગેરે વિષયો તેઓ ભૂલી ગયા અને ભગવાને આપેલ ઘરોમાં રહેતા શ્રીકૃષ્ણ અને સંકર્ષણ ની ભુજાથી રક્ષાયેલા તેઓના સર્વ મનોરથો ફલ્યા. તેઓ ઘરમાં સિદ્ધ (દેવ) થઈ રમણ કરવા લાગ્યા. જુના ઘર ભૂલતાં તેમને પ્રપઞ્ચનું વિસ્મરણ થયું. ભગવાને આપેલા ઘરમાં રક્ષણ કરતાં ભગવાનમાં તેમની આસક્તિ થઈ. શ્રીકૃષ્ણ અને બલભદ્રને લીધે તેઓ ગોપીઓ જેમે વિરહાતુર થવા લાગ્યા. દિવસે-દિવસે મુકુન્દનું મુખકમલ નીરખતાં તેમને ક્ષણે-ક્ષણે નવી પ્રીતિ થતી. ભગવાનનાં સ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન ન હોવા છતાં સ્વરૂપનાં સામર્થ્યથી જ મુખારવિન્દ નિત્ય નવું જણાતું અને નવીન આનન્દ આપતું. રસનો આ જ સ્વભાવ છે. પદાર્થમાં પ્રથમ ઈચ્છાને લીધે પ્રેમ થાય છે, પણ તે રસરૂપ નથી, તેમાં વિષયના બલથી પ્રેમ થતો નથી. વિષયના બલને લીધે જેમાં પ્રેમ થાય છે તેમાં સદા પ્રેમ થાય છે. ભગવાનમાં એવી રીતે પ્રેમ થતો હોવા છતાં, તેનાથી બન્ધન થતું નથી, કારણ કે તેમનું મુખારવિન્દ સદા આનન્દયુક્ત છે. રૂપ વગેરે પ્રાપ્ત કરવાની ઈચ્છાથી પણ બીજામાં આસક્તિ થતી નથી, કારણ કે ભગવાનનું મુખારવિન્દ શ્રી(લક્ષ્મી)વાળું હોઈ સર્વ વિષયરૂપ છે. વળી ધર્મ, જ્ઞાન અથવા ભક્તિ પ્રાપ્ત કરવા પણ બીજામાં આસક્તિ થવાની જરૂર રહેતી નથી, કારણ કે તેમના મુખારવિન્દમાં ધર્મરૂપ દયા, ભક્તિરૂપ હાસ્ય અને જ્ઞાનરૂપ દૃષ્ટિ એ ત્રણે રહેલાં છે. તેથી એ મુખારવિન્દનું નિત્ય દર્શન કરતાં જે ઘણા વૃદ્ધ હતા તેઓ પણ જુવાન અને ઘણા બલવાન થયા, કારણ કે જે પોતાના સ્વરૂપનું દાન કરે તે ભગવાન કાલનું ઉલ્લંઘન કરાવે છે જ. તેમાં તેમનું મુખારવિન્દ મુખ્ય છે. તે સ્વભાવથી જ કમલ જેમે ઘણું શાંત અને સર્વ તાપ દૂર કરનારું છે. તેમાં રહેલી સુધા અલૌકિક જ હોવાથી, કાલે જેમનું ભક્ષણ કરેલ હોય તેઓ પણ તે સુધાથી કાલમાંથી બહાર આવે તે યોગ્ય જ છે. એ પ્રમાણે ભગવાને સર્વ સાધારણ પુરુષોનો નિરોધ કર્યો.

**નન્દ વગેરે ગોપોને ગોકુલ મોકલ્યાઃ**

પછી નન્દ વગેરેને ગોકુલ મોકલવા ભગવાન તથા બલભદ્ર નન્દ પાસે આવ્યા અને તેને પોતાનો વિરહ ન જણાય તે માટે તેને આલિંગન કરી કહ્યું કે ''તમે તથા યશોદાએ સ્નેહ રાખી અમારું લાલન-પાલન ઘણી રૂડી રીતે કર્યું છે. તમારા પોતા કરતાં પણ અમો પુત્રો ઉપર અધિક પ્રીતિ રાખી છે. લોકમાં પણ માણસ પોતાનું અનિષ્ટ ઈચ્છે છે, પણ પુત્રનું અનિષ્ટ ઈચ્છતો નથી. બંધુઓએ સોંપેલા, પોતાનું પોષણ તથા રક્ષણ ન કરી શકે તેવા બાલકોનું પોતાના પુત્ર જેમે જ પોષણ કરે તે જ માત-પિતા છે. પુત્રપણું અન્નનો

વિકાર છે (કારણ કે દેહ અન્નમય છે) અને અન્ન સર્વને સાધારણ છે. તેથી જો કોઈ બીજો ''આ મારો પુત્ર છે'' એવું અભિમાન રાખે તો તે તેનો પુત્ર થાય છે. આમ ન હોય તો બીજા માત-પિતાથી ઉત્પન્ન થયેલાં પતિ-પત્નીમાં પત્નીનો તથા પતિનો પોતાના કરતાં પણ વધારે પ્રેમ ન હોય. તમારા સ્નેહની કાલીયના પ્રસંગમાં પરીક્ષા કરેલી છે. તેથી સ્નેહ અને અનુભવને લીધે અમે તમારા પુત્રો હોવાનું સિદ્ધ થયું છે. તેથી હે પિતા! તમે હવે વ્રજ જાઓ. સ્નેહને લીધે દુઃખી થયેલા તમને તથા તમારા સમ્બન્ધીઓને મળવા અમે આવીશું''.

'અમે' એટલે ''અમારા સમ્બન્ધવાળા પણ આપના જ પુત્રો વગેરે છે. અમે બધા તમારા સમ્બન્ધીઓ જ છીએ અને તમે અમારા સમ્બન્ધીઓ છો. છતાં આ વસુદેવ વગેરે મિત્રો છે તેમને સુખ થાય તેમ કરીને, સમ્બન્ધીઓ તમને જ જોવા આવીશું''. અહીં ભગવાને તેમને મળવા આવવાનું જ કહેલું છે, પરન્તુ ગોકુલ આવવાનું કહ્યું નથી. તે પ્રમાણે ભગવાન ભવિષ્યમાં તેમને કુરુક્ષેત્રમાં મળશે. વળી ''અમે બધા તમારા સંબન્ધીઓ જ છીએ અને તમે અમારા સમ્બન્ધીઓ છો'' એવું જે વરદાન ભગવાને કર્યું તેને લીધે જ આજ સુધી પણ ભગવાન ગોકુલના સમ્બન્ધવાળા જ ગણાય છે. એ પ્રમાણે નન્દનું સાન્ત્વન કરીને તેમને અને બધાં વ્રજનાં સ્ત્રી-પુરુષોને વસ્ત્રો, અલંકારો, વાસણો વગેરે દરેકનું નામ લઈને આદરપૂર્વક દરેકને આપ્યાં. પછી શ્રીકૃષ્ણ તથા બલભદ્ર ને નન્દ ભેટ્યા, પ્રેમથી આકુલ થયા, આંસુઓથી નેત્રો ભરાતાં કાંઈ બોલી શક્યા નહિ અને ગોપોસહિત વ્રજ ગયા. એવી રીતે ગોકુલવાસીઓનો ભગવાને નિરોધ કર્યો.

**ઉપનયન અને ગુરુકુલવાસઃ**

એવી રીતે સર્વનો નિરોધ કર્યા પછી વેદથી ભગવાનનો પણ નિરોધ થયો. વસુદેવે પુરોહિત ગર્ગ તથા બ્રાહ્મણો દ્વારા પોતાનાં ગૃહ્યસૂત્રમાં જણાવેલા પ્રકારે શ્રીકૃષ્ણ અને બલભદ્ર ના ઉપનયન સંસ્કાર કરાવ્યા. ચૂડાકરણ સંસ્કાર ગોકુલમાં થયેલ. ઉપનયન સંસ્કાર અહીં થયા. પુરોહિત અને બ્રાહ્મણોને શણગારી, પૂજા કરીને સુવર્ણની માલાવાળી શણગારેલી વાછડીવાળી ગાયો દક્ષિણામાં આપી તેમના જન્મ સમયે મનથી જે ગાયોનું બ્રાહ્મણોને દાન કરેલ અને જે કંસે અધર્મ કરી લઈ લીધી હતી, તે બધું યાદ કરીને દાનમાં આપી.

ઉપનયન સંસ્કાર થયા પછી શ્રીકૃષ્ણ અને બલભદ્રે બ્રહ્મચર્યવ્રત ધારણ કરી યાદવોના આચાર્ય ગર્ગ પાસેથી સાવિત્ર વ્રત આચર્યું. વિદ્યા સ્ફુરે તે માટે સાધારણ રીતે આ વ્રત આચરવામાં આવે છે તેવા હેતુથી તેમણે આચરેલું નહિ, કારણ કે તેઓ પોતે જ સર્વજ્ઞ છે. વળી જગતના ઈશ્વર એટલે કરવા ન કરવા અને કરેલું ફેરવવા શક્તિમાન છે, છતાં પોતાને એની મેળે જ પ્રાપ્ત થયેલું જ્ઞાન છૂપું રાખવા તેમણે ગાયત્રવ્રત આચર્યું. પછી ગુરુકુલમાં રહેવાની ઈચ્છાથી ઉજ્જૈનમાં રહેનાર કાશ્યપ ગોત્રના સાંદીપનિ (જેનાથી બુદ્ધિ સારી રીતે દીપી ઉઠે તેવા) પાસે ગયા. સાંદીપનિ પણ તીર્થ (ઉજ્જૈન)માં રહી ઘણા વિરક્ત

બની ગયા હતા. ત્યાં જઈને પોતાના ઐશ્વર્ય અથવા ધન થી વિદ્યા ગ્રહણ ન કરતાં શિષ્ય બનીને ગુરુની સેવા કરી સંયમ પાળવો જોઈએ તેમ ભગવાને કર્યુ. શિષ્ય બની સેવા કરીનેજ વિદ્યા લેવી જોઈએ એમ લોકને શીખવવા તેમ કર્યું.

ગુરુ આરાધ્ય દેવ હોય તેમ તેમની સમીપ ભક્તિથી જતાં, તેમના શુદ્ધ ભાવ અને સેવાથી પ્રસન્ન થઈ ગુરુએ તેમને ચાર વેદો, છ વેદાંગો, બ્રહ્મનું જ્ઞાન કરાવનાર ઉપનિષદો, રહસ્યાના મન્ત્રો સાથે ધનુર્વેદ, ધર્મશાસ્ત્ર, સામ વિગેરે ન્યાયના માર્ગો, સાંખ્ય-યોગ વગેરે રૂપ આત્મવિદ્યા અને છ પ્રકારની રાજનીતિ શીખવ્યા. ગુરુ એક વાર બોલે એટલે તે શ્રવણ કરતાં તે શીખી લેતા. તેથી ન ભણવાનો સમય બાદ કરતાં જેટલા સમયમાં ગુરુએ એ બધી વિદ્યાઓ ઉચ્ચારી તેટલા સમયમાં તે શીખી ગયા. ચોસઠ રાત-દિવસમાં ચોસઠ કલાઓ સમ્પૂર્ણ રીતે શીખ્યા; અને ભણવાનું પુરું થતાં રહસ્ય સાથે વેદો અને વેદાંગો શીખવનાર આચાર્યને ઈચ્છા પ્રમાણે દક્ષિણા માગવા કહ્યું.

ગુરુ યજ્ઞ વગેરે કરવા ઈચ્છતા હતા. પરન્તુ યજ્ઞો તો પુત્રવાળો જ કરી શકે. ગુરુનો પુત્ર મરણ પામવાથી તેઓ યજ્ઞ કરી શકતા નહિ. તેમણે શ્રીકૃષ્ણનો અદ્‌ભુત મહિમા સાંભળેલો તથા અનુભવેલો. વળી અલૌકિક બુદ્ધિ પણ જોઈ, તેથી તે અલૌકિક દક્ષિણા આપી શકશે એવો તેમણે નિશ્ચય કર્યો. તેમણે પોતાની પત્ની સાથે મન્ત્રણા કરી.

બીજા પુરાણમાં એવી વાત પ્રસિદ્ધ છે કે ગુરુપત્ની એક સમયે ગાયો દોહવા બેઠેલા, પણ બોઘરણું લેવું ભૂલી ગયેલા. શ્રીકૃષ્ણ તે સમયે નિયમપૂર્વક સન્ધ્યા કરવા બેઠેલા, તેમને બોઘરણું લાવી આપવા કહ્યું. સન્ધ્યા કરતાં ઉઠાય નહિ, તેમ ગુરુપત્નીની અજ્ઞાનું ઉલ્લંઘન પણ થાય નહિ. તેથી શ્રીકૃષ્ણે ત્યાં બેઠા-બેઠા જ પોતાનો શ્રીહસ્ત લાંબો કરી બોઘરણું લઈ ગુરુપત્ની પાસે મૂકેલું. તેથી તેમણે પણ તેમનો અલૌકિક મહિમા જોયેલો. ગુરુ તો ભગવાનને ભણાવતાં પોતે જ શીખતા. તેથી તર્કથી તેમણે જાણ્યું કે પોતાને ભગવાને જ સમ્પૂર્ણ જ્ઞાન કરાવેલું છે. તેથી બન્નેએ વિચાર કરી મહાસાગરમાં મરણ પામેલા તેમનો પુત્ર જ ગુરુદક્ષિણામાં માગ્યો, કારણ કે પ્રભાસમાં મરેલો પાછો આવે નહિ, મન્ત્ર વગેરેથી પણ તેને પાછો લાવી શકાય નહિ. ગુરુ સર્વજ્ઞ બનેલ. ''પ્રજાથી આપણે શું (પ્રાપ્ત) કરીશું?'' શ્રુતિ પ્રમાણે પ્રજા વિના પણ તેમનું કાર્ય થવાનું હતું તે-તે જાણતા હતા. છતાં તેમનો પણ નિરોધ ભગવાને કરવાનો હોવાથી તેમણે તેવી જ દક્ષિણા માગી એ આશ્ચર્યકારક છે.

**મૃત્યુ પામેલ ગુરુપુત્રને પાછો લાવવારૂપ ગુરુદક્ષિણાઃ**

ભગવાન પોતાનાં સ્વરૂપને છૂપાવવા પ્રવૃત્તિ કરતા હતા. જ્યારે કે ગુરુપુત્રને પાછા લાવવાનું કાર્ય કાલ વિગેરેની મર્યાદા દૂર કર્યા વિના શક્ય ન હતું. તેવું અલૌકિક કાર્ય જો ભગવાન કરે તો ગુરુ પોતાનાં સ્વરૂપને જાણી જાય. આમ છતાં ''લાવી આપું છું'' એમ કહી, શિષ્યભાવ તજી, ઈશ્વરભાવ ધારણ કરી, મોટા રથમાં બેસી બન્ને તરત જ પ્રભાસ પધાર્યા. પોતે પધાર્યા છે એમ જણાવતા હોય તેમ એક ક્ષણ સમુદ્રના કિનારા ઉપર બેઠા.

સમુદ્રે જાણ્યું કે અભ્યાસ પૂરો કરી ગૃહસ્થ થનારા અને મારું બન્ધન કરનારા મારા જમાઈ પધાર્યા છે, એટલે તેણે આવી બન્નેની પૂજા કરી.

ગુરુપુત્રની ત્રણ પ્રકારે વ્યવસ્થા થયેલી. ૧.તેના શ્વાસોચ્છ્વાસ સમુદ્રે છૂટા પાડેલા. ૨.શરીરનો ભાગ પંચજન ખાઈ ગયેલ અને ૩.કર્મને લીધે સૂક્ષ્માવસ્થાવાળો બીજો સૂક્ષ્મદેહ જીવની સાથે યમપુરીમાં હતો. સમુદ્ર પાસેથી ભગવાને તેટલી (ગુરુપુત્રના સ્થૂળ દેહ જેટલી) ભૂમિ જૂદી પાડવાની હતી. તેથી ભગવાને ગુરુપુત્ર ઓળખાય તે માટે તેને સમુદ્રને દેખાડતાં આજ્ઞા કરી કે ''આ ગુરુપુત્ર જે બાળક હતો ત્યારે તારું મોજું જેને લઈ ગયેલું, તેને તરત લાવી આપ''. સમુદ્ર તેને બુદ્ધિપૂર્વક લઈ ગયેલ નહિ, પણ મોજાંથી તે તણાઈ ગયેલ. તેથી ભગવાને સમુદ્રને દંડ કરવા યોગ્ય ન ગણ્યો. પઞ્ચજન સમુદ્રને શરણ ગયેલો. તેથી સમુદ્રને અને તેને એક માની ભગવાને સમુદ્રને જ આજ્ઞા કરી. ''પંચજન મારી અંદર રહે છે એટલું જ, પણ તેના ગુણદોષ માટે હું જવાબદાર નથી'' એવા અભિપ્રાયથી સમુદ્રે ઉત્તર આપ્યો કે ''હું તે બાળકને લઈ ગયો નથી, પરન્તુ 'પઞ્ચજન' નામનો બળવાન્ દૈત્ય સદા મારા જલમાં જ રહે છે અને બહાર કદાપિ આવતો નથી, તે શંખનું રૂપ ધારણ કરનાર અસુર કદાચ તેને લઈ ગયેલ છે. તે દૈત્ય હજી મારા જલમાં જ છે.'' સમુદ્રે એ પ્રમાણે પોતે ગુરુપુત્રને લઈ ગયેલ હોવાની જ ના પાડી એટલે, શ્વાસોચ્છ્વાસ તેણે જ છૂટા પાડેલા, તે સમુદ્રનું વચન સાંભળી ભગવાને તરત જલમાં પ્રવેશ કર્યો અને ભગવાનને જોઈને નાસતા પઞ્ચજનને શંખોદ્ધારમાં મારી નાખ્યો. પણ તેના ઉદરમાં પ્રાણ, ઈન્દ્રિયો અને જીવના સમૂહરૂપ બાલકનો સૂક્ષ્મદેહ ન મળ્યો. પછી તેના અંગનો બનેલો પાંચજન્ય શંખ લઈ, તેમાં રહેલા (ગુરુપુત્રના દેહના) સૂક્ષ્મ અવયવોને, તે છૂટા પડેલા તેથી ઉલટા પ્રકારે, દેહમાંથી પ્રાણ બહાર નીકળ્યા ત્યારે જેવી સ્થિતિમાં હતા તેવા કરીને બલભદ્ર જ્યાં હતા ત્યાં રથમાં ભગવાન પધાર્યા.

પછી સર્વને વશ રાખનાર મૃત્યુના દેવ યમની વહાલી સંયમની નગરીમાં બલભદ્ર સાથે ભગવાન પધાર્યા. ભગવાન 'જનાર્દન' (જના=અવિદ્યાનો અર્દન=નાશ કરનાર) હોવાથી તેમને ભય ન હતો. વળી પાતાલના પતિ બલભદ્ર પણ તેમની સાથે હતા. ત્યાં જઈ સર્વને જાગ્રત કરવા ભગવાને શંખ વગાડ્યો. શંખનાદ સાંભળી પોતાનો અધિકાર જવાનો ભય લાગતાં યમે તે બન્નેની ભક્તિથી પૂજા કરી અને પોતાનો અપરાધ દૂર કરાવવા ભગવાનને પૂછ્યું કે ''આપ બેનું શું કાર્ય કરું? આપ લીલા માટે મનુષ્ય થયા છો, વસ્તુતઃ વિષ્ણુ જ છો.'' ભગવાને તેને આજ્ઞા કરી કે ''મારા ગુરુપુત્રને અહીં તું લાવ્યો છે તે લાવ. તેના કર્મના બન્ધનને લીધે તું લાવ્યો છું, સ્વાર્થ માટે લાવ્યો નથી તેથી તારો અપરાધ નથી; છતાં મારી આજ્ઞા પ્રમાણે વર્તી તારી મર્યાદાનો ત્યાગ કરી, ગુરુપુત્ર મને આપ.'' યમે ''લાવી આપું'' કહી, ગુરુપુત્ર લાવી આપ્યો, ત્યારે ભગવાનની કૃપાથી તેની પહેલાં હતી તેવી જ સ્થિતિ થઈ, એટલે શ્રીકૃષ્ણ અને બલભદ્રે તેને લઈ, ગુરુ પાસે જઈ, ગુરુને આપ્યો અને કહ્યું કે ''આ તમારો પુત્ર હતો તે તમને આપ્યો. તમારી આજ્ઞા પ્રમાણે વર્તી, તમને

યજ્ઞ કરવામાં વિઘ્ન થયેલ તેજ અમે દૂર કર્યું. આ ગુરુદક્ષિણા ન કહેવાય. તેથી ફરીથી ગુરુદક્ષિણા માગો.'' ગુરુએ કહ્યું કે ''તમે ગુરુદક્ષિણા ઘણી સારી આપી, કારણ કે બીજો કોઈ આવું અસાધ્ય કાર્ય કરી ન શકે. શિષ્યથી ગુરુ મોટો છે એવું શાસ્ત્રનું વચન છે; એટલે આવું અસાધ્ય કરનાર તમારાથી પણ હું મોટો ગણાઉં, એવી મોટાઈ મને પ્રાપ્ત થતાં મારે શું માગવાનું હોય? તેથી હવે ઘેર જાઓ. વીર થાઓ. ગૃહસ્થ બનો, સદા તમારો જય થાઓ. તમારી કીર્તિ સર્વ લોકને પાવન કરનારી થાઓ.'' એ પ્રમાણે ગુરુએ રજા આપી, એટલે વાયુવેગી, મેઘ જેવો નાદ કરતા રથમાં તે બન્ને પોતાના નગર મથુરા પધાર્યા. તેમને જોઈ પ્રજા બધી આનન્દ પામી. જેમ કોઈનું ધન ક્યાંક ખોવાયું હોય તે પછી જડે ત્યારે તેને પહેલાં કરતાં પણ વિશેષ સુખ થાય છે, તેમ ત્રણ ચાર-વર્ષ સુધી ભગવાનનાં દર્શન થયેલ નહિ હોવાથી, હવે તેમનાં દર્શન થતાં સર્વ પ્રજા ઘણો જ આનન્દ પામી; એટલે તેમનો પહેલાંની જેમે જ ભગવાનમાં નિરોધ થયો.

**ગોપીઓ વગેરેના સાંત્વન માટે ઉદ્ધવને મથુરા મોકલવોઃ**

ભગવાને નન્દને કહેલું કે ''તમો અમારા સમ્બન્ધીઓને મળવા અમો આવશું'' અને નન્દના પુત્ર હોવાનો તેમની સાથેનો સમ્બન્ધ રાખેલ. પછી ભગવાન ભણવા પધાર્યા, તેથી એ કાર્યમાં વિલમ્બ થયો. વળી પોતાને મથુરામાં જરૂરી કામ હોવાથી, પોતે ગોકુલ જઈ શકે તેમ ન હતા. તેથી ભણીને આવ્યા પછી નન્દ વગેરેનું સાંત્વન કરવા ભગવાને ઉદ્ધવને મોકલવા વિચાર કર્યો.

ઉદ્ધવ કુલીન, સર્વ કામમાં ચતુર, પોતાના ગોત્રનો અને પ્રતિષ્ઠિત હોવાથી દૂત થવા યોગ્ય હતો. મન્ત્રી હોઈ છૂપો વૃત્તાન્ત કોઈને જાણવા ન દે તેવો હતો. તે ભગવાનને બહુ પ્રિય હતો, તેમનો મિત્ર હતો અને બૃહસ્પતિનો સાક્ષાત્ શિષ્ય હોઈ નીતિશાસ્ત્ર જાણતો હતો. તે પોતે જ ઉત્સવરૂપ હતો, ઘણો બુદ્ધિશાળી હતો અને પોતે જ ગોકુલવાસીઓનાં દુઃખ દૂર કરવા સમર્થ હતો. તેનાથી કાર્ય સરશે અને પોતે ગોકુલ નહિ પધારે તો પણ તે નન્દ વગેરેનું સાંત્વન કરશે અને ગોપીઓ સાથે એકાન્તમાં રહેવા છતાં તેને વિકાર નહિ થાય એમ જાણી, ગોકુલવાસીઓનાં દુઃખ હરનાર ભગવાને તેને કોઈ ન જુએ તેમ એકાન્તમાં બોલાવી, શ્રીહસ્તથી તેનો હાથ ઝાલી કહ્યું–

''હે ઉદ્ધવ! તું વ્રજ જા. અમારા પિતાને અમારા ત્યાં જવાથી જેવી પ્રસન્નતા થાય તેવી કરાવ. મારા વિયોગથી ગોપીઓને જે મનનું દુઃખ થયું છે તેમાંથી તેમને મારો સંદેશો જણાવી મુક્ત કર. તેઓ મારામાં જ મન, પ્રાણ અને ઈન્દ્રિયો રાખે છે, મારા માટે જ જીવે છે, બધી ઈન્દ્રિયો અને દેહ માંજ પરોવેલા રાખે છે. દેહના ઉપયોગી પદાર્થો હોય ત્યાં સુધી દેહ મારા માટે જ રાખેલ ન ગણાય, તેથી તેવા પદાર્થોનો પણ ત્યાગ કરે છે. છતાં તેમના દેહનો નિર્વાહ થાય છે, કારણ કે મારા માટે જ લોકના અને વેદના ધર્મોનો જેઓ ત્યાગ કરે છે, તેમનું હું પોષણ કરું છું. જેમ મારા હાથમાં રહેલા પદાર્થને કોઈ ઈજા કરી શકતું નથી તેમ તેઓને કોઈ પીડા કરી શકતું નથી, પરન્તુ તેઓને મારો વિરહ રહે છે, સંદેશાથી

મારે તેને મટાડવો છે. બધા પ્રિય પદાર્થો કરતાં પણ હું તેમને સર્વથી અધિક, પ્રાણથી પણ અધિક પ્રિય છું. હું તેમનાથી દૂર હોવાથી ચતુરાઈ રહિત ગોકુલની સ્ત્રીઓ મારું સ્મરણ કરતાં જ ક્ષણે-ક્ષણે મૂર્ચ્છા પામે છે અને લાચાર બને છે. હું ઘણો પ્રિય હોવાથી મારું સ્મરણ તેમને થાય જ. અને પ્રાણ શાથી નીકળી જાય તેનો કાંઈ નિયમ નથી. ઘણો ભય થવાથી, ઘણા ક્રૂર પ્રાણીને જોવાથી અથવા પુત્ર વગેરે મરણ પામવાથી જેમ પ્રાણ નીકળી જાય છે, તેમ મારા પ્રાપ્ત થવાનો સમ્ભવ ન રહેતાં મારું સ્મરણ થાય એ પણ મૂર્ચ્છા કરાવનાર મોટો પ્રહાર છે. એનો ઉપાય થઈ શકે તેવું નહિ હોવાથી તેમને સદા મૂર્ચ્છા થાય છે અને મને પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા હોવાથી તેઓ લાચાર બને છે.

''હું આવીશ'' એવો મેં તેમને સંદેશ કહેવળાવેલો, તેને લીધે જ જેમ-તેમ કરી તેઓ પ્રાણ ટકાવી રાખે છે, તેનાથી જ તેઓ જીવે છે. તે સંદેશ જો સમય જતાં ભૂલાય તો મરણ જ પામે. તેથી તેઓ જીવે તેવો બીજો ઉપાય કરવાનો છે, તે મારા પત્રમાં સ્પષ્ટ છે. તે ગોપીઓ 'મારી' છે અને મારા સમ્બન્ધની એવી શક્તિ છે કે જે મારાં છે તેમનું મન બીજામાં જતું નથી. તે ગોપોની સ્ત્રીઓ છે. ગોપો રાત-દિવસ તેમની આસ-પાસ તેમને સુખ આપતા રહે છે, તેમને પણ તજી તેઓ મારામાં જ આસક્તિ રાખે છે. તેથી બીજા કોઈમાં તેઓ પ્રેમ કરે એવી શંકા જ નથી. વળી હું જ તેમનો આત્મા છું. તેઓ મારું જ સ્વરૂપ છે. તેથી ''આ હું (શ્રીકૃષ્ણ) છું'' એવી જ તેમનામાં તારી બુદ્ધિ થશે. તેથી તું પુરુષ હોવા છતાં તે સ્ત્રીઓ પાસે મારો છૂપો સંદેશો એકાન્તમાં લઈ જા, તેમાં કાંઈ પણ ચિન્તા જેવું નથી.''

**ઉદ્ધવનું ગોકુલ આવવું:**

ઈશ્વરની આજ્ઞા સેવકોએ અવશ્ય માનવી જોઈએ. તેથી લોક મારી નિંદા કરશે, લોકનું ઉલ્લંઘન થાય છે, પરલોકમાં વિઘ્ન થશે, એ બધાની દરકાર વિના ઉત્સવરૂપ ઉદ્ધવ ભગવાનનો સંદેશો લઈ રથમાં બેસી નન્દના ગોકુલ ગયો. જતાં વેત તેજ દિવસે ગોપીઓને સંદેશ આપી શકાય નહિ, અને સ્મરણ થાય તો તેમનું દુઃખ વધે. વળી નન્દ સાથે પ્રથમ વાત કરવી જોઈએ. તેથી સૂર્ય અસ્ત થતો હતો ત્યારે તે ગોકુલ પહોંચ્યો કે જેથી ગોકુલના બધા લોકે લૌકિક-વૈદિક કાર્યમાં રોકાયેલ હોવાથી તેને જુએ નહિ. વળી તે સમયે પશુઓ સીમમાંથી ઝડપી આવતાં હોવાથી તેમની ખરીઓથી ઉડતી ધૂળથી તેનો રથ પણ ઢંકાઈ ગયેલ હોવાથી તેને કોઈએ જોયો નહિ.

**નન્દે કરેલ ઉદ્ધવનો સત્કાર:**

શ્રીકૃષ્ણના અનુચર અને પોતાને પણ પ્રિય એવા ઉદ્ધવના આવવાથી જ નન્દ પ્રસન્ન થયા, તેને ભેટ્યા અને ''ભગવાનના સેવકમાં ભગવાન જેવી જ બુદ્ધિ રાખવી'' એ નિયમ પ્રમાણે તેને વાસુદેવ માની તેની પૂજા કરી. તેને ઉત્તમ અન્ન જમાડ્યું, પલંગ ઉપર ગાદલાં ઉપર સુખપૂર્વક બેસાડી પગચંપી કરી તેનો થાક ઉતરાવ્યો અને પછી તેને પૂછ્યું કે ''હે મહાભાગ્યવાન્ ભગવદ્ભક્ત! કેદખાનામાંથી છૂટેલ વસુદેવ તેમના પુત્રો અને

મિત્રો સાથે સુખી છે ને? અમારી કન્યાને લઈ જઈ, તેમના પુત્રને અહીં રાખી તેમણે અમને પરમાનન્દ પ્રાપ્ત કરાવેલો. જ્ઞાનમાર્ગીય સત્પુરુષો, કર્મમાર્ગીય સદાચારીઓ અને ભક્ત યદુઓનો દ્વેષ કરનાર પાપરૂપ કંસને તેના ભાઈઓ સાથે હણ્યો એ બહુ સારું કર્યું. તે રોગરૂપ હતો અને ઈન્દ્ર વગેરેથી પણ હણી શકાય તેવો ન હતો. તે પાપી પોતાનાં પાપથી જ હણાયો. શ્રીકૃષ્ણ મને, યશોદાને, ઉપનન્દ વગેરે સમ્બન્ધીઓને, મિત્ર ગોપાલોને, વ્રજને, ગાયોને, વૃન્દાવનને અને ગોવર્ધનને યાદ કરે છે? જો યાદ કરતા હોય તો પોતાના સમ્બન્ધીઓને એક વાર મળવા આવશે? જે સદા સંભારતું હોય તે કોકવાર મળવાની ઈચ્છા થતાં આવે. તે આવશે તો સુન્દર નાસિકાવાળાં, મનોહર હાસ્ય તથા દષ્ટિવાળા તેમના મુખનાં અમને દર્શન થશે. તેમણે અમારા ઉપર ઘણા ઉપકારો કરી, અમે તેમને સદા સંભારીએ તેવાં સંભારણાં રાખેલાં છે. કાલિયના ધરા પાસે દાવાગ્નિથી, ગોવર્ધનને ઉંચો ધારણ કરી, પવન તથા વરસાદથી, વૃષાસુરથી, સુદર્શન સર્પથી તથા કંસ–દાવાનલ વગેરે કે જેમનાથી થતાં મૃત્યુને રોકી ન શકાય તેવાથી અમારું રક્ષણ કરી, અમે હિત કરવાની પ્રાર્થના કરી ન હોવા છતાં અમારું હિત કરેલું છે.

શ્રીકૃષ્ણનાં વીર્યો, લીલાવાળી કટાક્ષયુક્ત દષ્ટિ, હાસ્ય અને વચનનું સ્મરણ થતાં અમારી તેમની પાસે જવાની ક્રિયા ઢીલી થઈ જાય છે. ભગવાન ઉપરના પ્રેમને લીધે ત્યાં જવાનું મન થાય કે ત્યાં જઈ તેમને લઈ આવીએ, પણ તેમનાં વીર્યો સંભારતાં એમ થાય છે કે તેમણે અમારા ઉપર ઘણા ઉપકાર કરેલા છે, અમે તેમની પાસે કોણ? તેથી ત્યાં જવાની ઉદ્ધતાઈ કેમ કરાય? એવા વિચારથી જવાની ક્રિયા ઢીલી થાય છે. સુખ પ્રાપ્ત કરવા જવા ઈચ્છીએ તો તે સદાનન્દ હોઈ સંભારતાં જ સુખ આપે છે. ઈન્દ્રિયોના સુખ માટે પણ જવાની ક્રિયાઓ ઢીલી થાય છે, કારણ કે તેમની દષ્ટિનું ચિન્તન કરીએ એટલામાં જ તે જુએ છે એમ લાગવાથી નયન શાંત થાય છે. તે લીલાપૂર્વક જોતા જણાતા હોવાથી પ્રાણો પણ તૃપ્ત થાય છે. કટાક્ષથી જોતાં ઐશ્વર્ય પ્રકટ કરી અમારી ઉદ્ધતાઈ દૂર કરે છે હાસ્યથી મોહ કરે છે, વચનથી કાન વગેરેને સુખ આપે છે. તેથી હર કોઈ પ્રયોજનથી જવા પ્રયત્ન કરીએ તેને દૂર કરતા હોવાથી અમે જઈ શકતા નથી. યમુના નદી, ગોવર્ધન વગેરે પર્વતો, વૃન્દાવનની ભૂમિ આ બધા ભગવાનના ચરણોથી ભૂષિત છે, કારણ કે તેમનાં રમણ કરવાનાં સ્થાનો હતાં. તે બધામાં ભગવાને પોતાનો પ્રભાવ મૂકેલ હોવાથી તેમનાં દર્શન થતાં જ અમારું મન ભગવદ્રૂપ થાય છે. ભગવાન મોટા હોવાથી તેમનાં માહાત્મ્યને લીધે જ મન એ પ્રમાણે ભગવદ્રૂપ થાય છે.

મને તો અનુભવથી પણ જણાય છે કે ગર્ગે કહેલું તેમ શ્રીકૃષ્ણ અને બલભદ્ર દેવોનું મોટું કાર્ય સાધવા અહીં પોતે પધારેલા ઉત્તમ દેવો છે, તેઓ કાંઈ મનુષ્યની માફક ઉત્પન્ન થયેલા નથી. તેમની શક્તિ પણ એવો જ નિશ્ચય કરાવે છે, કારણ કે દશ–દશ હજાર હાથીના બલવાળા કંસ, ચાણૂર તથા મુષ્ટિક અને કુવલયાપીડ ને એટલે ચાલીસ હજાર હાથીના બલવાળા એ ચારને જેમ સિંહ હાથીને મારે તેમ તેમણે મારી નાખ્યા.

ભગવાને એક હાથથી ત્રણ તાડના જેટલા એટલે ત્રણસો હાથ લાંબા ઘણાં મજબૂત ધનુષ્યને, જેમ હાથી શેરડીના સાંઠાને ભાંગે તેમ સહેલાઈથી એક હાથથી ભાંગી નાખ્યું અને સાત દિવસ સુધી ગોવર્ધનને એક હાથથી ઉંચકી રાખ્યો. વળી દેવો અને અસુરોને જેમણે જીતેલો તેવા પ્રલમ્બ ધેનુક, તૃણાવર્ત, બક વગેરે દૈત્યોને અમારી હાજરીમાં જ રમતમાં મારી નાખ્યા.''

નન્દ ઉદ્ધવને જણાવવા આ કહેતા ન હતા, પરન્તુ ભગવાનના ગુણો વગેરે સંભારતા જ હતા. ચિત્તથી એ પ્રમાણે સ્મરણ કરતાં, બુદ્ધિ ભગવાનમાં પ્રેમવાળી થઈ અને મનમાં તીવ્ર ઈચ્છા થઈ એટલે પ્રેમને લીધે નન્દ પરવશ થતાં તેમની વાણી અટકી ગઈ. નન્દ ભગવાનનાં ચરિત્રોનું વર્ણન કરતા હતા તે સાંભળતા યશોદા વિરહથી દુઃખી થઈ આંસુ પાડવા લાગ્યાં અને દેહમાં ભગવાનનો આવેશ થતાં ઘણા પ્રેમને લીધે તેમનાં સ્તનો સ્રવવા લાગ્યાં. જેમ નન્દમાં ભગવાનનો આવેશ થયો અને વિરહ જણાયો તેમ યશોદાને પણ થયું. ભગવાનમાં એ પ્રમાણે તેમનો પ્રેમ જણાયો, પણ તે (પુત્ર ઉપરના મા-બાપના પ્રેમ જેવો) લૌકિક હતો અને તેને અલૌકિક કરવાનો હોવાથી ઉદ્ધવને તે માટે જ ભગવાને મોકલ્યા હતા.

**ઉદ્ધવે કરેલ નન્દ-યશોદાનું સાંત્વનઃ**

સર્વ ક્રિયાઓના ત્યાગ પૂર્વક, સમ્પૂર્ણ રીતે ભગવાનમાં ચિત્ત રાખવારૂપ તેમનો પ્રેમ જોઈને, આવા (પ્રેમવાળા) ભગવાનના ભક્તો જોઈને, તેમની સાથે વાતચિત કરીને હું પણ કૃતાર્થ થઈશ એવા વિચારથી ઉત્સવરૂપ ઉદ્ધવે તેમને ભગવાનનો સંદેશો આપતાં કહ્યું કે ''તમે બે સર્વથી વધારે પ્રશંસાપાત્ર છો, કારણ કે તમારી આવી રસાલ પ્રમેયભક્તિ છે. સત્કર્મથી પ્રશંસાપાત્ર થવાય છે, જ્ઞાનથી તેથી વધારે અને ભક્તિથી તેથી પણ વધારે પ્રશંસાપાત્ર થવાય છે. ભક્તિમાં પણ પરમ પ્રેમ સ્વતન્ત્ર ભક્તિ સર્વથી શ્રેષ્ઠ છે અને પ્રમાણ કરતાં પ્રમેયનું બલ વધારે હોવાથી સ્વતન્ત્ર ભક્તિ કરતાં પણ આ તમારી પ્રમેયભક્તિ રસાલ છે. આ શ્રીકૃષ્ણ નારાયણ મૂલ પુરુષ પુરુષોત્તમ છે, વળી સર્વના ગુરુ હોઈ પ્રમાણરૂપ પણ છે, કારણ કે સર્વ વેદોના વકતા નારાયણ પુરુષોત્તમ જ છે. તેથી તે ઉત્તમ દેવ જ નહિ, પરન્તુ પુરુષોત્તમ છે. તેમનાથી વધારે મોટું કોઈ છે જ નહિ, કારણ કે આ બે પૈકી શ્રીકૃષ્ણ વિશ્વનું સમવાયિકારણ અથવા બીજ છે અને બલભદ્ર નિમિત્તકારણ અથવા યોનિ છે. રામ અદ્‌ભુત (સારી સ્થિતિ) આપે છે અને શ્રીકૃષ્ણ મોક્ષ આપે છે. તે આ બે રહ્યા. એક પુરુષ અને બીજો પ્રકૃતિ છે. તેઓ અભ્યુદય, જ્ઞાન અને મોક્ષ આપે છે. તે આપવા જ તેમનો પ્રાદુર્ભાવ થયો છે. આ બે પુરાણ પુરુષ હોઈ પહેલાં પણ હતા જ. ભગવાનના હજારો ગુણો છે. ગુણો અને ગુણવાળામાં ભેદ નથી એવો સિદ્ધાન્ત હોવાથી ભગવાન જ તે ગુણરૂપ થાય છે અને તે ગુણોનું માહાત્મ્ય એ ભગવાનનું જ માહાત્મ્ય છે. ભગવાનનું રૂપ મનથી સર્વ કલ્પી શકે છે. ભગવાનના પ્રતિષ્ઠિત ગુણોને ન ગણતાં બ્રાહ્મણ અથવા ઋષિ જ નહિ, પરન્તુ જે હરકોઈ સામાન્ય માણસ પોતાના પ્રાણ જવાના સમયે

જ્યારે તેની બધી ઈન્દ્રિયો કાર્ય કરી શકે એવી ન હોય તેવી અશુદ્ધ સ્થિતિમાં પણ, ઘણા સમય સુધી નહિ પણ માત્ર એક ક્ષણ, વાણી દેહ વગેરે નહિ પણ માત્ર પોતાનું મન જ તેણે કલ્પેલા શુદ્ધ ભગવાનના સ્વરૂપમાં રાખે છે, તે બીજરૂપ દેહને ફગાવી દઈ, સૂર્ય જેવા વર્ણવાળો બ્રહ્મમય થઈ ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે. પોતાના અભિમાનનો ત્યાગ કરી બીજરૂપ દેહ મરી ગયેલો હોય તેમ તે જન્મ થવાના કારણરૂપ દેહને બાળી, ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરવામાં પોતાના મનને ભગવાનના કલ્પેલા સ્વરૂપમાં એક ક્ષણ રાખવા સિવાય બીજા કોઈ સાધનની દરકાર કર્યા વિના ભગવાનના તે સ્વરૂપથી જ ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે. તેથી જેટલો પુરુષાર્થ જ્ઞાન વગેરેથી ક્રમે-ક્રમે તથા એક વાર જ થાય તે બધો તેને ભગવાનના આ ગુણથી થાય છે. ભગવાનનું સ્વરૂપ એવું અલૌકિક છે એ જાણવાથી તેમના માહાત્મ્યનું જ્ઞાન થતાં તેમનામાં અધિક સ્નેહ થાય છે. તેવા સર્વના આત્મા અને સર્વના કારણરૂપ, જેમણે સર્વનો ઉદ્ધાર કરવા કપટથી માણસનો આકાર ધારણ કરેલો છે તેવા નારાયરમાં તમે બેએ સદા સ્નેહ રાખ્યો છે, એટલે હવે તમારે કાંઈ કરવાપણું રહેતું નથી. તમારી આ સ્થિતિ જ પુરુષાર્થ છે. જેમનાં સ્વરૂપમાં તથા ગુણમાં કાંઈ ક્ષતિ નથી તેવા ભગવાન થોડા જ સમયમાં વ્રજમાં આવશે અને તમારું જેમ પ્રિય થાય તેમ કરશે. તે ભક્ત યાદવોના પતિ હોવાથી તેમની અને ભક્તિમાર્ગની અનુકૂલતાએ આવશે. ન આવે તો તેમનું વચન ખોટું ઠરે*. તમે બે ઘણા ભાગ્યવાળા છો, તેથી ખેદ ન કરો. શ્રીકૃષ્ણનાં તમને તમારી પાસે જ દર્શન થશે. જેમ કાષ્ઠમાં અગ્નિ રહેલો છે તેમ તે બધા પ્રાણીઓના હૃદયમાં રહેલા છે. પ્રાણીઓના હૃદયમાં રહેનાર જીવ અથવા પ્રાણ નથી, પણ ભગવાન જ છે. કાષ્ઠ અને ઘડો બન્ને ભૂમિમાંથી ઉત્પન્ન થાય છે છતાં ઘડો ડૂબે છે પણ બળતો નથી અને કાષ્ઠ ડૂબતું નથી પણ બળે છે. તેથી જણાય છે કે સ્વભાવથી જ કાષ્ઠ અગ્નિરૂપ છે અને જલથી વૃક્ષાવસ્થામાં પોષણ પ્રાપ્ત કરે છે. અગ્નિ અને જલ ને જુદા રાખનાર માયા જેવા પૃથ્વીના સૂક્ષ્મ અવયવો કાષ્ઠમાં છે અને અગ્નિ અને જલ (કાષ્ઠ બળવાથી) જતા રહે ત્યારે તે પૃથ્વીના અવયવો રાખ જેટલા જ રહે છે. તેથી કાષ્ઠમાં મોટો ભાગ અગ્નિનો જ છે. જલના જેવો પ્રાણ છે અને પૃથ્વીના અવયવો જેવો જીવ છે (અગ્નિ જેવા ભગવાન છે). તેથી જેમ કાષ્ઠમાં અગ્નિ રહેલો છે તેમ પ્રાણીઓનાં હૃદયમાં ભગવાન રહેલા છે. ચેતન પ્રાણીઓ બધા આશ્રય કરે છે, હરેફરે છે તેથી નિશ્ચય થાય છે કે ભગવાન તેમનામાં છે. જેમ કાષ્ઠનું મથન કરતાં તેમાંથી અગ્નિ પ્રકટ થાય છે તેમ ભગવાન યોગથી પ્રકટ થાય છે. જો હૃદયમાં ન હોય તો પ્રકટ ન થાય. તે પ્રકટ થાય ત્યારે તેમનાં દર્શન સહેલાઈથી થાય છે, છતાં તે દુર્લભ છે, કારણ કે તેમને કોઈ પ્રકારનો લૌકિક સમ્બન્ધ નથી. યશોદા અને તમે માતા-પિતા તરીકે પ્રસિદ્ધ હોવા છતાં તેમના માત-પિતા નથી. સીતા વગેરે પત્નીઓ નથી, કુશ વગેરે પુત્રો નથી, ગદ વગેરે ભાઈ નથી, કોઈ પોતાનો નથી કે કોઈ શત્રુ નથી તેમ કોઈ ઉદાસીન પણ નથી. તેમને દેહ નથી, તેમ દેહનાં કારણરૂપ જન્મ નથી. તે અન્તર્યામી છે, અગ્નિ જેમે સર્વને બાળનાર છે. તે કર્મથી નિર્લેપ હોઈ ઉત્તમ, કનિષ્ઠ અથવા મધ્યમ

યોનિમાં અવતાર લે તોપણ તેમને કાંઈ કર્મ કરવાનાં નથી. સાધુઓનું રક્ષણ થાય તે માટે તે એ પ્રમાણે અવતાર લઈ ક્રીડા કરે છે, છતાં જેમ સૂર્ય ઉગે ત્યારે અંધકારનો તેની મેળે જ નાશ થાય છે, સૂર્યને તે માટે કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી. જેમ મહારાજા રમત માટે નાના ગામમાં પધારે ત્યારે ત્યાં ચોરનો ભય એની મેળે જ જતો રહે છે, તેમ ભગવાન અવતાર લે ત્યારે સાધુઓનું રક્ષણ એની મેળે જ ભગવાનના પ્રયાસ વિના જ થાય છે, કારણ કે ભગવાનમાં એવી શક્તિ છે. તે નિર્ગુણ હોવા છતાં સત્ત્વ, રજસ્, અને તમસ્ ગુણોનો ક્રીડા કરતાં આશ્રય કરી તેમનાથી સૃષ્ટિ રચે છે, તેનું પાલન કરે છે અને તેનો નાશ કરે છે. તે પોતે કાંઈ કરતા નથી.

(*વસ્તુતઃ ભગવાન આ પછી થોડા જ સમયમાં ગોપીઓ ન જાણે તેમ નન્દ-યશોદાનું પ્રિય કરવા અહીં પધારેલા; તેથી જ દ્વારકાવાસીઓએ સ્તુતિ કરતાં કહેલું છે કે જ્યારે આપ સમ્બન્ધીઓને મળવા હસ્તિનાપુર, મથુરા પધારો છો ત્યારે એક ક્ષણ અમને કરોડ વર્ષ જેવી થાય છે. ભાગ.પુરા.૧।૧૧।૯.)

''જે ગોળ-ગોળ ફરે છે તેની ખરેખર તો દૃષ્ટિ ફરે છે પરન્તુ તે ''પૃથ્વી ચક્કર-ચક્કર ફરે છે'' એમ કહે છે, પરન્તુ પૃથ્વી ફરતી નથી. ફરતી હોય તો (ફેર ઉતર્યા) પછી પણ તેને ફરતી દેખાય, તથા બીજાને પણ ફરતી દેખાય. તે પ્રમાણે ભગવાન બ્રહ્મરૂપ છે, તેમનાં સ્વરૂપ, ક્રિયા અને ગુણો પણ નિત્ય છે અને તે તેવાજ પ્રકટ થાય છે, પરન્તુ પુરુષોની દૃષ્ટિ તેમને ક્રમથી જુએ છે. ગ્રહણ કરનાર દૃષ્ટિ પોતાના ગુણ તેમનામાં યોજે છે. તેથી ભગવાન બ્રહ્મરૂપ હોવા છતાં તે તેમને જ્યાં-ત્યાં પ્રાકૃત જુએ છે અને તેવી કલ્પના કરે છે. એવી રીતે પોતાના ભ્રમથી જ સચ્ચિદાનન્દ ભગવાન પ્રાકૃત જણાતા હોવાથી, તેમનામાં પ્રાકૃતપણું વગેરે ગુણો નથી. જેમ સાંખ્ય વગેરે પ્રમાણે અને સ્મૃતિ પ્રમાણે ચિત્ત કર્તા હોવા છતાં, આત્મામાં તેનો અધ્યાસ (ચિત્ત જ આત્મા છે એવું ભાન) હોવાથી આત્મા કર્તા હોય તેમ જણાય છે, તેવી રીતે ભગવાનમાં પોતાના સમ્બન્ધ મૂકવાથી, પ્રાકૃતપણું, પુત્રપણું વગેરે જુદા-જુદા ગુણો જણાય છે, પણ વાસ્તવિક રીતે ભગવાનમાં તેવા ગુણો નથી. ભગવાન પૂર્ણ જ સર્વ સ્થળે છે, પણ આપણી હદવાળી દૃષ્ટિથી જુદા-જુદા પદાર્થમાં દેખાતા સૂર્યની જેમે તે-તે પદાર્થના સમ્બન્ધવાળા દેખાય છે, અથવા આપણા પોતાના ગુણ તેમનામાં મૂકવાથી તેવા દેખાય છે. ખરું જોતાં તો તે દેખાતા જ નથી. તેથી પૂર્ણ પરમાનન્દ જ ભગવાન તેમની ઈચ્છાથી હદવાળી દૃષ્ટિથી ક્યારેક દેખાય છે અને ક્યારેક નથી દેખાતા. હમણાં મથુરાવાસીઓને તેમનાં દર્શન થાય છે, પણ તમને નથી થતાં. અથવા હું વગેરે (અહીં) તેમનાં દર્શન કરીએ છીએ, છતાં તમો કહો છો કે ''ભગવાન અહીં નથી, મથુરા છે.'' આ તમારો ભ્રમ છે. તેથી ભ્રમ તજો અને ભગવાન સર્વ સ્થળે છે એમ જાણો. તે સર્વ સ્થળે હોવા છતાં તેમનો સાક્ષાત્કાર તો તેમની ઈચ્છાથી જ થાય છે. આટલા સમય સુધી તમે તેમની સાથે પુત્ર તરીકે વ્યવહાર કર્યો એ તમારી ભ્રાન્તિ હતી. છતાં હજી પણ પુત્ર માનો તો તે ઈશ્વર સર્વના પુત્ર છે, તમારા જ પુત્ર છે એમ નથી. જો તે સર્વના પુત્ર વગેરે ન

થાય તો સંસારમાં પ્રાણીઓને આનન્દ ન થાય. તે સર્વના દુઃખ હરવા સમર્થ છે, તે છતાં જો સર્વના દુઃખ ન હરે તો તે અયોગ્ય ગણાય. તેથી તે સર્વના પુત્ર, સંઘાતરૂપ આત્મા, બીજરૂપ પિતા અને યોનિરૂપ માતા છે. પ્રાણીમાત્ર જીવ છે અને તે ઈશ્વર તેમને વશ રાખનાર અન્તર્યામી છે. તેથી તે સર્વના પુત્ર હોવાથી તમારા પુત્ર તરીકે પોતાને ઓળખાવે તેમાં શું આશ્ચર્ય? ભગવાન સર્વના પુત્ર આત્મા પિતા અને માતા થઈ સર્વને તેમ જણાવે છે, છતાં જે કોઈ એમ ન માને તેનું અભાગ્ય જાણવું. તેથી તમે પણ તે તમારા પુત્ર જ છે એમ ન માનશો, પરન્તુ સર્વરૂપ હોવાથી પુત્ર પણ છે એમ માનજો. ૧.જે દેખાય છે તે સર્વ લૌકિક, વેદ વગેરેથી જણાય છે તે અલૌકિક, ૨.થઈ ગયું તે, છે તે અને થવાનું છે તે, એટલે ત્રણે કાલના સમ્બન્ધવાળો હરકોઈ પદાર્થ, ૩.સ્થાવર અને જનમ અને તેમાં પણ ૪.તરખલું અને મેરૂ, રેતીનો કણ અને બ્રહ્માણ્ડ, મચ્છર અને બ્રહ્મના જેવાં નાનાં અને મોટાં, એમ ચાર પ્રકારે વિસ્તાર કરેલા ચતુમૂર્તિ ભગવાન પોતે અચ્યુત જ છે. કોઈ પણ અંશથી તે હદવાળા હોત તો તે 'અચ્યુત' ન રહેત. અચ્યુત વિના કોઈ વસ્તુ નથી. આધિદૈવિકરૂપે ભગવાન થયેલા તે પરમ પુરુષાર્થરૂપ છે, આધ્યાત્મિક પરમ પુરુષાર્થ નથી પણ પુરુષાર્થ છે અને આધિભૌતિક તો પુરુષાર્થ જ નથી. તમે જેમને ભૌતિક માનો છો તે આધિદૈવિક સ્વરૂપ જ છે. અને તેમનાં પ્રમેયબલથી તમારી મુક્તિ થશે.''

**ગોપીઓનું પ્રાતઃકાર્યઃ**

એ પ્રમાણે ઉદ્ધવે નન્દને ઉપદેશ આપ્યો. ભગવાનના ભક્ત નન્દ અને સેવક ઉદ્ધવ એ પ્રમાણે વાતચિત્ કરતા હતા એટલામાં જે સાંજે ઉદ્ધવ આવેલા તે રાત્રિ પૂરી થઈ. ગોપીઓ ઉઠી, ભગવાનની મંગલ આર્તિના દીવા તેમણે કર્યા, ભગવાન અહીં હતા એ વિચારથી ભક્તિથી તેમણે પોતાના ઘરના ઉંબરાની પૂજા કરી અને સવારે, બપોરે અને સાંજે મેળવેલા દહીંનું તેમણે મથન કર્યું. દીવાઓથી પ્રકાશેલા દીવાના પ્રતિબિમ્બવાળા મણિઓથી અને નેતરું તાણનારી ભુજાઓમાં પહેરેલી કંકણરૂપ માલાઓથી તેઓ શોભતી હતી. કુંડલની પ્રભાવાળા ગાલને લીધે અને લાલ કુંકુમને લીધે તેમનાં મુખો લાલ દેખાતાં હતાં. કમલનાં જેવા નયનવાળા, કોટિ કામદેવ જેવા સુન્દર ભગવાનનાં ગુણગાન મોટેથી તેઓ કરતી હતી. મથાતાં દહીંના શબ્દ સાથે ભળેલો અવાજ સ્વર્ગ સુધી પહોંચતો હતો. જ્યારે ગાનનો અવાજ જ સ્વર્ગ સુધી પહોંચતો હતો ત્યારે તેના ફલનું તો કહેવું જ શું? આ અવાજથી દિશાઓનું અમંગલ નષ્ટ થતું હતું.

ભગવાનનું સ્મરણ કરાવનાર ભગવદ્રૂપ તે દિવસનો સૂર્ય ગોપીઓને અને ઉદ્ધવને પરમ પુરુષાર્થ આપનારો હતો. તે ઉગ્યો ત્યારે નન્દના ઘર પાસે સુવર્ણનો રથ જોઈ, આ રથ સુવર્ણનો હોવાથી નન્દનો અથવા તેમના સમ્બન્ધીઓનો નથી એવો નિશ્ચય થતાં ગોપીઓ બોલી કે ''આ કોનો રથ છે?'' કોનો હશે તેનો વિચાર કર્યો અને બીજાને પૂછી જોયું. પછી મથુરાના કોઈ રાજાના સમ્બન્ધીનો હશે એવો નિશ્ચય કરી, અક્રૂરે સ્વાદ લીધેલો હોવાથી તે જ પાછો અહીં આવ્યો હશે એમ તેમણે માન્યું. ''અક્રૂરે કંસનો પુરુષાર્થ

સાધેલો'' એમ તેઓ વ્યંગ્ય બોલવા લાગી, પણ ખરેખર અક્રૂરે કંસને પરમ પુરુષાર્થ એટલે મોક્ષ પ્રાપ્ત કરાવેલો. ગોપીઓનો તો તેણે દોષ જ કરેલ, કારણ કે ફલરૂપ ભગવાનને તે ત્યાંથી મથુરા લઈ ગયેલો. તેઓ બોલી કે ''શું અમારાથી તે તેના મરણ પામેલ ધણી કંસનું વૈર વાળવાનો છે? મરણ પામેલ કંસ દૈત્ય હોવાથી તેને લોહી અને માંસ પ્રિય છે. તથી તેને માંસ અને તેમાં પણ મનુષ્યનું માંસ આપવા અમને તે લઈ જવાનો છે. એમ કરશે તો જેમ તેનો પહેલાંનો મનોરથ ઉંધો વળ્યો અને ઉલટો કંસ મૂઓ તેમ ભગવાન અક્રૂરનું જ બલિદાન આપશે, તેથી આ મૂર્ખાઈથી જ અહીં આવ્યો છે.'' એ પ્રમાણે તેઓ તેની મશ્કરી કરી બોલતી હતી, એટલામાં ઉદ્ધવ સવારના નિત્યકાર્યથી પરવારી આવ્યો. સવારમાં વહેલાં જ તેણે નિત્યકાર્ય કર્યું, કારણ કે ગોપીઓને ભગવાનના વિયોગથી થતું દુઃખ દૂર કરવાનો ભગવાનનો બીજો સંદેશો ગોપીઓને પહોંચાડવાનું ભારે કામ તેને કરવાનું હતું.

**ગોપીઓએ કરેલ ઉદ્ધવનો સત્કાર:**

ગોપીઓએ ઉદ્ધવને જોયો. તેના અવયવો જોઈ તેમને ભગવાનનું સ્મરણ થયું. કારણ કે તેના બાહુઓ ઘણા લાંબા એટલે ક્રિયા કરી શકે તેવા અને આલિંગન કરવામાં ઉપયોગી થાય તેવા હતા. તેના નયનો તાજા કમલનાં જેવા હતાં, એટલે સર્વ તાપ હરનારી જ્ઞાનશક્તિ તેનામાં હતી. તેણે પીતામ્બર પહેરેલું. એ માયાશક્તિ થઈ. રસ ખુલ્લો ન રહે તેથી માયારૂપ પીતામ્બરથી તે ઢંકાયેલો. વળી પીળો રંગ શ્યામ રંગ ઉપર વધારે શોભા કરે છે. તેણે કમલની માલા પહેરેલી તે કીર્તિ સૂચવતી હતી. તેનું મુખ પ્રકાશતું હતું એ તેની 'શ્રી' શોભા જણાવતું. તેનાં કુંડલો મણિઓથી ઉજળાં જણાતાં હતાં, તે સર્વના આભરણરૂપ વૈરાગ્ય જેવી શાસ્ત્રથી થતી કાંતિ પ્રકટ કરતાં હતાં. ભગવાનના જેવા છ ગુણોવાળો જોઈ, તેની ચેષ્ટાથી ''આ શ્રીકૃષ્ણનો સેવક છે'' એમ તેમણે જાણ્યું.

તેનું કપટ તથા લોભ વિનાનું પવિત્ર હાસ્ય જોઈ, સ્વરૂપથી તેને કામના રહિત સ્ત્રીઓનું પ્રિય કરનારો જોઈ ''ભગવાન જેવો નહિ પણ ભગવાનનો જ પીતામ્બર વગેરે વેષ ધારણ કરેલો આ કોણ? ક્યાંથી આવ્યો? ભગવાને પોતાનાં આભરણો પહેરાવી મોકલેલો છે કે નટની જેમે અભિનય કરવા આવેલો છે કે બીજું રૂપ ધારણ કરીને ભગવાન જ પધારેલા છે? આ કોનો પુત્ર અથવા પૌત્ર છે?'' એ જાણવાની ઈચ્છાથી, તે શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવતો હોવાથી અને શ્રીકૃષ્ણને મળવા તેઓ આતુર હોવાથી, તેઓ તેની આસપાસ ફરી વળી; કારણ કે તે ભક્તિમાર્ગને અનુસરનારો ભગવાનના ચરણારવિન્દનો સેવક હતો. પછી સભ્યતાપૂર્વક નમ્ર થઈ, આસન વગેરેથી તેમણે તેનો સત્કાર કર્યો. પછી લજ્જાયુક્ત હાસ્યવાળી દૃષ્ટિ, કુશલ પ્રશ્નરૂપ મીઠી વાણી, પુષ્પ વગેરેથી સત્કાર કરી, જ્યાં નન્દ વગેરેની દૃષ્ટિ ન પડે ત્યાં એકાન્તમાં તેને આસન ઉપર બેસાડ્યો. તેમનો સત્કાર ઉદ્ધવે ગ્રહણ કર્યો તેથી તેમણે જાણ્યું કે તે તેમના માટે જ આવ્યો હતો, કારણ કે તેમના માટે આવ્યો ન હોત તો તેમની સાથે ન રહેત. વળી તે નિષ્કામ હોવાથી ભગવાનનો સંદેશો લઈને જ આવ્યો છે એમ તેમણે જાણ્યું પણ ''ભગવાન રમા સાથે હમણાં રહેતા હોવાથી

આપણી તેમને દરકાર નથી, માત્ર આપણા મનનું સમાધાન કરવા જ આને મોકલ્યો છે'' એવા વિચારથી તેમને માન ઉત્પન્ન થયું અને તેથી તેઓ ભવાન્‌ની નિંદા કરવા લાગી.

**ગોપીઓનો શ્રીકૃષ્ણ ઉપર દોષારોપઃ**

તેમણે ઉદ્ધવને કહ્યું કે ''શ્રીકૃષ્ણ પહેલાં અમો ગોપીઓના પતિ હતા તે હમણાં યદુપતિ થયા છે અને તું તેમનો પાર્ષદ થઈ આવ્યો છે એ અમે જાણીએ છીએ. તું પાર્ષદ એટલે ચતુર સભાપતિ છે (તેથી તું કહે તે માનવા જેવું નહિ જ હોય, એમ સૂચવે છે). શ્રીકૃષ્ણે જ માત-પિતાનું પ્રિય કરવાની ઈચ્છાથી, તે કુશલ અને સત્તાવાળા છે એમ તેમને જણાવવા તને અહીં મોકલ્યો છે. અમને તો એટલાથી સુખ થવાનું નથી એટલે તને અમારા માટે મોકલ્યો નથી જ. નન્દના વ્રજમાં અમે રહીએ છીએ એમ નન્દનું માહાત્મ્ય થાય તે માટે કદાચ તે અમને સંભારતા હશે, બાકી આ પશુઓના નેસડામાં ઘણા સમૃદ્ધ સર્વના ઈશ્વર શ્રીકૃષ્ણને ભોગ કરવા જેવું કે કાંઈ સંભારવા યોગ્ય જણાતું નહિ હોય. કારણ કે જેની જરૂર હોય તેને લોકો સંભારે છે. જેમ જરૂરીયાત સ્મરણ કરાવે છે તેમ કેવલ સ્નેહ સ્મરણ કરાવતો નથી, પણ બંધુઓના સ્નેહની ગાંઠ સ્મરણ કરાવે છે. આવા સ્નેહને મુનિઓ પણ તજી શકતા નથી, કારણ કે તેના કારણરૂપ સમ્બન્ધ કુદરતી છે. જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી જ્ઞાન વગેરેથી પણ આવો સ્નેહ જતો નથી. અમારામાં તો ભોગની ઈચ્છાને લીધે તેમને સ્નેહ હતો. જ્યારે દેહનો ત્યાગ કરે ત્યારે દેહને લીધે જેમના ઉપર સ્નેહ હતો તેમના ઉપર સ્નેહ રહેતો નથી, તેમ ભોગની ઈચ્છાનો ત્યાગ કરે ત્યારે અમારા ઉપરનો સ્નેહ ન જ રહે. જેમની સાથે દેહનો સમ્બન્ધ ન હોય તેમની સાથે પ્રયોજનને લીધે સ્નેહ હોય છે. પ્રયોજન (દેહના સુખ માટે હોવાથી) દેહનો ધર્મ છે અને તેથી દેહથી દુર્બલ છે. વળી આવો સ્નેહ પ્રયોજનરૂપ ઉપાધિવાળો હોવાથી લાંબો સમય રહેતો નથી. તેમાં પણ સ્નેહ વાસ્તવિક હોતો નથી, પણ સ્નેહનું અનુકરણ જ કરાય છે. તેથી ભગવાનનો અમારા ઉપર કોઈ વાર સ્નેહ ન હતો, માત્ર સ્નેહનું અનુકરણ જ કરતા હતા. પુરુષો સ્વતન્ત્ર શક્તિવાળા છે, સ્ત્રીઓ પરતન્ત્ર-શક્તિવિનાની છે. જો પુરુષોને કામ ન હોત તો તેઓ સ્ત્રીઓ ઉપર સ્નેહ કરત જ નહિ. તેથી તેઓ કામને લીધે જ સ્નેહ કરે છે. કામ બીજા પ્રકારે પૂર્ણ થાય અથવા ન રહે ત્યારે તેમનો સ્ત્રીઓ ઉપરનો સ્નેહ જતો રહે છે. વૈરાગ્ય થાય ત્યારે શાસ્ત્ર પણ સ્ત્રીનો ત્યાગ કરવાનો ઉપદેશ કરે છે. તેથી છ પગવાળા (ઘણા પગ હોવાથી જ્યાં-ત્યાં રખડવાની ક્રિયા ઘણી કરનારા) ભમરાઓનો પુષ્પોમાં જેવો સ્નેહ હોય છે તેવો પુરુષોનો સ્ત્રીઓમાં સ્નેહ હોય છે. પુષ્પમાંથી મકરંદ ચૂસ્યા પછી પુષ્પનો નાશ થાય તો પણ તેમને કાંઈ દુઃખ થતું નથી. ભગવાનનો અમારા ઉપર આવો સ્નેહ હતો.

૧.સ્ત્રીઓ પણ સ્વાર્થ ન હોય ત્યારે પુરુષોનો ત્યાગ કરે છે. ગણિકા ગમે તે પુરુષને પહેલાં સમ્પૂર્ણ રીતે ભજે છે, તેઓ ધર્મ થાય તે માટે ભજતી નથી અને લોકમાં પણ તેમની નિંદા થાય છે. એવી રીતે લોક-વેદથી પણ વિરુદ્ધ આચરણ કરીને, બધાનો ત્યાગ કરી, હર કોઈ એકને સમ્પૂર્ણરીતે ભજનારી ગણિકા જો ધનની કામના ન રાખે તો સર્વથી

ઉત્તમ ગણાય. પણ તે ધનની ઈચ્છા રાખે છે અને માત્ર ગૂજરાન પૂરતું નહિ, પરન્તુ તેથી પણ અધિક ધનની ઈચ્છા રાખે છે. તેથી તેમનું ભજન બધું વ્યર્થ છે, કારણ કે ધન ન મળે ત્યારે તે ભજતી પણ નથી. જે તેવીને જાણીને બધી મિલ્કત આપે છે તેવો ધનહીન પુરુષ, કમાઈ પણ શકતો ન હોય તેનો પણ ગણિકા ત્યાગ કરે છે, કારણ કે તે ધન માટે ભજન કરે છે.

૨.પહેલાં રાજા સમ્પૂર્ણરીતે પ્રજાનું પાલન કરતો હોય અને પ્રજા તેને સમ્પૂર્ણરીતે ભજતી હોય, છતાં રાજા પાલન કરવા અશક્ત થાય ત્યારે પ્રજા તેનો ત્યાગ કરી, તેના શત્રુની થાય છે. જો પ્રજા શત્રુને રાજા ન માને તો તે રાજા ન થાય. છતાં તેવો પ્રયાસ કોણ કરે? અલ્પ કારણને લીધે જ પરમ્પરાથી રાજા ચાલ્યો આવતો હોય તેનો ત્યાગ કરે છે. આથી જણાય છે કે જ્યાં દેહનો સમ્બન્ધ નથી હોતો ત્યાં પ્રયોજન હોય ત્યાં સુધી જ લૌકિક ભજન થાય છે, પણ પ્રયોજન ન રહે ત્યારે એક ક્ષણ પણ લૌકિક ભજન થતું નથી.

૩.વૈદિક ભજનમાં પણ એવું જ છે. જેનાથી સર્વ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે તેવી બધી વિદ્યા જેની પાસેથી શીખે તેવા આચાર્યનું પણ વિદ્યા ભણતાં સુધી જ શિષ્ય ભજન કરે છે, પછી ભજન કરતો નથી. પોતાનું કાર્ય પતે ત્યારે આવા આચાર્યનો પણ તે ત્યાગ કરે છે. તેથી દેહનો સમ્બન્ધ ન હોય ત્યારે પ્રયોજન હોય ત્યાં સુધી જ મૈત્રી રહે છે. આચાર્ય અને શિષ્ય ને વૈદિક સમ્બન્ધ છે. શિષ્યને આચાર્યનું સૂતક પાળવું પડે છે. ભણતરથી ધન પ્રાપ્ત થતાં આજીવિકા થાય છે, છતાં આવા આચાર્યનો પણ ભણી રહે એટલે ત્યાગ કરે છે, કારણ કે તે ધર્મ માટે ભજન કરે છે.

૪.ગોર પણ દક્ષિણા મળે યજમાન્‌નો ત્યાગ કરે છે. વળી યજમાન્ દક્ષિણા ન આપે તો ગોર તેનો ત્યાગ કરે છે. તેથી દેહનો સમ્બન્ધ ન હોય ત્યાં પ્રયોજનને લીધે જ મૈત્રી હોય છે.

૫.તેવી જ રીતે કામ માટે પણ ભજન થાય છે. ભૂખથી પીડાયેલાં પક્ષીઓ ફલવાળાં વૃક્ષનો આશ્રય કરે છે. તેઓ ફલ થઈ રહે કે તરત તેનો ત્યાગ કરે છે. તેમજ મુસાફરો છાયા માટે વૃક્ષોનો આશ્રય કરે છે. અને છાયાની જરૂર ન રહે કે તરત તેનો ત્યાગ કરે છે.

૬.તેવીજ રીતે સમ્બન્ધ વિનાના બ્રાહ્મણો ભૂખ્યા હોઈ અતિથિ થઈ ભોજન તથા બીજા સત્કાર પ્રાપ્ત કરી, પછી તે ઘરમાં મૃત્યુ વગેરે થયાં હોય તો પણ તે જોયા વિનાજ ચાલ્યા જાય છે.

૭.જે વનમાં મૃગો જુમ્યા અને મોટા થયા, તેમાં જો આગ લાગે કે આફત આવે તો ભવિષ્યમાં સમ્પત્તિ થવાની સમ્ભાવના હોવા છતાં, તેનો થોડા સમય સુધી પણ ઉપયોગ ન હોવાથી તેઓ તેનો ત્યાગ કરે છે.

૮.જાર પરસ્ત્રીનો ભોગ કરે છે. પોતે જાર છે, જારપણું કરવાનો જ તેનો સ્વભાવ છે, છતાં તેણે ભોગ કર્યા પછી કોઈ તે સ્ત્રીને મારી નાખે તો પણ તે તેની દરકાર કર્યા વિના જતો

જ રહે છે. તેવું અમારે થયું''.

ગોપીઓએ ભગવાનની એ પ્રમાણે નિંદા કરી, પરન્તુ દુઃખને લીધે તેમનો એવો સ્વભાવ થયો હતો. વસ્તુતઃ તે દુષ્ટ ન હતી, પણ ઉત્તમ જ હતી. તે ભોળી હતી, કપટ તેમજ વિવેક જાણતી ન હતી. તેથી દુઃખને લીધે જે મનમાં આવતું તે બોલતી હતી. પહેલાં ઘણા કષ્ટથી સર્વનો ત્યાગ કરી સમ્પૂર્ણ રીતે તે ભગવાનને પામેલી. બધા દેવોએ પણ ભગવાનને 'ગોવિન્દ' એટલે તેમના ઈન્દ્ર બનાવેલા તેથી તેઓ આમ બોલી, તેથી તેમનાં કાયા વાણી અને મન ભગવાનમાં જ આસક્ત થયેલાં એમ જણાય છે. તે ભગવદીય હતી. તેથી આ વચનોથી જો દોષ થતો હોય તો ભગવચ્છાસ્ત્ર જ દોષરૂપ ગણાય.

સ્વામી શ્રીકૃષ્ણનો દૂત ઉદ્ધવ પણ વ્રજમાં આવતાં, તેમણે લૌકિકનો ત્યાગ કર્યો. બધાની દરકાર તજી, પ્રકટ થઈ તેની સાથે બેઠી, તો પછી સાક્ષાત્ ભગવાન પધારે તો તેઓ શું ન કરે? ઉદ્ધવની પાસે જ તે ભગવાનના કર્મોનું ગાન કરવા લાગી. તેમની વાણી ભગવાનને જ નિવેદન થયેલી, તેથી ઉદ્ધવનો સંકોચ રહેતો ન હતો. વળી સ્ત્રીઓનો સ્વાભાવિક ગુણ લજ્જા છે, તેનો પણ ત્યાગ કરી તેઓ રડી. તેમનું અન્તઃકરણ પણ ભગવાનને નિવેદન થયેલું હોવાથી તેઓ રડી. ભગવાને બાલપણમાં અને કિશોર અવસ્થામાં જે-જે કર્મો કરેલ તે વારંવાર આદરપૂર્વક સંભારીને તેઓ તેનું ગાન કરતી અને રડતી. ભગવાનની નિંદારૂપ આ તેમનો દોષ મોટો હોવા છતાં, તેમનાં શરીર વાણી મન તથા અન્તઃકરણ ભગવાનમાં આસક્ત હોવાથી તે દૂર થાય તેવો છે.

**ગોપીઓએ ભ્રમરને કહેલાં વચનો અથવા ભ્રમરગીતઃ**

બીજો દોષ ગોપીઓનો એ હતો કે ભ્રમરને કહેવાના બહાને તેમણે ભગવાનને દોષ દીધા. કોઈએક તામસ-તામસી ગોપીએ મનથી ભગવાનનો સમ્બન્ધ પ્રાપ્ત કર્યો અને પછી માન કર્યું. ત્યારે ભગવાને બીજીનો સમ્બન્ધ કર્યો અને તે બીજી સારી નથી એવી કલ્પના કરીને તેણે ભ્રમરને જોતાં એમ માન્યું કે ભગવાને મને જ વિનવવા માટે આ ભ્રમરને મોકલ્યો છે. ત્યારે ભ્રમરને કહેવાના બહાને તેણે ભગવાનને દોષ દીધા. કારણ કે તેમ ન કરે તો રસ પુષ્ટ ન થાય. આ વિચાર પ્રમાણે ભ્રમરને જે શબ્દો કીધા તે ઉદ્ધવને કીધા એમ ગણાય, તેથી ઉદ્ધવને પણ દોષ દીધો ગણાય. અથવા ગોપીઓનું સ્વરૂપ ઉદ્ધવને દર્શાવવા ભગવાને ભ્રમરને પણ મોકલેલો. ત્યારે તેને જોઈ દિવ્ય જ્ઞાનથી તે ભગવદીય (ભગવાનનો દૂત) છે એમ વિચારી તે ગોપીઓએ કહ્યું કે

''હે મધુપ! હે ઠગબંધુ! શોકની છાતી પર ચૂંથાયેલી માલાના કેસરવાળી દાઢીથી અમારા ચરણનો સ્પર્શ ન કર. જેમનો દૂત તું આવો છે તે મધુપતિ યાદવોની સભામાં ઉપહાસપાત્ર માનિનીઓનાં તે પ્રસાદને ભલે ધારણ કરે.''

વિપ્રયોગમાં સ્નેહને લીધે સર્વત્ર દૂતને અને નાયકને નાયિકા દોષ દે છે તે પ્રમાણે અહીં ગોપી દૂતને અને ભગવાનને દોષ દે છે. ભક્તિમાર્ગમાં ભગવાનને દોષ ન દેવાય, તેમ જ સમાધિમાં ભગવાનના દોષ જોવામાં ન આવે, પરન્તુ આ કામશાસ્ત્રને અનુસરતી

મતાન્તર ભાષા હોવાથી સમાધિભાષામાં અથવા ભક્તિમાર્ગમાં આથી વિરોધ થતો નથી.

'મધુપ' એટલે ૧.ભ્રમર; ૨.મધુ=મદ્ય+પ=પીનાર. મદ્યપાન કરનાર. ભ્રમરને કહેવાના બહાનાથી ઉદ્ધવને 'મધુપ' કહે છે તેથી યાદવો બધા મદ્યપાન કરનારા છે એવું લોકમાં પ્રસિદ્ધ હોવાથી ઉદ્ધવની નિંદા કરી ગણાય. ભગવાન અને તેમના ભક્તો મદ્યપાન કરતા ન હતા, અને નિંદાપાત્ર ન હોય તેવા સાધારણ માણસોના ધર્મોનું અનુકરણ કરતા, નિંદાપાત્ર ગુણોનું અનુકરણ ન કરતા. છતાં પણ મદ્યપાન સાધારણ રીતે યાદવોમાં થયા કરે છે એમ સાંભળવામાં આવે, ત્યારે તેમને ઘણો જ ખેદ થાય. સરસ્વતી આનો વાસ્તવિક રીતે બીજો અર્થ પણ જણાવે છે.

ભગવાન સ્વામી છે, કાલ તેમનો દૂત છે અને ગોપીઓ શ્રુતિઓ છે. કાલ મારફત ભગવાનને સંદેશો મોકલાય અથવા તેમનું જ્ઞાન થાય. કાલ સંવત્સરરૂપ છે. તેમાં પહેલી વસન્ત મધુ (મદ્ય)નું 'પાતિ' સંરક્ષણ કરે છે જ. પછી ઠગીને સર્વ રસોને હરનારી ગ્રીષ્મની તે બંધુ પણ છે. જો ગ્રીષ્મ ભગવાનના સમ્બન્ધવાળી ભૂમિના પ્રદેશનો અથવા ત્યાં રહેલા ભગવાનના ચરણનો સ્પર્શ કરે તો ઘણું જ દુઃખ થાય, તેથી તેને ચરણનો સ્પર્શ કરવાની શ્રુતિ મના કરે છે. પહેલાં ભગવાન વૃન્દાવનમાં હતા, ત્યારે ત્યાં ''ઉનાળાનો અગ્નિ અને સૂર્યનો તાપ લાગતાં ન હતાં.'' તેમજ ''સૂર્યના કિરણો વિષથી પણ તીવ્ર હોવા છતાં ભૂમિનો રસ ચૂસતાં નહિ.'' હમણાં ભગવાન વૃન્દાવનથી દૂર છે એમ માની કદાચ ગ્રીષ્મ એ ભૂમિનો સ્પર્શ કરે, તેથી તેને તેમ કરવાની મના કરે છે. વળી ભગવાનના ચરણરૂપ આ વૃન્દાવન ભૂમિની શોક 'દ્યૌઃ' (આકાશ) છે. મેઘો પયોધર (જલ અથવા દૂધ ધારણ કરનાર) હોવાથી તેનાં સ્તન જેવાં છે. વિજળી તેમના ઉપર ચૂંથાયેલી માલા છે. તેમાં કેસર જેવી કાંતિ હોય છે. વૃષ્ટિની ધારાઓ તે કેસરવાળી દાઢીના સ્થાને છે. તેવી ધારાઓ સાથે તું એ ભૂમિનો સ્પર્શ ન કર. શરદ ઋતુ જ ગોપીઓનું હિત કરનારી છે. તેથી વર્ષા સુધીની (ગ્રીષ્મ તથા વર્ષા) ઋતુઓને સ્પર્શ કરવાની મના કરી છે.

વસન્તના સમ્બન્ધમાં કહે છે કે 'મધુપતિ' એટલે વસન્ત સમ્બન્ધી કાલ મથુરામાં રહેતી માનિનીઓનો પ્રસાદ ભલે ધારણ કરે. કારણ કે તેઓ માન તજી સન્તોષ પામી કાલ ઉપર પ્રસન્ન થાય છે, કેમકે તેમનું વર્ણન કરવામાં આવે ત્યારે વસન્તના સમ્બન્ધથી તેમને મોટાઈ પ્રાપ્ત થાય છે. અમને તો વસન્તમાં પણ પ્રસન્નતા થતી નથી, કારણ કે શરદ્‌માં જ ભગવાને અમારા ઉપર કૃપા કરેલી. ગ્રીષ્મ અને વર્ષા બેને ચરણનો સ્પર્શ કરવાની મના કરી. વસન્ત અને શરદ્ બે ઋતુના કાલની પ્રશંસા કરી. તે બે પૈકી વસન્તમાં કાલની સરસાઈ ભગવાને કરેલી છે, કારણ કે તેમાં યજ્ઞો થાય છે, અગ્નિઓ સચવાય છે અને સંસ્કારો થાય છે તે ધર્મરૂપ હોઈ, યાદવોની સભામાં તેનું માત્ર ઉપહાસપાત્ર અનુકરણ જ થાય છે, કારણ કે તેઓ મુખ્યત્વે લૌકિક હોઈ ધર્મનું આચરણ અનુકરણ માત્રથી જ કરે છે. અથવા કાલને લીધે વસન્તમાં થતો ધર્મ ભગવદીયે (શરદ્‌માં) કરેલા ધર્મથી હલકો છે, કારણ કે મુખ્ય કાલ વસન્તનો દૂત તું આવો કલિના રૂપ જેવો શ્યામ છે. ધર્મ ઉત્તમ હોય તો તેનો આધાર શ્યામ

ન હોય. તેથી અમારા વિષે ત્રણ ઋતુઓ (વસન્ત, ગ્રીષ્મ અને વર્ષા) નિષ્ફળ જ છે, કારણ કે પુષ્ટિમાર્ગમાં દક્ષિણાયન નો સમય જ પ્રશંસાપાત્ર છે. દક્ષિણાયનમાં રાત્રિઓ મોટી અને દિવસો ટૂંકા હોય છે. આ સરસ્વતીએ જણાવેલો અર્થ કહ્યો.

ગોપીઓ તેમને નમસ્કાર કરવા આવતા ભ્રમરને તેમ કરવાની મના કરે છે, કારણ કે ભ્રમર મધુનું પાન કરનારો હોવાથી તેમના ચરણકમલના મકરન્દનું પાન કરી ચરણને સારવિનાના કરી મૂકે, તો તે ભગવાનના કાર્યમાં ઉપયોગી ન રહે. વળી જે ઘેન ચડાવનાર મદ્યનું પાન કરે તે સ્પર્શ કરવા યોગ્ય નથી રહેતો. ભ્રમર ભગવાનનો દૂત છે, ભગવાને તેને ગોપીઓને બોલાવવા મોકલ્યો છે અને સ્ત્રીઓના ચરણમાં તેમનો દૂત પડે એ પણ યોગ્ય છે; છતાં આ ભગવાન ઠગ છે અને અમને ઠગવા માટે જ તેમણે ભ્રમરને મોકલ્યો છે. તેથી ગોપીઓને ફલ પ્રાપ્ત થવાનું નહિ હોવાથી, તેમનું માન ઉતારવું વગેરે સાધન ભ્રમર કરે તે નકામા છે. તેથી તેને ચરણનો સ્પર્શ કરવાની મના કરે છે. આજ અભિપ્રાયથી ઉદ્ધવને પણ ગોપીઓનું સન્માન કરવા તેમના ચરણનો સ્પર્શ કરવાની મના કરે છે...

પછી તામસ-રાજસી ગોપીએ ભ્રમરને ઉદ્દેશીને કહ્યું કે ''પોતાની મોહ ઉત્પન્ન કરાવનારી અધરસુધા એકવાર અમને પાઈને તારા જેવા (ભગવાને) પુષ્પો જેમે અમને તરત તજી દીધી. તેમના ચરણપદ્મને પદ્મા કેમ સેવતીહશે? અરેરે! કીર્તિવાળા ભક્તોના વાદથી ચિત્ત હરવાથી સેવતી હશે''.

અમે ગોપીઓ ભગવાનને અને તને (ભ્રમરને તથા ઉદ્ધવને) ઉદ્ધતાઈથી દોષ દેતા નથી, પરન્તુ જેને જે ઠગે તે તેની નિંદા કરે. અને અમને ભગવાને સમ્પૂર્ણ રીતે ઠગી છે, કારણ કે અમને અધરસુધાનું પાન કરાવીને તજી ગયા. સુધા અધરની હોવાથી ઉચ્છિષ્ટ હતી, તેથી અમે જાતિ ગુમાવી. સુધા હતી તેથી અમે પીધી, પણ તેનાથી મોહ પણ થયો. મોહ ઉત્પન્ન કરાવે તેવા (કેફી) લાડુ વગેરે ખવરાવે તેને દાનનું ફલ કાંઈ મળતું નથી, તેમજ તેવા દાનથી કાંઈ ઉપકાર પણ થતો નથી. વળી આ સુધા તેમની 'પોતાની' હતી, એટલે તેનાથી થયેલ મોહ કોઈથી હજારો ઉપાયથી પણ દૂર કરી શકાય નહિ તેવો છે. તે સુધા એટલે ઉત્તમ રસનું પાન અમને થયું, પણ તે પાન એકવાર જ કરાવ્યું. વારંવાર કરાવ્યું હોત તો પરિણામે સુખ થાત ખરું. મોહ કરાવે તેવી ન હોત તો એક વાર પાન કરવાથી પણ સુખ થાત. જેમ એવી રીતે ચોળી નાખેલાં પુષ્પો કોઈ કામમાં આવતાં નથી તેમ અમને પણ ભગવાને વિવેક તથા ધૈર્ય વિનાની કરી મૂકી. તેથી તેમણે અમારાં સર્વસ્વનો નાશ કરી, જેને માટે અમે અમારું સર્વસ્વ તજેલું તે પણ લઈને અહીંથી તરત જ ચાલ્યા ગયા, એટલે અમે રોકી પણ ન શકી. તે તારા ભ્રમર જેવા છે. તું પુષ્પોમાંથી મકરન્દ ચૂસી તેમને સાર વિનાના કરી ચાલ્યો જાય છે, તેમ તેમણે પણ કર્યું. ભેદ એટલો કે તું રસ ચૂસીને જાય છે, જ્યારે તે મોહ કરાવનારી સુધા પાઈને ગયા કે જેથી ભવિષ્યમાં પણ રસ ઉત્પન્ન ન થાય. જો માત્ર રસ લઈને ગયા હોત તો કમલની જેમે અમારામાં પણ ફરી રસ ઉત્પન્ન થાત. તેથી તુ રસ પીને જાય છે અને તે મોહક સુધા પાઈને ગયા, એવો ભેદ હોવાથી અમારે સમાધાન થઈ શકે

તેમ નથી. સુધાનું પાન કરાવીને અમારી તેમનામાં આસક્તિ કરાવી, અધરનો સમ્બન્ધ કરાવી લોકનો ત્યાગ કરાવ્યો, મોહ કરાવીને વિવેક–ધૈર્ય વગેરે ન રહેવાથી જ્ઞાન અને ભક્તિ અટકાવ્યાં અને ત્યાગ કરીને આશ્રય પણ ગુમાવળાવ્યો. તેથી અમારે પહેલાં આ લોક હતો તે ન રહ્યો અને ભગવાન પણ ન રહ્યા; એટલે અમે બન્ને ગુમાવ્યા. તેથી મેંણા કેમ ન મારીએ? ભગવદીય થવું એ ઉત્તમ પુરુષાર્થ છે અને અમે ભગવદીય થયા એમ કોઈ કહે, પણ અમે ભગવદીય થયાં નથી, કારણ કે ભગવદીય હોઈએ તો ભગવાન અમારો ત્યાગ કેમ કરે? ભગવાને જેમનો ત્યાગ કર્યો તે ભગવદીય નથીજ.

સ્ત્રીઓમાં મૂલભૂત લક્ષ્મી ચતુર છે. ભગવાન સ્ત્રીઓનો આમ ત્યાગ કરે તેવા છે એમ જાણવા છતાં તે તેમની કેમ સેવા કરતી હશે? તેને પણ આવી રીતે ઠગી હશે, છતાં પણ હર કોઈ ઉપાયથી તે પાછી તેમની સેવા કરે છે. તે કયો ઉપાય કરી ફરી સેવા કરે છે તે જો અમારા જાણવામાં આવે, તો અમે પણ તેમ કરીએ. અથવા તે 'પદ્મા' ('પદ્' ચરણમાં 'માતિ' સમાય તે પદ્મ) હોવાથી સેવા કરતી હશે. લક્ષ્મી ભગવાનના ચરણમાં રહેતી હોવાથી જ તે પદ્મ (પાદપદ્મ) કહેવાતું હશે. ચરણરૂપ કમલ પ્રાપ્ત કરી લક્ષ્મી તેમાં રહેતી હોવાથી જ તે 'કમલા' કહેવાતી હશે. ચરણમાં જ રહે એટલે તેનો ત્યાગ થતો નહિ હોય. અમને પણ ભૂમિ ઉપર ભગવાનનો અથવા તેમના ચરણનો સદાનો સમ્બન્ધ થાય તો અમારાથી પણ સેવા થઈ શકે. ભગવાન ઘણા કઠોર છે અને ક્યાંય સ્થિર ન રહેતાં ભમ્યા કરવાનો તેમનો સ્વભાવ છે. લક્ષ્મી તો ભગવાન વિના એક ક્ષણ પણ રહી શકતી નથી. હમણાં પણ તે તેની સેવા કરે છે. ભગવાન તો ઉદાસીન (સેવા કરે કે ન કરે તેની દરકાર વિનાના) છે. છતાં લક્ષ્મી કેમ સેવા કરતી હશે? ઘણું કરીને ઘણા કીર્તિવાળા નારદ વગેરે ભગવાનના ભક્તો પોતાનો મત સિદ્ધ કરી, સામાવાળાના મતને ખોટો પાડનારી કથાઓ કહ્યા કરે છે, તેવી કથાથી તેનું ચિત્ત હરાતાં તે ભગવાનની સેવા કરતી હશે. અરેરે! ન ગમતો સિદ્ધાન્ત પણ તર્કથી કોઈ સાબિત કરે તો સામાવાળાને માનવો પડે છે. લક્ષ્મીના પક્ષનો તર્ક ભક્તો ન કરે, કારણ કે તેમને લક્ષ્મી કરતાં કીર્તિ વધારે સારી લાગે છે. લોકમાં ભક્તોની પ્રતિષ્ઠા હોવાથી મોટે ભાગે (વાદમાં) ભક્તોનો જ જય થતો હશે, લક્ષ્મીનો જય થતો નહિ હોય. (તેથી તેમના વાદથી ચિત્ત હરાતાં ભગવાન સ્ત્રીઓને તજી જતા રહે તેવા છે એમ જાણવા છતાં લક્ષ્મી તેમની સેવા કરતી હશે.)

પછી તામસ–સાત્ત્વિક ગોપીએ ભ્રમરને પોતાની પાસે ગાન કરવાની મના કરતાં કહ્યું કે ''હે છ પગા! અમો ઘર વિનાની પાસે તું યાદવોના અધિપતિનું પુરાણુ ગાન અહીં ઝાઝું કેમ કરે છે? વિજય (અર્જુન)ના સખાની સખીઓ, જેમનાં હૃદયની પીડાઓનો (ભગવાને) ક્ષય કરેલો છે તેમની પાસે તેમના પ્રસંગનું ગાન કર. તે ભગવાનની પ્રિયાઓ તારું ઇચ્છેલું આપશે.''

અમારી પાસે તું આવું ગાન કેમ કરે છે? બીજે નથી જઈ શકતો? બે પગવાળા પણ બહુ દૂર જાય છે અને તું તો છ પગો છે. ગાન કરવાના સ્વભાવવાળો હોવાથી તું સદા

ગાન કરે છે? તો બીજા સ્થળે ગાન કરતો નથી અને ત્યાં તુ ગાન કરીશ એવી શંકા પણ કોઈ સમયે હોતી નથી, કારણ કે અહીં જ બહુ ગાન કરે છે. શ્રીકૃષ્ણ અમારા સ્વામી હોવાથી અમારી પાસે ગાન કરતો હોય તો બંધ કર, કારણ કે હમણાં તે યાદવોના અધિપતિ થયા છે, અમારા સ્વામિ (રહ્યા) નથી. તેથી યાદવો પાસે ગાન કર તે બરાબર, પણ બીજે સ્થળે (અમારી પાસે) ગાન કરે તે યોગ્ય નહિ. બધાના ઉપર ઉપકાર કરવા અને તારા પોતાના સ્વાર્થ માટે ગાન કરતો હોય તો પણ અમે ઘર વિનાની છીએ. ઘર તજી માર્ગમાં બેઠી છીએ. નથી અમારે અમારું પોતાનું ઘર કે નથી ભગવાનનું ઘર અમારું ઘર. તેથી અમો ઘર વિનાની પાસે ગાન કરવાથી તને શું લાભ? કારણ કે ગૃહસ્થો જ કાંઈક આપી શકે. અમે બધી તેવી ઘર વિનાની છીએ, એટલે અમે કોઈ તને કાંઈ આપીએ તેમ નથી. તને ધન ન મળે છતાં ધર્મ થાય અને અમને નવીન વિષય દર્શાવી સન્તોષ કરાવી આશીર્વાદ મેળવવા ગાન કરતો હોય તો આ તારો વિષય નવીન નથી. અમે તો ભગવાનના ઘણાએ ગુણો સાંભળ્યા છે. પહેલાં શ્રવણ કરેલું તેથી અમે આવી (ઘરબાર વિનાની) થઈ. આથી શું અધિક ફલ મળવાનું છે? હવે ફરીથી શ્રવણ કરીશું તો અમારું સ્વરૂપ જ ગુમાવશું. એ કરતાં શ્રવણ ન કરીએ તે જ વધારે સારું. અમારી જાત હશે તો ભગવાન કોઈ સમયે પ્રાપ્ત પણ થશે. અમે પાછી સંસારમાં પડીએ એવો ભય લાગતો હોય, તો ભગવાનના ગુણોનું તારું આ ગાન જુનું હોવાથી સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું છે. તેથી તેવા સમયે જ ભલે ગાન થાય, હમણાં અમારે તેનો ઉપયોગ નથી.

(આ વચનોથી ઉદ્ધવને પણ તે જે વચન કહેવાનો છે તે કહેવાની ના પાડી છે. કાલના સમ્બન્ધના બધાંએ પ્રમાણો પણ નકામા હોવાનું કહેલું છે, કારણ કે ભગવાનના દોષ કાલથી છોડાવાય તેવા નથી, તેમ તેમના ગુણોનું કાલથી વર્ણન થઈ શકે તેમ નથી. તેથી ભ્રમર, ઉદ્ધવ અને કાલ ત્રણેને ભગવાનનું દૂતપણું કરવાની મના કરી છે.)

ભગવાન સ્ત્રીઓને પ્રિય છે. પુરુષો સ્ત્રીઓ જેટલા રસિક નથી. તેથી તું ગાન કરનારો હોવાથી તારે સ્ત્રીઓ પાસે જ ગાન કરવું હોય તો અર્જુનના મિત્ર ભગવાનની સખીઓ ઘણી સુખી સ્ત્રીઓ છે કે જેમને ભગવાને પોતાની સમાન પરમાનન્દવાળી કરેલી છે. તેમને માટે અર્જુનની જેમે ભગવાન ન દેખાય તેવા મત્સ્ય વગેરેને વીંધી, પોતાની ઈચ્છા પ્રમાણે લક્ષ્મણા વગેરે સાથે વિવાહ કરશે. અર્જુન પણ તેમને સ્ત્રી આપશે. 'વિજય' એટલે વિવિધ જય છે જેનો, તેવા અર્જુનને લૂંટમાં ઘણી સ્ત્રીઓ પ્રાપ્ત થશે. તેમના મિત્ર ભગવાન પોતે હોવાથી તે પણ તેવા જ થશે. તે કાલરૂપ થઈ ઘણાને હણશે. એટલે તેમની સ્ત્રીઓ વિલાપ કરશે ત્યારે તેમનાં દુઃખ દૂર કરતાં તેમના સખા થશે. પતિ વિનાની તે સ્ત્રીઓ ભોગ ઈચ્છનારી નહિ હોવાથી કથા (સાંભળવા)નો તેમનો મુખ્ય અધિકાર છે. અમે તો ભોગ ઈચ્છનારી કે કથા સાંભળવાના અધિકારવાળી નથી. અથવા વ્યંગ્યથી ગોપી આથી એમ સૂચવે છે કે (આવી કંસની સ્ત્રી) અસ્તિ વગેરે પાસે ગાન કરવા જા, એટલે તે તને પાંસરો કરશે. વિજય સખાની સખીઓ જે સદા જય પ્રાપ્ત કરે તેને જ ગણકારે છે,

બીજાને ગણકારતી નથી. અમે તો એકમાં જ આસક્તિવાળી હોવાથી, અમને લલચાવવા પણ ગાનની આવશ્યકતા નથી. તે બધી ભગવાનની સખીઓનાં હૃદયની પીડા યુદ્ધમાં કઠણ બનેલા હસ્તથી નાશ પામેલી હોવાથી, ભારનું દુઃખ દૂર થવાથી સુખી થયેલી ભગવાનની વહાલીઓ તે તને તારું ઈચ્છેલું આપશે. જેને પુરુષાર્થની પ્રાપ્તિ થઈ નથી તેવા અમે બીજાનું શું ભલું કરીએ?

આથી ઉદ્ધવને એમ કહ્યું કે ભગવાનની સખીઓ પાસે જ ભગવાનના ગુણોનું વર્ણન કરી દૂતપણું કર, અમારી પાસે ન કર, કારણ કે અમને ભગવાનનો અનુભવ થયેલ હોવાથી અમારા અનુભવ સામે તારા વચન કાંઈ કાર્ય કરી શકવાનાં નથી ( ઉદ્ધવને ઉદ્દેશવામાં આવે ત્યારે તેની મન સાથે છ કર્મેન્દ્રિયો એ તેના છ પગ જાણવા (લો).). કાલને દૂત ગણવામાં આવે ત્યારે સંવત્સરની છ ઋતુઓ તે તેના છ પગ છે. જુદી-જુદી ઋતુમાં તે કોયલ વગેરેના અવાજથી તથા વેદ (માં જુદી-જુદી ઋતુમાં કરવાનાં કહેલાં જુદા-જુદા કર્મ)થી ભગવાનનું સ્મરણ કરાવે છે અને તે શબ્દો જ્ઞાનીઓને, કર્મમાર્ગવાળાને તથા ભગવાનને મળેલ ભક્તોને સુખ આપે છે, પણ અમે જેમને બીજે ક્યાંય આસક્તિ નથી, કાલ વગેરે કોઈની દરકાર ન કરતાં જે માત્ર ભગવાનની જ ઈચ્છા કરીએ છીએ તેમને એ શબ્દોથી સુખ થવાનું નથી. પહેલાંની (સંસારમાં પડવાની) સ્થિતિ થશે તો તેવા શબ્દો સહેલાઈથી તે સમયે પ્રાપ્ત થાય તેવા હોવાથી તે હમણાં જ સાંભળવાનું અમારે કાંઈ પણ પ્રયોજન નથી.

પછી નિર્ગુણ સ્થિતિ પ્રાપ્ત કરેલી ગોપીએ કહ્યું કે ''કપટ કરીને મનોહર હાસ્યથી કરેલા ભ્રમરના વિલાસથી જે પ્રાપ્ત થાય તેવી કઈ સ્વર્ગની, ભૂમિની અને પાતાલની સ્ત્રી તેમનાથી પ્રાપ્ત ન થાય તેવી છે? જેમના ચરણની રજની લક્ષ્મી પણ ઉપાસના કરે છે તેમની પાસે અમે કોણ? છતાં પણ ગરીબડાનો પક્ષ કરનાર હોવાથી (તેમને માટે) 'ઉત્તમ શ્લોક' શબ્દ યોજાય છે''.

ત્રણ લોકમાં જે સ્ત્રીઓ છે તેમને ભગવાન પ્રાપ્ત થવા દુર્લભ છે, પરન્તુ ભગવાનને તે સ્ત્રીઓ પ્રાપ્ત કરવાનું કઠણ નથી. જુદા-જુદા (ત્રણ) લોકમાં ત્રણ પ્રકારની સ્ત્રીઓ છે તે અને બ્રહ્માણ્ડ બહારની સ્ત્રીઓ પણ ભગવાન સહેલાઈથી પ્રાપ્ત કરે તેવી છે... વળી સ્ત્રીઓ જે ગુણથી સારી રીતે વશ થાય છે તે ગુણ પણ ભગવાનમાં છે... તેથી તે ગુણથી જે સ્ત્રીઓ વશ થાય તે બધી તેમને અધીન છે...તેથી ભગવાન જો એટલો ઉદ્યમ કરી બોલાવે તો તારે પ્રાર્થના કરવી નકામી છે. તેમ ન કરે તોપણ તારી પ્રાર્થના નકામી છે. તેથી પ્રાર્થનાન કર.

આ તો અમે જાણવામાં આવે તેવો (ભગવાને કરવાનો) ઉપાય કહ્યો. અલૌકિક ઉપાય કરે ત્યારે તો કાંઈ (તારે) કરવાનું રહેતું જ નથી. ધનની ઈચ્છાવાળા બધાએ લક્ષ્મીની સેવા કરે છે. તે લક્ષ્મી પોતાની મેળે અથવા (ભગવાનનાં) સામર્થ્યને લીધે અથવા તો તેમના માહાત્મ્યને લીધે તેમના ચરણની રજની આશા કરે છે, ઘણા આદરથી તેમનાં દાસીપણા

માટે પ્રાર્થના કરે છે, તો પછી તેના કરોડમાં અંશ જેવી અમે આવા પ્રકારના ભગવાન પાસે શું હિસાબમાં? તેથી અમારી પાસે આવું કાંઈ પણ ન કરવું. વળી આ પણ અમે વિચાર કરીને કહ્યું. વાસ્તવિક રીતે તો ભગવાનના વિષે કાંઈ વિચાર પણ કરવો ન જોઈએ. કારણ કે તે દીનનો પક્ષ કરે તો 'ઉત્તમશ્લોક' કેમ હોઈ શકે? તેથી પ્રમાણનું બલ વિચારતાં, પ્રમેયનું બલ વિચારતાં અને લોકમાંની પ્રસિદ્ધિ જોતાં ભગવાન દીન ઉપર કૃપા કરનારા હોવાથી અમારું જે યોગ્ય હશે તે જ કરશે. તેથી અમારે નથી (તેમના) દૂતની જરૂર કે નથી (તું દૂતના) વચનોની જરૂર.

પછી દૂત આવેલ છે તો તેણે કાંઈક કરવું જોઈએ, તેથી તેની પ્રાર્થનાથી ભગવાન સાથે સમાધાન કરાવવા ભ્રમર અથવા ઉદ્ધવ પોતાને સાષ્ટાંગ પ્રણામ કરે છે, એવા અભિપ્રાયથી રાજસ-રાજસી ગોપીએ કહ્યું કે ''(અમારું) ચરણ મસ્તક ઉપર ન રાખ. મુકુન્દ પાસેથી આવી રીતે દૂતપણાંને યોગ્ય મીઠાં વચનોથી મનામણું કરવાનું જાણનારના તારાં કાર્ય હું જાણું છું. પોતાના માટે અહીં સન્તાન, પતિ અને બીજા લોકોને તજનારી અમોમાં ચિત્ત ન રાખતાં અમારો ત્યાગ કર્યો. આમાં સમાધાન કરવા જેવું શું હોય?''.

બલથી અમારું ચરણ તારા મસ્તક ઉપર રાખવાનું મૂકી દે, કારણ કે યોગ્યતા વિના આટલાથી અમે (તારું કહેવું) સ્વીકારી શકીશું નહિ. તેથી (અમારા) પગમાં પડવાનો તારો આગ્રહ નકામો જ છે. તું આ કહીશ તેમ ભગવાન કરશે કે નહિ તે હું જાણું છું. સંશય હોય ત્યાં વચનથી શું થશે એ કહેવાય, અમે તો તું કહેવા માગે છે તેથી ઉલટો નિશ્ચય કરેલો જ છે.

સ્વામી શું કરવાના છે તે ધ્યાનમાં લીધા વિના કોઈ પોતાનું અપમાન થાય તેમ કરતો નથી એમ તું કહેતો હોય, તો આ (ચરણમાં પડી સમાધાન કરાવવાનો) પ્રકાર તો તે જ તારા મનથી ઉપજાવી કાઢેલો છે, પણ ભગવાને તને કહેલો નથી; કારણ કે તે મુકુન્દ મોક્ષ આપનાર હોવાથી અમને મારી જ નાખવાના; પણ અમને જીવતી રાખીને સુખ નહિ આપે, તેમની પાસેથી આવેલો તું, અમે ઈચ્છીએ તેમ તું કરીશ, એમ કેમ કહે છે? તેથી સ્વામીથી વિરુદ્ધ બોલનારો દૂત હોવાથી તું ઠગારો જ છે. તું મનામણું કરવાનું ઘણું જાણે છે તેથી સ્વામીએ કીધેલું ન હોવા છતાં આમ કરે છે. હું તારી વિદ્યા જાણું છું. તું કેવલ નિરર્થક મનામણું કરતો નથી પરન્તુ મીઠાં વચનો બોલીને પણ કરે છે. તેથી ઉત્પત્તિથી અને તર્ક પ્રમાણે તારું મન શુદ્ધ નથી. ઠગવા માટે કાયાથી અને વાણીથી મનામણું કરવાનું નાટક તું ભજવે છે.

કોઈનું અન્તઃકરણ સીધી રીતે જણાતું નથી અને કાયા તથા વાણીથી જ અન્તઃકરણમાં શું છે તેનું જ્ઞાન થાય છે એ ખરું, છતાં તારામાં દોષ નથી અને ક્રોધને લીધે અમને તારામાં દોષ હોવાનું ખોટું જણાય છે, એમ ન માનીશ, કારણ કે વેદ પણ તર્કથી વિરુદ્ધ હોય તેવો બોધ કરતો નથી. ભગવાન ઈશ્વર છે, અમે ગોપીઓ છીએ. અમારે જેટલું કરવું જોઈએ તેટલું અમે કર્યું. તે સર્વ કરવા શક્તિવાળા હોવા છતાં તેમણે કાંઈ નથી કર્યું,

કારણ કે તેમના પોતાના માટે અમે અહીંજ સન્તાન, પતિ, સ્વર્ગ વગેરે લોકો, નાતના ક્રમ પ્રમાણે પતિ વગેરે સમ્બન્ધીઓનો ત્યાગ કર્યો. લોક તો દૂર જઈને ત્યાગ કરે, પરન્તુ તેજ સ્થળે રહીને ત્યાગ કરી શકતા નથી. અમે ત્યાગ ન કરીએ તો અમારે બીજાનો સમ્બન્ધ હોવાથી ભગવાન અમને સ્વીકારે નહિ, એવા વિચારથી આ બધાનો અમે ત્યાગ કર્યો તે ભગવાનના માટે જ. તેવી અમને ભગવાને તજી દીધી. લોક કામ માટે પરગામ જાય, અને બધે સ્થળે વિલમ્બ પણ થાય અને માત્ર તેટલાથી જ ત્યાગ કર્યો ન ગણાય, પણ ભગવાને અમારામાં ચિત્ત રાખ્યું નથી. જે પરગામ જાય તે અન્તઃકરણમાં સ્નેહીઓનો ત્યાગ કર્યા વિના જ જાય, તેમનામાં અન્તઃકરણ રાખીને જ જાય. ભગવાને તો તેથી ઉલટું કર્યું. તેથી આવા ભગવાન સાથે સમાધાન કરવાનું શું હોઈ શકે? તેમની સાથે સમાધાન થઈ શકે તેવું કારણ અમને જણાતું નથી.

સરસ્વતીનો ઈચ્છેલો અર્થ એવો છે કે ભગવાનનો દૂત કાલ પણ શ્રવણ, કીર્તન વગેરે ભગવાનના ગુણો જણાવે છે અને વેદરૂપ તે પણ ''આ બે પક્ષીઓ મિત્ર થઈ સમાન વૃક્ષ ઉપર બેઠાં છે'' ''બ્રહ્મ જ થઈ બ્રહ્મમાં ભળે છે'' એમ સખ્ય અને આત્મનિવેદન નો બોધ કરે છે. વેદો કાલરૂપ છે કારણ કે અમુક કાલે અમુક કાર્ય કરવાનું તેમાં કહેલ છે. અને યજ્ઞો કાલરૂપ નથી. તેથી કાલરૂપ વેદના મસ્તકરૂપ ઉપનિષદો છે, તેમણે ભગવાનનું નિરૂપણ ન કરવું જોઈએ એવો ગોપીઓનો અભિપ્રાય છે, કારણ કે ઉપનિષદ્ ભગવાનનું નિરૂપણ કરે તો ભગવાનના અવતારનું કાર્ય તેમનાથી જ થઈ જવાથી અવતાર નકામો થાય. ભક્તિમાર્ગની જેમે ઉપનિષદ્માં પણ ભગવાનની સરસાઈ કહેલી છે, છતાં પણ તેમાં જણાવેલ પરમાત્મા મોક્ષ જ આપનારાં છે એટલે તેમના અત્યન્ત નિપુણ દૂત વેદરૂપ કાલ પણ મોક્ષ જ અપાવી શકે. ભક્તિના જેવાં અથવા પ્રેમનાં જેવાં વચનો તેમાં છે, તે માત્ર સર્વની રુચિ થાય તે માટે જ છે.

પછી રાજસ-તામસી ગોપીઓએ કહ્યું કે ''પોતામાં શિકારીના ગુણો ન હોવા છતાં જેમણે શિકારીની જેમે કપીન્દ્રને વીંધી નાખ્યો. સ્ત્રીને વશ થયેલ જેમણે પોતાની કામના કરતી સ્ત્રીને બેડોળ કરી, જેમણે કામરૂપ બલિને પણ તેની પૂજા ગ્રહણ કરીને બાંધ્યો, તેમની નહિ ઈચ્છેલી મૈત્રી ઘણી થઈ. તેમની કથાનો વિષય તજી શકાતો નથી.''

પહેલાં અમે ભગવાનને આશરે રહેલી હતી ત્યારે તેમણે અમને તજી દીધી. હવે તારી (ભ્રમરની તથા ઉદ્ધવની) પ્રાર્થનાથી તેમનો એ દોષ જવા દઈ તેમની સાથે મિત્રતા કરવા સમાધાન કરવાનું તું કહેતો હોય તો તે પણ યોગ્ય નથી, કારણ કે ''સ્ત્રીઓ સાથે મૈત્રી નહિ'' એ નિયમ પ્રમાણે મૈત્રી કરવાનો અમને અધિકાર નથી અને ''રાજા મિત્ર થાય એવું કોણે અનુભવ્યું અથવા સાંભળ્યું?'' એ નિયમ પ્રમાણે ઈશ્વરથી પણ મૈત્રી થઈ શકે નહિ. ભગવાન સાથે તો જરાએ મૈત્રી થઈ ન શકે, કારણ કે ત્રણ સ્થળે મૈત્રી થયેલી ત્યાં ત્રણેમાં ખરાબ પરિણામ આવેલું. (દિવ્ય જ્ઞાનથી ભગવાનનું સ્વરૂપ જાણીને ગોપીઓ પોતાના સમયથી પહેલાંની ભગવાનની આ અવસ્થાનો વિચાર કરે છે.) તેમાં સર્વથી પહેલાં

ભગવાન રામ થયેલા. તેમની સાથે પુરુષે તથા સ્ત્રીએ મૈત્રી કરેલી. તેમનું અનુક્રમે મરણ થતા જીવતાં મરેલા જેવી સ્થિતિ થયેલી. રામે સુગ્રીવની સાથે અગ્નિની સાક્ષીએ મૈત્રી કરી, તેના જ ભાઈ વાલિને ભગવાને મારી નાખ્યો. વાલિના ભાઈ સુગ્રીવ સાથે મૈત્રી કરી, એટલે વાલિ સાથે પણ મૈત્રી થઈ જ. વળી તે વાલિ 'કપીન્દ્ર' વાનરોનો રાજા હતો, તેથી તે સુગ્રીવ કરતાં પણ તેમનું કાર્ય વધારે કરી શકે તેવો હતો. તેથી પોતાનું કાર્ય થાય તે માટે તેમણે તેને હણ્યો ન હતો. વળી કોઈ વાનર સાથે મૈત્રી કરતું નથી, તેથી મિત્રપણાનાં શાસ્ત્રનું પણ તેમને જ્ઞાન ન હતું. તેમાં પણ રામ સર્વ કરવા શક્તિવાળા હોવા છતાં વાલિને યુદ્ધ કરીને માર્યો નહિ, પણ બીજાં મૃગરૂપ સુગ્રીવને તેની સામે યુદ્ધમાં ઉતારી, તેની સાથે તે યુદ્ધ કરતો હતો ત્યારે જેમ શિકારી જંગલના હરણને મારે તેમ બાણથી વીંધી નાખ્યો. આમ હણવામાં જેવો શિકારીનો ધર્મ છે તેવો ધર્મ ન હતો, કારણ કે વાલિ વાંદરાનું માંસ અભક્ષ્ય છે અને રામ ઈશ્વર હોવાથી તેણે તેમનો અપકાર પણ કરેલ ન હતો.

વળી કામને લીધે પોતાની ઉપર મોહ પામેલી સ્ત્રી શુર્પણખા રામે સમ્પૂર્ણ રીતે સન્માન કરવા યોગ્ય હતી, તેનું નાક છેદીને તેમણે તેને કદ્રૂપી કરી. બ્રહ્મચારીનો સ્ત્રી અપરાધ કરે તો તે તેમ કરે તે યોગ્ય ગણાય, પણ આ રામને સીતાએ વશ કર્યા હતા; નહિ તો સીતા કહે તેમ તે ન કરત. શુર્પણખા પણ તાટકાની જેમે તેમને અડચણ કરતી ન હતી, પરન્તુ તેમની કામના જ કરતી હતી, અથવા કામરૂપ વાહનથી જ આવી હતી. રામનાં એવા બે દૂષણ છે.

તે પહેલાના વામન અવતારમાં પણ આવો જ દોષ છે. બલિ ઘણો જ પૂજારૂપ હોવાથી, તેણે શ્રદ્ધાથી વામનની ઘણી પૂજા કરેલી. બ્રાહ્મણ અને ક્ષત્રિય સમાન છે અને મિત્ર હોય છે, છતાં એક-બીજાનું કાર્ય સાધનારા હોવાથી, વામને છલથી બલિ પાસેથી ત્રણ લોક પડાવ્યા તેમાં દોષ નથી, કારણ કે હરકોઈ પ્રકારે પોતાનું હોય તે લેવું જ જોઈએ, પરન્તુ તેમનો બીજો દોષ છે. તેની પાસેથી બક્ષિસ લઈને તેને બાંધીને પાતાલમાં મૂક્યો. તેથી તેની અશુદ્ધ મૈત્રી ઘણી થઈ. કપટવાળી મૈત્રી ન કરવી, કારણ કે તેનું ફલ ઉંધું થાય છે. અથવા 'અસિત' એટલે કૃષ્ણરંગવાળાની મૈત્રી ન કરવી. બધું તજી ભગવાનનો આશરો લીધો. હવે તેમની મૈત્રી ગઈ; પણ તેમની કથારૂપ વિષય તજી ન શકાય તેવો છે. તેથી હવે તેમની કથાના આધારે રહીશું. તેનો પણ ત્યાગ કરીએ એવું મન થાય છે, કારણ કે તે પ્રાણને પીડે છે, છતાં તેનો ત્યાગ થઈ શકતો જ નથી. ભગવાનની જેમે તેમની કથા પણ અમારો ત્યાગ કરવાની હોય તો ભલે ત્યાગ કરે; અમે તો તેનો ત્યાગ કરી શકશું નહિ.

સરસ્વતીએ ઈચ્છેલો, ભગવાન દોષરહિત છે એમ જણાવનારો અર્થ એવો છે કે; વાંદરો પણ ઈન્દ્ર જેમે વ્યવહાર કરનારો (કપીન્દ્ર) હણવા યોગ્ય જ છે. તે (શાખામૃગ) મૃગ હોવાથી છલથી જ મારવા યોગ્ય છે, કારણ કે બ્રહ્માએ તેવી જ રીતે તેમનું મૃત્યુ નિર્માણ કરેલું છે. માછલાંઓનું મૃત્યુ બુદ્ધિથી અને મૃગનું છલથી મારવાથી થાય એવું બ્રહ્માએ નિર્માણ કરેલું છે. રામ 'સ્ત્રીજીત' (સ્ત્રીથી જીતાયેલા) હોવાથી સ્ત્રીએ જ સ્ત્રી

(શુર્પણખા)ને કદ્રૂપી કરેલી છે, પણ ભગવાને કરેલી નથી. તેથી જ સ્ત્રીઓ જાતે પોતાની જાતવાળીનો અપરાધ કરતી નથી, તેમ અમે ગોપીઓ પણ મથુરાની સ્ત્રીઓનો અપરાધ કરીશું નહિ. એમ કરીએ તો પોતાના ધર્મનો ત્યાગ કરવાથી જ અમારું અનિષ્ટ થાય. ભગવાને ત્યાગ કરેલી એવી હીન અમે ''અયોગ્ય ઈચ્છનાર પુરુષ પડે છે જ તેમાં સંશય નથી'' એ વાક્ય પ્રમાણે ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત નહિ કરીએ, ભગવાનનું સખ્ય નહિ કરીએ. મર્યાદાનું ઉલ્લંઘન કરે તેને મર્યાદાનું રક્ષણ કરનારા સજા કરે છે એમાં સંશય નથી. 'સ્ત્રીજીત' એટલે સ્ત્રીઓ વશ કરેલી છે જેણે તેવા રામ છે, કારણ રામ સ્ત્રીને વશ ન હતા. જેમને જીતી છે એટલે વશ કરેલી છે તેવી સ્ત્રીઓનું હિત કરવું જોઈએ તેથી શુર્પણખાનું નાક કાપેલું. તેથી મથુરાની સ્ત્રીઓનું ભગવાન હિત કરતા હોવાથી નગરમાં અમે ભગવાનનો ભોગ કરી ન શકીએ. જેમ બલિ ત્રણ ભુવનનો અધિપતિ હતો ત્યારે તે તેનો સમય હતો, તેમ અત્યારે મથુરાની સ્ત્રીઓનો સમય છે. તેથી અમે હીન હોવાથી અમને યોગ્ય નહિ તેવી ઉત્તમ સ્થિતિ ઈચ્છવી ન જોઈએ. સ્ત્રી હોવાથી મથુરાની સ્ત્રીઓનો અપરાધ કરવો ન જોઈએ અને અમારો સમય નહિ હોવાથી કાલની મર્યાદાનું ઉલ્લંઘન કરવું ન જોઈએ. તેથી તું તમારી પ્રાર્થના કરી અમને ભગવાનની મૈત્રી ન કરાવ. વળી ''આત્માની કામનાવાળાએ સર્વનો ત્યાગ કરવો'' એમ શાસ્ત્રો સર્વનો ત્યાગ કરાવનારાં છે. તેવા સર્વનો ત્યાગ કરનાર નિત્ય આત્માનું ચિન્તન કરનાર, વિરાગીઓને પણ જ્યારે આત્માની સ્ફૂર્તિ થતી નથી તો પછી ઉપનિષદ્ અથવા ગુરુઓ શું કરવાના? તેથી ભગવાનની મૈત્રી વગેરેની અમારે ઈચ્છા જ નથી, છતાં પણ વૈદિક પ્રકારે ભગવાનની કથાના આધારે રહેવું જોઈએ. તેમ ન કરીએ તો પાખંડી થઈએ. આવી રીતે બધે સરસ્વતીનો ઈચ્છેલો અર્થ કરવો.

ભગવાનના ગુણગાનમાં તત્પર હોય તે ભગવાનને દોષ દેતા નથી તેમજ તેમને ભગવાનના દોષ સ્ફૂરતા નથી. તેથી અમે તેમને દોષ ન દેતાં તેમની કથા જ કર્યા કરીએ, પણ જેવા ભગવાન છે તેવી જ અથવા તેમનાથી પણ ચડે તેવી એમની કથા છે, કારણ કે અમે સ્ત્રીઓ બહુ વિવેકવાળી નથી અને ભગવાને ઘણા સમય સુધી વ્રજમાં રહી અમને મોહ કરેલો છે, છતાં પણ અમે ભિક્ષા માગતા નથી, તેમજ મુર્ખીઓ જેમે જાત ગુમાવી નથી, તેમજ અમારાં સ્થાનને તજ્યું નથી; જ્યારે ભગવાનની થોડી પણ કથા મોટો અનર્થ કરાવે છે એવા અભિપ્રાયથી રાજસ-સાત્ત્વિક ગોપીએ કહ્યું–

''જેમના પાછળથી રચાયેલા ચરિતવાળી લીલારૂપ કર્ણામૃતના બિંદુના એક વાર લીધેલા સ્વાદથી જેમના દ્વન્દ્વ જતા રહેલા છે તેવા પક્ષીના જેવા ઘણાએ આ જન્મમાં અદશ્ય થઈ, ગરીબડા ઘર તથા કુટુમ્બનો એકદમ ત્યાગ કરી, ગરીબડા બની ભિક્ષુનું આચરણ કરે છે.''

ભગવાને પહેલાં આચરણ કરેલ, તેના વ્યાસ વગેરેએ પછી ગ્રન્થ રચ્યા, એટલે તે આચરણને શબ્દોનો પડદો આડો આવ્યો. છતાં, જેમ ઉનાળામાં વસ્ત્ર વગેરેના પડદા પાછળ રહેલો પણ સૂર્ય સન્તાપ કરે છે, તેમ તે આચરણ તેનું તેવું (ભિખારી બનાવવાનું

વગેરે) કાર્ય કરે છે. છતાં તે 'લીલારૂપ' હોવાથી જેમ (અમુક મીઠાઈ) ન પચે તેવી જાણીને તે ન ખાનાર પણ તેના સ્વાદથી મોહ પામી તેને ખાય છે, તેમ સર્વ તે સહેલાઈથી ગ્રહણ કરે છે (સાંભળે છે). તેમાં પણ તેને જરાએ પ્રયત્ન કરવો પડતો નથી, કારણ કે આંખો બંધ કરેલી હોય તે પણ કર્ણામૃતનું પાન કરી શકે છે. જો તેનું ઘણું પાન કરે તો તો કોણ જાણે શું એ થાય, પણ તે અમૃતના માત્ર એક બિંદુનું અને તેનું પણ માત્ર એકજ વાર આદરપૂર્વક મનથી ગ્રહણ કરે, તો તેનાથી રાગ દ્વેષ વગેરે 'દ્વન્દ્વ' અથવા પરસ્પર વિરુદ્ધ ગુણોનાં જોડકાં, જેમનાથી તે (સંસારમાં) બંધાયેલો રહેતો, તે જતાં રહે છે અને તે ન રહેવાથી તેઓ અદશ્ય થાય છે, એટલે કોઈની નજરે ન પડે તેમ જતા રહે છે, કારણ કે લૌકિક અથવા વૈદિક માર્ગમાંથી પણ તેઓ પુષ્ટિમાર્ગમાં જ પ્રવેશ કરે છે. બીજાના આગ્રહથી પણ તેઓ સંસારમાં રહેતા નથી. જ્ઞાનીઓ વૈરાગ્યવાળા હોવા છતાં સંસારમાં રહે છે, કર્મમાર્ગવાળા પોતાના માટે સંસારની ઈચ્છા ન હોવા છતાં બીજાના માટે પણ રહે છે, આમને તો તેવું પણ હોતું નથી, કારણ કે લીલારૂપ કર્ણામૃતના બિંદુનો એકવાર સ્વાદ લે કે તરત જ ઘરમાં રહેલા પણ દીન કુટુમ્બને અથવા ઘર તથા કુટુમ્બને તજી, પોતે પણ દીન થઈ, ઘણાએ આ જન્મમાં જ પક્ષીરૂપ હંસ અથવા પરમહંસ સુયાસી થયેલા છે. પક્ષીરૂપ થાય છે એટલે ઘરમાંથી ગયા પછી કાગડા, ગીધ અથવા હંસ ગમે તે થાઓ, પણ જાય છે જ, કારણ કે પક્ષીઓની આકાશમાં ગતિ થાય છે, તેમ તેમની સર્વથી જુદા પ્રકારની ગતિ થાય છે. સુયાસી ભિક્ષુ કહેવાય છે, તેના આચાર તેઓ ગ્રહણ કરે છે, તેથી તેઓ કોઈ વાર ભેગા થાય છે. તેમને સુયાસનો અધિકાર ન હોવા છતાં, તેનાં ફલની તેમને ઈચ્છા ન હોવા છતાં, તે માર્ગના તેઓ નહિ હોવા છતાં, તેના આચાર તેઓ ગ્રહણ કરે છે. એવી રીતે ભગવાનની કથા સ્વધર્મ તજાવી બીજાનો ધર્મ ગ્રહણ કરાવે છે અને તેનું શ્રવણ કરનારાઓને અને તેમના સમ્બન્ધીઓને દુ:ખી કરે છે. તે કથા પોતાના સુખનો પણ વધારે અનુભવ કરાવતી નથી, કારણ કે તે પણ તજવાની જ છે, પરન્તુ અમારાથી તજી શકાતી નહિ હોવાથી અમે તેને તજતા નથી. એ પ્રમાણે પુષ્ટિમાર્ગની શ્રુતિઓ-ગોપીઓને પણ ભગવાનના મર્યાદામાર્ગની શ્રુતિઓ પણ બહુ દ્વેષ કરવા યોગ્ય નથી. પણ ગ્રહણ કરવા યોગ્ય છે, છતાં ઈચ્છેલી નથી.

ભગવાનને જેટલા દોષ દેવામાં આવે છે તે બધાએ પ્રમાણથી વિરુદ્ધ હોવાથી ખોટા ન જણાય તે માટે પછી સાત્ત્વિક-તામસી ગોપીએ કહ્યું કે:''કાળાં હરણની સ્ત્રી અજ્ઞાની હરણીઓ શિકારીના ગાયનને સાચું માને છે તેમ અમે શ્રીકૃષ્ણની અજ્ઞાની પત્નીઓએ સાચા જેવાં શ્રીકૃષ્ણે કપટથી કહેલાં વચનમાં શ્રદ્ધા રાખી. તેથી તેમના નખના સ્પર્શથી થયેલી તીવ્ર કામની પીડાઓવાળી અમારી આ અવસ્થા સર્વેએ વારંવાર જોઈ. હે સમાધાનીઆ! બીજીની વાત કર.''

અમે પહેલાં પ્રમાણ ઉપર જ આધાર રાખતી. ભગવાનનું વચન અસાધારણ હોવાથી તે સમજવાનો અમારો અધિકાર નહિ હોવાથી તે ખોટું નથી એવો અમે નિશ્ચય

કર્યો, પછી સાધનથી ફલ પ્રાપ્ત થયું નહિ એમ જોયું અને કોઈ પ્રસંગે વાક્ય વિરુદ્ધ અર્થવાળું પણ જણાયું, એટલે પ્રમાણને પડતા મૂક્યાં. ભગવાને પહેલાં કહેલું કેઃ''મેં પહેલાં કોઈ વાર અસત્ય કહેલું નથી'' અને પછી કહેલું કેઃ''તમે જે ઉપકાર કર્યો છે તેનો બદલો હું વાળી શકું તેમ નથી.'' આ બે વાક્ય અનુક્રમે અમે સાધન (કાત્યાયની વ્રત) કરેલું ત્યારે અને અમને ફલ આપવાના સમયે તેમણે કપટથી કહેલાં. તેનાથી અમને કીધું કાંઈક અને સમજાવ્યું બીજું. ભગવાને પહેલાં વાક્યથી કહેલું કેઃ''મેં પહેલાં કોઈવાર અસત્ય કહેલું નથી, તમારા માટે કહીશ'' પણ અમે જ તેથી ખોટું એમ સમજ્યા કે, આ ભગવાન અમને ખોટું કહેશે નહિ. બીજા વાક્યથી તેમણે એમ કહેલું કે ''તમે જે ઉપકાર કર્યો છે તેનો બદલો હું વાળી શકું તેમ નથી, તેથી નહિ વાળું.'' અમે તેથી ખોટું એમ સમજ્યા કે ભગવાન પોતે અમારા ઋણી છે એમ કહે છે, તેથી કોઈ દિવસ અમારા તરફ આદર વિનાના નહિ થાય. તેથી જ તેમણે કપટથી કહેલું વચન પણ સાચું જાણી અમે તેમાં શ્રદ્ધા રાખી. તે સમયે અમે ન સમજ્યા, કારણ કે અમે પણ હરણીઓ જેમે વનમાં રહેનારી છીએ. જ્યારે હરણનો વેષ ધારણ કરી શિકારી ગાય છે ત્યારે ભોળી હરણીઓ પહેલાંના તેમનાં હરણ કરતાં તેને ઉત્તમ માની, ભ્રમથી એમ સમજે છે કે આ (શિકારી) હરણ હરણનું કામ પણ કરશે અને વધારામાં ગાન વગેરે પણ કરશે. એમ ભ્રમથી વિચારી પહેલાના હરણનો ત્યાગ કરી તે(હરણ બનેલા શિકારી)ની પાસે જાય છે, ભ્રમથી જ બીજા (શિકારી) કાળીયારની સ્ત્રીઓ થાય છે. તેમ અમે પણ શ્રીકૃષ્ણની સ્ત્રીઓ થઈ. હરણીઓ હરણની પત્નીઓ છે, પણ બીજા (શિકારી)ની આકૃતિ હરણ જેવી હોવાથી તેની પત્નીઓ નથી. તેમ અમે પણ ગોપોની પત્નીઓ છીએ, ઈશ્વરની કે ક્ષત્રિયની કે યાદવની પત્નીઓ નથી. છતાં ભગવાન જ ગોપ થઈને રહ્યા, એટલે ''આ ગોપ જ છે અને આપણું હિત કરશે'' એવા વિચારથી અમે તેની પત્નીઓ થઈ. પછી તે ઈશ્વર જ હોવાથી ઈશ્વર બન્યા અને અમે ગોપીઓ રખડી પડી. શિકારી હરણીઓને વીંધી નાખે છે તેમ તેમણે પણ અમને વીંધી જ છે. હરણીઓ જેમ (હરણ અને શિકારી હરણ) બન્ને ખોઈ બેઠી તેમ અમારે પણ થયું. હરણીઓ બાણથી વીંધાઈ પીડા પામી તેમ અમારી પણ આ અવસ્થા બધાએ જોઈ... હે સમાધાનીઆ! તું નીતિ જાણનાર હોઈ દૂત થઈ અમારી પાસે આવેલ છો, તો આ ક્યાંય પ્રકટ કરીશ નહિ કે અમે ભગવાનનું સ્વરૂપ જાણીએ છીએ. ભગવાનની વાતથી દુઃખ જ થાય છે તેથી બીજી વાત કર. બીજા કામે આવ્યો હોય તો ''હું કોઈક બીજો છું'' એમ અમને ઓળખાવ, તો તને આમ ઠપકો નહિ દઈએ.

એ પ્રમાણે કહી ભગવાન સાથે સમ્બન્ધ કરવાની ના પાડી, ગોપી બેભાન જેવી થઈ. પછી જેનામાં સત્ત્વનું પ્રધાનપણું હોવાથી અથવા જેણે ભગવાનના ગુણો કહેલા હોવાથી, જેના ઘણા દોષો જતા રહેલા, તેવી સાત્ત્વિક-રાજસ ગોપીએ ભ્રમરને જોયો અને પહેલા જોયેલ ત્યારે જેવો વિચાર આવેલ તે કરતાં જુદા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થવાથી તેણે વિચાર્યું કે ભ્રમર પણ ફરી આવ્યો છે અને જુદા પ્રકારે આવ્યો છે. અથવા તેણે

વિચાર્યું કે ભગવાનના દોષો સાંભળી ત્યાંથી ઉદ્ધવ ઉઠી ગયેલો અને પોતાને મૂર્છા થયેલી ત્યારે તે ફરી આવ્યો છે. એમ વિચારી તેણે કહ્યું–

''હે પ્રિયના મિત્ર! તું ફરી આવ્યો? પ્રિય શ્રીકૃષ્ણે તને મોકલ્યો? વર માગ. તું માન આપવા યોગ્ય છે. તને શું આપું? જે પત્ની વિના રહી શકતા નથી તેમની પાસે તું અહીં રહેલી અમને કેવી રીતે લઈ જઈશ? હે ભલા! તેમની પત્ની લક્ષ્મી સદાએ તેમની સાથે તેમની છાતી ઉપર રહે છે.''

હમણાં બીજીવાર પણ તને અમારા પ્રિય ભગવાને જ મોકલ્યો છે? એમ હોય તો તેમને અમારી ઈચ્છા અધિક હોવાથી અમારું કામ થશે. હેમન્તમાં અમે ભગવાનને પ્રાપ્ત કરવા સાધન કરવા માંડેલ. પહેલાં તુ વસન્તમાં આવેલ તેને નવ માસ થતાં હેમન્તનો માગશર માસ પાછો આવ્યો. (કુમ્ભાર દંડથી ચાકડાને ફેરવે ત્યારે પહેલાં આવેલો ચક્રનો ભાગ ફરીથી આવે છે, તેમ આ દૂતરૂપી હેમન્તકાલ ફરી આવ્યો છે એમ માની 'પ્રિયે તને મોકલ્યો?' એમ પૂછે છે.) મને પ્રિયે મોકલ્યો એમ દૂત કહેતાં, ગોપીએ તેને 'વર માગ' એમ કહ્યું. આ તારું (અમારી સાથે સમાધાન કરાવવાનું) કાર્ય તારાં સાધનથી થશે નહિ. તે અયોગ્ય હોવા છતાં અમારા વરદાનથી થશે. આ કાલ સાત્ત્વિક અથવા ભક્તિને અનુકૂલ હોવાથી, તેનાં સમાધાનનાં ભાગવત્ વગેરે જેવાં પ્રમાણો લક્ષમાં લઈ, તેમને દર્શાવતો તું ફરી આવ્યો. તે કાલમાં પણ મન્ત્ર દેવતાના વરદાનથી તેનું જુદુ-જુદું કાર્ય થાય, બીજા પ્રકારે ન થાય, એમ જણાવવા ગોપી તેને વર માગવા કહે છે. ઉદ્ધવને પણ તેનું દૂતપણું સફલ થાય તેવા આશીર્વાદ દેવા છે અને ભ્રમરને પણ સુગન્ધી પદાર્થનો ભોગ કરાવવો છે. તેથી ''હું તને શું આપું? તે કહે'' એમ કહે છે. તું માન આપવા યોગ્ય હોવાથી, વર આપવાનો આગ્રહ કરું છું, કારણ કે જે ઉપકાર કરે તે માન આપવા યોગ્ય છે. અમને તું ભગવાન પાસે લઈ જાય છે એજ તારો ઉપકાર છે, પરન્તુ લઈ જવાનાં સાધન તારી પાસે નહિ હોવાથી અમને સંદેહ રહે છે કે તું લઈ જઈ શકીશ કે નહિ. તેથી તું અહીં રહેલી અમને કેવી રીતે લઈ જઈશ તે કહે. અમે ઘણી સ્ત્રીઓ છીએ. ભગવાને અમને ગોકુલમાં રાખી છે અને તું એકલો છે. ભગવાન પત્ની વિના રહી શકતા નથી. સદા તેમની પાસે પત્ની હોય છે જ. તું ભલો છે તે જાણતો નથી. લક્ષ્મી જ તેમની પત્ની છે. તેમની છાતી ઉપર લક્ષ્મી જ રહે છે. લોકોને દેખાડવા જ 'શ્રીવત્સ' થઈને રહે છે, પણ તે 'શ્રીવત્સ' માત્ર ચિહ્ન નથી, લક્ષ્મી પોતે જ છે. તે સદા તેમની સાથે રહે છે.

હું તમને સુખપૂર્વક ભગવાન પાસે લઈ જઈશ એમ દૂતે કહેતાં, સાત્ત્વિક-સાત્ત્વિક ગોપીએ કહ્યું કે ''અહો! આર્યપુત્ર હમણાં મથુરામાં બિરાજે છે? હે ભલા! તે પિતાના ઘરોને, બંધુઓને અને ગોપોને સંભારે છે? કોઈ સમયે તે અમો દાસીઓની કથા કહે છે? ખરે! તે અગરના જેવી સુગન્ધવાળો પોતાનો શ્રીહસ્ત અમારાં મસ્તક ઉપર ક્યારે મૂકશે?''

ભગવાન યજ્ઞોપવીત લીધા પછી ભણવા ગયા હતા એમ અમે સાંભળેલું. ત્યાંથી

આવ્યા પછી આર્ય વસુદેવ અથવા નન્દના પુત્ર મથુરામાં બિરાજે છે? સારા કુલમાં પ્રાકટ્ય લીધેલ તે અમને તજશે નહિ. હમણાં તે ત્યાં બિરાજે છે કે અમને તું ત્યાં લઈ જઈ તે આવે ત્યાં સુધી ત્યાં રાખવાનો છે, એ વિષયનો સંદેહ હોવાથી આ પ્રશ્ન અમે કરીએ છીએ. ત્યાં બિરાજતા હોય તો પણ તેમનું ચિત્ત બીજામાં રોકાયેલું હોય તો અમારું કાર્ય થાય નહિ, તેથી પૂછીએ છીએ કે તે પિતાના ઘરોને સંભારે છે? જો ગોકુલને સંભારતા હોય તો તેમનું ચિત્ત અમારામાં છે અને સ્વચ્છન્દ રમણ પણ કરશે, એમ જણાય. તું ભલો છે તેથી તને આવા પ્રશ્ન પૂછીએ છીએ. નન્દના કુલમાં જન્મેલા બંધુઓ, બીજા ગોપો અને ગોકુલમાં રહેનાર બીજા બધાને તે સંભારે છે? સંભારતા હોય તો તેમનું ચિત્ત અમારામાં હોવાનું જણાય. આટલું પૂછીને અટકી ન શકવાથી તેમણે પોતાની વાત પણ પૂછી કે તે અમારા પહેલાના સ્વામી અમો બધીની વાત પણ સંભારે છે? કદાચ સંભારે કારણ કે અમે તેમની દાસીઓ છીએ. (સ્મરણ મનનો ગુણ છે અને) તેમના અન્તઃકરણમાં શું છે તે તને ન જણાય, પણ તે કોઈ વાર અમારી કથા કહે છે? દૂતે ''ભગવાન ગોપીની વાત કહે છે'' એવો ઉત્તર આપતાં ''પહેલાં પણ ઘણાં કષ્ટ પછી પ્રકટ થયેલા, તેવા ભગવાનના મને કેવી રીતે દર્શન થાય'' એવી પોતાના મનોરથની ઈચ્છા પ્રકટ કરતાં ગોપી પૂછે છે કે ''અગરના જેવી સુગન્ધવાળો, અથવા અગર કરતાં કે અગરથી પણ વધારે સુગન્ધવાળો તેમનો શ્રીહસ્ત ભગવાન અમારાં મસ્તક ઉપર ફરીથી ક્યારે મૂકશે?''

**ઉદ્ધવે ગોપીઓને કહેલ ભગવાનનો સંદેશઃ**

એ પ્રમાણે ઉંચી અને હીન સર્વ અવસ્થાઓમાં ગોપીઓ સમ્પૂર્ણ રીતે ભગવાનમાં આસક્ત હતી એમ તેમણે જણાવ્યું. ભગવાનનો દેખાતો દોષ પણ તેમણે કહ્યો. તેથી ઉપદેશ આપતાં પહેલાં તે દોષ દૂર કરવા (દોષ નથી એમ જણાવવા) ઉદ્ધવ ગોપીઓને અભિનન્દન આપે છે.

ઉદ્ધવ ઉત્સવરૂપ હોવાથી, ગોપીઓએ ભગવાનના ગુણો દોષ અને ગુણના મિશ્રણવાળા કહ્યા છતાં, તેણે તે ગુણ તરીકે માન્યા. તેથી તેણે ગોપીઓનાં વચન સાંભળીને, તેમનાં વચનમાં તાત્પર્ય જોતાં દોષ નહિ હોવાથી તેઓ શ્રીકૃષ્ણના દર્શન કરવાની ઈચ્છાવાળી છે એમ જાણીને, ગોપીઓ ભગવાનની હોવાથી તેમના સંદેશાથી જ તેઓનું સાન્ત્વન થશે, પોતાથી જ નહિ થાય અને ભગવાનની પણ તેમ જ કરવાની આજ્ઞા છે એમ જાણી, તેણે પ્રશંસા કરતાં કહ્યું–

''તમારો ભગવાનમાં ભાવ છે તે અમારા જેવાને પણ દુર્લભ છે. તમારો ભાવ પ્રસિદ્ધ છે, કોઈક જ વખત થતો હોય તેવો તે નથી. તમે સ્વતન્ત્ર ફલવાળી ભક્તિ કરો છો એ પરમ પુરુષાર્થ છે. ભગવાનનાં જેવી તમે સ્વતન્ત્ર થઈ છો. તેથી તમે લોકમાં પૂજાઓ છો. સમ્પૂર્ણ પ્રકારે તમારું મન ભગવાનને અર્પણ થયેલું છે. તુલાપુરુષ વગેરે દાન, એકાદશી વગેરે વ્રતો, દુઃખરૂપ પ્રાજાપત્ય વગેરે તપ, અગ્નિહોત્ર તથા બીજા કામનાથી કરાતા હોમ, મન્ત્ર વગેરેના જપ, વેદનો અભ્યાસ, યોગ વગેરે સંયમ, કૂવા ખોદાવવા, વિસામા

બંધાવવા વગેરે સત્કૃત્યો–આ બધાં જુદા-જુદા અથવા એકઠાં મળીને જે ભક્તિ પ્રાપ્ત કરાવનારાં છે, તે સદાનન્દ ફલરૂપ શ્રીકૃષ્ણની ભક્તિ કામથી જ તમને પ્રાપ્ત થઈ છે ત્યારે પછી તમારે એ દાન વગેરેનું કાંઈ પ્રયોજન નથી. બીજાની ભક્તિથી તમારી ભક્તિ જુદા પ્રકારની, સર્વથી ઉત્તમ છે. બ્રહ્મકલ્પથી આરંભી ભક્તિ વધતી ગઈ તે જ સર્વથી અધિક થઈ, કારણ કે તમે જ આવી ભક્તિ દર્શાવી. લોક તથા શાસ્ત્રમાં પ્રસિદ્ધ ભક્તિનાં દાન વગેરે સાધન છે, તમારી ભક્તિનાં તે સાધન નથી. તમારા જેવી ભક્તિ મુનિઓને પણ દુર્લભ છે. ભગવાનમાં જેવો અમારો સ્નેહ ઉત્તમ છે, તેવો જ તમારા શરણનો પ્રકાર પણ ઉત્તમ છે. પુત્ર, પતિ, દેહ, સમ્બન્ધીઓ, ઘર, લોક જે શરણમાં વિઘ્ન કરનારાં છે તેમનો ત્યાગ કરીને, તમે ઉત્તમ પુરુષ શ્રીકૃષ્ણનું વરણ કરેલું છે. પુત્ર વગેરેમાં જેની આસક્તિ ન હોય તે ભગવાનને શરણ જાય. સ્ત્રીઓને આ બધાં શરણ જવામાં ઘણાં નડતરરૂપ છે. દેહનો પણ જુદી-જુદી અવસ્થામાં જુદો-જુદો જે ઉપયોગ થાય છે, તેની તમારે જરૂર નહિ હોવાથી પોતાના માટે તેનો ઉપયોગ તમે કરતા નથી, એ જ તેનો ત્યાગ ગણાય. બીજાં સમ્બન્ધીઓનો તેમ જ પરસ્પર તમો ગોપીઓનો પણ તમે ત્યાગ કર્યો છે. તમે ઉત્તમ પુરુષ શ્રીકૃષ્ણને વરવા લૌકિક પતિનો ત્યાગ કર્યો તેમાં દોષ નથી, કારણ કે જે જુદા-જુદા પતિને ભજે તે વ્યભિચારિણી કહેવાય છે. એક જન્મમાં જુદા-જુદા સમયે જુદા-જુદા પતિને ભજે તે જેમ વ્યભિચારિણી છે, તેમ જુદા-જુદા જન્મમાં જુદા-જુદા પતિને ભજે તે પણ વ્યભિચારિણી ગણાય, કારણ કે જેવો એક દિવસ કાલ છે, તેવો જ એક જન્મ પણ કાલ છે. પહેલાં તમે (શ્રુતિ હતી ત્યારે) ભગવાનમાં રહેતી. પછી દોષને લીધે ત્યાંથી નીકળી જઈ, બીજાને વરી એ વ્યભિચાર થયો. વ્યભિચારિણીએ પહેલાના દોષ તજી પતિને ભજે, તો કૃતાર્થ થાય તેમ તમે લૌકિક પતિને તજી શ્રીકૃષ્ણનું વરણ કર્યું. હવે તમે તેમને વરથી પ્રાપ્ત કરેલ હોવાથી તેમને જ શરણ રહેશો. શ્રીકૃષ્ણે સ્ત્રીઓ માટે જ અવતાર લીધેલો છે. જેમનું ઈન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવા ભગવાનમાં દશે પ્રકારનો અન્તઃકરણનો ભાવ તમે પ્રાપ્ત કરેલો છે. સંયોગમાં તો તેવી મતિ થાય, પણ વિરહમાં પણ તમારો તેવો ભાવ વધતો જ ગયો છે. આવો ભાવ કોઈથી પ્રાપ્ત થઈ શકતો નથી, તમે ઘણી ભાગ્યવાળી હોવાથી તમે બધીએ તે પ્રાપ્ત કરેલો છે. મારે પણ આવી રીતે ભગવાનમાં સર્વાત્મભાવ પ્રાપ્ત કરવો જોઈએ, એવો ઉપદેશ આપી તમે મારા ઉપર મોટી કૃપા કરી છે.

પ્રિય ભગવાનનો સંદેશો લઈને હું આવ્યો છું તે તમે સાંભળો, એવી મારી વિનતી છે. પ્રિયનો સંદેશો હોવાથી તમે પ્રસન્ન જ થશો. તેમણે કહ્યું તે તમારે કરવું જ જોઈએ. પ્રિયે કરવા કહેલું હોવાથી તો તમે સહેલાઈથી કરી પણ શકશો. તમારે જણાય તેવું ફલ જોઈએ છીએ તો આ સંદેશથી જ તમને સુખ થશે, બીજા કોઈ સાધનની જરૂર રહેશે નહિ. મેં તે સંદેશો પ્રથમ જાણ્યો, પછી તમારો અધિકાર જાણ્યો અને એમ થયું ત્યારે ફરીથી તે સંદેશો લઈને જ હું આવ્યો. તે તમારા અને મારા પણ ભર્તા છે. આપણું પોષણ ન થાય તેવું તે કહે જ નહિ. ભર્તા છેતરતા નથી. તેમ હું તેમનું ખાનગી કાર્ય કરનારો છું તેથી મને પણ તે

છેતરે નહિ.

ભગવાન કહે છે કે ''હું આત્મા હોવાથી, ભક્તોને વશ હોવાથી, સત્યવક્તા હોવાથી અને મારા સ્વભાવને લીધે પણ મને તમારો અને તમને મારો વિયોગ કોઈ પણ સ્થળે કોઈ પણ અંશથી નથી.''

જીવ અને બ્રહ્મ માં ભેદ જણાવાનું કારણ જીવનું અજ્ઞાન જ છે. જીવોમાં પરસ્પર ભેદ જણાવાનું કારણ અજ્ઞાન તથા માયા વગેરે ઉપાધિ છે. ભગવાનમાં તો નથી અજ્ઞાન કે નથી ઉપાધિ. તેથી ભગવાન જીવથી જુદા પડતા નથી. ભગવાન જીવોને તજતા નથી, છતાં જીવો ઈર્ષ્યા વગેરેને લીધે એમ માને છે કે ભગવાન અમને તજી ગયા. ''ભગવાનને અમે તજશું'' એમ માનનાર જીવો તો મૂર્ખ જ છે. મને તમારો વિયોગ નથી અને તમને મારો વિયોગ નથી. જો આપણો વિયોગ હોય તો હું કૃતઘ્ન ગણાઉં અને તમને દુઃખ થાય. આપણા સ્વરૂપનો વિચાર કરતાં વિયોગ નથી એટલું જ નહિ, પરન્તુ સ્ત્રી અને પુરુષને જેમ જુદા-જુદા સમયે સંયોગ થતાં વિયોગ થાય છે, તેમ પણ કોઈ પણ સમયે આપણો વિયોગ થતો તેથી. તેમજ જેમ ઝાડની એક શાખા ઉપર વાનર બેઠો હોય તેનો બીજી શાખાઓને દેશના ભેદથી વિયોગ ગણાય તેવો પણ આપણો વિયોગ થતો નથી. તેનાં કારણ એ છે કે હું તમારો આત્મા છું તેથી મને તમારો વિયોગ થઈ ન શકે. તમને મારો વિયોગ નથી, કારણ કે હું ભક્તને વશ છું. ''દેવોના આયુષ્યથી પણ હું તમારા ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી'' એમ મેં કહ્યું છે તેથી કોઈ પણ સમયે તમને મારો વિયોગ નથી, કારણ કે કોઈ પણ સમયે હું તમને તજું નહિ. તજું તો મારું એ વાક્ય ખોટું ઠરે, પણ હું સત્યવક્તા છું. વળી મારો એવો સ્વભાવ છે કે સ્ત્રીઓ ઉપર કૃપા કરું. તેથી હું કોઈ પણ અંશથી તમારો ત્યાગ ન કરું. આપણો વિયોગ ન થવાનાં આ ખાસ ચાર કારણો છે.

વળી આપણો વિયોગ ન થવાનું સામાન્ય કારણ એ છે કેઃ''જેમ આકાશ, વાયુ, અગ્નિ, જલ અને ભૂમિ એ મહાભૂતો પ્રાણીઓના દેહમાં રહેલાં છે, તેમ મન પ્રાણ બુદ્ધિ ઈન્દ્રિય અને ગુણોનો આધાર હું પણ પ્રાણીઓના દેહમાં રહેલો છું.''

હું પ્રાણીઓનો આધાર છું તેથી મને તજીને તમે ક્યાં જાઓ? આધાર ન રહે તો સ્વરૂપનો જ નાશ થાય. ''હું દેહ છું'' એવી જેમની બુદ્ધિ છે તેઓને આત્મા ગૌણ હોવાથી, દેહનો અને પ્રકટ થયેલા ભગવાનનો વિયોગ થાય એમ કહેતી હો તો તે પણ યોગ્ય નથી, કારણ કે દેહમાં પણ સમવાયિકારણ (જે વસ્તુનો જે પદાર્થ બને તે પદાર્થનું સમવાયિકારણ તે વસ્તુ કહેવાય છે. જેમકે માટીનો ઘડો બને છે. તેથી માટી ઘડાનું સમવાયિકારણ છે.) તરીકે હું જ રહેલો છું. તેમ ન હોય તો દેહ સ્વભાવ વિનાના જ હોય. પ્રકટ થયેલા ભગવાનનો દેહને વિયોગ હોય તે તો દેહને હિતકારી છે, કારણ કે જેમ અગ્નિ કાષ્ઠમાં અપ્રકટ રીતે રહેલ છે, તે પ્રકટ થાય તો કાષ્ઠ બળી જાય, તેમ પ્રકટ થયેલા ભગવાનનો વિયોગ ન હોય તો તમારા સ્વરૂપનો નાશ જ થાય. પહેલાં મારો સમ્બન્ધ થયેલ ત્યારે જ તમે અર્ધ બળેલી જેવી થઈ. ફરીથી સમ્બન્ધ થાય તો સમ્પૂર્ણ રીતે બળી જ

જાઓ. જેમ પોતાની અંદર રહેલ અગ્નિની સાથે કાષ્ઠ રહે છે તેમ સુખ તો પોતાની અંદર રહેલા ભગવાનનાં સાહચર્યથી થાય છે. સમ્પૂર્ણ રીતે અગ્નિ પ્રકટ થાય તો કાષ્ઠ બળી જાય એટલે તેને અગ્નિનો સમ્બન્ધ રહે નહિ તેમ થાય, કારણ કે ભગવાન પ્રલય કરનાર છે. ભગવાન કારણરૂપ હોવાથી અપ્રકટ હોય ત્યારે કોઈ પણ પ્રદેશમાં પણ મને તમારો વિયોગ સમ્ભવતો નથી. જેમ પ્રાણીઓના દેહના આધાર બનેલ પાંચ મહાભૂતો પ્રાણીઓના દેહથી છૂટા પડતા નથી તેમ હું પણ પ્રાણીઓનાં દેહથી છૂટો પડતો નથી. દેહ સિવાયના મન પ્રાણ બુદ્ધિ ઈન્દ્રિય અને ગુણો નો પણ હું આધાર છું. પ્રકૃતિનો સત્ત્વ વગેરે ગુણોમાં સમાવેશ થાય છે, અહપાર પણ ત્રણ ગુણરૂપ હોવાથી તેનો પણ ગુણોમાં સમાવેશ થાય છે. ચિત્તનો બુદ્ધિમાં સમાવેશ થાય છે. તેથી પ્રકૃતિ સ્વભાવ અને ચિત્ત નો પણ હું આધાર છું તે બધામાં હું રહેલ હોવાથી મને તમારો વિયોગ નથી.

હું કારણ થયેલ છું. અને કાર્ય કદિ કારણથી વિખૂટું રહેતું નથી, તેથી તમને પણ મારો વિરહ નથી. હું જગતનો કર્તા છું, સમવાયિકારણ પણ છું અને કાર્ય જગત્ પણ હું જ છું. જેમ કુંભાર ચાકડા ઉપર ઘડો બનાવે છે. તેમાં તેને ચાકડાની જરૂર પડે છે, તેવા કોઈ પણ સાધનની મને જગત્ બનાવવામાં જરૂર પણ પડતી નથી. જગતમાં બનેલા જુદા-જુદા પદાર્થો જીવો વગેરે પણ હું જ છું, તેથી કોઈનો પક્ષપાત કરવાનો અથવા કોઈને દુઃખી કરવાનો દોષ પણ મારામાં નથી. હું જગત્ બનાવું છું, ભૌતિક પદાર્થો પણ હું જ બનાવું છું. મહાભૂતો, ઈન્દ્રિયો અને ગુણરૂપ મારી માયાથી આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક પદાર્થો હું બનાવું છું. તેથી તત્ત્વો આધિભૌતિક પદાર્થો બનાવતા હોય તેમ જણાય છે, પણ તે બનાવનાર તો હુંજ છું, પણ મારી માયાના પ્રભાવથી લોકોની એવી ખોટી માન્યતા થાય છે. હું માયાથી છૂપાઈ અથવા માયાને આગળ કરી એ સર્વ બનાવું છું તેથી મારી મહાભૂતરૂપ, ઈન્દ્રિયરૂપ અથવા ગુણરૂપ માયા તે-તે પદાર્થોમાં પ્રવેશ કરે છે અને તે જેમાં-જેમાં પ્રવેશ કરે તેમાં ખોટો જ ભાસ કરાવે છે. તેથી કારણ (સૃષ્ટિ રચવાનાં સાધન) ન હોય તે સાધન છે એમ માયાથી ભાસે છે. (સર્વ કાર્યમાં પણ હું હોવાથી તમને મારો વિયોગ પણ નથી).

મારાં સ્વરૂપનો વિચાર કરતાં આપણો વિયોગ સમ્ભવતો નથી એ તમે જોયું. હવે તમો જીવના ગુણોનો વિચાર કરો તો તેથી પણ આપણો વિયોગ સમ્ભવતો નથી. જેને તમે 'હું' માનો છો તે તમને દેખાતો તમારો દેહ જ છે, તે આત્મા નથી. આત્મા તો જ્ઞાનથી ભરપૂર છે. તે વિષયના જ્ઞાનથી ભરપૂર નથી પણ શુદ્ધ છે. જેમ ગરમ રેતીથી સૂર્ય જુદો છે તેમ દેહ, પ્રાણ, ઈન્દ્રિય વગેરેના સમૂહથી આત્મા જુદો છે. દેહ વગેરેને ગુણોનો આધાર છે, આત્માને ગુણોનો આધાર નથી. ગુણવાળી માયાની ૧.જાગ્રત ૨.સ્વપ્ન અને ૩.સુષુપ્તિ એ ત્રણ વૃત્તિઓ છે. એ ત્રણેમાં અલૌકિક શક્તિ છે, કારણ કે સુષુપ્તિમાં પરમાનન્દનો, સ્વપ્નમાં જુદા-જુદા પદાર્થોનો અને જાગરણ સ્થિતિમાં ચાર પ્રકારના પુરુષાર્થોનો અનુભવ થાય છે. એ ત્રણે વૃત્તિઓમાં અલૌકિક શક્તિ હોવાથી તે માયાથી

થયેલી છે. ત્રણેમાં આત્મા હોય છે (આત્મા ન હોય તો અનુભવ કોને થાય?), પણ દરેક વૃત્તિમાં બીજી વૃત્તિઓ તથા તેમના ગુણો હોતા નથી. તેથી એમ જણાય છે કે દેહ વગેરેના કારણરૂપ ગુણોથી પણ આત્મા જુદો છે, તો પછી તે દેહથી પણ જુદો હોય તેમાં શું નવાઈ? તેથી ખરેખર આત્મા દેહથી જુદો હોવાથી તમારે આત્માથી જ મને પ્રાપ્ત કરવો જોઈએ, પરન્તુ દેહસહિત આત્માથી મને પ્રાપ્ત કરવો ન જોઈએ, કારણ કે આત્માને પોતાનો ભોગ કરવા યોગ્ય ઉત્તમ પદાર્થનો ભોગ હલકા દેહ વગેરે સાથે તેણે કરવો ન જોઈએ. તેથી આ દેહથી પ્રથમ જુદા થાઓ અને પછી મારો ભોગ કરો. જો તમારે એ રીતે મને પ્રાપ્ત કરવાનાં સાધન કરવાની ઈચ્છા હોય તો, રૂપ વગેરે જે વિષયો નથી અને જે અસમ્ભવિત છે તેનું ધ્યાન કરવાનું ન હોવા છતાં પુરુષ જે મન વડે તેવા વિષયોનું ધ્યાન કરે છે, તે મન અને ઈન્દ્રિયોને વશ કરો. કારણ કે આવા વિષયોનાં ધ્યાનથી બીજો જન્મ થાય છે. જેમ સ્વપ્ન ભાવિ વૃત્તાન્ત સૂચવે છે તેમ આવા વિષયોનું ધ્યાન કરનારું મન પણ બીજો જન્મ થશે એમ સૂચવે છે. તેનાથી કાંઈ પુરુષાર્થ પ્રાપ્ત થતો નથી. તેથી તેવા મનને અને ઈન્દ્રિયોને વશ કરો. તેમને વશ કરવાથી 'સ્વપ્ન'ની સ્થિતિ દૂર થશે. જાગ્રત અને સુષુપ્તિ એ બે અવસ્થાઓ રહેશે. જાગ્રત અવસ્થામાં પુરુષાર્થોની પ્રાપ્તિ થશે, સુષુપ્તિમાં પરમાનન્દની પ્રાપ્તિ થશે. સ્વપ્ન અવસ્થા દૂર થતાં દેહથી જુદા આત્માને ''આ આત્મા હું છું'' એમ જાણશો. મનને વશ કરવું એ જ મુખ્ય સાધન છે. વેદમાં કહેલાં બધાં સાધનોનો પણ તેમાં જ સમાવેશ થાય છે. યોગમાં તો આને જ સાધન માનેલું છે. સાંખ્યમાં પણ અધ્યાસ દૂર કરતાં મૂલ કારણરૂપ મનને જ બધાથી જુદું પાડે છે. બધા લોકો આને સાધન જાણતા નથી, પણ જેઓ સારું અથવા ખરાબ જાણી શકે છે તેવા વિવેકવાળાઓ આને જ સાધન જાણે છે. આત્માને સાક્ષાત્ સમ્બન્ધ મન સાથે જ હોવાથી આ જ સાધન છે. સુયાસ, વનમાં રહીને કરવાનું તપ, ગૃહસ્થે કરવાનો ઈન્દ્રિયોનો સંયમ, બ્રહ્મચારીએ આચરવાનું વેદના અભ્યાસરૂપ સત્ય એમ બધા આશ્રમોમાં મનને જ વશ રાખવાનું છે. જેમ વહેતું જલ ભૂમિમાં રહેતું નથી (ભૂમિ ઉપર જ રહે તો સરોવર જેમે સ્થાવર જલ થઈ જાય), પણ ભૂમિના અન્તરૂપ સમુદ્રમાં જાય છે, તેમ જેમણે દેહમાં પ્રવેશ કરેલો છે તે લૌકિક પુરુષો જેમે દેહમાં સ્થિર રહેતા નથી, પણ દેહ જતો રહે તેવી ઈચ્છાથી સન્માર્ગમાં પ્રવૃત્તિ કરી સુયાસના અધિકારી થઈ, વચમાં નહિ અટકતાં, મનની સાથે સાક્ષાત્ સમ્બન્ધમાં રહેલા આત્માને તેનાથી છૂટો પાડતાં મનને વશ કરે ત્યારે જ ઠરીને ઠામ બેસે છે. તેથી આપણો વિયોગ નથી અને તમારા દેહને મારા પ્રકટ સ્વરૂપનો વિયોગ જણાય છે તે વસ્તુતઃ ઉત્તમ છે. લોકની દૃષ્ટિમાં તે વિયોગ જણાય છે પણ આવો એક બીજાથી દૂર રહેવારૂપ વિયોગ ચાર પ્રકારના પુરુષાર્થને પ્રાપ્ત કરાવનારો છે.

તમારો 'ધર્મ' હું જ છું. હું જે તમારાથી દૂર રહું છું તે તમારા મનને મારી પાસે આકર્ષવા માટે. કારણ કે જે દૃષ્ટિથી દૂર હોય છે તે મનથી નજીક હોય છે. તમે મને પ્રિય હોવાથી હું તેમ કરું છું. બહાર હું પ્રકટ હોઉં ત્યારે મારી તરફ દૃષ્ટિ નાખતાં તમે તમારા

અથવા તમારી દષ્ટિના ગુણો મારામાં જોડો છો, પરન્તુ મારા ગુણોનું ગ્રહણ કરતી નથી, પણ જ્યારે તમારા મનમાં હું આવું છું ત્યારે મન મારા ગુણોને ગ્રહણ કરે છે. આજે હું તમારું હિત કરું છું તે હું તમને પ્રિય હોવાથી મારું કાર્ય છે. યોગ વગેરે કરતાં પણ આ સ્થિતિ ઉત્તમ છે; કારણ કે યોગમાં આંખની જેમે મન પણ પોતાના ગુણોને જ ભગવાનમાં મૂકે છે. ભેદ એટલો કે યોગમાં મન ભગવાનના ગુણો કેવા છે તેની કલ્પના કરવા શાસ્ત્રમાંથી તે ગુણોને ગ્રહણ કરે છે, પરન્તુ વિરહને લીધે જ્યારે તમે મારું સ્મરણ કરો છો ત્યારે તો હું બલથી તમારા માં આવતો હોવાથી હું જ મારા ગુણોનું તમારા મનમાં સ્થાપન કરું છું, કારણ કે મનના ગુણો દુર્બલ છે અને હું પ્રબલ છું. તેથી હું પ્રિય હોવાથી, તમારાથી દૂર રહું છું. હું તમારા મનમાં આવું ત્યારે આત્માને મન સાથે સમ્બન્ધ હોવાથી તમારા આત્માને મારા સ્વરૂપ સાથે સમ્બન્ધ થાય છે. વિષયો મનમાં આવે ત્યારે તેમનામાં મારા ગુણો નહિ હોવાથી તેઓ બીજો જન્મ પ્રાપ્ત કરાવનારા હોઈ અનર્થ જ ઉત્પન્ન કરે છે. મારામાં મન આકર્ષાય તે જ મારા દૂર રહેવાનું ફલ નથી, પરન્તુ તેથી તમે મારું ચિન્તન કર્યા કરો છો. મારું ચિન્તન જ મને ઈષ્ટ છે. તમે જો મારું ચિન્તન કરો તો જ હું તમારી સાથે રમણ કરું. હું ક્લેશ વિના કર્મ કરનારો હોવાથી તમે મારું ચિન્તન ન કરો તો હું તમારી સાથે રમણ ન કરું. આપણા બેનો સમ્બન્ધ કામથી થયેલો છે. એ કામ મનમાં રહે છે. તમારું મન માન વગેરેને લીધે મારાથી દૂર રહે તો હું પણ તમારાથી દૂર જતો રહું. તમારો એજ ધર્મ છે કે તમારે મારું સદા સ્મરણ કરવું. મારો પણ એ ધર્મ છે કે તમને સદા આનન્દનું દાન કરવું. તમારાથી દૂર રહેવાથી તમે મારું સદા ચિન્તન કરો તોજ આપણા બન્નેના આ બન્ને ધર્મ બરાબર સચવાય.

તમારો 'અર્થ' પુરુષાર્થ પણ હું જ છું, પરન્તુ છૂપી રીતે તમારે મને સાચવવાનો છે. જેનામાં મન સદા રહે તેનું જ તે રક્ષણ કરે. મન તેમાં રાખવામાં એક ક્ષણની પણ ગફલત થાય તો અર્થ જતો રહે. તેથી ક્યારેય મારું વિસ્મરણ ન થાય તેમ કરવું જોઈએ. નજીક રહેવા કરતાં જે દૂર રહે અને અસ્થિર (જુદી-જુદી જગ્યાએ ફરતા) રહે તેનામાં મન સ્થિર રહે છે. જો દૂર રહે પણ એક જ સ્થળે સ્થિર રહે તો ચિન્તન કરનાર ત્યાં જાય અને તેને મળે. અથવા તે ન મળે તો નિરાશ થાય. તેમાં પણ સ્ત્રીઓનું મન અવશ્ય સર્વથી વધારે પ્રેમ કરવા યોગ્ય પુરુષ દૂર અને અસ્થિર રહે તેનામાં સદા સ્થિર રહે છે. તે સમીપ રહે તો તરત જ માન વગેરે દોષ ઉત્પન્ન થવાનો સમ્ભવ રહે છે. પુત્ર વગેરે બીજા સમ્બન્ધીઓ પણ દૂર રહે તેમનું માતા-પિતા વગેરે જેવું સ્મરણ કરે છે તેવું પોતાની સમીપ રહેનારનું સ્મરણ કરતાં નથી, કારણ કે આ પાસે રહેનાર સાથે બહારનો (દષ્ટિથી) સમ્બન્ધ થાય છે જ્યારે દૂર રહેનાર સાથે અંદરનો (મનથી) સમ્બન્ધ થાય છે. વળી આ પાસે રહે તે ચક્ષુથી દેખાય છે. એક ઈન્દ્રિયના વિષયમાં બીજી ઈન્દ્રિયની સ્વતન્ત્રતાથી પ્રવૃત્તિ થતી નથી, તેથી જે ચક્ષુથી દેખાય છે તેમાં મનની પ્રવૃત્તિ થતી નથી. મન સર્વથી અધિક બલવાળી ઈન્દ્રિય છે. તેમ ન હોય તો જ્યારે એક વિષય પ્રત્યક્ષ દેખાતો હોય ત્યારે મન બીજા વિષયમાં ન

જાય.

તમારો 'કામ' પુરુષાર્થ પણ હું છું. તમે મને પ્રાપ્ત કરવા ચિન્તન કરો છો. તમારે સદા મન મારામાં રાખવું જોઈએ. એક ક્ષણ પણ મન બીજામાં જાય તેમ ન કરવું જોઈએ. તમારે પૂરાં સાધનથી પણ મને પ્રાપ્ત કરવો જોઈએ. તેથી મારામાં મન રાખી, બધા વિષયોમાંથી તેની બધી દશે વૃત્તિઓને રોકો. તેમ કરવાથી પણ તમારા મનનાં સ્વરૂપનો નાશ નહિ જ થાય, કારણ કે મેં તમારા મનમાં પ્રવેશ કરેલો છે. હવે તમે બલપૂર્વક મારામાં મન રાખો એટલે તમને મારી તરત જ પ્રાપ્તિ થશે. મન આત્માથી જુદું છે, છતાં મારામાં મન રાખવાથી તમને મારી પ્રાપ્તિ થશે, કારણ કે તમારા મનદ્વારા તમારો આત્મા પણ મારું સ્મરણ કરશે. સ્મરણ કરવું એ ચિત્તનો ગુણ છે, છતાં અનુસ્મરણ (પાછળથી સ્મરણ કરવું તે) આત્માનો જ ગુણ છે. મનદ્વારા તમારો મારામાં પ્રવેશ થાય, એટલે સ્મરણ દ્વારા મારો તમારામાં પ્રવેશ થશે. એમ બન્ને પ્રકારનો સમ્બન્ધ થશે. એમ થવાથી તમને તરત જ મારી પ્રાપ્તિ થશે, કારણ કે પરંપરાથી તમારા આત્માનો અને મારો કાયમનો સમ્બન્ધ થતાં, ઘસારાથી બેની વચ્ચે રહેલું મન પીગળી જશે, અને મન પીગળતાં ચિત્ત (મન મુખ્યત્વે કર્મ કરાવનારું છે અને ચિત્ત મુખ્યત્વે જ્ઞાન કરાવનારું છે એવો એ બેનો ભેદ છે.) પણ પીગળશે એટલે તરત જ મારી પ્રાપ્તિ થશે. ફલરૂપ મને કામવડે પણ આત્મા જ પ્રાપ્ત કરે તે જ ઉત્તમ છે. ઈન્દ્રિયો પ્રાપ્ત કરે તે તેવું ઉત્તમ નથી.

તમારો 'મોક્ષ' પુરુષાર્થ પણ હું જ છું. રાસ સમયે મેં વેણુનાદ કર્યો ત્યારે તમે મારી પાસે આવી. જે ઘરની અંદર રહેલી અને જેમને પતિ વગેરેએ રોકી રાખેલી, તેમને તે જ સમયે મારી પ્રાપ્તિ થઈ, પણ તમને ન થઈ. જ્યારે રાત્રિએ હું આ વનમાં ક્રીડા કરતો હતો ત્યારે રાસ પ્રાપ્ત ન થવાથી જે ભાગ્યશાળી ગોપીઓ આ વ્રજમાં રહી તેમને મારાં વીર્યનાં ચિન્તનથી મારી પ્રાપ્તિ થઈ તેવી જ રીતે તમારે મને પ્રાપ્ત કરવો જોઈએ. તેથી મારા માટે જીવન નભાવી રાખો તે વ્યર્થ છે. તેમ કરવું જરૂરી હોત તો તમો મારી પાસે આવી તેમને પાછળથી દુઃખ ન થાત, પરન્તુ દુઃખ તો થયું જ. પતિ વગેરેએ તેમને આવતાં રોકી, પણ તે ઘણી ભાગ્યવાળી હતી. રાસમાં આવવામાં અવશ્ય નડતર થાય તેવાં તેમનાં પાપનો હલકા દેહમાં જ ક્ષય થયો, એટલે કાંટાથી કાંટો કાઢવામાં આવે તેમ તે પાપનો દેહનો નાશ કરવામાં જ ક્ષય થયો. તમારાં તે પાપે તો પાછળથી તમને આવી અવસ્થા પ્રાપ્ત કરાવી. મે મારામાં મન રાખવાનું કહ્યું તે પ્રકારે તમારા દોષનો ત્યાગ કરી, તે જેવી સ્થિતિ પ્રાપ્ત કરીને તમે મને પ્રાપ્ત કરશો. હું રાત્રે (ભગવાન વૃન્દાવનમાં જ રહી આ સંદેશ જણાવે છે, એમ 'આ' વિશેષણથી જણાય છે.) વનમાં ક્રીડા કરતો હતો, એટલે ક્રીડા તો એની મેળે થતી જ હતી. હું જ તે કરતો હોવાથી તેમને (તે કરવાનો) પ્રયત્ન કરવો પડે તેમ ન હતું. રાત્રે ક્રીડા કરતો હોવાથી તે આવી શકે તેમ હતું. તે ગોપીઓ રાસમાં આવી નહિ, એટલે તેમનાં ભાગ્યનો ભોગથી ક્ષય થયો નહિ, તેથી તે મોટા ભાગ્યવાળી હતી. તેઓ આ વ્રજમાં રહેતી, તેથી તમને પણ આગ્રહપૂર્વક આ વજ્જમાં જ મેં રાખી છે. તેઓએ રાસમાં આવવા પ્રવૃત્તિ કરી,

પણ પતિ વગેરેએ તેમને રોકી, તે અડચણ દૂર થાય તે માટે તેમણે મારા પરાક્રમનું સ્મરણ કર્યું, ત્યારે મારા ગુણો પણ મારી જેમે ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી તે પરાક્રમે જ તેમના દેહ વગેરે જે તેમના પતિઓનું હતું તે તેમના પતિઓને આપી, તે ગોપીઓને પોતાનાં બાલકની જેમે દોષમાંથી ઉગારી લઈ મારી પ્રાપ્તિ કરાવી. તેથી મારા પરાક્રમનું જ તમારે પણ ચિન્તન કરવું યોગ્ય છે, પરન્તુ મને દોષ દઈ મારું ચિન્તન કરો તે યોગ્ય નથી. તેથી મારામાં મન રાખી, મારા પરાક્રમનું ચિન્તન કરી મને પ્રાપ્ત કરો.

**ગોપીઓનો દોષત્યાગ અને ભગવાન સમ્બન્ધી પ્રશ્નોથી જણાતી તેમની શ્રીકૃષ્ણમાં આસક્તિઃ**

પોતાને ઘણા જ પ્રિય ભગવાનનો એવો આજ્ઞારૂપ ઉપદેશ સાંભળીને કપટ વિનાની શુદ્ધ ભગવાનની કૃપાવાળી વ્રજની સ્ત્રીઓએ શહેરની સ્ત્રીઓની ઈર્ષ્યા તથા ભગવાનને દોષ દેવારૂપ પોતાના દોષ તજ્યા અને તે ઉપદેશથી જ પ્રસન્ન થઈ. પહેલાં રાસના પ્રસંગે ''મેં પરોક્ષ રહીને તમારું ભજન કર્યું'' એમ ભગવાને તેમને કહેલ ત્યારે તેમણે એ વાત જાણેલ જ, પણ વચમાં કાલ વગેરેના દોષથી તે તેઓ ભૂલી ગઈ અને ભગવાનને દોષ દીધો. હવે ભગવાનના ઉપદેશથી પાછું તેનું તેમને સ્મરણ થયું એટલે તે ભૂલવાથી થયેલ દોષ જતા રહ્યા. ઉપદેશથી ભગવાનનાં પરાક્રમનું સ્મરણ કરવું જરૂરી હોવાનું જાણી તેમણે અક્રૂરને કહ્યું કે ''યાદવોના શત્રુ પાપી કંસને તેના ભાઈઓ સાથે હણ્યો તે બહુ સારું થયું. તે કોઈનું હિત કરતો ન હતો પણ ભાઈઓ પાસે પણ પાપ જ કરાવતો હતો કે જેથી તેમનો પરલોક પણ બગડે. તેથી તે હણવા યોગ્ય જ હતો. ભગવાનની કૃપાથી જેમને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થયા છે તેવા બંધુઓ સાથે ભગવાન કુશલ છે ને? ભગવાન શહેરની સ્ત્રીઓને પ્રીતિ ઉત્પન્ન કરે છે ને? હવે અમને તેમની અદેખાઈ થતી નથી. પ્રથમ અમે ભગવાન પ્રતિ સ્નેહથી દૃષ્ટિ કરેલી. પછી ભગવાને પ્રસન્ન થઈ પ્રથમ પ્રવૃત્તિ કરી ત્યારે અમને લજ્જા થઈ. પછી અમને ઘણો આનન્દ થતાં હસવું આવ્યું. પછી અમારામાં ભગવાનનો ગુણ આવ્યો છે એમ સૂચવતી અમારી દૃષ્ટિ બધીએ કલાનું દાન કરે તેવી ઉદાર થઈ. એવી દૃષ્ટિથી અમે પહેલાં ભગવાનની પૂજા કરેલી. લોક તો પૂજેલાને પૂજે છે, તેથી શહેરની સ્ત્રીઓ પણ તેમને પૂજનારી થઈ હશે. ભગવાનને પણ એમ પૂજાવાનો અભ્યાસ છે. પુરુષ કોઈ વાર હીન રસનો પણ સ્વાદ લેવા પ્રવૃત્ત થાય છે, તેથી ભગવાનની અમારામાં પ્રવૃત્તિ થઈ હશે. શહેરની સ્ત્રીઓ તો અમારાથી ઉત્તમ, છતાં ભગવાનની તેમનામાં પોતાથી પ્રવૃત્તિ થઈ નહિ હોય, પરન્તુ તે સ્ત્રીઓની ઇચ્છાથી જ થઈ. તેથી ભગવાન તેમને પ્રીતિ ઉત્પન્ન કરે છે ને? એમ પૂછીએ છીએ...

હમણાં ભગવાન ઉપદેશ આપી અમારા ગુરુ થયા છે, પરન્તુ પહેલાની વાસનાને લીધે અમારે તેમની પહેલાંની અવસ્થાનું સ્મરણ કરવું પડે. ભગવાને ગુરુ થવાથી તે અવસ્થા તજી હોય તો હાલ તેમની જે અવસ્થા નથી તેનું સ્મરણ કરવાથી અમને દોષ લાગે. તેથી અમે પૂછીએ છીએ કે શહેરની સ્ત્રીઓની સાથેની વાતચિતમાં પોતાની

ઈચ્છાપૂર્વક કથા થતી હોય તેમાં કોઈ સમયે અમો ગામડીઓને ગોવિન્દ સંભારે છે? તે અમારા ઈન્દ્ર થયેલા, એટલે હમણાં ગુરુ થયા છે તો પણ કદાચ સંભારે. વળી શહેરની સ્ત્રીઓનો અનુભવ કરતા હોય ત્યારે સમાનપણાને લીધે કદાચ અમારું પણ સ્મરણ થાય. જો પોતાની ઈચ્છેલી સ્થિતિમાં રહ્યા હોય ત્યારે એ પ્રમાણે ભગવાન અમને સંભારતા હોય, તો તે સત્યસંકલ્પ (જે કાંઈ વિચારે તે સાચે જ બને તેવા) હોવાથી અમને પણ તેવી સ્થિતિ પ્રાપ્ત કરાવે... ભગવાન સર્વ ઉપર ઉપકાર કરનારા હોવાથી તારે તેમની છૂપી વાત પણ અમને કહેવી જોઈએ. જે રાત્રિઓ ''આ રાત્રિઓમાં મારી સાથે રમણ કરશો'' એમ કહી ભગવાને અમને વરદાનમાં આપેલી, તે રાત્રિઓ ભગવાન સંભારે છે? બધાએ પોતે આપેલું સંભારે (તેથી સંભારતા હશે). તે સમયે ભગવાને અમારી સાથે રમણ કરેલું. હમણાં કરતા નથી તેથી તે વારંવાર સાંભરે છે. તે સમયે અમે તેમને પ્રિય હતી, હમણાં તો શિષ્યાઓ બની છીએ. સ્વચ્છન્દ રમણનાં સ્થાન વૃન્દાવનમાં તેમણે તે સમયે જે રમણ કરેલું, તેવી લીલા શહેરોમાં થવાનું સમ્ભવતું નથી. વળી વૃન્દાવન પણ તે સમયે કુમુદ કુન્દપુષ્પો અને શશાંક (ચન્દ્ર)થી રમણીય હતું. એમનાથી રતિની વૃદ્ધિ થતી. તે સમયે રસ ઉત્પન્ન થાય તે માટે ઝણકાર કરતાં ચરણમાં પહેરેલાં ઝાંઝરોવાળી સ્ત્રીઓના રાસની સભામાં અમે બધી તેમની આનન્દદાયક કથાઓની પ્રશંસા કરતી હતી.

તે સ્થિતિ દુર્લભ છે. અમને નૃત્ય કરાવ્યું, તેથી નૃત્ય અને ગાનથી અમે તેમને પ્રસન્ન કર્યા. જો ભગવાન તે સંભારે તો અમે સાધનવિનાની (ઈન્દ્રિયો તથા મન વશ ન કરેલી) હોવા છતાં કૃતાર્થ થઈએ. ભગવાનને પણ મનને વશ કરવું એ ઈચ્છેલું નથી. ભગવાને ઉપદેશ કર્યો છે તેથી અમે તેમ (મનને વશ) કરશું, પણ જેમ મેઘોથી ઈન્દ્ર વનને જીવાડે છે તેમ તેમના લીધે થયેલા શોકથી દુઃખી થયેલી અમને પોતાના ગાત્રોથી જીવાડવા ભગવાન અહીં પધારશે? જો મનને વશ જ કરાવવું હતું તો રાસપ્રસંગે અમે અમારા કામરૂપ અગ્નિને તેમનાં અધરામૃતથી સિંચવાની વિનતિ કરી કહેલું કે, જો આપ તેમ નહિ કરો તો વિરહથી થયેલા અગ્નિથી બળી ગયેલ દેહવાળી અમે ધ્યાનથી આપના ચરણનાં પગલાં પ્રાપ્ત કરીશું. તે સમયે ભગવાને અમારો ભોગ કેમ કર્યો? તેથી હમણાં પણ અમારો તીવ્ર કામ દૂર કરે. તે કોમલ થાય ત્યાર પછી તેમનો ઉપદેશ ફળશે, એટલે અમારી પહેલાના જેવી જ ઈચ્છા છે. અમે મથુરા જઈએ તો ત્યાં સ્વચ્છન્દપણું ન થવાથી સુખ ન થાય. ભગવાન દયાળુ છે, બીજાનું દુઃખ દૂર કરનારા છે. તે અહીંથી ચાલ્યા ગયા તેથી થયેલો અમારો શોક તો તેમના લીધે જ થયેલો છે. અત્યારે અમે શોકથી પીગળી જઈએ છીએ. (શુચ+દ્રુ શોકથી દ્રવતા પીગળતા શૂદ્ર) તેથી શૂદ્ર બનેલી હોવાથી ઉપદેશ આપવા યોગ્ય નથી. પહેલાના જેવા રમણથી શોક જાય, ત્યારેજ ઉપદેશ ગ્રહણ કરવાનો અધિકાર થાય. વળી જીવતી હોઈએ તો મનને વશ કરવાનું થઈ શકે, પણ કામના સાથે મરીએ તો મુક્તિ પણ ન મળે. તેથી હમણાં તો અમે જીવતી રહીએ તેમ કરવા પોતાના મુખારવિન્દ વગેરે અંગોથી અમને જીવાડવા તે અહીં આવશે?

ઈન્દ્ર વિના બીજો કોઈ ખાંડવ વનના અથવા સાધારણ વનના પણ દાવાગ્નિને શાંત કરી શકે નહિ. ઘર વગેરે બળતાં હોય તે તો સાધારણ જલથી પણ ઠરે. તેથી અમે જે બહુ દુઃખી થયાં છીએ તેમનો તાપ પ્રથમ મટે તો પછી જ્ઞાન ભલે આવે. હમણાં તો તાપ દૂર થવો જોઈએ. પણ શ્રીકૃષ્ણ અહીં શા માટે પધારે? પધારવાના હોય તો હમણાં જ પધારે અને અમારા કામની શાંતિ કરી અમને ઉપદેશ આપીને જાય. નહિ તો પછી નહિ જ પધારે, કારણ કે સમય જતાં બીજી જંજાળ વધતી જાય. રાજ્ય સંભાળવા, શત્રુને હણવા, દિગ્વિજય કરી રાજાઓની કન્યાઓ સાથે લગ્ન કરવા, તેમનામાં પ્રેમ દર્શાવવા અને પછી પુત્ર, પૌત્ર વગેરે બધાને અનુકૂલ સ્થિતિ ઉત્પન્ન કરવા, એમ રોકાવું જ પડે. વળી અમો ગામડીયાનું તેમને શું પ્રયોજન હોય? તે તો મહાત્મા છે. મહાત્માને અમારું અથવા બીજીઓનું પણ શું કામ હોય? તેમાં અમો તો વનમાં રહેનારી, વાંદરી જેવી, ધર્મ વિનાની રહી. ભગવાનનો પ્રભાવ પણ ઘણો. તેમને કોઈની શી જરૂર? સર્વ ઈચ્છાઓ પૂરનારી લક્ષ્મી, તેના પણ તે પતિ છે. લક્ષ્મી પોતાના સેવકોની ઈચ્છાઓ પૂર્ણ કરે છે, તો પછી સ્વામીની ઈચ્છાઓ તો પૂર્ણ કરે જ. વળી ભગવાન આપ્તકામ (જેમની સર્વ કામનાઓ પૂર્ણ થઈ છે તેવા) છે. બીજાની કામનાઓનું પણ ફલ તે આપે છે, તો પછી તેમની કામનાઓ તો પૂર્ણ થયેલી જ હોય. તેથી અમો વગેરે તેમનું શું કાર્ય કરી શકીએ? તેમણે તો બધા આત્માઓને પોતાના માટે પોતાની ક્રીડા માટે બનાવેલા છે. તેવા મહાત્માને અમારું શું પ્રયોજન? તેથી તેમની આશા રાખવી વૃથા છે. આશા જ સર્વને દુઃખ કરાવે છે, તેથી તે મૂકી દેવી જોઈએ. નિરાશા જ સુખરૂપ છે. જેનું મન ફર્યા જ કરે તેવી મનફર વેશ્યા પિંગલાએ (આ પિંગલાની કથા ગોપીઓએ પોતાના દિવ્ય જ્ઞાનથી જાણી, અથવા નારદ વગેરે પાસેથી સાંભળેલી. આ કથા ભાગવત ૧૧।૮।૨૧ થી ૪૪ માં કહેલી છે.) પણ એમ જ કહેલું છે. તેથી આશાનો અન્ત નથી તે અમે પ્રકારથી, ફલથી તથા તર્કથી જાણીએ છીએ, છતાં પણ અમે બધી શ્રીકૃષ્ણની આશ તજી શકતી નથી, કારણ કે પિંગલા વેશ્યાએ શ્રીકૃષ્ણ સર્વથી અધિક હોવાથી તેમની આશાથી બીજી બધી આશાઓનો ત્યાગ કરેલો. અમે કોની આશાથી શ્રીકૃષ્ણની આશા તજીએ? કારણ કે સર્વથી વધારે સરસાઈ શ્રીકૃષ્ણની જ છે.

હર કોઈ પદાર્થને ભૂલીએ તો તેની આશા તજાય, પણ ઉત્તમશ્લોકના સમ્બન્ધને ભૂલવાની ઈચ્છા પણ કોનાથી થાય? ઉત્તમ પુરુષો પણ તેમની પ્રશંસા જ કરે છે, તેમને પણ તેમનો સમ્બન્ધ પ્રાપ્ત થતો નથી. વળી બધાએ તેમની પ્રશંસા જ કરતા હોવાથી તેમનું સ્મરણ અનાયાસે જ થાય છે. તેમનો સમ્બન્ધ તજવો એ અશક્ય છે અને તે સમ્બન્ધ ઘણો જ પ્રિય છે. તેમનો સમ્બન્ધ તજવાનું કારણ હોય તો પણ તે તજવાની ઈચ્છા થતી નથી, એ લક્ષ્મીના દૃષ્ટાન્તથી સ્પષ્ટ થાય છે. ભગવાન તેની ઈચ્છા રાખતા નથી છતાં પણ અને ધન ઈચ્છનારા લક્ષ્મીની સેવા સદા કરતા હોવા છતાં પણ, તે ભગવાનના વક્ષઃસ્થલ ઉપરથી કોઈ પણ સમયે ખસતી નથી. ભગવાન તેની ઈચ્છા રાખતા નહિ હોવાથી તેમને

કામ નથી અને કામ વિનાના પુરુષ પ્રતિ સ્ત્રીઓ ઉદાસીન રહે છે. છતાં લક્ષ્મી તેમના વક્ષઃસ્થલ ઉપરથી ખસતી નથી. વળી ભગવાનનું સ્મરણ કરાવનારા પણ ઘણા પદાર્થો છે. બધું તજીએ પણ જલ ભરવા જરૂર જવું પડે. વળી ઘર બહાર નીકળીએ ત્યારે ઉંચો પર્વત પણ દેખાય જ. તેથી યમુના અને ગોવર્ધન તો દેખાય જ. વિહાર કરવા વનની ભૂમિમાં પણ જવું પડે. ઘેર ગાયો પણ જોવી જ પડે. આંખો બંધ કરીએ તો પણ વેણુના નાદ હજી પણ સંભળાય છે. તે બધા ભગવાનનું સ્મરણ કરાવે છે. બહારની ક્રિયાઓ બંધ કરીએ તો પણ ચોરી વગેરે, દૈત્યોને હણી અમારું રક્ષણ કર્યું તે, તથા સ્વછન્દ રમણ કર્યું તે ભગવાનના ચરિત્રો મનમાં પણ તેમનું સ્મરણ કરાવે. અમારા માટે જ પ્રકટ થયેલ સદાનન્દ શ્રીકૃષ્ણ અમને સ્મરણ કરાવવા જ આ ચરિત્રો કરેલાં, તેથી તારી(ઉદ્ધવની) જેમે અમે સુખથી રહી શકીએ તેમ નથી. તેથી જ ભગવાન અહીં નહિ હોવા છતાં તું સ્વસ્થ છે, અમે સ્વસ્થ નથી. સ્મરણથી પીડાને લીધે મૂર્ચ્છા થતાં, ભૂલવા ઇચ્છીએ ત્યારે બધી બહારની ક્રિયાઓ બંધ કરીએ ત્યારે ભયને લીધે સ્મરણ થઈ જ જાય છે. એટલે આ બધા વારંવાર ભગવાનનું સ્મરણ કરાવે છે. પીડા થાય ત્યારે સમર્થનો આશરો લઈએ એવો વિચાર થતાં સમર્થ નન્દનું સ્મરણ થતાં તેમના પુત્ર ભગવાનનું સ્મરણ થઈ જ જાય છે. વળી લક્ષ્મીનાં ધામરૂપ સર્વત્ર ઉઠેલા અતિ સુન્દર ભગવાનનાં પગલાં ભગવાન અચ્યુત હોવાથી સદા ઉઠેલાં જ રહેલાં છે. જ્યાં સુધી ભગવાન છે ત્યાં સુધી તેમનો તિરોભાવ ન થાય, એવો તેમનો સ્વભાવ છે. ભગવાનનાં ચરણો અમે અમારાં હૃદય ઉપર પણ પધરાવેલાં. તે પણ સર્વથી બલવાન્ હોવાથી અમે ભગવાનને વિસરી શકતી નથી જ. મનને વશ કરવાથી વિસ્મરણ થાય અને શુદ્ધ બુદ્ધિથી મન વશ કરાય, પણ ભગવાને અમારી બુદ્ધિ હરી લીધેલી છે. બુદ્ધિ ત્રણ પ્રકારની, તેને કાયા, વાણી અને મનના ગુણોથી હરી. ૧.મનોહર ગતિરૂપ કાયાની ક્રિયાથી અમારી દેહસમ્બન્ધી બુદ્ધિ હરી. ભગવાનની ગતિ મનોહર હોવાથી, જતાં અમારી બુદ્ધિને બધા પદાર્થોથી રોકી લેતી ગઈ. ૨.મન સંકલ્પ અને વિકલ્પરૂપ છે. તેનો સંકલ્પ કરતો ભાગ ભગવાનનાં મોહ ઉત્પન્ન કરનારા હાસ્યે હર્યો. તે હાસ્ય સંકલ્પથી પ્રાપ્ત થાય તેવું ઘણુંએ સુખ આપનારું હોવાથી, ફલના વિચારથી પણ સંકલ્પ કરાતો નથી. મનનો વિકલ્પ કરતો ભાગ ભગવાનની લીલાવાળી દષ્ટિએ હર્યો. દષ્ટિ જ્ઞાનરૂપ હોવાથી વિકલ્પ (સંશય)નો નાશ કરે જ. જ્ઞાન (દષ્ટિ) પણ જો ફલ ન આપે તો નિર્બલ ગણાય, પણ આ તો લીલાવાળું હોવાથી સ્વતઃપુરુષાર્થરૂપ છે. ૩.વાણી જેમાં મુખ્ય છે તેવી વાણીના સમ્બન્ધવાળી બુદ્ધિ ભગવાનની મધુર વાણીએ હરી. સ્ત્રી (ભગવાનની વાણી) પોતાની જાતની સ્ત્રી (અમારી વાણીના સમ્બન્ધવાળી બુદ્ધિ)ને હરે, તો કોઈ પણ તેમાં વિઘ્ન ન કરે. વળી ભગવાનની વાણી મધુર હોઈ ફલરૂપ છે. તેથી લોકમાં જોવામાં આવે છે તેવા કોઈ પ્રકારે ભગવાનને અમે ભૂલીએ તેવું સમ્ભવતું નહિ હોવાથી અમે તેમને કેમ ભૂલીએ? તેમને ભૂલીએ તો બીજાં સાધન કરવાનું થઈ શકે. તેથી તેમને ભૂલી શકીએ તો તેમણે આપેલ જ્ઞાન પ્રાપ્ત થાય. તે ભૂલાતા નહિ હોવાથી, જે થઈ ન જ શકે તેવું કરવાનો તેમણે અમને ઉપદેશ કર્યો છે. તેથી

લૌકિક અથવા વૈદિક કોઈ રીતે અમે દુઃખના સાગરને તરી શકીએ તેમ નથી.

અમારો ભગવાને પોતાના બલથી ઉદ્ધાર કરવો જોઈએ, કારણ કે તે અમારા 'નાથ' છે. તે અચ્યુત અને સંગરહિત હોવા છતાં રમણથી જ અમારો ઉદ્ધાર લક્ષ્મીનો ઉદ્ધાર કર્યો તેમ કરી શકે. લક્ષ્મીનો પણ માત્ર રમણ કરવાનો જ સ્વભાવ છે. તે દિવસે-દિવસે વધતી જતી અને નિત્ય છે. તેના પણ તે નાથ છે. લક્ષ્મી હોવાથી તેને પોષણ વગેરેની જરૂર નથી. અમારી જેમે રમણથીજ તે પણ વશ થાય. ભગવાન જેવા તેના નાથ છે તેવા વ્રજના (અમારા) પણ નાથ છે. વ્રજમાં અને લક્ષ્મીમાં ગુણ-દોષ સરખાં છે. હે પ્રભુ! આપ દુઃખ હરનારા હોવાથી અમારું દુઃખ હરો. બીજું કાંઈ કરો કે ન કરો, પણ દુઃખ તો હરો જ, નહિ તો તમારું હરિપણું જ નહિ રહે. વળી આ બધુંએ ગોકુલ દુઃખના સમુદ્રમાં ડૂબેલું છે, તેનો ઉદ્ધાર કરો. પહેલાં એકલા હાથીનો, તે કમલવાળા તળાવમાં અડધો ડૂબેલા જેવો હતો, તેનો પણ દયાથી આપે ઉદ્ધાર કર્યો હતો, તો અમારો ઉદ્ધાર કરવા માટે દયા કરવામાં કેમ ઢીલ કરો છો? ડૂબેલાનો ઉદ્ધાર તો આપ જ કરી શકો છો. અમૃત મથન કરતાં મન્દર પર્વત ડૂબેલ તેનો પણ આપે જ ઉદ્ધાર કરેલ. વળી આપ ગોવિન્દ છો, અમારા ઈન્દ્ર તરીકે બધાએ આપનો અભિષેક કર્યો છે. તેથી જ્યાં સુધી ગોકુલ જીવે ત્યાં સુધી આપે તેનું રક્ષણ જરૂર કરવું જોઈએ. તેમ નહિ કરો તો આપે જ પ્રમાણ બલનો નાશ કર્યો ગણાશે. પહેલાં મત્સ્ય થઈ આપે વેદનો ઉદ્ધાર કરેલો, તેવી રીતે ગોવિન્દપણાથી અમારો પણ ઉદ્ધાર કરો.

**ઉપદેશ વારંવાર આપતાં ઉદ્ધવનો ગોકુલનિવાસઃ**

શ્રીકૃષ્ણના એ સંદેશાથી ગોપીઓનો વિરહ જ્વર મટ્યો. ભગવાને સંદેશો કહાવ્યો તે વિષયનું અજ્ઞાન હોવાથી તેમને દુઃખ ચિન્તા વગેરે થયેલાં. પોતાના કંઠમાં સોનાનો હાર હોવાનું જે ભૂલી ગયેલ તેને "સોનાનો હાર તારા કંઠમાં છે" એવું સ્મરણ કરાવવાથી જ તે દુઃખ ભૂલે છે. તેથી ભગવાનના ઉપદેશોથી ગોપીઓ ભગવાનમાં દોષ જોતી બંધ થઈ. તેઓ દોષરહિત થઈ એટલે ભગવાન આત્મા છે એમ તેમણે જાણ્યું. પહેલાં ઈન્દ્રિયોનો અધ્યાસ હોવાથી અને દેહને આત્મા જાણતી હોવાથી, ભગવાન આત્મા છે એમ જાણતી ન હતી, પરન્તુ અધ્યાસ જતો રહેતાં, ભગવાન આત્મા છે એમ તેમણે જાણ્યું. પછી ઉદ્ધવ ગુરુ ન હોવા છતાં ગુરુનો ઉપદેશ તેણે આપેલ હોવાથી તેમણે તેની પૂજા કરી. ભગવાનને આત્મા તરીકે જાણ્યા એ ગોપીઓનું જ્ઞાન દઢ ન થાય તો પહેલાંની તેમની સ્થિતિથી તેનો નાશ થાય, તેથી તેમનો શોક દૂર કરતાં ઉદ્ધવ કેટલાક મહિના ત્યાંજ રહ્યો. પહેલાંની વાસનાથી તેમને વારંવાર ભેદનું ભાન થતું અને તેમ થતાં જ દુઃખ થતું. તે મટાડવા વારંવાર ભગવાનના જ્ઞાનનો ઉપદેશ આપતો ઉદ્ધવ ત્યાં રહ્યો. ત્યાં તે શ્રીકૃષ્ણની લીલાનું ગાન કરતો. લૌકિક પુરુષો બધા માત્ર કથામાં જ મજા માણે છે, મુક્ત જીવો ભગવાનની લીલામાં અને કથામાં આનન્દ માને છે. અને ભક્તો શ્રીકૃષ્ણની કથામાં આનન્દ કરે છે. તેથી ઉદ્ધવે શ્રીકૃષ્ણની કથાનું ગાન કરતાં બધાંએ ગોકુલને આનન્દ કરાવ્યો. તેમ ન

કરે તો ગોપીઓને (તેના ગયા પછી) બીજાના બન્ધનથી પણ દુઃખ થાય. ઉદ્ધવ ઉત્સવરૂપ હોવાથી નન્દના વ્રજમાં રહ્યો તેટલા દિવસ શ્રીકૃષ્ણની વાર્તાને લીધે વ્રજવાસીઓને એક ક્ષણ સમાન, અરે તેથી પણ ઓછો સમય લાગ્યા, કારણ કે શ્રીકૃષ્ણની કથાના શ્રવણની તેમની ઈચ્છા ક્ષણે-ક્ષણે વધતી જ હતી. બહારનું જ્ઞાન હોય તો દિવસ વગેરેની ગણના થાય પણ આ બધા તો ભગવાનને આત્મા તરીકે જ માની ભગવન્મય થયેલા. તેથી સમય સહેલાઈથી જતો રહ્યો.

ઉદ્ધવે પણ ત્યાં ભગવાનની લીલાનાં સ્થળો જોયાં. તેનો આ પહેલાંનો જ મનોરથ હતો. યમુના, વૃન્દાવન, ગોવર્ધન, તેની ખીણો, ગોકુલના ચમ્પક વગેરે ફૂલઝાડ, જે ફૂલની ઋતુ ન હોય ત્યારે પણ ભગવાનના પ્રભાવથી સદા ફૂલવાળાં રહેતાં તે બધાં જોઈ, ભગવાનની આજ્ઞા પાલતાં તેમનું સ્મરણ કરાવતો તે ત્યાં રહ્યો. પોતાનો મનોરથ ફળ્યો અને ભગવાનની આજ્ઞા પણ પળાઈ.

ભગવાને તો માતાપિતા તથા ગોપીઓને જ સુખ થાય તેમ કરવા આજ્ઞા આપેલી, પણ બીજાને પણ તેના સત્સંગનો લાભ મળ્યો. તેણે બધામાં ભગવદ્‌ભાવ ઉત્પન્ન કર્યો. તે દરરોજ ઉપદેશ આપતો અને ગોપીઓને દરરોજ વિરહનું દુઃખ થતું. ભગવાન આત્મા હોવા છતાં, બહારનું ભાન થતાં જ તેમને ભગવાનને પ્રાપ્ત કરવાની જ ઈચ્છા થતી. ભગવાન અંદર આત્મા તરીકે સ્ફૂરે, અથવા વિરહ, એ બે જ તેમની સ્થિતિ થતી; લૌકિક અવસ્થા થતી જ નહિ. એ જોઈ તે ઘણો પ્રસન્ન થયો.

**ઉદ્ધવે કરેલી ગોપીઓની પ્રશંસાઃ**

ભગવાનનું આત્મા તરીકે સ્ફૂરવું અથવા વિરહ એવી તેમની બે સ્થિતિ તેણે જોઈ. પોતાની તો તેમાંથી એક (પહેલી)જ સ્થિતિ હતી. તેથી ગોપીઓ પોતાથી અધિક હોવાથી તેમને નમન કરી તેમની સ્તુતિ કરતાં કહ્યું કેઃ ''આ ગોપીઓજ ભૂમિ ઉપર ખરેખર દેહધારી છે. જ્ઞાનીઓ, લૌકિક પુરુષો અથવા ભક્તો પણ ખરા દેહધારી નથી. લૌકિક પુરુષોનું જીવન તો વ્યર્થ જ છે, કારણ કે દોરડાંથી બાંધેલો હોય તે પાશવાળો ગણાતો નથી, પણ પાશ(જાળ) જેને સ્વાધીન હોય તેજ પાશવાળો છે. તેવી જ રીતે જેમને દેહ સ્વાધીન હોય તેજ દેહધારી છે. જ્ઞાનીઓને તો જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી જ દેહનો ઉપયોગ હોવાથી, તે પ્રાપ્ત થયા પછી દેહ નકામો જ છે, કારણ કે ત્યાર પછી નકામા જ દેહને તેઓ જરૂર વિના ઢસડે છે. ભક્તો પણ મૂર્ખાઈથી દેહને જ આત્મા માનતા, તેને જ ઉત્તમ માની બહિર્મુખ રહેવાથી દેહરૂપ જ છે, પરન્તુ દેહધારી નથી. પરન્તુ તેમને સમય જતાં ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે. મારા જેવા તો ભક્તો હોવા છતાં, જ્ઞાન પ્રાપ્ત કરેલું હોવા છતાં, ઉદ્યમરહિત સ્થિતિવાળા હોઈ સારી રીતે દેહધારી નથી, તેથી આ ગોપીઓ જ ઉત્તમ પ્રકારે દેહધારી છે. લક્ષ્મી વગેરે આવી દેહધારી છે, પરન્તુ તે ભૂમિ ઉપર રહેનારી નથી. ભૂમિ ઉપર પ્રહ્‌લાદ વગેરે દૃઢ ભક્તિવાળા છે, પરન્તુ ગોપસ્ત્રીઓ જેવી સ્થિતિ પ્રાપ્ત કરી કોઈ આવો ભક્ત થયો નથી. ગોવિન્દ વાસ્તવિક રીતે સર્વના આત્મા છે, છતાં તેમને પોતાના તરીકે જાણી,

તેમનામાં આમણે દઢ પ્રેમ કર્યો છે. સ્વાધીન દેહ હોય તેનું આજ ફલ છે કે ગોવિન્દ સર્વના આત્મા છે એમ જાણવા છતાં પણ તેઓ પહેલાનો દોષરહિત પ્રેમ જ રાખે છે. સંસારમાં પુનર્જન્મ થવાનો જેમને ભય છે તેવા મોક્ષ ઈચ્છનારાઓ, મોક્ષ પ્રાપ્ત કરેલા મુનિઓ અને ભક્તો બધાએ ધર્મમાર્ગમાં રચ્યા-પચ્યા રહેનારા હોવા છતાં ભગવાનમાં આવો પ્રેમ થવાની ઈચ્છા રાખીએ છીએ. બધાને દેહ વિનાના થતાં મોક્ષ પ્રાપ્ત થાય ત્યાં સુધી બહારનું ભાન રહે છે, કારણ કે જેમને જીવતાં મોક્ષની સ્થિતિ પ્રાપ્ત થઈ હોય તેમને પણ તેવું ભાન હોય છે એમ શાસ્ત્રમાં કહેલું છે. બહારનું ભાન રહે ત્યાં સુધી લૌકિક જ પ્રેમ થતો હોવાથી, ત્યાં સુધીનો સમય લેતાં જન્મ નકામો જ છે. બીજાઓનો જન્મ તો વ્યર્થ છે જ. નારદ વગેરે મોટા ભક્તોની પણ કોઈ પ્રસંગે પ્રાકૃત પુરુષ જેવી સ્થિતિ થાય છે. તેમ ન હોય તો તેમનું કાર્ય લૌકિક પુરુષ જેવું ન થાય. પ્રહ્લાદે પણ રાજ્ય વગેરે કરેલ હોવાથી તેની પણ તેવી લૌકિક સ્થિતિ થયેલી. બધા શાસ્ત્રોનો નિર્ણય એવો છે કે બહારનું ભાન હોય ત્યાં સુધી તો આવી જ સ્થિતિ હોય છે. આથી જુદી ક્યાંક હોતી નથી. તેથી સ્થિતિનો વિચાર કરતાં આ ગોપીઓ જ દેહધારી છે.

વિદ્વાન્ બ્રહ્મ જાણનાર વસિષ્ઠ વગેરે બ્રાહ્મણો પણ આ ગોપીઓથી અધિક નથી, કારણ કે બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલ બ્રાહ્મણોના જન્મનું પણ કાંઈ ફલ નથી. જોકે બહારનું ભાન હોય ત્યારે તેઓ વેદના અર્થ પ્રમાણે આચરણ કરે છે અને લાંબા યજ્ઞ કરે છે અને અંદરની દષ્ટિ રાખે ત્યારે બ્રહ્મનું ધ્યાન ધરે છે, છતાં પણ કર્મ કરતાં ભક્તિ અધિક છે, કારણ કે કર્મ પ્રપઞ્ચમાં સ્વસ્થપણું કરાવે છે, પરન્તુ ભક્તિ તેમ કરાવતી નથી; અને જે દુષ્ટ પ્રપઞ્ચમાં સ્વસ્થતાનો આદર કરે તે દુષ્ટ જ છે એવો નિશ્ચય છે. (કર્મ-જ્ઞાન વગેરેના) જુદાં-જુદાં પ્રકરણોમાં જુદા-જુદાની પ્રશંસા તો પ્રકરણને અનુસરીને કરેલી છે. તેથી ભગવાનની કથામાં જેને રસ નથી તેને કર્મમાં ઉપયોગી થાય તેવા પણ બ્રાહ્મણ જન્મથી શું ફલ થવાનું? કાંઈ જ નહિ. જેને ભગવાનની કથામાં રસ છે તેને બ્રાહ્મણના જન્મથી થતો ઉપર કહેલો કોઈ પણ પુરુષાર્થ પ્રાપ્ત કરવો રહેતો નથી, કારણ કે સાધન દશામાં જ તેનાથી પણ ઉત્તમ પુરુષાર્થ તેને પ્રાપ્ત થયેલો છે અને જ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ કર્મ કરતાં ભક્તિથી જ વધારે સાહાય્ય થાય છે.

બ્રાહ્મણકુલમાં જન્મ થવાથી ગોપીઓના જેવો ભગવાનમાં પ્રેમ થતો નથી. આ ગોપીઓ હલકી ગોપ જાતિની છે, વળી સ્ત્રીઓ હોઈ યોનિને લીધે હલકી ગણાય. વનમાં ફરનારી હોવાથી સ્થાનને લીધે પણ હલકી છે, કારણ કે ''વનમાં વાસ તો સાત્ત્વિક છે'' વગેરે વાક્ય સત્કુલમાં ઉત્પન્ન થયેલા હોય તે જ વનમાં રહેવાથી ઉત્તમપણું પ્રાપ્ત કરે છે એમ કહે છે. તેમ ન હોય તો વનમાં ફરનારા વાંદરા પણ ઉત્તમ ગણાય. વળી વનમાં પણ તે સ્વચ્છન્દતાથી ફરતી. વળી વ્યભિચારિણી પણ થયેલી. ભગવાને પોતાના માટે તેમને ઉત્પન્ન કરેલી. ભગવાનનો અવતાર થવામાં વિલમ્બ થતાં જેમ અહલ્યાએ ઈન્દ્રને ભ્રમથી પોતાનો પતિ માની તેની સાથે વ્યભિચાર કરી દુષ્ટ થઈ હતી તેમ તેમણે ભ્રમથી બીજા

ગોપાલોને પોતાના પતિ માન્યા, તેમની સાથે વ્યભિચાર કર્યો અને પુત્ર વગેરેની ઉત્પત્તિ દુષ્ટ પણ થઈ. (* કેટલાક એમ માને છે કે ભગવાનને પોતાનું નિવેદન કર્યા પછી પાછો ગોપીઓએ ગોપો સાથે સમ્બન્ધ કર્યો અને તેથી દુષ્ટ થઈ. આ યોગ્ય નથી, કારણ કે ગોપો તો ગોપીઓને પોતપોતાની પાસે જ રહેલી હોવાનું માનતા. એવી માન્યતાથી જ તેમની સાથે ગોપોનું રમણ થતું. ગોપીઓ સાથે વાસ્તવિક રમણ થતું ન હતું. વાસ્તવિક રમણ તેઓ કરવા જાય તો ગોપીઓના જ પ્રભાવથી તેઓ બળીને ભસ્મ થઈ જાય. અથવા ભગવાન તેમનો નાશ કરે. એવું રમણ ગોપીઓ સાથે કરવાની તેમની શક્તિ જ ન હતી.). જેમ પતિ વ્યભિચારિણી પત્નીનો ત્યાગ કરે છે, તેમ વ્યભિચાર થવાથી ભગવાનમાંથી પ્રેમ જતો રહે, છતાં ગોપીઓને ભગવાનમાં પ્રેમ થયો જ, એ ઘણું આશ્ચર્યકારક છે. જો ભગવાન સાથે સમ્બન્ધ થયા પછી તેમણે દોષ કર્યો હોત તો ભગવાનમાં તેમને પ્રેમ જ ન હોત. સદાનન્દ ફલરૂપ શ્રીકૃષ્ણમાં પ્રેમ રાખવાથી દોષ ન થાય. તેમ કરવાથી દોષ થતો હોય તો ફલ પ્રાપ્ત કરવા કોઈ કર્મ કરે જ નહિ. શ્રીકૃષ્ણ તો સર્વનો ઉદ્ધાર કરવા પ્રકટ થયેલ પરમાનન્દ છે. તેમનામાં આવો અત્યન્ત પ્રેમ અવશ્ય સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવે. તેથી બ્રાહ્મણપણું વગેરે ગોપીઓમાં ન હોવા છતાં, એવા પ્રેમે તેમને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવ્યા. એવી રીતે પુરુષાર્થ પ્રાપ્ત કરવાનાં કારણ વિના, અથવા (ભગવાનમાં) પુરુષાર્થ પ્રાપ્ત થવામાં વિઘ્ન કરાવે તેવા કામરૂપ કારણથી પણ તેમને પુરુષાર્થ પ્રાપ્ત થયા. તેનો વિચાર કરતાં એમ જણાય છે કે વિદ્વાન્ ન હોય તેવા પણ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે તેમનું ભજન કરે તો ઈશ્વર તેનું પોતાને યોગ્ય જ કલ્યાણ કરે છે, પણ સેવકને યોગ્ય હોય તેવું (જ) કલ્યાણ કરતા નથી. આ સિદ્ધાન્ત લોકમાં અથવા વેદમાં પ્રસિદ્ધ નથી, છતાં ગોપીઓમાં જોવામાં આવતો હોવાથી એવો નિર્ણય થાય છે. શ્રીકૃષ્ણ ઈશ્વર હોવાથી તેમ કરે છે, કારણ કે ઈશ્વર કોઈ પ્રસંગે સેવાનો આદર કરે છે અને કોઈ પ્રસંગે ઉલટું ફલ પણ આપે છે, કારણ કે ગફલતથી પણ અપરાધ થતાં પ્રાણ કાઢી નાખે છે. વળી કોઈ પ્રસંગે સેવાને યોગ્ય હોય તેથી અધિક ફલ પણ આપે છે. આમ ફલ મળવાનું કારણ જીવે કરેલ કર્મથી થયેલ અદષ્ટ નથી, કારણ કે અદષ્ટને આનું કારણ માનીએ તો ઈશ્વરપણું રહે નહિ. લોકમાં ફલ આપનાર રાજા વગેરે પરમેશ્વર નહિ હોવાથી સેવાથી વિરુદ્ધ ન હોય તેવું સેવકને યોગ્ય ફલ મળે; પણ ભગવાનના સમ્બન્ધમાં એવી કલ્પના કરવી એ ગાંડપણ જ છે.

''જેમ અજ્ઞાનથી પણ અમૃતનો ઉપયોગ કર્યો હોય તો તે કલ્યાણ કરે છે'' એવું અમુક અંશે લોકના નિયમ પ્રમાણે પણ દષ્ટાન્ત છે. ભૂલથી પણ અમૃત ખાવામાં આવ્યું હોય તો તે કલ્યાણ કરે છે જ. ભૂલથી અગ્નિનો સ્પર્શ કર્યો હોય તો તેથી પણ દઝાય છે જ. છતાં પણ કોઈ પ્રસંગે જ્યારે તેની જાતને (કાષ્ઠનો) સમૂહ તેની આસપાસ હોય પરન્તુ જો પાણી તેની આસપાસ હોય તો તેનામાં ઈશ્વરપણું ન રહેવાથી કલ્યાણ કરવા સમ્બન્ધી નિયમ લાગુ પડે નહિ, તેમાં દોષ નથી. જેનાથી 'ગદઃ' રોગ 'ન' ન રહે તેવું રોગ મટાડનારું ઓસડ 'અગદ' છે. બધાની શક્તિ જે એકમાં રહી હોય તે 'રાજા' કહેવાય. તેથી (બધા

ઓસડની શક્તિવાળું) 'અગદરાજ' અમૃત છે. ભગવાનને યોગ્ય (કલ્યાણ) અમૃત જ છે. પ્રમાણોનું (દરેકનું) બલ એક જ છે અને તે પણ ઉત્તમ સ્થિતિનું નથી. જો ઉત્તમ સ્થિતિનું હોય તો કેટલાકને પ્રમાણથી ગોપીઓ જેવો પ્રેમ ભગવાનમાં થાય. તેથી ગોપીઓને ભગવાનમાં આવો ઉત્કટ પ્રેમ પ્રમેય(ભગવાન)ના બલથી જ થયો છે એમ જણાય છે. ભગવાનની ઇચ્છા પ્રમાણે તેમનું ભજન જરૂરી છે. જ્ઞાન ન હોય તો પણ આવું ભજન ફલ પ્રાપ્ત કરાવે છે, પણ ભજન સાક્ષાત્ ભગવાનનું કરવું જોઈએ. મન્ત્ર વગેરે દ્વારા કરેલું ભજન તો ભજનને યોગ્ય જ ફલ આપે છે, (ભગવાનને યોગ્ય ફલ આપતું નથી). તેથી બ્રાહ્મણ કુલમાં જન્મ વગેરે કાંઈ સાધન ગોપીઓને ન હોવા છતાં આવું ઉત્તમ ફલ પ્રાપ્ત થયું, તેથી તેવા જન્મ વગેરેનો કાંઈ પણ ઉપયોગ નથી.

ભગવાનની ઈચ્છાથી જ આવું ફલ પ્રાપ્ત થાય, બીજા કોઈ કારણથી ન થાય. છતાં ગોપીઓ સ્તુતિ કરવા યોગ્ય છે, કારણ કે રાસના ઉત્સવમાં ભગવાનના ભુજદંડે તેમની કંઠ ગ્રહણ કરેલી અને તેમને જે કલ્યાણ પ્રાપ્ત થયું તેવી કૃપા ભગવાને આટલા સમય સુધી બીજા કોઈઉપર કરેલી નથી...

ઈર્ષ્યાથી હું ગોપીઓની અવસ્થાની પ્રશંસા કરતો નથી, તેમ ઈશ્વર પાસે તેમના જેવી મારી સ્થિતિ થવા પ્રાર્થના કરતો નથી. હું તો તેમના દાસનો પણ દાસ થવા યોગ્ય નથી, તો તેમની સ્થિતિ પ્રાપ્ત કરવાની અયોગ્ય ઈચ્છા કેમ કરું? તેમની ચરણના રેણુના સમ્બન્ધવાળો વૃન્દાવનનો વેલો લેતા અથવા ઔષધિમાંનું કાંઈક હું થાઉં એવી મારી ઈચ્છા છે. જંગમ પ્રાણી થવાનો મારો અધિકાર નથી. વળી જંગમ પ્રાણી થાઉં તો ચાલીને ત્યાંથી જતા રહેવાય. તેમની સાથે વ્યવહાર કરવા યોગ્ય પ્રાણી થાઉં તો ''હું તેમના સરખો છું'' એવો વિચાર આવે તે પણ યોગ્ય નથી. સ્થાવર પ્રાણીમાં વૃક્ષ વગેરે લાંબા સમય સુધી રહેનાર થાઉં, તો તરત ભગવાન પ્રાપ્ત ન થાય. જે જેના ચરણની રજની ઈચ્છા કરે તે-તે થાય છે અથવા તેનો દાસ થાય છે અને મારે થોડી જીંદગીવાળો તેમના ચરણની રજ પ્રાપ્ત કરવા યોગ્ય જન્મ જોઈએ છીએ. તેથી વેલો, લતા અથવા ઔષધિમાંનું કાંઈક હું થાઉં એમ હું ઈચ્છું છું. તે પણ ગોપીઓના ચરણની રજનો સમ્બન્ધ થવા યોગ્ય વેલો, વગેરે થાઉં, પણ તુલસી, કુન્દ, માલતી અથવા ડાંગર ન થાઉં, કારણ કે તુલસીને ગોપીઓના હસ્તનો, કુન્દ માલતી વગેરે પુષ્પોની માલાને તથા અક્ષતને ભગવાનનો અને તેમના મસ્તકનો સમ્બન્ધ થાય એટલે મેં હલકા જન્મના બાનાથી સરસાઈની જ પ્રાર્થના કરી ગણાય. તેવો જન્મ પણ વૃન્દાવનમાં થાઓ કારણ કે વૃન્દાવન સરસાઈ કરાવનારું અને ભક્તિ ઉત્પન્ન કરનારું છે. પરન્તુ આવો પણ મારો જન્મ નહિ થાય એ આશ્ચર્યકારક છે. સાધન કરવાથી પ્રાપ્ત થયેલ સરસાઈથી જ ફલ મળે, બીજી રીતે ન મળે એ માનવા જેવું નથી. અહીં સત્ત્વ વગેરે ગુણોની સરસાઈ ઈષ્ટ નથી, કારણ કે ચરણની રજનો સમ્બન્ધ જ સરસાઈ પ્રાપ્ત કરાવે છે.

ગોપીઓના ચરણની રજથી ધીરે-ધીરે ગોપીના જેવી જ સ્થિતિ થાય, પરન્તુ

ભગવદ્ભાવ ન થાય. છતાં ગોપીઓને જ ભગવદ્ભાવ સહેલાઈથી પ્રાપ્ત થાય છે, બીજાને થતો નથી; તેથી તેમના ચરણની રજના સમ્બન્ધ માટે પ્રાર્થના કરું છું. પુત્ર વગેરે સમ્બન્ધીઓ તજી શકાય તેવા નથી અને તેમાં પણ આર્યમાર્ગ તજાતો નથી. છતાં તેમણે તે તજ્યાં. જેવા પુત્ર વગેરે લૌકિક સમ્બન્ધીઓનો તેમણે ત્યાગ કર્યો તેવા જ લૌકિક આર્યમાર્ગનો ત્યાગ કર્યો. (વાસ્તવિક રીતે ગોપીઓના સમ્બન્ધી તથા આર્યમાર્ગ ભગવાન જ હતા. તેથી જ તેમને ભગવાનની પ્રાપ્તિ થઈ, લૌકિક પુત્ર વગેરે તથા આર્યમાર્ગ તેમના ખરા સમ્બન્ધી તથા આર્યમાર્ગ નહિ હોવાથી તેમણે તે તજ્યાં.). તેમનો તથા ભગવાનના ઉપદેશનો પણ ત્યાગ કર્યો. જો ભગવાનના ઉપદેશનો ત્યાગ ન કરે તો બહારનું ભાન થાય ત્યારે પણ તેઓ સ્વસ્થ હોય. લૌકિક સમ્બન્ધીઓ આર્યમાર્ગ તથા ભગવાનના ઉપદેશનો ત્યાગ કરી તેમણે મોક્ષ આપનાર ભગવાનની સ્થિતિ પ્રાપ્ત કરી, કારણ કે જે જેના માર્ગે જાય તે તેના જેટલા ગુણો પ્રાપ્ત થતાં તેના જેવો થાય છે. તેથી આ ગોપીઓ મોક્ષ આપનારી થઈ. તેવી રીતે તેમના ચરણની રજના સમ્બન્ધથી હું પણ તેવો થઈશ. ભગવાનના ભજન કરતાં પણ આ ગોપીઓના ચરણની રજનો સમ્બન્ધ ઉત્તમ છે. બ્રહ્મભાવની જેમે આ સ્થિતિનું વેદમાં વર્ણન કરેલું નથી, કારણ કે શ્રુતિઓ પણ તેનું વર્ણન કેમ કરવું તેનો વિચાર કરે છે, પણ ''આ આવું છે'' એમ તેનું વર્ણન કરતાં તેમને આવડતું નથી, કારણ કે તેમને આનું દૃષ્ટાન્ત મળતું નથી. ગોપીઓનો ભગવાને હમણાં જ અંગીકાર કર્યો, તેથી દૃષ્ટાન્ત ક્યાંથી હોય? વેદ સર્વજ્ઞ હોવા છતાં ભગવાનનો અભિપ્રાય તે ન જાણે તેમાં દોષ નથી. આજ અભિપ્રાય ધ્યાનમાં રાખીને ''જેણે વિચારેલ નથી તેણે વિચારેલ છે'' વગેરે શ્રુતિઓ પણ (ભગવાન સમ્બન્ધી) અજ્ઞાનની જ પ્રશંસા કરે છે. છતાં પણ પોતાને ભગવાનનું અજ્ઞાન હોવાથી, પોતાના માટે જાણવાની વધારે ઈચ્છા જરૂર થાય એટલે પોતાની જાણવાની શક્તિ છે એમ માની તે સમ્બન્ધી વિચાર કર્યા જ કરે છે અને તે સર્વથી ઉત્તમ હોવાથી ઘણો જ વિચાર કર્યા કરે છે.

બધાએ પૂજા કરવા યોગ્ય અને પ્રસન્ન કરવા યોગ્ય ભગવાનનું ચરણારવિન્દ છે, તે તેમનો તાપ મટાડવાના ઉપયોગમાં આવ્યું. તાપ હોય ત્યારે પૂજા કરવા યોગ્ય જે હોય તેનો સ્પર્શ કરવાની, પૂજા કરવા માટે પણ સ્પર્શ કરવાની શાસ્ત્રમાં મના છે, છતાં પણ સદાનન્દ ફલરૂપ સર્વસમર્થ શ્રીકૃષ્ણનું સ્વતન્ત્ર ફલ આપનારું ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારું પ્રસિદ્ધ ચરણારવિન્દ રાસની સભામાં નૃત્યલીલામાં તેમનો તાપ હરવામાં ઉપયોગી થયું. સર્વ સ્થળે લક્ષ્મી ફલરૂપ છે તે પણ પોતાનું ઈચ્છેલું પ્રાપ્ત કરવા આ ચરણારવિન્દનું પૂજન જ કરે છે, પરન્તુ પોતાની ઈચ્છા પ્રમાણે તેનો ઉપયોગ કરી શકતી નથી. બ્રહ્મા વગેરે દેવો, જેમણે કામનાઓ પ્રાપ્ત કરી છે તેવા સનક વગેરે મુનિઓ, યોગેશ્વરો, સર્વ કરવાની શક્તિવાળા સિદ્ધો, જેમણે સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરેલા છે અને સર્વ સાધનો વશ કરેલા છે તેવાઓએ પણ તેનાથી પણ ઉત્તમ ફલ પ્રાપ્ત કરવા આ ચરણારવિન્દની પૂજા કરેલી અને તે પણ બહાર પ્રકટ થયેલ ચરણારવિન્દની નહિ, પણ

તેનું ધ્યાન ધરીને પૂજા કરેલી. તે ચરણારવિન્દને પોતે પોતાની ઈચ્છા પ્રમાણે નૃત્ય કરીને થાક લાગતાં ગોપીઓએ કમલ વગેરે, પંખાનો પવન તથા ચન્દન હોય તેવું માનીને હૃદયપર પધરાવી તાપ દૂર કર્યો. ગોપીઓએ ઉદ્ધતાઈથી એવું અયોગ્ય કર્મ કર્યું ન હતું, પરન્તુ ભગવાન પણ તેમને અત્યન્ત વશ હોવાથી તેમનો તાપ તરત મટાડવા માટે તે સમયે પોતાના ચરણારવિન્દને તેમના હૃદય ઉપર પધરાવેલું. પછી ગોપીઓએ ચરણોનું આલિંગન કરી તેને સ્વાધીન કરી પોતાનો તાપ દૂર કર્યો. ભગવાન પણ તેમનો તાપ દૂર કરવા તેમને આધીન થયા એવી તેમની ઉત્તમ સરસાઈ છે.

આવી ઉત્તમ ગોપીઓને નમન કરવાનો પણ મારો અધિકાર નથી પરન્તુ નન્દના વ્રજની બધીએ સ્ત્રીઓના ચરણની દરેક રેણુને હું વારંવાર નમન કરું છું. મારા કરતાં તે રેણુ ઘણોએ વધારે પ્રભાવવાળી ઉત્તમ અને ફલરૂપ હોવાથી હું આદરથી તેને વન્દન કરું છું; કારણ કે તેમણે મોટા સાદે કરેલ ભગવાનનાં ગાન હરિકથાની સાથે અથવા હરિકથાથી પણ વધારે ત્રણે જગતને પવિત્ર કરે છે. એ પ્રમાણે ઉદ્ધવે તેમને નમન કર્યું.

**ઉદ્ધવનું મથુરાપ્રતિ ગમનઃ**

પછી જવા માટે ગોપીઓની પરવાનગી લઈ, યશોદા અને નન્દની પણ પરવાનગી લઈ, મિત્ર બનેલ ગોપોને પણ 'હું જાઉં છું' એમ કહી, ભક્તોનું હિત કરનાર, ભક્તિને મુખ્ય જાણનાર યાદવોમાં શ્રેષ્ઠ ઉદ્ધવ મથુરા જવાના વિચારથી રથમાં બેઠો. પહેલાં પણ ઘણીવાર તેણે એમ કહેલું, પરન્તુ આ વખતે તે ગોકુલ બહાર નીકળ્યો જ. ત્યારે સ્નેહને લીધે આંખમાં આંસુ સહિત, હાથમાં ભગવાન માટે તથા તેને માટે જુદી-જુદી ભેટો લઈને નન્દ વગેરે પાછળથી તેને મળ્યા અને તેણે કરેલ ઉપદેશ હૃદયમાં ઉતરેલ છે એમ જણાવવા તે ઉપદેશનું ફલ પ્રાપ્ત થાય તે માટે તે ગુરુની પાસે પ્રાર્થના કરી કે "અમારી કાયા વાણી અને મનનું વલણ શ્રીકૃષ્ણ સમ્બન્ધી કાર્ય કરવાનું જ હો. અમે કર્મને લીધે ગમે તે યોનિમાં ભમતા હોઈએ તેની અમને દરકાર નથી, પરન્તુ અમારા મંગલ આચરણો અને દાન વડે શ્રીકૃષ્ણમાં જ અમારો આથી પણ ઉત્તમ અસાધારણ પ્રેમ થાઓ". એટલે ૧.અમારા દેહ, ઇન્દ્રિયો વગેરે ભગવાનના ઉપયોગમાં આવો અને ૨.અમોને ભગવાનમાં સ્નેહ થાઓ. મનની અગીયાર વૃત્તિઓ છે તે બધી શ્રીકૃષ્ણના ચરણકમલનો આશ્રય કરીને જ રહો. અમારી વાણી પણ ભગવાનનાં નામ જ ઉચ્ચાર્યા કરો, લૌકિકમાં ન પ્રવર્તો. અમારા દેહ ભગવાનને નમસ્કાર કરવામાં તથા તેમની પૂજાનાં સાધન વગેરે પ્રાપ્ત કરવામાં રોકાયેલાં રહો. જ્યાં સુધી કાયા વાણી અને મન એવી રીતે ભગવાનનાં કાર્યમાં રોકાયેલાં જ ન રહે ત્યાં સુધી અમે જે કર્મો કરીએ તેનું પણ બીજું ફલ ન થાઓ ૩.શ્રીકૃષ્ણમાં અમને સદા ઈશ્વરભાવ રહો એવી અમારી પ્રાર્થના છે.

આ સાંભળવાથી "હું ઉત્તમ છું" અથવા "આ બધા કોઈને ભજે છે" એવો વિચાર ઉદ્ધવને આવ્યો નહિ, પણ તેમની શ્રીકૃષ્ણ પ્રતિ ભક્તિથી તેને ઘણો સન્તોષ જ થયો અને તે ઘણું પ્રસન્ન થયો. પછી તે મથુરા જ ગયો, કારણ કે ભગવાન ત્યાં સુધી

મથુરામાં જ હતા અને તેનું પાલન કરતા હતા. મથુરામાં ખાસ ભય આવે તેવા વિચારથી ભગવાન પોતે જ તેનું પાલન કરતા હતા. તેથી જ તે ગોકુલ પધાર્યા ન હતા અને ભગવાન મથુરામાં હોવાથી જ ઉદ્ધવ પણ ગોકુલ જેવાં સ્થાનને તજી મથુરા આવ્યો.

ઉદ્ધવે આ બધું કાર્ય ભગવાનના દાસ તરીકે જ કરેલું હોવાથી તેણે મથુરા આવી ભગવાનને પ્રણામ કરી વ્રજવાસીઓની તેમના પ્રતિ અતિશય ભક્તિ જોયેલી તે કહ્યું. જેવી પ્રેમરૂપ ભક્તિ શાસ્ત્રમાં કહેલી છે તેના કરતાં પણ આ પ્રેમ અધિક હોવાનું એટલે વર્ણન થઈ ન શકે તેવો અને બીજે ક્યાંય નહિ જણાયેલો એવો હોવાનું જણાવ્યું. પછી વસુદેવને બલભદ્રને અને રાજાને તથા અક્રૂર વગેરેને વ્રજવાસીઓએ મોકલેલી ભેટો આપી.

**કુબ્જાના મનોરથની પૂર્તિઃ**

પછી કુબ્જાના મનોરથ પૂર્ણ કરવાના હતા અને મનોરથથી પણ અધિક ફલ તેને આપવું હતું, તેથી ભગવાન તેના ઘેર પોતે પધાર્યા. કુબ્જા ભક્ત ન હતી, છતાં ભગવાનના વિરહથી ભક્તને થાય તેવું જ તેનું દુઃખ હોવાથી તે દૂર કરવા તેને ઘેર પધાર્યા...ભગવાનની ઈચ્છાથી તેનાં પ્રાકૃત ઘરમાં પણ ઘણી કિંમતી ઘરવખરી ઠામ વગેરે થયાં...ચિત્રો, પુષ્પો, ચન્દ્ર, મન્દિર વગેરે સાધનોથી તે ભરપૂર થયું. બહાર મોતીની માલાઓ તથા પતાકાઓથી તે શોભવા લાગ્યું. તેમાં શય્યાઓ અને સ્પર્શ થતાં સુખ આપે તેવાં બેસવાનાં આસનો થયાં, અગરની સુગન્ધવાળા મણિમય દીપકો થયા અને શીતલતા થાય તે માટે બધે માલાઓ અને સુગન્ધી દ્રવ્યોથી તે શોભવા લાગ્યું. ભગવાનને પધારતા જોઈ તે એકદમ આસન ઉપરથી ઉભી થઈ. પ્રથમ તેને શું કરવું એનું ભાન પણ ન રહ્યું. સખીઓ સાથે ભગવાનની પાસે આવી અને વપરાયા વિનાના સુવર્ણનાં આસનો આપી તેનો સત્કાર કર્યો. પછી ઉદ્ધવનો તેણે ભગવાનના સેવક તરીકે સત્કાર કર્યો એટલે તે રાજધર્મ પ્રમાણે આસનનો સ્પર્શ કરી ભૂમિ ઉપર જ બેઠો...

**કુબ્જાની દુર્બુદ્ધિઃ**

કુબ્જા અલ્પ ભાગ્યવાળી હતી. તેની બુદ્ધિ જ ટૂંકી. તેથી મોક્ષ આપવા સમર્થ, પ્રાપ્ત ન થઈ શકે તેવા ઈશ્વરને તેણે પ્રાપ્ત કર્યા એટલે તેને મળવાના ફલમાં જરાએ ન્યૂનતા ન રહેત, છતાં આવા સમર્થ દાન કરનાર પાસે તેણે નજીવું જ ફલ માગ્યું. મંદ ભાગ્યને લઈને જ તેને એમ થયું. પોતે જ પધારી સર્વ સુખ આપનારા મોક્ષ આપવા સમર્થ, સાધનને અધીન નહિ હોવાથી કોઈ પણ ઉપાયથી પ્રાપ્ત ન થાય તેવા ભગવાનને પ્રાપ્ત કરી, પોતે કુબ્જા હોવા છતાં પોતાને લક્ષ્મી જેવી કાન્તા બનાવી ઉપકાર કરનાર ભગવાન પાસે તેણે ન માગ્યો મોક્ષ, ન માગી ગોપીઓ જેવી સ્થિતિ, પરન્તુ થોડા દિવસનો તેમનો સમ્બન્ધ જ માગ્યો. ભગવાન સર્વથી મોટા, છતાં તેમના સમ્બન્ધને થોડા દિવસની એટલી કાલની હદ થવાની. વળી ભગવાન ફલરૂપ હોવાથી સાધન થાય નહિ એટલે તે સમ્બન્ધથી બીજું ફલ મળે નહિ. આવી નજીવી માગણી કરનારી કુબ્જા ભાગ્યફૂટલી જ. ભગવાને તો વિચારેલું કે હું કુબ્જાને ઘણુંએ સુખ આપીશ. છતાં તેણે માગ્યું એટલે માગેલુ આપ્યું. વળી પોતે

સત્યસંકલ્પ (જે વિચારે તે સત્ય થાય તેવા) હોવાથી પોતે વિચારેલું માન આપ્યું. તેમણે વિચારેલું કે કુબ્જાને મોક્ષ અને ભક્તિ આપીશ, તેથી જેમને મોક્ષ અને ભક્તિ આપવાની હતી તેમનામાં કુબ્જાનો પણ સમાવેશ કર્યો. ભગવાન સર્વને માન આપનાર હોવાથી, પોતાના એ ગુણ પ્રમાણે આને માન પણ આપ્યું. જેમ નારદને એક ક્ષણમાં સાઠ વર્ષ વીત્યાનું જણાયેલ, તેમ આને પણ કેટલાક દિવસો સુધી ભગવાન સાથે રમણ કર્યું એવું ભાન કરાવ્યું. પછી ઉદ્ધવ સાથે બહાર નીકળી પોતાના સમૃદ્ધિવાળા ભુવને પધાર્યા. ફરી કુબ્જાને ઘેર પધાર્યા નહિ.

તેથી ભગવાનને પ્રાપ્ત કરી કોઈએ કોઈ પણ પદાર્થની પ્રાર્થના કરવી નહિ. ભગવાન જ જે કરવાના હોય તે ભલે કરે. પ્રથમ તો ભગવાનને પ્રસન્ન કરવા જ કઠણ છે. શુક જેવા મુક્ત જીવો પણ તેમને પ્રસન્ન કરી શક્યા નથી. ભગવાન પાલન કરવા ભૂતલ ઉપર પધાર્યા છે, તેથી તેમને પ્રસન્ન ન કરેલ હોય તો પણ પાલન કરવાના જ. છતાં કાલ વગેરેને પણ વશ રાખનાર સર્વના ઈશ્વરને પ્રસન્ન કરી, પોતાના મનમાં આવે તે માગે તે દુષ્ટ બુદ્ધિવાળો જ છે. પોતે દુઃખી હોય, ભૂખ્યો હોય છતાં મહારાજાના મન્દિરે જઈ પોતાના સમ્બન્ધવાળા માંકડા માટે ભાત માગે. તેની જેમે પોતાનાં મનરૂપ માંકડાનું હિત માગવું એ દુષ્ટબુદ્ધિ જ છે, કારણ કે પોતે આત્મા છે, મન નથી. મનના ધર્મો પોતાના ધર્મો નથી, પણ પોતાના હોવાનું માનેલા ખોટા જ છે. કુબ્જા એવી દુષ્ટબુદ્ધિવાળી હોવાથી તેણે મૂર્ખાઈથી ખોટું માગ્યું.

**અક્રૂરને પાંડવોનો વૃત્તાન્ત જાણવા હસ્તિનાપુર મોકલે છેઃ**

જે દિવસ ભગવાને કુબ્જાને વરદાન આપેલ તેજ દિવસે અક્રૂરને પણ તેને ઘેર પધારવાનું કહેલ. કુબ્જાને અક્રૂર પછી વરદાન આપેલ, પણ ભગવાન સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા ભૂતલ ઉપર પધારેલ હોવાથી પહેલાં કુબ્જાને ત્યાં પધાર્યા. પછી તે જ દિવસે બલભદ્ર તથા ઉદ્ધવને લઈ અક્રૂરને ત્યાં પધાર્યા. કુબ્જાને ત્યાં બલભદ્ર સાથે પધાર્યા ન હતા... જવાનું આમન્ત્રણ ન હોય છતાં સેવકનું સન્માન કરવા સ્વામી સેવકને ઘેર જાય તેમ ભગવાન અક્રૂરને હસ્તિનાપુર મોકલવા અને તેનું પ્રિય કરવા તેના ઘેર પધાર્યા.

અક્રૂર સ્માર્ત હતો. તેને બધા સરખા હોવાથી પોતાના ત્રણે બાંધવોને દૂરથી આવતા જોઈ ઉભો થયો અને આનન્દ પામ્યો. તે ભક્ત ન હોવાથી તેણે ભગવાનને સાષ્ટાન પ્રણામ ન કર્યા. પહેલાં અક્રૂર ભક્ત હતો તેની તો મુક્તિ થયેલી. આ ભક્ત ન હતો. આણે આનન્દ પામી આલિંગન કર્યું અને આવકાર આપ્યો. તેણે વ્યવહાર પ્રમાણે નમન કર્યું અને શ્રીકૃષ્ણ વગેરેએ તેને નમન કર્યું. પછી તેણે શાસ્ત્ર પ્રમાણે બધાને પૂજન કરી આસન આપ્યાં અને શ્રાદ્ધમાં જેમ ગુરુ અને શિષ્ય બન્ને આસન ઉપર બેસે, તેમ પોતે પણ આસન ઉપર બેઠો. ધર્મશાસ્ત્રમાં અધિક ભક્તિ હોવાથી તેણે તેમના ચરણ ધોવાનું જલ પોતાના માથે ચડાવ્યું અને દિવ્ય સુગન્ધી પદાર્થો માલા ભૂષણ વગેરેથી તેમનો સત્કાર કર્યો. ઉંચા આસને બિરાજેલા ભગવાનના ચરણ પોતાના ખોળામાં લઈ ચાંપવા લાગ્યો

અને વિવેકથી નમ્ર થઈ શ્રીકૃષ્ણ અને બલભદ્ર ને પહેલા જોયેલા હોવાથી તેમની સ્તુતિ કરતાં કહ્યું–

''તમે કંસને તેના નાના ભાઈઓ સાથે હણ્યો એ સારું કર્યું. તમે બેએ તમારા કુલને નિરવધિ સંકટમાંથી મુક્ત કર્યું અને તેની સમૃદ્ધિ કરી એ પણ બહુ સારું થયું. કંસને એકને તમે હણ્યો તેથી કુલની સત્તા બધા કુલમાં હતી તે કુલમાંના દરેકને પ્રાપ્ત થઈ. તમે વેદમાર્ગ કહ્યો તેનો પાષણ્ડમાર્ગોથી એટલે વેદથી વિરુદ્ધ માર્ગ સ્થાપન કરનારા બલવાન્ થયેલા પુરુષોથી જ્યારે-જ્યારે નાશ થાય છે ત્યારે-ત્યારે તમે સત્ત્વગુણ ધારણ કરો છો અને તે સત્ત્વ બલવાળું હોઈ રજોગુણ તથા તમોગુણ ને દબાવી દે છે તેથી તમારામાં પક્ષપાતનો દોષ નથી. તમારામાં ક્રિયાશક્તિ પૂર્ણ હોવાથી અસુરોના અંશવાળા રાજાઓની સેંકડો અક્ષૌહિણીનો વધ કરીને ભૂમિનો ભાર હરવા અને વસુદેવના કુલનો યશ વિસ્તારવા તમે તેમના ઘેર અવતરેલા છો. અમારા કુલમાં તમારો અવતાર થયો તેથી અમે તો ત્યારથી જ ઘણા ભાગ્યશાળી થયા છીએ, પરન્તુ તમે અમારા ઘેર પધાર્યા તેથી અમારાં ઘરો પણ આજે ઘણાં ભાગ્યશાળી થયાં, કારણ કે તમે નિરોધ અને ધર્મ બન્ને કરી શકો તેવા છો. મારા ભાગ્યને લીધે તમે અહીં પધાર્યા હોત તો-તો જ્યારે મારી ઈચ્છા થાય ત્યારે જ પધારત. તેથી અમારાં ઘરનાં ભાગ્યને લીધે જ પધાર્યા છો. ઘરો પણ જે રૂપથી ઉત્તમપણું પ્રાપ્ત કરે તેવું રૂપ પણ તમારું છે. તમે ઉત્તમ દેવ પિતૃદેવ અને નરદેવ છો. લોકમાં દેવ પિતૃ અને નર ઘરમાં સુખી થાય છે. તે ત્રણ પ્રસન્ન થાય તો ઘર ઉત્તમ, નહિ તો નકામું. એ ત્રણે રૂપ તમે પ્રસન્ન થઈ પધાર્યા એ જ ઘરનાં ભાગ્ય. તમારા ચરણ ધોવાનું જલ ગંગા છે, તેની અને બીજાની વચ્ચે દેશ અને કાલ નો પડદો હોવા છતાં, બીજાં જલ સાથે તે ભળેલી હોવા છતાં, તે ત્રણે લોકને પવિત્ર કરે છે. મારા ઘરમાં તો તે સાક્ષાત્ આવેલ છે તો પછી તેનાં ભાગ્યમાં શું મણા? તમે જગતના ગુરુ છો, પણ લોક બહિર્મુખ હોવાથી તમને જાણતા નથી. પ્રાણીઓએ માત્ર તમારે શરણે આવવું જોઈએ. શું કરવા યોગ્ય છે અને શું ન કરવા યોગ્ય છે તે જાણે તે પણ્ડિત. સર્વથી ઉત્તમ પુરુષ હોય તેને જ શરણ જવું યોગ્ય છે, કારણ કે જેને શરણ જઈએ તે પોતાને અધીન હોય તે બધુંએ આપે. મન તો ક્ષણિક હોવાથી બધા પદાર્થોની ઈચ્છા કરે એટલે ગમે તે સમયે ગમે તે માગે. તે જે માગે તે મેળવવાનાં સાધન જેનાથી થઈ ન શકે તેણે શરણમાર્ગે જવું જોઈએ, એટલે બીજાને શરણ જવું જોઈએ. જો બીજાને શરણ જવા છતાં પણ તે ફલ આપવા શક્તિવાળો ન હોવાથી ફલ પ્રાપ્ત ન થાય, તો શરણ જવું નકામું હોવાથી, ક્યો પણ્ડિત તમારા સિવાય બીજાને શરણ જાય? બીજાની ફલ પ્રાપ્ત કરવાનાં સાધન તરીકે અથવા ગુરુ તરીકે સેવા કરે, પણ બીજાને શરણ ન જાય. શરણ તો તમારું જ કરે કારણ કે ૧.તમે ભક્તનું પ્રિય કરનારા છો. જેને સેવકની જરૂર હોય તે સેવકને (બદલો) આપે અને તેજ શેઠ ગણાય. તેમાં પણ જે સેવકની ભક્તિને મંજુર રાખે તેજ સેવા કરવા યોગ્ય ગણાય. લોકો તો ફલ પ્રાપ્ત કરવા સેવા કરે છે અને સેવા કરી ન શકે તો ફલ મળતું નથી. વળી જેવી સેવા તેના પ્રમાણમાં ફલ મેળવે છે. શેઠ નોકરના

દુઃખની દરકાર પણ કરતો નથી. દરકાર કરતો હોય તો જેમ પોતાના પુત્રને દુઃખ થાય તેવા સાધારણ દેશ અથવા કાલમાં કામ કરાવતો નથી, તેમ તેને પણ ન કરાવે. તમે તો ભક્ત પાસે તેવું કરાવતા નથી, તેથી તમે જ સેવા કરવા યોગ્ય છો. ૨.વળી ''હે અર્જુન! મારા ભક્તનો નાશ થતો નથી'' વગેરે પ્રતિજ્ઞાઓ તમે કરેલી છે અને તમે સત્યવક્તા સત્યસંકલ્પ છો, તેથી સેવકને દુઃખ થવા દેતા નથી. ૩.જે સેવકનું દુઃખ સહન કરે તે મનથી શુદ્ધ નથી. જે વાણીનો દૃઢ નથી (બોલ્યું પાળે નહિ) તે વાણીથી શુદ્ધ નથી. જે સમય આવે ત્યારે શરીરથી મિત્ર જેમે કાર્ય કરે નહિ તે દેહથી શુદ્ધ નથી. આ ત્રણ લૌકિક (કાર્ય) સેવકે પોતે કરવાનાં છે. તે સેવક કરે તેની તમે કદર કરો છો. આત્માની જેમે અથવા પુત્રની જેમે તમે ભક્તોને કાયા વાણી અને મનથી સાચવો છો. પ્રહ્લાદની બધી વિપત્તિઓમાં તમે મનથી તેનું હિત કર્યુ, ગોપીઓ વગેરેનું વાણીથી હિત કર્યું અને અમારું કાયાથી હિત કર્યું. તેથી તમે કૃતજ્ઞ છો તેમાં કાંઈ સંદેહ નથી. ૪.સર્વને તમે ફલ આપો છો. (તમારું) પોતાનું અથવા બીજાઓનું અહિત કરવા ઈચ્છે તેમને ફલ આપતા નથી, પરન્તુ મિત્ર હોય એટલે શુદ્ધ અન્તઃકરણ રાખી તમારો પોતાનો અથવા બીજાનો દ્રોહ કરતો ન હોય તેની બધીએ કામનાઓ પૂરી પાડો છો. ૫.ભજન કરે તે એક પદાર્થ માગતો હોય તો પણ સર્વ આપો છો. ભજનને લીધે આપો છો તેથી જુદા-જુદા પ્રકારનું દાન કરો છો. જે તમને પોતાનો આત્મા આપે તેને તમે પણ તમારો આત્મા આપો છો. ૬.વળી તમે જે આપ્યું તેનો નાશ થતો નથી. દુઃખ વગેરે મટાડ્યાં હોય તો તે પછી થતાં પણ નથી. બધા ભક્તોને સરખી રીતે જ ફલનું દાન કરો છો, ઓછું-વધારે આપતા નથી. જન્મ કરાવે તેવી જના (અવિદ્યા)નો અર્દન (નાશ) કરનાર તમે જનાર્દન છો. પહેલાં પણ હું ભક્ત હતો, પણ તમારું સ્વરૂપ ન જાણનાર ઉપરચોટીઓ ભક્ત હતો. હવે મને તમારા સ્વરૂપનું જ્ઞાન થયું. મારું ભાગ્ય આજે જ ઉઘડ્યું. આજે તમે મારા અજ્ઞાનનો નાશ કર્યો. યોગેશ્વરોને પણ આપનો અભિપ્રાય જણાતો નથી, કારણ કે કાષ્ઠ સ્વાધીન હોય તો તેનું ઘર્ષણ કરી અગ્નિ ઉત્પન્ન થાય, પણ તમે તેમને એક જ દેહ આપેલ હોવાથી તેમને અધીન તેમનો એક જ દેહ હોય છે, બીજા હોતા નથી. અલૌકિક સામર્થ્યથી દેવોને પણ તમારું સ્વરૂપ જણાતું નથી. આજે તમે મને જણાવ્યું. કલ્પતરૂ નીચે બેઠો છું એમ જે જાણે તે માગવામાં ઢીલ શા માટે કરે? તેથી પ્રાર્થના કરું છું કે પુત્ર, સ્ત્રી, ધન, સગાંવહાલાં, ઘર, દેહ વગેરેમાં તમારી માયારૂપ જે મોહનું બન્ધન તમે કરાવેલ છે તેને કાપો. તેનું મૂલ બહુ દૃઢ થયા પછી કાપશો તો પાછું ઉગશે, તેથી તરત જ કાપો.''

શાસ્ત્રના રહસ્યથી ભગવાનનો એવો વિચાર હોવાનું જણાય છે કે જે જેવો હોય તેને તેવો જ રાખવો. અક્રૂરની ભક્તિને લીધે તેના સ્વભાવમાં ફેરફાર કરે તો તે અયોગ્ય થાય, કારણ કે તેને સંસારનું જ્ઞાન ન હતું તેમજ મુખ્ય સિદ્ધાન્તનું જ્ઞાન પણ ન હતું. તેની ભક્તિ મધ્યમ (વચલા) અજ્ઞાનરૂપ હતી. જેમ શૃંગારલીલા ગુપ્ત રાખવા જેવી, તેવી અવતારલીલા પણ ગુપ્ત રાખવા જેવી જ. તેથી અવતારલીલા જે પ્રકટ કરે તે ભગવાનને

પ્રિય ન હોય. જેમ ગોપિકાગીતથી ગોપીઓએ શૃનારલીલા પ્રકટ કરી તેથી બૃહદ્રાસ પછી તેમને વિરહનો અનુભવ કરાવવા ભગવાને તેમની સાથેનો બહારનો સમ્બન્ધ તજ્યો, તેમ ભગવાને લીલા માટે ઉત્પન્ન કરેલો આ અક્રૂર ભગવાનનું સ્વરૂપન ન જાણતો હોવાથી બહિર્મુખપણાને લીધે પોતે જ્ઞાની છે એમ માની, પોતાના મોહનું બન્ધન કાપવાની પ્રાર્થના કરતો હતો. તેથી આનાં બધાં વાક્ય સમ્બન્ધ વિનાના હોવાથી, તેનો ત્યાગ કરવા તેને મોહ ઉત્પન્ન કરવાનો ભગવાને વિચાર કર્યો.

ભગવાન સર્વનું દુઃખ હરનારા છે અને અક્રૂર ભક્ત હતો, એ બન્ને લક્ષમાં લઈ ભગવાને મંદ હાસ્ય કરી તેને થોડો મોહ ઉત્પન્ન કર્યો અને વાણીથી અધિક મોહ ઉત્પન્ન કર્યો. તે લીલામાં ઉપયોગી હોવાથી તેને વધારે મોહ જ ઉત્પન્ન કર્યો. જો તે પ્રાકૃત જ હોત તો ભગવાન તેના સમ્બન્ધવાળી લીલાનો ત્યાગ જ કરત. તેથી લૌકિક અને વૈદિક બન્ને જાતના શાસ્ત્રના પ્રકારથી ઉલટાં વચનો બોલી તેને મોહ ઉત્પન્ન કરતાં ભગવાને તેને કહ્યું–

''૧.તમે અમારા ગુરુ છો, કારણ કે તમે અમને ધનુષ્યનો અભ્યાસ કરાવેલ. તેથી તમે ગુરુ હોઈ રક્ષણ કરનારા અને અમે તો રક્ષણ કરવા યોગ્ય. ભગવાને સાધન આપેલ હોવા છતાં અમારામાં બુદ્ધિ ન હોવાથી અમારાથી અમારું રક્ષણ થવાનું સમ્ભવે નહિ, તેથી અમે તમારાથી રક્ષણ કરાવા યોગ્ય. ૨.તમે અમો બાલકોને અભ્યાસ કરાવનારા અમારા કાકા, અમારું પોષણ કરનારા; અને અમે તમારા પોષણ કરવા યોગ્ય પુત્રો. ૩.તમે અમારું હિત કરનારા, કારણ કે અમે (મથુરા પહેલા આવ્યા ત્યારે) જ્યાં-ત્યાં રખડતા હતા તેમને તમારા ઘેર બોલાવેલા તેથી અમે તમારું હિત કરનારા નહિ, પણ તમે જ હિત કરનાર. (તમે (અક્રૂર) દયાપાત્ર છો. એમ વ્યંગ્યથી સૂચવે છે.) ૪.તમે મોટા તરીકે પ્રસિદ્ધ હોઈ પ્રશંસા કરવા યોગ્ય અને અમે તમારે કૃપા કરવા યોગ્ય. ૫.વસુદેવ, તમે વગેરે અમારા બંધુ તરીકે કામ કરનારા; અમે તો તમારી પ્રજા. તમારા જેવા સર્વ પ્રકારે ઉત્તમ, ઘણા ભાગ્યશાળી ઉપકાર કરનારાઓની અમો કલ્યાણ ઈચ્છનારા મનુષ્યોએ સદા સેવા કરવી જોઈએ. દેવો સેવા કરવા યોગ્ય ખરા, પણ તેઓ તો પોતાનો સ્વાર્થ જોઈને જ સેવા કરનારનું હિત કરે છે, સાધુઓ તેમ કરતા નથી. તેથી દેવો કરતાં તમારા જેવા સત્પુરુષો ઉત્તમ છે. તીર્થમાં સ્નાન કરીને તેના અધિષ્ઠાતા દેવનું પૂજન કરે ત્યારે તીર્થ કર્યું ગણાય. તીર્થ એટલે જલના અભિમાનવાળી દેવતા, એ ચૈતન્યવાળી છે. તેનો અધિષ્ઠાતા દેવ ચૈતન્ય અને આનન્દવાળો હોય છે. તીર્થો માત્ર જલરૂપ નથી, તેમ દેવ પણ માટીરૂપ અથવા પથ્થરરૂપ નથી, પણ ઘણા લાંબા સમયે વિધિ પ્રમાણે તીર્થની સેવા કરવાથી ચિત્તની શુદ્ધિ થતાં તેઓ પવિત્ર કરે છે, જ્યારે તમારા જેવા જ્ઞાનનો ઉપદેશ કરનારા અથવા ભક્તિ કરાવનારા સત્પુરુષો તો માત્ર દર્શન થતાં જ પવિત્ર કરે છે.''

–એ પ્રમાણે અક્રૂરની પ્રશંસા કરી તેને મોહ ઉત્પન્ન કરી, તે પોતે ઈચ્છેલ કાર્ય કરશે એમ જાણી, ભગવાને તેને પાંડવોની સ્થિતિ જાણવા હસ્તિનાપુર જવા કહ્યું.

ભગવાનને ત્રણ કાર્ય કરવાં હતાં : ૧.પાંડવોને મોક્ષ અથવા ભક્તિ આપવી ૨.પાંડવોને રાજ્ય આપવું અને ૩.તેમના શત્રુઓને હણવા. તેથી તેમણે અક્રૂરને આજ્ઞા કરી કે ''અમારા ઉપર ઉપકાર કરનારા તમે આપણે પાલન કરવા યોગ્ય આપણા ભાણેજ પાંડવોનું હિત કરી શકાય તે માટે તેમની સ્થિતિ જાણવા હસ્તિનાપુર જાઓ. તેઓ હાલ ત્યાં રહે છે, છૂપા સ્થાનમાં રહેતા નથી. પાંડુ મૂઆ ત્યારે તેઓ બાલક જ હતા, માતા સાથે તેઓ બહુ દુઃખી હતા. ધૃતરાષ્ટ્ર રાજા તેમને પોતાના નગર હસ્તિનાપુર લાવ્યો છે અને ત્યાં તેઓ રહે છે એમ સાંભળ્યું છે. તેમનો દોષ નથી અને નમ્રતાથી રહે છે, છતાં દુષ્ટ કાર્ય કરનાર હલકી બુદ્ધિવાળો ધૃતરાષ્ટ્ર કાલને તથા મોહને લીધે પોતાના કલિના અવતારરૂપ દુષ્ટ પુત્ર દુર્યોધનને વશ રહી તેમની સાથે પોતાના પુત્રોની સમાન વર્તન રાખતો નથી, કારણ કે જન્મથી આંધળો હોઈ શબ્દથી જ વ્યવહાર ચલાવે છે. અને પ્રિય શબ્દનો જ બધા આદર કરે અને 'પુત્ર' શબ્દ જ પ્રિય હોવાથી તે દુર્યોધનનો જ આદર કરે છે. તેથી તમે એકલા ત્યાં જાઓ કારણ કે હમણાં યુદ્ધ કરવું નથી. તેમની સ્થિતિ સારી છે કે નહિ તે જાણી લો. પછી તેમનું જે પ્રમાણે કલ્યાણ થાય તેમ આપણે કરશું. હમણાં તમારે તેમની સ્થિતિ જ જાણી લેવી, કાંઈ કરવાનું નથી'' એ પ્રમાણે ભગવાને અક્રૂરની પ્રશંસા કરી તેને પોતાથી પણ મોટો બનાવી તેની પાસે હવે નીચ સેવકનું અને દૂતનું કામ કરાવ્યું. આ ઈશ્વરનું આચરણ. પછી ઉદ્ધવ તથા સંકર્ષણ સાથે અક્રૂરના ઘરમાંથી બહાર નીકળી, ભગવાન પોતાના ધામ પધાર્યા.

**અક્રૂર પાંડવોનો વૃત્તાન્ત જાણે છેઃ**

પછી ભગવાનની આજ્ઞા પ્રમાણે અક્રૂર હસ્તિનાપુર ગયો અને ત્યાં અમ્બિકાના પુત્ર ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર, કુન્તી, શાન્તનુના ભાઈ બાહ્લિક તથા તેના પુત્ર ભૂરિશ્રવા વગેરે, દ્રોણ, કૃપ, કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, પાંડવો અને બીજા મિત્રોને મળ્યો. તેમણે પૂછેલ મથુરાનો વૃત્તાન્ત તેમને કહ્યો અને તેમને સર્વને હસ્તિનાપુરનો બધો વૃત્તાન્ત પૂછ્યો. તે ત્યાં ત્રણ માસ રહ્યો. થઈ ગયેલ વૃત્તાન્ત બધાને પૂછી જાણ્યો. જે થતું હતું તે પોતે જાણી લીધું. ધૃતરાષ્ટ્રના પોતાના દોષો, પુત્રના મોહને લીધે તેણે કરેલ દોષો અને સંસર્ગના દોષો એ દરેક જાણવામાં એક-એક માસ ગાળ્યો. તે રાજા હોવાથી તેના દોષ એકદમ ન જણાય, કારણ કે રાજાની મન્ત્રણાઓ છૂપી હોય. તેથી તેને રહેવું પડ્યું. પાંડવોનાં ૧.કાંતિ, ઈન્દ્રિયોની શક્તિ, દેહનું બલ, પરાક્રમ ૨.વિનય વગેરે સદ્‌ગુણો અને ૩.પ્રજાનો યુધિષ્ઠિર વગેરેમાં પ્રેમ એ ત્રણ પ્રકારના ગુણોની ઈર્ષ્યારૂપ ત્રિદોષ ન સહન થવાથી પાંડવોને મારી નાખવાની ધૃતરાષ્ટ્રની ઇચ્છા, ભીમને ઝેરના લાડુ ખવરાવેલ પણ તે પાતાળમાં જઈ પાછો આવ્યો તથા તેને મારવાના ઘણા ઉપાયો કર્યા તથા કોઈ સમયે અપમાન વગેરે પણ કર્યાં એ બધો વૃત્તાન્ત કુન્તીએ તેને કહ્યો અને જેને પાંડવો અને કૌરવો સમાન હતા તેવા વિદુરે પણ કહ્યો. લોકના મોઢે પણ એ બધું સાંભળ્યું.

કુન્તીને શૂરે કુન્તિભોજને દત્તક આપેલી, છતાં તેનો જનક પિતા શૂર હોવાથી

વસુદેવ વગેરે તેના ભાઈઓ થાય. તેથી અક્રૂર પણ તેનો ભાઈ થાય. તેણે તો અક્રૂર આવ્યો તેમ જાણ્યું કે તરત તેની પાસે ગઈ અને પિતાના કુળને સંભારતી આંખમાં આંસુ લાવી તેને પૂછવા લાગી કે ''હે ભાઈ! અમ પાંડવોને મારા માત-પિતા તથા ભાઈઓ સંભારે છે? બેનો બીજે પરણાવેલી હોવા છતાં પીઅરમાં આવે ત્યારે સંભારે છે કે મને બીજાને દત્તક આપેલી હોવાથી નથી સંભારતી? વસુદેવ વગેરે ભાઈઓના પુત્રો તથા બેનોના પુત્રો, દેવકી વગેરે પિતાના કુલમાં આવેલી સ્ત્રીઓ, મારી સખીઓ અને બાળાઓ સંભારે છે? બીજા ભલે સંભારે કે ન સંભારે, પણ મારા ભત્રીજા ભક્તો ઉપર પ્રેમ રાખનાર ભગવાન શ્રીકૃષ્ણ તેમની ફોઈના દીકરા પાંડવોને સંભારે છે? બલભદ્ર અને ઉદ્ધવ વગેરે ભક્તો સંભારે છે? શ્રીકૃષ્ણને પાંડવો તો ભાઈઓ થાય. હું તેમની ફોઈ, વ્યવહારમાં નામના સમ્બન્ધીઓ પણ વાસ્તવિક રીતે શત્રુઓ કૌરવોની મધ્યમાં, જેમ વરૂઓની મધ્યે હરણી રહે, તેમ રહું છું, તેને અને બાપવિનાના મારા બાળકોને આવીને ધીરજ આપશે? 'હું તમો બધાને સુખ થાય તેમ રાખીશ' એવાં વચનો કહી ધીરજ આપશે?''

કુન્તી શ્રીકૃષ્ણનાં દર્શન કરવા ગોકુલ ગયેલી ત્યારે શ્રીકૃષ્ણે દહીં વલોવવાની ગોળી ફોડેલી હોવાથી યશોદાએ તેમને દામણાંથી બાંધેલા, ત્યારથી શ્રીકૃષ્ણમાં તેને પ્રેમ થયેલ. તેથી શ્રીકૃષ્ણ આવીને ધીરજ આપશે એવો પોતાનો મનોરથ તેણે જણાવ્યો કે તરત ભગવાન ત્યાં પધાર્યા એમ માની, તેમની સન્મુખ તેમની પ્રાર્થના કરતાં તેણે કહ્યું કે ''હે શ્રીકૃષ્ણ! હે શ્રીકૃષ્ણ! આપ મોટા યોગી છો તેથી બીજે હોવા છતાં અહીં મને દર્શન દો છો. વળી આપ સર્વના આત્મા છો. આત્માએ દેહ વગેરેનું હિત કરવું જોઈએ, કારણ કે પ્રયત્ન કરવાનું તેને અધીન છે. આપનો પ્રભાવ આખા વિશ્વમાં છે. અલૌકિક કાર્ય કર્યા વિના આખા વિશ્વમાં પ્રભાવ ન પડે, કારણ કે આપ અલૌકિક છો એમ જાણે ત્યારે જ આપનો પ્રભાવ પડે. તેથી અક્રૂર જેમે અહીં ન પધારતાં આપ મને દર્શન દો છો. સાધારણ માણસ પણ આપને શરણ આવે, તે ભલે આપનો સમ્બન્ધી ન હોય તો પણ આપે તેનું રક્ષણ કરવું જોઈએ, તો હું તો આપની સમ્બન્ધી અને વળી મારા બાલકો સાથે દુઃખી થાઉં છું, તેવીનું તો શરણે આવેલ ન હોય તો પણ આપે રક્ષણ કરવું જોઈએ. હું તો આપને શરણ આવેલી છું. મારા પિતા અને ભાઈઓ તથા પુત્રો રક્ષણ કરવા શક્તિવાળા છે, પરન્તુ મૃત્યુ અને સંસારથી જેઓ ભય પામેલ છે તેવા પુરુષોને આપનાં ચરણકમલ વિના બીજું કોઈ શરણે રાખી શકે નહિ. મૃત્યુનો ભય દરેક જન્મે આવે છે અને સંસારનો ભય એક જ છે. મૃત્યુ ઘણા હોવાથી એકાદ મૃત્યુમાંથી બીજો કોઈ બચાવે, પણ બધા મૃત્યુઓનો એટલે સંસારનો ભય આપ જ દૂર કરી શકો. આપનાં ચરણકમલથી એટલે આપની સ્વતન્ત્ર ભક્તિથી જ તે દૂર થાય. આપ ઈશ્વર હોવાથી ચરણદ્વારા પણ સર્વ કરી શકો. ઈશ્વરને પ્રસન્ન કરવા બહુ કઠણ, તેથી જેને સંદેહ વિના ફલ જોઈતું હોય તે આપને પ્રસન્ન કરી તે મેળવતાં અચકાય પણ ખરો. આપનાં ચરણારવિન્દ તો સંદેહ વિના ફલ આપનારાં છે તેથી ફલ પ્રાપ્ત કરવામાં, ફલ અવશ્ય પ્રાપ્ત કરાવવામાં ભક્તિમાર્ગ નિશ્ચિત છે; આપનું ચોક્કસ ન

કહેવાય.'' એવી કુન્તીએ પ્રાર્થના કરી ત્યારે તે પ્રાર્થનાનો અંગીકાર કરી કુન્તીને સન્તોષ આપી ભગવાન અન્તર્ધાન થયા.

નમસ્કાર કરવામાં સગપણ વિરુદ્ધ હતું. ફોઈ ભત્રીજાને નમન કરે તે અયોગ્ય ગણાય તેથી જેવી કુન્તીએ નમસ્કાર કરવાની ઈચ્છા કરી કે તરત ભગવાન તિરોહિત થયા. ત્યારે તિરોહિત શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કુન્તીએ કહ્યું કે ''જે અવતાર ધારણ કરે ત્યારે પણ અવતારના ગુણોનો જેમને સ્પર્શ થતો નથી તેવા શુદ્ધ બ્રહ્મ શ્રીકૃષ્ણને નમસ્કાર. જીવો અવતરે તેમનો જ બંધ થાય છે, બ્રહ્મને બંધ થતો નથી. જીવ પણ બ્રહ્મરૂપ છે, પણ શ્રીકૃષ્ણ તો પરમાત્મા, ઉત્તમ આત્મા, આત્માઓના પણ આત્મા છે. વળી તે યોગેશ્વર છે. જ્યાં બુદ્ધિ ન પહોંચે તેવું અલૌકિક (કાર્ય) યોગ કરી શકે છે, તેવા યોગના પણ શ્રીકૃષ્ણ ઈશ્વર છે, તેથી મૂલસ્વરૂપ હોવા છતાં, હદ વિનાના હોવા છતાં, જીવોના સમાગમમાં અવતાર લઈ આવે તેમાં આશ્ચર્ય નથી. વળી યોગની શક્તિ પણ ભગવાનથી જ તેને પ્રાપ્ત થાય છે. ભગવાન જ યોગ છે. તેથી તેમનામાં એવી શક્તિ જોવામાં આવતી હોવાથી, હદ વિનાના હોવા છતાં જીવના સમાગમમાં આવે તે અયોગ્ય નથી. તેથી જેમ અવતાર લીધેલ હોવા છતાં અવતારના ગુણોથી લેપાતા નથી, સમ્પૂર્ણ હોવા છતાં ભૂમિ ઉપર પધારે છે, તેમ અમારું જરૂર પાલન કરશે. શરણ આવેલાનું જરૂર પાલન કરવું જોઈએ તેથી હે શ્રીકૃષ્ણ! હું આપને શરણ આવું છું.''

કુન્તીની સ્તુતિ ઉપરથી તે શ્રીકૃષ્ણની ભક્ત હતી એ સ્પષ્ટ થાય છે. તે ભગવદીય હતી અને ભગવદીયને ભવિષ્યનો વૃત્તાન્ત પણ જણાય છે. ભગવાન તિરોહિત થયા એટલે તેને ભય થયો કે ભવગાન્ વંશનો નાશ કરશે પણ માત્ર પરિક્ષિતને હર કોઈ પ્રકારે બચાવશે, તેથી તે મોટેથી રડવા લાગી. અક્રૂર અને ધર્મનો પક્ષ કરનાર યશસ્વી વિદુરે કુન્તીને ધીરજ આપી. છતાં અક્રૂરથી તેનું દુઃખ સહન ન થયું.

**અક્રૂરે ધૃતરાષ્ટ્રને કરેલો બોધઃ**

અક્રૂરે નિશ્ચય કર્યો કે વચનથી તિરસ્કાર કરવાથી પણ જો ધૃતરાષ્ટ્ર પાંડવો પ્રતિ બેદરકાર રહેશે તો હું તેને હણીશ. જ્યાં સુધી તે ધૃતરાષ્ટ્રના ઘરમાં રહે ત્યાં સુધી તે તેને અધીન ગણાય. તેથી મથુરા જતી વખતે તે ભય વિના ધૃતરાષ્ટ્ર પાસે આવ્યો. દુર્યોધન જીવે ત્યાં સુધી પાંડવોનો આદર કરે તેવો ન હતો. તેથી પાંડવોને હણવા કે દુર્યોધનને એ રાજા તરીકે ધૃતરાષ્ટ્રે વિચારવાનું હતું. ધર્મશાસ્ત્ર પ્રમાણે દુર્યોધન દુષ્ટ હોવાથી તેને જ હણવો યોગ્ય હતો. પરન્તુ ધૃતરાષ્ટ્રનો પુત્ર ઉપરનો સ્વાભાવિક પ્રેમ તેને ધર્મ પ્રમાણે આચરણ કરવા દેતો ન હતો અને તેથી જ તે દુર્યોધનનો પક્ષપાત કરતો હતો. રાજાએ તેમ કરવું યોગ્ય ન હોવાથી તેને બોધ કરવો જોઈએ એમ માની અક્રૂર તેની પાસે ગયો.

ભગવાને તો તેને માત્ર પાંડવોનો વૃત્તાન્ત જાણવાનું જ કહ્યું હતું, છતાં તેને મોહ થયેલ હોવાથી પોતાને જ્ઞાની માની તે બોધ દેવા ગયો. એકાન્તે ઉપદેશ આપે તો ધૃતરાષ્ટ્રને લજ્જા ન થાય, તેથી ભીમ વગેરે મિત્રો સાથે તે બેઠો હતો ત્યાં ગયો અને વસુદેવ વગેરે

બંધુઓએ જે તેને કહેલ હતું તે જણાવતાં ધૃતરાષ્ટ્રને તેણે કહ્યું કે ''હે વિચિત્રવીર્યના પુત્ર! કૌરવોની કીર્તિનું વર્ધન કરનાર(વર્ધન કરનાર એટલે ૧.વધારનાર ૨.નાશ કરનાર. તારે વધારવી જોઈએ, પણ તું તેનો નાશ કરે છે, એવા વિચારથી આ શબ્દ યોજેલ છે.) રાજાનો અધિકાર સાચવવા તને ઉત્પન્ન કરેલ, પણ તું આંધળો હોવાથી પાંડુને ઉત્પન્ન કરેલ. તે હમણાં મરણ પામતાં તું આવીને સિંહાસને બેઠો છે. તું ધર્મથી પૃથ્વીનું પાલન કરીશ તો આ લોકમાં રાજ્ય વગેરે વિષયસુખ અને પરલોકમાં સુખ પામીશ. સારો સ્વભાવ રાખી પ્રજાનો પ્રેમ મેળવ. પ્રેમ નહિ મેળવ તો પણ પ્રજા કર આપશે, પણ પ્રેમ મેળવવાથી બહાર કીર્તિ થશે. બધા બંધુઓને સમાન રાખ, તો અંદરથી તેમ જ તારો વૃત્તાન્ત જાણનારાઓથી પણ અપકીર્તિ નહિ થાય. એમ કરવાથી તને કીર્તિ મળશે અને તારું કલ્યાણ થશે. તેથી ઉલટી રીતે આચરણ કરીશ તો લોકમાં તારી નિંદા થશે અને તું ઘણું દુઃખ પામીશ. તેથી તારા પુત્રો પાંડવો અને તેમના સમ્બન્ધીઓ બધા સાથે સરખું વર્તન રાખ. સ્વાર્થ માટે બધાં કાર્ય કરે. સ્વાર્થ સધાય તેમ વર્ત. બહારનાને સાચવવાનો પ્રયત્ન ન કર. આ લોકમાં કોઈની સાથે સદાનો સમ્બન્ધ હોતો નથી. પોતાના દેહનો પણ સદાનો સમ્બન્ધ નથી; તો પછી પત્ની પુત્ર વગેરેનો તો કેમ જ હોય? માતા જન્મ આપે છે અને ભૂમિમાં છેવટ લય થાય છે. સુકૃત કર્યો હોય તો તેનાં ફલ સ્વર્ગ વગેરે પાછળથી ભોગવે છે. હસવું, રમત વગેરે સુખનો ભોગ કરવામાં ઘણા ભેગા મળે છે, પણ દુષ્ટ કર્મ કર્યાં હોય તો તેનાં નરક વગેરે ફલ જીવ પોતે એકલો ભોગવે છે. ઘણાએ ભેગા મળી દુષ્ટ કર્મ કર્યાં હોય તો તે બધા ભેગા થઈ પણ ભોગવે, પણ સુખ અથવા સુખનાં સાધન મેળવવા પાપ ન કરવું જોઈએ. ધર્મથી ધન ઉત્પન્ન થાય છે. પણ અધર્મથી જે ભેગું થાય છે તે ધર્મ અધર્મી દૈત્યો જ લઈ જાય છે. ઘણો લોભી હોય તે પણ સમ્બન્ધ સાચવવા તેવા અધર્મીઓને ભોજન કરાવે છે. જેમ માછલાં વગેરે જલચરોને જલ પ્રાણરૂપ હોવા છતાં પણ નહેરો વતી જલ લઈ જાય છે, તેમ અધર્મીઓ લોભીના પ્રાણરૂપ ધનને હરે છે. તેને વધારે હોવાથી લઈ જતા નથી. અજ્ઞાનીઓને ધન જીવનરૂપ છે. 'આ મારા છે' એવી બુદ્ધિથી મૂર્ખ માણસ પ્રાણ, ધન, પુત્ર વગેરેનું અધર્મથી પોષણ કરે છે, પણ વસ્તુતઃ તે તેના શત્રુ જ છે. શત્રુ ન હોય તો તેનું ભલું કરે. તેઓ લૌકિક વૈદિક નિત્ય કર્મ કરે તે માટે તેમનું પોષણ કરવાથી પરલોકમાં કલ્યાણ થતું નથી. આ લોકમાં પણ કાંઈ લાભ નથી, કારણ કે પોષણ કરવામાં આવે તેને તેઓ ઉપકાર માનતા નથી અને ખરા સમયે સંકટમાં તજી જતા રહે છે. ધન ભેગું કરવામાં અને તેમનું પોષણ કરવામાં પાપ કરેલ હોય તે પાપ કરનારને પોતાને રહે છે અને પુત્ર વગેરે તેને તજી જાય છે. તેવો મૂર્ખ સ્વધર્મથી વિમુખ હોઈ અંધતમઃમાં પડે છે, જ્યાંથી તે પાછો બહાર નીકળતો નથી, કારણ કે શાસ્ત્રમાં નહિ જણાવેલું અજ્ઞાનથી કરેલું લૌકિક કર્મ તથા શાસ્ત્રમાં ન કરવાની આજ્ઞા હોય તેવું કર્મ કરવાથી અંધતમ જ પ્રાપ્ત થાય છે. પોતાના ધર્મ પ્રમાણે જ્ઞાનથી વૈદિક કર્મ કરવાથી તો મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી તું પોતાના ધર્મ પ્રમાણે (આચરણ કરી) ભોગ કર. લોકના પ્રમાણે પુત્ર કહે તેમ કરવું યોગ્ય નથી. લોક તો સ્વપ્ન,

માયા તથા મનોરથ જેવો છે. સારી અથવા હલકી સ્થિતિ જગતમાં લાંબા સમય સુધી રહેતી નથી. જન્મે તે મરવાનો જ. જન્મ પહેલાં અથવા મૃત્યુ પછી આ દેહ સાથે રહેવાતું નથી. તેથી એ સ્વપ્ન જેવો જ છે. તેથી દેહથી આત્મા જુદો છે એમ જાણી દેહના સમ્બન્ધવાળાઓ પ્રતિ ઉદાસીન થઈ, સમાનતાથી વર્તન કર. તું વિવેકી છે તેથી તેમ કરી શકીશ. વિવેક વિનાના ન કરી શકે.'' ભગવાને અક્રૂરને પાંડવોનો વૃત્તાન્ત જાણીને જ આવવાનું કહેલ હોવા છતાં તે પોતાને જ્ઞાની માનતો હોવાથી તેણે ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપ્યો અને વચ્ચે અંધતમ માં પડવાની ધમકી પણ આપી.

**ધૃતરાષ્ટ્રે અક્રૂરને આપેલ ઉત્તરઃ**

અક્રૂરે એવો ઉપદેશ આપ્યો તેથી સન્તોષ પામી ધૃતરાષ્ટ્રે તેને ઉત્તર આપ્યો કે ''હે દાનાધ્યક્ષ! તું ધર્મશાસ્ત્રમાં નિપુણ હોવાથી ધર્મને જ જાણે છે, પણ કાલ, સ્વભાવ તથા ઈશ્વરેચ્છા જાણતો નથી. તું દાનાધ્યક્ષ હોવાથી સત્ય અને મનોહર વચન કહે છે. તારી આવી વાણી સાંભળતાં, જેમ મરણપાત્ર પુરુષ અમૃતથી ધરાય નહિ તેમ હું ધરાતો નથી. તારા વચનમાં હજી પણ મને શ્રદ્ધા છે. છતાં જેમ શ્રદ્ધાવાળો હોય તે તાવથી પીડાતો હોવા છતાં ગંગામાં સ્નાન કરતાં ધરાતો નથી પણ તેનું શરીર તે સહન કરી શકતું નથી, તેમ મારું મન તારો ઉપદેશ ગ્રહણ કરતું નથી. સત્ય વાણી મનની પત્ની હોવાથી સત્પુરુષોના મનમાં રહે છે, છતાં પણ વેશ્યાગમન કરનાર પતિ પાસે પત્ની ન રહે તેમ ચંચલ મનમાં રહેતી નથી. મન માત્ર ચંચલ હોય પણ વાણીને અનુસરી કાર્ય કરતું હોય તો તેવા મનમાં તે રહે પણ ખરી, પણ જેમ જલના પ્રવાહથી ભૂમિ ઉંચી થઈ જાય છે તેમ પુત્ર ઉપરના પ્રેમને લીધે મારું મન વિષમ (પક્ષપાતી, ખાડા-ટેકરાવાળું) થઈ ગયું છે. દંડના જેવા આકારવાળી વિજળી હોય તો એક ક્ષણ રહે પણ ખરી, પણ માલાના જેવા આકારવાળી તો એક ક્ષણ પણ ટકતી નથી તેમ તારી વાણી મારા મનમાં એક ક્ષણ પણ ટકતી નથી. યોગથી મનને વશ કરવાનો પ્રયાસ પણ હું કરતો નથી, કારણ કે ઈશ્વરે 'આ કાર્ય આવી રીતે કરવું છે' એવો પ્રકાર નક્કી કરેલો છે, તેને કોઈ ફેરવી શકે નહિ. તે ઘણા શ્રમથી જણાય છે, પણ એ જાણ્યા પછી કયો વિવેકી પુરુષ ગમે તેવી શક્તિવાળો હોવા છતાં તેને ફેરવે અથવા ચસ્કાવે? 'ઈશ્વર ઉદાસીન છે, કોઈના પાપ અથવા પુણ્ય ગ્રહણ કરતા નથી પણ અજ્ઞાનને લીધે જ માણસો એમ માને છે કે ઈશ્વર માણસોના પુણ્ય અથવા પાપ ગ્રહણ કરી વિષમ થાય છે. પણ ઈશ્વર તેવું કરતા નથી' એ બધી ગપ છે, કારણ કે ભગવાને ભૂમિનો ભાર હરવા માટે જ અવતાર લીધેલ છે. ઉદાસીન હોત તો અવતાર જ ન લેત. અવતાર લીધેલ હોવાથી જણાય છે કે તેમણે શાસ્ત્રમાં જણાવેલ પ્રકાર કરતાં જુદો પ્રકાર વિચારેલો છે. ભગવાનનો અવતાર થયો નથી, અથવા થયો હોય તો તેનું પ્રયોજન કાંઈ બીજું હશે એમ પણ ન માનવું, કારણ કે એમ માનવાથી શાસ્ત્ર નકામાં થાય, અથવા બધા સન્માર્ગે ચાલી મુક્તિ પ્રાપ્ત કરે. 'શાસ્ત્ર તો સર્વને અધિકાર પ્રમાણે બોધ કરાવનારું છે' એમ માનીએ તો 'જેવા બધા સદ્‌ગુણો મારામાં છે એવા બીજા કોઈમાં નથી' એમ માની, બધા પોતે વિચારેલ કાર્ય કરતાં અટકે જ નહિ.

તેથી શાસ્ત્રનું ઉલ્લંઘન થતું હોવાથી, ઈશ્વરની ઈચ્છા સ્વતન્ત્ર છે એમ કહેવું જોઈએ. ઈશ્વરની ઈચ્છા સ્વતન્ત્ર હોય તો પણ શાસ્ત્ર નકામું થાય એ ખરું. શાસ્ત્ર બધે સ્થળે પ્રમાણ નથી એમ નથી પણ જ્યાં ઈશ્વરની ઈચ્છા એવી હોય, એટલે જ્યાં શાસ્ત્રમાં કહેલા સાધન હોવા છતાં ફલ થાય નહિ ત્યાં જ શાસ્ત્ર પ્રમાણ નથી. તેથી સર્વ સ્થળે શાસ્ત્ર જ પ્રમાણ છે, પણ કોઈ સમયે જ્યારે શાસ્ત્રને અનુસરવા છતાં પણ ફલ થાય નહિ, ત્યાં ઈશ્વરની ઈચ્છા જ એવી હોવાનો નિર્ણય થાય છે. જેમ અગ્નિમાં બાળવાની શક્તિ છે, પણ જેની પાસે મણિ હોય તેને તે બાળતો નથી, તેથી કોઈ એવી શક્તિ માનવામાં આવે છે કે જેને લીધે અગ્નિ બાળી શકતો નથી, પછી એ શક્તિ મણિમાં હોવાનું માનો અથવા અગ્નિમાં (મણિવાળા સિવાયનાને જ બાળે એવી શક્તિ) હોવાનું માનો. આવા પ્રસંગે ઈશ્વરની ઈચ્છા નિયામક છે એમ જાણ. તે ઈશ્વર હોવાથી જ શાસ્ત્રનું ઉલ્લંઘન કરવા છતાં નિંદાપાત્ર નથી. લોકમાં પણ મહારાજાની સામાન્ય અને ખાસ આજ્ઞાઓ હોય છે (ઈશ્વરની સામાન્ય આજ્ઞા એ શાસ્ત્ર. શાસ્ત્રનું ઉલ્લંઘન કરતી ઈશ્વરની ઈચ્છા એ ખાસ આજ્ઞા.). સામાન્ય આજ્ઞાથી દેશમાં કોઈ સ્થળે ઉપદ્રવ ન હોય ત્યારે પણ મહારાજાની ખાસ આજ્ઞાથી કોઈકને ઉપદ્રવ કરવામાં આવે છે. એટલાથી જ સામાન્ય આજ્ઞાથી નિષ્કંટક રહેતા રાજ્યમાં વિરોધ (રાજ્ય નિષ્કંટક ન રહેવાનું) થતો નથી. તેથી (ઈશ્વરે વિચારેલા પ્રકારમાં) કારણભૂત બનેલા મને તે મર્યાદામાં રાખતા નથી, એટલે હું શાસ્ત્ર જાણતો હોવા છતાં પણ પક્ષપાત કરું એ યોગ્ય છે. ભગવાનની એવી ઈચ્છા ન હોત તો તેમણે યાદવકુલમાં અવતાર લીધો ન હોત.

ભગવાને કેવી રીતે, શા માટે અવતાર લીધો છે તે જાણી શકાય નહિ. ભગવાનની માયાના માર્ગનો પણ વિચાર ઘણા કષ્ટથી પણ થઈ શકતો નથી. તેથી ભગવાનના ગુણોનું જ્ઞાન પણ થઈ શકતું નથી, તો પછી ભગવાન સમ્બન્ધી વિચાર કેમ જ થાય? લોકમાં તેમની માયા 'કપટ' તરીકે પ્રસિદ્ધ છે, તેવી માયાથી પણ ભગવાન આ પ્રસિદ્ધ જગત્ રચે છે અને પછી સત્ય સ્વરૂપવાળા ભગવાન તેમાં પ્રવેશ કરે છે. સત્ત્વ વગેરે ગુણોનો ઉંચા-નીચા એવી સ્થિતિમાં છૂટા પાડે છે. જે ભગવાનની માયાનો માર્ગ જ જણાતો નથી તે માયાથી કાંઈ પણ કરવા, તેમજ માયાએ સર્જેલ હોય તેમાં પ્રવેશ કરવા, તથા પ્રવેશ કર્યા પછી સમાન (ગુણો)ને ઉંચી અથવા હલકી સ્થિતિ પ્રાપ્ત કરાવવા કોઈ પણ સમર્થ નથી. તેથી ભગવાન ઘણા પ્રભાવવાળા છે. તેમને હું નમન કરું છું. વળી વેદના બન્ને કાણ્ડમાં, પઞ્ચરાત્રમાં તથા ઈતિહાસ-પુરાણોમાં હજારો પ્રકારની સૃષ્ટિ જણાવેલી છે. એ બધી કયા સાધનથી કેવી રીતે ભગવાન કરે છે? એમ જે સંસારનો ભગવાનની ક્રીડાનો પરિવાર જાણી શકાતો નથી તે સંસારરૂપી ચક્ર ભગવાન ચલાવ્યા કરે છે. ભગવાનનો અહન્તા-મમતારૂપ સંસાર લૌકિક સંસાર જેવો નથી. ભગવાનની ઈચ્છાથી તેમાં સર્વ થતું હોવાથી ભગવાને લીલા માટે તે બનાવેલ હોવાનો નિશ્ચય થાય છે. ભગવાનના અવતારો ભગવાન સમ્બન્ધી શાસ્ત્ર, ભગવદીય પુરુષો અને ભગવદીય પદાર્થોનો સાધારણ ઉપયોગ થતો નહિ હોવાથી,

ભગવાને તેમને શા માટે બનાવ્યા હશે એનો વિચાર ન કરવો, કારણ કે તે જાણી શકાય તેમ નથી જ. તેથી ભગવાનનું કાર્ય જગત્, ભગવાનની લીલા અને વૈષ્ણવોના ભેદ જાણી શકાય તેવા નથી. ભગવાન અને ભગવાનનાં કાર્ય બન્ને જાણી શકાય તેવા નહિ હોવાથી ભગવાન મોટો ઈશ્વર જ છે. અલૌકિક ઈશ્વરથી પણ મોટા ઈશ્વર પરમેશ્વર છે, કારણ કે તેમનું સ્વરૂપ તથા તેમનાં કાર્ય બન્ને અલૌકિક છે.

ધૃતરાષ્ટ્રે એ પ્રમાણે ઉત્તર આપ્યો. તેનો ભાવાર્થ એવો છે કે અક્રૂરે જેવું જ્ઞાન આપ્યું તેવું જ્ઞાન વ્યાસે, ભીષ્મે અને બીજાઓએ પણ આપેલું. પણ તે એક ક્ષણ જ રહેતું, પછી જતું રહેતું. ફરી ઉપદેશ આપે ત્યારે પશ્ચાત્તાપ સાથે જ્ઞાન થાય, પણ તે પણ રહેતું નહિ અને ફરી હું પહેલાંની જેમે જ પક્ષપાત કરતો. એ પણ વારંવાર થવાથી મારા (ધૃતરાષ્ટ્રના) મનનો સ્વભાવ જ એવો છે એવો નિશ્ચય થયો અને પશ્ચાત્તાપ થવો બંધ થયો. ત્યારથી હું જ્ઞાનનો પણ આદર કરું છું અને પક્ષપાત પણ કરું છું. મને એ જ્ઞાનની ખબર નથી એમ જાણી તેં બોધ આપ્યો કે હું મારા પુત્રનો નાશ કરવાનું ન સ્વીકારું તો મારો દોષ થશે. પણ હું પોતે અથવા બીજો કોઈ કાંઈ કરવા શક્તિમાન્ નથી, પણ ઈશ્વર જ સર્વ કરવા શક્તિવાળા છે. તું હું વગેરે ભગવાનના સંસારરૂપ હોઈ તેમની ઇચ્છા પ્રમાણે જ આપણે વર્તન કરવાનું છે, પોતાની ઇચ્છા પ્રમાણે નહિ. ઉપદેશ અથવા જ્ઞાનનો વિચાર ન કરવો, પણ બધાએ શાંત રહેવું.

**અક્રૂર પાછો મથુરા આવે છે:**

આવો ધૃતરાષ્ટ્રનો અભિપ્રાય જાણી તેની સાથે યુદ્ધ કરવાનો વિચાર માંડી વાળી ભીષ્મ વગેરેની લૌકિક નિયમ પ્રમાણે રજા લઈ અક્રૂર ત્યાંથી મથુરા ગયો. ધૃતરાષ્ટ્રનું કહ્યું તેણે માન્યું, કારણ કે રાજાનું વચન માન્ય કરવું જોઈએ અને વળી તે પોતે યાદવ હોઈ યાદવોના વંશમાં ભગવાનનો અવતાર થયો એમ યાદવોની શ્રેષ્ઠતા ધૃતરાષ્ટ્રે જણાવી તે યાદવોએ તો કબુલ રાખવી જ જોઈએ. અક્રૂર પોતે સેવક હોવાથી મથુરા આવી, ધૃતરાષ્ટ્રે પાંડવોને મારી નાખવા સુધીના જે પ્રયાસ કરેલ તે બધું તેણે પોતે શ્રીકૃષ્ણ તથા બલભદ્ર ને કહ્યું, કારણ કે તે માટે જ તેને હસ્તિનાપુર મોકલ્યો હતો.

અહીં સુધી ભગવાને જે-જે કાર્ય કર્યાં તે પોતે સાક્ષાત્ કરેલાં નથી, પરન્તુ બીજા ભક્ત વગેરેની ઇચ્છાને અનુસરીને જ કરેલાં છે. હવે જે કાર્ય ભગવાન કરશે તે સાક્ષાત્ પોતે જ કરશે. તેથી ભગવાને એ પ્રકારની લીલા કરેલી છે. આ અનુક્રમે દશમસ્કન્ધના પૂર્વાર્ધ તથા ઉત્તરાર્ધમાં વર્ણવેલી છે. ભક્તની ઇચ્છાને અનુસરીને કરેલી અને પોતાની મેળે કરેલી.

**જરાસન્ધસાથે યુદ્ધ:**

અસ્તિ અને પ્રાપ્તિ એ બે કંસની રાણીઓ હતી. 'અમ્'=હોવું ઉપરથી 'અસ્તિ', બધી ધાતુઓનો અર્થ, સાધનરૂપ હતી. 'પ્રાપ્'=મેળવવું ઉપરથી પ્રાપ્તિ ફલરૂપ હતી. આ બન્ને મગધરાજ જરાસન્ધની દીકરીઓ હતી અને કંસે દિગ્વિજયમાં જરાસન્ધને હરાવ્યો ત્યારે તેણે કંસને પરણાવેલી હતી. કંસનું મૃત્યુ થતાં તે બન્ને દુઃખી થઈ, પણ

ભગવાન ત્યાં હાજર હોવાથી સતી ન થતાં પિતાને ઘેર ગઈ. ત્યાં તેમણે આકાશવાણીએ ''દેવકીજીનો આઠમો ગર્ભ તને હણશે'' એમ કંસને કહેલ ત્યાંથી આરંભી બધું શ્રીકૃષ્ણનું ચરિત, પોતે વિધવા કેવી રીતે થઈ ત્યા સુધીનું સર્વ જરાસન્ધને કહ્યું. જરાસન્ધે કંસના મૃત્યુના સમાચાર સાંભળેલા, પરન્તુ મલ્લક્રીડામાં માંચડા ઉપરથી પડી જતાં દૈવને લીધે મૂઓ એમ સાંભળેલું. વસુદેવના છલથી તે મૂઓ એમ જાણવાથી તેને શોક અને ક્રોધ થયો. તેને શ્રીકૃષ્ણનો દોષ ન જણાયો, પણ વસુદેવનો જ દોષ જણાયો, અને વસુદેવનું રક્ષણ કરવા બધા યાદવો આવશે એમ માની તેણે પૃથ્વીને યાદવ વિનાની કરવા ભારે ઉદ્યમ કર્યો. ત્રણ અક્ષૌહિણી સૈન્ય તેની પાસે હતું. બીજું વીસ અક્ષૌહિણી સૈન્ય ભેગું કર્યું. યાદવો ઉપર જય મેળવવા તેમનાં સ્થાન મથુરાને એ બધાં સૈન્યથી કાંઈક બાનાથી રાત્રે જ આવીને ઘેરો ઘાલ્યો. ભગવાન શ્રીકૃષ્ણે કાલરૂપે અવતાર લીધેલ. તેમણે જોયું કે આ મોટું સૈન્ય લડવા આવે છે. કિનારો મૂકીને સમુદ્ર આવતો હોય તેવું મોટું સૈન્ય તેમણે જોયું. પોતાની નગરી મથુરાને તેણે ઘેરો ઘાલ્યો છે અને પોતાના ભક્તો અને તેમના સમ્બન્ધીઓ ભયથી દુઃખી થયા છે એમ પણ જોયું. પછી તેમણે વિચાર કર્યો કે ''હવે શું કરવું? હું ક્લેશ વિના કર્મ કરનાર હોવાથી કંસની જેમે જ (મારો અપકાર કરે ત્યારે જ) આને હણવો? કે યાદવોનો પક્ષપાત કરી હમણાં જ યુદ્ધ કરવું? હું કંસ જેમે હણવા રાહ જોઉં તો યાદવોનો પરાભવ થાય તે સહન કરવું પડે. ભગવાન હોવાથી ઉભય પ્રકારે વર્તન કરવાની શક્તિવાળો છું. છતાં ભક્તોનું દુઃખ સહન કરી શકાય નહિ અને સોળ વર્ષનો ક્ષત્રિય થાય ત્યારે જે યુદ્ધ કરવા આવે તેની સાથે તેણે યુદ્ધ કરવું જોઈએ. વળી મગધ દેશમાં ભક્તો ન હોય તેવા રહેતા હોવાથી દેશને અનુસરીને, અને તેમનો કાલ આવેલ હોવાથી કાલને અનુસરીને પણ તેમનો વધ કરવો જોઈએ. વળી ભક્તોનો ઉદ્ધાર કરવા મેં અવતાર લીધો છે અને કાલને ઠગી લૌકિક જેમે કાર્ય કરી કાલ પાસેથી તેમને લઈ જવાથી તેમ થઈ શકશે. હમણાં યુદ્ધ નહિ કરું તો કાલ ભક્તોનો દ્રોહ કરે તો ભવિષ્યમાં ઘણું કાર્ય કરવું પડશે. તેથી મારા અવતારનાં પ્રયોજનનો વિચાર કરતાં પણ હમણાં જ યુદ્ધ કરવું જોઈએ''. એમ વિચારી તેમણે નિશ્ચય કર્યો કે ''આ સૈન્યને હું હણીશ, કારણ કે તે ભૂમિના ભારરૂપ છે. જરાસન્ધના તાબાના રાજાઓ પણ દુષ્ટ છે. તેઓ પણ તેના જેવા સ્વભાવવાળા છે. તેમનું આ સૈન્ય ઘણી અક્ષૌહિણી છે, તેને હણીશ, પણ જરાસન્ધને હણવો નથી. તે પણ ભૂમિને ભારરૂપ છે, પણ તે ફરીથી સૈન્ય લઈ આવવાનો પ્રયાસ કરશે. જો તેને મારી નાખીએ તો એ સૈન્ય સંતાઈ રહે, અથવા તેને યુદ્ધમાં ઉતારવા આપણે વધારે પ્રયાસ થાય. જરાસન્ધ દુષ્ટ હોવાથી મરશે ત્યાં સુધી સૈન્ય લઈ આવશે. તેથી મડદું બાળતાં લાકડાંને સંકોરવામાટે વાંસને છેવટ સુધી બાળ્યા વિનાનો રાખવામાં આવે છે, તેમ જરાસન્ધને મારવો નહિ પણ છેવટ સુધી રાખવો. એમ કરવાથી ઘણાનો વધ થશે. વળી દૈત્યો વ્યાધિ જેવા અને મલ જેવા છે. તેમને હણવાથી મારા સર્વાત્મપણાની હાનિ થતી નથી, કારણ કે સૂજી ગયેલો પોતાનો અવયવ પણ કાપી નખાય છે. વળી હું કાંઈ પોતાથી ઉદ્યમ કરી તેમને હણતો

નથી. કપટ વિના યુદ્ધ કરવા આવ્યા છે, તેમને કપટ વિના યુદ્ધમાં હણીશ. વળી સત્પુરુષોનું રક્ષણ થાય અને ભક્તિનું સ્થાપન થાય તે માટે પણ આમને હણવાના છે. ૧.ભૂમિનો ભાર હરવો ૨.સત્પુરુષોનું રક્ષણ કરવું ૩.દુષ્ટોનો નાશ કરવો ૪.ભક્તિની પ્રવૃત્તિ કરાવવી એ ચાર પ્રયોજનથી મેં અવતાર લીધેલો છે. અવતારનાં આ ચારે પ્રયોજન મુખ્ય છે. આ ઉપરાંત ૫.ધર્મનું રક્ષણ અને ૬.અધર્મનો નાશ કરવા પણ મેં અવતાર ધારણ કરેલા. આ બન્ને પ્રયોજન પણ મુખ્ય હતાં અને આ અવતારનાં પણ એ બે પ્રયોજન હોવાથી આ અવતારનાં છ પ્રયોજનો છે. બુદ્ધ અવતારનું પ્રયોજન માત્ર ધર્મનું રક્ષણ, કલ્કિ અવતારનું માત્ર અધર્મનો નાશ. પરમશુરામ અવતારનું માત્ર દુષ્ટોનો નાશ, બલભદ્ર અવતારનું માત્ર ભૂમિનો ભાર હરવો, પૃથુ અવતારનું માત્ર સત્પુરુષોનું રક્ષણ હતું. આ અવતાર તો છએ પ્રયોજનથી લીધેલ છે તેથી ભક્તોનું હિત કરવા તેમનો પક્ષપાત કરી ક્લેશવાળું કર્મ (મારા ઉપર પ્રહાર થયા વિના પણ યુદ્ધ) મારે કરવું જોઈએ.''

ભગવાન એ પ્રમાણે વિચાર કરતા હતા ત્યારે, ભૂમિ ઉપરના પદાર્થોમાં દૈત્યોએ વાસ કરેલ હોવાથી તેમને સજ્જ કરવામાં વિલમ્બ થાય, તેથી આકાશમાંથી સૂર્યના જેવા તેજવાળા બે રથો, કવચ, ધજા વગેરે યુદ્ધ સામગ્રી અને સારથિ તરત જ તેમની પાસે આવ્યાં. તેથી ભક્તોનો ભય દૂર થયો. સૂર્યના જેવા તેજવાળા રથ અલૌકિક હોય જ. તેવા રથ જોવા છતાં જો જરાસન્ધ યુદ્ધ કરે તો પોતે મરવાનો છે એવા નિશ્ચયથી જ યુદ્ધ કરે, એટલે ક્લેશવાળું કર્મ ભગવાને કર્યું ન ગણાય. જેમ કંસને યુદ્ધથી અટકાવવા તેનાં ધનુષ્યનો ભંગ કરી પોતાનું સામર્થ્ય ભગવાને દેખાડેલું, તેમ આને અટકાવવા અલૌકિક રથો આકાશમાંથી આવતા દેખાડ્યા; કારણ કે સૂર્યના જેવા તેજવાળા રથો આવ્યા અને સૂર્યને ઉગતાં કોઈ ન જુએ એવું ન બને. વળી શાર્ઙ્ગ ધનુષ્ય, ખડ્ગ વગેરે દિવ્ય આયુધો પોતાની મેળે ભગવાન પાસે આવ્યાં. યુદ્ધની સામગ્રી આવી ત્યારે અવતારનાં છ પ્રયોજનો પૈકી હમણાં ભૂમિનો ભાર ઉતારવાનું પ્રયોજન આવેલ હોવાથી અને બલભદ્રે તે માટે જ અવતાર લીધેલ હોવાથી શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે ''યાદવોનું તમે રક્ષણ કરો છો તેમને આ ભારે દુઃખ આવી પડ્યું છે તે જુઓ. આ તમારો રથ અને હલ મુસલ વગેરે તમારાં પ્રિય આયુધો પણ આવ્યાં છે. તમે રથમાં બેસો એટલે બધી શક્તિ પ્રકટ થશે. પછી પોતાના સમ્બન્ધીનો દુઃખમાંથી ઉદ્ધાર કરો. તમે તેમ કરવાની શક્તિવાળા છો. આપણો જન્મ આ પ્રયોજનથી થયેલ છે. ભૂમિએ પ્રાર્થના કરવાથી તેનો ભાર હરવા આપણે અવતાર લીધો છે. તેથી આ ૨૩ અનીક(અક્ષૌહિણીનો દશમો ભાગ) ૨૩ અક્ષૌહિણી સૈન્યનો નાશ કરો.''

શ્રીકૃષ્ણ અને બલભદ્ર બન્ને એકાન્તમાં ઉભા હતા ત્યાં લોકના જાણવામાં ન આવે તેમ ધીમેથી શ્રીકૃષ્ણે બલભદ્રને એ પ્રમાણે કહ્યું, કારણ કે પ્રકટ રીતે કહે તો રાજા ઉગ્રસેન યુદ્ધ કરવા બહાર નીકળે અને વસુદેવ વગેરે સ્નેહને લીધે ભગવાન તથા બલભદ્રને યુદ્ધમાં જવા ન દે. તેથી એવી મન્ત્રણા કરી તે બન્ને કવચ બાંધી રથમાં બેસી શહેર બહાર નીકળ્યા અને આયુધ લઈ યુદ્ધ કરવા તૈયાર થયા. રાજાએ યુદ્ધની આજ્ઞા કરી ન હતી અને

યુદ્ધ કરવાનું છે એવો વિચાર પણ કોઈને થયેલ ન હોવાથી વધુ સૈન્ય પણ ભેગું થયું ન હતું, તેથી થોડું સૈન્ય જ હતું, તે તેમની સાથે લઈ નગરવાસીઓને ભય ન લાગે તે માટે શહેર બહાર નીકળ્યા. જરાસન્ધના સૈનિકોનો ઉત્સાહ દૂર થાય તે માટે શ્રીકૃષ્ણે પાંચજન્ય શંખ વગાડ્યો. એના અવાજથી જ દાનવોના ગર્વનો નાશ થયો. તેનો અવાજ સાંભળતાં જ જરાસન્ધના સૈનિકોને મરણ નજીક દેખાયું અને હૃદયમાં તથા દેહમાં ભય અને ધ્રુજારો થયાં. ચતુર જરાસન્ધે તે સમજી ભગવાન યુદ્ધ ન કરે તે માટે તેમને કહ્યું કે ''હે સદાનન્દ શ્રીકૃષ્ણ! હે ચિદ્રૂપ પુરુષ! હે સત્ પ્રપઞ્ચરૂપ! તમે સચ્ચિદાનન્દરૂપ હોવાથી પોતાના ઉપર ઉપકાર કરનાર તમારી સાથે કોઈ યુદ્ધ કરવા ઈચ્છે નહિ. તેથી હું તમારી સાથે યુદ્ધ કરવા ઈચ્છતો નથી. વળી તમે બાલોને સુખ આપનાર છો. તમારા બાલે (રૂંવાડે) બાલે 'ક' (બ્રહ્મા) હોવાથી તમારો દેહ કરોડો બ્રહ્માણ્ડરૂપ છે તેથી તમારી સાથે યુદ્ધ કરવાથી મરણ થતાં મોક્ષ મળશે એવા વિચારથી ઉદ્ધતાઈથી તમારી સાથે યુદ્ધ કરી શકાય, છતાં પણ ''પોતાના સ્વામી સાથે યુદ્ધ કરે છે'' એમ લોકો હસે એટલે ઘણી લાજ આવે, તેથી પણ હું તમારી સાથે યુદ્ધ નહિ કરું. તમે જેનું રક્ષણ કરતા હો તેની સાથે પણ યુદ્ધ નહિ કરું; કારણ કે તમે જેનું રક્ષણ કરતા હો તેને કોણ હણી શકે? વળી પરાજય થાય એમ હોય તો તમારા હાથે જ મરવું સારું, કારણ કે બીજાના હાથે મરવાથી અપકીર્તિ થાય. જ્યાં માયા નથી તેવો (અ+મા=માયા) મોક્ષ છે તે તમે આપો છો. તેથી પ્રસન્ન કરવા યોગ્ય મોક્ષ આપનાર તમારી સાથે યુદ્ધ કરવા કોણ ઈચ્છે? તમે 'યાદવ' નથી, કારણ કે યાદવ હો તો યાદવોના બંધુ કંસ વગેરેને કેમ હણો? તેથી તમે જાઓ, બધાને મોક્ષ આપો. તમારી સાથે યુદ્ધ કરવા હું ઈચ્છતો નથી.''

શ્રીકૃષ્ણ યુદ્ધ ન કરે તે માટે તેમની એવી પ્રાર્થના કરી, એ જ વચનથી કદાચ બલભદ્ર યુદ્ધ કરતાં અટકી જશે એમ માની, બધા યાદવોને હણવા ઈચ્છતો હોવાથી તેમને યુદ્ધ માટે પડકારતાં તેણે કહ્યું કે ''હે રામ! તમારા પિતા વસુદેવમાં તમને શ્રદ્ધા હોય અથવા ક્ષત્રિય તરીકે યુદ્ધમાં શ્રદ્ધા હોય તો તમે યુદ્ધ કરો. આપણે બન્ને બલમાં સરખા છીએ છતાં મારું મોટું સૈન્ય જોઈ ભય લાગતો હોય તો ધીરજ રાખો. હારશું અથવા જીતશું એવો નિર્ણય પહેલાંથી થતો હોય તો યુદ્ધ કરાય જ નહિ. તેથી મારાં બાણોથી છવાયેલા દેહને તજી સ્વર્ગ પ્રાપ્ત કરો અથવા મારા બાણોની વૃષ્ટિ દૂર કરી મને હણો.'' જરાસન્ધને કંસના મૃત્યુમાં વસુદેવનો દોષ લાગતો હોવાથી વસુદેવનો વેર તેના પુત્ર ઉપર વાળવાના વિચારથી બલભદ્રને તેણે યુદ્ધ માટે પડકારી, એમ સૂચવ્યું કે પ્રથમ પ્રહાર હું જ તમારા ઉપર કરીશ.

તેણે બલભદ્રને એમ કહ્યું તે અયોગ્ય માની શ્રીકૃષ્ણે તેને ઉત્તર આપ્યો કે ''શૂરવીરો પોતાની પ્રશંસા કરતા નથી, પણ પરાક્રમ જ દેખાડે છે. તું મને કહે છે કે 'તમારી સાથે યુદ્ધ નહિ કરું' તે સત્ય નથી. શૂરા ક્ષત્રિયોને યુદ્ધથી જ મુક્તિ મળે છે. તેથી હું જેનું રક્ષણ કરું તેની સાથે તારે યુદ્ધ કરવું જોઈએ. હું તો તારી સાથે યુદ્ધ નહિ કરું પણ બલભદ્ર જ કરશે, પણ તારું સૈન્ય હું હણીશ.'' જરાસન્ધ ભગવાન સાથે યુદ્ધ કરવાથી પોતાનું મૃત્યુ

થશે, અથવા પોતાને મોક્ષ મળવામાં વિઘ્ન થશે એવા ભયથી શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા ઈચ્છતો ન હતો, પણ ભગવાન તેને આ સમયે હણવાના ન હતા. તેમજ તેને મોક્ષ પણ આપવાના ન હતા. તેથી તેમણે તેનું વચન અસત્ય હોવાનું જણાવ્યું અને ક્ષત્રિયોને યુદ્ધથી જ મોક્ષ પ્રાપ્ત થાય એવો ઉપદેશ આપ્યો, કારણ કે એવો ઉપદેશ ન આપે તો ભવિષ્યમાં તે ભીમ સાથે પણ યુદ્ધ ન કરે.

ભગવાનનો ઉપદેશ સ્વીકારી યુદ્ધ પોતાને હિતકારી છે એમ માની જરાસન્ધ યુદ્ધ કરવા લાગ્યો. તેણે પોતાના ઘણાં મોટાં સૈન્યથી જેમ વાયુ સૂર્યને વાદળાંથી અને અગ્નિને ધૂળથી ઘેરે તેમ શ્રીકૃષ્ણ અને બલભદ્રને તેમના રથ, ધજા, અશ્વો, સારથિ તથા સેના સાથે ઘેરી લીધા. તેના કેટલાક સૈનિકોએ તેમની સેનાને ઘેરી, કેટલાક તેમના રથને, કેટલાક ધજાઓને, કેટલાક અશ્વોને અને કેટલાક સારથિઓને વળગ્યા. શ્રીકૃષ્ણ અને બલભદ્રને તો ઘેરવાનું અશક્ય જ હતું, કારણ કે વાદળાઓ સૂર્યને સ્પર્શ કરતાં નથી, તેમ ધૂળ અગ્નિનો સ્પર્શ કરતી નથી, પરન્તુ જોનારાને તેમનાં દર્શન થતાં જ અટકાવે છે. તેથી વાયુ જેવો જરાસન્ધ, સૂર્ય જેવા શ્રીકૃષ્ણને તથા અગ્નિ જેવા બલભદ્રને ઘેરી શક્યો નહિ, છતાં તેમનાં સમરાંગણમાં ગરુડની ધજાવાળો ભગવાનનો અને તાડની ધજાવાળો બલભદ્રનો રથ દેખાતા બંધ થયા. મથુરાની સ્ત્રીઓ શહેરના ઝરૂખા મહેલો તથા દરવાજા ઉપર ચડી જોતી હતી. તેઓ આ રથો દેખાતા બંધ થવાથી મૂર્છા પામી અને ભાન આવતાં શોકમાં ગરકાવ થઈ. ભગવાને સ્ત્રીઓ માટે જ અવતાર લીધેલો અને જરાસન્ધની સેનાએ રથના દર્શન થતાં અટકાવી સ્ત્રીઓને દુઃખી કરી, તેથી ભગવાને તે સેનાને હણવા માંડી. સ્ત્રીઓને દુઃખી કરી ન હોત તો ભગવાન બલભદ્રનાં કાર્યમાં માથું ન મારત. શત્રુસૈન્યરૂપી વાદળોએ કરેલી બાણરૂપ ભારે વૃષ્ટિથી પીડાયેલાં પોતાનાં સૈન્યને જાઈને ભગવાને સ્ત્રીઓનું તથા પોતાનાં સૈન્યનું હિત કરવા વિજળી જેવાં બાણની વૃષ્ટિ કરનારાં પોતાના ઉત્તમ શાંર્ગ ધનુષ્યનો ટંકાર કર્યો અને ૧.ભાથામાંથી તીક્ષ્ણ અણીવાળા બાણો લઈ ૨.ધનુષ્ય ઉપર તેમને ચઢાવી ૩.ધનુષ્ય ખેંચી તે બાણોને મૂકતાં ૪.જરાસન્ધની સેનાના રથો, હાથીઓ, ઘોડાએ તથા પાયદળનો સંહાર કર્યો. ભગવાનની આ ચારે ક્રિયાઓ એક સાથે એટલી ઝડપથી થતી કે અલાતચક્ર (લાકડાના એક છેડે બળતું કરી બીજા છેડે દોરી બાંધી તે દોરીથી લાકડું પોતાની આસપાસ ઝડપથી ગોળ-ગોળ ફેરવતાં, જે બધો ગોળ બળતું હોય તેવો દેખાય છે, તેને અલાતચક્ર કહે છે.) જેવો દેખાવ થતો. જેને જે બાણથી મારવાનો ભગવાન સંકલ્પ કરતાં તે તે જ સમયે તે બાણથી મરતું. જે બાણ ભગવાન મૂકતા તે એક બાણ હજારોવાળું થઈ હજારોના પ્રાણ લેતું. ભગવાનનાં બાણોથી હાથીઓનાં કુમ્ભસ્થળો ફાટી જતાં, ઘોડાઓની ગરદનો કપાઈ જતી, રથોના ઘોડા, ધજા, સારથિ અને નાયકો નો નાશ થતો. પગે ચાલનાર સૈનિકોની ભુજાઓ અને જાડી ગરદનો કપાઈ જતી અને તે બધા મરણ પામતા. હાથી, ઘોડા અને સૈનિકોનાં કપાઈ ગયેલાં અંગોમાંથી સેંકડો લોહીની નદીઓ વહેવા લાગી, તેમાં ભુજાઓરૂપ સર્પો તણાતા, પુરુષોનાં માથાંરૂપ

કાચબાઓ દેખાતા, હણાયેલા હાથીરૂપ બેટો જણાતા અને તેમના ઉપર ઘોડારૂપ મગરો જણાતા. તે નદીઓમાં હાથરૂપ ઘણાં માછલાં હતાં, માણસના કેશરૂપ લીલ હતી, ધનુષ્યરૂપ તરંગો જણાતાં અને આયુધરૂપ કાષ્ઠો તણાતાં. તેમાં ચક્રરૂપ વમળો જણાતાં. મોટા ઉત્તમ મણિઓવાળા આભરણરૂપ પથ્થરની કાંકરીઓ (રેતી) હતી. આ નદીઓ બીકણને ભય ઉત્પન્ન કરતી, પણ પરસ્પર યુદ્ધમાં બહાદુરોને હર્ષ ઉત્પન્ન કરતી. ભગવાને એ પ્રમાણે યુદ્ધ કર્યું ત્યારે બલભદ્ર પોતાના મદાન્ધ શત્રુઓને હલથી ખેંચી મુસલથી હણતા હતા. જરાસન્ધનું સૈન્ય ઘણું મોટું હોઈ તેનાં અંગોને લીધે ભયંકર હતું. તેની સાથે આવેલા રાજાઓ હણી ન શકાય તેવા હતા અને તે સૈન્યનું રક્ષણ જરાસન્ધ પોતે કરતો હતો. આવા મોટા બલવાન્ સેનાપતિથી રક્ષાતાં સૈન્યનો પણ શ્રીકૃષ્ણ અને બલભદ્રે માત્ર રમત કરતાં જ નાશ કર્યો, કારણ કે તેઓ બધાં જગતોના ઈશ્વરો છે. ભગવાન અનન્ત છે, તેમને કોઈ પ્રકારની હદ નથી. તેમના ગુણો અનન્ત છે. કરોડો બ્રહ્માણ્ડોમાં જેટલા પદાર્થો છે તેથી પણ ભગવાન અધિક છે અને જગતની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ માત્ર લીલાથી કરે છે તેવા ભગવાન પાસે આ સૈન્યનો શો હિસાબ? પણ તેમનામાં ભક્તિ ઉત્પન્ન થાય તે માટે આ યુદ્ધની વિગત કહેલી છે.

બલભદ્રને જરાસન્ધે યુદ્ધના આરંભમાં જે કહેલું તે બલભદ્રે કરી દેખાડ્યું. જરાસન્ધનો રથ પણ ભાંગ્યો. જ્યારે તે માત્ર પગપાળો રહ્યો ત્યારે જેમ સિંહ બીજા સિંહને પકડે તેમ બલથી બલભદ્રે તેને પકડ્યો. તે ઘણો બલવાન્ હોવા છતાં બાંધીને તેને પોતાના ઘેર લઈ જવા બલભદ્રે પકડ્યો. અને તેને વરુણના પાશ (બન્ધનો)થી બાંધતા હતા, કારણ કે તેની માતા જરા મનુષ્યના બન્ધનો કાપી નાખે, પણ વરુણના પાશ કાપી ન શકે. તે સમયે ભવિષ્યમાં કેટલીક લીલામાં તે ઉપયોગી થવાનો હોવાથી ભગવાને તેને છોડાવ્યો. લોકના નાથોએ તેને છોડી દીધો એટલે તેને બીજા કોઈ યાદવો બાંધવાના ન હતા. વીરોમાં તે પંકાયેલો હોવાથી તેને આ પરાજય તથા બન્ધનથી લજ્જા થઈ. તેનું માનુષ પરાક્રમ નાશ પામ્યું. તેથી અલૌકિક પરાક્રમ કરવા તપ કરવાનો તેણે સંકલ્પ કર્યો, પણ તપ કરવા જતાં માર્ગમાં ભૂમિના ભારરૂપ રાજાઓએ તેને અટકાવી રાખ્યો. ભગવાનનું ચરિત્ર અલૌકિક છે. જેમનું કાર્ય સાધવામાં તે ઉપયોગી થવાનો છે તેમણે (શ્રીકૃષ્ણ તથા બલભદ્રે) તેને છોડી મૂક્યો. જેમને ભેગા કરી તે મારી નખાવવાનો છે તેવા ભૂમિના ભારરૂપ રાજાઓએ તેને તપ કરવા જતાં અટકાવી સ્વીકાર્યો. તેમણે તેનું "ભગવાન સર્વાત્મા છે. તેમનાથી પરાજય થાય તે ભાગ્ય જ છે" એવાં પવિત્ર વચનોથી, "આ સ્વદેશ ન હતો, વિચાર કર્યા વિના હુમલો કર્યો" એવાં નીતિનાં વચનોથી, "ઘણા મોટાઓનો પણ પરાજય થાય છે (તેમાં શું થયું?)" વગેરે વચનોથી સાંત્વન કર્યું. કેટલાકે તો એવો પણ બોધ આપ્યો કે "તે ઘણાને જીત્યા. પોતાના કર્મનું ફળ પોતે ભોગવવું જોઈએ તેથી તમારો પરાજય તમારા કર્મનાં બન્ધનરૂપ જ છે." આ બધાં વચનો મથુરા પાસે જ કહેલાં, પણ ભગવાન તે બધું જાણતા હોવા છતાં તેમણે તેની દરકાર ન કરી. પોતે ભગવાન હોઈ

ભવિષ્યમાં શું કાર્ય કરવાનું છે તેનો જ વિચાર કર્યો. નીતિશાસ્ત્રનાં વચનોની દરકાર ન કરી. તેથી જરાસન્ધ વધારે ખિન્ન થયો, પણ દુષ્ટ મગધ દેશનો હોવાથી ભગવાનને શરણે ન આવ્યો અને પોતાના દેશ જ ગયો.

ભગવાનનાં સૈન્યમાંથી એક પણ મરણ પામ્યો ન હતો. દેવોએ તેમનાં કાર્યનું અનુમોદન કર્યું. તેથી જરાસન્ધનાં મોટાં સૈન્યનો ભગવાને નાશ કર્યો તેથી દેવોને દુઃખ થયું ન હતું, પરન્તુ આ કાર્ય દેવો માટે જ તેમણે કરેલું એમ જણાયું. મથુરાના લોકોને તો જરાસન્ધ જ જ્વરરૂપ હતો, તે ગયો એટલે તેઓ આનન્દ પામ્યા. કિલ્લાના દરવાજા ખોલી ભગવાન પાસે બહાર આવ્યાં. ભાટ-ચારણોએ ભગવાનના વિજયનું ગાન કર્યું. ભગવાન જ્યારે શહેરમાં ધીરે-ધીરે પ્રવેશ કરતા હતા ત્યારે શંખ, નગારાં વગેરે વાજીંત્રો વાગવા લાગ્યાં. શહેરના માર્ગો ઉપર સુગન્ધી પદાર્થોથી છંટકાવ કર્યો હતો. માણસો આનન્દી થયા હતા અને શહેરને પતાકાઓથી શણગાર્યું હતું. બ્રાહ્મણો આશિષના મન્ત્રોનો ઘોષ કરતા હતા. વૈશ્યોએ ઉત્સવનાં તોરણો બાંધ્યા હતાં. સ્ત્રીઓ બધી ભગવાન ઉપર પુષ્પો, દહીં, અક્ષત તથા અપુરો ની વૃષ્ટિ કરી પ્રીતિને લીધે ફાટેલાં નયનોથી સ્નેહપૂર્વક તેમનાં દર્શન કરતી હતી. ભગવાન યુદ્ધભૂમિમાંથી આભરણ વગેરે ઘણુંએ ધન લાવેલા તે બધું તેમણે ઉગ્રસેનને જણાવ્યું અને તેનું રક્ષણ કરવા પોતાની પાસે રાખ્યું.

આવી રીતે બધી મળી જરાસન્ધે સત્તર ચડાઈઓ ત્રેવીસ-ત્રેવીસ અક્ષૌહિણી સૈન્ય સાથે આવી કરી, પણ ભગવાન બીજી ચઢાઈથી યુદ્ધ કરવા જતા નહિ. ભગવાનથી રક્ષાતા યાદવો જ તેને ભગવાનનાં તેજને લીધે હરાવી કાઢી મૂકતા.

**સમુદ્રમાં દ્વારકાનિર્માણઃ**

બ્રહ્માણ્ડમાં પ્રજાપતિ અધ્યક્ષ છે. તે કાલરૂપ(૧૨) અને યજ્ઞરૂપ(૫) હોઈ સત્તર પ્રકારનો છે. તેનો પરાજય થયો. હવે બ્રાહ્મણો અને વેદરૂપ શિવ બાકી રહ્યા. સત્તરમી વાર જરાસન્ધ હાર્યો ત્યારે બધાએ તેને તપ કરવા ન જવા સમજાવ્યો, પણ તે તપ કરવા ગયો અને શિવને તેણે પ્રસન્ન કર્યા. શિવે તેને સમજાવ્યો કે તું બ્રાહ્મણોનું આરાધન કર, કારણ કે બ્રાહ્મણોનું હિત કરનાર શ્રીકૃષ્ણ તેમનું વચન ખોટું થવા નહિ દે. પછી તેણે પોતાના નગરમાં આવી બ્રાહ્મણોને બોલાવી સિંહાસન ઉપર બેસાડ્યા. બ્રાહ્મણોએ પ્રસન્ન થઈ સિંહાસન તેને પાછું આપી વરદાન આપ્યું કે ''તું શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરીશ અને ત્રણ લોકમાં અજેય થઈશ.'' એવી કથા બીજા પુરાણોમાં છે. તેથી અઢારમી ચઢાઈ તે શંકર અને બ્રાહ્મણો નાં બલ સાથે કરવા આવવાનો હતો તે દરમ્યાન નારદે યવનને મથુરા ઉપર ચઢાઈ કરવા મોકલ્યો. આ યવનના પિતા મહાયવનને પુત્ર ન હતો. તેણે પુત્ર ઉત્પન્ન કરવા પ્રાર્થના કરવાથી વૃદ્ધ ગર્ગે તેની પત્નીમાં ગર્ભાધાન કરી આ યવનને ઉત્પન્ન કરેલો અને કહ.''તારો પુત્ર અજેય થશે.'' ત્યાર પછી કેટલાક સમયે યાદવોની સભામાં વૃદ્ધ ગર્ગ ગયેલો, ત્યારે યાદવોએ તેની હાંસી કરી. તેથી તેણે પોતાના પુત્ર યવનને યાદવોને હણવા કહેલું. એ પ્રમાણે યવન અને યાદવો ને વેર થયેલું. નારદે વિચાર્યું કે ''જો જરાસન્ધ

અઢારમી વાર આવી ગયા પછી યવન ચઢાઈ કરશે તો તે દ્વારકા જશે અને ત્યાં ભગવાન મર્યાદાનું પાલન કરવાના હોવાથી વૃદ્ધ ગર્ગનું વચન ખોટું પાડશે નહિ. તેથી હમણાં જ યવન ચઢાઈ કરે તે સારું.'' એમ વિચારી તેમણે યવનને સમજાવ્યું કે આ યોગ્ય અવસર હોવાથી મથુરા ઉપર ઝટ ચઢાઈ કર. તેથી જરાસન્ધ અઢારમી વાર ચઢાઈ કરે તે પહેલાં યવને ચઢાઈ કરી. તે ત્રણ લોકમાં કોઈ હરીફાઈ કરી ન શકે તેવાં બલ અને પ્રભાવ વાળો હતો. યાદવો તેની સમાન છે એમ નારદ પાસેથી સાંભળી, તે સહન ન થવાથી તેણે મથુરા ઉપર ચઢાઈ કરી અને ત્રણ કરોડ મ્લેચ્છોથી તેને ઘેરી લીધી.

ભગવાને વિચાર્યું કે જેમનો નિરોધ કરવાનો છે તેમને મથુરામાંથી બીજે લઈ જવા જોઈએ. જેમ બૃહદ્વનમાંથી ગોપાલોને વૃન્દાવન લાવેલ તેમ આમને પણ બીજે લઈ જવા જોઈએ. જો બીજે ન જાય તો તેમનો નિરોધ જ ન થાય. પછી બલભદ્રની સમ્મતિ લેવા તેમની સાથે મન્ત્રણા કરી તેમણે કહ્યું કે ''આ યવન અકસ્માત ક્યાંથી આવ્યો? ચઢાઈનો આ યોગ્ય અવસર છે એમ તેણે કેમ જાણ્યું? યાદવોને બન્ને બાજુએથી દુઃખ આવી પડ્યું છે. આજે આ બલવાન્ યવને આપણને ઘેર્યા છે. તે આજે બ્રાહ્મણના વચનથી બલવાન થયેલો છે. જરાસન્ધ પણ આજે, કાલે કે પરમ દિવસે આવશે. આ બન્ને અજેય (જીતી ન શકાય તેવા) છે. તેથી તેમને પડતા રાખી માત્ર સૈન્ય હણવામાં વિલમ્બ ઘણો થાય. આપણે યવન સાથે લડતા હોઈએ ત્યારે જો ચતુર જરાસન્ધ આવે તો આપણને તેની સાથે લડતા રહેવા દઈ વસુદેવ વગેરે બંધુઓને હણે અથવા બાંધીને દેશ લઈ જાય. તેથી આપણે બે પગવાળા માત્ર પ્રવેશ કરી ન શકે તેવો ગઢ બનાવીએ, દ્વારકા બનાવીએ. તેમાં કોઈ પણ મર્યાદા આડી આવતી નથી. તેમ ન કરીએ તો બ્રાહ્મણોનાં વચનો નડે છે. મનુષ્યમાત્ર જઈ ન શકે તે માટે જ દ્વારિકા બનાવીએ છીએ, એટલે ત્યાં બ્રાહ્મણોનાં વચનનો પ્રભાવ નહિ રહે, કારણ કે સર્વ સ્થળે અધિક પ્રયત્ન સામાન્ય કાર્યને હઠાવે છે. બ્રાહ્મણો પણ બે પગવાળા જ હોવાથી ત્યાં જઈ શકશે જ નહિ. પછી તે ભય વિનાના સ્થાનમાં વસુદેવ વગેરેને રાખી યવનને આપણે હણીએ.''

એ પ્રમાણે મન્ત્રણા કરી ભક્તરક્ષક શ્રીકૃષ્ણે સમુદ્રમાં કોઈ ન જઈ શકે તેવું બાર યોજનનું નગર બનાવ્યું. જેમ ભૂમિ અન્તરિક્ષમાં છે તેમ તે નગર પણ અન્તરિક્ષમાં સમુદ્રનાં જલ ઉપર બનાવ્યું. સદાનન્દ શ્રીકૃષ્ણે આ નગર બંધાવેલ હોવાથી તે સદાનન્દ પ્રાપ્ત કરાવનારું થશે. વિશ્વકર્માની જેટલી નગર બનાવવાની ચતુરાઈ છે તે બધી ચતુરાઈથી ભગવાને પોતે જ આ નગર બનાવ્યું. વિશ્વકર્મા જલમાં (જલ ઉપર અન્તરિક્ષમાં) નગર બાંધી ન શકે. વળી ભગવાન તથા તેમના છ ગુણો પધારી ગયા પછી સાતમે દિવસે આ નગરને સમુદ્ર પોતામાં સમાવી દેશે. જો વિશ્વકર્માએ બનાવ્યું હોત તો વિશ્વકર્મા તે સમયે પણ હયાત હોવાથી તેમ ન થાત. તેથી આ નગર ભગવાને જ બનાવેલું. વિશ્વકર્માએ બનાવ્યું ન હતું. તેમાં નગર બાંધવાના ધારા પ્રમાણે શેરી, ચૌટાં અને રસ્તા ઉત્તમ પ્રકારે રાખેલા હતા. તેમાં પારિજાત વગેરે સ્વર્ગનાં વૃક્ષો અને લતાઓવાળા બગીચા અને વાડીઓ

હતાં. તેમાં આકાશે અડે તેવાં સુવર્ણનાં શિખરો, સ્ફાટિક મણિઓની અટારીઓ અને દરવાજા, સુવર્ણનાં કુમ્ભોથી શણગારેલા રૂપાના અને પીતળના કોઠારો, મોટા મરકતની શિલાઓથી જડેલી ભૂમિ, રત્નોના સમૂહવાળા સુવર્ણનાં મકાનો, લોકપાલનાં મકાનો અને છજાંઓ હતાં. તે ચારે વર્ણના પુરુષોથી ભરપૂર હતું અને ચારે વર્ણનાં મકાનોની મધ્યમાં ભગવાનનું મન્દિર હતું. એ નગર ઉત્તમ બનવાથી, પારિજાત વગેરેની પ્રતિષ્ઠા જશે એવા ભયથી લોકપાલોએ પોતપોતાની સમૃદ્ધિ ત્યાં મોકલી. ઈન્દ્રે સુધર્મા સભા, જેમાં રહેલાઓને મરણના ધર્મ રહેતા નથી તે અને પારિજાત મોકલ્યાં. વરુણે એક કાન શ્યામ અને બીજું બધું શરીર શ્વેત એવા મનના જેવી ગતિવાળા ઘોડાઓ મોકલ્યા. કુબેરે આઠ નિધિઓ મોકલી. આઠ લોકપાલોએ ભંડારો અને પોતપોતાની સમૃદ્ધિ મોકલી. આ બધા ઈન્દ્ર વગેરેએ પોતાના ધર્મથી પ્રાપ્ત કર્યાં ન હતાં પરન્તુ ભગવાને તેમને આપેલ. અધિકાર પણ તેમને ભગવાને આપેલ. ભગવાનની ઈચ્છા હોય ત્યાં સુધી જ તેઓ એ અધિકાર રાખી શકે. ભગવાનની ઈચ્છા જાણી શકાય તેવી નહિ હોવાથી પોતાનો અધિકાર ટકાવી રાખવા તેમણે ભગવાનને આ બધાં આપ્યાં, કારણ કે ભગવાનને આપવાથી જ તે કાયમ રહે છે. તેથી પોતાનું ધન અને અધિકાર સચવાઈ રહે તે માટે ભગવાને પોતાને જે-જે સત્તા આપેલ તે સર્વ ભગવાન ભૂમિ ઉપર પધારતાં તેમણે ભગવાનને પાછી આપી.

**મથુરામાંથી ભગવાનનું બહાર પધારવું:**

પછી જેમનો નિરોધ કરવાનો હતો તે યાદવોને તેઓ જેમ સૂતા હતા તેમને તેમ જ તે બધાને ભગવાન યોગના પ્રભાવથી તેમનું દુઃખ દૂર કરવા મથુરાથી દ્વારકા લઈ ગયા અને પોતે પાછા મથુરા પધાર્યા. પછી મથુરામાં જે રહેલ તેમનું પાલન કરવાનું બલભદ્રને સોંપી, તેમણે તે કાર્ય સ્વીકાર્યું એટલે ''હવે મથુરામાં રહેવું નથી'' એમ જણાવતા હોય તેમ, સાધનરૂપ બલભદ્રની સમ્મતિ લઈ ફલરૂપ ભગવાન શહેરના દરવાજામાંથી બધા જાણે તે રીતે બહાર નીકળ્યા. ભગવાન નિત્ય મથુરામાં રહેતા તેમ હવે સ્વરૂપથી નહિ રહે, પણ ક્રિયારૂપથી રહેશે. એટલે ભગવાન મથુરામાં નિત્ય રહે છે એ વચન અસત્ય નહિ થાય. તે સમયે ભગવાને કમલની માલા પહેરેલી એટલે કીર્તિ પોતાની સાથે લઈ ગયા અને આયુધો રાખેલ ન હતાં, એટલે મથુરાનું રક્ષણ કરેલું.

**કાલયવનનો વધ:**

કાલયવને નારદનો ઉપદેશ ગ્રહણ કરેલો, તેથી ઉપર જણાવ્યું તેમ ભગવાન આયુધો વિના કીર્તિમય વનમાલાને ધારણ કરી મથુરાના દરવાજા બહાર નીકળ્યા ત્યારે તેને ૧.ઉગતા ચન્દ્ર જેવાં તેમના દર્શન થયાં. તે સમયે ૨.જેમ ઉગતો ચન્દ્ર ઉપર ચઢતાં અધિક-અધિક કાંતિવાળો દેખાય તેવા ભગવાન દેખાતા હતા. ૩.ચન્દ્ર નક્ષત્રોનું રક્ષણ કરનારો છે. તે નક્ષત્રોમાં ન જાય અથવા ત્યાં જઈ તેમને પ્રકાશિત ન કરે તો નક્ષત્રો વ્યર્થ થાય. તેમ ભગવાને પણ નારદના વચનનું રક્ષણ કરવા તેણે જેને ઉપદેશ કરેલ તે કાલયવનને પોતાનો પ્રભાવ દર્શાવવા ક્ષણે-ક્ષણે પોતાનું વધારે ઉત્તમ સ્વરૂપ દર્શાવ્યું.

૪.કાલયવન યુદ્ધ કરવા આવેલ હોવાથી ભગવાનનાં દર્શન થતાં તેને ક્રોધ થાય તો તેનો મોક્ષ ન થાય, તેથી ભગવાને પોતાનું સ્વરૂપ સુન્દરતાવાળું જ દેખાડ્યું. વળી ભગવાન ૫.શ્યામ એટલે રસથી ભરપુર અને ૬.પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા એટલે સર્વ વેદમય હતા. વૈદિક સિદ્ધાન્ત એવો છે કે નગ્નથી મુક્તિ મળતી નથી, તેથી આરંભમાં કચ્છ મધ્યમાં જનોઈ અને અન્તે શિખા એ વેદનાં બન્ધનોવાળાં ધર્મરૂપ ભગવાનનાં તેને દર્શન થયાં. ૭.ભગવાનની છાતી ઉપર શ્રીવત્સ હતો. જમણી બાજુ વળતાં કેશની રેખામાં રહેલું અમુક પ્રકારનું સુવર્ણની રેખા જેવું તેજ હોય તે 'શ્રીવત્સ' છાતી ઉપર જીવ રહેલ છે અને ત્યાંજ 'અર્થ' (ધન) પણ ભગવાને રાખેલ છે. જમણો સ્તન ધર્મ છે. તેથી ધર્મમાં યોજાયેલ ધન જ ભગવાને રાખેલું છે. ૮.તેમની કંઠ ઉપર પ્રકાશતો કૌસ્તુભ હતો. કૌસ્તુભ જીવરૂપ છે અને જીવ કામથી ભરપૂર હોવાથી આ કામપુરુષાર્થ થયો. ૯.તેમને જાડી લાંબી ચાર ભુજાઓ હતી. ૧૦.તેમનાં નયનો નવાં કમલનાં જેવાં અરુણ હતાં, તેથી રસ અને દયાવાળી તેમની જ્ઞાનદૃષ્ટિ ભક્તિ પ્રાપ્ત કરાવનારી હતી. ૧૧.તેમનું મુખકમલ શોભાવાળું તેમના જેવું ઘણું જ સુન્દર હતું. ૧૨.તેમાં બે સુન્દર ગાલ પ્રવૃત્તિ અને નિવૃત્તિના પ્રકારથી રસનો અનુભવ કરાવતા હતા. ૧૩.હાસ્ય સેવા માટે જ યોગ્ય મોહ ઉત્પન્ન કરાવતું હતું. ૧૪.બહાર નીકળે તેને ખાઈ જાય તે માટે ભગવાને રાખ્યા હોય તેવા મઘર સમાન વેદરૂપ બે કુંડલો તેમાં શોભતાં હતાં એટલે ભગવાને મોક્ષ આપવાની ઈચ્છાથી પધારતાં ભગવન્માર્ગ અને ભક્તિમાર્ગ નું સ્થાપન કરેલું હતું. ૧૫.આવું સદા આનન્દવાળું મુખારવિન્દ ધારણ કરતા પંદરે કલાવાળા પૂર્ણચન્દ્ર જેવા ભગવાનનાં દર્શન થતાં, નારદે કહેલા ચિહ્નોથી કાલયવને તેમને ઓળખ્યા. તેણે તેમના અસાધારણ છ ગુણો જોયા.

૧.આ પુરુષ છે, પ્રકૃતિ નથી એમ દિવ્ય દૃષ્ટિથી તેને જણાયું. સમગ્ર જગતને તેણે પ્રાકૃત જોયું અને ભગવાનને જ પુરુષ જોયા, એટલે તેમનું ઐશ્વર્ય જાણ્યું. ૨.શ્રીવત્સનું ચિહ્ન જોયું, એટલે વીર્યરૂપ પૂર્ણ ક્રિયાશક્તિ જણાઈ. ૩.ચાર ભુજાઓ જોઈ, એટલે સર્વ પુરુષાર્થોનું દાન કરવારૂપ યશ જણાયો. ૪.કમલ જેવાં નયનો જોયાં, એટલે દૃષ્ટિથી જ તાપ મટાડનારી અને ભક્તિ આપનારી 'શ્રી' જણાઈ. ૫.વનમાલા જોઈ એટલે જ્ઞાનથી પૂર્ણતા જણાઈ. ૬.ઘણું સુન્દરપણું જોયું એટલે દોષરહિત હોવાનું જાણી દેશનો ત્યાગ કરતા હોવાથી વૈરાગ્ય જણાયું.

એ પ્રમાણે ભગવાનના છ ગુણો જોવાથી ''આ વાસુદેવ જ છે'' એમ તેને જણાયું. વળી નારદે તેને ભગવાનને ઓળખવાનાં ચિહ્નો કહેલાં ત્યારે જણાવેલું કે ''શ્રીકૃષ્ણ અનેક નવાં રૂપ ધારણ કરે છે તેથી તું તેમને ઓળખી શકીશ નહિ. તેથી જે એકલા આયુધ વિનાના, યુદ્ધ ન કરતાં, સર્વ આભરણો ધારણ કરી પગપાળા મથુરાના દરવાજામાંથી બહાર નીકળે તેમને શ્રીકૃષ્ણ જાણજે. તેમની પાછળ જે આયુધો સાથે ઘોડા ઉપર બેસી જાય તેને પાપ લાગશે.'' એ પ્રમાણે નારદે કહેલ હોવાથી ''આ શ્રીકૃષ્ણ જ છે'' એવો તેનો નિશ્ચય થયો અને તેને પોતાના પાપનો જ ભય હોવાથી પોતે પણ પગે ચાલી

તેમને પકડીને, આયુધ વિના જ તેમની સાથે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો.

નારદે તેને કહેલું કે ''ભગવાન જેમ કરે તેમ તારે કરવું. એમ કરીશ તો તારો જય થશે અને તું જીવીશ.'' પણ કાલયવન પોતાના જાતિદોષને લઈ તે સમજી ન શક્યો. જો ભગવાન મથુરા છોડી જતા રહ્યા ત્યારે તે શાંત રહ્યો હોત અથવા બલભદ્ર સાથે યુદ્ધ કરવા માંડ્યું હતો તો તેનો જય કદાચ થાત; કારણ કે ભગવાનને એવી રીતે જતા રહેવાનું પ્રયોજન ન રહેવાથી પાછા ફરત અને તેમનું મુખ તેના સામું થાત; પણ ભગવાનનું મુખ બીજી બાજુ હોવા છતાં તેમને પકડવાની ઈચ્છાથી કાલયવન તેમની પાછળ દોડ્યો. ભગવાનને તો યોગીઓ પણ પહોંચી ન શકે તો આનું શું ગજું? થોડે દૂર પાછળ દોડી તે પાછો પણ ન ફર્યો, કારણ કે ભગવાન પોતે તેનાથી એક જ હાથ દૂર છે એમ પગલે-પગલે દેખાડતા હતા. એક હાથ તેમનાથી વધારે દોડું ત્યાં પકડાઈ જશે એમ માની તેણે પાછળ દોડ્યા જ કર્યું. જે પોતાને અનુસરે તેનો ભગવાન ત્યાગ ન કરે. તેથી તેની અવિદ્યા અને મુચુકુન્દની ઉંઘ હરવા ભગવાન તેને એવી રીતે મથુરાથી દશ જોજન દૂર, હાલ જ્યાં ધોલપુર છે ત્યાં, પર્વતની એક ગુફામાં મુચુકુન્દ ઉંઘતો હતો ત્યાં લઈ ગયા. વચમાં દોડવાથી પકડાશે નહિ એમ માની તેણે મેંણા પણ મારેલ કે ''યદુકુલમાં જન્મેલા તમારે ભાગવું ન જોઈએ.'' આ તેનું વચન સત્ય હતું પણ તેને યદુકુલમાં શ્રદ્ધા ન હોવાથી તે માત્ર તિરસ્કાર દર્શાવવા જ એમ કહેતો હતો. એવા વચનથી પણ તેને પાપ થયું અને તે ભગવાનને પહોંચી શક્યો નહિ. જેમ હિરણ્યાક્ષનાં વચનની વરાહે દરકાર કરી ન હતી, તેમ તેનાં પણ વચનની દરકાર ન કરતાં ભગવાન તો પર્વતની ગુફામાં પધાર્યા. તેથી ભગવાનની પાછળ તે પણ ગુફામાં ગયો. ત્યાં તેણે કોઈક માણસને સૂતેલો જોયો. આ માણસ સૂવાની સામગ્રી સાથે સૂતો હતો છતાં કાલયવને જાણ્યું કે આગળથી સૂવાની સામગ્રી મોકલીને શ્રીકૃષ્ણ જ અહીં આવીને સૂતા છે. તેણે વિચાર્યું કે મને આટલે બધે દૂર લાવી આ સાધુની જેમે સૂતા છે. પણ જે ઠગે તે સાધુ ન જ હોય અને તે ઉંઘતો પણ નથી. તેવાને ઉઠાડવામાં દોષ નથી એમ વિચારી, તેને અચ્યુત (શ્રીકૃષ્ણ) માની, સૂતેલાને ઉઠાડવા પગની લાત મારી તેનું ઘણું અપમાન કર્યું. તેને 'અચ્યુત' માની લાત મારેલી તેથી કાલયવન જેવા શૂરવીરની લાતથી પણ તે સૂતેલા રાજા મુચુકુન્દને જરા પણ દુઃખ થયું નહિ. તે લાંબા સમયથી ત્યાં સૂતો હોવા છતાં પગની લાત વાગતાં ઉઠ્યો અને આંખો ઉઘાડી નજર ફેરવી જોતાં તેણે કાલયવનને જોયો. અપરાધ વિના તેને લાત મારેલી હોવાથી તેને ક્રોધ થયેલો. જેવી તેની નજર કાલયવન ઉપર પડી કે તરત જ જેમ લાકડાંને બહારના અગ્નિનો સ્પર્શ થતાં જ તેની અંદરનો અગ્નિ પ્રકટ થાય તેમ કાલયવનના દેહમાં રહેલો જ અગ્નિ પ્રકટ થયો અને તે જ અગ્નિથી તે એક ક્ષણમાં બળીને ભસ્મ થયો.

**મુચુકુન્દની કથાઃ**

આ મુચુકુન્દ મનુના પુત્ર માંધાતાનો પુત્ર હતો. તે બ્રાહ્મણોનું કલ્યાણ કરનારો અને યુદ્ધ કરવામાં પ્રવીણ હતો. ઈન્દ્ર વગેરે દેવોને અસુરોનો ઘણો ભય હતો ત્યારે તેમની

પ્રાર્થનાથી તેણે દેવોનું લાંબા સમય સુધી રક્ષણ કરેલું. પછી કાર્તિકેયનો જન્મ થયો અને તેણે તારકાસુરને હણ્યો પછી દેવોએ તેમને સેનાપતિ નીમ્યા અને મુચુકુન્દને પોતાનું રક્ષણ કરવામાંથી મુક્ત કરી મોક્ષ સિવાયનું વરદાન માગવા કહ્યું, કારણ કે મોક્ષ આપવાની શક્તિ તો અવ્યય ભગવાન વિષ્ણુ એકલાની જ છે. મુચુકુન્દ ઘણા સમય સુધી યુદ્ધ કરવાથી થાકેલ હતો અને તેણે ઘણા ઉજાગરા કરેલ હોવાથી સુષુપ્તિ (સ્વપ્ન વિનાની ઉંઘ)જ માગી. દેવોએ તેને પોતાની સ્વપ્નરહિત ઉંઘ આપી અને તેમાં વિઘ્ન કરનારો તેની દૃષ્ટિ પડતાં જ બળીને ભસ્મ થાય એવું વરદાન આપ્યું. વરદાન પ્રાપ્ત કરી મુચુકુન્દ તેમને નમન કરી ટાઢ-પવન વગેરે નડે નહિ તેથી પર્વતની ગુફામાં જઈ સૂતો. અઠ્ઠાવીસ યુગ સુધી તે ઉંઘ્યો. પછી તેને કાલયવને જગાડતાં, કાલયવન બળીને ભસ્મ થયો.

તે બળીને ભસ્મ થયો એટલે વૈષ્ણવોના પતિ ભગવાને મુચુકુન્દને પોતાનાં દર્શન કરાવ્યાં. તે બુદ્ધિમાન હતો તેથી ભગવાને તેને પોતાનું સ્વરૂપ જણાવવાની જરૂર ન હતી. ભગવાનથી વિરુદ્ધ વિચાર તેને આવવાનો ન હતો. ઉપર વર્ણન કર્યું તેવા ઘનશ્યામ, પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા, છાતી ઉપર શ્રીવત્સના ચિહ્નવાળા, પ્રકાશતા કૌસ્તુભથી શોભતા, ચાર ભુજાવાળા, વૈજયન્તી માલાથી શોભતા, સુન્દર પ્રસન્ન મુખવાળા, પ્રકાશતા મગરની આકૃતિના કુંડલવાળા, ત્રણ લોકે દર્શન કરવા યોગ્ય, પ્રેમ અને સ્મિતવાળી દૃષ્ટિવાળા, સ્ત્રીઓને પ્રિય થાય તેવી વયવાળા, મદવાળા સિંહના જેવા પરાક્રમવાળા તેમનાં દર્શન કરીને તેમનાં તેજથી તે અંજાઈ ગયો.

તે ઘણો ચતુર હતો. ભગવાન વિષ્ણુ જ મોક્ષ આપી શકે એમ દેવો પાસેથી સાંભળી ભગવાનનાં દર્શન થાય તે માટે જ તે અઠ્ઠાવીસ યુગ સુધી ઉંઘમાં પડ્યો રહ્યો હતો. ઈન્દ્ર વગેરે કરતાં પણ પોતે ઘણો તેજસ્વી હોવાનું તે જાણતો હતો અને જ્યારે તે પણ શ્રીકૃષ્ણના તેજથી અંજાઈ ગયો ત્યારે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એમ તે કેમ ન જાણે? છતાં તેમનો પરિચય કરવા ઉદ્ધતાઈ ન જણાય તેમ ભયથી ધીરેથી પ્રશ્નથી કરવા લાગ્યો કે ''આપ કોણ છો? જંગલમાં અને તેમાં પર્વતની ગુફામાં જ્યાં જઈ ન શકાય તેવા સ્થળે અહીં કેમ પધાર્યા છો? અહીં ઘણા કાંટાઓ પણ છે. અગત્યના કામ વિના કોઈ અહીં આવે નહિ. કમલની પાંખડી જેવા ચરણોથી આપ આવા કાંટાવાળા પ્રદેશમાં ક્યા કામ માટે પધાર્યા છો? આપ બધા તેજવાળાઓનું એકત્ર કરેલું તેજ હશો, અથવા જગતને સર્જનાર તેજરૂપ ભગવાન હશો, અથવા મૂર્તિમાન અગ્નિ હશો. અથવા સૂર્ય, સોમ કે મહેન્દ્ર હશો; અથવા વાયુ વરુણ વગેરેમાંના લોકના રક્ષણ માટે ભમતા કોઈ લોકપાલ હશો. દેવોના દેવા બ્રહ્મા વિષ્ણુ અને શિવ છે, તેમાંના ઉત્તમ પુરુષ વિષ્ણુ આપ હશો, અથવા બ્રહ્મા વિષ્ણુ અને શિવના પુરુષ, પોતાની મેળે પ્રકાશતા નારાયણ હશો. તેમનાથી પણ ઉત્તમ પુરુષોત્તમ આપ છો એમ હું માનું છું, કારણ કે આ ગુફાનો અંધકાર કોઈએ દૂર કર્યો નથી. ઉપર જણાવેલ અગ્નિ વગેરે ભગવાનનાં તેજવાળા કોઈથી પણ હજી સુધી તે દૂર થયો ન હતો. અગ્નિમાં ભગવાનની એક જ શક્તિ તેજ છે, પણ દીપમાં તેજ અને પ્રભા બે છે. તેથી

અગ્નિથી અંધકાર દૂર થતો નથી, પણ દીપની પ્રભા આખા ઘરને પ્રકાશે છે તેમ આપે આ ગુફાના અંધકારને દૂર કર્યો છે. આ ગુફાની અંદરનો ભાગ કોઈ પણ સમયે દેખાયો ન હતો, તે આપના તેજથી દેખાયો, તેથી આપ પુરુષોત્તમ જ છો. હે ઉત્તમ પુરુષ! આપના જન્મ કર્મ અને ગોત્ર વિષે સંદેહ ન રહે તે પ્રમાણે સાંભળવાની મને ઈચ્છા છે. તેથી આપને ગમે તો તે કહો. આપ તે વૃત્તાન્ત મને કહો તે માટે પ્રથમ હું કોણ છું તે આપને કહું છું.

ઈક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થયેલ યુવનાશ્વના પુત્ર માંધાતાનો હું 'મુચુકુન્દ' નામનો પુત્ર છું. દેવોનું રક્ષણ કરવા લાંબા સમય સુધી ઉજાગરા કરવાથી થાકેલો હું, કોઈ મને ઉંઘમાંથી ઉઠાડે નહિ તે માટે આ નિર્જન સ્થાનમાં સૂતો હતો. હમણાં જ મને કોકે ઉઠાડ્યો, તેથી તે તેના પાપે જ ખરેખર બળીને ભસ્મ થયો. તેમાં મારો દોષ નથી, કારણ કે પછી તરત જ મને સર્વ સૌન્દર્યવાળા અને લક્ષ્મીવાળા આપનાં દર્શન થયાં. શત્રુઓને હણનાર આપ જ હોવાથી આપે જ આને હણેલો જણાય છે. આપનાં જન્મ તથા કર્મ યોગબલથી પણ હું જાણી શકતો નથી, કારણ કે આપનાં ઘણાં તેજને લીધે આપની પાસે પણ રહી શકાતું નથી, તેમ આપનાં વારંવાર દર્શન પણ કરી શકાતાં નથી. એટલું તો ચોક્કસ છે કે આપ ઘણા ભાગ્યવાળા છો અને દેહ ધારણ કરેલ સર્વને ઈચ્છેલું આપનાર હોઈ તે સર્વે આદર કરવા યોગ્ય છો.''

પછી હસીને તેને મોહ ઉત્પન્ન કરતાં મેઘ જેવી ગંભીર વાણીથી ભગવાને તેને ઉત્તર આપ્યો કે ''મારાં જન્મો કર્મો અને નામો અનન્ત છે. તેથી હું પણ તેમને ગણી શકું તેમ નથી. બ્રહ્મા જુદા-જુદા જન્મોમાં જુદા-જુદા બ્રહ્માણ્ડોમાં અવતાર લે તો બ્રહ્માણ્ડ રચવામાં ઉપયોગી હોવાથી કદાચ પૃથ્વીનાં રજકણો ઘણા જન્મો લઈ ગણી શકે, પણ મારા જન્મ કર્મ અને નામ કોઈ સમયે ન ગણી શકાય, કારણ કે એક જન્મમાં મારાં કરોડો કર્મો અને નામ થાય છે. વળી કરોડો બ્રહ્માણ્ડોમાં જુદા-જુદા બેટ વગેરે પ્રદેશોમાં એક જ દિવસે મારા કરોડો જન્મ થાય છે. જીવ તો હદવાળો છે. એક સમયે એક સ્થળે તેનો એક જન્મ થાય અને તે એકસો વર્ષ રહે. મારે તો દેહ ન હોવાથી મારી ઈચ્છા પ્રમાણે મારું સ્વરૂપ દેખાડું. એક-એક ક્ષણમાં ઘણાં સ્વરૂપ થાય અને દેખાય. હું ચાલું ત્યારે માયાનો પડદો સ્થળે-સ્થળેથી ખસવાથી મારા ચાલવાથી જ મારાં અનેક રૂપો થાય. આકાશ મારું શરીર અને મારા ચરણ તથા હસ્તાના છેડા સર્વ સ્થળે, તેથી અનેક આકારો થવાથી મારાં અનેક સ્વરૂપો છે. ત્રણે કાલમાં થયેલાં મારાં જન્મ અને કર્મો ની ગણત્રી કરતાં તેમનો પાર મોટા-મોટા ઋષિઓ પણ પામી શક્યા નથી. છતાં પણ હાલનાં મારા જન્મ અને કર્મ કહું છું તે સાવધાન થઈ સાંભળ.

પહેલાં બ્રહ્માએ મને વિનન્તી કરેલી કે ધર્મનું રક્ષણ કરો, ભૂમિના ભારરૂપ અસુરોને હણો અને આપની ભક્તિની પ્રવૃત્તિ કરો. તેથી હું યદુકુલમાં વસુદેવના ઘરમાં અવતર્યો. વસુદેવનો પુત્ર થયો તેથી લોકો મને 'વાસુદેવ' કહે છે. કાલનેમિ કંસ થઈ અવતરેલો તેને મેં હણ્યો. સત્પુરુષોનું રક્ષણ કરવા તેમનો દ્રોહ કરનાર પ્રલમ્બ વગેરે

રાક્ષસોને મેં હણ્યા. તારાં બાણ જેવા તીક્ષ્ણ ચક્ષુથી આ કાલયવનને પણ મેં જ હણ્યો છે. મારે અવતાર લેવાનાં અનેક પ્રયોજનો હોવાથી, તારા ઉપર કૃપા કરવા હું આ ગુફામાં આવ્યો. તારા ઉપર કૃપા કરવી ન હોત તો બીજા પ્રકારે કાલયવનને ભૂલ ખવળાવી તેને જ અહીં મોકલત, પણ હું ન આવત, એટલે તે પોતે જ બળી મરત. આ સંકડામણવાળા સ્થળમાં હું તારા માટે જ આવ્યો છું; કારણ કે તેં મારી પહેલાં ઘણીવાર પ્રાર્થના કરેલી અને ભક્તો પર કૃપા કરવાનો મારો સ્વભાવ છે. તેં રાજાના અને ઋષિના ધર્મો આચરેલા છે. આ જન્મમાં હું તારી બધી કામનાઓ પૂરી પાડીશ તેથી કામનાઓ હોય તે માગ. મને જે શરણે આવે તે જન્મરહિત થાય છે. જે જન્મમાં શરણ આવે તે જન્મમાં કોઈકને જ શોક કરવા જેવું (ફરી જન્મ થવાનું) રહે છે, બધાને રહેતું નથી. માત્ર મને શરણ આવવાથી જ બધાનો શોક દૂર થાય છે અને તેઓ જન્મરહિત થાય છે. જો મારી ઈચ્છાથી કોઈનો બીજો જન્મ થાય તો ફરી તેને શોક કરવા જેવું રહેતું નથી.'' એ પ્રમાણે ભગવાને મુચુકુન્દને પ્રથમ પોતે બ્રહ્મ છે અને ભક્તિની પણ પ્રવૃત્તિ પોતાને કરવાની હોવાથી ભક્તિ થઈ શકે તે માટે કર્મો કરતાં ઘણા અવતાર લે છે એમ જણાવ્યું અને આ જન્મમાં તેને મોક્ષ આપવાનો નથી એમ સૂચવ્યું.

**મુચુકુન્દે કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિઃ**

ભગવાનનાં વચનો સાંભળી મુચુકુન્દે નિશ્ચય કર્યો કે જેમની રાહ જોઈ લાંબા સયમ સુધી તે ઉંઘેલો તે જ આ ભગવાન વિષ્ણુ છે. તેથી તેણે તેમને પ્રણામ કર્યા. તેને ઘણો આનન્દ થયો. ભગવાનના વચનોથી તેને ગર્ગે કહેલું વચન સાંભર્યું અને તેથી આ શ્રીકૃષ્ણ નારાયણ જ છે એવો તેણે નિર્ણય કર્યો, પણ તે પુરુષોત્તમ છે એમ તેને ન જણાયું. ભગવાનનાં વચનથી માત્ર ગર્ગના વચનનું સ્મરણ જ થયું તેથી જ ભગવાને પણ તેને કામનાઓ જ પૂર્ણ કરવાનું કહેલું. પછી તેણે ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું–

''આ જન તામસ સ્ત્રી અને પુરુષ આપની માયાથી મોહ પામી અનર્થમાં દૃષ્ટિ રાખી આપને ભજતો નથી. આપ ઈશ્વર છો, કાલરૂપ થઈ તેને મોહ કરો છો. બીજો કોઈ એમ ન કરી શકે, કારણ કે ભગવાનના ભજનને અટકાવવાની બીજાની શક્તિ નથી. બીજા પ્રકારના મોહ કાલ ભલે કરે, પરન્તુ આપનું ભજન અટકાવનાર કાલ તો આપ ભગવાન જ. જન સ્ત્રી અથવા પુરુષ સંસાર જ જુએ છે અને તેને જ જાણે છે. આપને જોઈ શક્તો નથી. તેથી આપનો પરમાનન્દ ન જાણવાથી, અનર્થરૂપ સંસારને જોઈ તેમાં જ મોહ પામે છે. જેમાંથી દુઃખ ઉત્પન્ન થાય તેવા ઘરમાં જ તે આસક્તિ રાખે છે. કારણ કે તેનાથી સુખ થશે એમ તે માને છે. તેનું એ જ્ઞાન ખોટું હોવાથી તે એ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. ઘરમાં સ્ત્રી અને પુરુષ બે જ હોય છે. બન્ને એક–બીજા પાસેથી સુખની ઈચ્છા રાખે છે. જો બેમાંથી એકમાં પણ સુખ હોય અને તે પણ ઘણું હોય તો તે બીજાને આપે, (પણ એકેમાં સુખ નથી). એક–બીજાના ઉપર આધાર રાખતું કાર્ય સિદ્ધ થતું નથી અને તેઓ ઘરમાં રહેવાથી દુઃખી જ થાય છે, કારણ કે નદીમાં અગ્નિ પ્રાપ્ત થતો નથી (તેમ ઘરમાં સુખ મળતું નથી).

તે ઠગાઈને ઘરમાં દુઃખ હોય તેને સુખ માને છે. રસનો આવિર્ભાવ થાય ત્યારે આનન્દ પ્રાપ્ત થાય, પરન્તુ ઘર જ હદવાળું હોવાથી તેમાં રસનો આવિર્ભાવ થતો નથી. સ્ત્રી-પુરુષ સિવાય ઘરમાં કોઈ નથી કે જે તેમને સુખ આપે. તેમનાં સન્તાનો તો તેમની પાસેથી જ સુખ મેળવવા ઈચ્છતા હોય છે, એટલે તેમને સુખ આપી ન શકે. જેને તે સુખ માને છે તે તર્કથી અને પ્રમાણથી સુખ ન હોવાનું સિદ્ધ થાય છે. તેથી એક-બીજા પાસેથી સુખ લેવાની પ્રવૃત્તિમાં તે ઠગાય જ છે. વિવેકવાળો શાસ્ત્રમાં આસક્તિવાળો રાજસપુરુષ પણ આપને ન ભજનાર પશુની જેમે ઘરરૂપ અંધારીયા કૂવામાં જ પડેલો છે. સારું-ખરાબ પારખવાની શક્તિવાળો ખોડ-ખાપણ વિનાનો મનુષ્યનો દેહ જેમ-તેમ કરીને ઘણા દુઃખથી પ્રાપ્ત કર્યા છતાં, આપને જે ભજે નહિ તે દુષ્ટ બુદ્ધિવાળો જ છે, કારણ કે દેહ-ઈન્દ્રિયો વગેરેનો બીજો કોઈ ઉપયોગ જ નથી. તે ઘરરૂપી અંધારીયા કૂવામાં પડે છે કારણ કે તે બહાર નીકળી શકતો નથી. વિવેકવાળો કૂવામાં પડ્યો હોય તો કદાચ બહાર પણ નીકળેલ પણ આ તો વિવેક વિનાના પશુ જેમે પડેલો હોવાથી તેમાં દુઃખી થાય છે, બહાર નીકળી શકતો નથી અને બહાર નીકળવાના ઉપાય પણ જાણતો નથી. મારા જેવા સાત્ત્વિકની પણ એવી જ દશા છે. મેં પણ ઘણો સમય નકામો ગુમાવ્યો. કાલ પુરુષાર્થ સાધવામાં ઉપયોગી થાય. તેમ મારો સમય ન ગયો તેથી નકામો જ ગુમાવ્યો. રાજ્યલક્ષ્મીથી મારો મદ ઘણો વધી ગયો. દોષ માત્ર ભૂમિમાં છે. સ્વર્ગમાં કે પાતાલમાં નથી. ભૂમિના દોષ તેના પતિને લાગે. તેથી દોષના સમ્બન્ધને લીધે જેમ તાવવાળાનો તાવ અન્નના ભોજનથી વધે છે તેમ લક્ષ્મીથી પણ બુદ્ધિનો નાશ જ થાય છે. વળી આ મરણ પામે તેવા દેહને હું આત્મા માનતો અને પુત્ર-સ્ત્રીઓ, ખજાનો અને ભૂમિ માં આસક્તિ રાખતો. ભગવદીયોમાં મમતા ન રાખતાં, પુત્ર વગેરે ચારમાં જ મેં મમતા અને આસક્તિ રાખ્યાં; અને તેમના સમ્બન્ધીઓનું પોષણ કરવું, તેમના શત્રુઓને હણવા એવી ચિન્તા રાખી. ૧.મારું આયુષ્ય નકામું ગયું. ૨.દેહમાં મેં આત્મા હોવાની બુદ્ધિ રાખી અને ૩.પુત્ર વગેરેમાં આસક્તિ રાખી એ ત્રિદોષમાં હું પણ ડૂબ્યો. મારા તો બીજા પણ છ દોષો છે જેના ત્રણ મોટા દોષ થાય છે. ૧/અ. 'કલે' કાલે લઈ જવામાં, ઝડપી લેવામાં 'વરમ્' ઉત્તમ એવું કલેવર(દેહ) છે. માટી, પથ્થર વગેરે પૈકી કાલ પ્રથમ તે (દેહ) જ ભક્ષણ કરે છે તેથી જ પત્થર વગેરે લાંબા સમય સુધી રહે છે, પણ દેહ તરત જ નાશ પામે છે. કાલનું ભક્ષ્ય છે. જેને કાલનું ભક્ષ્ય જ બનાવેલું તેમાં અભિમાન રાખવાની બુદ્ધિ સુખ આપનારી ન જ હોય. ૧/આ. વળી આ દેહ સૂતેલો છે, સંસ્કાર વિનાનો મરેલા જેવો છે. ૧/ઈ. જેમ જલ લાવવા ઘડો ઉપયોગમાં લઈએ અને તે જલનો બીજા કાર્યમાં ઉપયોગ લેવાય છે, તેમ આ દેહથી કર્મ કરાય છે અને તે કર્મનો ગમે ત્યાં ઉપયોગ થાય છે, એવો હદવાળો આ દેહ છે. ૧/ઈ. જેમ કોઈને રહેવા ઘર બનાવવામાં આવે અને તેમાં તે અમુક સમય સુધી રહે તેમ આ દેહ અમુક સમય સુધી રહેવા જ ભગવાને બનાવેલ હોવાથી જડ ઘર જેવો છે. ૧/ઉ. એ પ્રમાણે કર્મના સાધન અને રહેવાના સ્થળ જેવો દેહ હોવાથી આત્માથી જુદો છે એમ દેખાય છે, છતાં તેમાં 'હું

છું' એવું અભિમાન રાખ્યું. આ પાંચ વિભાગવાળી અવિદ્યારૂપ મોટો દોષ.

૨.મેં પોતાને 'નરદેવ' માન્યો. નરપણું જ શંકાવાળું છે. વળી જીવને રહેવાનું અપવિત્ર ઠામ 'દેવ' કેમ હોઈ શકે? છતાં મેં પોતાને 'નરદેવ' નરોએ પૂજવા યોગ્ય રાજા માન્યો. ૩.રથ વગેરે ચાર અનોની સેનાના સેનાપતિઓથી વીટાંયેલો હું રહ્યો. તે બધા દુષ્ટ હત્યારા અને તેમનો મને સંગ રહ્યો. ૪.પૃથ્વી ઉપર સેના સાથે ફરતો હું પૃથ્વીને ભારરૂપ રહ્યો. પૃથ્વી ઉપર ફરવાથી કાંઈ પુરુષાર્થ સાધવાનો ન ત્તો છતાં ફર્યા કર્યું. ૫.આપને અધીન સર્વ છે છતાં આપની મેં અવગણના કરી. ૬.વળી ઘણો જ દુષ્ટ અહપાર મેં રાખ્યો. આ છ મારા કુદરતી દોષ હતા. એ છ મળી તરત જ શિક્ષા કરાવે તેવો ત્રિદોષ થાય છે.

૧.ઝડપથી આટલું કરવુ જોઈએ એવી ચિન્તાથી ભાન વગરના થવું. તેમાં પણ જો કાર્ય આવી પડે તો તે દોષ ન ગણાય, પણ તેમ થયા વિના માત્ર કાર્યની ચિન્તા જ કર્યા કરી અને આપે જે અન્તઃકરણ આપનું ચિન્તન કરવા દેહમાં મૂકેલું તેનો બીજા કાર્યમાં ઉપયોગ કર્યો એ એક મોટો દોષ. ૨.લોભ ઘણો વધ્યો. વિષયો ભોગ માટે પ્રાપ્ત કરવામાં આવે છે, છતાં તે પ્રાપ્ત કરીને ભોગ કર્યા વિના ભેગા જ કર્યા. વળી ૩.વિષયોની તીવ્ર ઈચ્છા રાખી. વિષયો ભોગવતાં તે રસહીન છે એમ જણાયું હોવા છતાં તેમની ઈચ્છા કર્યા કરી. (વિષં યાન્તિ) વિષપણું પ્રાપ્ત કરે તે વિષયો. હણનારું, મૃત્યુનું મુખ વિષ છે. વિષયો તેમાં પ્રવેશ કરતાં પોતાના ભક્તને પણ તેમાં લઈ જાય છે. એક વિષય પણ મૃત્યુના મુખમાં લઈ જાય તો પછી ઘણા હોય ત્યારે તો કહેવું જ શું?

કાલરૂપ આપમાં આમાંનો એકે દોષ નથી. હું ચિન્તાવાળો છું ત્યારે કાલ સાવધાન છે. હું લોભી છું ત્યારે કાલ ભૂખને લીધે ગલોફાં ચાટતા એટલે લોભ વિનાના સર્પ જેવો છે. હું વિષયોની ઈચ્છા રાખનારો છું ત્યારે કાલ તેને વિષયોની ઈચ્છા નથી એમ જણાય તે માટે એકાએક ઝડપી લેનારો છે. વિષયોની ઈચ્છા જેને હોય તે જ ભોગમાં આસક્ત હોવાને લીધે કાર્ય કરવામાં વિલમ્બ કરે, કારણ કે ક્રિયા (પ્રયત્ન) અને ભોગ એક-બીજાથી વિરુદ્ધ છે. જ્યારે આ ત્રિદોષ થાય કે તરત જ તેનો ઉપાય કરવામાં આવે તે પહેલાં જ, ક્યાંક તે દોષવાળો નાસી ન જાય તે માટે સર્પરૂપ કાલ ઉંદરરૂપ ત્રિદોષવાળાને ઝડપી લે છે. ઉંદર લ્હેર કરનારો જીવ છે. તે સર્પનું ભક્ષ્ય શરીર ધારણ કરી સદા સર્વનું બૂરું કરવામાં મશ્ગુલ રહે છે. પહેલાં હું રથ વગેરેમાં ફરતો હતો, રાજા તરીકે બધા મને માન આપતા હતા, છતાં દેહ તો વિષ્ઠા, કીડા અથવા ભસ્મ જ બને છે. મૃત્યુ પછી કાગડા વગેરે તેનું ભક્ષણ કરે તો તેની વિષ્ઠા થાય છે, તે સડે તો કીડા બને છે. અને તેને બાળવામાં આવે તો તેની ભસ્મ થાય છે. તેથી પરિણામે તે અનિષ્ટ હોવાથી તેમાં નકામું અભિમાન રાખવાથી દોષ જ થાય.

રાજા ક્રિયાથી પણ દોષ જ કરે છે. તે સ્ત્રીનો સેવક બને છે એટલે તેને ધમ ફલ છે.ારણ પુરુષોની સ્ત્રીઓ તેમનું દાસ્ય કરે છે, પણ રાજા તો સ્ત્રીઓનો દાસ થતો હોવાથી સાધારણ પુરુષ જેવું પણ તેને ફલ મળતું નથી. આરંભમાં ૧.તે ઘણા શ્રમથી સાત દ્વીપવાળી પૃથ્વીને વશ કરે છે. પછી ૨.કોઈ તેની સાથે વિગ્રહ ન કરે અથવા કરી ન શકે તે

માટે પ્રયાસ કરે છે. ૩.પછી સ્વસ્થ થઈ ઉત્તમ આસને બેસે છે અને ૪.પછી સમાન રાજાઓ તેને વન્દન કરે છે. એ પ્રમાણે ચાર પ્રકારે હલકો પડે છે.

૧.રાણીઓના ઘણા મહેલોમાં તે એક દાસ થતો હોવાથી બહુ દુઃખી થાય છે. ૨.તે મહેલોમાં મૈથુન મુખ્ય હોવાથી તેનું પુરુષાતન ગુમાવે છે. ૩.ધન વગેરે બહારના બધા પદાર્થો સ્ત્રીઓને સોંપેલ હોવાથી તે રમકડાંરૂપ પશુ બને છે અને ૪.જેટલા પદાર્થો હોય તેથી પણ અધિક, સ્ત્રીઓને પ્રસન્ન કરવા સદા તેને શોધતા રહેવું પડે છે. તેની વૈદિક ક્રિયાઓ પણ અફલ થાય છે. રાજ્ય પ્રાપ્ત કરી જે વિષયો ભોગવે તે અધમ જ છે. તેનાથી પણ તપ કરે તે વધારે અધમ છે. અને ફલની ઈચ્છાથી તપ કરી તેવું જ રાજ્ય-જે અલ્પ સમય રહેનારું હોઈ સારું નથી તે પ્રાપ્ત કરે તે તેનાથી પણ વધારે અધમ છે. પહેલાં તો તપમાં મશગુલ રહી ભોગ તજે છે, અને પાછું તેવું ને તેવું રાજ્ય પ્રાપ્ત કરવા શ્રમ લઈ તપ કરે છે. એમ વારંવાર કરતો હોવાથી તેને સુખ મળતું નથી. બ્રાહ્માણ્ડનું અધિપતિપણું મળે તો પણ તેનો લોભ વધ્યા જ કરે છે. પદાર્થોની ઈચ્છા દુઃખરૂપ હોવાથી લોભ હોય ત્યાં સુધી સુખ ન જ મળે.

એમ કરતાં જ્યારે ભગવાનની ઈચ્છાથી છેલ્લો જન્મ થાય ત્યારે તેને સત્પુરુષોનો સમાગમ થાય છે. જુદી-જુદી યોનિઓમાં ભમવાથી થતાં દુઃખથી તેના પર ભગવાનની કૃપા થાય છે, અથવા યોગીના અથવા મોટા પુરુષના કુલમાં જન્મ થવાથી છેલ્લો ભવ પ્રાપ્ત થાય, ત્યારે તેને સત્સંગથી મુક્તિ પ્રાપ્ત થાય છે. આપ ભગવાન અચ્યુત હોવાથી આપના ભક્તો મળી રહે છે અને જ્યારે તેમનો સમાગમ થાય ત્યારે તે ભક્તિ પ્રાપ્ત કરે છે. આપ ભગવાન તો ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી પોતાના માટે કોઈની ભક્તિમાં પ્રવૃત્તિ કરાવતા નથી. કાલ-કર્મ વગેરે તો ભક્તિ અટકાવનારા છે, તેથી આપના ભક્ત વિના બીજું કોઈ ભક્તિ પ્રાપ્ત કરાવતું નથી. આપ ભગવાન જ ભક્તોનાં ફલરૂપ હોવાથી તેઓ સાધન તરીકે અને ફલ તરીકે આપને જ જાણે છે, તેથી તેમની પાસે રહેવાથી જ ભક્તિ પ્રાપ્ત થાય છે અને ભક્તિથી સર્વ ફલ પ્રાપ્ત થાય છે. તેથી આપનાં દર્શન થતાં મારાં બધાં સાધન થઈ ચૂક્યાં અને હવે મારે કાંઈ સાધન કરવાનાં નથી; કારણ કે ફલ ત્રણ પ્રકારનું છે. ૧.રાજ્ય ૨.કામનાઓ અને ૩.આપ ભગવાન. ૧.તેમાં રાજ્ય દોષરૂપ છે એવો તો મારો જ અનુભવ છે. મારો રાજ્યનો સમ્બન્ધ કોઈ પણ કારણ વિના દૂર થયો, તેથી તે આપે જ દૂર કર્યો અને તે મારા ઉપર આપે મોટી કૃપા કરી. સાધુઓ પણ રાજ્યનો ત્યાગ કરે છે તેથી તે સ્વભાવથી જ દુષ્ટ હોવું જોઈએ, નહિ તો રાજ્યવડે ભગવાનનું ભજન પણ થઈ શકે, એટલે તે સ્વભાવથી જ દુષ્ટ ન હોત તો તેઓ તેનો ત્યાગ ન કરત. વળી તેઓ પોતાનાં પ્રયાસથી તેનો ત્યાગ કરી પણ શકતા નથી, એટલે તેનો ત્યાગ થાય તે માટે ભગવાનની પ્રાર્થના કરે છે. તે પ્રાર્થના પણ માત્ર મનથી અથવા વાણીથી નહિ પણ એકલા વનમાં રહીને કરે છે. બધાનો ત્યાગ કરી એકલા વનમાં જવા છતાં પણ રાજ્યથી ભય પામે છે, કારણ કે રાજ્યનો સમ્બન્ધ હોય તો શત્રુઓ અથવા વારસો દુઃખ દે. નાનાં રાજ્યનો જ ત્યાગ કરે છે

એવું પણ નથી, સાતે દ્વિપવાળી બધી પૃથ્વીનું રાજ્ય હોય તેનો પણ ત્યાગ કરે છે. તેથી મારો રાજ્યનો સમ્બન્ધ ગયો એ ઉત્તમ થયું. ૨.કામનાઓ પણ મારે જોઈતી નથી. ૩.માત્ર આપના ચરણની સેવા અને તે સેવા પ્રાપ્ત કરાવનારાં જોઈએ છીએ. ધનવાળાને તો ધન હોવાથી તેની ઈચ્છા ન કરતાં આપનાં ચરણની સેવા ઈચ્છે, પણ ગરીબો પાસે ધન ન હોવા છતાં અને તેઓ લૌકિક હોવાથી તેમને ધનની જરૂર હોવા છતાં તેઓ આપના ચરણની સેવા જ ઈચ્છે છે. ધન આપવા કોઈ માંડે તો તે નહિ લેતાં, આપના ચરણની સેવા પ્રાપ્ત થવી કઠણ હોવા છતાં તેની જ ઈચ્છા કરે છે. તેઓને આપ ધન પણ આપી શકો. તેઓ મૂર્ખ પણ નથી. છતાં ચરણની સેવા જ માગે છે. આપ ભગવાનને પ્રસન્ન કરી કોણ બીજું માગે? આપ મોક્ષ આપનારા છો અને કામનાઓ આત્માને બન્ધન કરાવે છે, તેથી કામનાઓ કોણ માગે? જ્ઞાન પણ ન માગે, કારણ કે તે કૈવલ્ય (મોક્ષ) પ્રાપ્ત કરાવે. મોક્ષ પણ ન માગે, કારણ કે તે પણ કૈવલ્યરૂપ હોય તો પુરુષાર્થ નથી. આપની પ્રાપ્તિરૂપ હોય તો આપ સાથે ભળી જઈ એકરસ થતાં, જુદા રહી આનન્દનો અનુભવ ન થાય. તેથી પરમાનન્દરૂપ થઈ, પરમાનન્દનો અનુભવ કરાવી શકે તેવી તો આપના ચરણની સેવા જ છે. તેથી એ ઉત્તમ સેવા માગવા હું પ્રથમ આપને શરણ આવું છું. રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ સાથે જ બન્ધન કરાવનારી કામનાઓને સર્વ તરફથી તજી ઉપાધિ વિનાના, ભેદ વિનાના નિરંજન-નિર્ગુણ આપને હું શરણ આવું છું.

**''ચિરમિહ વૃજિનાર્તસ્તપ્યમાનોऽનુતાપૈરવિતૃષષડમિત્રો લબ્ધશાન્તિઃ કથઞ્ચિત્, શરણદ સમુપેતસ્ત્વત્પદાબ્જં પરાત્મન્નભયમમૃતમશોકં પાહિ માપન્નમીશ''.** લાંબા સમયથી હું દુઃખથી પીડાયેલો અને દુઃખેથી બળેલો છું. પહેલા પ્રવાહમાં છ ઈન્દ્રિયો શત્રુ હતી, તેમની પણ તૃષ્ણા હજી મટી નથી, તેથી ભવિષ્યમાં પણ તે દુઃખ દેશે. ઘણી મુસીબતથી હવે મારું અન્તઃકરણ શાંત થયું છે. આપ શરણ આપનારા છો અને હું આપના ચરણને શરણ આવ્યો છું. આપમાં સત્ત્વગુણ નહિ હોવાથી આપ ભયરહિત છો અને તેથી મારું પાલન કરી શકશો. આપને રજોગુણનો સમ્બન્ધ નહિ હોવાથી આપ શુદ્ધ છો અને તમોગુણનો સમ્બન્ધ નહિ હોવાથી શોકરહિત છો. હું શરણે આવેલ છું તેથી પાલન કરવાથી શક્તિવાળા આપ મારું પાલન કરો.''

**શ્રીકૃષ્ણે મુચુકુન્દને આપેલ વરદાનઃ**

સંસાર સાથેના ગાઢ સમ્બન્ધને લીધે દુઃખી થયેલા અને તેનાથી છૂટવાની શક્તિવિનાના મુચુકુન્દે પોતાનું દુઃખ દૂર કરવા ભગવાનની એ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે ભગવાને વિચાર્યું કે આ નકામો સૂઈ રહ્યો હતો. તેથી તેની તપમાં પ્રવૃત્તિ કરાવવા અને મર્યાદાનું રક્ષણ કરવા ભગવાને તેનું માગેલું આપતાં તેને કહ્યું કે ''હે ભાગ્યવાન્ રાજા! તારી મતિ સંસારના ધર્મો વિનાની હોવાથી શુદ્ધ છે અને ભગવાનમાં આસક્તિવાળી હોવાથી ઉત્તમ છે. મેં બધી કામનાઓ તને આપવાનું કહ્યું તે તારો લોભ જાણવા કહેલું. પણ હવે જાણ્યું કે તને લોભ નથી, કારણ કે કામનાઓથી તારી બુદ્ધિ ડગી નહિ. તને મેં લોભમાં

નાખ્યો તે તારું સ્ખલન ન થાય તે માટે જ. ''મેં વિષયો ભોગવ્યા નહિ'' એવા વિચારથી કોઈ વાર તે ભોગવવાની ભગવદીયની ઈચ્છા થાય ત્યારે બીજાએ આપેલા અથવા સ્વાભાવિક વિષયોથી તેનું હિત ન થાય, તેથી હું જ તેને વિષયો આપું છું, એટલે તે વિષયો ભોગવે છે અને તેનું સ્ખલન પણ થતું નથી. મારા એકના જ ભક્તો, જેઓ બીજા માર્ગની ઈચ્છા રાખતા નથી, તેમની બુદ્ધિ મેં પૂરી પાડેલી કામનાઓથી કોઈ સમયે ડગતી નથી. એવી રીતે ભોગ-મોક્ષનો મારા ભગવદીયો એક સાથે અનુભવ કરે છે, બીજા માર્ગમાં એવું નથી. જેઓ ભક્ત નથી પણ પ્રાણાયામ વગેરેથી મનનો નિરોધ કરે છે, તેમનાં મન સૌભરિની (સૌભરિની કથા શ્રીમદ્‌ભાગવતના નવમા સ્કન્ધના છઠ્ઠા અધ્યાયમાં છે.) જેમે કોઈ વાર વંઠે છે, કારણ કે તેમની વાસનાનો નાશ થયેલ હોતો નથી. ભક્તિથી તો વાસનાનો નાશ થાય છે. તારી વાસનાનો પણ નાશ થયો નથી તેથી તું મારામાં મન રાખી, જગતમાં મારી લીલા કેવી છે તે જોવાની ઈચ્છાથી પૃથ્વી ઉપર ઈચ્છા પ્રમાણે ફર. તને ભક્તિનું દાન કરવાની જરૂર નથી, કારણ કે તારામાં કુદરતી જ ભક્તિ છે. ભક્તિ કુદરતથી જ શ્રેષ્ઠ પણ છે. કોઈ દેશ અથવા કાલમાં તેનો નાશ થવાનો નથી મેં તને પહેલાં જ તેવી ભક્તિ આપેલી છે. હું તને સાયુજ્ય આપતો નથી, કારણ કે ક્ષત્રિયોના ધર્મ ઘોર છે. યુદ્ધમાં તે ભાઈને પણ હણે છે અને પાપ વધે ત્યારે નાસતા પ્રાણીઓને પણ હણે છે. તે ધર્મ પ્રમાણે તેં મૃગયા કરતાં, જાળ વગેરેથી ભ્રમ કરાવી ઘણાં પ્રાણીઓને હણેલા છે. તેથી ઈન્દ્રિયોને વશ રાખી તે પાપનો નાશ કર. તપમાં પણ પોતાને તેમજ બીજાને પીડા કરવાની હોવાથી પાપ છે, છતાં મારો જ આશ્રય રાખી તું તપ કરીશ તો તારા હૃદયમાં રહેલા મને ક્લેશ નહિ થાય એટલે તને તપથી દોષ નહિ થાય. આ પછીના જન્મમાં તું ઉત્તમ બ્રાહ્મણના કુલમાં જન્મીશ અને પ્રાણીમાત્રનો મિત્ર થઈશ. કર્મમાં તારી આસક્તિ નહિ રહે એટલે તું મને એકને જ પ્રાપ્ત કરીશ. પુરુષમાં અથવા લીલાવાળા કાલરૂપમાં તારો લય નહિ થાય. તેમાં લય થાય તો એ સ્વરૂપ લીલામાટે પાછું આવે ત્યારે તારે પણ જગતમાં પાછું આવવાનું થાય; પણ હું પરુષોત્તમમાં જ તારો લય થશે એટલે તારે પાછા આવવાનું નહિ થાય.''

મુચુકુન્દને પ્રમાણમાં ઘણી શ્રદ્ધા હોવાથી ભગવાને તેને પુષ્ટિમાર્ગમાં ન મૂક્યો. મર્યાદામાર્ગમાં બ્રાહ્મણની જ મુક્તિ થાય છે અને તે પણ કૈવલ્ય મુક્તિ જ થાય છે. તેથી મુક્તિમાટે બ્રાહ્મણનો બીજો જન્મ કરાવ્યો અને ''જેઓ મને જે પ્રકારે ભજે છે તેમને હું પણ તે જ પ્રકારે ભજું છું.'' એ વાક્ય પ્રમાણે તેને કૈવલ્ય મુક્તિ જ આપી.

**મુચુકુન્દનો ત્યારપછીનો વૃત્તાન્તઃ**

ઈક્ષ્વાકુ ભગવાનનો ભક્ત હોવાથી તેના વંશજ મુચુકુન્દ ઉપર ભગવાને કૃપા કરી, તેથી તેને ભગવાનના વચનમાં શ્રદ્ધા થઈ. તેણે ભગવાનની પરિક્રમા કરી નમન કર્યું અને તપ કરવા ગુફાના મુખમાંથી બહાર નીકળ્યો. તે સત્યયુગમાં સૂતો હતો અને ઉઠ્યો ત્યારે કલિની પ્રવૃત્તિ થઈ હતી, કારણ કે જે દિવસે ભગવાન મથુરા તજી ત્યાંથી નીકળ્યા તે દિવસથી જ કલિની પ્રવૃત્તિ થઈ. ''મારા પચીસમા વર્ષમાં કલિ આવશે'' એવો નિશ્ચય કરી,

ભરતખંડ તજી ભગવાને સમુદ્રમાં દ્વારકા બનાવી અને ત્યાં પધાર્યા ત્યારે ભરતખંડમાં કલિ આવ્યો. તેથી મનુષ્યો, પશુઓ, લતાઓ અને વનસ્પતિઓનાં કદ નાનાં થઈ ગયેલાં તેણે જોયાં અને કલિયુગ આવ્યો છે એમ જાણી તે ઉત્તરમાં ગયો. તેણે સર્વ ઈન્દ્રિયોને વશ કરી, ભગવાનના વચનમાં શ્રદ્ધા રાખી, વિષયોથી મોહ ન પામતાં ધીર થઈ, કોઈને સાથે લીધા વિના સંગરહિત થઈ શ્રીકૃષ્ણમાં મન પરોવ્યું અને ગરુડગંગાના ઉત્તરભાગમાં બદરિકાશ્રમ સુધી ગન્ધમાદન પર્વત છે તે પર્વત ઉપર નર-નારાયણનું ધામ છે ત્યાં બદરિકાશ્રમગયો. ત્યાં તાપ-ટાઢ સહન કરતાં શાંત રહી તેણે તપથી ભગવાનને પ્રસન્ન કર્યા.

ગુફામાંથી ભગવાન મથુરાને યવનોએ ઘેરી હતી ત્યાં પધાર્યા અને તેમના સૈન્યને હણ્યું... એટલામાં ત્રેવીસ અક્ષૌહિણી સૈન્ય સાથે જરાસન્ધ અઢારમી વાર આવી ચઢ્યો. આ વખતે તેને બ્રાહ્મણો તથા શંકર નું વરદાન મળેલું હોવાથી તેના સૈન્યનો વેગ વધારે હતો અને ભગવાન તથા બલભદ્રે મનુષ્યની સ્થિતિ સ્વીકારેલી હોવાથી તેમણે બ્રાહ્મણ અને શંકર ના વચનને આદર આપવો હતો તેથી દ્રવ્ય ઉપાડનારાને તથા દ્રવ્યને પડતું મૂકી, ભય પામેલા ન હોવા છતાં જાણે ઘણો જ ભય પામેલા હોય તેમ, ભૂમિને સુખ થાય તે માટે રથ વગેરે પડતા મૂકી કમલની પાંખડી જેવા ચરણોથી ઝડપથી નાઠા. ચિત્રકૂટના માર્ગે તે બન્ને ઘણા યોજન સુધી નાઠા. જરાસન્ધ ઝડપથી દોડતા રથમાં બેસી રથના સૈન્ય સાથે તેમની પાછળ પડ્યો, કારણ કે તેમની શક્તિને તથા તેઓ બ્રાહ્મણ અને શંકર ના વચનનો આદર કરવા જ ભાગે છે એ વૃત્તાન્તને તે જાણતો ન હતો. પહેલાં પ્રવર્ષણ પર્વતે પોતાની ટાઢ ઉડાડવા શ્રીકૃષ્ણ અને બલભદ્ર ની પ્રાર્થના કરેલી, કારણ કે તેના ઉપર સદા વૃષ્ટિ થતી, સૂર્ય અને અગ્નિનો તેને કદાપિ સમ્બન્ધ જ થતો ન હતો. વાદળાંઓને તે પ્રિય હોવાથી, વાદળાં ત્યાં જ રહેતાં હોવાથી સૂર્યનો તેને સમ્બન્ધ થતો ન હતો અને સદા વૃષ્ટિ થતી હોવાથી અગ્નિનો પણ સમ્બન્ધ થતો ન હતો. તેથી સદા ટાઢમાં રહેવાથી તેણે એવી પ્રાર્થના કરેલી અને શ્રીકૃષ્ણ તથા બલભદ્રે તેની ટાઢ ઉડાડવાનું વરદાન આપેલું. તેથી આ પર્વત સુધી ઘણે દૂર દોડી થાકેલા તે બે આ ઉંચા પર્વત ઉપર ચઢ્યા. ઘણું દોડી થાકેલો કોઈ પર્વત ઉપર ન ચઢે. ઉંચે ચઢતાં તો ન થાકેલો પણ થાકી જાય. સંતાવાના તો તેમને હજારો ઉપાય હતા. વળી પર્વત ઉપર ચઢતાં તો ઉંચે રહેલાને બધા જુએ અને ઉંચા પર્વતપર છૂપા રહી ચઢી પણ કેમ શકાય? તેથી તેમનું આ કાર્ય અદ્‌ભુત જ હતું.

પર્વત ઉપર ચઢતાં કોઈકે તેમને જોયેલ અને પર્વતથી આગળ તેમનાં પગલાં દેખાતાં ન હતાં તેથી પર્વત ઉપર સંતાયા છે એમ જાણી, જરાસન્ધે સત્યસંકલ્પ ભગવાનની ઈચ્છા પ્રમાણે વૃક્ષો કાપી, કાષ્ટની આસપાસ ઘાસ મૂકી અગ્નિ લગાડી. ભગવાન પર્વત ઉપર હોય ત્યાં સુધી અગ્નિ તેને બાળે નહિ, તેથી ભગવાન અને બલભદ્ર તે અગીયાર યોજન ઉંચા પર્વત ઉપરથી પર્વતની ઉંચાણવાળી ભૂમિને ઓળંગી દૂર સપાટ જમીન ઉપર કૂદી પડ્યા અને જરાસન્ધ તથા તેના સેવકો ન જુએ તેમ તે બન્ને દ્વારકાબેટ ગયા. કલિનો પ્રવેશ ન થાય તે માટે જ તે જુદો બેટ બનાવેલો. ભગવાને દ્વારકામાં પ્રવેશ

કર્યો અને જરાસન્ધ પણ દગ્ધિમાં એટલે ઘણા સન્તાપમાં પડ્યો. હું બળી ગયેલો છું એમ તેને જણાવવા લાગ્યું પણ વાસ્તવિક રીતે તે બળ્યો ન હતો. તેને તો ભવિષ્યમાં રાજસૂય યજ્ઞ માટે ભીમ હણશે. અથવા તે બળી જ ગયો, પણ ભવિષ્યમાં પાંડવોને કીર્તિ પ્રાપ્ત થાય તે માટે તે ખોટો (બનાવટી) ભેગો કરી રાખેલો હતો. તે પોતાની સેના લઈને મગધ ગયો. એ પ્રમાણે શ્રીકૃષ્ણે શંકર તથા બ્રાહ્મણો ના વચનનો આદર કર્યો.

**બલભદ્રનો વિવાહ:**

પછી સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા ભગવાને વિવાહ કરવાનો વિચાર કર્યો. પ્રથમ બલભદ્રના વિવાહ રૈવતની પુત્રી રેવતી સાથે થયા. રેવતી સત્ય યુગમાં જન્મેલી હોવાથી બલભદ્રથી ઘણી મોટી હતી. (આ કથા માટે જુઓ શ્રીમદ્ભાગવત ૯।૪।૩૨ થી ૩૬.) તેના પિતા રૈવતે બ્રહ્માની આજ્ઞાથી તેને બલભદ્ર સાથે પરણાવી.

**શ્રીકૃષ્ણનો રુક્મિણી સાથે વિવાહ:**

પછી શ્રીકૃષ્ણ પણ ભીષ્મકની પુત્રી લક્ષ્મીના અંશરૂપ વૈદર્ભીને સ્વયંવરમાં પરણ્યા. આ વિદર્ભ (દર્ભ વિનાની) ભૂમિમાં ઉત્પન્ન થઈ હતી. તેથી કર્મથી ઉત્પન્ન થયેલી ન હતી. વળી ભીષ્મ (ભયાનક) છે સુખ જેનું તેવા પ્રલય કરનાર મહાદેવ ભીષ્મક થઈ અવતરેલ, તેની પુત્રી હતી. જ્યારે ભગવાને રામાવતાર લીધેલ ત્યારે તે સીતા થઈ અવતરેલી અને હમણાં શ્રીકૃષ્ણાવતાર સમયે તે વૈદર્ભી રુક્મિણી થઈ અવતરેલી. તેનો સ્વયંવર કર્યો તેમાં બધા રાજાઓને બોલાવેલા ત્યારે ભગવાનને પણ બોલાવેલા. તેણે ભગવાનને પસંદ કર્યા ત્યારે ભગવાને તેની ઈચ્છાથી તેની સાથે વિવાહ કર્યો. સ્વયંવરમાં પણ તેના ભાઈ રુક્મીએ શિશુપાલ તેને પરણે એવી ગોઠવણ કરેલી. વળી શિશુપાલને મદદ કરવા શાલ્વ, જરાસન્ધ વગેરે આવેલા. તે બધાને હરાવીને જેમ ગરુડ અમૃત હરી ગયો હતો તેમ ભગવાન રુક્મિણીને હરી ગયા. એ પ્રમાણે સ્વયંવરમાં રુક્મિણીએ શ્રીકૃષ્ણને પસંદ કરવાથી અને શાલ્વ, જરાસન્ધ વગેરેએ વિરોધી શિશુપાલનો પક્ષ લેવાથી તે સર્વનો પરાજય કરી ભગવાન રુક્મિણીને હરી ગયેલા.

પહેલાં કોઈ એક તામસ કલ્પમાં ભગવાને રુક્મિણી સાથે રાક્ષસ પ્રકારનો વિવાહ કરેલો. તેની જુની કથા એવી છે કે વિદર્ભનો અધિપતિ ભીષ્મક નામનો પ્રસિદ્ધ રાજા હતો. લક્ષ્મી માયારૂપે અવતરી રુક્મિણી નામની તેની કન્યા થયેલી. ભાઈ વિનાની કન્યા પરણવી નહિ એવો શાસ્ત્રનો નિયમ હોવાથી, અવિદ્યાના પાંચ વિભાગરૂપ પાંચ દેવો તેના પહેલાં અવતરેલા. તે તેના ભાઈઓ કલિના પાંચ પ્રકારના સ્થાનરૂપ હતા. તેમાં સર્વથી મોટો રુક્મી સ્વરૂપાજ્ઞાનરૂપ હતો. માયા જીવમાં જ પ્રસરતી હોવાથી રુક્મીએ તેને શિશુપાલને પરણાવવાનો વિચાર કરેલો. રુક્મિણીએ ઘરે આવતા બ્રાહ્મણો તથા સાધુઓ પાસેથી શ્રીકૃષ્ણના ગુણોનું ગાન સાંભળેલું. તેથી તેણે જાણેલું કે શ્રીકૃષ્ણમાં કન્યા ઈચ્છે તેવું રૂપ, ક્ષત્રિયો ઈચ્છે તેવું વીર્ય, વિદ્યારૂપ યશ, લક્ષ્મી અને શોભા એ પાંચે ગુણ છે અટલે તે શ્રીકૃષ્ણ પોતાને યોગ્ય પતિ હોવાનું માનતી. શ્રીકૃષ્ણ પણ તેને પોતાને યોગ્ય પત્ની

માનતા, કારણ કે સ્ત્રીના ઉત્તમ પાંચ ગુણો તેનામાં હતા. ૧.તે બુદ્ધિવાળી હતી. બુદ્ધિ વિનાની સ્ત્રી હોય તો ઘરનો નાશ થાય. ૨.તેનામાં સ્ત્રીનાં લક્ષણ પણ હતાં. તેવા લક્ષણ વિનાની સામુદ્રશાસ્ત્રના વિરોધવાળી ભાગ્યવિનાની જ હોય. ૩.તે ઉદાર હતી. ઉદારપણું ન હોય તો બધા પુરુષાર્થોનો નાશ કરે. ૪.રૂપ હતું. રૂપ ન હોય તો વિવાહ વ્યર્થ જ થાય. ૫.શીલ પણ હતું. શીલ ન હોય તો અધર્મ ઉત્પન્ન કરે. આ પાંચે ગુણો સદા તેનામાં રહેતા. તેથી તે શ્રીકૃષ્ણના જેવીજ હતી અને તેને તેથીજ પરણવાની ભગવાને ઈચ્છા કરી.

શ્રીકૃષ્ણ પોતે જ ફલરૂપ હોઈ રુક્મિણીના પિતા વગેરે તેને તેમને જ પરણાવવા ઈચ્છતા હતા, પરન્તુ રુક્મી તેમને તેમ ન કરવા દેતાં તેને શિશુપાલને પરણાવવા ઈચ્છતો હતો. તે શ્રીકૃષ્ણનો દ્વેષી, કારણ કે (તે સ્વરૂપાજ્ઞાનરૂપ હોઈ) ભગવાન તેનાં સ્વરૂપનો નાશ કરનારા હોવાથી તેનું હિત કરનારા ન થાય. તેથી શ્રીકૃષ્ણના મુખ્ય શત્રુ શિશુપાલને જ તેણે વર તરીકે પસંદ કર્યો. તે જાણીને શ્યામ કટાક્ષવાળી પરમ સુન્દરી વૈદર્ભી ઘણી દુઃખી થઈ. પછી ઉપાયનો વિચાર કરતાં મિત્રથી જ આ કાર્ય થાય એમ વિચારી, સર્વના મિત્ર બ્રાહ્મણ હોવાથી કોઈ વિશ્વાસપાત્ર બ્રાહ્મણને તેણે સંદેશા સાથે તરત જ શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો. તે દ્વારકા પહોંચ્યો અને પ્રતિહારી તેને સુવર્ણનાં આસન ઉપર બિરાજેલા ભગવાન પાસે લઈ ગયો. બ્રાહ્મણનું હિત કરનાર ભગવાને પોતાનાં આસન ઉપરથી ઉઠી ત્યાં તેને બેસાડ્યો. બ્રાહ્મણને ભોજન સર્વથી વધારે પ્રિય હોય છે. તેથી ભોજન સુધીની સરભરા કરી, થાક ઉતરાવી, લોકોને બોધ આપવા શ્રીહસ્તથી તેનાં ચરણનો સ્પર્શ કરી ભગવાને તેને પૂછ્યું કે ''હે ઉત્તમ બ્રાહ્મણ! પરંપરાથી આવતો શ્રૌત અને સ્માર્ત ધર્મ બરાબર થાય છે? તે ઘણા શ્રમ વિના થાય છે? કારણ કે ઘણા શ્રમથી કરેલો ધર્મ પણ ધર્મ હોતો નથી. તમારું મન સન્તોષથી સદા શુદ્ધ રહે છે? લોકમાં પ્રસિદ્ધ ધન બ્રાહ્મણોનું ધન નથી, પણ સન્તોષ જ બ્રાહ્મણોનું ખરું ધન કામધેનુ છે. બ્રાહ્મણ જો પોતાના ધર્મથી ચલે નહિ અને જે કાંઈ મળી આવે તેનાથી સન્તોષી રહે તો તે સન્તોષ જ તેની બધી કામનાઓ પૂરી પાડે છે. સન્તોષ ન રાખે તો વારંવાર દુઃખી થાય છે, પછી ભલેને ઘણો વૈભવ હોય. કાંઈ ધન ન હોય તો પણ સન્તોષ રાખતો હોય તે દુઃખ પામ્યા વિના સુખે સૂએ છે. નિદ્રા સુખરૂપ છે. સન્તોષીને નિદ્રા આવે છે. અસન્તોષીને રાજ્ય મળે તો પણ નિદ્રા આવતી નથી, કારણ કે અસન્તોષને લીધે ચિન્તા થાય છે અને ચિન્તાને લીધે બધા અવયવોમાં પીડા થાય છે. જેમણે ૧.જ્ઞાનરૂપ આત્મપ્રાપ્તિ કરેલી છે. ૨.જેઓ સદાચારવાળા ૩.પ્રાણીમાત્રના મિત્ર ૪.અહપારવિનાના અને ૫.શાંત બુદ્ધિવાળા છે, તેવા પાંચ ગુણવાળા બ્રાહ્મણો જે ૬.ખાસ કરીને સન્તોષ આપનારા છે તેઓ ભગવાનની તુલ્ય છે. તેમનું હું વ્યવહારમાં ગુરુ તરીકે સન્માન કરું છું અને વારંવાર પ્રણામ કરું છું. હે બ્રાહ્મણ! રાજા તરફથી તો તમો કુશલછો ને? જે રાજા પ્રજાનું પાલન કરી તેને પોતાના દેશમાં સુખી રાખે છે તે મને પ્રિય છે. હવે તમે જે કાર્યે જેની ઈચ્છાથી દુર્ગ ઓળંગીને અહીં આવ્યા તે કાર્ય છૂપું રાખવા યોગ્ય ન હોય તો મને કહો. તમારું કામ હું કરીશ.''

લીલા માટે જ દેહ ધારણ કરનાર પરમેશ્વરે એ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે બ્રાહ્મણે રુક્મિણીના લગ્ન સમ્બન્ધી બધો વૃત્તાન્ત કહ્યો. ભીષ્મક વગેરે શ્રીકૃષ્ણને પરણાવવા ઈચ્છતા હતા, પણ રુક્મી શિશુપાલ સાથે લગ્ન કરાવવા ઈચ્છે છે તે સર્વ કહ્યું અને પછી રુક્મિણીનો સંદેશો કહેવા માંડ્યો–

''આપ એકલા જ સર્વ ભુવનોમાં સુન્દર છો. આપની કાંતિ ઘણી હોવાથી સ્ત્રીઓનું ચિત્ત પોતાની મેળે જ આપ પ્રતિ આકર્ષાય. આપના ગુણો સાંભળવામાં આવતાં કાનના છિદ્રોથી દેહમાં પ્રવેશ કરી તેનો તાપ હરે છે. આપનું રૂપ ચક્ષુવાળાઓને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારું છે. બહારની બે જ ઈન્દ્રિયો આંખ અને કાન અંદરની ઈન્દ્રિય ચિત્તને વશ રાખનાર છે અને આપનું રૂપ તથા આપના ગુણો તે બન્ને ઉપર ઉપકાર કરે છે. તેમાં ગુણો (દેહમાં પ્રવેશ કરી) અંદરના તાપ હરે છે અને રૂપ બહાર સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવે છે. માત્ર શ્રવણ કરતાં જ, કાંઈ પણ અધિક પ્રયાસ વિના, આપના ગુણો પોતે જ દેહમાં પ્રવેશ કરે છે, માત્ર કાનનાં છિદ્રો ખુલ્લાં રાખવાં જોઈએ. પાતાળનાં પોલાણ જેવાં પ્રસિદ્ધ કાનનાં છિદ્રો ખુલ્લા હોય તો આપના ગુણો તેમાં પ્રવેશ કરી અંગોના તાપને હરે.

આપનાં રૂપથી ચક્ષુના ચારે પુરુષાર્થ સિદ્ધ થાય છે. ૧.સૂર્યના જેવી સ્થિતિ થાય તે તેનો મોક્ષ. ૨.રૂપનું પાન થાય તે કામ ૩.રૂપનાં દર્શન થાય તે અર્થ અને ૪.રૂપમાં સ્નાન થાય તે ધર્મ. ચક્ષુવાળાઓને આપનાં રૂપથી ચક્ષુના આ ચાર પુરુષાર્થો પ્રાપ્ત થાય છે. તે પ્રાપ્ત કરવા તેમને પ્રયાસ પણ કરવો પડતો નથી, પરન્તુ અકસ્માત પ્રાપ્ત થયેલા ખજાના જેમે અણધાર્યા પ્રાપ્ત થાય છે. આપનાં ગુણો અને રૂપ અમારી ઈન્દ્રિયો ઉપર આવા ઉપકાર કરનાર હોવાથી, અમારું ચિત્ત પણ એવા લાભ પ્રાપ્ત કરવા આપમાં ચોંટે છે. તેને તેમ કરવામાં અડચણ કરાવનાર લોક અને વેદ છે. નિર્લજ્જ થઈ તે લોકનું ઉલ્લંઘન કરી આપમાં ચોંટે છે. વેદ પણ લોકને અનુસરનારો છે. લોકમાં જે જરાએ નિંદાતું નથી. તે વેદમાં પણ વિરુદ્ધ નથી. આપમાં ચિત્ત રાખનાર કન્યાની લોકમાં નિંદા થાય નહિ, કારણ કે કઈ કન્યા આપને પસંદ ન કરે? સર્વ મોક્ષ ઈચ્છે છે, છતાં સ્ત્રીની જાત ઘણી દુષ્ટ હોવાથી તેમાંથી છૂટવા સ્ત્રીઓ તો તેને ઘણો જ ઈચ્છે છે. તેમાં પણ મોટા કુલની સ્ત્રી બહુ જ બંધાયેલી હોઈ મોક્ષનાં સાધનો કરી ન શકે; તેથી તેનાં ઘરમાં જ જો મોક્ષ આપનાર આપ હો તો જ તેનો મોક્ષ થાય.

વળી ધર્મ અર્થ અને કામ પ્રાપ્ત કરવા પણ આપનું જ ભજન કરવું જોઈએ; કારણ કે કુલ, રૂપ, વય, ઘર, ધન, વિદ્યા અને શીલ એ સાત જેમનાં સરખાં હોય તેમનો જ વિવાહ થઈ શકે અને આપણાં બન્નેનાં તે સરખાં છે. ૧.આપણે બન્ને સોમવંશમાં હોવાથી બન્નેનું કુલ સરખું છે. ૨.આપણે બે એકબીજા માટે જ દેહ ધારણ કરેલ હોવાથી રૂપ પણ સરખું છે. ૩.વય પણ બન્નેના યોગ્ય જ છે. ૪.હું પ્રસિદ્ધ પિતાની પુત્રી છું અને આપ પ્રસિદ્ધ પિતાના પુત્ર છો. તેથી આપણાં ઘર પણ સરખાં છે. ૫.લોકની દષ્ટિએ આપણે

બન્નેનું ધન પણ સરખું છે. ૬.વિદ્યા માતા (લક્ષ્મીરૂપ) છે અને ચિદ્રૂપ (ભગવદ્રૂપ) પણ છે. તેથી વિદ્યામાં પણ આપણે સરખાં છીએ. ૭.મને આપમાં ઘણી શ્રદ્ધા છે અને ''જેની જેનામાં શ્રદ્ધા છે'' એ વાક્ય પ્રમાણે આપણી એકતા છે. તેમજ હું આપને અનુસરનારી હોવાથી આપણું શીલ પણ સરખું છે. સ્વભાવમાં આપ શાંત છો અને હું માયારૂપ હોઈ ઉતાવળી છું, છતાં આપનાં કાર્યને અનુસરીને હું ધૈર્ય રાખીશ. આપણામાં આવું સમાનપણું હોવાથી આપ મારા પતિ થવા યોગ્ય છો. સમાનપણું ન હોય તો દાસી થવાય, પણ તેમ કરવાથી મારા કુલવાળા એટલે મારા ભાઈઓ વગેરેને ખેદ થાય.

વળી કન્યાએ કોક વર પસંદ કરવો જ જોઈએ. આપ નૃસિંહ હોઈ યોગ્ય અને સમર્થ પતિ છો. નર હોવાથી યોગ્ય અને સિંહ હોવાથી સમર્થ પતિ છો. વળી આપ આનન્દ આપનારા છો. તેથી યોગ્યતાનો વિચાર કર્યા વિનાજ આપજ પસંદ કરવા યોગ્ય છો. તેથી હે વ્હાલા! મેં આપને જ પસંદ કર્યા છે. ઘરમાં પણ હું બધાને કહું છું કે 'શ્રીકૃષ્ણ જ મારા પતિ છે' છતાં બલાત્કારથી તેઓ મને બીજાને પરણાવવા પ્રયત્ન કરે છે. પહેલાં પણ સમુદ્રનું મથન કરી અમૃત કાઢ્યું ત્યારે સ્વયંવરમાં મેં આપને જ પતિ પસંદ કરેલા. તેથી મને આપની પત્ની કરો. મેં મારો દેહ અને મારા સમ્બન્ધવાળું બધુંએ આપને સમર્પણ કરેલ છે. તેથી આપ તેનો ઈચ્છા પ્રમાણે ઉપભોગ કરો. હું વીરનો જ ભાગ છું, કારણ કે શૌર્યથી જ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. તેથી જે શૂર હોય તેજ રાજ્ય ભોગવે છે. શિશુપાલ શૂર નહિ હોવાથી ભોગ ન કરી શકે, પણ કાગડા જેમે દૂરથી અભિમાનથી પણ સ્પર્શ કરે તો પછી આપ ભોગ ન કરો અને મારો જન્મ વ્યર્થ જાય. તેને કન્યાદાન થયા પછી આપ હરણ કરો તો પણ તેને મારામાં અભિમાન થાય. આપ સમયસર ન પધારો તો શિયાળની જેમે મને દૈવે તેનો ભાગ મુકરર કરેલો છે એમ માનીને તે મારો મરેલીનો અથવા મરેલા જેવીનો સ્પર્શ કરશે. હું મરણ પામું તેની ચિન્તા નહિ, પણ આપ સિંહને ભક્તે નિવેદન કરેલ પદાર્થનું શિયાળ ભક્ષણ ન કરે તેની ચિન્તા છે. કૂવા વગેરે ખોદાવવા, યજ્ઞ કરવા, પુરુષનો તોલ કરી તેના તોલ જેટલા સુવર્ણનું દાન કરવું, અમુક પદાર્થો તજવાના નિયમ પાળવા, અમુક કાર્ય કરવાનાં વ્રત આચરવાં. દેવો વિપ્રો તથા ગુરુઓ ની પૂજા કરવી, એ બધા મેં કરેલ ધર્મોનો મેં કામના પ્રાપ્ત કરવા ઉપયોગ કર્યો ન હોય અને માત્ર આપને પ્રસન્ન કરવા જ કર્યા હોય તો આપ પોતે પધારી મારો હાથ ગ્રહણ કરો. શિશુપાલ વગેરે આપના વિરોધીઓ અથવા આપ ન પધારતાં મારું મૃત્યુ થાય તો યમ વગેરે મારો હાથ ગ્રહણ ન કરો.

આપ સર્વ જાણો તેમ પધારો તો રુક્મી વગેરે મને કદાચ સંતાડી દે અથવા લગ્ન કર્યા પહેલાં જ શિશુપાલને ત્યાં મોકલી દે. તેથી તેઓ ન જાણે તેમ જ પધારી મને લઈ જાઓ. અહીં વહેલા ન પધારશો. પ્રથમ આપ છૂપા એકલા પધારશો. યાદવોની સેના આપથી છૂટી આવે અને આપ શહેરમાં પધારો ત્યારે સેના સાથે પધારશો જેથી મને ચિન્તા ન થાય. આપ અજીત હોવાથી શિશુપાલ અને જરાસન્ધ ના સૈન્યને હરાવી હાંકી કાઢી જરૂર પડે તો તે માટે બલ કરીને પણ મને પરણો. મારી સાથે રાક્ષસ વિધિથી વિવાહ કરો.

આપને મેં પસંદ કર્યા એટલે ગાન્ધર્વ વિધિના લગ્ન તો થઈ ગયાં છે. મને આપ એમ હરી જશો તો પારકું લીધું નહિ ગણાય, કારણ કે વીર્યરૂપ કિમ્મત આપીને લેવું તે ક્ષત્રિયોનો ધર્મ જ છે. હું અન્તઃપુરમાં રહેનારી છું, છતાં આપ મારા સગાંઓને હણ્યા વિના મને લઈ જઈ શકો એવો ઉત્તમ ઉપાય જણાવું છું.

ક્લેશવાળા ઉપાય તો ઘણા છે પણ તે ન કરતાં હું ગૌરીપૂજન કરવા જાઉં ત્યારે મારું હરણ કરશો. વિવાહના આગલા દિવસે મોટી યાત્રા થાય છે, તે પડતી મૂકાય તેવી નથી. અન્તઃપુરથી કુલદેવીના મન્દિર સુધી જવાનું હોય છે. નવી વહુ થનારી કન્યા રક્ષણ કરવા યોગ્ય હોવા છતાં લોકમાં પ્રસિદ્ધિ થાય તે માટે તે દિવસે પાર્વતીનાં દર્શને જાય છે. પછી બહાર ઉભી રહું ત્યારે ત્યાંથી જ મને હરી જવી; એટલે વિવાહના દિવસે જ દ્વારકામાં આપણા વિવાહ થશે અને લગ્નનું મુહૂર્ત પણ ફરશે નહિ. જો આપ એવી કૃપા નહિ કરો તો ઉત્તમ ફલરૂપ આપને પ્રાપ્ત કરવા હું પ્રાણ તજીશ.

શંકર જેવા મોટા દેવો પણ આપના ચરણકમલની રજથી સ્નાન કરવા ઈચ્છે છે. શંકરને સ્નાન કરવા આપના ચરણકમલની રજ એકલી મળતી નહિ હોવાથી, તે એ રજવાળા આપનાં ચરણ ધોયેલાં જલ (ગંગા)થી તે સ્નાન કરે છે. ઉમા (જેનું પૂજન કરવા જવાનું છે તે)ના પણ તે પતિ છે અને તે (શંકર) પણ આપને જ ઈચ્છે છે. તેથી આપ જ ઉત્તમ ફલ છો. શંકર પોતાના તમોગુણનો નાશ કરવા એ જલથી સ્નાન કરે છે. હું પણ ત્રણ ગુણવાળી માયા હોવાથી અને વળી રુક્મી વગેરે પાંચ કલિના સ્થાનના દેવો સાથે અવતરેલી હોવાથી તમોગુણથી ભરેલી જ છું. તેથી આ તમોગુણ દૂર ન કરું તો આથી પણ વધારે હલકો જન્મ થાય. તેથી મારે પણ તે દૂર કરવા ઉપાય કરવો જોઈએ. આપ મને હરી જાઓ એજ ઉત્તમ ઉપાય છે. તેમ નહિ થાય તો રુક્મી વગેરેનો સમ્બન્ધ જાય તે માટે હું દેહ તજીશ અને સો જન્મ સુધી વ્રતથી દૂબળી થઈ આપનાં ચરણકમલને કદાચ પ્રાપ્ત કરીશ.''

એ પ્રમાણે સંદેશો મોકલી રુક્મિણીએ ભગવાનને જણાવ્યું કે ''મારું ચિત્ત આપમાં ચોંટેલું જ છે. આત્મા આપનો જ છે. ઈન્દ્રિયો અન્તઃકરણ અથવા દેહ બીજાનો થાય તો મારું સર્વસ્વ નાશ પામે. કાન આંખ વગેરે ઈન્દ્રિયો આપમાં આસક્ત હોવાથી મન પણ આપમાં આસક્ત થયું છે અને શરીર પણ આપના ઉપયોગમાં આવે તેમ કરવા આ સંદેશો મોકલ્યો છે.'' આ ગુપ્ત સંદેશો ભગવાનને જણાવી બ્રાહ્મણે ભગવાનને કહ્યું કે ''આ ગુપ્ત સંદેશો ધ્યાનમાં લઈને આપને જે કરવું યોગ્ય લાગે તે કરો અને કહેવું યોગ્ય લાગે તે કહો.''

ભગવાને વૈદર્ભીનો સંદેશો આદરસહિત વિચારપૂર્વક સાંભળ્યો, પછી બ્રાહ્મણ તેનું છૂપું કાર્ય કરનારો હોવાથી તેની સાથે મૈત્રી કરવા ઈચ્છતા હોય તેમ તેમણે પોતાના શ્રીહસ્તથી તેનો હાથ ઝાલ્યો અને ''આ મારી પત્નીનો સમ્બન્ધી છે'' એમ વિચારી હસતાં-હસતાં તેને સન્તોષ થાય તે માટે પોતાના વિચાર જણાવતા કહ્યું કે ''જેમ તેનું ચિત્ત મારામાં છે તેમ મારું ચિત્ત પણ તેનામાં છે. વળી મને રાત્રે તેના ચિન્તનથી નિદ્રા પણ

આવતી નથી. કન્યાદાનરૂપ મારી સાથેનો તેનો વિવાહ રુક્મીએ દ્વેષને લીધે અટકાવ્યો છે તે હું જાણું છું. શિશુપાલના પક્ષના અધમ રાજાઓને હણવાની પણ જરૂર નથી. તેમને યુદ્ધમાં ભગાડીને તે મારામાં આસક્તિવાળી નિર્દોષ કન્યાને હું લઈ આવીશ. આ મને ધર્મમાં ઉપયોગી થશે. જેમ કાષ્ઠના અગ્નિની શિખાનો ઘણો પ્રકાશ હોતો નથી, પણ તે દીવી સાથે જોડાઈ દીવાના આકારવાળી થઈ ઘણી પ્રકાશે છે તેવી રીતે હું તેને પ્રકાશવાળી કરીશ.''

રુક્મિણી પોતાની પત્ની જ છે એવો ભગવાને નિશ્ચય કર્યો હોવાથી તેનું નામ ન લેતાં બ્રાહ્મણને એ રીતે પોતાના વિચાર દર્શાવી, વિવાહમાં નક્ષત્ર જ મુખ્ય હોવાથી લગ્નનું નક્ષત્ર બ્રાહ્મણ પાસેથી જાણી, તે બહુ નજીક હોવાથી દારૂકને રથ તરત જ જોડવા આજ્ઞા આપી. તેણે સૈન્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બહાલક નામના અશ્વોને રથ સાથે જોડ્યાં. ૧.જેટલું કાર્ય સૈન્યથી થાય તેટલું કાર્ય કરનારો સૈન્યરૂપ 'સૈન્ય'. ૨.સીતાને લંકામાંથી લાવતી વખતે વાંદરાના રાજા સુગ્રીવે જેમ કાર્ય કર્યું હતું તેમ કાર્ય કરનારા અને શોભિતી ગરદનવાળો હોઈ કોઈવાર પાછો નહિ ફરનાર 'સુગ્રીવ' ૩.વરસાદ જેમે બધાને ઢાંકી દઈ પડે તેવો 'મેઘપુષ્પ' અને ૪.મેઘની જેમે અથવા બગલા જેમે એક ક્ષણમાં આવે અને જાય તેવો 'બલાહક'. આ ચાર અશ્વોને રથે જોડી અને ભગવાનની સમીપ આવી બે હાથ જોડી દારૂક ઉભો રહ્યો. ભગવાન રથમાં બેઠાં. બ્રાહ્મણને તેમાં બેસાડ્યો અને ઝડપથી જનારા અશ્વોથી એક રાતમાં રસ્તામાં કોઈને ખબર ન પડે તેમ દ્વારકાથી વિદર્ભ પહોંચ્યા, કારણ કે રસ્તામાં કોઈ જાણી રુક્મીને ખબર આપે તો તે બ્રાહ્મણને અથવા રુક્મિણીને દુઃખ દે.

'શિશુ' (બાલક બુદ્ધિ)નું જ પાલન કરે તેવા દુષ્ટ બુદ્ધિવાળા શિશુપાલને પોતાના પુત્ર રુક્મી ઉપરના સ્નેહને લીધે કન્યા આપવા ભીષ્મકે કુંડિનપુરને શણગારાવ્યું. માર્ગ, ચૌટા વગેરે વળાવી તેમાં ચન્દન વગેરેનો છંટકાવ કરાવ્યો. જાત-જાતની ધજા પતાકા અને તોરણો બંધાવ્યાં. સ્ત્રી પુરુષોએ માલાઓ, સુગન્ધી દ્રવ્યો, આભરણો, સ્વચ્છ વસ્ત્રો ધારણ કર્યાં અને મકાનોમાં અગરનો ધૂપ કરાવ્યો. રાજાઓ પિતૃઓ તથા દેવોની પૂજા કરી. વિપ્રોને વસ્ત્રાલંકાર આપી તેમને ભોજન મુખ્યત્વે પ્રિય હોવાથી જમાડ્યા અને વિધિપૂર્વક સ્વસ્તિવાચન કરાવ્યું. કન્યાને સ્નાન કરાવી તેના દાંત રંગાવ્યા, કારણ કે શ્વેત દાંતવાળીને જોવી નહિ, એવો કેટલાક દેશોનો રીવાજ છે. હજી શિશુપાલ વર તરીકે સૂચવેલો જ હતો. વાણીથી પણ દાન પછી કરવાનું હતું, કારણ કે દક્ષિણના વતનીઓમાં વિવાહ પહેલાં તરત જ કન્યા વરને પસંદ કરે એવો રીવાજ હતો. હળદરથી તેના ગાલ ઉપર બે લીંટા કર્યા. આ વિવાહ સમયે જ કરાય છે. તેને તાજું જ એક રેશમી વસ્ત્ર પહેરાવ્યું અને બીજું ઓઢાડ્યું અને ઉત્તમ આભરણો પહેરાવ્યાં. બ્રાહ્મણોએ મન્ત્રદ્રષ્ટા ઋષિઓએ ભગવાન સિવાય બીજો કોઈ તેનો કોઈ પ્રકારે સ્પર્શ કરે નહિ તે માટે વેદના મન્ત્રોથી તેની રક્ષા કરી. પુરોહિતે ગ્રહશાંતિ કરી.

તેવી જ રીતે ચેદિનો રાજા દમઘોષ પોતાના પુત્ર માટે તેનો ઉદય થાય તે માટે સર્વ

કાર્ય કરાવતો હતો. તે માત્ર 'દમ'(શાંતિ)નો 'ઘોષ'(અવાજ) જ કરતો હતો, પણ તેનામાં દમ ન હતો, અથવા તેના નામના પહેલાં બે અક્ષર ઉલટાવતાં તે (દમઘોષ નહિ પણ) મદઘોષ જ હતો. તેવો કાર્ય કરાવે તે સફલ ન જ થાય. પછી તે મદઝરતા હાથીઓ, સુવર્ણની માલાઓવાળા રથો, પાયદળ અને ઘોડેસવાર એમ ચાર અંગવાળા સૈન્ય સાથે કુંડિનપુર આવ્યો. તે વિવાહ કરવા આવ્યો નહતો, પણ યુદ્ધ કરવા જ આવ્યો હતો, કારણ કે વિવાહની સામગ્રી ન લાવતાં યુદ્ધની જ સામગ્રી લાવ્યો. ભીષ્મક તેની સામે આવ્યો અને ઘેર આવેલ પરોણાની પૂજા થાય તેવી તેની પૂજા કરી. તેને વાડી વગેરે બનાવેલ ઉતારો આપ્યો, પણ કુદરતી ઉત્તમ ઉતારો ન આપ્યો. ત્યાં તેના પક્ષના શાલ્વ, જરાસન્ધ, દન્તવક્ત્ર, તેનો ભાઈ વિદૂરથ, મિથ્યા વાસુદેવ પૌણ્ડ્રક વગેરે હજારો રાજાઓ આવ્યા. તેઓ શ્રીકૃષ્ણ અને બલભદ્ર ના દ્વેષી હતા અને શિશુપાલ શત્રુનો શત્રુ હોઈ મિત્ર ગણી તેને કન્યા મળે તે માટે પ્રયાસ કરવા આવ્યા હતા. જો શ્રીકૃષ્ણ બલભદ્ર વગેરે યાદવો સાથે કન્યાને હરી જાય તો બધાએ ભેગાં થઈ તેમની સાથે યુદ્ધ કરશું એવો તેમણે નિશ્ચય કર્યો હતો, કારણ કે એકલા તે કોઈમાં યુદ્ધ કરવાની શક્તિ ન હતી; અને તેથી જ પોતાનાં બધાં સૈન્ય અને વાહનો સાથે આવ્યા હતા. બલભદ્રે આ સાંભળ્યું. શ્રીકૃષ્ણ કન્યાનું હરણ કરવા એકલા ગયેલા હોવાથી યુદ્ધ થશે એમ વિચારી, મોટા સૈન્ય સાથે ઝડપથી કુંડિનપુર ગયા. ભગવાન યુદ્ધમાં જીતશે એવી તો તેમને ખાતરી હતી જ, છતાં લોકની દૃષ્ટિમાં ભાઈ ઉપરનો સ્નેહ દર્શાવવા ગયા.

આ સમય દરમ્યાન રુક્મિણી ભગવાન પધારવાની રાહ જોઈ રહી હતી. તે ભીષ્મક (ભયાનક પુરુષ)ની કન્યા અસ્વતન્ત્ર અને ભોગ માટે યોગ્ય વયવાળી હતી, તેથી ભગવાન પધારતાં પહેલાં તેને શિશુપાલને પરણાવે તો તરત જ તેના સર્વસ્વનો નાશ થાય. તેથી ભગવાન પધારે એવી તેની તીવ્ર ઈચ્છા હતી. તે પધાર્યા નહિ તેમ બ્રાહ્મણ પણ પાછો આવ્યો નહિ તેથી તેને ચિન્તા થવા લાગી. તેણે વિચાર્યું કે ''મારા વિવાહને માત્ર એક રાત જ બાકી છે. કાલે મહાપ્રલય જ થશે. હું મંદ ભાગ્યવાળી છું, કારણ કે ભગવાન હજી પધાર્યા નહિ, બ્રાહ્મણ પણ આવ્યો નહિ. તે આવ્યો હોત તો ભગવાન પધારે છે કે નહિ તે જણાતા ચિન્તા ન થાત. તે મારો સંદેશો લઈ ગયો છે અને સત્યવાદી છે. ભગવાને કાં તો પહેલાં પધારવાનો ઉદ્યમ કર્યો હશે અને તેથી બ્રાહ્મણને પોતાની સાથે લાવવા પાસે રાખ્યો હશે, પણ પાછળથી મારા પૂર્વજન્મનાં કોઈક પાપને લીધે તે પધાર્યા નહિ, એટલે બ્રાહ્મણ પણ તરત આવી ન શક્યો. મારા પતિ તો શ્રીકૃષ્ણ જ છે. બ્રહ્માએ તેમને જ પતિ તરીકે નક્કી કરેલા છે. તે નહિ પધારે તો હરકોઈ પ્રકારે ગાભરી થઈને તેમની પાસે જઈશ. પણ હું દુર્ભાગ્યવાળી છું. બ્રહ્મા મને અનુકૂલ નથી. નહિ તો ભગવાન હમણાં જ પધારત. મહેશ્વર પણ અનુકૂલ નથી. રુદ્રની પત્ની દેવી ગૌરીનું મેં પૂજન કર્યું નથી તેથી તે મારાથી વિમુખ છે. રુદ્ર ગુરુ છે અને ગૌરી ગુરુની પત્ની છે. ગુરુ ઉપદેશ કરે છે અને તેમની શક્તિ (ગૌરી) ભાગ્ય પ્રાપ્ત કરાવે છે.'' એવી ચિન્તામાં કેટલોક સમય વીત્યો ત્યારે અધિક ચિન્તા થતાં તે

વિહ્વલ થઈ અને રુદન આવવા માંડ્યું, ત્યારે જેનું મંગલ કરાયેલું છે તેવી સ્ત્રીએ રુદન કરવું યોગ્ય નહિ હોવાથી તેણે આંસુથી ભરાયલાં નેત્રો બંધ કર્યાં. તેણે કાલ જાણ્યો. હવે ગ્રહ અનુકૂલ છે અને ભગવાન પધારશે જ એમ માન્યું. તેનાં ડાબાં સાથળ ભુજા અને નેત્ર ફરક્યાં. એ ત્રણ ફરકે એ સ્ત્રીઓને શુભ સૂચવનારું છે.

ભગવાને તેજ સમયે તેણે મોકલેલા બ્રાહ્મણને તેની પાસે મોકલ્યો. આ અન્તરંગ ભક્ત હતો, વળી બ્રાહ્મણ હોઈ મિત્ર હતો, વળી સંદેશો લઈ ગયેલો અને ભગવાનનું સખ્ય પણ તેણે પ્રાપ્ત કરેલું. તેથી તેને જોતાં જ દુઃખ દૂર થયું. તે પોતે જ અન્તઃપુરમાં રહેનારી રાજપુત્રીને મળ્યો. ભગવાનનાં ચિન્તનથી તે પણ તેમના આવેશથી દેવી થઈ હતી. તેથી બ્રાહ્મણને આનન્દિત મુખવાળો જોઈ ભગવાને વિવાહ કરવાનું સ્વીકાર્યુ છે એમ અને તેને ધીરે-ધીરે આવતો જોઈ હવે કાંઈ કરવાનું બાકી રહેતું નથી એમ તેણે જાણ્યું. હર્ષને લીધે તે મંદ હસી અને બ્રાહ્મણના અંગોની ચેષ્ટાથી તેણે ઉપર જણાવ્યા પ્રમાણે નિર્ણય કરેલ હોવા છતાં ચોક્કસ નિર્ણય થાય તે માટે તે શું કરી આવ્યો એ પૂછ્યું. ભગવાન અને બલભદ્ર પધાર્યા છે અને તમને તેમની સાથે લઈ જશે એમ પણ જણાવેલું છે એમ તેણે તેને ઉત્તર આપ્યો. રુક્મિણીએ ઈચ્છેલું તે બધું થશે એમ તેણે જાણ્યું. ભગવાન પધાર્યા છે એમ જાણી મનમાં હર્ષ પામી. મોક્ષ આપનાર ભગવાનને પણ લાવી આપનાર બ્રાહ્મણને તે શું આપી શકે? વૈભવની તો બ્રાહ્મણને જરૂર ન હોય. તેથી તેને પ્રિય હોય તેવો આપવા યોગ્ય કંઈ પદાર્થ નહિ હોવાથી તેણે બ્રાહ્મણને નમસ્કાર કર્યા. જ્યાં કાંઈ પણ બદલો વાળી શકાય તેવું ન હોય ત્યાં નમસ્કાર કરવા. ભગવાન બ્રાહ્મણોનું હિત કરનારા હોવાથી તેમનાં પત્ની બ્રાહ્મણોને નમસ્કાર કરે તે યોગ્ય જ છે.

ભગવાન કુંડિનપુર પધાર્યા અને બ્રાહ્મણ અન્તઃપુરમાં ગયો. પછી વિવાહ થતાં પહેલાં કરવા યોગ્ય કાર્ય થવા લાગ્યાં. વિવાહ કરવાની ઈચ્છાવાળા શ્રીકૃષ્ણ અને તે જોવાની ઈચ્છાવાળા બલભદ્ર આવ્યા છે એમ સાંભળી, ભીષ્મક વાજીંત્રોના અવાજ તથા પૂજાની સામગ્રી સાથે તેમના સામે ગયો અને વરનો જેવો આવકાર થાય તેવો આવકાર આપ્યો. વાજીંત્રો તથા વરની પૂજા કરવાના પદાર્થો સાથે સામો ગયો. પછી મધુપર્ક અને રજ વિનાનાં વસ્ત્રો આપ્યાં. લગ્ન પછી વર-કન્યાને ભેટ અપાય તેવી ઈચ્છેલી ભેટો અગાઉથી આપી અને વિવાહની વિધિ પ્રમાણે તેમનું પૂજન કર્યું. પછી જમાઈને અપાય તેવો શોભિત ઉતારો પોતાની સમીપમાં આપ્યો અને સૈન્યને અને જાનૈયાઓ સાથે તેમને જમાડ્યા.

શિશુપાલને તો પરોણા જેવો આવકાર આપેલ અને સાધારણ વાડીમાં બનાવેલો ઉતારો આપેલ. બીજા રાજાઓ આવેલ તેમનો તેમના રૂપ અને વયને યોગ્ય વસ્ત્રોથી તથા સૈન્યના પ્રમાણમાં પોતાનાં ધન પ્રમાણે આવકાર કર્યો. ભગવાનને વરને યોગ્ય આવકાર આપ્યો.

શ્રીકૃષ્ણ પધાર્યા છે એમ સાંભળી વિદર્ભના રહેવાસીઓ આવી તેમનાં દર્શન કરવા લાગ્યા. ભગવાનનાં તેમને ઘેર જઈ દર્શન કરવાં જોઈએ, તો પછી તે પોતાને ઘેર

પધારે ત્યારે તેઓ દર્શન કેમ ન કરે? તેઓ બોલતા કેઃ ''રુક્મિણી આમની જ પત્ની થવા યોગ્ય છે, પછી ભલે તેને ગમે તેને આપે; અને આ શ્રીકૃષ્ણ પણ પુરુષોત્તમ હોવાથી રુક્મિણીના જ પતિ થવા યોગ્ય છે. આપણે જે કાંઈ સત્કર્મ કર્યું હોય તેનાથી ભગવાન પ્રથમ પ્રસન્ન થાઓ અને આપણા ઉપર કૃપા કરી વૈદર્ભીનો પાણિ ગ્રહણ કરો. કારણ કે ધર્મથી અને સ્વરૂપથી ભ્રષ્ટ થયેલ ન હોય તેવો જ પતિ જોઈએ અને ભગવાન 'અચ્યુત' હોઈ ધર્મથી સ્વરૂપથી કે ભોગથી ભ્રષ્ટ થતા નથી.'' પ્રેમથી વશ થયેલ લોકો એમ બોલતા હતા, એટલે ભગવાન રુક્મિણીને હરી જાય તેમાં તેમની પણ સમ્મતિ હતી. તેમની સમ્મતિ હોવાથી રાજપત્ની (રુક્મિણીની માતા)ની પણ સમ્મતિ જણાઈ. લોક પ્રમાણ છે, તેથી તેમનું વચન દૈવી વાણી જેવું છે.

પછી સૈનિકોથી રક્ષાયેલી કન્યા અન્તઃપુરમાં અમ્બિકાના મન્દિરે જવા નીકળી. તે રથમાં જાય તો બીજા રથમાં રહેલાને તેનું હરણ કરવું કઠણ પડે, તેથી પગે ચાલીને જ જવા નીકળી. લોકમાં તે એમ દેખાડતી હતી કે તે ભવાનીની ભક્ત છે, પણ તે તો મુકુન્દના જ ચરણકમલનું ધ્યાન ધરતી હતી. પિતાના ઘરમાં પણ તેને બન્ધન (અન્તઃપુરમાં રહેવાનું) હતું. બીજાને પરણે તો પણ જનાનામાં (બન્ધનમાં) જ રહેવાનું હતું. મુકુન્દ તો મોક્ષ આપનાર હોવાથી તેમની પત્ની થવામાં કાંઈ બન્ધન ન હતું. તેથી ભગવાનને જ પરણવાની તેની તીવ્ર ઈચ્છા હતી. તેણે મૌન ધારણ કર્યું હતું અને સખીઓથી વીંટાઈ, માતાઓ સાથે જતી હતી. કવચવાળા શૂરવીર સૈનિકો આયુધો તૈયાર રાખી તેનું રક્ષણ કરતા હતા. મૃદન વગેરે મંગલ વાજીંત્રો શકુન માટે વાગતાં હતાં. ભવાની માટે જાતજાતના ખાવાના પદાર્થો તથા પૂજાનાં સાધનો સાથે હજારો દાસીઓ તેની સાથે જતી હતી. માલા, વસ્ત્ર તથા આભૂષણવાળી બ્રાહ્મણીઓ, ગાન કરનાર, સ્તુતિ કરનારા ભાટ, ચારણો વગેરે પણ સાથે જતા હતા. તે દેવમન્દિર પહોંચી, હાથ પગ ધોઈ આચમન કર્યું અને શાંતિથી અમ્બિકા પાસે ગઈ. વિધિ જાણનારી વૃદ્ધ બ્રાહ્મણીઓએ તેને ભવ (શંકર) સાથે રહેલી ભવાનીને વન્દન કરાવ્યું. તે જ ક્ષણે ભગવાનની ઈચ્છાથી તેને મન્ત્ર સ્ફુર્યો

**નમસ્યે ત્વાડમ્બિકેડભીક્ષ્ણં સ્વસન્તાનયુતાં શિવમ્,**
**ભૂયાત્ પતિર્મે ભગવાન કૃષ્ણસ્તદનુમોદતામ્**

''હે અમ્બિકા! તારા પોતાના સન્તાનો સહિત તને અને શિવને વારંવાર નમીશ. ભગવાન શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ (અને) તેનું અનુમોદન કરો''. ભગવાન શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ, એવી મન્ત્રમાં જ પ્રાર્થના છે. આનું શિવ અને ભવાની અનુમોદન કરો. અથવા શ્રીકૃષ્ણ જ આનું અનુમોદન કરો; પરન્તુ કોપ ન કરો. બીજા દેવને નમસ્કાર કરું તે અયોગ્ય ન માનો. લોકમાં આનો એવો અર્થ દેખાડ્યો કે મને પતિ મળો અને ભગવાન શ્રીકૃષ્ણ તેનું અનુમોદન કરો. ભગવાન શ્રીકૃષ્ણનું અનુમોદન ન માગે તો મહાદેવ પોતાના જેવાને જ તેનો પતિ કરે અને તેવું લગ્ન અફલ થાય.

જલ, સુગન્ધી પદાર્થો, અક્ષત, ધૂપ, વસ્ત્ર, માલા, પુષ્પ, ભૂષણ, ખાવાના

પદાર્થો, પૂજાની સામગ્રી, દીપમાળા વગેરેથી તેણે આ જ મન્ત્રથી જુદી-જુદી શંકર, ભવાની તથા બ્રાહ્મણીઓની દરેકની પૂજા કરી અને લવણ, માલપૂવાં, તામ્બૂલ, કંઠસૂત્રો, ફલો અને શેરડી દરેક સધવા બ્રાહ્મણીને આપ્યાં. તે સ્ત્રીઓએ તે બધાં તેને આપ્યાં. પતિવાળી સ્ત્રીને જ આ અપાય. તેથી લોકમાં વિવાહ પછી જ કન્યાને દાન અપાય છે, પણ રુક્મિણીને તેમ અપાવાનું નથી. તે માતાએ આપવાનું હોવાથી જેમ રુક્મિણીને મન્ત્ર સ્ફુર્યો તેમ બ્રાહ્મણ સ્ત્રીઓને આ દાન કરવાનું સ્ફૂર્યું અને વિવાહ પહેલાં જ તેમણે તે આપ્યું.

અથવા ભગવાન છૂપા રહીને જ ત્યાં પધારેલા. અને શંકર તથા ભવાનીએ તેમને રુક્મિણી આપી. તેથી આ વિવાહ પછીનું દાન થયું. રુક્મિણીએ આ પદાર્થો બ્રાહ્મણસ્ત્રીઓને આપ્યા અને તેમણે તે તેને આપ્યાં. શેષ એટલે લવણ વગેરેના અંશો પાછા આપ્યા અને આશિષો આપી. એ પ્રમાણે લગ્નની વિધિ થઈ અને કર્મ પુરું થાય તે માટે રુક્મિણીએ તેમને અને દેવીને નમન કર્યું. બ્રાહ્મણ સ્ત્રીઓએ આપેલી શેષ લઈ પોતાની ગાંઠમાં મૂકી. એવી રીતે વિવાહનો બધો વિધિ થયો.

પછી મૌન તજી રુક્મિણીએ સખી સાથે વાતચિત કરી અને ભગવાન પ્રાપ્ત થાય તે માટે અમ્બિકાના મન્દિરમાંથી તરત બહાર નીકળી. સખીઓ વગેરેથી જુદી પડી અને ''ભગવદ્‌ભાવથી બેબાકળી થઈશ તો ભૂમિ દેખાશે નહિ'' એવા વિચારથી માત્ર એક અન્તરન દાસીને રત્નવાળી વીંટીથી શોભતા હાથથી પકડી બહાર નીકળી. લગ્ન સમયે પુરુષો જુએ તેમાં દૂષણ નહિ હોવાથી ત્યાં ભેગા થયેલા રાજાઓએ તેને જોઈ. ભગવાને કંસના અખાડામાં પ્રવેશ કર્યો ત્યારે જુદા-જુદા માણસોને જુદા-જુદા સ્વરૂપથી તેમનાં દર્શન થયેલાં, તેમ આ રાજાઓએ તેને દેવમાયા જેવી જોઈ. ત્યારે તે સોળ લક્ષણવાળી જણાઈ.

ભગવાનના સમ્બન્ધને લીધે તેનામાં અસાધારણ સામર્થ્ય હતું. દેવમાયા જેવી હોઈ વીરોના શૌર્યનો તે નાશ કરતી હતી. વીરોને જ મોહ પમાડનારી સુન્દર કેડવાળી કુંડલોથી શોભતા ગાલોવાળી સોળ વર્ષની શ્યામા હતી. તેણે રત્નજડિત કન્દોરો પહેર્યો હતો. કેશને લીધે તેનાં બન્ને લોચનો ભયવાળાં જણાતાં હતાં, એટલે તેના કેશ સુન્દર હતા અને દૃષ્ટિ ચપલ હતી. તે પવિત્ર મંદ હાસ્ય કરતી હતી એટલે દોષરહિત હતી. બિમ્બના ફલ જેવા નીચલા હોઠની કાંતિથી લાલ દેખાતા તેના દાંત ડોલરની કલી જેવા હતા. રંગનારા પદાર્થ કરતાં હોઠની કાંતિથી થતી આ લાલાશ ઉત્તમ હતી. તે એક પગે ચાલતી હતી. આ સ્ત્રીનું લક્ષણ છે. બે પગે ચાલવું એ પુરુષનું લક્ષણ છે. તે હંસ જેમે ચાલતી હતી. અવાજ કરતી કાંકરીઓવાળા ઝાંઝરના તેજથી શોભતા પગથી તે ચાલતી હતી. તેને જોઈ વીરોને મૂર્ચ્છા આવી. સુષુપ્તિ જેમે મૂર્ચ્છામાં પણ થોડું સુખ હોય છે એ તેમનું પુણ્ય સૂચવનારું છે. વળી તેના લીધે થતા કામથી તેઓ દુઃખી થયા. આ સર્વથી રુક્મિણીની શ્રેષ્ઠતા જણાય છે. તેમની રસદૃષ્ટિ થાય એટલામાં તો તેઓ ભગવાનથી વિમુખ હોવાથી પડી જ ગયા. જરાસન્ધ વગેરે તેઓ રાજ્યના અભિમાનવાળા હતા. રસનો અનુભવ જેનાથી થાય તેવાં

તેમનાં બલ અને ઉત્સાહશક્તિ તથા ચિત્ત રુક્મિણીના ઉદાર હાસ્ય, લજ્જા અને દષ્ટિથી હરાઈ ગયાં. ચિત્ત વિનાના થતાં તેમણે શસ્ત્રો ફેંકી દીધાં અને હાથી રથ તથા અશ્વ જેવા ઉંચા આસને બેઠા હતા ત્યાંથી નીચે પડી ગયા કે જેથી ફરી ઉભા થાય નહિ. ભગવાને જે કરવાનું હતું તે કાર્ય રુક્મિણીએ જ કર્યું. વળી તે રાજા બધા ભાન ભૂલ્યા, એટલે પોતે પડ્યા છે તેનું પણ તેમને ભાન ન રહ્યું. રુક્મિણી તો માત્ર હરિને પોતાની શોભા અર્પણ કરવા દષ્ટિ કરતી હતી, પણ ''તે શોભા અમે ગ્રહણ કરીએ'' એવી અયોગ્ય ઈચ્છા તેમણે કરી, તેથી તે બધાની આવી સ્થિતિ થઈ.

રુક્મિણી તો ભગવાનને શોધતી જ હતી. તે ઝડપથી જાય તો રથમાં બેસવાનો પ્રસંગ આવે, તેથી ભગવાનને પધારવાની રાહ જોતાં, જાણે દૂર ચાલવાથી પગમાં પીડા થઈ રહી હોય એમ જણાવતી ખીલેલી કળીઓ જેવાં પોતાનાં ચરણ ધીરે-ધીરે ચલાવતી હતી. ડાબા હાથના નખથી આંખ ઉપર આવેલા કેશ દૂર કરતાં ભગવાનને શોધવા તે રાજાઓને જોતી હતી, એટલામાં તેને ભગવાનનાં દર્શન થયાં. તેણે પહેલાં ભગવાનને ચિત્રમાં અને સ્વપ્નમાં જોયેલા અને ભગવાન અચ્યુત હોવાથી બધે તેમનું સ્વરૂપ એક જ હોવાથી તેણે તેમને ઓળખ્યા, એટલે તેની દષ્ટિ ત્યાં જ થંભી ગઈ અને તેમનાં દર્શન કરતી તે ત્યાં ઉભી જ રહી.

મર્યાદા સાચવવા પૂજા પૂરી થયા પછી જ હું રુક્મિણીને લઈ જઈશ એવા વિચારથી ભગવાન તે અમ્બિકાના મન્દિરમાં ગઈ ત્યારથી ત્યાં શાંત ઉભા હતા. હવે જ્યારે બધાએ તેને રથમાં બેસાડવા માંડી, જ્યારે રથ ઉપર ચઢવાની તેની ઈચ્છા થઈ, ત્યારે આત્મનિવેદન કરેલી તે રાજકન્યાનું ભગવાને પોતાના દ્વેષીઓના દેખતાં હરણ કરવા હાથથી પકડી ઉપાડી લીધી. કારણ કે જો તે રથ ઉપર ચઢી જાય તો સારથિ વગેરેને હણવા પડે. કન્યા માટે આવેલા રથને પડતો મૂકી ગરુડના ચિહ્નવાળા પોતાના રથમાં બેસાડી. તે પ્રસંગે આસપાસ કુંડાળાના આકારે રાજાઓ ઉભા હતા, તે બધાને હરાવી ભગવાન તેને લઈ ગયા. ત્યાં કોઈને પણ ભગવાને હણ્યા નહિ, કારણ કે કન્યાનું રક્ષણ કરનારાને હણે તો અમંગલ થાય. ભગવાન પોતાની ઈચ્છેલી જગ્યાએ કેટલેક દૂર ધીરે-ધીરે ગયા. અમુક સિવાય બધા નગરવાસીઓ ત્યાં આવેલા, તેમણે માન્યું કે લોકની વાતચીત થતી હતી તેમ રુક્મિણી ભગવાનને આપેલી હોવાથી તે તેને લઈ જાય છે. તેઓ આદરપૂર્વક ભગવાનના દર્શન કરતાજ રહ્યા. ભગવાન ત્યાંથી ધીરે-ધીરે ગયા, સાસરાની રજા વગેરે માટે રોકાયા નહિ, કારણ કે ત્યાં દુષ્ટ ચિત્તવાળા શિયાળ જેવા રાજાઓ હતા અને તેમની મધ્યે પોતાનો ભાગ રાખવો યોગ્ય નહિ. જેમ શિયાળોની વચ્ચેથી સિંહ પોતાનો ભાગ લઈ જાય તેમ ભગવાન રુક્મિણીને રાજાઓ વચ્ચેથી લઈ ગયા.

રાજાઓ તો પોતાનું અભિમાન સાંચવવા જ આવેલા. તેઓનો તિરસ્કાર થયો અને તેમના યશનો નાશ થયો. ભગવાન પરણીને રુક્મિણીને લઈ જાય તો પણ તેઓ સહન ન કરે, તો પછી બળથી લઈ જાય તે તો કેમ જ સહન કરે? તેઓ જરાસન્ધના તાબાના

હોવાથી અને જરાસન્ધે પહેલાં ભગવાન ઉપર વિજય મેળવેલો હોવાથી તેઓ યશનો નાશ સહન કરી શક્યા નહિ. અભિમાનવાળા હોવાથી પોતાનો પરાજય સહન કરી શક્યા નહિ. અભિમાની રાજાઓએ કહ્યું કે ''આપણ ધનુષ્યધારીઓના યશને ધિક્કાર છે.'' જરાસન્ધ વગેરેએ કહ્યું કે ''જેમ સિંહનો ભોગ મૃગો લઈ જાય તેમ ગોવાળીયાઓ આપણો ભાગ હરી ગયા. સિંહ ગાયનું ભક્ષણ કરે છે અને ગોવાળીયાઓ તેનું પાલન કરે છે. એટલે તેમણે કર્યું તે યોગ્ય જ છે, પણ આ ઘણું આશ્ચર્યકારક છે.'' એમ તેમણે યાદવોની પ્રશંસા કરી અને પોતાને સિંહ જણાવી પોતાનું પુરુષાતન જણાવ્યું.

પછી પોતાથી બની શકે તેટલું પુરુષાતન દર્શાવવા બધા રાજાઓ ભેગા થયા. ભગવાનના યોદ્ધાઓ થોડા હતા અને ભગવાન રુક્મિણીનું રક્ષણ કરવામાં રોકાશે એવા વિચારથી ઘણો ક્રોધ કરી, રથ વગેરે વાહનોમાં બેસી કવચ પહેરી પોતપોતાનાં સૈન્યથી વીંટાઈ, ધનુષ્ય પકડી તેઓ ભગવાનના યોદ્ધાઓ પાછળ પડ્યા. તેમને સર્વ તરફથી ધસી આવતા જોઈ યાદવોના સેનાપતિઓ પોતાના ધનુષ્યોનો ટંકાર કરી તેમની સામા ઉભા રહ્યા. ત્યારે જેમ મેઘો પર્વતો ઉપર જલ વરસાવે તેમ જરાસન્ધ વગેરેએ ઘોડાઓની પીઠ, હાથીઓની કાંધ તથા રથના વચલા ભાગ ઉપર બાણોની વૃષ્ટિ કરી. સાધારણ મેઘો જલની વૃષ્ટિ કરે તેથી પર્વતોને કાંઈ પીડા થાય નહિ, તેમ તેમના બાણોથી યાદવોને કાંઈ પણ હાનિ થઈ નહિ. રુક્મિણી બાણોની વૃષ્ટિ જોઈ ભય પામી અને ભયથી વિહ્વલ થયેલાં લોચનથી તેણે લજ્જાથી ભગવાનનું મુખ જોયું. ત્યારે કાળ પોતે જ પોતાના સમ્બન્ધીઓના વધની ઈચ્છા કરે છે એવા વિચારથી ભગવાન હસ્યા. ભગવાન ભક્તો માટે જ સર્વ કરે છે એમ દર્શાવવા ભગવાને તેનો ભય દૂર કરતાં તેને કહ્યું કે ''તું ભય ન પામ. ભગવદીયોને ભય હોતો નથી એ સર્વત્ર પ્રસિદ્ધ છે. તારું સૈન્ય શત્રુઓનાં સૈન્યનો હમણાં જ નાશ કરશે.'' ભગવાને તેને પોતાની માની, યાદવોનાં સૈન્યને 'તારું સૈન્ય' કહ્યું. ભગવાનનું એ વાક્ય જ સૈન્યને યુદ્ધ કરવાની આજ્ઞારૂપ થયું, એટલે ગદ, સંકર્ષણ વગેરે યાદવ વીરોએ શત્રુના બાણની વૃષ્ટિ સહન ન કરતાં તેમના હાથી રથ અને ઘોડાને તેમના સવારો સાથે હણવા માંડ્યા. રથમાં અને ઘોડા તથા હાથી ઉપર બેઠેલાઓનાં અસંખ્ય માથાં તેમનાં કુંડલ મુકુટ અને પાઘડીઓ સાથે ભૂમિ ઉપર પડવા લાગ્યાં. તલવારથી યુદ્ધ થાય તેમાં એવું બને, પણ બાણયુદ્ધમાં પણ માથાં કપાઈ નીચે પડ્યાં એ આશ્ચર્યકારક બન્યું. તલવાર ગદા અને ધનુષ્યોવાળા હાથ, સાથળ અને પગ, હાથીની સૂંઢો, ખચ્ચરો, હાથી ઘોડા વગેરેના માથાં પણ ભૂમિ ઉપર પડ્યાં. જરાસન્ધ વગેરેની સેના તો માત્ર બાણની વૃષ્ટિ જ કરતી, યાદવો તો તેમને હણવા લાગ્યા; કારણ કે કન્યાને તો તેઓએ લીધી હતી અને માત્ર યુદ્ધમાં જય મેળવવા જ ઈચ્છતા હતા. જરાસન્ધ વગેરે રાજાઓને તો પોતપોતાના દેશનો ભોગ કરવાની ઈચ્છા હતી. તેથી ''મરવાથી શું લાભ?'' એમ વિચારી પીઠ દેખાડી તે કુંડિનપુર પાછા ગયા. જરાસન્ધને તો પલાયન કરવાની ટેવ પડી હતી.

તે બધા શિશુપાલ પાસે આવ્યા. તેનો વિવાહ થયેલો ન હોવા છતાં, રુક્મિણીનું

હરણ થતાં જાણે પોતાનો વિવાહ થયી ગયો હોય અને પોતાની પત્નીનું કોઈ હરણ કરી ગયો હોય તેમ તે દુઃખી થયો અને વિષ વગેરે ખાઈ મરવા ઈચ્છતો હતો. તેની કાંતિ અને ઉત્સાહ જતાં રહ્યાં હતાં. મુખ કરમાઈ ગયું હતું. તેની પાસે આવી રાજાઓએ કહ્યું કે ''તારો વિવાહ ન થયો તેનું દુઃખ ન રાખ; કારણ કે તારું કાંઈ ગયું નથી. વિવાહ થાત તો તારું પ્રિય થાત, પણ દેહ ધારણ કરનારનું પ્રિય થશે કે અપ્રિય તેનો નિશ્ચય થઈ શકતો નથી. જેમ સભામાં વિરુદ્ધ રસ ઉત્પન્ન કરાવનારી કાષ્ઠની પૂતળી મદારીની ઈચ્છા પ્રમાણે નાચે છે, મદારી તેને કાંઈક દેવતાના આકારવાળી કરી નચાવી પોતાનું ગુજરાન ચલાવે છે, તેમ ઈશ્વર પોતાની ક્રીડામાટે સર્વને નચાવે છે. આ લોક ઈશ્વરને જ અધીન રહી સુખ પ્રાપ્ત કરવા અને દુઃખ મટાડવા પ્રયાસ કરે છે. હું જરાસન્ધ શ્રીકૃષ્ણ સાથેના સત્તર યુદ્ધમાં હાર્યો અને ત્રેવીસ અક્ષૌહિણી સૈન્ય વડે એક વાર જીત્યો. ઘણીવાર મારી હાર થયાનું સ્મરણ થાય છે. અને વિધવા પુત્રીઓને જોઉં છું, છતાં હું હાર્યો તેનો શોક અથવા જીત્યો તેનો હર્ષ મને થતો નથી, કારણ કે સર્વનો અધિપતિ કાલ જ જય અથવા પરાજય કરાવે છે. તે પણ દેહનો જ પરાજય કરાવે છે, પણ આત્માનો પરાભવ કરાવતો નથી. હમણાં પણ આપણે વીરોનાં સૈન્યોના સેનાપતિઓ હોવા છતાં થોડી સેનાવાળા યાદવોથી હાર્યા, કારણ કે શ્રીકૃષ્ણ તેમનું રક્ષણ કરે છે. તેથી શ્રીકૃષ્ણ પાસેથી કન્યા પાછી લવાય એવો સમ્ભવ જ નથી. હમણાં કાલ દેવોને હિતકારી હોવાથી યાદવ વૈષ્ણવો જીત્યા. આપણને હિતકારી તામસ અથવા રાજસ કાલ થશે ત્યારે આપણે દૈત્યો અને રાક્ષસો જીતશું, કારણ કે કાલ જ સર્વથી મોટો છે.'' એ પ્રમાણે શિશુપાલને બોધ આપતાં તે પોતાના સેવકો સાથે પોતાનાં નગર ગયો અને જે રાજાઓ હણાયા ન હતા તેઓ પણ પોતાનાં નગર ગયા. એ પ્રમાણે શિશુપાલનું અને રાજાઓનું ચિત્ત રુક્મિણીમાંથી નીકળી ગયું.

રાજાઓએ શિશુપાલને એવો ઉપદેશ આપ્યો ત્યારે રુક્મી પણ ત્યાં હતો, પરન્તુ પોતાની બેનનું હરણ થયું તે તેનાથી સહન ન થયું. જે દુર્બલ હોય તેમની કન્યાનું હરણ થાય. રુક્મી તો પોતાને શૂર માનતો હતો અને શ્રીકૃષ્ણનો દ્વેષી હતો. બીજા કોઈએ હરણ કર્યું હોત તો તે-તે સહન કરત. શ્રીકૃષ્ણ સાથે શત્રુવટ રાખવી હતી, પણ તે બનેવી થાય તો રાખી ન શકાય, તેથી તે શ્રીકૃષ્ણની પાછળ એક અક્ષૌહિણી સેના સાથે ગયો. તેણે યુદ્ધમાટે તૈયારી કરી બધા રાજાઓની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે ''શ્રીકૃષ્ણને હણ્યા વિના અને રુક્મિણીને પાછી લાવ્યા વિના હું કુંડિનપુરમાં પ્રવેશ નહિ કરું'' એમ કહી રથમાં બેસી સારથિને રથ દોડાવવા આજ્ઞા કરી. ભગવાન આદરણીય અને મોટા છે તે-તે જાણતો ન હતો. તે રુક્મિણીને લઈ જતા હતા. તેમને તેણે રોકાવા કહ્યું, એટલે ભગવાન ઉભા રહ્યા. તેણે ત્રણ બાણ ફેંક્યા ત્યારે ભગવાને તેનું ધનુષ્ય કાપી નાખ્યું. અને તેને છ બાણ માર્યાં. તેના રથના દરેક ઘોડાને તથા સારથિને બબ્બે બાણ માર્યાં અને તેની ધજાને ત્રણ બાણ માર્યાં. તેણે બીજું ધનુષ્ય લઈ શ્રીકૃષ્ણ ઉપર પાંચ બાણ નાખ્યા એટલે, શ્રીકૃષ્ણે તે ધનુષ્ય પણ કાપી નાખ્યું. તેણે બીજું ધનુષ્ય લીધું તે અને ત્યાર પછી બીજું લીધું તે પણ શ્રીકૃષ્ણે કાપી

નાખ્યાં. ભોગળ, ભાલું, ત્રિશૂલ, ઢાલ, તલવાર વગેરે જે-જે આયુધો તેણે લીધાં તે ભગવાને કાપી નાખ્યાં. પછી હાથમાં ઢાલ વિના માત્ર તલવાર જ લઈને તે રથમાંથી કૂદી પડ્યો અને જીંદગીની દરકાર રાખ્યા વિના જેમ પતંગીયું અગ્નિમાં પડે તેમ પરમાનન્દ ભગવાન પોતાને હણે તે માટે તેમની પાસે દોડી ગયો. પતંગીયાઓ ''અમે અગ્નિને બૂઝવી નાખશું'' એમ માની અગ્નિમાં પડી પોતે કૃતાર્થ થાય છે, તેવી આણે પણ પ્રવૃત્તિ કરી. તે દોડી આવતો હતો ત્યારે જ ભગવાને બાણોથી તેની તલવાર તથા મ્યાનના તલ-તલ જેટલા કટકા કર્યા અને તેને હણવા માટે તીક્ષ્ણ તલવાર લીધી. આ રુક્મી ભગવાનનો મુખ્ય દ્વેષી હતો અને (તે સ્વરૂપાજ્ઞાનરૂપ હોવાથી) તેને હણવાથી જગતમાં સ્વરૂપાજ્ઞાન રહે જ નહિ. તેથી ભગવાને તેને હણવાની તૈયારી કરી. સ્વરૂપાજ્ઞાનનો એ રીતે નાશ થાય તે માયાને હિતકારી ન હોવાથી રુક્મિણી પોતાના ભાઈને હણવાની ભગવાનની તૈયારી જોઈ ''મેં પરાણે ભગવાનને બોલાવી ભાઈને હણાવ્યો એવી લોકમાં મારી અપકીર્તિ થશે'' એવા ભયથી વિહ્વલ થઈ ભગવાનના ચરણમાં પડી અને હરકોઈ કાર્યમાં પતિને પ્રાર્થના કરવા સિવાય પતિવ્રતાને બીજો કાંઈ ઉપાય નહિ હોવાથી તેણે ભગવાનને પ્રાર્થના કરી કે ''આપ વધ શા માટે કરો છો? આપ યોગેશ્વર હોઈ અનેક ઉપાયો જાણો છો. આપ અકળ સ્વરૂપવાળા હોવાથી તે આપને કાંઈ કરી શકવાનો નથી. દેવો અમર છે તેમના પણ આપ દેવ છો, તો તે આપની પાસે આવે તો પણ આપને શું ચિન્તા? આપ જગતના પતિ હોવાથી આપે તેનું પણ રક્ષણ કરવું ઘટે. હમણાં જ આપે વિવાહ કરેલ હોવાથી મારો ભાઈ આપનો સાળો થયો. વિવાહના દિવસે સાળો આદર આપવા યોગ્ય છે. વળી આપની ક્રિયાશક્તિ ઘણી હોવાથી પાછળથી પણ તે આપને કંઈ કરી શકવાનો નથી.'' આ પ્રમાણે વિનન્તી કરતી રુક્મિણીના અંગ દુઃખથી કાંપવા લાગ્યા, શોકને લીધે તેનું મુખ સૂકાવા લાગ્યું અને કંઠ રુંધાવા લાગ્યો. તે વ્યાકુલ થવાથી તેના કેશ અને માલા ખરી પડ્યા અને દીન થઈ તેણે ભગવાનના ચરણ પકડ્યા. તેથી ભગવાન દયા કરી તેને મારતાં અટક્યા. પણ તે રુક્મિણીને લઈ જવા આવ્યો હતો, તેથી ચોરની જેમે તેને કપડાંથી બાંધ્યો. પછી તે દુષ્ટના દાઢી અને કેશ સેવકે ભગવાનની પ્રેરણાથી કોઈ-કોઈ સ્થળે રાખી અને કોઈ-કોઈ સ્થળે મૂંડી તેને કદ્રૂપો કર્યો. પછી તે મરણ સુધી આવો જ રહ્યો. તેને મારી ન નાખતાં, મૂંડાવીને મૂએલો જેવો કર્યો. કુંડિનપુર ન જવાની તો તેણે જ પ્રતિજ્ઞા કરી હતી એટલે સ્થાનમાંથી દૂર થયો તે પણ મરણતુલ્ય સજા થઈ. એટલામાં યાદવોએ શત્રુનાં સૈન્યનો નાશ કર્યો. ભગવાને તેને મૂંડાવ્યો એટલે રુક્મિણીએ માન્યું કે મેં કીધું તેમ ભગવાન તેને બચાવે છે. તેથી તે કાર્ય અટકાવ્યું નહિ. તે આ પ્રસંગે કાંઈ બોલી નહિ, પણ મનમાં જ દુઃખી થઈ. રુક્મીને મૂંડી મરણતુલ્ય સજા કરી તેથી તેનું ચિત્ત પણ રુક્મિણીમાંથી નીકળી ગયું.

રુક્મિણી મુંડન અટકાવવા કાંઈ બોલી નહિ, પરન્તુ ભગવાનનું તે કાર્ય તેને ગમ્યું નહિ અને મનમાં તે દુઃખી થઈ. ભગવાનના કાર્યનું અનુમોદન ન કરનાર પોતે જ પોતાનો શત્રુ છે. તેથી યાદવો શત્રુનો નાશ કરી ભગવાન પાસે આવ્યા ત્યારે રુક્મીને તેવો બંધાયેલો

અને મૂંડેલો મૂએલા જેવો જોઈ, દયાળુ બલભદ્રે તેને છૂટો કરી, રુક્મિણીનું દુઃખ તથા દોષ ટાળવા શ્રીકૃષ્ણને કહ્યું કે ''હે કૃષ્ણ! આપે આ કર્યું તે અમારાથી જ થયું, કારણ કે આ નિંદા યોગ્ય છે, તે આપ સ્વામીનું કાર્ય ન હોય. આ રુક્મી આને યોગ્ય જ છે, પણ તે આપણી નિંદા કરાવે તેવું હોવાથી આપણે કરવું યોગ્ય નથી. દાઢી અને કેશ મૂણ્ડવા એ વધ જેવું જ છે અને આપણે સમ્બન્ધીનો વધ કરીએ તે યોગ્ય નહિ. હે પવિત્ર રુક્મિણી! પતિએ કરેલું માન્ય રાખવું એ પતિવ્રતાનો ધર્મ છે. ભાઈ કદ્રૂપો થયો તેની ચિન્તાથી અમને દોષ ન દેશો. જરાસન્ધને મૂકી દીધો અને રુક્મીને જ કદ્રૂપો કર્યો એ ખરું, પણ પુરુષને પોતાનાં કર્મ પ્રમાણે જ સુખ દુઃખ પ્રાપ્ત થાય છે''.

એ પ્રમાણે રુક્મિણીને દિલાસો આપ્યો અને રુક્મી પાસે હોઈ સાંભળતો હોવાથી કર્મમાર્ગ પ્રમાણે બોધ આપ્યો. તેમ કરવા છતાં રુક્મિણીના મનમાં એમ જ હતું કે આ બલભદ્ર કર્મ પ્રમાણે જ માણસને ફલ મળે છે એમ જણાવી અમારો જ અપરાધ ગણે છે, પોતાનો અપરાધ ગણતા નથી. તેથી ફરીથી તેને બોધ આપવા ભગવાનને ઠપકો આપતાં બલભદ્રે કહ્યું ''બંધુ વધ કરવા યોગ્ય દોષ કરે તો પણ બંધુએ તેનો વધ કરવો યોગ્ય નથી. તેણે દોષ કરી પોતાનો ધર્મ ગૂમાવ્યો, પણ તે કારણથી આપણે આપણો ધર્મ ગૂમાવવો ન જોઈએ. આપણે તેનો વધ કરીએ તો તેના જેવાજ થઈએ. તે પોતાના દોષથી જ હણાયો, તેથી તેને ફરી આપણે શા માટે હણવો? લોકન્યાય પ્રમાણે પણ તેનો વધ કરવો યોગ્ય નથી. ભાઈ-ભાઈને પણ હણે એવો ક્ષત્રિયોનો ઘોર ધર્મ પ્રજાપતિએ કરેલો છે.

ધર્મ ત્રણ પ્રકારના છે. શાંત, ઘોર અને મૂઢ. શાંત ધર્મ બ્રાહ્મણોમાં મૂક્યો, ઘોર ક્ષત્રિયોમાં અને મૂઢ વૈશ્ય તથા શૂદ્ર માં. ઘોર ધર્મથી ઘોર તમસ્-ભયાનક અજ્ઞાન જ પ્રાપ્ત થાય છે. રુક્મી બહુ અસભ્ય બોલતો હશે, પણ તેવાં વચન પણ લક્ષ્મીના મદથી અંધ થયેલામાટે પ્રજાપતિએ જ મુકરર કરેલાં છે. ૧.જો કોઈનું રાજ્ય બીજાએ લઈ લીધું હોય તો જેનું રાજ્ય ગયું તે મરવા માટે શત્રુઓનું અપમાન કરે, કારણ કે રાજ્ય જતાં જીવન નિરર્થક થાય છે તેમજ ૨.લક્ષ્મીના મદથી અંધ થયેલા પણ બીજાનું અપમાન કરે છે. તેવી જ રીતે ૩.રાજ્યના એક ભાગરૂપ ભૂમિ ૪.ધન ૫.સ્ત્રી તથા ૬.તેજ માટે અને એવા બીજાં પ્રયોજનથી અભિમાનવાળા બીજાઓનું અપમાન કરે છે. તે માટે તેમને હણવા યોગ્ય નથી. દુષ્ટ હૃદયવાળાનું આપ સદા અક્ષય અભદ્ર વિચારો છો અને સારા હૃદયવાળાનું ભદ્ર વિચારો છો એ આપની બુદ્ધિ પક્ષપાતવાળી છે.''

**બલભદ્રે રુક્મિણીને કરેલ બોધઃ**

એ પ્રમાણે ભગવાનને ઠપકો આપતાં, તેટલાથી પણ રુક્મિણીને સન્તોષ થયો નથી એમ જોઈ, તેને જ્ઞાનમાર્ગ પ્રમાણે બોધ આપતાં બલભદ્રે કહ્યું કે ''આ મારો શત્રુ, આ મિત્ર, આ ઉદાસીન એવો મોહ દેવમાયાએ દેહને આત્મા માનનારા માણસોમાટે કરેલો છે. પશુઓ વગેરેમાં તેવો મોહ હોતો નથી. માણસો દેવની માયાને તરી શકતા નથી, તો પછી પુરુષોત્તમની માયાને તો કેમ જ તરી શકે? તે માયાથી મોહ પામેલા દેહને જ આત્મા માને

છે. જ્યારે માયાથી દેહ જ આત્મા છે એવી બુદ્ધિ દઢ થાય છે ત્યારે જ 'આ મિત્ર, આ શત્રુ, આ ઉદાસીન' એમ માનવાના દોષ થાય છે. આ દોષ જ છે, કારણ કે બધાએ દેહીઓમાં આત્મા એક જ છે. જેમ મૂર્ખાઓ ઘાસના અગ્નિ અને પાંદડાના અગ્નિરૂપ તેજને જુદાં-જુદાં જુએ છે, ઘટમાં રહેલા આકાશને અને મકાનમાં રહેલા આકાશને જુદાં-જુદાં જુએ છે, તેમ જુદા-જુદા દેહમાં રહેલા આત્માને જુદો-જુદો જુએ છે. દેહ આત્માથી જુદો જ છે. ૧.તેને આદિ અને અન્ત છે, કારણ કે તે જન્મે છે અને મરે છે અને આત્મા તો નિત્ય છે. ૨.દેહમાં આધિભૌતિક દ્રવ્ય (મહાભૂતો), આધ્યાત્મિક પ્રાણ અને આધિદૈવિક ગુણો છે. ૩.દેહ આત્મામાં અવિદ્યાએ કલ્પેલો છે. ૪.આત્મા આધાર છે અને દેહ તેના આધારવાળો છે. ૫.દેહની અંદર માત્ર અભિમાન રાખવાથી તે આત્માને સંસારમાં નાખે છે—એવા દેહ અને આત્મા માં ભેદો છે. જન્મ વગેરે વિકારો દેહમાં જ થાય છે, આત્મામાં થતા નથી. જેમ ચન્દ્રની કલાઓ વધે છે તથા ઘટે છે, પણ ચન્દ્ર વધતો અથવા ઘટતો નથી, તેમ જન્મ વગેરે વિકારો દેહમાં થાય છે, આત્મામાં થતા નથી. જેમ અમાવાસ્યાને દિવસે ચન્દ્ર દેખાતો નથી, પણ તેનું મૃત્યુ થતું નથી, તેમ મરણ થાય ત્યારે આત્મા દેખાતો નથી, છતાં તેનું મૃત્યું થતું નથી. જ્યારે માણસને સ્વપ્ન થાય છે ત્યારે તે માલા-ચન્દન વગેરે વિષયોનું સુખ સ્વપ્નમાં અનુભવે છે, પણ આ પદાર્થો હોતા જ નથી, તેવી રીતે અજ્ઞાની સંસાર પ્રાપ્ત કરે છે. સ્વપ્નવાળાની નિદ્રા જેવું અજ્ઞાન છે. તેથી અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા, અંતઃકરણમાં દુઃખ-મોહ કરનારા શોકને તું તજીદે, સ્વસ્થ થા.''

અહીં બલભદ્રે રુક્મિણીને અસુર રુક્મીની હાજરીને લીધે સ્માર્ત મતનો ઉપદેશ કરેલો છે, બ્રહ્મવાદ કહેલો નથી. રુક્મિણી સુન્દરી વિષયમાં આસક્તિવાળી હતી, બલભદ્ર પણ સાધનમાં મચ્યા રહેનારા હતા. ભગવાન પોતાના સિદ્ધાન્તથી વિરુદ્ધ વર્તનવાળાને ભાગવત સિદ્ધાન્ત જણાવતા નથી. તેથી બલભદ્રે રુક્મિણીને જ્ઞાનમાર્ગ પ્રમાણે જ બોધ કર્યો. ભગવાનની હાજરી હોવાથી આ બોધ તેને ફળ્યો. તેણે શોકનો ત્યાગ કર્યો એટલે ભગવાનનો દોષ તે માનતી હતી, તે તેની બુદ્ધિ મટી ગઈ અને મનની વ્યાકુલતા પણ જતી રહી. રુક્મિણીના પણ દોષ ગયા.

રુક્મીના આ સમયે માત્ર પ્રાણ જ બાકી રહ્યા હતા. તેનાં બલ અને કાંતિ નો નાશ થયો હતો. તેનો મનોરથ નિષ્ફલ થયો હતો. તેને મૂકી દીધો એટલે તેને કદ્રૂપો બનાવેલો તેનું તે સ્મરણ કરતો રહ્યો. તેણે કુંડિનપુરમાં પાછા ન ફરવાની પ્રતિજ્ઞા કરેલી. આ પ્રતિજ્ઞા દુષ્ટ હતી અને તેથી તે ન પાલવાથી તેને કાંઈ દોષ ન થાત. છતાં તેની બુદ્ધિ દુષ્ટ હોવાથી તેણે પોતાને રહેવા માટે જ્યાં તેને મૂંડેલો ત્યાંજ 'ભોજકટ' નામનું મોટું શહેર વસાવ્યું અને રોષને લીધે ત્યાં જ રહેવા લાગ્યો. ભોજો મરેલાનું કાપડ લેનારા હલકી જાતના લોક છે, તેમનું 'કટ' એટલે શ્મશાન. મરણ સુધી ત્યાંજ રહેવાના વિચારથી તે શહેરનું તેણે એવું નામ પાડ્યું.

રુક્મિણીમાંથી શિશુપાલ વગેરે રાજાઓનું તથા રુક્મીનું ચિત્ત નીકળી ગયું અને

રુક્મિણીના દોષ પણ ગયા, એટલે તે સમ્પૂર્ણ રીતે દોષ વિનાની થઈ, ત્યાર પછી ભગવાને તેને દ્વારકા લઈ જઈ તેની સાથે વિધિ પ્રમાણે વિવાહ કર્યો, કારણ કે ''યાવન્ નિવર્તતે ચિત્તં તદીયાનાં સ્વભાવતઃ, તાવદ્ અન્યસ્ય વિષયો ભગવાંસ્તં ન મન્યતે''. જ્યાં સુધી તે (હરકોઈ પદાર્થ) ના સમ્બન્ધીઓનું ચિત્ત (તે પદાર્થ) પોતાનો હોવાપણામાંથી નીકળી ન જાય ત્યાં સુધી તે પદાર્થ બીજાનો છે, (અને) ભગવાન તેની ગણના કરતા નથી.

ભગવાને વીર્યરૂપ કિંમત આપી તેની સાથે રાક્ષસ વિધિથી વિવાહ કરવા રાજાઓને હરાવ્યા, ગાન્ધર્વ પ્રકારે તેણે પોતાને પસંદ કરેલ હોવા છતાં તે પ્રકારે તેને સ્વીકારી નહિ અને વિવાહ પણ જનોઈ જેમ ધાર્મિક સંસ્કાર હોવાથી, સર્વની સમ્મતિ થાય તે માટે તેને દ્વારકા લાવી વિધિ પ્રમાણે તેની સાથે લગ્ન કર્યાં.

આ ગાન્ધર્વ, રાક્ષસ અને વિધિ પ્રમાણે કરેલો એવા ત્રણ પ્રકારના વિવાહની કથા વ્યાસની સમાધિભાષાની કથા નથી અને તેથી પ્રમાણ પણ નથી, કારણ કે શ્રીભદ્ભાગવતમાં સમાધિભાષા જ પ્રમાણ છે. આ કથા પ્રમાણે ભગવાનમાં ત્રણ દોષ આવે. ૧.ભગવાન કપટથી કુંડિનપુર ગયા અને પોતાને આપેલી નહિ તેવી કન્યાનું તેમણે હરણ કર્યું. ૨.કન્યાના ભાઈ રુક્મીને મૂંડ્યો અને ૩.બલભદ્રે ભગવાનને બોધ આપ્યો. રુક્મિણીમાં પણ આ કથા પ્રમાણે એવો દોષ આવે છે કે પીછાણ વિનાના ભગવાનની શરમ વિના તેણે પ્રાર્થના કરી. આવા દોષવાળો વિવાહ ભક્તિરસરૂપ ન હોય, કારણ કે ભક્તિરસ શૃનાર વગેરે રસોને દાબી દેનારો છે. તેથી સમાધિભાષાનો વિવાહ તો આ કથાના આરંભ પહેલાં જણાવેલો સ્વયંવર વિવાહ જ છે. આ કથા તો તામસ કલ્પની છે. પરિક્ષિતે પૂછી તેથી જ શુકે સાંભળેલી તેવી અથવા યોગના બલથી તામસ કલ્પની કથા જાણીને કહેલી.

ભગવાને પછી સર્વની સમ્મતિથી રુક્મિણી સાથે વિવાહ કર્યો. ત્યારે યાદવોના પતિ શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમવાળા દ્વારકાના લોકોએ ઘેર-ઘેર મોટો ઉત્સવ કર્યો. દક્ષિણના લોકોના રીવાજ પ્રમાણે સ્ત્રીઓ અને પુરુષો આનન્દ પામી વર-કન્યા માટે ભેટો લાવ્યા. ભગવાન ઓચિન્તા કુંડિનપુરથી આવ્યા અને તરત વિવાહ થયો, તેથી ખાસ તે માટે નગરી શણગારેલી ન હોવા છતાં ઉંચા કરેલાં સ્વર્ગ સુધી પહોંચતા ધજાનાં ચિહ્નો, પારિજાત, સુધર્માસભા, કલ્પવૃક્ષ, જુદા-જુદા રંગના પુષ્પો, માલાઓ, વસ્ત્રો તથા રત્ન જડેલાં તોરણો ત્યાં સ્વાભાવિક રીતે જ હોવાથી તે શોભતી હતી. વધારામાં ઘેર-ઘેર મંગલ કરેલાં, તથા ભરેલા કુંભો, અગરના ધૂપ તથા દીપો મૂકેલા. ઘણા પ્રિય રાજાઓને નિમન્ત્રણ કરેલા. તેમના હાથીઓના કુમ્ભસ્થલમાંથી ઝરતા મદથી જ રસ્તાઓમાં છંટકાવ થયેલો. લોકોએ પોતપોતાનાં આંગણાઓમાં છંટકાવ કર્યો. વળી ચારે તરફ રોપેલી કેળ તથા સોપારી નાં વૃક્ષોથી પણ નગરી શોભતી હતી. ૧.કૌરવો અને પાંડવો અથવા ધૃષ્ટદ્યુમ્ન વગેરે પાંચાલો, ૨.કૈકેયો અને વિદર્ભો તથા ૩.યાદવો અને કુન્તિઓને પરસ્પર વૈર હોવા છતાં આ લગ્નના ઉત્સવની દોડધામ કરતાં તેઓ સમ્બન્ધી થઈ આનન્દ પામ્યા. રુક્મિણીહરણની કથા સાંભળી ''એવી રીતે હરણ ક્યા પ્રકારે થયું હશે?'' એવા વિચારથી રાજાઓ અને

''આપણને પણ ભગવાન હરી જશે'' એવા વિચારથી રાજકન્યાઓ આશ્ચર્ય પામ્યાં. લક્ષ્મીરૂપ રુક્મિણી સાથે લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણનાં દર્શન કરીને દ્વારકાના રહેવાસીઓને ઘણો આનન્દ થયો. ભગવાન લક્ષ્મી સાથે સદા જોડાયેલા છે, પણ પહેલાં તેમને એકલા (લક્ષ્મી વિનાના) ભગવાનનાં જ દર્શન થતાં તેથી શહેરના વતનીઓને અધિક આનન્દ ન થતો. હવે તો પૂરેપૂરી શક્તિ (લક્ષ્મી) સાથે ભગવાન દ્વારકામાં પ્રકટ થયા, તેથી તેમને ઘણો જ સન્તોષ થયો.

**કામનો પ્રદ્યુમ્ન તરીકે જન્મ:**

વાસુદેવના અંશરૂપ કામ પહેલાં રુદ્રના ક્રોધથી બળી ગયેલ. વાસુદેવમાં લોકોની ભક્તિ અટકાવવા કામ અને માયા એ બે વાસુદેવના અંશો નીકળેલા. કામ પુરુષો અને માયા સ્ત્રીઓમાં રહી, કોઈ ભક્તિવાળું ન થાય તેવી રીતે સર્વ જગતને મોહ ઉત્પન્ન કરવા લાગ્યા. સર્વને મોહ ઉત્પન્ન કરતાં કામે મહાદેવને મોહ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ કરી. મહાદેવ તો (રુત્) રોગ માત્રનો (દ્રાવયતિ) નાશ કરે તેવા 'રુદ્ર' હોવાથી, કામને પણ રોગ માની તેમણે ક્રોધથી બાળી નાખ્યો. પછી લોકમાં પ્રવૃત્તિ કરનાર કામને અધિષ્ઠાન (દેહ, રહેવાનું સ્થલ) ન રહેવાથી તે શક્તિરહિત થયો. વળી મોક્ષ આપનાર ભગવાનનો પણ અવતાર થયો ન હતો કે તેને મોક્ષ ન થાય તે માટે વિઘ્ન કરવાનું રહે. પછી જ્યારે શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો ત્યારે રુદ્ર બાળે નહિ તેવો અક્ષય દેહ પ્રાપ્ત કરવા તેણે શ્રીકૃષ્ણનો જ આશ્રય કર્યો. ગોપીઓ પહેલાં ઋષિઓ હતી ત્યારે તેણે તેમનામાં પ્રવેશ કરેલો. તે ઋષિઓ જ્યારે ગોપીઓ થઈ ત્યારે તેમની દ્વારા તેણે શ્રીકૃષ્ણમાં પ્રવેશ કર્યો, કારણ કે ગોપીઓ સ્વભાવથી પુરુષરૂપ હોઈ તેમની દ્વારા ઉત્પત્તિ (પોતાનો જન્મ) થાય તેમ ન હતું. જ્યારે શ્રીકૃષ્ણ રુક્મિણીને પરણ્યા ત્યારે શ્રીકૃષ્ણના ક્રિયાશક્તિરૂપ વીર્યમાં ઉત્પન્ન થઈ તે રુક્મિણીથી જન્મ્યો. 'સત્'થી ક્રિયા થાય છે, તેથી ક્રિયાશક્તિ સદ્રૂપ છે. કામ પોતે ચિદ્રૂપ છે. દેહ ધારણ કરવા તેને 'સત્'ની જ જરૂર હતી. વળી રુક્મિણીથી જન્મ્યો તેથી તેના સમ્બન્ધને લીધે તેમાં 'આનન્દ' અંશ પણ હતો. ભગવાનની ઈચ્છા પણ તેને અનુકૂલ હોવાથી તેને ભગવાનના જેવાં જ રૂપથી અક્ષય દેહ પ્રાપ્ત થયો, કારણ કે કોઈ પણ અંશથી તેનો દેહ ભગવાનના દેહથી ન્યૂન ન હતો.

**બાલ પ્રદ્યુમ્નનું હરણ:**

કામનો જન્મ એ પ્રમાણે થયો એટલે નારદે શમ્બરને જણાવ્યું કેઃએ દશ દિવસનો થાય તે પહેલાં તેણે તેને હણવો જોઈએ, કારણ કે દશ દિવસનો થયા પછી ભગવાનના શ્રીહસ્તનો તેને સ્પર્શ થવાથી તે હણી ન શકાય તેવો થશે. શમ્બર કામનો શત્રુ હતો. અને પોતાની ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી શકતો હતો. તેથી બાલક દશ દિવસનો થતા પહેલાં જ તે સ્ત્રીનું રૂપ ધારણ કરી અન્તઃપુરમાં ગયો અને તે બાલકને ઉપાડી જઈ તેણે સમુદ્રમાં નાખી દીધો. સમુદ્રમાં તેને એક બળવાન્ માછલું ગળી ગયું. માછીમારોએ બીજા માછલાંઓ સાથે આ માછલાંને પણ જાળમાં પકડ્યું. તેમણે આ માછલું ભેટ તરીકે

શમ્બરને જ આપ્યું. શમ્બરના રસોઈયા તેને રસોડામાં લઈ ગયા. ત્યાં તેને છરીથી કાપતાં તેના પેટમાંથી બાલક નીકળ્યું, તે તેમણે માયાવતીને સોંપ્યું.

**રતિએ પ્રદ્યુમ્નને ઉછેર્યો:**

આ માયાવતી કામની 'રતિ' નામની યશસ્વિની સ્ત્રી હતી. કામને રુદ્રે બાળ્યો, પણ તે મરણ પામ્યો ન હતો, કારણ કે તે મરણ પામ્યો હોય તો જગતમાં કોઈની ઉત્પત્તિ જ ન થાય. માત્ર તેનો દેહ બળી ગયો હતો, અને ઉપર જણાવ્યું તેમ અક્ષય દેહ પ્રાપ્ત કરવા તે પ્રયાસ કરતો હતો. રતિ પણ તે બીજો દેહ ધારણ કરે તેની રાહ જ જોતી હતી. શમ્બર રતિને લઈ ગયો અને તે માંસરસ રાંધનારાઓની માયાને જાણતી હોવાથી અને તે માયા પ્રાણને હરે તેવી હોવાથી, પોતાના પ્રાણનું રક્ષણ કરવા તેણે તેને માંસવાળો ભાત રાંધવા રાખેલી. તેને રસોઈની અધ્યક્ષ નીમેલી અને તેનામાં માયાએ પ્રવેશ કરેલો હોવાથી તેનું નામ 'માયાવતી' રાખેલું. રસોઈઆએ આ અદ્‌ભુત બાલક તેને સોંપ્યું, ત્યારે તેના મનમાં શંકા થઈ કે વળી આ કોઈક મને કપટથી લઈ જશે. પછી નારદે આવી તેને કહ્યું કે ''આ બાલક કામ છે. તેણે રુક્મિણીથી જન્મ લીધો છે અને શમ્બરે તેને ઉપાડી જઈ સમુદ્રમાં ફેંકેલ, ત્યાં માછલું ગળી ગયું હતું.'' તેથી તે બાલકને કામદેવ જાણી માયાવતી તેના ઉપર પ્રેમ રાખવા લાગી. સાતમા જ વર્ષમાં આ બાલક જુવાન થયો અને સ્ત્રીઓ તેને જોતાં જ મોહ પામવા લાગી. તેનાં ચક્ષુઓ કમલનાં પત્ર જેવા વિશાલ હોઈ કામ જાગ્રત કરતાં હતાં. તેના બાહુઓ આલિંગન કરવાની શક્તિવાળા અને સર્વ અંગોને સુખ આપે તેવા લાંબા હતા. પ્રેમ ઉત્પન્ન કરે તેવો તે નરલોકમાં સુન્દર હોઈ મોહ કરાવતો હતો. તેથી નવીન સંગમના વિચારથી માયાવતીને પ્રથમ લજ્જા થઈ. પછી રસ ઉત્પન્ન થતાં હસવું આવ્યું. પછી ઉંચી કરેલી ભ્રમરથી સંગની ઇચ્છા અને પોતાનું પતિવ્રતાપણું સૂચવતી તે પ્રેમથી કામભાવવાળી થઈ તેને સેવવા લાગી. ભગવાનની ક્રિયાશક્તિ બધી તેમના આ પુત્રમાં હતી પણ જ્ઞાનશક્તિ ન હતી. વળી માયાવતી વ્યવહારમાં તેની મા ગણાતી. તેથી તેણે તેને કહ્યું કે ''હે માતા! તારી બુદ્ધિ બગડી છે. તું માતાપણાંનો ત્યાગ કરી સ્ત્રીની જેમે વર્તે છે.'' માયાવતીને માતા કહી, છતાં તેણે જ્યારે જણાવ્યું કે તમે કામ છો અને હું તમારી પત્ની રતિ છું, ત્યારે પાછી તેને પત્ની તરીકે સ્વીકારી. તેથી જણાઈ આવે છે કે કામ કુદરતથી જ ધર્મથી વિરુદ્ધ છે. તેમ ન હોય તો પ્રદ્યુમ્ન તેને માતા કહી પાછળથી તેની સાથે સંગ ન કરે.

**શમ્બરનો પ્રદ્યુમ્ને કરેલ વધ:**

માયાવતીએ એ પ્રમાણે પ્રદ્યુમ્નને પોતાની ઓળખાણ આપી અને જણાવ્યું કે ''તમે શ્રીકૃષ્ણના પુત્ર છો અને દસ દિવસના થયા પહેલાં જ શમ્બરે તમને ઉપાડી જઈ દરીયામાં નાખેલ અને માછલું તમને ગળી ગયેલું. તેના ઉદરમાંથી તમે નીકળ્યા છો. શમ્બર તમારો પિતા નથી, પણ શત્રુ છે. તે વિષ આપવા વગેરે લૌકિક ઉપાયથી હણી શકાય તેવો નથી. ધર્મયુદ્ધમાં જીતી શકાય તેવો પણ નથી. તે સેંકડો માયાઓ જાણે છે, તેથી મોહ કરનારી માયાઓ વડે તેનો વધ કરો. તમારી માતા તમારા ઉપરના સ્નેહને લીધે જેનું

વાછરડું મરી ગયેલ હોય તેવી ગાયની જેમ દુઃખી થઈ ટીટોડી જેમ શોક કરે છે. તેથી તેનું દુઃખ મટાડવા પણ તમારે શમ્બરને હણવો જોઈએ''. એમ કહીને માયાવતીએ સર્વ માયાઓનો નાશ કરનારી મહામાયા પ્રદ્યુમ્નને શીખવી. સ્ત્રીએ આપેલી વિદ્યા તરત જ ફળે છે. પ્રદ્યુમ્ન પણ મહાત્મા હોવાથી તે વિદ્યા ફળે જ. વળી આ વિદ્યા રતિમાં આવેલી માયા જ હતી અને તેને લીધે જ તે 'માયાવતી' તરીકે પ્રસિદ્ધ થયેલી. માયાની વિદ્યા પ્રાપ્ત કરીને પ્રદ્યુમ્ને શમ્બરને યુદ્ધ કરવા પડકાર્યો. ''હું પ્રદ્યુમ્ન કામ છું, તું મારો શત્રુ હોવાથી હું તને હણીશ'' એમ તિરસ્કાર કરી યુદ્ધ માટે પડકાર્યો ત્યારે પગે કચરાયેલા સર્પની જેમે ક્રોધ પામી શમ્બર હાથમાં માત્ર ગદા લઈ યુદ્ધ કરવા નીકળ્યો. તેણે પ્રદ્યુમ્ન ઉપર ગદા ફેંકી અને વજ્ર પડતાં અવાજ થાય તેવી ભયપર ગર્જના કરી. પ્રદ્યુમ્ને તેની ગદાને પોતાની ગદાથી જ દૂર ફેંકી દીધી અને ગર્જના કરી પોતાની ગદા તેના ઉપર નાખી. શમ્બરે પછી મયે શીખવેલી દૈત્યોની માયાથી આકાશમાં જ રહી પ્રદ્યુમ્ન ઉપર શસ્ત્રોની વૃષ્ટિ કરી. ત્યારે તેથી પીડાયેલ પ્રદ્યુમ્ને સર્વ માયાઓને નાશ કરનારી મહામાયાથી શમ્બર ઉપર શસ્ત્રોની વૃષ્ટિ કરી. પછી શમ્બરે ગુહ્યકો, ગન્ધર્વો, પિશાચો, સર્પો અને રાક્ષસો ની માયાઓનો પ્રયોગ કર્યો અને પ્રદ્યુમ્ને તે બધીનો નાશ કર્યો અને તીક્ષ્ણ તલવાર લઈ શમ્બરનું કુંડલ મુકુટ અને લાલ દાઢી વાળું માથું કાપી નાખ્યું. દેવોએ તેના કાર્યનું અનુમોદન કરી પુષ્પોની તેના ઉપર વૃષ્ટિ કરી.

**રુક્મિણી વગેરેને પ્રદ્યુમ્નની પ્રાપ્તિઃ**

પછી આકાશમાર્ગે રતિ તેને દ્વારકા શ્રીકૃષ્ણના અન્તઃપુરમાં લઈ ગઈ. જેમ વિજળી સાથે વાદળું આવે તેમ તેણે સેંકડો સ્ત્રીઓથી ભરપૂર તે અન્તઃપુરમાં પ્રવેશ કર્યો વાદળાં જેવા શ્યામ, પીતામ્બર પહેરેલા લાંબા બાહુવાળા, ક્રોધ કર્યો હોય તેવાં લાલ નયનવાળા, સુન્દર હાસ્યવાળા, સુન્દર મુખવાળા, કાળા વાંકડા વાળ, મુકુટ-કુંડલ વગેરેથી શોભતા મુખવાળા, શ્રીકૃષ્ણના જેવા જ તેને જોઈ, તેને શ્રીકૃષ્ણ માની સ્ત્રીઓ શરમાઈ, કારણ કે તેઓ સ્વચ્છન્દતાથી ક્રીડા કરતી હતી અને શ્રીકૃષ્ણે તેમને એમ કરતાં જોઈ એમ માની તેઓ શરમાઈ અને જુદે-જુદે સ્થળે સંતાઈ. પછી શ્રીવત્સ તથા કૌસ્તુભ નથી એ જોઈ આ શ્રીકૃષ્ણ નથી, પણ તેમના જેવો જ હોવાથી તેમનો પુત્ર હશે એમ માની આનન્દ પામી, સ્ત્રી (રતિ) સાથે તેને નીરખવા તેની પાસે આવી.

સ્ત્રીઓના સમૂહમાં શ્યામ કટાક્ષવાળી મધુર બોલનારી ભક્ત વૈદર્ભી હતી. પ્રદ્યુમ્ન ભગવાન જેવો હોવાથી તેને પોતાનો ગૂમ થયેલો પુત્ર સાંભર્યો અને સ્નેહને લીધે તેને દૂધ ઝરવા લાગ્યું. આધિભૌતિક દેહ અને દૂધ પ્રાપ્ત કરાવનાર આધિદૈવિક સ્નેહ બન્નેએ એક જ અર્થ સૂચવ્યો. તેણે વિચાર કરવા માંડ્યો કે ''આ ઉત્તમ પુરુષ કોણ? તે પોતે વાદળાં જેવો શ્યામ છે અને વીજળી જેવી તેની સ્ત્રીની પીળી કાંતિને લીધે તે શ્યામ-પીળા વૈડૂર્ય મણિ જેવો દેખાય છે. વૈડૂર્ય મણિ પોતે જ પુરુષનું રૂપ લઈ ચેતન થાય તો આના જેવો થાય. કમલનાં જેવાં નયનોવાળો આ કોનો પુત્ર હશે? આને જઠરમાં ધારણ કરનારી તે પુરુષની કઈ પત્ની હશે? વળી આ કઈ સ્ત્રી આને મળી? મારા પુત્રને પણ

સૂતિકાઘરમાંથી કોઈક લઈ ગયેલું. તે જો ક્યાંય જીવતો હોય તો આની સમાન વય તથા રૂપવાળો હોય. આને શાર્ંગધન્વા ભગવાનનાં જેવું રૂપ ક્યાંથી મળ્યું? ભગવાનના જેવાં ધનુષ્યની દોરી અથડાયાનાં ચિહ્નો પણ આના ઉપર છે. આકાર, અવયવો, ગતિ, સ્વર હાસ્ય અને દૃષ્ટિ એ બધાં આનાં શ્રીકૃષ્ણ જેવાં જ છે. તેથી નિશ્ચય આ તેમનો જ પુત્ર છે. વળી આના ઉપર મને ઘણો સ્નેહ થાય છે અને મારી ડાબી ભૂજા ફરકે છે. તેથી કોઈ ઘણા પ્રિયને ભેટવાનું થશે એમ સિદ્ધ થાય છે. તેથી આ ખરેખર મારો પુત્ર જ છે. છતાં તે વિષય લોકમાં જણાય નહિ ત્યાં સુધી તેવો વ્યવહાર કેમ કરાય?'' આવા વિચારથી રુક્મિણી સંશયમાં પડી. ત્યારે ભગવાન દેવકી અને વસુદેવ સાથે ત્યાં પધાર્યા. ભગવાન તો સર્વ વૃત્તાન્ત જાણતા હતા, છતાં જો તે પોતે જ કહે તો બહિર્મુખો તેમને લોભી કહે. તેથી તે શાંત જ રહ્યા; કારણ કે લોકો એમ તેમની નિંદા કરે તો તેમની અવિદ્યાનો નાશ ન થાય. ત્યારે નારદે આવી સર્વને બધો વૃત્તાન્ત કહ્યો.

તે સાંભળી બધાને આશ્ચર્ય થયું. માછલું જેને ગળી ગયું તે જીવતા કેમ રહ્યા? વળી કોઈ અવયવમાં ખામી પણ કેમ ન આવી? માછલાંને કાપવા છતાં આમને કેમ વાગ્યું પણ નહિ? સમુદ્રમાં નાખી દીધા છતાં મૃત્યુ કેમ ન થયું? એમ ઘણા પ્રકારનું સર્વને આશ્ચર્ય થયું. ત્યારે રુક્મિણી સિવાયની ભગવાનની પત્નીઓએ શોક્યપણાથી દોષ ન જોતાં તેને પ્રથમ પુત્ર તરીકે સ્વીકાર્યો અને જેમ મરેલો પાછો આવે તેમ ઘણાં વર્ષ પહેલાં ગૂમ થયેલ પ્રદ્યુમ્નનું અભિનન્દન કર્યું. પછી બીજી સ્ત્રીઓએ તેમ કર્યું. પછી દેવકી અને વસુદેવે અને શ્રીકૃષ્ણ તથા બલભદ્રે અને છેવટે રુક્મિણીએ પુત્ર અને પુત્રવધુનું અભિનન્દન કર્યું અને બધા આનન્દ પામ્યા. દ્વારકાના રહેવાસીઓએ આ વાત જાણી અને ભાગ્યથી ગૂમ થયેલ બાલક પાછો આવ્યો એમ તેમણે માન્યું...

**શ્રીકૃષ્ણનો સત્યભામા સાથે વિવાહઃ**

સત્રાજીતને પોતાની કન્યા સત્યભામા શ્રીકૃષ્ણને પરણાવવાની ઈચ્છા ન હતી. તે સત્યભામાને અક્રૂર સાથે પરણાવયા ઈચ્છતો હતો. શ્રીકૃષ્ણે પણ સત્યભામા પોતાને પરણાવવા તેને કહ્યું ન હતું છતાં સત્રાજીતથી શ્રીકૃષ્ણનો અપરાધ થયેલો, તે અપરાધનું નિવારણ થાય તે માટે તેણે પોતે જ સત્યભામા શ્રીકૃષ્ણને આપી. આ અપરાધ તેણે સ્યમન્તક મણિના સંબંધમાં કરેલ તેથી સ્યમન્તક, મણિ અને કન્યા બન્ને શ્રીકૃષ્ણને આપવા માંડ્યાં.

'સત્યેન' સત્યથી જ 'ભાસતે' ભાસે એટલે પ્રકાશે તે સત્યભામા સત્યરૂપ અને કાંતિરૂપ હતી. તે સરસ્વતીના અથવા ભૂમિના અંશરૂપ હતી. તેનામાં સ્વભાવ, રૂપ, ઉદારતા વગેરે ઉત્તમ ગુણો હતા. તે કન્યા હોઈ ગમે તેને પરણાવવાની તો હતી જ અને બીજાને પરણાવે તો તેનું પતન થાય. તેથી સત્રાજીતે જ્યારે તેને શ્રીકૃષ્ણને આપવાનું માત્ર કહ્યું ત્યારે ભગવાને તેની સાથે વિધિપૂર્વક લગ્ન કર્યાં અને તેની સાથે આપવા માંડેલ સ્યમન્તક લીધો નહિ. સમાધિભાષાની સત્યભામાના વિવાહની કથા આટલી જ છે.

સત્રાજીતે શ્રીકૃષ્ણને ક્યો અપરાધ કર્યો હતો તે જાણવું અગત્યનું નથી. તે બધી કથા સમાધિભાષાની નથી, છતાં પરિક્ષિતે પૂછવાથી શુકે તેને કહેલી.

**સ્યમન્તકમણિની સત્રાજીતને પ્રાપ્તિઃ**

સત્રાજીત સૂર્યનો મોટો ભક્ત હતો અને મિત્ર બનેલો. સૂર્યે તેના ઉપર પ્રસન્ન થઈ તેને સ્યમન્તક મણિ આપ્યો. સૂર્યમાંથી સર્વ ઉત્પન્ન થાય છે, તેથી સૂર્યે સત્રાજીત માટે ખાસ મણિ ઉત્પન્ન કરી તેને આપ્યો. આ મણિમાં સૂર્યે પોતાનું તેજ મૂકેલું. તેથી આ મણિ પહેરતાં સત્રાજીત સૂર્યના જેવો તેજસ્વી થયો; અને મણિ પહેરી દ્વારકામાં આવ્યો. ત્યાં ન આવતાં બીજે રહ્યો હોત તો સૂર્ય તેનું રક્ષણ પણ કરત, પણ ભગવાનનાં ધામ દ્વારકામાં ત્યાંના ભક્તોને ઠગતો હોય તેમ તે આવ્યો.

તેને દૂરથી જોતાં જ દ્વારકાના રહેવાસીઓની દષ્ટિ તેજથી અંજાઈ ગઈ અને તેઓ તેને ઓળખી ન શક્યા. તેમણે માન્યું કે સૂર્યદેવ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરવા આવે છે. તેથી તેઓ ભગવાન પાસે ગયા અને તેમણે જણાવ્યું કે ''અમારાં નયનોને પોતાનાં તીક્ષ્ણ કિરણોથી અફલ કરતો સૂર્ય આપનાં દર્શન કરવા આવે છે. આપ જ્ઞાન આપનાર ભગવાન અહીં પધાર્યા છો ત્યારે તે અમારાં જ્ઞાનનાં સાધન(નયનો)ને જ અફલ કરે છે. તેથી આપે તેનો કાંઈ ઉપાય કરવો જોઈએ. આપને શોધતા દેવો ત્રણે લોકમાં ફરે છે, તેમને અમો કોઈથી રોકી ન શકાય. રોકવા જઈએ તો અમને હણે. સૂર્ય આકાશમાં ફરવામાં રોકાયેલ હોવાથી આ કદાચ સૂર્ય નહિ હોય, તો બ્રહ્મા હશે.

ભગવાને વિચાર્યુ કે, આ અજ્ઞાનીઓ છે અને મારી સરસાઈનો જ વિચાર કરતા હોવાથી જે કોઈ મોટાઈવાળો આવે તે મારો સમ્બન્ધી જ હોવાનું માને છે. પછી હસીને તેમણે તેઓને કહ્યું કે ''આ સૂર્યદેવ નથી. પણ સૂર્યનો ભક્ત સત્રાજીત મણિને લીધે પ્રકાશતો આવે છે''.

પછી સત્રાજીત પોતાનાં ઘરે આવ્યો. ત્યાં ઉત્સવ અને મંગલ કરાવ્યાં અને મણિને બ્રાહ્મણો પાસે દેવમન્દિરમાં મૂકાવ્યો. તે મણિ દરરોજ ચાલીસ મણ સોનું આપતો અને જ્યાં તેની પૂજા થતી હોય ત્યાં દુકાળ, શીતલા વગેરે રોગ, મનના અથવા દેહના રોગો તથા તેમનાં કારણો, સર્પો અને માયાવીઓ રહેતા નહિ.

**શ્રીકૃષ્ણ ઉગ્રસેનમાટે સ્યમન્તક માગે છેઃ**

શ્રીકૃષ્ણે વિચાર્યું કે સત્રાજીત જેવા અયોગ્ય પુરુષ પાસે આવો ઉત્તમ મણિ રહે તે યોગ્ય નથી, કારણ કે આ મણિથી તો તેનો નાશ થવાનો અને મારી નગરીમાં એમ નાશ થાય તે યોગ્ય નહિ. વળી સૂર્યમાં તેનું અહીં રક્ષણ કરવાની શક્તિ નહિ હોવાથી તેની કૃપા પણ તેને નકામી છે. તેથી મણિથી જેટલું ધન તેને મળતું તેટલું જેટલાં ગામો વગેરેની ઉપજથી પ્રાપ્ત થાય તેટલાં ગામો વગેરે લઈ મણિ ઉગ્રસેન રાજાને આપવા ભગવાને તેન કહ્યું. તેને જણાવ્યું કે આ તું સાચવી નહિ શકે, રાજા સાચવી શકશે. તેથી મૃત્યુ હઠી જાય ત્યાં સુધી તું રાજાને મણિ આપ, પછી તું રાખજે. પણ સત્રાજીતને તો ધનની જ કામના હતી, એટલે

તેણે મણિ ન આપ્યો અને એવો વિચાર કર્યો, કે સૂર્યને કહી અહીં ઉપદ્રવ કરાવું કે જેથી ફરી મણિ માગે જ નહિ.

**સ્યમન્તકની કથાઃ**

ભગવાનની આજ્ઞાનું તેણે ઉલ્લંઘન કર્યું, તેથી તેના સમ્બન્ધીઓની બુદ્ધિ જ બગડી. આ મણિ પૂજા કરવા યોગ્ય હતો, છતાં એક દિવસે તેના ભાઈ પ્રસેને મણિ પહેર્યો અને તેનાથી મૃગો આંધળાં થતાં સહેલાઈથી પકડાશે એવા વિચારથી ઘોડે બેસી મૃગયા કરવા વનમાં ગયો. ભગવાને મૃગોને કાંઈ અલૌકિક સાધન આપેલું નહિ હોવાથી, તેમને અલૌકિક ઉપાયથી હણવા ન જોઈએ, છતાં મણિથી તેમને હણવાનો તેણે વિચાર કર્યો. તેથી વનમાં એક સિંહે તેના ઘોડાને તથા તેને મારી નાખ્યા અને તે મણિને લઈ પર્વતની ગુફામાં જતો હતો, તેવામાં મણિ લેવાની ઈચ્છાથી જાંબવાને તેને મારી નાખ્યો. આ મણિ દેવરૂપ હતો, તેથી કોપેલો મણિ જેની પાસે હોય તેની જ હત્યા કરાવતો. એ રીતે મણિ માટે એક પછી એક ઘણાની હત્યા થઈ. જાંબવાન મણિને પોતાની ગુફામાં લઈ ગયો અને ત્યાં તેને કુમારને રમવાનું રમકડું બનાવ્યું.

પ્રસેન મૃગયામાંથી પાછો ન આવવાથી સત્રાજીતને ચિન્તા થવા લાગી. તેનો તો ભાઈએ ગયો અને મણિએ ગયો. ''શ્રીકૃષ્ણે પહેલાં મણિ માગેલો. વળી તેમના વિના બીજો કોઈ મણિના ગુણોને હઠાવી શકે તેમ નથી. વળી વનમાં પ્રસેનને હણવામાં આવે તો કોણે હણ્યો તે કોઈ જાણે પણ નહિ. તેથી ઘણું કરી શ્રીકૃષ્ણ પણ તે દિવસે મૃગયા કરવા વનમાં ગયા હશે અને ત્યાં તેમણે પ્રસેનને મારી નાખ્યો હશે અથવા કોઈની પાસે મરાવ્યો હશે'' એવા વિચારથી તે શ્રીકૃષ્ણને દોષ દેવા માંડ્યો. તેણે ઘરમાં પોતાની પત્નીને કહ્યું, પછી તેણે બીજાને કહ્યું, એમ લોકમાં ધીરે ધીરે વાત પ્રસરી.

ભગવાન આ વૃત્તાન્ત જાણતા હતા, છતાં સામાન્ય માણસ જેમ જ વ્યવહાર કરતા હોવાથી તે પોતે સાંભળ્યો ત્યાં સુધી કાંઈ ન કર્યું. સાંભળવામાં આવ્યા પછી પોતાની અપકીર્તિ દૂર કરવા નગરના લોકોને સાથે લઈ પ્રસેનના પગલે-પગલે ગયા, કારણ કે જો ભગવાન તેમની અપકીર્તિ દૂર ન કરે તો તે પોતે સર્વના આત્મા હોવાથી સર્વનો તે દોષ રહે એટલે કોઈની મુક્તિ જ ન થાય. પ્રસેનના પગલે જતાં પ્રસેનને અને ઘોડાને મરેલા જોયા. પ્રસેનના દેહ ઉપર સિંહના નખોના ચિહ્નો હોવાથી તેને સિંહે હણ્યો છે એમ જણાયું. મણિ સત્રાજીતને પાછો લાવી આપવાનો હતો અને સિંહે પોતાનાં ગોત્રના પ્રસેનને હણ્યો હતો. તેથી ભગવાન પગીઓ તથા નગરજનો સાથે સિંહના પગલે-પગલે ગયા. તેને પણ પર્વત ઉપર મૂએલો જોયો અને ત્યાં રીંછનાં પગલાં હોવાથી રીંછે તેને હણલો હોવાનું જણાયું. પછી રીંછનાં પગલે તેની ગુફા પાસે બધા આવ્યા. તે ગુફા ગાઢ અન્ધકારવાળી હતી. તેમાં સૂર્યનું તેજ કોઈ વાર ગયેલું નહિ અને તેથી મણિનો પણ ત્યાં પ્રકાશ ન હતો. તેથી ભગવાને બધાને બહાર રાખ્યા અને ભગવાન એકલા ગુફામાં પધાર્યા. નગરજનો આધારણ હતા અને ભગવાનને તેમાં જતાં રોકી શકે તેવા ન હતા, તેથી કોઈએ તેમને રોક્યા નહિ. પોતાની

અપકીર્તિ થઈ તેનું પ્રાયશ્ચિત્ત પોતે એકલાએ જ કરવું જોઈએ એ મર્યાદાને સાચવવા ભગવાન એકલા જ ગુફામાં પધાર્યા.

નાગલોકના બીજા દિવ્ય મણિઓ પણ જાંબવાન્‌ની ગુફામાં હતા, પણ સ્યમન્તક સર્વથી શ્રેષ્ઠ હોઈ તરત જ ઓળખાયો. તેને બાલકનું રમકડું બનાવેલું. તે બાલકનું લાલન કરતાં ધાવ પણ બોલી કે ''સિંહે પ્રસેનને માર્યો. જાંબવાને સિંહને માર્યો. તેથી હે સુન્દર બાલક! તું રડીશ નહિ, કારણ કે આ સ્યમન્તક તારો છે''. ભગવાન તે મણિ લઈ લેવાના વિચારથી તે બાલક પાસે કેટલાક સમય સુધી શાંત ઉભા રહ્યા, ત્યારે ક્લેશ વિના કાર્ય થાય એમ એ વિચારે જ વ્યવસ્થા કરી. જાંબવાન મોટો હતો. ભક્ત હતો, છતાં પણ ચોરી વગેરેથી જીવન નભાવતાં વિષયોમાં આસક્ત થવાથી પ્રાકૃત બનેલો. તેના સમ્બન્ધથી તેના સેવકો પણ પ્રાકૃત જ થયેલાં. સદ્‌બુદ્ધિ વિનાની ધાવે ભગવાનને જોઈ તે ભય પામેલી હોય તેમ રાડ પાડી. જાંબવાન બુદ્ધિમાન તરીકે રામાયણમાં પ્રસિદ્ધ થયેલો હોવા છતાં, તેને પોતાના બલનું અભિમાન હોવાથી એ રાડ સાંભળી વિચાર કર્યા વિના ત્યાં દોડી આવ્યો. શ્રીકૃષ્ણ તેના સ્વામી થાય, કારણ કે રામાયણમાં જણાવેલી બધી સામગ્રી સાથે અવતરેલા શ્રીકૃષ્ણ રઘુનાથ જ છે. બલભદ્ર તે જ લક્ષ્મણ. સીતા તે જ રુક્મિણી. વાનરો તે જ યાદવો અને સરયુ તે જ ગોમતી. છતાં જાંબવાને શ્રીકૃષ્ણને પોતાના સ્વામીને પ્રાકૃત પુરુષ-પ્રકૃતિના અધિષ્ઠાતા દેવ-માન્યા, પુરુષોત્તમ ન જાણ્યા. ક્રોધને લીધે આ અલૌકિક પુરુષ પુરુષોત્તમ છે એમ તેને ન જણાયું. શ્રીકૃષ્ણે ગોવર્ધનને ઉપાડેલ વગેરે તેમના પ્રભાવ તેણે સાંભળેલ નહિ, કારણ કે તે ગુફામાં રહેતો અને તેને સત્સંગ ન હતો. તેથી ક્રોધને લીધે શ્રીકૃષ્ણને ન ઓળખાવાથી તેણે તેમની સાથે યુદ્ધ કરવા માડ્યું. ભગવાને પણ બોલ્યા વિના જ તેની સાથે યુદ્ધ કરવા માડ્યું. ભગવાને રામાવતારમાં જાંબવાન્‌ને વરદાન આપેલું કે તારી પૂજા હું સ્વીકારીશ, ત્યારે જાંબવાને વિનતિ કરી કે મારું બલ નકામું જાય છે. ભગવાને કહ્યું કે ''હમણાં તું બુદ્ધિ પ્રકટ કર. બલ પછી પ્રકટ કરજે, કારણ કે કોઈ જીવ તારું બલ સહન કરી શકે તેવો નથી''. તેથી રામાવતારમાં ભગવાને તેને આપેલી બુદ્ધિનો સ્વીકાર કરેલો અને હવે તેનાં બલને પણ સ્વીકારી, તેની પૂજા સ્વીકારી તેને મુક્તિ આપીશ એવા વિચારથી ભગવાને તેની સાથે યુદ્ધ કર્યું.

ગ્રહોને લીધે મારો જય થતો નથી એવું જાંબવાન્‌ના મનમાં ન આવે તે માટે સત્તાવીસ દિવસ સુધી દરેક નક્ષત્રમાં ભગવાને રાત અને દિવસ તેની સાથે યુદ્ધ કર્યું. આ દ્વન્દ્વ યુદ્ધ ઘણું ભારે થયું. અજ્ઞાનને લીધે જામ્બવાનની એવી ઈચ્છા હતી કે આ યુદ્ધ કરવું મૂકી દે અને હું જીતું. ભગવાન તો એવા વિચારથી યુદ્ધ કરતા હતા કે જાંબવાન હારશે ત્યારે જ મને ઓળખશે. જે-જે આયુધ જાંબવાન ફેંકતો તે જ પકડી ભગવાન તેના ઉપર નાખતા. આયુધો પથ્થરો અને અને વૃક્ષોથી વૃદ્ધ થયું. પછી બાહુયુદ્ધ થયું. જેમ માંસ માટે બે બાજ પક્ષીઓ યુદ્ધ કરે તેમ સ્યમન્તક માટે તેમણે યુદ્ધ કર્યું. ભગવાનને પોતાની અપકીર્તિ દૂર કરવા સ્યમન્તકની જરૂર હતી અને આ પ્રકાશતો મણિ મેં વિજયથી પ્રાપ્ત કર્યો છે તે મારો છે એમ

મોહને લીધે જાંબવાન માનતો. વજ્રપાત કરતાં પણ કઠોર મુક્કીઓથી વિશ્રાન્તિ વિના યુદ્ધ ચાલ્યું. જેટલો પ્રહાર જાંબવાન કરે તેટલો જ ભગવાન કરતા. તેથી યુદ્ધ સમાન થતું હોવાથી અટકતું નહિ અને કોઈ હારતું નહિ. જાંબવાન ભક્ત હોવાથી ભગવાન તેને હણવા ઈચ્છતા ન હતા અને જાંબવાન તેમનો પરાજય કરી શકે તેમ ન હતું.

અઠ્ઠાવીસમાં દિવસે જાંબવાન્‌ના બલનો ક્ષય થયો. તેના અવયવોમાંથી પરસેવો ચલાવા લાગ્યો અને ભગવાનની મુક્કીઓના પ્રહારથી તેના અવયવો અને સાંધા ઢીલા થઈ ગયા. ત્યારે તેને વિચાર આવ્યો કે કોઈ જીવનું મારા જેટલું પણ બલ નથી, છતાં આમનું બલ મારાથી પણ કેમ વધારે છે? તેથી આ ભગવાન હશે. ભગવાન હોય તો આવા રૂપે કેમ પધાર્યા છે? એવા વિરોધને લીધે તેને આશ્ચર્ય થયું. વિરોધ દૂર થાય તે માટે વિચાર કરતાં તેને જણાયું કે ભગવાન લીલા કરવા પણ પ્રાકૃત પુરુષના જેવી ચેષ્ટા કરે અને બલ તો પ્રત્યક્ષ જણાય છે. તેથી આ જરૂર ભગવાન જ છે. તેથી પરાજય થવાનું દુઃખ ન રહેતાં તેણે ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું–

''આપને મેં ઓળખ્યા. આપ પ્રાણિમાત્રના પ્રાણ, ઇન્દ્રિયોની શક્તિ ઓજ; અન્તઃકરણની શક્તિ સહઃ અને શરીરની શક્તિ બલ છો. આપ વિષ્ણુ, પુરાણ પુરુષ, પુરુષોત્તમ છો. લોકોને ઉત્પન્ન કરનાર અને વશ રાખનાર છો. વિશ્વ રચનાર તત્ત્વોને પણ સર્જનાર આપ છો. ઘડો વગેરે બનાવવામાં આવતા પદાર્થોની સ્થિતિ પણ આપને લીધે છે. કાલ મહાદેવ યમ વગેરે ગણના કરનારાઓના પણ આપ કાલ અથવા નાશ કરનાર છો. આ બધાએ જીવોના આપ ફલરૂપ પરમાત્મા છો. આપે પુષ્પની સહેજ ખીલેલી કળી જેટલો ક્રોધ માત્ર મનમાં જ કર્યો ત્યારે આપની સમ્પૂર્ણ નહિ પણ માત્ર કટાક્ષરૂપ જે દૃષ્ટિ થઈ તેનાથી સમુદ્રે પણ ભય પામી આપને માર્ગ આપ્યો. મારા ઉપર માર્ગ કરી આપ પધારો એમ તેણે કહ્યું, કારણ કે તેણે જોયું કે એ દૃષ્ટિથી તેની અંદરના મગરો અને મચ્છો પણ ખળભળી ઉઠ્યા હતા. જલનો આપે જે સ્વભાવ કર્યો છે તે સમુદ્રથી પણ ફેરવી ન શકાય અને ('આપઃ') જલ ('ધીયતે') રહે જેમાં તે 'અબ્ધિ' અથવા સમુદ્ર. તેથી જલ તેની અંદર રહે તેવી આપે કરેલી મર્યાદા સચવાય તે માટે તેના ઉપર માર્ગ કરી પધારવા માટે તેણે પ્રાર્થના કરેલી. આકાશ માર્ગે પણ લંકામાં જઈ આપ રાવણને હણી શકત, પરન્તુ તેમ કરવાથી રાક્ષસોનું સમાનપણું થાય, તેથી તેવું અલૌકિક ન કરતાં આપે પથ્થરોને જ જલમાં તરાવી પૂલ બંધાવ્યો. વળી આપના યશથી લંકાને ઉજળી કરી. આપ તેને પ્રકાશમાં લાવ્યા ન હોત તો લંકાને કોઈ જાણત નહિ, કારણ કે રાક્ષસોનાં બીજાં કોઈ રહેઠાણ પ્રસિદ્ધ થયેલાં નથી. વળી આપનાં બાણોથી ઘવાતાં જ રાક્ષસોનાં માથાં આપનાં સામર્થ્યને લીધે ભૂમિ ઉપર પડેલાં''.

**શ્રીકૃષ્ણનો જામ્બવતી સાથે વિવાહઃ**

એવી રીતે જાંબવાને ભગવાનને ઓળખ્યા અને તેને જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે ભક્તો ઉપર કૃપા રાખનાર ભગવાને તેનો પોતાના સુખ આપનાર હસ્તથી સ્પર્શ કર્યો,

એટલે તેની સ્થિતિ યુદ્ધ પહેલાં હતી તેવી જ, તેથી પણ વધારે સારી થઈ. તેને ભવિષ્યમાં સદ્બુદ્ધિ થાય તે માટે પણ એ પ્રમાણે શ્રીહસ્તથી સ્પર્શ કરી ભગવાને તેને આનન્દદાયક મેઘ જેવી ગંભીર વાણીથી કહ્યું–

''મારા ઉપર આવેલ ખોટો આરોપ આ મણિથી દૂર કરવા મણિ લેવા હું નગરજનોની સાથે અહીં આવેલ.'' એમ કહી ભગવાને પોતાના ઉપર કેવીરીતે આરોપ આવ્યો તે પણ વિસ્તારથી તેને કહ્યું, ત્યારે તે આનન્દથી પોતાની પુત્રી કન્યા જામ્બવતી મણિ સાથે ભગવાન પાસે લઈ આવ્યો. આ જામ્બવતી તેની પોતાની પુત્રી હતી અને રીંછોને વિધિપૂર્વક લગ્ન કરવાનાં નહિ હોવાથી તેણે તેને ભગવાનને માત્ર આપી. પહેલાં તે કોઈને આપેલી નહિ હોવાથી 'કન્યા' જ હતી. જાંબવાન્‌ને આનન્દ થયો, કારણ કે મણિ આપી તેનાથી ભગવાનનો સત્કાર પણ થયો અને કન્યાના વર પણ મળ્યા.

ભગવાન ગુફામાં પધાર્યા ત્યારે દ્વારકાવાસીઓને ગુફા બહાર રાખેલા. ''ભગવાન આજે ગુફામાંથી બહાર પધારશે, કાલે પધારશે'' એમ વિચારતાં તેઓએ બાર દિવસ સુધી ભૂખ્યા પડ્યા રહી તેમની રાહ જોઈ, પછી શરીર ક્ષીણ થતાં વિવેક જતો રહેતાં હેરાન થઈ દ્વારકા ગયા. ત્યાં તેમણે બીજાઓને વૃત્તાન્ત કહ્યો, તેથી દેવી દેવકી, રુક્મિણી, વસુદેવ અને બીજા સમ્બન્ધીઓ ભગવાન ગુફામાંથી બહાર પધારેલ ન હોવાથી શોક કરવા લાગ્યા અને ''આ દુષ્ટ સત્રાજીત પણ પ્રસેનની જેમે મરો'' એમ સત્રાજીતને શાપ દેતાં દ્વારકાના રહેવાસીઓએ ગુફામાંથી ભગવાન બહાર પધારે તે માટે મહામાયા દુર્ગાની ઉપાસના કરી. આ દ્વારકાના રહેવાસીઓ હોવાથી તેમનો શાપ પણ સત્રાજીતને લાગવાનો જ. ભગવાન પ્રકટ થાય તેમાં માયા જ અડચણ કરનારી હોવાથી અને ભગવાને તેને ''મનુષ્યો તારી પૂજા કરશે'' એવું વરદાન કરેલું હોવાથી અને ભગવાને આપેલ વર તેમણે જ સાચો કરવો જોઈએ તેથી, આ મનુષ્યસ્વભાવના દ્વારકાવાસીઓએ બીજા દેવનું ભજન ન કરતાં દુર્ગાની જ પૂજા કરી. તેમણે અર્ધવ્રત જ કર્યું, એટલે અર્ધમાસ (પંદર દિવસ) સુધી વ્રત કર્યું ત્યારે વ્રત સમાપ્ત થયાં પહેલાં જ દુર્ગાની આશિષોની અવગણના કરી, સર્વ કામનાઓ પૂરી કરનાર યજ્ઞસ્વરૂપ ભગવાન પોતે જ પત્ની સાથે સ્યમન્તક લઈને પ્રકટ થયા. તેથી સર્વને ઘણો આનન્દ થયો. સ્યમન્તક ભગવાનના કંઠમાં હતો, કારણ કે જાંબવાને જ તેમને તે કંઠમાં પહેરાવેલો. તેથી તે તેમનો જ હતો. છતાં સત્રાજીતને મણિ લાવી આપવા જ ભગવાને આ ઉદ્યમ કરેલ હોવાથી, ભગવાને તેને સભામાં બોલાવી, રાજાની સમક્ષ મણિ કેવી રીતે મળ્યો તે વૃત્તાન્ત કહી, તે તેને આપ્યો, કારણ કે આરંભમાં જે વિચાર કરેલ તે પ્રમાણે જ ભગવાન કાર્ય કરે છે. તેને પોતે કરેલાં કાર્યથી લજ્જા આવે અને પાછળથી તે ખોટું ન બોલે તે માટે ભગવાને તેને સભામાં બોલાવી મણિ આપ્યો. મણિ હવે પોતાની માલિકીનો થયો છે એમ સર્વ વૃત્તાન્ત જણાવી તે તેને આપી દીધો કારણ કે ''સર્વાત્મનાન્યહૃદયં ન ગૃહ્ણાતિ હરિઃ સ્વયમ્, સર્વથાऽપ્રપન્નં ચ નાશાયેવ સુયોધનમ્''. જેની અંદર બીજાનું મન છે તે હરિ કોઈ પણ પ્રકારે ગ્રહણ કરતા નથી. તેમજ જે સમ્પૂર્ણ રીતે શરણ આવેલ નથી તેને પોતાનો

ગણતા નથી.

લોભને લીધે મણિ લઈ સત્રાજીત ઘણો શરમાયો. લોકમાં પોતાની અપકીર્તિ થઈ તેથી તેણે નીચું જોયું. તેને ઘણું દુઃખ થયું. બીજા દેવ(સૂર્ય)ની કૃપા કરતાં ભગવાનનો અપરાધ મોટો હોવાથી, મણિ મળવાથી થતા લાભ કરતાં ભગવાનના અપરાધથી થતું દુઃખ વધારે હોવાથી તેને દુઃખ જ થયું. તેને સદા વિચાર આવ્યા જ કરતો કે મારે હવે બલવાન્ સાથે વિગ્રહ થશે અને તેથી દુઃખ થશે. તેણે વિચાર્યું કે જો ભગવાન પ્રસન્ન થાય તો જ આ દુઃખ જાય. તે સૂર્યપૂજક હોવાથી તેને પ્રાયશ્ચિત્ત કરવાની બુદ્ધિ થઈ. ''મારું પાપ કેમ ધોવાય? શું કરવાથી મારી અપકીર્તિ મટે, અથવા લોક મને શાપ ન દે? ભગવાન મારા ઉપર કેવી રીતે પ્રસન્ન થાય?'' એમ વિચાર કરતાં તેને એમ સૂઝ્યું કે આ સર્વ અપકીર્તિનાં કારણરૂપ મણિ ભગવાનને આપું. ત્યારે સૂર્યે તેને જણાવ્યું કે મણિ ન આપ, પણ કન્યા કોકને આપવાની જ હોવાથી કન્યા જ આપ. ત્યારે તેણે નિશ્ચય કર્યો કે ''મણિ અને કન્યા બેઉ ભગવાનને આપું, એટલે તે પણ પ્રસન્ન થશે અને લોક પણ નિંદા નહિ કરે. જેમ જાંબવાને યુદ્ધ કરીને કન્યા અને મણિ આપ્યાં અને કૃતાર્થ થયો, તેમ હું પણ થાઉં. આ જ મારો અપરાધ ટાળવાનો સારો ઉપાય છે.'' તે અર્ધ દુષ્ટબુદ્ધિવાળો હોવાથી તેણે એવો નિશ્ચય કર્યો પણ સમ્પૂર્ણ રીતે ભગવાનને શરણ ન આવ્યો. એવો નિશ્ચય કરીને તે પોતે જ પોતાની કન્યા અને મણિ લઈ ભગવાન પાસે ગયો. ભગવાને તે ઉત્તમ કન્યા સત્યભામા સાથે વિધિપૂર્વક લગ્ન કર્યાં. આ કન્યા તેને સૂર્ય તરફથી જ વરદાનમાં મળેલી, પણ તેની પોતાની પુત્રી ન હતી. જેમ શ્રીકૃષ્ણ નન્દના પુત્ર ગણાતા તેમ આ કન્યા પણ સત્રાજીતની પુત્રી ગણાતી. તેથી ભગવાન યાદવ હોઈ સગોત્રી યાદવની કન્યાને પરણ્યા એવી શંકા ન કરવી.

ભગવાને સત્યભામા સાથે લગ્ન કર્યા, પણ મણિ ન લીધો. તેમણે કહ્યું કે ''મણિનું ફલ તો અમને મળવાનું જ છે, કારણ કે સાસરાને ઘણું ધન હોય ત્યારે જમાઈ જ તે ભોગવનાર થાય છે''. સત્રાજીત સમજ્યો કે ભગવાન એમ કહે છે કે મણિનું ફલ તેમને અને મને (આપણને) મળવાનું છે. ભગવાને એવા આશયથી કહેલું કે અક્રૂરને અને મને મળવાનું છે('વયં' એટલે અમે અથવા આપણે). આ કન્યાનું સત્રાજીતે પહેલાં અક્રૂર સાથે સગપણ કરેલું. તેથી ભગવાન કન્યા અને મણિ બન્ને લે તો અક્રૂરને દુઃખ થાય. તેથી ભક્તનું હિત કરવા અને ભક્તિમાર્ગને સત્ય કરવા ભગવાને તેમ કહ્યું અને મણિ લીધો નહિ. જો ભગવાને મણિ લીધો હોત તો સત્રાજીતના વિચાર પ્રમાણે તે કૃતાર્થ થાત.

સત્રાજીતનો શતધન્વાએ કરેલ વધઃ

દુર્યોધને પાંડવોને લાક્ષાગૃહમાં બાળી મૂકવા પ્રયત્ન કર્યો. તેમાંથી પાંડવો અને કુન્તી બહાર નીકળી ગયાં અને કોઈક ભીલડી પોતાના પાંચ પુત્રો સાથે બળી મૂઈ. લોકોએ ભ્રમથી એમ માન્યું કે પાંચ પાંડવો અને કુન્તી તેમાં બળી મૂઆં. ભગવાન તો સર્વ વૃત્તાન્ત જાણતા જ હતા, છતાં પાંડવો અને કુન્તી લાક્ષાગૃહમાં બળી મૂઆ એમ તેમણે સાંભળ્યું,

ત્યારે બલભદ્રને લઈ લૌકિક કરવા હસ્તિનાપુર પધાર્યા, કારણ કે સત્ય વૃત્તાન્ત પોતે જાણતા નથી એમ દેખાડવું જોઈએ. ભગવાન એવો દેખાવ ન કરે તો કૌરવોને શંકા થાય કે ભગવાને જ પાંડવોને ત્યાંથી લઈ જવા બીજા કોઈ સ્થળે રાખ્યા છે અને પાંડવોનો નાશ કરવા વળી તેઓ પ્રયત્ન કરે. તેથી પાંડવોનું રક્ષણ કરવા ભગવાને તેમની લૌકિકે જવાનું નાટક ભજવ્યું.

ત્યાં ધૃતરાષ્ટ્ર, વિદુર, ગાંધારી અને દ્રોણ પાસે જઈ ''અરેરે! માઠું દુઃખ આવી પડ્યું'' એમ શ્રીકૃષ્ણ અને બલભદ્ર બન્નેએ કહ્યું. એ બે હસ્તિનાપુર ગયા તે તકનો લાભ લઈ, દ્વારકાના ધર્માધિકારી અક્રૂર અને રાતના ચોકીદાર કૃતવર્મા એ શતધન્વાને ચડાવ્યો કે ''કન્યારત્ન સત્યભામા અમને આપવાનું વચન આપી, અમારો તિરસ્કાર કરી સત્રાજીતે તે શ્રીકૃષ્ણને પરણાવી. તેથી તેની પાસેથી મણિ શા માટે લઈ ન લેવો? અને તેને તેના ભાઈ પ્રસેન પાસે કેમ ન મોકલવો?'' જ્યાં સુધી ભગવાન અથવા બલભદ્ર દ્વારકામાં હોય ત્યાં સુધી આ ત્રણ કાંઈ કરી શકે તેમ ન હતું, તેથી તે હસ્તિનાપુર ગયા ત્યારે અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને સમજાવ્યો કે અક્રૂરે સત્યભામાની માગણી કરેલી અને શ્રીકૃષ્ણે મણિ માગેલો. તે બે માંથી એકે કોઈને ન આપતાં તેણે બન્નેની નિન્દા કરી. તેવી નિન્દા થયા પછી જેની પાસે મણિ હોય તે મરણ પામે છે. તેથી સત્રાજીત પાસે મણિ હોવાથી તેને પ્રસેન પાસે મોકલવો જોઈએ. તે બન્ને જાણતા હતા કે પ્રસેનને હણનાર સિંહને રીછેં હણ્યો; (તેમ સત્રાજીતને હણનાર પણ હણાશે), છતાં મૂર્ખ શતધન્વાને લોભ થયો અને તેની બુદ્ધિનો નાશ થયો અને તે પાપીએ સત્રાજીત ઉંઘતો હતો ત્યારે જ તેને મારી નાખ્યો. સ્ત્રીઓ રાડો પાડી અનાથ જેમે રડતી હતી, ત્યારે પશુને હણી તેનું માંસ વેચનાર કસાઈની જેમે તેણે સત્રાજીતને મારી નાખ્યો અને મણિ લઈ જતો રહ્યો. પૂજેલો મણિ હોય ત્યાં દુકાળ વગેરે કાંઈ અનિષ્ટ ન થાય એવો મણિનો પ્રભાવ હતો, છતાં ભગવાનનાં સ્વરૂપબલ પાસે મણિનો પ્રભાવ નકામો હોવાથી સત્રાજીતનું મૃત્યું થયું. સત્રાજીત સૂર્યનો એટલે બીજા દેવનો ભક્ત હોવાથી જ્યાં સુધી તે જીવતો રહે ત્યાં સુધી તેની બુદ્ધિ તેનો નિરોધ થવા ન દે, તેથી તેનો નિરોધ થાય તે માટે તેનું મૃત્યુ થવાની જરૂર હતી. મરણ પછી તે મણિદ્વારા ભગવાનના ભક્ત અક્રૂરમાં રહેશે અને ભગવાનના ચરણરૂપ વારાણસીમાં તેનો નિરોધ થશે.

**શતધન્વાને હણવાનો શ્રીકૃષ્ણ તથા બલભદ્રનો ઉદ્યમઃ**

સત્રાજીત હણાયો તે સાંભળી સત્યભામા ભગવાનનાં ઘરે હતાં તે પિતાને ઘેર ગયાં અને પિતાને મરણ પામેલા જોઈ બીજી સ્ત્રીઓ જેમે તેમણે પણ વિલાપ કર્યો. સત્યભામા દેવે આપેલી પુત્રિકા જેવાં પુરુષપ્રકૃતિનાં હતાં. તેમને ભાઈ ન હોવાથી વિવાહ કરવા યોગ્ય ન હોવા છતાં સ્ત્રીઓમાં ઉત્તમ હોવાથી જ ભગવાને તેમની સાથે વિવાહ કરેલો. તેથી તેમનું ચરિત્ર પુરુષ જેવું જ છે. વળી સત્રાજીતે ભગવાનનો વિરોધ કરેલો હોવાથી તેની ક્રિયા પણ તરત ન થઈ. સત્યભામાએ સત્રાજીતનાં મડદાંને તેલની કોઠીમાં નાખ્યું અને હસ્તિનાપુર જઈ ભગવાનને પોતાના પિતાનો વધ થયાના સમાચાર કહ્યા.

શ્રીકૃષ્ણ અને બલભદ્રે પણ સત્યભામા જેમે વિલાપ કર્યો અને સત્યભામા સાથે દ્વારકા આવ્યા.

શતધન્વા જીવતો હોય ત્યાં સુધી મણિ આપે તેમ નહિ હોવાથી તેમણે તેને હણવાનો ઉદ્યમ કર્યો. શ્રીકૃષ્ણ એવો ઉદ્યમ કરે છે એમ જાણી તે ભય પામ્યો. ભગવાન મને હણીને જ મણિ લેશે એવા વિચારથી પ્રાણનું રક્ષણ કરવાની ઈચ્છાથી તેણે ભગવાનથી પ્રતિકૂલ સ્વભાવવાળા કૃતવર્માની મદદ માગી. કૃતવર્માએ કહ્યું કે ''જેમણે જેમણે ભગવાનનો અપરાધ કરેલો છે તે બધા દુઃખી થયા છે. ભૂતકાળમાં થયું છે તેવું જ ભવિષ્યમાં થવાનું. તેથી હું તેમનો અપરાધ નહિ કરું. કંસે તેમનો દ્વેષ કરેલો, તેથી તેની લક્ષ્મી ગઈ અને ભાઈઓ સાથે તે પણ મૂઓ. જરાસન્ધ પણ સત્તર યુદ્ધોમાં રથ વિનાનો થઈ નાઠો.'' કૃતવર્માએ મદદ કરવા ના પાડી ત્યારે સત્રાજીતનો વધ અક્રૂરને હિતકારી હોવાથી તે પોતાનો ઉપકાર જાણી મદદ કરશે એવી આશાથી તેણે અક્રૂરની મદદ માગી. તેણે પણ ઉત્તર આપ્યો કે ''ઈશ્વરનું બલ જાણી તેમની સાથે કોણ વિરોધ કરે? તેમની સર્વભવનસામર્થ્યરૂપા માયાને કરણ તરીકે લઈ ભગવાન સર્વ જગતને ઉત્પન્ન કરે છે, પાલે છે અને તેનો નાશ કરે છે અને તે પણ માત્ર લીલાથી જ કરે છે. બીજાઓ તો તે શું અને કેવી રીતે કરે છે તે જાણતા પણ નથી, કારણ કે 'અજા' એટલે પ્રકૃતિથી મોહ પામેલા હોય છે. અજાથી મોહ પામે તે અજ એટલે બોકડા જ હોય. તેઓ બધાનો માર ખાય છે અને તેમનામાં પોતાનું રક્ષણ કરવાની પણ શક્તિ નથી, તો તેઓ સૃષ્ટિ કેવી રીતે રચવાના? આ શ્રીકૃષ્ણ જ્યારે માત્ર સાત વર્ષના હતા ત્યારે તેમણે ગોવર્ધન પર્વતને એક જ હાથથી ઉખેડી રમત માત્રમાં ધારણ કરેલો. અમૃતમથન સમયે મન્દારને તો કૂર્મે પોતાની પીઠ ઉપર ધારણ કરેલો, પણ આમણે તો ગોવર્ધનને એક જ હાથથી ધારણ કરેલો. તે પણ ગોકુલનું રક્ષણ કરવા અથવા ઈન્દ્રના ભયથી નહિ, પણ જેમ બાલક બીલાડાના ટોપને ધારણ કરે તેમ રમતમાં જ ધારણ કરેલો. એવા અદ્ભુત કર્મ કરનાર ભગવાન શ્રીકૃષ્ણને હું નમન કરું છું. હું તેમનો વિરોધ નહિં કરું.''

**શતધન્વાનો વધઃ**

તેણે પણ એવો ઉત્તર આપ્યો ત્યારે શતધન્વાએ મણિ તેને થાપણ તરીકે આપ્યો અને દ્વારકામાંથી રાત્રે જ એક દિવસમાં સો યોજન જાય તેવા સિંધી ઘોડા ઉપર બેસી નાઠો. બીજા દિવસે તે ભાગી ગયાની વાત જણાઈ ત્યારે મધ્યાહ્ને શ્રીકૃષ્ણ અને બલભદ્ર ઘણા વેગવાળા અશ્વો જોડેલ રથમાં બેસી તેની પાછળ ગયા; કારણ કે તેણે ગુરુ (સાસરા)ને હણેલ. તે સમયે તે બસો યોજન દૂર ગયેલો. મિથિલા પહોંચતાં તેનો ઘોડો થાકી પડી ગયો ત્યારે તે ભયને લીધે પગે દોડી ભાગવા લાગ્યો. ત્યારે ભગવાન પણ તેની પાછળ પગથી જ દોડવા લાગ્યા અને તેના માથાને તીક્ષ્ણ ધારવાળા સુદર્શનથી કાપી નાખ્યું. તેની પાસે મણિ ન હતો એ ભગવાન જાણતા હતા, છતાં બલભદ્ર જોતા હતા તેથી ભગવાન તેના કપડાં ખંખેરી તેમાંથી મણિ શોધવા લાગ્યા, પણ મણિ તેમની પાસેથી મળ્યો નહિ.

**સ્યમન્તક માટે શ્રીકૃષ્ણ અને બલભદ્ર માં વૈમનસ્ય:**

બલભદ્રનો વિચાર એવો હતો કે મણિ લેવામાટે જ શતધન્વાને હણવો. ભગવાનનો વિચાર એવો હતો કે તેને હણવો જ. લોકો તો ખોટું પણ બોલે, તેથી મણિ તેની પાસેથી મળી આવે તો જ તે દોષિત છે એમ બલભદ્ર માને. તેથી મણિ તેની પાસેથી ન મળતાં ભગવાને બલભદ્ર પાસે આવી કહ્યું કે ''શતધન્વાને નકામો માર્યો, મણિ તેની પાસે નથી.''

*શતધન્વા ભગવાનને પ્રિય હોવા છતાં તેણે સત્રાજીતને ઘણા અયોગ્ય પ્રકારે હણેલ હોવાથી જ ભગવાને તેનું રક્ષણ ન કર્યું, પણ મુક્તિ આપવા માટે તેને હણ્યો. સત્રાજીતનો વધ કર્યા પછી પણ તરત તે નાસી ન ગયો, પણ શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા પ્રયાસ કરી તે માટે તેણે કૃતવર્મા અને અક્રૂરની મદદ માગી. તેમણે શ્રીકૃષ્ણનાં સ્વરૂપ સમ્બન્ધી તેને બોધ આપ્યો છતાં તે તેમને શરણ ગયો નહિ. જો તે ત્યાં જ રહી ભગવાનને શરણ આવ્યો હોત તો ભગવાન તેને હણત નહિ, પરન્તુ તે પાપી હોવાથી ત્યાંથી નાઠો. નાસતી વખતે તેણે મણિ અક્રૂરને સોંપેલ તે ભગવાન જાણતા હતા, છતાં તેને મુક્તિ આપવા માટે, પોતે તે ન જાણતા હોય તેવો ડોળ કરી, મણિ પડાવવા તેની પાછળ દોડી, તેને મારી નાખી મુક્તિ આપી. પોતાની સાથે યુદ્ધ કરવા પ્રયાસ કરનારને પણ મુક્તિરૂપ અલૌકિક ફલ આપવું એ મર્યાદામાર્ગ પ્રમાણે યોગ્ય નથી; તેથી બલભદ્રને શ્રીકૃષ્ણનું આ કાર્ય રુચ્યું નહિ. બલભદ્ર મર્યાદામાર્ગ પ્રમાણે વર્તનાર હોવાથી, તેમને ભગવાન સાથે આ પ્રસંગને લીધે વૈમનસ્ય થયું. (*આ પેરાની વિગત તત્ત્વદીપનિબન્ધમાંથી લીધેલી છે.)

બલભદ્રે ભગવાનને કહ્યું કે ''આ મણિ શતધન્વાએ કોઈ પુરુષને થાપણ તરીકે સોંપેલ છે. તેની તપાસ કરવા તમે દ્વારકા જાઓ. હું મને ઘણા પ્રિય વિદેહને મળવા ઈચ્છું છું.'' એમ કહી બલભદ્ર મિથિલા ગયા.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર બન્નેને ભૂમિનો ભાર ઉતારવો હતો; અને ભૂમિ ઉપર લોક બે પ્રકારના સ્વભાવવાળા છે. જો બન્ને પ્રકારના સ્વભાવવાળા લોકની એકમાં જ આસક્તિ હોય તો ભૂમિનો ભાર ઉતારાય નહિ. તેથી ફલ આપવાના વિષયમાં શ્રીકૃષ્ણ અને બલભદ્ર બન્ને વિરુદ્ધ સ્વભાવવાળા થયા. તેથી દુર્યોધનને ગદાયુદ્ધ શીખવવા બલભદ્ર મિથિલા ગયા અને શ્રીકૃષ્ણ દ્વારકા પધાર્યા. અહીંથી બન્નેની શક્તિનો વિભાગ થાય છે અને અન્યોન્ય મતભેદની લીલા પણ દેખાડવામાં આવશે. ઈશ્વરની શક્તિનો વિભાગ થતાં તેમનાં ભક્તોની બુદ્ધિમાં પણ ભેદ થાય છે. તેથી અક્રૂર ભીષ્મ વગેરે શ્રીકૃષ્ણથી અવળા વલણવાળા થાય છે. બલભદ્રના પ્રકારથી જેમનો નિરોધ થાય છે તેઓ શ્રીકૃષ્ણને અનુકૂલ નથી અને શ્રીકૃષ્ણ જેમનો નિરોધ કરે છે તેઓ બલભદ્રને અનુકૂલ નથી.

આ બેનો વિભાગ થતાં શાસ્ત્રનો પણ વિભાગ થયો. બલભદ્રને જ્ઞાનમાં શ્રદ્ધાવાળા પ્રિય છે અને શ્રીકૃષ્ણને ભક્તિમાં શ્રદ્ધાવાળા પ્રિય છે. બલભદ્રમાં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ છે, શ્રીકૃષ્ણમાં ભક્તિ અને પરમાનન્દ છે.

બલભદ્ર ઓચિંતા આવ્યા એટલે તેમને જોતાં જ જનક ઘણો પ્રસન્ન થયો. તેણે તરત જ ઉઠી તેમની વિધિપૂર્વક પૂજા કરવા યોગ્ય શુદ્ધ દ્રવ્યોથી પૂજા કરી. બલભદ્ર મિથિલામાં ત્રણ વર્ષ અથવા તેથી કાંઈક વધારે સમય રહ્યા. તે મર્યાદાનગરી હોવાથી તેમને ત્યાં કાંઈ દુઃખ ન હતું. ત્યાં દુર્યોધન તેમની પાસે ગદાયુદ્ધ શીખ્યો. તે કુલીન અને મર્યાદાવાળો હોવાથી તથા બલભદ્ર સાથેના સમ્બન્ધને લીધે મહાત્મા જનક પણ તેને માન આપતો અને તેના ઉપર પ્રેમ રાખતો.

**શ્રીકૃષ્ણ અક્રૂર પાસેથી મણિ કઢાવે છેઃ**

શ્રીકૃષ્ણ રથમાં બેસી દ્વારકા પધાર્યા. સત્યભામાને પ્રસન્ન કરવા શતધન્વાના વધના અને શતધન્વાના સમ્બન્ધીઓને પ્રસન્ન કરવા મણિ ન મળ્યાના સમાચાર તેમણે આપ્યા. મૃત્યુ સુધી જ વેર રહે છે, તેથી શતધન્વાને માર્યા પછી, મરેલાની જે-જે ક્રિયાઓ કરવાની હોય તે બધી સત્રાજીતની ક્રિયાઓ ભગવાને કરાવી અને પછી બલભદ્રના કહેવા પ્રમાણે મણિ શોધવાની પ્રવૃત્તિ કરી. લોકથી જણાયું કે અક્રૂર અને કૃતવર્માએ સત્રાજીતને મરાવેલો. તેથી તેઓને પકડવાનું નક્કી થયું. ત્યારે જ તેઓ ભયથી ત્રાસ પામી નાઠા. કાંઈક બાનું કાઢી પરદેશ જતા રહ્યા.

અક્રૂર દ્વારકામાંથી મણિ લઈ જતો રહ્યો અને સાધનશક્તિ (ફલશક્તિ ભગવાન ત્યાં હોવાથી દુઃખ થાય નહિ, પણ સ્યમન્તક સમ્બન્ધની કથા સમાધિભાષા નથી; તેથી પ્રમાણ પણ નથી. જુદા કલ્પની વાત છે.) બલભદ્ર પણ દ્વારકામાં ન હતા, તેથી દ્વારકાના લોકોને વારંવાર તનનાં અને મનનાં દુઃખ થવા લાગ્યાં. જ્ઞાન વગેરેથી ઉપાય કરવા છતાં દુઃખ વારંવાર થવા લાગ્યાં, ત્યારે પહેલાં કહેલ મણિની શક્તિ તથા ભગવાનનાં વીર્યના વિભાગની વાત ભૂલી જઈ લોકો અક્રૂરની પ્રશંસા કરવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે "અક્રૂર મુનિ છે. તેના રહેઠાણરૂપ ઘરમાં તે જીવના અભિમાનથી રહે છે ત્યાં આવી આફતો થવી અયોગ્ય છે. પહેલાં કાશીમાં વરસાદ થતો ન હતો, ત્યારે ત્યાંના રાજાએ કામપ્રસંગે આવી ચડેલ અક્રૂરના પિતા શ્વફલ્કને મહાદેવના બોધ પ્રમાણે પોતાની પુત્રી ગાન્દિની પરણાવી ત્યારે ત્યાં વરસાદ થયેલો. દરરોજ એક વર્ષ સુધી તેણે ગોદાન કરેલું ત્યારે તેને ઘેર આ કન્યાનો જન્મ થયેલો અને પછી બાર વર્ષ સુધી દરરોજ તેના હાથથી એકેક ગાયનું દાન કરાવેલું. આવા શ્વફલ્ક અને ગોદાનથી પ્રાપ્ત થયેલી ગાન્દિનીનો અક્રૂર પુત્ર છે, તેથી તે તેમના જેવા જ પ્રભાવવાળો છે. તેથી તે જ્યાં-જ્યાં હોય છે ત્યાં વરસાદ વરસે છે. આફતો આવતી નથી અને મરકી વગેરે રોગ થતા નથી." આ વૃદ્ધોનું વચન ભગવાને સાંભળ્યું ત્યારે તેમણે વિચાર્યું કે લોકો ભૂલે છે. બલભદ્ર દ્વારકામાં નથી તેમ મણિ પણ નથી તેથી આ આફતો આવે છે. તેથી આવી માન્યતામાં રહેલ દોષ દૂર કરવા તેમણે દૂતો મોકલી અક્રૂરને બોલાવ્યો. તેને મારવામાં નહિ આવે એવું અભય આપ્યું અને લોકનું અજ્ઞાન દૂર કરવા મણિ તે દેખાડે તે માટે તેની સાથે વાત કરી. આ અક્રૂર ભગવાન તેને શતધન્વા જેમ હણે તો કાશી અથવા પ્રયાગમાં પોતાનું મૃત્યુ થાય તે માટે તીર્થમાં રહેતો; કારણ કે તેને પરલોક

પ્રાપ્ત કરવાની ઈચ્છા હતી. ભગવાનને અક્રૂરને હણવો ન હતો. હણ્યા વિના પણ તે મણિ આપશે અને સત્યભામાના બદલામાં મણિ તેને જ આપવો છે એવો ભગવાને નિશ્ચય કરેલો. વળી જીવ જે વિચારે અથવા નિશ્ચય કરે તે માટે ભગવાન તેના ઉપર ક્રોધ કરતા નથી. તેથી ભગવાને તેની પૂજા કરી, તેનું કુશલ પૂછી તેને પ્રિય કથાઓ કહી અને તે પોતાથી ભય પામતો હતો અને સજાને પાત્ર થયો હતો, છતાં ભગવાન એવા વિચારથી હસ્યા કે ''પહેલાં આ મારો ભક્ત થઈ મારા માર્ગની ધૂળમાં આળોટેલો તે પણ હવે સર્ગને લીધે આમ વિરોધી થયો છે.'' પછી તેમણે તેને કહ્યું કે ''ધર્મની સર્વ સૂક્ષ્મ બાબત જાણનાર હે દાનના અધિપતિ! શતધન્વાએ કાંતિવાળો સ્યમન્તક મણિ તને સોંપેલો છે તે નાશ પામે તેવો નથી અને હજી તારી પાસે જ છે તે હું પહેલેથી જ જાણું છું. સત્રાજીતને પુત્ર ન હોવાથી, તેને પિણ્ડ તથા ઉદક (જલ) આપી તેનું દેવું ભરી તેની જે મિલ્કત બાકી રહે તે તેની દીકરીના દીકરાઓને વારસામાં મળે, પણ આ મણિ બીજાઓથી સચવાય તેવો નથી. તું ઉત્તમ વ્રત કરે છે તેથી તે સાચવી શકીશ. તેથી તે ભલે તારી પાસે જ રહે, પણ જેમ તું તારા કાર્ય માટે તેનો ઉપયોગ કરે છે, તેમ અમારાં કાર્ય માટે પણ તેનો ઉપયોગ કર. તું અમને એકવાર તે દેખાડ, કારણ કે મોટાભાઈ મણિના વિષયમાં મારો વિશ્વાસ કરતા નથી અને મને કપટી માને છે. બંધુઓમાં અંદર-અંદર કજીઓ થાય છે. કેટલાક મારો પક્ષ લે છે અને કેટલાક બલભદ્રનો પક્ષ લે છે. તું મણિ દેખાડ તો (મારી પાસે મણિ નથી) એ વિષયમાં કાંઈ સંદેહ ન રહેવાથી કજીઓ નહિ રહે. કાશીમાં સુવર્ણની ઈંટોથી બનાવેલી વેદીમાં રાખેલ અગ્નિથી થતા તારા યજ્ઞો હજી થયા કરે છે તે મણિ તારી પાસે ન હોય તો થઈ શકે નહિ.''

ભગવાને અક્રૂરને એ પ્રમાણે શામ, દામ, દંડ અને ભેદ એ ચારે ઉપાયોથી સમજાવ્યો, ત્યારે તે પીગળ્યો, શરમાયો અને વશ થયો. કૃતવર્માના ઘેર મણિ મૂકી આવેલો, ત્યાંથી કપડાંથી ઢાંકી તે લાવ્યો અને કપડાંથી ઢાંકેલો જ સૂર્યના જેવી કાંતિવાળો તે મણિ તેણે ભગવાનને આપ્યો, કારણ કે જો તે ખુલ્લો આપે તો પોતાને શરમાવું પડે. તેણે તો મણિ ભગવાનને આપી દીધો, છતાં ભગવાને તો તે તેને પાછો આપવાના વિચારથી જ લીધો અને સમ્બન્ધીઓને દેખાડી પોતાની અપકીર્તિ તેનાથી દૂર કરી, તે તેને પાછો આપ્યો.

આ મણિના સમ્બન્ધની કથા વ્યાસજીની સમાધિભાષાની કથા નથી, પણ લૌકિક ભાષાની છે; તેથી આ કથાનો સાક્ષાત્ ઉપયોગ નથી. આ કથાનું ફલ એક છે કે જે ભગવાન ઈશ્વર વિષ્ણુનાં આ વીર્યવાળાં દુઃખ હરનારાં અને કલ્યાણ પ્રાપ્ત કરાવનારાં આખ્યાનનો પાઠ કરે, શ્રવણ કરે અથવા સ્મરણ કરે તેની અપકીર્તિ અને પાપ ટળી જાય છે અને તેને શાંતિ પ્રાપ્ત થાય છે.

**શ્રીકૃષ્ણનું ઈન્દ્રપ્રસ્થમાં આગમનઃ**

પછી દ્રૌપદીનો સ્વયંવર થયો. અર્જુને મત્સ્યવેધ કર્યો અને પછી પાંડવો લોકમાં પ્રસિદ્ધ થયા. નારદની સલાહથી ભીષ્મ વગેરેએ તેમને ઈન્દ્રપ્રસ્થનું રાજ્યા આપ્યું. પછી

તેમની સંભાળ લેવા અને તેમને જોઈતાં સાધનો વગેરે સંપડાવવા ભગવાન સાત્યકિ વગેરે સાથે ઈન્દ્રપ્રસ્થ ગયા. સર્વના ઈશ્વર ભગવાન ઓચિંતા પધારતાં, જેમ પ્રાણ આવતાં ઈન્દ્રિયો સતેજ થાય તેમ પાંડવો બધા એકસાથે ઉભા થયા અને ભગવાનને ભેટ્યા. ભગવાનને ભેટવાથી તેમનાં પાપનો નાશ થયો અને તેમનું સ્નેહવાળું મુખારવિન્દ જોઈ તેઓ આનન્દ પામ્યા. તેમને મોહ કરવા ભગવાને પોતે લૌકિક પુરુષ હોય તેમ પોતાથી મોટા યુધિષ્ઠિર અને ભીમ ના ચરણને વન્દન કર્યું. સરખી વયના અર્જુનને ભેટ્યા અને પછી નકુલ-સહદેવે તેમને નમન કર્યું. પછી ભગવાન ઉત્તમ આસન ઉપર બિરાજ્યા ત્યારે તરતની પરણેલી દ્રૌપદી શરમાતી ધીરે-ધીરે તેમની પાસે આવી અને તેણે તેમને નમન કર્યું. પાંડવોએ સાત્યકિની પણ તેવી રીતે પૂજા કરી આવકાર આપ્યો, એટલે તે પણ આસને બેઠો અને સાથે આવેલા તેમની પૂજા થયા પછી ભગવાનની આસપાસ બેઠા. પછી ભગવાને કુન્તી પાસે જઈ તેને પ્રણામ કર્યા અને તેણે કરુણા અને ભક્તિ ને લીધે ભીંજાયેલી દષ્ટિથી તેમને નિરખ્યા અને સગાઓનાં કુશલ સમાચાર પૂછ્ય ા. ભગવાને પણ કુન્તી ફોઈને પુત્રવધૂ તથા તેમના સમાચાર પૂછ્ય ા. પ્રેમને લીધે થયેલા ગભરાટથી કુન્તીનો કંઠ રુંધાયો અને આંખમાં આંસુ આવ્યા. ભગવાનનાં દર્શનથી તેના દુઃખ જતાં રહ્યાં અને ઘણાં દુઃખને સંભારતાં તેણે ભગવાનને કહ્યું–

''હે કૃષ્ણ! અમો સમ્બન્ધીને સંભારીને સ્નેહને લીધે તમે અક્રૂરને અમારી ખબર કાઢવા મોકલ્યો ત્યારે જ અમારું કુશલ થયું અને અમે સનાથ થયા. છતાં આપ કોઈનો પક્ષપાત કરતા નથી. આપ વિશ્વરૂપ છો, સર્વનું હિત કરનાર અને સર્વના આત્મા છો, છતાં જે કોઈ આપનું સ્મરણ કરે છે તેમના હૃદયમાં આપ રહો છો અને આપ રહો ત્યાં દુઃખ રહી શકતાં નહિ હોવાથી, જેમ અગ્નિથી ઘાસ બળી જાય તેમ તેમનાં દુઃખનો નાશ થાય છે. તેથી આપનાં સ્મરણથી જ દુઃખનો નાશ થાય છે. દુઃખનો નાશ કરવો એ તેનું સ્વાભાવિક કાર્ય છે.'' યુધિષ્ઠિર કર્મનું ફલ જ સર્વ થાય છે એમ માનતો હોવાથી તેને ભગવાનનાં દર્શન થયાં તે માટે પોતાની જ પ્રશંસા કરતાં તેણે કહ્યું કે ''અમે કાંઈ ઉત્તમ કાર્ય કરેલું હોવું જોઈએ અને તેથીજ યોગેશ્વરોને પણ જેમનાં દર્શન દુર્લભ છે તેવા આપનાં અમને દર્શન થયાં.''

પાંડવોનું હિત કરવા ભગવાન ત્યાં વર્ષા ઋતુના ચાર માસ રહ્યા, એટલે ભક્તોનાં હૃદયમાં શયન કર્યું. લોકમાં પણ વર્ષા ઋતુમાં મુસાફરી સહેલાઈથી થતી નથી અને યુધિષ્ઠિરે ભગવાનને ત્યાં રહેવાની વિનન્તિ કરી તેથી ત્યાં રહી તેમણે યુધિષ્ઠિરની વિનન્તિ સ્વીકારી અને ઈન્દ્રપ્રસ્થના લોકોને પોતાના દર્શનનો આનન્દ આપ્યો. એ પ્રમાણે પાંડવોમાં ભગવાને ભક્તિ ઉત્પન્ન કરી.

**શ્રીકૃષ્ણનો કાલિન્દી સાથે વિવાહઃ**

આ ચાર માસ દરમ્યાન એક વાર અર્જુને વાનરની ધજાવાળા રથમાં બેસી, અગ્નિ પાસેથી મળેલાં ગાણ્ડીવ ધનુષ્ય અને જેમાંના બાણો ખૂટે જ નહિ તેવાં બે ભાથાં લઈ કવચ પહેરી, ઘણા ઘાતકી પશુઓ અને મૃગોથી ભરપૂર મોટા વનમાં વદ આઠમના શ્રાદ્ધ માટે

પશુમાંસ લાવવા મૃગયા કરવા શ્રીકૃષ્ણ સાથે પ્રવેશ કર્યો. ત્યાં તેણે બાણોથી વાઘો, ભૂંડો, પાડા, હરણો, સસલાં વગેરે પ્રાણીઓને માર્યાં અને શ્રાદ્ધ માટે તે પવિત્ર પ્રાણીઓને નોકરો મારફત ઉપડાવી તેઓ યુધિષ્ઠિર પાસે લઈ ગયા. આ પ્રસંગે યમુનાના જલમાં સ્નાન કરી તેમણે તે શુદ્ધ જલનું પાન કર્યું. ત્યાં ભગવાનનાં દર્શન કરવા માટે યમુના કાંઠે ભમતી સુન્દર દૃષ્ટિવાળી કન્યાને તેમણે જોઈ. આ કન્યા સુન્દર લક્ષણોવાળી હોવાથી લૌકિક નિયમ પ્રમાણે જ તેને ગ્રહણ કરવા ભગવાને અર્જુનને તેની પાસે મોકલ્યો. અર્જુન જીતેન્દ્રિય હતો અને મિત્રે મોકલેલ હોવાથી કપટ કરે તેમ ન હ્તું. અર્જુને તે કન્યા પાસે જઈ તેને પૂછ્યું કે ''તું સ્વરૂપે દેવનારી કોણ છે? તારા પિતા વગેરે કોણ છે? ક્યાંથી આવી છે? તપ વગેરે શું કરવા ઈચ્છે છે? તું પતિ કરવા ઈચ્છતી હોય એમ માનું છું. હે સુન્દર સ્ત્રી! મને આ સર્વ કહે.'' તેણે ઉત્તર આપ્યો કે ''હું સૂર્ય દેવની પુત્રી હોવાથી દેવજાતિની છું. કન્યા હોવાથી મને પરણાવવાની જ છે. તારું કહેવું સત્ય છે. હું પતિ કરવા ઈચ્છું છું, પણ બધાએ વરવા યોગ્ય, વરદાન આપવા એટલે આત્મા પણ જે આપનારા છે તેવા વિષ્ણુને પતિ કરવા માટે હું તપ કરું છું અને તે પતિ મળશે ત્યાં સુધી તપ કર્યા કરીશ. લક્ષ્મીના ધામરૂપ તેમના વિના બીજા કોઈને પતિ કરવા હું ઈચ્છતી નથી. તે લક્ષ્મી ઉપર પ્રસન્ન થયા તેમ મારા ઉપર પણ પ્રસન્ન થાઓ. મારું સાધન કાંઈ નથી, છતાં તે પોતાના ધર્મનો વિચાર કરી મારા ઉપર પ્રસન્ન થશે, કારણ કે તે અનાથના આધાર છે અને દીનો ઉપર દયા કરનારા છે. મારું નામ 'કાલિન્દી' છે અને પિતાએ યમુનાના જલમાં બનાવેલા ભવનમાં અચ્યુત ભગવાનનાં દર્શન થાય ત્યાં સુધી હું રહીશ.''

આ ઉત્તર ઉપરથી એમ જણાય છે કે યમુના અને કાલિન્દી જુદાં છે. સૂર્ય પર્વતનું રૂપ લઈ કલિન્દ પર્વત ઉપર ગયેલ, એટલે માતારૂપ કલિન્દ પર્વત અને પિતારૂપ પર્વત બનેલ સૂર્યથી આ કાલિન્દી ઉત્પન્ન થયેલાં. સૂર્યથી યમ ઉત્પન્ન થયા પછી, તેને ઉત્પન્ન કર્યાનો દોષ ટાળવા તેણે યમુનાને ઉત્પન્ન કરેલી. બન્નેમાં મળતાપણું ઘણું છે, તેમ જ એક આધિદૈવિક અને બીજી આધિભૌતિક તરીકે રહેલી હોવાથી લોકમાં તેઓ એક હોય તેમ જણાય છે.

તેનો ઉત્તર સાંભળી અર્જુને ભગવાન પાસે આવી તેમને તે વૃત્તાન્ત જણાવ્યો ત્યારે ભગવાન તેને રથમાં બેસાડી ધર્મનો નિર્ણય કરનાર ધર્મરાજા પાસે લઈ ગયા.

**ખાંડવદાહ:**

આ પહેલાં આ ચાર માસ દરમ્યાન જ અગ્નિને ખાંડવ આપવા ભગવાન અર્જુનના સારથિ થયેલા, એટલે ભક્તનું હિત કરવા પોતે હલકી સ્થિતિ સ્વીકારેલી. તે સમયે અગ્નિએ અર્જુનને ગાણ્ડીવ તથા જેમાંથી બાણો ન ખૂટે તેવાં બે ભાથાંઓ, ધોળા ઘોડાઓ, રથ અને શસ્ત્રધારીઓથી ભેદી ન શકાય તેવું કવચ આપેલાં. પછી જ્યારે યુધિષ્ઠિરે ભગવાનને વિનતિ કરી ત્યારે ભગવાને વિશ્વકર્મા પાસે પાંડવો માટે ઘણું જ અદ્‌ભુત વિચિત્ર નગર કરાવી આપ્યું. જો ભગવાન પોતે જ નગર બનાવે તો તેમાં દોષ ન

થાય અને તેથી દુર્યોધનને અહપાર વગેરે ન થવાથી તેનું અપમાન પણ ન થાય. તેથી ભગવાને પોતે નગર ન બનાવતાં વિશ્વકર્મા પાસે બનાવી આપ્યું. વળી ભગવાને એ વનમાં મયને પણ બચાવેલો. ભગવાનને તો તે કાંઈ આપી શકે નહિ અને ઉપયોગી થઈ શકે નહિ. તેથી તેમના મિત્ર અર્જુનને માટે તેણે સભા બનાવી અને યુધિષ્ઠિરને તે આપી. આ સભામાં દુર્યોધનને જલને ઠેકાણે સ્થલ હોવાનો અને સ્થલને ઠેકાણે જલ હોવાનો ભ્રમ થયો. સભામાં દોષ ન હતો પરન્તુ દુર્યોધનને તે જોવામાં જ ભ્રમ થયેલો.

એ પ્રમાણે ઐશ્વર્યરૂપ અથવા સ્વરૂપજ્ઞાનરૂપ મુખ્ય શક્તિ (કાલિન્દી)ને પોતાની કર્યા વિના જેટલું કરવા યોગ્ય હતું તે બધું કરીને, તેને પોતાની કર્યા વિના સમ્પૂર્ણ રીતે બીજાઓ ઉપર ઉપકાર થઈ શકે નહિ તેથી, બંધુ પાંડવો વગેરેનું દ્વારકાં જવા અનુમોદન લઈ ભગવાન સાત્યકિ વગેરે સાથે દ્વારકા પધાર્યા અને ત્યાં જ્યારે સર્વ ગ્રહો અનુકૂલ હતા, જ્યોતિઃશાસ્ત્ર પ્રમાણે લગ્નનો ઉત્તમ સમય હતો ત્યારે વૈદિક પવિત્ર નક્ષત્રમાં રુક્મિણી વગેરે બધાની સમ્મતિથી તે બધાને ઘણો આનન્દ આપતાં તેમણે કાલિન્દી સાથે મંગલરૂપ વિવાહ કર્યો. આ કાલિન્દી જ્ઞાનરૂપ છે.

**શ્રીકૃષ્ણનો મિત્રવિંદા સાથે વિવાહઃ**

અવન્તીના વિંદ અને અનુવિંદ દુયોર્ધનના તાબેદાર સેવકો હતા. તેમની બેન મિત્રવિંદાનો અવન્તીમાં સ્વયંવર થયો ત્યારે દુર્યોધન વગેરે ત્યાં ગયેલા. ભગવાન પણ ત્યાં પધાર્યા હતા. સ્વયંવરના આરંભમાં મિત્રવિંદાએ ભગવાનને દૂરથી જોઈ પોતાના ભાઈઓને કહ્યું કે મારે શ્રીકૃષ્ણને વરવું છે. ભાઈઓનો વિચાર તે દુર્યોધનને વરે એવો હતો, કારણ કે તેઓ તેના તાબેદાર હતા. મિત્રવિંદા સ્વયંવરમાં ભગવાન પાસે અટકી ત્યારે તેને ખસેડી દુર્યોધન પાસે લઈ જવા તેમણે પ્રયાસ કર્યો. ભગવાને આ જાણીને તેમને દૂર હડસેલી રથ જેવી ઝડપથી તરત મિત્રવિંદા પાસે આવી તેનું હરણ કર્યું. મિત્રવિંદા વસુદેવની બેન રાજાધિદેવીની પુત્રી હોવાથી ભગવાનની ફોઈની પુત્રી હતી. તેથી મામાની કન્યા જેમે તે ભગવાનનો ભાગ જ હતી. તેથી કન્યાદાન થવાની જરૂર ન હતી. કન્યાની આસક્તિ બીજામાં હોય તો તેને સ્વીકારવી કે નહિ એ વિચારવાપણું રહે. તે તો ભગવાનને જ પતિ તરીકે પસંદ કરતી હતી. તેથી ભાઈઓ પાસેથી ઝડપી લઈ, સ્ત્રીઓનું હિત કરનાર શ્રીકૃષ્ણે તેનું હરણ કર્યું. આ મિત્રવિંદા તપરૂપ છે.

**શ્રીકૃષ્ણનો સત્યા સાથે વિવાહઃ**

શ્રૌત-સ્માર્ત વગેરે સર્વ ધર્મોમાં આસક્તિવાળો, ઘણો ધાર્મિક 'નગ્નજીત્' નામનો રાજા હતો. ('નગ્ન' વેદવિનાનાઓ ઉપર 'જીત્' જય કરે તેવો). સ્વરૂપથી ફલથી અને સાધનથી સત્ય ભક્તિરૂપ 'સત્યા' નામની તેની કન્યા હતી. આ કન્યા અલૌકિક દેવતારૂપ હતી. નગ્નજીતે પોતાની કન્યા પરણવા લાયક થતાં સ્વયંવરનું આયોજન કર્યું. સ્વયંવરમાં તીક્ષ્ણ શીંગડાવાળા ઘણા ક્રોધી, વીરની ગંધ પણ સહન ન કરે તેવા, અધમ સાત આખલાઓને જે જીતે તે સત્યાને પરણે એવી શરત રાખવામાં આવી હતી. પરન્તુ

સ્વયંવરમાં આવેલ કોઈ પણ રાજાઓ તેને જીતી શક્યા નહિ. આ આખલાઓ હોવાથી તેમને હણાય નહિ અને તેમને લોહી પણ કઢાય નહિ. તેથી તેમને જીતી ન શકવાથી કોઈ રાજા આ કન્યાને પ્રાપ્ત કરી શકયો ન હતો. આખલાઓને જીતે તેને જ આ કન્યા મળવાની છે એમ સાંભળી ભગવાન મોટું સૈન્ય લઈ નગ્નજીતની રાજધાની અયોધ્યા પધાર્યા. આ સાત આખલાઓ સાત વ્યસનરૂપ હતા. ૧.ભૂખ ૨.તરસ ૩.રોગો અને ૪.શાસ્ત્રમાં ન કરવાનાં જણાવેલાં અને કામનાવાળા કર્મો આ ચાર લોકને પીડનારાં વ્યસનો છે. અને ૫.જુગાર ૬.મદ્યપાન અને ૭.સ્ત્રીએ ત્રણ લોકને બીનજરૂરી વ્યસનો છે. એ સાત વ્યસનરૂપ સાત આખલાઓ જીતે તે ભક્તિરૂપ 'સત્યા' કન્યાને પ્રાપ્ત કરે. ભગવાન જ આ વ્યસનો ઉપર વિજય મેળવી શકે. તેથી ભગવાન અયોધ્યા પધાર્યા.

ભગવાન પધારતાં કોસલરાજ નગ્નજીત પ્રસન્ન થઈ ઉભો થયો અને તેમને આસન આપી તેમની અમૂલ્ય દ્રવ્યોથી પૂજા કરી. તેણે વિચાર્યું કે જો ભગવાન કૃપા કરે તો કન્યા કૃતાર્થ થાય. ભગવાન કદાચ આખલાઓને જીતે એવું તેને લાગ્યું. પોતે ઈચ્છેલા રમાપતિ વરને પધારેલા જોઈ કન્યાએ તો વિચાર્યું કે ''આ મારા પતિ થાઓ. જે વ્રતોથી ભગવાન અધીન થાય તેવાં વ્રતોથી મેં ભગવાનને ધારણ કરેલા હોય તો તે મને અધીન થવાથી મારી પવિત્ર આશાઓ સત્ય કરો. લોકની દૃષ્ટિ પ્રમાણે ગોપીઓની અપવિત્ર આશાઓ પણ આમણે સત્ય કરી છે તો મારી પવિત્ર આશાઓ જરૂર સત્ય કરશે. છતાં ભગવાન કૃપા કરે ત્યારે જ પોતે પ્રાપ્ત થાય અને તેમની કૃપા પ્રાપ્ત થવી દુર્લભ છે. ભગવાનના ચરણની રજથી ભગવદીય દેહ પ્રાપ્ત થાય છે અને ભગવાન નિઃસંદેહ પ્રાપ્ત થાય છે, અથવા સ્વતન્ત્ર ભક્તિ પ્રાપ્ત થાય છે. તેથી શંકર તેમના ચરણની રજ પોતાનાં માથાં ઉપર ધારણ કરે છે, કે જેથી આ દેહનો વિયોગ થતાં નવા દેહનો આરંભ કરનારાં રજકણોનો આ રજ સાથે આરંભમાં જ સમ્બન્ધ થાય. ભગવાનનો અવતાર થાય ત્યારે લક્ષ્મીએ પણ અવતાર લેવાનો હોવાથી, પોતાના બધા દેહોને ભગવાનના ચરણની રજનો સમ્બન્ધ થાય તે માટે, લક્ષ્મી પણ આ રજ શોધ્યા જ કરે છે. બ્રહ્મા વગેરેનો અધિકાર પૂરો થાય ત્યારે, ફરી અધિકારથી દૂર રહેવાય તે માટે તેઓ પણ ભગવાનના ચરણની રજનો પોતાના દેહને સમ્બન્ધ થાય તે માટે તે રજને ધારણ કરે છે. આ બધા શ્રીકૃષ્ણાવતાર પહેલાનાં ખરાં, પણ ભગવાન ધર્મની મર્યાદાનું રક્ષણ કરવાની ઈચ્છાથી લીલા માટે શરીરો ધારણ કર્યા કરે છે. તેથી આ બધા તેમના ચરણની રજ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. ભગવાનની કૃપા થાય તો જ મને તે પ્રાપ્ત થાય. કેવી રીતે તેમની કૃપા થાય? તમેની પાસે જઈ તેમના ચરણમાં પડી પ્રાર્થના કરું અથવા બીજો કોઈ ઉપાય કરું? ભગવાન જ કોઈક ઉપાય કરશે.'' કન્યાએ આમ વિચાર્યું ત્યારે ભગવાને ઉપાય કર્યો. નગ્નજીતને તેમણે પ્રેરણા કરી એટલે તેણે પોતે જ ભગવાનની ફરી પૂજા કરી, કન્યાનો મનોરથ ફળે તેવી વિનતિ કરી. તેણે કહ્યું કે ''હે પ્રેરણા કરનાર! જગતોના પતિ! આપ ઈચ્છો તે કરાવો છો. અમારે કાંઈ કહેવું ન જોઈએ. અપૂર્ણ હોય તેનું કાંઈક (કાર્ય) કરાય, પણ આપ તો આત્માના આનન્દથી જ

પૂર્ણ છો. હું આનન્દ વિનાનો નમાલો આપનું શું કાર્ય કરું?''

ભગવાન અવસર પ્રાપ્ત થતાં ભક્ત (સત્યા)નું હિત કરવા તેણે આપેલ આસન ઉપર બિરાજ્યા અને મેઘ જેવી ગમ્ભીર વાણીથી– તે કન્યા જ આપે પરન્તુ પોતાના આત્માને ન આપે, કારણ કે આત્મા આપે તો કન્યા લેવાય નહિ તેવી રીતે હસીને તેમણે તેને –કહ્યું કે ''હે રાજા! પોતાના ધર્મ પ્રમાણે ચાલનાર ક્ષત્રિયો ભિક્ષા માગતા નથી. ભિક્ષા માગવી એ બ્રાહ્મણનો ધંધો છે અને ક્ષત્રિયો તેમ કરે તો કવિઓ તેમની નિંદા કરે છે. ક્ષત્રિયોએ તો પોતાને જોઈતી ચીજ વીર્યથી જ પ્રાપ્ત કરવી જોઈએ. છતાં તારી મૈત્રીની ઈચ્છાથી હું તારી કન્યા માગું છું, કારણ કે જેમ તારી કન્યા મારે જોઈએ છીએ તેમ તારી મૈત્રી પણ જોઈએ છીએ. બલથી કન્યા લઈ જાઉં તો મૈત્રી ન રહે. મૂલ્ય આપી અમે કન્યા લેતા નથી, કારણ કે મૂલ્ય આપવાથી તે દાસી થાય. તેથી મૂલ્ય આપવું પડે ત્યાં પણ વીર્યરૂપ મૂલ્યજ અમે આપીએ છીએ.''

રાજા તો ભગવાનને કન્યા આપવાનો વિચાર કરતો જ હતો, પણ આખલા વશ કરવાનું કાર્ય કરવા તેમને કેમ કહેવાય એ વિચારથી શાંત રહ્યો હતો. હવે તેણે વિચાર્યું કે જો ભગવાનને કન્યા ઉપર પ્રેમ હશે તો તે એ કાર્ય કરશે. તેથી તેણે તેમને ઉત્તર આપ્યો કે ''ગુણોનાં ધામરૂપ આપના અંગમાં લક્ષ્મી નિરન્તર વસે છે અને જ્યાં લક્ષ્મી હોય ત્યાં બધુંએ છે. તેથી આપથી અધિક કન્યાનો કયો વર અમને મળવાનો? છતાં અમે પહેલાંથી જ કન્યાના વરની કસોટી કરવા અને પુરુષોનાં વીર્યની પરીક્ષા કરવા પણ કર્યુ છે. આપ કન્યા માગો ત્યાર પછી પણ ન કરાય. પાછળથી કરીએ તો અપરાધ થાય, પણ પહેલાંથી કરેલું છે. આ સાત નાથી ન શકાય અને વશ કરી ન શકાય તેવા આખલાઓ એક ઘરમાં રાખેલા છે. તેમને કોઈ સાચવતું નથી તેમ ત્યાં કોઈ ગાય પણ નથી અને તેમને મદ થાય તેવો ખોરાક આપેલો છે. તેથી તેઓ મદવાળા થઈ પરસ્પર લડ્યા કરે છે અને સદા ક્રોધી રહે છે. વીરો પણ તેમને વશ કરી શકે તેમ નથી. તેમને મારી શકાય તેમ નથી અને તેઓ બીજાને મારે છે. તેમણે ઘણા રાજપુત્રોના અંગોને ભાંગી નાખી તેમને હણ્યા છે. જો આપ આમને વશ કરી આમનો ઉદ્ધાર કરો તો આપ મારી કન્યાને વરો; કારણ કે જો આપ આમના ઉપર કૃપા કરી આમનો ઉદ્ધાર કરશો તો આપ મારી કન્યાનો અને તેના સમ્બન્ધીઓનો પણ ઉદ્ધાર કરવાના. આપ લક્ષ્મીના પતિ હોઈ સર્વ પ્રકારે યોગ્ય વર છો.''

એવું પણ સાંભળી ભગવાને તે ઘરમાં જઈ પોતાનાં સાત સ્વરૂપ કર્યાં. સાતે ભગવાન જ હતા. ભક્તિમાં વ્યસનો જ વિઘ્ન કરનારાં હોય છે અને વ્યસનો એક સ્વરૂપથી દૂર થઈ ન શકે. તેથી તેમને દૂર કરવા શ્રવણ કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વન્દન અને દાસ્ય એવાં સાત સાધનો કહેલાં છે. ભગવાનમાં પ્રેમ તો પહેલાં ત્રણ સાધનોથી જ થાય છે, તેથી બાકીનાં ચારથી વ્યસનો દૂર કરવાનાં ન હોય તો તેઓ નકામા જ થાય. સખ્ય અને આત્મનિવેદન તો ભગવાન પોતાના ધર્મોનું સ્થાપન કરવા કરાવે છે. તેથી પહેલાં સાત સાધનો કરી માણસ વ્યસનોનો મૂલ સાથે નાશ કરે છે એમ જણાવવા, ભગવાને પોતાનાં સાત

સ્વરૂપ કર્યાં. ભગવાનને અલૌકિક તો કરવું ન હતું. એકનાં ઘણા રૂપો તો ચિત્રમાં અને પુત્રોમાં પણ થાય છે, તેમાં કાંઈ અલૌકિક નથી. ભગવાને પોતાનાં સાત સ્વરૂપો કરી આખલાઓને રમતમાં જ નાથ્યાં. પહેલાં જે સાંકળોથી પણ બાંધેલ રહેતા નહિ, તેવા તે આખલાઓને ભગવાને દોરડાંથી જ બાંધ્યા અને જેમ બાલક બાંધેલા લાકડાના આખલાઓને ખેંચે તેમ મદરહિત અને બલવિનાના થયેલા તેમને ભગવાને રમતમાં જ ખેંચ્યા. રાજાનો ગર્વ પણ નાશ પામ્યો. ભગવાને આખલાઓને બાંધ્યા, વશ કર્યા અને બલવિનાના કર્યા તેથી તે આશ્ચર્ય પામ્યો, તેનું પણ પૂરું થયું તેથી પ્રસન્ન થયો અને તેણે પોતાની કન્યા ભગવાનને આપી. ભગવાને પોતાને યોગ્ય તે કન્યા સાથે વિધિપૂર્વક લગ્ન કર્યાં.

રાજાની પત્નીઓ પણ પુત્રીના પ્રિય પતિ શ્રીકૃષ્ણ થતાં ઘણો આનન્દ પામી અને ઓરમાયાપણું તજી તેમણે ઉત્સવ કર્યો. શંખ, નગારાં અને નોબતો વાગ્યાં. ગીતો, વાજીંત્રો અને બ્રાહ્મણોના આશિર્વાદોના અવાજો સંભળાયા. સ્ત્રી-પુરુષોએ આનન્દથી ઉત્તમ વસ્ત્રો, માલાઓ અને અલંકારો ધારણ કર્યાં. રાજાએ દશ હજાર ગાયો, ત્રણ હજાર સોનાની કંઠી અને ઉત્તમ વસ્ત્રો પહેરેલી દાસીઓ, નવ હજાર હાથીઓ, નેવું હજાર રથ, નવ લાખ ઘોડાઓ અને નેવું લાખ સૈનિકો પહેરામણીમાં આપ્યા. કન્યા લે તેણે પહેરામણી પણ લેવી જોઈએ. ભગવાનને તેની જરૂર તો ન હતી. પછી પ્રેમને લીધે કન્યા ઘેર ન રાખતાં રાજાએ દમ્પતીને રથમાં બેસાડી મોટા સૈન્ય સાથે વિદાય કર્યાં. પહેલાં યાદવોએ અને આખલાઓએ જેમના ગર્વનો નાશ કરેલો તેવા ઘણા ક્રોધી દ્વેષી રાજાઓ આ સાંભળી કન્યા લઈ પધારતા ભગવાનને રસ્તામાં રોકવા આવ્યા અને બાણો ફેંકવા લાગ્યા. જેમ સિંહ હલકા પ્રાણીઓને નસાડે તેમ ગાણ્ડીવધારી ભગવાનના ભક્ત અર્જુને તેમને ભગાડ્યા. આથી એમ સૂચવ્યું કે ભક્તિમાં ભગવાન અનુકૂલ હોય છતાં ભક્ત પણ અનુકૂલ હોવાની જરૂર છે. ભગવાન પહેરામણી સાથે દ્વારકા પધાર્યા. ભગવાન જેવા ભક્તિમાં રમણ કરે છે તેવા બીજે રમણ કરતા નથી. તેથી દ્વારકા આવી સત્યા સાથે તેમણે રમણ કર્યું. આમ રમણ કરવાનું કારણ ભક્ત ઉપરની ભગવાનની કૃપા જ છે.

**ભદ્રા તથા લક્ષ્મણા સાથે વિવાહઃ**

પછી ભગવાને પોતાની ફોઈ શ્રુતકીર્તિની કીર્તિરૂપ પુત્રી ભદ્રા સાથે વિવાહ કર્યો. આ કૈકેયના રાજાની પુત્રી હતી અને તેના ભાઈ સન્તર્દન વગેરેએ તેને ભગવાનને આપી હતી. વળી સર્વ ઉત્તમ લક્ષણોવાળી મદ્રના રાજાની પુત્રી લક્ષ્મણા સાથે ભગવાને વિવાહ કરેલો, તેનો સ્વયંવર થયેલો. જેમ ગરુડ એકલો અમૃત હરી ગયેલો તેમ ભગવાન એકલા સ્વયંવરમાંથી આ લક્ષ્મણાને હરી લાવેલા.

**શ્રીકૃષ્ણના બીજી સ્ત્રીઓ સાથે વિવાહઃ**

વળી ભૌમાસુરને હણીને તેના અન્તઃપુરમાંથી હજારો સુન્દર કન્યાઓ ભગવાન લઈ આવેલા. આ બધી(સોળ હજાર) શ્રીકૃષ્ણની પત્નીઓ હતી.

ગોપીઓ આ બધી કરતાં ઉત્તમ હતી, અપ્સરાઓ આ બધી કરતાં અધમ હતી.

તે બધી પોતાની મેળે ભગવાન પાસે આવેલી અને બધી ભગવાનની પત્નીઓ હતી. તે બધીઓને ભગવાને મુક્તિ આપી સર્વનો નિરોધ કર્યો.

**નરકાસુરનો વૃત્તાન્તઃ**

ભગવાનની પહેલાં ચાર મૂર્તિઓ હતી. એક તપ કરતી, બીજી પાલન કરતી, ત્રીજી ભોગ કરતી અને ચોથી શયન કરતી. આ ચાર કર્મ દરેક મૂર્તિ વારાફરતી કરતી. જે તપ કરતી, તે પછી પાલન કરતી. પાલન કરતી તે પછી ભોગ કરતી. ભોગ કરતી તે પછી શયન કરતી અને શયન કરતી તે પછી તપ કરતી. એક હજાર વર્ષ સુધી આ દરેક કાર્ય દરેક મૂર્તિ વારાફરતી કરતી. તેમાં એવી વ્યવસ્થા હતી કે જે તપ કરતી તે ઉઠે, ત્યારે જેઓ પોતાને માટે તપ કરતા તેમના ઉપર પ્રસન્ન થતી.

એકવાર ભૂમિ તપ કરતી હતી ત્યારે સન્ધ્યા સમયે ભગવાન (તપમાંથી) ઉઠ્યા અને તેને વરદાન માગવા કહ્યું. ભૂમિએ પુત્ર માગ્યો. તેને 'નરક' નામનો પુત્ર થયો, પણ કાલને લીધે (સન્ધ્યા સમયે માગેલ હોવાથી) તે અસુર થયો. ભૂમિએ વળી માગ્યું કે આને હણવો નહિ, ત્યારે ભગવાને કહ્યું કે તારી સમ્મતિ વિના એને નહિ હણું. વળી ભગવાને તેને 'નારાયણ' નામનું અસ્ત્ર આપ્યું અને કહ્યું કે જ્યાં સુધી આ અસ્ત્ર તેની પાસે હશે ત્યાં સુધી તેનું મૃત્યું નહિ થાય.

નરક અસુર હોવાથી મહાદેવનો ભક્ત થયો અને તેમની પાસેથી તેણે નારાયણ અસ્ત્રના સરખું ત્રિશૂલ મેળવ્યું. તે શિવનો ભક્ત હોવાથી ત્રિશૂલ તેણે રાખ્યું અને નારાયણ અસ્ત્ર પોતાના પુત્ર ભગદત્તને આપ્યું. તેથી તેને હણવા માટે માત્ર ભૂમિની સમ્મતિની જરૂર રહી. સત્યભામા ભૂમિરૂપ હતાં.

આ નરકાસુરે દિગ્વિજયમાં ઈન્દ્રને હરાવ્યો અને પોતાનો વિજય દર્શાવવા તેની પાસેથી ૧.રાજ્યનું ચિહ્ન છત્ર ૨.તેની માતા અદિતિના કુંડલો અને ૩.ભૂમિપરનું મેરૂપર્વત ઉપરનું સ્થાન પડાવી લીધાં. સ્વર્ગનું પણ તેનું સ્થાન લેવાની નરકાસુરની ઈચ્છા હતી. ઈન્દ્ર પણ અદિતિ અને કશ્યપનો પુત્ર હોવાથી વામનનો ભાઈ થાય, પણ વામનને ભાઈ કરતાં પુત્ર નરક ઉપર વધારે પ્રેમ હતો. તેથી નરકે અદિતિના કુંડલો લઈ પોતાની માતા ભૂમિને આપ્યાં તેમાં તેમણે તેને અટકાવ્યો નહિ. શ્રીકૃષ્ણનો અવતાર થયો ત્યારે બધાનું તેજ તેમનામાં આવતાં વામન ઉદાસીન થયા, ત્યારે ઈન્દ્રે નરકાસુર પોતાનું છત્ર વગેરે લઈ ગયેલ અને હવે સ્વર્ગનું સ્થાન પણ લઈ જવા ઈચ્છે છે એમ તેમને કહ્યું, કારણ કે નરકાસુર બીજા કોઈથી હણાય તેવો ન હતો.

**નરકાસુર ઉપર આક્રમણ અને મુરનો વધઃ**

તેથી શ્રીકૃષ્ણ સત્યભામાને સાથે લઈ ગરુડ ઉપર બેસી નરકાસુરના ધામ પ્રાગ્જ્યોતિષપુર પધાર્યા. આ આસામની પૂર્વે 'કામરૂપ' દેશ તરીકે પ્રસિદ્ધ છે. આ ધામને છ કિલ્લાઓ હતા. ૧.પર્વતોનો, ચારે તરફ પર્વતો હતા. ૨.શસ્ત્રોનો, ખડ્ગ વગેરે શસ્ત્રો અંદર જતાં અટકાવ કરતાં. ૩.જલની ખાઈઓને, ૪.અગ્નિનો, ૫.વાયુનો, ૬.પાંચ

પર્વવાળી અવિદ્યાના દેવ મુરના ઘોર બન્ધનોનો. અંદર જતાં એક પછી એક આવતા આ કિલ્લાઓ વધારે-વધારે બલવાન્ હતા. તેથી કોઈ અંદર જઈ શકતું નહિ. મુર તો આકાશમાર્ગે જતો. ચોથો પાંચમો અને છઠ્ઠો કિલ્લાઓ તો ઉપર (અન્તરિક્ષમાં) પણ હતા. ભગવાને ગદાથી પર્વતોનો કિલ્લો તોડી નાખ્યો, જેથી માણસો માટે પણ આ કિલ્લાની અંદર જવાનું સહેલું થાય. હાલ પણ તે જ માર્ગ છે. શસ્ત્રોના કિલ્લાને બાણોથી કાપી નાખ્યો. અગ્નિ, જલ અને વાયુના કિલ્લાઓનો ચક્રથી નાશ કર્યો અને મુરના બન્ધનોને પોતાની તલવાર નન્દકથી કાપી નાખ્યા. દૂરથી મારવાનાં સાધનરૂપ યન્ત્રોનો અને માણસોનાં હૃદય તથા ઉત્સાહ શક્તિનો પાંચજન્ય શંખના નાદથી નાશ કર્યો અને ગદાથી કિલ્લાની મોટી દિવાલના ભુક્કા કર્યા.

યુગના અન્તે થતા પ્રલયના અગ્નિથી પણ ભયંકર પાંચજન્યના નાદને સાંભળીને પાંચ માથાવાળો દૈત્ય મુર પોતાના મદને લીધે નિશ્ચિત થઈ જલમાં સૂતો હતો તે ઉભો થયો. તેના દેહની કાંતિ પ્રલય સમયના સૂર્ય અને અગ્નિના જેવી હતી, તેથી તેને કોઈ જોઈ જ શકતું ન હતું. તેણે ત્રિશૂલ ઉગામ્યું અને પોતાના પાંચ મુખોથી જાણે કે ત્રણે લોકને ગળવા જતો હોય તેવી રીતે, જેમ ગરુડ સામે સર્પ દોડી આવે તેમ દોડી આવ્યો. આથી એમ જણાય છે કે તે માત્ર દેખાવમાં જ ભયંકર હતો પણ યુદ્ધ કરતાં તેને આવડતું ન હતું, કારણ કે સર્પ તો ગરુડનો ખોરાક છે. તે અવિદ્યારૂપ હોઈ ભગવાનને તો જોઈ શકતો ન હતો, તેથી તેણે ત્રિશૂલ ફેરવીને ગરુડ ઉપર ફેંક્યું. મારું બળ ત્રિશૂલને લીધે નથી એમ ત્રિશૂલનો તિરસ્કાર કરતો હોય તેમ તેણે તરખલાં જેમે ફેંક્યું; અને અવિદ્યાથી મોહ ઉત્પન્ન કરવા પાંચ મુખોથી ગર્જના કરી. તેના અવાજે આકાશ, પૃથ્વી, સ્વર્ગ બધી દિશાઓ તથા મધ્ય પ્રદેશ ભરી દીધાં અને બ્રહ્માણ્ડનાં પડને તોડી તે બહાર ગયો. તે ત્રિશૂલ ગરુડ ઉપર આવતું હતું ત્યારે ભગવાને બે બાણોથી તેના ત્રણ કટકા કર્યા અને મુર અવાજથી લોકોને ભય ન પમાડે તે માટે તેનાં પાંચે મુખોને બાણોથી ભરી દીધાં. વધુમાં તેણે હૃદય તથા લલાટમાં બાણ માર્યાં. અપમાન થવાથી ઘણો ક્રોધ કરી મુરે ગદા ફેંકી. તે ગદા આવતી હતી તેના ભગવાને પોતાની કૌમોદકી ગદાથી હજારો કટકા કર્યા, ત્યારે તે હાથ ઉંચા કરી પકડવા આવ્યો, એટલે ભગવાને ચક્રવડે રમતમાં જ તેનાં બધાં માથાં ઉડાડી દીધાં. અવિદ્યાના પાંચે પર્વોનો નાશ થયો અને તે પણ ભગવાને શ્રમ વિના પોતાનાં પુરુષાતનથી જ કર્યો. મુરના પ્રાણ ગયા અને જેમ વજ્રથી કપાયેલ શિખરવાળો પર્વત પડે તેમ તે જલમાં પડ્યો. જલ રાક્ષસોને હણનારું હોવાથી તે ફરી ઉભો ન થાય તે માટે તેને પૃથ્વી ઉપર ન પાડતાં જલમાં પાડ્યો.

**મુરના ભાઈઓ તથા પીઠનો વધઃ**

મુર મરણ પામતાં તામ્ર, અન્તરિક્ષ વગેરે તેના સાત પુત્રોને પીઠ સેનાપતિ સાથે નરકે યુદ્ધ કરવા મોકલ્યા. કારણ કે પિતાના વધથી દુઃખી થઈ તે સાતે ક્રોધ કરી વેર વાળવા તત્પર થયા અને પિતાના વધને લીધે તેઓ પોતાથી અધિક યુદ્ધ કરશે એમ તેને લાગ્યું હતું. તેઓએ નજીક આવી દરેકે ભગવાન ઉપર બાણો, તલવારો, ગદા, શક્તિ, અર્ષ્ટિ અને

ત્રિશૂલો ફેંક્યાં. ભગવાને અગ્નિનાં બાણ, દુર્ગાની તલવાર, વાયુની ગદા, વરુણ વગેરેની અર્ષ્ટિ, માયાની શક્તિ અને શિવના ત્રિશૂલરૂપ તે બધાં શસ્ત્રોના પોતાનાં અસાધારણ બાણોથી તલતલ જેટલા કટકા કર્યા, કારણ કે અગ્નિ વગેરેને આ શસ્ત્રોમાં રહી હણવાનું સામર્થ્ય ભગવાને આપેલું હોવા છતાં, તે આ દેવોમાં જતાં નિષ્ફલ થયું, પણ ભગવાન પાસે સદા સફલ રહે છે. તે શસ્ત્રોના લોઢાના કટકા પણ ફરી ભેગા ગોઠવી ન શકાય તે માટે ભગવાને તેમના તલતલ જેટલા કટકા કર્યા; અને સેનાપતિ પીઠ તથા મુરના સાતે પુત્રોનાં માથાં, સાથળ, ભુજા, પગ અને કવચ ભેદી તેમને મારી નાખ્યા.

**નરકાસુરનો વધઃ**

મુરનો જય સેનાથી થતો. તે સેનાઓના સેનાપતિઓ હણાયા. અજ્ઞાન (મુર) અને તેનાં કાર્ય વ્યસનો (મુરના સાત પુત્રો)થી નરક પ્રાપ્ત થાય છે, એટલે તેમનો પરાજય થતાં નરકનો પણ પરાજય થયો, છતાં પણ લૌકિક સાધનોથી મારો જય થશે એમ માની, જ્ઞાનને ઢાંકી દેનાર ક્રોધ કરી મદ ઝરતા સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા હાથીઓ લઈ તે યુદ્ધ કરવા આવ્યો. ઐરાવત સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલો. આ પણ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી તેના જેટલો બલવાળો હતો. જેમ સૂર્યની ઉપર વિજળીવાળો મેઘ હોય તેવા ગરુડ ઉપર ભગવાનને સત્યભામા સાથે તેણે જોયા. આવાં અદ્‌ભુત ભગવાનનાં દર્શન થવા છતાં તેને સદ્‌બુદ્ધિ થઈ નહિ અને તેણે ભગવાન ઉપર શતઘ્ની, ચાર તાડ જેટલી લાંબી, લોઢાના ખીલા જડેલી, એક સો માણસોના પ્રાણ લે તેવી લાકડી ફેંકી, અને તેની સાથેના સૈનિકોએ પણ એક સાથે જ શતઘ્ની તથા બાણો ફેંક્યાં. ભગવાન ઉપર નરક વગેરએ શસ્ત્રો ફેંક્યાં ત્યારે ભગવાને પોતાના બાણોથી પહેલાં નરકના સૈનિકોના બાહુ, માથાં, સાથળ અને પગો કાપી નાખ્યા અને પછી પોતાની તરફ આવતાં પણ હજી આવી નહિ પહોંચેલાં તેમનાં દરેક શસ્ત્રને ત્રણ-ત્રણ બાણોથી કાપી નાખ્યાં. તે સમયે ગરુડ ભગવાનને લઈ ઘૂમતો હતો અને પોતાની પાંખોથી હાથીઓને હણતો હતો. ભગવાને પણ તે સૈન્યના અશ્વો તથા દૈત્યના અંશવાળા હાથીઓને મારી નાખ્યા અને સાધારણ દેવના અંશવાળા હાથીઓને બચાવ્યા. ગરુડે ચાંચ પાંખો તથા નખોથી જે હાથીઓ ઉપર પ્રહાર કરેલા, તે દુઃખી થઈ શહેરમાં ભાગી ગયા, ત્યારે નરકાસુર પોતે યુદ્ધ કરવા લાગ્યો.

નરકાસુરે ગરુડ ઉપર શક્તિનો પ્રહાર કર્યો. ગરુડ અમૃત હરી ગયો ત્યારે ઇન્દ્રે તેના ઉપર વજ્ર ફેંકેલું તે પણ નકામું ગયેલું. તો આ શક્તિ શા હિસાબની? જેમ માલાનો હાથી ઉપર પ્રહાર થાય તો તે થરથરે નહિ તેમ ગરુડ શક્તિના પ્રહારથી થરથર્યો નહિ, પણ જેમ અંકુશનો પ્રહાર થતાં હાથી જાગે અને સાવધાન થાય, તેમ ગરુડે પરાક્રમ દેખાડવા માંડ્યું. તેથી પોતાનો પ્રયાસ નિષ્ફલ થવાથી નરકાસુર શરમાયો અને મહાદેવે આપેલું ત્રિશૂલ ભગવાન ઉપર ફેંકવાનો તેણે વિચાર કર્યો. ભગવાને ત્રિશૂલનું માહાત્મ્ય પણ સાચવવું જોઈએ, તેથી તે હાથી ઉપર બેઠેલો નરકાસુર ત્રિશૂલ ફેંકે તેની પહેલાંની જ ક્ષણે પોતાનાં ચક્રથી તેનું માથું ભગવાને કાપી નાખ્યું. તેણે ત્રિશૂલ ફેંકવા પ્રયત્ન કરેલો હોવાથી તેનું માથું

કપાયું તે જ ક્ષણે તેના હાથમાંથી ત્રિશૂલ છૂટી ગયું. તે હાથી ઉપર બેઠેલ હોવાથી તેણે આચમન વગેરે કરેલ ન હોવાથી, તે ત્રિશૂલમાં મહાદેવ આવેલ ન હતા. કુંડલવાળું અને સુન્દર મુકુટરૂપ ભૂષણવાળું તે માથું પ્રકાશતું પૃથ્વી ઉપર પડ્યું. ભૂમિ તેનો તિરસ્કાર કરતી નહિ હોવાથી તેણે તેને સારી રીતે રાખ્યું, તેથી તે શોભવા લાગ્યું. ભૂમિનો પુત્ર તેને આપવામાં આવે તેમ ભગવાને તેને ભૂમિ ઉપર પાડેલું. આ ભૂમિ ભૂમિના અભિમાનવાળી દેવતા, ભગવાનની શક્તિ ઈલા નહિ. ઈલા આધિદૈવિકી છે અને સત્યભામા પણ આધિદૈવિક (ભૂમિ) છે. ભગવાન સત્યભામાને પોતાની સાથે પાંચ પ્રયોજનોથી લાવેલા. ૧.બલભદ્ર સાથે શક્તિનો વિભાગ થતાં, યોનિનો અંશ જુદો પડ્યો, તેથી શક્તિ સાથે રહેતાં ભગવાન પૂર્ણ થાય. ૨.સત્યભામાને પોતાનું માહાત્મ્ય દેખેડવું હતું. ૩.તેના કહેવાથી નરકાસુરને હણવો હતો. ૪.સત્યભામા શોકને સહન કરે તેવાં ન હતાં, પણ નરકના અન્તઃપુરમાં રહેલી સ્ત્રીઓને બલથી ભગવાન લઈ જાય તો તેમનું સામર્થ્ય જોવાથી શોક કબુલ રાખે અને ૫.પારિજાતને લઈ જવા.

દેવોએ નરકાસુર હણાતાં પુષ્પોની વૃષ્ટિ કરી ભગવાનનાં તે કાર્યનું અનુમોદન કર્યું અને ભગવાને નરકાસુરને પણ મોક્ષ આપ્યો તેથી તેમની પ્રશંસા કરી. પછી ભૂમિ ભગવાન પાસે આવી અને તેણે તેમને તપાવેલાં સુવર્ણ અને રત્ન જેવાં પ્રકાશતાં અદિતિનાં કુંડલો અને વૈજયન્તી માલા, સ્વર્ગનું છત્ર અને પાતાલનો મણિ તથા ત્રણ લોકમાં જે કાંઈ ઉત્તમ હતું અને તેનાં પુત્ર નરકે જે પ્રાપ્ત કરેલું તે સર્વ આપ્યું. વાસ્તવિક રીતે તો આ સર્વ ભગવાનનું જ હતું, કારણ કે ભૂમિ તેમની પત્ની અને નરકાસુર તેમનો પુત્ર હતો. પુત્રથી પિતા જુદા ન હોવાથી જ નરકાસુરે ભગવાન માટે જ સ્ત્રીઓનો સંગ્રહ કરેલો, એટલે બીજાના જનાનામાં રહેલી સ્ત્રીઓ સાથે ભગવાને વિવાહ કર્યો એવો દોષ પણ રહેતો નથી.

**ભૂમિએ કરેલી ભગવાનની સ્તુતિઃ**

પછી જેમ જલ નીચાણવાળી ભૂમિ તરફ જ વહે છે તેમ અડચણોનો અનાદર કરી ભક્તિથી નમ્ર થઈ તેણે સર્વ દેવોએ પૂજેલ વિશ્વના ઈશ્વર શ્રીકૃષ્ણની બે હાથ જોડી સ્તુતિ કરતાં કહ્યું ''દેવોના દેવ બ્રહ્મા વગેરેના આપ ઈશ્વર છો, પણ ભક્તોની ઈચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરો છો. આપ જીવ નથી પણ પરમાત્મા છો. આપને હું નમન કરું છું. ઉપાસનામાર્ગ પ્રમાણે તેમ કર્મમાર્ગ પ્રમાણે પણ આપ જ સેવા કરવા યોગ્ય છો. આપની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ પણ પૂર્ણ છે. જગત્ ઉત્પન્ન કરવા, તેનું રક્ષણ કરવા અને તેનો નાશ કરવા આપ રજસ્ સત્ત્વ અને તમો ગુણને અનુક્રમે ધારણ કરો છો. ગુણો બનેલી પ્રકૃતિ, તેમનો અધિષ્ઠાતા પુરુષ અને તેઓમાં ખળભળાટ કરનાર પુરુષ પણ આપ જ છો. આપ તે બધાથી પર પણ છો. હું પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, તન્માત્રાઓ, દેવો, મન, ઈન્દ્રિયો, અહપાર, મહત્તત્ત્વ વગેરે સર્વ સ્થાવર જંગમ સ્વરૂપથી આપ જ વિહાર કરો છો. આપ વિના બીજું કાંઈ છે જ નહિ. આપથી કોઈને જુદું જોવું એ ભ્રમ છે. આ નરકનો પુત્ર (ભગદત્ત) ભય પામી આપના ચરણમાં શરણ આવે છે. આપનો વિરોધ કરતો નથી.

આપ શરણ આવેલાનાં દુઃખો દૂર કરો છો તેથી આનું પાલન કરો. સર્વ પાપ હરનાર આપનું હસ્તકમલ આના શિરપર ધરો.''

ભૂમિએ એ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે નરકનો પુત્ર પણ દુષ્ટ હોવાથી હણવા યોગ્ય હોવા છતાં ભગવાને તેને હણ્યો નહિ અને તેને અભય આપ્યું. પછી નરકના સર્વ સમૃદ્ધિવાળા ઘરમાં ભગવાન પધાર્યા, કારણ કે તેણે પ્રાપ્ત કરેલું સર્વ ભગવાન ગ્રહણ ન કરે તો તેણે કરેલ લૂંટનો દોષ દૂર ન થાય. નરક પરાક્રમ કરી દશ હજાર તથા છ હજાર મળી સોળહજાર કન્યાઓ રાજાઓ પાસેથી લાવેલ. તેમાંની છ હજાર ઉત્તમ અપ્સરાઓ હતી અને દેવતાઓ હોઈ ક્રીડા કરવા મનુષ્યરૂપે જન્મેલી. તેમણે અષ્ટાવક્ર ઋષિની સ્તુતિ કરી પછી તેમની હાંસી કરેલી. તેથી ઋષિના કોપને લીધે આરંભમાં અને અન્તે દુઃખી થઈ. ભગવાન હરિ સર્વનું દુઃખ હરનાર હોવાથી તેમનું દુઃખ હરવા તેમણે તે સોળહજાર કન્યાઓને જોઈ. ભગવાન પધાર્યા ત્યારે તે ઉત્તમ નરરૂપ જોઈ તે બધી મનથી તેમને વરી. જેમ પિતા કન્યા વર પસંદ કરે તે માટે વરને કન્યા પાસે લાવે છે, તેમ દૈવે આ વર લાવી આપ્યા એમ તેમણે માન્યું. તે દરેકે ઈચ્છ્યું કે આ શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ અને પિતાસ્થાને રહેલા પ્રજાપતિ તેનું અનુમોદન કરો. શરીર ભગવાનનું બનાવવાની તેમની શક્તિ નહિ હોવાથી તે કાર્ય ભગવાને કર્યું. તેમણે સારી રીતે ધોયેલાં સ્વચ્છ વસ્ત્રોવાળી તે બધી કન્યાઓને પાલખીમાં બેસાડી દ્વારકા મોકલી અને નરકનો મોટો ખજાનો, અશ્વો, રથો પણ દ્વારકા મોકલ્યા; કારણ કે ઘણું ધન હલકા પુરુષને ત્યાં રાખેલ હોય તો તે તેને ઘણું દુઃખ ઉત્પન્ન કરે છે. વળી ઐરાવતના કુલમાં ઉત્પન્ન થયેલા, ચાર દન્તશૂળવાળા, ઝડપવાળા ચોસઠ હાથીઓ અને ઉચ્ચૈઃશ્રવા અશ્વના કુળમાં ઉત્પન્ન થયેલા શ્વેત અને બીજા અશ્વો પણ દ્વારકા મોકલ્યા. નરક મહાદેવનો ભક્ત હોવાથી તેમના વરદાનથી. આ બધું તેને પ્રાપ્ત થયેલ, છતાં આ બધું દ્વારકા મોકલવાથી મહાદેવ ક્રોધ કરે તેવો ભગવાનને ભય ન હતો, કારણ કે ભગવાન કેશવ એટલે બ્રહ્મા અને મહાદેવે પણ સેવા કરવા યોગ્ય છે.

**પારિજાતહરણ અને ઈન્દ્રનો પરાભવઃ**

પછી ભગવાન સ્વર્ગમાં પધાર્યા અને ત્યાં અદિતિને તેના કુંડલો આપ્યાં અને ઈન્દ્રને પણ તેનું છત્ર વગેરે આપ્યાં. પછી ઈન્દ્ર તથા ઈન્દ્રાણીએ ભગવાન તથા સત્યભામાની પૂજા કરી. સત્યભામા ભગવાનને પ્રિય હોવાથી તેની પણ ભગવાનને પ્રસન્ન કરવા પૂજા કરી. પછી ઈન્દ્રાણી સાથે વાત કરતાં સત્યભામાએ પારિજાતનું ફૂલ લેવાની ઈચ્છા જણાવી ત્યારે, સત્યભામા મનુષ્ય હોઈ હલકી હોવાથી તે પુષ્પ તેનાથી ન રખાય એવું ઈન્દ્રાણીએ કહ્યું. એ વચન સત્યભામાથી સહન થયું નહિ. તેથી તેણે ભગવાન પાસે તે માગ્યું. ભગવાન હોય ત્યાં સુધી નરકના ઘરની જેમે સ્વર્ગમાં પણ ઉત્તમ પદાર્થ રહે તે યોગ્ય નહિ હોવાથી, ભગવાન સત્યભામા સાથે ગરુડ ઉપર બેસી પારિજાતનાં વૃક્ષ પાસે પધાર્યા. અને તેને ઉખેડી ગરુડ ઉપર મૂકી ભૂમિ ઉપર લાવ્યા. સેવકોએ સ્વામીની લીલાને અનુસરીને જ પોત–પોતાનું કાર્ય કરવું જોઈએ એ સિદ્ધાન્ત નહિ જાણનાર ઈન્દ્ર વગેરે દેવોએ માન્યું કે

અમને આપેલું વૃક્ષ શ્રીકૃષ્ણ લઈ જાય છે અને તેથી તેઓ ભેગા થઈ યુદ્ધ કરવા આવ્યા. તે બધાને હરાવી ભગવાન તે વૃક્ષ દ્વારકા લાવ્યા અને સત્યભામાના ઘર અને ઉદ્યાનની વચ્ચે તે બન્નેને શોભાવનાર તે વૃક્ષ રોપ્યું. તેનાં પુષ્પોના રસ અને ગન્ધના લોભથી ભ્રમરો સ્વર્ગનો પણ ત્યાગ કરી ત્યાં આવ્યા. 'ભ્રમર' એ નામ પ્રમાણે તેઓને ભ્રમ અને મરણ થાય અને સ્વર્ગમાં તો ભ્રમ અને મરણ હોય જ નહિ; છતાં તેઓ આ વૃક્ષનાં પુષ્પો માટે સ્વર્ગમાંથી તેની સાથે આવ્યા, એવાં ઉત્તમ તેનાં પુષ્પો છે. ઈન્દ્રને શ્રીકૃષ્ણ પાસેથી કાર્ય સાધવું હતું ત્યારે મુકુટની ટોચથી શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ કરી તે તેમની પ્રાર્થના કરતો હતો. પછી શ્રીકૃષ્ણે તેનું છત્ર, અદિતિના કુંડલો વગેરે લાવી આપ્યાં અને તેનું કામ પાર પડ્યું એટલે તેણે પારિજાત વૃક્ષ માટે તેમની સાથે યુદ્ધ કરવા માંડ્યું. શ્રીકૃષ્ણ મોટા છે એમ તે જાણતો હતો. તેમણે નરકને તથા મુર વગેરેને હણ્યા એ તેમનું પરાક્રમ તેણે જોયું અને પોતે મોટો સમજી શકે તેવો દેવ હોવા છતાં તેણે તેમની સાથે યુદ્ધ કર્યું. દેવો સાત્ત્વિક હોય છે, જ્ઞાનવાળા હોય છે, છતાં તેમનામાં પણ આવું અજ્ઞાન જોવામાં આવે છે, તેનું કારણ સમ્પત્તિ જ છે. ધન-સમ્પત્તિ રોકી ન શકાય તેવું અજ્ઞાનનું મૂલ છે. તેના જેવું અજ્ઞાન કરનારું બીજું કોઈ નથી.

**શ્રીકૃષ્ણની તેમની પત્નીઓથી થતી સેવાઃ**

પછી જુદાં-જુદાં ઘરોમાં નરકના જનાનામાંથી લાવેલી કન્યાઓને એક જ મુહૂર્તમાં કન્યાઓ જેટલાં પોતાનાં સ્વરૂપો કરી શ્રીકૃષ્ણ વિધિ પ્રમાણે એક સાથે પરણ્યા કે જેથી સરખી કામનાવાળી તે બધીને સરખું જ ફલ પ્રાપ્ત થાય. તેમના ઘરોમાં ભગવાન નિત્ય રહે છે. તેમની સાથે તેઓ રહી ત્યાં સુધી ભગવાન નિત્ય રમણ કરતા. ભગવાન પોતાનાં ઘણાં સ્વરૂપ કરે છે, તેથી કોઈ સ્વરૂપથી દ્વારકા બહાર પણ પધારે, પણ આમના ઘરોમાં તો સદા રમણ કરતા, બીજું કાંઈ કાર્ય ન કરતા. તેથી શાલ્વે દ્વારકા ઉપર ચઢાઈ કરી, ત્યારે પણ ભગવાન અહીં રમણ કરતા હતા તેમણે તેની સાથે યુદ્ધ કરેલું નહિ. સ્વર્ગમાં પણ આ મહારાણીઓનાં ઘર જેવું ઘર ન હતું, તેનાથી વધારે સારું તો ક્યાંથી જ હોય? આ ઘરોમાં ભગવાન સદા સ્થિર રહેતા. અસ્થિરપણું હોય તો કામમાં વિઘ્ન થાય. વળી લક્ષ્મી પોતે આ બધી મહારાણીઓમાં પ્રવેશ કરી રહેલી; તેથી જેટલાં ભગવાનનાં સ્વરૂપ હતાં તેટલાં સ્વરૂપ કરી લક્ષ્મીએ બધી મહારાણીઓમાં પ્રવેશ કરેલો. આ ઘરોમાં ભગવાન ગૃહસ્થના શ્રૌત તથા સ્માર્ત ધર્મો આચરતાં, નિત્ય મહારાણીઓ સાથે રમણ કરતા. ભગવાન લક્ષ્મીના જ પતિ છે તે આ બધી મહારાણીઓના પતિ થયા. પહેલાં આ મહારાણીઓ નરકાસુરના બન્ધનમાં હતી. હવે સદા વધતા જતા આનન્દથી તેઓ ભગવાનની સેવા કરવા લાગી. બ્રહ્મા વગેરે દેવો પણ ભગવાનના માર્ગને જ જાણતા નથી, તો તેમની સેવા કેવી રીતે કરવાના હતા? તે સેવા આ સ્ત્રીઓ આનન્દથી કરતી...

ભગવાનને દૂરથી પધારતા જોઈ, આ પત્નીઓ ગમે તેવી સ્થિતિમાં હોય તો પણ ઉભી થઈ તેમના સામે જતી. ભગવાનને આસન આપતી, વરના કરવા યોગ્ય ઉપચારો

તેમની આજ્ઞા પ્રમાણે કરતી. તેમના ચરણ ધોતી. તામ્બૂલ આપતી. ચરણ ચાંપી થાક ઉતરાવતી. પંખા વગેરેથી પવન નાખતી. સુગન્ધી પદાર્થો માલાઓ વગેરે આપતી. પોતાની ઈચ્છાથી ભગવાન બેસે ત્યારે માલાઓ વગેરે ગૂંથવા કેશ ઓળતી. શયન કરાવતી. કામ તૃપ્ત થતાં નવરાવતી. અને પછી જમાડતી.

આ પત્નીઓને સેંકડો દાસીઓ હતી. તેમની પાસેથી કેળવણી લઈ પોતે જ ભગવાનનું દાસ્ય કરતી. ભગવાન જ્યારે જે અંશથી તિરોહિત જેવા થાય, ત્યારે આ સ્ત્રીઓને માન થતું અને તેમનું માન ભગવાન દૂર કરતા. રુક્મિણી મુખ્ય હોવાથી ભગવાને તેનું માન દૂર કેવી રીતે કર્યું તે હવે કહેવામાં આવે છે. તેની જેમ જ બીજી બધી પત્નીઓનું માન ભગવાન દૂર કરતા એમ સમજવું.

**રુક્મિણીનો ગર્વઃ**

કોઈ એક વાર રાત્રે સભામાંથી ઉઠી ભગવાન રુક્મિણીના ઘેર પધાર્યા. ત્યારે ઉભા થઈ સામા આવવું વગેરે પાછળ જણાવેલ છ સેવાઓ કરી રુક્મિણીએ તેમને પોતાના પલંગ પર વિશ્રામ કરાવ્યો. તેણે પોતાને ન ગમતું દીનપણું દર્શાવ્યુ નહિ. ભગવાન તો જગતના ગુરુ છે. ભ્રમથી બુદ્ધિ બગડે તો સુધારવાનું ગરુનું કામ જ છે. રુક્મિણી પોતે ઉત્તમ છે એમ માની અભિમાનથી સખીઓને પાસે રાખીને જ ભગવાનને પંખાથી પવન કરવા લાગી. ભગવાન ઉત્પન્ન કરનાર, રક્ષણ કરનાર અને પ્રલય પણ કરનારા છે. તેથી રુક્મિણીના હર્ષનો નાશ કરવો એ પણ તેમનું કાર્ય છે. પોતે કરેલી મર્યાદાનું રક્ષણ કરવા જ તેમણે અવતાર લીધો છે, નહિ તો જન્મરહિત ભગવાન યાદવોમાં જન્મ ન લેત. વળી ઉત્પત્તિ વગેરે કરવામાં તેમને કાંઈ સાધનની જરૂર પણ નથી, પણ રમતમાં જ કરે છે. તેથી પોતે સ્વભાવને પણ ફેરવી નાખવા પધારેલા હોવાથી જે કાર્ય માટે પધારેલા છે તે કાર્ય કરે જ.

દેશને લીધે ભગવાન તેનું માન ઉતારતા નથી, કારણ કે રુક્મિણીનું ભુવન કામ માટે યોગ્ય હતું. ઘરમાં એકાન્ત હતું અને તે કામનું જ સ્થાન હતું, ક્રોધનું સ્થાન ન હતું. પ્રકાશતી લટકાવેલી મોતીની માળાઓવાળા ચંદરવાઓથી, મણિમય દીપોથી અને મોગરાની માલાઓથી તે શોભતું હતું. શૃનારરસનો અનુભવ કરાવનાર ભ્રમરાઓનો ગુંજાર ત્યાં થતો. જાળીઆનાં છિદ્રોમાંથી તેમાં આવતાં ચન્દ્રના સ્વચ્છ કિરણો કામને જાગ્રત કરતાં હતાં. પહેલાં ભગવાન પારિજાત વૃક્ષ લાવેલા, તેના ફણગા સર્વત્ર રોપેલા તે વન જેવા તે ભુવનની ચારે તરફ થયેલા. તેમની સુગન્ધવાળો અને વાવો તથા ઝરાઓનાં જલથી ઠંડો થયેલ મંદ વાયુ તેમાં આવતો હતો. જાળીઆનાં છિદ્રોમાંથી અગરનો ધૂમાડો બહાર નીકળતો હતો. આવા કામનાં ધામરૂપ ભુવનમાં દૂધના ફીણ જેવા શ્વેત અને ચાદરને લીધે શોભતા હીરા જડેલ હાથીદાંતના પલંગ ઉપર સુખથી બિરાજેલા પતિ ઈશ્વરની રુક્મિણી સેવા કરતી હતી. આ ભુવનની સામગ્રી રુક્મિણીના સુખ માટે ઘણા ભાગે તેના પિતાએ આપેલી હોવાથી તેને અભિમાન થયું. પહેલાં રુક્મિણીની સખીના હાથમાં પંખો હતો. ભગવાને (રસભોગમાં) વિલમ્બ કરતાં રત્નના હાથાવાળો પંખો રુક્મિણીએ પોતે તેના

હાથમાંથી લઈ લીધો અને ઈશ્વર સેવાથી પ્રસન્ન થતા હોવાથી પોતે જ પવન નાખી સેવા કરવા લાગી...

આમ છતાં ભગવાનમાં રસ ઉત્પન્ન થયો નહિ, કારણ કે ભગવાન કામરસનો અનુભવ કરવા પધાર્યા નથી, પરન્તુ ધર્મનું રક્ષણ કરવા અને ભક્તોનો નિરોધ કરવા પધાર્યા છે. ભગવાને લીલા માટે મનુષ્યનું રૂપ ધારણ કરેલું છે અને રુક્મિણીમાં પણ તેમને યોગ્ય રૂપ હતું. વળી તે પોતાના ગુણોથી પ્રસિદ્ધ હતી અને ભક્ત હતી. તેથી ભગવાન તેના ગુણોથી પ્રસન્ન થઈ એવા વિચારથી હસ્યા કે ''આવા ગુણવાળીમાં ગર્વ યોગ્ય નથી, આના બધા ગુણો ગર્વમાં જ સમાઈ ગયા છે.'' ભગવાન હસતાં રુક્મિણીને આનન્દ થયો અને તેના કેશ કુંડલો અને પદકવાળા કંઠને લીધે સુંદર મુખ ઉપર હાસ્યરૂપ અમૃત ઉછળી આવ્યું. હાસ્ય મહાદેવે બાળી નાખેલ કામને પણ જીવતો કરનારું હોઈ અમૃતજ હતું.

**રુક્મિણીનો ગર્વ ઉતારવા ભગવાને કહેલાં વચનોઃ**

તેનો ગર્વ દૂર કરવા ભગવાને તેને કહ્યું કે ''હે ઉત્તમ જાતિ અને કુલમાં ઉત્પન્ન થયેલી રાજપુત્રિ! તું સુન્દર હોવાથી રાજાઓ પણ તને ઈચ્છતા હતા. આ તારી ઈચ્છા કરનાર રાજાઓ પણ લોકપાલના જેવી પદવીવાળાં, શ્રીમંત અને રૂપ ઉદારતા તથા બલમાં ઉત્તમ છે. એટલે તેવા રાજાઓ કરતાં પણ તારી સરસાઈ અધિક છે. તે રાજાઓ તારી ઈચ્છાથી કુંડિનપુર આવેલા અને બધા તારી ઈચ્છા કરતા હોવાથી તારે વિચારીને વર પંસદ કરવાનો હતો. તેમાં શિશુપાલ વગેરે પ્રસિદ્ધ રાજાઓ પણ હતા અને તેઓ પણ દેશ કાલ વગેરેની દરકાર કર્યા વિના કામથી ગાંડાતુર બની તારું હિત કરવા આવેલા. વળી તારા ભાઈએ તારા પિતાની સમ્મતિથી તને તેને આપેલી હોવાથી, તું તેને વરે તેમાં લોક અથવા શાસ્ત્રનો વિરોધ પણ ન હતો. વિવાહ આ લોકમાં હિત થાય તે માટે કરવામાં આવે છે અને તારું આ લોકનું હિત તે રાજાથી જ થાય તેમ હતું. છતાં તેમને તજી તેં અમને શા માટે પસંદ કર્યા? રાજાઓ તારી સમાન છે, તેવો હું તારી સમાન નથી, તેમ જ રાજાઓની સમાન નથી. તેમ મારા સમ્બન્ધીઓ પણ તારી અથવા રાજાઓની સમાન નથી. મારી તારામાં આસક્તિ પણ નથી. તેમ લૌકિક સુખ મારાથી તને પ્રાપ્ત થાય તેમ નથી અને વિવાહના વિષયમાં અલૌકિકનો સમ્ભવ નથી. છતાં તેં અમને કેમ પસંદ કર્યા?

તારી ઈચ્છાથી તેં મને પસંદ કર્યો હોય તો પણ તું રાજકન્યા હોવાથી તારે રાજા અથવા રાજા જેવો રાજાનો મિત્ર અથવા પોતાના દેશના ખંડીયા રાજાને પસંદ કરવો જોઈએ, પણ મારા જેવો દોષવાળો વિવાહ કરવા યોગ્ય નથી. ૧.અમે યાદવો તો જરાસન્ધ વગેરે રાજાઓથી ભય પામીએ છીએ અને ભયભીત થયેલા તને સુખ ન જ આપી શકીએ. ૨.અમે સમુદ્રને શરણ ગયા છીએ. બીજાને શરણ ગયેલ હોય તે સ્વતન્ત્ર ન હોય અને સ્વતન્ત્ર ન હોય તે સુખ કેમ આપી શકે? ૩.વળી અમે બલવાનો સાથે વેર કરેલું છે. વેરમાત્ર કરવું ન જોઈએ, તેમાં બલવાન સાથે જેને વેર હોય તેને સુખ ક્યાંથી હોય? ઘણા સાથે વેર કરવું પણ યોગ્ય નથી, કારણ કે તેમ કરવાથી સર્વ તરફથી ભય હોવાથી સુખ થતું નથી.

૪.વળી અમે યયાતિના શાપને લીધે રાજ્ય તજેલું છે. સહસ્રાર્જુન જેવા કોઈક જ યયાતિના વંશજે રાજ્ય કરેલું છે. અમે રાજ્ય તજેલું હોવાથી લોકમાં પણ અમે હલકા ગણાઈએ. તેથી મારા જેવા દોષવાળા સાથે વિચાર કર્યા વિના મોહથી વિવાહ કરવાથી દુઃખ થાય. અલૌકિક દૃષ્ટિથી આ દૂષણો તું દૂર કરે તો પણ અલૌકિક વ્યવહારની તને ખબર નથી. અલૌકિક પુરુષોનો માર્ગ અસ્પષ્ટ હોય છે, તે તારાથી જાણી શકાય નહિ. જે જાણી ન શકાય તે પ્રમાણે વ્યવહાર કરી શકાય નહિ. અલૌકિક પુરુષો લોકમાં રહેવા છતાં અલૌકિક પુરુષોના માર્ગનો જ આશ્રય કરે છે. તેમનો લૌકિક વ્યવહાર પર અલૌકિક જ છે. ક્ષણે-ક્ષણે માર્ગ બદલનારા તેવા પુરુષોનો આશ્રય કરનારી સ્ત્રીઓ ઘણા ભાગે દુઃખી જ થાય છે. જો તેઓ પણ તેમનામાં આસક્તિ રાખી તેમના જેવી જ થાય તો જ દુઃખી થતી નથી.

વળી સ્ત્રીઓને ધનવાનો જ પ્રિય હોય છે અને અમે તો નિષ્કિઞ્ચન છીએ. મારા ભક્તો પણ નિષ્કિઞ્ચન છે. મને પણ નિષ્કિઞ્ચનો જ પ્રિય છે. તેથી ધનવાનો ઘણા ભાગે મને ભજતા નથી, કારણ કે મને ભજે તો તેમનાં ધનનો નાશ થવાનો જ સમ્ભવ છે. ૧.મારામાં પ્રેમ રાખે અને બધું ધન મારા ઉપયોગમાં લાવે, તો પણ નિર્ધન થાય અને ૨.જો મારું માહાત્મ્ય જાણી હૃદયથી જ મારું ભજન કરે તો પણ તે મને પ્રિય હોવાથી, તે મારો પ્રિય થાય તે માટે જ હું જ તેને નિર્ધન કરું છું. તેથી બન્ને પ્રકારે લોકમાં પ્રતિષ્ઠા કરાવનારું ધનવાનપણું ગુમાવવું પડતું હોવાથી, ધનવાનો મને ભજતા નથી. ધનવાનપણું તારું તો સ્વરૂપ જ છે, તેથી નિર્ધનના ઘરમાં રહેવાથી તારા તો સ્વરૂપનો જ નાશ થાય. તું નિર્ધનના ઘરમાં રહી શકે તેવી નથી, કારણ કે કામ કરવાની તારામાં શક્તિ નથી અને ત્યાં તને ભોગ પ્રાપ્ત થાય નહિ. તેથી જ જેનાં ધન, જન્મ, ઐશ્વર્ય, આકૃતિ અને ભવ એટલે ઉત્પત્તિ પોતાની સમાન હોય તે બેના જ વિવાહ અને મૈત્રી યોગ્ય ગણાય. ૧.રાજાના જેટલું ધન બીજા પાસે ન હોય, તેથી આપણાં ધન સરખાં નથી. ૨.યાદવો રાજા જેવા કુલીન નથી એ લોકમાં પ્રસિદ્ધ હોવાથી આપણા 'જન્મ' પણ સરખા નથી. ૩.હું ગૌર નથી, તેથી આપણી આકૃતિ પણ સરખી નથી. ૪.મારે રાજ્ય નહિ હોવાથી જ ઐશ્વર્યમાં પણ આપણે સરખા નથી અને ૫.ઉત્પત્તિમાં પણ સરખાં નથી. આવાં સ્ત્રી પુરુષનો દૈવથી વિવાહ થાય તો પણ મૈત્રી ટકતી નથી. તેથી ઉત્તમ સ્ત્રી અને અધમ પુરુષના વિવાહ યોગ્ય નથી. આ જાણ્યા વિના ટૂંકી બુદ્ધિથી તેં મને પસંદ કરેલો. અજ્ઞાનથી કરેલું ન કરેલો બરાબર જ છે. બીજાઓ મારી પ્રશંસા કરી હશે એટલે ઉપર-ઉપરથી મને ઉત્તમ માની, મારો અલૌકિક માર્ગ જાણ્યા વિના, મારાથી લૌકિક સુખ મળશે એમ માની તેં મને પસંદ કર્યો એ તારી ટૂંકી બુદ્ધિ. વાસ્તવિક રીતે પણ હું તો સર્વ સંસારનું નિવારણ કરનારો છું, સંસાર આપનાર (કરાવનારો) નથી. એટલે આ લોકના સુખ માટે તેં મને પસંદ કર્યો એ તારી ટૂંકી બુદ્ધિ જ છે. ગુણવાળો હોય તેનાથી જ સંસાર ચાલે, પણ હું તો ગુણહીન (નિર્ગુણ) છું. નારદ વગેરે ભિખારીઓએ હું અનન્ત ગુણોથી ભરેલો છું એમ મારી પ્રશંસા તારી પાસે કરી હશે, પણ તેઓ બીજાનું (ભીખ આપનારનું) ભલું અથવા બૂરૂં કેમ થાય એવા વસ્તુનાં સ્વરૂપને

જાણતા નથી અને માત્ર પોતાનાં કાર્યનો જ વિચાર કરે છે. જો બીજાનું ભલું ઈચ્છતા હોય તો ભીખ જ ન માગત. ''લોક ખરેખર સ્વાર્થમાં રચ્યા–પચ્યા રહેનાર છે અને બીજાનું સંકટ જાણતા નથી. જો જાણતા હોય તો ભીખ ન માગે'' એવો ભિખારીઓનો સામાન્ય દોષ છે. તેઓ પણ મારી પ્રશંસા નકામી જ કરે છે, કારણ કે તેમને તેમના પોતાનાં આચરણથી જ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે એટલે મોક્ષ માટે પણ મારા દાનની જરૂર નથી. મોટા ભક્તોને તો મારી જરાએ જરૂર નથી. તેથી પોતાને તેમ કરવામાં આનન્દ આવતો હોવાથી તેઓ નકામી જ મારી પ્રશંસા કરે છે. જેઓને સંસારની ઈચ્છા છે, તેમણે તે માનવું ન જોઈએ. તેથી તારી મેળે અથવા બીજા દ્વારા તે પ્રશંસાનો અભિપ્રાય જાણ્યા વિના, તને ભ્રમ થવાથી તેં અજ્ઞાનથી જ મને પસંદ કરેલો.

તેથી હે વૈદર્ભિ! તું તારા પિતાના ઘેર જા અને ત્યાં પહેલાંની જેમે સ્વયંવર કરી સંસારમાં જ આસક્તિવાળો તને યોગ્ય વર પસંદ કર. ''સ્ત્રીઓ માત્ર સંસારમાં જ પ્રેમવાળી હોવાથી તેમની મુક્તિ થતી નથી'' એવી મર્યાદા છે. વળી સ્ત્રી પતિ સાથે ગાઢ સમ્બન્ધ પ્રાપ્ત કરે છે. પતિ સમાન હોય તો આ સર્વ થઈ શકે, નહિ તો થઈ ન શકે અને કાં તો પતિનો અથવા સ્ત્રીનો નાશ થાય. કોઈ ઉત્તમ ક્ષત્રિયને તું વરજે, ટલે કોઈ નિંદા નહિ કરે. ક્ષત્રિયો બહિર્મુખ જ હોય છે અને તેથી નિર્દય થઈ બીજાઓની હત્યા કરે છે, (એટલે આ લોકનું સુખ આપી શકશે.) તેમને તને પરણવાની ઈચ્છા તો છે જ. તને તેમનાથી જ પ્રવાહમાં નિત્ય રહેલા વિષયો પ્રાપ્ત થશે, બીજાઓથી પ્રાપ્ત નહિ થાય. માત્ર સંસારમાં જ પ્રીતિવાળા ઉત્તમ ક્ષત્રિયને વરવાથી જ તને આ લોકનું ફલ પ્રાપ્ત થશે. વળી તું માયારૂપ છે અને કપટ તેવા ક્ષત્રિયમાં જ સફલ થશે.

હું સર્વજ્ઞ હોવાથી આ સર્વ જાણતો હોવા છતાં મારા ઉપર વેર રાખનારાઓના અહપારને દૂર કરવા અને તે દુષ્ટોના તેજને હરવા હું તને લાવેલો. શિશુપાલ–દંતવક્ર સનક વગેરેના શાપને લીધે મારા ઉપર વેર રાખે છે. શાલ્વ અને જરાસન્ધ બીજા દેવની ઉપાસના કરનારા હોઈ બહિર્મુખ રહે છે. એવા બીજાઓ પણ મારા ઉપર વેર રાખનારા છે. શિશુપાલ વગેરે મારા સમ્બન્ધીઓ હોવા છતાં મારા ઉપર વેર રાખે છે, તારો મોટો ભાઈ રુક્મી પણ મારા ઉપર વેર રાખે છે. તેઓ વીર્યના મદથી આંધળા થયેલા છે. જેમ આંધળો નજીકમાં રહેલા ખાડાને પણ જોતો નથી અને તેમાં પડે છે જ, તેવી રીતે તેઓ વૈષ્ણવ અગ્નિમાં પડતાં તેમને મેં અટકાવ્યા છે. વળી તેઓ હૃદય વિનાના છે. તેઓને નથી કાંઈ પ્રમાણ કે નથી કાંઈ વિચાર. તેમના અહપારને દૂર કરવા અને જીવતાં સુધી ફરી હિંમતવાળા થઈ લડવા ન આવે તે માટે તેમના તેજને હરવા હું તને લાવેલો, પણ મને તારી કાંઈ જરૂર નથી.

સ્ત્રી, પુત્ર અને ધન એ ત્રણની કામના જોવામાં આવે છે. જેમના અન્તઃકરણમાં આ ત્રણથી દૂર થાય તેવો રોગ હોય તેમને તે ત્રણની જરૂર પડે. હું તો પૂર્ણ આનન્દવાળો હોઈ મારામાં દોષ ન હોવાથી મારે એ ત્રણ પૈકી કોઈની જરૂર નથી. તેમજ એમાંથી કોઈ માટે મને દ્વેષ નહિ હોવાથી તેમને તજવાની પણ મારે જરૂર નથી. તેથી હું એ ત્રણે પ્રતિ

ખરેખર ઉદાસીન જ છું. મારી સાથેનો સમ્બન્ધ એક (જીવ રુક્મિણી)ની ઈચ્છાથી થયો છે, પણ કાર્ય (સન્તાન પ્રાપ્તિ) બન્નેની ઈચ્છાને અધીન હોવાથી હું ઈચ્છા પૂરી પાડું ત્યારે થાય અને ભિખારીઓની ઈચ્છાની જેમે સદા ઈચ્છા પૂરી પાડવાનું બનતું નથી. તેથી સંસારની સદા ઈચ્છા રાખનારે મારા સિવાય બીજે જવું યોગ્ય છે. જેમ આત્માની પ્રાપ્તિ જેમને થઈ હોય તેઓને સ્ત્રી વગેરેની ઈચ્છા હોતી નથી તેમ મને પણ તેવી ઈચ્છા નથી, કારણ કે હું આત્મા જ હોવાથી મને આત્મા નિત્ય પ્રાપ્ત થયેલો હોવાથી હું સદા પૂર્ણ જ છું. ક્રીડા માટે પણ મારે તે કોઈની જરૂર નથી, કારણ કે ઘરમાં પ્રકાશતાં તેજ જેમે હું ક્રિયા વિનાનો છું. પ્રકાશતું અથવા ન પ્રકાશતું તેજ કોઈક નિમિત્તથી પોતે જેના સમ્બન્ધમાં આવે તેનો પ્રકાશ કરે છે અને તેના જ દોષનો નાશ કરે છે, પરન્તુ તેને કોઈ પદાર્થની જરૂર હોતી નથી. ઘરમાં પ્રકાશતાં તેજ જેવું જ દેહમાં પ્રકાશતું તેજ છે. તેજની જેમે મારો આવિર્ભાવ થાય છે. તેથી મારામાં વિકારરૂપ ક્રિયા નહિ હોવાથી મારે કોઈની જરૂર નથી અને મારી પાસેથી ફલ ચોક્કસ મળે તેમ નહિ હોવાથી તારે ફલની જરૂર હોય તો બીજાને અનુસરવું''. ભગવાનને ઘણી પત્નીઓ હતી તેથી પુત્રોત્પત્તિ વગેરે રુક્મિણી વિના પણ થાય તેમ હતું. છતાં ભગવાન તેનાથી વિખૂટા પડતા નહિ, તેથી ''એક જ સ્ત્રી જેને હોય તેને જેવી પ્રિય હોય તેવી હું ભગવાનને પ્રિય છું.'' એમ રુક્મિણી માનતી. તેથી જેમ શિશુપાલનો મદ દૂર કરવા ભગવાન તેને લાવેલા, તેમ તેનો મદ દૂર કરવા ભગવાને તેની સાથે પોતાને સમ્બન્ધ ન હોવાનું ઉપર પ્રમાણે કહ્યું, કારણ કે જેમની સાથેના સમ્બન્ધથી મદ થાય તેવા સાથે જ્યાં સુધી સમ્બન્ધ હોય ત્યાં સુધી મદ દૂર થાય નહિ. તેથી તેને એ પ્રમાણે કહી ભગવાન બોલતા બંધ થયા, એટલે રુક્મિણીનો નિરોધ કરવા ભગવાને પોતાનો વાણીથી તિરોભાવ કર્યો અને કાયા તથા મનની ક્રિયા પણ બંધ કરી.

**રુક્મિણીની વિકલતાઃ**

ભગવાનનું સમ્બન્ધનો અભાવ જણાવનારું એવું વચન સાંભળીને ૧.ભગવાન મારો ત્યાગ કરશે એવા વિચારથી રુક્મિણી પ્રથમ ભય પામી. ૨.પછી તેના હૃદયમાં ધ્રુજારો પણ થયો અને ૩.તેને ઘણી ચિન્તા થઈ. ભગવાન સાથે લોક પ્રમાણે અને વેદ પ્રમાણે તેને સમ્બન્ધ હતો એટલું જ નહિ, પરન્તુ ભગવાન તેને પોતાને પણ પ્રિય હતા. તે દેવતારૂપ હોવાથી ભગવાન સાચું જ બોલે છે એમ તેણે જાણ્યું. અહપાર તો તેને સદા થતો, છતાં ભગવાને પહેલાં કોઈવાર આવાં અપ્રિય વચન કહેલાં નહિ, તેથી તેને ભય અને ધ્રુજારો થયાં અને અહપાર દૂર કરવો જ જોઈએ, તેથી ચિત્તમાં ચિન્તા થઈ અને તે રડવા લાગી. રુદન ઈન્દ્રિયોથી થાય છે, એટલે ઈન્દ્રિયોદ્વારા અહપાર આંસુરૂપે નીકળી ગયો. પછી લાલ કાંતિવાળા મણિરૂપ ઘણા કોમલ ચરણથી તે ભોંય ખોતરવા લાગી. જે ચિન્તાથી પીડાતું હોય તે ભોંય જ ખોતરે છે, તે પ્રમાણે તેણે પણ કર્યું. ''ભૂમિને તોડી હું તેની અંદર પ્રવેશ કરીશ'' એવા વિચારથી તેણે ભોંય ખોતરી. પછી તે આંસુઓ સારવા લાગી. તેના મનમાં ઘણો શોક હોવાથી ઉત્પન્ન થતાં આંસુઓ કાજળને પણ ધોઈ નાખી બહાર નીકળી પડતાં

હતાં. તેણે મુખ નીચું કરી દીધું અને ઘણા દુઃખને લીધે તેની વાણી બંધ થઈ ગઈ. દેહથી ભોંય ખોતરતી હતી અને મનની ચિન્તને લીધે આંસુ પડતાં એણે મુખ નીચું કર્યું, એમ તે બેની કાંઈક ક્રિયા રહી, પણ વાણી તો તદ્દન બંધ થઈ ગઈ.

૧.આનન્દરૂપ ભગવાનનો (વાણીથી) તિરોભાવ થતાં તેને ઘણું દુઃખ થયું. ૨.ભગવાન મને બીજાને આપી દેશે એવા વિચારથી ભય થયો અને ૩.પોતાના સર્વસ્વનો નાશ થવાથી તેને શોક થયો. એ દુઃખ, ભય અને શોક ના ત્રિદોષથી તેની બુદ્ધિનો નાશ થયો. બુદ્ધિ પ્રયત્નદ્વારા દેહને ધારણ કરે છે. બુદ્ધિનો નાશ થતાં તેનો સ્થૂલ પ્રયત્ન જતો રહ્યો, એટલે તેના સરી જતી બંગડીવાળા હાથમાંથી પંખો પડી ગયો. તે દૂબળી થતાં બંગડી સરી જવા લાગી, અને જેનાથી તે વાયુ ઢોળતી હતી તે પંખો પડી ગયો અને પ્રાણને ધારણ કરનાર સૂક્ષ્મ પ્રયત્ન પણ જતો રહેતાં તેનો દેહ અને તેના સમ્બન્ધવાળા આભૂષણો પણ પડ્યાં, કારણ કે સૂક્ષ્મ બુદ્ધિ પણ મંદ થઈ ગઈ. વળી તેને એકદમ મૂર્ચ્છા આવી, એટલે વિચાર કરવાથી પણ સૂક્ષ્મ બુદ્ધિનું આ મંદપણું ટળે તેમ ન હતું. તેણે પડવાના ભયથી પણ પડતાં બચવાનો પ્રયત્ન કર્યો નહિ અને વાયુએ ઉખાડી નાખેલી કેળની જેમે તે પડી. વાયુનો ઝપાટો કેળને ભાંગી નાખે તેમ કેળ જેવી કોમલ રુક્મિણી પડી ગઈ. તેના કેશ વીખરાઈ ગયા. મૂર્છા આવતાં માથું ભમવાથી કેશ વીખરાઈ ગયા, કારણ કે તે વેણીના આકારે બાંધેલા ન હતા. માત્ર મૂલ તત્ત્વરૂપ પ્રાણને ધારણ કરનારો તેનો અતિસૂક્ષ્મ પ્રયત્ન જ બાકી રહ્યો. તે જો જતો રહે તો પ્રાણનો નાશ થાય. અહીં સુધી ભગવાને રુક્મિણીની પરીક્ષા કરી. તેમને જણાયું કે જેમ પ્રાણ હોય ત્યારેજ શરીરની સ્થિતિ હોય છે તેમ ભગવાનની સેવા હોય ત્યાં સુધીજ રુક્મિણીનાં શરીરની સ્થિતિ રહે છે.

**શ્રીકૃષ્ણે કરેલું રુક્મિણીનું સાંત્વનઃ**

ભગવાને રુક્મિણીને પડતી જોઈ અને હવે ક્ષણ પણ વિલમ્બ થશે તો તેના મનની શાંતિ થશે નહિ એમ વિચારી દયા લાવી તેના ઉપર કૃપા કરી. તેણે ભગવાનને ઉત્તર આપ્યો ન હતો એટલે તેનામાં અભિમાન રહ્યું નથી એમ જણાવ્યું ન હતું, છતાં ભગવાને તેના ઉપર દયા કરી, કારણ કે ભગવાન સર્વ વૃત્તાન્ત જાણે છે. તેમને સ્ત્રીઓ પ્રિય છે અને તેમનો ઉદ્ધાર કરવા પધાર્યા છે, તે રુક્મિણીને કેમ મારે? વળી રુક્મિણી પણ ભગવાનને પ્રિય હતી કારણ કે તે ભક્ત હતી. ભગવાન સમ્બન્ધ તજશે એવું જાણતા જ તેના પ્રાણ જવા લાગ્યા, એ તેનો ભગવાન ઉપરનો ઘણો જ પ્રેમ દર્શાવે છે. પ્રેમ જ બન્ધનરૂપ હોવાથી ભગવાનના પ્રેમથી જ તે ઉભી રહેલી હતી અને ભગવાનનો પ્રેમ નથી એમ જણાતાં જ પડી ગઈ. તે લૌકિક ન હતી, તેમ જ લૌકિક વિષયોની તેને જરૂર ન હતી. પરન્તુ હાસ્યરસ થાય તે માટે ભગવાને પૂર્વપક્ષ કરી એવાં વચનો કહ્યાં. તેથી રુક્મિણીએ સિદ્ધાન્ત કહેવો જોઈએ. તે-તે જાણતી નહિ હોવાથી, બાલકો જેમે અજ્ઞાનવાળી સ્થિતિમાં અભિમાન હોય તે નિર્દોષપણાને લીધે દોષરૂપ નહિ હોવાથી, તેની મૂર્ચ્છા જોઈ સ્વભાવથી જ દયાળુ ભગવાને તેના ઉપર કૃપા કરી. પોતે તરત જ પલંગ ઉપરથી ઉઠ્યા, બે

હાથથી તેને ઉઠાડી અને (બીજા) બે હાથથી તેના કેશ ભેગા કર્યા. પછી (તે બેમાંના) એક હાથથી તેના કેશના બન્ધનને પકડી રાખી, બીજા કમલ જેવા શીતલ અમૃત સ્રવતા હસ્તથી તેનું મુખ સ્વચ્છ કર્યું. તેથી તેનું દુઃખ જતું રહ્યું અને ભગવાનના સ્પર્શથી જ પ્રાણ આવ્યા. પછી તે જ હાથથી તેના આંસુ લૂછ્ય ાં અને નેત્ર સ્વચ્છ કર્યાં. ભગવાને પોતાનો રુક્મિણી માટેનો પ્રેમ પ્રકટ કરવા અને તે પોતે રુક્મિણીનો ત્યાગ કરશે નહિ એવો તેને વિશ્વાસ આવે તે માટે તે બાહુથી આલિંગન કર્યું એવી રીતે રુક્મિણીને સાંત્વન આપ્યું ત્યાં સુધી ભગવાન ચાર ભુજાવાળા જ રહ્યા. રુક્મિણી પતિવ્રતા હતી. સ્ત્રી હોવાથી ભગવાન તેની કામના કરતા ન હતા, પરન્તુ તે અનન્ય હોવાથી જ ''મારા માટે જેમણે લોકના ધર્મો તજેલા છે તેઓનું હું રક્ષણ કરું છું'' એ પોતાની પ્રતિજ્ઞા સાચવવા જ તેની કામના કરતા. પતિવ્રતાનો અનાદર કરવાથી મર્યાદાનો પણ વિરોધ થાય.

એ પ્રમાણે કાયાથી સાંત્વન કરી તેના ચિત્તનો ભ્રમ દૂર કરવા ભગવાને કૃપા કરી વાણીથી પણ તેને દિલાસો આપ્યો. શરીરથી કૃપા કરી અને વાણીથી તેને સમ્બન્ધ વિનાની જણાવે, શરીરથી સ્વસ્થ કરે અને ચિત્તમાં અસ્વસ્થતા રાખે, એવી બે પ્રકારની સ્થિતિમાં તેને રાખવી યોગ્ય ન હતી, કારણ કે ભગવાન સત્પુરુષોના ફલરૂપ છે. સત્પુરુષો ભગવાનનાં વચન ઉપર વિશ્વાસ રાખી પ્રવૃત્તિ કરે છે અને સંદેહ રાખતા નથી. તેથી તેનાં ચિત્તનો ભ્રમ દૂર કરવા તેને વાણીથી દિલાસો આપતાં ભગવાને કહ્યું–

''હે વૈદર્ભિ! તું મને દોષ ન દે. તું મારામાં પ્રેમવાળી છે તે હું જાણું છું, છતાં મેં એવાં વચન કહ્યાં તેનો અભિપ્રાય જુદો જ હતો. તું મારામાં આસક્તિવાળી છે, છતાં મશ્કરી કરવા મેં તને એ વચન કહેલાં. મશ્કરી કરવા જ વિવાહ વગેરેમાં ગાળો દેવાય છે, તેથી એવાં વચન મેં કહ્યાં તે તારી મશ્કરી જ કરેલી. આવાં વચન રસ ઉત્પન્ન થાય તે માટે જ કહેવામાં આવે છે. ભગવદીય તરીકેનો ગર્વ થોડો તો રાખવો જ જોઈએ. થોડોએ ગર્વ રાખવામાં ન આવે તો ભક્તિમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં કાંઈ ભેદ ન રહે; પણ બહુ ગર્વ ન રાખવો. તારાં વચન સાંભળવાની ઈચ્છાથી મેં એવાં વચન કહી તારી મશ્કરી કરેલી.

વળી એમ કહેવાનું બીજું પણ પ્રયોજન હતું. ગાળો દઈએ ત્યારે માણસો કોપ કરે છે, તેમ તું પણ કોપ કરીશ એવા વિચારથી એમ કહેલ. પ્રેમરસ ત્રણ પ્રકારનો છે. ૧.સાત્ત્વિક પ્રેમ પુત્રો વગેરેમાં સમાન હોય છે. ૨.ધર્મસહિત રાજસ પ્રેમ સ્ત્રીમાં જ હોય છે અને ૩.તામસ પ્રેમ તો જારમાં જ હોય છે. રાજસ પ્રેમ કોઈ પ્રસંગે જોવો જોઈએ, તેથી તે જોવા તે તારામાં ઉત્પન્ન થાય તે માટે એ વચનો કહેલાં. એ પ્રેમને લીધે ક્રોધવાળો સંવાદ થાય, તેને લીધે અધર ફફડે, કટાક્ષ અથવા ત્રાંસી દષ્ટિઓ થાય, આંખનો ખૂણો લાલ થાય અને ભ્રમરનો ઢોળાવ સુન્દર દેખાય. આવા ચિહ્નોવાળું મુખ તામસ થાય ત્યારે જ રસાલ થાય, ત્યારે જ સાત્ત્વિક દષ્ટિ અને ભ્રમરનો ભંગ રસાલ થાય. કામ જ જેમાં મુખ્ય છે તેવા ગૃહસ્થોનાં ઘરોમાં પ્રિયાઓ સાથે એક પહોર મશ્કરીમાં ગાળવામાં આવે તે જ ઉત્તમ લાભ છે. આથી શાસ્ત્રમાં જેની મના કરેલ નથી તેવો પૂર્ણ કામરસ પ્રાપ્ત થાય છે. જ્યાં રસનો

આભાસ જ છે ત્યાં જો રસ પ્રાપ્ત થાય તો તે લાભ જ છે. રાત્રિ ત્રણ પહોરની છે. તેમાં બે પહોર ઉંઘમાં જાય અને એક જ બાકી રહે. તેમાં વાણીનો આનન્દ થાય તે માટે મશ્કરી કરવામાં આવે છે. તુંતો ભામિની હોઈ લૌકિક ચતુરાઈવાળી છે, એટલે સ્વભાવથી તથા ગુણથી ઉત્તમછે.''

ભગવાને એ પ્રમાણે મન, કાયા તથા વાણી થી દિલાસો આપ્યો ત્યારે રુક્મિણી સ્વસ્થ થઈ. તેનો સમ્બન્ધ ન હોવાનાં વચનો ભગવાને કહેલાં તે મશ્કરીનાં હતાં એમ તેણે જાણ્યું. ભગવાન ઉદાસીન (પ્રેમ અથવા દ્વેષ કાંઈ ન રાખનાર) છે એવી ચિન્તા તેણે તજી. ભગવાન મારો ત્યાગ કરશે એવો તેનો ભય જતો રહ્યો. મશ્કરીમાં ભગવાને એ વચનો કહ્યાં, એમ તેણે જાણ્યું. પણ મારું અભિમાન દૂર કરવા કહેલાં એમ જાણ્યું નહિ. ભગવાન પુરુષોત્તમ છે, એટલે સ્ત્રીઓનો અમલ તેમના પર ચાલતો નથી. તે સ્ત્રીની સલાહ લેનારા નથી, કપટવાળા નથી તેમ સ્ત્રીને વશ નથી, એમ જાણી તે સત્ય ઉત્તર આપવા પ્રવૃત્તિ કરે છે. તેણે ભગવાનનું મુખ જોયું અને તે જોતાં જ તેને સન્તોષ થયો અને શું ઉત્તર આપવો તે પણ સૂઝ્યું. સ્ત્રીઓનાં કુદરતી સાત્ત્વિક ગુણ લજ્જા, શૃનારવાળું રાજસ હાસ્ય અને સુન્દર પ્રેમવાળી ત્રાંસી દષ્ટિથી પોતાની અંદરની લાગણીઓ તેણે બહાર કાઢી અને તે લાગણીઓનું પોષણ કરનારાં જ વચનોથી ભગવાનને ઉત્તર આપવા પ્રવૃત્તિ કરી. ભગવાનના વચનોનો ઉત્તર તે ન આપે તો ''ઈન્કાર નહિ કરેલું કબુલ રાખેલું ગણાય'' એ નિયમ પ્રમાણે ઈશ્વરનાં વર્તન અને વચન માં વિરોધ થાય અથવા ઈશ્વરનું વાક્ય ખોટું ઠરે. તેથી રુક્મિણી પોતાનાં વચનનું વ્યાખ્યાન કરે, તેનો સાચો અર્થ સમજાવે, એવો ભગવાનનો અભિપ્રાય હતો.

**રુક્મિણી શ્રીકૃષ્ણનાં વચનોનો અર્થ કરે છેઃ**

ભગવાને આવાં વચન કેમ કહ્યાં તેનો વિચાર કરતાં રુક્મિણીએ પણ જાણ્યું કે એ વાક્યોનો બહારથી દેખાતો અર્થ મુકી દઈ તેમના અંદરના ભાવાર્થરૂપ વ્યાખ્યાન સાંભળવાની ભગવાનની ઈચ્છા છે. તેથી રુક્મિણીએ પોતાના ઉત્તરમાં ભગવાનનાં વચનોનું વ્યાખ્યાન કરતાં કહ્યુંઃ

''આપે કહ્યું કે 'તેં રાજાઓને તજી તેમની સમાન નહિ તેવા અમને કેમ પસંદ કર્યા?' તો સમાનપણું બે પ્રકારે ન હોય, ઉત્તમ હોવાથી અથવા હલકા હોવાથી. તો આપ રાજાઓની સમાન નથી, કારણ કે તેમનાથી ઉત્તમ છો, આપ કમલનયન હોઈ દષ્ટિથી જ દુઃખ દૂર કરનાર છો, તે વાણીથી દુઃખ કેમ કરો? તેથી રાજાઓથી આપ ઉત્તમ હોવાથી જ, તેમની સમાન નથી એમ જ આપે કહેલું હોવું જોઈએ. 'અસમાન' એટલે જેમની સમાન પણ બીજા નથી તેવા આપ છો. આપ તો આકાશની જેમે સર્વની સમાન છો, પણ જેમ આકાશની સમાન બીજું કોઈ નથી તેમ આપની સમાન બીજું કોઈ નથી. તેથી હું પણ આપની સમાન નથી; કારણ કે આપ 'વિભૂમા' (વિ=ઉત્તમ છે ભૂમા=ભરપૂરતા જેમની તેવા, અથવા વિ=જતી રહેલી છે ભૂમા=(સર્વની) ભરપૂરતા જેમનાથી તેવા) છો. બીજા

કોઈમાં ભરપૂરતા નહિ હોવાથી આપ સર્વથી ઉત્તમ છો. આપ વ્યાપક(સર્વત્ર રહેલા) છો એમ વેદ કહે છે. ગુણો અથવા માયા તેવી નથી એ પ્રસિદ્ધજ છે.

''આપ તો સદા આપની પોતાની અંદર જ સમ્પૂર્ણપણાથી રમણ કરો છો. કોઈક જ પ્રસંગે કોઈક જ અંશથી જગતમાં રમણ કરો છો. તેથી જ ઘડો વગેરે કાર્યો કોઈક જ સમયે ઉપયોગી થાય છે, સદા ઉપયોગમાં આવતા નથી. આપ પોતાના પૂર્ણ આનન્દમાં રમણ કરો છો. હું તો સૃષ્ટિરૂપ માયા છું, બ્રહ્માનન્દરૂપ મુખ્ય લક્ષ્મી પણ નથી, પણ તેના અંશરૂપ માયા જ છું. આપ સત્ત્વ વગેરે ત્રણે ગુણો અને તેમનાં કાર્યોના ઈશ્વર છો, હું ગુણરૂપ છું. જેમને વશ રાખવાના છે તેમની સાથે ઈશ્વર રમણ કરતા નથી. મારો સ્વભાવ ગુણો છે અને આપનો સ્વભાવ તો પરમાનન્દ છે. જેમ એક માટીના પદાર્થોથી વ્યવહાર કરે અને બીજો સુવર્ણના પદાર્થોથી વ્યવહાર કરે તેવો આપણા બેમાં ભેદ છે. તેથી મારા સ્વરૂપમાં હું રમણ કરું તે પણ મારા માટે નકામું છે. આપ સાથે તો મારે કોઈક વાર જ રમણ થાય છે, કારણ કે હદવાળું હોય તે સમ્પૂર્ણ રીતે ભરપૂર કરી શકતું નથી. તેથી સ્વરૂપથી હું આપથી હલકી છું.

કાર્યથી પણ હું આપથી હલકી છું. મારા સેવકો ઘણા છે અને તેઓ સંસારરૂપ મારી (લક્ષ્મીની) ઈચ્છા કરે છે એ ખરું, છતાં તેઓ અજ્ઞાની છે. શ્રેષ્ઠ પુરુષો જેનો આશ્રય કરે તે જ ઉત્તમ ગણાય, પરન્તુ હલકા આશ્રય કરનારા ઘણા હોય તો પણ ઉત્તમપણું ન ગણાય. ઘણીએ માખીઓ હરકોઈ હલકા પદાર્થનો આશ્રય કરે. તેથી તે પદાર્થ ગરુડ (એકલો) જેમનો આશ્રય કરે છે તેવા ભગવાનની સમાન થતો નથી. ઘણા સંસારીઓ મારાં ચરણ પકડે છે. તે તો બધા જ મારા સેવકો હોવાથી મારી સમાન પણ નથી. તેથી જે રાજાઓ મને પરણવાની ઈચ્છાથી આવેલા તેઓ મારી સમાન પણ નથી.

વળી આપે કહ્યું કે 'અમે તો જરાસન્ધ વગેરે રાજાઓથી ભય પામીએ છીએ.' ''અમે સમુદ્રને શરણ ગયા છીએ'' તો રાજાઓ તો રજોગુણના ધર્મવાળા રાજસ છે, કારણ કે તેઓ સદા પ્રવૃત્તિ કરવાના જ સ્વભાવવાળા હોય છે. તેઓ હોય ત્યાં કોઈ સમયે આત્મસુખનો અનુભવ થતો નથી. તેથી આત્માના આનન્દનો અનુભવ કરવા, રજોગુણ અને તમોગુણ જેમનામાં મુખ્ય છે તેવા ગુણો(રાજાઓ)નો ત્યાગ કરીને સમુદ્રમાં એટલે જેનામાં ગુણોનો પ્રવેશ ન થાય તેવા ઢાંકણવાળા કેવળ ચિદ્રૂપમાં આપ શયન કરો છો, કારણ કે જ્ઞાન(ચિત્) માયાને દૂર કરનારું છે. તે ચિદ્રૂપમાં પણ દૂરથી પણ કોઈએ ન જુએ તેમ અંદર છૂપાયેલ રહી આપ સૂક્ષ્મ આત્મા શયન કરો છો અને પ્રસરીને પણ ગુણવાળાઓમાં પ્રસરતા નથી. ગુણવાળા(રાજા)ઓ તો નમાલા છે એમ જણાવવા, ભય પામતા ન હોવા છતાં જાણે કે ભય પામતા હોય તેમ છૂપાયેલા રહો છો. આપને તેમનો ભય નથી જ, કારણ કે આપ મોટાં ડગલાં ભરનારા છો. અહીં દ્વારકામાં પણ આપ આત્મરમણ માટે જ રહેતા હોવાથી ગુણરૂપ રાજાઓ પાસેથી પલાયન કરી આવવું યોગ્ય જ હતું.

''અમે બલવાનો સાથે વેર કરેલું છે'' એમ આપે કહ્યું તે પણ સત્ય છે. જેમની ઈન્દ્રિયોનો સમૂહ દુષ્ટ છે, જેમની બધીએ ઈન્દ્રિયો બહિર્મુખ છે, તેઓ વશ નહિ રાખેલી ઈન્દ્રિયોને લીધે બલવાન છે. વાસ્તવિક રીતે તો તેઓ ઈન્દ્રિયોને વશ હોવાથી દુર્બલ જ છે. વૈદિક પ્રકારે તેઓ કદાચ યજ્ઞ કરે તો દ્વેષ કરનારાઓનું અન્ન લેવું નહિ એ નિયમ પ્રમાણે તે લેવું ન જોઈએ અને તે ન લેવામાં દોષ પણ નથી. તેથી કાગડાઓ જેવા તે દુષ્ટો સ્પર્શ ન કરે તે માટે તેમનાથી દૂર રહેવા આપ સદા તેમની સાથે વિગ્રહ કરો છો. દૈત્યો સાથે આપનો સદા વિગ્રહ હોવાનું આ જ કારણ છે.

વળી ''ઘણા ભાગે અમે રાજ્ય તજેલું છે'' એમ આપે કહ્યું તો આપના સેવકો પણ નૃપની પદવીનો ત્યાગ કરે છે. તેથી જણાય છે કે તે પદવી અધમ છે. તે ઉત્તમ હોય તો તે પ્રાપ્ત કર્યા પછી, આપની સેવાના રસનો અનુભવ કરીને આપના સેવકો તેનો ત્યાગ ન કરત. તેથી આપના ચરણની સેવા કરતાં રાજ્ય હલકું છે. તેવા હલકા પદાર્થમાં આપ ન રહો તે યોગ્ય જ છે. જ્યાં કમલની ગંધ હોવાનો પણ સમ્ભવ નથી ત્યાં કમલ ન જ હોય. તેથી જ્યાં આપના ધર્મો પણ રહેતા નથી ત્યાં આપ ન જ રહો. રાજ્યાસને બેસે તે આંધળો થાય છે અને તમસ્ (અન્ધકાર-અજ્ઞાન)ની જેમે સારા પુરુષોનો વિરોધી થાય છે.

વળી ''અલૌકિક પુરુષોનો માર્ગ અસ્પષ્ટ હોય છે'' અને તેઓ લોકમાં રહેવાં છતાં ''અલૌકિક પુરુષોના માર્ગનો જ આશ્રય કરે છે. તેથી તેવા પુરુષોનો આશ્રય કરનારી સ્ત્રીઓ ઘણા ભાગે દુઃખી જ થાય છે'' એમ આપે કહ્યું તો આપનો માર્ગ ભલે સ્પષ્ટ ન હોય. જેઓના દેહો આપના ચરણરની રજથી બનેલા છે અથવા જેઓ તે રજની ઈચ્છા કરે છે તેવા આપની સેવા કરનારાઓનો માર્ગ સ્પષ્ટ નથી. તેમનો માર્ગ સ્પષ્ટ હોય તો (બધા તેમની પાછળ જાય તેથી) વિઘ્ન થવાથી, તેઓ આપનું મનન પણ કરી ન શકે. જેમ કાલને ઠગીને આપ આપે ઈચ્છેલા ભક્તોને જ આપની પાસે લઈ જાઓ છો તેમ તે આપની ઉપાસના કરનારા કર્મમાર્ગીઓ તથા જ્ઞાનમાર્ગીયો પણ છૂપા જ રહે છે અને આપના ચરણારવિન્દને સેવનારા ભક્તો તો ઘણા જ છૂપા રહે છે. ભક્તિરસ જાણનારા મકરન્દનો ભોગ કરનાર ભક્તો તો તે રસ બીજા લઈ જશે એવા વિચારથી-સર્વથી છૂપા રહે છે. આ માર્ગ જ એવો છે. તેથી સર્વથી ઉત્તમ આ માર્ગ છૂપો હોવો એ દોષ નથી, પણ ગુણ જ છે. સર્વથી ઉત્તમ આ માર્ગ બધાથી જણાય તેવો નથીજ. ઉત્તમ ભક્તો વગેરે તો જાણે છે જ. ન જાણતા હોય તો આપના સેવકો કેમ થાય? અથવા માર્ગને છૂપો કેમ રાખે? જેઓ માણસના આકારના પશુઓ છે, જેમનો માત્ર શીંગડાં-પૂછડાં સિવાય બધો વ્યવહાર પશુઓના જેવો જ છે, તેઓથી આ માર્ગ જાણી ન શકાય તેવો જ છે. તેઓ પણ જો વિવેકવાળા થશે તો ભવિષ્યમાં આપના આ માર્ગને જાણશે.

આપ લૌકિકથી ભિન્ન અલૌકિક માર્ગે જાઓ તે પણ યોગ્ય જ છે. આપ અને આપનાં ધર્મો અલૌકિક છે. તેમ ન હોય તો આપનું અથવા આપના ધર્મોનું આપના માર્ગનું કાંઈ પ્રયોજન ન રહે. સંસાર તો આપ તથા આપના ગુણો વિના પણ પ્રાપ્ત થયેલો

હોવાથી, તે તો માત્ર અલૌકિકથી જ અટકે. વળી લોકમાં સાધારણ પુરુષના અને રાજાના કાર્યમાં ભેદ જોવામાં આવે છે અને તે રાજાનાં કાર્ય દોષરૂપ ગણાતાં નથી, તેમ આપનું ચરિત્ર પણ અલૌકિક જ છે. અલૌકિક ચરિત્ર હોવાથી લોક સાહાય્ય કરનારા થઈ ન શકે, પરન્તુ તેઓ તો તુચ્છ છે, આપ જ મોટા છો. આપને તેમનું શું પ્રયોજન? વળી આપની ચેષ્ટા મૂઢોને જ જણાતી નથી. ભક્તોને જ જણાય છે. તેમ ન હોય તો આપના સેવકો અથવા આપના માર્ગની પરંપરા કેમ હોઈ શકે? વળી શાસ્ત્રમાં ભાવનું વર્ણન કરેલું હોવાથી આપનાં કાર્ય તો જાણી શકાય, પરન્તુ આપના સેવકોનો અભિપ્રાય તો જરાએ જણાય તેમ નથી. તેથી અલૌકિક કૃતિમાં પણ ઘણા પ્રકારો હોવાથી તે પણ લોકની જેમે પ્રસિદ્ધ છે અને લૌકિક કરતાં તેમાં વધારે ગુણો હોવાથી તે માર્ગે જવું એ દોષ નથી. પણ ગુણ જ છે.

વળી ''અમે તો નિષ્કિઞ્ચન છીએ. મારા ભક્તો પણ નિષ્કિઞ્ચન છે'' એમ આપે કહ્યું. ખરેખર! જેનું (કિઞ્ચન) કાંઈક (ન) નથી, પરન્તુ સર્વ જ છે તેવા નિષ્કિઞ્ચન આપ છો, અથવા જેમનાથી કાંઈક નહિ, પણ બંધુએ ઉત્પન્ન થયેલું છે તેવા આપ છો. જ્ઞાનનો ઉદય થતાં આપની સમીપ બધું (જગત્) અલ્પ જ જણાશે, કારણ કે સર્વ આપની પાસેથી જ નીકળેલું છે. તેથી રૂઢિ પ્રમાણે નિષ્કિઞ્ચનનો અર્થ 'નિર્ધન' અહીં લેવાનો નથી, કારણ કે તે અર્થ ખોટો ઠરે છે. જેમ યુદ્ધની તૈયારી થતી હોય તે વિષયમાં 'સૈન્ધવ' (સિંધુમાંથી ઉત્પન્ન થયેલ) શબ્દનો અર્થ અશ્વ લેવાય પણ મીઠું ન લેવાય, તેમ અહીં 'નિષ્કિઞ્ચન'નો અર્થ જેમનું સર્વ છે તેવો થાય છે, પણ નિર્ધન થતો નથી; કારણ કે સર્વ જેમની ઉપાસના કરે છે તેવા ઈન્દ્ર વગેરે દેવો પણ આપને બલિ આપે છે. આપના ચરણ ધોવામાં બ્રહ્મા પ્રસિદ્ધ છે તે પણ આપને બલિ આપે છે. આવા દેવો તો આપના ચરણના સેવકો છે. તેથી આપની પાસે ધન ન હોવાનું ખોટું ઠરે છે. ''ધનવાનો મને ભજતા નથી'' એમ આપે કહ્યું તે પણ સત્ય છે. પ્રાણને પોષનારા ધનથી અંધ બનેલા તેઓ આપ સંહાર કરનારને જાણતા નથી. જાણે તો આપનું ભજન કરે, કારણ કે જાણીને ભજન થઈ શકે. તેઓ પ્રાણનું પોષણ કરવામાં જ રોકાયેલા રહેતા હોવાથી, આપને જાણવાનો પ્રયત્ન કરવાની તેમને ફુરસદ નથી, પણ તેઓ આપને ન જાણે તેમાં આપનો કાંઈ દોષ નથી. આપ સંહાર કરનારા હોઈ બધાએ આપને જાણવા જોઈએ, પરન્તુ તેઓ ધનથી આંધળા બનેલા હોવાથી આપને જાણતા નથી. આંખ કોઈ પદાર્થ વગેરેથી ભરી દેવામાં આવે ત્યારે કોઈ જોઈ શકતું નથી જ, તે પ્રમાણે સર્વ સ્થળે કામ કરતું સદાનું ધનવાનપણું અંધાપો જ પ્રાપ્ત કરાવે છે. હદવાળું ધન જ ગુણ છે, પરન્તુ નહિ પચેલા અન્નની જેમે હદવિનાનું ધન ગુણ નથી. તેથી ધનવાનોને આપનું જ્ઞાન નહિ હોવાથી આપને તેમની મારફત ધન ન પ્રાપ્ત થાય તે યોગ્ય જ છે, કારણ કે જે અંધાપો પ્રાપ્ત કરાવે તે સાચું ધન હોઈ ન શકે.

''મને પણ નિષ્કિઞ્ચનો જ પ્રિય છે'' એવી આપે રુચિ દર્શાવી તે પણ યોગ્ય જ છે. બલિનો ભોગ કરનારા દેવોને, તથા વિરક્તોને અને તે બન્નેના સેવકોને પણ આપ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા હોવાથી પ્રિય છો. તેઓ પણ આપને માટે જ ઉત્પન્ન થયેલા

હોવાથી આપને પ્રિય છે. તેથી અન્યોઅન્ય પ્રિય હોવાથી, આપને નિષ્કિઞ્ચનો જ પ્રિય છે, પણ ધનવાનો પ્રિય નથી, કારણ કે ધનવાનોને પુરુષાર્થની દરકાર નથી અને તેઓ પુરુષાર્થ પ્રાપ્ત કરવા માટે ઉત્પન્ન થયેલા નથી.

''જેનાં ધન વગેરે પોતાની સમાન હોય તે બેના જ વિવાહ યોગ્ય ગણાય'' એમ આપે કહ્યું, તો વિવાહથી સ્ત્રી અને પુરુષથી જુદો ધર્મ વગેરે પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો હોય તો વર-કન્યાના ધન, જન્મ, ઐશ્વર્ય, આકૃતિ અને ભવ એ પાંચે સમાન છે કે નહિ તેનો વિવાહ કરતાં વિચાર કરવો જોઈએ. કારણ કે ક્ષેત્ર અને બીજા જુદી-જુદી જાતનાં હોય તો ફલ ઉત્પન્ન ન થાય; પણ સાધન અને ફલ નાં જન્મ વગેરે સમાન હોવાની જરૂર નથી. તેથી જે આપને લૌકિક દષ્ટિથી સાધન માનતી હોય તેને એમ કહેવું ઘટે, પરન્તુ ''આપણે બે સમાન નહિ હોવાથી આપણા વિવાહ થવા ન જોઈએ'' એમ મને અથવા આપને કહેવું યોગ્ય નથી; કારણ કે આપ સર્વ પુરુષાર્થોથી ભરપૂર છો. જેમ ગંગામાં જલ રહે છે તેમ ધર્મ વગેરે પુરુષાર્થો આપના અવયવોમાં રહે છે. તે જલથી પણ ગંગા મોટી છે તેમ આપ સર્વ પુરુષાર્થોથી અધિક છો. વળી આપ ફલરૂપ છો. ફલમાત્રના આપ આત્મા છો, કારણ કે પરમાનન્દરૂપ આપ પ્રાપ્ત થતા હો ત્યારે પોતાનો તે પ્રાપ્ત કરવાનો અધિકાર નથી એવા વિચારથી કોઈ તે પ્રાપ્ત કરવામાં વિલમ્બ કરતું નથી. ફલ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય ત્યારે જ તેની વિરુદ્ધ પદાર્થોનો ત્યાગ કરવામાં આવે છે અને તેનાં સાધનો આચરવામાં આવે છે. સદ્બુદ્ધિવાળાઓ આપને પ્રાપ્ત કરવાની ઈચ્છા થતાં જ રાજ્યનો ત્યાગ કરે છે. તેથી રાજ્ય ફલ નથી, તેમ ફલ પ્રાપ્ત કરવાનું સાધન પણ નથી. આપ સાધનરૂપ અને ફલરૂપ હોવાથી આપ જ પસંદ કરવા યોગ્ય છો એવા વિચારથી સારી બુદ્ધિવાળાઓ કૃત્ય તજે છે, તેથી જેઓ આપને માટે જ મુકરર થયેલા છે તેમનો અને આપનો સમ્બન્ધ યોગ્ય છે. ભલે તેમની સાથે વિવાહ અને મૈત્રી સમ્ભવતાં ન હોય, છતાં એક સમાજમાં તેમનો સમ્બન્ધ થવો યોગ્ય છે. જેમણે રાજ્ય વગેરેનો ત્યાગ કરેલ હોય તેવા ઘણા સુકુમાર પુરુષોને સન્તોષ આપવાની આપમાં શક્તિ છે. રાજા અને મંત્રીઓના સમ્બન્ધ જેમે તેમનો અને આપનો સમ્બન્ધ યોગ્ય છે. એક સરખા સ્વભાવ અને વ્યસન વાળા બે મિત્રોના સમ્બન્ધ જેવો, અથવા કોઈ પણ પ્રકારના ક્લેશ વિનાના અને પરસ્પર પ્રીતિવાળા પુરુષ અને સ્ત્રી ના સમ્બન્ધ જેવો આપનો અને તેમનો સમ્બન્ધ છે. પ્રીતિ વગેરે હોવા છતાં સમ્બન્ધમાં વિઘ્ન કરનારા રોગ વગેરે હોય તો તેવા બેનો કોઈ રીતે સમ્બન્ધ થતો નથી. તેથી એક સુખી અને એક રોગ વગેરેથી પીડાતો હોય તો તેવા બેનો સમ્બન્ધ થતો નથી, પણ બન્ને સુખી અથવા બન્ને દુઃખી હોય તેવાનો સમ્બન્ધ થાય છે.

ભિખારીઓએ આપની ખોટી પ્રશંસા મારી પાસે કરી અને તેથી આપને જાણ્યા વિના મેં અજ્ઞાનથી આપને પસંદ કર્યા એમ આપે કહ્યું, ત્યાં પરમહંસો માટે આપે 'ભિખારી' શબ્દ યોજેલ છે. નારદ જેવા પરમહંસોએ 'મુધા' (ખોટી) ફલની ઈચ્છા વિના આપની પ્રશંસા કરેલી. તેઓ લૌકિક ભિખારીઓ નહિ હોવાથી એ પ્રમાણે અર્થ ન કરીએ

તો વાક્ય ખોટું ઠરે. બીજા ભિખારીઓ આપની પ્રશંસા કરતા નથી. પણ પ્રાણીઓને સજા કરવાનું જેમણે મૂકી દીધેલું છે અને જેઓ મનન કરનારા મુનિઓ છે, તેઓ સ્પષ્ટ વચનોથી આપના પ્રભાવનાં ગુણગાન કરે છે. માત્ર ગુણો જ ગાય છે એમ નહિ, પરન્તુ જેવાં કાર્યો આપે કરેલાં તેવાં જ વર્ણવે છે. તેઓએ પોતાના અનુભવથી તે જાણેલ છે. તેમનાં વચન લાભકારી હોવાથી તેમનાં વચનોથી આપને જાણીને મેં આપ સમાનને પસંદ કરેલા. જેમ બહારની દૃષ્ટિથી જન્મ વગેરે સમાનપણું જણાવનારા છે તેમ અંદરની દૃષ્ટિથી આત્મપણું જ તે જણાવનારું છે, કારણ કે કોઈને પણ પોતાનો આત્મા પોતાની સમાન ન હોય તેવું નથી. વળી આપ આત્માનું દાન કરનારા છો, જીવોએ તો પોતાના આત્મા ગૂમાવેલા. તેમને આપ 'આત્મા' અથવા પોતાનો આત્મા આપો છો. તેથી આપ મને પણ પોતાના આત્માનું દાન કરશો એમ જાણીનેજ મેં આપને પસંદ કરેલા. આપ સર્વ જગતના આત્મા હોવાથી મારા પણ આત્મા છો.

વળી મેં બીજાઓને તજી આપને હમણાં જ પસંદ કર્યા એમ પણ નથી. પહેલાં પણ જ્યારે લક્ષ્મીરૂપે મારો સ્વયંવર થયેલો ત્યારે મેં બ્રહ્મા, શંકર, ઈન્દ્ર વગેરે સમાન જન્મ વગેરે વાળાઓને તજીને આપને જ પંસદ કરેલા; કારણ કે આપની ભ્રમર કાલ ઉત્પન્ન કરનારી છે અને તે ભ્રમરે ઉત્પન્ન કરેલ કાલના વેગથી જ તે બધાની ઈચ્છાઓ નાશ પામેલી છે. એક ક્ષણ પણ મતભેદ થતાં, આપની ભ્રમર વાંકી થતાં જ તેઓનો સર્વ નાશ જ થાય છે. તેથી તેવા મરવા પડેલાને પસંદ કરવાથી શો લાભ? જ્યારે બ્રહ્મા વગેરે દેવો પણ પસંદ કરવા યોગ્ય નથી તો બીજાઓ તો ક્યાંથી જ તેવા હોય? તેથી આપને જાણીને જ મેં આપને પસંદ કરેલા છે.

એ પ્રમાણે ભગવાનને વરવામાં દોષ જણાવનારા શબ્દો હતા તેમનો ગુણ જણાવનારા અર્થ કરી ભગવાનનાં વચનોનું વ્યાખ્યાન કર્યું. હવે ભગવાનનાં વચનો લોકની દૃષ્ટિ પ્રમાણે અર્થ કરતાં પણ વિરોધવાળાં હોવાથી, તેમનાથી ભગવાનની સરસાઈ જ સિદ્ધ થાય છે, એવા અભિપ્રાયથી ભગવાનનાં વચનોનું ફરી વ્યાખ્યાન રુક્મિણી કરે છે.

ભગવાને તેને કહેલું કે ''પ્રેમને લીધે ક્રોધવાળો સંવાદ થાય...આવાં ચિહ્નોવાળું મુખ તામસ થાય ત્યારેજ રસાલ થાય છે.'' તેથી આ પ્રકારે અર્થ કરતાં તામસ પ્રકારે ક્રોધ કરીને પણ ભગવાનનાં વચનોનું તે ખંડન પણ કરશે. આમ બીજા પ્રકારે અર્થ કરતાં તેણે ભગવાનને કહ્યું કે ''આપે કહ્યું કે 'અમે યાદવો તો જરાસન્ધ વગેરે રાજાઓથી ભય પામીએ છીએ' તો બુદ્ધિ વગરનાને જ ભય થાય છે, કારણ કે બુદ્ધિ ન હોવાથી જ ધ્રુજારો થાય. આપને તો ભય થવાનું કાંઈ કારણ જ નથી. તેથી આપનું એ વચન અર્થહીન છે. જેમ ગદની(શ્રીકૃષ્ણથી નાનાભાઈ) ઉત્પત્તિ થઈ ત્યાં સુધી આપ ભય પામેલ ન હોવા છતાં, ભય પામ્યા હો એવી ક્રિયા કરતા, તેમ હવે આપ ભય પામેલ ન હોવા છતાં તેવી વાણી બોલો છો. જડપણું દર્શાવનાર એ વચન જ છે. અર્થથી જડપણું દેખાતું નથી, કારણ કે જરાસન્ધ વગેરે રાજાઓને આપે શાર્ંગના ટંકારથી જ પશુ જેવા બનાવી ભગાડ્યા અને મારું

હરણ કર્યું. જેઓ આપના ધનુષ્યના શબ્દમાત્રથી ભાગી જાય તેમનાથી આપને ભય થવાનો સમ્ભવ જ નથી. તેઆ બેદરકાર રહેવાથી આપે મારું હરણ કર્યું નથી, પરન્તુ જેમ સિંહ પોતાનો ભાગ લઈ જાય તેમ તેઓના દેખતાં આપે હરણ કરેલું. જેમ સિંહ પશુઓને ભગાડીને પોતાનો ભાગ ભક્ષણ કરવા આવેલા વાઘ વગેરેને ગર્જનાથી જ અટકાવી પોતાના ભાગનું હાથીના કુમ્ભસ્થલનું માંસ લઈ જાય, તેમ ભય વિના મારું હરણ કરનાર આપને ભય ક્યાંથી હોય? તેથી તેમના ભયથી ''અમે સમુદ્રને શરણ ગયા છીએ'' એમ જે આપે કહ્યું તે અર્થવિનાનું છે. પશુની જેમે ભગાડેલા રાજાઓથી ભય થવાનું વચન વિરુદ્ધ અર્થવાળું જ હોવાથી, તેનો ઉલટી રીતે જ અર્થ કરવો જોઈએ. તેથી જ ''અમે બલવાનો સાથે વેર કરેલું છે'' એનો પણ અર્થ ઉલટી રીતે કરવો જોઈએ, કારણ કે ભાગી જવામાં તત્પર રહેનારા પશુઓ બલવાન હોતા નથી. ''અમે ઘણા ભાગે રાજ્યને તજેલું છે'' એમ આપે કહ્યું તે તો ગુણ છે, કારણ કે રાજ્યાસનનો પોતાની મેળે ત્યાગ કરવો એ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવનાર છે.

વળી ''અલૌકિક પુરુષોનો માર્ગ અસ્પષ્ટ હોય છે'' અને તેમના માર્ગે જનારા દુઃખી થાય છે એમ આપે કહ્યું, તેનો પણ બીજો અર્થ જણાય છે. અને વાક્યાના અર્થથી વિરુદ્ધ જ્ઞાન થાય છે. તેથી તેનો પણ ઉલટી રીતે અર્થ કરવો જોઈએ. ત્યાં આપે 'સ્ત્રીઓ' શબ્દ યોજેલ છે તે સ્ત્રી તથા પુરુષ બનેને લાગુ પડે છે. આપ પહેલાં પણ પધારેલા (અવતાર લીધેલો). આપનાં દર્શન રાજ્ય વગેરેથી પણ ઉત્તમ હોવાથી, આપનાં દર્શન કરવા અમ્બરીષ વગેરે ઉત્તમ રાજાઓએ વનમાં પ્રવેશ કરેલો. આપે ફરી અવતાર લીધો, છતાં હજી સુધી તેઓ પાછા આવેલા નથી, તેથી તેઓ આપના માર્ગમાં જ માર્ગ દર્શાવનાર તરીકે રહેલા છે. તેમ ન હોય તો આપનો માર્ગ આગળ ચાલે નહિ. તેથી આપના માર્ગે જનારા દુઃખી થાય છે એ ખરું છતાં, ઘણા એવી પ્રવૃત્તિ કરતા હોવાથી એ દૂષણ નથી. પૃથુના દાદા અંગ, પૃથુ, જયન્તીનો પુત્ર ભરત, યયાતિ, પ્રિયવ્રતનો વંશ જ ગય તથા બીજા ઘણા રાજાઓ રાજ્ય તજી આપના માર્ગે ગયેલા. આ બધા શું મરણ થતાં સુધી ઘેર જ રહેલા? નહિ, પરન્તુ આપનાં દર્શન માટે વનમાં ગયેલા અને ત્યાં જ મરણ પામેલા. તેથી આપને પ્રાપ્ત કરવાની માત્ર ઈચ્છાથી જ રાજ્યનો ત્યાગ કરે છે અને વનમાં પોતાનું મરણ પણ સહન કરે છે. તો પછી આપને પ્રાપ્ત કરી હું અધમ રાજ્યનો ત્યાગ કરું એમાં શું આશ્ચર્ય?

વળી ''અમે તો નિષ્કિઞ્ચન છીએ'' એમ આપની પાસે ધન ન હોવાથી મારે આપને પસંદ કરવા જોઈતા ન હતા એમ આપે જણાવ્યું, પરન્તુ આપના ચરણકમલની ગંધનો અનુભવ લીધા પછી, લસણ જેવા અપવિત્ર રૂપવાળા બીજા પાસે કઈ સ્ત્રી જાય? સત્પુરુષો વાચાલની જેમે વારંવાર આપનાં ચરણારવિન્દનું વર્ણન કરે છે, તે પ્રાણિમાત્રને મોક્ષ સુધીનાં બધાં સુખ આપનારું છે. વળી સ્ત્રીઓમાં મુખ્ય લક્ષ્મી છે અને તે સમ્પત્તિરૂપ છે, તેનું તો આપનું ચરણકમલ ઘર જ છે. તેથી બધી સ્ત્રીઓએ ત્યાં જ રહેવું જોઈએ.

પધારેલ અને પાસે રહેલા આપનો અનાદર કરીને કોઈ સ્ત્રી બીજાનો આશ્રય કરતી નથી. વળી સ્ત્રી 'મર્ત્યા' મરણ પામનારી હોવાથી, તેણે મરણ મટાડનાર અને આત્માનું દાન કરનાર આપની જ સેવા કરવી જોઈએ. પરન્તુ કાલ વગેરેથી જેને સદા ભય છે તેવાની સેવા કરવી ન જોઈએ; કારણ કે મરણનો મોટો ભય જે પોતાને છે તે તેવાને પણ છે તો તેમનાથી એ ભય કેમ મટે?

વળી આપ ગુણોના ધામ છો. આપનાં અનન્ત ગુણો છે. તેથી ગુણવાળી સ્ત્રી તો આપનો જ આશ્રય કરશે. દોષરૂપ સ્ત્રી બીજાનો આશ્રય કરશે. કોઈ સ્ત્રી વિચાર કર્યા વિના અથવા નિર્ણય કરવાની શક્તિ ન હોવાથી બીજાનો આશ્રય કરે, પણ તેવી શક્તિ જેનામાં હોય તે મરણધર્મવાળી ગુણરૂપ લક્ષ્મીના અંશરૂપ સ્ત્રીએ તો આપનો જ આશ્રય કરવો યોગ્ય છે. સમાન સાથે વિવાહ કરવો એ તો સાધારણ છે. આપ ઉત્તમ સાથે વિવાહ કરવો એજ યોગ્ય છે. ઉત્તમ સાથે સ્ત્રીના વિવાહ ન થતા હોત તો લક્ષ્મી વગેરેના વિવાહ થાત નહિ.

વળી આપે કહ્યું કે ''જાણ્યા વિના ટૂંકી બુદ્ધિથી તેં મને પસંદ કરેલો'' તો મેં આપને ઓળખીને જ પસંદ કરેલા છે; અજ્ઞાનને લીધે વિવાહ કર્યો હોત તો બીજા સાથે થાત. આપ લક્ષ્મીના પતિ છો અને તેને પરણેલા તેવાજ હાલ પણ છો અને સ્વરૂપની જરા પણ હાનિ થઈ નથી એ પણ મેં જાણેલું. વળી સમાનનો વિવાહ જ યોગ્ય હોય તો પણ મારા માટે તો આપ યોગ્ય પતિ જ છો, કારણ કે આપ મારાથી ઉત્તમ છો. હું આપને માટે યોગ્ય નથી. તેથી મેં યોગ્ય પતિ પસંદ કર્યો નથી એવું મેણું મને અપાય તેમ નથી. વળી આપ આખા જગતના આત્મા છો, તેથી ઘણાં હલકાં હોય તેમણે પણ પોતાની શક્તિ પ્રમાણે આપની સેવા કરવી જોઈએ. બધાએ આત્માની સેવા કરવી જોઈએ, કારણ કે પદાર્થ માત્ર પોતાના આત્મા માટે હોય છે અને આપ બધાના આત્મા છો. વળી આ લોકનાં અને પરલોકનાં સ્વર્ગ વગેરે સુખ તથા પુરુષાર્થો આપનાર પણ આપ છો. વળી ઈચ્છેલા પદાર્થ પૂરરૂપે અથવા પ્રવાહરૂપે આપ આપો છો, તેથી આપની સેવા કરવી જોઈએ.

વળી ''સ્ત્રી પુત્ર ધન એ ત્રણે પ્રતિ હું ખરેખર ઉદાસીન જ છું'' એમ આપે કહ્યું, તો ભલે આપ મારી કામનાઓ પૂરી ન પાડો, છતાં હું આપના ચરણનો આશ્રય કરું તેની ના ન પાડો. આધાર વિનાના સંસારમાં ભ્રમણ કરનારીનો મારો આશ્રય આપનું ચરણ હો; કારણ કે 'અનૃતાપવર્ગઃ' મોક્ષ ખાસ કરીને ન માગેલ હોવા છતાં, આપ ન આપો છતાં, આપના ચરણની સુગન્ધ જેમે આપના ભક્તોને તે પ્રાપ્ત થાય છે. (અનૃત) અસત્યનો (અપવર્ગઃ) અન્ત આપમાં જ છે. આપની પાસે પહોંચેલાઓ સીમાડાને છેડે પહોંચેલાની જેમે અસત્યનો અભાવ જરૂર પ્રાપ્ત કરે છે. તેથી આપ કામનાઓ પૂરી ન પાડો તેથી આપના ચરણના આશ્રયથી વધારે ફલ ન મળે, છતાં મોક્ષ તો મળે છે જ.

બીજા પતિને સેવી વિષયો ભોગવ્યા પછી પણ શાસ્ત્રાર્થ પ્રમાણે આપનું ભજન કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય, પરન્તુ જે સ્ત્રી પ્રાકૃત હોય તે જ માત્ર વિષયોની ઈચ્છા રાખે છે

અને હરકોઈ પ્રકારે વિષયો પૂરા પાડનારા શિશુપાલ વગેરે તેવી સ્ત્રીના જ પતિ હો; પરન્તુ જે સ્ત્રીઓના કાનમાં આપની કથા પહોંચેલી છે તે સ્ત્રીઓની વિષયોની ઈચ્છા જતી રહે છે. વિષયોને તો રાજાઓ જ પોષે છે, કારણ કે સ્ત્રીઓનાં શયનગૃહ ભોજનગૃહ વિહારગૃહ વગેરેમાં તેઓ પોતાની સરસાઈને તથા વૈભવને તજી, ઘરના દાસો જેમે સ્ત્રીઓની સેવા કરવા સદા તત્પર રહે છે. ૧.સ્ત્રીઓને જોઈતું જલ લાવવાનું તેઓનું કામ આ રાજાઓ ગધાડાની જેમે કરે છે. આળસવિના તેઓ સ્ત્રીઓએ કરવાનું કામ કર્યા કરે છે. ૨.બળદો જેમે તેઓ સ્ત્રીઓને ગાડામાં ફેરવે છે, અથવા ગાયો જેમે દૂઝે છે, એટલે પોતાનું સર્વસ્વ તેમને આપે છે. ૩.ઘરધણી ઉંઘતો હોય ત્યારે કૂતરો જેમ જાગતો રહી તેનું રક્ષણ કરે છે તેમ રાજાઓ પોતે હલકી સ્થિતિમાં રહી પોતાના દેહથી સ્ત્રીઓનું રક્ષણ કરે છે. ૪.એમ રહેવામાં હરવાફરવામાં અને શયનમાં દાસ થવાં છતાં ભોગ તેમને પ્રાપ્ત થતો નથી, પરન્તુ સ્ત્રીઓનું એઠું, તેમણે ભોગ કરતાં વધેલું અને તેમને ઉપયોગી ન હોય તેવું જ બિલાડાની જેમે સ્ત્રીઓ તેમને આપે તેજ તેમને પ્રાપ્ત થાય છે. બિલાડાં સ્ત્રીઓના પગ પાસે ખાવાનું માગવા અનેક ચેષ્ટાઓ કરે છે, ત્યારે સ્ત્રી કોઈ સમયે પોતે દૂધ પીધા પછી ઠામને ચોટી રહેલાં જેવું તેમને આપે છે. તેવી રીતે હલકો અને અચોક્કસ ભોગ ભોગવનારા રાજાઓ જ સ્ત્રીઓને ભોગ પ્રાપ્ત કરાવી શકે છે.

આથી ઉલટું આપની કથાઓ સ્ત્રીઓને વિષયોનો ત્યાગ કરાવે છે. ('વિષં') વિષ ('યાન્તિ') થાય તે વિષયો શત્રુરૂપ છે. તેઓનો 'કષણં' નાશ કરનારા આપ છો અને આપની કથાઓ પણ આપના જેવી જ છે. વિષયોથી આપની કથાઓનો નાશ થઈ શકતો નહિ હોવાથી, તેમને પોતાનો નાશ થવાનો ભય નથી. વળી તે ઘણાં રૂપવાળી હોવાથી એક રૂપવાળા આપ કરતાં પણ બલવાન છે. તેઓ સદા આપની પાસે રહેનારી છે અને પોતે જ પાસે આવે છે, (પણ તેમને શોધવા કોઈને જવું પડતું નથી). બ્રહ્મા અને શંકર ઉત્પત્તિ અને પ્રલય કરનારા છે. તેઓને જે જરૂરવાળું હોય તે જ તેમની સભામાં ગવાય. દરર

જ ભરવામાં આવતી તેમની સભામાં તેમને પણ દુર્લભ આપની કથાઓ જ ગવાય છે. તેથી તે બન્ને કરતાં આપ ઉત્તમ છો. તેથી જે આપની કથાઓનું શ્રવણ કરતી નથી તે સ્ત્રીઓ જ પોતાની ગધેડા વગેરે જેમે ગૂલામી કરનાર પતિઓ પ્રાપ્ત કરે છે. તેવી સ્ત્રીઓને તેવા પતિઓથી આ લોકનું સુખ પણ મળતું નથી, કારણ કે તે પતિઓ જીવતાં મડદાં જ છે. મડદાનું આલિંગન કરવાથી કોઈ ભોગ પ્રાપ્ત થતો નથી. સ્વપ્નમાં પણ તેને આલિંગન થયેલું જોવાથી મૃત્યુ થાય છે. સતી થતાં તો તેવા આલિંગનથી મૃત્યુ થાય છે એ દેખીતું જ છે. જો તે દેહમાં કોઈ ઈન્દ્રિયવાળો ચેતન (જીવ) હોય, તો તે ગધેડાં વગેરેની સ્થિતિ પ્રાપ્ત ન કરે. તે આવી સ્થિતિ પ્રાપ્ત કરનારો હોવાથી તે મડદું જ છે, પરન્તુ પ્રસિદ્ધ મડદાં કરતાં તેનામાં પ્રાણ વધારે હોવાથી તે જીવતું મડદું છે. તેની ચારે બાજુએ ચામડી છે. ઉંચે લટકતા ભાગમાં ઢાંકણાના આગલા ભાગ જેવી દાઢી છે. બધે તરખલાં જેવાં રૂંવાડાં છે. જેમ કિલ્લાઓ ઉપર ટોચ અને ભાલા હોય તેવા છેડાઓ ઉપર નખો છે. પાછળ કેશ

છે. એમ એ મડદું બહારથી મઢેલું છે. અંદર માંસ અને આધાર બનેલાં હાડકાં છે. વચમાં નાડીઓમાં લોહી છે. નાડીઓ માંસની બહાર પણ નીકળતી હોવાથી ત્યાં પણ લોહી છે. લોહીમાં કીડાઓ છે. તેથી પણ અંદર વિષ્ઠા હોય છે અને રોગ વગેરે સૂચવનારા કફ પિત્ત અને વાત હોય છે. આવાં મડદાંને પરમ સુન્દર કાંત માની સ્ત્રી તેને સેવે છે, કારણ કે તે મૂર્ખી છે અને આપના ચરણકમલના મકરન્દની સુગન્ધ લેતી નથી. જેમ કાન આપની કથાઓનું શ્રવણ કરે તેમ નાક પણ જો આપના ચરણારવિન્દની રજ ગ્રહણ કરે, તો તે મડદાંને સ્વીકારે નહિ, કારણ કે જે કમલની સુગન્ધ લે તેને મડદાની ગંધથી સૂગ આવે, પણ ગંધનો ભેદ ન જાણનાર કાગડા વગેરેને સૂગ ન આવે. પતિવ્રતા સ્ત્રીઓ તો પતિને ભગવાન માનીને ભજતી હોવાથી તેમને આ લાગુ પડતું નથી, તેમ તેમને વિષયોની ઈચ્છા પણ હોતી નથી.

મારો પણ વિષયોનો જ અધિકાર છે, વિષયોનો અનુભવ કર્યા વિના માત્ર મોક્ષ મેળવવાનો અધિકાર નથી, છતાં આપનાં ચરણમાં મારો પ્રેમ હો, એવી પ્રાર્થના કરું છું. સ્ત્રી પુરુષ બન્નેને પરસ્પર પ્રેમ હોય ત્યારે સ્પર્શ વગેરેથી બન્નેને સુખ થાય છે, નહિ તો થતું નથી. જો આપનો મારા ઉપર પ્રેમ ન હોય તો મેં કરેલ સ્પર્શ વગેરેથી આપને સુખ ન થાય છતાં આપ પૂર્ણ આનન્દવાળા હોવાથી આપને કાંઈ હાનિ થતી નથી. હું તો પૂર્ણ આનન્દવાળી નહિ હોવાથી આપના ચરણ સિવાય બીજે સ્પર્શ કરું તો મારી ઉદ્ધતાઈ થાય અને ચરણનો સ્પર્શ કરવામાં કાંઈ વિરોધ નથી, તેથી આપના ચરણમાં મારો પ્રેમ અન્તરાય વિનાનો સમ્બન્ધ હો. આપને તો તેની જરૂર નથી કારણ કે આપ આત્મમાં રમણ કરો છો, છતાં આપ મારા સમ્બન્ધનો વિરોધ નહિ કરો, કારણ કે જેમ આપ આત્મામાં રમણ કરો છો તેમ પ્રપઞ્ચમાં પણ રમણ કરો છો અને પ્રપઞ્ચનું મૂલ સ્વરૂપ હું હોવાથી સૃષ્ટિ અને પ્રલય થાય છે.

વળી આપ સર્વરૂપ હોઈ આત્મામાં અને મારામાં આપની જુદી દષ્ટિ હોતી નથી. સર્વ આત્મરૂપ હોવાથી આપની સર્વત્ર એક જ દષ્ટિ છે. મારો સ્ત્રીનો પુરુષાર્થ પણ આપથી સિદ્ધ થશે. કારણ કે જ્યારે આ જગતની વૃદ્ધિ કરવા રજોગુણની અધિક માત્રારૂપ કામ આપ ધારણ કરશો ત્યારે આપ મારા તરફ દષ્ટિ કરશો, ત્યારે જ અમો બધી શક્તિઓ ઉપર આપની ઘણી કૃપા હશે. ''મહદ્ બ્રહ્મ મારી યોનિ છે, તેમાં હું ગર્ભ મૂકું છું. તેમાંથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે'' (ભગ.ગીતા૧૪|૩) એ આપના વાક્ય પ્રમાણે આપ તે સમયે માત્ર દષ્ટિથી જ 'ચિત્' શક્તિ મૂકવાના. આપની સાથેનો સમ્બન્ધ તો સદાનો છે. તે સમયે વધારામાં આપ અમારા પ્રતિ દષ્ટિ કરશો.

તેથી આપ ઉદાસીન રહો તો પણ મારા સર્વ પુરુષાર્થો સિદ્ધ થવાના. છતાં આપે જે વચનો કહ્યાં તે વગર વિચારેલાં નથી. આપ ઘણી શક્તિવાળા છો અને આપને કોઈની જરૂર નથી. તેથી ક્લેશવાળું કર્મ કરવાનું આપને કાંઈ પ્રયોજન નહિ હોવાથી મારી પરીક્ષા કરીને જ મારો સમ્બન્ધ કરવા આપે એ વચનો કહેલાં. હું સ્ત્રી હોવાથી જ આપને એવી

પરીક્ષા કરવી પડી. કારણ કે મોટા કુલમાં જન્મેલી કાશીરાજની પુત્રી અંબાનો પ્રેમ જેમ શાલ્વમાં હતો તેમ કોઈ પ્રસંગે કન્યાનો પ્રેમ બીજામાં હોય છે. પરણેલી સ્ત્રી પણ જન્મના સંસ્કારને લીધે અથવા ગ્રહોને લીધે ઘણા પુરુષોનો સમ્બન્ધ કરી વ્યભિચારિણી થાય છે અને તેનું મન જુદા-જુદા પુરુષોમાં જાય છે. તેથી સ્ત્રીની પરીક્ષા કરી એ અવશ્ય જાણવું જોઈએ; કારણકે ડાહ્યા પુરુષોએ વ્યભિચારિણીનું પોષણ કરવું ન જોઈએ. તેનું પોષણ કરનાર બન્ને લોકથી ભ્રષ્ટ થાય છે.

**શ્રીકૃષ્ણે કરેલી રુક્મિણીની પ્રશંસાઃ**

એવી રીતે રુક્મિણીએ ભગવાનનાં વચનોનું અભિપ્રાય સાથે બે પ્રકારે વ્યાખ્યાન કર્યું અને તેને દિલાસો આપવા ભગવાને જે અભિપ્રાય પ્રકટ કરેલો તેનું પણ વર્ણન કર્યું. તે સાંભળી ભગવાને જાણ્યું કે રુક્મિણી અનન્ય છે અને તેણે પોતાની દીનતા તથા હલકી સ્થિતિ જણાવેલી હોવાથી તેનામાં મદ પણ નથી. તેથી તેના ઉપર પ્રસન્ન થઈ તેના વાક્યનું અભિનન્દન કરતાં તેમણે તેને કહ્યું કે ''હે ભલી રાજપુત્રી!

હમણાં તેં જે કહ્યું તે જ તું કહેશે એમ માની મેં વાકું બોલી તને મેંણું કહેલું. તું ભલી છે, તારામાં મેં કહેલા દોષો નથી અને તું રાજપુત્રી હોવાથી તારામાં મારા વચનોનું વ્યાખ્યાન કરવાની શક્તિ પણ છે. તેં મારાં વચનોનું જે વ્યાખ્યાન કર્યું તે બધું સાચું જ છે. તેવું વ્યાખ્યાન ન હોય તો એ વચનો અર્થ વિનાના થાય. તેં મારા ચરણારવિન્દમાં પ્રેમ માગ્યો. મારા સમ્બન્ધવાળા સકામ અને નિષ્કામ બધાએ વ્યવહારો નિષ્કામ જ છે. તું જે-જે કામોની કામના કરે છે તેની નિષ્કામપણા માટે જ કામના કરે છે. તારી કામનાઓ નિષ્કામ થાઓ. તું માનિની છે. માનિનીઓ નિષ્કામ હોતી નથી. પણ તારું અભિમાન જતું રહેલ હોવાથી તું નિષ્કામ છે. તારી બધી કામનાઓ તને પ્રાપ્ત થઈ જ ચૂકી. હું કામનાઓ ન આપું તોપણ તું અનન્ય ભક્તિવાળી હોવાથી તે તને મળીજ ચૂકી, કારણ કે જે અનન્ય ભક્તિવાળી હોય તે સર્વ પ્રાપ્ત કરે છે. તું તે સર્વ પ્રાપ્ત કરવા યોગ્ય છે અને ભાગ્યવાળી છે. તને તે કામનાના સુખનો અનુભવ પણ છે. હું તારો ત્યાગ કરીશ એવું લાગતાં જ તું પડી ગઈ અને તેં શરીરનો ત્યાગ કર્યો. તેથી મારા ઉપરનો તારો પ્રેમ જણાયો, કારણ કે પતિવ્રતપણાનો ભંગ થવાનો પ્રસંગ આવતાં તેં મરણ સ્વીકાર્યું. મારો સ્પર્શ થવાથી જ તને જીવન પ્રાપ્ત થયું, તેથી મારામાં તારી સ્થિર ભક્તિ હોવાનું જણાયું. વળી વચનોથી તને ડગાવવા માંડી, છતાં મારામાં તારી ભક્તિ ઘટી પણ નહિ. તેં ભક્તિમાર્ગ પ્રમાણે ભક્તિનો જ સ્વીકાર કર્યો અને કોઈક જ સમયે કામ થશે એમ જણાવ્યું તે પણ યોગ્ય છે, કારણ કે દંપતીના જેવી સ્થિતિ પ્રાપ્ત કરવા ભક્તિમાર્ગમાં મારું ભજન થતું નથી. કર્મમાર્ગમાં તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા પુરુષો તપ અને સ્ત્રીઓ વ્રત કરે છે. તેઓ કામને જ પુરુષાર્થ માનતા હોવાથી મારું પણ દંપતીભાવ પ્રાપ્ત કરવા ભજન કરે છે. ઠંડી પ્રાપ્ત કરવા કોઈ અગ્નિનું સેવન કરતું નથી. હું તો મોક્ષ આપનારો છું છતાં તેઓ કામ માટે મારું ભજન કરે છે. એ પ્રમાણે સેવ્ય (હું) અને સેવક વિરુદ્ધ હોવા છતાં, મારી માયાથી મોહ પામી તેઓ મારું એ

પ્રકારે ભજન કરે છે. મારી પાસેથી તો મોક્ષ મળે, છતાં જેઓ માત્ર આ લોકની સમ્પત્તિ માટે જ મારી પ્રાર્થના કરે છે તેઓ મંદ ભાગ્યવાળા છે. જેમ મંદ ભાગ્યવાળાને નિધિ મળે છતાં તે તેને પથ્થર સમજી પગથી ઠોકર મારે છે, તેવું તેમનું વર્તન છે. સ્ત્રી, ધન વગેરે વિષયો તો માણસને નરકમાં પણ મળે છે. કૂતરાઓ પણ વિષયો ભોગવતા જોવામાં આવે છે, તેથી વિષયો તો સર્વત્ર મળવાના જ. જ્યાં વિષયોનો જ સમ્બન્ધ થાય ત્યાં દુઃખ પણ ચોક્કસ થવાનું, પછી થોડું થાય કે વધારે. તેથી વિષયો જોઈતા હોય તો નરકમાં પણ મળવાના અને નરક મેળવવું ઘણું સહેલું છે. તે મેળવવા નથી કરવું પડતું તપ કે નથી કરવું પડતું મારું ભજન. તેથી જે દુઃખ વિના પ્રાપ્ત થઈ શકે તેમ છે, તે પ્રાપ્ત કરવા કષ્ટ ભોગવવું એ દુર્ભાગ્ય છે. હું પૂર્ણની પાસેથી હલકું માગવાથી મંદ ભાગ્યવાળા થવાય.

તે સદ્‌ભાગ્યે મારામાં વારંવાર અનુવૃત્તિ કરી, હું ઉદાસીન હોવા છતાં તું મને અનુસરી. આવી અનુવૃત્તિ સંસાર ફીટાડનારી છે. પહેલાં તેં મને પત્ર મોકલી આત્મસમર્પણ કર્યું. પછી રુક્મીના વધનો પ્રસંગ આવ્યો ત્યારે વાણીથી સમર્પણ કર્યું. હમણાં મૂર્ચ્છિત થઈ તેં મનથી સમર્પણ કર્યું અને તારો અભિપ્રાય જણાવનારાં વાક્યોથી સર્વનું સમર્પણ કર્યું. ઈશ્વરથી જુદાઈથી રહેવાથી સંસાર થાય છે, તેથી આ તારી અનુવૃત્તિ સંસાર ફીટાડનારી છે. દુષ્ટ સ્વભાવવાળા રુક્મી વગેરે ખલોને લીધે મારામાં આવી અનુવૃત્તિ કરવી એ તારા માટે ઘણું કઠણ હતું, કારણ કે તે દુષ્ટો બીજાનાં કાર્યનો નાશ કરનારા છે. વળી પ્રાકૃત ઈચ્છાઓવાળીથી તારા જેવી અનુવૃત્તિ થવી કઠણ છે. પ્રાણનું પોષણ કરનારી, નરક સેવનારી સ્ત્રીથી તે થઈ શકે તેવી નથી. એ પ્રમાણે અન્તઃકરણ, પ્રાણ, ઈન્દ્રિય અને શરીર ના દોષોમાંથી એક દોષ હોય તો પણ આવી અનુવૃત્તિ થઈ ન શકે, તો પછી બધા દોષો હોય તેનાથી કેમ જ થઈ શકે?

આવી દોષ વિનાની સ્ત્રીઓ પણ ઘણી છે, છતાં તેઓમાં પણ તું ઉત્તમ છે. ગૃહિણીઓ લૌકિક ધર્મમાં આસક્તિવાળી હોય છે. તેવી છતાં પણ પોતાથી પણ અધિક પ્રેમ મારા ઉપર રાખનારી દુર્લભ છે. મારા ઘણા પ્રકારના ગૃહસ્થાશ્રમોમાં તારા જેવી મારા ઉપર પ્રેમવાળી સ્ત્રી હું જોતો નથી. તારી બીજામાં આસક્તિ નથી અને તું મારી જરાપણ અપકીર્તિ સહન કરતી નથી. તેં તારા વિવાહ પ્રસંગમાં કુંડિનપુર આવેલા શિશુપાલ વગેરેનો અનાદર કરી, મને બોલાવવા એકાન્તમાં બ્રાહ્મણ મોકલ્યો. તે સમયે તને મારો પરિચય પણ ન હતો, પણ માત્ર સંતો દ્વારા મારી કથાઓ સાંભળેલી. આવી રીતે બ્રાહ્મણને મોકલવાનું લોકમાં કોઈ સમયે થયેલ નથી. તારા જેવો લગ્નનો પ્રકાર બીજી કોઈ સ્ત્રીનો થયો નથી. વળી વિવાહના પ્રસંગમાં તાર મોટા ભાઈ રુક્મીને મેં યુદ્ધમાં જીતી મૂંડી કદ્રૂપો કર્યો. તેથી તને થતું દુઃખ મારો વિયોગ થવાના ભયથી તેં સહન કર્યું. વળી અનિરુદ્ધના વિવાહના પ્રસંગમાં દ્યૂતશાળામાં રુક્મીનો વધ થશે તેથી તને થતું દુઃખ પણ તું એજ ભયથી સહન કરીશ.

(રુક્મિણીનું અભિમાન ઉતારવાનો આ પ્રસંગ પ્રદ્યુમ્નના જન્મ પહેલાં જ

બનેલો. તેમ ન હોય તો ભગવાન તેને બીજો પતિ વરવાનું ન કહેત, કારણ કે જેને પુત્રો અને પૌત્રો હોય તેવી સ્ત્રીને તેમ કોઈવાર કહેવાતું નથી. પહેલો સંગ થાય ત્યારે જ આમ કહેવાય. વળી તે સમયે રુક્મિણી પણ ભગવાનનું હૃદય બરાબર જાણતી થયેલી નહિ હોવાથી જ પડવાનું પણ સમ્ભવે, પણ જો તેમનાં હૃદયને જાણી ગયેલી હોય તો તેવું ન બને. શ્રીકૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન રુક્મિણીથી થયો અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધના લગ્નના પ્રસંગે દ્યૂતસભામાં બલભદ્ર રુક્મીને હણશે. તેથી આ પ્રસંગે તે બનાવ બનેલ ન હોવા છતાં, રુક્મિણીએ પોતાના ઉત્તરમાં દિવ્ય જ્ઞાનથી ભગવાનનાં વચનોનું વ્યાખ્યાન કર્યું, તેથી ભગવાન પણ તેને દિવ્ય જ્ઞાનવાળી માની ભવિષ્યનો વૃત્તાંત પણ જણાવે છે.)

મારો સમ્બન્ધ બંધ પડશે એ ભય, ઉત્પત્તિને લીધે સર્વથી બલવાન ભાઈના સમ્બન્ધ કરતાં પણ તને મોટો લાગ્યો. તેથી તું જ ઉત્તમ છે. મારો સમ્બન્ધ સાચવવા આવું દુ:ખ તેં સહન કર્યું તેથી તેં મારા ઉપર વિજય મેળવ્યો છે. તારો વિજય હું સ્વીકારું છું અને હું તારો હોવાનું પણ સ્વીકારું છું. હું પ્રાપ્ત થાઉં તે માટે સારી રીતે મસલત કરેલો દૂત તેં મને મોકલ્યો, એટલે હું આવીશ જ એવો વિશ્વાસ આરંભમાં જ તેં રાખેલ. પછી મને આવવાના વિલમ્બ થતાં તેં આ જગતને શૂન્ય માન્યું અને તારો દેહ મારે જ ઉપભોગ કરવા યોગ્ય હોવાથી તેનો ત્યાગ કરવાનો વિચાર કરેલો. આ કાર્ય તું જ કરી શકે. આવું કાર્ય બીજાથી થઈ ન શકે. બીજા કોઈ કાર્યને આની ઉપમા આપી ન શકાય અને આનો બદલો મારાથી પણ આપી શકાય તેમ નથી. તેથી હું તેનું અભિનન્દન કરું છું અને આ કાર્ય માટે તારો ઋણી છું.''

એ પ્રમાણે યોગ્ય વાતચિતોથી શ્રીકૃષ્ણે લક્ષ્મી એટલે રુક્મિણી સાથે લૌકિક રમણ કર્યું. મનુષ્યની લીલા કરતા હોવાથી તે પરબ્રહ્મ હોવા છતાં તેમણે એ પ્રમાણે ક્રીડા કરી. બીજી સ્ત્રીઓના સમ્બન્ધમાં તેમનાં રમણનો પ્રકાર આવો જ ન હતો. પરન્તુ તે દરેક સ્ત્રીને યોગ્ય જ પ્રકાર હતો. તે સ્ત્રીઓનાં ઘરોમાં પણ ભગવાન પ્રાકૃત ગૃહસ્થની જેમે લીલાનું અનુકરણ કરતાં, ગૃહસ્થના લૌકિક અને વૈદિક ધર્મો આચરતાં હતા. 'હું મનુષ્ય છું' એમ દેખાડવા લૌકિક ધર્મો આચરતા અને લોકના ગુરુ હોવાથી વૈદિક ધર્મો આચરતા. સર્વનું દુ:ખ હરવા તે ભૂતલ ઉપર પધારેલા અને લાંબા સમય સુધી રહેલા.

**શ્રીકૃષ્ણની પત્નીઓની તેમનામાં વિકાર ઉત્પન્ન કરવાની અશક્તિ:**

ભગવાને પોતાની પત્નીઓ સાથે વૈદિક પ્રકારે પણ રમણ કર્યું. ''આ (સ્ત્રી)માં દશ પુત્રો ઉત્પન્ન કર'' એવું વેદનું વાક્ય હોવાથી ભગવાને પોતાની દરેક પત્નીમાં દશ-દશ પુત્રો ઉત્પન્ન કર્યાં. કોઈમાં વધારે પણ નહિ તેમ કોઈમાં ઓછા પણ નહિ, પણ દરેકમાં દશ જ પુત્રો ઉત્પન્ન કરેલા. આ બધામાં (માતા કરતાં) પિતાના ગુણ વધારે હતા. બધા શરીર ઇન્દ્રિય વગેરેની બધી સમ્પત્તિમાં પિતાથી જરાયે ઉતરે તેવા ન હતા.

ભગવાનની પત્નીઓ બધી રાજાઓની કન્યાઓ હતી. ભગવાન ઘરમાંથી બહાર પધારતા ન હતા. અચ્યુત હોવાથી સુરતમાં અટકતા નહિ અને લૌકિક પુરુષની જેમે ઘરમાં

જ રહેતા. તેથી તે દરેકને અભિમાન થતું કે હું જ ભગવાનને સર્વથી પ્રિય છું; કારણ કે તેઓ ભગવાનના અભિપ્રાયને અથવા તેમનાં સ્વરૂપનાં તત્ત્વને જાણતી ન હતી. ૧.પૂર્ણ રસ દર્શાવિનારું સુન્દર કમલની કળી જેવું મુખ ૨.પૂર્ણ આલિંગન કરે તેવા લાંબા બાહુઓ ૩.સ્વરૂપથી પણ રસ  જાગ્રત કરે તેવાં સુન્દર વિશાલ નેત્રો ૪.દષ્ટિને રસાલ બનાવનાર સ્નેહવાળું હાસ્ય ૫.સ્નેહને લીધે રસથી ભરપૂર દષ્ટિ અને ૬.પોતાનો મત સ્થાપનારાં અને બીજાના મતમાં દોષ દેખાડનારાં મનોહર અર્થવાળા વાક્યોવાળી મનોહર કથાઓ એ ભગવાનના છ ગુણોથી બધી પત્નીઓ મોહ પામતી. તે બધી 'વનિતા' વનને પ્રાપ્ત થયેલી એટલે સંસારરૂપ વન પ્રાપ્ત થાય તેવી વયવાળી હતી અને ભગવાન આગળ તો ભરપૂરપણું પણ હલકું પડે, એટલે તે બધી ઉજ્જડ જેવી અને ભગવાન સર્વનાં રહેઠાણરૂપ છે. તેથી ભગવાનનાં કાયા, વાણી અને મન ના ઉપર જણાવેલ છ ગુણોથી મોહ પામવાથી અબલાઓ બનેલી તે પત્નીઓ ભગવાનનાં મનને વશ કરી શકતી ન હતી. ભગવાનનું ચિત્ત તેમનામાં આસક્તિવાળું ન હતું. આસક્તિ તો દૂર રહી, પણ તેઓ ભગવાનનાં મનમાં ખળભળાટ પણ કરી શકતી નહિ. તેઓ કોઈ સમયે ૧.ભગવાનનું માન ઉતારવામાં વિલમ્બ સૂચવનારી ગર્વવાળી દષ્ટિઓ કરતી. ૨.તેમની બેદરકારી દૂર કરવા કટાક્ષો ફેંકતી એટલે મંદદષ્ટિથી અથવા વાંકી દષ્ટિથી પોતામાં આસક્તિ ઉત્પન્ન કરાવવા પ્રયાસ કરતી. ૩.તમેનો પ્રેમ પોતામાં થાય તે માટે પ્રેમને આકર્ષનારાં કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ ભ્રમરનાં મંડલો રચતી. એ ત્રણથી મોકલેલાં અને સુરત જાગ્રત કરનાર મન્ત્રરૂપ ગુહ્ય ભાષણોથી બલવાન કરેલાં કામનાં બાણોથી પણ તેઓ ભગવાનમાં ખળભળાટ કરી શકતી ન હતી. તેઓ બધી સંકોચ વિના અને અડચણ વિના પોતાને સુખ થાય તેવી રીતે પ્રવૃત્તિ કરી કામના બાણરૂપ વિજય પ્રાપ્ત કરનારા દેહના અવયવોના અભિનયો કરતી. મન્ત્રો સાથે બાણ ફેંકવામાં આવે તો કાર્ય પાર પડે એમ બ્રહ્માસ્ત્ર વગેરેમાં પ્રસિદ્ધ છે. આવાં સાધનોથી પણ તેઓ ભગવાનમાં ખળભળાટ કરી શકતી ન હતી, ત્યારે કપટવાળી યુક્તિઓનો પ્રયોગ કરતી, છતાં તેથી પણ કાંઈ વળતું નહિ. તેથી તેમના સમ્બન્ધથી ભગવાનમાં કોઈ પ્રકારે દોષ થતો ન હતો. પાછળ જણાવ્યું તેમ ભગવાન પધારે ત્યારે સામા આવવું વગેરે પ્રકારે તેઓ ભગવાનનું દાસ્ય કરતી.

**શ્રીકૃષ્ણની સન્તતિઃ**

વેદ પ્રમાણે પત્નીમાં દશ પુત્રો ઉત્પન્ન કરવાનાં હોવાથી આઠ પટરાણીઓના એંશી પુત્રો થયા અને સોળ હજાર નરકાસુરને ત્યાંથી લાવેલી પત્નીઓ પૈકી રોહિણી પટરાણી જેવી હતી તેનો પુત્ર દીપ્તિમાન્ આ એંશી જેવો હતો. એકાશી ભક્તિના પ્રકારો હોય તેવા આ એકાશી પુત્રો ભગવાને પ્રકટ કરેલા. બધા પુત્રોને પાછા પુત્રો થયેલા. તેમાં રુક્મિણીના પુત્ર પ્રદ્યુમ્નથી ઉત્પન્ન થયેલ અનિરુદ્ધ મુખ્ય હતો. આ બધા પુત્રો ભગવાનની બધી પત્નીઓને પોતાની માતા જ માનતા. જેવી પોતાની જન્મ આપનારી માતા તેવી જ બીજી બધી માતાઓ હતી, એટલે શોક્યના પુત્ર હોવાપણું ન હતું.

પ્રદ્યુમ્ન પોતાના મામા રુક્મીની કન્યા રુક્મવતીને પરણ્યો હતો. રુક્મીને શ્રીકૃષ્ણે હરાવી મૂંડેલો, તેથી તે તેમને શત્રુ માનતો હતો અને તેનો સાક્ષાત્ વિરોધ કરવાની શક્તિ ન હોવાથી વેરનું સ્મરણ કરતો તેમની ખામીઓ શોધ્યા કરતો. છતાં તેણે પોતાની બેન રુક્મિણી ઉપર પહેલાં તેનો અભિપ્રાય જાણ્યા વિના અપકાર કરેલો. વળી રુક્મિણીએ તેના પ્રાણનું રક્ષણ કરેલું. તેથી તેનો અભિપ્રાય જાણ્યા પછી તે કેમ પ્રસન્ન થાય એમ વિચારી તેનું પ્રિય કરવા રુક્મવતી તેના પુત્ર પ્રદ્યુમ્નને આપી. વળી રુકમવતીએ પણ સ્વયંવરમાં પ્રદ્યુમ્નને પસંદ કરેલો. જેને લીધે કન્યા પતિને પસંદ કરે છે તે કામ પહેલાં (શંકરે બાળી મૂકેલ હોવાથી) અનંગ (અંગ વિનાનો) હતો, તેથી કોઈ કન્યા તેને વરી ન હતી. હવે તે અંગવાળો થયો હતો. તેથી રુક્મવતીએ પ્રદ્યુમ્નને પરણાવી. પ્રદ્યુમ્ન પણ પરાક્રમી હતો. એકલો જ રથમાં બેસી યુદ્ધમાં સાવધાન રહેલો ત્યાં એકઠા થયેલા બધા રાજાઓને હરાવી તેણે કન્યાનું હરણ કરેલું. કન્યાનું હરણ કરીને તે પોતાના મામા રુક્મીને ઘેર જ પાછો ગયેલો અને ત્યાં ભોજકટમાં જ અનિરુદ્ધનો જન્મ પણ થયેલો.

ભગવાનને કન્યાઓ પણ થયેલી. તેમણે કન્યાઓનું દાન પણ કરેલું. રુક્મિણીની કન્યા ચારુમતી વિશાલ ચક્ષુઓવાળી ઘણી સુન્દર હતી તેને કૃતવર્મા યાદવના પુત્ર બલી સાથે પરણાવેલી. બલીને બોલાવીને કન્યા આપેલી. તે જ રીતે બીજી કન્યાઓના તથા બીજી પટરાણીઓની તથા મહારાણીઓની કન્યાઓના વિવાહ પણ ભગવાને કરેલા.

**અનિરુદ્ધનાં રોચના સાથે લગ્ન:**

રુક્મીએ પોતાની પૌત્રી રોચના પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધને આપી. અનિરુદ્ધનો જન્મ રુક્મીને ત્યાં ભોજકટમાં થયેલો. ''જેની માતા, દાદી તેમજ દાદાની મા એ ત્રણે એક કુલમાં ઉત્પન્ન થયેલાં હોય તે શાપિત ગણાય છે'' એ શાસ્ત્રના નિયમ પ્રમાણે રોચનાને પુત્ર થાય તે શાપિત ગણાય. તેથી આ વિવાહ ધર્મ વિરુદ્ધ હતો અને રુક્મી તે જાણતો હતો, છતાં પોતાની બેનનું પ્રિય કરવા તેણે રોચના પણ અનિરુદ્ધને આપી, કારણ કે તે બેનના સ્નેહથી વશ થયેલો. સમ્બન્ધ ધર્મ વિરુદ્ધ હોવા છતાં તેણે તે સ્વીકાર્યો, કારણ કે સ્નેહ હોય ત્યારે બધું યોગ્ય જ જણાય છે. બેનની પ્રીતિ થાય તે માટે પોતાની જીન્દગી સુધી જે કાંઈ ઉત્તમ હતું તે તેણે આપ્યું એમ જણાય છે. આ વિવાહ લૌકિક જેવો હોવાથી તે ઉત્સવ ઉપર રુક્મીણી, બલભદ્ર, શ્રીકૃષ્ણ, સાંબ પ્રદ્યુમ્ન વગેરે જાનૈયા થઈ ભોજકટ આવ્યા. તે વિવાહ પૂરો થયો ત્યારે આવા સમ્બન્ધનું ફલ પણ મળ્યું, કારણ કે કલિંગ વગેરે દેશના અભિમાની રાજાઓએ રૂક્મીને ચડાવ્યો કે ''તું જૂગારમાં બલભદ્ર ઉપર વિજય પ્રાપ્ત કર. તેમને રમતાં આવડતું નથી, છતાં તેને તે વ્યસન છે એટલે રમવા આવશે અને રમવા માડ્યાં પછી અટકશે નહિ અને હારશે''.

**બલભદ્રે કરેલ રુક્મીનો વધ:**

બલભદ્રે પહેલાં રુક્મિણીને જ્ઞાનનો ઉપદેશ કરેલ અને દિલાસો આપેલ. તેથી તેને હિત કરનારા માની રુક્મીએ તેમને ભગવાનથી છૂટા પાડી એકલાને બોલાવ્યા અને તેમની

સાથે જૂગાર રમ્યો. પાસા લઈ રુક્મીએ તેમને હોડ કરવા કહ્યું, ત્યારે તેમણે અનુક્રમે એકસો, એકહજાર અને દશહાજારની હોડો કરી. એ ત્રણે હોડ પોતાને લાભકારી પાસા નાખી રુક્મી જીત્યો. ત્યારે કલિંગના રાજાએ દાંત દેખાડી મોટેથી હસી બલભદ્રના રમતનાં અજ્ઞાન માટે તેમની મશ્કરી કરી.

ત્રણ હોડ થયા પછી પાસા નાખાનાર બદલાય એવો જૂગાર શાસ્ત્રનો નિયમ હોવાથી પછી કપટ થવાની શંકા ન રહે તે માટે બલભદ્રે પાસા લીધા. રુક્મીએ એક લાખ હોડમાં મૂક્યાં. આ હોડ બલભદ્ર જીત્યા, પણ તે એકાન્તમાં એકલા રમવા આવેલ હોવાથી તેમનો પક્ષ લેનાર સાંબ વગેરે કોઈ ત્યાં ન હતું, પણ બધા રુક્મીના પક્ષના હતા. રુક્મીની આ પહેલીજ વાર મોટી હાર થયેલી તેથી જુગારમાં જુઠું બોલવું એ નિન્દાપાત્ર નથી એમ સમજી, પાસાને ઉલટા પકડી દેખાડ્યા અને 'હું જીત્યો' એમ તે જુઠું બોલ્યો. બલભદ્રને ઘણો ક્રોધ થયો. ''મારો જ શિષ્ય મારાથી પણ સરસાઈ પ્રાપ્ત કરવા ઈચ્છે છે અને જૂઠું બોલે છે'' એમ વિચારી જેમ પૂનમના દિવસે સમુદ્ર ખળભળી પૂર્ણ ચન્દ્રને પકડવા ઈચ્છે છે, તેમ તેમણે રુક્મીને પકડ્યો. સ્વભાવથી જ તેમનાં નયનો લાલ હતાં, એટલે ક્રોધ ન કર્યો હોય ત્યારે પણ ક્રોધી હોય તેવા તે દેખાતાં, ઘણા ક્રોધને લીધે હવે તેમનાં નયનો ઘણાં લાલ થયાં અને આ રુક્મી હણવાયોગ્ય છે એવો તેમના મનમાં વિચાર આવ્યો.

ત્રણ વાર રમવું જોઈએ. તેથી બલભદ્રે ફરી પાસા લીધા. ત્યારે એકજ વાર જૂઠું બોલવાથી બધું જૂઠું બોલવાનું પતી જાય એવા વિચારથી એક લાખને ત્રણવાર દશગણા કરવાથી દશ કરોડ થાય. તેટલી રુક્મીએ હોડ કરી. બલભદ્ર પાસા જાણતા ન હતા, પરન્તુ દૈવગતિથી આ હોડ પણ તે જીત્યા. પોતાની ભારે ખોટ જોઈને, હવે કપટ જ કરવું પડશે એવો નિશ્ચય કરીને રુક્મીએ કહ્યું કે ''હું જીત્યો, આ મધ્યસ્થો નિર્ણય આપો''. સંદેહના પ્રસંગે જેમને નિર્ણય આપવા કહેવાય તે મધ્યસ્થો 'રુક્મી જીત્યો' એમ કહેશે ત્યારે બલભદ્ર માનશે કે ''મને હું જીત્યો એમ ભ્રાન્તિ થયેલી'' એવા વિચારથી તેણે મધ્યસ્થોના નિર્ણય માગ્યો. કલિંગરાજ વગેરે મધ્યસ્થો દુષ્ટ હોવાથી દેશ વગેરે દેવો મધ્યસ્થ તરીકે ત્યાં હતા તેમણે તેમનામાં પ્રવેશ કર્યો ન હતો અને તે મધ્યસ્થો ઉત્તર આપે તે પહેલાં જ સંદેહ દૂર થાય તે માટે સર્વ દેવતારૂપ આકાશવાણીએ કહ્યું કે ''ધર્મ પ્રમાણે બલભદ્ર જ હોડ જીત્યા છે. રુક્મી ધર્મવિરુદ્ધ ખોટું બોલે છે. તેમાં સંદેહ નથી''. કલિંગરાજ વગેરે દુષ્ટ રાજાઓની પ્રેરણાથી રુક્મીએ ''સાક્ષાત્ મધ્યસ્થો હાજર છે તો પછી આ બનાવટી વાણી કેમ સાચી મનાય?'' એમ જણાવી આકાશવાણીનો તિરસ્કાર કર્યો અને કાલની પ્રેરણાથી લય કરવા માટે જ જગતને ખેંચનાર સંકર્ષણની મશ્કરી કરતાં કહ્યું કે ''તમે વનમાં ફરનારા ગોપાલો પાસા ન જાણો. બાલપણમાં બધા વિદ્યાભ્યાસ કરે. ક્ષત્રિયો શસ્ત્રોનો અભ્યાસ કરે ત્યારે તમે વનમાં ગાયો જ ચારી. તમે પાસા ન જાણો. કારણ કે તમને તેનો અભ્યાસ નથી અને અભ્યાસ વિના વિદ્યા આવતી નથી. રાજાઓ જ પાસાઓ અને બાણોથી રમે, તમારા જેવાથી ન રમાય, કારણ કે તમે પારકા ઘેર મોટા થયેલા અને બાલક હતા ત્યાં સુધી નીચ

કામમાં યોજાયેલા હતા''. રુક્મીએ એ પ્રમાણે બલભદ્રનું અપમાન કર્યુ અને રાજાઓએ અને તેમના સેવકોએ ''રુક્મી સત્ય બોલે છે'' એમ કહી બલભદ્રની મશ્કરી કરી, ત્યારે ત્યાં દ્યૂત સભામાં જ કાલની પ્રેરણાથી બલભદ્રે કાલના હથોડારૂપ ભોગળ ઉગામીને, ''રુક્મીના પક્ષવાળાઓ આવો, તેને મદદ કરો'' એમ જણાવતા હોય તેમ તેને ક્રોધથી વિચાર કર્યા વિના જ મારી નાખ્યો. કલિંગરાજે દાંત દેખાડી મશ્કરી કરેલી. તે નાસતો હતો તેને દશમા ડગલે પકડી પાડ્યો અને ફરીથી તેના દાંત દેખાડે નહિ તે માટે તેના દાંત પાડી નાખ્યા. રુક્મીનું અનુમોદન કરનાર બીજા રાજાઓના તેમણે માથાં, બાહુ તથા સાથળો ભાંગી નાખ્યા અને તેમની ભોગળથી દુઃખી થયેલા તે બધા ભય પામી નાઠા. ધર્મથી વિરુદ્ધ અનિરુદ્ધનાં રોચના સાથે લગ્ન થયાં તેનું આવું ફલ પ્રાપ્ત થયું. જૂગારના પ્રસંગને લીધે રુક્મી હણાયો. તે સ્વરૂપાજ્ઞાનરૂપ હોવાથી ભગવાનના ભજનમાં વિઘ્ન કરનારો હતો. ભગવાન ભૂતલ ઉપર માત્ર ક્રીડા કરવા પધાર્યા ન હતા, પરન્તુ સર્વનો ઉદ્ધાર કરવા પણ પધારેલા હતા અને રુક્મી તેમના ભજનમાં વિઘ્ન કરનારો હોઈ સર્વનો ઉદ્ધાર થવામાં અડચણરૂપ હતો. તેથી લગ્નના પ્રસંગે પણ તે મરાયો. કલિમાં શુદ્ધ ક્ષત્રિય ન રહે એ માટે અને દેવકીજીને પ્રસન્ન કરવા માટે વંશ ચાલુ રહે તે માટે આવો ધર્મથી વિરુદ્ધ વિવાહ કર્યો. (યાદવકુલનો મુસલથી નાશ થવાનો હતો એટલે વંશ બંધ પડે. છતાં વંશ કલિયુગમાં ચાલુ રહે તે માટે આ ધર્મવિરુદ્ધ વિવાહ કરેલો. આ રોચનાનો પુત્ર વજ મુસલથી બચી વંશ ચાલુ રાખશે.

આ પ્રસંગે રુક્મી એકલો હણાયો. તે ભગવાનનો સાળો હતો. અને લગ્ન પ્રસંગમાં સાળો પવિત્રતા સાચવનાર હોઈ આદર પાત્ર છે. તેથી બલભદ્રને તેને હણવા માટે ભગવાને ઠપકો આપવો જોઈએ. વળી ધર્મનું સ્થાપન કરવા દુષ્ટોને હણવા જોઈએ. તેથી બલભદ્રને કાંઈ ઠપકો ન આપવો જોઈએ. તેથી રુક્મી હણાયો ત્યારે 'સારું કર્યું' અથવા 'ખરાબ કર્યું' એવું કાંઈ ભગવાન બોલ્યા નહિં, પણ શાંત જ રહ્યા. શાંત રહેવાથી તેમણે બલભદ્રનો પક્ષ લીધો એમ ન ગણાય, કારણ કે રુક્મી હણાયા પછી બલભદ્રને કાંઈ કહેવું નકામું હતું. જો ભગવાન બલભદ્રને કહે કે 'સારું કર્યું', તો રુક્મીણીના સ્નેહનો ભંગ થાય. તે ભક્ત હતી, છતાં માયાના કાર્યરૂપ અવિદ્યા હોવાથી તેની ઉત્પત્તિનો વિચાર કરતાં તેના સ્નેહનો ભંગ થવાનું સમ્ભવે. વળી તે સ્નેહ વિનાની થાય ત્યારે ભગવાને પણ સ્નેહવિનાના થવું યોગ્ય હોવાથી, સ્નેહનો સર્વથા ભંગ થતાં ભક્તિમાર્ગનો જ નાશ થાય. તેથી ભગવાને 'સારું કર્યું' એમ ન કહ્યું. વળી જો તે 'ખરાબ કર્યું' એમ બલભદ્રને કહે તો બલભદ્રના સ્નેહનો ભંગ થાય, અવતારનું પ્રયોજન સિદ્ધ ન થાય. બલભદ્રના સ્નેહનો ભંગ થવાનું સમ્ભવતું હતું, કારણ કે ભગવાન તથા બલભદ્રની શક્તિનો વિભાગ થઈ ગયો હતો.

પછી જાનૈયાઓ કન્યાપક્ષવાળાથી છુટા પડ્યા. રુક્મીના મરણને લીધે રુક્મિણી, અનિરુદ્ધ અને રોચના ઉત્સાહ વિનાના થયા. પછી બલભદ્રને મુખ્ય જાનૈયા કરી, વર અનિરુદ્ધ અને કન્યા રોચના તેમના માંના બાપ તથા દાદા (અનુક્રમે) મરણ પામેલા

હોવાથી દુઃખી થયેલાં હતાં તેમને બલથી રથમાં બેસાડી, યાદવો ભોજકટથી કુશસ્થલી ગયા. ઉપર ત્રણ ઉત્સાહ વિનાના થયેલા ગણાવ્યા તે સિવાયના બીજા જાનૈયાઓના તો બધા મનોરથ ફળ્યા. તેમનો શત્રુ રુક્મી મૂઓ અને તેમણે ઈચ્છેલી કન્યા રોચના પણ પ્રાપ્ત થઈ. જેમને મધુસૂદનનો આશ્રય છે તેમના સર્વ મનોરથો ફળે છે. અનિરુદ્ધ ધર્મનો રક્ષક હોવાથી તેના લગ્નના પ્રસંગે દુષ્ટ રુક્મી મરાયો.

**બાણાસુરનો વૃત્તાન્તઃ**

અનિરુદ્ધનો બીજો વિવાહ બાણની પુત્રી ઉષા સાથે થયેલો. બાણ મહાત્મા બલિના એકસો પુત્રોમાં સર્વથી મોટો પુત્ર હતો. બલિને ભગવાને બાંધેલો. ભગવાન સાથે વિરોધ કરવાનું બાણનું સામર્થ્ય નહિ હોવાથી બાણ શંકરની ઉપાસના કરતો. શંકરની કૃપાથી તેને એક હજાર હાથ પ્રાપ્ત થયેલા. શંકર તાણ્ડવ નૃત્ય કરે ત્યારે તેમાં ઉત્સાહ વધે તે માટે વાજિંત્રોની જરૂર પડે અને જુદા-જુદા માણસો વાજિંત્રો વગાડે તો ઘણાની ક્રિયાઓ એકસરખી ન થવાથી વાજિંત્રો સંતોષકારક રીતે ન વાગે. તેથી આ બાણે પોતાના એકહજાર હાથથી વાજિંત્રો વગાડી, તે પ્રસંગે શંકરને પ્રસન્ન કર્યા. શંકર શરણ આવેલાનાં દુઃખ દૂર કરનાર અને ભક્તોને ન આપવા જેવા પદાર્થનું પણ દાન કરનાર છે. વળી પ્રાણીમાત્રને તે વશ રાખનાર હોવાથી કોઈ તેમનું આપેલું દાન મિથ્યા કરી શકતું નથી. પ્રસન્ન થતાં તેમણે વર માગવા બાણને કહ્યું. બાણ છૂપા કાર્ય કરવા સર્વત્ર ફરતો અને તેથી તેને ઘણા શત્રુઓ હોવાથી ઘરના રક્ષણની ચિન્તા રહેતી. તેથી તેણે મહાદેવ પોતાના નગરનું રક્ષણ કરે એવો વર માગ્યો. ત્યારથી કોઈ તેના નગરમાં પ્રવેશ કરી શકતું નહિ અને દેવો વગેરે પણ તેનો વિરોધ કરતા નહિ.

ગિરીશ મહાદેવની બાણ ઉપર કૃપા હોવાથી તેના નગર શોણિતપુર પાસે પર્વત ઉપર તઓ સદા રહતા. તેથી બાણને ઘણો મદ થયો. તેથી એકવાર મુકુટ પાઘડી વગેરે ઉતારી નમ્રતા દેખાડ્યા વિના જ અગ્નિના જેવા રંગનો સ્પર્શ થતાં કઠોર લાગે તેવો મુકુટ પહેરી રાખી તેનાથી શંકરના ઘણા કોમલ ચરણનો સ્પર્શ કરી તેણે શંકરને કહ્યું કેઃ

''હે મહાદેવ! આપના જેવો કોઈ બીજો નથી. આપ લોકને ઉપદેશ આપનાર અને ફલ આપનાર ગુરુ છો, તેથી આપની જ પ્રાર્થના કરવી યોગ્ય છે. બીજા દેવોનું તપ વગેરે સાધનોથી જ્યારે કામનાઓ પ્રાપ્ત થતી નથી ત્યારે નિષ્ફલ થયેલ ઉપાયોવાળા આપનો આશ્રય કરી, કામનાઓ પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ જેવા આપ પાસેથી ફલ પ્રાપ્ત કરે છે. મારી ક્રિયાશક્તિ ઘણી થાય તે માટે આપે મને એકહજાર હાથ આપ્યા. તે હાથોથી મારી સમાન અથવા મારાથી અધિક બલવાળા સાથે સંગ્રામ થાય તો તે સાર્થક થાય, પરન્તુ તેવો કોઈ મને મળતો નહિ હોવાથી જેમ ટાઢ ન હોય ત્યારે વસ્ત્રો અને યુદ્ધ ન હોય ત્યારે શસ્ત્રો ભારરૂપ થાય છે, તેમ આ હાથો માત્ર ભારરૂપ થયા છે. આ હાથમાં યુદ્ધ માટે ચળ થયા કરે છે. તેથી દિશાના હાથીઓ સાથે યુદ્ધ કરવા પર્વતોના ભુક્કા કરીને પણ હું ગયો, ત્યારે ભય પામી તેઓ પણ નાસી ગયા. યુદ્ધ તો સમાન બલવાળા સાથે જ કરવું જોઈએ. આપ મારી

સમાન બલવાન છો, બીજો કોઈ મને તેવો ત્રણ લોકમાં મળ્યો નથી''.

બાણની ગર્વ ભરેલી પ્રાર્થના સાંભળી શંકરને ક્રોધ થયો. તેમણે તેને કહ્યું કે:''જ્યારે તારી ધજાનો ભંગ થશે ત્યારે મારા બરોબરીઆ સાથે તને તારો ગર્વ હરનારું યુદ્ધ પ્રાપ્ત થશે''. જયારે બાણ રથમાં બેઠેલો હોય ત્યારે એકાએક તેના રથની ધજા ભાંગે ત્યારે ધજાનો ભંગ થયો કહેવાય. વળી કન્યાને જાર ભોગવે તે પણ ધજાનો ભંગ કહેવાય. ભગવાન સર્વની સમાન હોવાથી શંકરની સમાન છે, તેથી ભગવાનની સાથે બાણને યુદ્ધ પ્રાપ્ત થશે એમ શંકરે તેને કહ્યું. તે દુષ્ટ બુદ્ધિવાળાને આ શંકરનો ઉત્તર સાંભળી આનન્દ થયો. તેમના વચનમાં તેને વિશ્વાસ હોવાથી યુદ્ધ પ્રાપ્ત કરવા કાંઈ ઉદ્યમ ન કરતાં તે પોતાના ઘેર ગયો અને ધજાનો ભંગ થવાની રાહ જોવા લાગ્યો.

**ઉષાને સ્વપ્નમાં અનિરુદ્ધ સાથે થયેલ સમ્બન્ધ:**

બાણને 'ઉષા' નામની પુત્રી હતી, તેણે સારો પતિ પ્રાપ્ત થાય તે માટે પાર્વતીની પ્રાર્થના કરી, ત્યારે પાર્વતીએ પ્રસન્ન થઈ તેને કહ્યું કે આજે સ્વપ્નમાં જે તને ભોગવે તે તારો પતિ. પછી પ્રદ્યુમ્નના પુત્રરૂપ આધિદૈવિક અનિરુદ્ધે સ્વપ્ન સૃષ્ટિમાં માયારૂપવાળી ઉષાનું આલિંગન કરી પોતાના પ્રેમનું તેમાં સ્થાપન કર્યું એટલે આધિદૈવિક અનિરુદ્ધ સાથે તેને સમ્બન્ધ થયો. કન્યાનો સમાગમ તેના વ્રતનો ભંગ કરનારો હોવાથી, બાણની ધજાનો ભંગ થયો. આ અનિરુદ્ધને ઉષાએ પહેલાં જોયો પણ ન હતો, તેમ તેના વિષે કાંઈ સાંભળેલ પર ન હતું. અનિરુદ્ધ તેના વ્રતનો ભંગ કરી ગયા પછી તે જાગી ત્યારે શય્યામાં તેણે અનિરુદ્ધને દીઠો નહિ. તેથી ''હે કાંત! કયાં છો?'' એમ બોલતી સખીઓ વચ્ચે સૂતી હતી ત્યાંથી બેબાકળી થઈ, જાણે પતિને શોધતી હોય તેમ ઉભી થઈ. તે પોતાની અવસ્થાનું સ્મરણ કરતી ઘણી શરમાતી હતી.

આ પહેલાં જ પાર્વતીએ ચિત્રલેખા નામની યોગિનીને તેની સખી બનાવી હતી. તે બાણના મન્ત્રી કુંભાડની પુત્રી હતી. બન્ને સખીઓ હોવાથી તેમનામાં છૂપાવવા જેવું કાંઈ ન હતું. ચિત્રલેખાએ વિચાર્યં કે આજે જ પાર્વતીએ પતિ પ્રાપ્ત થવાનું કહેલું અને આજે જ આ ઉષા બેબાકળી થઈ છે. તેથી ઉષા બેબાકળી થવાનું કારણ જાણવાની તેને ઈચ્છા થવાથી તેણે ઉષાને પૂછ્યું કે ''તું પતિને શોધતી જણાય છે. જેવો મનોરથ કર્યો હોય તેવું સ્વપ્નમાં દેખાય છે. તેથી તેં કેવો (કોનો) મનોરથ કરેલો તે કહે, એટલે તારો પતિ શોધવાનું બની શકે. હજી સુધી તારો વિવાહ થયાનું મારા જાણવામાં આવ્યું નથી. તું રાજાની પુત્રી હોઈ પુરાયેલી હોવાથી તારી ઈચ્છા પ્રમાણે તારાથી સમ્બન્ધ થઈ શકે તેમ પણ નથી.''

ઉષાએ ઉત્તર આપ્યો કે ''સ્વપ્નમાં મેં કોઈ એક ઉત્તમ મનુષ્ય જોયો. તેનામાં નરનાં બધાં લક્ષણો હતાં. તે શ્યામ હતો અને તેનાં લોચનો કમલ જેવાં હોઈ સુન્દર હતો. તેણે પીળાં વસ્ત્રો પહેરેલાં હતાં. તેના બાહુ મોટા હોવાથી અને તે સ્ત્રીઓને પ્રિય લાગે તેવો હતો. તેણે મને તેના અધરનું પાન કરાવ્યું અને મારો કાંત બન્યો. પછી તે મને દુ:ખમાં

ધકેલી ક્યાંક જતો રહ્યો. તેથી હું તેને શોધું છું'' ચિત્રલેખાએ કહ્યું કે ''જો તે ત્રણ લોકમાં ક્યાંય હશે તો હું તેને લાવી આપીશ. હું ચિત્રો દોરું છું, તેમાં તારા મનને હરનારો હોય તે દેખાડજે.'' એમ કહી તેણે ચિત્રો દોરવા માંડ્યા. ઉષાએ 'ઉત્તમ મનુષ્ય' કહેલ હોવાથી દેવો વગેરેનાં ચિત્રો દોરવાની જરૂર ન હતી. છતાં દેવો વગેરે રૂપ બદલી આવતા હોવાથી અને સ્ત્રીઓની દૃષ્ટિ ઉપરથી નીચે જતી હોવાથી તેણે પ્રથમ દેવો, ગન્ધર્વો, સિદ્ધો, ચારણો, નાગો, દૈત્યો, વિદ્યાધરો, તથા યક્ષો નાં ચિત્રો દોર્યાં. પછી મનુષ્યોનાં ચિત્રો દોરતા 'શ્યામપણું' વગેરે ઉષાએ કહેલા ગુણો યાદવોમાં જ હોવાથી, તેણે પ્રથમ યાદવોનાં ચિત્રો દોર્યાં. તેમાં શૂર અને વસુદેવ નાં ચિત્રો દોર્યાં. બલભદ્ર શ્યામ ન હતા, છતાં રૂપ બદલીને આવ્યા હોય એમ માની તેમનું, શ્રીકૃષ્ણનું તથા ગદ વગેરેનાં ચિત્રો દોર્યાં. પછી પ્રદ્યુમ્નનું ચિત્ર દોરતાં તે જોઈ તેનાથી સહેજ ફેર હોવાથી તે પ્રદ્યુમ્નનો પુત્ર હશે એમ માની ઉષા શરમાઈ. પછી અનિરુદ્ધનું ચિત્ર દોરતાં તે જોઈ ઉષાએ શરમાઈ મુખ નીચું કર્યું અને હસીને હર્ષ દેખાડતાં 'તે જ આ, તે જ આ' એમ બેવાર બોલી. ચિત્રલેખાએ શ્રીકૃષ્ણના પૌત્રને ઓળખ્યો ને પોતે યોગનો અભ્યાસ કરેલ હોવાથી તેણે પહેલાં રમણ કરેલું એમ જાણ્યું અને પછી આકાશમાર્ગે તેને લાવવા દ્વારકા ગઈ.

**ચિત્રલેખાએ કરેલ અનિરુદ્ધનું હરણઃ**

દ્વારકાનું રક્ષણ પ્રભાવશાળી દેવો કરતા હોવાથી તે ત્યાં જઈ શકત નહિ, પરન્તુ આ કાર્ય સિદ્ધ થાય તે માટે તે આવી ત્યારે શ્રીકૃષ્ણ પોતે જ તેના રક્ષક બનેલા. તે અનિરુદ્ધ પાસે ગઈ ત્યારે ભગવાનની ઈચ્છાથી તે પણ જાગતો ન હતો. જાગતો હોત તો તે જાત જ નહિ. તે નિર્ભય હોઈ ભરનિદ્રામાં સૂતો હતો. તેના પલંગમાંથી યોગના બલથી તે બાલક હોય તેમ તેને ચિત્રલેખાએ ઉપાડી લીધો અને તેને શોણિતપુર ઉષા પાસે લાવી કહ્યું કે ''આ તારો પ્રિય.''

ત્યાં સ્ત્રીમંડલમાં અનિરુદ્ધ જાગ્યો. તે ભવનમાં કોઈ પુરુષની દૃષ્ટિ પડે તેમ ન હોવાથી ઉષાને રમણ કરવામાં કોઈ ભય ન હતો. ઘણા કિંમતી વસ્ત્રો, માલાઓ, સુગન્ધી પદાર્થો અને મદ ઉત્પન્ન કરે તેવાં પદાર્થોનું બનાવેલ પીણું, ભોજન, તામ્બૂલ વગેરે આપતી અને વાણીથી તથા સેવા કરી તેને આદર આપતી. સદા આવા ઉપચારો થતાં હોવાથી અનિરુદ્ધ પણ તેની ઈચ્છા પ્રમાણે વર્તતો અને ઉષાએ તેનાં મન વગેરે વશ કરેલાં હોવાથી તે પોતાની બીજી સ્ત્રીઓને કોઈ વાર સંભારતો પણ નહિ અને દિવસ પછી દિવસ વીતવા લાગ્યા તેનું પણ તેને ભાનરહ્યું નહિ.

**અનિરુદ્ધનું બાણે કરેલ બન્ધનઃ**

ભુવનની ચોકી કરનાર સિપાઈઓએ ઉષામાં ગર્ભના ચિહ્નો જોયાં. ગર્ભને લીધે તે સહેજ પીળી થઈ હતી એ જોયું અને આ પોતાનો અપરાધ ગણાશે એવા ભયથી તેમણે બાણને જણાવ્યું કે ''આપની પુત્રી કન્યાનું વર્તન કુલને દૂષણરૂપ હોય તેમ અમે માનીએ છીએ. સમ્પૂર્ણ સાવધાનીથી ભવનમાં અમે તેનું રક્ષણ કરીએ છીએ અને પુરુષો તેને જોઈ

શકે તેમ નહિ હોવાથી કન્યાને દૂષણ કેમ થયું તે અમે જાણતા નથી.'' અસુરોને પાપ વગેરેનો ભય હોતો નથી, છતાં દૈત્યો વ્યભિચારી હોતા નથી. જેમ દેવોના કુલમાં અસત્ય દોષ ગણાય છે, તેમ તેમના કુલમાં વ્યભિચાર દોષ ગણાય છે. તેથી સિપાઈઓએ કહેલી વાતથી દુઃખી થઈ, તેનો નિર્ણય કરવા બાણ પોતે તરત જ કન્યાના ભવને ગયો.

ત્યાં તેણે યાદવોનો ઉદ્ધાર કરે તેવા શૂરવીર અનિરુદ્ધને જોયો. તે બધાને મોહ પમાડે તેવો સુન્દર અને શ્યામ હતો. તેણે ભગવાનની જેમે રેશમી પીળાં વસ્ત્ર પહેર્યાં હતાં. તે દૃષ્ટિથી જ બધાને આનન્દ ઉત્પન્ન કરે તેવા મોટા બાહુઓવાળો વીર હતો. કુંડલો અને કેશના તેજથી તથા હાસ્યવાળી દૃષ્ટિથી તેનું મુખ શોભતું હતું. જેમ વર-વધૂ પાસા રમે તેમ તે ઉષા સાથે રમતો હતો. બાણ ત્યાં આવ્યો ત્યારે તેની સાથે શસ્ત્રધારી યોદ્ધાઓ પણ હતા, છતાં પણ તે ત્યાં બેસી જ રહ્યો. તેથી બાણને આશ્ચર્ય થયું. બાણના યોદ્ધાઓ તે સહન ન કરવાથી યુદ્ધ માટે તૈયારી કરવા લાગ્યા, ત્યારે અનિરુદ્ધ એકલો હોવા છતાં લોઢાથી જડેલી ભોગળ ઉગામી દંડ ધારણ કરનારા કાલની જેમે ઉભો રહ્યો. યોદ્ધાઓ તેને પકડવા ચારે તરફથી તેની તરફ ધસવા લાગ્યા, ત્યારે જેમ વારાહના સમૂહનું રક્ષણ કરનાર (સૂવર) પોતાના દાંતોથી કૂતરાઓને નસાડે અથવા હણે તેમ તેણે તેમના ઉપર પ્રહાર કર્યા એટલે તેઓ ભવનમાંથી બહાર નીકળ્યા અને તેમનાં માથાં, સાથળ તથા ભુજાઓ ભંગાતાં ભાગી ગયા. બાણના પિતા બલિને ભગવાને બાંધેલો. તે વેર હોવાથી બાણે પછી તેને નાગના પાશોથી અલૌકિક પ્રકારે બાંધ્યો, કારણ કે બાણના સૈન્ય ઉપર તે પ્રહાર કર્યા કરતો હતો. જો અનિરુદ્ધે પ્રહાર કર્યા ન હોત તો શું બન્યું તેની તપાસ કરી અનિરુદ્ધ સાથે લગ્ન અયોગ્ય નથી એમ પોતાની મેળે વિચારી, અથવા મહાદેવને પૂછી, બાણ વિવાહનું અનુમોદન જ કરત; પણ તે યોદ્ધાઓ ઉપર પ્રહાર કરતો ભવનથી દૂર સુધી ગયો, તેથી બાણે તેને નાગના પાશોથી બાંધી લીધો. તે આશ્ચર્યકારક પ્રકારે બંધાયો એમ સાંભળતાં, ઉષાનો તો તે પતિ જ હોવાથી તેની આંખમાં આંસુ આવ્યા અને તે પોતાનો અભિપ્રાય જણાવતી રડી પડી.

**યાદવોની શોણિતપુર ઉપર ચઢાઈ:**

અનિરુદ્ધ દ્વારકામાંથી ગૂમ થવાથી તેના બંધુઓ શોક કરતા હતા. તેમણે શોક કરતાં ચોમાસાના ચાર માસ વીતાડ્યા, પરન્તુ ભગવાન શ્રીકૃષ્ણ અનિરુદ્ધનો વૃત્તાન્ત જાણતા હોવા છતાં તેમણે યાદવોને તેના સમાચાર કહ્યા પણ નહિ, તેમ બાણે શત્રુવટ કેળવી હોવા છતાં તેને પણ કાંઈ પીડા કરી નહિ. પ્રદ્યુમ્ન જેમે અનિરુદ્ધને ઉપાડી જવામાં આવ્યો તેની કાંઈ પણ તપાસ થઈ નહિ, એટલે જેમ પ્રદ્યુમ્નની ભાળ નારદે આપેલી, તેમ અનિરુદ્ધની ભાળ પણ નારદે આપી. અનિરુદ્ધને ચિત્રલેખા શોણિતપુર લઈ ગઈ અને બાણે તેને બાંધ્યો વગેરે બધી કથા નારદે યાદવોને કહી. ત્યારે જો કે શોણિતપુરનું રક્ષણ શંકર કરતા હતા છતાં યાદવો યુદ્ધ કરવા ત્યાં ગયા, કારણ કે તેમના પણ દેવ શ્રીકૃષ્ણ જ હતા.

પ્રદ્યુમ્ન, સાત્યકિ, ગદ, સામ્બ, સારણ વગેરે યાદવો એકબીજાની કડવાશ તજી ભેગા થઈ, શ્રીકૃષ્ણ અને બલભદ્રની આજ્ઞા પ્રમાણે વર્તતાં બાર અક્ષૌહિણી સૈન્ય સાથે શોણિતપુર ગયા અને તેમને કોઈનો ભય ન હોવાથી તેમણે તેને ચારે તરફથી ઘેરી લીધું. શહેરના મધ્ય ભાગ, બગીચા, કિલ્લા, દરવાજા તથા કોઠા ભંગાવા લાગ્યા, તે જોઈ બાણ પણ પોતાની વડાઈ દેખાડવા ક્રોધ કરી બાર અક્ષૌહિણી સૈન્ય સાથે જ લડવા નીકળ્યો, કારણ કે ઓછું સૈન્ય લાવે તો તેની અપકીર્તિ ગણાય અને વધારે લાવે તો કદાચ યાદવો નાસી જાય તો તેને યુદ્ધ કરવાનો પ્રસંગ જતો રહે.

**શ્રીકૃષ્ણ અને શંકરનું યુદ્ધઃ**

''શ્રીકૃષ્ણ યાદવોના રક્ષક હોવાથી કોઈ પણ યાદવ હણાવાનો નથી, છતાં આ બાણ મૂર્ખ હોવાથી તેમની સામે યુદ્ધ કરવા નીકળ્યો છે'' એમ વિચારી, શંકર દેવોના સેનાપતિ કાર્તિકેય સાથે પોતાના ભૂતોના સમૂહને લઈ બાણની મદદે આવ્યા અને પોતાના ઘરડા આખલા નંદિ ઉપર બેસી નાટક કરતા હોય તેમ શ્રીકૃષ્ણ અને બલભદ્ર સાથે યુદ્ધ કરવા લાગ્યા. ત્યાં શ્રીકૃષ્ણ અને શંકર, પ્રદ્યુમ્ન અને કાર્તિકેય, બલભદ્ર અને કુંભાડ તથા કૂપકર્ણ, સાંબ અને બાણનો પુત્ર, સાત્યકિ અને બાણ નિરન્તર શસ્ત્રોના પ્રહાર કરતા પરસ્પર દારુણ યુદ્ધ કરવા લાગ્યા. બ્રહ્મા વગેરે દેવો, સનક વગેરે મુનિઓ, કપિલ વગેરે સિદ્ધો, ચારણો, ગાંધર્વો, અપ્સરાઓ તથા યક્ષો વિમાનમાં બેસી યુદ્ધ જોવા આવ્યા. યુદ્ધ જોવામાં તલ્લીન થવાથી દેહનું ભાન ન રહે તો પણ પડી ન જવાય તેથી વિમાનમાં બેસીને આવ્યા. ભૂતો, ડાકણો, વેતાલો, કુષ્માંડો, બ્રહ્મરાક્ષસો વગેરે શંકરના અનુચરોને શ્રીકૃષ્ણે શાર્ંગ ધનુષ્યમાંથી તીક્ષ્ણ બાણો મૂકી ઘણા દૂર નસાડ્યા; ત્યારે શંકરે પિનાક ધનુષ્યથી જુદાં-જુદાં અસ્ત્રો તેમના ઉપર નાખવા માંડ્યાં અને શ્રીકૃષ્ણે તે બધાંને શાર્ંગથી અસ્ત્રો નાખી શાંત કર્યા. બ્રહ્માસ્ત્રને બ્રહ્માસ્ત્રથી, વાયુના અસ્ત્રને પર્વતના અસ્ત્રથી, અગ્નિના અસ્ત્રને પાર્જન્ય અસ્ત્રથી અને પાશુપત અસ્ત્રને નારાયણ અસ્ત્રથી શાંત કર્યાં. પછી તેમણે જૃમ્ભાસ્ત્રથી શંકરને બગાસાં ખાતા કર્યા એટલે મોહથી તે યુદ્ધથી નિવૃત્ત થયા, ત્યારે તેમણે તેમનાં સૈન્ય ઉપર તલવાર, ગદા તથા બાણોથી પ્રહાર કર્યા અને તેને હણવા માંડ્યું.

પ્રદ્યુમ્નનાં બાણોથી કાર્તિકેયને ઘણી પીડા થઈ. તેના અનોમાંથી લોહી વહેવા લાગ્યું, એટલે તે મોર ઉપર બેસી સંગ્રામમાંથી નાઠો. બલભદ્રે પણ વિચાર કર્યા વિના જ કુંભાંડ અને કૂપકર્ણ ને મુશલના પ્રહારથી હણ્યા, એટલે તેમનાં સૈન્યો ચારે તરફ નાઠા, ગભરાટને લીધે કેટલાક ભગવાનના સૈન્યમાં પણ જતા રહ્યા. પોતાનું સૈન્ય વીખરાયું એ જોઈ બાણને ઘણો ક્રોધ થયો અને તે સાત્યકિ સાથે લડવું પડ્યું મૂકી શ્રીકૃષ્ણ સામે ધસી આવ્યો. સંગ્રામમાં તેને ઘણો મદ થતાં તેણે એક સાથે (પાંચસો હાથથી) પાંચસો ધનુષ્યો ખેચ્યાં અને (બીજા પાંચસો હાથથી) દરેક ધનુષ્યમાં બબે બાણો ચડાવ્યાં, એટલે એક સાથે એક હજાર બાણો તે મુકવા લાગ્યો, પણ જેમ એક બાણથી કમલિનીના એકસો પાંદડાં એક

સાથે વીંધે તેમ શ્રીકૃષ્ણે એકસાથે તેનાં બધાં ધનુષ્યો કાપી નાખ્યાં અને તેના સારથિ તથા ઘોડાને મારી નાખ્યા અને તેના રથને ભાંગી નાખ્યો. છતાં બાણ યુદ્ધથી અટક્તો નહિ હોવાથી તેના અન્તઃકરણમાં ભય ઉત્પન્ન કરવા શ્રીકૃષ્ણે પાંચજન્ય શંખ વગાડ્યો, ત્યારે ભય પામવાથી નાસવાની પણ શક્તિ ન રહેતાં તે શરમાયો અને પીઠ ન દેખાડતા ઉભો જ રહ્યો. જ્યારે આ બાણ મહાદેવનો ગણ થયેલો ત્યારે પાર્વતીના અંશરૂપ, પર્વતમાંથી ઉત્પન્ન થયેલી માતૃગણમાં પ્રસિદ્ધ 'કોટરા' તેની ધર્મની માતા થયેલી. બાણ જ્યારે સંગ્રામ ભૂમિ ઉપર એ પ્રમાણે ઉભો રહ્યો ત્યારે તેનું રક્ષણ કરવા આ કોટરા નગ્ન થઈ, પોતાના વાળ છૂટા મૂકીને શ્રીકૃષ્ણ સમીપ ઉભી રહી. ત્યારે ''નગ્ન તથા પ્રકટ સ્તનવાળીને જોવી નહિ'' એવી શાસ્ત્રની આજ્ઞા હોવાથી શ્રીકૃષ્ણે આડું મુખ કર્યું, એટલે બાણ પાછું મુખ કરી શહેરમાં જતો રહ્યો. તેને આ સમયે રથ ન હતો અને તેનાં ધનુષ્યો પણ કપાઈ ગયાં હતાં અને તેના સેવકો બધા જતા રહ્યા હતા.

જ્યારે શ્રીકૃષ્ણે આડું જોયું એટલે યુદ્ધની તે સ્થિતિનો ત્યાગ કર્યો ત્યારે મહાદેવ મોહમાંથી જાગ્રત થયા અને તેમણે પોતાના સેવકો જે યુદ્ધના સાધન બનેલા તે ભૂતોના સમૂહો નાસી ગયેલા તે જોયું. પછી વૈદિક પ્રકારે પણ શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવું એવા વિચારથી તે રુદ્રજ્વર બન્યા. આ રુદ્રજ્વર શંકર પોતે જ હ્તા. તેને ત્રણ માથાં અને ત્રણ પગો હતા. તે જ્વર દશે દિશાઓને બાળતો હોય તેમ પોતાની શક્તિ જણાવતો શ્રીકૃષ્ણ પાસે આવ્યો. જ્વરરૂપ મહાદેવને આવતા જોઈ તેમાંથી દેવતારૂપ અગ્નિને કાઢવા માટે નારાયણરૂપ શ્રીકૃષ્ણે શીત અને જ્વરને ભેગા કરી પોતાના વૈષ્ણવ જ્વરને મોકલ્યો. એ પ્રમાણે રુદ્રનો તામસ જ્વર તથા નારાયણનો ઉત્તમ જ્વર ઉત્પન્ન થયા. પહેલાં શીત અને રોગ જુદા-જુદા ઉત્પન્ન થયેલા, ભેગા થયેલા નહિ. તેમને ભગવાને ભેગાં કરી વૈષ્ણવ જ્વર ઉત્પન્ન કર્યો. પછી મહાદેવનો જ્વર અને વૈષ્ણવ જ્વર પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. બન્ને જ્વર હોવાથી તેમનું યુદ્ધ સમાન હતું, છતાં પણ દેવતાનું જ પ્રાબલ્ય હોવાથી મહાદેવના જ્વરને ઘણી પીડા થતાં તે રાડો પાડી રડવા લાગ્યો. રડવા છતાં પીડા મટી નહિ ત્યારે તેણે પોતાના મૂલ સ્વરૂપ (શંકર)નો પહેલા પરાજય થયેલ તે વિચારી, શરણની ઈચ્છા કરી. તે ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણને શરણ ગયો, અને બે હાથ જોડી તેમની સ્તુતિ કરતાં તેણે કહ્યું કે ''અનન્ત શક્તિવાળા, મોટા બ્રહ્મા વગેરેને પણ વશ રાખનાર, સર્વના આત્મા, વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કરનાર બ્રહ્મરૂપ આપને હું નમન કરું છું. સર્વ કાર્ય અને તેમના કારણો આપ જ છો. તેમને આપથી જુદા માની તેમની શક્તિની કલ્પના કરવામાં આવે છે તે આપની માયા જ છે. કામની જેમે જીવોમાં જ માયા પ્રસરે છે. આપમાં માયા કાર્ય કરતી નથી. આપ નટની જેમે માછલું, વગેરેના રૂપો માત્ર આપની ઈચ્છાથી જ ધારણ કરો છો અને તેવાં રૂપોથી સ્વર્ગના દેવો, ભૂમિપરના સત્પુરુષો તથા ભૂમિ નીચેની ધર્મની મર્યાદાઓનું રક્ષણ કરો છો, એટલે ત્રણે લોકમાં રહેનાર ભક્તોનું રક્ષણ કરવા માટે જ આપ અવતાર ધારણ કરો છો. અવળે માર્ગે જનારા હિંસાથી જીવનારાઓને આપ હણો

છો. આ અવતાર તો આપે ભૂમિનો ભાર હરવા લીધેલો છે. આપના સહન ન થઈ શકે તેવા, ઘણા ક્રૂર, શાંત અને ઉગ્ર જ્વરરૂપ તેજથી હું ઘણો પીડાઉં છું. જ્યાં સુધી દેહના અભિમાનવાળાઓ આપના ચરણનાં મૂલને સેવતા નથી ત્યાં સુધી જ તેઓને દુઃખ હોય છે. આપના ચરણનું શરણ કરવામાં ન આવે ત્યાં સુધી તેમનું દુઃખ મટવાનું પણ નથી દેહીઓ જુદા-જુદા પદાર્થોની કામના કરી તે પ્રાપ્ત કરવાની આશાથી ભમ્યા કરે છે. તેથી આપના ચરણને શરણ જતા નથી. આપના ચરણારવિન્દની સેવામાં કામ (પદાર્થો પ્રાપ્ત કરવાની ઈચ્છા) વિઘ્ન કરતો નથી, પરન્તુ તેની શક્તિ 'આશા' વિઘ્ન કરે છે. આશા પૂર્ણ થાય ત્યારે, અથવા કામ મટી જાય ત્યારે, અથવા જે પદાર્થ પ્રાપ્ત કરવાની કામના હોય તેના દોષો જણાય ત્યારે આશા જતી રહે છે. કામ અગ્નિરૂપ હોવાથી આશા હોય ત્યાં સુધી જ તે દુઃખ કરે છે''.

રુદ્રજ્વર મૃત્યુનો મોટો ભાઈ હોવાથી, તેણે એ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે તેને નિયમના બન્ધનથી રાખવા માટે ભગવાને વાત, પિત્ત અને કફ રૂપ અથવા કાલ, ધર્મ અને સ્વભાવ રૂપ ત્રણ માથાવાળા તેને કહ્યું કે ''હું તારા ઉપર પ્રસન્ન થયો છું એટલે તારું બધુંએ કામ સિદ્ધ થશે. મારા જ્વરથી તને ભય થયો છે તે દૂર થાઓ. આપણા આ સંવાદનું એટલે તેં કરેલી મારી સ્તુતિ અને મારી આ પ્રસન્નતાનું જે સ્મરણ કરે તેને તારો ભય ન થાઓ''. પછી તે જ્વર ભગવાનને નમન કરીને પોતાનાં સ્થાને મૃત્યુ પાસે ગયો.

પછી મહાદેવ પાસેથી વર પ્રાપ્ત કરેલો બાણ દૈવી બલના અશ્રયથી રથમાં બેસી જનાર્દન શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવા આવ્યો. તેણે ક્રોધ કરી એક હજાર હાથોથી જુદા-જુદા આયુધો શ્રીકૃષ્ણ ઉપર ફેંક્યાં. ભગવાને સુદર્શન લીધું અને વારંવાર અસ્ત્રો ફેંકતા તેના હાથોને જ તે ઝાડની શાખાઓ હોય તેમ સુદર્શનથી કાપવા માંડ્યા. તેનું માથું વચ્ચે કપાઈ ન જાય તેમ, વરદાનથી તેણે પ્રાપ્ત કરેલા હાથો જ કાપવાની પ્રવૃત્તિ કરી. તેના હાથો કપાવાની પ્રવૃત્તિ થઈ ત્યારે ભક્તો ઉપર દયા રાખનાર અને ભક્તનું રક્ષણ કરવાનો ઉપાય જાણનાર શંકર ''ભગવાન હું કહું તેમાં સમ્મત ન થાય તો ભલે મને હણે. પરન્તુ મારા ભક્તને ન હણે'' એમ જણાવવા ભગવાન પાસે આવ્યા.

**શંકરે કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિઃ**

તેમણે પહેલાં બાણને લૌકિક અને વૈદિક પ્રકારથી (યુદ્ધ કરી) સાહાય્ય કરેલી અને હવે ભગવાન પાસે આવી તેને સાહાય્ય કરવા ભગવાનની સ્તુતિ કરતાં તેમણે કહ્યું કે ''આપ નિશ્ચય બ્રહ્મ છો. બ્રહ્મ ન હો તો મેં યોજેલા લૌકિક અને વૈદિક (યુદ્ધના) પ્રકારો વ્યર્થ ન થાય, કારણ કે પ્રમેય (પરબ્રહ્મ)જ પ્રમાણથી બલવાન છે. આપ ઉત્તમ જ્યોતિ છો. વેદ એમ જ કહે છે, પણ ગુપ્ત પ્રકારથી કહે છે. પંચ મહાભૂતોના બનેલા પદાર્થ ઘડો વસ્ત્ર વગેરેમાં જેમ આકાશ છૂપુ રહે છે, તેમ આપ છૂપાયેલ હોવાથી આપ શુદ્ધ અન્તઃકરણવાળાઓને જ દેખાઓ છો. આકાશ જેમની નાભિ છે, અગ્નિ મુખ છે, જળ વીર્ય છે, સ્વર્ગ શિર છે, દિશાઓ કાન છે, પૃથ્વી ચરણ છે, ચન્દ્ર મન છે, સૂર્ય ચક્ષુ છે,

અહપાર (અહંતત્ત્વ) આત્મા છે, સમુદ્ર જઠર છે, ઈન્દ્ર ભુજા છે, વૃક્ષો અને ઔષધિઓ રુંવાડાં છે, વાદળાંઓ કેશ છે, બ્રહ્મા બુદ્ધિ છે, પ્રજાપતિ જનનેન્દ્રિય છે, ધર્મ જેમનું હૃદય છે, તેવા પુરુષ નારાયણ આપ જ છો. આ અવતાર આપે ધર્મનું રક્ષણ કરવા અને દુષ્ટોને દંડ આપવા ધારણ કરેલો છે. જ્યાં વિરોધી જણાય ત્યાં બન્ને પ્રયોજનો સિધ્ધ થાય તેમ વિચારવું યોગ્ય છે. મેં બાણને આપેલી ભુજાઓ ધર્મરૂપ છે. અને બાણ પોતે દુષ્ટ છે. આપ પાસેથી અધિકાર પ્રાપ્ત કરેલા અમે દેવો સાત ભુવનમાં અધિકાર ભોગવીએ છીએ. તેથી મેં બાણને હાથો આપી કૃપા કરેલી તે પણ આપની સત્તાથી જ થયેલ. જગતમાં જેટલાં જુદા રૂપો દેખાય છે તે બધાં આપ જ છો. જેમ એક ચોખાનો દાણો અંકુર વગેરે સ્થિતિ પ્રાપ્ત કરીને એક હજાર ચોખાના દાણા બને છે, તેવી રીતે આપ જુદા-જુદા પદાર્થોનાં કારણ બનેલા છો. જેમ ચિન્તામણિમાંથી જુદા-જુદા પદાર્થો ઉત્પન્ન થાય છે, તેમ આપમાંથી સર્વ થાય છે. જેમ પાંદડા, કાષ્ઠ, ગુંદર, પુષ્પ, ફૂલ એ બધાનું કારણ એક બીજ જ છે, તે પ્રમાણે આપ એકલા સર્વ જગત્ નું કારણ છો. આપનું કારણ કાંઈ છે જ નહિ. આપ સર્વ શક્તિવાળા ઈશ્વર છો. આપ સર્વ સ્થળે પૂર્ણ ગુણવાળા હોવા છતાં, શેરડી દુધ ખારું ખાટું વગેરે વિકારોનું ઉલ્લંઘન ન થાય તેમ આપ વિકાર પ્રમાણે દેખાઓ છો અને આપની માયાને લીધે સર્વરૂપ દેખાતા નથી. જેમ સૂર્ય પોતાથી ઉત્પન્ન થયેલા પોતાની છાયારૂપ મેઘોથી ઢંકાઈ તે મેઘોને તથા વૃષ્ટિને ભૂમિને અને ભૂમિ ઉપરના પદાર્થોને પ્રકાશે છે, તેમ પોતાથી જ પ્રકાશનાર આપ ગુણોથી ઢંકાઈ તે ગુણોને અને ગુણવાળા પદાર્થોને પ્રકાશો છો. વિષયો દુઃખ આપનારા છે એમ જાણવા છતાં વિવેકી પુરુષો પણ તેમાંજ આસક્ત થાય છે. તેઓ વિષયોના દોષો જાણે છે, તેમનાથી થતાં દુઃખનો અનુભવ કરે છે, છતાં તેઓમાં આસક્તિ હોવાને લીધે તેમાંજ જીવતાં સુધી રહે છે અને તેમાંજ મૃત્યુ પામે છે. 'પ્રજા પછી ઉત્પન્ન થાય છે' વાક્ય પ્રમાણે પુત્રથી ઉત્પન્ન થાય છે અને કોઈ પ્રસંગે પુત્ર માટે જ મરણ પામે છે. પત્નીમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે અને પત્ની માટે મરણ પામે છે. તેમને આવો ઘણો મોહ કરાવનાર આપની શક્તિ માયા છે અને પ્રત્યક્ષથી તથા શાસ્ત્રથી પણ તેનું ઉલ્લંઘન થઈ શકતું નથી એટલે આપની ઈચ્છાથી જ એ બધાની બુદ્ધિ અવળી થાય છે. આપે કૃપા કરી જેને વિવેક ઈન્દ્રિયો વગેરેવાળો મનુષ્યનો દેહ આપેલો છે તે પણ જો આપની પૂર્ણ કૃપા પ્રાપ્ત કરવા પ્રયાસ ન કરે, ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત ન કરે અને આપના ચરણારવિન્દની સેવા અથવા આદર પણ ન કરે અને આપે અર્ધ કૃપા કરી જે સાધન આપેલું છે તે પણ ગુમાવે, તો તે શોક કરવા યોગ્ય છે અને પોતાને જ ઠગે છે. બીજા ઉપર ઉપકાર કરવા તે તેમ કરતો નથી, કારણ કે પરિણામનો વિચાર કરતાં બીજા ઉપર કરલો ઉપકાર તો પોતાને જ ફલ આપનારો થાય છે, તેથી પોતે ઠગાતો ન હોય ત્યાં જ બીજા માટે કાર્ય કરવું યોગ્ય છે. પોતે ઠગાઈને બીજા માટે કાર્ય કરનાર તો પોતાનો જ ઘાત કરનારો છે. તેવા માણસે કરેલો ઉપકાર પણ વ્યર્થ છે. આપ આત્મા છો, જેમના ઉપર પ્રીતિ થાય તેવા પ્રિય છો અને ઈશ્વર હોઈ આદર કરવામાં ન આવે તો હણનાર છો. તેવા

આપને જે આપથી વિરુદ્ધ ગુણવાળા એટલે જે આત્મા નથી, પ્રિય નથી અને ઈશ્વર નથી તેવા ઈન્દ્રિયોને બહેકાવનારા રૂપ વગેરે પદાર્થો માટે તજે છે, તે નદીને તરવા ઈચ્છનારો નૌકા આપી દઈને અથવા તજીને શિલા લે, અથવા શિલા લેવા માટે નૌકાને તજે તેવો છે અને જે મળવા પડેલો અમૃત મળે તેને તજી વિષ લઈ ખાય તેની જેવી દશા થાય, તેવી દશાને તે પ્રાપ્ત કરે છે. હું, બ્રહ્મા અને બીજા દેવો, શુદ્ધ અન્તઃકરણવાળા મુનિઓ અથવા તેવા મનુષ્યો અને અમને અનુસરનારા બધા તેવા નથી, પણ આપ આત્મા, પ્રિય અને ઈશ્વર હોવાથી આપને શરણ આવેલા છીએ. પહેલાં કરતાં આપમાં અમારો પ્રેમ વધેલો છે. આપમાં બહારનો દોષ નહિ હોવાથી આપ (સર્વને) સમ છો, અંદરનો દોષ નહિ હોવાથી ઘણા શાંત છો. આપ મિત્ર હોવાથી અમને આપમાં વિશ્વાસ છે, આત્મા હોવાથી અમને આપથી ભય નથી, દેવ હોવાથી અમને ઈચ્છેલું આપનારા છો. આપથી જુદું કાંઈ નથી. સર્વત્ર આપ એકલા જ હોવાથી કોઈને આપ પોતાથી જુદો માનતા નથી. આપ અમને ભવથી મુક્ત કરો તે માટે અમે આપને શરણ આવ્યા છીએ.

આ બાણ મારો વહાલો પ્રેમપાત્ર છે. તે સદા મને અનુસરે છે, તેથી મારે પણ તેને અનુકૂલ રહેવું જોઈએ. મેં તેને અભય આપેલું, તેથી આપ તેના ઉપર કૃપા કરો, કારણ કે મેં કહેલું તે (આપે મને અધિકાર આપેલ હોવાથી) આપે કહેલા બરાબર જ છે. તેથી જેમ આપે પ્રહ્લાદ ઉપર કૃપા કરેલી તેમ આના ઉપર કૃપા કરો''.

**શ્રીકૃષ્ણનો ઉત્તરઃ**

રાજસ ભક્તોનો સમ્પૂર્ણ નિરોધ કરવા ભગવાને શંકર ઉપર વિજય મેળવ્યો. શંકર વગેરે બીજા દેવોથી પોતાનો નાશ થવાનો ભક્તોને ભય ન રહે અને તેવા ભય વિના ભગવાનમાં તેઓ આસક્તિ રાખી શકે તે માટે ભગવાને આ પ્રમાણે વિજય મેળવ્યો. શંકરે ભગવાનની એવી રીતે સ્તુતિ કરી ત્યારે ભગવાને તેમને કહ્યું કે ''તમે જે કહ્યું તે યોગ્ય જ છે. તમે મારા જ છો. પોતાના હોય તેનું પ્રિય કરવું જ જોઈએ, તેથી હું તમારું પ્રિય કરીશ. તમારાં વાક્યને પણ મારે પુષ્ટિ આપવી જ જોઈએ. તમે બાણને કહેલું કે 'મારા બરાબરીયા સાથે તને તારો ગર્વ હરનારું યુદ્ધ પ્રાપ્ત થશે' તેનું મેં અનુમોદન કરેલું છે. આ બાણ પ્રહ્લાદના પુત્ર વિરોચનના પુત્ર બલિનો પુત્ર છે અને મેં પ્રહ્લાદને વરદાન કરેલું કે તારા વંશનાને હું હણીશ નહિ. પહ્લાદે તો એકના જ પ્રાણનું રક્ષણ કરવા મને કહેલું, પણ હું ભક્તો ઉપર કૃપા કરનારો હોવાથી મેં આખા વંશના પ્રાણનું રક્ષણ કરવાનું વરદાન કરેલું. તેથી મારાથી બાણનો વધ કરાય નહિ, પણ આનો અહપાર મટાડવા તેનું સૈન્ય જે ભુમિના ભારરૂપ હતું તેનો મેં નાશ કર્યો. અને આના બાહુઓ મૂલથી કાપવાની પ્રવૃત્તિ કરી છે, પણ તમે મારી પ્રાર્થના કરી તેથી મેં આપેલા કુદરતી બે હાથ અને તમે આપેલ પ્રસંગને લીધે તેને પ્રાપ્ત થયેલ બે હાથ મળી ચાર હાથ તેને રહેશે. તે તમારો મુખ્ય સેવક હોવાથી બે હાથ વધારે આપું છું, એટલે તે દેવ જેવો રહેશે અને તેને મારાથી મારા સેવકથી અથવા ગુણોથી ભય રહેશે નહિ''.

**અનિરુદ્ધનું ઉષા સાથે લગ્ન:**

એ પ્રમાણે ભગવાને કહ્યું એટલે તેમણે ફેંકેલા સુદર્શને આ સમયે બાણના (૯૯૬) હાથો મૂળથી કાપી નાખ્યા. બાણને પણ અભય મળ્યું અને ભગવાને કૃપાથી તેના તરફ જોયું એટલે તેણે શ્રીકૃષ્ણને મસ્તકથી પ્રણામ કર્યા અને અનિરુદ્ધના બન્ધન છોડાવી, વરની જેમે તેને શણાગારી ઉષા સાથે ભગવાન પાસે લઈ આવ્યો. ભગવાન આટલા માટે જ અહીં પધારેલા, તેથી આટલાથી સંતોષ પામ્યા. બાણે કરીયાવરમાં એક અક્ષૌહિણી સેના આપી. ભગવાન સારા વસ્ત્ર અને અલંકાર ધારણ કરેલા અનિરુદ્ધને ઉષા અને કરિયાવરનાં સૈન્ય સાથે લઈ ત્યાંથી દ્વારકા પધાર્યા. દ્વારકાને ધજાઓ તથા તોરણોથી શરગારવામાં આવ્યું. તેના રસ્તા અને આંગણાઓમાં સુગન્ધી પદાર્થોથી છટકાવ કરવામાં આવ્યો. શહેરીઓ મિત્રો અને બ્રહ્માણોએ શંખ નગારાં તથા દુન્દુભિ વગાડતાં સામૈયું કર્યું. એ રીતે દ્વારકામાં આવી ભગવાને અનિરુદ્ધ અને ઉષાના વિધિ પ્રમાણે લગ્ન કર્યાં.

શ્રીકૃષ્ણે શંકર ઉપર મેળવેલા આ વિજયનું પ્રાતઃકાલે ઉઠી જે સ્મરણ કરે તેનો ઈન્દ્રિયો તથા અન્તઃકરણ થી પરાજય થવાનો સંભવ પણ રહેતો નથી.

# :: સાત્ત્વિકભક્તનિરોધ ::

**નૃગનો શ્રીકૃષ્ણે કરેલ ઉદ્ધાર:**

જેમ બીજા દેવ શંકરનો ભક્ત બાણ સંકટમાં આવી પડ્યો તેમ નૃગ ધર્મમાં આસક્તિવાળો હોવા છતાં સંકટમાં આવી પડેલો. નૃગની કથા પણ ભગવાન શ્રીકૃષ્ણમાં નિરોધ થવામાં ઉપયોગી છે. હવે નિરોધમાં ઉપયોગી હોય તેવી છૂટી-છૂટી કથાઓ કહેવામાં આવે છે, તેમાં નૃગની કથા પહેલી કહેવામાં આવે છે.

સ્ત્રીઓએ શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જાણ્યું પરંતુ બાલકો તે જાણતા ન હતા અને યાદવકુલનો નાશ બાલકોએ કરેલ બ્રાહ્મણના અપમાનથી થવાનો હતો. તેથી બ્રાહ્મણોનો અપરાધ ન કરવો એવો બોધ બાલકોને આપવા તેમની મારફત જ ભગવાન નૃગનો ઉદ્ધાર કરે છે. આ નૃગ ગરોળો થઈ દ્વારકાનાં ઉપવનના એક કૂવામાં પડેલો. એક વાર સાંબ, પ્રદ્યુમ્ન વગેરે યાદવકુમારો કિલ્લા બહાર જુની દ્વારકા ઉપવન તરીકે હતી ત્યાં રમવા ગયા. ત્યાં ઘણો સમય રમીને તરસ્યા થતાં જલ શોધવા લાગ્યા. સમુદ્રના કાંઠે મીઠું જલ દુર્લભ, પણ કૂવામાં મીઠું જલ હોય. જલમાટે કૂવા જોતાં એક કૂવામાં તેમણે મોટો અદ્ભુત ગરોળો જોયો. બાલકોને જોઈ તે કૂવા ઉપર આવવા પ્રયાસ કરવા લાગ્યો. પણ અડધે ઉંચો આવે કે પાછો પડે. તે જોઈ બાલકોને દયા આવી અને તેને કૂવા બહાર કાઢવાનો પ્રયાસ કરવા લાગ્યા. તેમણે તેને ચામડા ઉપર મૂકી ચારે તરફથી રાંઢવાથી બાંધી કૂવા ઉપર ફરતા ઉભા રહી બહાર ખેંચવા માંડ્યો પણ તેને ખેંચી શક્યા નહિ. તેથી કુતૂહલ થતાં શ્રીકૃષ્ણને એ વૃત્તાન્ત જણાવ્યો. સર્વનો ઉદ્ધાર કરવા જ ભૂતલ ઉપર પધારેલા સર્વ કરવા સમર્થ

ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા અને તેનાં કર્મ તેણે ભોગવી લીધાં છે એમ જાણી દૈત્યોનું હિત કરનારા પોતાના ડાબા શ્રીહસ્તથી શ્રીકૃષ્ણે તેને રમતમાં જ બહાર કાઢ્યો. ભગવાનના શ્રીહસ્તના સ્પર્શથી ગરોળો બનવાના કારણરૂપ તેનો દોષ દૂર થયો, એટલે ગરોળાના દેહને ટકાવી રાખનાર કાંઈ ન રહેવાથી તે દેહ છૂટ્યો અને સ્વર્ગમાં ભોગ થઈ શકે તેવો તેનો દેહ થયો. તપાવેલા સુવર્ણ જેવો તેનો રંગ થયો

અને તેના ઉપર અલંકારો, વસ્ત્રો અને માલાઓ પણ જોવામાં આવ્યાં. ભગવાન તો તેનો બધો વૃત્તાન્ત જાણતા હતા અને જાણતા હોય તેમણે પ્રશ્ન કરવો યોગ્ય નહિ, છતાં સર્વનો સામાન્ય નિરોધ થાય તે માટે ભગવાન અયોગ્ય કાર્ય પણ કરે છે, કારણ કે પ્રમેય ભગવાન વિધિને વશ ન હોવાથી તેમને વિધિ અથવા નિષેધ લાગુ પડતા નથી. તેથી તેણે કરેલાં દાન લોકમાં પ્રસિદ્ધ થાય તે માટે ભગવાને તેને પ્રશ્ન કર્યો. ભગવાન પ્રશ્ન ન કરે અને તે પોતે કરેલાં દાન જણાવે તો તે જણાવવાથી તેના ધર્મનો નાશ થાય પણ ભગવાન પૂછે ત્યારે તો તેણે કહેવું જ પડે. તેથી ભગવાને તેને પૂછ્યું–

''હે ધર્મના તેજરૂપ ભાગ્યવાળા! તું કોણ છે? આ તારું રૂપ કુદરતી નથી, તેથી તેં કોઈ ઉત્તમ કર્મ કરેલ જણાય છે. તું ઉત્તમ દેવ હોવાનું જણાય છે. કયા કર્મથી તને લાંબા સમય સુધી ગરોળો થઈ રહેવું પડ્યું? આવી સ્થિતિ તારી થવી ન જોઈએ, સ્વાભાવિક રીતે તારું કલ્યાણ જ થવું જોઈએ. તારી આવી સ્થિતિ કેમ થયેલી તે તું કહે. અહીં બધાની રૂબરૂ કહેવા યોગ્ય લાગે તો કહે, કારણ કે અમે જાણવા ઈચ્છીએ છીએ.''

**નૃગની કથા; ધર્મમાર્ગની ગહનગતિઃ**

ભગવાનને તેણે ઓળખ્યા અને તેનાં પુણ્યને લીધે તેણે જાણ્યું કે ભગવાન બીજાઓને મારો વૃત્તાન્ત જણાવવા પ્રશ્ન કરે છે. તેથી સુવર્ણ જેવા તેજસ્વી મુકુટથી લક્ષ્મીપતિ ભગવાનને પ્રણામ કરી તેણે કહ્યુંઃ

''હે પ્રભો! હું ઈક્ષ્વાકુનો પુત્ર 'નૃગ' નામનો રાજા છું. દાન કરનારાઓમાં આપના કાને મારું નામ આવ્યું હોય તો હું પ્રસિદ્ધ ગણાઉં. આપ પ્રાણીમાત્રના અન્તઃકરણના સાક્ષી હોવાથી આપથી કાંઈ અજાણ્યું નથી, તેમ કાલથી આપના જ્ઞાનનો નાશ થતો નથી; એટલે આપને કાંઈ જણાવવાપણું છે જ નહિ, છતાં આપની આજ્ઞા હોવાથી આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય તે માટે હું મારો વૃત્તાન્ત કહું છું. ભૂમિનાં જેટલાં રજકણો છે, આકાશમાં જેટલા તારાઓ છે અને વરસાદની જેટલી ધારાઓ છે તેટલી અગણિત ગાયો મેં દાનમાં આપેલી. તે ઘણાં દૂધવાળી, પહેલવેતરી, મારે નહિ તેવા શાંત સ્વભાવવાળી, દેખાવડી, ઉત્તમ વાછડાંવાળી, ઘી થાય તેવા દૂધવાળી, પિંગલા રંગની, સુવર્ણનાં શીંગડાવાળી અને મેં ન્યાયથી મેળવેલી હતી. વિધિ પ્રમાણે વસ્ત્ર, માલા અને આભરણો સહિત દાનમાં આપેલી અને તે પણ અલંકાર ધારણ કરેલા, વિદ્વાન્, સદાચારી, સારા સ્વભાવવાળા, ગરીબ કુટુમ્બવાળા, સત્ય બોલનારા, ઈન્દ્રિયોને સંયમમાં રાખનારા, વિધિ પ્રમાણે વેદનો પાઠ કરનારા, લોભ વિનાના, પરોપકારી, ઉત્તમ જુવાન બ્રાહ્મણોને દાનમાં આપેલી. બીજી

પણ ગાયો, ભૂમિ, સુવર્ણ, ઘર, ઘોડા, હાથી, કરીયાવર સાથે કન્યાઓ, તલના અને રૂપાના પર્વતો, સુખશય્યાઓ, વસ્ત્રો, રત્નો, ઝબ્બા વગેરે ઘરવખરી, રથો વગેરે દાનમાં આપેલા. અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞો કરેલા અને કૂવા તથા વિસામા બંધાવેલા. આ પ્રમાણે ઘણો ધર્મ કરેલો.

એ પ્રમાણે ધર્મમાં હું રચ્યો-પચ્યો રહેતો હતો, એવામાં મારાથી એક અધર્મ થઈ ગયો. હું તો મારા સેવકો પાસેથી દાનમાં આપવાના પદાર્થો લઈ દાન કરતો પણ બધાને ઓળખતો નહિ. કોઈ એક બ્રાહ્મણે મારી પાસેથી દાન લીધેલું નહિ અને તે ધર્મમાં તલ્લીન રહેતો. તેની ગાય તેની ગમાણમાંથી જતી રહી અને મારી ગાયોમાં ભળી ગઈ. તે દાનમાં આપવા યોગ્ય દોષરહિત છે એમ જોઈ મારા નોકરો મારી પાસે દાનમાં અપાવવા લાવ્યા. મેં તેને દાનમાં એક બ્રાહ્મણને આપી. તે તેને લઈ જતો હતો, ત્યારે રસ્તામાં તેનો માલિક તેને મળ્યો અને ''મારી ગાય તું કેમ લઈ જાય છે?'' એમ તેને પૂછ્યું. તેણે ઉત્તર આપ્યો કે ''નૃગે મને દાનમાં આપેલી હોવાથી આ ગાય મારી છે.'' એ પ્રમાણે બન્ને વિવાદ કરવા લાગ્યા. જો દાન સાચું ઠરે તો દાનમાં લેનારની ગાય ઠરે અને મને બીજાની ગાય લઈ લેવાનો દોષ લાગે. દાન સાચું ન ઠરે તો ગાય તેના માલિકની જ રહે અને મને બીજાની ગાય લઈ લેવાનો દોષ ન લાગે. લોકની દૃષ્ટિમાં મેં ધર્મ કરેલ હોવાથી ગાય દાન લેનારની જ ગણાય અને મારે મારાં દોષનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ; પણ ધર્મ અલૌકિક દેવના અધિષ્ઠાનવાળો હોય, તો અધર્મથી પ્રાપ્ત થયેલ પદાર્થથી ધર્મ થતો નહિ હોવાથી દાન ખોટું ગણાય. તેથી બન્ને બ્રાહ્મણોનો વિવાદ થયો. વિવાદ કરતા બન્ને મારી પાસે આવ્યા. દાન લેનારે મને પૂછ્યું કે ''તમે આ ગાય મને દાનમાં આપી છે?'' મેં હા કહી એટલે બીજાએ કહ્યું કે ''તમે મારી ગાય લઈ લીધી છે.'' એ સાંભળી મને ભ્રમ થયો અને મેં એકેય બ્રાહ્મણને વીનવ્યો નહિ. હું પોતે ધર્મનું તત્ત્વ જાણતો ન હતો અને બીજાને ન પૂછતાં બન્નેને સન્દેહમાં રાખી વિનવવા લાગ્યો, કારણ કે હું ધર્મસંકટમાં આવી પડ્યો હતો. મેં તે ગાયના બદલામાં એક લાખ ગાયો આપવા કહ્યું અને બન્નેને વિનતિ કરી કે મેં અજાણતાં ભૂલ કરી છે તેથી મારા ઉપર કૃપા કરો અને મને નરકમાં પડતો બચાવો. ગાય વેચવાની શાસ્ત્રમાં મના હોવાથી તેનો માલિક ''હું બદલો લઈશ નહિ' એમ કહી ગાય મૂકી જતો રહ્યો, કારણ કે મેં દાનમાં આપેલી હોવાનું કહેલું. ''એક ગાય જ દાનમાં લેવી. બીજી ન લેવી અને લીધેલી વેચવાથી રૌરવ નરકમાં પડાય'' એમ શાસ્ત્રમાં જણાવેલ હોવાથી બીજી ગાય લેવામાં તથા તે ગાય વેચવામાં દોષ હોવાથી, દાનમાં લેનાર બ્રાહ્મણ પણ જતો રહ્યો. બ્રાહ્મણની ગાય લઈ લીધી તેથી મારા આયુષ્યનો ક્ષય થયો અને હું કાંઈ ઉપાય કરું એટલામાં તો યમના દૂતો મને યમ પાસે લઈ ગયા. ત્યાં યમે મને પૂછ્યું કે ''હે રાજા! તું પહેલા પાપનું ફલ ભોગવવા ઈચ્છે છે કે પુણ્યનું? દાન તથા બીજા ધર્મનો પણ અંત હોતો નથી; કારણ કે કોઈ એક ઠગ ધૂતારાએ મરવા પડેલી ગાય ઠગીને બ્રાહ્મણને આપી અને મુક્તિ પ્રાપ્ત કરી. નગર વચ્ચે ગાય મરવા પડેલી અને (મરે ત્યારે તેને) ગામ બહાર કાઢવાની તેનામાં શક્તિ ન હતી. તેથી

તેણે કોઈક બાને બ્રાહ્મણને બોલાવી તે ગાય દાનમાં આપી. ત્રણ મુહૂર્ત પછી ગાય મરી ગઈ. પછી દાનમાં લેનાર બ્રાહ્મણે પોતાનું વસ્ત્ર ચાંડાલોને આપી તે ગાયને નગર બહાર કઢાવી. એ પ્રમાણે બ્રાહ્મણને ઠગી પછી ઠગારો મરણ પામ્યો. ચિત્રગુપ્તે તેનો વૃત્તાન્ત મને (યમને) કહ્યો, ત્યારે મેં તેને પૂછતાં તેણે પહેલાં પુણ્યનું ફલ ભોગવવાનું જણાવ્યું. આમાં પણ તેણે કપટ કર્યું. તેના દાનનું ફલ એવું હતું કે ગાય જેટલું જીવે તેટલો સમય પરલોકમાં કામધેનુ તેને વશ રહે, એટલે મેં કહ્યું કે કામધેનુ ત્રણ મુહૂર્ત તને વશ રહેશે. તેણે કામધેનુને કહ્યું કેઃવાઘ થઈ યમને ખાઈ જા. તેથી વાઘથી ભય પામતો હું બ્રહ્મા વગેરેથી વીંટાઈ વિષ્ણુ બિરાજ્યા હતા ત્યાં તેમને શરણ ગયો. પછી ત્યાં આ ઠગને પણ કામધેનુ લઈ આવી અને તેને વિષ્ણુનાં દર્શન થવાથી તેની મુક્તિ થઈ. જ્યારે આવાં ગોદાનનું પણ ફલ અંતવિનાનું છે તો પછી વિધિ પ્રમાણે તેં કરેલાં ગોદાનનું તેવું ફલ હોય તેમાં શું આશ્ચર્ય? તને આ લોકમાં અનન્ત યશ અને પરલોકમાં અનન્ત સ્વર્ગ મળશે.''

મેં પહેલાં પાપનું ફલ ભોગવવા કહ્યું ત્યારે બ્રાહ્મણનો અપરાધ કરેલ હોવાથી ક્રોધથી યમે મને પડવાનું કહ્યું. નીચ યોનિરૂપ નરક ભૂમિ ઉપર જ છે, તેથી હું ગરોળો થઈ પડતો હતો એમ મેં જોયું. મને આ વૃત્તાન્તનું સ્મરણ રહ્યું, કારણ કે હું બ્રાહ્મણોનો ભક્ત હોવાથી બ્રાહ્મણોનો ગુણ જ્ઞાન મારું હિત કરતો હોવાથી તેણે વિસ્મરણ થવા ન દીધું. વળી જ્ઞાન ક્ષત્રિયોનું પણ પાલન કરે છે. વળી ભગવાન સર્વના ઈશ્વર હોવાથી જ્ઞાન પણ તેમને અધીન હોવાથી ભગવાનના ભક્તનું હિત કરે છે અને હું આપનો દાસ હોવાથી મને વિસ્મરણ થવા દીધું નહિ. વળી હું આપના દર્શનની આકાંક્ષા રાખતો હોવાથી સ્મૃતિનો નાશ કરનાર માયા વગેરે ધર્મો મારાથી ભય પામે છે કારણ કે જે ભગવાનના ધર્મોનો આદર કરે છે તેને બીજા ધર્મો નડતા નથી. તેથી પણ મને આ વૃત્તાન્તનું વિસ્મરણ થયું નહિ. આત્માની પણ અંદર રહેનારા આપ પરમાત્માનાં મને દેહથી પણ બહાર દર્શન કેવી રીતે થયાં? યોગેશ્વરો પણ યોગને અનુસરી, વેદે જણાવેલ જ્ઞાનથી જ સ્પષ્ટ દૃષ્ટિવાળા થઈ આપનું ચિંતન જ કરે છે. તેમને પણ જેમનાં પ્રત્યક્ષ દર્શન થતાં નથી, તેવા આપનાં દર્શન મને થયાં એ આશ્ચર્ય છે! ઈન્દ્રિયોથી આપનું જ્ઞાન થતું નથી તેથી અને અનેક વ્યસનોથી મારી બુદ્ધિ અંધ થયેલી હોવાથી મને તો આપનાં દર્શનનો અધિકાર નથી જ. ઘણું કરી કોઈક કારણથી મારો મોક્ષ થવાનો હશે અને મોક્ષ આપનાં દર્શન વિના થાય તેમ નહિ હોવાથી, મોક્ષનાં સાધનોએ ફલ આપવા તત્પર થઈ આપનાં દર્શન કરાવ્યાં હશે. છેલ્લા જન્મમાં જ ભગવાનનો સાક્ષાત્કાર થતો હોવાથી આ જન્મમાં જ મારો મોક્ષ થવાનો હશે. તેથી હે જગન્નાથ! હે પુરુષોત્તમ! પુણ્યનાં ફલ ભોગવવાં આવશ્યક હોવાથી મને સ્વર્ગમાં જવાની રજા આપો. ત્યાં મને વિષયોનો સમ્બન્ધ થશે, છતાં મારો મોક્ષ કરવા આપ સમર્થ છો. તેમ ન હોત તો આપે આ ખાસ અવતાર લીધો ન હોત. દુઃખમાં (આપનું) સ્મરણ કરવાની શક્તિ રહેતી નથી, સુખમાં બીજામાં આસક્તિ થાય છે અને સુખ તથા દુઃખ બન્ને ન હોય ત્યારે મોહ વગેરે થાય છે. તેથી ક્યાંય રહેવાથી આપનું સ્મરણ થતું નથી; પરંતુ

આપની કૃપાથી જ આપનું સ્મરણ થતું હોવાથી હું ગમે ત્યાં હોઉં છતાં મારું ચિત્ત આપના ચરણમાં રહો, એટલે ગમે ત્યાં હું ભટકતો હોવા છતાં મારું ચિત્ત આપના ચરણમાં સ્થિર થવાથી મને કાંઈ ચિંતા રહેશે નહિ. અનન્ત શક્તિઓવાળા વાસુદેવ આપ શ્રીકૃષ્ણને હું નમન કરું છું.'' એમ સ્તુતિ કરી નૃગે શ્રીકૃષ્ણની પ્રદક્ષિણા કરી અને પોતાના મુકુટથી તેમના ચરણનો સ્પર્શ કર્યો. ભગવાને તેણે કહ્યું તેનો અંગીકાર કરીને તેને જવાની રજા આપી, એટલે તે જ સમયે દેવોએ લાવેલા વિમાનમાં તે બેઠો અને ભગવાનનું માહાત્મ્ય લોકમાં પ્રસિદ્ધ કરતાં, મનુષ્યોના દેખતાં જ સ્વર્ગમાં ગયો.

**શ્રીકૃષ્ણે કરેલ ઉપદેશઃ**

એવી રીતે બ્રાહ્મણના અપરાધથી તેની દુર્ગતિ થયેલી અને ભગવદીય હોવાથી તેની સદ્ગતિ થઈ તે સર્વનો સામાન્ય નિરોધ કરવા દર્શાવતાં, શ્રીકૃષ્ણે પોતાના પુત્રો તથા પૌત્રો ને ધર્મનું સ્થાપન કરવા બ્રાહ્મણના ધનનો સમ્બન્ધ ન રાખવા ઉપદેશ આપતાં, બાલકો સર્પ પાસે જાય ત્યારે જેમ તેમના પિતા વગેરે ખેદ પ્રકટ કરે છે તેવી રીતે કહ્યું ''બ્રાહ્મણોનું ધન પોતાની મેળે અથવા ઉપાય કરવાથી પણ પચે નહિ તેવું છે, કારણ કે બ્રહ્મ ક્ષયરહિત છે અને તેનું પણ આ અન્તરંગ છે. જો તે ખાવામાં આવે તો અજીર્ણ અન્નની જેમે મરણ કરાવે છે. જેમાં બ્રહ્મભૂત બ્રાહ્મણનું ''આ મારું છે'' એવું અભિમાન છે, તે દેખીતું જ નૃગને બન્યું તેમ ન પચે તેવું છે. જ્યાં તેનું તેવું અભિમાન ન હોય ત્યાં શાસ્ત્ર પ્રમાણે તે ન પચે તેવું છે. જે અગ્નિ ખાધેલું બધું ભસ્મરૂપ બનાવે છે, તે ખાય તો તેનાથી પણ પચે તેવું નથી અને ભસ્મરૂપ થતું નથી. જ્ઞાન ફલ આપવાનું થાય ત્યારે તેજ ઉત્પન્ન કરે છે. તે તેજ જેને હોય તેવા તેજસ્વીથી પણ આ પચી શકે તેવું નથી, કારણ કે તેના જ્ઞાનનાં આધારરૂપ બ્રહ્મનો તેમાં વિરોધ છે. જ્યારે બ્રાહ્મણ પણ બીજા બ્રાહ્મણના ધનને પચાવી શકતો નથી ત્યારે રાજાઓ તો કેમ જ તેને પચાવી શકે? નથી તેમનામાં બ્રહ્મપણું અને બ્રાહ્મણો તો તેમના આધારરૂપ છે. તેમાં પણ જે રાજાઓ પોતાને ઈશ્વર માને છે, પોતે ઈશ્વર હોવાનું અભિમાન રાખે છે, તેમનાથી તો તે ન જ પચી શકે. સમુદ્રમાંથી નીકળેલું વિષ જે મહાદેવે પીધેલું તે હાલાહાલ વિષ નહિ, કારણ કે મહાદેવ તેને પી શક્યા; પણ બ્રાહ્મણનું ધન ખરું વિષ છે, કારણ કે તે લીધા પછી તેમાંથી છૂટવાનો ઉપાય જ નથી. જો તેનો ઉપાય હોય તો નૃગની પ્રાર્થનાને લીધે સર્વના મિત્ર બ્રાહ્મણો તેના ઉપર દયા કરત અને ઉપાય કરત. ઉપાય ન થાય તો વિષ તેને ખાનારને જ હણે છે. તેનાથી ક્રૂર અગ્નિ પણ જલથી શાંત થાય છે. અરણિ મથવાથી અગ્નિ થાય છે, તે જે યજમાનમાટે ઉત્પન્ન કરેલ હોય તેને બાળીને શાંત થાય છે, કારણ કે જીવતાં સુધી જ તેને અગ્નિહોત્ર કરવાનો અધિકાર છે, પરંતુ બ્રાહ્મણના ધનરૂપ અરણિનો અગ્નિ તો તે કુલમાટે આવેલી હોવાથી આખા કુલને જ બાળીને શાંત થાય છે. કોઈ પણ પુરુષ ધર્મ કરવા અથવા પરલોક પ્રાપ્ત કરવા બ્રાહ્મણનું ધન લેતો નથી. જેને-જેને બ્રાહ્મણના ધનનો સમ્બન્ધ થાય છે તેને-તેને તે બાળે છે.

કોઈ બ્રાહ્મણનું ધન બલથી લઈ પછી તેની સંમતિ માગે ત્યારે તેને ઘણો બલવાન જાણી મારવાના ભયથી તે સંમતિ આપે. આ પ્રમાણે ખોટી સંમતિથી લીધેલું બ્રાહ્મણનું ધન તેના ભોગ કરનારને, તેના પુત્રને તથા પૌત્રને એમ ત્રણ પુરુષોને હણે છે. ચોરીથી લઈ ભોગવ્યું હોય તો તે મહાપાતક ગણાય છે. બલાત્કારથી લીધું હોય, શાસ્ત્રથી અપરાધ કરી લીધું હોય અથવા લોકમાં બલથી લીધું હોય અને ભોગવ્યું હોય તો પિતા, દાદા વગેરે દશ પેઢી ઉપરની, પુત્ર પૌત્ર વગેરે દશ પેઢી નીચેની અને લેનાર પોતે એકવીસ પુરુષોને હણે છે. ધર્મ શાસ્ત્રનો આવો ઉપદેશ હોવા છતાં રાજાઓ રાજ્યલક્ષ્મીને લીધે અને મદને લીધે પોતાના નાશનો વિચાર કરતા નથી અને બ્રાહ્મણોનું ધન હરે છે. તેથી જ રાજ્યને અંતે નક્કી નરક પ્રાપ્ત થાય છે એમ કહેવાયેલ છે. જો તેઓ બ્રાહ્મણનું ધન લેવાથી નરક પ્રાપ્ત થાય છે એમ જાણતા હોય તો ન લે, કારણ કે કોઈ જાણીને નરકમાં પડતું નથી. નરકરૂપ બ્રાહ્મણનાં ધનને તેઓ મૂર્ખ અજ્ઞાની હોવાથી જ લાભકારી માને છે. જેમની આજીવિકા લઈ લીધી હોય તેવા, લોભ વગેરે દોષ વિનાના, જેમને એ આજીવિકાની જરૂરીયાત છે તેવા કુટુંબવાળા બ્રાહ્મણો રડે છે અને તેમનાં આંસુઓથી જેટલાં પૃથ્વીનાં રજકણો ભીંજાય છે, તેટલાં વર્ષો સુધી રાજાઓ અને તેમના કુલમાં જન્મેલાઓ તથા જેઓએ એ આજીવિકા પડાવી લીધી હોય તેવા તેમના સમ્બન્ધીઓ કુંભીપાક નરકોમાં દુઃખી થાય છે. પોતે આજીવિકા માટે જમીન આપી હોય અને પછી બ્રાહ્મણને અયોગ્ય ગણી પડાવી લીધી હોય અથવા બીજાનું રાજ્ય જીતી પડાવી લીધી હોય, તેવા રાજાઓ ૬૦,૦૦૦ વર્ષ સુધી નરકરૂપ વિષ્ઠામાં જીવડાં થઈ રહે છે. તેઓ તેમાં જ ઉત્પન્ન થતા હોવાથી તેમને તે દેહમાં ક્યારે પણ સુખનો સમ્બન્ધ થતો નથી. બ્રાહ્મણનું ધન ઈચ્છનાર રાજાઓ તે ધન લે કે તરત જ તેમનું આયુષ્ય ઘટે છે. દૈવગતિથી મરણ ન પામે તો પણ શત્રુઓથી તેમનો પરાજય થાય છે, રાજ્યથી ભ્રષ્ટ થાય છે અને સ્થાનભ્રષ્ટ થઈ લોકોને ઉદ્વેગ કરાવનાર સર્પો થાય છે. તેથી મારા સેવકો પાસે બ્રાહ્મણોનું ધન એની મેળે અથવા દૈવથી પણ ન આવો. બ્રાહ્મણ પોતે જ અપરાધ કરે, પ્રહાર કરે, અથવા ધમકાવે, તો પણ મારા સેવકોએ તેનો દ્રોહ ન કરવો અને સદા તેમને નમન કરવું, કારણ કે બ્રાહ્મણ દેવ હોઈ સદા માન્ય છે. મારા સેવકોને શાપ તો લાગતો નથી. તેથી તેમને ભય નથી. બ્રાહ્મણને ભય ન લાગે તે માટે તેને એવા પ્રસંગે પણ નમન કરવું. હું સાવધાન રહી ત્રણ સમય બ્રાહ્મણોને નમન કરું છું. વિપ્ર હોવાથી જ તેમને નમન કરું છું. ભૃગુને પણ મેં એવી રીતે નમન કરેલું. તમારે તેમજ ભગવદીયોએ પણ તેમજ કરવું, કારણ કે જેઓ મારા છે તેમણે હું કરું તેમ કરવું જોઈએ. લોક અથવા વેદનું તેમને પ્રયોજન નથી. જે સાવધાન રહી બ્રાહ્મણને નમન કરતો નથી, તે મારા દંડને પાત્ર થાય છે. મારા સેવકોને ઉંચી ગતિ જ થવાની અને બ્રાહ્મણનું ધન લઈ લીધું હોય તો લેનારની તે હલકી ગતિ કરે છે જ. અજ્ઞાનથી લીધું હોય તો પણ બ્રાહ્મણની ગાય નૃગે લીધી તેની જેમે હલકી ગતિ થાય છે. તેથી મારા સેવકોએ બ્રાહ્મણનું ધન ન આવે તે માટે સાવચેત રહેવું.''

બ્રાહ્મણનો અપરાધ ન થાય તો મોક્ષ પ્રાપ્ત થતો હોવાથી સર્વને મોક્ષ આપનાર અને દ્વારકામાં રહેનાર સર્વ લોકને પાવન કરનાર ભગવાન એવો ઉપદેશ આપી પોતાના મંદિરે પધાર્યા.

**બલભદ્રનું ગોકુલ આગમનઃ**

હવે ખાસ નિરોધ કરનારી કથાઓ કહેવામાં આવે છે. તામસભાવવાળી ગોપીઓનું તામસપણું તામસ પ્રકરણથી મટાડી તેમને રાજસ કરેલી. પછી રાજસપ્રકરણથી રાજસપણું મટાડી સાત્ત્વિક કરેલી. આ શંખચૂડના પ્રસંગવાળી ગોપીઓ સકામ હોવાથી શ્રીકૃષ્ણ બલભદ્રદ્વારા તેમનો નિરોધ કરાવે છે. તેમનો નિરોધ કરવા સાધનરૂપ ભગવાનના આવેશવાળા બલભદ્ર રથમાં બેસી નંદ વગેરેને મળવાની ઈચ્છાથી નંદના ગોકુલ ગયા કારણ કે આ ગોપીઓનો નિરોધ ત્યાં થઈ શકે તેમ હતું. તેમનામાં આસક્તિ થાય તો પછી ભગવાનમાં સહેલાઈથી આસક્તિ થાય. તેથી પ્રથમ ગોપોએ અને ખાસ ગોપીઓએ વસ્તુતઃ ગોપીઓએ જ તેમનું આલિંગન કર્યું. પછી નંદ અને યશોદાએ આલિંગન કર્યું. બલભદ્રે માતા-પિતાને નમન કર્યું. તેમણે તે પ્રૌઢ હોવા છતાં બાલક માનીને તેમને ખોળામાં લીધા અને આંસુઓથી નવરાવ્યા. વૃદ્ધ ગોપો બલદેવનું માહાત્મ્ય જાણતા હતા, છતાં લૌકિક ભાવ રાખવાથી નિરોધ થતો હોવાથી બલભદ્રે તેમને પ્રણામ કર્યા અને તેમનાથી નાના ગોપોએ તેમને પ્રણામ કર્યા. વય, સ્નેહ અને સમ્બન્ધ પ્રમાણે આચાર થયો. પછી થાક ઉતરતાં સુખપૂર્વક બલભદ્ર બેઠા ત્યારે જેમની લૌકિક અને વૈદિક બધી સિદ્ધિઓ ભગવાનમાં જ હતી તેવા નંદ વગેરેએ આરોગ્ય પૂછ્યુ। પછી પ્રેમને લીધે ગદ્ગદ્ થયેલી વાણીથી તેમને પૂછ્યું ''વસુદેવ વગેરે અમારા સર્વ બંધુઓ કુશલ છે ને? તમે બધા હવે પરણ્યા અને સંતાનવાળા થયા, તેથી અમને કોઈ વાર સંભારો છો? સદ્ભાગ્યે કંસ હણાયો અને સમ્બન્ધીઓ તેનાથી છૂટ્યા. સદ્ભાગ્યે કાલયવન વગેરેને તમે હણ્યા, જરાસંધ વગેરે ઉપર વિજય મેળવ્યો અને પછી જ સમ્બનધીઓને લઈ દ્વારકા ગયા.''

**બલભદ્રને ગોપીઓના પ્રશ્નઃ**

રાજસ પ્રકરણમાં ગોપીઓનો શોક દૂર કરેલો હોવાથી ભગવાનના સ્મરણથી તેમને હર્ષ જ થયો. તેથી બલભદ્રે સ્નેહપૂર્વક જોઈ આદર આપતી તેઓએ હસતાં જ પૂછ્યું–

''સ્ત્રીઓનું હિત કરનારા શ્રીકૃષ્ણ સુખી છે ને? તે સ્ત્રીઓના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે. અમે દુઃખી છીએ પણ શહેરની સ્ત્રીઓ સુખી છે અને શ્રીકૃષ્ણ પોતે શહેરમાં રહેતા હોવાથી ત્યાંની સ્ત્રીઓને આનન્દ આપી સુખી થતા હશે. શહેરની સ્ત્રીઓના પતિ હોવાથી ખરેખર સુખી જ હશે, અમારા રહ્યા હોત તો કદાચ દુઃખી થાત. અમે ગોપીઓ તથા ગોપોને તથા માત-પિતાને કોઈ સમયે તે સંભારે છે? તમે તો સંભાર્યા પણ તે સંભારે છે? તેમની ઈચ્છા પ્રમાણે કરેલી અમારી સેવાને કોઈ વાર સંભારતા હશે. તે ઘણી ક્રિયાશક્તિવાળા હોવાથી અમને ત્યાં લઈ જઈ શકે અથવા અહીં આવી શકે તેમાં કાંઈ

સંશય નથી. માતા, પિતા, પતિ સહિત સગાંઓ, પુત્રો અને બહેનો જેમનો ત્યાગ કરવો ઘણો કઠણ છે તે બધાંનો અમે જેમને માટે ત્યાગ કર્યો, તે શ્રીકૃષ્ણ અમારી મૈત્રીનો ત્યાગ કરી, અમને મરણ સમાન પીડા થાય તેની પણ દરકાર કર્યા વિના અમારો તરત જ ત્યાગ કરીને જતા રહ્યા. તે વસુદેવના પુત્ર અહીં ગોકુલમાં હરકોઈ પ્રકારે આવેલા હોવાથી જતા રહેવાના એમ અમે જાણતી હતી, છતાં પણ અમને વિશ્વાસ ઉત્પન્ન થાય તેવાં વચનો તે બોલતા તે ખોટાં કેમ મનાય? કારણ કે અમો સ્ત્રીઓ શુદ્ધ ભાવવાળી હોઈ કપટ જાણતી નથી. તેથી તેમનાં વચનમાં વિશ્વાસ રાખી અમે માતા વગેરે સર્વ તજી તેમની સેવા કરી, એમાં અમારો કાંઈ દોષ નથી. શહેરની સ્ત્રીઓએ પણ તેમનો વિશ્વાસ કરવો ન જોઈએ. સુખ થાય તેવાં તેમનાં વચનોથી સુખ થાય છે, છતાં તેમના સેવકોની લોકમાં અથવા વેદમાં ક્યાંય પ્રતિષ્ઠા નથી. તેમનાં વચન પ્રમાણે વર્તવાથી શહેરની સ્ત્રીઓ તેમની સેવક થવાની, એટલે તેમની પણ ભગવાન સિવાય બીજે ક્યાંય પ્રતિષ્ઠા રહેશે નહિ. તેથી આ લોકનું સુખ ઈચ્છનારી તેઓ તેમનાં વચનમાં કેમ વિશ્વાસ કરતી હશે? પ્રતિષ્ઠા થાય તેવાં સાધનો કરે તો પણ શ્રીકૃષ્ણ 'કૃતઘ્ન'–કરેલાંનો નાશ કરનારા હોવાથી તેમની લોક અથવા વેદ માં પ્રતિષ્ઠા થશે નહિ. તેથી જ કહેલું છે કે ''હરિ પુષ્ટિમાર્ગમાં રહેલા હોવાથી લોક અથવા વેદમાં સ્વસ્થતા તો નહિ કરે.'' શહેરમાં રહેનારી સ્ત્રીઓ ચતુર હોય એટલે આ બધું જાણતી જ હોય. છતાં જાતજાતની કથાઓ કહી ભગવાન તેમને વાણીથી વશ કરતા હશે અને સુંદર હાસ્ય તથા દૃષ્ટિથી મોહ પમાડતા હશે; એટલે તેવાં હાસ્ય અને દૃષ્ટિથી ઉછળી આવતો કામ મર્યાદાનું ઉલ્લંઘન કરી તેમને પીડતો હશે. તેથી જેમ તાવથી પીડાતો પુરુષ વૈદ્યનું વાક્ય સાંભળે છે અને તેણે કહેલાં કડવાં-તીખાં ઓસડો પણ ખાય છે, તેમ કામથી પીડાયેલી તેઓ ભગવાનના વચનમાં વિશ્વાસ રાખી તે પ્રમાણે વર્તતી હશે.''

આ ગોપીઓએ ભગવાન ઉપરની ઈર્ષ્યાનો ત્યાગ કરેલો, છતાં સમય જતાં તેમની બુદ્ધિ બગડતાં તેમણે વળી ભગવાનને દોષ દીધો. વળી ભગવાન હમણાં શહેરની સ્ત્રીઓનો સમ્બન્ધ રાખે છે એ સાંભરતાં તેમની ઈર્ષ્યા વધી. તેથી ભગવાનને તેમના સમ્બન્ધનું સુખ ન થાય એવો વિચાર કરતાં, ત્યાંની સ્ત્રીઓ ભગવાન સાથે સમ્બન્ધ ન રાખે તો તેમ થઈ શકે એવા વિચારથી તેમણે તે સ્ત્રીઓની પણ નિંદા કરી. પોતે દુઃખી હોવાથી, અજ્ઞાનને લીધે દુઃખ દૂર કરનાર ભગવાનમાં તેમણે દોષ જોયો, ત્યારે તેમ ન કરવા બીજી ગોપીઓએ તેમને કહ્યું–

''હે ગોપીઓ! આવી કથાથી આપણને શું લાભ? આવી કથાથી તો આપણને દોષ લાગે, એટલે ભક્તિ નિરોધ અથવા મુક્તિ કાંઈ થવામાં એ ઉપયોગી નથી. ભક્તિમાર્ગમાં વિઘ્નોને દૂર કરી સ્નેહથી ભગવાનનું ભજન કરવું જોઈએ. નિરોધમાં તો એક ક્ષણ પણ ભગવાનનાં દર્શન ન થતાં, દેહ ઈન્દ્રિયો વગેરેનો ત્યાગ કરવો જોઈએ. મુક્તિમાં ભેદ ન જોવાય. આપણાથી આ કાંઈ થતું નથી. તેથી આપણે દોષ ન લાગે તેવી બીજી વાત કરો. આ વિષયમાં ઉદાસીન રહો, કારણ કે આ કથામાં પારમાર્થિક પ્રયોજન નથી. લૌકિક

પ્રયોજનમાટે ભગવાનની જરૂર છે. તેમાં તો ભગવાન અને આપણે બન્ને ભોગ કરનાર અને ભોગના વિષય છીએ. આમ હોવાથી જો આપણા વિના તેમનો સમય જાય તો તેમના વિના આપણો સમય પણ જાય છે જ, કારણ કે તેમના વિના આપણું મૃત્યુ થયું નથી. તેમના વિના આપણો નિર્વાહ થતો ન હોય તો તેમને આપણે દોષ દેવાય અને તેમ કરીએ તેમાં શાસ્ત્ર પ્રમાણે અથવા લોકમાં આપની નિંદા ન થાય; કારણ કે મરવા પડેલો પ્રાણ બચાવવા શાસ્ત્રમાં મના કરેલ હોય તેવાં અન્ન તથા જલ લે તો પણ તે નિંદાપાત્ર થતો નથી. તેથી ભગવાન વિના જો આપણા પ્રાણ જતા હોય તો તેમને દોષ દેવાય. તેમ ન હોય છતાં દોષ દેવાથી આપણને દોષ લાગે. તેથી તેમને દોષ ન દો.''

**બલભદ્રે કરેલ ગોપીઓનું સાંત્વનઃ**

પહેલાં જણાવેલી ગોપીઓ દુઃખને લીધે ભગવાનને દોષ દેતી હતી અને બીજીઓ ભગવાન વિના મૃત્યુ થતું નહિ હોવાથી તેમને દોષ ન દેવાનું કહેતી હતી. બન્ને મૂર્ચ્છા પામવાની સ્થિતિમાં હતી. તેઓ ભગવાનનાં મોહ પમાડનારાં હાસ્ય, વાણી, સુંદર દૃષ્ટિ, ગતિ અને પ્રેમ થી કરેલાં આલિંગનનું સ્મરણ કરતાં મૂર્ચ્છિત થઈ. જો મૃત્યુ થાય તેવું હોત તો ભગવાન પોતે જ પધારત, પરંતુ તેમ નહિ હોવાથી જુદા-જુદા પ્રકારે સમજાવવામાં કુશલ બલભદ્રેજ, ઉદ્ધવે પહેલાં કરેલ તેમ, ભગવાનના સંદેશાથી તેમનું સાંત્વન કર્યું, કારણ કે સાંત્વન કરવાજ તે ગોકુલ આવ્યા હતા.

આ ગોપીઓ નંદગોપની કુમારિકાઓ ન હતી. તેમને તો ભગવાન દ્વારકા જ લઈ ગયા હતા. શંખચૂડના વધના સમ્બન્ધમાં જણાવેલી, જેમના ગોપપતિ સાથે લગ્ન થયેલાં તેવી આ સાધારણ ગોપીઓ જ હતી. તેથી જ આમનું સાંત્વન પણ જુદું જ કરેલું છે. બલભદ્રની ભગવાનનો તેમનામાં આવેશ થયા પહેલાંની સ્થિતિથી તેમણે આમનું સાંત્વન કર્યું. પછી ભગવાનનો તેમનામાં આવેશ થયા પછી આમની કામના પૂર્ણ કરશે. તેથી જ મથુરા અક્રૂર સાથે જતી વખતે ભગવાને 'હું આવીશ' એમ ગોપીઓને કહેલું એ વચન પણ સત્ય થાય છે.

માત્ર વાણીથી આ ગોપીઓનું સાંત્વન થાય તેમ નહિ હોવાથી વસંતના ચૈત્ર અને વૈશાખ એ બે માસ બલભદ્ર ત્યાં જ રહ્યા. રાત્રે ભગવદ્રૂપ થઈ ગોપીઓમાં રતિ ઉત્પન્ન કરતાં તે પોતે પણ રમણ કરતા હતા. જેમ વસ્ત્રને પવિત્ર (સ્વચ્છ) કરવા જલનો સમ્બન્ધ કરાવવામાં આવે છે તેમ આમને ભગવાનના ગુણોનો સમ્બન્ધ કરાવવામાં આવ્યો. પૂર્ણ ચંદ્રની કલાઓથી ઉજળા બનેલા યમુનાના ઉપવનમાં કુમુદના સમ્બન્ધવાળો વાયુ વાતો હતો, ત્યાં સ્ત્રીઓના સમૂહથી વીંટાયેલા બલભદ્ર રમણ કરતા હતા. નદી, વન અને સુગન્ધવાળો મંદ વાયુ રસનું પોષણ કરતાં હતાં. બલભદ્રનો પ્રભાવ પણ ઘણો હતો. દેવો તથા અસુરોએ સમુદ્રને મથી અમૃત કાઢ્યું ત્યારે લક્ષ્મી સાથે વારૂણી તેમાંથી નીકળેલી. તે વૃક્ષોમાં રહેનારી દેવતા દૈત્યોને આપેલી હોવાથી દૈત્યોના રાજા વરૂણને આધીન હતી. તે જે વૃક્ષમાં રહેતી તેમાંથી મધુની ધારાઓ ઉત્પન્ન થતી. સંકર્ષણ ભગવાનની તામસી મૂર્તિ

હોવાથી તે મધુથી પ્રસન્ન રહેતા, એ જાણનાર વરૂણે વારૂણીને આજ્ઞા કરી તે પ્રમાણે તે બલભદ્રને સુખ થાય અને તેમની ઈચ્છા પ્રમાણે સુગન્ધ અને રસ પ્રાપ્ત થાય તે માટે વૃક્ષના કોટરમાંથી પડતી. તેણે તે વનને સર્વને મોહ કરનારી પોતાની સુગન્ધથી ભરી દીધું. તે મધુની ધારાની ગંધ બલભદ્ર રમણ કરતા હતા ત્યાં વાયુ લઈ ગયો. તેની સુગન્ધ લઈ બલભદ્ર તે કોટરમાંથી પડતી હતી ત્યાં સ્ત્રીઓ સાથે આવ્યા અને તેમની સાથે તે મધુનું પાન કર્યું. સ્ત્રીઓએ તેમનાં ચરિત્રનું ગાન કરવા માંડ્યું અને મદને લીધે વિહ્વલ લોચનવાળા મત્ત થઈ બલભદ્ર વનમાં ફરવા લાગ્યા. તેમનું આધિદૈવિક સ્વરૂપ પ્રકટ થયું. તેમણે માલા પહેરેલી હતી. યોગરૂપ એક જ કુંડલ તેમણે ધારણ કર્યું હતું. નવરત્નો જડેલી ચરણ સુધી લટકતી વૈજયન્તી માલા પહેરી હતી. સ્વભાવથી જ તે મદવાળા છે. તેમનું શ્વેત મુખારવિન્દ હસતું હતું. અને તેના ઉપર હિમના કણા જેવા પરસેવાના બિંદુઓ હતા.

**યમુનાકર્ષણ અને યમુનાની સ્તુતિઃ**

વારુણીથી બલભદ્રના સ્વરૂપનો નાશ થયો ન હતો, છતાં યમુનાએ તેમના સ્વરૂપનો વારુણીથી નાશ થયાનું માન્યું. જ્યાં વારુણીનું પાન કરી બલભદ્ર ઉભા હતા, ત્યાં જ જલક્રીડા કરવા માટે તેમણે યમુનાને બોલાવી. તે ઈશ્વર હતા અને ઈશ્વર જેના ઉપર તેમની સત્તા ચાલે તેમની પાસે ન જ જાય. ઈશ્વરે નદીઓને મર્યાદામાં રાખી છે, તે મર્યાદા તજી તેઓ બીજે ન જ જાય, પરન્તુ ઈશ્વરે પોતાના માટે મર્યાદા કરી નથી.

યમુનાએ માન્યું કે બલભદ્ર મત્ત હોવાથી વિચાર કર્યા વિના જ મને બોલાવે છે. તેથી તેમનાં વાક્યનો અનાદર કરી તે ગઈ નહિ, ત્યારે બલભદ્રે તેને હલની ટોચથી ખેંચી. હલ પણ આધિદૈવિક હોવાથી નદીના કિનારાને પણ નીચાણ બનાવી દેવતા સાથે નદીને નહેર માર્ગે તેણે ખેંચી; ત્યારે દેવતાસહિત જલ પોતાના કુદરતી માર્ગે ન જતાં તે હલે ખેંચી કરેલા માર્ગથી જ જવા લાગ્યું. આ કાર્ય મત્ત અવસ્થામાં કર્યું ન હતું. પણ બલભદ્રે જાણી બુઝીને જ કરેલું એમ જણાવવા તેમણે કહ્યું કે ''મારું વચન ઉલ્લંઘન કરવાનું તેં પાપ કરેલું છે, કારણ કે મેં બોલાવી ત્યારે તું ન આવી અને તારી ઈચ્છા પ્રમાણે જતી હતી. તેથી શિક્ષા કરી તને સૂકવી નાખીશ અને વરસાદના જલને લીધે પણ તને લોકો નદી ન માને તેમ હલની ટોચથી તારા સેંકડો ભાગ કરીશ.'' યમુનાને ખેંચી એ તેમની શક્તિ તેણે જોઈ, તેથી બલભદ્ર કહે છે તેમ જરૂર કરશે એમ તેને લાગ્યું. તેથી એમ ધમકાવેલી યમુના ભય પામી અને પ્રવાહના સ્થળેથી દૂર વહેવરાવેલી, આશ્ચર્ય પામતી, બલભદ્રના ચરણમાં પડી તે બોલી–

''હે રામ! આપ મહાબાહુ છો પણ હું આપનું સામર્થ્ય જાણતી ન હતી. પચાસ કરોડ યોજન વિસ્તારવાળી પૃથ્વી આપના એક અવયવ (માથાં) ઉપર સરસવના દાણા જેમે રહે છે, તે હું એ પૃથ્વીના એક ભાગ ઉપર રહેનારી ક્યાંથી જાણું? તેથી અજ્ઞાનથી કરેલો અપરાધ આપ ક્ષમા કરો. આપ જગતના પતિ છો અને અજ્ઞાનથી કરેલા અપરાધમાટે પતિ દંડ દેતા નથી. આપનો મનુષ્યભાવ હું જાણતી હતી, પરન્તુ ભગવાન શ્રીકૃષ્ણ જેમે આપનો પરભાવ–ભગવાન શ્રીકૃષ્ણે જ આપમાં આવેશ કરેલો છે તે ભાવ–

હું જાણતી ન હતી; તેથી આપ મને મુક્ત કરો. હવે આપનો પરભાવ જાણ્યો તેથી હવેથી આપનો અપરાધ નહિ થાય. વળી આપ વિશ્વના આત્મા છો અને આત્મા (પોતા)ના અપરાધથી કોઈને ક્રોધ થતો નથી. હું આપને શરણ આવી છું અને આપ ભક્ત ઉપર પ્રેમ રાખનારા છો.''

યમુનાએ એવી સ્તુતિ કરી ત્યારે બલભદ્રે પોતાના બલ ઉપર વિશ્વાસ રાખી-ફરી અપરાધ કરશે તો ફરી શિક્ષા કરીશ એવા વિચારથી-તેને મૂકી દીધી અને જેમ હાથી હાથણીઓ સાથે વિહાર કરે તેમ તેના ઉપર પ્રસન્ન થઈ સ્ત્રીઓ સાથે તેનાં જલમાં ક્રીડા કરી. પછી ભગવાન બલભદ્રમાંથી તિરોહિત થયા, એટલે તેમનાં વસ્ત્રો ભીંજાયાં. તે જલમાંથી બહાર નીકળ્યા ત્યારે ભગવાનની ચોથી શક્તિ કાંતિએ તેમની ચોથી તામસ મૂર્તિ સંકર્ષણને બે શ્યામ વસ્ત્રો, ઘણાં કિમતી ભૂષણો અને કલ્યાણ સૂચવનારી માલા આપ્યાં. ભગવાનની શક્તિએ તેમનો એ પ્રમાણે સત્કાર કર્યો, તેથી તેમના અન્તઃકરણનો તાપ દૂર થયો. સત્કાર કર્યો ન હોત તો યમુનાના તેમણે કરેલા અપરાધનું સ્મરણ થતાં જીવન જ ન રહેત. તે બે શ્યામ વસ્ત્રો, કીર્તિમયી માલા અને સ્વરૂપથી પણ અમૃતથી પૂર્ણ સુવર્ણની માલા ધારણ કરી, સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત કરી બલભદ્ર ઐરાવત જેમે શોભવા લાગ્યા. હાલ પણ યમુના હલથી તેમણે ખેંચેલા માર્ગથી અનન્ત બલવાળા બલભદ્રનું વીર્ય જણાવતી હોય તેવી દેખાય છે.

એ પ્રમાણે બલભદ્રે તે ગોકુલ રહ્યા. વ્રજની સ્ત્રીઓના માધુર્યથી તેમનું ચિત્ત આકર્ષાયું હતું. બલભદ્રમાં મુખ્ય સાધન છે અને ગોકુલમાં ભગવાનના ગુણો પ્રકાશતા હોવાથી તે ગુણો પ્રકટ કરવા બીજા સ્થાનો કરતા ગોકુલ જ ઉત્તમ હોવાથી, તેમણે આ પ્રમાણે ત્યાં જ રમણ કર્યું. એવી રીતે ભગવાને બલભદ્ર દ્વારા વ્રજની સામાન્ય સ્ત્રીઓનો નિરોધ કર્યો.

**પૌંડ્રકનો વૃત્તાન્તઃ**

જ્યારે બલભદ્ર નંદના ગોકુલ ગયેલા ત્યારે તે દ્વારકામાં નથી એમ જાણી કરૂષોના રાજા પૌંડ્રકે શ્રીકૃષ્ણને દ્વારકા દૂત મોકલી કહેવડાવ્યું કે ''તમે 'વાસુદેવ' નામ ખોટું ધારણ કર્યું છે તે મૂકી દો''. આ પૌંડ્રકના બાપનું નામ વસુદેવ હતું અને પુરાણોમાં તેણે સાંભળેલું કે વાસુદેવનો અવતાર થવાનો છે. ભગવાનની ઈચ્છાથી તેને સદા એવો જ વિચાર થતો કે હું જ વસુદેવનો પુત્ર હોવાથી 'વાસુદેવ' છું. તે બહિર્મુખ હોવાથી પોતાનો દેશ તજી કાશી રહેવા ગયો. ત્યાં કાશીના રાજા સાથે તેને મૈત્રી થઈ અને મહાદેવની કૃપાથી કાંઈક પ્રભાવ પણ થયો. વાસુદેવનો અવતાર થયો છે એમ સાંભળી જ્ઞાન વિનાના મૂર્ખ બાળકો તેને કહેતા કે ''તમે જગતનો ઉદ્ધાર કરવા અવતરેલા વાસુદેવ છો.'' બાલકો તરફથી ઉત્તેજન મળતાં ''હું જ વાસુદેવ છું'' એવી તેની માન્યતા દઢ થઈ. તેથી તે શંખ, ચક્ર, ગદા, પદ્મ, કૌસ્તુભ વગેરે વાસુદેવનાં ચિહ્નો ધારણ કરવા લાગ્યો. શાસ્ત્રમાં વાસુદેવ એક જ હોવાનું કહેલ છે અને શ્રીકૃષ્ણ તો મથુરા તજી દ્વારકા ગયેલા તેથી તે વાસુદેવ હોઈ ન શકે એમ

માની, તે મંદબુદ્ધિવાળા મૂર્ખે જેમ બાલકોએ બનાવેલ બાલરાજા રમત કરતાં બીજા બાલકને દૂત મોકલે તેમ શ્રીકૃષ્ણને દૂત મોકલ્યો. દૂતે દ્વારકા આવી સભામાં બિરાજેલા પ્રભુને તેનો સંદેશો કહ્યો કે ''વાસુદેવ બે હોવાનું પ્રયોજન નહિ હોવાથી એક જ હોઈ શકે. હું જ પ્રાણીઓ ઉપર કૃપા કરવા અવતરેલ વાસુદેવ છું. તેથી તમે તમારું નામ ખોટું રાખ્યું છે તે મૂકી દો, કારણ કે લોકમાં પિતાના પુત્ર તરીકે નામ રખાતું હોય તો નામ પાડવામાં ન આવે. તેથી તમારે પોતાને લૌકિક તથા વૈદિક વ્યવહારમાં 'વાસુદેવ' ન કહેવું, કારણ કે 'વાસુદેવ' પરબ્રહ્મનું પણ નામ હોવાથી એ નામ તમે કહો તેથી ભ્રમ થાય. વળી તમે ચક્ર વગેરે મારાં ચિહ્નો મૂઢતાને લીધે ધારણ કરો છો તે મૂકી દો અને મને શરણ આવો. લૌકિક દૃષ્ટિથી મારું સામર્થ્ય જોયેલ ન હોવાથી શરણ ન આવો તો યુદ્ધ કરો''.

તેનાં વાક્યનો સરસ્વતી પ્રમાણે એવો અર્થ થાય છે કે વસુદેવ વિશુદ્ધ સત્ત્વ છે, તેમાં પ્રકટ થાય તે વાસુદેવ. શ્રીકૃષ્ણ માત્ર શુદ્ધસત્ત્વમાંજ પ્રકટ થયેલ નહિ હોવાથી તેમનું 'વાસુદેવ' નામ ખોટું ગણાય. વળી ભગવાનનો આવિર્ભાવ થાય ત્યારે પણ જીવો તેમને ઓળખતા નહિ હોવાથી ભગવાન શંખ-ચક્ર વગેરે ચિહ્નો ધારણ કરે છે. પૌંડ્રક વગેરે જીવોની મૂઢતાને લીધે, તેમનો ઉદ્ધાર કરવા ભગવાન આ ચિહ્નો ધારણ કરે છે. વળી ''મમ આહવં દેહિ'' મારા પૌંડ્રકની નજીક સર્વ તરફથી આવો, જેથી મને સાયુજ્ય પ્રાપ્ત થાય. ન આવો તો ''મમ વં આહ(મમ આહવમ્)'' મને આટલું સુખ આપશો એમ કહો, એટલે સંદેહ ન રહેવાથી નિશ્ચિંત થઈ હું આપની પાસે આવવા પ્રયત્ન કરીશ.

પૌંડ્રકની એવી બડાઈ સાંભળી, ઉગ્રસેન વગેરે સભાસદો મોટેથી હસી પડ્યા. જો આ વચનોથી એ ભગવાનના ભક્તોને ક્રોધ ઉત્પન્ન થયો હોત તો પૌંડ્રકને પરલોક પ્રાપ્ત ન થાત. તેમને એ સાંભળીને હાસ્ય જ થયું. ''આ વાસુદેવ કેવા? તે ભક્તપરાયણ કેમ કહેવાય છે?'' એવી હાસ્યની કથા થયા પછી ભગવાને દૂત સાથે ઉત્તર મોકલ્યો કે ''હે મૂઢ! જેને લીધે મૂઢપણું, જીવપણું અથવા પ્રાકૃત હોવાપણું જણાય, જેમને લીધે તું આવી બડાઈ કરે છે અને પોતાને બહુ મોટો માને છે તેવા અજ્ઞાની હોવાપણું વગેરે ગુણો, હું પ્રકટ ન કરું તો તું આવી બડાઈ ન મારે. તેથી મારા આવા ગુણોનો ત્યાગ કરી તું મને શરણ આવ. કારણ કે હું જીવોનો આધાર છું. તે મને તારા શરણ આવવા કહ્યું, પણ જીવ આધાર થતો નથી; બ્રહ્મ જ આધાર થાય છે. પુત્ર વગેરે મુખ ઢાંકે, પણ તારા પુત્રો વગેરે સર્વ હણાવાના હોવાથી તું ખુલ્લું મુખ રાખી કાગડા, ગીધ, વગેરેથી ઘેરાયેલો (સંગ્રામમાં) શયન કરીશ, ત્યારે તું કૂતરાઓને શરણ થઈશ''.

યુદ્ધ સમયે પૌંડ્રકની દેહમાં આસક્તિ ન રહે તો જ તેનો મોક્ષ થાય. તેથી મોક્ષ આપનાર ભગવાને તેને દેહમાં આસક્તિ ન રહે તેવો બોધ કરાવવા એવો ઉત્તર મોકલ્યો. જેવો ઉત્તર શ્રીકૃષ્ણે મોકલ્યો તેવો જ દૂતે તેમાં જરાએ ઘાલમેલ કર્યા વિના પોતાના સ્વામીને કહ્યો અને ભગવાન શ્રીકૃષ્ણ પણ રથમાં સ્વસ્થતાથી બેસી ભક્તનું કાર્ય કરવા કાશી પધાર્યા. તામસસ્થાન (કાશી)માં ભગવાનનો આવિર્ભાવ એકાએક થતો નહિ હોવાથી

ભગવાન કાશીની અંદર ન પધાર્યા પણ તેની બહારજ રહ્યા.

**કાશીરાજે પૌંડ્રકને કરેલ સાહાય્યઃ**

ભગવાન આટલે દૂર પધારે છે એ સાંભળી યુદ્ધમાં આસક્તિવાળો પૌંડ્રક પણ પોતાની બન્ને અક્ષૌહિણી સેના સાથે નગર બહાર નીકળ્યો. ભગવાનની ઈચ્છાથી કાલ આવે તો તેના દેહને કાશીનગરમાં જ ઝડપી જાય એવા ભયથી તે તરત જ નગર બહાર નીકળ્યો. તેનો મિત્ર કાશીનો રાજા પણ પોતાની ત્રણે અક્ષૌહિણી સેના સાથે તેની મદદે તેની પાછળ આવ્યો. ભગવાનની દૃષ્ટિ પડવાથી પૌંડ્રકના સ્વાભાવિક દોષો જતા રહે, તે માટે કૃપા કરી ભગવાને પહેલાં તેને જોયો. તેની બે કુદરતી ભુજાઓમાં શંખ અને ચક્ર હતા અને બે બનાવટી ભુજાઓમાં ગદા અને શાંર્ગ ધનુષ્ય હતાં. શ્રીવત્સનું ચિહ્ન તેણે ધારણ કર્યું હતું. કૌસ્તુભના જેવી આકૃતિનો મણિ બનાવી કંઠમાં રાખેલો અને નિત્ય નવી આવે તેવી વનમાલા પહેરેલી. ભગવાનની જેમે પીળાં બે રેશમી વસ્ત્રો પહેરીને તે આવ્યો હતો પરન્તુ (રાજાનો) ઝબ્બો પહેર્યો ન હતો કારણ કે તેમ કરવાથી અન્તે દુર્ગતિ થાય. ગરુડની કાષ્ઠની મૂર્તિ બનાવી તેણે ધજામાં રાખી હતી અને કિંમતી મુકુટ અને આભરણો પહેર્યાં હતાં. તેનાં મગરની આકૃતિનાં કુંડલો ઝળકતાં હતાં, કારણ કે ભગવાનનું તે ધ્યાન કરતો હોવાથી ભગવાનના ગુણોનો તેની અંદર આવેશ થયો હતો. ભગવાને તેને પોતાની સમાન વેશવાળો જોયો. તેનો વેશ બનાવટી હતો પણ તેમાં જરાએ ખામી ન હતી. જેમ રંગભૂમિ ઉપર નટ આવે તેમ તેને પોતાનો વેશ લઈ આવેલો જોઈ ભગવાન ખૂબ હસ્યા; એટલે તેના ભાવનું સ્મરણ કરી અભિનન્દન કર્યું.

**કાશીરાજ અને પૌંડ્રક ના વધઃ**

પૌંડ્રક અને કાશીના રાજાના સૈનિકોએ શાંત રહેલા ભગવાન ઉપર શૂલ, ગદા વગેરે આયુધોના પ્રહાર કર્યા. પછી ક્લેશ વિના કર્મ કરનાર શ્રીકૃષ્ણે હાથી, અશ્વ, રથ અને સૈનિકો એ ચારે અંગવાળી તે સેનાઓને ગદા, તલવાર, ચક્ર અને બાણોથી હેરાન કરી. જેમ યુગના અંતે પ્રલયનો અગ્નિ પ્રજાનો ક્ષય કરે તેમ તેમનો ક્ષય કર્યો. રથ, ઘોડા, હાથી, સૈનિકો, ગધેડાં, ઊંટો વગેરે ચક્રથી કપાઈ ગયાં અને તેમના અવયવોથી છવાયેલી રણભૂમિ શૂરવીરોને આનન્દ ઉત્પન્ન કરતી શંકરનાં ક્રીડાસ્થાન જેમે શોભવા લાગી, તેથી શંકરે ભક્તનું પણ સ્મરણ કર્યું નહિ અને તેમને મદદ પણ ન કરી. પછી ભગવાને પૌંડ્રકનો વધ કરવાની તૈયારી કરતાં કહ્યું કે ''હે પૌંડ્રક! તેં દૂત મારફત કહેવરાવેલું તે મારાં કુદરતી અસ્ત્રો તારા માટે તારો ઉદ્ધાર કરવા નાખું છું. તારો ભગવદ્‌ભાવ થયા પહેલાં બાળકોનાં વચનથી તેં મારું 'વાસુદેવ' નામ ખોટું ધારણ કરેલું તેનો હું ત્યાગ કરાવીશ. જો યુદ્ધમાં તને હણું નહિ, તો તારી પાસે આવી તને સાયુજ્ય આપીશ. પણ હમણાં તું યુદ્ધ કરવા આવેલ છે તેથી સારૂપ્ય જ આપું છું.'' ભગવાને એમ કહ્યું છતાં પૌંડ્રક યુદ્ધ કરતાં અટક્યો નહિ, તેથી ભગવાને તેને તેના દોષનું સ્મરણ કરાવી તીક્ષ્ણ બાણોથી તેના રથના ઘોડાઓ હણી તેને રથ વિનાનો કર્યો અને જેમ ઈન્દ્રે પર્વતોની પાંખો વજ્રથી કાપી હતી, તેમ ચક્રથી તેનું માથું

કાપી નાખ્યું. વિષ્ણુ પર્વતોના અધિપતિ હોવાથી તેમની પાંખો કાપવી યોગ્ય ન હતી, છતાં તેઓ લોકને ઘણી પીડા કરતા હોવાથી ઈન્દ્રે તે કાપેલી; તે પ્રમાણે ભક્ત (પૌંડ્રક)નો વધ કરવો યોગ્ય ન હોવા છતાં તે બીજાઓને પીડા કરતો હોવાથી ભગવાને તેને હણ્યો. પછી કાશીના રાજાને પણ તેના દોષનું સ્મરણ કરાવી રથ વિનાનો કર્યો. તેને ચક્રથી હણવામાં આવે અથવા તેનું છેદેલું માથું ભગવાન જુએ તો તેની મુક્તિ થાય, તેથી તે તામસ રાજાનું માથું કાલના અવયવરૂપ બાણોથી છેદી તેને ભગવાને જેમ પવન કમલના દોડાને ઉડાડે તેમ ઉડાડી કાશી નગરમાં પાડ્યું. પૌંડ્રક સદા ભગવાનનું ધ્યાન કરતો હોવાથી અવિદ્યાથી થતાં કામ કર્મ ઈર્ષ્યા વગેરે બધાં તેનાં બંધનોનો નાશ થયો હતો, એટલે નવો દેહ ઉત્પન્ન કરનારું કર્મ રહ્યું ન હતું. વળી બહાર તે શંખ ચક્ર વગેરે ભગવાનનાં ચિહ્નો ધારણ કરતો હતો અને મનમાં તેમનું સ્વરૂપ ક્રિયાઓ વગેરે ધારણ કરતો હતો. તે ભગવદરૂપ થયો. તેને સારૂપ્ય મુક્તિ પ્રાપ્ત થઈ.

''**લૌકિકૈરપિ વાક્યૈર્યઃ કામાદૌ પ્રવિશેત્ પુમાન્, તં કૃષ્ણો મોચયેત્ સત્યં સર્વથેતિ નિરૂપ્યતે**'' લૌકિક પુરુષોના વચનોથી પણ જે પુરુષ ભગવાનમાં કામ, ક્રોધ વગેરે રાખે છે, તેને શ્રીકૃષ્ણ ખરેખર સમ્પૂર્ણ મુક્તિ આપે છે. ગોપીઓએ કામથી અને પૌંડ્રકે ક્રોધથી મુક્તિ પ્રાપ્ત કરી. એ પ્રમાણે પોતાની ઈર્ષ્યા કરનાર પૌંડ્રકને કાશીરાજ સાથે હણી ભગવાન દ્વારકા પધાર્યા ત્યારે તેમનું આ કાર્ય લોકથી અથવા શાસ્ત્રથી વિરુદ્ધ નહતું એમ જણાવવા સિદ્ધોએ તેમની કથામૃતનું ગાન કર્યું.

**સુદક્ષિણે કરેલ શંકરની ઉપાસના અને પ્રાપ્ત કરેલ ફલઃ**

કાશીના રાજાનું માથું ભગવાને કાપેલું તે કુંડલો સાથે રાજાના મહેલના દરવાજા પાસે પડ્યું. ''આ શું પડ્યું?'' એમ પ્રથમ બધા વિચારમાં પડ્યા. પછી માથું છે એમ જાણી કોનું માથું છે એમ વિચારતાં, કુંડલોને લીધે રાજાનું લાગવાથી, રાજાનું છે એમ બોલી શકાતું નહિ હોવાથી માણસો કોનું માથું છે એ વિષયમાં સંશય દર્શાવવા લાગ્યા. પછી રાણીઓ, રાજાના બંધુઓ અને શહેરીઓ રાજાનું માથું છે એમ જાણી વિલાપ કરવા લાગ્યા. તે રાજાનો પુત્ર સુદક્ષિણ ક્ષત્રિય હોવાથી તેણે વિચાર્યું કે ભગવાને અમારા માનનો ભંગ કરવા આમ કરેલ છે અને વેર વાળવાની ઈચ્છા કરી રાજાની પરલોકની ક્રિયા કરીને બ્રહ્મા અને શિવને વિષ્ણુની સમાન જાણીને, તેમની ઉપાસના તેણે કરવા માંડી. શ્રીકૃષ્ણ બ્રાહ્મણોનું હિત કરનારા હોવાથી કદાચ બ્રાહ્મણો (બ્રહ્માના સંતાનો) તેમનો પક્ષપાત કરે એવા વિચારથી, તેમની સાથે ભળી મહાદેવ પ્રસન્ન થાય તેવી સમાધિ કાશીમાં કરી, યોગ પ્રમાણે મહાદેવમાં ચિત્ત પરોવ્યું, કારણ કે તે મહાદેવને બ્રાહ્મણથી પણ મોટા માનતો હતો. કાશીમાં મહાદેવ સદા રહે છે, કારણ કે પહેલાં એકવાર બ્રહ્માનું પાંચમું માથું તેમણે કાપેલ, ત્યારે બ્રહ્મહત્યા તેમને લાગતાં તેમણે નારાયણાશ્રમમાં જઈ બદરીનાથને પૂછેલ કે બ્રહ્મહત્યામાંથી કેમ છૂટાય? બદરીનાથે તેમને ઉત્તર આપેલ કે તમે તમારા સ્થાને જાઓ અને જ્યાં આ માથું પડે ત્યાંથી તમારે ખસવું નહિ. પછી તે કાશી આવ્યા ત્યારે માથું પડ્યું.

ત્યારથી મહાદેવ ત્યાંથી ખસતા નથી. સમાધિથી પ્રસન્ન થઈ મહાદેવે વર આપવા કહ્યું, ત્યારે સુદક્ષિણે પોતે ઈચ્છેલું વરદાન માંગ્યું કે મારા પિતાને હણનારના વધનો ઉપાય કહો. મહાદેવે વિચાર્યું કે આને ઉપાય દર્શાવવાથી આનો જ નાશ થશે અને ન દર્શાવું તો તેણે ધારેલું કાર્ય કરવા પ્રયાસ કરતાં તે અટકવાનો નથી. બન્ને પ્રકારે હાનિ છે. તેથી તેમણે તેનું હિત કરવા સાધન જણાવ્યું કે ''તું અભિચાર વિધિથી (બીજાને દુઃખ દેવાના મંત્રોના પ્રયોગથી) ઋત્વિજો સાથે રાખી દક્ષિણ અગ્નિમાં હોમ કર, એટલે તે અગ્નિદેવ મારા પ્રમથો સાથે મળી તારો સંકલ્પ પાર પાડશે. મારી કૃપાથી અગ્નિ તારા ઉપર પ્રસન્ન થશે અને મારા પ્રમથો તેની સાથે રહેશે પણ બ્રાહ્મણોનું હિત કરનાર ન હોય તેના સામે જ તેનું બલ ચાલશે.'' એટલે જો બ્રાહ્મણનું હિત કરનાર સામે સુદક્ષિણ અગ્નિનો પ્રયોગ કરે તો તે અવળો થઈ સુદર્શનને જ ખાઈ જાય. સુદર્શન જાણતો ન હતો કે શ્રીકૃષ્ણ બ્રાહ્મણોનું હિત કરનારા છે, એટલે મહાદેવની આજ્ઞા પ્રમાણે તેણે બ્રાહ્મણો સાથે રાખી દક્ષિણ અગ્નિમાં હોમ કર્યો પણ તે દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી તેણે શ્રીકૃષ્ણ સામે અગ્નિનો પ્રયોગ કર્યો. દક્ષિણ અગ્નિકુંડમાંથી ઘણો ભયંકર મૂર્તિમાન અગ્નિ નીકળ્યો. તેની દાઢી તપાવેલા તાંબા જેવી હતી અને કાલીયની જેમે તેનાં લોચનોમાંથી અંગારા નીકળતા હતા. ઉગ્ર દાઢ અને દંડ જેવી ભ્રુકુટીથી અને સ્વરૂપથી પણ તેનું મુખ કઠોર હતું. તે પોતાની જીભથી ગલોફાં ચાટતો હતો અને તેને પોતાનાં દેહનું પણ ભાન ન હોવાથી નગ્ન અને વિચાર કર્યા વિના જ ક્રૂર કાર્ય કરે તેવા હતો. તે ક્રોધને લીધે ત્રિશૂલ ફેરવતો હતો. તાડ જેટલા પગોથી પૃથ્વીને કંપાવતો તે પ્રમથો સાથે દિશાઓને બાળતો દ્વારકા તરફ દોડ્યો. તેથી તેને તેવી રીતે આવતો જોઈ દ્વારકાના લોકો ભય પામ્યા. પહેલાં તેઓ મથુરા તજી અહીં આવેલા અને અહીં પણ ભય આવ્યો, ત્યારે હવે શું કરવું એવા વિચારથી અગ્નિએ બાળવા માંડેલ ન હોવા છતાં તેને જોઈને જ જેમ વન બળતું જોઈ મૃગો ભય પામે તેમ બધા ભય પામ્યા. બીજે ક્યાંયથી આશ્રય ન મળતાં ભયથી દુઃખી થયેલ હોવાથી, સમય-કસમયનો વિચાર કર્યા વિના ભગવાન સભામાં સભાસદોને શીખવવા પાસા રમતા હતા ત્યાં તેમને શરણ ગયા અને તેમને વિનતિ કરી કે ''આપ મહાદેવ વગેરેનો પણ પરાજય કરવા સમર્થ હોવાથી આ અગ્નિ શહેરને બાળે છે તે ન બાળે તેવો ઉપાય કરી અમારું રક્ષણ કરો.''

**કાશીદહનઃ**

જો એક ક્ષણ તેઓ કંઈ ન બોલે તો અગ્નિ શહેરને બાળવા માંડે ત્યાં સુધી ભગવાન શાન્ત રહેત. અગ્નિ જો શહેરને અડત તો ઘણા ક્રોધે ભરાઈ ભગવાન સામા પક્ષવાળા ફરી પાછા કદિ ઉભા જ થઈ ન શકે તેમ મૂલથી જ તેમનો છેદ કરત. પણ લોકો તેટલો વિલંબ સહન કરી ન શકે તેથી તેમના ઉપર કૃપા રાખનાર ભગવાને તેમનો ગભરાટ અને તેનાં કારણરૂપ તેમનો ભય જોઈને, હસીને તેમને કહ્યું કે ''તમે બીઓ નહિ, હું તમારું રક્ષણ કરીશ.''

શ્રીકૃષ્ણ સર્વની અન્તઃકરણની અને બહારની વાત જાણતા હોવાથી આ

મહાદેવની કૃત્યા છે એમ જાણી, તેમણે પોતાની પાસે રહેલાં સુદર્શન ચક્રને તેનાં કાર્યને અટકાવવાની આજ્ઞા કરી. સુદર્શન ચક્રરૂપે જ ચેતન હોઈ ભગવાનની આજ્ઞા સમજી. સ્વાભાવિક રીતે તે કરોડો સૂર્યના જેટલાં તેજવાળું, ઉત્સાહી છે અને ક્રોધથી તે પ્રલયના અગ્નિ જેવું થયું. પોતાનાં તેજથી અન્તરિક્ષ, દશે દિશાઓ, આકાશ તથા પૃથ્વીને સળગાવતું તે અગ્નિનું નિવારણ કરવા લાગ્યું. અગ્નિનો સંકલ્પ ભાંગી પડ્યો. ચક્રનાં બલથી તે કૃત્યારૂપ અગ્નિ સ્વતન્ત્ર હોવા છતાં અને વેદવિધિથી ઉત્પન્ન કરેલો હોવા છતાં રોકાઈ ગયો. તેનાં સામર્થ્યનો ચક્રથી નાશ થતાં તે પાછો ફર્યો અને કાશી આવ્યો. ત્યાં પોતાને ઉત્પન્ન કરનાર સુદર્શનને તેણે બ્રાહ્મણો સહિત બાળી નાખ્યો.

આ અગ્નિ અભિચાર વિધિથી બ્રાહ્મણોએ જ ઉત્પન્ન કરેલો હોવાથી તે એ બ્રાહ્મણોને બાળે તેમાં શ્રીકૃષ્ણનો કાંઈ દોષ ન હતો, કારણ કે કોઈ પોતાનાં બાણથી પોતે જ વીંધાય તો તેમાં બીજા કોઈને દોષ ન લાગે. એ પ્રમાણે કૃત્યારૂપ અગ્નિએ બધાને બાળી નાખ્યા. સુદર્શન પણ ભગવાનનાં મનની વાત જાણતું હોવાથી અગ્નિની પાછળ કાશીમાં જેમું અને તેણે ત્યાંનાં અગાશીવાળાં મકાનો, સભાઓ, દરવાજા, કોઠારો, હાથીશાળા, ઘોડા, રથશાળા વગેરે બધાં બાળી નાખ્યાં. આખું કાશી તેણે બાળી નાખ્યું અને પાછું ભગવાન પાસે આવ્યું. બાણ સામેના યુદ્ધમાં તેનું નગર શોણિતપુર અખંડ રાખેલું, અહીં પૌંડ્રક રહેતો હતો તે સ્થાન (કાશી)નો નાશ કર્યો. બાણના યુદ્ધમાં તેને મદદ કરનાર દેવ શંકર ઉપર કૃપા કરેલી, અહીં પૌંડ્રકનો પક્ષ લેનાર દેવ અગ્નિને નિસ્તેજ કર્યો. બાણના યુદ્ધમાં તેને મદદ કરનાર રૂદ્રના ગણો કાર્તિકેય વગેરેને રહેવા દીધેલા, અહીં પૌંડ્રકને મદદ કરનાર કાશીનો રાજા સુદર્શન, બ્રાહ્મણો વગેરેનો નાશ થયો. તેથી અહીં સામાપક્ષ-વાળાઓનો નાશ અથવા પોતામાં લયરૂપ નિરોધ કરેલો છે.

જે ભગવાનની આ કથા સંભળાવે અથવા સાવધાન રહી સાંભળે તેનાં બધાં પાપોનો નાશ થાય છે, તેથી ધર્મ કરનારાઓ પણ કાશીનો દહનવાળી આ કથા સાંભળી શકે છે. તેથી ભક્તોની જેમે ધર્મ કરનારાઓએ પણ આ કથા શ્રવણ કરતા યોગ્ય છે.

**બલભદ્રે કરેલ દ્વિવિદનો વધઃ**

બલભદ્ર ગોકુલ ગયા ત્યારે જ પૌંડ્રકે શ્રીકૃષ્ણને 'વાસુદેવ' નામ તજવાનો સંદેશો મોકલેલો. તે દ્વારકા હતા ત્યાં સુધી એવો સંદેશો મોકલવાની તેની હિંમત ન હતી. તેથી પૌંડ્રક તથા કાશીના રાજાનો પ્રસંગ પણ બલભદ્રનું માહાત્મ્ય દર્શાવે છે. વળી બલભદ્રે દ્વિવિદ નામના વાનરને પણ મારી નાખેલ. આ દ્વિવિદ દ્વિસ્વભાવવાળો હતો. રામાવતારમાં તે ભક્ત હતો, પણ પાછળથી ભગવાને નરકાસુરને માર્યો ત્યારથી તે દૈત્ય થયો હતો. હનુમાન વગેરે સુગ્રીવના ચાર મંત્રીઓ હતા, તેમાં આ પણ એક મંત્રી હતો. રામાયણમાં મૈંદ વાનરમાં સૌર્યનું નિરૂપણ છે. તે મૈંદનો આ ભાઈ હોઈ તેના જેવો જ શૂરવીર હતો. તેનામાં દશ હજાર હાથી જેટલું બલ હતું. ભગવાને નરકાસુરને માર્યો તેથી આને તેનું વેર વાળવાની ઈચ્છા થતાં, આણે રાજ્યોનો નાશ કરવા માંડ્યો. વાંદરો હોવાથી કોઈ આની

દરકાર કરતું ન હોવાથી આણે શહેરો, ગામડાઓ તથા નેસડાઓમાં આગ મૂકી બધાને બાળવા માંડ્યાં. કોઈ વાર તે પર્વત ઉપાડી લોકો ઉપર નાખતો અને ખાસ કરીને આનર્ત દેશમાં ભગવાન રહેતા ત્યાં આવો ઉપદ્રવ કરતો. કોઈ વાર તે સમુદ્રમાં જઈ હાથોથી તેનું જલ ઉડાડી કાંઠાના પ્રદેશને તેનાથી ડૂબાડી દેતો. મોટા ઋષિઓના આશ્રમોનાં વૃક્ષો તે ભાંગી નાખતો, અને ગાર્હપત્ય વગેરે તેમના વૈદિક અગ્નિઓને તે પેશાબ તથા વિષ્ઠાથી અપવિત્ર કરતો, કોઈ વાર તે વંઠી જઈ, સ્ત્રીઓ તથા પુરુષોને ઉપાડી જઈ પર્વતોની ખીણો અથવા ગુફામાં પૂરી દેતો અને બહાર નીકળવાનો માર્ગ પર્વતોથી પૂરી દેતો. ભગવાન નરકના મહેલમાંથી સ્ત્રીઓને લઈ ગયેલા હોવાથી તે કુલીન સ્ત્રીઓપર બલાત્કાર કરતો.
એ પ્રમાણે તેના પાપનો ઘડો ભરાતાં એક વાર રૈવતક પર્વત ઉપરથી મનોહર ગીત સંભળાતાં, ‘હું હોઉં ત્યાં સુધી ગાનાર કોણ છે?’ એવો અહંકાર કરી તે ગીત અટકાવવા તે પર્વત પાસે ગયો. ત્યાં તેણે યાદવોના પતિ બલભદ્રને જોયા. તેમણે કમલની માલા પહેરી હતી. તેમના સર્વ અવયવો સૌંદર્યથી ભરપૂર હતા. દેહનું ભાન ભૂલાવનારી વારુણીનું પાન કરી તે ગાતા હતા. તેમનાં સર્વ નયનો મદથી વિહ્‌વલ થયાં હતા. ઘણો મદઝરતા હાથીની જેમે તે પોતાના દેહથી શોભતા હતા. દ્વિવિદે પોતાને મોટો માની વૃક્ષની શાખા ઉપર ચઢી વૃક્ષોને કંપાવતાં વાંદરાનો હુંકાર કર્યો, કારણ કે તે જાતનો દુષ્ટ ‘શાખામૃગ’ હતો. તેણે ભૂમિ અથવા ભૂમિ ઉપર ઉગેલા વૃક્ષનો આશ્રય ન કરતાં, શાખાનો જ આશ્રય કરી, પોતાનો અશ્રય (શાખા) પણ જેમનો આશ્રય કરે છે તે વૃક્ષો તથા ભૂમિની અવગણના કરી. તેવો દુષ્ટ ઈશ્વરની પણ અવગણના કરે જ. હલકું પ્રાણી પોતાનાં સ્થાનમાં હોય ત્યારે તેને મદ થાય છે, તેથી તે શાખા ઉપર ચઢી પોતાનો દેહ તથા ગુહ્યભાગ દેખાડવા લાગ્યો.

તેની ઉદ્ધતાઈ જોઈ બલભદ્રની સાથે આવેલી તરુણ સ્ત્રીઓ હસી પડી. સ્ત્રીઓનાં હાસ્યથી પોતાની હલકાઈ થતી હોવાથી દ્વિવિદે કટાક્ષો કરી તથા સ્ત્રીઓના સામે બીભત્સ ચેષ્ટાઓ કરી તેમનો તિરસ્કાર કર્યો. સ્ત્રીઓએ તથા બલભદ્રે આ જોયું. ભાંડના જેવો તેને જોઈ, થોડા દોષમાટે થોડી શિક્ષા યોગ્ય છે એમ દર્શાવવા અથવા વિચાર કર્યા વિના જ બલભદ્રે ક્રોધથી તેના ઉપર પથ્થર નાખ્યો. આ સમયે બલભદ્રમાં ભગવાનનો આવેશ ન હતો અને તેમણે હલ તથા મુસલનું સ્મરણ પણ કર્યું ન હતું. દ્વિવિદ પહેલાં પરમેશ્વરનો ભક્ત હોવાથી ભગવાનની કૃપાથી તે ઘા ચૂકાવી શક્યો. તે શઠ હતો અને દારૂના વ્યસનીઓ પાસેથી તે લઈ લેવામાં આવે ત્યારે તેમને ઘણો ક્રોધ થાય છે એમ જાણતો હોવાથી, તેણે બલભદ્રને ક્રોધ ચઢે તે માટે દારૂનો કળશો લઈ લીધો અને હસવા લાગ્યો. કળશો તેણે ફોડી નાખ્યો, અને મલ્લની જેમે યુદ્ધમાટે બલભદ્રને પડકાર કરતાં પોતાના બાહુ ઠોકવા લાગ્યો. મદથી ઉદ્ધત થઈ તેણે બલભદ્રને તુચ્છકારી તેમનો તિરસ્કાર કર્યો.

પછી બલભદ્રમાં ભગવાનનો આવેશ થતાં તેમણે તેની ઉદ્ધતાઈ તથા તેણે પીડેલા દેશોને લક્ષમાં લઈ, તેનો વધ કરવા વિચાર કર્યો. ભગવાનનો આવેશ થતાં જ હલ અને મુસલ આવ્યાં, તે તેનો વધ કરવા તેમણે લીધાં. છતાં દ્વિવિદ અપરાધ કરતાં અટક્યો

નહિ, પરન્તુ તેણે એક હાથથી તાડ ઉખેડી, બલભદ્ર પાસે આવી, તે યુદ્ધમાટે કાંઈ ઉદ્યમ કરે તે પહેલાં જ તેનાથી તેમના માથા ઉપર પ્રહાર કર્યો. જેમ પર્વત ઉપર વૃક્ષ પડે તો તેનો તેને ભય લાગતો નથી, તેમ બલભદ્રે તેને હાથથી જ પકડી લીધું, કારણ કે તે તેનો પ્રહાર ચૂકાવે તો ભૂમિને તેનાથી પ્રહાર થાય; અને પછી દ્વિવિદ ઉપર મુસલથી પ્રહાર કર્યો અને પછી તે જ તાડનાં વૃક્ષનો પણ તેના ઉપર પ્રહાર કર્યો. મુસલના પ્રહારથી દ્વિવિદની ખોપરી ફૂટી અને તેમાંથી લોહીનો પ્રવાહ ચાલ્યો. તેથી પણ તેને મૂર્ચ્છા અથવા પીડા ન થઈ પણ પ્રહારની દરકાર ન કરતાં જેમ પર્વત ગેરૂથી શોભે તેમ તે શોભવા જ લાગ્યો. તેણે વળી બીજું વૃક્ષ મૂલમાંથી ખેંચી કાઢ્યું, તેનાં પાંદડાં તરત જ તોડી શાખાઓ હાથમાં પકડી, તેના મૂલથી બલભદ્ર ઉપર પ્રહાર કર્યો છે. તે વૃક્ષના બલભદ્રે સેંકડો કટકા કરી નાખ્યા. એ પ્રમાણે દ્વિવિદે ત્રીજું ચોથું એમ એક પછી એક વૃક્ષ ઉખેડી તેનાથી પ્રહાર કર્યા અને તે બધાંના બલભદ્રે ભુક્કા કર્યાં. એમ યુદ્ધ કરતાં દ્વિવિદે વનનાં વૃક્ષમાત્ર ઉખેડી વનને વૃક્ષરહિત કર્યું. પછી વૃક્ષ થઈ રહેતાં તેણે બલભદ્ર ઉપર પથ્થરોની વૃષ્ટિ કરવા માંડી. તે બધાના તેમણે રમતમાં જ ચુરા કર્યા. પછી દ્વિવિદે પોતાના લાંબા જાડા કઠોર હાથની તે હથોડા જેવો થાય તે માટે મૂઠીવાળી અને તેવા બે હાથ ભેગા કરી તેમનાથી બલભદ્રની છાતી ઉપર પ્રહાર કર્યો. ત્યારે શસ્ત્રરહિત દ્વિવિદ સાથે શસ્ત્રથી યુદ્ધ કરવું યોગ્ય નહિ હોવાથી, હલ-મુસલ મૂકી દઈ બલભદ્રે પણ ક્રોધ કરી પોતાના હાથોથી તેની હાંસડી ઉપર પ્રહાર કર્યો. હાંસડી ભાંગતા તે લોહી ઓકતો પડી મરણ પામ્યો. જેમ જલમાં નૌકા ડોલે તેમ તેના પડવાથી પર્વત તેના ઉપરની વનસ્પતિ તથા ઢોળાવ સાથે ડોલવા લાગ્યો, એટલે તે પડતાં, ત્યાં હતા તે બધાને ભય લાગવાથી સ્ત્રીઓ બલભદ્રને બાઝી પડી.

દ્વિવિદના વધથી સ્ત્રીઓએ બલભદ્રનું માહાત્મ્ય જાણ્યું અને તેથી તેમનો નિરોધ થયો. બલભદ્રમાં ભગવાનનો આવેશ થવાથી આવી રીતે આ સ્ત્રીઓનો નિરોધ થયો. દ્વિવિદનો વધ થતાં આકાશમાં "જયજય! નમસ્કાર! બહુ સારું કર્યું" એવા અવાજ દેવો સિદ્ધો તથા ઉત્તમ મુનિઓએ કર્યા અને તેમણે પુષ્પોની વૃષ્ટિ કરી. જગતને દ્વિવિદ ખેદાનમેદાન કરતો હતો, તેથી તેનો નાશ કરી, બલભદ્ર દ્વારકા ગયા.

**લક્ષ્મણાનું હરણ અને સાંબનું બન્ધનઃ**

બલભદ્રે એ પ્રમાણે દુષ્ટ દ્વિવિદનો વધ કર્યો. તેમણે સંસ્કારી કૌરવોને પણ શિક્ષા કરી તેમનો અહંકાર દૂર કર્યો. દુર્યોધનની સારાં લક્ષણોવાળી પુત્રી 'લક્ષ્મણા'નો સ્વયંવર થતો હતો, ત્યારે તે પોતાને વરવાની ઇચ્છા રાખે છે કે નહિ તેનો વિચાર કર્યા વિના જ જાંબવતીનો પુત્ર સાંબ તેને હરી ગયો. કૌરવોમાં ભીષ્મ વગેરે ભગવાનના ભક્તો હતા, છતાં તેઓ મર્યાદા માર્ગના હોવાથી શાસ્ત્રમાં જણાવેલ હોય તે સિવાયના પ્રકારે ભગવાનના સમ્બન્ધીઓનો પણ આદર કરે તેવા ન હતા. કન્યા સાંબને પસંદ કરે ત્યાર પછી જ તેની થાય, તેથી સાંબે બલથી હરણ કર્યું એમ માની તેઓ ગુસ્સે થયા. કૌરવો કુલ અને કર્મથી ઉત્તમ હતા. તેઓએ અંદર-અંદર વિચાર કર્યો કે "મોટાના સંતાનમાં વિનય

જોઈએ તે આ સાંબમાં ન હોવાથી તેને કેદ કરવામાં પણ દોષ નથી. વળી માત્ર તે હરી ગયો તેથી કન્યાને દૂષણ થતું નથી, કારણ કે તે બાલક છે અને બાલકના સ્પર્શથી કન્યાને દૂષણ ન થાય; પણ તેણે આપણું કુલીનનું અપમાન કરી તિરસ્કાર કર્યો અને કન્યાની ઈચ્છા ન હોવા છતાં અને તેણે તેને પસંદ કર્યો ન હતો છતાં તેને જબરજસ્તીથી હરી ગયો. હલકા ક્ષત્રિયોની કન્યા જ ઘણાં બલવાન પુરુષો એ પ્રમાણે હરી જાય, આપણા જેવાની કન્યાનું એમ હરણ ન થાય. તેથી આ અવિનયીને આપણે કેદ કરીએ. યાદવો તો આપણી કૃપા ઉપર નભનારા હોવાથી કાંઈ કરી શકવાના નથી. મંડલેશ્વરોના રાજાનો જ્યારે અભિષેક થાય છે ત્યારે તે જુદા-જુદા મંડલેશ્વરોને જુદી-જુદી ભૂમિ આપે છે. આપણે પુરુના વંશમાં જન્મેલા હોઈ રાજા છીએ, તેથી આપણે આપેલી ભૂમિનો જ યાદવો ભોગ કરે છે. તેથી પુત્રને કેદ થયેલો સાંભળી, યાદવો આપણી કૃપા ઉપર નભતા હોવાથી યુદ્ધ કરવા આવશે જ નહિ, કારણ કે જેમ ભૂમિ આપી છે તેમ પુત્રને પણ મોકલશે એમ માનશે પણ આપણા ઉપર વિશ્વાસ ન રાખતાં પોતાને બલવાન માની યુદ્ધ કરવા આવશે તો તેમનો મદ દૂર થશે અને જેમ બીજાના પ્રાણ સ્વતન્ત્ર હોવા છતાં યોગીઓના પ્રાણ તેમને વશ રહે છે તેમ તેઓ આપણને વશ રહેશે.''

એવા વિચારથી કર્ણ, શલ્ય, ભૂરિશ્રવાનો ભાઈ ભૂરિ, યજ્ઞકેતુ, દુર્યોધન અને તેના ભાઈ દુઃશાસને સાંબને ઘેરી લઈ પકડવા પ્રયાસ કર્યો અને તેમાં વૃદ્ધ કુરુઓ ભગવાનના ભક્ત હોવા છતાં બહિર્મુખ થયેલા, તેમણે તેમને સંમતિ આપી. તેથી તેઓ સાત્ત્વિક હોવા છતાં શિક્ષાપાત્ર બનેલા. આ સ્થિતિમાં સાંબે કાં તો કન્યા સાથે નાસી જવું અથવા તેને મૂકી દઈ કૌરવો સામા થઈ યુદ્ધ કરવું અથવા દીનતા દર્શાવવી રહી. તેણે પોતાને પકડવા આવતા કૌરવોને જોઈને નાસી ન જતાં અને દીનતા ન દર્શાવતાં પોતાનું મનગમતું ધનુષ્ય લીધું અને તેના અન્તરંગ સેવકો પણ નાસી જતાં તે એકલો સિંહની જેમે યુદ્ધ કરવા ઉભો રહ્યો. તેને પકડવાની ઈચ્છાથી કર્ણ વગેરે કૌરવોએ દૂરથી બાણ ન ફેંક્યાં, પરન્તુ ''ઉભો રહે, ઉભો રહે'' એમ કહેતા નજીક આવી, ધનુષ્યો લઈ બાણોનો તેના ઉપર વૃષ્ટિ કરી. સાંબ, તેનો સારથિ અને તેના રથના ઘોડાઓ ઘવાયા, પણ કૌરવો ધનુર્વિદ્યામાં કુશલ હોવાથી તેમની કન્યાને કાંઈ ન થયું. સાંબે પોતાના ઉપરના પ્રહાર સહન કર્યા નહિ. જેમનું ચિન્તન થઈ ન શકે તેવા શ્રીકૃષ્ણનો તે પુત્ર હોવાથી તે ચિંતા કેમ જ કરે? જેમ સિંહ શીયાળોએ પોતાને કરેલી પીડાને ગણકારે નહિ, તેમ કૌરવોના પ્રહારને ન ગણકારતાં જાણે કે જમાઈ તરીકે પોતાના શૌર્યની પરીક્ષા આપતો હોય તેમ તેણે ધનુષ્ય લઈ, કર્ણ વગેરે છએ કૌરવોને છ-છ બાણો એક સાથે માર્યાં. તેમાંના ચાર-ચાર બાણોથી દરેક રથના ઘોડાઓને, એક-એક બાણથી દરેકના સારથિને અને એક-એક બાણથી તે દરેકને પ્રહાર કર્યા. આવેલા બધાને એક સાથે પ્રહાર કરી તેણે પોતાનું કૌશલ્ય દેખાડ્યું. કર્ણ વગેરે મહારથીઓએ તેનાં કાર્યની પ્રંશસા કરી એટલે બ્રહ્માસ્ત્ર વગેરેથી યુદ્ધ ન કરતાં તે ઉભો રહ્યો. એ પ્રમાણે પ્રશંસાથી તેને મોહ કરાવી, કપટ કરી ધર્મ યુદ્ધ તજી ચાર મહારથી કૌરવોએ દરેકે ઘણાં બાણોથી તેના

રથના એક-એક ઘોડાને મારી નાખ્યા, પાંચમાએ તેના સારથીને મારી નાખ્યો અને છઠ્ઠાએ તેનું ધનુષ્ય કાપી નાખ્યું. પછી ઘણી મહેનતે કૌરવોએ તેને રથમાંથી ઉતાર્યો અને પછી તેને તથા પોતાની કન્યાને પકડી લીધાં. હજી સુધી વિવાહ થયેલ નહિ હોવાથી સાંબને બાંધ્યો. તેને માર્ગમાં રાખે તો કોઈ લઈ જાય અથવા તે ભાગી જાય, તેથી પોતાના વિજયથી સંતોષ પામતા તેઓ તેને હસ્તીનાપુરમાં લઈ ગયા.

**બલભદ્રનું હસ્તિનાપુર આગમન:**

નારદે દ્વારકા આવી યાદવોને આ સર્વ વૃત્તાન્ત કહ્યો. ભગવાન તો ક્લેશ વિના કર્મ કરનાર હોવાથી પોતાના પુત્રને પણ મદદ ન કરી. ઉષાના પ્રસંગમાં સામા પક્ષવાળાનો જ દોષ હતો. (ચિત્રલેખા જ અનિરુદ્ધને લઈ ગયેલી). આમાં તેવું કાંઈ ન હોવાથી ભગવાન શાંત જ રહ્યા; પણ યાદવો ગુસ્સે થયા અને ઉગ્રસેનની પ્રેરણાથી તેમણે કૌરવો સામે યુદ્ધ કરવાની તૈયારી કરી. મુખ્ય સાધનશક્તિ બલભદ્રમાં હતી. તેમને કૌરવો સાથે કજીયો રુચ્યો નહિ, કારણ કે યદુના વંશ જેમે, કુરુના વંશમાં પણ દેવો જ અવતરેલા હતા અને દેવોમાં પરસ્પર કજીયો થાય તેથી ધર્મનો નાશ થાય અને પાપ વધે. તેથી કજીયો બંધ કરાવવા બલભદ્રે યુદ્ધ કરવા તૈયાર થયેલા ઉત્તમ યાદવોને શાંત કર્યા. સાંબને લક્ષ્મણા સાથે દ્વારકા લઈ આવવાનો હતો, તે કાર્ય પ્રીતિથી થાય તો કજીયો નકામો ન કરવો એમ તેમને સમજાવી, તે કાર્ય કરવાનું તેમણે પોતે માથે લીધું; કારણ કે સાધનશક્તિ (બલભદ્ર) નીતિમાર્ગ પ્રમાણે કાર્ય કરે છે અને ફલશક્તિ (શ્રીકૃષ્ણ) પુષ્ટિમાર્ગ પ્રમાણે કાર્ય કરે છે.

**કૌરવોએ કરેલ બલભદ્રનો સત્કાર:**

પછી માથે લીધેલું કાર્ય કરવા, બૃહસ્પતિ વગેરે ગ્રહોથી વીંટાઈ જેમ ચંદ્ર જાય તેમ નીતિમાર્ગમાં ઉપયોગી બ્રાહ્મણો અને કુલના વૃદ્ધોથી વીંટાઈ બલભદ્ર સૂર્ય જેવા તેજસ્વી રથમાં બેસી કૌરવોના નગર ગયા. લોકની દષ્ટિએ શત્રુઓનાં નગરમાં ન જવાય, તેથી નીતિમાર્ગ પ્રમાણે જ વર્તનાર બલભદ્ર નગરની બહાર સીમની હદની વાડીમાં રહ્યા અને પોતે આવ્યા છે એ ધૃતરાષ્ટ્રને જણાવવા નીતિ જાણનાર ઉદ્ધવને મોકલ્યો. ધૃતરાષ્ટ્ર દૈત્યના આવેશવાળો દેવના અંશરૂપ ગંધર્વ હતો. તેને ભીષ્મ, દ્રોણ, શંતુનુનો ભાઈ બાહ્લિક, કૃપાચાર્ય વગેરે બ્રાહ્મણો તથા દુર્યોધનને વિધિ પ્રમાણે નમન વગેરે કરી, ઉદ્ધવે તે બધાને બલભદ્ર આવ્યા છે એમ જણાવ્યું. બલભદ્ર દુર્યોધનના સાસરા અને ગદાયુદ્ધના ગુરુ હોવાથી તે આવ્યાની વાત સાંભળી બધા ઘણાં પ્રસન્ન થયા અને ઉદ્ધવની પૂજા કરી, શાસ્ત્રવિધિ પ્રમાણે હાથમાં મંગલ દ્રવ્યો લઈ બલભદ્ર સામા ગયા. તેમની પાસે આવી, યોગ્યતા પ્રમાણે નમસ્કાર વગેરે કરી, તેમની અતિથિની જેમે મધુપર્ક વગેરેથી પૂજા કરી અને પૂજા કરનારાઓમાં જેઓ તેમનું માહાત્મ્ય જાણતા હતા તેમણે પોતે તેમનાથી મોટા હોવા છતાં, લૌકિક દષ્ટિનો ત્યાગ કરી તેમને પ્રણામ કર્યા.

**બલભદ્રે કૌરવોને જણાવેલ ઉગ્રસેનની આજ્ઞા:**

પછી પરસ્પર બંધુઓના કુશલ સમાચાર પૂછાઈ–સંભળાયા પછી, બલભદ્રે યાદવોની હલકાઈ ન જણાય તેમ તેમને કહ્યું કે ''સર્વ રાજાઓના ઈશ પ્રભુ ઉગ્રસેને જે તેમને આજ્ઞા કરેલી છે તે શાંત ચિત્તે સાંભળો અને પછી તે પ્રમાણે વર્તો. એમાં ઢીલ ન કરશો, કારણ કે ઈશ રાજાઓ વિલંબ કરે તે સહન કરતા નહિ હોવાથી તેમ કરવાથી દુઃખ થાય.'' તેમણે કહેવડાવ્યું છે કે ''તમે ઘણાંએ ભેગા મળી એકલા સામ્બ સાથે યુદ્ધ કર્યું તે શાસ્ત્રથી વિરુદ્ધ છે. એક જ સમયે યુદ્ધમાં કુશલ તમે ઘણાં કૌરવોએ ભેગા થઈ સ્ત્રીનું રક્ષણ કરવામાં રોકાયેલા બાળક સાંબના સાધનોનો કટકે–કટકે નાશ કર્યો અને તેના ઉપર જય મેળવ્યો. વળી તમે તેને બાંધ્યો. એવા બે દોષ તમે કર્યા, તેથી તમે સજાને પાત્ર થયા છો છતાં બાંધવોમાં પરસ્પર કજીઓ ન થાય તે માટે હું તમારા એ અપરાધ ક્ષમા કરું છું.''

**કૌરવોનો ઉત્તરઃ**

બલભદ્રે આટલું કહ્યું. પણ હજી ''પત્ની સાથે સાંબને મોકલો'' એ ઉગ્રસેનની આજ્ઞા તો કહેવાની બાકી હતી, એટલામાં તો કૌરવો ગુસ્સે થઈ ગયા અને બોલી ઉઠ્યા કે ''અહો આ ઘણું વિચિત્ર છે કે ધર્મરહિત, સ્વેચ્છાચારી, ચામડાના ઠામ જેવા યાદવો અધિષ્ઠાનવાળા મુકુટના આધાર મસ્તક જેવા કૌરવોને આજ્ઞા કરે છે! ઉલ્લંઘન થઈ ન શકે તેવી કાલની ગતિને લીધે જ આમ થઈ શકે. ખરેખર! મુકુટના આધારરૂપ મસ્તક ઉપર ખાસડું ચડી બેસવા ઈચ્છે છે! પહેલાં યાદવો અને કૌરવો એક કુલમાં ઉત્પન્ન થવા છતાં, યાદવો વ્યવહારમાં હલકા હોવાથી કૌરવોએ તેમનો ત્યાગ કરેલો, પણ પાછળથી પૃથા વગેરે સ્ત્રીઓ તેમનામાંથી ગ્રહણ કરી લગ્નથી સમ્બન્ધમાં આવ્યા અને સાથે સૂવા–બેસવાનો અને જમવાનો સમ્બન્ધ કરી યાદવોને પોતાની સમાન કર્યા. પહેલાં યયાતિએ પુરુને જ રાજ્ય આપેલ હોવાથી, યદુ મોટો હોવા છતાં તેને આધીન હતો. યાદવોને રાજ્ય આપ્યું અને તેનાં ચિહ્નો ચામર, પંખો, શંખ, શ્વેતછત્ર, મુકુટ, આસન, શય્યા તેઓ ભોગવવા લાગ્યા તેની દરકાર કરી નહિ; પણ હવે તેમણે તે ઘણાં ભોગવ્યા. હવે તેમની પાસે તે રહેવા દેવા ન જોઈએ. સાપને દૂધ પાઈએ તો તેથી તે મત્ત બની આંધળો થઈ દૂધ પાનારને પણ ડસે છે, તેમ અમારી કૃપાથી આબાદ બનેલા યાદવો બેશરમ થઈ હવે અમને જ આજ્ઞા કરવા આવ્યા છે!

ભીષ્મે કાલ, કામ અને પશુરામ ઉપર વિજય મેળવ્યા છે. દ્રોણ વિદ્યામાં તેની સમાન હોવા છતાં, બ્રાહ્મણ્યને લીધે તેનાથી પણ અધિક છે. અર્જુન દ્રોણનો શિષ્ય હોવા છતાં, મહાદેવની કૃપાથી તેનાથી પણ અધિક બન્યો. ઈન્દ્ર ખરેખર સર્વનો અધિપતિ છે, છતાં આ ત્રણે ન આપેલ હોય તે લેવા શક્તિમાન નથી. જેમ સિંહે બકરાનું પકડેલ હોય તે તેની કૃપાથી જ પાછું મળે, તેમ સાંબને અમે પકડ્યો છે તે અમારી કૃપાથી જ પાછો જઈ શકે''

**બલભદ્રે કરેલ હસ્તિનાપુરનું આકર્ષણઃ**

ઉંચા કુલમાં જન્મ, મોટા બાંધવો અને લક્ષ્મી થી ઘણાં મત્ત થયેલા કૌરવો બલભદ્રને એવાં દુષ્ટ વચનો સંભળાવી હસ્તિનાપુરમાં ગયા. ઘેર આવેલાને સારા પુરુષો

આવાં વચન ન કહે, પરન્તુ આ બધા લક્ષ્મીના મદથી છકી ગયેલા હતા. કૌરવો પોતાનો તિરસ્કાર કરી જતા રહ્યા એ તેમનું દુષ્ટ વર્તન જોઈને અને ન સાંભળવા જેવાં તેમનાં વચનો સાંભળીને બલભદ્રને ઘણો ક્રોધ થયો અને તે સામું જોઈ ન શકાય તેવા થયા. તેમને દુઃખ થયેલ નહિ હોવાથી હસીને તે બોલ્યા–

''જુદા-જુદા પ્રકારના મદથી છકી ગયેલા દુષ્ટો નીતિના વચનોની દરકાર કરતાં નથી. શાંતિ માટે તેમને કહેલાં આવાં વચનો નિષ્ફળ થાય છે, તેથી સજારૂપ ક્રિયાથી જ તેમની સાન ઠેકાણે લાવવી જોઈએ. જેમ પશુઓ દંડાને જુએ અથવા તેને ઉગામેલો જુએ ત્યારે તેમને ભય થાય છે, તેમ જેઓ પશુની સમાન છે તેઓ જ્યારે પોતાનાં સર્વસ્વનો નાશ થવાની તૈયારી જુએ અથવા સર્વસ્વનો નાશ થશે એમ જાણે ત્યારે તેમને ભય થાય છે. યાદવો સર્વ યુદ્ધ કરી કૌરવોને હણવા તૈયાર થયેલા અને તેઓમાં તેવી શક્તિ પણ છે. શ્રીકૃષ્ણ તો જેવો વિચાર કરે તેમ થાય છે જ અને તેમને પણ ક્રોધ થયેલો એટલે કાલરૂપ તે શું ન કરત? તે બધાને મેં શાંત કર્યા, કારણ કે આ કૌરવોએ અહંકારને લીધે સાંબને બાંધેલો અને હું અહંકારનો અધિષ્ઠાતા છું. તેથી તેઓ કુશલ રહે એવી ઈચ્છાથી હું અહીં આવ્યો; પણ આ તો અક્કલના ઓથમીર છે. પરસ્પર કજીઓ થવામાં જ આનન્દ માનનારા હોવાથી યુદ્ધની તૈયારી થશે ત્યારે જ શાંત થશે. યુદ્ધમાં તો મૃત્યુ થાય, શાંતિ ન રહે. શાંતિ કરનારનો મારો તિરસ્કાર કરી મને વારંવાર દુષ્ટ વચનો કહ્યાં. જો મારું કહ્યું માન્યું હોત તો હું કલ્યાણ થાય તેવાં આચરણથી તેમને સમજાવત. કંસ રાજા હતો. ઉગ્રસેન તેનો પિતા હોવાથી લોકની દષ્ટિમાં પણ શક્તિવાળો છે અને હમણાં તો ભોજ વૃષ્ણિ અને અંધક એ ત્રણે પ્રકારના યાદવોનો સ્વામી છે. વળી ભગવાનની ઈચ્છાથી અથવા આજ્ઞાથી ઈન્દ્ર વગેરે લોકપાલો પણ તેની આજ્ઞા ઉઠાવી તેને ઈચ્છા પ્રમાણે વૃષ્ટિ વગેરે કરે છે. ઈન્દ્ર વગેરે દેવો પણ જે 'સુધર્મા' સભાને નમસ્કાર કરી તેમાં બેસે છે તે સભાનું જે આક્રમણ કરે છે અને દેવોનાં વૃક્ષ પારિજાતની પણ મર્યાદા તજાવી તેનું પણ આક્રમણ કરે છે તે ઉગ્રસેન શક્તિવાળો કેમ નહિ? ભગવાને તેનામાં પોતાનાં ઐશ્વર્યની કલા મૂકેલી હોવાથી ભગવાનની શક્તિથી તે આ સર્વ કરે છે. કાંઈ બધા રાજા હોતા નથી. જો રાજા થવા લાયક યાદવોમાં કોઈ ન હોય તો જ તેમનું વચન અર્થવાળું ગણાય. રાજા થવામાં ક્રિયાશક્તિ તથા ભાગ્ય જરૂરી છે. ઈન્દ્રને જીતી જે પારિજાત સ્વર્ગમાંથી લાવી તેનો ભોગ કરે છે તે જ ભગવાન હમણાં પણ મારી સામે ખડા છે. તેમની ક્રિયાશક્તિ અનન્ત છે. તેમના ભાગ્યનું પણ શું કહેવું? સર્વનું ભાગ્ય લક્ષ્મીને અધીન છે, કારણ કે તેની સર્વ ઉપર સત્તા છે. તે લક્ષ્મી પણ દૈન્યથી ભગવાનના ચરણારવિંદની સેવા કરે છે; માત્ર દિવ્ય સ્ત્રીરૂપ અથવા રાજ્યની લક્ષ્મીરૂપ નહિ, પણ આધિદૈવિકી સાક્ષાત્ લક્ષ્મી તે પ્રમાણે સેવા કરે છે. તે લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ રાજાના ચિહ્નો ચામર, પંખો, શંખ વગેરે નો ભોગ કરવા યોગ્ય નથી અને કૌરવોએ દરકાર નહિ કરવાથી તેમનો ભોગ કરે છે. આઠ દિશાના આઠ લોકપાલો, ઉપર બ્રહ્મા અને પાતાલમાં હું શેષ એ દશ દિક્પાલોની મધ્યે રહે તે ખરો રાજા. દિક્પાલો

પણ જેમનાથી પોતાની હલકાઈ જણાવે તે પ્રભુ. શ્રીકૃષ્ણના ચરણકમલની રજ અમે દશે દિક્પાલો, અમે ભગવદીય થઈએ તે માટે અથવા લૌકિક નિયમ પ્રમાણે સ્વામીની અમે સેવા કરીએ છીએ એમ જણાવવા, અમારા ઉત્તમ મુકુટો ઉપર ધારણ કરીએ છીએ, કારણ કે તીર્થોનાં તીર્થરૂપ ગંગા પણ આ રજના સમ્બન્ધીવાળી હોવાથી તેની સર્વ ઉપાસના કરે છે. વળી જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનારી ભગવાનની કોઈ એક કલા છે, તેનાં સત્ત્વ વગેરે ત્રણ અંશો છે. તેમાં બ્રહ્મા રાજસ છે, શંકર તામસ છે અને હું પૃથ્વી ધારણ કરનાર હોઈ સાત્ત્વિક છું. વળી લક્ષ્મી પણ તેમના ચરણકમલની રજને માથા ઉપર ધારણ કરે છે. તે ભગવાન પાસે રાજ્યાસન શી ગણત્રીમાં? ''યાદવો કૌરવોએ આપેલો ભૂમિનો કટકો ભોગવે છે! અમે યાદવો ખાસડું અને કૌરવો પોતે મસ્તક!'' આવાં મદવાળાનાં વચન સહન ન કરવાં જોઈએ. સત્તાથી તેઓ સદા છકેલા રહે છે. પોતાનો ઘણો આદર કરનારા ઉન્મત્ત છે અને તેમનું કોઈ સમયે સન્માન કરવું ન જોઈએ. તેમનું સમ્બન્ધવિનાનું સ્નેહવિનાનું લૂખું વચન કોણ સહન કરે? વિવેકી હોય અથવા શક્તિવિનાનો હોય તે સહન કરે. અમે તેવા નથી, પણ લોકમાં શિક્ષા કરનાર અધિકારીઓ હોવાથી અમારે તે સહન ન કરાય. તેથી હું આજે ભૂમિને કૌરવવિનાની કરીશ''.

મનમાં એવી પ્રતિજ્ઞા કરી, ક્રોધ કરી, જેમ પ્રલય સમયે સંકર્ષણ ઉઠે છે અને તેમના મુખમાંથી અગ્નિ નીકળે છે, તેમ ત્રણે જગતને બાળતા હોય તેમ ત્રણ નયનવાળા મહાદેવનું રૂપ પ્રકટ કરી બલભદ્ર હલ લઈ ઉઠ્યા. સ્ત્રીઓ અને બાલકો ને યુદ્ધમાં હણાય નહિ પણ તે ભૂમિમાં ઉત્પન્ન થયેલા બધા કૌરવ જ હતા અને કૌરવ તરીકે જ પ્રસિદ્ધ થવાના હતા, તેથી તેમણે નગરને જ ઉખાડ્યું અને ગંગામાં નાખવાના વિચારથી ક્રોધ કરી ખેંચ્યું. જલમાં રહેલી નૌકા જેમ નગર ડોલવા લાગ્યું અને ગંગામાં પડવા લાગ્યું. મરણ પામશો એમ જણાવવું જરૂરી હોવાથી બલભદ્રે કૌરવોને એમ જણાવ્યું. બલભદ્ર તેને ખેંચી ગંગામાં નાખે છે એમ તેમણે જોયું ત્યારે તેમને ભય થયો અને તેમનો મદ જતો રહ્યો.

**કૌરવોએ કરેલી બલભદ્રની સ્તુતિઃ**

તેઓ બધા કુટુંબ સાથે એકમત થઈ, સાંબ અને લક્ષ્મણા ને આગળ કરી, બલભદ્રને શરણ ગયા. કારણ કે સાંબ અને લક્ષ્મણાને લઈ ન જાય તો ક્રોધનું કારણ રહેવાથી બલભદ્ર તેમને શરણ ન આપે. પહેલાં તો તેઓ જાણતા હતા કે બલભદ્ર માત્ર સંદેશો લઈ આવ્યા છે, પણ હવે તેમણે ક્રોધ કર્યો ત્યારે ભય પામી, બે હાથ જોડી સ્તુતિ કરતાં તેમણે કહ્યું–

''હે રામ! તમે સર્વના આધાર હોવાથી અમારો અપરાધ ન ગણો, કારણ કે જે જેને ધારણ કરે છે તે તેનો અપરાધ ગણતા નથી. અવતારો બધા પોતે માથે લીધેલું કાર્ય જ કરે છે, તેથી તમે તમારો પ્રભાવ દેખાડશો એમ અમે જાણતા ન હતા, કારણ કે અમે અવિચારી છીએ અને દુષ્ટ બુદ્ધિવાળા હોવાથી બીજા કોઈએ કહેલું અમે માન્યું નહિ. વળી તમે એકલા જ પોતામાં જ રહી (બીજા કોઈનો આધાર લીધા વિના) લીલા માટે આ

જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરો છો અને ક્રીડા કરનાર આપના આ લોક બધા રમકડાં છે એમ વ્યાસ વગેરે બધા કહે છે. આ નગર તમારા શા હિસાબનું? પચાસ કરોડ યોજનના વિસ્તારવાળી પૃથ્વીને તમે રમતમાં જ તમારાં માથાં ઉપર ધારણ કરો છો અને પ્રલય સમયે તમારામાં સમાવી દો છો, ત્યારે તમે એકલા જ બાકી રહો છો. તેથી મગતરાં જેવા અતિતુચ્છ અમારા ઉપર તમારે ક્રોધ કરવો યોગ્ય નથી. લોકમાં શત્રુ ઉપર અથવા જેની સરસાઈ સહન ન થાય તેના ઉપર ક્રોધ કરાય છે. તમે તેવી રીતે ક્રોધ કર્યો નથી પણ સર્વ આપનાં બાલકો હોવાથી અમને બોધ દેવા ક્રોધ કરેલો છે, કારણ કે જગતની સ્થિતિ અને પાલન કરવાં ઉદ્યમ કરતાં આપે શુદ્ધ સત્ત્વ ધારણ કરેલ છે. અમે આપને નમન કરીએ છીએ! આપ સર્વ શક્તિ ધારણ કરનારા હોવાથી અમો વગેરે તામસ શક્તિઓ પણ આપની જ છે. અમારા ધર્મ અધર્મ વગેરે સર્વ આપ જ છો. વિશ્વ આપનું કર્મ છે, તેથી આ નગરનો નાશ થશે તો આપને ફરી રચવું પડશે. હવે અમે આપની અવગણના નહિ કરીએ. આપને ફરી નમસ્કાર કરી આપને શરણ આવીએ છીએ.''

**દુર્યોધને આપેલ દાયજો. કન્યા સાથે સાંબને લઈ બલભદ્રનું દ્વારકા આગમનઃ**

એ પ્રમાણે શરણ આવેલા, દુઃખી થવાથી ગર્વરહિત થયેલા અને ધ્રુજતા ગામ, ઘર અને દેહ વાળા કૌરવોએ બલભદ્રને પ્રસન્ન કર્યા, ત્યારે બલભદ્રે તેમને ''ભય ન પામો'' કહી વાણીથી અભય આપ્યું. પછી દુર્યોધને સાઠ-સાઠ વર્ષના ૧૨૦૦ હાથીઓ અને ૧,૨૦,૦૦૦ ઘોડા, સૂર્ય જેવા તેજસ્વી રૂપાના ૬૦૦૦ રથો અને સુવર્ણની માલાઓ પહેરેલી ૧૦૦૦ દાસીઓ પુત્રી ઉપરના પ્રેમને લીધે દાયજામાં આપ્યાં. બલભદ્રે તે બધું સ્વીકાર્યું, કારણ કે કૌરવો ભક્ત હતા. બીજા જીવો અપરાધી જ હોવાથી, ભક્તોએ આપેલું સ્વીકારવામાં ન આવે તો ભક્તિમાર્ગનો નાશ થાય. પછી પોતાના પુત્ર સાંબ અને તેની પત્ની લક્ષ્મણા જેમને માટે આ સ્વીકારેલ તેમની સાથે દ્વારકા ગયા.

બધાને સમાચાર મોકલી સારી રીતે શણગારેલાં નગરમાં તેમણે વર-કન્યા સાથે પ્રવેશ કરવો જોઈતો હતો તેમ ન કર્યું અને વિવાહના પ્રસંગે વિરોધ તથા મૈત્રી કરવા જોઈતા ન હતા તે કર્યા, કારણ કે હલ આયુધવાળા બલભદ્ર વિચાર વિના કાર્ય કરતા હતા. તેમનામાં ભગવાનનો આવેશ ન હોય ત્યારે તે વિચાર વિના કાર્ય કરતા. તેથી દ્વારકામાં આવી પ્રેમાળ ચિત્તવાળા બંધુઓને મળી, તેમણે ઉત્તમ યાદવોની સભામાં કૌરવો પ્રતિ પોતે જે નગરને ખેંચવારૂપ ક્રિયા કરેલ તે સર્વ કહી સંભળાવ્યું, પોતાનું પુરુષાતન પોતે જ કહી સંભળાવ્યું. મોટા પુરુષે તેમ કરવું ન જોઈએ, પણ બલભદ્રમાં ભગવાનનો આવેશ નહિ હોવાથી તેમણે વિચાર વિના તે કહી સંભળાવ્યું. હસ્તિનાપુર ત્યાર પછી ઘણાં સમય સુધી ગંગાની નજીક તેના કાંઠે દક્ષિણ તરફ ઘણું ઉંચુ (અને બીજો ભાગ નીચો હોય તેવું) દેખાતું. આ તેનું કુદરતી રૂપ ન હતું, તેથી તેનું આ રૂપ બલભદ્રનું પરાક્રમ સૂચવતું. પછી ગંગામાં તે નગર તણાઈ ગયું. પરિક્ષિતથી ગણતાં સાતમી પેઢીએ નેમિચક્ર રાજા તેના વંશમાં થયો, તેના સમયમાં તે તણાઈ જતાં તેણે પોતાની રાજધાની કૌશંબીમાં કરી.

**નારદનું દ્વારિકા આગમનઃ**

સાત્ત્વિકોમાં નારદ મુખ્ય છે. સાંબે લક્ષ્મણાનું હરણ કરેલ તેથી તેને કૌરવોએ કેદ કરેલ છે એ સમાચાર યાદવોને આપવા તે દ્વારકા આવેલ, ત્યારે તેણે જાણ્યું કે ભગવાન શ્રીકૃષ્ણ નરકાસુરના અન્તઃપુરમાંથી ૧૬,૦૦૦ સ્ત્રીઓને લાવેલા. શાસ્ત્રદષ્ટિ પ્રમાણે ભગવાન દોષ વિનાના અને ગુણોથી ભરપૂર દેહવાળા છે, જ્યારે લોકદષ્ટિ પ્રમાણે પુત્રને હણી તેના અન્તઃપુરમાંથી સ્ત્રીઓને લઈ આવ્યા. આ  પરસ્પર વિરુદ્ધ છે એમ માની તે બેમાંથી શું સત્ય છે એનો નિર્ણય જાતે જોઈને કરવા નારદે નિશ્ચય કર્યો. એક શ્રીકૃષ્ણે જુદા-જુદા નિવાસોમાં રહેલી ઘણી સ્ત્રીઓ સાથે એક ક્ષણે વિવાહ કર્યો એમ તેણે સાંભળ્યું, તે ઘણું આશ્ચર્યકારક હોવાથી તેને જોવાની ઈચ્છા થઈ. જો ભગવાનના લગ્ન સમયે જુદા-જુદા દેહ હોય તો તે બધી સ્ત્રીઓ શ્રીકૃષ્ણની પત્નીઓ ન થાય. તેથી એક જ દેહરૂપ સાધનથી જુદા-જુદા ઘરોમાં રહેલી સોળ હજાર સ્ત્રીઓ સાથે એક જ ક્ષણે શ્રીકૃષ્ણે વિવાહ કર્યો, તે જોવાની ઈચ્છાથી નારદ દ્વારકા ગયા. દ્વારકામાં પણ નારદની લૌકિક બુદ્ધિ હોવાથી તેમણે તેને ખીલેલાં પુષ્પોવાળી વાડીઓમાંના વિસામાઓમાં રહેલા પક્ષીઓનાં તથા ભમરોઓના સમૂહોથી ગજાવેલી જોઈ. તેમાં પૂરાં ખીલેલાં કમલ કુમુદ વગેરેથી ભરપૂર સરોવરોમાં હંસો અને સારસો મોટા અવાજો કરતા હતા. મોટાં મરકતવાળી ભૂમિને લીધે પ્રસિદ્ધ સુવર્ણ અને રત્નોનાં ઢાંકણોવાળા, સ્ફાટિક અને રૂપાના બનાવેલા નવ લાખ મહેલો તેમાં હતા. છૂટા-છૂટા બનાવેલા રાજમાર્ગો, રસ્તાઓ, બજારો, ભંડારો, સભાઓ અને મંદિરોથી તે શોભતી હતી. તેના માર્ગો, આંગણાઓ, શેરીઓ અને ઉંબરાઓમાં સારી રીતે છંટકાવ કરેલો હતો. ઉડતી ધજાઓ અને પતાકાઓને લીધે તેમાં તડકો જણાતો ન હતો.

**શ્રીકૃષ્ણના ગૃહસ્થાશ્રમનું નારદે કરેલ અવલોકનઃ**

તે દ્વારકામાં સર્વ લોકપાલોએ પૂજેલું, શોભતું, હરિનું અન્તઃપુર હતું. તે બનાવવામાં વિશ્વકર્માએ પોતાનું બધુંએ કૌશલ્ય સંપૂર્ણ રીતે દેખાડેલું હતું. ઈન્દ્ર વગેરેએ રત્નો વગેરે આપેલાં, તે તેણે કુશલતાથી ગોઠવી તેને બનાવેલ હતું. ત્યાં ભગવાનની સોળ હજાર પત્નીઓનાં મકાનો હતાં. તે પૈકી એક શોભતાં ઉત્તમ ભુવનમાં નારદે પ્રવેશ કર્યો. તેમાં વૈડૂર્યની ઉત્તમ શિલાઓ ઉપર પરવાલાંના સ્તંભોથી ટેકા દીધેલા હતા. દિવાલો ઈન્દ્રનીલમણિની બનાવેલી હતી અને સૂર્ય વગેરેથી પણ તેની ભૂમિની કાંતિ ઝાંખી પડતી નહતી. તેમાં વિશ્વકર્માએ બનાવેલા ચંદરવાઓમાં મોતીની માલાઓ લટકતી હતી. આસનો અને પલંગો શ્રેષ્ઠ મણિઓથી શણગારેલા હાથીદાંતના બનાવેલાં હતાં. સુવર્ણની કંઠીઓ અને સુંદર વસ્ત્રો પહેરેલી દાસીઓથી અને ઝબ્બા, પાઘડીઓ, સુંદર વસ્ત્રો અને મણિ જડેલાં કુંડલો પહેરેલા સેવકોથી તે શોભતું હતું. રાત્રે ભોગ સમયે નારદ તેમાં ગયેલ ત્યારે તેની અંદરના અંધકારનો રત્નના દીપોના સમૂહોની કાંતિથી નાશ થયો હતો. તેની તેની અંદર રહેલા અગરના ધૂપને જાળીમાંથી બહાર નીકળતો જોઈ, તેને વાદળું માની,

મયૂરો છાજણમાં મોટેથી અવાજ કરી નૃત્ય કરતા હતા. તે ભવનમાં નારદને ભગવાનનાં દર્શન થયાં ત્યારે સમાન ગુણ રૂપ વય અને સુંદર વેષવાળી એક હજાર દાસીઓ સાથે ગૃહિણી સુવર્ણના દાંડાવાળા ચમરીના પંખાથી ભગવાનને પંખો કરતાં હતાં. ભગવાન લૌકિક હોવાનું નારદને ભાસેલું, તેથી તેની લૌકિક બુદ્ધિ સ્થિર કરવા તેને જોતાં જ ભગવાન લક્ષ્મીના પલંગ પર બિરાજેલા ત્યાંથી એકદમ ઉભા થયા. તેની લૌકિક બુદ્ધિ દૃઢ કરવી ન હોય તો સેવક આવે ત્યારે ભગવાન એમ ઉભા ન થાય. પછી લોકમાં તથા ધર્મમાં આસ્થા દર્શાવવા ભગવાને પોતાનાં મુકુટવાળા મસ્તકથી તેના ચરણોમાં પ્રણામ કર્યા અને પછી બે હાથ જોડી તેને પોતાના આસન એટલે લક્ષ્મીના પલંગ ઉપર બેસાડી પોતાના ગુણો તેનામાં મૂક્યા. ભગવાને એ પ્રમાણે પોતાના ગુણો નારદમાં મૂક્યા અને નારદના ગુણો પોતે ગ્રહણ કરેલા હોવાથી અને ભક્તોએ ભગવાનનું ચરણોદક લેવું જ જોઈએ તેથી, તેમણે નારદના ચરણો ધોઈ, પોતે શાસ્ત્ર રચનાર અને તેનો ઉપદેશ કરનાર હોવા છતાં, ભગવાન કરે તે જ ભગવદીયો કરે તેથી સત્પુરુષોનું પાલન થાય તે માટે, તે જલ પોતાના મસ્તક ઉપર મૂક્યું, કારણ કે ભગવાન બ્રાહ્મણોનું હિત કરનારા અને તેમના જ પૂજ્ય 'બ્રહ્મણ્યદેવ' છે. જો ભગવાન બ્રાહ્મણોના મનોરથો પૂર્ણ કરે તો જ તેમનું એ ગુણ પ્રમાણેનું નામ સાર્થક થાય અને બ્રાહ્મણો પોતાની પૂજા થાય તેમ ઈચ્છે છે, પણ અન્નનું દાન ઈચ્છતા નથી. બીજો હરકોઈ તેમની પૂજા કરે તેથી બધા તેમની પૂજા ન કરે, પણ જો ધર્મની પ્રવૃત્તિ કરનાર ભગવાન જ તેમની પૂજા કરે તો બધા તે પ્રમાણે કરે, કારણ કે સાડાત્રણ કરોડ તીર્થો જેમાં રહેલ છે તે ગંગાજલ પણ ભગવાનનું ચરણોદક જ છે. તેથી ભગવાને તેની પૂજા કરી પોતાનું 'બ્રહ્મણ્યદેવ' નામ સાર્થક કર્યું. નારદ દેવર્ષિ હોવાથી તેની પૂજા કરવાથી દેવો અને ઋષિઓ પ્રસન્ન થાય. દેવ, ઋષિ અને પિતૃ એ ત્રણનાં ઋણ ચૂકવવાનાં શાસ્ત્રમાં કહેલાં છે, તે પૈકી દેવ અને ઋષિનાં ઋણ તો તેની પૂજાથી જ ચૂકી જાય. ભગવાને વેદમાં કહેલા પ્રકારે અનિરૂદ્ધ અંશથી એ પ્રમાણે તેની પૂજા કરી, તેને મીઠી વાણીથી 'હે પ્રભો! આપ ભગવાન માટે અમે શું કરીએ?' એમ કહી નારદનું સર્વથી ઉત્તમપણું જણાવી, તે પોતાનો સ્વામી હોવાનું જણાવી, પોતે તેના સેવક હોવાનું કહ્યું.

ભગવાનને ઉત્તર આપતાં નારદે કહ્યું કે ''હે સર્વસમર્થ! આપને બધા લોકોને બોધ આપવાનો હોવાથી આપે મારા બ્રાહ્મણનું આ પૂજન કર્યું તે આશ્ચર્યકારક નથી. જગતનું રક્ષણ થાય તે માટે આપ ત્રણ પ્રકારનાં કાર્ય કરો છો. દુષ્ટોને શિક્ષા કરો છો, અન્તર્યામી થઈ સર્વના મિત્ર બનો છો અને હમણાં કરી તેવી બ્રાહ્મણોની પૂજા કરો છો. શ્રવણ કરનાર અને કીર્તન કરનારને મોક્ષ પ્રાપ્ત થાય, તે માટે આપ આવાં કાર્ય કરો છો. આપ જગતને પોતાની અંદર ધારણ કરો છો અને તેનું પાલન કરો છો, છતાં લીલા માટે આવાં કર્મ કરો છો. આપ લીલા માટે એ કર્મ ન કરો તો લોકો આપનું કીર્તન કેમ કરી શકે અને તેમને મોક્ષ પ્રાપ્ત કેમ થાય? હું અનુભવથી અને વેદથી આ જાણું છું, પણ આ માત્ર મારો તર્ક નથી. આપનાં ચરણકમલનાં મને આજે દર્શન થયાં, તેનું ધ્યાન ધરતો હું સર્વત્ર ફર્યા કરું, તે માટે મને તેનું

સ્મરણ રહે તેવી કૃપા કરો, કારણ કે ચરણારવિંદ પ્રાપ્ત થવા છતાં તેનું સ્મરણ રહેવામાં ઘણાં વિઘ્નો આવે છે. આપનાં બે ચરણારવિંદ જીવ અને બ્રહ્મ રૂપ હોવાથી મને આત્માનો અને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ ગયો. તેથી મારે જ્ઞાનની જરૂર નથી. વળી તે માણસમાત્રને મોક્ષ આપનારાં હોવાથી મને મોક્ષ આપે તેમાં શું આશ્ચર્ય? તેથી મોક્ષની પણ મારે જરૂર નથી. આપનાં ચરણારવિંદ જ દુર્લભ છે. પૂર્ણજ્ઞાનવાળા બ્રહ્મા વગેરેએ પણ તે હૃદયથી ચિંતન કરવા યોગ્ય જ છે, પણ તેમને તેનાં સાક્ષાત્ દર્શન થતાં નથી. વળી આ ચરણારવિંદ ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારાં છે. જેઓ શાસ્ત્રે દર્શાવેલા માર્ગે પોતાનું હિત આચરતા નથી તેવા પ્રમાદીઓને વિષયો કૂવામાં પાડે છે. તેમને બહાર નીકળવા દાદર નથી તેમ જ તેમને પાંખો પણ નથી. કૂવામાં જ ગુંચવાયેલો કર્મનો વેલો તેમને ઉપર ચઢાવી શકતો નથી અને જ્ઞાન દોરડાં જેમ તેમને ઉપર ખેંચતું નથી. તેથી તેમને બહાર નીકળવા માટે આપનાં ચરણારવિંદ જ આધારરૂપ છે. ત્રણે માર્ગમાં આ ચરણારવિંદ જ શરણ હોવાથી હું તેમનું ધ્યાન ધરતો ફરીશ.'' એમ કહી ભગવાનની રજા લઈ નારદ ત્યાંથી નીકળી ગયો.

ભગવાનની કૃપા માટે પ્રાર્થના કરી એ પ્રમાણે પહેલા ઘરમાંથી નીકળી ''ભગવાનને આ (પહેલા) ઘરમાં જોયેલા, તેથી આ બીજા ઘરમાં તેમનાં પત્ની હશે'' એવા વિચારથી, બહિર્મુખ હોવાથી તેણે બીજા ઘરમાં પ્રવેશ કર્યો. યોગની જ ગતિ અલૌકિક હોવાથી જાણી શકાય તેવી નથી, તો પછી યોગને જેણે વશ કરેલ છે તેવા યોગેશ્વરની ગતિ ક્યાંથી જ જણાય? ભગવાન એવા યોગેશ્વરોના પણ ઈશ્વર છે. તેમની યોગમાયાનો વૈભવ કેટલો છે તેનો ભગવાન પણ વિચાર કરતા નથી. તે તેમની યોગમાયાની ગતિ જાણવાની ઈચ્છાથી તેણે આ બીજા ઘરમાં પ્રવેશ કર્યો, તો ત્યાં પણ તેણે ભગવાનને પોતાનાં પત્ની અને ઉદ્ધવ સાથે પાસા રમતા જોયા કે જેથી પહેલા ઘરમાંથી તરત જ અહીં આવ્યા હશે એવી શંકા પણ થઈ ન શકે. ભગવાન માયાથી એ પ્રમાણે પોતાનાં દર્શન કરાવે છે એમ નારદ ન માને તે માટે ભગવાને તેના સામે પધારી, તેને આસન આપી તેની પૂજા કરી; અને જેમ નારદ પોતાનું રૂપ છૂપાવતો હતો તેમ ભગવાને પણ પોતાનું રૂપ છૂપાવતાં, જાણે કે તે આવ્યો તેની પોતાને ખબર જ ન હોય તેમ તેને પૂછ્યું કે ''આપ ક્યારે આવ્યા? એમ અપૂર્ણો આપ પૂર્ણનું શું કાર્ય કરીએ?'' ભગવાનના અને નારદના ગુણોની અદલાબદલી થયેલી હોવાથી આ વચન અયોગ્ય નથી અને નારદની બુદ્ધિમાં ભગવાન હદવાળા જણાયેલા હોવાથી તેને મોહ ઉત્પન્ન કરવા તેમણે એ પ્રમાણે કહ્યું.

આ ભગવાનનું વચન પારમાર્થિક નથી એવો મનમાં નિશ્ચય કરી, ''પહેલાં ઘરમાંથી ઝડપથી આવી મને ઠગે છે'' એવા વિચારથી ત્યાંથી તરત જ ઉઠી તે ત્રીજા ઘરમાં ગયો, તો ત્યાં તેણે દૂરથી જ ભગવાનને બાલક પુત્રોને લાડ લડાવતાં જોયા. તરત ચોથા ઘરમાં ગયો તો ત્યાં તેમને સ્નાન કરવા તૈયાર થયેલા જોયા. પાંચમાં ઘરમાં અગ્નિમાં હોમ કરતા, છઠ્ઠામાં પાંચ યજ્ઞો કરતા, સાતમામાં બ્રાહ્મણોને ભોજન કરાવતા, આઠમામાં

બાકીનું ભોજન કરતા, નવમામાં સંધ્યાની ઉપાસના કરતા, દશમામાં મૌનવ્રત ધારણ કરી બ્રહ્મનો જપ કરતા, અગીયારમામાં તલવાર ફેરવવાનો અભ્યાસ કરતા. બારમાં ઘોડા રથો તથા હાથીઓ સાથે જતા, તેરમામાં પલંગ ઉપર પોઢેલા, ચૌદમામાં ભાટોથી સ્તુતિ કરાતા, પંદરમામાં ઉદ્ધવ વગેરે મંત્રીઓ સાથે મંત્રણા કરતા, સોળમામાં મુખ્ય દાસીઓ અને પત્નીઓ થી વીંટાઈ જલક્રીડા કરતા, સત્તરમામાં બ્રાહ્મણોને શણગારેલી ગાયોનું દાન કરતા અને મંગલ ઈતિહાસ પુરોણાનું શ્રવણ કરતા, અઢારમામાં પ્રિયા સાથે હાસ્યકથાથી હાસ્ય કરતા, ઓગણીસમામાં ધર્મ આચરતા, વીસમામાં અર્થ અને કામનું સેવન કરતા, એકવીસમામાં એકલા બેસી પ્રકૃતિથી પર પુરુષનું ધ્યાન ધરતા, બાવીસમામાં વડીલોને કામનાઓ ભોગ તથા માન આપી તેમની સેવા કરતા, ત્રેવીસમામાં પરરાજ્યના અંગીકાર નહિ કરેલા સભ્યોનો સંધિમાં અંગીકાર કરતા અને કોઈ-કોઈ સમયે સંધિ તથા વિગ્રહ કરતા, ચોવીસમામાં સત્પુરુષોનું તથા કલિમાં ઉત્પન્ન થનારા સત્પુરુષોનું કલ્યાણ કેમ થાય તેનો બલભદ્ર સાથે લોકના રીવાજ પ્રમાણે વિચાર કરતા, પચીસમામાં પુત્રોને તેમને યોગ્ય પત્નીઓ સાથે અને પુત્રીઓને યોગ્ય પતિઓ સાથે પરણાવતા, તથા છવીસમામાં પુત્રીઓને આણાં વળાવી સાસરેથી તેડી લાવવાના તથા પુત્રોની સ્ત્રીઓનાં સંતાનોના મહોત્સવની ગોઠવણ કરતા જોયા. આ ઉત્સવોમાં ભગવાન યોગેશ્વરોના પણ ઈશ્વર હોવાથી અનેક પ્રકારની સામગ્રી પ્રયાસ વિના તરત જ પૂરી પાડતા અને તેવી પહેલાં ક્યાંય નહિ જોયેલી સામગ્રી જોઈ લોકો વિસ્મય પામતા. વળી બીજા ઘરમાં નારદે તેમને પોતાની કલારૂપ દેવોનું વૈભવવાળા યજ્ઞોથી પૂજન કરતા જોયા. વળી બીજા ઘરમાં કૂવા વાડીઓ મંદિરો વગેરેમાં દેવોનું આવાહન કરી તેમનું વિસર્જન કરતા બેઠેલા જોયા. વળી અન્તઃપુરમાં આવેલા પર્વત વાડીઓ વગેરેમાં સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા અશ્વ ઉપર બેસી મૃગયા કરતાં જોયા. ઘેર તે રાત્રે ગયેલ ત્યારે ઘરમાં રહેલાઓએ ભગવાન મૃગયા કરવા પધાર્યા છે એમ જણાવતાં, મૃગયાનાં સ્થાને જતાં તેને ભગવાનનાં તેવાં દર્શન થયાં. વળી બીજા ઘરમાં તેવા જ સ્થલે શ્રાદ્ધ માટે પવિત્ર પશુઓને હણતા જોયા.

વળી કોઈક ઘરમાં સારાં અથવા દુષ્ટ લક્ષણો જેમનાં જણાયેલાં નથી તેવા સ્ત્રી-પુરુષોનાં લક્ષણો કેવાં છે તે જાણવાની ઈચ્છાથી છૂપી રીતે ફરતા જોયા. નારદ પણ તેમનાં અન્તઃપુરમાં છૂપી રીતે ફરતો હતો. તેવા છૂપી રીતે ફરનારને ભગવાન શોધતા હતા. ત્યાં ભગવાન તથા નારદનો સમાગમ થયો; એટલે નાસી જવાની શક્તિ વિનાનો નારદ ભગવાનને મળી આરંભમાં જરા હસ્યો, પછી શરમાયા જેવો થયો. તેણે આ ભગવાનની યોગમાયા માની અને ભગવાનને પોતાના જેવા યોગના બલથી જુદા-જુદા રૂપો ધારણ કરનાર માન્યા. પોતાની સાધનરૂપ શક્તિ યોગમાયાથી ભગવાન જેવી લીલા કરવા ઈચ્છે છે તેવાં પોતાનાં રૂપ કરે છે એમ જાણી, વિશેષ જ્ઞાન ન હોવાથી, તેણે પ્રમેયમાર્ગ પડતો મૂકવાની ઈચ્છા કરી, કારણ કે નાયક ઉત્તમ ન હોય તો પ્રમેય ભક્તિમાર્ગ સારો નથી. તેથી પ્રમાણબલથી જ ભક્તિમાર્ગનો ઉપદેશ કરીશ એવો નિશ્ચય કરી તેણે ભગવાનને કહ્યું-

''આપ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તન કરો ત્યારે આપની જુદી-જુદી કામનાઓ પૂર્ણ કરનારી આપની યોગમાયા મેં જાણી. યોગીઓ આ કાર્ય (પૂર્ણ કરેલી કામનાઓ)ને લૌકિક જાણતા હોવાથી તેનું કારણ જાણવાની તેમને ઈચ્છા જ થતી ન હોવાથી, તેઓને તે કારણરૂપ યોગમાયાનું જ્ઞાન દુર્લભ છે. આપ યોગેશ્વરની ચરણસેવાથી મને તેનું જ્ઞાન થયું. આટલા સમય સુધીમેં પ્રમેયભક્તિ કરી તેનું આજ ફલ મળ્યું. તેથી હવેથી આપની ભુવનોને પવિત્ર કરનારી લીલાઓનું ગાન કરતો હું આપના યશથી ભરપૂર ઈન્દ્ર વગેરે દેવલોકોમાં ફરું, એટલે પ્રમેયભક્તિમાર્ગને પડતો મૂકી કીર્તન (પ્રમાણભક્તિ)માર્ગમાં જ રહું એવી મને પરવાનગી આપો.''

ભગવાને જાણ્યું કે આણે મારા સ્વરૂપનો વિચાર કરવા પ્રવૃત્તિ કરેલી પણ જ્ઞાન ન થવાથી નિરાશ થયો છે અને પ્રમેયમાર્ગને જ તજવા ઈચ્છે છે. તેથી તેમણે તેને પોતાનાં સ્વરૂપનો બોધ કરતાં કહ્યું કે ''વેદ વગેરેમાં માત્ર સ્વરૂપ કહેવામાં જ આવે તો તેમાં ક્રિયાનો સમ્બન્ધ ન હોય અને તેથી લોકો તેનો આદર ન કરે. તેથી હું ધર્મનો કર્તા હોવા છતાં વચન આચરણ વગેરેથી તેનું અનુમોદન ન કરું તો લોકોની ધર્મમાં પ્રવૃત્તિ થાય નહિ. તેથી હું તેનું અનુમોદન પણ કરું છું. તેથી લોકમાં તેની પ્રવૃત્તિ થાય તે માટે લોકને તે શીખવતાં તેનું આચરણ પણ કરું છું. તેથી તને ઠગવા મેં માયા દેખાડી નથી. મારી લીલાનું તત્ત્વ ન જાણવાને લીધે તું ખેદ ન કર. મેં તને તે કહ્યું.''

પછી ધર્મ, અર્થ અને કામની ઈચ્છાવાળા ત્રણે પ્રકારના ગૃહસ્થોને પવિત્ર કરનાર ધર્મો આચરતા અનન્ત રૂપવાળા એક જ ભગવાનનાં નારદને બધા ઘરોમાં દર્શન થયાં. તેણે જોયું કે ભગવાન અનન્ત શક્તિવાળા છે, સ્ત્રીઓમાં તેમની સ્થિતિ લીલાથી જ છે, પણ વાસ્તવિક રીતે નથી. યોગમાયાનો આ ભારે વૈભવ અલૌકિક છે અને પહેલાં કોઈ વાર જોવામાં આવ્યો ન હતો. એ રીતે ધર્મ યોગમાયા અને ધર્મી ભગવાનની અલૌકિક સ્થિતિ જોઈ તે વિસ્મય પામ્યો અને તેની ફરી દર્શન કરવાની ઈચ્છા થઈ. પછી આદરપૂર્વક દર્શન કર્યા પછી ધર્મ, અર્થ અને કામમાં શ્રદ્ધાયુક્ત અન્તઃકરણવાળા ભગવાને તેને બ્રાહ્મણ અને ઋષિ જાણી તેની ઈચ્છા પ્રમાણે ભોજન વગેરે આપી સંતુષ્ટ કર્યો, એટલે ભગવાનનું જ સ્મરણ કરતો તે ગયો અને પ્રમાણ બલ ઉપર આધાર ન રાખ્યો.

ભગવાને સર્વનો ઉદ્ધાર કરવા બધી સાત્ત્વિક શક્તિઓ ગ્રહણ કરેલી, કારણ કે તે જો જુદા-જુદા ધર્મોનું આચરણ ન કરે તો કોઈ તે ધર્મોને અનુસરે નહિ. મનુષ્યોમાં ધર્મની પ્રવૃત્તિ ન થાય તો બધાનો ઉદ્ધાર થાય નહિ. તેથી મનુષ્યોની સ્થિતિ ધારણ કરી સોળ હજાર ઉત્તમ સ્ત્રીઓનાં લજ્જાયુક્ત સ્નેહવાળી દૃષ્ટિ સાથેનાં હાસ્યથી સેવાતા ભગવાને રમણ કર્યું. ભગવાન વિશ્વના રચનાર, રક્ષણ કરનાર તથા લય કરનાર છે. તેથી બીજાથી ન થઈ શકે તેવાં કર્મો તેમણે કરેલાં છે. ભગવાન સર્વનું દુઃખ હરનાર 'હરિ' હોવાથી આ લીલાઓ કરે છે. તેથી જે કોઈ આ લીલાનું ગાન કરે છે, અથવા બીજા ગાન કરતા હોય ત્યારે નજીક અથવા દૂર રહી તેનું શ્રવણ કરે છે, અથવા તે કથાનું અનુમોદન કરે છે, તે મોક્ષ

પ્રાપ્ત કરાવનારી ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરે છે. મોક્ષ પ્રાપ્ત કરવાનો બીજો માર્ગ નથી. એ રીતે પ્રમેયબલથી ભગવાને સાત્ત્વિકોનો નિરોધ કર્યો.

હવે ભગવાન સાધનથી સાત્ત્વિકોનો નિરોધ કરશે. લોકોની ભગવાનમાં આસક્તિ થાય તે માટે ભગવાન ધર્મનું આચરણ કરે છે. તે પૈકી પ્રથમ ભગવાનનું આહ્નિક કહેવામાં આવે છે. આ આહ્નિકનું જ્ઞાન થતાં રાજાઓ અને સાત્ત્વિકો શુદ્ધ અન્તઃકરણવાળા થઈ ભગવાનના ભક્ત થાય, તે માટે તે કહેવામાં આવે છે.

**શ્રીકૃષ્ણનું પ્રાતઃકાર્યઃ**

અરુણોદયનો આરમ્ભ થતાં કુકડાઓ કુકડે કુક કરતા. ભગવાન ધર્મ, અર્થ અને કામ વારાફરતી આચરતા હોવાથી, રાત્રી પૂરી થતાં હવે કામને તજી ધર્મનો આરમ્ભ કરશે એમ જાણી, ભગવાને જેમના કંઠ ગ્રહણ કરેલા તેવાં તેમના પત્નીઓ હવે ભગવાનનો વિરહ થશે એવા વિચારથી દુઃખી થતી કુકડાઓને શાપ આપતી. તે સમયે ભમરાઓ ભગવાનનો ધર્મ આચરવાનો અભિપ્રાય જાણીને ગાન કરતા. એટલે બંદિજનો જેમે પક્ષીઓ પણ શ્રીકૃષ્ણનું લાવણ્યામૃત પોતાને પ્રાપ્ત થાય એવા સ્વાર્થને લીધે શ્રીકૃષ્ણને જગાડવા અવાજ કરતા. આ બ્રહ્મના સમ્બન્ધવાળુ બ્રાહ્મમુહૂર્ત ઘણું સુંદર સર્વને જાગ્રત કરનારું અને સર્વપુરુષાર્થો પ્રાપ્ત કરાવનારું હોવા છતાં લક્ષ્મીના અવતારરૂપ વૈદર્ભીને પણ ગમતું નહીં, કારણ કે તે ભગવાનના બાહુઓમાં રહેલી હતી અને તે ફલરૂપ આલિંગનમાંથી છૂટા થવું તેને પણ ગમે નહીં. એવી રીતે ભગવાન ધર્મનું આચરણ કરે તે તેમની બધી પત્નીઓને ગમતું ન હોવા છતાં ભગવાન બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી જલનું આચમન કરી, પ્રસન્ન ઈન્દ્રિયોવાળા થઈ પોતાનું જ ધ્યાન ધરતા, કારણ કે આત્માથી જૂદા દેવતાનું ધ્યાન ધરવાની શાસ્ત્રમાં મના છે. ભગવાન એકલા જ આ પ્રમાણે પોતાની ઉપાસના કરનાર છે, કારણ કે તે 'એક' એટલે જેમને બીજું કોઈ સાહાય્ય કરનાર ન હોય તેવા, પોતાની મેળે પ્રકાશનાર, અનન્ય, ફેરફાર વિનાના, સ્વરૂપમાં જ સ્થિતિ કરનાર હોવાથી અજ્ઞાનરહતિ જગત્‌ના ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કરનાર 'બ્રહ્મ'રૂપ છે.

ભગવાન પોતાનાં સ્વરૂપમાં રહેલા હોવા છતાં તે સ્થિતિનો ત્યાગ કરી બહારના ધર્મો આચરતા. વિધિ પ્રમાણે ગોમતીમાં ડૂબકી મારી સ્નાન કરતાં. સ્નાન સમયે પણ રાત્રીના વસ્ત્રો તજી બે સ્વચ્છ વસ્ત્રો પહેરતા. પછી કર્મના સ્નાન કરી તે વસ્ત્રો તજી બીજા બે સ્વચ્છ વસ્ત્રો પહેરતા. પછી કર્મનાં અંગ તરીકે મૌન ધારણ કરી સંધ્યા વગેરે ક્રિયાઓ કરતા. અર્ઘ્ય આપતાં સુધી સંધ્યા કરીને તિલક તથા જરૂરી આભૂષણ ધારણ કરી અગ્નિમાં આહુતિનો હોમ કરતા અને પછી સૂર્યનો ઉદય થતાં સુધી ગાયત્રીનો જપ કરતા. સૂર્યનો ઉદય થતાં તેની પૂજા કરતા અને પછી પોતાની કલારૂપ દેવો, ઋષિઓ તથા પિતૃઓનું પોષણ થાય તે માટે તેમનું તર્પણ કરતા. તેઓ પૂજ્ય હોવાથી તર્પણ કરતા નહિ, પરન્તુ જેમ પોતાના અવયવોની(અંગોની) પુષ્ટિ માટે અવયવી(દેહી) પ્રયાસ કરે છે, તેમ તેઓનું તર્પણ કરતા. પછી લોકોને બોધ કરવા તેઓની તથા પોતાની જ્ઞાતિના વૃદ્ધ ક્ષત્રિયોની અને

બધા વિપ્રોની નિષ્કામપણાથી પૂજા કરતા. પછી દૂઝણી, વાછડાંવાળી, સુવર્ણના શીંગડાવાળી અને રૂપાની ખરીઓની ટોચવાળી, સાધડી, મોતીની માળાઓવાળી, પહેલવેતરી, સુંદર વસ્ત્રોવાળી, ગાયોનું ગમાણો સાથે શણગારેલા બ્રાહ્મણોને રેશમી વસ્ત્રો, મૃગચર્મ તથા તલ સાથે દરરોજ દાન કરતા. હોમ કરવાના પદાર્થો આપનારી ગાયો, મંત્રો ભણનાર વિપ્રો અને દેવો ત્રણ ભેગાં થતાં યજ્ઞ થાય. તેથી તે ત્રણ, વૃદ્ધ સભાસદો, તથા તેમના શિષ્યો સહિત કર્મનો ઉપદેશ કરનાર ગુરુઓને તથા પ્રાણીઓને ભગવાન નમસ્કાર કરતા, કારણ કે આ બધા પોતાની વિભૂતિરૂપ છે. જેમ પોતે પોતાનાં ચરણ ધૂએ તેમ ભગવાન આ બધાને નમસ્કાર કરતા અને પછી ગાય સુવર્ણ વગેરે મંગલ દ્રવ્યોનો સ્પર્શ કરતા. પછી ઝબ્બા, પાઘડી વગેરે વસ્ત્રો તથા મગરની આકૃતિના કુંડલો વગેર આભૂષણોથી અને દિવ્ય સુગંધી લેપોથી ભગવાન પોતાને શણગારતા. ભગવાન અનહદ આનન્દવાળા હોવાથી પોતાનામાટે પોતે શૃંગાર કરતા નહિ. પરન્તુ તે નરલોકના એટલે જગત્‌ના ભૂષણરૂપ હોવાથી અને ભગવદ્રૂપ જગતને લૌકિક સરસાઈની જરૂર હોવાથી તે પોતાને શણગારતા. જેમ ભૂષણથી શોભતો પુરુષ પવિત્ર થાય છે તેમ ભગવાનના એવા શૃંગારથી જગત્ પવિત્ર થતું.

પછી પોતાને તેજસ્વી કરવા ભગવાન ઘી જોતાં. તેમ કરવાથી લોકની દૃષ્ટિ પ્રમાણે બધા રોગ વગેરે દૂર થાય છે. પછી કાંતિ આવે તે માટે ભગવાન અરીસામાં જોતા. તથા ગાય, બળદ, બ્રાહ્મણ અને દેવાલયમાંના દેવને જોતા. પછી બધા વર્ણોને તથા અન્તઃપુરમાં રહેનારાઓને તેમની કામના પૂર્ણ થાય તેવું દાન અપાવતા અને મંત્રીઓ તથા અન્તઃપુરની સ્ત્રીઓને સંતોષ આપી તેમની પૂજા સ્વીકારતા. પછી માલાઓ, તાંબૂલ અને લેપો પહેલાં બ્રાહ્મણોને આપી પછી બીજા બધાને આપતા. લૌકિકોમાં પ્રથમ મિત્રો, પછી મંત્રીઓ અને પછી સ્ત્રીઓને આપતા અને પછી પોતે લેતા. એ પ્રમાણે પહેલાં બીજા બધાને આપતા, કારણ કે ભગવાને ભોગ કર્યા પછી પદાર્થની ઉત્પત્તિ થવાનો સંભવ નથી, પરન્તુ પોતે ભોગ કરતાં વધેલું સેવકોને પ્રાપ્ત થાય તે માટે ભોગ પહેલાં પોતે કરતા.

જે દિવસે ભગવાને ત્રણ લોકનું રક્ષણ કરવાની પ્રવૃત્તિ કરી તે દિવસે તેમણે એટલું આહ્નિક કર્યું, એટલામાં સુગ્રીવ વગેરે અશ્વો જોડેલો ધર્મમય ઘણો અદ્‌ભુત રથ સારથિ લાવ્યો અને ભગવાન પાસે હાથ જોડી ઊભો રહ્યો, એટલે કોઈએ પ્રેરણા કરેલી ન હોવા છતાં ભગવાન સારથિનો હાથ પોતાના શ્રીહસ્તમાં પકડી તેની ક્રિયાશક્તિ પોતાની ક્રિયાશક્તિ સાથે સાંકળી અને ભગવાનથી પ્રેરાયેલા ધર્મ સર્વ સ્થળે ઘણો સ્થિર થતો હોવાથી તે ધર્મમય રથ ઉપર, રક્ષણરૂપ ક્રિયાશક્તિવાળા સાત્યકિ તથા ભક્તિરૂપ ઉદ્ધવ સાથે ચઢ્યા. માત્ર અધિકારીઓને જ નહિ પરન્તુ સર્વને પોતાનાં દર્શન થાય તે માટે જેમ પૂર્વના પર્વત ઉપર સૂર્ય ચઢે તેમ ભગવાન તે રથ ઉપર ચઢ્યા. અન્તઃપુરની સ્ત્રીઓ તે સમયે લજ્જા અને પ્રેમવાળી દૃષ્ટિથી ભગવાનનાં દર્શન કરતી હતી. ''ધર્મના આદરને લીધે ભગવાન ભલે સુધર્મા સભામાં પધારે'' એવા વિચારથી તેમણે ભગવાનને પધારવાની રજા

આપી, એટલે ભગવાન તેઓનો પણ ધર્મમાં આદર જોઈ હસ્યા. તેઓ ધર્મમાં આસક્ત ન થાય તે માટે ભગવાન હસ્યા અને તેઓનું ચિત્ત લોકમાં અથવા ધર્મમાં આસક્ત ન થાય અને તેમનો નિરોધ થાય તે માટે ભગવાને તેમનાં મન હરી લીધાં અને ત્યાંથી નીકળી ગયા.

**સુધર્માસભામાં શ્રીકૃષ્ણઃ**

પછી યાદવોથી વીંટાયેલા ભગવાને જેમાં ધર્મનો નિર્ણય કરવામાં આવતો તે 'સુધર્મા' નામની સભામાં પ્રવેશ કર્યો. આ સભામાં જે બેઠેલા હોય તેમને દેહના આવશ્યક ધર્મો પણ થતા નહિ. તે સભામાં વચ્ચે ઉત્તમ આસન ઉપર ભગવાન બિરાજ્યા. રાજાનું આસન પાછલા ભાગમાં છેડે દિવાલ પાસે હતું. સભામાં ભગવાન પોતાનાં તેજથી દશે દિશાઓને પ્રકાશતા હતા અને પોતાને અધીન ઉત્તમ યાદવોથી વીંટાયેલા હતા, એટલે જેમ તારાઓથી વીંટાયેલો દેવરૂપ ચંદ્ર આકાશમાં શોભે, તેમ ભગવાન તે સભામાં શોભતા હતા. ત્યાં વિદૂષકો કોઈએ પ્રેરણા કરેલી ન હોવા છતાં જાતજાતના હાસ્યરસથી અને રસનો અભિનય કરનારા નટો અને લાસ્ય(નૃત્ય) દર્શાવનારી સ્ત્રીઓ પણ જૂદા-જૂદા પ્રકારના તાંડવ નૃત્યથી ભગવાનની સેવા કરતાં હતાં. ભગવાનનો સભામાં પધરામણી ઉત્સવરૂપ હોવાથી ત્યાં ભાટ, ચારણ અને બંદિજનોએ મૃદંગ વીણા નગારાં સેણુ તાલ અને શંખ ના અવાજો સાથે નૃત્ય અને ગાન કરી ભગવાનની સ્તુતિ કરી. ત્યાં ધર્મનો નિર્ણય કરનાર અધિકારી સર્વ જાણનાર બ્રહ્મવાદી કેટલાક બ્રાહ્મણો બેઠા-બેઠા પહેલાં થઈ ગયેલા પવિત્ર યશવાળા ઈક્ષ્વાકુ વગેરે રાજાઓની તથા બ્રાહ્મણોની કથાઓ કહેતા હતા. સભામાં ધર્મની જ વાત થતી. બીજ કોઈ વાત થતી ન હતી.

**રાજદૂતનું આગમન અને રાજાઓની પ્રાર્થનાઃ**

અંદર અલૌકિક ધર્મે અને બહારથી જરાસંધે બંધનમાં નાખેલા રાજાઓને પોતાના છૂટકારાનો બીજો કોઈ ઉપાય ન મળતાં તેમણે, ભગવાન લોકના નિયમ પ્રમાણે લીલા કરતા હોવાથી, તેમને વિજ્ઞપ્તિ કરતા દૂત મોકલ્યો. આ દૂત એકલો સભા પાસે આવ્યો. દ્વારપાલોએ ભગવાનને જાણ કરતાં પરવાનગી મળતાં તેને સભામાં લઈ આવ્યા. કાલ અદષ્ટ વગેરેને પણ વશ કરનાર અલૌકિક ભગવાન શ્રીકૃષ્ણને તેણે નમસ્કાર કર્યા અને બે હાથ જોડી જરાસંધથી રાજાઓને થતું દુઃખ ભગવાનને જણાવ્યું. આ રાજાઓ ભગવાનના ભક્ત હોવાથી અને જરાસંધ ભગવાનથી વિમુખ હોવાથી, જરાસંધે દિગ્વિજય કર્યો ત્યારે આમણે તેને નમવું જોઈતું ન હતું, છતાં તે કારણથી નહિ, પરન્તુ રાજ્યના અભિમાનને લીધે તેઓ જરાસંધને નમ્યા નહિ. આમના એ દોષને લીધે જરાસંધે અંતર્યામીની પ્રેરણાથી તેમને બલથી કેદ કર્યા. આવા વીસ હજાર રાજાઓને તેણે ગિરિવ્રજમાં કેદ કરેલા. તેમણે દૂતદ્વારા ભગવાનને વિનતિ કરી–

''હે કૃષ્ણ! આપ અદષ્ટ કાલ વગેરેનો પણ નાશ કરનારા છો અને શરણ આવેલાના ભયને ટાળનારા છો. અમે બહિર્મુખ હોવાથી સંસારમાં અમને સર્વ તરફથી ભય છે. અમે આપને શરણ આવીએ છીએ તેથી અમારા ભયને ટાળો. માત્ર જરાસંધનો જ

ભય ટાળવાનો નથી, કારણ કે આપ સર્વ ભય ટાળો તેવા હોવાથી એક જ ભય ટળે એવું અમે શા માટે ઈચ્છીએ? તેથી અમારા સંસારના સર્વ ભય ટાળો. કાલરૂપ પણ આપ જ છો. તેથી આપને શરણ આવવાથી જ ભય ટળે, કારણ કે આપની આજ્ઞાનું ઉલ્લંઘન થાય તો આપ જ ભક્ષણ કરો. લોક તો નિષિદ્ધ કર્મમાં ઘણી શ્રદ્ધા રાખે છે અને વેદ વગેરેમાં આપે જે કાર્ય કરવાની આજ્ઞા કરી છે તેમાં પ્રમાદી રહે છે. આપે ત્રણ પ્રકારના કર્મ કરવાના કહેલા છેઃ ૧.વૈદિક, ૨.પંચરાત્રમાં જણાવેલા અને ૩.ભાગવત (=આપ ભગવાન સમ્બન્ધી). તેમાં પાછળ પાછળનામાં પ્રાણીઓની વધારે-વધારે અશ્રદ્ધા હોય છે અને તેથી પ્રમાદી રહે છે. આપ તો જગત્ રચનાર હોઈ સાવધાન રહો છો. આપે કાલને અધિકાર આપ્યો છે કે આપની આજ્ઞાનું જે ઉલ્લંઘન કરે કે તરત જ તે તેને પછાડી વશ કરે. જો તેને બારોબાર હણે તો તેને કાલનું જ્ઞાન થાય નહિ, તેથી તેમ ન કરતાં તે તેને રોગ વગેરે ઉત્પન્ન કરી તેની જીવતાં રહેવાની આશાનો જ નાશ કરે છે, કે જેથી તેને મરણનું ભાન થાય. અમારા પહેલાના અપરાધ આપ ક્ષમા કરો તે માટે અમે આપને નમન કરીએ છીએ, કારણ કે અપરાધ હોય ત્યાં સુધી સાધન કરવાથી પણ મોક્ષ થવો દુર્લભ છે. આપ જગતના સ્વામી છો. આપ સત્પુરુષોનું પાલન, દુષ્ટોનો સંહાર અને ભક્તોનું રક્ષણ કરવા લોકમાં કલા સાથે અવતરેલા છો, છતાં તુચ્છ જરાસંઘ શા માટે આપ ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરી અમને દુઃખ દે છે? શરણ આવેલાને અભય આપવાનું આપનું વ્રત હોવાથી આપ તેનો ગર્વ ઉતારો અને અમને બંધનમાંથી મુક્ત કરો. હે ઈશ! રાજાનું સુખ લોકમાં પ્રસિદ્ધ છે તે સ્વપ્ન જેવું માયિક છે, કારણ કે તેમાં કપટ ઘણું કરવું પડે છે. માયા કપટીને અધીન છે. સદા જેને ભય રહ્યા કરે છે તેવો આ દેહ ચેતનના સમ્બન્ધ વિના મડદું જ છે. લોકો મડદાંને જ ઘણાં દુઃખથી વહી જાય છે અથવા તજી દે છે, પણ અમે તો આ મડદાંથી જ ધોંસરી વહીએ છીએ. માયાથી મોહ પામેલા ભાર વહે છે તે કાર્ય અમે આથી કરીએ છીએ. એ પ્રમાણે આપની પાસેથી વૈરાગ્યથી પ્રાપ્ત થતાં આત્માનાં અંદરના સુખને તજી, અમો ઘણાં દુર્ભાગી માયાથી દુઃખી થઈએ છીએ. મોક્ષ પ્રાપ્ત કરાવનાર બ્રહ્મજ્ઞાન અક્ષર આપના અવતાર સમયે આપનું ચરણ થાય છે. આપ ભક્તોને માટે જ અવતાર લેતા હોવાથી આપનાં ચરણો અમારા પ્રયાસ વિના જ પોતાની મેળે અમો પ્રણામ કરનારના શોકને હરનારાં છે. તેથી આપની જ્ઞાનશક્તિ ચરણ સાથે મળી શોકને હરે છે. તેથી અમને બંધનમાંથી છોડાવો. જરાસંઘ અથવા માગધ કર્મના બંધનનું જ બીજું નામ છે. એ મગધ દેશમાં રહેવાથી અધિક કર્મ ઉત્પન્ન થતાં હોવાથી અમારાં કર્મનો ભોગથી ક્ષય નહિ થાય. તેથી આપ દર્શન દઈ અમારાં કર્મનો ક્ષય કરો. જરાસંઘ કર્મરૂપ જ છે, કારણ કે તે દશ હજાર હાથીના બલવાળો છે. કર્મને અધીન કોઈ તેટલાં બળવાળો હોતો નથી. તે અમારાં આધિભૌતિક કર્મને અટકાવી, આદિદૈવિક કર્મરૂપ થઈ અમને પૂરી રાખે છે. તેણે શંકરના યજ્ઞ માટે વધ કરવા જ, સિંહ જેમ બકરાંને પૂરે તેમ અમને પૂરી રાખેલા છે. તે તામસ દેવને અમને સમર્પણ કરશે તો અમને કોઈ સમયે મોક્ષ પ્રાપ્ત થશે નહિ. તેથી તે અમારો વધ કરે તે

પહેલાં જ અમને છોડાવો. અમે તેના ભવનમાં કેદ થયેલા હોવાથી નાસી જઈએ તે સંભવ નથી. આપ સાથે તેન અઢાર સંગ્રામ થયેલા તે બધામાં તેનું પ્રયોજન સિદ્ધ ન થવાથી તે હારેલો જ છે. આપે યુદ્ધમાં ધારણ કરેલ કાલશક્તિરૂપ ચક્રથી જ તે ભાગેલો. આપ અનન્ત વીર્યવાળા હોવાથી આપનો પરાજય થાય જ નહિ, છતાં આપે કપટ વેષવાળી લીલા પ્રકટ કરેલી હોવાથી એકવાર અકસ્માતથી આપને જીતવાથી તે ઘણો મદવાળો થયો છે અને આપની પ્રજારૂપ અમને આપથીજ પાલન થવા યોગ્ય છીએ. આપ અજીત છો, કપટલીલા દેખાડવાનું બંધ કરી અમારું પાલન કરી આપનું અજીતપણું સ્થાપો.''

રાજાઓના દૂતે તેમની વિનતિ જણાવી ભગવાનને વિનતિ કરી કે-''આ રાજાઓને જરાસંધ કેદ કરેલા છે અને સ્મરણ કરતાં દર્શન વધારે બલવાન હોવાથી, સ્મરણથી તેમનું કાર્ય સિદ્ધ નહિ થાય એમ માની આપનાં દર્શન કરવા ઈચ્છે છે અને આપના ચરણે શરણ આવેલા છે, તેથી તે બાપડાઓનું આપ કલ્યાણ કરો.''

**નારદનું આગમન અને યુધિષ્ઠિરની યજ્ઞ કરવાની ઈચ્છાનું નિવેદનઃ**

રાજસ રાજાઓ એ પ્રમાણે ભગવાનમાં આસક્તિવાળા થયાનું દૂત જણાવતો હતો, એટલામાં જ સાત્ત્વિકોમાં મુખ્ય નારદ સાત્ત્વિક કાર્ય માટે ભગવાન પાસે આવ્યો. નારદ આવવામાં એક ક્ષણ પણ ઢીલ કરે તો ભક્તને દુઃખ થતું હોય ત્યારે ભગવાન વિલંબ સહન કરતા નહિ હોવાથી ભગવાન રાજાઓને છોડાવવા પધારી જાત. તેથી હજી દૂત એ પ્રમાણે બોલતો હતો એટલામાં જ તપરૂપ પીંગળી જટાનો ભાર ધારણ કરતો ઘણો તેજસ્વી નારદ ત્યાં સૂર્યની જેમે પ્રકટ થયો. તેને જોઈને ભગવાન શ્રીકૃષ્ણે સભ્યો અને સેવકો સાથે આનન્દથી ઉભા થઈ તેને પ્રણામ કર્યા. પછી વિધિ પ્રમાણે તેનું પૂજન કરી આસન ઉપર બેસાડી શ્રદ્ધાથી સંતોષ આપતાં મધુર વચનથી કહ્યું ''તમે ત્રણે લોકના અધિકારી હોઈ ત્રણે લોક તમારા ઘરરૂપ છે, તમને કોઈ તરફથી ભય નથીને? તમે ત્રણે લોકનું હિત કરવા તેમાં ફરો છો તેથી ત્રણે લોકને ઘણો લાભ છે. ત્રણ લોકમાં તમારું કાંઈ અજાણ્યું નથી તેથી પાંડવો હાલ શું કરવા ઈચ્છે છે તે તમને પૂછીએ છીએ.'' નારદ ભગવાનની ઈચ્છાશક્તિનું આધિભૌતિક રૂપ હોવાથી ભગવાન જે ઈચ્છા કરે છે અને જે કાર્ય કરે છે તે આ સર્વ જાણે છે તેથી ભગવાને તેને બે પ્રશ્ન કર્યા.

ભગવાને નારદનું સન્માન કર્યું અને સર્વજ્ઞ હોવા છતાં તેને પ્રશ્ન કર્યા, તેથી માયા પોતા ઉપર પ્રભાવ ન જમાવે તે માટે તેણે ભગવાનની પ્રાર્થના કરી કે ''આપની ઉલ્લંઘન ન થઈ શકે તેવી માયા મેં ઘણાં પ્રકારે જોઈ. તે અનેક પ્રકારે બધાને મોહ ઉત્પન્ન કરે છે અને અનેક પ્રકારે પ્રવૃત્તિ કરે છે, તો પછી પોતાનું અજ્ઞાન અને હલકી સ્થિતિ દર્શાવી આપ મને મોહ કરો તેમાં શું આશ્ચર્ય? માયાનાં સ્વરૂપનું જ્ઞાન એ જ તેનું ઉલ્લંઘન. આપની માયા કોઈથી ઉલ્લંઘન થઈ શકે તેવી નથી; કારણ કે એ જ માયા હજારો પ્રકારે દેખાડેલી હોવા છતાં જાણવામાં આવતી નથી. આપમાં તેવી શક્તિ છે. આપ વિશ્વ રચો છો. જો માયાથી જીવને મોહ ન કરો તો વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય ન થાય. વળી આપ માયાના

એક જ આધાર માયાવી છો. પ્રાણીમાત્રમાં આપ ફરો છો. જો માયાઓ પ્રકટ ન કરો તો તેમ ન થઈ શકે. પોતાથી ઉત્પન્ન થયેલ પોતાના ગુણરૂપ જલ વગેરેમાં પ્રવેશ કરેલો અગ્નિ પોતાનું કાર્ય (જલને ઉષ્ણ બનાવવાનું) કરતો હોવા છતાં ઢંકાયેલ પ્રકાશવાળો રહે છે, તેમ આપ પણ સર્વને પ્રકાશતા હોવા છતાં આપના ગુણરૂપ માયાથી ઢંકાયેલા રહો છો. આપનું માહાત્મ્ય અને આપ જીવોમાં તેમની સમાન થઈ રહો છો એમ જે જાણે છે તેને આપના આ વિરુદ્ધ ગુણો જોવાથી આશ્ચર્ય થાય છે, પરન્તુ મને સિદ્ધાન્તનું જ્ઞાન હોવાથી તેમાં આશ્ચર્ય થતું નથી. આપ આપની માયાથી આ જગત્ રચો છો અને તેનો નાશ કરો છો, તેથી આપની ચેષ્ટા કોણ જાણી શકે? માયાથી બહાર હોય તે માયાનું અથવા વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણી શકે, પણ આખું વિશ્વ જ આપે માયાથી રચેલ હોવાથી આ લોકમાં અથવા પરલોકમાં કોઈ (માયાથી બહાર નહિ હોવાથી) માયાનું અથવા વસ્તુનું તત્ત્વ જાણતું નથી. જીવોનાં સ્વરૂપથી આપનું સ્વરૂપ જુદા જ પ્રકારનું છે. તેથી આપનું જ્ઞાન થતું નહિ હોવાથી આપને માત્ર નમસ્કાર જ હો. છતાં જીવને સર્વ પદાર્થોનું જ્ઞાન થાય તે માટે આપે વેદ અને પુરાણોમાં પ્રસિદ્ધ અવતાર ધારણ કરીને પોતાનાં યશરૂપ દીપક પ્રકટાવ્યો છે. આપની માયાથી થયેલ અંધકારમાં આપનો યશ જ દીપક થાય છે, પણ જ્ઞાન દીપક નથી. તે દીપક પ્રકટાવવાનાં સાધન પણ દુઃખથી પ્રાપ્ત કરવાનાં નથી, કારણ કે આપ જ લીલાથી અવતાર લઈ તેને પ્રકટાવો છો. તેથી હું આપને શરણ આવું છું.

મને સંતોષ થાય તે માટે જે ત્રણ લોકનું કુશલ મને પુછ્યું તે મારી સ્તુતિ કરવા પૂછેલ હોવાથી હું તેનો ઉત્તર આપતો નથી; પરન્તુ આપની ફોઈના દીકરા યુધિષ્ઠિર જે કરવા ઈચ્છે છે તે કહું છું, કારણ કે રાજાએ કરવા ઈચ્છેલું પ્રજાનું હિતકારિ છે, બંધુએ કરવા ઈચ્છેલું બંધુનું અને ભક્તે કરવા ઈચ્છેલું ભગવાનનું હિત કરનારું છે. તે ઉત્તમ યજ્ઞ રાજસૂયથી આપની પૂજા કરવા ઈચ્છે છે. ક્ષત્રિયો માટે તે જ સર્વથી ઉત્તમ યજ્ઞ છે. તે માટે ચક્રવર્તી થવા ઈચ્છે છે. જો હરકોઈ સમયે સાધન સારી રીતે પ્રાપ્ત થતાં આપની સર્વભાવથી સેવા થઈ શકે તો પ્રાણીઓએ તેવી સેવા કરવી જોઈએ. તેવાં સાધન ચક્રવર્તીને જ પ્રાપ્ત થતાં હોવાથી તે ચક્રવર્તી થવાં ઈચ્છે છે. યજ્ઞમાં જેમનું પૂજન કરવાનું હોય તેમનાં અનુમોદનની પણ જરૂર છે, કારણ કે દેવતાની પ્રસન્નતા વિના ફલ પ્રાપ્ત થતું નથી. તે આપની પૂજા કરવા ઈચ્છતો હોવાથી આપ સમીપ રહી અનુમોદન આપો. તે ઉત્તમ યજ્ઞમાં દેવોને ભાગ મળવાનો ન હોવા છતાં આપનાં દર્શન કરવાની ઈચ્છાથી તેઓ આવશે અને રાજાઓ યુધિષ્ઠિરની સ્પર્ધા કરનારા હોવા છતાં પણ આવશે, એટલે દેવોના આવવાથી પરલોકમાં અને રાજાઓના આવવાથી આ લોકમાં યુધિષ્ઠિરની કીર્તિ થશે. બ્રહ્મમય આપનાં શ્રવણ કીર્તન તથા ધ્યાન એટલે એકાગ્ર ચિત્તે શ્રવણ કરવાથી ચાંડાલો પણ પવિત્ર થાય છે, કારણ કે આપ પરમાનંદમૂર્તિ સચ્ચિદાનંદરૂપથી ભરપૂર છો. પ્રમાણબલથી જ્યારે ચાંડાલો પણ પવિત્ર થાય છે તો પછી આપના દર્શન-સ્પર્શથી એટલે ફલરૂપ આપના સાક્ષાત્કાર તથા સંબંધ કે પ્રમેયબલ થી પવિત્ર થવાય તેમાં શું સંશય?

આપનાં તીર્થરૂપ બે ચરણોમાંથી બે કીર્તિ ભક્તોનું હિત કરવા નીકળી છે. તે પૈકી એક પવિત્ર કીર્તિ સ્વર્ગ પાતાલ અને ભૂમિ ઉપર પ્રસરેલી છે. આપ સમ્બન્ધમાત્રથી દોષ દૂર કરી ગુણ આપનાર હોવાથી સર્વ ભુવનોમાં મંગલરૂપ છો અને તેથી ત્રણે લોકના પુરુષો આપનાં યશનું ગાન કરે છે. આપનો યશ દિશાઓને ઢાંકી દઈ સર્વત્ર પ્રસરેલો છે. બીજી સ્વર્ગમાં મંદાકિની, પાતાલમાં ભોગવતી અને ભૂમિ ઉપર ગંગા નામની આપનાં ચરણોદકરૂપ કીર્તિ કમંડલુ સમાન વિશ્વને પવિત્ર કરે છે.''

**શ્રીકૃષ્ણ ઉદ્ધવને કર્તવ્ય સમ્બન્ધી પ્રશ્ન કરે છેઃ**

એ પ્રમાણે રાજાના દૂતે તથા નારદે પોતપોતાનાં પ્રયોજનવાળી પ્રાર્થના કરી ત્યારે, ''જરાસંધના વધ માટે જ જવું જોઈએ'' એવી લૌકિક બુદ્ધિવાળા યાદવો કાંઈ બોલતા ન હતા, તેથી ભગવાન પોતે સમાન દષ્ટિવાળા હોવાથી બન્ને પક્ષનું સમાધાન થાય તે માટે બન્ને મત જાણનાર ઉદ્ધવને પૂછવા લાગ્યા. નારદનું હિત કરવામાં ન આવ તો યજ્ઞરૂપ બ્રહ્મપક્ષની હાનિ થાય અને જરાસંધનો વધ કરવામાં ન આવે તો તેણે કરવા ઈચ્છેલો મહાદેવનો યજ્ઞ થવાથી ભક્ત રાજાઓને વિરોધ થાય. તેથી આવા વિષયમાં પ્રવીણ સર્વની પ્રશંસા પામેલા ઉદ્ધવને ભગવાને પૂછ્યું કે ''તું ચક્ષુરૂપ મારું અંગ છો, કારણ કે મંત્રી જ્ઞાનચક્ષુ છે. વળી તું અમારો મિત્ર છો અને મંત્રના ફલનું પરિણામ જાણનાર છો. તેથી આ વિષયમાં શું કરવા યોગ્ય છે તે કહે. અમે બન્નેપક્ષવાળા તું કહીશ તેમાં શ્રદ્ધા રાખી તે પ્રમાણે કરશું.'' શ્રીકૃષ્ણ સ્વામી સર્વજ્ઞ હોવા છતાં, તેમણે અજ્ઞાનીની જેમે પ્રશ્ન કર્યો ત્યારે તેમનું વાક્ય મોહ ઉત્પન્ન કરાવનારું નથી એમ વિચારી, ઉદ્ધવે તેમની આજ્ઞા માથા ઉપર ચઢાવી અને ''હું વિચારીને ઉત્તર આપીશ'' એમ કહ્યું.

**ઉદ્ધવે આપેલ ઉત્તરઃ**

ભગવાનનાં એ વચન સાંભળી, નારદે કહેલ તે વિચારી, ચાલતા પ્રકરણના જ્ઞાનપૂર્વક મહાબુદ્ધિશાળી ઉદ્ધવે સભાસદોનો તથા ભગવાનનો પણ મત જાણી લીધો. ધર્મ અને બ્રાહ્મણ જ પુષ્ટિમાર્ગમાં વિઘ્ન કરનારા છે અને તેઓનું સમાધાન કાંઈક પુષ્ટિના વિરોધવાળા અર્થથી થાય છે એવો પ્રકરણનો અર્થ જાણી, પ્રથમ જરાસંધ સાથે યુદ્ધ કરવા જવું અને પછી ધર્મ (યજ્ઞ)ના કાર્ય માટે જવું એવો સભાસદોનો મત જાણી, તેમ કરવાથી ધર્મ મર્યાદા અને બ્રાહ્મણ ત્રણનો વિરોધ થશે અને પ્રથમ યજ્ઞ માટે જવાથી માત્ર ભક્તિમાર્ગનો જ વિરોધ થશે એમ વિચારી, તેણે ઉત્તર આપ્યો કે ''નારદે કહ્યું કે આપના પૂજનથી યુધિષ્ઠિર યજ્ઞ કરે તેનું આપ અનુમોદન કરો. એમ કરવાથી ધર્મ થશે. વળી તે આપની ફોઈના દીકરાનું કાર્ય છે. તેથી એ કરવામાં વેદ તથા લોકનો વિરોધ નથી. વળી શરણે આવેલા રાજાઓનું રક્ષણ પણ આપે કરવાનું છે. આ બન્ને કાર્યમાં વિરોધ ન થાય એમ આપે કરવું યોગ્ય છે. રાજાઓને છોડાવવા જતાં યજ્ઞનું કાંઈ કામ થશે નહિ, પણ યજ્ઞ કરાવતાં રાજાઓને છોડાવી શકાશે, કારણ કે દિગ્વિજય કરે તે જ રાજસૂય યજ્ઞ કરી શકે છે. તેથી યજ્ઞના કામ માટે જરાસંધને હણવો. તેમ કરવાથી યજ્ઞ પણ થઈ શકશે અને રાજાઓને

પણ છોડાવાશે. તેવી રીતે યજ્ઞ માટે તેને હણવાથી દોષ પણ નહિ લાગે. આપણને તેમ કરવાથી ધન પણ ઘણું પ્રાપ્ત થશે અને શરણ આવેલા પ્રાણીઓને અભય આપનારી આપની પ્રતિજ્ઞાનું પણ પાલન થશે. વળી જરાસંધને હણવા પહેલાં જઈએ, તો મર્યાદામાં જરૂરી છે તેમ પત્નીઓ સાથે જઈ શકાશે નહિ, કારણ કે જરાસંધ કોઈ યાદવથી ગાંજ્યો જાય તેવો નથી. વળી તે દશ હજાર હાથીઓની સમાન અને ભીમ સિવાયના બધા બલવાનો ભેગા થાય તેમના જેટલો બલવાન છે. બ્રાહ્મણોનાં વરદાનથી પણ તેને બલ પ્રાપ્ત થયું છે. માત્ર ભીમ તેની સમાન બલવાન છે. તેનું સૈન્ય ઘણી અક્ષૌહિણીનું છે. તે સૈન્યવાળા તેની સાથે યુદ્ધ ન કરવું, પણ ભીમે તેની સાથે દ્વન્દ્વયુદ્ધ કરવું. તેનામાં એક મોટો ગુણ છે કે તે બ્રાહ્મણનું હિત કરનારો છે અને બ્રાહ્મણ માગે તે આપવાની કોઈ સમયે તે કપટ કરે છે એમ જાણતો હોવા છતાં ના પાડતો નથી. આ ગુણ કોઈ પ્રસંગે દોષરૂપ થાય છે. તેથી કવચ વગેરે વિના જનોઈ તથા બે વસ્ત્રો પહેરી, તિલક વગરે કરી બ્રાહ્મણનો વેષ ધારણ કરી ભીમે તેની પાસે જઈ દ્વન્દ્વયુદ્ધ માગવું. આપની સમક્ષ ભીમ તેને હણશે તેમાં સંદેહ નથી; કારણ કે આપ વિશ્વની ઉત્પત્તિ અને લય કરનાર ઈશ્વર છો. જેમ પિતા અને વાઘ ઉત્પત્તિ અને નાશના માત્ર નિમિત્ત છે, તેમ બ્રહ્મા અને શંકર માત્ર નિમિત્ત જ છે. આપ જ કાલરૂપ છો, પરન્તુ આપનું તે રૂપ બધા જોઈ શકતા નથી. એમ કરવાથી આપનો યશ નહિ થાય એમ ન માનવું, કારણ કે આપનો યશ તો ત્રણે લોકમાં થઈ ચૂકેલ છે. શત્રુ હિરણ્યકશિપુ રાવણ વગેરેનો આપે વધ કર્યો તે આપનાં ચરિત્રનો યશ અને કેદખાનામાં પડેલીઓના પોતાના છૂટકારારૂપ અને ખાસ કરીને અવિદ્યાના બંધનમાંથી છૂટકારારૂપ આપનો યશ દેવની સ્ત્રીઓ ગાય છે. નરકાસુરે અન્તઃપુરમાં કેદ કરેલી દેવીઓ પણ તેના વધરૂપ અને પોતાના છૂટકારારૂપ આપનાં યશનું ગાન કરે છે. તેમ જ ગજેન્દ્રનાં શત્રુ ગ્રાહના વધરૂપ તેમ જ સીતાના શત્રુ રાવણના વધરૂપ, આપના માતપિતાના શત્રુ કંસના વધરૂપ આપનાં યશનું ગાન કરે છે. તેમ જ શરણે આવેલા જ્ઞાની મુનિઓ અને અમે ભક્તો પણ આપનાં યશનું ગાન કરીએ છીએ. તેથી આપને યશ તો પ્રાપ્ત થયેલો જ છે. જરાસંધના વધથી આપનાં ઘણાં પ્રયોજન સિદ્ધ થશે. ભક્તોનો દ્રોહ કરવાથી તે મરણ પામશે એટલે ભક્તિમાર્ગ સિદ્ધ થશે, શરણ આવેલા રાજાઓનું રક્ષણ થશે, યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ થશે, આપની કીર્તિ થશે, પહેલાંના વેરનો બદલો લેવાશે અને ભૂમિનો ભાર દૂર થશે. તેનાં કર્મની સમાપ્તિ થવાથી, અથવા ઘણાનો દ્રોહ થવાને લીધે તેનાં પાપ ભરાવાથી તે મરશે. વળી રાજસૂય યજ્ઞ ભૂમિને વીર્યવિનાની કરતો હોવાથી આપને પણ ઈષ્ટ છે. યજ્ઞથી પણ શિશુપાલનો વધ, દુર્યોધનનો માનભંગ વગેરે ઘણાં પ્રયોજનો સિદ્ધ જશે.''

ઉદ્ધવે એ પ્રમાણે કહ્યું ત્યારે ભીમ સાથેના દ્વન્દ્વયુદ્ધ વિના તે હણાય તેવો નથી એમ જાણી યુદ્ધ માટે તૈયાર થયેલા યાદવો યુદ્ધના વિચારથી અટક્યા; અને તેને મારવાનો યશ લેવાની જરૂરીયાત યશ પ્રાપ્ત થઈ ગયેલ હોવાથી રહી નહિ. જો રાજાઓને છોડાવવા

ભગવાન આવે છે એવી જરાસંધને શંકા આવે તો તેમને છોડાવે તે પહેલાં જ તે શંકરને ચડાવી દે. તેથી ઉદ્ધવે કહ્યું તે જ પ્રકાર સર્વથી વિશેષ કલ્યાણકારક અને દોષવિનાનો છે એમ જાણી, નારદે, વૃદ્ધ યાદવોએ, શ્રીકૃષ્ણે અને વસુદેવ વગેરેએ તેનું વચન માન્ય કર્યું. ઉભરાઈ જતા શૌર્યવાળા કેટલાક જુવાનીયાઓને જ તે ન રુચ્યું. તેથી બધાએ તેનાં વચનનું અભિનંદન કર્યું.

**શ્રીકૃષ્ણનું ઈન્દ્રપ્રસ્થ પ્રતિ પ્રયાણઃ**

પછી શ્રીકૃષ્ણે ગુરુઓની પરવાનગી લઈને, દારૂક, જૈત્ય વગેરે સેવકોને ઈન્દ્રપ્રસ્થ જવાની તૈયારી કરવા આજ્ઞા કરી. પહેલાં જ અન્તઃપુરની સ્ત્રીઓને પુત્રો તથા સેવકો સાથે રવાના કરી અને પછી સંકર્ષણ તથા ઉગ્રસેનની રજા લઈ પોતે પોતાના ગરૂડની ધજાવાળા રથમાં બેઠા અને પોતાની ભયાનક ચતુરંગી સેનાથી વીંટાયેલા શ્રીકૃષ્ણે મૃદંગ નગારાં વગેરેના ઘોષથી દિશાઓ ગજાવતાં પ્રયાણ કર્યું. તેમની પાછળ તેમની પત્નીઓ પોતાના પુત્રો સાથે પાલખીઓમાં બેસી જવા લાગી; તે સમયે તેમણે ઉત્તમ વસ્ત્રો તથા આભરણો પહેર્યા હતા અને સૈનિકો આયુધો સાથે તેમની ચારે બાજુ જતા હતા. ભગવાનનું સૈન્ય વસ્ત્રો આભૂષણો તથા સૂર્યનાં કિરણોથી, માછલા અને મોજાઓ થી ખળભળેલા સમુદ્ર જેવું શોભતું હતું.

પછી ભગવાને ઈન્દ્રપ્રસ્થ જવા કરેલો નિશ્ચય જાણીને તેમનાં દર્શનથી તૃપ્ત થયેલ ઈન્દ્રિયવાળો નારદ ભગવાનને જ હૃદયમાં ધારણ કરી તેમને પ્રણામ કરી આકાશમાર્ગે ગયો. રાજાઓના દૂતને વાણીથી પ્રસન્ન કરતાં ભગવાને રાજાઓને કહેવરાવ્યું કે ''તમે જરાસંધનો ભય ન રાખશો. તમારું કલ્યાણ થશે. હું જરાસંધનો વધ કરાવીશ.'' તે દૂત પણ ગયો અને તેણે રાજાઓને ભગવાનનો સંદેશો બરાબર કહ્યો, એટલે તેઓ મુકત થવાની ઈચ્છાથી ભગવાનનાં દર્શનની રાહ જોવા લાગ્યા. બધાને મુકત થવાનો ઉપાય આ (ભગવાનનાં દર્શનની રાહ જોઈ રહેવું તે) જ છે.

પછી પર્વત અથવા વન નડે નહિ તે માટે થોડું ચક્કર લઈ ભગવાન દ્વારકાનો પ્રદેશ, સૌરાષ્ટ્ર, મારવાડ તથા કુરુક્ષેત્રના પ્રદેશમાં થઈ માર્ગમાં આવતા પર્વતો, નદીઓ, શહેરો, ગામડાં, નેસડા તથા ખાણો ઓળંગી તે સમયે ઘણી ઉંડી હતી તેવી દષદ્વતી અને સરસ્વતી ઉતરી, પાંચાલ અને મત્સ્ય દેશમાં થઈ ઈન્દ્રપ્રસ્થ પહોંચ્યા.

**ઈન્દ્રપ્રસ્થમાં શ્રીકૃષ્ણનો સત્કારઃ**

જેમનાં દર્શન માણસોને દુર્લભ છે તેવા ભગવાનને પધારેલા સાંભળી તેમનાં દર્શનનો અધિકારી અજાતશત્રુ યુધિષ્ઠિર ઉપાધ્યાય અને મિત્રો સાથે ગીત અને વાજીંત્રોના અવાજ તથા વેદના ઘોષ સાથે શહેરમાંથી બહાર નીકળી સામો આવ્યો. લાંબા સમયે જોયેલા ભગવાનને જોઈ, પ્રેમથી ભીંજાયેલ અન્તઃકરણવાળો યુધિષ્ઠિર પોતાને સર્વથી પ્રિય ભગવાનને વારંવાર ભેટ્યો, તેથી તેનાં પાપ સર્વ દૂર થયાં, તેને ઘણો જ આનન્દ થયો. તે આનન્દ નયનોમાં અશ્રુરૂપે અને દેહમાં રોમાંચરૂપે ખીલી નીકળ્યો અને તેનો લૌકિક

મોહ દૂર થયો. ભીમને સમ્બન્ધ હૃધયમાં આવ્યો અને તે પોતાના મામાના દીકરાને ભેટ્યો, છતાં ભગવાનનાં સામર્થ્યથી તેને આનન્દ થયો અને ભગવાનના સમ્બન્ધબલનો આવિર્ભાવ થતાં તેણે મંદ હાસ્ય કર્યું. પ્રેમના વેગથી તેની ઇન્દ્રિયો પણ આકુલ થઈ. નકુલ, સહદેવ અને અર્જુન ને પણ આનન્દને લીધે આંસુથી આંખો ભરાઈ ગઈ. તેઓ પણ શ્રીકૃષ્ણને ભેટ્યા.

નકુલ અને સહદેવે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા. અર્જુન તેમને ભેટ્યો. શ્રીકૃષ્ણે બ્રાહ્મણોને તથા વૃદ્ધોને યોગ્યતા પ્રમાણે પ્રણામ કર્યા. બધાએ તેમનો આદર કર્યો અને તેમણે બધાને માન આપ્યું. પછી બ્રાહ્મણોએ વાજીંત્રો સાથે તેમની સ્તુતિ કરી, નૃત્ય કર્યું અને ગાન કર્યું. પછી ભગવાને શણગારેલા શહેરમાં પ્રવેશ કર્યો. હાથીના મદરૂપ સુગંધી જલથી તેની શેરીઓમાં છંટકાવ થયેલો હતો. તેમાં કનકના તોરણો અને જલથી ભરેલા કુંભો ઉંચે લટકાવેલા હતા. સુગંધી લેપવાળા શરીરો, નવાં વસ્ત્રો, માલાઓ અને સુગંધી દ્રવ્યોવાળા સ્ત્રી–પુરુષોથી તે શોભતું હતું. રાજાના ધામમાં પૂજા માટે રાખેલા પ્રકાશતા દીવાઓ અને પુષ્પોની માલાઓ દેખાતાં હતાં. બધાએ ઘરોનાં જાળીયામાંથી નીકળતા ધૂપથી તે સુંદર લાગતાં હતાં. તેમાં વિલાસવાળી પતાકાઓ હતી. ઘરના મથાળે સુવર્ણનાં કલશો અને રૂપાનાં શિખરો હતાં.

માણસોનાં નયનોએ માન કરવા યોગ્ય ભગવાનને પધારેલા સાંભળી તેમનાં દર્શન કરતાં જેમનાં અંબોડા અને વસ્ત્રોના બંધ ઢીલા થઈ ગયેલા તેવી સ્ત્રીઓ ઘરનાં કામને અને પતિઓને તજી રાજમાર્ગ ઉપર દોડી આવી. રાજા તો ભગવાનના સામો ગયેલો, તેથી પતિઓનાં ઘર કરતાં રાજમાર્ગ (રાજાનો માર્ગ) જ ઉત્તમ છે એવા વિચારથી ભગવાનનાં દર્શન થાય તે માટે તેઓ ત્યાં જ રહી. ઘર, ઘરનાં કામ અને પતિ તામસ, રાજસ અને સાત્ત્વિક ગુણવાળા હોઈ ત્યાગ કરવા યોગ્ય જ હતા અને રાજમાર્ગ ગુણાતીત હતો. ચાર અંગવાળી સેનાથી ભરચક થયેલ તે માર્ગમાં પત્નીઓ સાથે ભગવાનને જોઈ. તેમનાં દર્શન કરવા સ્ત્રીઓ ઘરનાં (છાપરાં) ઉપર ચઢી. જાણે કે પોતાનો ભગવાન સાથે વિવાહ કરતી હોય તેમ તેમણે ભગવાન ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી, મનથી તેમને ભેટી અને હાસ્યવાળી દૃષ્ટિથી તેમનો સત્કાર કર્યો. તેમણે વિધિપૂર્વક ભગવાનને ભેટી પ્રમાણનો વિરોધ દૂર કર્યો અને આત્માનો ભગવાન સાથે સમ્બન્ધ કર્યો. પ્રાપ્ત થયેલ પૂર્ણ મનોરથવાળા ભગવાનને પૂર્ણ મનોરથવાળી અમે હાસ્યથી અધિક આનન્દ આપશું એમ સૂચવી, અથવા હાસ્યથી મોહ પમાડી, પછી અભિલાષવાળા ભગવાનનો 'આપ ભલે પધાર્યા' એમ સત્કાર કર્યો.

શહેરીઓએ પણ હાથમાં મંગલ દ્રવ્યો લાવી જુદા–જુદા સ્થળે ભગવાનની પૂજા કરી. જુદી–જુદી કલા ઉપર આજીવિકા કરનાર વાણીયાઓને જુદા–જુદા સ્થળે ભગવાને તે–તે કલા સાથે જોયા, એટલે તેમના પાપનો નાશ થયો. ભગવાનની પત્નીઓને જોઈને સ્ત્રીઓ બોલી કે ''આપણે પણ આમના જેવી સ્ત્રીઓ હોવા છતાં ચન્દ્ર સાથેના નક્ષત્રો

જેવી આ સ્ત્રીઓ જ ધન્ય છે, કારણ કે આમને દેવોની જેમે અધિક ભોગ પ્રાપ્ત થાય છે. આપણે ધન્ય નથી. આમણે શું સત્કર્મ કર્યું હશે કે ભગવાન પુરુષોત્તમ સર્વને સર્વ પુરુષાર્થ આપનારા પોતાના ઉદાર હાસ્યવાળી ભક્તિ અને જ્ઞાન સાથે સર્વ પુરુષાર્થરૂપ પોતાની લીલાવાળી દષ્ટિથી આમનાં નયનોને ઉત્સવ કરાવે છે.'' પછી અન્તઃપુરમાં રહેનારાઓએ પ્રેમથી ખીલેલાં નેત્રોથી ભગવાનનો સત્કાર કર્યો અને ભગવાને રાજમંદિરમાં પ્રવેશ કર્યો. ત્રણ ભુવનોના ઈશ્વર પોતાના ભત્રીજાને જોઈને પ્રસન્ન અન્તઃકરણવાળી કુંતિ પુત્રવધૂ સાથે પલંગમાંથી ઉભી થઈ અને તેમને ભેટી. દેવોના પણ દેવ ભગવાન ગોવિંદને ઘરે પધરાવી આનન્દથી ક્રિયારહિત થયેલી ઈન્દ્રિયોવાળા યુધિષ્ઠિરને તેમના પ્રતિ આદર હોવા છતાં પૂજા માટે શું કરવું તેનું ભાન ન રહ્યું. શ્રીકૃષ્ણે ફોઈને તથા વડિલોની પત્નીઓને પ્રણામ કર્યા અને દ્રૌપદીએ તથા સુભદ્રાએ તેમને પ્રણામ કર્યા. પછી કુંતિની પ્રેરણાથી દ્રૌપદીએ ભગવાનની આઠે પટરાણીઓની દરેક અને બીજી સોળહજાર પત્નીઓની એકસાથે સર્વ પ્રકારે વસ્ત્રો, માલાઓ તથા આભરણોથી પૂજા કરી. પછી રાજાએ સૈન્ય અમાત્યો તથા પત્નીઓ સહિત ભગવાનને દરરોજ નવો-નવો લાગે તેવો સુખરૂપ ઉતારો આપ્યો. એવી રીતે લૌકિક ધર્મમાં ગરકાવ થયેલ રાજાએ સર્વભાવથી ભગવાનની સેવા કરી. પછી ભગવાને દેવોમાં મુખ્ય અગ્નિને ખાંડવવનથી તૃપ્ત કર્યો અને દૈત્યોના અધિપતિ મયને અગ્નિમાંથી બચાવ્યો, કે જેથી દેવ અને અસુરરૂપ ઈન્દ્રિયો પોતાના આધિદૈવિકની તૃપ્તિ થવાથી તૃપ્ત થઈ, યુધિષ્ઠિરને લૌકિક અને વૈદિક પદાર્થોથી તૃપ્ત કરે. અગ્નિએ અર્જુનને દિગ્વિજયનાં યુદ્ધમાં ઉપયોગી ગાંડિવ તથા અક્ષય ભાથો વગેરે આપ્યાં અને મયે યુધિષ્ઠિર માટે દિવ્ય સભા રચી. ભગવાને પોતાનાં આ કાર્યથી યુધિષ્ઠિરને સુખી કર્યો એટલું જ નહિ. પરન્તુ અર્જુન અને પોતાની સાથે આવેલા ભટો સાથે રથમાં બેસી વિહાર કરતા ભગવાન કેટલાક માસ સુધી તેનું પ્રિય કરવા ત્યાં રહ્યા અને સદા સર્વને સુખ આપતા.

**યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞ કરાવવા શ્રીકૃષ્ણને કરેલી પ્રાર્થનાઃ**

એક દિવસે મુનિઓ, બીજા બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, ભીમ વગેરે ભાઈઓ, દુર્યોધન વગેરે, દ્રોણ વગેરે આચાર્યો, ભીષ્મ વગેરે કુલના વૃદ્ધ પુરુષો, બીજા પીતરાઈઓ, વિવાહથી થયેલા સમ્બન્ધીઓ તથા દૂર રહેનારા બીજા સગાઓ સાથે યુધિષ્ઠિર સભામાં બેઠો હતો, ત્યારે તે ઉભો થયો અને પોતાનું અભિમાન ન રહે તે માટે તે બધાની હાજરીમાં જ તેણે ભગવાનને વિનતિ કરી કે–

''હે ગોવિંદ! જેમ પુરુષોમાં રાજા મુખ્ય છે તેમ યજ્ઞોમાં રાજસૂયયજ્ઞ મુખ્ય છે. તે યજ્ઞથી આપના અંશ વિભૂતિરૂપ દેવોનું જ હું પૂજન કરવા ઈચ્છું છું, તે મારાથી થાય તેમ કરો. જો કે કાયા, વાણી અને મનથી આપને શરણ આવેલ ભક્તો કાંઈ પણ ઈચ્છા રાખતા નથી, છતાં કોઈ ઈચ્છા કરે તો તેમની ઈચ્છા પૂર્ણ થાય છે. ભક્તિમાર્ગ પ્રમાણે આપની પાદુકાની જે સેવા કરે છે, અથવા ચંચલતા પ્રાપ્ત કરાવનાર પાપનો નાશ કરનારી તે પાદુકાનું મનથી ચિંતન કરે છે અને પછી પવિત્ર થઈ તેની સ્તુતિ કરે છે, તેઓ સંસારથી

મુક્ત થાય છે, કારણ કે આપની નાભિમાં ભુવનોના કોશરૂપ કમલ છે અને તેમાંથી જ બધા સંસારની પ્રવૃત્તિ થાય છે. વળી જો આ પ્રમાણે આપની પાદુકાનું પૂજન કરનારા બહિર્મુખ થઈ પુત્ર વગેરે લૌકિક-વૈદિક કામનાઓ કરે તો તે પણ તેઓને પ્રાપ્ત થાય છે. તેથી જેઓ ભક્તો હોવાથી લોકમાં પોતાની શ્રેષ્ઠતા થવાનું ઈચ્છે છે અથવા ભક્તિમાર્ગની સરસાઈ જણાય તે માટે તેવી ઈચ્છા કરે છે, તેમને આપ અનુકૂલ થાઓ. લોકો આપનાં ચરણારવિંદની સેવાનો પ્રભાવ ભલે જુએ. અમે પાંડવો વગેરે આપનું ભજન કરીએ છીએ અને શિશુપાલ, દુર્યોધન, જરાસંધ વગેરે આપનું ભજન કરતા નથી. તે બન્નેને જુદા-જુદા ફલ પ્રાપ્ત થાય છે; અમો સેવકોને કીર્તિ, ધન વગેરે પ્રાપ્ત થાય છે અને બહિર્મુખોને મરણ, માનભંગ, ઠગાવું વગેરે પ્રાપ્ત થાય છે એ આપ જ દેખાડો. આપ પરબ્રહ્મ સર્વને સમાન હોવાથી આપને કોઈ પોતાનો અથવા પારકો નથી, કારણ કે આપ દેહ અથવા આત્માની હદવાળા નથી. ભોગ પ્રાપ્ત થાય તે માટે વિષયોમાં આપની વિષમ દૃષ્ટિ નથી, તેમજ આપ વિષય સુખના ભોક્તા નથી. છતાં જેમ કલ્પવૃક્ષ સ્વભાવથી જ તેને સેવનારની કામનાઓ પૂર્ણ કરે છે, તેમ આપ પણ સેવાને યોગ્ય ફલ આપો.''

**શ્રીકૃષ્ણનો ઉત્તરઃ**

યુધિષ્ઠિરે એ પ્રમાણે વિનતિ કરી પોતાનો અંદરનો દોષ પ્રકટ કર્યો ત્યારે ભગવાને પ્રસન્ન થઈ તેને ઉત્તર આપ્યો કે ''હે રાજા! તેં સારો વિચાર કર્યો, કારણ કે બીજા પ્રકારે તારું ઈચ્છેલું સિદ્ધ થાય તેમ નથી. રાજા બહિર્મુખ હોય જ, છતાં પોતાનાં રાજ્યનું પાલન જ કરે તો બહિર્મુખ ન રહે, પણ તે શત્રુઓનો નાશ ઈચ્છે છે. શત્રુઓ ઉપરના વિજય તથા તેમના વધથી પણ કીર્તિ પ્રાપ્ત થાય, પણ તે લૌકિક કીર્તિ થાય. બીજો ધર્મ કરવાથી પણ કીર્તિ થાય, પણ તે રાજસૂયયજ્ઞ કરવાની જ ઈચ્છા કરી તે સારું છે, કારણ કે એ યજ્ઞથી ઋષિઓ પ્રસન્ન થાય છે. એ યજ્ઞ કરનારના પિતૃઓ ઈન્દ્રની સભામાં રહે છે, જ્યારે બીજાના યમની સભામાં રહે છે. દેવોને વિલંબ વિના ભાગ મળતો હોવાથી તેઓ પણ તેથી પ્રસન્ન થાય છે. આપણા મિત્રોની પણ તેથી સરસાઈ થતી હોવાથી તેઓ પણ પ્રસન્ન થશે, પણ દુર્યોધન વગેરેના મિત્રો પ્રસન્ન થશે નહિ. ભૂમિનો ભાર હરાવાથી કાલ પણ પ્રસન્ન થશે. ઉદ્ધતો હણાવાથી સર્વ પ્રાણીઓને પણ આ યજ્ઞ ગમશે. તું જે યજ્ઞ કરવા માગે છે તે એવા ઉત્તમ પ્રકારનો હોવાથી એ બધા પ્રસન્ન થશે. પહેલાં બધા રાજાઓ ઉપર વિજય પ્રાપ્ત કર, કારણ કે સાર્વભૌમ રાજા જ આ યજ્ઞ કરી શકે. પછી બધો દેશ વશ કર, કારણ કે લોકો જેનો આદર ન કરે તેનાથી આ યજ્ઞ થઈ ન શકે. ત્યાર પછી યજ્ઞની બધી સામગ્રી તૈયાર કરી રાખ, કારણ કે જરૂર પડે ત્યારે ભેગી કરવા ન દોડાય. પછી જેમ ભગવાનનું સ્વરૂપ પ્રતિમામાં પધરાવે છે તેમ તે સ્વરૂપને મૂલસ્થાનમાંથી તારા હૃદયમાં પધરાવ. વાયુ વગેરે લોકપાલોથી ઉત્પન્ન થયેલા આ તારા ભાઈઓ દેશને વશ કરશે. તેઓ પણ તારા સેવકો હોવાથી તેમનો વિજય એ તારો જ વિજય છે. આ યજ્ઞ ભગવદ્રૂપ છે અને ભગવાનનું સ્વરૂપ સ્વતન્ત્ર હોવાથી મન્ત્ર વગેરેથી યજ્ઞમાં એકાગ્રતા નહિ થાય. પણ તેં

ઈન્દ્રિયોને વશ કરેલી હોવાથી હું હૃષીકેશ (ઈન્દ્રિયોના સ્વામી) ઉપર તેં જય પ્રાપ્ત કર્યો છે, સર્વ અલંકારો ધારણ કરેલી ભાર્યા સાથે પોતે પણ તે પ્રકારે પુષ્ટ થઈ આખા વર્ષ સુધી એક પથારીમાં શયન કરે અને મનથી પણ તેની ઈચ્છા ન કરે અને અડતાં પણ તેને પથ્થર જેવી જાણે તેણે 'અસિધારાવ્રત' કરલું કહેવાય. વિષ્ણુને પ્રસન્ન કરનારું આવું વ્રત તેં કરેલ હોવાથી તેં મારા ઉપર જય મેળવેલો છે.

તારા ભાઈને કોઈ હરાવશે એવો ભય ન રાખીશ. હું તેમનો નિયંતા હોવાથી કોઈ રાજા તેમને હરાવી શકશે નહિ. ત્રણ લોક જીતવાની ઈચ્છા હોય તો તેમને પણ જીતાશે અને દેવો ઉપર પણ વિજય પ્રાપ્ત થશે. દેવો પણ તેમને હરાવી નહિ શકે તો પછી રાજાઓ તો કેવી રીતે હરાવશે? કારણ કે હું તેમનો નિયંતા હોવાથી મને જીત્યા વિના તેમને કોઈ જીતી નહિ શકે.''

**યુધિષ્ઠિરે કરેલ દિગ્વિજય અને જરાસંધ વધઃ**

ભગવાનનાં આ વચન સાંભળી, મારું ઈચ્છેલું કાર્ય થશે એવા વિચારથી યુધિષ્ઠિરને સંતોષ થયો અને ભગવાનના સ્પર્શથી વિષ્ણુના તેજથી પ્રબલ થયેલા પોતાના ભાઈઓને તેણે દિગ્વિજય કરવા મોકલ્યા. સૃંજયો સાથે સહદેવને દક્ષિણ દિશામાં મોકલ્યો, નકુલને પશ્ચિમમાં અને અન્ત વિનાની ઉત્તર દિશામાં શક્તિશાળી અર્જુનને મોકલ્યો. પૂર્વમાં જરાસંધ વગેરે હોવાથી મોટી સેના સાથે સર્વથી બલવાન ભીમસેનને મોકલ્યો. તેઓએ પરાક્રમથી રાજાઓને જીતી યુધિષ્ઠિરને ઘણું દ્રવ્ય લાવી આપ્યું. જેમ ખેડુતો પાસેથી રાજા દ્રવ્ય લે તેમ પોતાનાં દ્રવ્યથી જ યજ્ઞ કરવા માટે રાજાઓને જીતી તેમની પાસેથી દ્રવ્ય લીધું. વિષ્ણુનું તેજ બ્રાહ્મણનું હિત કરનારનો પરાભવ કરતું નહિ હોવાથી જરાસંધ જીતાયો નહિ. તેના ઉપર પણ જય ન મળે ત્યાં સુધી યજ્ઞ થઈ શકે નહિ. તેથી યુધિષ્ઠિરને ચિંતા થવા લાગી કે ભગવાનથી પણ આને જીતવાનું કેમ અશકય હશે? તેનું પણ દુઃખ દૂર કરવા, ભગવાને તેને જરાસંધ જીતવાનો ઉપાય કહ્યો.

ભગવાનમાં તેને લૌકિક ભાવ થયેલ હોવાથી ઉદ્ધવે જે કહલો તે ઉપાય જ ભગવાને તેને કહયો. પછી ભગવાન અને તેમના અંશરૂપ અર્જુન નારાયણ અને નરરૂપ ધર્મના અવતાર હોવાથી બ્રાહ્મણનું રૂપ લઈ, જરાસંધની રાજધાની ગિરિવ્રજમાં હતી ત્યાં ગયાં. ભગવાન સર્વરૂપ હોવાથી બ્રાહ્મણનું રૂપ લે તેમાં દોષ નથી. અર્જુન પણ પહેલાના જન્મમાં બ્રાહ્મણ હતો. અને તેની વાસનાથી આ જન્મમાં પણ તેણે પહેલાં સંન્યાસીનો વેષ લીધેલો. તેથી તે બ્રાહ્મણનો વેષ લે તેમાં પણ આશ્ચર્ય નથી. ભીમે પણ બ્રાહ્મણનો વેષ લીધો. તે બીજો વેષે લે તો ત્રણેનું વર્તન સમાન ન થાય. તેણે પહેલાં જ એવો વેષ લીધેલ હોવાથી તેને આગળ કરી ત્રણે ગિરિવ્રજ ગયાં. જરાસંધ વૈશ્વદેવ કરતો ત્યારે ઘરધણી જેમે રહી અતિથિ માગે તે આપતો, કે જેથી બ્રાહ્મણો પાછા ન જાય. બ્રાહ્મણના વેષવાળા આ ત્રણે તે સમયે તેની પાસે ગયા અને બધું (જરાયે) ખોટું ન બોલાય તે માટે નટની જેમેં માગવા લાગ્યા—

''હે રાજા! અમે બહુ દૂરથી આવેલા અતિથિઓ છીએ એટલે અમને આપવાથી તને કીર્તિ પ્રાપ્ત થશે. તારું ભલું થાઓ. અમે માગીએ તે આપ. બ્રાહ્મણનું હિત કરનારા સર્વ અતિક્રમ સહન કરનારા હોય છે, તેથી બધું સહન કરી શકે છે. દુષ્ટ પુરુષો શું નથી કરતા? યજ્ઞનો નાશ પણ કરે. તેથી હણવા યોગ્ય છે. દધ્યંઙ્, શિબિ વગેરે જેવા ઉદાર પુરુષો શું દાનમાં નથી આપતા? પોતાના દેહનું પણ દાન કરે છે તો પછી બીજા પદાર્થો આપે તેમાં શું આશ્ચર્ય? સર્વમાં બ્રહ્મ જોનારાને કોઈ શત્રુ હોતો નથી. તેથી તેઓ બધાને દાન આપે છે. દાન ન કરે તેની સદા નિંદા થાય છે અને શરીર નાશવંત છે. દાન કરે તો સદાનો યશ પ્રાપ્ત થાય છે અને શરીર પણ નાશરહિત જ થાય છે, કારણ કે યશથી નાશરહિત દિવ્ય શરીર પ્રાપ્ત થાય છે. આવો ભેદ જાણીને નાશવંત શરીરથી વૈકુંઠ વગેરેમાં વાસ કરનારું શરીર પ્રાપ્ત કરાવનાર નિશ્ચલ યશ પ્રાપ્ત કરવાની શક્તિવાળો હોવા છતાં, જે તેને પ્રાપ્ત કરતો નથી, તે હીરા બાંધવાથી મારું વસ્ત્ર ફાટી જશે એમ માની ફાટેલાં કપડામાં હીરા બાંધનારની જેમે આ લોકમાં નિંદાને પાત્ર થાય છે અને હલકો દેહ પ્રાપ્ત થવાથી પરલોકમાં દુઃખી થાય છે. તેને સારો દેહ પ્રાપ્ત થતો નથી. તેથી હાલ જે આ દેહથી યશ પ્રાપ્ત કરતો નથી તે પછી શી રીતે પ્રાપ્ત કરવાનો? હરિશ્ચંદ્રે પોતાનું સર્વસ્વ આપી ચાંડાલપણું સ્વીકારેલું રંતિદેવ તૃષાને લીધે મરતો હતો ત્યારે તેણે હલકા વર્ણવાળાને જલ આપી દીધેલું અને ભૂખે મરતો હતો ત્યારે તેણે બધું અન્ન અતિથિને આપી દીધેલું. શિબિએ હોલાને પોતાનું માંસ આપેલું. બલિએ વિષ્ણુને પોતાનું સર્વસ્વ આપેલું. બ્રાહ્મણનું રક્ષણ કરતાં વ્યાધને વાઘ ખાઈ ગયેલો. ચોરરૂપ અતિથિને તૃપ્ત કરવા કબૂતર પોતાની પત્ની સાથે અગ્નિમાં પડી બળી મરેલો. એવી રીતે નાશવંત દેહથી ઘણાંએ નિત્ય ફલ પ્રાપ્ત કર્યું છે''.

જરાસંધને એ પ્રમાણે કપટવચન કહ્યાં કે તારું 'ભદ્રં' ભલું એટલે ભદ્રરૂપ પ્રાણ અમે માગીએ તે આપ. વસ્તુતઃ તે આપવાથી તેનું ભલું જ થવાનું હતું, કારણ કે તેને મોક્ષ મળવાનો હતો. આવા કપટવચન સાંભળી તેનો દાન કરવાનો ઉત્સાહ વધતા ''આવા ધર્મના વચન કહેનાર આ કોણ છે?'' એવો તે વિચાર કરવા લાગ્યો. ક્ષત્રિયોના હોય તેવા મેઘ જેવા ગંભીર સ્વરો, ઢીંચણ સુધીના બાહુઓવાળો દેહ અને ધનુષ્યની દોરી અથડાવાના ચિહ્નવાળાં કાંડાઓથી તેણે તેમને ક્ષત્રિયો જાણ્યા. ઘણું કરી તેમની સાથે યુદ્ધ પણ કરેલું છે અને પહેલા જોયેલા છે એમ તેને લાગ્યું. ''ક્ષત્રિયો આવા વેશે કેમ આવ્યા? પોતાના ધર્મ પ્રમાણે વર્તતા ન હોવાથી હલકાં ક્ષત્રિઓ હશે. શરીર દાન કરવા યોગ્ય હોતું નથી છતાં પણ જ્યારે તેઓ પોતાની જાતિનું અભિમાન તજી બ્રાહ્મણના વેષે આ મારી પાસે માગવા આવ્યા છે, ત્યારે ક્ષત્રિયોનાં માનનું રક્ષણ કરવા દધ્યંઙ્ તથા શિબિ જેમે હું તેમને તે પણ આપીશ. કપટથી માગવા આવેલ તેને બલિએ જ દાન કરેલું. તેની શુદ્ધ ભાવવાળી કીર્તિ બધી દિશાઓમાં પ્રસરેલી છે. ઐશ્વર્ય ગુમાવ્યું તે પહેલાં જ તેણે દાન આપવાનો સંકલ્પ કરેલો અને પછી તે બંધાયો. તેની પાસે પણ વિષ્ણુ બ્રાહ્મણના વેષે જ માગવા આવેલ. ઈન્દ્રના માટે રાજ્યશ્રી બલિ પાસેથી ખૂંચવી લેવા વિષ્ણુ બ્રાહ્મણ વેષે

આવેલા. તે બલિએ જાણ્યું અને શુક્રાચાર્યે તેને વિષ્ણુનું માગેલું આપતાં રોકવા માંડ્યો, છતાં તેણે તેમને ભૂમિ આપી. તે દૈત્યોનો રાજા હતો. તેના જેવું તેની પ્રજારૂપ મારે પણ કરવું જોઈએ. બ્રાહ્મણના કાર્ય વિના અથવા બીજા કોઈ કાર્ય માટે જીવવાનું ક્ષત્રિયને શું પ્રયોજન? વળી દેહ વધે અને ઘટે. તે પડવાનો. તેનાથી યશ પ્રાપ્ત ન થાય તો જીવવું શા કામનું?'' એવો તેણે વિચાર કર્યો. તે દૈત્યનો અંશ હોવાથી તેને દૈત્ય બલિનું કાર્ય જ હૃદયમાં ઉતર્યું. બ્રાહ્મણોને માટે તો તે સ્વભાવથી જ પ્રાણ આપે તેવો હતો. બલિનું સ્મરણ કરાવી યશ પ્રાપ્ત કરવાનો ઉપદેશ તો તેને આમણે જ આપેલો.

એ પ્રમાણે વિચાર કરી, બલિના ગુણોમાં આસક્તિવાળો હોવાથી ઉદાર બુદ્ધિ રાખી તેણે તે દરેકને કહ્યું કે ''હે વિપ્રો! તમારી ઈચ્છામાં હોય તે માંગો. મારું માથું માંગશો તો તે પણ તમને આપીશ''. આવી જરાસંધની સત્ય પ્રતિજ્ઞા સાંભળી ભીમ અને અર્જુન તો ભાનરહિત થયા, શું કરવું એનું તેમને ભાન રહ્યું નહિ. ત્યારે શ્રીકૃષ્ણે જરાસંધનો મનોરથ દૂર કરવા કપટનો ત્યાગ કરી તેને કહ્યું–

''હે રાજેન્દ્ર! જો તારી ઈચ્છા હોય તો અમને દ્વન્દ્વ યુદ્ધ આપ. સૈન્ય સાથેના રાજેન્દ્ર સાથે યુદ્ધ કરવા આવે તે યોગ્ય ન હોવાથી અમે દ્વન્દ્વ યુદ્ધ માંગીએ છીએ. એક તમે જરાસંધ અને અમે ત્રણમાંનો કોઈ પણ યુદ્ધ કરીએ. જો તારી ઈચ્છા હોય, તારી દ્વન્દ્વમાં હરપ્રકારે શ્રદ્ધા હોય તો જ આપજે, અમે આગ્રહથી કહેતા નથી, કારણ કે તું યુદ્ધ સ્વીકારે તો યુદ્ધ પૂરું થયે જય અથવા પરાજયનો નિર્ણય થાય, પણ જો ન સ્વીકારે તો અમારો તો પહેલેથી જ જય થયેલો ગણાય. અમે યુદ્ધ કરવા જ આવ્યા છીએ અને દેવ, દૈત્ય અથવા રાક્ષસ નથી, તેથી ભય ન રાખીશ. અમો ક્ષત્રિય છીએ, અન્ન ઈચ્છનારા બ્રાહ્મણો નથી, તેમ અન્ન માટે બ્રાહ્મણનો વેષ ધારણ કરેલો નથી; પરન્તુ મોટો ક્ષત્રિય નાના ક્ષત્રિય સાથે યુદ્ધ કરતો નથી, પણ બ્રાહ્મણની ઈચ્છા પૂર્ણ કરવા અલ્પ સાથે પણ યુદ્ધ કરે એવા વિચારથી અમે બ્રાહ્મણનો વેષ લીધો છે. આ હું સત્ય કહું છું. આ વૃક–દશ પ્રકારના પ્રાણ–જેના ઉદરમાં છે તેવો 'વૃકોદર' પૃથાનો પુત્ર છે, આ તેનો જ ભાઈ પૃથાનો પુત્ર અર્જુન છે, હું તેમનો મામો કૃષ્ણ છું. તું અમારો શત્રુ હોઈ, શત્રુના સ્થાનમાં કામ પતે ત્યાં સુધી વેષ ધારણ કરીને રહેવાનો નિયમ છે. તેથી આ વેષે અમે આવ્યા છીએ.''

ભગવાને એ પ્રમાણે ત્રણેને ઓળખાવ્યા ત્યારે રાજ્યના મદથી ''આ કેવા અકસ્માત દૈવયોગે શત્રુના ઘરમાં આવી પડ્યા'' એવા વિચારથી જરાસંધ મોટેથી હસ્યો. પહેલાં તે ભગવાનનું વચન સાંભળી ક્રોધે ભરાયેલો અને ક્રોધથી ''આમને મારી નાખું'' એવો તેણે વિચાર કરેલો. પછી પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ થતા ''યુદ્ધમાં પણ મારવાના જ છે તો પછી પ્રતિજ્ઞા શા માટે તજવી?'' એવા વિચારથી તેણે ઉત્તર આપ્યો–

''હે અક્કલહીનો! હું તમને યુદ્ધ આપીશ. એક બાજુ તમે ત્રણે ભલે રહો અને બીજી બાજુ હું એકલો. છતાં દ્વન્દ્વ યુદ્ધનો જ તમને આગ્રહ હોય તો તમે શ્રીકૃષ્ણનું ચિત્ત યુદ્ધમાં સ્થિર રહેતું નહિ હોવાથી તમારી સાથે હું યુદ્ધ નહિ કરું. જો તમારું ચિત્ત યુદ્ધમાં

સ્થિર રહેતું હોત તો તમો ક્ષત્રિય હોવાથી જ્યાં યુદ્ધ થવાનો સંભવ તેવી મથુરાની ભૂમિ તજી, જ્યાં યુદ્ધ થવાનો સંભવ નહિ તેવા સમુદ્રને શરણ ન જાત. આપત્તિમાં પણ પોતાનો દેશ તજવો યોગ્ય નથી, તેને તજી તમે કિલ્લાની જેમે સમુદ્રનો આશ્રય લીધો. આ અર્જુન પણ બલમાં મારી સમાન નથી. દિવ્ય બલ તેને છે તેવું મારે પણ છે, વળી હું બ્રાહ્મણનો હિતકારી હોવાથી મારામાં તેવું બલ વિશેષ છે, આ ભીમ બલમાં સારો બરોબરીયો છે. તેથી તેની સાથે હું યુદ્ધ કરીશ.''

જરાસંધે એ પ્રમાણે બહાનાં કાઢી નર અને નારાયણ સાથે યુદ્ધ કરવાની ના પાડી. તે કાલની કન્યા જરાનો પુત્ર હોવાથી દૈત્યોના પ્રાણરૂપ હતો. તેથી તેણે મુખ્ય પ્રાણ (વાયુના પુત્ર) ભીમને પોતાનો બરાબરીયો માન્યો. આ ત્રણને તો તે ગમે તેની સાથે યુદ્ધ કરે તે સરખું જ હતું, કારણ કે જેની સાથે યુદ્ધ કરે તેનામાં ભગવાનનું બલ મૂકવાનું હતું. તેથી ભીમ સાથે તે યુદ્ધ કરે તેવું કબુલ રાખતાં, દ્વન્દ્વયુદ્ધ શરીરના બલથી થતું હોવાથી અને તે ગદાથી જ દેખાડાય તેવું હોવાથી જરાસંધે ભીમસેનને મોટી ગદા આપી અને તેના જ સરખી બીજી ગદા પોતે લીધી. પોતાના ઘરમાં પોતાનું સ્થાનબલ વધારે થાય, તેથી તે શહેર તજી શહેર બહાર યુદ્ધ કરવા નીકળ્યો. પછી સપાટ કોમલ રણભૂમિમાં તે બન્ને વજ્ર જેવી ગદાઓથી યુદ્ધ કરવા લાગ્યા. ડાબા અને જમણા કુંડાળાં ફરતા યુદ્ધમાં રસવાળા તે બન્નેનું યુદ્ધ જોનારને સુખ આપતું શોભતું હતું. તેમણે પ્રહાર કરેલી ગદાઓનો શબ્દ વજ્રપાતના શબ્દ જેવો સંભળાતો હતો ભુજાના વેગથી પડતી ગદા પ્રતિપક્ષીની કેડ, પગ, હાથ, સાથળ, ખભા તથા હાંસડીના સંબંધમાં આવી, જેમ ઘણા ક્રોધી યુદ્ધ કરતા બે હાથીઓથી આકડાની શાખાઓ ભાંગી જાય તેમ ભાંગી ગઈ. ગદાઓ ભાંગી ત્યારે તે બન્ને ક્રોધ કરી પોતાની લોઢાના જેવા સ્પર્શવાળી મુક્કીઓથી પ્રહાર કરવા લાગ્યા. તે મુક્કી વાગવાનો અવાજ પણ વજ્રના અવાજ જેવો ભયંકર થતો હતો. પરાક્રમ, બલ અને અભ્યાસ માં બન્ને સરખા હતા, તેથી તે બન્નેનું યુદ્ધ સરખું થતું હતું. જરાએ જરાસંધના બે ફાડીઆ સાંધેલા તેથી તે બધાનું બલ લાવી તેનામાં મૂકતી એટલે તેનું બલ ઘટતું ન હતું. ભીમ પ્રાણરૂપ હોઈ તેનું બલ પણ ઘટતું નહતું. બન્નેના બલ સમાન રહે ત્યાં સુધી કાર્ય પાર ન પડે. જરાસંધના ફાડીયાનો સ્વરૂપથી નાશ થાય તેમ ન હતું, તેથી તેમને છુટાં પાડવાથી જ તે મરે તેમ હતું અને તેનાથી ભીમમાં અધિક બલ હોય તો જ તે તેમને છૂટાં પાડી શકે. તેથી ભગવાને પોતાનું બલ, પોતાની કાલશક્તિ તેનામાં મૂકી, કારણ કે કાલની કન્યા કરતાં કાલશક્તિ વધારે બલવાળી છે. પછી જરાસંધનો વધ કેમ થાય તેનો ભગવાને વિચાર કર્યો. તે તરત જ જણાતાં તેમણે ઝાડની ડાળી લઈ ભીમના સામું જોઈ, તેને ચીરી ભીમને સમજાવ્યો કે આની જેમે જરાસંધને ચીરી નાખવો. એ પ્રમાણે ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ પ્રાપ્ત થતાં, ભીમે પહેલાની જેમે જ, જરાસંધને શંકા ન થાય તેમ, મલ્લયુદ્ધમાં તેને પગથી પકડી ભૂમિ ઉપર પછાડ્યો. પછી તેના એક પગને પોતાના પગથી દબાવી બીજાને બે હાથથી પકડી, જેમ મોટો હાથી ઝાડની ડાળીને ફાડે તેમ ગુદાથી ફાડી

નાખ્યો. એક પગ, સાથળ, વૃષણ, કેડ, પીઠ, સ્તન, ખભો, માથું, બાહુ, આંખ, ભ્રમર, અને કાનવાળા તેનાં બે ફાડીયા બધાએ જોયાં તે મરણ પામતાં મોટો હાહાકાર થયો. તેનું મરણ ભક્તોને (રાજાઓને) તથા કર્મમાર્ગવાળાઓ (યજ્ઞ કરનારાઓ) ને ઈષ્ટ હોવાથી જ, તે બ્રાહ્મણોનું હિત કરનારો અને દયાવાન્ હોવા છતાં ભગવાને તેને માર્યો, કારણ કે યજ્ઞ માટે બ્રાહ્મણને પણ હણવામાં આવે છે, તો પછી બ્રાહ્મણનું હિત કરનાર છતાં હરિથી વિમુખ ક્ષત્રિયને કેમ ન હણાય?

જરાસંધ હણાતાં અર્જુન અને શ્રીકૃષ્ણે ભીમને આલિંગન કરી તેની પ્રશંસા કરી. પ્રશંસાથી તેને અભિમાન થતાં, તેનું તેજ જતું રહે તે માટે પ્રશંસા કરી; અને પોતાનું તેજ તેની પાસેથી પાછું લેવા તેને આલિંગન કર્યું. અર્જુન પણ ભગવાનનો અશં હોવાથી તેણે પણ એ પ્રમાણે કરેલ. રાજા વિનાના રાજ્યમાં રહેવું યોગ્ય નહિ હોવાથી, પ્રાણીઓ ઉપર કૃપા કરવા ભગવાને જરાસંધના પુત્ર સહદેવને મગધનો રાજા બનાવ્યો, કારણ કે સ્વભાવથી પણ તે તે દેશનો રાજા હતો. તે પોતાની વિરુદ્ધ વર્તે તેની ભગવાનને કાંઈ ચિંતા ન હતી, કારણ કે ભગવાનમાં બધી શક્તિ છે. પછી જરાસંધે જે રાજાઓને કેદ કરેલા તે બધાને છૂટા કરાવ્યા. તેમને છૂટા કરાવવા જ ભગવાને આ બધું કરેલું.

જરાસંધે ૨૦૮૦૦ (ઉત્તરાર્ધ અધ્યાય ૨૧ શ્લોક ૨૪માં વીશ હજાર રાજાઓ ગિરિવ્રજમાં હોવાનું કહેલ છે. તેથી ૮૦૦ બીજી ખીણમાં કેદ કર્યા હશે, અથવા વીશ હજાર રાજાઓએ દૂતને મોકલ્યો હશે. કુલ ૨૦૮૦૦ રાજાઓને કેદ કરેલા એમ જણાય છે.) રાજાઓને યુદ્ધમાં જીતી પર્વતની ખીણમાં કેદ કરેલાં; તેમને ભગવાને છૂટા કર્યા, ત્યારે ગંદા દેહવાળા અને ગંદા વસ્ત્રોવાળા તેઓ ખીણમાંથી બહાર નીકળ્યા. રોગી ન હોવા છતાં તેઓ ભૂખથી દુબળા થયેલા. અંદરના સંતોષ વિનાના હોવાથી ફીકા મુખવાળા અને બંધનને લીધે પીડાયેલી ઈન્દ્રિયોવાળા હતા.

બહાર નીકળતાં તેમને ભગવાનના દર્શન થયાં. ૧.દુબળાને પુષ્ટ કરનાર મેઘના જેવા શ્યામ, ૨.પોતાના કર્મથી બંધાયેલા જીવના કોશનો નાશ થવાથી પ્રકટ થયેલ વેદરૂપ પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા, ૩.તેમનાં વસ્ત્ર સમ્બન્ધી દુ:ખનો નાશ કરવા જલ અને ઔષધિના રસરૂપ કમલ તેમને દેખાડવા ધારણ કરેલા, ૪.સ્ત્રી પુરુષ અને નપુંસક નો નાશ કરવા, એ ત્રણે વિષયનો અહંકાર દૂર થાય તે માટે શંખ, ચક્ર, ગદાથી જણાતા, ૫.તેમનાં નયનોનું દુ:ખ દૂર થાય તે માટે મુકુટ, હાર, કડાં, કંદોરો અને બાજુબંધ એ અલંકારોથી શણગારાયેલા, ૬.તેમનાં ચરણોનું દુ:ખ ટળે તે માટે બ્રાહ્મણ (ભૃગુ)ના ચરણનું દુ:ખ દૂર કરનાર શ્રીવત્સના ચિન્હવાળા, ૭.તેમના હાથની ક્રિયા બમણી કરવા ચાર હાથવાળા, ૮.તેમના મનનું દુ:ખ દૂર કરવા કમલના ગર્ભ જેવા લાલ નયનવાળા, ૯.તેમની સર્વ કામના પૂર્ણ કરી કામનાનું દુ:ખ દૂર કરવા સુંદર પ્રસન્ન મુખવાળા, ૧૦.તેમના કાનનું દુ:ખ દૂર કરવા પ્રકાશતા મગરની આકૃતિવાળા કુંડલો ધારણ કરેલા, ૧૧.જ્ઞાન (નયન, કાન) અને ક્રિયા (હાથ)ની વચ્ચે રહી જીવને દેહમાંથી નીકળવાનું દુ:ખ દૂર કરનાર પ્રકાશતો ઉત્તમ

મણિ ગ્રીવામાં પહેરેલા અને ૧૨.તેમની ત્વચાનું દુઃખ દૂર કરવા પ્રસરેલી કીર્તિરૂપ વનમાલા ધારણ કરેલા ભગવાનનાં તેમને દર્શન થયાં. આવા ભગવાનનાં દર્શન થતાં તેમની બધી ઈન્દ્રિયો 'હું પહેલી, હું પહેલી' એવા વિચારથી ભગવાનનાં રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ કરવા લાગી. તેમનાં નયનો ભગવાનનાં રૂપનાં લાવણ્યરૂપ અમૃતનું પાન કરવા લાગ્યાં. જેમ ભોજનમાં બહુ પ્રેમ હોવાથી અથવા બાલકપણાને લીધે બે હાથથી ખાવા માંડે તેમ બન્ને નયનો તે અમૃતનું પાન કરવા લાગ્યાં. જેમ ગાય વાછડાને ચાટે તેમ તેમની જીભ (ભગવદ્રૂપનો) રસ ગ્રહણ કરવા લાગી; તે જ પ્રમાણે તેમનાં નાક તેમની સુગંધ ગ્રહણ કરવા લાગ્યા અને બાહુઓ તેમનું આલિંગન કરવા લાગ્યા. એમ કરવાથી તેઓ તૃપ્ત થયાં, તેમનું દુઃખ દૂર થતાં તેમને ભગવાનના ઐશ્વર્યનું ભાન થયું. ભગવાનનાં દર્શન, ભોગ અને સ્મરણ થી તેમનાં ત્રણે પ્રકારના પાપનો નાશ થતાં તેઓ શુદ્ધ થયા અને તેમણે પોતાના મસ્તકથી ભગવાનનાં ચરણમાં પ્રણામ કર્યાં એટલે પોતાનાં જ્ઞાનરૂપ આત્મા (મસ્તક)નો પરબ્રહ્મ અક્ષરરૂપ ભગવાનના ચરણારવિંદ સાથે સમ્બન્ધ કર્યો.

**રાજાઓએ કરેલ શ્રીકૃષ્ણની સ્તુતિઃ**

શ્રીકૃષ્ણનાં દર્શન થયેલા આનન્દને લીધે તેમનાં કેદખાનાનાં દુઃખનો નાશ થયો અને તેમણે બે હાથ જોડી ભગવાનની સ્તુતિ કરતાં કહ્યુંઃ ''દેવોના પણ દેવ કાલ વગેરે છે તેમને પણ વશ રાખનાર અને શરણ આવેલાનાં દુઃખને હરનાર આપને નમસ્કાર છે. ઘોર સંસારથી ખિન્ન થયેલા અમે આપને શરણ આવેલા છીએ તેમનું આપ પાલન કરો. અમે આ જરાસંધનો દોષ માનતા નથી. તે મગધ દેશનો હોવાથી જ તેની બુદ્ધિ દુષ્ટ થયેલી. અમે અમારા રાજ્ય ગુમાવ્યા એ તો આપની અમારા ઉપર કૃપા થઈ. જેને સંનિપાત થયો હોય તેનો સંનિપાત જાય તેમ અમારા રાજ્ય જરાસંધને લીધે અમે ગુમાવ્યા. તેણે આપની એ કૃપા પ્રાપ્ત કરાવી તેથી તે દોષિત કેમ ગણાય? રાજ્ય અનર્થ રૂપ છે, કારણ કે રાજ્યની સત્તાના મદથી ગાંડો બનેલ રાજા ધર્મ વગેરે ક્યારેય પ્રાપ્ત કરતો નથી, પ્રજાનું રક્ષણ કરવાનો પોતાનો ધર્મ બજાવતો નથી અને પોતાની રાજ્યલક્ષ્મીને ચંચલ માને છે. સંપત્તિ કલ્યાણ કરનારી છે. પણ મૂળવાળી હોય તો. ધર્મ વગેરે તેનું મૂળ છે. તે ન હોય તો મૂળ વિનાની સંપત્તિ એક ક્ષણમાં જતી રહે છે. આપની માયાથી મોહ પામેલા જ તેને નિત્ય અને અચલ માને છે. તેથી મૂળ વિનાની સંપત્તિ મોહ કરનારી હોવાથી સારી નથી. વળી માત્ર દેખવામાં જ તે સંપત્તિ છે, વાસ્તવિક રીતે તો જેમ મૃગજલમાં જલ હોવાની બુદ્ધિ થાય છે તેમ તે અર્થરહિત હોવાથી આપત્તિ જ છે. મૃગજલ ઉનાળામાં નકામાં દોડાવે છે, છતાં પણ વિવેક વિનાના મૂર્ખો જલ ન હોઈ શકે તેવા સ્થળમાં પણ તેને જલ જ માને છે, તેવી રીતે આપના ચરણારવિંદનો સમ્બન્ધ જેમને થયો નથી તેઓ જાતજાતના વિકારરૂપ માયાને વસ્તુ માને છે. લક્ષ્મીના મદથી અમારી બુદ્ધિ પણ પહેલાં બહેર મારી ગઈ હતી, કારણ કે આ પૃથ્વી જીતવા અમે એક-બીજાની હરીફાઈ કરતાં. હરીફાઈ આત્માનો નાશ કરાવવામાં મુખ્ય છે. વળી અમે અમારા બરોબરીયાની હરીફાઈ કરતા એટલું જ નહિ,

પરન્તુ ઘણાં ક્રૂર થઈ એક-બીજાની પ્રજાના પ્રાણ લેતા અને ઘણાં મદવાળા હોવાથી મૃત્યુરૂપ આપની પણ દરકાર કરતા નહિ. અમે શું કરીએ છીએ તે પાસે છૂપા રહી મૃત્યુરૂપ આપ જુઓ છો અને ખોટું કરશો તો હણશો એમ જાણવા છતાં, અમે આપની પણ દરકાર ન કરતા. તે જ ગંભીર વેગવાળા આપના દેહરૂપ કાલે હવે અમને સંપત્તિથી ભ્રષ્ટ કરેલા છે તેનું બલ રોકી શકાય તેવું નથી. તે આપના દેહરૂપ જ છે, કારણ કે આપની કૃપાથી અમારા મદરૂપ દોષનો નાશ થયો છે અને અમે આપના ચરણોનું સ્મરણ કરીએ છીએ. જો આપે જ અમારી સંપતિ ગુમાવળાવી અમારા મદનો નાશ કર્યો ન હોત, તો રાજ્ય ગુમાવતાં અમને સદબુદ્ધિ ન જ થાત. આપ તો ઘણાં કૃપાળુ હોવાથી અમને રાજ્યરૂપ અનર્થનો ત્યાગ કરાવ્યો અને આપના ચરણનો સમ્બન્ધ કરાવ્યો. આવું ફળ અમને મળ્યું તેથી કાલ આપનો દેહરૂપ છે એવો અમારો નિશ્ચય થાય છે. હવે અમારા દોષોનો નાશ થતાં અમારે અનર્થરૂપ મૃગજલ જેવું રાજ્ય જોઈતું નથી, કારણ કે તે આત્માથી ભોગવાતું નથી પણ દેહથી જ ભોગવાય છે અને તે દેહને સદા મૃત્યુનો ભય છે અને તે રોગનું ધામ છે. તેમજ યજ્ઞ વગેરે ક્રિયાઓનાં ફલ, સ્વર્ગ વગેરે પણ અમારે જોઈતાં નથી, કારણ કે તે મૃત્યુ થયા પછી મળી શકે. લોકોને જાતિનો નાશ થવાથી મળે તેવું ફળ પણ ગમતું નથી, તો ડાહ્યા પુરુષો મૃત્યુથી મળે તેવું ફલ કેમ જ ઇચ્છે? વળી તે પણ દૂરથી જ સારું હોવાનું સંભળાય છે, પરંતુ ત્યાં પણ હરીફાઈ, ઈર્ષ્યા, ભય વગેરે હોવાથી તે સારું નથી. તેથી આપના ચરણકમલનું સ્મરણ અમને સદા થયા કરે તેવો ઉપાય અમને દેખાડો. સંસાર જ જન્મ-મરણરૂપ હોવાથી આપના ચરણનાં સ્મરણને ભુલાવનારો છે, છતાં તે ભગવદીય માર્ગ માટે ઉપયોગી હોવાથી તેમાં રહેવા છતાં આપનાં ચરણારવિંદનું સ્મરણ અમે ભુલીએ નહિ તેવો ઉપાય અમને જણાવો. પ્રણામ કરનારનાં સર્વ દુઃખનો નાશ કરનાર આપ શ્રીકૃષ્ણને નમસ્કાર કરીએ છીએ.''

**શ્રીકૃષ્ણે તેમને કરેલ જ્ઞાનનો ઉપદેશઃ**

રાજાઓએ એ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે શરણ આવેલાનું રક્ષણ કરનાર દયાળુ ભગવાને પ્રસન્ન થઈ સુખકારી વાણીથી તેમના આત્માને પણ મુક્ત કરવા તેમને જ્ઞાનનો ઉપદેશ આપવા કહ્યું ''હે રાજાઓ! તમારી ઇચ્છા પ્રમાણે આજથી તમારી મારામાં ઘણી દ્રઢ ભક્તિ થાઓ. મારામાં ઘણો સ્નેહ થવાથી જ મારું તમને નિત્ય સ્મરણ થશે આ તમે માગ્યું તે જ હું આપું છું. સદા મારું સ્મરણ થાય તેનો ઉપાય તમે માગ્યો તે સાધારણ પુરુષો માગતા નથી. તમારી માગણી ઘણી સારી છે. રાજ્ય અનર્થનું કારણ છે એમ તમે અંતઃકરણપૂર્વક કહ્યું તે તમારું વચન પણ સત્ય છે, કારણ કે લક્ષ્મી સાથે સત્તા ભળે તેનાથી સદા જે મદ રહે છે તે માણસોને ગાંડા બનાવનારો છે એમ હું જોઉં છું. તેથી આવા મદવાળા ઘણાને મેં તેમનાં રાજ્યનો ત્યાગ કરાવ્યો છે. સહસ્ત્રાર્જુનને પરશુરામે રાજ્યનો ત્યાગ કરાવ્યો, નહુષને ઈન્દ્રાણીએ, વેનને બ્રાહ્મણોએ, રાવણને રામે, બકાસુરને મેં અને આવા બીજા હિરણ્યકશિપુ વગેરે ઘણાં મોટા રાજાઓને રાજ્યનો ત્યાગ કરાવ્યો છે. તેથી મદ હશે

તો સ્થાનથી ભ્રષ્ટ થશો. તેથી મદનો ત્યાગ કરી, દેહ, રાજ્ય વગેરે નાશવંત છે એમ જાણી, દેહનું રક્ષણ કરવાનો બહુ પ્રયત્ન ન કરતાં, તે દેહથી યજ્ઞોવડે મારી પૂજા કરી, ધર્મ પ્રમાણે પ્રજાનું રક્ષણ કરો, કારણ કે પ્રજાનું પાલન કરવું અને યજ્ઞો કરવા એ રાજાના ધર્મ છે. આ ધર્મ ગૃહસ્થના જ છે અને બધા આશ્રમોમાં પુરુષાર્થ સિદ્ધ થાય છે. તેથી સંતતી આગળ ચલાવતાં, સુખ-દુઃખ લાભ-હાનિ જે આવી પડે તે ભોગવો. એકવાર રોગ મટે અને ફરી થાય તો પહેલા તેનું દુઃખ અનુભવેલું હોવાથી તે ફરી ન થાય તે માટે પ્રયાસ ન કરતાં, જે આવી પડે તે ભોગવો. મારામાં ચિત્ત રાખો. 'શ્રીકૃષ્ણ મારા સ્વામી છે, આ સુખ અથવા દુઃખથી શું થવાનું?' એવો નિશ્ચય રાખી જે આવી પડે તે ભોગવો. એમ કરવાથી ધન બંધુ અને દેહ ના ધર્મોના સમ્બન્ધમાં તમે ઉદાસીન થશો, આત્મામાં રમણ કરનારા થશો, ભગવદ્વ્રત ધારણ કરનારા થઈ, મારામાં સારી રીતે ચિત્ત રાખી મરણ સમયે બ્રહ્મસ્વરૂપ મને પ્રાપ્ત કરશો. મારા સ્મરણથી જ કાર્ય સિદ્ધ થશે અને મને પ્રાપ્ત કરશો. હું બ્રહ્મસ્વરૂપ હોવાથી એ ફલ મોક્ષ જ છે.''

એ પ્રમાણે અભિમાન વિનાની સ્થિતિ, પ્રેમભક્તિ, નિરંતર સ્મરણ અને મોક્ષ આપી તેમને કૃતાર્થ કર્યા પછી પણ ભગવાને લોકમાં તેમનો સત્કાર થાય તે માટે તેમને પુરુષો તથા સ્ત્રીઓ દ્વારા સ્નાન કરાવ્યું. પુરુષોએ તેમનો થાક ઉતરાવ્યો અને સ્ત્રીઓએ તેમની સૌંદર્યતા કરાવી. પછી જરાસંધના પુત્ર સહદેવ પાસે તેમની વસ્ત્રો, ભૂષણો તથા માલાઓ અને સુગંધી લેપોથી પૂજા કરાવી અને સારી રીતે સ્નાન અને અલંકાર થયા પછી ઉત્તમ અન્ન જમાડી તાંબૂલ વગેરે દ્વારા રાજાઓને યોગ્ય ભોગ કરાવ્યાં. પછી વાણીથી તથા ઉત્તમ પદાર્થો આપીને ભગવાને તેમનો સત્કાર કર્યો. એટલે તેઓ રત્નવાળાં ઉજડાં કુંડલોથી રાજ્યનાં લક્ષણ પ્રાપ્ત કરી શોભવા લાગ્યા. જેમ ચોમાસા પછી વૃષ્ટિથી તથા વાદળાની ગતિથી વચ્ચે રહેલાં ભૂમિનાં રજકણો જતાં રહેવાથી ગ્રહો પહેલા કરતા પણ વધારે શોભે, તેમ પાપનો ભોગથી નાશ થતાં, સંસ્કારથી બહારનો મેલ ધોવાઈ જતાં ભૂષણોથી આ રાજાઓ પણ અધિક શોભવા લાગ્યા. પછી ભગવાને રથોને ઉત્તમ અશ્વો જોડાવી તથા મણિ, સુવર્ણ વગેરેથી શણગારાવી, તે રથોમાં તે રાજાઓને બેસાડી તેમને મધુરી વાણીથી પ્રસન્ન કરી પોતપોતાના દેશ મોકલ્યા. લોકમાં જેમને છૂટા કરાવવામાં આવે તેમના માત્ર બંધન દૂર કરાવવામાં આવે છે, પરંતુ આવી રીતે સુખનાં સર્વ સાધનો તેમને આપવામાં આવતા નથી. વળી આ રાજાઓ સંકટમાં હતા, કારણ કે ભગવાને તેને છોડાવવામાં થોડો વિલંબ કર્યો હોત તો જરાસંધે શંકરને તેમનું બલિદાન કર્યું હોત. તેથી ભગવાનનું તથા તેમણે કરેલ પોતાના સન્માનનું ચિંતન કરતા તેઓ પોતપોતાને દેશ ગયા. આવી રીતે ભગવાને છોડાવેલા રાજાઓને જ્ઞાન આપી તેમનું અજ્ઞાન દૂર કર્યું અને તેમની પોતામાં આસક્તિ થાય તે માટે તેમને જ્ઞાન અને રાજ્ય આપ્યાં. આ રાજાઓએ પણ પોતાના દેશમાં જઈ પોતાના પ્રધાનો તથા રૈયતને ભગવાને જે-જે કાર્ય કરેલ તે કહી સંભળાવ્યાં અને પછી ભગવાને તેમને જે બોધ આપેલો તે પ્રમાણે અભિમાન વિના વર્તવા

લાગ્યા.

**શ્રીકૃષ્ણ વગેરેનું ઈન્દ્રપ્રસ્થાનમાં આગમનઃ**

ભગવાને એ રીતે ભીમસેનથી જરાસંઘનો વધ કરાવ્યો. તે બ્રાહ્મણોનું હિત કરનારો હતો અને શંકરનો યજ્ઞ કરવાનો હતો, છતાં પણ બ્રહ્મા અથવા શંકરે તેનું રક્ષણ ન કર્યું, કારણ કે શ્રીકૃષ્ણ 'કેશવ' હોઈ ક=બ્રહ્મા અને ઈશ=શંકરને પણ 'વ' મોક્ષ આપનારા છે. પછી જરાસન્ધના પુત્ર સહદેવે શ્રીકૃષ્ણ, અર્જુન તથા ભીમ ની પૂજા કરી અને તે ત્રણે ગિરિવ્રજથી નીકળ્યા. ખાણ્ડવવન બાળ્યા પછી ત્યાં નગર વસાવેલું તે ઈન્દ્રપ્રસ્થ પાસેના ખાણ્ડવપ્રસ્થમાં આવી, તે ત્રણેએ પોતાના પાંચજન્ય, દેવદત્ત તથા પૌંડ્રક શંખો, શત્રુઓ ઉપર મેળવેલા વિજયના ઉત્સાહથી વગાડ્યા. તેના અવાજથી તેમના મિત્રોને હર્ષ થયો. તે શંખોના અવાજ સાંભળી ઈન્દ્રપ્રસ્થના રહેવાસીઓ પ્રસન્ન મનવાળા થયા અને જરાસંઘ મૂઓ એમ તેમણે જાણ્યું. યુધિષ્ઠિરના મનોરથ પૂર્ણ થયા. પછી તેમણે ઈન્દ્રપ્રસ્થ આવી રાજાને વંદન કરી ભગવાને તથા પોતે ગિરિવ્રજમાં જે કરેલ તે તેને કહી સંભળાવ્યું. એ સાંભળી ''ભગવાને આ સર્વ કૃપાથી કર્યું, આમાં મારા ભાઈઓનું કાંઈ પુરુષાતન નથી'' એમ યુધિષ્ઠિરે માન્યું અને તેમના ઉપરના ઘણાં પ્રેમને લીધે આનન્દના આંસુ પાડતાં તે કાંઈ બોલી શક્યા નહિ.

**યુધિષ્ઠિરે કરેલ શ્રીકૃષ્ણની સ્તુતિઃ**

ભગવાન શ્રીકૃષ્ણે જરાસંઘનો વધ કર્યો તે અને પોતાની ઉપર ભક્તિ રૂપ પ્રભાવ કર્યો તે નારદ વગેરેના મુખથી સાંભળી યુધિષ્ઠિર પ્રસન્ન થયા અને પહેલાં તેમને આજ્ઞા કરી ભક્તિથી વિરુદ્ધ વર્તન પોતે કરેલ તેવાં વર્તનનો ત્યાગ કરી, ભગવાનનો ભક્ત થઈ તેણે તેમની સ્તુતિ કરતાં કહ્યું–

''ત્રણ લોકમાં આજ્ઞા કરનારા બ્રહ્મા વગેરે દેવો, વેદમાં જણાવેલા ઋષિઓ, પ્રાણીઓ ઈન્દ્ર વગેરે સત્તાવાળાઓ સહિત ભૂમિ વગેરેના અભિમાની દેવોએ બધા આપની દુર્લભ આજ્ઞા મળતાં તેને માથા ઉપર ચડાવી, ઘણાં આદરથી તે પ્રમાણે વર્તન કરે છે. તેવી દ્રષ્ટિથી જ પુષ્ટ કરનાર કમલનયન આપ, પોતાને સત્તાવાળા માનનાર મારા જેવા ગરીબડાની આજ્ઞા માનો છો, તે ખરેખર કપટલીલા દેખાડવા કરતાં પણ અધિક મનુષ્યનું અનુકરણ આપ કરો છો. તેમાં અયોગ્યતા પણ નથી, કારણ કે જો ઘણાં આત્મા હોય તો ઉત્તમ હોય તો તે અધમની સેવા ન કરે, પણ એક જ હોય ત્યાં જેમ પગ ધોવાનું કામ હાથ કરે છે તેમ ઉત્તમ અંગ, અધમ અંગની સેવા કરે તેમાં ખોટું નથી. જગતમાં આપ એક જ છો. જ્યાં બીજો કોઈ હોય ત્યાં હલકો-ઉંચો થાય, પણ આપથી બીજો (જુદો) કોઈ છે જ નહિ. આપ બ્રહ્મ લીલાથી બીજાના ગુણનો સ્વીકાર કરો તેમાં ઉત્તમપણું અથવા હલકાઈ થતાં નથી. વળી આપ સર્વને વશ રાખનારા છો તેથી જેમ સારાં અથવા ખરાબ સ્થલનો કિરણોને સમ્બન્ધ થવાથી સૂર્યનું તેજ વધતું અથવા ઘટતું નથી, તેમ ઉત્તમ સ્થિતિવાળા, કર્મથી નહિ લેપાતા આપના કર્મથી આપનું તેજ વધતું અથવા ઘટતું નથી. આપ કોઈને પણ

વશ નથી. 'હું', 'મારું' એવું અભિમાન આપના ભક્તોને પણ થતું નથી. જીવોને લક્ષ્મીથી જ અભિમાન થાય છે. આપ તો લક્ષ્મીના પતિ છો. ''જેની જેમનામાં શ્રદ્ધા છે તે તેમના જેવો થાય છે'' એ વચન પ્રમાણે આપના ભક્તો આપના જેવા જ થાય છે અને તેમને ભેદબુદ્ધિ થતી નથી. પશુ જેવા બહિર્મુખોને જ વિકારવાળી ભેદબુદ્ધિ થાય છે''

**યુધિષ્ઠિરે કરેલ રાજસૂય યજ્ઞ:**

એ રીતે ભગવાન સર્વરૂપ છે એ તેમના ગુણથી પોતાનો અપરાધ દૂર કરાવી, યુધિષ્ઠિરે પોતે ઈચ્છેલો રાજસૂય યજ્ઞ કરવા માંડ્યો. યજ્ઞના સમયે માઘ માસમાં પરંપરાથી પ્રાપ્ત થયેલા, ઘણાં ભાગે બધા વૃદ્ધ ઘણી વિદ્યા અને તપવાળા અધ્વર્યુ વગેરે યજ્ઞ કરાવનારા શ્રીકૃષ્ણની સમ્મતિથી તેણે પસંદ કર્યા. તેમાં દ્વૈપાયન (વ્યાસ), ભરદ્વાજ, સુમંતુ, ગૌત્તમ, અસિત, વસિષ્ઠ, ચ્યવન, કણ્વ, મૈત્રેય, કવષ અને ત્રિત એ અગીઆર બ્રહ્મ જાણનાર બ્રાહ્મણો હતા. વિશ્વામિત્ર, વામદેવ, સુમતિ, જૈમિનિ, ક્રતુ, પૈલ, પરાશર, ગર્ગ અને વૈશમ્પાયન એ નવ મધ્યમ હતા. અને અથર્વા કશ્યપ, ધૌમ્ય, રામ, ભાર્ગવ, આસુરિ, વીતિહોત્ર, મધુચ્છંદા, વીરસેન અને અકૃતવ્રણ એ દશ મળી ત્રીસ હતા.

જરાસંધને હણી આ યજ્ઞ કરવામાં આવતો હતો અને જરાસંધ બ્રાહ્મણોનું હિત કરનાર હોવાથી બ્રાહ્મણો યજ્ઞ કરાવશે કે નહિ તેવો સંશય રહે. તેથી યજ્ઞ કરાવનાર બ્રાહ્મણોના નામ આપેલાં છે. બીજા દ્રોણ વગેરે ગુરુઓ ભીષ્મ વગેરે ઉત્તમ બંધુઓ, કૃપ વગેરે આદરણીય પુરુષો, દુર્યોધન વગેરે પુત્રો સહિત ધૃતરાષ્ટ્ર તથા શૂદ્ર સ્ત્રીથી જન્મેલા હોવા છતાં ઉત્તમ બુદ્ધિવાળો હોવાથી વિદુર વગેરેને પણ આમંત્રણ કરેલાં. યજ્ઞ જોવા ચારે વર્ણો અને રાજાઓ તથા રાણીઓ પણ આવેલા. પછી યજ્ઞ કરવાની ભૂમિને બ્રાહ્મણોએ સુવર્ણના હળથી છ અથવા બાર બળદથી ખેડી અને ત્યાં વેદની વિધિ પ્રમાણે યુધિષ્ઠિરને દીક્ષા આપી. પહેલા વરુણનાં યજ્ઞમાં હતી તેવી સુવર્ણની બધી સામગ્રી હમણાં આ યજ્ઞમાં પ્રાપ્ત થયેલી, ઈન્દ્ર વગેરે લોકપાલો, બ્રહ્મા અને શંકર, સિદ્ધો, તેમના સેવકો, ગણદેવો, વિદ્યાધરો, મોટા સર્પો, સપ્તર્ષિ વગેરે મુનિઓ, કુબેર, પુલસ્તિ, વિભીષણ વગેરે યક્ષો અને રાક્ષસો, ગરૂડ વગેરે પક્ષીઓ, કિન્નરો, ચારણો વગેરે, બીજા દ્વીપના રાજાઓ અને તેમની રાણીઓને પણ આમંત્રણ થયેલાં અને તે બધા યજ્ઞમાં આવેલા; કારણ કે મોટો પુરુષ યજ્ઞ કરે તેમાં આવવાથી લજ્જા થતી નથી. આ બધા વિસ્મય પામ્યા વિના માનતા કે યુધિષ્ઠિર શ્રીકૃષ્ણનો ભક્ત હોવાથી તેનાથી આ યજ્ઞ થઈ શકે છે.

**મુખ્ય સભાસદના પદ સમ્બન્ધી ચર્ચા:**

પછી યજ્ઞ કરાવી શકવાની શક્તિવાળા દેવના જેવા તેજસ્વી ઋત્વિજોએ યુધિષ્ઠિરને વિધિ પ્રમાણે યજ્ઞ કરાવવા માંડ્યો. યજ્ઞમાં જોઈતા બધા પદાર્થો મળી આવતાં, કોઈ પદાર્થને બદલે બીજો લેવો પડતો નહિ. સોમ કાઢવાના દિવસે યુધિષ્ઠિરે કામ ક્રોધ તથા લોભ રહિત થઈ યજ્ઞ કરાવનારાઓની તથા સભાસદોની પૂજા કરી. આવા યજ્ઞમાં સભાસદોમાં મુખ્ય હોય તેની પૂજા કરવામાં આવે છે. સભાસદોમાં મુખ્ય કોણ તે વિષયમાં

મુખ્ય ગણવાના જુદા-જુદા કારણને લીધે સભાસદોમાં મતભેદ થયો.

બ્રહ્મ જાણનાર બ્રાહ્મણને જ આ યજ્ઞ થતાં સુધી મુખ્ય સભાસદ ગણતા. આ યજ્ઞમાં તો સ્પષ્ટ જણાતા મહિમાવાળા ભગવાન જ મૂર્તિમાન થઈ હાજર રહેલા. તેથી પહેલાની જેમે ભગવાનને બદલે બ્રહ્મ જાણનાર બ્રાહ્મણને જ મુખ્ય સ્થાન આપવું કે ભગવાનને આપવું એ પ્રશ્ન થઈ પડ્યો. કેટલાકનો મત એવો હતો કે બ્રહ્મ જાણનાર બ્રાહ્મણોમાં જ કોઈ પણ ગુણથી જે ઉત્તમ હોય તે જ પૂજા કરવા યોગ્ય છે. તેમ કરવાથી વ્યાસ અથવા વસિષ્ઠ પૂજાને યોગ્ય ગણાય. બીજાનો મત એવો હતો કે મુખ્ય ભગવાન પોતે જ હાજર હોય ત્યાં તેમને બદલે બ્રહ્મ જાણનાર બ્રાહ્મણ લેવો એ યોગ્ય નથી. એમ ગણતાં પણ વ્યાસ બ્રહ્મ જાણનાર બ્રાહ્મણ અને ભગવાનનો અવતાર બન્ને હોવાથી, વળી કુલમાં વૃદ્ધ અને પિતામહ હોવાથી તેમની જ પૂજા કરવી એવો કેટલાકનો મત હતો. સર્વ ધર્મ જાણનાર ભીષ્મ વ્યાસથી પણ મોટા હોવાથી તેમનું પૂજન કરવાનો બીજાનો મત હતો. ભીષ્મના પણ ગુરુ પરશુરામનું પૂજન કરવાનો બીજાનો મત હતો.

શ્રેષ્ઠ કોણ તેનો વિચાર કરતાં બધાનો એકમત થયો નહિ. સભામાં સહદેવ જ્ઞાનકલાનો અવતાર હતો. તે સર્વજ્ઞ, બાર વર્ષમાં શું થશે તે સર્વ જાણનાર હતો, છતાં પૂછ્ય। વિના કાંઈ બોલતા ન હતા. અહીં શ્રેષ્ઠ કોણ એ સમ્બન્ધી નિર્ણય કરવાનો હોવાથી બધાને પૂછેલું ગણાય, તેથી ભગવાનની પ્રેરણાથી તેણે કહ્યું–

''શ્રીકૃષ્ણ ભગવાન હોવાથી સર્વથી ઉત્તમ પદ માટે તે જ યોગ્ય છે. વ્યાસ પણ ભગવાન છે, પરંતુ (શ્રીકૃષ્ણ સિવાય) બીજા અવતારો ભગવાનના અંશરૂપ પુરુષે રચેલા પ્રપંચના અમુક ભાગની સિદ્ધિ માટે કોઈક અંશથી જ અવતરેલા છે અને શ્રીકૃષ્ણ તો વૈષ્ણવોના પતિ હોઈ, કાલના ઘરમાં જેમેલા જીવોને કાલને ઠગી લઈ આવવા માટે અને મર્યાદાનું રક્ષણ કરવા પધારેલા પતિ છે. તેથી ભગવાનની ઈચ્છાથી જ કાલના સમ્બન્ધીઓ તેમને ઓળખી શકતા નથી. તે 'પૂર્ણ ભગવાન' હોવાથી તે જ પૂજા કરવા યોગ્ય છે. જો બધા દેવોને પ્રસન્ન કરવા હોય તો પણ તેમના સ્થાનો કરતાં સ્વરૂપ ઉત્તમ હોવાથી સાક્ષાત્ સર્વ દેવતારૂપ ભગવાન શ્રીકૃષ્ણનું જ પૂજન કરવું યોગ્ય છે. બીજાઓને કોઈ-કોઈ સ્થલે કાંઈક કારણને લીધે જ સર્વ દેવરૂપ કહેલા છે, પણ શ્રીકૃષ્ણ સ્વભાવથી જ સર્વ દેવતારૂપ છે. જે દેશ-કાલમાં યજ્ઞ થતો હોય તે યજ્ઞ ઋષિઓને અધીન હોવાથી તે દેશ અને કાલના અભિમાની દેવનું પૂજન કરવું જોઈએ એમ માનો, તો પણ શ્રીકૃષ્ણ સર્વ દેશ અને કાલરૂપ છે તેથી તેમનું પૂજન કરવું યોગ્ય છે. 'પ્રાકૃત ધન વગેરે પદાર્થો સાક્ષાત્ ભગવાનને આપી ન શકાય, કારણ કે લોકમાં પણ શૂદ્ર પોતાની કન્યા પોતાના સ્વામી ગુરુ અથવા વિપ્રને આપતો નથી પણ શૂદ્ર અધમ હોય તો પણ તેને જ આપવા ઈચ્છે છે' એવી શંકા પણ ન કરવી, કારણ કે શ્રીકૃષ્ણ ધન, વસ્ત્ર, આભરણ, ગાય વગેરે રૂપ પણ છે. શ્રીકૃષ્ણ આખા વિશ્વરૂપ છે એ યશોદાએ જોયું છે. તે યજ્ઞરૂપ પણ છે, કારણ કે વરાહરૂપથી સર્વ યજ્ઞોનું સ્વરૂપ પ્રકટ કરી તે રૂપે તે પ્રકટ થયેલા. તે પોતે જ અગ્નિ, તેમાં હોમવાની આહુતિઓ અને

મંત્રરૂપ પણ છે. વેદ વગેરે પાંચ શાસ્ત્રો પણ તેમનું જ પ્રતિપાદન કરે છે.

૧.શ્રીકૃષ્ણ યજ્ઞ અને બ્રહ્મ (વેદના બન્ને કાંડરૂપ) હોવાથી વેદના અર્થરૂપ છે. ૨.શ્રીકૃષ્ણ જ સર્વરૂપ છે એવો સ્નેહથી નિશ્ચય થતો હોવાથી સાંખ્યનું તાત્પર્ય પણ તે જ છે. ૩.યોગમાં પણ ધ્યાન ધરવાની મૂર્તિ તે જ છે. વળી તે સર્વના આત્મા હોવાથી તેમને પ્રાપ્ત કરવા જ ચિત્તની વૃતિઓને વશ કરવાની છે. ૪.'વિષ્ણુ એક જ સર્વથી મોટા છે' એમ સ્કન્દ પુરાણમાં મહાદેવે કહેલું હોવાથી પશુપતિમતનું તાત્પર્ય પણ તે જ છે. ૫.વૈષ્ણવસિદ્ધાંત પ્રમાણે તો તે સર્વથી મોટા હોવામાં સંદેહ જ નથી. તેથી સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય શ્રીકૃષ્ણ જ છે. તેથી તે બ્રહ્મ છે, તેમનાંમાં બ્રહ્મનાં લક્ષણો પણ છે. 'જે આત્માને પોતે કરે', 'જે આત્માના આશ્રયરૂપ છે' તે બ્રહ્મ. શ્રીકૃષ્ણ એક જ છે મોટા પુરુષોની દૃષ્ટિ આ વિષયમાં પ્રમાણ છે. તેઓ બધે શ્રીકૃષ્ણને જ જુએ છે. 'તારાઓ વિષ્ણુ છે' એ વાક્ય પ્રમાણે શ્રીકૃષ્ણ અદ્વિતિય છે. માર્કણ્ડેયે પણ કહેલું છે કે 'તે માધવ પ્રાણી માત્રના પિતા અને માતા છે' પાંદડામાં તેમણે શ્રીકૃષ્ણને જ જોયેલા. આખું જગત્ શ્રીકૃષ્ણરૂપ છે એવો મહાભારતના આરણ્યકપર્વમાં દુર્વાસાએ નિશ્ચય કરેલો છે. તેમ ન હોય તો શ્રીકૃષ્ણે માત્ર એક મૂઠી શાક ખાધું તેથી દુર્વાસા તેમના દશ હજાર શિષ્યો સાથે કેવી રીતે ધરાઈ જાય?

આ શ્રીકૃષ્ણ પોતે જન્મરહિત છે છતાં પોતે જ પોતાના આધાર થઈ પોતા રૂપ જગત્ રચે છે, તેનું રક્ષણ કરે છે અને તેનો નાશ કરે છે. તેથી તે બ્રહ્મ છે. આ જગત્માં જ સર્વ કર્મોને તે ઉત્પન્ન કરે છે અને આપણે બધા લોકો તેમની કૃપાથી જ ધર્મ વગેરે કલ્યાણ પ્રાપ્ત કરીએ છીએ, કારણ કે ભગવાનની કૃપા વિના કાંઈ કલ્યાણ પ્રાપ્ત થતું નથી. તેથી શ્રીકૃષ્ણ સાક્ષાત્ પૂર્ણ બ્રહ્મ હોવાથી તેમનું જ મુખ્ય પૂજન કરો. તે (યુધિષ્ઠિર)ના નાના ભાઈ હોવાથી પૂજન કરવા યોગ્ય નથી એમ ન માનો, કારણ કે આખું વિશ્વ પોતાની અંદર તેમણે દેખાડેલું અને તે સર્વના 'પિતા અને માતા' છે એમ શાસ્ત્ર કહે છે તેથી તે જ મોટા છે, આપણને મોહ ઉત્પન્ન કરવા જ નાના દેખાય છે.

આ સભામાં ઘણાં બ્રહ્મ જાણનારા છે તે બધાની પૂજા થઈ શકશે નહિ અને એકની પૂજા કરવાથી બીજાનો અપરાધ થશે. તેથી જેમના પૂજનથી બધા તૃપ્ત થાય તેવાનું જ પૂજન કરવું યોગ્ય છે. શ્રીકૃષ્ણના પૂજનથી બધા પ્રાણીઓનું અને આત્માનું પૂજન થશે, કારણ કે તે જ સર્વ પ્રાણીઓ અને આત્મા બનેલા છે તે કોઈને પોતાથી જુદા જોતા નથી પણ સર્વને આત્મા તરીકે જ જુએ છે. તે શાંત હોઈ ક્રોધરહિત છે અને પૂર્ણ હોવાથી લોભરહિત છે. એવા દોષરહિત અને ગુણવાળાના પૂજનથી અનંત ફલ પ્રાપ્ત થશે''.

**શ્રીકૃષ્ણને અપાયેલ તે સ્થાન અને તેમની પૂજાઃ**

એ પ્રમાણે યુધિષ્ઠિરને કહી, સહદેવ શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણતો હોવાથી પોતે શાંત રહ્યો, પણ બલથી પૂજાની સામગ્રી ભેગી કરવાનો તેણે ઉદ્યમ ન કર્યો. ભગવાનની ઈચ્છાથી દૈવ અંશવાળા બધા સત્પુરુષો તેનું વચન સાંભળી ભગવાનની તથા સહદેવની 'બરાબર છે,-બરાબર છે' એમ કહી પ્રશંસા કરવા લાગ્યા. એટલે સર્વની સંમતિ જાણી

બ્રાહ્મણોનો ભાવ જાણી, યુધિષ્ઠિરે પ્રસન્ન થઈ ઈન્દ્રિયોને પ્રેરનાર શ્રીકૃષ્ણનું પૂજન કરવાની પ્રવૃત્તિ કરી. ઘણી શ્રદ્ધાથી તેણે શ્રીકૃષ્ણના ચરણ ધોયા અને લોકે પાવન કરનાર તે જલ પત્ની સાથે તથા મંત્રીઓ, સેવકો અને કુટુંબ સાથે માથે ચઢાવ્યું. પછી અંદરના હર્ષ સાથે પીળાં રેશમી વસ્ત્રો અને કિંમતી આભૂષણોથી તેમનો સત્કાર કર્યો અને ભગવાનનાં દર્શનથી આંખમાં હર્ષના આંસુ આવવાથી તેની ઈચ્છા પ્રમાણે તે જોઈ પણ શકતો ન હતો. આમ (યજ્ઞના) આધિદૈવિક દેવની પૂજા સંપૂર્ણ થઈ. આ ઉત્તમ ધર્મ હોવાથી બધા માણસોએ બે હાથ જોડી 'નમસ્કાર, જય થાઓ' એમ કહી નમન કર્યું અને દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી.

**શિશુપાલનો વિરોધઃ**

દૈત્યના અંશવાળાઓને શ્રીકૃષ્ણના પૂજનનું બધાએ અભિનંદન કર્યું તે રુચ્યું નહિ. તેથી સર્વે કરેલ અનુમોદન તથા સ્તુતિ સાંભળી, ઉલટાવેલા મદ (દમ)ના ઘોષરૂપ દમઘોષનો પુત્ર શિશુપાલ, પોતાના આસને બેસીને જ બોલે તો બધા ન સાંભળે તેથી આસન ઉપરથી ઉઠ્યો. વસ્તુતઃ ભગવાને પોતાનો ધર્મ પ્રકટ કર્યો ત્યારે સિંહાસનમાં તેમનો ધર્મ પ્રકટ થયો. તેણે તેને ઉઠાડ્યો, કારણ કે શ્રીકૃષ્ણના ગુણોનાં વર્ણનથી તેને ક્રોધ થયો હતો. જે ભગવાન સમ્બન્ધી વૃત્તાંત સાંભળી તે સહન કરી શક્તો નથી, તેનાથી દુઃખી થાય છે અને તેથી વિરુદ્ધ બોલે છે, તે જ દૈત્યના અંશવાળો. યજ્ઞમાં દૈત્યનો સમ્બન્ધ યોગ્ય નહિ હોવાથી ભગવાનની પ્રેરણાથી જ તે ભગવાનથી વિરુદ્ધ બોલવા લાગ્યો, કારણ કે તેમ ન બોલે તો તે વધને પાત્ર ન થાય. એક બાજુ દેવો મનુષ્યો અને પિતૃઓ અને બીજી બાજુ અસુરો રાક્ષસો અને પિશાચો હોય છે, તેમાં અસુરો વગેરેને યજ્ઞમાંથી કાઢવા જોઈએ. તેમાં શિશુપાલ યુધિષ્ઠિરની માસીનો પુત્ર હોવાથી તેનો વધ વિનાકારણ ન થઈ શકે. તેથી બધા સભાસદો જુએ તેમ તે સભામાં હાથ ઉંચો કરી નિર્ભય રહી ભગવાનને વારંવાર કડવા વચન કહેવા લાગ્યો.

તેણે કહ્યું કે ''કાલ આજ્ઞા ઉલ્લંઘન ન કરી શકાય તેવો ઈશ્વર છે, એમ કહેનારી શ્રુતિ ખરી છે, કેમ કે તેને લીધે બાલકોનાં વચનોથી વૃદ્ધોની બુદ્ધિ પણ બગડે છે. તમે સભાસદો પૂજાને પાત્ર હોય તેનું સ્વરૂપ જાણનારા છો, તેથી બાલકનું વચન ન માનો કે જેથી કૃષ્ણ પૂજા કરવા યોગ્ય મનાય. તપ, વિદ્યા અને વ્રત ધારણ કરનારા, જ્ઞાનથી પાપનો નાશ કરેલા, મંત્રદ્રષ્ટા અને બ્રહ્મનિષ્ઠ સભાપતિઓને પડતા મૂકી, જેમ કાક યજ્ઞનો બલિ લેવા યોગ્ય નથી, તેમ કુલપાંસન ગોપાલ પૂજા યોગ્ય નથી. આમના કુલને યયાતિએ શાપ આપેલ છે. સત્પુરુષોએ તેને નિંદેલું છે અને તે સદા નિરર્થક મદિરાપાનમાં આસક્તિવાળું છે. તે વંશમાં ઉત્પન્ન થયેલ પૂજનપાત્ર કેમ હોય? વર્ણ, આશ્રમ અને કુલ થી ભ્રષ્ટ થયેલ, સર્વધર્મથી ભ્રષ્ટ થયેલ, સ્વૈરવર્તી, ગુણહીન પૂજનપાત્ર કેમ ગણાય? જેમાં બ્રહ્મર્ષિઓ વસે છે તે દેશોને તજી, બ્રહ્મતેજરહિત સમુદ્રરૂપ દુર્ગનો આશ્રય કરી તે લૂંટારા થઈ પ્રજાને પીડે છે'' આવાં બીજા અનેક વચનો તે બોલ્યો.

સરસ્વતી ભગવાનની નિંદા સહન કરતી નથી, એટલે શિશુપાલનાં વચનનો તેણે ઈચ્છેલો અર્થ એવો હતો કેઃ''સભામાં થતું કાર્ય યોગ્ય અથવા અયોગ્ય છે તે સભાસદોએ વિચારવાનું હોવાથી તેમને ઠપકો આપવો યોગ્ય છે. હું દૈત્યનો અંશ યજ્ઞની સમીપ રહેલ હોવાં છતાં મને કોઈ અટકાવતા નથી. ધર્મના સ્થાનમાં અહીં એવું જે અયોગ્ય થાય છે તેનું કારણ કાલ જ છે. કારણ કે કાલ કોઈ સમયે ધર્મનો અને કોઈ સમયે અધર્મનો અંગીકાર કરે છે. તે ઈશ્વર છે, તેથી તેની આજ્ઞાનું કોઈથી ઉલ્લંઘન થઈ શકતું નથી. અહીં કાલ ધર્મનો સ્વીકાર કરે છે કારણ કે સભાસદો વૃદ્ધ છે. હું શિશુપાલ જે શિશુ (બાલક) અને પાલ (માંસનો ઢગલો) છું, પણ જેનામાં ધર્મ કરનારી ઇન્દ્રિયો અથવા તેવો જીવ પણ નથી, તેનાં વચનોથી વૃદ્ધ સભાસદોની બુદ્ધિ પણ બગડશે. કાલ મને અનુકૂલ હોવાથી હું એકલો હોવા છતાં સભામાં આવાં વિરુદ્ધ વચનો બોલું છું. 'માત્ર વિદ્યાથી અથવા તપથી પૂજાપાત્ર થવાતું નથી' એવું પૂજાપાત્રનું સ્વરૂપ તમે બધા સભાસદો જાણો છો, તેથી મારા બાલકનાં વચનથી પૂજાપાત્ર કોણ છે એનો નિર્ણય તમોએ કરવો ન જોઈએ, પરંતુ તમારી બુદ્ધિ પ્રમાણે જ કરવો જોઈએ.

તમે અયોગ્ય એ કરો છો કે 'કૃષ્ણ' (દુષ્ટ શિશુપાલના મુખમાંથી નીકડેલ આ શબ્દનો મલિનપણાં સાથે સમ્બન્ધ થવાથી 'મલિન' અર્થવાળો જ છે અને તેવો મલિન શિશુપાલ જ છે) એટલે મલિન હું, તેને તમો પૂજન સમયે સમીપ રહેવા દો છો અને તેથી યજ્ઞમાં કાલનો વિલંબ થશે. તપ, વિદ્યા અને ભગવદ્વ્રત સુધીના વ્રત ધારણ કરનાર વગેરે ઉત્તમ ગુણવાળા સભાપતિઓને પડતા મૂકી, ગોપાલ એટલે ઇન્દ્રિયોનું પાલન કરનાર, અથવા ભૂપાલ દશ વેશ્યાની સમાન રાજા અધમ ક્ષત્રિય અને કુલપાંસન એટલે કુલાધમ જેનાથી આખો ચૈદ્યવંશ નિંદાએલો છે તેવો હું સમીપ રહેવા યોગ્ય કેમ ગણાઉં? કાગડો ઉપર ઉડે તો તેના સમીપ હોવાથી પણ (યજ્ઞમાં) દોષ ગણાય છે. તેને તો બહાર રાખીને જ બલિ અપાય, પણ યજ્ઞની વેદીનું બલિ તેને ન અપાય. તેનાં સમીપપણાંથી પણ હોમવાના પદાર્થનો નાશ થાય તેથી મને સમીપ રહેવા દેવો ન જોઈએ. અથવા 'ક' સુખ અને 'અક' દુઃખ તે બન્ને જેને નથી તેવો શુકદેવ વગેરે જેવો કાક (ક+અક) 'પુરોડાશ' એટલે કર્મમાર્ગને યોગ્ય નથી, તેમ હું પણ યજ્ઞમાં સમીપ રહેવા યોગ્ય નથી. વળી યયાતિએ આ પાંડવોના કુલને શાપ આપેલ કારણ કે પુત્ર (પુરુ)ના વયથી તેણે તેની માતાનો ભોગ કરેલો. તેથી પરંપરાથી પણ યુધિષ્ઠિરને એ દોષનો સમ્બન્ધ હોવાથી તે કેમ પવિત્ર થાય; અને એમનાં ઘરમાં ભગવાનનું પૂજન કેમ થાય? વળી આ દોષને લીધે સત્પુરુષોએ તે કુલની નિંદા કરેલી છે અને તે મદિરાપાનમાં આસક્તિવાળું છે. તેથી તે યયાતિના વંશમાં ઉત્પન્ન થયેલ હું (યજ્ઞની) સમીપ રહેવા કેમ યોગ્ય ગણાઉં? વળી હું ચાર વર્ણ, ચાર આશ્રમ તથા કુલથી ભ્રષ્ટ થયેલો છું અને ભગવાનથી વિમુખ હોવાથી સર્વ ધર્મોથી ભ્રષ્ટ થયેલો છું. વળી ''સ્વૈઃ અવર્તી'' પોતાના બંધુઓ સાથે વર્તન કરતો નથી, કારણ કે તેમ કરતો હોત તો સ્નેહ જ કરત. તપ વગેરે ગુણો પણ મારામાં નથી. તેથી હું યજ્ઞમાં સમીપ રહેવા યોગ્ય કેમ

ગણાઉં? વળી વિદ્યા વગેરે પ્રાપ્ત કરવા પણ અમે બ્રહ્મર્ષિઓ રહે છે તે કુરુક્ષેત્ર વગેરે દેશમાં રહ્યા નથી, 'સમુદ્રમ્' મુદ્રાવાળા 'અબ્રહ્મવર્ચસમ્' પાખંડને સેવીએ છીએ અને લુંટારા બની પ્રજાને પીડીએ છીએ.''

**શિશુપાલનો વધઃ**

શિશુપાલના મંગલનો નાશ થયેલ હોવાથી તે આવા અમંગલ વચનો જ બોલ્યો. તેનાં વચનો યજ્ઞમાં વિઘ્ન કરનારા ન હોવાથી ''આ દુષ્ટ બુદ્ધિવાળો છે'' એમ માની ભગવાને તેની દરકાર કરી નહિ અને કાંઈ બોલ્યા નહિ; કારણ કે શીયાળ સિંહ પાસે રાડો પાડે તો પણ તેથી સિંહની કોઈ નિંદા થતી નથી. વળી તેણે નિંદાદર્શક ગુણો કહ્યા તેવા ભગવાનમાં હતા પણ નહિ અને તેથી તેમને મર્મમાં પ્રહાર થાય તેમ પણ ન હતું. છતાં બીજાઓ લોકો ''આ ભગવાનની નિંદા કરે છે અને તે પોતે સાંભળવી ન જોઈએ'' એમ માની, પોતાના કાને હાથ દઈ શિશુપાલને ક્રોધથી શાપ આપતા, સભામાંથી ચાલ્યા ગયા. ભગવાનની અથવા ભગવાનના ભક્તની નિંદા સાંભળી ત્યાંથી કાને હાથ દઈ તે બંધ કરી જે ચાલ્યો જતો નથી, તેના બધાં સત્કૃત્યોનો નાશ થાય છે અને તે નીચે પછડાય છે. ભગવાનની સરસાઈનું જ્ઞાન થાય તે માટે બધો પ્રયત્ન કરવાનો છે, તેને બદલે જો તેમના અવગુણ હૃદયમાં આવે તો ઉલટું ફલ થવાથી તેણે કરેલા ધર્મનો નિરર્થક નાશ થાય છે અને વિરુદ્ધ જ્ઞાનથી તે પછડાય છે. આ પણ જેઓ અશક્ત હોય તેમણે કરવાનું છે. જે શકિતવાળો હોય તેણે તો ભગવાનની નિંદા કરનારની જીભ જ ખેંચી કાઢવી જોઈએ.
પાંડવો તો મરવાની અથવા મારવાની શકિતવાળા હતા. તેમને ક્રોધ ચડ્યો અને શિશુપાલ તેમની માસીનો દીકરો હોવા છતાં તેઓ તેને હણવા હથીયાર લઈ ઉભા થયા. શિશુપાલમાં સર્વથી અધિક ક્રિયાશકિત હોવાથી ભય પામ્યા વિના તેણે ઢાલ તલવાર લીધા અને આ શ્રીકૃષ્ણના પક્ષનાઓને ધમકાવવા લાગ્યો. ભગવાને વિચાર્યુ કે આમના કરતાં શિશુપાલ વધારે બલવાન્ છે અને તે જીતશે અને આ બધા મારા માટે પ્રયાસ કરે છે તેથી, ભક્તોનો દ્રોહ કરે ત્યારે વધ કરવો એ શાસ્ત્રના નિયમ પ્રમાણે પોતાના પક્ષવાળાને યુદ્ધ કરતાં અટકાવી, તેમણે પોતે ક્રોધથી અસ્ત્રાની ધાર જેવા ચક્રથી તેનું માથું કાપી નાખ્યું. તેણે ભગવાનના ભક્તોમાં ક્રોધ ઉત્પન્ન કર્યો તેથી ભગવાનના ક્રોધે તેને હણ્યો. જે માર્ગે તેની વાણી નીકળેલી તે માર્ગ (માથા)ને કાપી નાખ્યો. ભગવાને અલૌકિક પ્રકારે તેને હણ્યો નહિ, કારણ કે તેમ કરવાથી તેમનું માહાત્મ્ય લોકમાં પ્રસિદ્ધ ન થાય.

શિશુપાલ હણાતાં ઘણો કોલાહલ થયો અને તેના પક્ષના બધા દૈત્યના અંશવાળાઓ પોતાના જીવનું રક્ષણ કરવા યુદ્ધ કર્યા વિના જ ભાગી ગયા. શિશુપાલનાં હૃદયમાં રહેલું જીવરૂપ તેજ ભગવાનની ઈચ્છાથી કુદરતી ક્રિયામુક્ત થઈ મોક્ષ આપનાર ભગવાનનાં ચરણમાં જેમું. તેને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત થયું. જો તેને આ પ્રમાણે મુક્તિ મળી ન હોત તો તે યજ્ઞની ભૂમિ તેનો વધ થવાથી સ્મશાન બની જાત. આ પહેલા તે ભગવાનનો પાર્ષદ હતો. તેના હિરણ્યકશિપુ, રાવણ અને શિશુપાલ એવા ત્રણ જન્મો

થયા. એ ત્રણેમાં અપકાર, વધ વગેરે કારણે ભગવાન પ્રતિ તે વેર રાખતો અને તેથી ક્રોધ કરતો. આવી વેરબુદ્ધિથી તે ત્રણે જન્મોમાં ભગવાનનું ધ્યાન ધરતો અને તેથી ભગવદ્રૂપ થઈ તેણે ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કર્યું. તે ભગવાનનું સદા ધ્યાન ધરતો હોવાથી ભગવદ્રૂપ થયેલો, કારણ કે જે જેનું સદા ધ્યાન ધરે છે તે તે જ બને છે.

**યજ્ઞની પૂર્તિઃ**

પછી યુધિષ્ઠિરે ઋત્વિજો તથા બધા સભાસદોને તેમણે ઈચ્છેલી તે કરતાં પણ અધિક દક્ષિણા આપી બધા દેવોની પૂજા કરી. લૌકિક પુરુષોનો પણ દાન-માન વગેરેથી સત્કાર કર્યો અને પછી ચક્રવર્તી રાજા થવાથી અવભૃથ સ્નાન કર્યું. શ્રીકૃષ્ણ ફલરૂપ હોવા છતાં યુધિષ્ઠિરના સાધનરૂપ યજ્ઞના સાધન થઈ તેને મોહ ઉત્પન્ન કરાવી યજ્ઞ પૂર્ણ કરાવ્યો. પછી મિત્રોએ આગ્રહથી ત્યાં રહેવાનું કહેવાથી કેટલોક સમય તેઓ ત્યાં રહ્યા. જેમ ભક્ત ઉપરના પ્રેમને લીધે તે દેવકીના પુત્ર બનેલા, તેમ આ યુધિષ્ઠિરનો યજ્ઞ પણ તેમણે સંપૂર્ણ કરાવ્યો. રાજસૂય યજ્ઞમાં અવભૃથ સ્નાન કરેલ યુધિષ્ઠિર તેનાં સર્વ પાપનો નાશ થવાથી બ્રાહ્મણો અને ક્ષત્રિયો ની સભામાં સર્વથી અધિક શોભતા હતા. ક્ષત્રિયોની સમાન અને બ્રાહ્મણોથી હલકો હોવાં છતાં, જેમ દેવેન્દ્ર સભામાં શોભે તેમ તે શોભતા હતા. પછી તેણે સત્કાર કરેલા દેવો, મનુષ્યો, પક્ષીઓ બધા શ્રીકૃષ્ણની અને યજ્ઞની પ્રશંસા કરતા પોતપોતાના ઘેર આનન્દથી ગયા. માત્ર દુર્યોધન ન ગયો. દૈત્યના અંશો બધા પહેલાં જ ભાગી ગયેલા, પણ દુર્યોધન નજીકનો સગો હોવાથી ત્યાં રહ્યો. છતાં યજ્ઞનું ફલ પ્રાપ્ત થતાં તે પોતાનો દોષ ઢાંકી શક્યો નહિ. તે પાપરૂપ કલિનો અવતાર હતો. બ્રહ્મકલ્પથી આરંભી આ યજ્ઞના સમય સુધીમાં કુરુવંશમાં જેટલું પાપ થયેલું તે ભેગું થઈ દુર્યોધનના રૂપથી પ્રકટ થયેલું. જેમ રોગ ભારે અન્ન સહન કરતો નથી, તેમ અધર્મ ધર્મનું ફલ સહન કરતો નથી. તેથી યુધિષ્ઠિરની ઝળકતી કીર્તિ અને લક્ષ્મી તે સહન કરી શક્યો નહિ.

**દુર્યોધનનો દ્વેષઃ**

યુધિષ્ઠિરની કીર્તિ અને લક્ષ્મી ઘણી જ વધી ગયેલ હોવાથી અદેખો દુર્યોધન તે સહન કરી ન શક્યો. તેના રાજસૂય યજ્ઞમાં તેના બંધુઓ બધા કામ કરતા હતા અને તે ઉદાર મનનો હોવાથી કામ કરવામાં બંધુઓને શરમ પણ લાગતી ન હતી. જેની જે કામમાં ઘણી પ્રીતિ હતી તેને તે કામ સોંપેલું, જેમકે ભીમ બહુ આહાર કરનાર હોવાથી તેને રસોડાનો અધ્યક્ષ નીમેલો. દુર્યોધનને ધનનો રક્ષક નીમેલો, કારણ કે તેના હાથમાં પદ્મ હતું અને તે જે પદાર્થનો સ્પર્શ કરે તે અક્ષય થતો. સહદેવ જ્ઞાની હોવાથી બ્રાહ્મણ વગેરેની પૂજા કરવામાં તેને નીમેલો. નકુલ અશ્વિનીકુમારનો પુત્ર હોઈ પદાર્થોના ગુણ અને દોષ જાણતો હોવાથી ઉપયોગમાં લેવાના પદાર્થોની તપાસ કરવાનું તેને સોંપેલું. અર્જુને વૃદ્ધોની સેવા કરેલી હોવાથી સેવા કરવાનું તેને જ્ઞાન હતું તેથી સત્પુરુષોની સેવા કરવાનું તેને સોંપેલ. ભગવાન સ્વતંત્ર છે, છતાં તે આ યજ્ઞમાં કામ ન કરે તો દુર્યોધનને યુધિષ્ઠિર સર્વથી ઉત્તમ હોવાનું ન જણાય, તેથી તે બ્રાહ્મણનું હિત કરનાર હોવાથી ચરણ ધોવાનું કામ કરતા. દ્રૌપદીના

હાથમાં અમૃત રહેતું, તેથી તેને પીરસવાનું કામ સોંપેલું. કર્ણ ઘણો ઉદાર હોવાથી તેને દાન આપવાનું કામ સોંપેલું. તે ઘણું દાન કરે તો પણ તેથી યુદ્ધિષ્ઠિરને સંતોષ જ થતો. આવી રીતે અર્જુનનો શિષ્ય સાત્યકિ, વિકર્ણ વગેરે બંધુઓ શંતનુનો ભાઈ બાહ્લિક અને તેના ભૂરિશ્રવા વગેરે પુત્રો એ બધા આ મોટા યજ્ઞમાં આમંત્રણ આપવાનું, વળાવવાનું, દ્રવ્ય લાવવાનું વગેરે જુદાં-જુદાં કામ કરતા હતા. યજ્ઞના આરંભમાં જ બધા કામે લાગી યુધિષ્ઠિર પ્રતિ આદર દર્શાતા હતા.

મધ્યમાં અવભૃથ સ્નાન વખતે ઘણો વૈદિક આડંબર થયો હતો. આ સમયે લૌકિક ઉત્સવ પણ થયો. મૃદંગ, શંખ, ઢોલ, શીંઘડીઓ વગેરે વિચિત્ર વાજીંત્રો વાગવા લાગ્યા. નાચ કરનારીઓએ નાચ કર્યા અને ગવૈયાઓએ ગાન કર્યા. વીણા, વેણુ તથા તાલીઓનો અવાજ ઘણો મોટો થતો હતો. ત્યારે જાત-જાતની ગરુડ વગેરેનાં ચિહ્નવાળી ધજાઓ, જયના વચનો લખેલી પતાકાઓ તથા ચતુરંગી સેનાઓ સાથે સુવર્ણના અલંકારો પહેરી રાજાઓ ગંગામાં સ્નાન કરવા નીકળવા લાગ્યા. યુધિષ્ઠિરને આગળ કરી યદુ, સૃંજય વગેરે જુદા-જુદા કુલના ક્ષત્રિયો પોતાનાં સૈન્યથી ભૂમિને કંપાવતા નીકળ્યા. પછી સભાસદો, યજ્ઞ કરાવનારા તથા ઉત્તમ બ્રાહ્મણો વેદનો મોટેથી ઉચ્ચાર કરતાં નિકળ્યા. સમીપમાં થતો આ ધ્વની વાજીંત્રોના અવાજથી પણ વધારે સંભળાતો હતો. દેવો ઋષિઓ અને પિતૃઓ ઉપર (આકાશમાં) ચાલતા પુષ્પોની વૃષ્ટિ તથા સ્તુતિ કરતા હતા. અલંકાર ધારણ કરેલ સ્ત્રીઓ અને પુરુષો આનન્દથી તેલ, દહીં, હળદર વગેરે રસો એક બીજા ઉપર નાખતાં વિહાર કરતા હતા. આ ઉત્સવ જોવા રાજાઓની રાણીઓ પાલખીઓમાં બેસી સૈનિકોથી રક્ષાતી, આકાશમાં ઉત્તમ વિમાનમાં બેસી દેવીઓ નીકળે તેમ તે, નીકળી. મામાના દીકરાઓ તથા ફોઈના દીકરાઓ તેમના ઉપર જલ છાંટતા હતા. જેમ રાજ્યના ભોગ્ય પદાર્થો બધાના ઉપયોગમાં આવે છે, તેમ જેમનો ધર્મ્ય વિવાહ થયો ન હોય તેવી સ્ત્રીઓની આવી બહારની લીલાનો આનન્દ તેમના સમ્બન્ધીઓ લઈ શકે છે. જેમનો ધર્મ્ય વિવાહ થયો હોય તે તથા ખાસ કરી પતિવ્રતા સ્ત્રીઓ તો વિલાસ કરતી જ નથી. બીજાઓની સાથે તો તેમના વિલાસ નથી જ થતા. આ સ્ત્રીઓ પણ પોતાના મામાના દીકરા અને દીયરો ઉપર પીચકારીઓથી જલ છાંટતી હતી.

યુધિષ્ઠિરને તો સામ્રાજ્ય પ્રાપ્ત થયું હતું તેથી તે ઉત્તમ અશ્વો જોડેલ સુવર્ણના અલંકારોથી શણગારેલા રથમાં બેઠો હતો અને જેમ ક્રિયાઓથી ઉત્તમ યજ્ઞ શોભે તેમ પોતાની પત્નીઓથી શોભતો હતો. પત્નીસંયાજ અને અવભૃથ નું કર્મ કરાવી આચમન કરેલા યુધિષ્ઠિરને ઋત્વિજોએ દ્રૌપદી સાથે અભિષેક વિધિથી સ્નાન કરાવ્યું. જલમાં પડી તેણે સ્નાન કર્યુ ત્યારે માણસોના દુંદુભિઓ સાથે દેવોએ દુંદુભિઓ વગાડ્યાં. દેવો પણ યુધિષ્ઠિરની ઈચ્છા પ્રમાણે વર્તન કરતા હતા. તેમને દેવપણું પ્રાપ્ત કરાવનારાં કર્મ કરતાં પણ આ યજ્ઞ મોટો હતો એમ જણાવવા તેમણે પુષ્પોની વૃષ્ટિ કરી. પછી રાજાની પરવાનગીથી સ્નાન કરવાથી, ઘણા પાપી હોય તે પણ તરત જ પાપથી મુક્ત થતા હોવાથી

બધા વર્ણ અને આશ્રમવાળા લોકોએ રાજાની સમક્ષ સ્નાન કર્યું. પતિત અને પાખંડીઓ ત્યાં જઈ શકતા ન હતા. આટલા સમય સુધી રાજાને યજ્ઞનું નિયમ હોવાથી તેણે અલંકારો ધારણ કર્યા ન હતા. હવે તેણે નવાં રેશમી વસ્ત્રો પહેરી અલંકાર ધારણ કર્યા અને ઋત્વિજો વગેરેને પણ પોતાની જેમે વસ્ત્રો અને અલંકારો પહેરાવ્યા. તેણે બંધુઓ, સગાંઓ, રાજાઓ, મિત્રો બધાની વારંવાર વિધિપ્રમાણે પૂજા કરી. તેનો ભગવાનની પૂજા કરવાનો નિર્ણય હતો અને બધા ભગવદ્રૂપ હોવાથી તેણે શ્રદ્ધાથી બધાની પૂજા કરી. રાજાએ બધાની ઈચ્છાઓ પૂર્ણ કરી તેથી બધા દેવ જેવી કાન્તિવાળા થયા. બધાએ મણિવાળા કુંડલો, પાઘડી, ઝબ્બો વગેરે વસ્ત્રો અને ઘણા કિંમતી હાર પહેરેલાં હતાં. આવી લૌકિક સમૃદ્ધિથી જ બધા યુધિષ્ઠિરનો આદર કરતા તેથી લોકની રીત પ્રમાણે આ જણાવ્યું. શ્રીકૃષ્ણ પણ યુધિષ્ઠિરના યજ્ઞમાં કામ કરનાર થયા, તે તેના તેમના ઉપરના પ્રેમને લીધે થયેલા, પરંતુ તે વસ્તુતઃ તેના તાબાના નથી, પણ સ્વતંત્ર જ છે.

પછી યજ્ઞ પૂર્ણ થતાં વેદ જાણનાર ઋત્વિજો, બ્રહ્મ જાણનાર સભાસદો, ચારે વર્ણના પુરુષો, રાજાઓ, દેવો, ઋષિઓ, પિતૃઓ વગેરે યજ્ઞમાં જે આવેલ તે બધા રાજાથી સત્કાર પામી, તેની રજા લઈ પોત-પોતાને સ્થલે ગયા. ધર્મમાં રચ્યા-પચ્યા રહેનાર અને ભગવાનના સેવક યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞના વૈભવની પ્રશંસા કરતાં, જેમ માણસ સ્વાદિષ્ટ અને મરણ હઠાવનાર અમૃતનું પાન કરતાં ધરાય નહિ તેમ તેઓ ધરાતા ન હતા. યુધિષ્ઠિરે મિત્રો, સમ્બન્ધીઓ અને પિતરાઈઓને પ્રેમને લીધે રોક્યા. યજ્ઞ સમયે આ બધા કામ કરવામાં રોકાયેલા હોવાથી ભોગ કરી શકેલા નહિ, તેથી યજ્ઞની ધાંધલ પૂરી થયા પછી તેમની સાથે ભોગ કરવા તેમને પ્રેમથી રોક્યા. શ્રીકૃષ્ણના ત્યાગથી તે વિહ્વલ થતો હોવાથી તેમને પણ પત્નીઓ સાથે રોક્યા. તેથી ભગવાને સાંબ વગેરે તથા યાદવો ને દ્વારકાના રક્ષણ માટે ત્યાં મોકલ્યા અને રાજા પ્રસન્ન થાય તે માટે પોતે ત્યાં જ રહ્યા. શ્રીકૃષ્ણને લીધે જ વિઘ્નરૂપ મગરમચ્છજેવા મનોરથરૂપ મહાસાગર તે તરી શક્યો અને જેમ વૈષ્ણવના ધર્મોથી જ્વર વગેરેને સમુદ્રમાં નાખી તેને સામે કાંઠે જનાર જ્વરરહિત થાય, તેમ તે જ્વરરહિત થયો.

**દુર્યોધનને સભામાં થયેલો ભ્રમઃ**

અત્યાર સુધી યજ્ઞનો આવેશ હોવાથી દુર્યોધનને ઈર્ષ્યા થઈ ન હતી. પછી એક સમયે યુધિષ્ઠિરના અંતઃપુરમાં તેણે ધન અને સ્ત્રીઓ જોયાં અને ભગવાનની ભક્તિવાળો, તથા રાજસૂય યજ્ઞ કરવાથી વૈદિક સંપત્તિવાળો તેને પણ જોયો. એ પ્રમાણે લોક, ભક્તિ અને વેદ માં તેની સરસાઈ જોઈ, તે પોતાને પણ તેની સમાન માનતો હોવા છતાં પોતામાં ત્રણ પૈકી એક પણ તેના જેવી સંપત્તિ ન હોવાથી તે દુઃખી થયો. રાજાઓની માનુષી સંપત્તિ, દૈત્યોની માયાથી ભરપૂર આસુરી સંપત્તિ અને દેવોની અલૌકિક સંપત્તિ પણ ભગવાને નવી રચેલી યુધિષ્ઠિરનાં અંતઃપુરમાં શોભતી હતી અને તે સંપત્તિઓથી દ્રૌપદી યુધિષ્ઠિરની સેવા કરતી હતી. જેમ પાંચ પાંડવો દ્રૌપદીનો ભોગ કરે છે તેમ અમારે પણ તેને

ભોગવવી એવી દુર્યોધનની ઈચ્છા હતી...

મયે બનાવેલી સભામાં યુધિષ્ઠિર પોતાનાં ભાઈઓ તથા સેવકો અને પોતાના ચક્ષુરૂપ શ્રીકૃષ્ણની વચ્ચે બેઠો હતો. દુર્યોધન કરતાં પણ શ્રીકૃષ્ણનું અધિક સન્માન થતું હતું અને તેમનું કરેલું જ માન્ય રખાતું હતું. યુધિષ્ઠિર સુવર્ણના સાક્ષાત્ આસન ઉપર ભગવાનની જેમે બેઠો હતો, યજ્ઞના ફલરૂપ રાજ્યચિહ્નથી શોભતો હતો અને બંધુઓ તેની પ્રશંસા કરતા હતા. તેવા સમયે અભિમાની દુર્યોધન મુકુટ તથા માલા પહેરી જાણે કે કોઈને મારવા આવતો હોય તેમ હાથમાં તલવાર લઈ ગુસ્સાથી ત્યાં આવ્યો. તે ગુસ્સે થવાથી બરાબર જોઈ પણ શકતો ન હતો. ત્યાં સભામાં ભૂમિને જલ માની તેણે વસ્ત્રોનો છેડો ઉંચો લીધો અને તેને નીચાણ જાણી તે (જલ)માં પ્રવેશ કરતો હોય તેમ (ભૂમિ ઉપર) પડ્યો. પછી જલ આવ્યું ત્યાં તેને ભૂમિ માની વસ્ત્રસહિત તેમાં પ્રવેશ કર્યો અને તે નીચાણમાં હોવાથી ત્યાં પડી ગયો. જે દુષ્ટ પુરુષ અભિમાન સાથે ક્રોધથી તે સભામાં પ્રવેશ કરે તે જલને સ્થલ અને સ્થલને જલ જાણે એવી કોઈ દેવતાઈ માયા ત્યાં મૂકી હતી. તે માયાથી મોહ પામેલા દુર્યોધનની એવી સ્થિતિ થઈ.

**દુર્યોધનની હાંસીઃ**

તેને આંધળાની જેમે વર્તતો જોઈ, તેનાથી સદા વિરુદ્ધ રહેનાર ભીમ હસ્યો. સ્ત્રીઓનો આવા પ્રસંગે હસવાનો સ્વભાવ હોવાથી તેઓ પણ હસી; અને બીજા રાજાઓ જે દુર્યોધનના સમ્બન્ધીઓ ન હતા તેઓ પણ હસ્યા. યુધિષ્ઠિરને આ અયોગ્ય લાગ્યું. તેણે બધાને રોકવા માંડ્યા, છતાં અંતઃકરણમાં અને બહારથી શ્રીકૃષ્ણનું અનુમોદન થવાથી તેઓ હસ્યા. શ્રીકૃષ્ણને ભૂમિનો ભાર હરવો હતો અને તે કાર્યમાં આ રાજસૂય યજ્ઞ નિમિત્ત થાય તે માટે તો તેમણે આ બધો ઉદ્યમ કરેલો. જેમ કંસનો વધ વગેરે બીજા મુખ્ય કર્મ ભગવાને ભૂમિનો ભાર હરવા કરેલાં, તેમ આ રાજસૂય યજ્ઞ પણ ભૂમિનો ભાર હરવામાં કારણરૂપ થાય તે માટે તેમણે કરાવેલો.

બધા હસતાં દુર્યોધનને લજ્જા થઈ. તે કાંઈ બોલ્યો નહિ પરંતુ અપમાનથી થયેલા ક્રોધથી અંદર બળતો હોય તેમ, ભીમને ધમકાવ્યા વિના જ, રાજાની રજા લીધા વિના જ છાનોમાનો ત્યાંથી નીકળી યમુના ઉતરી હસ્તિનાપુર જતો રહ્યો. પ્રાણીઓ ઉપર દયા રાખનાર સત્પુરુષોએ નજીકનો બંધુ આમ જતો રહેવાથી હાહાકાર કર્યો. યુધિષ્ઠિર પણ દિલગીર થયો, છતાં શ્રીકૃષ્ણે હાસ્યને અનુમોદન કરેલ હોવાથી તેનું કંઈક પ્રયોજન છે એમ તેને લાગ્યું. ભગવાન તો ન હસ્યા કે ન દર્શાવી દિલગીરી, પણ શાંત જ રહ્યા, કારણ કે જો દુર્યોધનને પાછો બોલાવી તેનું સન્માન કરવામાં આવે તો ભૂમિનો ભાર હરવાનું ન બને અને જો તેને હણવામાં આવે તો પાંડવોનો અહંકાર ન ઉતરે. ભગવાન તો જ્ઞાનદષ્ટિથી ભાવિ સર્વ જુએ છે, તેથી અપમાન થવાથી દુર્યોધન પાંડવોને જુગાર રમાડી, તેમાં હરાવી, રાજ્ય પડાવી વનવાસ કરાવશે અને રાજ્ય પાછું ન આપવાથી મહાભારત યુદ્ધ થઈ ભૂમિનો ભાર ઉતરશે એ સર્વ જાણતા હોવાથી, ભૂમિનો ભાર હરવાની ઈચ્છાથી સર્વને

સમાન હોવાથી શાંત જ રહ્યા.

**શાલ્વે કરેલ દ્વારકા ઉપર ચઢાઈ:**

હવે સાત્ત્વિકોના ફલરૂપ, શત્રુ શાલ્વ ઉપરના વિજયરૂપ, શ્રીકૃષ્ણનું અદ્‌ભુત ચરિત્ર કહેવામાં આવે છે. ભગવાનનું જેને અનુસંધાન નથી તેવો પુરુષ જગતમાં ધર્મ માટે પ્રયાસ કરતાં અધર્મ પ્રાપ્ત કરે છે, અર્થ માટે પ્રયાસ કરતાં અનર્થ પ્રાપ્ત કરે છે અને એ પ્રમાણે જે પુરુષાર્થ માટે પ્રયાસ કરે છે તે કરતાં વિરુદ્ધ ફલ જ પ્રાપ્ત કરે છે. સુખ માટે પ્રયાસ કરતાં દુઃખ પ્રાપ્ત કરે છે, કારણ કે ભગવાનનો સાક્ષાત્કાર અને ભગવાનના સમ્બન્ધી સર્વ પદાર્થ ફલરૂપ છે, તેને તે સાધન માને છે.

જરાસંધ વગેરે જેમે શિશુપાલનો મિત્ર શાલ્વ રૂક્મણીના લગ્ન પ્રસંગે કુંડિનપુર આવેલો અને તેમની જેમે યાદવોથી પરાજય પામેલો. ત્યારે શાલ્વે પ્રતિજ્ઞા કરી કે હું પૃથ્વીને મારા પુરુષાતનથી યાદવ વિનાની કરીશ. ગમે તેવું દુઃખ પડે છતાં પ્રતિજ્ઞાથી પાછા ન પડાય તે માટે બધા રાજાઓના સાંભળતા તેણે આવી પ્રતિજ્ઞા કરેલી. ભૂમિ પોતાનો ભાર હરાવા માટે યાદવ ઉપર આધાર રાખતી, તે યાદવ વિના રહી જ કેમ શકે? છતાં મૂર્ખાઈથી તેણે એવી પ્રતિજ્ઞા કરી. પશુ હોવાથી તેણે આ કાર્ય સિદ્ધ કરવા પશુપતિની આરાધના કરી. જો તેણે પુરુષોત્તમનું અથવા અંતર્યામીનું ભજન કર્યુ હોત તો તે ભક્ત અથવા જ્ઞાની થાત અને જગત્ ઉત્પન્ન કરવાનું અથવા વિશ્વનો નાશ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરત, પણ તેવું ભજન ઘણાં લાંબા સમયે થઈ શકે એમ માની, તેણે તરત પ્રસન્ન થનાર પશુપતિની આરાધના, રોજ એક મુઠી ધૂળ ખાઈને કરવા માંડી. ભગવાનથી વિમુખ હોઈ તેણે પોતાના હાથે જ પોતાના મુખમાં ધૂળ નાખી. મહાદેવ કાલના સેવક છે અને કાલ સંવત્સરરૂપ છે. તેમણે વિચાર્યું કે ''આ શાલ્વ દુષ્ટ છે, ભગવાનનો વિરોધ કરવા પ્રયાસ કરે છે અને મારી પ્રાર્થના કરે છે. ભગવાન અદ્‌ભુત કર્મ કરનારા હોવાથી મારે આને વર આપવો કે નહિ એ વિષયમાં તેમનો અભિપ્રાય જણાતો નથી. તેથી હું એક વર્ષ (સંવત્સર) સુધી રાહ જોઊં. જો સંવત્સરમાં આ મરે તો સ્વામીનું હિત કરનાર સંવત્સરથી જ કાર્ય પતી જશે, પણ જો તે આને દુઃખ જ દઈ જીવાડશે તો મારે પણ તેને દુઃખ થાય તે માટે વર આપવો''. આવો વિચાર કરી તે શાંત રહ્યા. તે ઘણા દયાળુ છે અને બીજાનું જરાએ દુઃખ સહન કરતા નથી, છતાં પણ શાલ્વ ન કરવા જેવો પ્રયાસ કરતો હોવાથી તેમણે ત્યાં સુધી વિલંબ કર્યો અને પછી તેને વિઘ્ન થાય તે માટે જ વર માગવા કહ્યું. તેના અંતર્યામીએ તેની બુદ્ધિનો નાશ કરેલ હોવાથી તેણે દેવો, અસુરો, મનુષ્યો, ગંધર્વો, સર્પો અને રાક્ષસોથી ભંગાય નહિ તેવું, તેને અધીન રહી તેની ઈચ્છામાં આવે ત્યાં તેને લઈ જાય તેવું અને યાદવોને ભય ઉત્પન્ન કરે તેવું વિમાન માગ્યું. ભગવાનને આ કાંઈ પણ અડચણ કરતા નથી એમ જાણી શંકરે તેને તેવું વિમાન આપવાનું કહ્યું. શત્રુથી જીતાય નહિ તેવું વિમાન બનાવી શાલ્વને આપવા તેમણે મયને આજ્ઞા કરી; અને મયે ઉત્તમ લોઢાનું ઘણું પ્રકાશતું 'સૌભ' વિમાન બનાવી શાલ્વને આપ્યું. તેની અંદર સદા અંધકાર રહેતો હોવાથી કોઈ તેમાં બેઠેલા શાલ્વને

જોઈ શકતું નહિ. વળી ઈચ્છા થતાં જ તે ઈચ્છેલી જગ્યાએ પહોંચાડતું. મહાદેવે વરદાનથી તે આપેલું નહિ, પરંતુ મય પાસે બનાવળાવી આપેલું હોવાથી તે નાશવંત હતું.

વિમાન મળતાં જ રુક્મણીનું હરણ, શિશુપાલનો વધ વગેરેથી થયેલાં યાદવોના વેરનું સ્મરણ કરતો તે સૈન્ય લઈ દ્વારકા ગયો. ત્યાં શહેરના દરવાજા, વાડીઓ, મહેલો, અગાશીઓ વગેરે ભાંગવા લાગ્યો અને ત્યાંના પુરુષોને દુઃખ દેવા શસ્ત્રોની વૃષ્ટિ કરવા લાગ્યો, બહારથી પથ્થરો અને વૃક્ષો ઉખાડી લાવી દ્વારકા ઉપર નાખવા લાગ્યો. તેને ઘોર વંટોળીઓ કર્યો અને તેથી બધી દિશાઓ ધૂળથી ભરાઈ. એ પ્રમાણે તે ત્યાંના લોકોની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનો નાશ કરવા લાગ્યો. આવી રીતે પીડાતી સુકુમાર નગરી દ્વારકામાં કોઈને સુખ રહ્યું નહિ, ત્યારે યશસ્વી પ્રદ્યુમ્ન પોતાની પ્રજાને પીડાતી જોઈ રથમાં બેસી ''ભય ન પામો'' એમ કહેતો યુદ્ધ કરવા ગયો. તેવી જ રીતે સાત્યકિ, ચારુદેષ્ણ, સાંબ, અક્રૂર અને બીજા મોટા સેનાપતિઓ ચતુરંગ સેના સાથે યુદ્ધ કરવા નીકળ્યા. બલભદ્ર કયાંક બહાર ગયેલા.

**યાદવોનું અને શાલ્વોનું યુદ્ધઃ**

પછી યાદવોનું અને શાલ્વોનું પ્રચંડ પ્રહારવાળું રોમાંચ કરે તેવું યુદ્ધ થયું. જેમ રાત્રિના અંધકારનો સૂર્ય નાશ કરે તેમ પ્રદ્યુમ્ને શાલ્વે રચેલી માયાનો નારાયણ, પાશુપાત એ દિવ્ય અસ્ત્રોથી નાશ કર્યો. સુવર્ણના પીંછાવાળા લોઢાના મુખવાળા પચ્ચીસ બાણોથી શાલ્વના સેનાપતિને વીંધ્યો. એક સો બાણથી શાલ્વને, દશ-દશ બાણથી તેના સારથીઓને, ત્રણ-ત્રણ બાણથી તેના અશ્વોને અને એક-એક બાણથી તેના સૈનિકોને વીંધ્યા. એકલાએ તેણે બધા શત્રુઓ ઉપર પ્રહાર કર્યો, તેની પ્રશંસા બન્ને પક્ષવાળાઓએ કરી.

પછી શાલ્વ પોતે યુદ્ધ કરવા લાગ્યો. તેનું સૌભ વિમાન ઘણાં રૂપવાળું દેખાતું અને ક્ષણમાં એક રૂપવાળું થતું. ક્ષણમાં દેખાતું ક્ષણમાં અદશ્ય થતું, કારણ કે તે માયામય હતું. તેથી તે ક્યાં છે એનો નિર્ણય યાદવો કરી શકતા નહિ. ક્ષણમાં તે ભૂમિ ઉપર અને બીજી જ ક્ષણે આકાશમાં દેખાતું. ક્ષણમાં પર્વતની ટોચ ઉપર અને બીજી ક્ષણ જલમાં દેખાતું. તે ફરતાં ઉંબાડીઆં જેમે ભમતું હોવાથી ન હોય ત્યાં પણ દેખાતું, એટલે તેનો નાશ કરવા શસ્ત્રોનો ઉપયોગ થઈ શકતો નહિ. સૌભ તથા સૈનિકો સાથે જ્યાં-જ્યાં શાલ્વ દેખાતો ત્યાં-ત્યાં યાદવ સેનાપતિઓ બાણો નાખતા, પણ એટલામાં તો શાલ્વ ત્યાંથી નીકળી જતો. આમ છતાં સર્વ પ્રદેશ અગ્નિ અને સૂર્ય જેવા બાણોથી ભરપૂર થવાથી તેનું વિમાન અને સૈનિકો વીંધાવા લાગ્યા તેથી શાલ્વ ગભરાયો, કારણ કે પલાયન કરવાનું અથવા શરણ જવાનું તો હતું જ નહિ. શત્રુને જીતવા કે મરવું એ જ ઉપાય હતો.

શાલ્વના સેનાપતિઓએ પણ શસ્ત્રોના પ્રહાર કરેલા, તેથી યાદવ સૈનિકો પણ ઘણું દુઃખ પામેલા, પરંતુ જય મેળવી આ લોકમાં કીર્તિ પ્રાપ્ત કરવી અથવા મૃત્યુ પામી સ્વર્ગ પ્રાપ્ત કરવું એવો તેમનો નિશ્ચય હોવાથી તેઓ યુદ્ધભૂમિનો ત્યાગ કરતા ન હતા.

શાલ્વનો અમાત્ય દ્યુમાન કાંતિવાળો હતો, તેને પ્રદ્યુમ્ને પહેલાં પીડેલો. તેથી તે આગળ આવ્યો અને કાળા લોઢાની બનાવેલી ગદાનો તેણે બળપૂર્વક પ્રદ્યુમ્ન ઉપર પ્રહાર કર્યો તેનાથી પ્રદ્યુમ્નને ઘણી પીડા થઈ અને તેની છાતી ચીરાઈ. પ્રદ્યુમ્ન શત્રુઓને પીડનાર હતો, છતાં મહાદેવનું સન્માન થાય તે માટે તેણે આ પ્રમાણે દુઃખ સહન કર્યું. તેનો સારથી દારૂકનો પુત્ર હતો, તે ધર્મ જાણનાર હોવાથી તેને રણભૂમિથી દૂર લઈ ગયો. એક મુહૂર્ત તેને મૂર્ચ્છા રહી, પછી તેને ભાન આવ્યું. ત્યારે પોતાની પાસે સારથીને જોઈ, તેણે તેનો તિરસ્કાર કરતાં કહ્યું–

''મને તું યુદ્ધભૂમિ ઉપરથી અહીં લાવ્યો તે બહુ ખોટું કર્યું. યુદ્ધમાં જય અથવા મરણ જ હોય. ભાગી જવાનું પહેલા બન્યું જ નથી. કાયર ચિત્તવાળાએ તેં મને આ કલંક લગાડ્યું. હું એક જ યુદ્ધભૂમિથી દૂર થયો અને તે પણ તારા જેવા સારથીને લીધે. તું આવો છે તે પણ મેં આજે જ જાણ્યું. મારા પિતા શ્રીકૃષ્ણ તથા બલભદ્ર પાસે જઈ, ધર્મયુદ્ધમાંથી ભાગેલો હું શું કહીશ? હું અશક્ત હતો એમ હું નહિ કહી શકું. તું લઈ આવ્યો એમ કહું તો તેઓ કદાચ માનશે, પણ મારા ભાઈઓની વહુઓ તો મારી મશ્કરી જ કરશે. તેઓ કહેશે કે ''હે વીર! બીજાની સાથે તમે કેમ ભય પામ્યા?'' એ પ્રમાણે પ્રદ્યુમ્ને સારથિને ઠપકો આપ્યો ત્યારે તેણે કહ્યુ કે ''સારથીએ સંકટમાં આવેલા રથીનું રક્ષણ કરવું જોઈએ અને રથીએ તેવી સ્થિતિમાં આવેલા સારથિનું રક્ષણ કરવું જોઈએ એવો ધર્મ છે. તમારું આયુષ્ય હતું, તેથી નકામા મરવા ન દેતાં હું તમને અહીં લઈ આવ્યો છું. શત્રુના પ્રહારથી તમારી છાતી ચિરાઈ ગયેલી અને તમે બેભાન થયેલા. એવા સંકટમાં તમે આવી પડેલ હોવાથી હું તમને લઈ આવ્યો. કારણ કે કીર્તિ અને ધર્મમાં વિરોધ હોય ત્યારે ધર્મ સાચવવો જોઈએ. તેથી હું પણ આવી સ્થિતિમાં આવી પડું તો તમારે પણ મારું રક્ષણ કરવાનું છે એ ધ્યાનમાં રાખશો.'' એ પ્રમાણે પ્રદ્યુમ્નને ઘણી પીડા થતાં તેણે ભગવાનનું સ્મરણ કર્યું, એટલે ભગવાન પધારી તેનું દુઃખ દૂર કરશે, પણ દ્યુમાનનો વધ પણ જો ભગવાન જ આવીને કરે, તો પ્રદ્યુમ્નનું દુઃખ દૂર થાય જ નહિ.

તેથી મૂર્ચ્છા વળી ત્યારે પશ્ચાત્તાપ કર્યા પછી દ્યુમાનનો વધ કરવા પ્રદ્યુમ્ને પ્રવૃત્તિ કરી. મૂર્ચ્છા વળે ત્યારે આચમન કરવું જોઈએ. તેણે આચમન કર્યું અને પહેલાં પોતાનાં અભિમાનને લીધે કવચ પહેર્યું ન હોવાથી તેનાં અભિમાનનો નાશ થાય તે માટે તે ઘવાયેલો. તેથી હવે તેણે લૌક્કિ તથા નારાયણ વગેરે કવચ પહેર્યાં અને પછી પોતાને દ્યુમાન પાસે લઈ જવા સારથીને કહ્યું. પોતાનાં સૈન્યો ઉપર પ્રહાર કરતા દ્યુમાનને ખોળી કાઢી, તેણે તેના ઉપર આઠ બાણોનો પ્રહાર કર્યો. તે પૈકી ચાર તેના ઘોડાઓને, એક સારથિને, બે ધનુષ્યને તથા ધજાને માર્યાં અને આઠમું તેના માથામાં માર્યું. એ પ્રમાણે દ્યુમાન હણાતાં, ગદ સાત્યકિ સાંબ વગેરેએ તેનાં સૈન્યને હણવા માંડ્યું અને યુદ્ધ માટે અંતરિક્ષમાં આવેલા અથવા નાસી જતા સૌભેયો ગળું કપાતાં સમુદ્રમાં પડ્યા. યાદવોનું અને શાલ્વોનું આવું ભયંકર યુદ્ધ સત્તાવીસ દિવસ અને રાત ચાલ્યું, છતાં કોઈનો જય અથવા પરાજ્ય થયો

નહિ.

**શ્રીકૃષ્ણનું યુદ્ધભૂમિ ઉપર આગમનઃ**

કેટલાકની એવી માન્યતા છે કે ભગવાન યુધિષ્ઠિરના રાજસૂય માટે ઈન્દ્રપ્રસ્થ ગયેલા અને ત્યાં પાછળથી બલભદ્રને પણ બોલાવેલા. રાજસૂય પૂરો થયો અને શિશુપાલ હણાયો, ત્યાર પછી વૃદ્ધ કૌરવો, કુંતિ, પાંડવો તથા મુનિઓની રજા લઈ, દ્વારકામાં દુઃખ સૂચવનારાં અપશુકનો થતાં શ્રીકૃષ્ણ દ્વારકા જવા નીકળ્યા. શ્રીકૃષ્ણ માર્ગમાં તે વિચારતા હતા કે ''હું અહીં આવ્યો અને પછી બલભદ્ર પણ આવી મળ્યા એટલે રક્ષણ માટે અવતાર ધારણ કરેલા અમો બે પૈકી કોઈ દ્વારકામાં ન રહેવાથી શિશુપાલના પક્ષના રાજાઓ ત્યાં જરૂર રંજાડ કરતા હશે''. ત્યાં આવતાં રાત-દિવસ યુદ્ધનું દુઃખ થતું હતું તે તેમણે જોયું. સૌભ, જગત્, શાલ્વ ને જોયા પછી શ્રીકૃષ્ણે સારથિને કહ્યું કે ''મારો રથ ઝડપથી શાલ્વ પાસે લઈ જા. તું ભય ન રાખ. આ શાલ્વ માયાવી છે.'' પહેલાં દારૂકને ભય થતો હતો પણ ભગવાનનાં વચન સાંભળી ભય તજી તેણે એવી ઝડપથી રથ હાંક્યો કે ધૂળ ઉડવાથી કોઈ રથ જોઈ શક્યું નહિ, પણ બન્ને પક્ષવાળાઓ માત્ર ગરૂડને જ જોઈ શક્યા. પછી શાલ્વે શ્રીકૃષ્ણને જોયા ત્યારે તેનું સૈન્ય લગભગ હણાઈ ગયેલું હતું.

**શ્રીકૃષ્ણ અને શાલ્વનું યુદ્ધઃ**

શ્રીકૃષ્ણનો સારથી રથ ઝડપથી લાવ્યો, તેથી ક્રોધ કરી તેણે ભયંકર વેગવાળી શક્તિ તેના ઉપર નાખી. ઉંબાડીયા જેમે વેગથી ધસી આવતી અને દિશાઓમાં પ્રકાશ કરતી તે શક્તિના શ્રીકૃષ્ણે બાણોથી સેંકડો કટકા કર્યા અને શાલ્વને પછી સોળ બાણ મારી તેના આઠે અંગ બે-બે બાણથી વીંધ્યા. સૌભ વિમાન આકાશમાં ભમ્યા કરતું હતું, તેને જેમ સૂર્ય પોતાના કિરણોથી આકાશને ભરી દે તેમ બાણોથી ભરી દીધું. જેમ સૂર્યના કિરણોથી આકાશને પીડા થતી નથી, તેમ આ બાણોથી સૌભને મહાદેવને લીધે ઈજા થઈ નહિ. સૌભ ઉપર શ્રીકૃષ્ણે બાણ નાખ્યાં તેથી મહાદેવ ઉપરની ભક્તિને લીધે શાલ્વે શાંર્ગ ધારણ કરેલા શ્રીકૃષ્ણના ડાબા હસ્ત ઉપર પ્રહાર કર્યો અને તેમના હાથમાંથી શાંર્ગ પડી ગયું. મહાદેવના પ્રતાપથી તેનાથી એવું અદ્‌ભુત કાર્ય થયું. આવું કોઈવાર થયેલ નહિ હોવાથી બધા પ્રાણીઓએ હાહાકાર કર્યો અને શાલ્વે ગર્જના કરી કહ્યું કે ''અમારા નમાલા જેવાના દેખતાં જ તમે મારા મિત્ર અને તમારા ભાઈની પત્નીનું હરણ કર્યુ અને તે શક્તિવાળો હોવા છતાં તેના ગર્વને લીધે તમે તેને સભામાં હણ્યો. તેથી જો તમે મારા સામે ઉભા રહેશો તો હું તમારા ઉપર તિક્ષ્ણ બાણોનો પ્રહાર કરીશ.'' ભગવાને તેને ઉત્તર આપ્યો કે ''હે મૂર્ખ!તું ખોટી બડાઈ કરે છે. મારાથી તારું મૃત્યુ નજીકમાં થવાનું છે તે જોતો નથી. શૂરવીર ક્ષત્રિયો પોતાનું પુરુષાતન દર્શાવે છે, પણ બોલતા નથી; કારણ કે વાણીનું બલ તો બ્રાહ્મણોનું જ છે.'' એમ કહીને ભગવાને શાલ્વને તેના ગળાની હાંસડી ઉપર ક્રોધથી ભયંકર વેગવાળી ગદા મારી, તેથી તે લોહી ઓકી ધ્રુજવા લાગ્યો. બીજો પ્રહાર ભગવાન કરશે તો હું મૃત્યુ પામીશ એમ જાણી, તે અસુર હોવાથી ભગવદ્રૂપ માયાની પ્રાર્થના કરવા અદશ્ય થયો.

**શાલ્વની માયા શ્રીકૃષ્ણનો મોહ?**

ત્યાર પછી એક મુહૂર્તે એક પુરુષ ભગવાન પાસે આવ્યો. તે માયિક હતો છતાં ભગવદીય થઈ આવ્યો, તેથી ભગવાન પાસે આવવાથી તેનો નાશ ન થયો. તેણે ભગવાનને મોહ કરવા નમન કરી રડતાં-રડતાં કહ્યું કે "મને દેવકીએ મોકલ્યો છે. હે મહાબાહુવાળા! પિતા ઉપર પ્રેમ રાખનાર શ્રીકૃષ્ણ! જેમ વધ કરનારો પશુને લઈ જાય છે તેમ શાલ્વ આપના પિતાને બાંધીને લઈ ગયો છે". આ સાંભળતા શ્રીકૃષ્ણે મનુષ્યસ્વભાવનો અંગીકાર કર્યો અને તેથી તે ખિન્ન થયા. પિતા ઉપર તેમને દયા આવી. પિતા ઉપરના સ્નેહને લીધે પ્રાકૃત પુરુષ જેમે તે બોલ્યા કે "મેં રક્ષણ માટે બલભદ્રને રાખ્યા છે તે દેવો તથા દાનવો થી પણ જીતાય તેવા નથી અને સદા સાવધાન રહે છે. છતાં નમાલો શાલ્વ મારા પિતાને કેમ લઈ જાય? ભાગ્ય જ બલવાન છે" આમ તે બોલતા હતા એટલામાં વસુદેવ જેવા કોઈ માયાવી પુરુષને લઈ શાલ્વ તેમની સામે આવ્યો અને તેણે તેમને કહ્યું કે "હે પિતૃભક્ત કૃષ્ણ! તમે પિતા માટે જ જીવો છો, તે તમારા પિતા આ રહ્યા તમારા દેખતાં હું તેમને હણીશ. તમારામાં શક્તિ હોય તો તેમનું રક્ષણ કરો." શાલ્વ પોતે શ્રીકૃષ્ણને પીડા કરી શકતો ન હતો, તેથી પિતાનું રક્ષણ કરી ન શકવાથી તે પોતે જ દુઃખી થશે એમ માની તેણે એ પ્રમાણે કહ્યું અને તે માયારૂપ ભગવાને તેનામાં આવેશ કરેલો હોવાથી લીલા દેખાડનારની જેમે તેણે તલવારથી વસુદેવ જેવા દેખાતા પુરુષનું માથું કાપી નાખ્યું અને ફરી તેને કોઈ ધડ સાથે જોડે નહિ તે માટે તેને લઈ આકાશમાં રહેલ સૌભમાં તે બેઠો. આટલા સમયમાં બીજું મુહૂર્ત પૂરું થયું.

ત્રીજા મુહૂર્તમાં પણ ભગવાન આ વિષયનો વિચાર કરતાં શાંત જ રહ્યા. એક મુહૂર્ત પ્રકૃતિમાં લીન રહીને પછી માનુષી પ્રકૃતિનો ત્યાગ કરી, કોઈએ બોધ કર્યા વિના પોતે જ પોતાની જ્ઞાનશક્તિ પ્રકટ કરી સર્વ સત્ય વૃતાંત જાણી લીધો. તેમને સ્વજનનો પણ સંગ નહિ હોવાથી આત્માની જીજ્ઞાસા થતાં પોતાની મેળે જ્ઞાન થયું. તેમણે જાણ્યું કે આ મયે ઉત્પન્ન કરેલી અને શાલ્વમાં રહેલી માયા હતી એવો બોધ થતાં ભગવાને ત્યાં દેવકીનો દૂત, પિતાનું ક્લેવર વગેરે કાંઈ રણભૂમિ ઉપર જોયું નહિ. તે બધું સ્વપ્ન જેવું જણાયું (આ જુદા કલ્પની કથા છે. તે સમયે ભગવાન પૂર્ણ અવતરેલા નહિ. છતાં આ એમ સૂચવે છે કે તે કલ્પમાં પણ ભગવાન શુદ્ધ બ્રહ્મ જ હતા. અજ્ઞાન હોવાની વગેરે લીલા બધા અવતારોમાં થતી હોવાથી તે શુદ્ધ બ્રહ્મ હોય તેમાં કાંઈ અયોગ્ય નથી.). તેમણે શાલ્વને સૌભમાં બેસી આકાશમાં ફરતો જોયો. તેણે માયાવી વસુદેવનું માથું કાપી નાખેલ, તે પાપ થતાં મહાદેવ તથા માયારૂપ ભગવાને તેની સંભાળ રાખવાનું મૂકી દીધું, એટલે તેનું રક્ષણ કરનાર કોઈ રહ્યું નહિ. ભગવાને તેને હણવાની પ્રવૃત્તિ કરી.

આવી કેટલાકની માન્યતા છે તે ખોટી છે. આમ જે મુનિઓ કહે છે તેઓને મનનથી જે દિવ્ય જ્ઞાન થયેલું તે ઉપરથી કલ્પના કરીને જાણેલું તેઓ કહે છે; પણ મૂલ ભગવાન ઉપર દિવ્ય જ્ઞાનનો આધાર હોવાથી જ્યાં મૂલનો વિરોધ થતો હોય ત્યાં એવું જ્ઞાન

પ્રમાણ નથી. ભગવાનના પ્રભાવ અને કૃપા વિના એટલે પ્રમેયબલ વિના દિવ્ય જ્ઞાન થતું નથી, તેથી એવા જ્ઞાનથી ભગવાનમાં દોષ જોવા, એ પોતાના જન્મના સમ્બન્ધમાં પોતાની માએ વ્યભિચાર કરેલો પોતે જોયેલો, એમ કોઈ કહે તેના જેવું સંપૂર્ણ પ્રકારે અસત્ય જ છે. છતાં નિર્લજ્જ, ઉદ્ધત પુરુષો ભગવાનમાં આવી રીતે દોષ જુએ છે તે બધા અસત્ય કહેનારા છે. જો તેઓ બીજા કલ્પની વાત યોગના બલથી જાણીને કહેતા હોય તો તેમાં કાંઈ વાંધા જેવું નથી, પરંતુ શ્રીમદ્ભાગવતમાં જણાવેલ શ્રીકૃષ્ણ સમ્બન્ધી આવી વાત કહેતા હોય તો 'શ્રીકૃષ્ણ તો પોતે ભગવાન છે' વગેરે વાક્યોથી તેમની વાત વિરુદ્ધ હોવાથી અસત્ય છે. તેમને આવા વાક્યનું સ્મરણ ન રહેવાથી આવી ખોટી વાત કરે છે.

આ ભાગવતમાં જણાવેલ શ્રીકૃષ્ણનો અવતાર બીજા અવતારો જેમે કોઈ પણ અંશે અજ્ઞાનવાળો નથી, પરંતુ પૂર્ણ શક્તિવાળા સાક્ષાત્ પુરુષોત્તમનો જ છે. આવા પૂર્ણસ્વરૂપની હલકાઈ જણાવવી યોગ્ય નથી જ, કારણ કે એમ કરવાથી ભક્તોને તેમની સરસાઈનું જ્ઞાન ન થાય. અહીં તો પિતા માટે તેમને શોક અને મોહ થવાનું, માયાવી વસુદેવમાં પિતા હોવાની માન્યતા અને સ્નેહ વગેરે અજ્ઞાની જીવના જ અંતઃકરણના ગુણો ભગવાનમાં હોવાનું કહેલું છે, એ સંભવતું જ નથી. ભગવાનમાં ૧.આત્માનો અનુભવ અથવા પૂર્ણ જ્ઞાન ૨.સર્વ વસ્તુઓનું જ્ઞાન અને ૩.પૂતનાના પ્રાણરૂપ ધાવણનું પાન વગેરે ઐશ્વર્ય બધી લીલાઓમાં સ્પષ્ટ દેખાય છે. બાલપણમાં સર્વને અજ્ઞાન હોય છે તેવું પણ તેમનામાં નથી, તો પછી મોટી વયે જ્યારે જીવો પણ વિવેક પ્રાપ્ત કરે છે તેવા સમયે તેમનામાં તે કેમ જ હોઈ શકે? ભગવાનમાં હદ વિનાનું ઐશ્વર્ય છે એમ લોકો પણ જાણે છે. પારિજાતનું સ્વર્ગમાંથી હરણ, ગોવર્ધનને સાત દિવસ અને રાત ધારણ કરવો, કાલિયને નાથવો વગેરે તેમનાં ચરિત્રો મૂર્ખોને પણ તેમનાં માહાત્મયનું ભાન કરાવે છે. તેથી આ અવતારમાં કોઈ પણ અંશે અજ્ઞાન હતું એમ કહેવું એ અસત્ય જ છે.

બ્રહ્મ જાણનારના ચરણ સેવી પ્રાપ્ત કરેલી આત્મવિદ્યા આ ભગવાનના ચરણારવિંદના સેવનથી પુષ્ટ થાય છે. આમને ગુરુનો પણ મોહ દૂર કરેલો, તો પછી આમને મોહ થવાનું કેમ જ સંભવે? આમના ચરણના સેવનથી જ્ઞાન ઉત્પન્ન થાય છે અને પુષ્ટ થાય છે એટલું જ નહિ, પરંતુ દેહમાં આત્મા હોવાની અનાદિ બુદ્ધિ હોય છે તે પણ મટી, મૂલ સહિત અજ્ઞાનના કાર્યનો નાશ થાય છે. એટલું જ નહિ, પરંતુ અજ્ઞાન દૂર થતાં ભગવાન પણ પ્રાપ્ત થાય છે અને સાયુજ્ય પ્રાપ્ત થાય છે. માત્ર ચરણના સેવનથી જ એક જ જન્મમાં અવિદ્યા દૂર થાય છે, જ્ઞાન પ્રાપ્ત થાય છે અને સાયુજ્ય પ્રાપ્ત થાય છે, જ્યારે જ્ઞાનમાર્ગમાં પણ કરોડો જન્મથી જ તે પ્રાપ્ત થઈ શકે છે. આ ભગવાન કાલ વગેરેને પણ વશ રાખનાર છે તો પછી મહાદેવ અથવા તેમના ભક્તની તેમને શી પડી હોય કે તેમનું માહાત્મય દર્શાવવા પોતે પોતાનાં અજ્ઞાન તથા મોહ જણાવે? સત્પુરુષો પણ મોહનો દેખાવ કરતા નથી તો તેમના ફલરૂપ ભગવાન શા માટે તેમ કરે? બીજા અવતારો પણ પોતાના ભક્તોની સાથેની લીલામાં જ પોતાનો પરાજય વગેરે દેખાડતા હોવાનું શાસ્ત્રમાં

વર્ણન કરે છે. તેથી આ અવતારમાં ભગવાનને મોહ થવાનું અથવા મોહ દેખાડવાનું કાંઈ પણ કારણ નહિ હોવાથી આ વૃત્તાંત સત્ય નથી જ.

**સત્ય વૃત્તાંતઃ**

સત્ય વૃત્તાંત એવો છે કે યાદવો અને શાલ્વોનું યુદ્ધ શરૂ થયા પછી અઠ્યાવીસમા દિવસે ભગવાન પોતે યુદ્ધભૂમિ પર આવ્યા. તે સમયે શાલ્વ બલપૂર્વક જાત-જાતનાં શસ્ત્રોથી પ્રહાર કરતો હતો. ભગવાને ત્રણ બાણોથી તેનું કવચ, ધનુષ્ય અને માથાના મણિને કાપી નાખ્યાં અને બીજા બાણો સૌભ તથા તેના ઉપર નાખ્યાં. પછી બાણના પ્રહારથી સૌભને પોતાની પાસે લાવી ગદાથી તેને ભાંગી નાખ્યું. એક તો ભગવાન કાલરૂપ અને તેમની પૂરેપૂરી ક્રિયાશક્તિથી તેમણે ગદાના પ્રહાર કર્યો, એટલે સૌભનું રક્ષણ કરનાર બધા જતા રહેતાં તે ચકરી ખાવા લાગ્યું અને તેના હજારો કટકા થતાં તે જલમાં પડ્યું. ગદા પાછી ભગવાન પાસે આવી. સૌભ કટકા થઈ પડતાં શાલ્વ તેને મૂકી દઈ ગદા ઉગામી ભૂમિ ઉપર ઉભો રહ્યો અને શ્રીકૃષ્ણ તરફ દોડ્યો. તે દોડી આવતો હતો ત્યારે ભગવાને બાણથી તેનો હાથ કાપી નાખ્યો અને પ્રલય સમયના સૂર્ય જેવું, જોતાં જ ભય ઉત્પન્ન કરનારું સુદર્શન લઈ, સૂર્ય સાથે ઉદયાચલ શોભે તેમ તે શોભવા લાગ્યા. મહાદેવ વગેરેની પરીક્ષા કરવા ''જો આ શાલ્વનું રક્ષણ કરનાર કોઈ હોય તો આવો'' એમ જણાવતા ભગવાન સુદર્શન પકડી કેટલોક સમય એમ ઉભા રહ્યા, પરંતુ કોઈ આવ્યું નહિ, એટલે તેનાથી જ તેમણે શાલ્વનું માથું કાપી નાખ્યું. શ્રીકૃષ્ણ સર્વનું દુઃખ હરનાર હરિ હોવાથી શાલ્વને પણ મોક્ષ મળે તે માટે તેમણે તેનું માથું કાપી નાખ્યું. જો આ જીવતો રહ્યો હોત તો બધાને પીડા કરત, તેથી જેમ ઈન્દ્રે વૃત્રનું વજ્રથી માથું કાપેલ તેમ ભગવાને સુદર્શનથી તેનું માથું કાપ્યું. ત્યારે તેના પક્ષવાળાઓને હાહાકાર થઈ ગયો. તે મૂઓ અને સૌભનો પણ નાશ થયો, છતાં યુદ્ધ પૂરું થયું નહિ કારણ કે પોતાના મૂયેલા મિત્રોનું વેર વાળવા દંતવક્ર ક્રોધ કરી લડવા આવ્યો. તેણે એમ માનેલું કે ભગવાન બીજાઓની સાથે યુદ્ધ કરવામાં રોકાયેલા હશે ત્યારે હું વિજય પ્રાપ્ત કરીશ. એવા વિચારથી તે યુદ્ધ કરવા આવ્યો.

**દંતવક્રનો વધઃ**

જેમ પતિના કારણે પ્રવૃત્તિ કરનારી પત્ની પતિના મરણ પામતાં પોતે મરે છે, તેમ શિશુપાલ વગેરે મિત્રો મરણ પામતાં, દંતવક્ર તેમની મૈત્રી જણાવવા મરવા શ્રીકૃષ્ણ સામે આવ્યો, કારણ કે તે દુષ્ટ બુદ્ધિવાળો હતો. શિશુપાલ, શાલ્વ, પૌંડ્રક વગેરે તેના મિત્રો ભગવાનના હાથથી મરણ પામેલા હોવાથી તેમનો ઉદ્ધાર થયેલો. દંતવક્ર મરવાથી તેમનું કાંઈ ભલું થવાનું ન હતું એમ જાણતો હોવા છતાં તે મરવા આવ્યો તે ક્રોધ કરી હાથમાં ગદા લઈ એકલો પોતાના પગથી ધરતી ધ્રુજાવતો આવ્યો. તેથી ધર્મયુદ્ધ થઈ શકે તે માટે ભગવાન પણ તરત હાથમાં ગદા લઈ રથમાંથી હેઠે કૂદી પડ્યા અને તરત જ તેની સામે આવ્યા. ત્યારે કારૂષના રાજા, ઘણાં મદવાળા દંતવક્રે ગદા ઉગામી તેમને કહ્યું કે ''આજ તમે મારી નજરે પડ્યા એ મારું મોટું ભાગ્ય, કારણ કે મનોરથ કરી જેમને શોધવામાં આવે છે

તે પોતે જ આવી મળ્યા. અમે શિશુપાલ વગેરેના તમે મામાના પુત્ર છો. તમે મિત્રોને સર્વ આપનાર સર્વના સખા અને શિક્ષક છો અને મને હણવા ઇચ્છો છો, તેથી વજ્ર જેવી મારી ગદાનો હું જ તમારા ઉપર પ્રહાર કરીશ. તેથી મારા મિત્રોનું વેર મેં વાળ્યું ગણાશે. તમે તો દૈત્યો ઉપર પણ કૃપા કરનાર હોવાથી શત્રુ ઉપર પણ પ્રેમ રાખનારા છો. બંધુના જેવા રૂપવાળો આ દેહ છે, પણ વાસ્તવિક રીતે તે શત્રુ જેવો છે. તેથી જેમ દેહમાં રહેલા રોગને હણે તેમ આ શત્રુદેહને પાડી હું મિત્રોનું દેવું ભરપાઈ કરીશ''.

એવી રીતે જેમ અંકુશના પાછલા ભાગથી હાથીને આગળ ચાલવા ઉશ્કેરે તેમ કઠોર વચનોથી પોતાને તરત હણવા શ્રીકૃષ્ણને ઉશ્કેરી, તેણે તેમના મસ્તક ઉપર સુષુમ્ણા પાસે ગદાનો પ્રહાર કર્યો અને સિંહની જેમે ગર્જના કરી. ગદાનો પ્રહાર થવા છતાં શ્રીકૃષ્ણ યુદ્ધભૂમિથી જરાએ ડગ્યા નહિ. તેમણે દન્તવક્રના જીવને તેના દેહની બહાર નીકળવામાં દેહના છ ગૂઢ ચક્રો ભેદવાનો શ્રમ ન થાય તે માટે તેનાં સ્તનો વચ્ચે મોક્ષ પ્રાપ્ત કરાવનારી પોતાની ભારે કૌમોદિકી ગદાનો પ્રહાર કર્યો. તે પ્રહારથી તેનું હૃદય ચીરાઈ ગયું. કડવાં વચનરૂપ વાણીનો દોષ ન રહે તે માટે તેના મુખથી તેણે લોહી ઓકી કાઢ્યું અને દયા ઉત્પન્ન થાય તે માટે કેશ અને હાથ તથા પગ પૃથ્વી ઉપર ભગવાનના ચરણારવિંદ પાસે પ્રસારી તે મરણ પામ્યો. પછી જેમ શિશુપાલના મૃત્યુ સમયે થયેલ તેમ સર્વ પ્રાણીઓના દેખતાં તેના આત્મારૂપ સૂક્ષ્મ તેજ દશ દિશાઓ પ્રકાશતું ભગવાનનાં ચરણારવિંદમાં જેમું.

**વિદુરથનો વધઃ**

દંતવક્રને એવી રીતે સાયુજ્ય પ્રાપ્ત થયું તે જોઈ, દૂરથી જ ભયંકર જણાતા રથ ઉપર સવાર થયેલો તેનો ભાઈ વિદૂરથ, પોતાના ભાઈના શોકમાં ગરકાવ થઈ, હાથમાં ઢાલ તલવાર લઈ સર્પની જેમે ક્રોધથી ઉંડા શ્વાસ લેતો આવ્યો. તે પોતાના સેવક (દંતવક્ર બનેલ 'વિજય' પાર્ષદ)નો સમ્બન્ધી હોવાથી, તે પ્રહાર કરે તે પહેલાં જ, તેનું કુંડલો અને મુકુટવાળું માથું, દૂરથી જ ભગવાને પોતાનાં ચક્રથી કાપી નાખ્યું. એ પ્રમાણે ભગવાને શાલ્વ અને સૌભ, દંતવક્ર અને વિદૂરથ ને પણ બીજા શૂરવીરો સાથે હણ્યા ત્યારે ભગવાનની યુદ્ધલીલા સમાપ્ત થઈ. તેથી સંતોષથી દેવો, મનુષ્યો, મુનિઓ, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો, મોટા સર્પો, અપ્સરાઓ, પિતૃઓ, યક્ષો, કિન્નરો તથા ચારણોએ ભગવાનની સ્તુતિ કરી, તેમના વિજયનાં ગાન કર્યા તથા પુષ્પોની વૃષ્ટિ કરી.

તે પછી યાદવોથી વીંટાઈ ભગવાને દ્વારકામાં પ્રવેશ કર્યો. એ રીતે ભગવાન શ્રીકૃષ્ણે પોતાનાં સામર્થ્યથી ભૂમિનો ભાર હર્યો. જેઓ યોગથી ભ્રષ્ટ થયેલા તેમને મોક્ષ આપ્યો. તે જગતના ઈશ્વર હોવાથી એ તેમનું કાર્ય હતું. છતાં પશુદષ્ટિવાળા એમ જાણે છે કે ભગવાનનો કોઈ સમયે જય થાય છે અને કોઈ સમયે પરાજય થાય છે. જેમને આગળ-પાછળનું અનુસંધાન નથી તેવા પશુઓ જ એમ જાણે છે. શ્રીકૃષ્ણ વસ્તુતઃ પુરુષોત્તમ જ છે. કોઈ પણ અંશથી કોઈ સમયે તેમની બીજી સ્થિતિ હતી જ નહિ. ભગવાને હવે યુદ્ધલીલા પૂરી થતાં શસ્ત્રોનો ત્યાગ કર્યો.

**બલભદ્રની તીર્થયાત્રાઃ**

બલભદ્રે કીર્તિ પ્રાપ્ત કરવા ધર્મક્રિયા કરેલી. પાંડવો તથા કૌરવો યુદ્ધની તૈયારી કરે છે એમ તેમણે સાંભળ્યું ત્યારે આ યુદ્ધથી અનર્થ થશે એમ જાણી તેમણે તેનો ત્યાગ કર્યો, એ જ ધર્મરૂપ છે. વળી તીર્થ કરવાના બહાને તેને તજી તીર્થો કર્યાં એ વિશેષ ધર્મ કર્યો. આ યુદ્ધમાં ભગવાન પાંડવોના પક્ષમાં છે તેથી જો પોતે કૌરવોનો પક્ષ લે તો ભાઈઓમાં અંદર-અંદર વિરોધ થાય. તેથી તીર્થ કરવાના બહાનાથી તેઓ જતા રહ્યા. વાસ્તવિક રીતે તીર્થો કરવામાં તેમને પ્રીતિ ન હતી, પણ યુદ્ધમાં મધ્યસ્થ રહેવાય તે માટે જ તેઓ તીર્થો કરવા નીકળ્યા.

સાત્ત્વિકોનો ઉદ્ધાર કરવા ભગવાને ધર્મ કરવો જોઈએ. યજ્ઞો અને તીર્થ એ ધર્મ છે. વસુદેવ જીવતા હતા, તેથી યજ્ઞ થઈ શકે તેમ ન હતું. રાજસૂય જેવો યજ્ઞ તો ન જ થઈ શકે તેથી જ ભગવાને યુધિષ્ઠિરને યજ્ઞમાં મદદ જ કરેલી. તીર્થયાત્રા પણ યજ્ઞની સમાન જ હોવાથી બલભદ્રે તે કરવાની પ્રવૃત્તિ કરી. તેમણે પ્રથમ પ્રભાસમાં સંગમ ઉપર અગ્નિકુંડમાં સ્નાન કર્યું, પછી બ્રાહ્મણોને ભોજન કરાવી દેવો, ઋષિઓ, પિતૃઓ તથા મનુષ્યો ને તૃપ્ત કરી, તીર્થ પૂર્ણ થાય તે માટે બ્રાહ્મણોને સાથે લઈ સરસ્વતીના કાંઠે-કાંઠે તેના મૂલ તરફ ચાલવા માંડ્યું. બ્રાહ્મણોની સંમતિ વિના તીર્થ પૂર્ણ થતાં નહિ હોવાથી બ્રાહ્મણોને સાથે રાખેલા. સરસ્વતીના કાંઠે પૃથૂદક, બિંદુસરોવર, ત્રિતકૂવો, સુદર્શન, વિશાલ અને બ્રહ્મતીર્થ થઈ, યમુના પહોંચી, તેને કાંઠે-કાંઠે પ્રયાગ ગયા. ત્યાંથી ગંગાના કાંઠે-કાંઠે હરદ્વાર સુધી અથવા બદરિકાશ્રમ સુધી જઈ, પાછા ગોમતીના કાંઠે-કાંઠે નૈમિષ આવ્યા.

**રોમહર્ષણનો બલભદ્રે કરેલ વધઃ**

નૈમિષમાં મુનિઓ મોટો યજ્ઞ કરતા હતા. તેઓ મુનિઓ હોવાથી બલભદ્ર અહીં આવશે અને તેમને જ્ઞાનનો ઉપદેશ કરશે એવું ભવિષ્ય જાણતા હતા અને તેથી જ લાંબો સમય ચાલે તેવો યજ્ઞ કરતા હતા. તેમણે બલભદ્રનું અભિનંદન કરી, ઉત્તમ ક્ષત્રિય આવે ત્યારે જે કરવું ઘટે તે સર્વ કર્યું. તેમને ભગવાન જાણી પ્રણામ કર્યા અને ઉઠીને સાથેના બ્રાહ્મણો સહિત તેમની પૂજા કરી.

ત્યાં બલભદ્રે મહર્ષિના શિષ્ય રોમહર્ષને બેઠેલો જોયો. બ્રાહ્મણોની સામે તે ઉંચા આસને બેઠો હતો. બલભદ્ર આવતાં પણ તે ઉઠ્યો નહિ. બ્રાહ્મણોએ ઉઠી તેમની પૂજા કરી તો પછી આ સૂતે ઉઠવું જ જોઈએ, છતાં તેનામાં ધર્મ નહિ હોવાથી તે ઉઠ્યો નહિ. તેથી તેને પાખંડી જાણી બલભદ્ર તેના ઉપર ક્રોધે ભરાયા. તે ઉઠ્યો નહિ એટલું જ નહિ, પણ તેણે વિનય દર્શાવવા હાથ પણ જોડ્યા નહિ. વ્રતવાળાએ પણ હાથ તો જોડવા જોઈએ, છતાં બ્રાહ્મણોને પોતાથી હલકાં કરી ઉંચા આસને બેઠેલા આણે હાથ પણ જોડ્યા નહિ. તેથી બલભદ્રે વિચાર્યું—

''આ તેજસ્વી વિપ્રોથી ઉંચા આસને આ તેજ વિનાનો સૂત કેમ બેઠો છે? તેમ જ ધર્મનું પાલન કરનારા અમારાથી પણ આ ઉંચા આસને કેમ બેઠો છે? તેથી આ દુષ્ટ

બુદ્ધિવાળો છે. તેથી બોધ કરવાથી પણ માનશે નહિ તેથી હણવા યોગ્ય જ છે. મંત્રનું દર્શન કરનાર પ્રભાવશાળી ઋષિનો આ શિષ્ય હોવાથી અલૌકિકઅર્થ જાણનારો હોવો જોઈએ. વળી તેણે ઘણાં શાસ્ત્રો ઈતિહાસ તથા પુરાણોનો અભ્યાસ કરેલો છે અને બીજાઓને ભણાવેલાં પણ છે. તેથી તેને નીતિ તથા ધર્મનું અને દેશ, કાલ તથા કુલ વગેરેના આ સમયના ધર્મોનું જ્ઞાન પણ હોવું જ જોઈએ. પણ ૧.જેણે વિદ્યા પ્રાપ્ત કરેલી હોય તેનામાં દોષ ન હોય તો જ વિદ્યા તેનામાં ગુણો ઉત્પન્ન કરે છે. તેમાં ઈન્દ્રીય ઉપર કાબુ ન હોય તે મોટો દોષ છે. ૨.વિનય રહિતની વિદ્યા બલવિનાની હોવાથી તે ગુણો ઉત્પન્ન કરી શકતી નથી. ૩.બુદ્ધિથી વિદ્યા ગ્રહણ કરી હોય તો તે પોતાનું ફલ આપે, પણ અભિમાનને લીધે આણે તેમ કરેલ નથી. વળી જે ભણ્યા વિના જ ‘હું પંડિત છું’ એમ માને છે, તેને વિદ્યાનું પ્રયોજન ન હોવાથી તે પોતાના માટે વિદ્યા ગ્રહણ કરતો જ નથી. તેથી વિદ્યાનું ફલ તેને કેમ મળે? ૪.જેમ બીજાને દેખાડવા જ નટ કાર્ય કરે છે તેમ બીજાને દેખાડવા જ જે વિદ્યા ગ્રહણ કરે છે, તેને પણ વિદ્યાનું ફલ મળતું નથી. ૫.અંતઃકરણ વશ કરેલ ન હોય તો વિદ્યાથી પ્રાપ્ત થયેલ ગુણો પણ તામસ ગુણોથી જતા રહે છે. આ સૂતમાં આ પાંચે દોષ હોવાથી તેને વિદ્યાનું ફલ પ્રાપ્ત થયું નથી. બ્રાહ્મણોએ આના દોષો તરફ મૌન સેવેલું છે, કારણ કે જેમ આનો ધર્મ વિનય રાખવાનો છે તેમ તેમનો ધર્મ તેના અવિનય માટે તેને ક્ષમા કરવાનો છે. પણ મારા જેવા અધિકારીઓ તેમ કરી ન શકે. રાજા પણ સંન્યાસીઓ જેમે બીજાના અપરાધ સહન કરે તો સર્વનો નાશ જ થાય. ધર્મનું રક્ષણ કરવા જ મેં અવતાર ધારણ કરેલો છે. તેથી ધર્મના વિરોધી અધર્મીઓનો મારે નાશ કરવો જ જોઈએ. અધર્મીઓ કરતાં પણ ધર્મની ધજાવાળા વધારે દુષ્ટ છે, કારણ કે તેઓ બીજાઓનો પણ નાશ કરે છે. શાસ્ત્રમાં મના કરેલ કર્મ કરવું તે અધર્મ. વધારેમાં વધારે અધર્મ ‘મહાપાતક’ છે. તેમ કરનાર કરતાં પણ ધર્મની ધજાવાળા વધારે દુષ્ટ છે. આવા હોય તે અધર્મ કરવાનું ચાલુ જ રાખે છે. તેથી તેમનો વધ કરવો જરૂરી છે.’’

બલભદ્રે તીર્થયાત્રા કરવાનો સંકલ્પ કર્યો ત્યારથી દુષ્ટોનો વધ કરવાનું પણ બંધ કરેલ, કારણ કે વ્રત આચરનારને વધ કરવા યોગ્ય પુરુષોનો પણ વધ કરવાની શાસ્ત્રમાં મના છે. છતાં તેમને ઘણો ક્રોધ થયો અને ભાવી તેવું, તેથી ઉપર પ્રમાણે વિચારી, ધર્મનું રક્ષણ કરવા લૌકિક શસ્ત્ર ન લેતાં પોતાના હાથમાં નાનું કુશનું તણખલું હતું તે તેને મારવા લીધું. તેમના હાથમાં હોવાથી તે કુશમાં તેમની ક્રિયાશકિત આવી અને તે તેમણે તેને માર્યું, તેથી તે મરણ પામ્યો.

**બલભદ્રે કરેલ પ્રાયશ્ચિતઃ**

તેનો વધ ધર્મપ્રવર્તક ઋષિઓને ન ગમતાં તેઓ દુઃખી થયા. પોતાનાં ઈચ્છેલા ફલનો નાશ થવાથી તેઓએ અફસોસ કર્યો. તેઓ મુનિ હોવાથી તેમણે ભગવાનનું મનન કરવું જોઈએ. સાક્ષાત ગુરુ પાસેથી શ્રવણ કરતી વખતે મનન થઈ ન શકે. તેથી એ પ્રસંગોપાત્ત ઘરે આવેલો અને ભગવાનનું શ્રવણ કરાવતો હોવાથી, પોતાનું ઈચ્છેલું કાર્ય

થતું હતું. તેને આના મરણથી નાશ થતાં, તેઓના મનમાં દુઃખ થયું તેથી તેમણે બલભદ્રને કહ્યું કે ''હે દેવ! આપે અધર્મ કર્યો. આપે આપની શક્તિ પ્રકટ કરી પણ જ્ઞાન પ્રકટ ન કર્યું. બ્રાહ્મણ સિવાય બીજા પાસેથી કથા શ્રવણ કરવાથી દોષ થાય તેથી અમે આને બ્રહ્માસન આપેલું. તેથી જ્યાં સુધી આ આસન ઉપર બેઠો હોય ત્યાં સુધી બ્રાહ્મણ જ હતો. તેથી જ આપ આવતાં આ ઉઠેલો નહિ, કારણ કે બ્રાહ્મણ ક્ષત્રિયોનો આદર કરે નહિ. અમે તો અમારું બ્રાહ્મણપણું તેને આપેલું હોવાથી અમે ઉઠેલા વળી અમે તેને થોડા આયુષ્યવાળો જાણી અમારો યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી અમારું આયુષ્ય પણ આપેલું. તેથી યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી અમારું આયુષ્ય તેનામાં હોવાથી અમારા આયુષ્યનો પણ આપે ક્ષય કર્યો. વળી બ્રાહ્મણોની કૃતિ ખોટી થાય, પણ વચન ખોટું ન થાય; છતાં અમારું આયુષ્ય તેને આપવાનાં અમારાં વચનનો પણ આપે નાશ કર્યો. આનો વધ બ્રાહ્મણના વધ જેવો હોઈ મહાપાતક છે. જાણી-બુજીને બ્રાહ્મણનો વધ કર્યો હોય તેને માટે પ્રાયશ્ચિત પણ નથી, પણ આપે આ આસન ઉપર બેઠો હોય ત્યાં સુધી બ્રાહ્મણ છે એમ જાણ્યા વિના આનો વધ કરેલ છે, તેથી પ્રાયશ્ચિત થઈ શકે. જીવ પોતાના કર્મથી જ ગુણ દોષ પ્રાપ્ત કરે છે. આપ તો યોગેશ્વર હોવાથી વેદની આજ્ઞા આપને માટે નથી, એટલે આપને આના વધનો દોષ લાગતો નથી. છતાં જો આપ આ બ્રહ્મહત્યા માટે પ્રાયશ્ચિત કરો તો લોકસંગ્રહ થાય. લોકને પવિત્ર કરવા જ આપે અવતાર લીધેલો છે. જેમ ધર્મ કરવા વધ ન કરો તો આપ અધિકારીનો અવતાર વ્યર્થ થાય એમ આપે માન્યું, તેમ આપ પ્રાયશ્ચિત ન કરો તો લોક ઉપર ઉપકાર ન થવાથી પણ આપનો અવતાર વ્યર્થ થાય.

બલભદ્ર યુદ્ધમાં મધ્યસ્થ રહેવા યાત્રા કરવા નીકળ્યા હતા, ધર્મ માટે યાત્રા કરવા નીકળ્યા ન હતા. ભગવાનનો તેવો અભિપ્રાય ન હતો અને તેમ કરવાથી ધર્મ થાય પણ નહિ. ભગવચ્છાસ્ત્રોનો તેમણે વિચાર કરેલ નહિ હોવાથી, સ્મૃતિના નિયમ પ્રમાણે સૂત બ્રાહ્મણના આસને બેસી કથા કરતો હતો તે ધર્મને પણ તેમણે અધર્મ જાણ્યો અને ધર્મના સ્થાનમાં આવો અધર્મ યોગ્ય નહિ એમ માની તેની હત્યા કરી. વસ્તુતઃ યુદ્ધ તજવાના પ્રયોજનથી તીર્થયાત્રા કરવાથી ધર્મ થતો ન હોવાથી ભગવાને તેમની પાસે સૂતનો વધ કરાવી તીર્થયાત્રા કરવાનું પ્રયોજન ઉત્પન્ન કર્યું. મુનિઓએ તેમને આ વધનું પ્રાયશ્ચિત કરવા ઉપર પ્રમાણે કહ્યું એટલે તેમણે  પ્રાયશ્ચિત કરવાનો નિશ્ચય કર્યો અને લોક ઉપર અનુગ્રહ કરવા પ્રાયશ્ચિત કરવાનો સ્વીકાર કરી, મુખ્ય પ્રાયશ્ચિત કરવા જે વ્રત જરૂરી હોય તે પૂછ્યું. વળી સૂતનું લાંબું આયુષ્ય, બલ તથા ઈન્દ્રીયોની શક્તિ વગેરે જે કાંઈ તેઓ ઈચ્છતા હોય તે પણ યોગમાયાથી પ્રાપ્ત કરી આપવા જણાવ્યું ત્યારે ઋષિઓ પ્રસન્ન થયા અને તેમણે કહ્યું કે ''આપનું અસ્ત્ર, આપનું પરાક્રમ, સૂતનું મૃત્યુ અને અમારું વાક્ય આ કોઈનો વિરોધ ન થાય તેવું કરો. જો આ સૂત જીવતો થાય, તો પહેલાં ત્રણનો વિરોધ થાય છે અને જીવતો ન થાય તો ચોથાનો વિરોધ થાય છે. એ ચારે સત્ય થાય તેમ કરો''.

ઋષિઓએ બલભદ્રની પરીક્ષા કરવા આવાં વિરૂદ્ધ કાર્ય કરવા તેમને કહ્યું ત્યારે

બલભદ્રે કહ્યું કે ''વેદના વચન પ્રમાણે 'પોતે જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે' તેથી તમને પુરાણ સંભળાવનાર, આયુષ્ય ઇન્દ્રીયો અને વીર્યવાળો આ (સુતનો પુત્ર) જ હોય તો મારા અસ્ત્રનો તથા વીર્યનો અને મૃત્યુનો વિરોધ થતો નથી, તેમજ તમારું વચન પણ સૂતનો પ્રતિનિધિ તેનો પુત્ર થયાથી સત્ય થાય છે. વળી તમારી બીજી જે ઇચ્છા હોય તે પણ કહો. તે પણ હું તરત કરીશ. તમે જ્ઞાનીઓ છો, તેથી મુખ્ય પ્રાયશ્ચિત મારે શું કરવું તે હું ન જાણતો હોવાથી મને કહો. ત્યારે ઋષિઓએ કહ્યું કે ''ઇલ્વનો પુત્ર બલ્વલ દાનવ દર પૂનમે સોમ કાઢવાના દિવસે અમારા યજ્ઞમાં આવી તેમાં પરું, માંસ, લોહી, વિષ્ઠા, મૂત્ર, દારૂ તથા માંસ ની વૃષ્ટિ કરી વિધ્ન કરે છે. તે પાપીને તમે હણો. એ અમારી ભારે સેવા થશે, કારણ કે તેથી અમારો યજ્ઞ થશે અને દુઃખ ટળશે. તમે તેને હણશો તેથી અમને સંતોષ થશે. ત્યાર પછી સાવધાન રહી બાર માસ સુધી ભરતખંડની પરિક્રમા કરી તીર્થોમાં સ્નાન કરવાથી આપ શુદ્ધ થશો. બ્રહ્મ હત્યાનું પ્રાયશ્ચિત યાત્રા છે અને શૂદ્રની હત્યાનું પ્રાયશ્ચિત કાલ (સંવત્સર) છે. બલ્વલના વધથી અને અમારું વચન સત્ય કરવાથી અમને પણ સંતોષ થશે. તેથી આપ શુદ્ધ થશો.''

**બલ્વલનો વધઃ**

એ પ્રમાણે સૂતનો વધ થવાથી બલભદ્રની કીર્તિ ઝાંખી પડતાં તેમણે કીર્તિ પ્રાપ્ત કરવા ઉદ્યમ કર્યો. પ્રથમ બલ્વલનો વધ કરવા તે આવવાના સમયની રાહ જોઈ. પછી પૂનમ આવતાં ધૂળની વૃષ્ટિ કરતો, દારૂ-માંસ વગેરે લાવતો હોવાથી દુર્ગન્ધવાળો પ્રચંડ વાયુ વાવા લાગ્યો. પછી યજ્ઞશાલામાં પરુ-માંસ વગેરેની અપવિત્ર વૃષ્ટિ થવા લાગી અને મહાદેવ પાસેથી યુદ્ધ માટે વરદાનમાં મળેલ શૂલ ધારણ કરતો બલ્વલ પણ જોવામાં આવ્યો. તે મૂર્તિમાન્ કાજળના પર્વત જેવા મોટા દેહવાળો હતો. તેના કેશ તથા દાઢી અગ્નિમાં તપાવેલા તાંબા જેવા હતા. તેનું મુખ દાઢને લીધે ભયંકર અને ક્રોધવાળું દેખાતું હતું. તેને જોઈને બલભદ્રે પાતાલ, દ્વારકા અથવા વૈકુંઠમાં રહેલા શત્રુના સૈન્યનો નાશ કરનાર અને દૈત્યોને પીડા કરનાર પોતાનાં હલ-મુસલનું સ્મરણ કર્યુ એટલે તે તરત તેમની પાસે આવ્યાં. બ્રાહ્મણને પીડા કરનાર ગગનમાં ફરતા બલ્વલને તેમણે હલના છેડાથી ખેંચી, ક્રોધથી તેના માથાં ઉપર મુસલનો પ્રહાર કર્યો, એટલે તેનું કપાલ ફૂટ્યું અને જેમ લાલા રંગનો પર્વત વજ્રના પ્રહારથી પડે તેમ તે લોહી ઓકતો દુઃખી ચીસો પાડતો ભૂમિ ઉપર પડ્યો. તેની પણ મુક્તિ થઈ. તે મરતાં મુનિઓને સંતોષ થવાથી તેમણે બલભદ્રની સ્તુતિ કરી, આશિર્વાદ આપ્યા અને તેમને સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય અને કીર્તિ મળે તથા તેમનાં પાપનો નાશ થાય, તે માટે જેમ વૃત્ર મરતાં દેવોએ ઇન્દ્રનો અભિષેક કરેલો તેમ તેમનો અભિષેક કર્યો. કીર્તિની વૃદ્ધિ થાય તે માટે તેમના ચરણ સુધી લંબાતી વૈજયન્તી માલા તેમને આપી. આ માલા લક્ષ્મીનું ધામ છે અને તેનાં કમલો કરમાતાં નથી. વળી તેમણે તેમને બે દિવ્ય વસ્ત્રો અને આભરણો પણ આપ્યાં.

**બલભદ્રની તીર્થયાત્રાઃ**

પછી મુનિઓની રજા લઈ, તેમની આજ્ઞા પ્રમાણે તીર્થયાત્રા કરવા બલભદ્ર બ્રાહ્મણો સાથે નૈમિષની ઉત્તરે કોટા ગામથી આવતી કૌશિકી નદી ગયા. તેમાં સ્નાન કરી તે જ માર્ગે તે માનસ સરોવર ગયા. તેમાંથી સરયૂ વગેરે નદીઓ નીકળે છે. ત્યાંથી સરયૂના કાંઠે-કાંઠે તે અયોધ્યા સુધી આવી, પછી પ્રયાગ ગયા. તે તીર્થોનો રાજા હોવાથી ત્યાં સ્નાન કરી દેવોનું તર્પણ કરી, માર્ગમાં ગોમતી અને ગંડકી માં સ્નાન કરી તે હરિક્ષેત્ર પુલહના આશ્રમે ગયા અને હરિક્ષેત્ર પાસે જ વિપાશામાં સ્નાન કર્યુ. પછી ગંગા ઉતરી તે શોણ ગયા અને તે પણ મોટી નદી હોવાથી તેમાં સ્નાન કર્યું. પછી ગયા જઈ ત્યાં દાદા વગેરે પિતૃઓને પિંડ આપ્યા. જેમના પિતા જીવતા હોય તેમણે વિના પ્રયોજન ગયા જવાની શાસ્ત્રમાં મના છે, પરંતુ યાત્રા કરતાં ત્યાં જવાની મના નથી. ગયાથી બલભદ્ર ગંગા અને સાગરના સંગમે ગયા અને ત્યાં પણ સ્નાન તથા તર્પણ કર્યા. ત્યાંથી તે મહેન્દ્ર પર્વત ગયા. ત્યાં પરશુરામનાં દર્શન કર્યા અને તે મોટા હોવાથી તેમને નમન કર્યું. ત્યાંથી જ્યાં ગોદાવરી સાત પ્રવાહમાં વહી સમુદ્રને મળે છે ત્યાં ગયા. ત્યાં કૃષ્ણવેણી સમુદ્રને મળે છે ત્યાં ગયા. ત્યાંથી ભૂમિ ઉપર વિદ્યાનગર પાસે પંપાસરોવર ગયા અને ત્યાંથી ભીમા ઉપર પાંડુરંગ છે ત્યાં ગયા. ત્યાં કાર્તિકેયનાં દર્શન કરી, મહાદેવનાં ધામ શ્રીશૈલ જઈ તેમનાં દર્શન કરી, દ્રવિડ દેશમાં ભગવદ્રૂપ વેંકટ પર્વત છે ત્યાં ગયા. નારાયણની જેમે આ પર્વત જ વિષ્ણુરૂપ છે. ત્યાંથી કામાક્ષી જે 'શિવકાંચી' નામથી પ્રસિદ્ધ છે ત્યાં ગયા. ત્યાંથી કાંચી અને ત્યાંથી કાવેરી ઉપર શ્રીરંગ ઘણું પવિત્ર ધામ છે ત્યાં ગયા. શ્રીરંગમાં હરિ સદા વિરાજે છે. પછી તેની પશ્ચિમે વિષ્ણુનાં ધામ ઋષભાદ્રિ ગયા. ત્યાંથી દક્ષિણ મથુરા અને ત્યાંથી મહાપાતકનો નાશ કરનાર સેતુબંધે ગયા. ત્યાં તેમણે બ્રાહ્મણોને દશ હજાર ગાયોનું દાન કર્યું. ત્યાંથી તામ્રપાર્ણી પાસે અગસ્ત્યનાં ધામ કુલાચલ મલય પર્વતે ગયા. ત્યાં અગસ્ત્ય તપ કરતા હતા અને સ્થિર ચિત્તથી ભગવાનનું ચિંતન કરતા હતા, તેમને પોતાનું નામ જણાવી સાષ્ટાંગ નમસ્કાર કરી તેમની સ્તુતિ કરી. અગસ્ત્યે તેમને આશિર્વાદ આપ્યા. અગસ્ત્યની રજા લઈ દક્ષિણ સમુદ્ર પાસે કન્યાકુમારી ગયા. ત્યાં પહેલાં મનુષ્ય હોઈ પાછળથી દેવી બનેલી 'કન્યા' નામની દેવીને નમસ્કાર કર્યા. ત્યાંથી તે અનંતશય્યા ફાલ્ગુન ગયા. ત્યાં અર્જુને પાંચ અપ્સરાઓનો ઉદ્ધાર કરેલ હોવાથી તે 'પંચાપ્સર' નામથી પ્રસિદ્ધ છે. ત્યાં વિષ્ણુ સદા રહે છે. ત્યાં પણ સ્નાન કરી તેમણે દશ હજાર ગાયોનું દાન કર્યુ. ત્યાંથી કેરલ, સ્તોક્ય અને ગર્તક (મલબાર) દેશ ઓળંગી તે ગોકર્ણ આવ્યા. ત્યાં મહાદેવ હતા તેમને લઈ જવા રાવણે ઉપાડવા માંડેલ પણ તે ઉપાડી શક્યો નહિ. તેમને ઉપાડવાના તેના પ્રયાસથી તે ગાયના કાનના (ગોકર્ણ) જેવી આકૃતિવાળા થયા. આ શિવનું ધામ છે અને શિવ સદા અહીં રહે છે. ત્યાંથી તે દ્વૈપાયને જ્યાં તપ કરેલ તે આર્યા નદી આવ્યા. ત્યાંથી કૃષ્ણવેણી શૂર્પારિક આવ્યા ત્યાંથી તાપી, પયોષ્ણી, નિર્વિંધ્યા અને દંડકારણ્ય આવ્યા. ત્યાં નર્મદાના કાંઠે પહેલાં 'માહિષ્મતી' નગરી હતી ત્યાં આવ્યા. ત્યાંથી નર્મદાના કિનારે-કિનારે મનુતીર્થ થઈ સમુદ્રમાં નર્મદા પડે છે ત્યાં થઈ પાછા પ્રભાસ આવ્યા.

**ભીમ-દુર્યોધનનું ગદાયુદ્ધ અટકાવવાનો પ્રયાસઃ**

આટલાં તીર્થો કરતાં પણ વર્ષ પૂરું થયું ન હતું તેથી ફરીથી ભારતમાં ફરવા નીકળતા તે કુરુક્ષેત્ર પાસે આવ્યા. ત્યાં બ્રાહ્મણો કહેતા હતા કે કુરુ-પાંડવોના યુદ્ધમાં બધા રાજાઓ મરાયા. તે સાંભળી તેમણે માન્યું કે ભૂમિનો ભાર ઉતર્યો. વળી બ્રાહ્મણોએ કહ્યું કે ભીમ અને દુર્યોધન નું ગદાયુદ્ધ થાય છે તે સાંભળી બલભદ્રે વિચાર્યું કે ''ભૂમિનો ભાર તો ઉતરી ગયો. યુદ્ધનું બીજું કાંઈ પ્રયોજન ન હતું, તેથી પાંચ પાંડવો જેમે એક દુર્યોધન પણ ભલે જીવતો રહે. તેના મરણનું શું પ્રયોજન?'' એવો નિશ્ચય કરી કુરુક્ષેત્રની પ્રદક્ષિણા કરતા તે ગદાયુદ્ધ થતું હતું ત્યાં ગયા, કારણ કે હવે ત્યાં જવાથી તે કોઈનો પક્ષપાત કરે છે એવી શંકા થાય તેમ ન હતું. તેમને ત્યાં જોઈ યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, અર્જુન તથા શ્રીકૃષ્ણે તેમને પ્રણામ કર્યા અને ''હવે યુદ્ધના સમ્બન્ધમાં આમને કાંઈ કરવાનું પ્રયોજન તો રહ્યું નથી હવે તો માત્ર બોલવાનું રહે તેથી શું કહેવા આવ્યા છે'' એમ વિચારવા લાગ્યા.
બલભદ્રે, ભીમ તથા દુર્યોધન ને, હાથમાં ગદા રાખી વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ક્રોધથી વિચિત્ર મંડલો ફરતા જોયા, એટલે તેઓ પોતાની મેળે યુદ્ધ કરતા અટકશે નહિ એમ જાણી, તેમને યુદ્ધથી અટકાવવા જ્ઞાનનો ઉપદેશ કરતાં કહ્યું ''હે રાજા દુર્યોધન અને ભીમ! તમે બન્ને બલમાં સરખા છો. એક (ભીમ) બલમાં વધારે છે ત્યારે બીજો મેં આપેલ શિક્ષણને લીધે અધિક છે તેથી બલ અને શિક્ષણ બન્ને ધ્યાનમાં લેતાં તમે બન્ને સરખા બલવાન હોવાથી તમારામાંથી કોઈનો જય અથવા પરાજય થાય તેમ નથી. તેથી આ દુઃખરૂપ યુદ્ધ બંધ કરો.'' તેમણે એવો ઉપદેશ આપ્યો છતાં બન્નેને ઘણું વેર હોવાથી યુદ્ધ કરતા અટક્યા નહિ, ત્યારે ''ભાગ્યમાં હશે તેમ થશે'' એમ માની તે યાત્રા કરતાં જ દ્વારકા આવ્યા. તે ઘણા સમયે આવ્યા તેથી ઉગ્રસેન વગેરે સમ્બન્ધીઓ ઘણા પ્રસન્ન થયા અને તેમને ઘેર લઈ ગયા. હજી યાત્રા પૂરી થયેલી નહિ હોવાથી તે પાછા નૈમિષ આવ્યા, એટલામાં વર્ષ પૂરું થયું.

તે ફરી નૈમિષ આવ્યા એટલે ઋષિઓએ આનન્દથી તેમને અગ્નિહોત્ર વગેરે બધા યજ્ઞો કરાવ્યા. પિતા જીવતા હોય ત્યાં સુધી કોઈથી યજ્ઞ થાય નહિ, પરંતુ બલભદ્રના તો અંગોમાં જ યજ્ઞો હોવાથી તેમને એ નિયમ લાગુ પડતો નથી. 'હું યજ્ઞ કરીશ' એવો તેમણે સંકલ્પ કર્યો, પછી ઋષિઓએ યજ્ઞ કરાવ્યા. પછી બલભદ્રે દક્ષિણામાં તેમને જ્ઞાન આપ્યું. જ્ઞાનની દક્ષિણા જ દક્ષિણા છે. આ જ્ઞાન પણ ઉપાધિ વિનાનું અનુભવરૂપ હોવાથી તેમણે તેનાથી પાસે ન હોય તેવા દૂરના વિશ્વને પણ પોતાની અંદર જોયું અને પોતાને પણ વિશ્વની અંદર જોયા. ઋષિઓ કર્મમાં આસક્તિવાળા હોવા છતાં બલભદ્રે તેવું જ્ઞાન તેમને પોતાની શકિતથી આપ્યું. પછી યજ્ઞની સમાપ્તિમાં બલભદ્રે પોતાની પત્ની રેવતી સાથે અવભૃથ સ્નાન કર્યું અને જેમ ચન્દ્ર પોતાની જયોત્સ્નાથી શોભે તેમ પોતાની પત્ની સાથે સુંદર વસ્ત્રો તથા અલંકારો પહેરી શોભવા લાગ્યા. આ બલભદ્ર બલનાં ઘણાં કાર્ય કરનાર હોવાથી તીર્થયાત્રા જેવા તેમનાં અનંત ચરિત્રો છે. આ ચરિત્રો પણ અદ્ભુત છે.

દુર્યોધન વગેરે એમ માનતા હતા કે જેમ પાંડવોના પક્ષમાં શ્રીકૃષ્ણ છે તેમ અમારા પક્ષમાં બલભદ્ર હોવાથી અમારો જય થશે. ભૂમિનો ભાર હરવા બલભદ્રે જ તેમની આવી માન્યતા કરાવેલી તે પોતે સત્ય જ કહેતા હતા અને કૌરવોને તે જ પ્રમાણે મદદ પણ કરતા હતા, છતાં તેમનો સંહાર કરાવ્યો તેથી તેમનાં પણ ચરિત્રો અદ્‌ભુત છે અને તેનું શ્રવણ તથા કીર્તન કરનાર ઉપર 'આ મારા સેવકનો સેવક છે' એમ જાણી, જેમ માણસ પોતાના પૌત્રના પુત્ર ઉપર પ્રસન્ન રહે છે તેમ ભગવાન પરંપરાથી પ્રસન્ન રહે છે. તેથી તેમનાં ચરિત્ર કર્મના અંગરૂપ હોઈ તેનાં શ્રવણ વગેરે ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે.

**ભગવાનની કથાના શ્રવણ વગેરેનું માહાત્મ્યઃ**

બલભદ્રનાં ચરિત્રોનાં શ્રવણ વગેરે પણ ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે, તો પછી ભગવાનનાં ચરિત્રોનાં શ્રવણ વગેરેનું કહેવું જ શું? ભગવાન ઉત્તમશ્લોક છે. ઉત્તમ પુરુષો તેમની કથાઓનું ગાન કરતા હોવાથી તેમાં કાંઈ દોષ નથી અને તે પોતે જ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારી છે. તેમનાં પ્રથમ ચરિત્રનાં શ્રવણથી જેટલો રસ પ્રાપ્ત થાય છે, તેના કરતાં એકસો ઘણો રસ તેમનાં બીજા ચરિત્રનાં શ્રવણથી પ્રાપ્ત થાય છે, ત્રીજા ચરિત્રનાં શ્રવણથી તેનાં કરતાં પણ એકસો ઘણો અધિક રસ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે અધિક રસ પ્રાપ્ત થાય છે એવો આ કથાઓનું શ્રવણ કરનારાનો અનુભવ છે. તેથી કોઈ તેમની કથાનું શ્રવણ કરતા અટકતો નથી. સંસારમાં ગરકાવ હોય તે બીજા ગુણોથી ઘેરાવાથી કદાચ તેને આ કથાનો અણગમો થાય પણ સંસારમાં જેને વૈરાગ્ય છે તેને કોઈ સમયે આ કથાનો અણગમો થતો નથી જ. જેને આ કથાનો અણગમો થાય, તેના આત્માનો કામનાઓથી નાશ થાય છે એટલું જ નહિ, પરંતુ તેની બધી ઈન્દ્રિયો પણ નકામી છે, કારણ કે જે વાણી ભગવાનના ગુણોનું કીર્તન કરે છે તે જ દેવતારૂપ વાણી છે, બીજાઓની વાણી આસુરી છે. ઈન્દ્રિયોની ઉત્પતિ ભગવાનથી થાય છે, બ્રહ્માથી થાય છે અને પુરાણ વગેરેમાં તેમની ઉત્પતિ અહંકારમાંથી પણ થયાનું કહેલું છે. બ્રહ્માથી અને અહંકારમાંથી ઉત્પન્ન થયેલી ઈન્દ્રિયો રાજસ અને તામસ હોઈ ઈન્દ્રિય કહેવા યોગ્ય નથી. ભગવાનથી ઉત્પન્ન થયેલી નિર્ગુણ અથવા સાત્ત્વિક ઈન્દ્રિયો જ ખરી ઈન્દ્રિયો છે. જેની વાણી આવી છે તે ભક્તિપૂર્વક ભગવાનની કથાઓનું કિર્તન કરે છે. તેવી જ રીતે જે હાથ પુરુષોત્તમનાં કાર્ય કરવામાં રોકાયેલા રહે તે જ ખરા હાથ છે જે મન સ્થાવર-જંગમ પદાર્થોમાં રહેલા ભગવાનનું સ્મરણ કર્યા કરે તે જ ખરું મન છે. જે કાન જીવનું હિત કરનારી ભગવાનની કથાઓનું શ્રવણ કર્યા કરે તે જ ખરો કાન છે. જે માથું તેમને નમન કરે તે જ ખરું માથું છે, બીજું તો માત્ર ભારરૂપ છે. જે નયન આખા જગતને ભગવાનના લિંગ તરિકે જુએ તે જ ખરું નયન છે. આ સાધનોનો અનુક્રમ કહેલો છે. બીજા માર્ગ પ્રમાણે ભગવાનના ગુણોનું કીર્તન કરવાનો અધિકાર પ્રાપ્ત થયા પછી (વાણીથી) ભગવાનનું કીર્તન કરવું એ ભવદીયોનું પહેલું સાધન છે. પછી કીર્તન કરતાં સેવામાં રુચિ થતાં (હાથથી) સેવા કરવી. પછી સેવાથી જ્ઞાનનો ઉદય થતાં સર્વત્ર તેમને (મનથી) ભગવાનનું અનુસંધાન

થાય છે. આવા ભગવદીયો બહારની કૃતિમાં ભગવાનનું અનુસંધાન પ્રાપ્ત કરાવનારી તેમની કલ્યાણકારી કથાઓનું (કાનથી) શ્રવણ કરે છે. પછી તેમને સર્વ સ્થલે ભગવાનનો સાક્ષાત્કાર થાય છે, એટલે (માથાથી) નમન કરે છે. આ સર્વ કરતાં પ્રથમ કર્તવ્ય ભગવાનનું ચરણોદક લેવાનું છે. તે અવશ્ય ફલ પ્રાપ્ત કરાવે છે. તે જ ખરાં અંગો છે કે જે આ ચરણોદક (ગંગા) ધારણ કરે છે. ભગવાનની કથાના શ્રવણ વગેરેનું આવું માહાત્મ્ય છે.

**સુદામાનું દ્વારકાગમનઃ**

હવે ભગવાનનું સખ્યચરિત્ર કહીએ છીએ. સુદામા પહેલાં ભગવાનનો જ સેવક હતો તે બાલપણમાં તેમનો મિત્ર થયેલો. તે કોઈ દેવનો અંશ ન હતો, પરંતુ ઉત્તમ પ્રકારનો જીવ હતો. તે ૧.બ્રાહ્મણ હોઈ બ્રહ્માનન્દરૂપ હતો. લક્ષ્મી પણ બ્રહ્માનન્દરૂપ હોઈ આ ‘શ્રી’ ગુણ થયો. આ બ્રાહ્મણ બ્રહ્મસમ્બન્ધની યોગ્યતા જ પ્રાપ્ત કરાવતો, પણ જીવનો સમ્બન્ધ ન કરાવતો. આવો હોવાથી જ ભગવાનની ઈચ્છાથી તેને તેમનું સખ્ય પ્રાપ્ત થયેલ. ૨,વળી તે બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ હતો, એટલે તેનામાં બ્રાહ્મણ્ય (બ્રાહ્મણપણું) ઉત્તમ હતું. આ ‘જ્ઞાન’ ગુણ થયો. ૩,તે વિરક્ત હતો ઈન્દ્રિયોથી ભોગવવાના પદાર્થોમાં તેને પ્રેમ ન હતો. આ ‘વૈરાગ્ય’ ગુણ થયો. ૪,તેણે ઈન્દ્રિયોને વશ કરેલી. આ ‘ઐશ્વર્ય’ ગુણ થયો. ૫,જે કાંઈ મળી આવે તેનાથી તે પોતાનો નિર્વાહ કરતો. આ સહનશક્તિ વીર્યનું કાર્ય હોઈ, આ ‘વીર્ય’ ગુણ થયો. ૬,તે ગૃહસ્થ હતો, આ ‘કીર્તિ’ ગુણ થયો. ૭,ઘણો જ શાંત હતો. આ ધર્મી કહ્યો. છ ગુણો અને ધર્મી એ છ ગુણના ઐશ્વર્યવાળા ભગવાનની બરાબર થયા, એટલે ભગવાન જ ભગવાનના મિત્ર થાય છે, એમ જણાય છે.

તે મલિન ફાટેલાં વસ્ત્રો પહેરતો, એટલે પત્નીમાં તેની આસક્તિ ન હતી; કારણ કે એવી આસક્તિવાળા પહેલાં જ વસ્ત્રો તથા આભુષણો પહેરે છે. તેની પત્ની પણ ભૂખથી સદા દુબળી રહેતી અને તેની જેમે મલિન ફાટેલાં વસ્ત્રો પહેરતી, એટલે તેને પણ પતિમાં આસક્તિ ન હતી, છતાં તે પતિવ્રતા હતી. જેમ વ્રત કરનાર પોતાનું ઉત્તમ વ્રત ઈચ્છે તેમ પતિની સમૃદ્ધિ તે ઈચ્છતી. તે પતિવ્રતા હોવાથી બીજા પાસે માગતી નહિ અને દરિદ્ર હોવાથી તેની દુર્ગતિ થાય તેથી કાંઈ પ્રયોજન સરે નહિ. તેથી ભૂખથી શરીર પડે તેવી સ્થિતિમાં આવી ત્યારે શરીર હવે વધારે વિલંબ સહન કરી શકશે નહિ એમ જાણી, કરમાતા મુખથી દીનતાં દર્શાવતા ધ્રુજતાં તેણે પતિને કહ્યું–

‘‘હે બ્રાહ્મણ! તમે સિદ્ધની સ્થિતિવાળા હોવાથી વિષયનો ભોગ કરવા છતાં તમારા સ્વરૂપનો નાશ થાય તેમ નથી. ભગવાને પોતાનું સ્વરૂપ તમારામાં મૂકેલું હોવાથી ભગવાન જેવા તમે હોઈ ભગવાન તમારા મિત્ર છે. તેથી તમે તેમની પાસેથી કાંઈ લેશો તેમાં દોષ નહિ લાગે. તે આપણા જેવા દરિદ્ર નથી, પણ સાક્ષાત્ આધિદૈવિક લક્ષ્મીના પતિ છે, તેથી સંપત્તિમાત્ર તેમને અધીન છે. વળી તે બ્રાહ્મણોનું હિત કરનારા અને ઘણા ઉદાર છે. તે શરણ જાય તેને સર્વ આપે છે. શરણ ન જાઓ તો પણ માત્ર તેમની પાસે જવાથી પણ આપશે. તે પૂર્ણશક્તિવાળા હોવાથી તેમને ધનનો તોટો નથી અને ભક્તોના સ્વામી

હોવાથી, કોઈ સેવક તે તેમને આપે તેમાં વિઘ્ન નહિ કરે. તમારું મોટું ભાગ્ય મને સ્પષ્ટ દેખાય છે, તેથી તમે તેમની પાસે જઈ શકશો. જેઓ સ્વભાવથી જ ઘણા દરિદ્ર સત્પુરુષ છે તેમને તે ઉત્તમ ફલ આપે છે. તેથી તમે તેમની પાસે જાઓ. તે તમને ઘણું દ્રવ્ય આપશે, કારણ કે તમે સર્વગુણસંપન્ન છો અને તમારું કુટુંબ દુઃખી હોવાથી તમે દાન કરવા યોગ્ય છો. તે ભોજ-વૃષ્ણિ વગેરેના પતિ છે અને હમણાં દ્વારકામાં બિરાજે છે. જગતમાં દાન કરનાર દુર્લભ છે, પણ આ તો જે પોતાનું સ્મરણ કરે તેને બ્રહ્માનન્દ અને આત્માનન્દ પણ આપે છે, તો પછી ધન અને ઈચ્છેલા પદાર્થ આપે તેમાં શું આશ્ચર્ય? તેમને તે ધન બહુ પ્રિય પણ નથી, એટલે પોતાને પ્રિય હોવાથી તે તમને નહિ આપે એવો ભય નથી, તેમ તે તેમને જરાએ પ્રિય ન હોવાથી તમે મિત્રને નહિ આપે એવો પણ ભય નથી, કારણ કે તે તેમને થોડું પ્રિય તો છે જ. તે સર્વને તેમના હિતનો ઉપદેશ કરનારા જગદ્ગુરુ છે અને પોતે વિષયો ભોગવતા હોવાથી તમને વૈરાગ્યનો ઉપદેશ નહિ કરે, તેથી તમને ધન આપશે જ.''

એવાં-એવાં વચન સ્ત્રીએ સુદામાને વારંવાર કહ્યા, ત્યારે તેણે વિચાર્યું કે ''હું ત્યાં જઈશ તો મને ભગવાનનાં દર્શનનો મોટો લાભ થશે. ભગવાનનાં દર્શન બ્રહ્માની સ્થિતિ કરતાં પણ દુર્લભ છે, કારણ કે બ્રહ્મા પણ તેની ઈચ્છા રાખે છે.'' આ વિચાર ગૂઢ હોવાથી તે તેણે સ્ત્રીને પણ ન કહ્યો અને જવાની ઈચ્છા કરી.

ખાલી હાથે જવાની શાસ્ત્રમાં મના હોવાથી, 'કાંઈ ભેટ ધરવાની છે?' એમ તેણે સ્ત્રીને પૂછ્યું. 'નથી' એવો ઉત્તર આપીશ તો તે જતાં અટકી જશે એમ માની સ્ત્રી ચૂપ રહી. ત્યારે ''જેની ના પાડી ન હોય તે મંજુર રાખેલ ગણાય'' એ નિયમ પ્રમાણે તેણે ભેટ હોય તે આપવા સ્ત્રીને કહ્યું. સ્ત્રી પતિવ્રતા હોવાથી પતિનું વચન પાળવા ચાર મુઠ્ઠી પૌંઆ માગી લાવી અને ભગવાનને તે ભેટ આપવા, પોતાના વસ્ત્રના કટકામાં બાંધી પતિને આપ્યા. કારણ કે બાંધ્યા વિના આપે તો પતિ પાડી નાખે, અથવા બીજા કોઈને આપી દે.
રસ્તામાં 'મને ભગવાનનાં દર્શન કેમ થશે?' એમ જ તે વિચારતો હતો, પણ 'મને ભગવાન કેટલું ધન આપશે?' એવો તેને વિચાર પણ આવતો ન હતો. દ્વારકામાં મહેલના રક્ષકો પાસે થઈ તે ચારે બાજુએ વૈષ્ણવોથી ઘેરાયેલા ૧૬,૦૦૮ મહારાણીઓના મહેલો પૈકી એક ઘણા શોભિતા મહેલમાં 'ભગવાન અહીં હશે' એમ માનીને ગયો. તે દ્વિજ હોવાથી તેને કોઈએ રોક્યો નહિ. મહેલમાં જતાં જ બ્રહ્માનન્દની પ્રાપ્તિ થઈ, કારણ કે દ્વારકામાં વૈકુંઠનો આવેશ થયેલો અને તેની અંદરનો ભગવાનનો મહેલ આનન્દવાળો હતો અને તે (સુદામો) પોતે બ્રહ્મ (બ્રાહ્મણ) હતો. તેથી તેને ત્યાં જતાં બ્રહ્માનન્દ થાય જ. બ્રહ્મનન્દ થતાં આનન્દના અનુભવને લીધે તેની આંખો બંધ થઈ અને તે આસપાસ જોઈ ન શક્યો. આ સમયે રાતનો ચોથો પ્રહર હતો અને તે લક્ષ્મી (સદ્‌ભાગ્યનાં ચિહ્ન)થી લક્ષ્મીરૂપ લક્ષ્મણાના મહેલમાં ભગવાન પલંગ ઉપર વિરાજેલા હતા. તેને જોતાં જ ભગવાન તરત પલંગ ઉપરથી ઉઠી તેની પાસે આવ્યા અને બે હસ્તથી તેને આનન્દથી ભેટ્યા. તે ભક્ત હોવાથી, જેમ ભગવાનના સમ્બન્ધથી તેને આનન્દ થયો તેવો જ તેના સમ્બન્ધથી ભગવાનને આનન્દ

થયો. એ પ્રમાણે બન્ને સમાન હોવાનું જણાયું.

**શ્રીકૃષ્ણે કરેલ સુદામાનું સ્વાગતઃ**

સુદામો એક તો ભગવાનનો મિત્ર અને તેમાં પણ ઉત્તમ બ્રાહ્મણ. વળી તેનામાં અલૌકિક પરમાનન્દ પણ પ્રકટ થયો. તેથી તેના અંગના સંગથી (તેને ભેટવાથી) ભગવાનને અંદરથી સુખ થયું, એટલે પ્રેમથી મન તેનાં દર્શન કરવા બહાર નીકળતું હોય તેમ તેમનાં નયનોમાંથી જલનાં બિંદુઓ નીકળ્યા. પછી ભગવાને તેને પલંગ ઉપર બેસાડ્યો અને પોતે જ તેની પૂજાની સામગ્રી લાવી, તેનાં ચરણ ધોઈ, તે જલ માથા ઉપર મૂક્યું. આમ કરવું એ ધર્મ છે અને લોકોને શીખવવા ભગવાન ધર્મનું આચરણ કરે છે, તેથી તેમાં દોષ નથી. વળી ભગવાન સર્વ લોકરૂપ છે અને સુદામામાં પણ પોતે રહેલા, તેથી સુદામાના એટલે તેમાં રહેલા પોતાના જ ચરણોદકથી તેમણે સર્વ લોકને પવિત્ર કર્યા. પછી તેમણે મિત્ર સુદામાને ચંદન, અગર અને કેસર એ દિવ્ય સુગંધી પદાર્થોનો લેપ કરી, આનન્દથી તેની આરતી ઉતારી. પછી તેના માથા ઉપર પુષ્પો નાખી તેને તાંબૂલ વગેરે વિધિ પ્રમાણે આપ્યાં, એટલે તેમનાં પતિવ્રતા પત્ની લક્ષ્મણા પણ માત્સર્ય વગેરે ન કરતાં તે ફાટેલાં જાડાં વસ્ત્રવાળા દુર્બલ હાડપીંજર જેવા બ્રાહ્મણને ચમરીથી વાયુ ઢોળતા હતાં, કારણ કે લક્ષ્મીએ તેમનામાં પ્રવેશ કરવાથી તે દેવી થયેલાં. પહેલાં જેમ તે ભગવાનને વાયુ ઢોળતાં હતાં. તેવીજ રીતે સુદામાની પૂજા થતાં તેને પણ ઢોળતાં હતાં. આ મલિન બ્રાહ્મણનો ભગવાન ઘણા પ્રેમથી આવો સત્કાર કરતા હતા, તે જોઈ અંતઃપુરના બધા લોકો બહુ વિસ્મય પામ્યા અને પુણ્યફલનેજ શુભ માનનારા હોઈ અંદર-અંદર કહેવા લાગ્યાઃ

''આ મલિન ભિખારીએ કાંઈ પુણ્ય તો કર્યું જણાતું નથી, કારણ કે જો ધર્મ કર્યો હોત તો તેના દેહને પાપનાં કાર્યરૂપ મેલનો સમ્બન્ધ ન હોત. તેના દેહનું પોષણ સારાં અન્નથી થતું હોત અને ભિખારી ન હોત. આ કાંતિ વિનાનો ન હોત, કારણ કે ધર્મથી ઉત્તમ કાંતિ થાય. આની લોકમાં નિન્દા થાય છે તેને બદલે કીર્તિ થઈ હોત અને આને ધર્મનું ફલ ધન મળ્યું હોત તેથી તે દરિદ્ર ન હોત. છતાં આણે કાંઈક ધર્મ કરેલ હોવો જોઈએ, કારણ કે ત્રણ લોકના ગુરુ જે લોકને બોધ દેવા જ કર્મ કરે છે અને લક્ષ્મીના ધામરૂપ છે તેવા ભગવાન આને ભેટ્યા. વળી જો આ ધર્મ કરવાના સમયે આવ્યો હોત તો એમ પણ જાણત કે ભગવાન આને ધર્મ કરવા ભેટ્યા, પણ આ તો કામના સમયે આવેલો છે અને ભગવાન કામનો પણ ત્યાગ કરી ઘણા પ્રેમથી, જેમ બલભદ્ર દેશાવરથી આવે અને તેને ભેટે તેમ આને ભેટ્યા. તેથી આણે ઘણો ધર્મ કરેલ હશે.''

**ગુરુકુલવાસના વૃત્તાંતનું સ્મરણઃ**

પછી ભગવાન અને સુદામો એક બીજાના હાથ ઝાલી, પહેલાં તેઓ ગુરુકુલમાં રહેતા હતા ત્યારે જે પોતાને પ્રિય કથાઓ હતી તેના જે શ્લોકો અથવા શ્રુતિઓનો તેઓ પાઠ કરતા, તે બોલવા લાગ્યા. પછી ભગવાને તેને તેનાથી પોતે છૂટા પડ્યા પછીનો વૃત્તાંત પૂછતાં કહ્યું કે ''આપણે ગુરુકુલમાં હ્તા ત્યારે જ તમે વિદ્યા બધી ભણેલા. પછી ગુરુને

દક્ષિણા આપીને સ્નાન કરી ત્યાંથી તમે નીકળ્યા. પછી ગૃહસ્થાશ્રમ માટે તમે સર્વ પ્રકારે યોગ્ય પત્ની પરણ્યા છો ને?'' ''હું પરણ્યો છું'' એવો સુદામાનો ભાવ જાણીને વળી ભગવાને કહ્યું કે ''જેમ લોકનાં ચિત્તમાં કામથી વિકાર થાય છે, તેમ તમારા ચિત્તમાં ઘણું કરી વિકાર થતો નથી, કારણ કે તમને જ્ઞાન હોવાથી શરીરનો અધ્યાસ નથી. વળી તમને ધનમાં પણ પ્રીતિ નથી. જે મહાપુરુષ હોય તેને તમારી જેમે ઘરમાં કે ધનમાં પ્રીતિ હોતી નથી, છતાં જીવતા સુધી અગ્નિહોત્ર વગેરે કર્મ કરવાં જોઈએ. તેથી કેટલાક નિષ્કામ રહીને જ, સ્વભાવ ઉપર વિજય મેળવવા જ કાર્ય કરે છે, કારણ કે સ્વભાવ ઉપર વિજય મેળવવો ઘણો કઠણ છે. દેશ, કાલ, બીજ, યોનિ વગેરેના ભેદથી અનેક પ્રકારની પ્રકૃતિ છે, તે પુરુષને તજે ત્યારે પુરુષ મૂલ પ્રકૃતિનો પણ ત્યાગ કરી સ્વસ્થ થાય છે. આ પ્રકૃતિઓ દેવતારૂપ છે અને વૈદિક કર્મથી જ તે દૂર થતી હોવાથી કર્મ કરવામાં આવે છે. હું પણ લોકો મારા માર્ગે અનુસરતો હોવાથી લોકસંગ્રહ માટે કર્મ કરું છું. આપણે ગુરુકુલમાં રહેતા હતા તે તમને યાદ છે ને? ત્યાં રહી આત્માનું તથા પ્રમાણનું જ્ઞાન મેળવી દ્વિજ મેળવી દ્વિજ અંધકારને બીજે પાર ભગવાનને પ્રાપ્ત કરે છે ગુરુકુલમાં વાસએ દ્વિજોનો બીજો જન્મ છે. ત્યાં રહેનાર બ્રહ્મચારી હોય છે. આશ્રમો પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા છે તેમાં આ પહેલો આશ્રમ છે. તેના વિના બીજો કોઈ  આશ્રમ થતો નથી. વળી મારી જેમે ગુરુ જ્ઞાન આપનાર છે. જેઓ પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં ચતુર છે, તરત જ પુરુષાર્થ પ્રાપ્ત થાય એવો વિચાર કરે છે, તેઓ વિના પ્રયાસ ભવસાગર તરશું એવા વિચારથી ગુરુનું ભજન કરે છે, વર્ણના ધર્મો અથવા આશ્રમનાં ધર્મોથી ભવસાગર તરાતો નથી. ગૃહસ્થ યજ્ઞો કરે છે અને પ્રજા ઉત્પન્ન કરે છે. વાનપ્રસ્થ-આશ્રમવાળો તપ કરે છે, સંન્યાસી શાંતિ સાધે છે. યજ્ઞમાં જીવોની હિંસા થાય છે. તેમ હિંસા અને ઉત્પતિ કરનાર ગૃહસ્થાશ્રમીથી મને સંતોષ થતો નથી, કારણ કે ઉત્પતિથી પણ જીવ દુઃખી થાય છે, તપથી શરીરને દુઃખ થાય છે અને શાંતિ સાધતાં દેહ અને ઈન્દ્રિયોને અંદરનું દુઃખ થાય છે આથી ઉલટું બ્રહ્મચર્યમાં ગુરુની સ્નેહથી સેવા થતાં, ગુરુ-સેવક બન્નેને આનન્દ થાય છે, તેથી તેનાથી હું પ્રસન્ન થાઉં છું''.

''તને યાદ છે કે આપણે ગુરુના ઘેર રહેતા ત્યારે ગુરુ પત્નીએ આપણને તથા બળભદ્રને વનમાં બળતણ લાવવા મોકલ્યા હતા. બ્રહ્મચર્ય વ્રતવાળાઓએ ગુરૂની આજ્ઞા જેમે તેમની પત્નીની અને તેમના પુત્રની આજ્ઞા પણ પાળવી જોઈએ. તે વખતે શીયાળાની ઠંડી હતી અને આપણે સારું બળતણ લેવા ગાઢ વનમાં ગયા; ત્યારે ચોમાસું ન હોવા છતાં ઘણો વરસાદ થયો, પવન નીકળ્યો અને ગર્જના થતી હતી, સૂર્ય આથમ્યો. બધી દિશાઓમાં અંધકાર છવાયો અને ક્ષિપ્રા નદી જલથી ભરપૂર થતાં તે ઉતરવાનો માર્ગ પણ જણાયો નહી. તેથી આપણે તેની બીજી બાજુએ જ રાત રહ્યા. વનમાં જલ અને વાયુથી હેરાન થતાં બધે જલ હોવાથી બેસવાનું સ્થાન પણ ન મળવાથી, છૂટા ન પડાય તે માટે એક-બીજાના આંકડા પકડી નિરાધાર સ્થિતિમાં ભૂખ્યા આમ-તેમ ભમી રાત કાઢી. ગુરુને પણ આપણું દુઃખ જણાયું અને આપણને શોધવા નીકળેલા. સૂર્ય ઉગ્યા પહેલાં જ તેમણે

આપણને ધ્રુજતાં જોયેલા. પછી તેમને ઘણી દયા ઉત્પન્ન થઈ અને તેમણે કહ્યું કે ''હે પુત્રો! તમે અમારા માટે બહુ દુઃખી થયા, પ્રાણીઓને દેહ સર્વથી પ્રિય હોય છે. વ્રતથી દેહતો સંસ્કાર થાય, તેથી વ્રત માટે તમે આ દુઃખ સહન કર્યું, પણ દ્રવ્ય (દેહ)નો સંસ્કાર અને દ્રવ્ય (દેહ) એ બેમાં વિરોધ થાય ત્યારે દ્રવ્ય વધારે ઉપયોગી હોવાથી, તમારે દેહનો જ આદર કરવો જોઈતો હતો, છતાં તમે તેની દરકાર ન કરતાં મને (મારા કાર્યને) જ મોટો ગણ્યો. સારા શિષ્યોએ ગુરુને આવો જ બદલો આપવો જોઈએ. તેમણે તમારી જેમે શુદ્ધ ભાવથી ગુરૂને સર્વ અર્થ અને દેહ સમર્પણ કરવા જોઈએ. તમે તેમ કર્યું, તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમારું વ્રત ઉત્તમ થાઓ, તમારા મનોરથો ફળો. તમે ભણેલા વેદો મારી કૃપાથી સદા સફલ થાઓ'' આવાં અનેક કાર્યો આપણે ગુરૂના ઘેર રહેતા ત્યારે થયેલાં. ગુરૂની કૃપાથી જ પુરુષ શાંતિ પ્રાપ્ત કરવા સમર્થ થાય છે. માત્ર તેમને ઘેર રહેવાથી તેમ થતું નથી. તમે હવે બધા પુરુષાર્થ પ્રાપ્ત કર્યા છે ને?''

ભગવાનના એ પ્રશ્નનો ઉત્તર આપતાં સુદામાએ કહ્યું ''ગુરુના ઘેર રહી, તેમની કૃપા થાય ત્યારે બધા પુરુષાર્થો પ્રાપ્ત થાય. મને તો ગુરુને ઘેર સર્વ પુરુષાર્થરૂપ આપની સાથે રહેવાથી જ તે બધા પ્રાપ્ત થયા; એટલે મેં કયો પુરુષાર્થ પ્રાપ્ત નથી કર્યો? વળી મારે જુદા-જુદા મન્ત્રોના દેવતાઓની પ્રસન્નતા પણ પ્રાપ્ત કરવાની ન હતી, કારણ કે આપ જ સર્વ દેવના દેવ છો. વળી ગુરુની કૃપાની પણ જરૂર ન હતી, કારણ કે આપ જ જગતના ગુરુ છો. વળી આપ જેમનું ઈચ્છેલું સદા સત્ય થાય તેવા 'સત્યકામ' છો અને 'મારી સાથે ભણનારના તથા મારા બધા પુરુષાર્થો લોકન્યાયે સિદ્ધ થાઓ' એવી આપની કામના હતી તેથી તે સત્ય થાય જ. તેથી આપની ઈચ્છાથી જ મને બધા પુરુષાર્થો પ્રાપ્ત થયા છે. આપની સાથે ગુરુના ઘેર રહ્યો તે જ પુરુષાર્થ અને તે જ પુરુષાર્થ પ્રાપ્ત કરવાનું સાધન વેદરૂપ, શબ્દબ્રહ્મ આપનો દેહ જ છે. તેથી જ ભણવા ગુરુના ઘેર રહેવાનું તે તો આપનો દેહ જ છે અને કલ્યાણમાત્ર તેમાંથી ઉત્પન્ન થાય છે. આવા દેહવાળા આપ ગુરુના ઘેર રહ્યા તે તો (જીવનું) આપે અત્યંત અનુકરણ જ કરેલું છે.''

**સુદામાના પૌંઆ શ્રીકૃષ્ણ આરોગે છેઃ**

ભગવાને એ પ્રમાણે સુદામાને મનથી પ્રસન્ન કરી, તેની ઈચ્છા પૂર્ણ કરી ભગવાન પ્રાણીમાત્રના મનનો અભિપ્રાય જાણનાર હોવાથી, હવે સુદામાની પત્નીની ઈચ્છા પૂર્ણ કરવા બ્રાહ્મણનું હિત કરનાર ભગવાન શ્રીકૃષ્ણે પ્રેમથી તેના તરફ જોઈ હસતાં-હસતાં પત્નીનાં સમ્બન્ધમાં મશ્કરી કરતાં કહ્યું કે ''હે બ્રહ્મન્! તમને ધર્મનું જ્ઞાન છે, તેથી મારા માટે ઘેરથી શું ભેટ લાવ્યા છો? ભક્ત પ્રેમથી ભેટ આપે તે થોડી હોય તો પણ મને બહુ પ્રિય છે, કારણ કે પ્રેમથી આણેલું હ્રદયથી આણેલું છે અને હ્રદય ઘણું નાનું છે. હું પણ હ્રદયરૂપ થઈને સ્વીકારું છું તેથી થોડું આણેલ હોય તો તે પણ મારી સમાન થવાથી તે હું ભક્ષણ કરું છું. તે થોડું જ મને ઘણું થઈ પડે છે. ભક્ત ન હોય તે બહારની દૃષ્ટિથી ભેટ કરે અને બહાર તો બ્રહ્માંડ હોવાથી તેનો સ્વીકાર કરતાં હું પણ બ્રહ્માંડરૂપ થાઉં છું. તેથી તે હર

કોઈ ઉપાયે પોતાની પૂર્ણ શક્તિથી ગમે તેટલું લાવેલ હોય, તો પણ તે મને થોડું પડતું હોવાથી તેનાથી મને તૃપ્તિ થતી નથી. તેથી ભક્તિથી મને પદાર્થો ધરવાની જરૂર છે (ભક્તિ સ્નેહરૂપ છે). ભક્ત ન હોય તે લૂખો છે. લોકમાં પણ ઘી વગેરે સ્નેહમાં બોળેલા પદાર્થોથી તૃપ્તિ થાય છે. તુલસી વગેરેનાં પત્ર, લવીંગ વગેરે પુષ્પ, કેરી વગેરે ફલ, ગંગાજલ વગેરે જલ આ ચાર, અગ્નિ વગેરેથી ચડાવતાં નહિ હોવાથી, તે પૈકી હર કોઈ એક, ભક્તિથી આણેલું હોય તે હું પુરુષોત્તમ આરોગું છું. સમર્પતી વખતે ભક્તિથી ધરવું જોઈએ. જ્યાંથી લાવવામાં આવતું હોય ત્યાંથી લેવામાં આવે ત્યારથી મારી પાસે ધરે ત્યાં સુધી ચાલુ સ્નેહ હોવો જોઈએ. મારા માટે પ્રાપ્ત કરી ભક્ત તે મને પોતાના અધિકાર પ્રમાણે ગમે તે સ્થલે ધરે તે જ સ્થલે હું તે આરોગું છું. તે પણ જો ધરનાર કામ વગેરે દોષ વિનાનો હોય અને અંતઃકરણ તેણે વશ કરેલ હોય તો હું જરૂર આરોગું છું''

પત્ર, પુષ્પ, ફલ અને જલ એ ચારમાં સર્વ પદાર્થોનો સમાવેશ થાય છે. અન્ન, વસ્ત્ર વગેરે (ફલમાંથી ઉત્પન્ન થતાં હોઈ) ફલ જ છે. દૂધ શેરડીનો રસ વગેરે જલ જ છે. તાંબૂલ વગેરે પત્ર છે. સોનું વગેરે પુષ્પો છે. તેથી ભગવાને એ ચાર કહેલાં. ભગવાને એ રીત સુદામાને કહ્યું કે તમારી પત્નીએ મોકલેલી અને તમે ભક્તે ભક્તિથી આણેલી ભેટ મને આપો, છતાં તે અલ્પ બુદ્ધિવાળા બ્રાહ્મણે લક્ષ્મીના પતિને પૌંઆ આપ્યા નહિ. તેણે વિચાર્યું કે ''હું શું લાવ્યો છું? આ પૌંઆ તો સાધારણ મનુષ્યો માટે હોય'' અને શરમથી નીચે જોયું. ત્યારે ભગવાને વિચાર્યું કે ''આ તો આપતો નથી. ત્યારે મારે લેવા કે ન લેવા? આને ધન આપવું કે ન આપવું? હું તો ઈચ્છેલો પદાર્થ દોષરહિત હોય તો તેવો આપું છું. હું ધન આપું તે અલૌકિક હોઈ તેમાં દોષ નથી, પણ આ સુદામાને ધનની કામના નથી, તેથી તેને તે ન આપવું. આ પોતાના માટે આવેલો નથી. પત્નીએ મોકલવાથી આવ્યો છે. તેથી આ તેની પત્ની આવી છે એમ માનવું જોઈએ. લજ્જા વગેરે દોષને લીધે આ (ભેટ) આપતો નથી. તેથી તે પત્નીની આ ભેટ લઈ, તેને ધન આપીશ. આણે પહેલાં મારી ભક્તિ કરેલી અને આને ધનની કામના નથી તેથી આ નિષ્કામ છે. તેથી આને મારા સ્વરૂપનું દાન કરવું. પત્નીએ મોકલવાથી આવ્યો, છતાં આ મારો મિત્ર છે, ત્યારે મારે આનું હિત કરવું કે આની પત્નીનું? જો આને ધન આપું તો ભોગ થવાથી તે પડશે, પણ જો આની પત્નીને આપું તો આને પત્નીના સમ્બન્ધને લીધે ભોગ થવાથી તેનાથી તે પડશે નહિ. તેથી આને ધન નહિ આપું પણ આના સમ્બન્ધથી આની પત્નીને દેવોને પણ દુર્લભ ધન આપીશ.''

આવો વિચાર કરી જ્યારે સુદામો સાવધ ન રહ્યો ત્યારે તેણે પૌંઆની પોટલી કપડાથી ઢાંકેલી તે કપડું હડસેલી, વસ્ત્રના કટકામાં બાંધેલા પૌંઆ પોતે જ લઈ લીધા. પછી ગાંઠ છોડી, પૌંઆ જોઈ કહ્યું કે ''હે મિત્ર! મને ઘણી પ્રીતિ ઉપજાવે તેવા આ પૌંઆ તમે લાવ્યા છો. તમે ભક્તિથી આ પૌંઆ લાવ્યા છો તેથી મને તૃપ્તિ થાય છે. આ બધો વૈભવ છે તે ઘણા ભાગે ભક્ત ન હોય તેવા લાવેલ છે. આખી દ્વારકામાં ભક્તે લાવી આપેલ તો આ પૌંઆ જ છે. પ્રેમથી જ મને સંતોષ થાય છે'' એમ કહી ભગવાન એક મુઠ્ઠી પૌંઆ

આરોગ્યા અને બધાએ આરોગવા બીજી મુઠ્ઠી ભરી ત્યારે લક્ષ્મણામાં આવેશ કરેલી લક્ષ્મીએ ભગવાનનો હાથ પકડી રાખ્યો. તેણે વિચાર્યું કે ''જો ભગવાન બધા પૌંઆ આરોગશે તો આને સર્વ આપશે, એટલે મને પણ આપી દેશે, કારણ કે હું (લક્ષ્મી) જ સર્વ છું. હું તો ભગવાનમાં જ આસક્તિવાળી હોવાથી તેને ત્યાં નહિ જાઉં. જો અડધા પૌંઆ (બે મુઠી) આરોગશે તો આને પરલોકનું ફલ પ્રાપ્ત થશે અને એની હદ આખું બ્રહ્માંડ છે, કારણ કે ભગવાનનો દેહ બ્રહ્માંડરૂપ છે'' એવો વિચાર કરી, ભગવાન પુરુષરૂપ થતાં લક્ષ્મીએ પણ તેવી થઈ, બીજી મુઠ્ઠી ભગવાને લેવા માંડતા, તે જ સમયે તેમનો શ્રીહસ્ત ઝાલી રાખી તેમને અટકાવ્યા અને પોતાનો અભિપ્રાય પ્રકટ કરતાં જણાવ્યું કે ''આટલી એક મુઠ્ઠીથી ધન વગેરે બધી સંપત્તિ આપે ઘણી આપી. આ સુદામો ઉત્તમ અધિકારી હોવાથી તેને બન્ને (એક પણ) લોકમાં ભોગ કરવાની ઈચ્છા નથી. કોઈ સમયે ક્યાંક આ લોકમાં અથવા પરલોકમાં ભોગ કરવાની ઈચ્છા થાય, તો તે પૂરી પાડવા આ એક મુઠી ઘણી છે. એક મુઠી આરોગવા કરેલો પ્રયત્ન તેનો રસ સંપૂર્ણ ઉત્તરે ત્યાં સુધી ચાલુ રહેશે અને તેથી આપને તૃપ્તિ થશે. બીજી મુઠી લેવાથી ફરી પ્રયત્ન કરશો અને તેથી ફરી તૃપ્તિ થશે. આને ફલતો એક જ આપવાનું હોવાથી, બીજી ફલવિનાની રહેશે તેથી તે લેશો નહિ. આપ આ વિશ્વના આત્મા છો, તેથી આને બધું ન આપો, કારણકે બીજા પણ આપના સેવકો છે તેમને શું આપશો?''

ભગવાન સાથેની કથામાં સુદામાએ ભગવાન જ પુરુષાર્થરૂપ હોવાનું કહ્યું, તેથી તેની ઈચ્છા પૂર્ણ કરવાનું પોતાનું કર્તવ્ય છે એમ જાણીને જ ભગવાને ધન આપવાનો નિશ્ચય કર્યો. જો લક્ષ્મીને મર્યાદાની રીતે પ્રેરણા કરવામાં આવે તો તે સુદામાને ઘેર સ્થિર રહે. તેથી ભગવાને સુદામાના પૌંઆ પણ આરોગ્યા કારણ કે એમને એમ પૌંઆ આરોગ્ય વિના તેને દાન કરે તો તેના તેજની હાનિ થાય, વળી આ પૌંઆની ભેટ સુદામાની પત્નીએ મોકલેલી, તેથી તે આરોગાવવાનું ફલ પણ તેને જ મળે, એવા વિચારથી ભગવાને તે આરોગવા માંડ્યા. એક મુઠી ભગવાન આરોગે તો તેથી આખું જગત્ તૃપ્ત થાય છે. દુર્યોધને મોકલેલ દુર્વાસા દશ હજાર શિષ્યો લઈ મધ્યરાત્રે કામ્યક વનમાં પાંડવોને ત્યાં ગયા, ત્યારે શ્રીકૃષ્ણે એક મુઠી શાક આરોગવાથી નદીએ સ્નાન કરવા ગયેલા તેઓ બધા ત્યાં જ ધરાઈ ગયેલા અને તેથી યુધિષ્ઠિરને આર્શીવાદ આપી જતા રહેલા. તેથી એક મુઠી પૌંઆ શ્રીકૃષ્ણ આરોગતાં સર્વ તૃપ્ત થતાં, સુદામાને સર્વ ફલ મળે. બીજી આરોગે તો તેને પરલોક પણ મળે, એટલે આખા બ્રહ્માણ્ડનું અધિપતિપણું મળે. ત્રીજી આરોગે તો દેવતાનું અધિપતિપણું મળે અને ચોથી આરોગે તો ભગવાન પોતાનું જ તેને દાન કરીદે એટલે તેને વશ થઈ રહે. તેથી શ્રીકૃષ્ણ એક મુઠી પૌંઆ આરોગે એટલાથી જ સુદામાની પત્નીની સર્વ કામના પૂર્ણ થાય તેમ હોવાથી તેમણે બીજી મુઠી ભરી ત્યારે લક્ષ્મણામાં આવેશ કરી લક્ષ્મીએ તેમનો શ્રીહસ્તપકડી તેમને બીજી મુઠી આરોગતાં અટકાવ્યા.

**સુદામાનું ઘર પ્રતિ પ્રયાણ અને માર્ગમાં થયેલ વિચારઃ**

સુદામો પછી તે રાત ભગવાનના મંદિરમાં રહ્યો અને ત્યાં જાતજાતના રસયુક્ત પદાર્થો તથા અમૃત વગેરે ખાઈ-પીને જાણે પોતે સ્વર્ગમાં હોય તેવું સુખ પામ્યો. ભગવાને તેનો સત્કાર કરતાં તેને કાંઈક આભૂષણ વસ્ત્ર તથા ગાય આપેલી. ભગવાનનો પ્રભાવ વિશ્વમાં સર્વત્ર હોવાથી તે જ્યાં જાય ત્યાં ભગવાન તેને સર્વ આપી શકે તેમ હોવાથી, વધારે આપી તેને તે લઈ જવાનો શ્રમ શા માટે કરાવે ? વળી ભગવાને મૈત્રી જ પ્રકટ કરેલી અને મિત્ર બહુ દાન કરતો નથી. તેથી બીજે દિવસે સવારે સુદામાએ જવાની રજા માગી, ત્યારે ભગવાને પોતે ગઢ પાસેની ખાઈ સુધી તેને વળાવાવ,ને પ્રસન્ન કરી જવાની રજા આપી.
ભગવાને પોતે ત્યાં તેને (બહુ) ધન આપ્યું નહિ અને તેણે મિત્ર ભગવાન પાસે માગ્યું નહિ, તેથી પત્ની શું કહેશે, આવા ભયથી તેને માર્ગમાં ચિન્તા થઈ. છતાં ભગવાનનાં દર્શનથી તેને સુખ જ થયું, ધન મળ્યું નહિ તેનું દુઃખ ન થયું. માર્ગમાં તે વિચારતો હતો કે ''ભગવાન બ્રાહ્મણોનું ઘણું હિત કરનારા હોવાથી યોગ્ય અવસરે હર કોઈ બ્રાહ્મણનું હિત કરે છે. મારું તો કસમયે પણ હિત કર્યું, કારણ કે હું તો જોવો પણ ન ગમે તેવો દરિદ્ર હોવા છતાં, છાતી ઉપર લક્ષ્મી ધારણ કરનાર ભગવાન મને ભેટ્યા. ક્યાં હું પાપી અને દરિદ્ર અને લક્ષ્મીના ધામરૂપ ભગવાન કયાં? અમે બરોબરીયા ન હોવાથી અમારામાં મૈત્રી સંભવતી જ નથી. છતાં હું બ્રાહ્મણ હોવાથી આદરને પાત્ર ગણી ભગવાન મને ભેટ્યા. તે પોતે વિષ્ણુ અને હું બ્રાહ્મણ હોઈ મને બ્રહ્મની સ્થિતિનો ગણી પોતાની સમાન ગણી આલિંગન કર્યું અને હું ભાઈ હોઉં તેમ મને પ્રિયાના પલંગ ઉપર બેસાડ્યો અને હું થાકેલો હોવાથી હાથમાં ચમરી રાખી મહારાણીએ મને પવન નાખ્યો. ભગવાને પોતે પણ મારા પગ દબાવવા વગેરે પ્રકારે સેવા કરી. જે પૂજ્ય દેવોના પણ દેવ છે છતાં વિપ્રોને દેવ માને છે, તેવા ભગવાને મારી દેવની જેમે પૂજા કરી. મને સ્નાન વગેરે બધું તેમણે જ કરાવ્યું. મારે કાંઈ કરવું ન પડ્યું. માણસોને પાતાલ, ભૂમિ અને સ્વર્ગ એ ત્રણ લોકમાં જે સુખ થાય છે, અણીમાં વગેરે સિદ્ધિઓથી તથા મોક્ષથી જે સુખ થાય છે તે બધાનું મુખ્ય કારણ તેમના ચરણની સેવા છે, છતાં દયાળુ ભગવાને એમ વિચારીને મને ઝાઝું ધન ન આપ્યું કે જો નિર્ધનને ધન પ્રાપ્ત થશે તો તેને મદ થશે અને તેથી તેમનું સ્મરણ ન થવાથી તેના સર્વસ્વનો નાશ થશે. ભગવાન સમ્બન્ધી એવા વિચાર કરતાં તે પોતાના ઘર પાસે પહોંચ્યો.

**સુદામાને શ્રીકૃષ્ણે પ્રાપ્ત કરાવેલો વૈભવઃ**

ઘરની પાસે પહોંચતા જ સુદામાએ ઘરની આસપાસ આકાશમાં દિવસે પ્રકાશતા સૂર્ય, રાત્રે પ્રકાશતા ચંદ્ર અને સંધ્યા સમયે પ્રકાશતા અગ્નિના જેવા ત્રણે સમયે પ્રકાશતા વિમાનો ફરતાં જોયા. તેની આસપાસ ફલથી ભરપૂર વાડીઓ તથા પુષ્પથી ભરપૂર બગીચા હતા અને તેમાં જાતજાતના પક્ષીઓ કુંજન કરતા હતા. ચો તરફ રાત્રિ-દિવસ તથા સંધ્યા સમયે ખીલે તેવા ખીલેલાં કમળોથી ભરપૂર તળાવ હતાં. ઘરમાં અલંકાર ધારણ કરેલા પુરુષો તથા ઘણી સુંદર સ્ત્રીઓ ફરતી હતી. તે જોઈ સુદામાએ વિચાર્યું કે ''આ શું ગંધર્વનગર છે, માયાનો વૈભવ છે કે સત્ય છે?'' બધા પદાર્થો ત્યાં સ્થિર હોવાથી વળી તેને

થયું કે હું જ ભુલથી કોઈ બીજાને સ્થાને આવ્યો છું. ''આ કોનું સ્થાન છે?'' એમ તે વિચારવા લાગ્યો. પછી આસપાસની જગ્યા જોઈ તેને ખાતરી થઈ કે આ સ્થાન મારું જ છે, એટલે વળી વિચારવા લાગ્યો કે ''મારું એ ઘણું હલકું ઘર આવું કેમ બની ગયું?'' એવી રીતે તે આશ્ચર્યમાં ગરકાવ જ હતો, એટલામાં દેવના જેવી કાંતિવાળા સ્ત્રી–પુરુષો ગાન કરતા તથા વાજીંત્ર વગાડતાં તેનું સામૈયું કરવા આવ્યા. તેનામાં પણ ભગવત્સ્વરૂપ દેવોના ઈન્દ્રનો આવેશ થયો, એટલે તે સામૈયાને યોગ્ય રૂપવાળો થયો. એ પહેલા જ ત્યાં અમરાવતી પ્રકટ થયેલી અને સુદામાની પત્નીમાં શચીનો આવેશ થતાં તે પણ ઘણી સુંદર બનેલી. ભગવાને પૌંઆ અરોગ્યા તે તુરત જ તે એવી સુંદર થઈ, 'પતિ ક્યારે આવે?' એવા વિચારથી સુદામાનું ચિન્તન કરતી હતી. હવે પતિ આવ્યા એમ સાંભળી તે પતિવ્રતા સ્ત્રીનાં નયનો હર્ષથી ખીલી ઉઠ્યા, તેણે બધાં આભરણો પહેર્યા અને જેમ સાક્ષાત્ લક્ષ્મી પોતાનાં ધામ ક્ષીરસમુદ્ર અથવા કમલમાંથી નીકળે તેમ તે ઘરમાંથી બહાર નિકળી. તે પતિવ્રતાએ પતિને જોયો અને ''મારા માટે પતિને કલેશ થયો. ઘણા સમયે દૂરથી આવ્યા'' એમ વિચારી પ્રેમથી વિહ્વલ થઈ અને આંખમાં આંસુ આવ્યા, એટલે શરમને લીધે અથવા અપશુકન થવાના ભયથી તેણે આંખો બધ કરી. તેણે બુદ્ધિપૂર્વક પતિને નમન કર્યું અને મનથી તેનું આલિંગન કર્યું. વિમાનમાં બેઠેલી અપ્સરા હોય તેવી તેજવાળી અને વસ્ત્રભૂષણોથી શણગારાયેલી પોતાની પત્નીએ સુવર્ણની કંઠીઓ પહેરેલી દાસીઓની વચ્ચે શોભતી જોઈ સુદામાને વિસ્મય થયો. તેણે આ ભગવાનનું અલૌકિક ચરિત્ર જાણ્યું. ભગવાને જ કૃપાથી આ બધું મને આપ્યું છે એવો નિશ્ચય થવાથી તે પ્રસન્ન થયો અને પત્ની સાથે તેણે પોતાના મંદિરમાં પ્રવેશ કર્યો. જે મંદિર (ઓરડ)માં તે પત્ની સાથે ગયો તેમાં જ મણિના એક સો સ્તંભો હતા. તે મંદિર મહેંદ્રના ભવન જેવું હતું. તેમાં દુધના ફીણ જેવી સ્વચ્છ ઉંચી શય્યાઓ હતી. હાથીદાંતના બનાવેલા સુવર્ણથી જડેલા પલંગો હતા અને સુવર્ણના હાથાવાળા ચમરીના પંખાઓ હતા. તેમાં આસનો સુવર્ણના હતા અને તેમના ઉપર કોમળ વસ્ત્રોની ચાદરો હતી. ઉપરના ભાગમાં મોતીની માળાઓ લટકાવેલા કાંતિવાળા ચંદરવા હતા. ભીંતો સ્વચ્છ સ્ફટિક મણિની અને મોટા મારક્ત મણિની બનાવેલી હતી અને રત્નનાં બનાવેલાં સ્ત્રીઓનાં પૂતળાં રત્નનાં દીવાઓ પકડી ઉભેલાં હતાં.

**વૈભવ જોઈ સુદામાને આવેલ વિચાર અને ધનની અસરઃ**

પોતાની વિના કારણ પ્રાપ્ત થયેલી આ બધી સમૃદ્ધિ જોઈ સુદામો સાવધાન થઈ વિચારવા લાગ્યા : મને દુર્ભાગીને આ ચારે તરફ દેખાય છે એટલું બધું ધન શાથી મળ્યું? હું તો સદા દરિદ્ર હતો, અકસ્માત આટલું બધું ભાગ્ય ન ખીલે. લોકમાં એમ સંભળાય છે કે અકસ્માત્ લક્ષ્મીની દ્રષ્ટિ પડવાથી અમુક પુરુષ ઘણો ધનવાન થયો તે પ્રમાણે લક્ષ્મી જેવી ઘણી વિભૂતિઓવાળા ભગવાનની દષ્ટિથી જ મને આ સર્વ પ્રાપ્ત થયેલ હોવું જોઈએ. તે વિના આનું બીજું કારણ ન હોઈ શકે. યાદવો પણ પહેલાં નમાલા હતા અને હવે

ભગવાનની દ્રષ્ટિથી ઘણા ધનવાન થયા છે, તેમ મારે પણ થયું. માગવા જતાં ભગવાને જ આ બધું મને આપેલું છે, પરંતુ પોતાની રૂબરૂ આપ્યું નથી અને કહ્યા વિના જ આપ્યું છે. જેમ મેઘ ખેડુતોને માત્ર પોતાને જ શરણ રહેલા અને ઉનાળાથી પીડાયેલા જોઈને, કોઈ સમયે તેઓ સૂતા હોય ત્યારે જ તેમનાં ખેતર બધાં જલથી તરબોળ કરે છે તેમ ભગવાને પણ મને પોતાને જ શરણે રહેલ અને દુઃખી જોઈ, પોતે જ હું ભક્તનું સ્વરૂપ જોઈ આ બધું મને આપેલ છે. તે પોતે બહુ ભોગ કરનાર હોવાથી મને પણ ઘણું આપ્યું, કારણ કે હું તેમનો મિત્ર છું. જે થોડું આપે તે લજ્જાને લીધે કહ્યા વિના આપે, એટલે જો કે મને ઘણું આપ્યું, છતાં કહ્યા વિના આપેલ હોવાથી; પોતે ઘણું આપેલ તેને થોડું કરી જણાવ્યું. હું તો માત્ર ચાર મુઠી પૌંઆ લઈ ગયેલ, તે તેમણે 'મને ઘણી પ્રીતિ ઉપજાવે તેવા પૌંઆ તમે લાવ્યા છો' એમ કહી ઘણાં કરી દેખાડ્યા. જેમ મારી એક મુઠી પૌંઆ આરોગ્યા તેમ તો ઈન્દ્ર વગેરે એ આણેલું અમૃત પણ આરોગતા નથી. પોતે કરોડો બ્રહ્માણ્ડોના નાયક હોવા છતાં મારા પૌંઆ ઘણા પ્રેમથી આરોગ્યા. મને ભગવાનમાં સ્નેહ હતો અને તેમનાં સખ્ય મૈત્રી અને દાસ્ય મારામાં હતાં તેમ ન હોત તો મને તેમનો સમ્બન્ધ જ ન થાત. મને જન્મોજન્મ આવા તેમનામાં સ્નેહ વગેરે રહો, કારણ કે તે મહાત્મા છે. તેમના સેવકોના સેવકમાં પણ સંસાર વગેરેનો દોષ નથી. વળી તે ગુણોનું ધામ છે. વળી તેમના ભક્તોનો સંગ રહો કે જેથી દુસંગના દોષ મારામાં ન રહે. રાજ્ય ઐશ્વર્ય વગેરે બુદ્ધિનો મોહ કરે તેવી સમ્પત્તિ ભગવાન ભક્તને આપતા નથી, કારણ કે તેવી સમ્પત્તિથી નાશ થાય છે. તે પોતે ઘણા ચતુર હોવાથી આ જાણે છે અને ધનવાનોનો મદથી નાશ થતો વારંવાર જુએ છે, તેથી ભક્તોને તેવી સમ્પત્તિ કદાપિ આપતા નથી.''

બુદ્ધિથી એવો નિર્ણય કરી તે ભગવાનનો મોટો ભક્ત થયો અને પત્ની માટે આ બધું થયેલ હોવાથી ''કેટલોક સમય પછી તેનો અને વિષયોનો ત્યાગ કરીશ'' એવા વિચારથી બહુ લંપટ ન થતાં તેણે પત્ની સાથે વિષયોનો ભોગ કર્યો. થોડો લંપટ તો તે થયો, કારણ કે તેવો ન થાય તો વિષય ભોગથી ન થાય.

ભગવાન દેવોના પણ દેવ છે, સર્વનાં દુઃખ હરનાર છે, યજ્ઞના ભોક્તા અને સર્વને વશ રાખનારા છે, છતાં તે બ્રાહ્મણોની આજ્ઞા પ્રમાણે વર્તે છે અને તેમનો સત્કાર કરે છે. તેમના વિચાર પ્રમાણે બ્રાહ્મણોથી કાંઈ ઉત્તમ નથી. તેથી ભગવાન વિનયથી તેમને માન આપે છે આ સુદામામાં ભગવાનનો આવેશ થવાથી તે ભગવદ્રૂપ થયેલો. તે ભગવાનનો મિત્ર હતો. ભગવાન કોઈથી જીતાય તેવા ન હોવા છતાં ભક્તોથી પરાજય સ્વીકારે છે. અને જયારે સર્વના ઈશ્વર ભગવાન ભક્તને વશ થાય ત્યારે સર્વ પુરુષાર્થો તેમને આધીન થાય છે. સુદામાએ ભગવાનના ઘ્યાનમાં વેગથી જ અવિદ્યા વગેરેનાં સર્વ બંધનો તોડી નાખ્યાં અને તેમનું ચિન્તન કરવાથી જ તેને તેમનાં ધામ વૈકુંઠની અને પછી તરત જ ભગવાનની પ્રાપ્તિ થઈ એટલે તેણે સાયુજ્ય પ્રાપ્ત કર્યું.

સુદામા પ્રત્યે ભગવાને જે બ્રહ્માણ્યપણું દર્શાવ્યું તેનું શ્રવણ કરવાથી માણસને

ભગવાનમાં દૃઢ ભક્તિ પ્રાપ્ત થાય છે અને તે કર્મના બંધનોથી મુક્ત થાય છે. જ્યારે સુદામાની કથાનું શ્રવણ કરનારનો પણ મોક્ષ પ્રાપ્ત થાય છે, ત્યારે સુદામાને મોક્ષ પ્રાપ્ત થયો એમાં શું? ભગવાન આવી રીતે ભોગ અને મોક્ષ બન્ને આપે છે અને બીજું પણ (જોઈતું હોય તે) ફલ આપે છે.

**યાદવોની કુરુક્ષેત્રની યાત્રાઃ**

સર્વથી ઉત્તમ સાત્વિકોને પણ ગ્રહણ વગેરે ઉત્તમ કાલમાં કુરુક્ષેત્ર જેવા તીર્થમાં જ ભગવાનનાં દર્શન થાય છે, બીજે થતાં નથી, એમ દર્શાવવા કુરુક્ષેત્રની યાત્રાના પ્રસંગનું હવે વર્ણન કરવામાં આવે છે. તીર્થ પણ જો ઘર હોય તો ફલ આપતું નથી, તેથી મથુરા અને દ્વારકા થી પણ ગોપીઓ-યાદવો વગેરે કુરુક્ષેત્રમાં ગયેલા. ખગ્રાસ સૂર્ય ગ્રહણ જેવો તીર્થયાત્રા માટે મુખ્ય કાલ નથી.

એક વાર શ્રીકૃષ્ણ અને બલભદ્ર દ્વારકામાં જ હતા, ત્યારે માઘ માસમાં ખગ્રાસ સૂર્ય ગ્રહણ થશે એમ જ્યોતિઃશાસ્ત્રથી જણાયું. આવું ગ્રહણ કલ્પ પૂરો થવાના સમય જેમ સર્વનો નાશ કરનાર હોવાથી એમ સૂચવે છે કે ભૂમિનો ભાર ઉતરશે. ગ્રહણ થવાનો છે એમ જાણીને જ તે થવાના સમય પહેલાં જ મનુષ્યો પોતાનું કલ્યાણ થાય તે માટે સર્વ દિશાઓમાંથી સ્યમંતપંચક તીર્થે ગયા. પહેલાં પરશુરામે સર્વ ક્ષત્રિયોનો નાશ કરવાનો સંકલ્પ કરેલો. ક્ષત્રિયોએ જાણ્યું કે તે જરૂર આપણને હણશે. તેથી કુરુક્ષેત્રમાં હણાવાથી મોક્ષ પ્રાપ્ત થશે એવો નિશ્ચય કરી તે બધા ત્યાં ગયા. પરશુરામે ત્યાં તે બધાને હણી તેમનાં લોહીથી નવ ધરા ભર્યા. આ જ ગંગાથી પણ ઉત્તમ નવ તીર્થો થયાં. પરશુરામને તેઓ ભગવાનનો અવતાર હોવાથી કર્મનું બંધન ન હતું. વળી એ પ્રદેશનાં મહાત્મ્યને લીધે પણ તેમને ત્યાં કરેલાં કર્મનું બંધન થાય તેમ ન હતું, છતાં જેમ તેવા મહાન પુરુષ વર્તે તેમ બીજાઓ તેમને અનુસરે. તેથી બીજાઓ પોતાનાં પાપ દૂર કરવા માટે યજ્ઞ કરે, તેમ તેમણે ક્ષત્રિયોની હત્યાના પ્રાયશ્ચિત્ત તરીકે અહીં યજ્ઞ કરેલો. તેથી આ સ્થાન ઘણું પવિત્ર હતું. તેથી આ ગ્રહણ સમયે ભારતવર્ષમાંથી સર્વ પ્રજા ત્યાં તીર્થ કરવા આવી.

અક્રુર વાસુદેવ વગેરે યાદવો ત્યાં આવ્યા. દ્વારકાનું રક્ષણ કરવા અનિરૂદ્ધ અને સેનાપતિ કૃતવર્મા ત્યાં રહ્યા. ગદ, પ્રધુમ્ન, સાંબ વગેરે શોભા દેખાડવા જગન્નાથ વગેરે દેવસ્થાને જવા બનાવેલા શોભિતા રથોને સમુદ્રના મોજાના જેવી ગતિવાળા ઘોડા જોડી તેવા રથમાં, વાદળાં જેવી ઉંચા ગર્જના કરતા હાથીઓ ઉપર, અથવા વિદ્યાધર જેવી કાંતિવાલા ભોઈઓએ ઉપાડેલી પાલખીઓમાં બેસી, સૂવર્ણની માલાઓ પહેરી ઘણા તેજસ્વી થઈ ત્યાં ગયા. સ્ત્રીઓ સાથે દિવ્ય માલાઓ, વસ્ત્રો તથા કવચો વગેરેથી તેઓ દેવો જેવો શોભતા હતા. સૂર્ય ગ્રસ્ત થયેલો જ આથમતો હોવાથી તે દિવસે બધાએ તે કારણથી સ્નાન કરી ઉપવાસ કર્યો. તીર્થમાં આવ્યા તે કારણથી ઉપવાસ કર્યો ન હતો, કારણ કે કુરુક્ષેત્રમાં તે કારણથી ઉપવાસ કરવાની શાસ્ત્રની મના છે. પછી સાવધાન થઈ સર્વ ભોગનો ત્યાગ કરી, ક્રોધ વગેરે ન કરતાં ગ્રહણ સમયે ફરીથી સ્નાન કરી વસ્ત્રો અને

સુવર્ણની માલાઓવાળી ગાયો બ્રાહ્મણોને દાનમાં આપી. દાન ન કરે તો સ્નાન ખોડવાળું રહે તેથી સ્નાન પૂર્ણ થાય તે માટે સુવર્ણનું દાન કરી, 'અમારી શ્રીકૃષ્ણમાં ભક્તિ થાઓ' એવી કામના કરી. ત્યાં તીર્થમાં શ્રીકૃષ્ણની પૂજા કરી, ભગવાને ભોજન કર્યા પછી સર્વ યાદવો ભોજન કરી શીતળ છાંયાવાળા વૃક્ષોની નીચે બેઠા, એટલે ત્યાં તેમણે પોતાનાં મિત્રો તથા સમ્બન્ધીઓને ભગવાનનાં દર્શન માટે આવેલા જોયા. જુદા-જુદા દેશોમાંથી તેઓ આવેલા, તેમ શત્રુઓ પણ આવેલા. નન્દ વગેરે ગોપો અને ભગવાનનાં દર્શનની લાંબા સમયથી તીવ્ર ઈચ્છાવાળી ગોપીઓ પણ આવેલી.

**કુરુક્ષેત્રમાં મિત્રોનો મેળાપઃ**

બધાને ભગવાનના ભક્તોમાં સાક્ષાત્ અથવા પરંપરા થી આસક્તિ હોવાથી તે બધા ભગવાનના ભક્તો હતા, તેથી એક-બીજાનાં દર્શન થતાં તેમને ઘણો જ હર્ષ થયો અને તેના વેગથી તેમનાં હૃદય તથા મુખ ખીલી ઉઠ્યા. તેમના નેત્રોમાંથી હર્ષના આંસુ ટપકવા લાગ્યા. તેઓ એક-બીજાને ભેટી પડ્યાં. તેમને રોમાંચ થયા અને તેઓ હર્ષને લીધે બોલી શકતા ન હતા. સ્ત્રીઓની દૃષ્ટિ ઘણાં સ્નેહ અને સ્મિતવાળી થઈ. એક-બીજીને ભેટી અને પ્રેમને લીધે તેમની આંખમાં પણ આંસુ આવ્યા. એક બીજાને વયની યોગ્યતા પ્રમાણે નમન કરી કુશલ પૂછ્ય। પછી તેઓ પરસ્પર શ્રીકૃષ્ણની કથા કરવા લાગ્યા. પરમ વૈષ્ણવનું લક્ષણ એ જ છે કે ભગવાનની પરસ્પર કથા કરવી.

કુંતિએ પોતાના ભાઈઓ, બેનો, મા-બાપ, ભાઈની સ્ત્રીઓ, ભત્રીજાઓ તથા ભગવાનને જોયા અને તેમની સાથે વાતચીત કરવાથી તેનો શોક દુર થયો. તેણે વસુદેવને ઠપકો આપતા કહ્યું ''તમે ભલા છો, છતાં અમારે દુઃખ આવી પડ્યું ત્યારે તમે પણ અમને સંભાર્યા નહિ એ આશ્ચર્યકારક છે. હું માનું છું કે મારું જ ભાગ્ય મંદ હોવાથી તમે પણ અમને ન સંભાર્યા. જેનું દૈવ વિરુદ્ધ હોય તેને સ્નેહીઓ વગેરે કોઈ સંભારતું નથી.'' વસુદેવે કહ્યું કે ''તમારે મને દોષ દેવો યોગ્ય નથી, કારણ કે મનુષ્યમાત્ર દેવ કાલને વશ છે, કારણ કે સર્વ કાલના ઉદરમાં જ ઉત્પન્ન થએલ છે. જે જેના ઘરમાં ઉત્પન્ન થાય તે તેને વશ રહે છે, તેથી મનુષ્યમાત્રની સર્વ ક્રિયાઓ કાલને આધીન છે. કંસે દુઃખ દેવાથી અમે બધા યાદવો આઠે જુદી-જુદી દિશાઓમાં ભાગેલા, ત્યાંથી હવે ભેગા થયા. તેથી અમારી કિયા કાલને આધીન હોવાથી અમને ઠપકો દેવો યોગ્ય નથી.

પછી જે રાજાઓ આવેલા તેમનો વસુદેવ વગેરે યાદવોએ સત્કાર કર્યો, અને તેઓને ભગવાનનાં દર્શનથી ઘણું સુખ થયું. તેમાં કેટલાક પરમ વૈષ્ણવ યુધિષ્ઠિરના સંગવાળા હતા. તે બધા લક્ષ્મીના ધામરૂપ ભગવાનના દર્શન કરી ''જેનું માત્ર ધ્યાનથી જ ભાન થાય તેવા દેહનાં દર્શન અમને કેવી રીતે થયા?'' એમ વિસ્મય પામ્યા. ભગવાને તથા બલભદ્રે તેમનો સત્કાર કર્યો. તે બધાએ ભગવાનની સ્તુતિ કરી, પછી યાદવોની પ્રશંસા કરી. ભગવાનની સ્તુતિ તો બધા કરે છે, જેમના ઉપર ભગવાને કૃપા કરી છે તેવા ભક્તોની સ્તુતિ કરનારા વિરલ હોય છે. તેમણે યાદવોની સ્તુતિ કરતાં કહ્યું કે ''માણસોમાં તમારો

જન્મ જ ધન્ય છે, કારણ કે વૈકુંઠવાસીઓને પણ કોઈવાર જ થાય અને પૂર્ણ યોગવાળાને પણ કદાચ એકવાર થાય તેવાં ભગવાનનાં દર્શન તમને વારંવાર થાય છે. બધા વેદો જેમનું ગાન કરે છે તે ભગવાનની કીર્તિ આ આખા જગતને પવિત્ર કરે છે. ભગવાનના સમ્બન્ધને લીધે તે જગતને ઘણું પવિત્ર કરે છે, તો પછી તમને ભગવાનનો સાક્ષાત્ સમ્બન્ધ છે તેનું શું કહેવું? વળી ભગવાનનું ચરણોદક ગંગા, તેમની વાણી ગીતા અને શાસ્ત્ર ભાગવત એ પણ જગતને પવિત્ર કરે છે. વળી ઘણા બલવાન્ કાળે જેનું, જાણીતું અને જાણી ન શકાય તેવું, બધું સામર્થ્ય હરેલું છે તેવી ભૂમિ પણ માત્ર ભગવાનના ચરણના સ્પર્શથી પોતાની બધી શક્તિઓ પ્રાપ્ત કરી આપણી બધી કામનાઓ પૂરે છે. તેથી કાલે જેનું ભક્ષણ કર્યુ હોય તેને પણ ભગવાનના ચરણનો સ્પર્શ થતાં નવું જીવન પ્રાપ્ત થાય છે, અને તે બધાને નભાવનાર થાય છે. તમે તો નરકના માર્ગરૂપ નરક પ્રાપ્ત કરાવનાર ઘરમાં રહેતા હો, ત્યારે પણ તમને એવા પ્રભાવવાળા ભગવાનનાં દર્શન, સ્પર્શ, સાથે ફરવાનું, વાતચિત, સાથે શયન, ભોજન, આસન, સગપણ તથા ગોત્રને સમ્બન્ધ પ્રાપ્ત થાય છે. ઘરનો સમ્બન્ધ બીજાને નરક પ્રાપ્ત કરાવનારો છે, તે તમોને વિષ્ણુનો સમ્બન્ધ કરાવે છે. ભગવાનનાં દર્શન થાય ત્યારે કોઈ પણ સ્વર્ગથી અથવા મોક્ષથી આનન્દ માનતો નથી. ભગવાનનો સમ્બન્ધ ન હોય ત્યારે જ સ્વર્ગ અથવા મોક્ષમાં આનન્દ માને છે. આવા ભગવાનનો તમને સદા સમ્બન્ધ હોવાથી તમારો જન્મ જ ધન્ય છે.''

**નન્દ ગોપો વગેરેનો મેળાપઃ**

યાદવો કુરુક્ષેત્રના પશ્ચિમ ભાગમાં ઉતરેલા. નન્દ ત્યાંથી દૂર પૂર્વ ભાગમાં ઉતરેલા. નન્દે યાદવો શ્રીકૃષ્ણ સહિત આવ્યા છે એમ સાંભળ્યું, એટલે ગોપો ગાડાં તથા બધી સામગ્રી સાથે તે ત્યાં આવ્યા. તેમને આવતાં જોઈને, જેમ પ્રાણ આવતાં હાથ-પગ વગેરે અવયવો પોતાની મેળે હાલવા લાગે તેમ યાદવો મનની પ્રેરણા વિના જ ઉભા થઈ ગયા અને તેમને ભેટ્યા. વસુદેવે કંસે દીધેલાં દુઃખોનું સ્મરણ કરતાં પ્રેમથી વિહ્વલ થઈ તેમને ભેટ્યા. શ્રીકૃષ્ણ અને બલભદ્રે નન્દ-યશોદાને નમન કર્યુ અને પ્રેમથી કંઠ ભરાઈ આવતાં કાંઈ બોલ્યો નહિ. નન્દ અને યશોદાએ તે બન્ને પુત્રોને બાલકની જેમે ખોળામાં બેસાડી, હાથથી આલિંગન કરી માથાં સૂંઘ્યા.

રોહિણી અને દેવકી યશોદાને ભેટ્યાં અને તેમણે કરેલા ઉપકારો સંભારતાં કહ્યું કે ''હે વ્રજેશ્વરિ! કાંઈ પણ બદલો આપી ન શકાય તેવા તમે અમારા ઉપર ઉપકારો કર્યા છે તે કોણ ભૂલી શકે? તમે અમને જે લાભ કર્યો છે તેવો લાભ સ્વર્ગમાં પણ મળે તેમ નથી. તેનાથી જો કોઈ બીજો લાભ વધારે અથવા મોટો હોય તો તે મોટા લાભથી તે ભૂલાય, પણ તેઓ તેનાથી વધારે લાભ સ્વર્ગમાં પણ થાય તેમ નથી. તેનો બદલો અમે શું વાળીએ? ઈન્દ્રનો વૈભવ આપવામાં આવે તો પણ તેનો બદલો વળે તેમ નથી. આ બે બાલકોએ તેમના મા-બાપ જોયા જ ન હતા. તમને જ માતા-પિતા જાણતા અને તમે તેમનું અલૌકિક હિત કરી તેમને આનન્દ આપ્યો. શાંતિ કર્મ વગેરેથી તેમની સમૃદ્ધિ કરી, માખણ

વગેરેથી તેમનું પોષણ કર્યું અને ચુંબન વગેરે કરી લાડ લડાવ્યાં. જેમ પાંપણ આંખનું રક્ષણ કરે તેમ તમે તેમનું રક્ષણ કર્યું. તેથી તે બે તમને સોંપેલ હોવાથી પૂતના વગેરેના ભય પણ ટળ્યા, એવા તમારા જેવા સજ્જનોની બુદ્ધિ 'આ મારું આ પારકુ' એવી હોતી નથી.''

**શ્રીકૃષ્ણ અને ગોપીઓનો મેળાપઃ**

ગોપીઓને તો દેવકી વગેરે સાથે કોઈ વાત કરવાની ન હતી. તેમને તો શ્રીકૃષ્ણ સાથે જ વાત કરવાની હતી. શ્રીકૃષ્ણનાં તેમને દર્શન થયાં, એટલે નયનોથી તેમને પોતાના હૃદયમાં પધરાવી, દેહ વગેરેના અંતરાય વિના આત્માથી જ તેમને પોતાનાં હૃદયમાં દઢ પ્રકારે તેઓ ભેટી, જીવનની સ્થિતિ ફગાવી દઈ, તેઓએ ભગવદ્‌ભાવ પ્રાપ્ત કર્યો. પહેલાં પણ તેઓ ભગવાનનાં દર્શનમાં વિઘ્ન કરનારી પાંપણને બનાવનાર બ્રહ્માની નિન્દા કરતી હતી, કારણ કે પાંપણ આંખનું રક્ષણ કરવા બનાવેલી, પણ ભગવાનનાં દર્શન થતાં હોય ત્યારે આંખને કોઈ ઈજા કરી શકતું ન હોવાથી પાંપણ નકામી જ થાય, એટલું જ નહિ પણ ભગવાનનાં દર્શનમાં વિઘ્ન કરે. આવા દર્શનરસને જાણનારી ગોપીઓનો આવી રીતે કામથી વિના પ્રયાસે ભગવદ્‌ભાવ થયેલો. હજારો સાધન કરવા છતાં ભગવદ્‌ભાવ થવો કઠણ છે. ગોપીઓના ઈર્ષા વગેરે દોષો દૂર કરવાનો બીજો કોઈ ઉપાય ન હોવાથી ભગવાને તેમનો ભગવદ્‌ભાવ કરેલો, પરંતુ તેમને તેનું ભાન પણ ન હતું. તેથી જ તેઓ કહેતી કે **''ગોમતિ મતિમતિ કિમિદં હરિહરિ હરિણા કથં સંગઃ, જાતં પીતં વસનં મેચકમનં ગતોંઽગનાભાવઃ''**. હે ઈન્દ્રિયવાળી બુદ્ધિવાળી સ્ત્રી! આ શું ? અરેરે! હરિ સાથે મને કેમ સંગ થયો? (કારણ કે તે સંગથી મારું) વસ્ત્ર પીળું થયું, અંગ કાળું થયું અને મારું સ્ત્રીપણું જતું રહ્યું! (હું શ્રીકૃષ્ણ બની ગઈ.)

પછી ગોપીઓનો ભગવદ્‌ભાવ દઢ થાય તે માટે તેમને બોધ દેવા ભગવાને ત્યાંથી ઉઠી એકાંતમાં જઈ તેમને ભેટી એટલે પોતાના બહારના ગુણો પણ તેમનામાં મૂકી, તેમનું કુશળ પૂછી, 'હું આવીશ' એમ જે પોતે કહેલું તેનું સ્મરણ કરી, હસતાં-હસતાં તેમને ઉપદેશ આપ્યો.

**શ્રીકૃષ્ણે ગોપીઓને આપેલ ઉપદેશઃ**

''હે સખીઓ! તમને યાદ છે ને કે અમારા બંધુઓનું હિત કરવા અમે મથુરા ગયેલા. ત્યાં તે કાર્ય કરતાં શત્રુઓનો નાશ કરવાનો હોવાથી અમને ઘણો વખત લાગ્યો. તમે આ માનતા-જણાતા નથી અને શ્રીકૃષ્ણ ઠગ છે એમ માની ''અમે તમારી દરકાર કરી નહિ અને અમે અકૃતજ્ઞ છીએ'' એમ ધારો છો, તે યોગ્ય નથી. કારણ કે ભગવાન (કાલ) જ પ્રાણીઓનો સમાગમ કરાવે છે અને તેમનો વિયોગ કરાવે છે. જેમ વાયુ વાદળાંઓનો સમૂહને, ઘાસનાં તણખલાંને, કપાસના પિંડાને અથવા ભૂમિનાં રજકણોને પોતાની ઈચ્છા પ્રમાણે લઈ જઈ ભેગા કરે છે અથવા વિખૂટા પાડે છે, તેમ કાલ બધા પ્રાણીઓને ભેગા કરે છે અથવા વિખૂટા પાડે છે. તેથી ભેગા થવું અથવા વિખૂટાં રહેવું એ કાલને આધીન હોવાથી અમને દોષ દેવો યોગ્ય નથી. જો તમો પરમાર્થ જાણો તો મારામાં ભક્તિ રાખવાથી એટલે

અંદરના પ્રેમ સાથે શાસ્ત્રમાં જણાવેલા પ્રકારે મારી સેવા વગેરે કરવાથી, અથવા 'હું પહેલી-હું પહેલી' એવી ઈન્દ્રિયોની વૃત્તિથી સ્વભાવથી જ તેને મારામાં પરોવેલી રાખવાથી પ્રાણિમાત્રને મોક્ષ પ્રાપ્ત થાય છે. મર્યાદામાર્ગમાં બ્રાહ્મણને જ મોક્ષ મળે છે તેવો કોઈ ભેદ ભક્તિમાર્ગમાં નથી. તેમાં તો બીજા કોઈ ગુણની સાહાય્ય વિના ભક્તિ જ મોક્ષ પ્રાપ્ત કરાવે છે. જ્ઞાનને કર્મની જરૂર રહે છે, તેમ ભક્તિને નથી કર્મની જરૂર કે નથી અંતઃકરણની શુદ્ધિની જરૂર. તેથી ભક્તો સ્હેલાઈથી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તમને મારામાં કુદરતી જ પ્રેમ હતો. શાસ્ત્રમાં જણાવેલ પ્રકારે થયેલો પ્રેમ બનાવટી હોઈ મારા સમ્બન્ધમાં કુદરતી હોતો નથી, કારણ કે મારી સાથે વ્યવહાર થઈ શકતો નથી. તમને તો દૈવગતિથી મારામાં કુદરતી પ્રેમ થયો અને તેવો પ્રેમ મારી પ્રાપ્તિ કરાવનારો છે. શાસ્ત્રીય પ્રેમથી બ્રહ્મભાવ થાય છે, પણ મારામાં કુદરતી પ્રેમ રાખવાથી હું પુરુષોત્તમ પ્રાપ્ત થાઉં છું. જેમ શરીર ચારે તરફ છે, ઈન્દ્રિયો અને પ્રાણ તેની સાથે જોડાયેલા છે અને મધ્યમાં જીવ છે; જેમ આકાશ, જલ, ભૂમિ, વાયુ અને તેજ એ પાંચ મહાભૂતો, મહાભૂતોના બનેલા બધા પદાર્થોના આરંભમાં અને અંતમાં, અંદર અને બહાર રહેલો છે, તેમ કાલની હદનો વિચાર કરતાં પ્રાણીમાત્રની ઉત્પતિ પહેલાં અને નાશ પછી હું જ છું. અને પ્રદેશનો વિચાર કરતાં તેમની અંદર અને બહાર પણ હું જ છું. મધ્યે એટલે ઉત્પતિ પછી અને નાશ પહેલાં પણ મહાભૂતોના બનેલા ઘડો, વસ્ત્ર, વગેરે પદાર્થોમાં તેમના સ્વરૂપ તરીકે મહાભૂતો જ રહેલા છે તેમ ભૂતમાત્રના આરંભમાં અને અંતમાં, અંદર તથા બહાર તથા તેમના સ્વરૂપથી હું જ રહેલો છું. તેથી કાલ સહિત ઉત્પન્ન થયેલા બધા પદાર્થો મારામાં રહેલા છે, તે તમે અક્ષરબ્રહ્મમાં જુઓ.

સર્વના કલ્યાણ કરનાર, સર્વના સાક્ષી, સર્વનું પ્રિય ઈચ્છનાર માત્ર તીર્થમાં પ્રાપ્ત થાય તેવા દાનરૂપ, મોક્ષ આપનાર ગુરુ ભગવાને 'આત્મા બ્રહ્મ છે' એવો તેમને આ પ્રમાણે યુક્તિથી બોધ આપ્યો, ત્યારે ભગવાનનાં સ્મરણથી ભગવાનની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ પોતાનું લિંગશરીર તજી, ગોપીઓ ભગવદ્રૂપ થઈ. જેવા ભગવાન તેવી ગોપીઓ થઈ. તેમનાં દેહમાં ભગવાન વ્યાપી રહ્યા અને તે દેહથી તેમને પ્રતિબંધ ન થાય તે માટે તેમણે ભગવાનને વિનંતિ કરી–

''હે બ્રહ્મા વગેરેને ઉત્પન્ન કરનાર કમલનાભ (નાભિમાં કમલવાળા)! ઘણાં જ્ઞાન અને યોગ રૂપ ઉત્તમ સાધનવાળા પણ આપનાં ચરણારવિંદનું પોતાનાં હૃદયમાં ચિંતન જ કરે છે (પણ તેને પ્રાપ્ત કરી શકતા નથી). વળી સંસારરૂપ કૂવામાંથી બહાર નીકળવાનો કાંઈ ઉપાય જ નથી. ઘણો ઉંચો હોય ને પોતાનાં દુષ્ટ કર્મથી નીચે આ કૂવામાં પડે, તેને વૈકુંઠનું સ્થાન મેળવવા ચઢવા માટે આપનું ચરણારવિંદ જ આધારરૂપ છે. કર્મ જ્ઞાન વગેરેથી ઉંચા ચઢાય, પણ તે માર્ગમાં ચઢવાનો આધાર નહિ હોવાથી ચઢી શકાતું નથી. ચઢવાનો આધાર જોઈએ. તે આપનું ચરણારવિંદ જ છે. અમારો દેહ છે, એટલે દેહ ઉપર અધિકારવાળા અમને ઘરમાં રાખશે, એટલે ઘરમાં આસક્તિ થતાં અમે પહેલાંનાં જેવી પ્રાકૃત થઈ જશું.

એ જ કૂવામાં પડવાનું થયું. તેવા સમયે અમો બધીના મનમાં આપનું ચરણારવિંદ જ સ્ફૂરો. જો આપની કૃપાથી અમને દેહનો સમ્બન્ધ જ ન રહે તો કોઈ ચિન્તા નથી જ.'' એવી રીતે ગોપીઓના કામનું નિવારણ કરવા ભગવાને તેમને ઉપર પ્રમાણ ઉપદેશ આપ્યો અને નિષ્કામપણાથી ગોપીઓ મુખ્ય ભક્ત થઈ.

**યુધિષ્ઠિર વગેરેનો મેળાપઃ**

ગોપીઓએ પ્રાર્થના કરી તેવી રીતે જ ભગવાને પોતાનું ચરણારવિંદ તેમનાં હૃદયમાં પધરાવ્યું, કારણ કે તેમનાં સાધન અથવા ગુરુ અને ફલ પણ પોતે જ હોવાથી તેમને પોતાની અભિલાષા પૂર્ણ કરવાનો બીજો કોઈ ઉપાય ન હતો. એ પ્રમાણે પુષ્ટિમાર્ગના ઉત્તમ અધિકારી ગોપીઓ ઉપર કૃપા કરી. પછી મર્યાદામાર્ગના ઉત્તમ અધિકારી યુધિષ્ઠિર તથા બધા સમ્બન્ધીઓ ઉપર કૃપા કરવા ભગવાને તેમને મનથી જ્ઞાનનો ઉપદેશ કરી, કુશળ સમાચાર પૂછ્યા. મોટા પુરુષોનો માત્ર પ્રશ્ન જ સંતોષ કરનારો હોવાથી, તેનાથી તથા ભગવાને કરેલા સત્કારથી પ્રસન્ન થઈ અને ભગવાનનાં ચરણારવિંદનાં દર્શનથી પાપરહિત થઈ તેઓએ ઉત્તર આપ્યો–

''આપ પરમાનન્દનું ચરણારવિંદ ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારું અને સુખથી સેવા થઈ શકે તેવું છે. બ્રહ્માનન્દ પોતાની ઇચ્છાથી વસ્ત્રની જેમે સંકેલાઈ એકસો ગણો ઘટ્ટ થાય અને જામેલા દહીં જેમે ઓછો ન થાય ત્યારે તે ઘટ્ટ આનન્દ થાય છે. આપનું ચરણારવિંદ તેવા ઘટ્ટ આનન્દરૂપ છે. ભક્તો તેને કાયા, વાણી અને મન થી ભક્તિમાર્ગ પ્રમાણે ગ્રહણ કરે ત્યારે તે રસરૂપ થઈ ભક્તોને આનન્દ આપે છે. તે ભક્તિરસ કહેવાય છે. ઘટમાં લીધેલા જલ જેમે તે પણ ભાગવત વગેરે શબ્દબ્રહ્મમાં લેવાઈ, મોટા પુરુષોએ કરેલાં શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરેથી ઇન્દ્રિયો સાથે સમ્બન્ધમાં આવી તે ઇન્દ્રિયોનાં છિદ્રોદ્વારા હૃદયરૂપ ધરામાં પ્રવેશ કરે ત્યારે તે ભક્તોની ઇન્દ્રિયો વડે ફરી પવિત્ર થઈ નીકળેલો હોવાથી ભક્તિરૂપ કરતાં પણ અધિક રસવાળો હોય છે. આમ હોવાથી જ્યારે–જ્યારે તે ભક્તિમાર્ગ પ્રમાણે ગૂઢ અર્થરૂપ ભગવાનનાં ચરણારવિંદના મકરંદરૂપ ભગવાનનાં ગુણોનું કીર્તન થાય છે, ત્યારે–ત્યારે મોટા પુરુષનાં મનમાં રહેલો તે કોઈ વાર તેમનાં મુખમાંથી બહાર નીકળે છે, કારણ કે મોટા ભક્તોનો સંગ થતાં રસનો આર્વિભાવ થાય ત્યારે કોઈ વાર જ ભક્ત આવી કથા કહે છે. તેવા પ્રસંગે જેઓ સાવધાન થઈ તેનું સારી રીતે પાન કરે છે, તેઓને દુઃખ હોવાનું સંભવતું જ નથી. આપ ભગવાન ઘણાં શક્તિવાળા હોવાથી આપના આવા ભક્તો પણ ઘણાં છે. મધમાખીઓ ઘણાં દુઃખથી પુષ્પોનો રસ થોડો–થોડો ક્યાંક ભેગો કરે છે, પરંતુ રાજાઓને તો મધથી ભરેલાં કરોડો ઠામ હોય છે, તેથી આપ ભગવાનનો જેમને આશ્રય છે તેઓ આપના ઘણાં ભક્તો હોવાથી આવા ઘણાં રસનું પાન કરી શકે છે. તેથી તેઓનું અશુભ હોવાની શંકા જ ખોટી છે. અશુભ તો ધર્મથી જ દૂર થાય છે. તેનાથી પર જ્ઞાન છે, તે વાસના સાથે અવિદ્યાનો નાશ કરે છે અને આત્માને ભગવાનનો સમ્બન્ધ કરાવે છે એટલે આનન્દઘન ભગવાન પ્રકટ થાય છે. તેથી પર ભક્તિ છે. તે સર્વ દોષ દૂર કરાવી

સંસારનું વિસ્મરણ કરાવે છે. ભક્તિરસનું નિત્ય પાન કરતા હોય તેમને અશુભ હોવાનું સંભવે જ નહિ, કારણ કે દેહનું અભિમાન હોવા છતાં, માત્ર પ્રયાસ કરી આ ભક્તિરસનું ગ્રહણ કરવાથી દેહ પ્રાપ્ત કરાવનાર ભગવાનનાં વિસ્મરણનો તે નાશ કરે છે. જ્યારે દેહ પ્રાપ્ત કરાવનારનો નાશ થાય ત્યારે દેહને લીધે થતું અશુભ સંભવે જ કેમ? આપ અહંકારનો પણ નાશ કરો છો, તો પછી તેનાથી થતી ત્રણ અવસ્થાનો નાશ કરો તેમાં શું આશ્ચર્ય? એટલું જ નહિ, પણ આપ અનુભવાતાં અખંડ આનન્દના મહાપૂરરૂપ છો. સમય જતાં વેદનો નાશ થતાં તેમાં જણાવેલા ધર્મો તથા તેના બધા સમ્બન્ધીઓનું રક્ષણ કરવા આપે યોગમાયાથી દેહ ધારણ કરેલો છે. છતાં બધા આપને જાણતા નથી, કારણ કે જેઓ સંસારથી આત્માને છૂટો પાડવાનું જાણે છે અને તેમ કરી શકે છે તેવા હંસો પૈકીના પણ જે જીવોની અને આપ ભગવાનની ગતિનો ભેદ જાણે છે તેવા પરમહંસો જ આપને જાણી શકે છે. તેથી અમે આપના થોડા ધર્મો જાણેલા હોવાથી આપને નમન કરીએ છીએ.''

**સ્ત્રીઓની પરસ્પર વાતચિતઃ**

બધા પુરુષો એ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરતા હતા ત્યારે કૌરવો તથા યાદવો ની સ્ત્રીઓ પણ ભેગી થઈ, ત્રણ લોકમાં ગવાતી ભગવાનની કથાઓ કરતી હતી. આ સ્ત્રીઓ પૈકી દ્રોપદીએ ભગવાનની આઠે પટરાણીઓને તથા સોળ હજાર સ્ત્રીઓ પૈકી રુક્મિણીને પ્રશ્ન કર્યો કે ''ભગવાન તમને કેવી રીતે પોતાની ઉપર પ્રેમ ઉત્પન્ન કરાવી પરણ્યા?'' આ પ્રશ્નનો ઉતર આપતાં રુક્મિણીએ કહ્યું કે ''મને મારા પિતા અથવા ભાઈ શિશુપાલને પરણાવે તે પહેલાં જ શ્રીકૃષ્ણ મારું હરણ કરશે એવા વિચારથી રાજાઓ ધનુષ્ય ખેંચી તૈયાર રહેલા, ત્યારે જેમ સિંહ, મેંઢા અને બકરાંના ટોળામાંથી પોતાનો ભાગ ઉપાડી જાય, તેમ જરા પણ ભય વિના મને ભગવાન તેમની પાસેથી લઈ ગયા. મને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત થાય તે માટે તેમના લક્ષ્મીના ધામરૂપ ચરણની હું પૂજા કર્યા કરું એ મારી કામના છે. મારો દેહ ભગવાનનો ભાગ હોવાથી તે તેનો ભોગ પોતે કરશે, પણ તે દેહમાં આવી રહેલ મારો જીવ ભગવાનની ભક્તિ જ ઈચ્છે છે.''

સત્યભામાએ કહ્યું કે ''ભાઈના વધથી દુઃખી થયેલા મારા પિતાએ વિચાર કર્યા વિના જ ભગવાન ઉપર આળ મૂક્યું, તે દૂર કરવા તેમણે જાંબવાન્‌ને જીતી. તેણે કરીયાવરમાં આપેલ મણિ પોતે ગ્રહણ કરી મારા પિતાને લાવી આપ્યો; ત્યારે મારા પિતાએ ભય પામી, મારું બીજા સાથે સગપણ કરેલું હોવા છતાં રત્ન સાથે મને ભગવાને આપી. તેથી પિતાએ ખોટું આળ મૂકેલ તેનાં પ્રાયશ્ચિત તરીકે આપેલી હું તેના દોષનો નાશ કરવાના ઉપયોગમાં આવેલી હોવાથી મારે કોઈ સ્વાર્થ સાધવાનો નહિ રહેવાથી મારે કાંઈ કામના નથી'' સત્યભામાને કાંઈ કામના ન હોવાથી જ તે ભગવાનને ઘણાં પ્રિય હતાં. નિષ્કામ હોવાથી જ તેમને સ્વર્ગના ભોગ પ્રાપ્ત થવાના નહિ હોવાથી, ભગવાન તેમને સ્વર્ગમાં લઈ ગયેલા અને તેમને માટે પરિજાતવૃક્ષ દ્વારકામાં લાવેલા.

જાંબવતીએ કહ્યું કે ''શ્રીકૃષ્ણ જ સીતાપતિ હતા. પહેલાં સીતાને ઘણું દુઃખ દીધેલું હોવાથી તેના ઘણાં રૂપથી અવતાર કરાવી પોતે તેને માટે જ શ્રીકૃષ્ણ તરીકે અવતર્યા છે. તે આત્મા છે, નાથ છે અને પૂજ્ય છે. તેમને મારા પિતા ઓળખી શક્યા નહિ, તેથી તેમની સાથે તેમણે સતાવીશ દિવસ સુધી યુદ્ધ કર્યુ અને આ ભગવાન જ છે એવી ખાતરી થતાં તેમના ચરણ પકડી મને તેમને આપી. હું ભગવાનની દાસી છું, દાસ્ય વિના મારે બીજી કામના નથી.''

કાલિંદીએ કહ્યું કે ''શ્રીકૃષ્ણના ચરણસ્પર્શની ઈચ્છાથી હું યમુનાના જલમાં તપ કરતી હતી, તે જાણીને પોતાના મિત્ર અર્જુન સાથે આવીને તેમણે મારો હાથ પકડ્યો. હું કાલિંદી ભગવાનનાં ઘર મથુરાને સ્વચ્છ કરનારી છું. તેમના ઘરમાં દાસીપણાની મારી કામના છે.''

મિત્રવિંદાએ કહ્યું કે ''હું શ્રીકૃષ્ણની જ કામના રાખતી, પણ મારા ભાઈએ તેમાં અડચણ કરી સ્વયંવર રચ્યો. હું શ્રીકૃષ્ણની ફોઈની પુત્રી હોવાથી તેમનો ભાગ ગણાઉં, તેથી સ્વયંવરમાં તે પોતે પધાર્યા અને કુતરાના ટોળામાંથી જેમ સિંહ પોતાનો ભાગ લઈ જાય તેમ કુતરા જેવા રાજાઓનાં ટોળામાંથી તેમને તથા મારા ભાઈઓને જીતી મને દ્વારકા લઈ ગયા. તે ભગવાનનાં ચરણક્ષાલન કરવાનો અનુભવ મને જન્મો-જન્મ થાઓ. તેમના ચરણક્ષાલન કરવાની મારી કામના છે.''

સત્યાએ કહ્યું કે ''જે વ્યસની હોય તે ભોગ કરી શકે નહિ. મને ભોગ પ્રાપ્ત થાય તે માટે રાજાઓના વીર્યની પરીક્ષા કરવા મારા પિતાએ ઘણાં બલ, પરાક્રમ અને તીક્ષ્ણ શીંગડાવાળા વ્યસનરૂપ સાત સાંઢ તૈયાર કર્યા. ધર્મ વગેરેથી પણ વ્યસન હઠે નહિ અને વિર્ય ધર્મરૂપ છે પણ તેનાથી અભિમાન થતું હોવાથી તે વ્યસનનો નાશ કરી શકતું નથી. તેથી આખલાઓ શૂરવીરોના દુષ્ટ મદનો નાશ કરે તેવા હતા. વ્યસની ન હોય તેમનાથી જ વશ થાય તેવા હતા. શ્રીકૃષ્ણે તો રમતમાં જ તેમને વશ કર્યા અને તે પણ જેમ બાલકો બકરાનાં બચ્ચાને પકડી બાંધે તેમ ઝડપથી બાંધી વશ કર્યા. મારી ઈચ્છા પાર પાડી પિતાએ મને પરણાવી. માર્ગમાં યુદ્ધ કરવા આવેલા રાજાઓ તથા તેમનાં સૈન્યોને જીતી ભગવાન મને દાસીઓ સાથે દ્વારકા લઈ ગયા. તેમનું દાસ્ય કરવાની મારી કામના છે''.

ભદ્રાએ કહ્યું કે ''મારા ભાઈઓએ મારું ચિત્ત મારા મામાના પુત્ર શ્રીકૃષ્ણમાં હોવાથી મને તેમની સાથે પરણાવી અને અક્ષૌહિણી સેના તથા દાસીઓ મારી સાથે આપ્યાં. મને તેમના ચરણનો સ્પર્શ જન્મોજન્મ થાઓ એ મારી કામના છે. તેના સ્પર્શથી બ્રહ્માનન્દ પ્રાપ્ત થાય છે. જ્યારે-જ્યારે ભગવાનનો અવતાર થશે ત્યારે-ત્યારે લક્ષ્મીની જેમે હું પણ અવતરીશ''.

દ્રૌપદી પોતાનો વિવાહ ઉત્તમ માનતી હતી. તેથી તેના અભિમાનનો નાશ કરવા લક્ષ્મણાએ પોતાના વિવાહનું વિસ્તારથી વર્ણન કરતાં કહ્યું કે ''નારદે વારંવાર ભક્તોના ઉદ્ધાર માટે થયેલા ભગવાનના જન્મનું અને ભક્તોનું કાર્ય કરવાના તેમના કર્મોનું મારી

પાસે વર્ણન કરેલું હોવાથી મારું ચિત્ત ભગવાનમાં જ હતું. ભગવાનમાં જેનું ચિત્ત હોય તેને જ ભગવાનનું સખ્ય પ્રાપ્ત થાય છે. મારા ઉપર પ્રેમ રાખતા હોવાથી તેમણે મારો મત જાણી હું ભગવાનને જ વરું તેનો ઉપાય કર્યો. જેમ અર્જુનને જ તમે વરો તે માટે મત્સ્યવેધ રચેલો, તેમ મારા પિતાએ પણ મત્સ્યવેધની યોજના કરી. ભેદ એટલો કે તમારી યોજનામાં મત્સ્ય જલમાં દેખાતો હતો અને માર સ્વયંવરમાં તે બહારથી પૂરો ઢંકાયેલો હોવાથી જલમાં પણ દેખાતો ન હતો. અર્જુનથી પણ તે વીંધી ન શકાય તે માટે મારા પિતાએ એવી યોજના કરેલી. પછી તો હજારો રાજાઓ શસ્ત્રો તથા ઉપાધ્યાયો સાથે આવ્યા અને મને પરણવા મત્સ્યવેધ કરવા તેમણે ધનુષ્ય બાણ લીધાં. કેટલાક તો ધનુષ્ય સજ્જ કરી ન શક્યા. કેટલાકે કોણી સુધી પણછ ખેંચી, એટલામાં પડ્યા ને ધનુષ્ય તેમના ઉપર પડવાથી ઘવાયા. જરાસંઘ, અંબષ્ઠ, શિશુપાલ, ભીમ, દુર્યોધન અને કર્ણે ધનુષ્ય સજ્જ કરેલ, પણ મત્સ્ય કયાં છે તે તેમને ખબર ન પડી. મત્સ્યના ઢાંકણનો પડછાયો અર્જુને જલમાં જોયો અને તે ક્યાં છે તે જાણ્યું અને પ્રયત્ન કરી બાણ માર્યું, પણ તેથી મત્સ્યનો સ્પર્શ જ થયો, મત્સ્ય છેદાયો નહિ. નર અને નારાયણમાં એટલો ભેદ છે કે નારાયણ (ભગવાન)માં જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બન્ને પૂર્ણ છે, જ્યારે નર (અર્જુન)માં જ્ઞાનશક્તિ કાંઈક છે. રાજાઓ બધા પાછા વળ્યા. તેમનું અભિમાન જતું રહ્યું ત્યારે ભગવાને ધનુષ્ય લઈ, તેને સહેલાઈથી સજ્જ કરી, તેમાં બાણ સાધી, એકવાર જલમાં મત્સ્ય જોઈ, તેને છેદી જલમાં પાડ્યું. તે સમયે અભિજિત નક્ષત્ર હતું. કોઈ જીવથી થઈ ન શકે તેવું આ કાર્ય ભગવાને કર્યું તેથી સંતોષ પામી આકાશમાં દંદુભિ વાગ્યાં અને ''જય થાઓ જય થાઓ'' એવા અવાજ થયા. દેવોએ અને સિદ્ધો વગેરેએ હર્ષથી વિહ્વલ થઈ પુષ્પોની વૃષ્ટિ કરી.

મત્સ્યવેધ થયો એટલે સુવર્ણ અને ઉજળાં રત્નોની માલા લઈ, બે વસ્ત્રો પહેરી એક ઓઢી, અંબોડામાં માલાઓ ઘાલી, લજ્જા અને હાસ્યવાળાં મુખવાળી હું ઝાંઝરના ઝમકાર કરતી રંગમંડપમાં આવી. ઘણા કેશવાળું અને કુંડલની કાંતિવાળા ગાલવાળું મુખ ઉંચું કરી મેં ચારે તરફ રાજાઓને જોયા અને ધીરે-ધીરે દૃષ્ટિ પ્રસારતાં ત્યાં ભગવાનને જોઈ હૃદયમાં પ્રેમ રાખી મારી સમાન કાંતિવાળી રત્નની માલા તેમના ખભા ઉપર પહેરાવી દીવાની જેમે કમલ હાથમાં રાખી, બધું જોઈ, વિચાર કરી દુષ્ટ અને નમાલા રાજાઓને તજી હું ભગવાનને વરી, ત્યારે મૃદંગ વગેરે પાંચ મંગલ વાજીંત્રો વાગ્યા, નાચનારીઓએ નૃત્ય કર્યું. અને ગવૈયાઓએ ગાન કર્યું.

હું ભગવાનને વરી તે ટોળામાં ઘૂમતા રાજોઓથી સહન ન થયું. સિંહ એકલો ફરે, પણ ભૂંડો ટોળામાં ફરે. ભૂંડ જેવા આ રાજાઓ સામા થયા. ભગવાને મને રથમાં બેસાડી અને શાંર્ગ ધારણ કરી કવચ પહેરી ચાર ભુજાવાળા થઈ રાજાઓને ભય લગાળવા યુદ્ધ કરવા તૈયાર થઈ ઉભા રહ્યા. રાજાઓને હણવા તે ઈચ્છતા ન હતા, કારણ કે તે સમયે હણે તો ભૂમિનો ભાર ઉતારવા હણ્યા ન ગણાય. જેમ મૃગો દેખતાં જ સિંહ પોતાનો ભાગ લઈ

જાય તેમ રાજાઓના દેખતાં જ દારૂકે રથ હાંક્યો. કેટલાક મૂર્ખ રાજાઓ સાવધાન થઈ ધનુષ્ય ચડાવી માર્ગમાં રોકવા આવ્યા. પરન્તુ શાંર્ગમાંથી છૂટતાં દરેક બાણનાં અનેક બાણ થતાં, તેનાથી બાહુ, પગ તથા ગરદન કપાતાં કેટલાક રાજાઓ પડ્યા અને કેટલાક સંગ્રામ તજી ભાગ્યા. તેમનામાં અને ભગવાનમાં ગ્રામસિંહ (કૂતરો) અને સિંહના જેવો ભેદ. તેથી તેઓ અમને રોકી ન શક્યાં પછી જેમ સૂર્ય પોતાના મંડલમાં પ્રવેશ કરે તેમ ભગવાને ઘણી શણગારેલી અને સ્વર્ગમાં તથા ભૂમિ ઉપર પંકાયેલી દ્વારકામાં પ્રવેશ કર્યો. મારા પિતા પણ ત્યાં આવ્યા અને તેમણે ભગવાનનાં સમ્બન્ધીઓ મિત્રો તથા સગાઓનો કિંમતી વસ્ત્રો, આભરણો, આસનો, ઘરવખરી વગેરેથી સત્કાર કર્યો અને ભક્તિપૂર્વક ભગવાનને સુંદર વસ્ત્રો અને આભરણો પહેરેલી દાસીઓ, ચતુરંગી સેના અને કીંમતી આયુધો આપી વિવાહમાં કરવા યોગ્ય સર્વ કાર્યો કર્યાં.

આ રુક્મિણી વગેરે બધી મહારાણીઓ ભગવાન લાવ્યા અને બધીને રમણ કરાવે છે. પોતે તો આત્માંજ રમણ કરે છે. અમે બધી તો તેમની દાસીઓજ છીએ. પહેલાના જન્મમાં બધાનો સંગ તજી, તપ કરી અમે આ સ્થિતિ પ્રાપ્ત કરેલી છે; તેથી અમને તેમનું દાસ્યજ ઈષ્ટ છે.''

**શ્રીકૃષ્ણની પટરાણીઓનાં સ્વરૂપઃ**

આ આઠ પટરાણીઓ આઠ પ્રકારની ભક્તિરૂપ છે. ૧.રૂક્મિણી 'અર્ચન' ભક્તિરૂપ છે. ૨.સત્યભામા શ્રવણરૂપ છે, કારણ કે તેના સમ્બન્ધમાં સર્વ પાપનો ક્ષય થવાનું કહેલું છે. ૩.જાંબવતી એકાંતમાં આપેલી હોવાથી સ્મરણરૂપ છે. ૪.કાલિંદી પાદસેવનરૂપ છે. ૫.મિત્રવિંદાને ભગવાન ઘણા દુષ્ટોને રોકીનેજ લાવેલ હોવાથી તે કીર્તનરૂપ છે. ૬.સત્યા દાસ્યરૂપ છે. ૭.ભદ્રા વંદનરૂપ છે, કારણ કે નમન કરતાં વારંવાર ચરણસ્પર્શ થાય છે. ૮.લક્ષણા સખ્યરૂપ છે.

પછી ભૌમાસુરના ઘેરથી લાવેલી મહારાણીઓ વતી તેઓમાંની મુખ્ય રોહિણીએ કહ્યું કે ''શ્રીકૃષ્ણે ભૌમાસુરનો વધ કર્યો ત્યારે તેણે પૃથ્વી પર વિજય કરતાં જે રાજાઓને જીતેલા તેમની અમે કન્યાઓ છીએ. અમને તેણે કેદ કરેલી છે એમ જાણી જેમણે અમને મુક્ત કરી તે ભગવાન અમારા દેહને મુક્ત કરાવે તેમાં શું આશ્ચર્ય? કારણ કે સંસારમાંથી પણ મુક્ત કરાવનારાં તેમનાં ચરણકમલનું અમે સ્મરણ કરતાં હતાં. તેથી જ ભગવાનને પોતાને કાંઈ પણ કામના ન હોવા છતાં તે અમને પરણ્યા. અમે સાર્વભૌમપણું, સર્વ દુઃખ દૂર કરનારું આત્મારામપણું, બ્રહ્માંડરૂપપણું, બ્રહ્માંડનું અધિપતિપણું, મોક્ષ, સાયુજ્ય અથવા હમણાં ભગવાન સાથેના ભોગ સિવાય કોઈ પણ પ્રકારના ભોગ ઈચ્છતાં નથી, પરંતુ ભગવાનની શ્રીયુક્ત ચરણકલમની રજ અમારાં માથાં ઉપર ધારણ કરવાની અમારી કામના છે. માથાં સપાટ નથી, છતાં જ્યારે કાંઈ પણ કામ ન હોય ત્યારે ભગવાન ગદાનો આધાર રાખી તેમનું ચરણકમલ અમારા માથાં ઉપર સ્થાપે અથવા ગદાથી અમારાં માથા સપાટ કરી તેમનાં ચરણકમલ સ્થાપે એવી અમારી કામના છે. આ ચરણરજની અમે

કામના રાખીએ છીએ, કારણ કે વ્રજની સ્ત્રીઓ, તેમનાથી પણ હલકી ભીલડીઓ, ઘાસના રોપાઓ, ગાયો અને તેમને ચારનાર ગોપો પણ તેની જ કામના કરે છે. પ્રસિદ્ધ પદાર્થોને તજી હલકા લોકો પણ જેની ઈચ્છા રાખે તે જ સર્વથી ઉત્તમ હોય છે. તેથી ભગવાનનાં ચરણકમલની રજ સર્વથી ઉત્તમ છે અને તેનાથી જ ભગવદીય શરીર પ્રાપ્ત થાય છે. આમ ભગવાનને પણ જાણવામાં ન આવે તેવા પ્રકારે તેમનાં ચરણારવિંદની રજ સર્વને ભગવદીય બનાવે છે.

આ વૃત્તાંત સાંભળી ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા અને રાજાઓની સ્ત્રીઓ સર્વને ભગવાનમાં સ્નેહ થયો અને ''ભગવાનની પત્નીઓને તો ભગવાન સાથે વિવાહ વગેરેરૂપ બહારનો પણ સમ્બન્ધ છે. આપણે તો સાક્ષાત્ સમ્બન્ધ સ્નેહનો જ છે. તેથી આપણે કેવી રીતે ભગવદીય થશું અને આપણી આવી સ્થિતિ કેમ થશે?'' એવા વિચારથી તે સર્વ વિસ્મય પામી.

**ઋષિઓનું આગમન અને સત્કાર:**

એવી રીતે જ્યારે પુરુષો-પુરુષો સાથે અને સ્ત્રીઓ-સ્ત્રીઓ સાથે વાતચિત કરતા હતાં ત્યારે વ્યાસ, નારદ, પરશુરામ, વસિષ્ઠ, બૃહસ્પતિ, દ્વિત, ત્રિત વગેરે મુનિઓ ત્યાં આવ્યાં. કારણ કે જેમનું ઈચ્છેલું ફલ જ્યાં હોય ત્યાં તે જાય. મુનિઓએ મનનથી જાણ્યું કે બલભદ્ર અને શ્રીકૃષ્ણ અહીં સ્યમંતક ક્ષેત્રમાં છે, એટલે તેમનાં દર્શન કરવા તેઓ આવ્યા. તેમને જોઈ રાજાઓ, પાંડવો તથા શ્રીકૃષ્ણ અને બલભદ્ર બેઠા હતા તે એકદમ ઉભા થયા અને બધાએ તેમનો યોગ્ય પ્રકારે સત્કાર કર્યો. તેમને આસન આપી, પગ ધોઈ, પૂજા કરી. બલભદ્ર અને શ્રીકૃષ્ણે તેમની પૂજા કરી. પછી તેઓ સુખ પૂર્વક બેઠા ત્યારે ધર્મનું રક્ષણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણે તે મોટી સભા સાંભળે તેમ સાવધાન થઈ તેમણે કહ્યું–

''યોગેશ્વરોનું દર્શન દેવોને પણ થવું કઠણ છે, કારણ કે ઘણાં દુઃખથી પણ બૃહસ્પતિનાં દર્શન ઈન્દ્રને થઈ શક્યાં ન હતા. તે યોગેશ્વરોનું દર્શન અમને થવાથી અમારો જન્મ સફલ છે. મૂર્તિને દેવ માનનાર પુરુષોનું તપ ઘણું આછું છે, કારણ કે મૂર્તિ જડ અને કંગાલ પુરુષે બનાવેલી, તે ચેતન પુરુષનો દેવ કેમ હોઈ શકે? દેવની આકૃતિ તો નટમાં પણ હોય છે. નટમાં સ્થિરતા નથી એ ખરું પણ મૂર્તિની જડ આકૃતિ અને નટમાં ચૈતન્ય તથા ગુણો છે એ ધ્યાનમાં લઈ વિચારો, કે માત્ર આકૃતિવાળી મૂર્તિ દેવ, કે આકૃતિ સાથે ચૈતન્ય અને ગુણોવાળા નટ દેવ! મુનિઓનાં તો આપણને દર્શન, ચરણસ્પર્શ થાય છે, તેમને પ્રશ્ન પૂછાય છે, વિનય દર્શાવાય છે અને તેમના ચરણની પૂજા થાય છે. દેવો માત્ર માટીરૂપ અથવા પથ્થરરૂપ નથી. તેઓ પણ આપણને પવિત્ર કરે છે, પણ લાંબા સમયે. તેમજ તીર્થો પણ માત્ર જલરૂપ નથી તે પણ આપણને પવિત્ર કરે છે, પણ લાંબા સમયે. સાધુઓ તો માત્ર દર્શનથી જ પવિત્ર કરે છે. તેથી પૂજા કરવાની હોય ત્યારે માટીની મૂર્તિ કરતાં સાધુઓની જ પૂજા કરવી. તીર્થે જવા કરતાં સાધુઓ પાસે જવું. અગ્નિહોત્ર વગેરેનો અગ્નિ, સૂર્ય ચંદ્ર બુધ અશ્વિની વગેરે તારાઓ, ભૂમિ, જલ, હૃદયાકાશ, પ્રાણાયામરૂપ

વાયુ, સરસ્વતી, મન વગેરેને ભગવાન જાણી પૂજવાથી તેઓ આપણાં પાપનો જ નાશ કરે છે પણ વિશેષ કાંઈ ન કરે, કારણ કે પૂજા કરનાર ભેદબુદ્ધિથી પૂજા કરે છે. જે અખંડ (બ્રહ્મ)માં ભેદ કરે તે કૃતાર્થ કેમ થાય? સાધુઓ તો તેમની એક મુહુર્ત જ સેવા કરવાથી જ્ઞાન આપે છે અને તેથી બધાં પાપનો વિના પ્રયાસે જ નાશ થાય છે. વાત પિત્ત અને કફ એ ત્રણથી ભરેલા (ચૈતન્ય વિનાના) માત્ર દેહને જેઓ આત્મા માને છે, સ્ત્રી-પુત્ર વગેરેને જે પોતાના માને છે, પોતનો દેહ વગેરે જે ભૂમિમાંથી ઉત્પન્ન થયેલા તે પદાર્થો પૂજ્ય છે એમ જે માને છે અને જલને જે તીર્થ માને છે, તેઓ જ્ઞાની નથી, પણ મૂર્ખો જ છે. તેઓ પશુ જેવા ગૃહસ્થોનો નિર્વાહ કરનાર બળદ અથવા બળદ માટે ઘાસ લાવનાર ગધેડા જ છે'' એવી રીતે મુનિઓની પ્રશંસા કરવા ભગવાને લોકમાં પૂજાપાત્ર તરીકે પ્રસિદ્ધ પદાર્થોની નિંદા કરી.

**ઋષિઓનો મોહ અને ઉત્તરઃ**

જેની ભગવાને અહીં નિંદા કરી તેની જ પહેલા વેદ વગેરે દ્વારા સ્તુતિ કરેલી. આ બન્ને વિરુદ્ધ હોવાથી મુનિઓને સંશય થયો, કે ભગવાન્ શા અભિપ્રાયથી આમ કહેતા હશે તે કેમ જણાય? તેથી તેઓએ લાંબા સમય સુધી શાંત રહી વિચાર કર્યો અને તેમની બુદ્ધિ અકુણ્ઠિત હોવાથી તેમણે નિર્ણય કર્યો કે - ઈશ્વર પોતે સેવકપણું દર્શાવે છે તે લોકસંગ્રહ કરવા જ. પછી ભગવાનનાં વચનનો અભિપ્રાય જાણી, હસતાં તેમણે સર્વને હિતકારી ઉપદેશ આપનાર ભગવાન્‌ને ઉત્તર આપ્યો-

''આપ ગૂઢ રહી, ઈશ્વર હોવા છતાં સેવક હો તેવી ચેષ્ટા જે માયાથી કરો છો, તેનાથી તત્વ જાણનારાઓમાં પણ ઉત્તમ, આત્માનો સાક્ષાત્કાર કરવાની અને તેનો બોધ કરવાની શક્તિવાળા કશ્યપ વગેરે જેઓ સદા સૃષ્ટિ કરે છે તેમને પણ ઉપદેશ આપનારા અમે પણ મોહ પામીએ છીએ. આપ સેવક નથી તેમજ આપ સાધારણ આજ્ઞા કરનારા પણ નથી, પરંતુ ઈશ્વર જ છો. વળી આપ ઈશ્વરે આમ કરવું જોઈએ અથવા આમ ન કરવું જોઈએ એવો કાંઈ નીયમ પણ હોતો નથી. તેથી આપનું બધુંએ ચરિત્ર અલૌકિક હોવાથી વિચિત્ર છે. લોકમાં ઘાટ વગેરે જે કાંઈ જે કોઈ કરે છે, તે ક્રિયા કરીને કરે છે. મંત્ર, યોગ વગેરેથી કાર્ય કરનાર પણ મનની ક્રિયાથી તે કરે છે. આપ તો એકલા, કાંઈ પણ ચેષ્ટા કર્યા વિના મનથી વિચારી પણ ન શકાય તેવું આ વિશ્વ રચો છો અને કરોડો બ્રહ્માણ્ડો જુદા-જુદા પ્રકારનાં જ સર્વ રચો છો, તેમનું રક્ષણ કરો છો અને નાશ કરો છો છતાં આપમાં કાંઈ વિકાર થતો નથી અને આપને કર્મનું બંધન પણ થતું નથી. જેમ ભૂમિનાં બનેલા પદાર્થો વડે ભૂમિનાં ઘણાં નામ અને આકાર થાય છે, તેમ આપ જગતનાં જુદા-જુદા પદાર્થો બનો છો. ભૂમિમાં વિકાર વગેરે થાય છે અને આપમાં થતા નથી એટલું આપમાં વિશેષ છે. જુદા-જુદા સમયે પોતાના ભક્તોનું રક્ષણ કરવા અને દૈત્યોનો નાશ કરવા આપ સત્ત્વગુણ ધારણ કરી અવતાર લો છો અને તે સત્ત્વથી વર્ણ અને આશ્રમનો અંગીકાર કરી પુરાતન

વેદમાર્ગનું રક્ષણ કરો છો. આપ જ પરરૂપ છો. 'બ્રાહ્મણ આનું મુખ હતા' એ શ્રુતિ પ્રમાણે બ્રાહ્મણો પણ આપનાં જ રૂપવાળા હોઈ, આપ પોતે જ બ્રાહ્મણરૂપ પણ થયા છો. બ્રાહ્મણ આપની અંતરંગ શક્તિ છે. શુદ્ધ હૃદયમાં પ્રકટ થયેલું સત્ સદ્રૂપ બ્રહ્મ બ્રાહ્મણ થાય છે. પ્રકટ ન થયેલું બ્રહ્મ જગતનાં કારણ અક્ષરરૂપ છે. તેનાંથી પર, બ્રહ્મ આનંદરૂપ પુરુષોત્તમ છે. આપ બ્રાહ્મણોનો સત્કાર કરો છો, કારણકે બ્રાહ્મણો સત્નું ધામ છે. તેમનામાં સત્ પ્રકટ થયેલું છે. તેમનાં સત્કારથી આપ પોતાનું જ પાલન કરો છો. વળી આપે વેદો રચ્યા છે, તેમનો આધાર પણ બ્રાહ્મણ હોવાથી આપ તેમનું રક્ષણ કરો છો. વળી આપ બ્રાહ્મણોનું હિત કરનારા જ છો. અમારું રક્ષણ કરનાર આપ અમને પ્રાપ્ત થયા તે ઋષિવંશમાં અમારો ઉત્તમ જન્મ થયેલ તેનું ફલ અમને મળ્યું. વિદ્યાનું ફલ સર્વજ્ઞપણું છે. આપની લીલા સિવાયનાં પદાર્થોનું જ્ઞાન અમને પહેલા પણ હતું અને આપની લીલાનું જ્ઞાન હમણાં થયું. તેથી સર્વજ્ઞપણું પ્રાપ્ત થતાં વિદ્યા પણ અમારી સાર્થક થઈ. તપથી ઉત્તમ પ્રકાશરૂપ આપનો સાક્ષાત્કાર અને નયનનું ફલ આપનાં દર્શન, તે પણ પ્રાપ્ત થયાં. તેથી અમારા તપ અને નયનો પણ સાર્થક થયાં. આપ સત્પુરુષોનાં ફલરૂપ અને કલ્યાણની પરમકાષ્ઠારૂપ છો. આપની બુદ્ધિ સદા અકુણ્ઠિત છે. બીજા અવતારમાં બુદ્ધિ દૂર થાય છે અને પછી પાછી આવતાં સાંધેલા કપડે જેવી હોય છે, પણ આપની બુદ્ધિ સદા અકુણ્ઠિત રહે છે. છતાં આપને બધા ઓળખતા નથી, કારણકે આપની માયા આપના મહિમાને છુપાવે છે. એટલે માયાથી જેની દૃષ્ટિ છવાય છે, તેઓ આપનું માહાત્મ્ય જાણતા નથી. આપ સર્વરૂપ છો, એટલે જીવરૂપ પણ છો, છતાં જીવો આપને ઓળખતા નથી, કારણકે ગંગા અને તેમાં રહેલ દેવતા જેવું જીવોમાં અને આપમાં અંતર છે. જલ જોવામાં આવે છે, છતાં તેમાં રહેલ ગંગા દેવતાનાં દર્શન થતા નથી અને તે જલમાંથી તિરોહિત થાય છે, તેમ આપને જીવો જાણી શકતા નથી. આ રાજાઓએ તથા યાદવોએ જન્મથી આરંભી બધી પ્રક્રિયાઓ આપની સાથે કરેલી હોવા છતાં તેઓ આપને ઓળખતા નથી. આપ તેઓના આત્મા છો, કાલ છો અને ઈશ્વર છો, છતાં માયાથી આપ તેમનાં પુત્ર, પિતા અથવા ભાઈ હો એવી આપે તેમનામાં બુદ્ધિ કરેલી હોવાથી તેઓ આપને જાણતા નથી. સંસાર અનાદિ હોવાથી કોઈવાર ગુરુથી, શાસ્ત્રથી અથવા તપથી પુરુષને આપનો અનુભવ થયો હોવાનું સંભવે છે, છતાં પણ જન્મ અને મરણથી સ્મરણનો નાશ થવાથી તે આપને જાણતો નથી. આપ કોઈ સમયે પ્રાપ્ત થયેલ નહિં અને સર્વ ફલરૂપ છો, તેમના સદા દર્શન કરાવનાર આપના ચરણનાં અમને આજે દર્શન થયાં. આપનું ચરણ સર્વ પાપોનો નાશ કરાવી, શુદ્ધિ વગેરે ગુણો પ્રાપ્ત કરાવે છે, કારણકે ગંગા વગેરે તીર્થો તેમાંથી ઉત્પન્ન થયેલા છે. યોગીઓ ફલ તરીકે તેને હૃદયમાં ધારણ કરે છે તે અમને પ્રાપ્ત થયું તેથી આપ પણ ધીરે-ધીરે અમારા હૃદયમાં પધારશો અને અમને સર્વ ફલ પ્રાપ્ત થશે અને વધી પડેલી ભક્તિથી અમે આપને અંતઃકરણપૂર્વક દેહ તથા આત્માનું સમર્પણ કરી, આપના થશું. અમો ભક્તો ઉપર આપ

કૃપા કરો.''

**વસુદેવનો ઋષિઓને પ્રશ્નઃ**

ઋષિઓએ ભગવાન્‌ની એ પ્રમાણે પ્રાર્થના કરી. ભગવાન્ શાંત રહ્યા તેથી તેમણે સ્વીકારી એમ માની તેમની તથા ધૃતરાષ્ટ્ર વગેરે ભક્તોની રજા લઇ, મુનિઓએ પોતાના આશ્રમે જવાનો વિચાર કર્યો. તે જોઇ યશસ્વી વસુદેવ તેમની પાસે આવ્યા, તેમને પ્રણામ કર્યા અને તેમને ઉત્તમ માનતા હોવાથી પોતે કૃતાર્થ થવાય તે માટે તેમને પૂછવા લાગ્યા–

''હે ઋષિઓ! કર્મથી કર્મનો નાશ કરવાનો ઉપાય અમને જણાવો. જ્ઞાનથી કર્મનો નાશ થાય છે, પણ કર્મ કર્મનો નાશ નથી કરતું જણાતું. પ્રાયશ્ચિત્તથી કર્મનો નાશ થાય, પણ પ્રાયશ્ચિત્ત કર્મ નથી. કર્મ ન કરવાથી કર્મનો નાશ થાય છે, કર્મ કરવાથી અકર્મપણાનો (કર્મરહિત હોવાપણાનો) નાશ થાય છે. શાસ્ત્રમાં ન કરવાનું કહેલું કર્મ કરવાથી શાસ્ત્રમાં જે કરવાનું કહેલ તેવાં કર્મનો નાશ થાય છે. પણ કર્મ પોતાની જ જાતનાં કર્મનો નાશ કરતું હોવાનું જણાતું નથી. જે કર્મ અધર્મ ઉત્પન્ન કરી બીજાં કર્મનો નાશ કરે તેનાથી તો દુઃખ જ થાય, સંસાર ફીટે નહિં. સંસાર ફીટે તેવી રીતે કર્મનો નાશ ક્યા કર્મથી થાય, તે અમને કહો.''

**ઋષિઓનો સંદેહ અને નારદે કહેલ નિવારણઃ**

ઋષિઓને વળી સંદેહ થયો કે જેમ ભગવાને પોતે ઇશ્વર હોવા છતા સેવક હોય તેમ જણાવેલું, તેમ આ વસુદેવ પણ મુક્ત છે અને તેણે સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરેલા છે, છતાં આપણને પોતાનાં કર્મનાશ કરવાનો ઉપાય કેમ પૂછે છે? તેમનો સંદેહ જાણી નારદે કહ્યું કે–

''આ વસુદેવ તમારી પાસેથી કર્મનો નાશ કરવાનો ઉપાય જાણવા જ પ્રશ્ન કરે છે. શ્રીકૃષ્ણને તે પોતાનું બાલક માને છે અને 'મારાથી ઉત્પન્ન થયેલ પુત્રને હું ન જાણું તે કેમ જાણતા હોય?' એમ માની તમને પંડિત જાણી પ્રશ્ન કરે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ તે જાણે છે, છતાં તે સદા તેમની સમીપ રહેવાથી તેને તેમને માટે આદર રહ્યો નથી. જેમ ગંગાના કાંઠે રહેનાર, ટોળામાં ગંગામાં નહાવાથી પોતે અશુદ્ધ થયો છે, એમ માની ઘેર જઇ ફરી સ્નાન કરે છે, કારણકે તે પોતે ગંગાની સમીપ રહેલો હોવાથી તેનો અનાદર થતાં તેના જલને સામાન્ય જલ જાણે છે પણ તેનું માહાત્મ્ય જાણતો નથી; તેમ વસુદેવને પણ થયું છે. ઋષિઓને તો શાસ્ત્રથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે જ્ઞાન કાપીને સાંધેલા કપડાં જેવું હોઇ ઉત્તમ નથી. પ્રાણી જન્મે ત્યારે તેનું પહેલાનું જ્ઞાન નાશ પામે છે, મરે ત્યારે આ ભવનું જ્ઞાન નાશ પામે છે, મોટા રોગથી, અપસ્મારથી પણ તેનાં જ્ઞાનનો નાશ થાય છે, પરંતુ ભગવાન્‌ના જ્ઞાનનો કોઇ સમયે કોઇ કારણથી નાશ થતો નથી. શ્રીકૃષ્ણ ઇશ્વર છે, તેમનાથી પર અથવા તેમની સમાન બીજો કોઇ છે જ નહિ. સંસારદુઃખનો અનુભવ, તેનો અનુભવ કરાવનાર કર્મ, કર્મના પાકરૂપ દેહ વગેરેનો સંબંધ અને તેથી થતા ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયથી તેમનાં સ્વરૂપનો કદાપિ નાશ થતો નથી. છતાં જેમ સૂર્યને

મેઘથી ઢંકાએલો, હિમથી પ્રભા વિનાનો થયેલો અને ગ્રહણથી ગળાયેલો માને તેમ પ્રાણ, અંતઃકરણ, ઈન્દ્રિય, દેહ વગેરેને લીધે બીજા તેમને પોતાના જેવો અવિદ્યાથી ઘેરાયેલો, તૃષ્ણા વગેરેથી પ્રભાવ વિનાનો થયેલો અને શરીરથી ઢંકાયેલો જીવ જ માને છે. તેમના પ્રાણ વગેરે આધિદૈવિક આનન્દમય જ છે અને તે પોતે પણ તેવા હોવાથી તેમનાં સ્વરૂપ જ છે.''

**ઋષિઓનો ઉત્તરઃ**

નારદે એમ કહ્યું ત્યારે વસુદેવ પોતાના ઉદ્ધાર માટે જ પ્રશ્ન કરે છે, એમ જાણી ઋષિઓએ બધા રાજા તથા શ્રીકૃષ્ણ અને બળભદ્રનાં સાંભળતા વસુદેવને ઉત્તર આપ્યો–

''બધા યજ્ઞોનાં ઈશ્વર યજ્ઞ વરાહરૂપથી પ્રકટ થયેલા વિષ્ણુ છે, તેમની શ્રદ્ધાપૂર્વક યજ્ઞોથી પૂજા કરવી. એ કર્મ કર્મનો નાશ કરનારું છે. વૈષ્ણવમાર્ગ તો ઘણાભાગે નિર્ધનો માટે છે. આ કર્મમાર્ગમાં ધનનો વ્યય થાય છે અને દેહ તો ધન દ્વારા ઉપયોગમાં આવે છે. દેહનો ક્લેશ કરતાં બાહરના ધનનો વ્યય આમાં થતો હોવાથી, આ સહેલાઈથી થાય તેમ છે. આ ભક્તિ નથી, પણ ધર્મ છે અને તેથી આત્માને સુખ થાય છે. ગૃહસ્થોનું આ માર્ગથી કલ્યાણ થાય છે અને બધા બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા વૈશ્યો આચરી શકે છે, કારણકે પોતાની મેળે સારા માર્ગે પ્રાપ્ત થયેલ ધનથી શ્રદ્ધાપૂર્વક યજ્ઞપુરુષનું આમાં પૂજન કરવાનું છે. કર્મએષણા (કામના)થી જ બંધન કરાવે છે. ધન, સ્ત્રી અને લોકની કામનાઓ હોય છે. ૧.જેમને ધનની કામના હોય તેમણે ધન પ્રાપ્ત કરી યજ્ઞો અને દાન કરવાં. તેથી અંતઃકરણ શુદ્ધ થવાથી પણ તે કામના ટળશે. ૨.જેમને સ્ત્રી–પુત્રોની ઈચ્છા હોય તેમણે ગૃહસ્થાશ્રમમાં રહી તે કામના દૂર કરવી અને ૩. જેમને સ્વર્ગ વગેરે લોકની ઈચ્છા હોય તેમણે દેવકાલથી એટલે દેવો સાથે ક્રીડા(યજ્ઞો) કરી તે ટાળવી. તેથી જ વેદમાં સ્વર્ગ પ્રાપ્ત કરવા માટે જ યજ્ઞો કરવાનું જણાવેલ છે. ધનની અને સ્ત્રીની કામના પણ આથી જ ટળશે, કારણકે સ્ત્રી અને ધન વિના યજ્ઞ થઈ શકતા નથી. તેમ ન હોત તો વેદમાં મનથી જ યજ્ઞો કરવાનું જણાવ્યું હોત. ગામમાં રહીને જ કામનાઓનો ત્યાગ કરવો. વળી ઋણમાંથી છૂટવા પણ યજ્ઞો કરવા યોગ્ય છે. દેવો, ઋષિઓ અને પિતૃઓનું એવા ત્રણ ઋણ છે. તેમાં યજ્ઞ કરવાથી દેવોનું, પ્રજા ઉત્પન્ન કરવાથી પિતૃઓનું અને બ્રહ્મચર્યથી ઋષિઓનું ઋણ ફીટે છે. જેમની કામનાઓનો નાશ થયો હોય તેમણે પણ ઋણમાંથી છૂટવું જોઈએ. ત્રણે ઋણ ફીટાડ્યા વિના મોક્ષ ઈચ્છનારનો પાત થાય છે. તેથી મુખ્ય અધિકારીએ કામનાઓનો નાશ કરવો જોઈએ અને ઋણ પણ ફીટાળવા જોઈએ. તમે (વસુદેવે) વેદોનો અભ્યાસ કર્યો છે અને પુત્રો પણ ઉત્પન્ન કર્યા છે. તેથી તમે ઋષિઓનાં અને પિતૃઓનાં ઋણમાંથી છૂટ્યા છો. હવે યજ્ઞો કરી દેવોનું ઋણ ફીટાળો. તમે પરમ ભક્તિથી જગતનાં પ્રભુની પૂજા કરી છે અને તેથી તે તમારા પુત્ર થયા છે.''

**વસુદેવે કરેલ યજ્ઞોઃ**

એમ ઋષિઓએ કર્મનો નાશ કરવા, કામનાઓનો ત્યાગ કરવા અને ઋણ ફીટાડવા; એમ ત્રણ પ્રયોજનથી યજ્ઞો કરવાનો ઉપદેશ કર્યો. વાસ્તવિક રીતે તો એમજ જણાવ્યું કે,''તમે(વસુદેવ) કૃતાર્થ છો. તમારે કર્મનો નાશ વગેરે કરવાપણું નથી. કારણકે તમે પરમભક્તિથી ભગવાન્‌ની પૂજા કરી છે અને તે તમારા પુત્ર થયા છે.''

યજ્ઞમાં બ્રાહ્મણો જ ઋત્વિજ હોય અને દેવોની વેદી પણ કુરુક્ષેત્ર જ હોવાથી અને ઋષિઓ પણ સદ્‌ભાગ્યે આવેલા હોવાથી વસુદેવે ઋષિઓને નમન કરી, પ્રસન્ન કરી ઋત્વિજો તરીકે પસંગ કર્યા અને ઋષિઓએ તેને કુરુક્ષેત્રમાં યજ્ઞો કરાવ્યા. આ યજ્ઞોમાં જોઈતા બધા પદાર્થોનો જ ઉપયોગ થયો, કોઈ પદાર્થને બદલે બીજો વાપરવો પડેલ નહિં. યાદવો બધાએ દીક્ષા સમયે સ્નાન કરી સારાં વસ્ત્રો તથા આભરણો પહેરી કમલની માલાઓ પહેરેલી. તેમની પત્નીઓ પણ સુવર્ણની કંઠીઓ તથા ઉત્તમ વસ્ત્રો પહેરી હાથમાં ભેટો લઈ હરખાતી દીક્ષા જ્યાં અપાઈ ત્યાં ગયેલી. મૃદંગ વગેરે વાજીંત્રો વાગ્યાં, નૃત્ય થયાં અને ગંધર્વની પત્નીઓએ પોતાના પતિ સાથે મળી ગાન કર્યું. પછી ઋત્વિજોએ વસુદેવનો તેની અઢાર પત્નિઓ સાથે અભિષેક કર્યો અને તેઓ પણ સભાસદો સાથે રત્નો તથા રેશમી વસ્ત્રો ધારણ કરી શોભવા લાગ્યા. તે સમયે શ્રીકૃષ્ણ અને બલભદ્ર પણ પોત-પોતાની પત્નીઓ તથા પુત્રો સાથે શોભતા હતા.

એવી રીતે વસુદેવે અગ્નિહોત્ર વગેરે ઘણાં પ્રકારનાં યજ્ઞો કર્યા અને ઋત્વિજોને ગાય, ભૂમિ, કન્યાઓ વગેરે ઘણી દક્ષિણા આપી. પછી પત્નીસંયાજ અને આવભૃથ કરાવી, વસુદેવને આગળ કરી બધા ઋત્વિજોએ પરશુરામનાં ધરામાં સ્નાન કર્યું. તે સમયે તેમણે તથા તેમની પત્નિઓએ બંદીજનોને જાત-જાતનાં વસ્ત્રો તથા અલંકારો દાનમાં આપ્યા. વસુદેવે પોતે પણ અલંકાર ધારણ કર્યા. સર્વને જમાડ્યા. બંધુઓને તેમની પત્નિઓને, પુત્રોને ઘણી ભેટ આપી. ગોપાલો સાથે નંદનો પણ સત્કાર કર્યો. પછી સભાસદો, ઋત્વિજો, દેવો, પિતૃઓ વગેરે ભગવાનની રજા લઈ યજ્ઞની પ્રશંસા કરતા પોત-પોતાનાં ધામમાં ગયા. શ્રીકૃષ્ણ, બલભદ્ર, ઉગ્રસેન વગેરે સાથે બંધુઓ ઉપરનાં પ્રેમને લીધે, તે પણ એક યાદવ જ હોય તેમ રહ્યા.

**કુરુક્ષેત્રમાંથી પ્રયાણઃ**

યજ્ઞરૂપ મનોરથનો સમુદ્ર પાર કરી, પ્રસન્ન મનથી મિત્રોથી વિંટાયેલા વસુદેવે નંદને હાથથી પકડી કહ્યું કે, ''હે ભાઈ! દેવો ભોગમાં રચ્યા-પચ્યા રહેનાર અને જ્ઞાની છે અને યોગીઓ મોક્ષનાં સાધન કર્યા કરે છે. એટલે તેમનામાં સ્નેહ ન હોવાનું સંભવે છે. છતાં હમણાં આપણા અનુભવથી જણાયું કે તેઓ પણ સ્નેહનો ત્યાગ કરી શકતા નથી. તમે બંધુ તરીકે અમારા ઉપર ઘણું સ્નેહ રાખ્યો, તેનું બદલો અમે આપી શકીએ એમ નથી. પહેલાં કંસને હણ્યો ન હતો અને દ્વારકા અમે ગયા ન હતા, ત્યાં સુધી અમારામાં તેવી શક્તિ ન હોવાથી અમે કાંઈ તમારું કુશલ કરી શક્યા નહિં. ત્યાર પછી અમને રાજ્ય મળ્યું ત્યારે

કુશલ કરવાની શક્તિ થઈ, પરંતુ લક્ષ્મીનાં મદથી અમે અંધ બન્યા અને તમને જોતા પણ નહિં, તો પછી કુશલ કેમ કરીએ? પહેલા શક્તિ ન હતી ત્યારે કુશલ કરવું જોઈએ એવું ભાન હતું. શક્તિ થયા પછી તે પણ જતું રહ્યું. તેથી આસક્તિવાળી સ્થિતિ જ સારી હતી. જે પોતાનું કલ્યાણ ઈચ્છતું હોય તેને રાજ્યલક્ષ્મી પ્રાપ્ત ન થાઓ, કારણકે તે લક્ષ્મીથી અંધ થઈ પુરુષ પોતાના બંધુઓને જોતો પણ નથી.''

એ પ્રમાણે પોતાનાં દોષ અને નંદનાં ગુણ જણાવી, નંદે ભગવાનનું બાલપણાંમાં રક્ષણ કરેલ તે તેનો ઉપકાર સંભારી વસુદેવ રડી પડ્યા. નંદ, શ્રીકૃષ્ણ અને બલભદ્ર ઉપરનાં પ્રેમને લીધે 'આજ જઈશ, કાલ જઈશ' એમ કહેતા ત્યાં ત્રણ માસ રહ્યા અને દરરોજ યાદવો તેનું સન્માન કરતા. મહામાસથી અષાઢમાસ સુધી તે ત્યાં રહ્યા. પછી ભગવાને ઘણાં કીમતી આભરણો, રેશમી વસ્ત્રો તથા દિવ્ય ઘરવખરી આપી તેમને સંતોષ્યા અને વસુદેવ, ઉગ્રસેન, બલભદ્ર તથા ઉદ્ધવે પણ ભેંટો આપી. તે લઈ ગોપીઓ અને ગોપો સાથે પોતાનું મન ભગવાનનાં ચરણારવિંદમાં રાખેલું તે પાછું વાળવા અશક્ત રહી, મથુરા ગયા. મનનાં નિમિત્તે જ બધું આપવામાં આવે છે અને નંદ, ગોપીઓ તથા ગોપોનાં મન ભગવાનમાં જ હતા. તેથી તેમનું જ ઘણું દ્રવ્ય અહીં (યાદવો પાસે જ) રહ્યું. એ પ્રમાણે બધા બંધુઓ પોત-પોતાને દેશ ગયા પછી યાદવો એકલા પણ કુરુક્ષેત્રમાં ઘણો સમય નિર્ભયતાથી રહ્યા, કારણકે શ્રીકૃષ્ણ અલૌકિક પ્રકારે તેમનું રક્ષણ કરતા હતા. પછી ચોમાસું બેસવાને થોડા દિવસ જ રહ્યા, ત્યારે તેઓ દ્વારકા ગયા. જે લોકો કુરુક્ષેત્ર આવ્યા ન હતા, તેમને ત્યાં જનારાઓએ વસુદેવે યજ્ઞનો મહોત્સવ કર્યો તથા બંધુઓ એક- બીજાને મળ્યા તે બધો વૃત્તાંત કહ્યો અને નિરોધ કરેલા સાત્વિકોને ભગવાને મોટા ઉત્સવરૂપ ફલ આપ્યું એમ જણાવ્યું.

**ભગવત્ત્વઃ ગુણપ્રકરણ**

એવી રીતે શ્રીકૃષ્ણે તામસ, રાજસ અને સાત્ત્વિક સર્વ ભક્તોનો પોતામાં નિરોધ કર્યો. શ્રીકૃષ્ણ પોતે ભગવાન હોય તો જ આ નિરોધ સફલ થાય, ભગવાન ન હોય તો આ નિરોધ નિષ્ફલ થાય. તેથી શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન છે એમ હવે સિદ્ધ કરવામાં આવે છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો 'ભગ' કહેવાય છે અને તે જેમનામાં હોય તે 'ભગવાન' છે. તેથી શ્રીકૃષ્ણમાં આ છ ગુણો છે એમ હવે જણાવવામાં આવે છે.

**શ્રીકૃષ્ણનું જ્ઞાન સમ્બન્ધી ઐશ્વર્યઃ**

તે છ પૈકી ઐશ્વર્ય ગુણ શ્રીકૃષ્ણમાં સંપૂર્ણ છે એમ પ્રથમ જણાવવામાં આવે છે. જ્ઞાનસમ્બન્ધી તથા ક્રિયાસમ્બન્ધી બન્ને પ્રકારના ઐશ્વર્ય શ્રીકૃષ્ણમાં છે. પહેલાં વસુદેવ અને દેવકી બન્નેનાં હૃદયમાં તેમનો પ્રભાવ પડેલો અને બન્નેએ તેમની સ્તુતિ કરેલી. હવે વસુદેવે કુરુક્ષેત્રમાં યજ્ઞો કર્યા ત્યારે ઋષિઓએ શ્રીકૃષ્ણનું માહાત્મય તેમને જણાવ્યું, ત્યારે

તેમનું અંતઃકરણ શુદ્ધ થતાં તેમને શ્રીકૃષ્ણના ગુણો જાણવાની ઈચ્છા થઈ. તેથી એક વાર જ્યારે શ્રીકૃષ્ણ અને બલભદ્ર તેમની પાસે આવી તેમના ચરણમાં નમસ્કાર કર્યા ત્યારે મુનિઓએ યજ્ઞ સમયે જે કહેલું તેનું તેમને એકાએક સ્મરણ થયું અને ગોવર્ધનને ઊંચો ધારણ કરવો વગેરે શ્રીકૃષ્ણના પરાક્રમો પોતે જાણેલ હોવાથી તે વચનમાં વિશ્વાસ થતાં, તેમણે પુત્રોનું અભિનન્દન કરી, પ્રેમથી તેમને કહ્યું–

''તમે બન્ને આ આખાએ જગતનાં કારણરૂપ અક્ષરમાંથી ઉત્પન્ન થયેલા પુરુષ અને પ્રધાન છો, તે હું જાણું છું. છઠ્ઠી વિભક્તિ સિવાયની છએ વિભક્તિઓના જે અર્થ થાય તે બધા, તેમનું કારણ પુરુષ અને પ્રધાન, તેમનું પણ કારણ કાલ અને તેને વશ રાખનાર પુરુષોત્તમ એટલે ભગવાન તમે (શ્રીકૃષ્ણ) છો. આ આખું જગત્ રચી, પછી તેમાં પ્રવેશ કરી તેમાં જુદા-જુદા જીવ તથા પ્રાણરૂપે તમે રહો છો અને તેને ધારણ કરો છો. વિશ્વ રચનાર પ્રાણવાયુ વગેરે તત્ત્વોની કાર્ય કરવાની શક્તિ પણ તમે જ છો. આધ્યાત્મિક અથવા આધિભૌતિક તત્ત્વોની આ શક્તિ નથી, કારણ કે તેઓ તો પરતંત્ર હોવાથી સ્વતંત્ર પ્રકારે કામ કેમ કરી શકે? આત્મા ઉદ્યમ કરે ત્યારે જ ઇન્દ્રિયો અથવા શરીર કામ કરી શકે છે. વળી બીજો પદાર્થ જડ છે અને આત્મા ચેતન હોવાથી તેમનાથી જુદા પ્રકારનો છે. આધિભૌતિક અને આધ્યાત્મિક પદાર્થો માત્ર ક્રિયા જ કરે છે, પણ પ્રેરણા કરતા નથી, આ નાશવંત પદાર્થોમાં તમે જ સદા સ્થિર છો. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ગુણો તથા અહિંસા વગેરે તેમની વૃત્તિઓ યોગમાયાએ તમે પરબ્રહ્મમાં કલ્પેલી છે, એટલે તમે તેમના આધાર હોવા છતાં તેમના દોષો તમારામાં નથી તેમ એ પદાર્થોનું પણ તમારાથી જુદું અસ્તિત્વ નથી. ગુણપ્રવાહમાં ભમતા કોઈવાર તમારું ભજન કરવાની શક્તિવાળો આ સંસારમાં દુર્લભ મનુષ્યનો દેહ પ્રાપ્ત થાય, ત્યારે પણ જે તમારી ભક્તિ કરે નહિ તેનું વય નિરર્થક જાય છે. પછી ઘરડો થયા પછી તે શું કરવાનો? ''આ વસુદેવ કહેવાતો દેહ હું છું, આ પુત્રો ધન વગેરે મારાં છે'' એવાં સ્નેહનાં બંધનથી તમે મને એકલાને નહિ, પણ આખા જગતને બંધન કરો છો. તમે બે મારા પુત્રો નથી, પણ સાક્ષાત્ કાલ (બલભદ્ર) અને પુરુષોત્તમ (શ્રીકૃષ્ણ) છો અને ભૂમિનો ભાર હરવા અવતરેલા છો એમ તમે મને કહેલું. જે શરણે આવેલા હોય તેમના સંસારના ભયને દૂર કરનારાં તમારાં ચરણાવિંદને હું શરણ આવું છું.

૧.ઈન્દ્રિયોની લાલસા એટલે ભોગની ઈચ્છા, ૨.દેહનું અભિમાન અથવા દેહ જ હું છું એવી દષ્ટિ અને ૩.તમો ભગવાન મારા પુત્ર છો એવી મારી માન્યતા એ ન દૂર થઈ શકે એવા ત્રિદોષવાળો હું છું. મારા એ દોષ તમે દુર કરો. તમે જન્મરહિત હોવા છતાં ધર્મનું રક્ષણ કરવા દરેક યુગે અવતરો છો એમ તમે મને કહેલું. આકાશની જેમે જુદા-જુદા આકાર તમે ગ્રહણ કરો છો અને તજો છો. ઘડો, વસ્ત્ર અથવા પુરુષ જે હોય તેના જેવો પોતાનો આકાર આકાશ કરે છે અને તે પદાર્થ તે સ્થાનેથી જતાં બીજો પદાર્થ આવે તેના જેવો આકાર ધારણ કરતાં પહેલાના આકારનો ત્યાગ કરે છે, તેમ તમે પણ વિકાર વિનાના દેવકીનાં ઘરમાં પ્રકટ થયા. ત્યાં રહેલી માયાને ખસેડી નિશ્ચલ જ તમે પ્રકટ થયા. પછી

બીજાં સ્થાને જતાં પહેલાનાં સ્થાનમાં માયા મૂકી અને બીજા સ્થાનામાંથી ખસેડી એ પ્રમાણે દરેક ક્ષણે આકાશ જેમે તમારાં જુદાં-જુદાં રૂપો થાય છે. ફેર એટલો છે કે આકાશ ઘડો, વસ્ત્ર વગેરે જે પદાર્થ આવે તેને લીધે તેવો આકાર ગ્રહણ કરે છે અને તમો તો માયાનો પડદો ખસેડીને દેહ ગ્રહણ કરો છો. તમારી વિભૂતિરૂપ માયાને કોણ જાણી શકે?''

વસુદેવ એ પ્રમાણે સ્તુતિ કરી ભગવાનને શરણે આવ્યા ત્યારે પ્રસન્ન થઈ તેમને કેટલેક અંશે જ્ઞાન થયું છે એમ જાણી, અખંડ બ્રહ્મવાદનો બોધ કરવા ભગવાને હસીને વિનયપૂર્વક મીઠી વાણીથી તેમને કહ્યું:

''હે પિતા! અમે પુત્રોને તમે તત્ત્વજ્ઞાન આપ્યું એ આપનાં વચન અર્થથી ભરપૂર છે એમ અમે માનીએ છીએ. તમે આ અમારી પ્રશંસા કરી નથી, પણ અમને ઉપદેશ જ આપેલ છે. હું, તમે, આ બલભદ્ર, આ દ્વારકાના રહેવાસીઓ અને બ્રહ્માણ્ડમાં રહેલા બીજા બધાના વિષે એમ જ માનો કે બધા ભગવાન જ છે. સ્થાવર જંગમમાં પણ, જેવી મારામાં બુદ્ધિ છે તેવી જ રાખો, કારણ કે જેમ 'હું એક બહુ થાઉં' એવી ઈચ્છા કરી ભગવાન વિષ્ણુ પોતે (સર્વ) થયા, તેમ 'હું આ થાઉં, આ થાઉં' એવી ઈચ્છાથી તે પોતે જ જુદા-જુદા સર્વ પદાર્થ થયેલા છે. આત્મા એક છે. તે પોતાની મેળે પ્રકાશે. પોતાનો પ્રકાશ કરવા માટે તેને બીજા કોઈની જરૂર નથી. તે નાશરહિત નિત્ય હોઈ સદા એકરૂપ છે. તે કાલ નથી, કાલથી જુદો છે. કાલ તો તેની ચેષ્ટા છે. તે ગુણાતીત જીવ છે. સત્વ, રજસ્ અને તમસ્ એ ગુણોથી દેવ, હલકા પ્રાણી, મનુષ્ય વગેરેના દેહો બને છે, તેમાં રહેવાથી તેના આધારે તે જુદો-જુદો અને ઉત્તમ અથવા હલકો હોવાનું જણાય છે. મહાભૂતોના બનેલા પદાર્થોમાં રહેલા મહાભૂતો કોઈ વાર હાથી જેવા દેહમાં મોટા દેખાય છે અને કોઈવાર મચ્છર જેવા દેહમાં નાના દેખાય છે, કોઈવાર રંગબેરંગી વસ્ત્ર અથવા મોર જેવામાં રહેલા બહુરંગી દેખાય છે અને કોઈ વાર કોયલ અથવા સુવર્ણ વગેરે ધાતુમાં રહેલા એકરંગવાળા દેખાય છે. એવી રીતે પૃથ્વિ વગેરે મહાભૂતો (એક હોવા છતાં) કદને લીધે અથવા રંગને લીધે જુદા-જુદા હોવાનું દેખાય છે, તેમ આત્મા પણ જુદા-જુદા દેહોમાં રહેલો જુદો-જુદો દેખાય છે. દેહને લીધે ઉત્તમ અથવા હલકો જણાય છે. કદને લીધે જુદો-જુદો હોવાનું જણાય છે, પણ તેનું સ્વરૂપ તો એક જ છે. જેમ પૃથ્વી વગેરે મહાભૂતના બનેલા બધા પદાર્થોમાં પૃથ્વી તો એક જ છે અને તેના બનેલાં હાંડલા, ઘડા વગેરેને લીધે તે જુદી-જુદી અથવા જુદા પ્રકારની થતી નથી, તેવી રીતે સત્ ચિત્ અને આનંદ એ ગુણોના ભેદને લીધે, તેમજ ઐશ્વર્યના અથવા શ્રીના ભેદને લીધે આત્મા જુદો-જુદો જણાય છે, પણ તેને લીધે તેના સ્વરૂપમાં તફાવત છે એમ માનવું ન જોઈએ. ઉપાધીને લીધે ભેદ જણાય છે. તેથી આત્મા પોતાની ઈચ્છાથી જ સર્વ રૂપથી રહેલો છે એવો નિશ્ચય કરી તમે મને જેવો જાણો છો તેવું જ સર્વ જાણો.''

ભગવાને વસુદેવને આમ અખંડાદ્વૈતવાદનો બોધ આપ્યો. આ બોધથી ભગવાનનું ઐશ્વર્ય જણાય છે. જે અલૌકિક કરે, અથવા વેદથી પણ અશક્ય હોવ તેવું કરે તે

ઈશ્વર. અહીં ભગવાને વસુદેવ પોતાના પિતા છે એમ સ્થાપન કરીને જ જ્ઞાનનો ઉપદેશ કર્યો અને તે પણ અખંડ અદ્વૈત જ્ઞાનનો, એવી રીતે પુરુષોત્તમ વિના બીજો કોઈ વેદનું ઉલ્લંઘન કરી શકે નહિ. આથી શ્રીકૃષ્ણનું જ્ઞાન સમ્બન્ધી ઐશ્વર્ય પ્રકટ થયું. હવે તેમનું ક્રિયાસંબંધી કાલનું ઉલ્લંઘન કરવારૂપ ઐશ્વર્ય જણાવવામાં આવે છે.

**શ્રીકૃષ્ણનું ક્રિયા સમ્બન્ધી ઐશ્વર્યઃ**

પછી ત્યાં દેવકીજી આવ્યાં તેમને પણ ભગવાને કૃતાર્થ કરેલાં, છતાં પહેલાં જે દુઃખ ભોગવેલું તેની વાસના રહી ગયેલી. તેથી તેમણે તે વાસના દૂર થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરી. પહેલાં તેમણે પોતાના પુત્રોને કંસે હણેલા તે તેમને કહ્યું અને પછી તે પુત્રોને સંભારતાં દયા આવે તેમ આંખમાં આંસુ સાથે કહ્યું–

''બ્રહ્મા વગેરેને પણ વશ રાખનાર, પુરુષોત્તમ તમે છો તે હું જાણું છું. તમે સર્વ કરવા શક્તિવાળા હોવા છતાં લોક તે જાણતા ન હોવાથી બીજાં સાધનો કરે છે, કારણ કે ચિન્તામણિ પ્રાપ્ત થતાં (તેને ઓળખનાર) કોઈ બીજું સાધન ન કરે. તમે ભૂમિના ભારરૂપ બનેલ રાજાઓનો વધ કરવા જ અહીં અવતરેલા છો. કાલે બધાના સત્ત્વગુણ અને વિવેક વગેરે હરી લેવાથી રાજાઓ શાસ્ત્ર વિરુદ્ધ વર્તવા લાગ્યા અને સત્ત્વ ન રહેવાથી તેમની શક્તિ સર્વને દુઃખ આપનારી થઈ. તેથી તેઓ ભૂમિને ભારરૂપ થતાં, જેમ મચ્છરો ઉડાવવા ધૂમાડો કરવામાં આવે છે, તેમ તેમનો નાશ કરવા માટે તમે અવતરેલા છો. તમે પુરુષોત્તમનો અંશ અક્ષર છે. તેનો અંશ પ્રકૃતિ છે, પ્રકૃતિના અંશો ગુણો છે અને તે ગુણોના વિભાગથી વિશ્વની ઉત્પતિ, સ્થિતિ અને લય થાય છે. તેથી તમે સર્વ કરી શકો તેવા છો. હું તમને શરણ આવું છું. તમે ગુરુને દક્ષિણા આપવા તેમના મૃત્યુ પામેલા પુત્રને લેવા પિતૃના સ્થાનમાં ગયેલા. ત્યાં જીવતાં પુરુષો જઈ કે આવી શક્તા નથી. તેવા સ્થલેથી તમે તેના પુત્રને લાવી તેમને આપ્યો. જેમ ગુરુની ઈચ્છા પણ પાર પાડો. જેમ ગુરુનો પુત્ર સંતાન વિના મુએલો, તેમ મારા પુત્રો પણ મૃત્યુ પામેલા છે. તમે યોગેશ્વરોના પણ ઈશ્વર હોઈ મારી કામના પૂરી શકો તેવા છો. કંસે મારા છ પુત્રોને હણેલ છે, તેઓ મારી પાસેથી જેવી સ્થિતિમાં ગયેલા તેવી જ સ્થિતિમાં તેમને જોવાની મારી ઈચ્છા છે.''

દેવકીજીની પહેલાં અનુભવેલા દુઃખની વાસના વચનથી દૂર થાય તેવી ન હતી. નાટ્યથી એટલે માયિક પુત્રો ઉત્પન્ન કરી તેમને દેખાડવાથી વાસના દૂર થાય, છતાં પણ તે જીવોની મુક્તિ ન થાય, એટલે દેવકીજીને જ્યારે જ્ઞાન થાય અને સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય, ત્યારે ભગવાને મને માયિક પુત્રો દેખાડી ઠગી એવું તેમને લાગે. વળી છ પુત્રોના ઉદ્ધાર માટે તેમને ચિન્તા પણ થાય. તેથી તે પુત્રો જ પાછા આવે તો જ તેમની ચિન્તા દૂર થાય. તેથી તે પુત્રોને લાવવા શ્રીકૃષ્ણ અને બલભદ્રે યોગમાયાનો આશ્રય કર્યો. યોગમાયા અઠ્ઠાવીસ તત્ત્વોથી નીચે હોવાથી, તેમાં પ્રવેશ કરેલા તે બેને કોઈ અટકાવ કરનાર ન રહેતાં તે બે સુતલમાં જ પ્રકટ થયા. ત્યાં દૈત્યોના રાજા બલિની આણ વર્તે છે. તેના સેવકોએ ભગવાન પધાર્યા એવી તેને ખબર આપતાં તે તેમનાં દર્શન કરી આનન્દ પામી શુદ્ધ અંતઃકરણવાળો

થયો અને આળસ તજી, તરત જ ઉભા થઈ તેણે તેમને પ્રણામ કર્યા. તેણે આસન લાવી આપ્યું અને તેઓ આસન ઉપર બિરાજ્યા ત્યારે તેમના ચરણ ધોઈ તે ચરણોદક તેણે અને તેના કુટુંબે પોતાના માથે પધરાવ્યું, કારણ કે ગંગારૂપ તે ચરણોદક બ્રહ્મલોકથી આરંભી પાતાલ સર્વને પવિત્ર કરનારું છે. પછી તેણે ઘણાં કિંમતી વસ્ત્રો, આભરણો, ચતુઃસમ વગેરે લેપો, માલા, ધૂપ, દિપ વગેરેથી તેમની પૂજા કરી, અમૃતમય ખાદ્ય પદાર્થો તાંબૂલ વગેરે આપ્યાં અને પોતાનાં સગાં, ધન તથા દેહને સમર્પણ કર્યા. પછી પ્રેમને લીધે આદ્ર થયેલી બુદ્ધિથી ભગવાનનાં ચરણકમલને બે હાથથી ધારણ કરતાં તેણે રોમાંચિત થઈ ગદ્-ગદ વાણીથી કહ્યું–

''સાંખ્ય-યોગનો વિસ્તાર કરનાર બ્રહ્મરૂપ અને પરમાત્મારૂપ આપ બન્નેને હું નમન કરું છું. પોતાના પ્રયત્નથી ઘણા શ્રમે પણ જે પ્રાપ્ત ન થાય તેવાં, પ્રાણીઓને અતિદુર્લભ આપનાં દર્શન મને રાજસ-તામસ સ્વભાવવાળાને અકસ્માત્ થયાં. દૈત્યો વગેરે રાજસ-તામસ જીવો આપ સાથે સદા વૈરભાવ રાખે છે, કારણ કે આપે વેદ વગેરે શાસ્ત્રો રચ્યાં છે અને તેઓ લોકને જ મુખ્ય માનતા હોવાથી શાસ્ત્રથી જ જેમના દેહનું જ્ઞાન થાય તેવા આપથી વિરુદ્ધ વર્તે છે, છતાં જેમ સાત્ત્વિકો ભક્તિથી અને રાજસો કામથી આપને પ્રાપ્ત કરે છે તેમ તેઓ વૈરથી આપને પ્રાપ્ત કરે છે. હે યોગેશ્વરના પણ ઈશ્વર! આપની યોગમાયા આવી છે એમ ભોગમાં રચ્યાપચ્યા રહેતા દેવો તથા યોગેશો પણ જાણતા નથી તો પછી અમે, જે નથી લૌકિક કે નથી વૈદિક, પણ શાસ્ત્રમાં ન કરવાના કહેલાં કર્મોના ચિન્તનથી ખાડામાં પડેલા છીએ તે કેમ જાણીએ? જેને કાંઈ કામના ન હોય તે જ આપને શોધે છે. જેમ શૂદ્રને વેદનો ઉચ્ચાર કરવાનો અધિકાર નથી તેમ ઘરમાં રહેનારને આપને શોધવાનો અધિકાર નથી. આપના ચરણારવિંદમાં જેમની બુદ્ધિ નથી તેમનું ઘર અંધારીયા કૂવા જેવું છે, કારણ કે તેમાં એ ચરણારવિંદનાં સ્મરણરૂપ પ્રકાશ નથી. તેવા મારા ઘરમાંથી મને બહાર કાઢો. જેમના ચારે તરફ ભમવાથી ઘર તજી બીજે ક્ષણમાત્ર રહી ન શકનારા સંસારીઓ પણ કૃતાર્થ થાય છે તેમનાથી હું નભું, મારા અંતઃકરણના દોષ દૂર થતાં પરમહંસ જેવો થયેલો હું એકલો ફરું અને એ પ્રમાણે કેટલોક સમય ફરવાથી સત્પુરુષ જેમે સર્વનો મિત્ર થાઉં એવી મારા ઉપર કૃપા કરો. અમે બધા આજ્ઞા ઉઠાવનારા છીએ અને આપ આજ્ઞા કરનાર છો તેથી આપ આજ્ઞા કરો. આપની આજ્ઞા પ્રમાણે વર્તવાથી પુરુષોને શાસ્ત્રમાં કરવાનાં અથવા ન કરવાનાં કહેલાં કર્મોનું બંધન રહેતું નથી.''

ભગવાને બલિની તેના ઉપર કૃપા કરવાની પ્રાર્થનાનો ઉત્તર ન આપતાં તેનો પોતે સ્વીકાર કરતા નથી એમ દર્શાવી, તેને આજ્ઞા કરી કે ''ગયા બ્રહ્માના દિવસમાં મરીચને 'ઊર્ણા' નામની પત્ની હતી અને તેને છ ઈન્દ્રિયોના દેવરૂપ છ પુત્રો થયેલા. બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતી સાથે ભોગ કરવા તત્પર થયા ત્યારે તેમણે બ્રહ્માની હાંસી કરેલી. કામ ભગવાન છે. તેની પ્રેરણાથી તેની સેવા માટે તત્પર થયેલ બ્રહ્મા કપટ વિનાના હોઈ શુદ્ધ જ હતા. તે સિદ્ધાંત નહિ જાણતાં તેમણે બ્રહ્મા ભક્તની હાંસી કરી તેથી તેમને આસુરી યોની

પ્રાપ્ત થઈ. તે યોનિમાં પણ તેમણે નિંદ્ય કર્મ કર્યું તેથી ભગવાનથી વિમુખ હિરણ્યકશિપુથી કોઈ રાક્ષસીમાં તેમનો જન્મ થયો. પછી દોષથી નાશ કરવો એ સિદ્ધાંત પ્રમાણે દેવકીજીના શત્રુરૂપ છ દોષોનો નાશ કરવા યોગમાયા તેમને ઉદરમાં લઈ ગઈ અને કંસે તેમને હણ્યા. હમણાં અમારી માતા પોતાના દોષ હણનાર તે પુત્રો માટે શોક કરે છે. તેઓ હિરણ્યકશિપુના વંશના હોઈ અહીં તમારી પાસે જ છે. માતાનો શોક દૂર કરવા અમે તેમને અહીંથી લઈ જઈશું. અમારી માતાનો શોક દૂર કરવાથી તેઓનો શાપ દૂર થશે અને દુઃખથી મુક્ત થઈ તેઓ ઋષિલોકમાં જશે. મનનો દેવસ્મર, નાકનો દેવ ઉદ્‌ગીથ, કાનનો દેવ પરિષ્વંગ, નેત્રનો દેવ પતંગ, જીભનો દેવ ક્ષુદ્રભૃત્ અને ત્વચાનો દેવ ધૃણિ આ છ દેવો પોતાનાં કર્મથી નાશ થયેલ હોવા છતાં મારી કૃપાથી ફરી તેમની સદ્‌ગતિ થશે.''

પછી તેમને લઈ, તેમને દેવકીજી પાસેથી લઈ જવામાં આવ્યા ત્યારે તેમની જેવી સ્થિતિ હતી તેવી પ્રાપ્ત કરાવી, શ્રીકૃષ્ણ અને બલદેવ દ્વારકા આવ્યા અને માતાને તેના છ પુત્રો આપ્યા. તે બાલકોને જોઈ દેવકીનાં સ્તનોમાંથી દુધ ઝરવા લાગ્યાં, દેવકીજી તેમને ભેટ્યાં અને તેમને ખોળામાં બેસાડી તેમનાં માથાં સૂંઘ્યા, તેમણે પ્રસન્ન થઈ તેમને ધવરાવ્યા. દેવકીજીના સ્તનોમાં ભગવાન માટે દેવોએ અમૃત મૂકેલું. તેથી ભગવાને પીતાં વધેલાં તે અમૃતમય ધાવણનું પાન કરી, નારાયણના અંગનો સ્પર્શ કર્યો તેથી તેમને વિવેક ઉત્પન્ન થયો અને આત્મજ્ઞાન થયું. પછી તેમણે ભગવાનને, દેવકીજીને, વસુદેવને તથા બલભદ્રને પ્રણામ કર્યા અને બધા લોકોના જોતાં જ આકાશમાર્ગે પોતાને ધામ ગયા.

એવી રીતે બાલપણમાં મરણ પામેલા અને કાલે જેમના દેહના પરમાણુ બનાવેલ તેવા દેવકીજીના પુત્રોને કાલનું ઉલ્લંઘન કરી પરમાણુઓને પહેલાંની સ્થિતિમાં લાવી, શ્રીકૃષ્ણ દ્વારકા લઈ આવ્યા અને પછી તેમને પોતાનું સ્થાન પ્રાપ્ત કરાવ્યું. એવું શ્રીકૃષ્ણનું ક્રિયાશક્તિ સમ્બન્ધી ઐશ્વર્ય છે. દેવકીજીએ જોયું કે પહેલાં મરણ પામેલા તે જ પુત્રો પાછા આવ્યા અને વળી પાછા ગયા. તેથી તેમણે વિસ્મય પામી આ સર્વ શ્રીકૃષ્ણનું ચરિત્ર જાણ્યું. ભગવાન દેવકીજીને આવું જ્ઞાન કરાવવા જ પુત્રોને લાવેલા. તે તેમને પુત્ર તરીકે રાખે એવા હેતુથી લાવ્યા હોત તો કંસદ્વારા તેમનો વધ કરાવ્યો તે નિરર્થક ગણાય. ભગવાનનાં ચરિત્રનાં જ્ઞાનથી જ દેવકીજીની કામના પૂર્ણ થઈ, તે દેવી થયાં અને ફરી તેમને મોહ થયો નહિ.

ભગવાનનું ઐશ્વર્ય જણાવનારાં આ બે જ ચરિત્રો નથી પરંતુ અનંત ચરિત્રો છે. તેમનાં પરાક્રમો અનંત હોવાથી તેમણે આવાં અનંત અદ્‌ભુત ચરિત્રો કરેલાં છે. આ બધાં ચરિત્રો નિત્ય છે. ભગવાનની કીર્તિ અમૃતરૂપ હોવાથી તેમનાં આ ચરિત્રોનું શ્રવણ કરવાથી સુખ થાય છે. તે જગતનાં સર્વ પાપનો નાશ કરનારાં છે, સત્પુરુષોનાં કર્ણના આભરણરૂપ છે. જે આવાં ચરિત્ર નિત્ય પોતાના કાન ઉપર રાખે તે જ સત્પુરુષ તેમ કરવાથી ભગવાનમાં ચિત્ત સ્થિર થાય છે અને તેમનાં કલ્યાણરૂપ ધામની પ્રાપ્તિ થાય છે. જે આ ચરિત્રો સાંભળે અથવા સંભળાવે તેમનાં વિઘ્નો સર્વ દૂર થાય છે. અને તેમને ભગવાનનાં સ્વરૂપની પ્રાપ્તિ સુધીનું ફલ મળે છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ સર્વના ઈશ્વર છે એમ સિદ્ધ થાય છે.

**શ્રીકૃષ્ણનું વીર્ય દર્શાવનાર સુભદ્રાહરણઃ**

હવે ભગવાનનાં વીર્યનું નિરૂપણ કરવામાં આવે છે. દ્રૌપદીનાં લગ્ન પછી નારદે પાંડવો પાસે આવી તેમને જણાવ્યું કે ''પાંચે પાંડવોમાં પ્રચેતસો જેવું ઐક્ય ન હોવાથી, પાંચની એક પત્ની રહેતાં તેમનામાં કલહ થવાનો સંભવ છે. કામનું ઉલ્લંઘન થઈ શકે તેવો નથી અને તે જાગ્રત થાય ત્યારે તેને એક ક્ષણ પણ રોકવામાં આવે તો રોકનારનો નાશ કરે છે. એવી રીતે સુંદ અને ઉપસંદ બે અસુર ભાઈઓએ તિલોત્તમા માટે એક-બીજાનો સંહાર કર્યો હતો. તેથી તમારે દરેક વારાફરતી દ્રૌપદીને સરખા સમય સુધી ભોગવવી. એકને ભોગવવાના સમય દરમ્યાન બીજો તેને ભોગવાતી જુએ તો તેણે એક વર્ષ સુધી તીર્થયાત્રા કરવી.'' આવી વ્યવસ્થા નારદે કરાવેલી.

એક સમયે કોઈ બ્રાહ્મણની ગાયો ચોરો લઈ જતા હતા ત્યારે તેણે અર્જુન પાસે આવી પોતાની ગાયો બચાવવા કહ્યું. તે સમયે શસ્ત્રો જ્યાં હતાં તે ઓરડામાં દ્રૌપદી સાથે યુધિષ્ઠિર હતો. અર્જુન ઉપરની વ્યવસ્થા જાણતો હોવાથી ત્યાં જઈ શકે નહિ, પરંતુ ગાયો બચાવવાનું કામ બહુ જરૂરી હોઈ વિલંબ થઈ શકે તેમ ન હતું તેથી તે ઓરડામાં ગયો અને દ્રૌપદી તથા યુધિષ્ઠિર ને રમણ કરતાં જોવા છતાં શસ્ત્રો લાવી ચોરોને મારી બ્રાહ્મણને તેની ગાયો આપી. પછી નિયમભનના પ્રાયશ્ચિત્ત રૂપે તીર્થયાત્રા કરવા નીકળ્યો. તીર્થમાં ફરતાં તે પ્રભાસ આવ્યો ત્યારે તેણે સાંભળ્યું કે તેના મામાની પુત્રી સુભદ્રાને બલભદ્ર દુર્યોધન સાથે પરણાવવા ઇચ્છે છે, પણ બીજાઓની તેવી ઇચ્છા નથી. મામાની પુત્રી પોતાનો ભાગ ગણાતી હોવાથી તેને પ્રાપ્ત કરવા, પર્વના દિવસે માથું મુંડાવી, સંન્યાસીએ ધારણ કરવાના પદાર્થો લઈ, જેનામાં કામ સંભવે જ નહિ તેવો ત્રિદંડી સંન્યાસી બની તે દ્વારકા ગયો. વર્ષાકાળમાં સંન્યાસીથી બહાર ફરાય નહિ, તેથી તે ચોમાસામાં સ્વાર્થ સાધવા દ્વારકા જ રહ્યો. ત્યાં શહેરીઓ તેને વારંવાર ભિક્ષા કરવા બોલાવતાં. બલભદ્ર પણ તેને એકવાર ભિક્ષા માટે ઘેર તેડી લાવ્યા. પાક તૈયાર થતાં સુધી તેને ત્યાં રાખ્યો. તે પણ છૂપી રીતે સુભદ્રાનાં દર્શન થાય તેમ રહ્યો, પછી બલભદ્ર શ્રદ્ધાથી ભોજન લાવ્યા તે જમ્યો. ત્યાં જેના રૂપને લીધે શુરવીરો પ્રાણ પણ તજે તેવી સુભદ્રાને તેણે જોઈ. તેને જોતાં પ્રેમથી તેની આંખો ખીલી ઉઠી અને તે કામને વશ થયો. તે પણ સુંદર હોવાથી સુભદ્રાને પણ તેની કામના થઈ. અર્જુન તો તેનો વિચાર કરતા તેનું હરણ કરવા ઇચ્છતો હતો, પરંતુ સાવધાન પુરુષો તેનું રક્ષણ કરતા હોવાથી તેને લાગ મળતો ન હતો. પછી શ્રીકૃષ્ણ તેને દેવકી અને વસુદેવ પાસે લઈ ગયા અને તેમણે સુભદ્રા અર્જુનને આપવાનું નક્કી કર્યું, ત્યારથી બલવાન કામને લીધે તેનું ચિત્ત ભમવા લાગ્યું. દયાળુ ભગવાને મેળો ગોઠવી સુભદ્રાને ગામની બહાર મોકલી. તે સમયે બધા મેળામાં તલ્લીન હતા ત્યારે દેવકી, વસુદેવ અને શ્રીકૃષ્ણ ની સંમતિ હોવાથી અર્જુને રથમાં બેઠેલી સુભદ્રાનું હરણ કર્યું. તે રથમાં બેઠો અને ધનુષ્ય લઈ સુભદ્રાનું રક્ષણ કરનાર સૈનિકોને તેણે ભગાડ્યા અને તેઓ બૂમ પાડતા હતા એટલામાં જેમ પોતાનો ભાગ સિંહ ઉપાડી જાય તેમ સુભદ્રાને હરી ગયો. આ સાંભળી જેમ

સાગર પર્વના દિવસે ખળભળે તેમ બલભદ્ર ક્રોધથી ખળભળ્યા, પણ શ્રીકૃષ્ણે તથા સમ્બન્ધીઓએ તેમને પગ પકડી સમજાવ્યા કે ''આપણે તો સુભદ્રાને પરણાવવાની છે જ અને હરણ કરેલીને હવે બીજો કોઈ લેશે નહિ. અર્જુનનો વધ કરશો તો તે વિધવા થશે. વળી અર્જુન વધારે યોગ્ય પતિ છે. તેણે સંન્યાસીનો વેશ લઈ ઠગાઈ કરી, પણ હેતુસર તેમ કર્યું તેથી તેનો દોષ નથી, પરંતુ આપણે તેને ઓળખ્યો નહિ તે આપણો દોષ છે. સંન્યાસીનો વેશ બનાવટી હોવાથી તેને કન્યા પરણાવવામાં વાંધો નથી'' એમ સમજાવતાં બલભદ્ર શાંત થયા અને તેમણે વર-કન્યાને કિંમતી ઘરવખરી, ચાર અંગવાળી સેના અને દાસીઓ દાયજામાં આપ્યાં. જે લૌકિક પુરુષોથી થઈ ન શકે તેવું જ ભગવાનનું વીર્ય હોય. ભગવાન વિના કોઈ આવી રીતે પોતાની બેનને પરણાવી શકે નહિ.

**શ્રુતદેવ અને જનક બંનેને ઘેર શ્રીકૃષ્ણનું ઋષિઓ સાથે એકજ સમયે પધારવું:**

'શ્રુતદેવ' નામનો ઉત્તમ બ્રાહ્મણ શ્રીકૃષ્ણનો સમ્બન્ધી ભગવદીય હતો. તે શાંત, વિચાર કરનારો અને શ્રીકૃષ્ણની ભક્તિથી જ પોતાને કૃતકૃત્ય માનનારો હતો. તે લમ્પટ ન હતો એટલે તેની ઈન્દ્રિયો બહિર્મુખ ન હતી. 'વિદેહ' દેશમાં રહેનારાને દેહનું અભિમાન ન રહેતું અને તે દેશમાં પણ દેહના અભિમાન વિનાના મિથિલ રાજાએ વસાવેલી મિથિલામાં તે રહેતો હતો. દેહનું અભિમાન ન હોય તો બધા આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ ઉત્તમ છે. તે ગૃહસ્થાશ્રમી હતો અને પોતાના પ્રયાસ વિના જ જે કાંઈ ખાવાનું વગેરે મળી આવે તેનાથી જ પોતાનાં બધાં કાર્ય કરતો, એટલે કર્મ માર્ગને અનુસરનારો ભક્ત હતો. તેનો અને તેના કુટુંબનો નિર્વાહ થાય તેટલું તો ઈશ્વરની ઈચ્છાથી તેને મળી જ આવતું. અને તેને જે મળતું તેનાથી જ સંતોષ માની તે યોગ્ય ક્રિયાઓ કરતો. તે દેશનો 'બહુલાશ્વ' નામનો રાજા પણ ભગવાનના ભક્તોનો ત્યાં વાસ હોવાથી ભક્ત થયેલો. તેને પણ દેહનું અભિમાન ન હતું. જેમ કર્મમાર્ગી શ્રુતદેવ ભગવાનને પ્રિય હતો, તેમ જ્ઞાનમાર્ગી બહુલાશ્વ પણ તેમને પ્રિય હતો.

તે બન્નેના ગુણોનું સ્મરણ કરી, તેમને ઈચ્છેલું આપવા ભગવાન તેમના ઉપર પ્રસન્ન થઈ, નારદ વગેરે બાર મુનિઓ સાથે દારુકે આણેલા રથમાં બેસી વિદેહ પધાર્યા. માર્ગમાં કુરુ, મત્સ્ય, પાંચાલ, કૌશલ વગેરે દેશો આવ્યા. ત્યાં સર્વત્ર શહેરીઓ તથા ગામડાઓ ના લોકોએ ઋષિઓ સાથે ભગવાનની પૂજા કરી અને ઉદાર હાસ્ય તથા સ્નેહવાળી દષ્ટિવાળા ભગવાનનાં મુખકમલનું નયનોથી પાન કર્યું. ભગવાનની તેમના ઉપર દષ્ટિ પડવાથી તેમના અજ્ઞાનનો નાશ થયો અને ભગવાનનાં જે મુખકમલનાં તેમને દર્શન થયેલ તે સદા તેમની દષ્ટિમાં રહે તેવો ભગવાને તેમને વર આપ્યો. તેથી તેઓને સર્વ પદાર્થોમાં ભગવાનનાં જ દર્શન થતાં. તે દેવરૂપ મનુષ્યો ભગવાનના જ યશનું ગાન કરતા હતા. આ યશ અશુભનો નાશ કરનારો અને સર્વ દિશાઓને ઉજળી કરનારો છે. તેવા યશનું તેમને ગાન કરતાં સાંભળી ભગવાને તેમને એવો વર આપ્યો.

વિદેહમાં ભગવાન પધાર્યા તે સાંભળી શહેરીઓ તથા ગામડાના લોકો હાથમાં

પૂજાની સામગ્રી લઈ આનંદથી તેમના સામા આવ્યા. ભગવાનનાં દર્શન થતાં, પ્રેમને લીધે તેમના હૃદય અને અંતઃકરણ ખીલી ઉઠ્યાં અને તેમણે ભગવાનને તથા મુનિઓને બે હાથ જોડી માથાં નમાવ્યાં. ભગવાન પોતાના ઉપર ઉપકાર કરવા પધાર્યા છે એમ માની શ્રુતદેવ અને બહુલાશ્વ તેમના ચરણોમાં પડ્યા અને બન્નેએ એક સાથે હાથ જોડી મુનિઓ સાથે પોતાને ઘેર પધારી પોતાના અતિથિ થવા તેમને વિનંતિ કરી. ભગવાનથી કાંઈ અશક્ય નથી એવો ભગવાનનો મહિમા જાણવાનો તેમનો અભિપ્રાય જાણી ભગવાન તે બન્નેના ઘેર ઋષિઓ સાથે એક જ સમયે પધાર્યા અને તે તેમણે જાણ્યું પણ નહિ. તે દરેકે એમ જ માન્યું કે ભગવાન ઋષિઓ સાથે મારા ઘેર જ પધારે છે. બહુલાશ્વ મુનિઓને પણ (જ્ઞાનમાર્ગી હોવાથી) ભગવદ્રૂપ જ જાણતો હતો. તેથી ભગવાન પોતે જ મુનિઓનાં રૂપ ધારણ કરી તેને ઘેર પધાર્યા. શ્રુતદેવ મુનિઓને મુનિ જ માનતો હતો, તેથી તેના ઘેર ભગવાન પોતાની સાથે આવેલા મુનિઓ સહિત પધાર્યા.

મુનિરૂપ ધારણ કરેલા ભગવાનનું દુષ્ટોને શ્રવણ પણ થતું નથી. તેમને પોતાના ઘેર પધારેલા જોઈને બહુલાશ્વે પોતાના સિંહાસન જેવાં આસનો તેમને માટે મંગાવ્યાં. પછી તે આસનો ઉપર વિરાજ્યા ત્યારે ઘણી ભક્તિને લીધે હૃદયમાં થયેલા હર્ષથી તેની આંખોમાં આંસુ આવ્યા. તેણે તેમને નમન કરી તેમના ચરણ ધોયા અને તે ગંગારૂપ જલ પોતાનાં કુટુંબ સાથે પોતાનાં માથે પધરાવ્યું અને સુગંધી દ્રવ્યો, પુષ્પો, વસ્ત્રો, ધુપ, દીપ વગેરેથી તેમની પૂજા કરી. તે મર્યાદા પ્રમાણે વર્તતો હોવાથી તેણે શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે જ પૂજા કરી. પછી તેમને ભોજન કરાવી, તાંબૂલ આપી વિશ્રામ તથા શયન કરાવી, ભગવાનના ચરણો પોતાના ખોળામાં લઈ, તે ધીરેથી ચાંપતા આનન્દથી કહ્યું–

''આપ પ્રાણી માત્રાના આત્મા હોઈ સર્વરૂપ છો, સાક્ષી છો અને પોતાની મેળે પ્રકાશો છો. વળી આપ સર્વ શક્તિવાળા હોવાથી મારા હૃદયમાં આપે જેનું ભાન કરાવ્યું તેવું બીજાનાં હૃદયમાં થવા નથી દીધું. આપ એવી રીતે સર્વરૂપ હોવા છતાં ભક્તિમાર્ગ પ્રમાણે આપનું સ્મરણ કરનાર મને આપના દર્શન આજે જ થયાં. 'જેવા અનન્ય ભક્ત મને પ્રિય છે તેવા બ્રહ્મા, શંકર, સંકર્ષણ, લક્ષ્મી તથા આત્મા પણ પ્રિય નથી' એવું આપનું વચન સત્ય કરવા જ આપે મને દર્શન દીધાં. આપે અહીં પધારીને દર્શન આપ્યાં, તેથી જ આપને ભક્ત પ્રિય છે એમ સિદ્ધ થાય છે. આ જાણનાર કોણ આપનાં ચરણકમલનો ત્યાગ કરે? સર્વનો ત્યાગ કરી નિષ્કિંચન થઈ, શાંત રહી, મનન કરે એવાં ત્રણ સાધનો કરનારને આપ આત્માનું દાન કરો છો. સર્વને મોક્ષ આપવા યદુના વંશમાં અવતરી, સંસારી જીવોનાં દુઃખ જોવાથી દયાળુ થઈ, તે દુઃખોનો નાશ કરવા ત્રણે લોકનું પાપ હરનાર આપનો યશ પ્રકટ કરનાર આપ જ ભગવાન છો. આપની બુદ્ધિ ક્યાંય અટકતી નથી. સર્વ પ્રાણીઓને સુખ આપનારું અને પોતામાં ખળભળાટ ન કરે તેવું તપ કરનાર આપ નારાયણને નમસ્કાર. આપ મુનિઓ સાથે કેટલાક દિવસ મારા ઘેર રહો. આપે કાંઈ કરવાનું નથી, છતાં આપના અહીં રહેવાથી આપના ચરણની રજ નિમિનું કુલ જ્યાં રહેલું ત્યાં પડી કુલને પવિત્ર કરશે

અને તેથી જ એ કુલમાં ઉત્પન્ન થયેલા સર્વ પવિત્ર થશે.'' એ પ્રમાણે બહુલાશ્વે પ્રાર્થના કરવાથી સર્વ લોકોને પોતાનો પ્રભાવ દર્શાનાર ભગવાન ત્યાં રહ્યા. મિથિલાના લોકો જ્ઞાની હોઈ ઉત્સવ બહુ જાણતા ન હતા, તેઓને ઉત્સવ થાય એ પ્રયોજનથી પણ ભગવાન ત્યાં કેટલોક સમય રહ્યા.

શ્રુતદેવને ઘેર ભગવાન પધાર્યા એટલે તે પણ જનકના જેવો ઉદાર મનવાળો થયો. મુનિઓને આવેલા જોઈ, ''મારા ઉપર આપે ઉપકાર કર્યો'' એમ જણાવવા તેમને નમન કરી, પોતાનું વસ્ત્ર ઉડાડતાં તેણે નૃત્ય કર્યું, કારણ કે તેમના આવવાથી જ તેના મનમાં ઘણો આનન્દ થયેલો. ભગવાનનું આસન તો તે પોતાનું હૃદય જ માનતો હતો. ઋષિઓને ગ્રામ્ય પદાર્થો પ્રિય હોતા નથી. તેમને સિંહાસન કરતાં ઘાસના અને કુશના જ આસનો વધારે પ્રિય હોવાથી તેમને માટે તે તેવાં આસનો લાવ્યો અને તેમને તે આસનો ઉપર બેસાડી, તેમનું સ્વાગત કરી, તેણે અને તેની પત્નિએ તેમના ચરણ ધોયાં અને તે ચરણોદકથી તેણે, તેની સ્ત્રીએ અને પુત્રોએ સ્નાન કર્યું. ચરણોદકની પ્રાપ્તિ થતાં જ તેના સર્વ મનોરથો સિદ્ધ થયા અને તેને ઘણો હર્ષ થયો. પછી તેણે ઉત્તમ ફલો, સુગંધી મીઠું ઠંડું જલ, હસ્ત તથા ચરણ ધોવાની સુગંધી માટી અને પૂજા કરવા તુલસી, કુશ, કમલો વગેરેથી તેમનો સત્કાર કર્યો. જે અન્ન પ્રયાસ વિના પ્રાપ્ત થયેલ તેવું સત્ત્વ વર્ધક અન્ન તેમને આપ્યું.

તે વિચારતો હતો કે ''ઘરરૂપ અંધારા કૂવામાં પડેલા મને શ્રીકૃષ્ણનો અને મુનિઓનો સંગ કેમ થઈ શક્યો? કારણ કે ઘર સાત્ત્વિક હોય તો પણ સુવર્ણની સાંકળ જેમે બંધન કરનારું હોઈ અંધારો કૂવો જ છે બ્રાહ્મણોના ચરણમાં બધાં તીર્થો રહે છે અને તેઓ ભગવાનના પણ આધારરૂપ છે. તેમનો કેમ સંગ મને થઈ શક્યો?'' પછી તે પોતાની પત્ની, પુત્ર તથા સગાંઓ સાથે તેમની નજીક ઉભો રહ્યો અને ભગવાનનાં ચરણનો સ્પર્શ કરતાં તેણે કહ્યું કે ''આપ પોતાની શક્તિથી જગત્ સર્જી તેમાં પ્રવેશ કરો છો એમ શાસ્ત્ર કહે છે, પરંતુ મને પહેલા આપનાં દર્શન કોઈવાર થયેલાં નહિ. આજે જ આપનાં દર્શન થાય છે. સ્વપ્નમાં પુરુષ જીવતા હાથી, ઘોડા વગેરે જુએ છે. તે પદાર્થોમાં બીજા કોઈનું ચૈતન્ય હોતું નથી, પણ સ્વપ્ન જોનારનું જ ચૈતન્ય હોય છે. તેથી જેમ જીવ સ્વપ્નમાં દેખાતા પદાર્થો રચી તેમાં પ્રવેશ કરે છે, તેમાં એક સ્થલે રહેલો છે એમ માને છે અને સ્વપ્નના જુદા-જુદા પદાર્થોમાં રહેલો એક-બીજાને ઓળખતો નથી, તેમ આપ આ જગત્ રચી તેના બધા પદાર્થોમાં પ્રવેશ કરો છો. ભેદ એટલો કે સ્વપ્નની સૃષ્ટિ જીવના અજ્ઞાનથી રચાયેલી હોય છે જ્યારે આપની સૃષ્ટિ જ્ઞાનપૂર્વક આપે રચી છે. તેથી આપ સર્વ જાણો છો, પણ જીવ જાણતો નથી. આપ એકલા જ જગતમાં સર્વ સ્થલે પ્રકાશો છો. જે આપના નામનું સદા શ્રવણ કરે છે અથવા સદા તેનો ઉચ્ચાર કરે છે અને જે આપના સ્વરૂપની સદા પૂજા કરે છે અથવા સ્વરૂપને સદા નમન કરે છે અને જે આપના નામ તથા સ્વરૂપનું સદા સ્મરણ કરે છે, તેમના શુદ્ધ અંતઃકરણમાં આપ પ્રકાશો છો. બીજાનાં અતંઃકરણમાં આપ હોવા છતાં,

જેમ મલિન દર્પણમાં પ્રતિબિંબ પડતું નથી તેમ આપ પ્રકાશતા નથી. મને તો બહાર પણ આપનાં દર્શન થયાં, અંતઃકરણ વગેરેમાં આપનું ગ્રહણ કરનારી આપની શક્તિઓ જ હોય છે. તે જો સ્થિર હોય તો ત્યાં આપનાં દર્શન થાય છે, પણ કર્મથી વીંખાઈ ગયેલી હોય તો જેમ જલ હાલતું હોય ત્યારે તેમાં પ્રતિબિંબ પડતું નથી તેમ આપનાં દર્શન થતા નથી. તેથી જેઓએ આપને આત્મા તરીકે સ્વીકારેલા નથી, પણ કર્મ કરાવનાર ગુણોને જ આત્મા તરીકે સ્વીકારેલા છે, તેમને આપનાં દર્શન થતાં નથી. બ્રહ્મ અને આત્મા ને એક જાણનારા આપને ઉત્તમ આત્માના પણ આત્મા જાણે છે. જેઓ પોતાની અંદર જ જુદાઈ જાણનારા છે, એટલે આત્માને જુદો માને છે તેમને આપ મૃત્યુરૂપ છો. કાલ વગેરે નિત્ય છે અને ઘડો વગેરે અનિત્ય છે. તે બન્ને રૂપ દેહ આપ ધારણ કરો છો અને આપની માયાથી પોતાને ઢાંકી દો છો. અમે આપના સેવકો આપને નમન કરીએ છીએ. અમે આપ માટે શું કરીએ તેની આજ્ઞા કરો. આપનાં દર્શન થતાં પ્રાણીઓના દુઃખનો નાશ થાય છે, કારણ કે આપ પ્રસન્ન ભગવાનના દર્શન થતાં કોઈને દુઃખ રહેવાનું સંભવતું નથી.''

તેણે કહ્યું તે સાંભળી ભગવાને પોતાના શ્રીહસ્તથી તેનો હાથ ઝાલ્યો અને હસતાં-હસતાં, પોતાની સેવા દુર્લભ હોવાથી તે કરવાની પ્રેરણા ન કરતાં મુનિઓની પૂજા કરવા ઉપદેશ આપતા કહ્યું–

''હે બ્રાહ્મણ! આ મુનિઓ તારાઉપર કૃપા કરવા આવેલા છે. મારી સાથે તેઓ લોકમાં તેમને પોતાના ચરણની રજથી પવિત્ર કરતાં ફરે છે. ફરવામાં મુખ્ય તેઓ છે, હું તો તેમની સાથે રહું છું. લોકોને દેવો, ક્ષેત્રો અને તીર્થો પવિત્ર કરનારાં છે. તે બધાં દર્શનથી પવિત્ર કરે છે. તીર્થ દર્શનથી અને સ્પર્શથી પવિત્ર કરે છે અને દેવો દર્શન, સ્પર્શ અને પૂજન કરવાથી પવિત્ર કરે છે. પણ એ બધાં ધીરે-ધીરે પવિત્ર કરે છે. બાહ્મણો તો તરત જ પવિત્ર કરે છે. તેમનાં વચનથી અત્યંત હલકું હોય તે પણ તરત શુદ્ધ થાય છે. બધા પ્રાણીઓમાં બ્રાહ્મણ જન્મથી જ ઉત્તમ છે અને તે પણ તપસ્વી વિદ્વાન્ અને સંતોષી હોય તો પછી કહેવું જ શું? વળી તે ભગવદીય હોય તો તેની ઉત્તમતામાં શું મણા? જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને જ ઉત્તમ માને છે અને બીજો કોઈ ગમે તેવો મોટો હોય તેની દરકાર કરતી નથી, તેમ મારા સેવકો મને જ ભજે છે એ ખરું પણ મારા પોતામાં કરતાં બ્રાહ્મણમાં મને અધિક પ્રેમ છે, કારણ કે બ્રાહ્મણમાં બધા વેદો છે અને મારામાં બધા દેવો છે. પ્રમેય સાબિત થાય છે પ્રમાણ (વેદ)થી, એટલે પ્રમેય કરતાં પ્રમાણ અધિક છે. (આથી ભગવાન પોતાનો ગૂઢ ભાવ જણાવે છે કે પ્રમાણ તો પ્રમેય સાબિત કરવા ઉપયોગી છે. તેથી પ્રમેય તેનાથી ઉત્તમ છે.) આ મારો અભિપ્રાય તથા સિદ્ધાન્ત જાણ્યા વિના જેઓ બ્રાહ્મણની ઈર્ષ્યા કરી તેમનો અનાદર કરે છે અને તેમાં પણ મુખ્ય ગુરુની અવગણના કરે છે, તેઓ દુષ્ટ બુદ્ધિવાળા છે; કારણ કે હું જ ગુરુ છું અને પૂજા કરનારો આત્મા પણ છું. તેથી ગુરુની અવગણના કરનાર પોતાના આત્માની જ અવગણના કરે છે, એટલે ઉત્તમ ન જ હોઈ શકે. આ સ્થાવર-જંગમ વિશ્વ અને તેનાં કાર્યો તથા તેનાં કારણરૂપ તત્ત્વો બધા ભગવદ્રૂપ છે

એમ બ્રાહ્મણ પોતે માને છે અને બધામાં મારો સાક્ષાત્કાર કરી બધામાં ભગવત્સ્વરૂપનું સ્થાપન કરે છે. તેને પ્રથમ મારો સાક્ષાત્કાર થતાં મને પોતાની અંદર જુએ છે અને પછી મારી અંદર સ્થાવર-જંગમ જગત્ જુએ છે એટલે સ્થાવર-જંગમ સર્વ જગત્ તેની અંદર છે. તેથી વેદના બન્ને (કર્મ અને જ્ઞાન) કાંડમાં પ્રવીણ આ બ્રહ્મર્ષિઓનું પૂજન કર, એટલે જુદી-જુદી વિભૂતિઓમાં મારું જ પૂજન થશે.''

ભગવાને શ્રુતદેવને એવી આજ્ઞા કરી એટલે તેણે ભગવાન જેમનામાં હતા તેવા તે મુનિઓનું અનન્ય ભાવથી પૂજન કર્યુ અને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કર્યું. બહુલાશ્વને પણ દેહના અંતે ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત થયું. ભગવાન એ પ્રમાણે બહુલાશ્વની વિનંતીથી તેના ઘેર કેટલાક દિવસ રહ્યા અને શ્રુતદેવની વિનંતીથી તેને તેમણે સત્પુરુષોનો માર્ગ દેખાડ્યો અને પછી દ્વારકા પધાર્યા. ભગવાન વિના બીજો કોઈ હર કોઈના ઘેર બોલાવ્યા વિના પધારી રહે નહિ અને પોતે (બ્રાહ્મણોથી) હલકા જણાય તેવા ધર્મનો ઉપદેશ કરી શકે નહિ. આ પ્રસંગો ભગવાનનું 'વીર્ય' દર્શાવનારા છે. સુભદ્રાના લગ્ન સમ્બન્ધમાં બુદ્ધિનું વીર્ય સ્પષ્ટ છે. અર્જુનને સંન્યાસીનો વેષ કરાવી પાખંડી બનાવી ચોરીછૂપીથી સુભદ્રા તેને આપી. બહુલાશ્વ અને શ્રુતદેવ ને ત્યાં ભગવાન પધાર્યા એ પ્રસંગો ક્રિયા સમ્બન્ધી વીર્ય દર્શાવનારા છે. ભગવાન પોતે પોતાના બે સ્વરૂપો કરે છે અને પાછા બાર મુનિઓનું સ્વરૂપ પણ પોતે ધારણ કરે છે. એક જ સમયે પોતે પોતાનાં અને બાર મુનિઓનાં સ્વરૂપથી બહુલાશ્વને ઘેર જાય છે અને તે જ સમયે પોતે બાર મુનિઓ સાથે શ્રુતદેવને ઘેર જાય છે. બહુલાશ્વને ત્યાં કેટલાક દિવસો સુધી રહે છે અને શ્રુતદેવને ત્યાં પધારી, પૂજા સ્વીકારી ઉપદેશ આપવા માટે એક દિવસ જ રહે છે, છતાં આ બન્ને સમય બરાબર થાય છે. આ પ્રસંગો શ્રીકૃષ્ણનું વીર્ય દર્શાવે છે અને શ્રીકૃષ્ણ ભગવાન જ છે એમ સિદ્ધ કરે છે.

હવે ભગવાનના 'કીર્તિ' ગુણનું નિરૂપણ કરવામાં આવે છે. ''સર્વ વેદોથી જાણવા યોગ્ય હું જ છું'' ''બધા વેદો જેમના પદનો વિચાર કરે છે'' વગેરે શ્રુતિઓ પ્રમાણે સર્વ વેદો ભગવાનનું જ નિરૂપણ કરે છે એ ભગવાનની કીર્તિ દર્શાવે છે.

**વેદનો પરબ્રહ્મ જણાવવાનો પ્રકારઃ**

આ સમ્બન્ધમાં એવી શંકા થાય કે ''વેદો જાત-જાતની ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ જણાવે છે. વેદનાં વચનો લૌકિક અર્થ જ જણાવી શકે કારણ કે 'આ શબ્દથી આ અર્થ જાણવો' એવો સંકેત લૌકિક જ હોય છે. અલૌકિક પદાર્થ જણાવનાર કોઈ સંકેત નથી. તેથી વેદ એટલે શ્રુતિઓ જે અર્થ જણાવે તે લૌકિક જ હોય. 'આ ઘડો–આ વસ્ત્ર' એવી રીતે શબ્દોથી લૌકિક અર્થ, એટલે ગુણવાળા પદાર્થો જ જણાવી શકાય. બ્રહ્મ તો નિર્ગુણ હોવાથી, શબ્દોથી તેનું જ્ઞાન ન કરાવી શકાય. તેથી શ્રુતિ અથવા વેદ બ્રહ્મ જણાવી શકે નહિ.'' પરંતુ આવી શંકા કરવી યોગ્ય નથી.

સમાધાનઃ ભગવાને પ્રાણીમાત્રનાં બુદ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણ બનાવેલા છે.

તેમાં જ્ઞાન થવામાં અને ક્રિયા કરવામાં જે ઉપયોગી પદાર્થો, એટલે જગત્ આખાનું જ્ઞાન થાય તે માટે ભગવાને બુદ્ધિ બનાવી છે. જ્ઞાન થવામાં અને ક્રિયા કરવામાં જે ઉપયોગી પદાર્થો છે તે શબ્દથી છૂટા-છૂટા જણાવવામાં આવે, તો પણ તેમનાથી જ્ઞાન અથવા ક્રિયા થઈ ન શકે તેથી ભગવાને પ્રાણીઓને બુદ્ધિ આપેલી છે. બુદ્ધિથી તે બધા પદાર્થો એકઠા કરાય છે, એટલે જેમ ચિત્ર જોતાં તેમાનાં બધા પદાર્થોનું ભાન થાય છે તેમ બુદ્ધિથી આખા જગતનું ભાન થાય છે. એટલે જે જાણવા યોગ્ય હોય તે જણાય છે અને જે કરવા યોગ્ય હોય તે થઈ શકે છે. વળી પ્રાણીમાત્રની આબાદી થાય તે માટે ભગવાને બુદ્ધિ આપેલી છે. બુદ્ધિને લીધે સર્વ પ્રાણીઓ આબાદી પ્રાપ્ત કરે છે. વળી બુદ્ધિથી જ તેઓ ભગવાનમાં શ્રદ્ધાવાળા અને આત્મામાં સ્થિતિ કરનાર થાય છે અને ભગવાનની સેવા કરે છે. વળી બુદ્ધિથી જુદા-જુદા પ્રકારના પદાર્થોનો વિચાર કરવા કલ્પના પણ કરે છે, તેથી પ્રાણીઓ સર્વ પ્રાપ્ત કરી શકે અને સર્વ અયોગ્યતા હટાવી શકે તે માટે તેમને ભગવાને બુદ્ધિ આપેલી છે.

વળી ભગવાને બુદ્ધિ કાર્ય કરી શકે અને ઉત્તમ થાય તે માટે તેમને ઈન્દ્રિયો આપેલી છે. ઈન્દ્રિયોથી પદાર્થોનું જ્ઞાન થાય છે અને કાર્ય કરાય છે. ભગવાનની સેવા પણ ઈન્દ્રિયોથી જ થાય છે. ઈન્દ્રિયોથી જ જાત-જાતની કલ્પના થાય છે અને યોગ વગેરે સાધનો કરી મોક્ષ પ્રાપ્ત કરાય છે. વળી ''મનથી જ જોવું કે અહીં કાંઈ જુદું-જુદું નથી'' એ શ્રુતિ પ્રમાણે આત્માના કલ્યાણમાટે જ ભગવાને મન આપેલું છે. ઈન્દ્રિયો કાર્ય કરવા પ્રવૃત્ત થાય તે માટે મન રચેલું છે. પ્રાણો કલ્પના દૂર કરી સર્વની એકતા કરે છે. પ્રાણ ન હોય તો આખા જગતના પ્રલય સમયે, 'બધું એક છે' એવી બુદ્ધિ ન થાય. ક્રિયાશક્તિ પણ પ્રાણોથી જ આવે છે. સર્વના ઉપયોગ માટે ભગવાને આ ચાર બનાવેલા છે. તેથી અલૌકિક પદાર્થોને સંકેત ન હોવા છતાં લોકમાં જણાતા ગુણોના સમાનપણાને લીધે વૈદિક પરંપરાથી શ્રુતિના વચનો નજીકથી અથવા દૂરથી અલૌકિક પદાર્થોનું પણ ભાન કરાવે છે. જુદી-જુદી શ્રુતિઓ ભગવાનના ગુણ થોડા જણાવે છે અને બુદ્ધિથી તે બધાનો અર્થ એકત્ર કરતાં સંપૂર્ણ વેદનો અર્થ જણાય છે અને તે ભગવાનનું જ નિરૂપણ કરે છે એમ સિદ્ધ થાય છે.

વૈદિક સિદ્ધાંત પ્રમાણે ૧.અનંત ગુણોથી ભરપૂર, સર્વ શક્તિવાળા શ્રીકૃષ્ણ, ૨.અક્ષરબ્રહ્મ અને ૩.વેદ ત્રણે એક છે. એક જ ભગવાન ત્રણ પ્રકારે પોતાની શક્તિ પોતામાં સ્થાપન કરી એ ત્રણ થયેલા છે. તેમાં શ્રીકૃષ્ણ આનન્દઘન હોઈ ફલરૂપ છે. બ્રહ્મમાં ચિત્ મુખ્ય છે અને તે પ્રમેય છે. વેદમાં સત્ મુખ્ય છે અને તે પ્રમાણ છે. ત્રણે એક હોવાથી વેદ, બ્રહ્મ અને શ્રીકૃષ્ણ નું ગાન કરે એમાં કાંઈ સંશય રહેતો નથી. સત્, ચિત્ અને આનન્દ એ ત્રણે સ્વરૂપના ધર્મો હોઈ મુખ્ય છે.

**નારાયણે નારદને કહેલ આ વિષયનો ઈતિહાસઃ**

છતાં સાંખ્ય મત પ્રમાણે અને સાંખ્ય ઉપર આધાર રાખનાર વૈષ્ણવ મત પ્રમાણે પણ વેદ નિર્ગુણ બ્રહ્મને જણાવે છે. આ વિષયમાં પહેલાંનો વૃત્તાંત જણાવનારી શ્રુતીગીતા

પ્રસિદ્ધ છે. નારાયણ ઋષિ બીજા ઋષિઓના સમૂહમાં બેઠા હતા ત્યારે એક વાર નારદે તેમની પાસે જઈ આ જ પ્રશ્ન તેમને પૂછેલો ત્યારે નારાયણે તેને કહ્યું કે–

''સંદેહ વિનાનું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય તે માટે એક વાર જનલોકમાં રહેનાર, બ્રહ્મચર્ય પાળનાર બ્રહ્માના માનસ પુત્રોએ બ્રહ્મસત્ર કરેલો. તે સમયે તું શ્વેતદ્વીપમાં તેના અધિપતિ ભગવાન અનિરુદ્ધના દર્શન કરવા ગયેલો, તેથી તને તેની ખબર નથી. ત્યાં 'શ્રુતિઓ નિર્ગુણ બ્રહ્મને કેવી રીતે જણાવે?' એ જ પ્રશ્ન ઉઠેલો. આ બ્રહ્માના પુત્રો અધ્યયન, તપ અને વર્તન માં સરખા હતા. તેમને પોતાનાં સમ્બન્ધીઓ, શત્રુઓ તથા સમ્બન્ધી કે શત્રુ ન હોય તે બધા સરખા હતા, એટલે તેમનાં અંતઃકરણ શુદ્ધ હતાં. તેમણે પોતામાંથી એક સનન્દનને સિદ્ધાંત કહેનાર ઠરાવ્યો અને બીજાઓ શ્રવણ કરાનારા થયા. સનન્દને કહ્યું કે 'આ દેખાતાં જગતનો સંપૂર્ણ લય કરી, પોતે જેમને પહેલાં સર્જેલો તે બધાને મુક્ત કરી કાલ વગેરે પોતાની શક્તિઓ સાથે ભગવાન પોઢ્યા હતા ત્યારે વેદોએ જાણ્યું કે ભગવાન જુદા-જુદા તત્ત્વોને વિસરી ગયા છે, એટલે સંદેહ ન રહે તેવી રીતે તેમનું નિરૂપણ કરનારાં વચનોથી ભગવાનને શયન પુરું થવાના સમયે જાગ્રત કરવા લાગ્યા. તત્ત્વો જ ભગવાનના લિંગો એટલે ભગવાનને (તેમની અંદર) લીન થયેલું જગત્ જણાવનારાં હોવાથી, તત્ત્વોનું નિરૂપણ કરનારાં વચનોથી જ વેદો ભગવાનને જગાડવા લાગ્યા. આ શ્રુતિઓ (વેદો) માત્ર શ્રવણરૂપ છે. તેમને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થતાં નથી, તેથી ત પોતે ભગવાનને જાગ્રત કરતી નથી, પરન્તુ જાગ્રત કરનાર ભગવાનનાં વીર્યો તેમને જણાવે છે, એટલે ભગવાનને તેમનાં વીર્યનું જ શ્રવણ કરાવે છે. દિવસ અને રાત ના ત્રીશ મુહૂર્ત થાય, તે પૈકી બે મુહૂર્ત પહેલાં જ આવી તે ભગવાનને જાગ્રત કરે છે, કારણ કે તેમને પહેલાના વૃત્તાંતનું જ જ્ઞાન છે, પણ ભાવી વૃત્તાંત જાણતા નથી. ભગવાન જાગ્રત થાય તો કદાચ તેમનો સાક્ષાત્કાર થાય અને કદાચ તે પોતાના આનન્દનું અમને દાન પણ કરે, એવી અભિલાષા રાખી, જેમ સૂતેલા સાર્વભૌમ રાજાને તેના પરાક્રમોનું પરોઢમાં ગાન કરી બંદીજનો જગાડે તેમ શ્રુતિઓ ભગવાનને જાગ્રત કરે છે.

**શ્રુતિગીતાઃ**

તે પૈકી પ્રથમ (૧)પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓએ સ્તુતિ કરી કે ''હે અજિત! આપને કોઈ જીતેલ નથી. યોગનિદ્રાને આપે લીલાથી જ ગ્રહણ કરેલી છે, પણ જીવોની જેમે આપ નિદ્રાને વશ થયેલા નથી. આપની નિદ્રા, માયા અને પ્રકૃતિ એ ત્રણેનું સ્વરૂપ એક જ છે. તેથી પ્રકૃતિ જગત્ રચતી નથી. સ્વપ્નસૃષ્ટિ (સ્વપ્નમાં દેખાતા પદાર્થો) તે રચે છે, પણ સત્ય સૃષ્ટિ રચતી નથી. આપનો જય થાઓ! આપ નિદ્રાને તજો''. તેનો મૂલથી નાશ કરી સારી રીતે જાગ્રત થાઓ. પ્રકૃતિ સુષુપ્તિમાં જીવોને પરમાનન્દ આપતી નથી; પરન્તુ જીવોને આપના સ્વરૂપનું જ્ઞાન ન થાય તે માટે જ તેણે ગુણો ગ્રહણ કરેલા છે, એટલે તે જ પોતાની શક્તિદ્વારા જીવોને મોહ કરાવે છે. આપને તો તેનું પ્રયોજન નથી, કારણ કે તેની દરકાર રાખ્યા વિના આપ પોતે જ અણિમા વગેરે સુખો અને સ્વરૂપાનન્દ

અનુભવો છો. સ્થાવર-જંગમ પ્રાણીમાત્રની બધી ઇન્દ્રિયોની શક્તિઓને જાગ્રત કરનાર આપ જ છો, પ્રકૃતિ નથી, તેથી જીવ પોતાની ઇન્દ્રિયોથી આપની સેવા કરે તે માટે પણ આપને તેની જરૂર નથી. આપ કોઈક પ્રસંગે જ પ્રકૃતિથી કાર્ય કરો છો અને તેવા પ્રસંગે પણ વાસ્તવિક રીતે પોતે જ કાર્ય કરો છો. આપ પોતે જ કાર્ય કરો છો, તેથી વેદ આપનું ભાન કરાવે તે માટે પણ પ્રકૃતિની આપને જરૂર નથી. વેદ પણ કોઈક પ્રસંગે જ પ્રકૃતિદ્વારા આપનું ભાન કરાવે છે. 'રૂપવિનાના-સ્પર્શવિનાના' વગેરે શ્રુતિઓ આપને પ્રકૃતિનો સમ્બન્ધ નથી એમ પણ જણાવે છે. તેમજ આપના સ્વરૂપાનન્દને જણાવનારી તેમજ સૃષ્ટિનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ તેમજ જણાવે છે. તેથી આપ મોહ કરનારી શક્તિનો નાશ કરો. એ પ્રમાણે પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓએ નિદ્રાનો ત્યાગ કરવા ભગવાનની સ્તુતિ કરી કે જેથી ભગવાન તેનો ત્યાગ કરી જગતમાં પોતાનો આવેશ કરે. ભગવાનનાં સાક્ષાત્ સ્વરૂપનું તો શ્રુતિઓને પણ જ્ઞાન નથી. તેઓ પોતાનાં સામર્થ્યથી પણ તે જાણી શકે તેમ નથી, તેથી તેઓએ ભગવાન નિદ્રાનો ત્યાગ કરે એમ જ તેમની સ્તુતિ કરી.

પછી (૨)બ્રહ્મનું નિરૂપણ કરવા પ્રવૃત્તિ કરનારી શ્રુતિઓએ સ્તુતિ કરી કે ''બ્રહ્મ જાણનારા અને વેદો આ જણાતું સ્થાવર-જંગમ જગત્ બ્રહ્મ જ છે એમ જાણે છે. જગત્ અનિત્ય જડ અને દુઃખરૂપ છે અને બ્રહ્મ તેથી વિરુદ્ધ સચ્ચિદાનન્દરૂપ છે, છતાં જગતમાંથી વિકારો દૂર થતાં બ્રહ્મ જ બાકી રહેતું હોવાથી તે બ્રહ્મ જ છે. જેમ ભેગવાળા સુવર્ણના આભરણમાંથી ભેગ જતાં સુવર્ણ બાકી રહે તેનું જ મૂલ્ય થાય છે, જેમ જેને ઘી જોઈતું હોય તે દુધમાં જેટલું ઘી હોય તેટલા પૂરતું જ તેનું મૂલ્ય કરે છે, જેમ જેને ચોખા જોઈતા હોય તે ડાંગરમાં ચોખા હોય તેટલા પૂરતું જ તેનું મૂલ્ય કરે છે અને તે પ્રમાણે વ્યવહાર કરે છે, તેમ જગતમાંથી વિકારો જતાં માત્ર બ્રહ્મ જ બાકી રહેતું હોવાથી બ્રહ્મ જાણનારા અને વેદો જગતને બ્રહ્મ જ જાણે છે, કારણ કે વિકારોની ઉત્પત્તિ થાય છે અને તેમનો નાશ થાય છે. વિકારો પહેલાં ન હતા, પછી આધાર પ્રાપ્ત થતાં, તેનો આશ્રય લઈ ઉત્પન્ન થયા છે. તેમ ન થતું હોય, તો તેમનામાં વિકાર ન થવાથી તે બ્રહ્મ જ ગણાય. જેમ માટીના બનેલા પદાર્થોમાંથી માટી જ છેવટે બાકી રહે છે, તેમ જગતમાંથી વિકારો જતાં બ્રહ્મ જ બાકી રહે છે. તેથી જ વેદો અને તે જાણનાર ૠષિઓ પોતાનાં મન અને વચન નાં બધાં આચરણો આપમાં જ કરે છે. મનથી જે કાંઈ વિચારે અને વાણીથી જે કાંઈ કહે તે સર્વ આપમાં જ રાખે છે. મન મનોરથ કરતું હોવાથી તેણે વિચારેલ પદાર્થ મિથ્યા જ હોય, તેમજ વાણી પણ તદ્દન ન હોય તેવા પદાર્થનું જ્ઞાન કરાવે છે. તેવા પદાર્થો પણ જ્યારે બ્રહ્મ છે, તો પછી સંપૂર્ણ રીતે પ્રકટ થયેલ જગત્ બ્રહ્મ હોય તેમાં શું સંદેહ? તેથી જ બ્રહ્મ જાણનારાના બધા વ્યવહારો બ્રહ્મ સમ્બન્ધી જ હોવાથી, તેમને કોઈ કર્મથી બંધન થતું નથી. જેમ આપણે ગમે ત્યાં પગલાં પાડીએ તો, તે ભૂમિ ઉપર જ પડે છે, તેવી રીતે ભ્રમથી સ્વીકારેલો પદાર્થ પણ વાસ્તવિક રીતે બ્રહ્મ જ છે, કારણ કે બ્રહ્મ તરીકે જ તેનું

ભાન થાય છે. બ્રહ્મ ન હોય તે ભાસે જ નહિ, તેનું ભાન જ ન થાય. તાંતણામાંથી વસ્ત્ર પ્રકટ થાય અને છીપમાં રૂપું દેખાય, તે બન્નેમાં રહેલી ભગવાનની ઈચ્છામાં કાંઈ ભેદ નથી, કારણ કે વસ્ત્ર ઓઢવાથી સુખ થાય છે તેવું જ સુખ છીપમાં રૂપું જોવાથી થાય છે. તેથી મૂલ આધાર સત્ય હોવાથી, ખોટી બુદ્ધિ સ્થાપન કરેલ મન-વચન બ્રહ્મમાંજ સ્થાપન થાય છે.

''**સત્યો હરીઃ સમસ્તેષુ ભ્રમભાતેષ્વપિ સ્થિરઃ, અતઃ સન્તઃ મસ્તાર્થે કૃષ્ણમેવ વિજાનતે**''. ભ્રમથી જણાતા બધા પદાર્થોમાં પણ સત્ય હરિ જ સ્થિર રહેલા છે તેથી સત્પુરુષો પદાર્થ માત્રને શ્રીકૃષ્ણ જ જાણે છે. આમ શ્રુતિઓએ જગત્ બ્રહ્મ છે એમ જણાવ્યું. જગત્ બ્રહ્મ છે એમ સિદ્ધ થતાં, જગતનું નિરૂપણ કરનારી બીજી શ્રુતિઓનો અર્થ પણ આને અનુકૂલ રીતે કરવાથી, તેઓ પણ ભગવાનનું માહાત્મ્ય જણાવી સાક્ષાત્ ભગવાનનું જ નિરૂપણ કરે છે એમ સિદ્ધ થાય.

હવે (૩)સાધન જણાવનારી શ્રુતિઓ પણ ભગવાનનું જ નિરૂપણ કરનારી છે એમ જણાવતાં સ્તુતિ કરે છે કે ''હે ત્રણે લોકના અધિપતિ! શમ-દમ વગેરે સાધન આચરનારાઓ પણ અહંકારવાળા છે, કારણ કે જેને અહંકાર ન હોય તેને અંતઃકરણનો અધ્યાસ નહિ હોવાથી તે શમવાળો કે દમવાળો નથી હોતો, કેમકે જેને પુત્ર નથી તે ''પંડિત પુત્રવાળો છે'' એમ કેમ હોઈ શકે? જેને અહંકાર નથી તેને આત્માની સ્ફૂર્તિ આપોઆપ થાય છે એવો નિશ્ચય કરી આપના ભક્તો તપ-સાધન વગેરે આચરવાના ક્લેશ તજી, સર્વ લોકના મલનો નાશ કરનારી આપની કથારૂપ અમૃતના સાગરમાં અવગાહન કરે છે. વેદમાં શમ-દમ વગેરે આચરવાનાં કહેલાં છે તે અવિદ્યાવાળાએ આચરવાનાં કહેલા છે, પણ વિદ્વાનોએ અથવા ભક્તોએ આચરવાનાં કહેલાં નથી. તેઓ આપના ભક્તો છે અને આપ ત્રણ લોકના અધિપતિ છો, તેથી તેઓ નિર્ભય છે. આપની કથા અમૃતરૂપ છે. વળી એક આપની કથા હૃદયમાં હોય ત્યારે હજારો આપની કથાઓ સ્ફૂરે છે. તેથી તે સાગરરૂપ છે. આમ તો આપની કથા આપની સન્નિધિમાં ન હોય તેવા ભક્તો કરે છે. પરન્તુ ઉદ્ધવ જેવા અથવા વૈકુંઠમાં આપની સન્નિધિમાં રહેનાર ભક્તોનું તો કહેવું જ શું? તેમણે તો આપની સ્ફૂર્તિથી કામ વગેરે અંતઃકરણના ગુણ અને ઘડપણ વગેરે કાલના ગુણોને દૂર કરેલા છે. તેઓ આપના મુખ્ય સેવકો છે. તેમને પણ આપ ફલરૂપ હોવાથી તેઓ નિત્ય સુખના અનુભવરૂપ આપનાં ચરણારવિંદને ભજે છે.'' તેથી આ શ્રુતિઓ પણ સાધનશ્રુતિ માત્ર ભગવાનનું જ નિરૂપણ કરે છે, એમ જણાવે છે.

હવે (૪)બીજા દેવની ઉપાસના કરવાનું અથવા કર્મ કરવાનું જણાવનારી શ્રુતિઓ સ્તુતિ કરે છે કે ''જેઓ લૌકિક કામનાઓથી અથવા વેદની તેવી આજ્ઞા હોવાથી બીજા દેવની ઉપાસના અથવા કર્મ કરે છે તે બન્ને પ્રાણનું પોષણ કરનારા હોઈ તેનું પોષણ થાય તે માટે ધમણની જેમે શ્વાસ લેનારા છે. ધમણ નહિ તપેલી બધીએ ધાતુઓને તપાવે છે, તેમ તે બહિર્મુખો બીજાને દુઃખ દેવાની શક્તિવાળા હોઈ બીજાઓને દુઃખ જ દે છે અને

પશુઓની હત્યા કરે છે, પરંતુ 'યજ્ઞથી યજ્ઞની પૂજા કરવી' એવા પ્રકારે જેઓ આપના આવરણ તરીકે બીજા દેવની ઉપાસના કરે છે, તેઓનો જન્મ સફલ છે, કારણ કે તેઓથી બીજાને પીડા થવાનું સંભવતું નથી. મહત્ વગેરે તત્ત્વોએ આપની સેવા થઈ શકે તે માટે આપની ક્રીડાના સ્થાનરૂપ આ બ્રહ્માંડ રચેલું છે. તેઓમાં જગત્ રચવાની શક્તિ તો નથી, પરંતુ આપની કૃપાથી તે તેમણે રચેલ છે. તેમાં રહી, તેમણે પ્રાપ્ત કરેલ દેહ ધારણ કરી જે તેમના સ્વામી આપની અથવા તેમની સેવા કરતો નથી તે કૃતઘ્ન છે. જેઓ આપના સેવકો છે તેમણે તો સર્વભાવથી આપની જ સેવા કરવી યોગ્ય છે અને જેઓ આપના અંગ તરીકે બીજા દેવને ભજે છે તેમને દોષ લાગતો નથી. જેમ ઢાળાના વાસણ કરનાર પ્રથમ આકૃતિ બનાવી તેમાં ધાતુ પૂરે છે, તેવો આ દેહ છે. તેથી આ દેહમાં કોઈ એવા છે કે જે અન્ન, રસ વગેરેને દેહરૂપ બનાવે છે. તેમ ન હોય તો અન્ન વગેરેનો ઢગલો જ બને, પુરુષની આકૃતિ ન થાય. તેમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય એવા પાંચ પુરુષો છે. તેમાં આનન્દમય પુરુષ સર્વની અંદર રહેલ છે. તે આનન્દમય હોવાથી જ તેને બીજા કોઈની દરકાર નથી. સર્વની અંદર હોવાથી તે દેહનો આકાર બનાવે છે. તે આનન્દમય પુરુષ આપ છો. તેથી અંદર રહી આનન્દ અને પુરુષપણું પ્રાપ્ત કરાવનાર આપનો જે આદર કરતા નથી તેઓ કૃતઘ્નજ છે.

વળી જગતમાં જે કાંઈ કાર્ય અથવા કારણ છે તેનું નિયમન કરનાર આપ જ છો. તેનું નિયમન કરો છો એટલું જ નહિ, પરંતુ આપે જ તે રૂપ ધારણ કરેલ છે, કારણ કે તેમાંથી વિકારો જતાં આપ જ બાકી રહો છો. તે બધામાં જે સત્ય છે તે પણ આપ જ છો.'' એવી રીતે શ્રીકૃષ્ણ જ દેહ આપનાર, પ્રેરણા કરનાર, સુખ આપનાર, બાકી રહેનાર અને સત્ય હોવાને લીધે, એ પાંચે પ્રકારે તે જ સેવા કરવા યોગ્ય છે એવો નિર્ણય કરેલો છે.

હવે (૫)જુદા-જુદા પ્રકારના ભગવાનની ઉપાસના કરનારાઓમાં ફલનો નિર્ણય જણાવતાં કહે છે કે ''ભગવાનની ઉપાસના કરનારા ૧.કર્મ કરનારા, ૨.યોગ આચરનારા અને ૩.જ્ઞાની એમ ત્રણ પ્રકારના છે. તે પૈકી ૧.જેઓ કર્મ કરે છે તેઓની દૃષ્ટિ સ્થૂલ છે. કાચબાની પીઠ ઉપર રેખાના આકારો છે તેના જેવી તેમની દૃષ્ટિ હોવાથી તેઓ કાંઈ જોતા નથી. ''કામનાઓની ઈચ્છા રાખનાર વેદના ધર્મ (કર્મ)માં આસક્ત રહેવાથી તેમનાં જન્મમરણ થયા કરે છે'' એમ તેઓની નિંદા થાય છે. ૨.નાડીઓના માર્ગે જેઓ હૃદયની શુદ્ધિ કરે છે, એટલે હૃદયમાં ભગવાનનું ચિંતન કરે છે તે યોગીઓ અલ્પ જોનારા છે. એવી રીતે કેટલાક (કર્મ કરનારા) સર્વરૂપ ભગવાનના ઉદરની ઉપાસના કરે છે.

અને કેટલાક (યોગીઓ) તેમના હૃદયની ઉપાસના કરે છે. ૩.આપનું ધામ અક્ષર તેની ઉપર છે. આપના ઘણાં ધામ છે, તેઓમાં અક્ષર સર્વથી ઉત્તમ છે. તે ત્રણ લોક અને કાલ થી પણ પર છે. તેનું પણ આધિભૌતિક રૂપ બ્રહ્મલોક છે તે તેનું શિર છે. તેને પ્રાપ્ત કરનાર જ્ઞાનીઓ પાછા મૃત્યુના મુખમાં પડતા નથી. તેથી કર્મરૂપ અથવા યોગરૂપ આપની સેવા કરનારાઓ કરતાં જ્ઞાનીઓને સત્પુરુષો ઉત્તમ માને છે.''

હવે (૬)ભગવાન સૃષ્ટિ રચી પછી તેમાં પ્રવેશ કરે છે એમ જણાવનારી શ્રુતિઓનો નિર્ણય કહે છે કે ''દેવ, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વગેરેની વિચિત્ર યોનિઓ આપે પોતે રચેલી છે. તેમાં આપ ઉપાદાન તરીકે પોતે રહેલ હોવા છતાં, અગ્નિની જેમે તેમાં પ્રવેશેલ હો તેમ દેખાઓ છો. જેમ અગ્નિ બધા કાષ્ઠોમાં રહેલો જ છે, છતાં તેમાં પ્રવેશ કરતા કાષ્ઠના ભેદને લીધે મોટો અથવા નાનો, વાંકો વગેરે દેખાય છે તેમ આપ પણ ક્રીડા કરવા જગતમાં સર્વ પદાર્થોમાં પ્રવેશ કરતાં તે પદાર્થનો આકાર ધારણ કરો છો. આ બધી પાંચ મહાભૂતોની બનાવેલી યોનિઓ વિષમ હોઈ મિથ્યા છે. તે સર્વમાં આપ સમ થઈ સર્વમાં આપ પ્રવેશ કરો છો તેથી તેમાં આપનું ધામ સત્ય છે. જેઓ રજોગુણવિનાના બ્રહ્મદષ્ટિવાળા છે તેઓ ભેદ જાણે છે. જેમ રત્ન પારખનાર હોય તે જ રત્ન સાચું અથવા બનાવટી છે એમ જાણે છે, તેમ બ્રહ્મદષ્ટિવાળા આ લોક અને પરલોક ના સર્વ વ્યવહારોથી પર હોઈ આપનાં સ્વરૂપને જાણે છે. જે જેનો અભ્યાસ કરે તે-તે જાણે. જેમ વ્યવહારમાં કુશળ પુરુષો તોલ કરીને અથવા જોઈને જ બે પદાર્થો સરખા છે કે ઓછા વધારે છે તે જાણે છે, તેમ વ્યવહારનો ત્યાગ કરી જેઓ બ્રહ્મનું જ ચિંતન કરે છે, તેઓ સર્વ સ્થલે બ્રહ્મ જ જુએ છે પણ વિકારોને જોતા નથી; અને તે તેમને બધે સમ (સરખું) દેખાય છે. તેથી પદાર્થમાત્રમાં રહેલા તે આપ બધામાં તે બધાની સમાન થઈ પ્રવેશ કરો છો, એટલે જગતના આકારથી તેમાં પ્રવેશ કરી ક્રીડા કરતા હોવા છતાં દોષવિનાના છો.''

શ્રુતિમાં બેના પ્રવેશ કહેલા છે. તે પૈકી ભગવાનના પ્રવેશનો નિર્ણય કહીને હવે (૭)બીજાના પ્રવેશનો નિર્ણય જણાવતાં કહે છે કે ''ભગવાને જ કરેલ દેવ, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વગેરેના દેહોમાં તેમનો જ અંશ પુરુષ, જીવ, બહારના અથવા ઢાંકણ વિનાનો એટલે તે દેહોના ગુણ અથવા દોષ વિનાનો જ તેમાં પ્રવેશ કરી, અંદરથી અથવા બહારથી ચૈતન્ય ગુણથી ભરેલો જ રહે છે, એટલે તે પણ સ્વભાવથી વિષમ નથી; છતાં અંશનો બનેલ હોઈ વિષમ સ્થિતિ પ્રાપ્ત કરે છે અને તેના આનન્દનો તિરોભાવ થાય છે, એટલે આનન્દ પ્રાપ્ત કરવા આ દેહોમાં પ્રવૃત્તિ કરે છે અને સુખ પ્રાપ્ત ન થવાથી વિષમ હોય તેવો દેખાય છે. આપમાં અને જીવમાં એવો ભેદ છે કે આપ આનન્દથી ભરપૂર હોઈ કોઈ પાસેથી આનન્દ પ્રાપ્ત કરવા ઈચ્છા કરતા નથી, પરન્તુ જીવનો આનન્દ તિરોહિત થયેલ હોવાથી તે જ્યાં-ત્યાંથી આનન્દ પ્રાપ્ત કરવા ઈચ્છે છે અને તેથી વિષમ હોય તેવો થાય છે. જેઓ આ ભેદ જાણે છે, તેઓ આપનું ભજન કરે છે; કારણ કે આનન્દ આપમાં જ છે, બીજા કોઈમાં નથી. જ્યારે જીવનો આનન્દ પણ તિરોહિત થયેલો છે ત્યારે જડ પદાર્થોમાં તો આનન્દની ગંધ પણ ક્યાંથી હોય? છતાં જેમ મૂર્ખો જલરહિત ભૂમિમાં ઝાંઝવાનાં જલને જલ માને છે, તેમ માલા-ચંદન વગેરેમાં આનન્દ છે એમ માની લોક વલખાં મારે છે. જે જેની પાસે હોય તે-તે આપી શકે, પણ પોતાની પાસે ન હોય તે કોઈ આપી ન શકે. પંડિતો આ જાણીને સર્વ વેદો જેનું ચિંતન કરે છે તેવા આનન્દના નિધિરૂપ આપનાં ચરણારવિંદને ભજે છે. આપનાં ચરણારવિંદ ભવરહિત છે અને બીજાનાં જન્મ-

મરણ ટાળે છે.

''**ગુપ્તાનન્દા યતો જીવા નિરાનન્દં જગદ્યતઃ, પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ જીવૈઃ સેવ્યઃ સુખાર્થિભિઃ**''. જીવોનો આનન્દ તિરોહિત છે. જગત્ (જડ)માં આનન્દ નથી. આપ ભગવાન આનન્દથી પૂર્ણ છો તેથી સુખ ઈચ્છનારા જીવોએ આપની જ સેવા કરવી જોઈએ.

હવે (૮)ભગવાનમાં પણ કદાચ આનન્દ નહિ હોય એવી શંકા દૂર કરતાં કહે છે કે ''હે ઈશ્વર! આત્માનું જ્ઞાન થવું કઠણ છે. જે પોતાને જ જાણતો નથી તેને બીજો કોણ બોધ આપી શકે? જો આત્માનું જ્ઞાન લોકમાં થતું હોત તો આટલા સમય સુધીમાં બધા મુક્ત થઈ ગયા હોત. આત્માને જાણવાનું લોકમાં સાધન નહિ હોવાથી તેનું જ્ઞાન કરાવવા આપ લોકમાં પ્રકટ થાઓ છો, એટલે અવતાર લો છો, દેહ ધારણ કરો છો. આત્માનું લોકમાં જ્ઞાન કરાવવા આપ અજ્ઞાનનાં કાર્ય રૂપ દેહ ધારણ કરો છો એ આપનું ચરિત્ર અદ્ભુત છે. કર્મ કરનાર આપનાં ચરિત્રરૂપ અમૃતનો સમુદ્ર લોકમાં પ્રસિદ્ધ સમુદ્ર કરતાં ઘણો મોટો છે. એ સમુદ્ર કોઈવાર સૂકાઈ જાય, પાન કરી શકાય, બાંધી શકાય અને ઓળંગી પણ શકાય, પણ આપનાં ચરિત્રરૂપ સમુદ્ર ન સૂકાય, ન પાન કરી શકાય, ન બાંધી શકાય કે ન ઓળંગી શકાય. એ ચરિત્રરૂપ સમુદ્રનું આલોડન (૧.વિચાર, ચિંતન. ૨.ડોળવું તે) કરવા જેઓ પરિશ્રમ કરે છે તેઓ તે ચરિત્રરૂપ મહારસનું પાન કરી મત્ત થયા હોય તેની જેમે પોતાની મેળે મળતો અથવા કોઈથી અપાતો મોક્ષ લેવાની પણ દરકાર કરતા નથી. તેમને મોક્ષ લેવા ઘણી રીતે સમજાવવામાં આવે તો પણ તે લેવાની તેમની ઈચ્છા પણ થતી નથી. આપના ચરિત્રનું આલોડન કરવાથી પરમાનન્દ પ્રાપ્ત થાય છે તેવો મોક્ષમાં પણ થાય છે. ચરિત્રનું આલોડન કરવામાં શ્રમ થાય છે, છતાં લોકમાં જેમ એકલો રસ ભોગવે તે કરતાં બધા રસભોગ કરવા યોગ્ય પુરુષો સાથે રસ ભોગવવાથી તેને વધારે સુખ થાય છે, તેમ મોક્ષ મેળવી એકલા પરમાનન્દ ભોગવવા કરતાં આપનાં ચરણકમલનો જ જેમને આધાર છે તેવા હંસોના સમુહનો સંગ કરી ઘણા પ્રકારે પરમાનન્દ ભોગવવા આપનાં ચરિત્રનું આલોડન કરનારાઓએ પોતાનાં ઘરને પણ તજેલાં છે, કારણ કે ઘર એવું આલોડન કરવામાં વિઘ્ન કરનારું છે. આપનાં ચરિત્રનું માત્ર શ્રવણ કરવાથી જ એવો આનન્દ થાય છે કે તેનો વિચાર કરનારા મોક્ષની ઈચ્છા કરતા નથી તો પછી આપમાં પરમાનન્દ નથી એમ કેમ મનાય? આપ જીવ જેમે ભલે અવતાર લઈ દેહ ધારણ કરો, છતાં આપના આનન્દનો તિરોભાવ થતો નથી જ.

હવે (૯)ભગવાનની સેવા થઈ શકે તે માટે તેમાં વિઘ્ન કરનારનો ત્યાગ કરવા જણાવતાં કહે છે કે ''આ દેહ પક્ષીના માળા જેવો છે. પક્ષીઓને પાંખો આવે ત્યારે તેઓ માળામાં રહેતા નથી. દેહ પણ ઘરરૂપ છે અને વિવેકવિનાનાને જ હિતકારી દેખાય છે. તેમાં દૃઢ અહંતા-મમતા રાખવાથી તે ભગવાનનાં કાર્યમાં યોજાતો નથી. આપના સેવકનો દેહ સર્વ ઈન્દ્રિયોવાળો બલવાન્ તથા વિવેકવાળો હોઈ તેનાથી તે આપની સેવા કરી શકે છે. તે

તેને સ્વાધીન રહેતો હોઈ આત્માની જેમે હિત કરનારો છે. તે ધર્મનાં કાર્ય કરવા સમર્થ હોઈ મિત્રની જેમે પ્રિય કરે છે અને પાપી અથવા ચાણ્ડાલના દેહ જેમે મનને પીડા કરતો ન હોવાથી પ્રેમપાત્ર થાય છે. તેથી એવો દેહ ભગવાનની સેવામાં વિઘ્ન કરતો નથી, પરંતુ અનુકૂલ થાય છે. આપ પણ બ્રાહ્મણ વગેરેનો દેહ આપી આ મારી સેવા કયારે કરે એવી રાહ જુઓ છો. વળી જ્યારે પ્રમાદને લીધે તે દેહનો ઘાત કરનાર કાંઈ આવી પડે ત્યારે મિત્રની જેમે તેનું રક્ષણ કરો છો. વળી આપ ઉપર પ્રેમ હોવાથી આપનું કાર્ય કરતાં તેને ખેદ થતો નથી. વળી આપ સર્વના આત્મા હોઈ તે દેહના પણ આત્મા છો. તેથી દેહ અને આપ બન્ને, આપની સેવા તે કરે તેમાં અનુકૂલ હોવા છતાં, જેઓ આપની સેવા દુષ્ટોના સંગને લીધે કરતાં નથી તેઓ આત્મઘાતી છે. પહેલાં કરેલાં પાપને લીધે તેઓને દુષ્ટોનો સંગ થાય છે અને તેઓ ઈન્દ્રિયોની અથવા બહારના દેવતાની ઉપાસના કરે છે. બહારના દેવતાનો એકવાર પણ સંગ થતાં ભગવાનનાં ભજનનો નાશ થાય છે એવી રીતે દુષ્ટોનો સંગ કરનાર આ ભયથી ભરપૂર સંસારમાં દુષ્ટ દેહ પ્રાપ્ત કરી અનેકવાર જન્મ-મરણ પામે છે અને જરાએ સુખ પ્રાપ્ત કરતો નથી. દુષ્ટોનો સંગ ન કરવો, કારણ કે તે ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનારો છે. દેહ અને શ્રીકૃષ્ણ ભક્તિ કરવામાં અનુકૂલ હોય ત્યારે ઈન્દ્રિયોનું પ્રિય ન કરવું.

(૧૦)ભગવાનનું ભજન કેવા પ્રકારે કરવું તેનો નિર્ણય જણાવતાં કહે છે કે ''હરકોઈ ઉપાયથી આપમાં મન પરોવવું જોઈએ. જેઓ સારી રીતે પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધ્યાન વડે વાયુ, મન અને ઈન્દ્રિયોથી દૃઢ યોગ આચરી મર્યાદામાર્ગ પ્રમાણે આપનું સદા ચિંતન કરે છે અને હૃદયમાં મનથી આપનું પૂજન કરી આપમાં મનને દૃઢ કરે છે, જેઓ શાસ્ત્રમાં મના કરેલ માર્ગે આપથી વિરુદ્ધ વર્તન કરી સદા આપનું ચિંતન કર્યા કરે છે, જે ગોપીઓ શેષના દેહ જેવા આપના બાહુરૂપ દંડોમાં મનને આસક્ત રાખી પુષ્ટિમાર્ગ પ્રમાણે આપને ભજે છે; અને સર્વે આદર કરવા યોગ્ય અમે શ્રુતિઓ જે આપમાં ભક્તિની પ્રવૃત્તિ કરાવીએ છીએ તે બધા આપના ભક્તો આપને સરખા છે; કારણ કે આપ સમાન દૃષ્ટિ રાખી આપના સર્વ ભક્તોને સરખા જાણો છો, કેમ કે તે બધા આપના ચરણકમલને સારી રીતે ધારણ કરનારા છે. યોગીઓ આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરે છે. શત્રુઓ આપ તેમને હણવા આવો છો એવા વિચારથી આપનાં ચરણમાં દૃઢ દૃષ્ટિ રાખે છે. ગોપીઓ અભિસારિકા હોઈ આપનાં ચરણારવિંદનું ચિંતન કરે છે અને અમે શ્રુતિઓ બધી આપના ચરણોનો વિચાર કર્યા કરીએ છીએ. તેથી અમે બધા આપને સમાન છીએ. જેમ આપ પોતાના માનો તે પ્રકારે ભજન કરવું જોઈએ.

ભગવાનના ભક્તો બધા સમાન કહ્યા, તે વિષયમાં શાસ્ત્રનો વિરોધ નથી એમ હવે (૧૧)જણાવતાં કહે છે કે ''વસ્તુતઃ આપને કોઈ જાણતું નથી. અમો શ્રુતિઓ પણ આપને જાણતી નથી તો પછી આ સંસારમાં ઉત્પન્ન થયેલા કોણ જાણી શકે? પ્રમાણો છે, પણ તેમનાથી આપનું જ્ઞાન થતું નથી, કારણ કે આપ સર્વ પ્રમાણોથી પહેલાના સમયના છો અને જાણવા ઈચ્છનારો તો સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલો છે. આપ પહેલા સૃષ્ટિ ઉત્પન્ન

કરી તિરોહિત થાઓ છો, પછી વચગાળાનાં સમયમાં જીવો ઉત્પન્ન થઈ (પ્રમાણ સાથે સમ્બન્ધમાં આવી) શ્રાંત (પ્રમાણથી વિખૂટા) થાય છે. જો કોઈ પહેલાંથી જ હયાત હોય અથવા પ્રલય સુધી રહે તો તેની અને આપની વચ્ચે સૃષ્ટિનું ઢાંકણ ન રહે ત્યારે તે આપને જાણે; પણ તેમ થતું નથી. સૃષ્ટિ વચ્ચે આવતી હોવાથી તેમાં ઉત્પન્ન થયેલો કોઈ આપને જાણી શકતો નથી; કારણ કે આપમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા અને તેમનાથી આધ્યાત્મિક અને આધિદૈવિક દેવો ઉત્પન્ન થયા. પ્રલય પછી પણ આપનું કોઈને જ્ઞાન થતું નથી, કારણ કે તે સમયે જ્યારે આપ વિશ્વને પોતાની અંદર સમાવીને શયન કરો છો ત્યારે નથી હોતો કોઈ જાણનાર કે નથી હોતાં કોઈ ઇન્દ્રિયો વગેરે જણાવનાર અને નથી હોતી ઇન્દ્રિયોની ક્રિયા અથવા સમ્બન્ધ, નથી હોતું મન કે નથી હોતો સત્ત્વગુણને પ્રેરણા કરનાર અથવા જ્ઞાનને ઉત્પન્ન કરનાર કાલનો વેગ અને નથી હોતાં વેદ-પુરાણ વગેરે શાસ્ત્રો. તેથી જ્ઞાનની સામગ્રી જરાએ ન હોવાથી તે સમયે આપનું કોને જ્ઞાન થાય? તેથી સૃષ્ટિ હોય ત્યારે તેમજ પ્રલય સમયે આપનું કોઈને જ્ઞાન થતું નથી. શાસ્ત્રમાં જ્ઞાનની પ્રશંસા કરી છે, તે તો હરકોઈ પ્રકારે ચિત્તશુદ્ધ કરવા જીવ પ્રવૃત્તિ કરે તે માટે કરેલી છે, કે જેથી તે શુદ્ધ થઈ આપનું ભજન કરે. જ્ઞાનમાર્ગ તો ભ્રાંતિવાળો છે. ચિત્ત શુદ્ધ થાય તે માટે પ્રવૃત્તિ કરાવવા જ્ઞાનની પ્રશંસા કરેલી છે, તેથી ડાહ્યા પુરુષે તો આપ શ્રીકૃષ્ણની ભક્તિ જ કરવી યોગ્ય છે.

એ રીતે જ્ઞાનકાણ્ડ પણ ભગવાનની ભક્તિ કરાવવા માટે જ છે એમ જણાવી હવે (૧૨)જેઓ ભગવાનનું ભજન સહન કરી શકતા નથી અને શાસ્ત્રનો ઉંધો અર્થ કરે છે તેઓ ખોટા છે એમ જણાવતાં કહે છે–

''૧.નૈયાયિકો માને છે કે અસત્ (ન હોય તેવા) ઘડા વગેરેનો જન્મ થાય છે. આ ખોટું છે કારણ કે જે હોય જ નહિ તે અસ્તિત્વમાં કેમ આવે? ન હોય તેવો પદાર્થ જન્મતો નથી, પણ પદાર્થના આવિર્ભાવ (દેખાવું) અને તિરોભાવ (અદશ્યતા) થાય છે.

૨.વૈશેષિકો માને છે કે ઘડો વગેરે સત્ પદાર્થનો નાશ થાય છે. આ પણ ખોટું છે, કારણ કે ઘણા પુરુષોને પોતાના પૂર્વજન્મના વૃત્તાન્તનુ સ્મરણ હોય છે. નાશ થતો હોય તો પુનર્જન્મ ન થાય અને પરલોકની ચિંતા પણ કરવાની ન હોય.

૩.મીમાંસકો આત્મા જુદા-જુદા હોવાનું અથવા યજ્ઞ વગેરેરૂપ ઈશ્વર જુદા-જુદા હોવાનું માને છે. તેઓ કર્મને જ ઈશ્વર માને છે અને કર્મથી જુદો ઈશ્વર નથી એમ માને છે. તે પણ ખોટું છે, ઈશ્વર ન હોય તો કર્મનું ફલ કોણ આપે? જેમ અગ્નિથી ચોખા એની મેળે પાકે છે, તેમ યજ્ઞ કરવાથી સ્વર્ગ પાક્તું (મળતું) નથી. તેમ થતું હોય તો યજ્ઞ કર્યો કે તરત જ સ્વર્ગ મળવું જોઈએ, પણ તેમ મળતું નથી, તેથી સર્વ કર્મોનું ફલ આપનાર એક ઈશ્વર છે એમ માનવું જોઈએ.

૪.નિરીશ્વર સાંખ્યમતવાળા અને યોગીઓ કર્મના ફલને નિત્ય માને છે. સુકૃતની પ્રસંશા કરનારાં વાક્યોને સાચાં માની તેઓ એમ કહે છે તે પણ ખોટું છે. આ ચાર મતો અર્ધવૈનાશિક છે.

સર્વવૈનાશિક મતમાં ૫.સ્માર્તો એમ માને છે કે આ બ્રહ્માણ્ડાભિમાની પુરુષ નારાયણ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ગુણોના ભેદથી ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરે છે અને તેનો આનન્દ પણ તિરોહિત હોવાથી, જેમ રાજા અને નોકરોને એક-બીજાની જરૂર છે તેમ તેને પણ સેવકોની જરૂર રહે છે. આ મત પણ ભગવાનનાં સ્વરૂપનાં અજ્ઞાનને લીધે થયેલ હોઈ ખોટો છે. 'સ્મ' પ્રસિદ્ધિથી 'આર્તાઃ' દુઃખી સ્માર્તો જેને પુરુષ-નારાયણ માને છે તે તો માત્ર ભગવાનની એક વિભૂતિ જ છે. ભક્તિમાર્ગીય ભગવાન તે કહે છે તેટલા જ નથી. તે તો પુરુષોત્તમ છે. તેમને અજ્ઞાનનો સમ્બન્ધ જ નથી. 'જે સર્વ જાણનાર શક્તિવાળા છે' વગેરે હજારો શ્રુતિઓ તેમને અજ્ઞાનનો સમ્બન્ધ ન હોવાનું કહે છે. વળી જ્ઞાનનો જે રસ અથવા પરમ અનુભવ તે જ તેમનું સ્વરૂપ હોવાથી તેમને અજ્ઞાનનો સમ્બન્ધ થતો નથી. આ બધા મતો ભ્રાંતિવાળા હોવાથી તેમનો વિરોધ હોવાને કારણે ડાહ્યા પુરુષે આપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ (ની ભક્તિ) નો ત્યાગ કરવો યોગ્ય નથી.''

હવે ૧૩.ભગવાન જગતના આશ્રય અને ઉપાદાન કારણ હોવા છતાં તેમનામાં જગતના દોષો નથી, અને જીવ ભગવદ્રૂપ હોવા છતાં, કામ-ક્રોધ વગેરે દોષો ભગવાનમાં નથી એમ જણાવતાં કહે છે કે ''કામ-ક્રોધ વગેરે દોષો જીવના નથી પણ મનના જ છે. મન અસત્ છે, કારણ કે તે સત્ત્વ, રજસ્ અને તમઃ ગુણવાળું છે. સત્ત્વ ગુણવાળું હોય ત્યારે સત્ જેવું દેખાય છે. તે જીવના આધારે પ્રકાશતું નથી, પણ આપના આશ્રયે જ પ્રકાશે છે, છતાં તેના દોષનો આપને સમ્બન્ધ થતો નથી, કારણ કે તણખલાથી આરંભી મહત્તત્ત્વ સુધીના જીવોમાં મનુષ્યો મધ્યે રહેલા છે, ત્યાં સુધી ભમતાં જ તે પોતાના દોષનો સમબન્ધ કરાવી શકે એવો તેનો સ્વભાવ છે. ઉત્પત્તિ સમયે તે એક જ છે, તેથી તે બધા જીવોમાં ભ્રમણ કરે તેવી તેની શક્તિ માનવી જોઈએ. મનુષ્ય સુધીના જીવોમાં ભમતાં તે અસત્ હોઈ, કોઈવાર સત્ જેવું પ્રકાશે છે. તેથી ઉપરના જીવોમાં કોઈ વાર સત્ જેવું અને કોઈ વાર અસત્ જેવું જણાય છે. કામ વગેરે દોષો મનમાં ઉત્પન્ન થાય છે, પણ મનના તે સ્વાભાવિક દોષ ન હોવાથી, તેના દોષને લીધે ભગવાનમાં દોષ આવતા નથી. જગતના સમ્બન્ધથી પણ ભગવાનમાં દોષ આવતા નથી. ભ્રાંતોની દષ્ટિએ જુદા-જુદા પ્રકારે ભાસતું હોવા છતાં આ બધું જગત્ બ્રહ્મ જ છે એમ આત્માને જાણનારા જાણે છે. તેથી મન પણ બ્રહ્મ જ છે. જેમ જાદુગરો ખોટા પદાર્થો દેખાડે તે તેમનો ગુણ છે, પણ દોષ નથી, તેમ મનમાં પણ આનન્દમાટે કામ વગેરે દેખાય તે તેનો ગુણ જ છે. તે પણ બ્રહ્મ જ છે. આત્મા ખરેખર સત્ય છે અને તે સર્વ બનેલ હોવાથી જગત્ અસત્ય હોવાની શંકા કેમ થાય? સુવર્ણના વિકાર કુંડલ વગેરે સુવર્ણની ઇચ્છા રાખનાર વાણીઆ તજતા નથી પણ સુવર્ણ તરીકે ગ્રહણ કરે છે. જગત્ પણ આપે કર્યું છે, આપ જ જગત્ બન્યા છો, અને તે સર્વ બ્રહ્મ જ હોવાથી તેના સમ્બન્ધથી પણ આપમાં દોષ આવતા નથી.

હવે (૧૪)ભગવાનના ભક્તોમાં પણ દોષ નથી એમ જણાવતાં કહે છે કે ''સર્વ સત્ત્વમાં આપ રહેલા છો, એટલે આપ સર્વ સ્થળે છો એમ જાણી કોઈનો પણ વિરોધ કર્યા

વિના જેઓ આપની સેવા કરે છે, તેઓ મૃત્યુની અવગણના કરી તેના માથાં ઉપર પગ મૂકે છે. પ્રાણીમાત્રને સુખ મેળવવાનું અને દુઃખ દૂર કરવાનું ગમે છે. ભગવાન સુખ આપે છે અને દુઃખ પણ તેમની સેવાથી દૂર થાય છે. બધા કર્મો કરતાં, મૃત્યુની અવગણના અને તેના માથાં ઉપર પગ મૂકી કરેલો તેનો તિરસ્કાર વધારે દુઃખ આપનારાં છે. ધ્રુવે મૃત્યુના માથાં ઉપર પગ મૂકેલો. જેઓ સદા ભગવાનની સેવા કરે છે તેમની વૈકુંઠમાં પણ સેવામાટે જરૂર હોવાથી, અને બીજો દેહ ધારણ કરવાથી કદાચ સંસ્કારનો નાશ થાય અને વિલંબ થાય તેમ હોવાથી, તેઓ તે જ દેહ લઈ ઝડપથી વૈકુંઠમાં જતા હોય ત્યારે માર્ગમાં મૃત્યુ વિઘ્ન કરવા આવે તો તેને જોઈ ભય પામ્યા વિના, તેની અવગણના કરી, ઉપર ચઢવા માટે નિસરણીનું પગથીયું હોય તેમ તેના ઉપર પગ મૂકી ચાલ્યા જાય છે. મોટા સાહસો મૃત્યુનાં માથારૂપ છે. તેવા સાહસ કરવાં એ મૃત્યુનાં માથાં ઉપર પગ મૂકવા જેવું છે. એટલે આ ભક્તો દેહ, વેદ તથા તેમના ધર્મો બધાનું ઉલ્લંઘન કરી, તેથી વિરુદ્ધ ધર્મો આચરીને પણ ભગવાનની સેવા કરે છે. તેઓ એવી રીતે સર્વની અવગણના કરે છતાં તેમને દોષ લાગતો નથી તેમજ ધર્મનું રક્ષણ કરનાર દેવો તેમના ઉપર ક્રોધ પણ કરતાં નથી કારણ કે આપ તે પ્રસિદ્ધ દેવોને આપની વાણીથી પશુની જેમે બાંધો છો અને જેમ રાજાની આજ્ઞાથી તેના સેવકો બંધન કરે તેમ આપના સેવકો તેમને ખરેખર બાંધે છે. તેથી તેમની અવગણના કરવાનો આપનાં ભક્તોને અભ્યાસ હોવાથી તેમને તેમ કરતાં ભય પણ થતો નથી. જેમ પશુઓને ગાડે જોડે તેમ આપના સેવકો તે દેવોની પાસે આપની સેવા કરાવે છે એટલે તેઓ પણ આપની સેવા પ્રાપ્ત કરી કૃતાર્થ થાય છે.

આપના સેવકોને આપના જ ઉપર પ્રેમ હોવાથી તેઓ જગતને પવિત્ર કરે છે. તપ અને ધર્મ કરનારા તો આપથી વિમુખ હોવાથી જગતને પવિત્ર કરતા નથી. શુદ્ધિ બે પ્રકારની છે ૧.દોષ દૂર કરવાથી થતી અને ૨.ગુણો મૂકવાથી થતી. ઉત્તમ ગુણોનો છેડો આપની સેવા છે અને મોટામાં મોટો દોષ આપની અવગણના છે. તેમાં આપના ભક્તો સમ્પૂર્ણ પ્રકારે સર્વ તરફથી શુદ્ધ છે, બીજા શુદ્ધ નથી, તેથી જેઓ શુદ્ધ થવા ઈચ્છતા હોય તેમણે આપના ભક્તની જ સેવા કરવી, બીજા કોઈની સેવા ન કરવી.

હવે (૧૫)ઈન્દ્રિયોનો સમ્બન્ધ વગેરે (ભગવાનમાં) જણાતા દોષોને લીધે તેમનું ભજન થઈ શકે તેમ નથી એવી શંકા ખોટી છે એમ જણાવતાં કહે છે કે ''આપ પોતાથી જ પ્રકાશનાર હોવાથી આપ ઈન્દ્રિયોનાં કાર્યો કરો છો, છતાં આપને ઈન્દ્રિયો નથી. તેથી ઈન્દ્રિયોના સ્વાભાવિક અથવા માની લીધેલાં સમ્બન્ધથી પણ આપમાં દોષ હોવાનું સમ્ભવતું નથી. આપ સ્વરૂપથી જ સર્વ કરવા સમર્થ છો. ઈન્દ્રિયોમાં પણ આપને લીધે જ શક્તિ આવે છે. શક્તિઓ બધી આપની જ છે અને આપ જુદા-જુદા અવસરે તે બીજામાં મૂકો છો. જો ઈન્દ્રિયોના દેવોમાં પોતાની જ શક્તિ હોત, જો તેઓને એ શક્તિ અધીન હોત, તો તેઓ શા માટે આપને બલિ સમર્પણ કરી આપની શેષ લે? દેવો તો પ્રકૃતિને વશ હોઈ સ્વતંત્ર નથી. અજાનું રક્ષણ કરનારા પણ લોકમાં અજાના સ્વામીની સેવા કરતા

દેખાય છે તેમ આ દેવો આપની સેવા કરે છે. ઈન્દ્રિયોના દેવોની પણ આવી સ્થિતિ છે તો પછી ઈન્દ્રિયોની શક્તિઓ તેમની પોતાની ક્યાંથી હોય? આ ઈન્દ્રિયોના દેવો વિશ્વ રચનારા છે, છતાં જેમ એક પ્રાન્તનો અધિપતિ આખી પૃથ્વી (દેશ)ના અધિપતિ સાર્વભૌમ મહારાજની પોતાના નિર્વાહમાટે સેવા કરે છે, તેમ તેઓ આપની સેવા કરે છે અને જ્યાં જેને આપે અધિકાર આપેલ છે, ત્યાં તે કાર્ય કરે છે. આપના ભયને લીધે આપે સોંપેલ કાર્ય ગમે તેટલું અપ્રિય હોય તો પણ તેઓ કરે છે. આપ સુવર્ણની પ્રતિમાને જેમે સમ્પૂર્ણ આનન્દમય, સર્વથા દોષ વિનાના અને સર્વના સ્વામી છો સર્વે સુખપૂર્વક સેવા કરવા યોગ્ય અને સર્વને વશ રાખનાર છો.

હવે (૧૬)કાર્યને લીધે પણ આપમાં દોષ આવતો નથી એમ જણાવતાં કહે છે કે ''જેમ પોતાના ઘરમાં રમણ કરતા રાજાને બહુ આનન્દ થાય ત્યારે તે બહાર નિકળવાની ઈચ્છા કરે, તેમ જ્યારે આપને વિહાર કરવાની ઈચ્છા થાય અને આપ વિહાર અથવા આનન્દથી ક્રીડા કરો છો ત્યારે જેમ વર્ષાઋતુમાં વિવિધ જન્તુઓ ઉત્પન્ન થાય તેમ સ્થાવર-જંગમ જીવો પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે. જન્તુઓ ઉત્પન્ન થાય તે માટે વૃષ્ટિથી વિશેષ કાંઈ કાર્ય મેઘ કરતો નથી, તેમ આપ પણ માત્ર વિહાર જ કરો છો અને તેથી કાલરૂપ ચેષ્ટા ઉત્પન્ન થતાં તે પ્રકૃતિ વગેરે શક્તિઓને પ્રેરણા કરે છે. જેમ રાજા બહાર નિકળે ત્યારે સેવકો કોઈની પ્રેરણા વિના જ કાર્ય કરવા મંડે છે, તેમ કાલ ગુણોમાં ખડભડાટ કરે છે અને તેથી જેમ પ્રબલ અગ્નિમાંથી તણખા નીકળે તેમ જીવો બ્રહ્મમાંથી બહાર નીકળે છે, એટલે કાલે ખડભડાવેલા ગુણો પોતે અથવા પરંપરાથી જગતને ઉત્પન્ન કરે છે. જેમ અગ્નિમાંથી નિકળેલા તણખલાઓને વાયુ જ્યાં-ત્યાં લઈ જાય છે, ઘાસમાં પડી તે વૃદ્ધિ પામે છે, જલમાં પડી વીર્ય વિનાના થાય છે અને જમીન ઉપર પડી તેવી જ સ્થિતિમાં રહે છે તેમ જીવો પણ પ્રકૃતિ સાથે ભળી ઉંચી-નીચી યોનિ પ્રાપ્ત કરે છે. આપ પ્રકૃતિને લીધે વિહાર કરતા નથી, પણ તેનાથી પર છો, તેને વશ રાખો છો, તેમાં આપની આસક્તિ નથી, તેની સાથે આપને સમ્બન્ધ જ નથી. જેમ રાજાને હલકી દાસીઓ પ્રેરણા કરતી નથી તેમ પ્રકૃતિ આપને પ્રેરણા કરતી નથી. આપ સર્વથી પર છો, અક્ષરથી પણ પર છો. રાજાનું દષ્ટાન્ત વિહાર પૂરતું છે, પ્રેરણા પૂરતું નથી. રાજાને તો અંતરંગ સામગ્રી પ્રાપ્ત કરાવનારો પ્રેરણા કરે પણ ખરો, પણ આપ કેવલ આનન્દમય અને કોઈના સમ્બન્ધ વિનાના હોવાથી આપને કોણ પ્રેરણા કરે? આકાશની જેમે આપને કોઈનો આધાર નથી અને કોઈ ક્રિયામાં આપ રોકાયેલા રહેતા નથી. આપનું સ્વરૂપ પણ કોઈને પ્રત્યક્ષ નથી, માત્ર આપ 'છો' એટલું જ આપનું ભાન થાય છે. તેથી આપને કોણ જાણી શકે અને કોણ પ્રેરણા કરે? તેથી આપનાં કાર્ય જીવને લીધે આપમાં દોષ આવતો નથી.

હવે (૧૭)જીવ ભગવાનને આધીન છે, સ્વતન્ત્ર નથી એમ જણાવતાં કહે છે કે ''નૈયાયિકો જીવને વ્યાપક (સર્વ સ્થલે હોય તેવા, દેશની હદ વિનાના) અને નિત્ય (સદા હોનારા, કાલની હદ વિનાના) અને સર્વ આકારવાળા પદાર્થો સાથે સમ્બન્ધમાં રહેલા માને

છે. જીવો તેવા હોય તો તેઓ ઈશ્વરને વશ રહે તેવા ન હોઈ શકે, તેઓ ઈશ્વરના દાસ ન હોય અને તેમને માટે ઈશ્વરની જરૂર પણ ન હોય. બધા જીવોને દરેક શરીરનો સમ્બન્ધ હોવાથી એક માણસ કેરી વગેરે ખાય તો તેથી બધાને સુખ થવું જોઈએ. વળી બધાના જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન પણ સરખાં જ હોવા જોઈએ. જીવો ઈશ્વરને વશ હોય તો માણસ કેરી ખાય તેને સુખ થાય એવા ઈશ્વરના નિયમને લીધે આમ ઘટી શકે. જીવ જો વ્યાપક હોય તો તે મોટો હોવાથી અભિમાનને લીધે પોતાને ઈશ્વરના સરખો માને અને તેમની દરકાર ન કરે. તેથી જીવ વ્યાપક નથી, પણ અણુ (નાનામાં નાના કદના) છે. જેમ પુષ્પની સુગંધ પુષ્પ ન હોય ત્યાં પણ જાય છે, તેમ જીવ અણુ હોવા છતાં તેનો ચૈતન્ય ગુણ તે જે દેહમાં રહેલ હોય તે આખા દેહમાં પ્રસરે છે. તેમને વશ રાખનાર આપ ઈશ્વર વ્યાપક છો. જીવો વ્યાપક હોય તો ભગવન્મય ન હોઈ શકે. જે વેદાંતીઓ સર્વત્ર બ્રહ્મ સમાન છે એમ માને છે તેઓ પણ આપ ઈશ્વર વશ રાખનાર છો અને જીવ આપને વશ રહેનાર છે એમ માને છે. તેથી જ જ્ઞાનીઓ પણ આપનું ભજન કરે છે. તેથી જીવો વ્યાપક નથી, સ્વતન્ત્ર નથી, પણ આપને વશ રહેનારા અને અણુ છે.

હવે (૧૮)દેહ, પ્રાણ, ઈન્દ્રિયો તથા અંતઃકરણ ના સમૂહમાં જીવ હોય ત્યારે દેહ વગેરે જડ પદાર્થો પ્રકૃતિમય હોવાથી અને પુરુષ (જીવ) ચિન્મય હોવાથી, તે પ્રકૃતિ અને પુરુષ ને વશ હોઈ શકે પણ ભગવાનને વશ ન હોય એવી શંકા ખોટી છે એમ જણાવતાં કહે છે કે ‘‘દેહ વગેરેનો સમૂહ નથી પ્રકૃતિરૂપ નથી પુરુષરૂપ કે નથી પ્રકૃતિ અને પુરુષ બન્નેરૂપ, કારણ કે પ્રકૃતિ અને પુરુષ બન્ને ઉત્પત્તિ રહિત હોવાથી કાર્યરૂપથી પ્રકટ થતા નથી. દેવો, હલકા પ્રાણીઓ, મનુષ્યો વગેરેના દેહ વગેરે પ્રકૃતિ અને પુરુષ ના સંયોગમાં થાય છે. જેમ પરપોટા એકલા વાયુથી અથવા એકલા જલથી થતા નથી, પરંતુ વાયુ અને જલ ના સંયોગથી થાય છે તેમ દેહ વગેરે સંઘાતો પ્રકૃતિ અને પુરુષ ના સંયોગથી થાય છે. પ્રકૃતિ અને પુરુષ બન્ને ઉત્પત્તિ રહિત હોવાથી તેમને સંયોગ સમ્ભવતો નથી. તેવાનો સંયોગ તો આપથી જ થાય કારણ કે આપ જ અદ્‌ભુત કર્મ કરનાર છો. જો બધા સમૂહો એક જ પ્રકારના હોય તો કદાચ તેઓ પ્રકૃતિ-પુરુષરૂપ છે એવી કલ્પના કરાય, પરંતુ તે બધા જુદા-જુદા અનેક પ્રકારના નામ રૂપ અને ગુણ વાળા હોવાથી તે આપમાંથી જ થાય છે, કારણ કે આપ જ અચિંત્ય-અનંત શક્તિ અને અનન્ત મૂર્તિવાળા છો. જેમ નદીઓ મેઘ (જલ)માંથી ઉત્પન્ન થઈ સમુદ્ર (જલ)માં પ્રવેશે છે, તેથી નદીઓ સમુદ્રરૂપ છે, તેમ જે જેમાં ભળે તે-તે રૂપ ગણાય. સચ્ચિદ્‌રૂપ આ બધા સંઘાતો સચ્ચિદ્‌રૂપ આપમાં જ રહેનાર હોઈ શકે. વિશ્વ આપરૂપ જ છે, છતાં જેમ જુદા-જુદા પુષ્પોના રસો મધમાં સમાઈ જાય છે અને તેમાં જુદા-જુદા દેખાતા નથી, તેમ બધા સંઘાતો આપમાં સૂક્ષ્મરૂપથી રહે છે એટલે આપની અંદર જુદા-જુદા દેખાતા નથી. તેથી નામ અને રૂપ વાળું દેવ, હલકાં પ્રાણીઓ તથા મનુષ્ય થી ભરપૂર આ જગત્ આપ શ્રીકૃષ્ણમાં જ ઉત્પન્ન થયેલું અને આપમાં જ લય પામતું હોવાથી આપરૂપ છે.

ભગવાનની ભક્તિ કરવી જોઈએ એમ સિદ્ધ થયું છતાં ''ભક્તિ કરવા તૈયાર થયેલાનું તો કાલ ભક્ષણ કરે તો તેમનાથી ભક્તિ થઈ શકે નહિ'' એવી શંકા દૂર કરતાં હવે (૧૯)કહે છે કે ''જેઓ આપને શરણ આવેલા નથી તેમને જ આપની ભ્રકુટીરૂપ કાલ ભય ઉત્પન્ન કરે છે. મનુષ્યદેહ પ્રાપ્ત થયા પછી જ જુદી-જુદી યોનિઓમાં જન્મ થાય છે. તેથી જેઓ સદ્‌બુદ્ધિવાળા છે, પોતે મનુષ્ય અવતરી સાવધાન રહે છે અને પોતાના ઉદ્ધાર માટે પ્રયાસ કરે છે, તેઓ જાણે છે કે જેઓ માયાથી મોહ પામે છે તેમને જ કાલ ખાઈ જાય છે. તેમ જેઓ માયા દૂર કરવા અને મોક્ષ પ્રાપ્ત કરવા ભગવાનનું ભજન જ કરવું યોગ્ય છે એમ જાણી જેઓ આપની સેવા કરે છે, તેઓનું કાલ ભક્ષણ કરતો નથી, કારણ કે ભક્ત તો આપને શરણ આવેલો છે અને આપ તો જન્મરહિત છો. તેથી સદ્‌બુદ્ધિવાળો જન્મ થાય, ત્યારથી જ હૃદયમાં આપ માટે પ્રેમ રાખી આપની સેવા કરવી જોઈએ. માત્ર અંદરના ભાવથી કાલ પીડા કરતાં અટકતો નથી, કારણ કે તે બહારનો છે. તેથીજ જડભરત જેવા જ્ઞાનીઓ અને અંદરથી ભક્તિ કરનારાઓને દુઃખ થાય છે અને દુઃખ થવાથી કોઈ સમયે મોહ પણ થાય. તેથી જ આરંભથી જ બહારની સેવા પણ કરવી જોઈએ. એવી બહારથી અને અંદરથી નિષ્કામ સેવા કરે, તેને કાલ ભય ન જ ઉત્પન્ન કરે, કારણ કે તે બોધ આપવા જ સજા કરે છે. આ કાલ સંવત્સરરૂપ છે અને શિયાળો, ઉનાળો અને ચોમાસુ એ ત્રણ તેનાં ચક્રો છે. તે પોતાનું પરાક્રમ લોકમાં જણાવતો રહે છે તેથી લોકોની દુર્ગતિ જોઈ, જેઓ દઢવ્રતવાળા થઈ આપ શ્રીકૃષ્ણની સેવા કરે છે, તેમને આપની ભ્રુકુટિરૂપ કાલ કોઈ સમયે હણતો નથી.''

''સ્વતન્ત્ર પ્રકારે ભકિતમાર્ગથી જ ભગવાનનું ભજન કરવું જોઈએ, યોગ વગેરેના અંગ તરીકે કરવું ન જોઈએ'' એમ જણાવવા હવે (૨૦)યોગની નિંદા કરતાં કહે છે કે ''પ્રાણિમાત્રને સેંકડો વ્યસનો હોય છે તેથી તેઓ યમ-નિયમ વગેરે યોગના આરંભના અંગો પણ આચરી શકે તેવા નથી, છતાં જેમણે ઈન્દ્રિયો તથા વાયુ જીતેલા છે એટલે યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર એ આરંભના પાંચ યોગના અંગો કરેલા છે તેઓ પણ વશ ન કરી શકાય તેવા મનરૂપ ઘોડાને વશ કરવાના ઉપાય કરતાં જ થાકી જાય છે, કારણ કે તે ઘણું ચંચલ હોઈ ઘણા પ્રયત્ને પણ વશ કરી શકાતું નથી અને તેવા મનરૂપ ઘોડા ઉપર ચઢેલ મનના વિલાસની ઈચ્છા રાખનાર પુરુષથી તો તેને વશ કરવાનું અશક્ય જ છે. તેથી મન જેનાથ જરાએ થાય તેવું નથી, તેણે યોગનો આરંભ પણ ન કરવો. આરંભમાં વ્યસન દૂર કરવા તેણે ગુરુનાં ચરણ સેવવા જોઈએ. તેમ જો તે ગુરુની સેવા કરે તો પછી તેનાથી જ તેનું બધું કાર્ય સિદ્ધ થાય તેમ હોવાથી યોગ તેને નકામો છે. તે જો યોગ આચરે તો જેમ સુકાની વિનાના નાવમાં સમુદ્રમાં મુસાફરી કરનારા વાણીયાઓ પોતાનું કાર્ય પાર પાડી શકતા નથી અને સમુદ્રમાં મરણ પામી ઘેર પણ પાછા આવી શકતા નથી, તેમ તે યોગ કરી શકતો નથી અને ગુરુની સેવા મૂકી દેવાથી તે પણ તેનાથી થતી નથી અને બન્નેથી ભ્રષ્ટ થાય છે. તેથી મન વશ થાય તેવું નથી એમ જણાતાં ડાહ્યા પુરુષે યોગ ન આચરતાં ગુરુની

સેવામાં તત્પર રહી સદા આપની ભક્તિ જ કરવી જોઈએ.

યોગના અંગ તરીકે ભગવાનનું ભજન ન કરવું એમ જણાવી, મોહ દૂર કર્યા વિના તથા વૈરાગ્ય વિના ભગવાનની ભક્તિ થઈ શકતી ન હોવાથી હવે (૨૧)વૈરાગ્યનો ઉપદેશ કરતાં કહે છે કે ''આ લોકમાં કીર્તિ વગેરે પ્રાપ્ત કરવા સગાંઓની, પરલોક પ્રાપ્ત કરવા પુત્રોની, પરલોક પ્રાપ્ત કરાવનારા કર્મો કરવા તથા ભોગ ભોગવવા દેહની, કામ મટાડવા તથા સુખ પ્રાપ્ત કરવા સ્ત્રીની અને સુખની સ્થિતિ નિભાવવા ધન-ઘર અને ભૂમિની જરૂર છે. આ બધાં પ્રાણરૂપ છે, કારણ કે તે ન હોય તો પ્રાણનો ત્યાગ કરે છે. આ બધાથી જે લાભ પ્રાપ્ત થાય તેથી કરોડ ઘણો લાભ આપ આપો છો. સુખ આપો છો અને તેનાં સાધનો પણ અલૌકિક કરાવો છો. જે આપનો આશ્રય કરે છે તેના આત્મા થઈ આપ રહો છો, એટલે જેમ પોતે પોતાનું કલ્યાણ કરે તેવું, આપ તેનું કલ્યાણ કરો છો. કીર્તિ વગેરે જે-જે લાભ સગાં વગેરેથી મળે તે બધા આપમાં પ્રકટ છે. વળી સગાં વગેરે આપની સમાન નથી. તે બધા ભ્રમથી સુખ કરનારા જણાય છે પણ ખરેખર તો દુઃખ કરનારા જ છે. આપ તો દોષરહિત આનન્દનું દાન કરો છો. જેઓ આપમાં અને તે બધામાં ભેદ જાણતા નથી અને જેમ કોઈ મુસાફર પોતાને બેસવામાટે મોટો ખાટલો સાથે લઈ ફરે તેમ સુખ પ્રાપ્ત કરવા સ્ત્રી સાથે રહે છે, તે થોડા સમયના આનન્દમાટે સાંકળથી બંધાયેલ રહે છે. આવા ઘણા દુઃખી પુરુષોને વિષયો પણ સુખ આપતા નથી, તો પછી સગાં વગેરે ક્યાંથી જ સુખ આપે? કારણ કે આ જગત્ ખખડી ગયેલા પડેલા ઘર જેવું છે. તેમાં કોઈ ઉત્તમ પદાર્થ નથી પણ બધા અપવિત્ર છે. તેથી તેનો આશ્રય ન કરવો. ભગવાનનો સેવક તો હરકોઈ સ્થળે ભગવાનની સેવા કરતો હોય તે વૈકુંઠમાં જ સેવા કરે છે, જગતમાં સેવા કરતો નથી એમ જાણવું. તેથી પુત્ર વગેરેનો ત્યાગ કરીને ભગવાનની જ સેવા કરવી, તેમની સાથે ન કરવી. તેમનું સુખ ભગવાન આપે છે અને તેઓ તો દુઃખ કરનારા જ છે.

હવે (૨૨)ભજનનો ક્રમ જણાવતાં કહે છે કે ''પ્રથમ ભૂમિનો આશ્રય કરવો, કારણ કે તે ભગવાનનાં ચરણારવિંદ રૂપ છે. તેથી ખાટલો, પાદુકા વગેરે સર્વ ભોગ તજી ભૂમિ ઉપર જ રહેવું. ભગવાનના ચરણારવિંદની વધારે સારી રીતે સ્ફૂર્તિ થાય તે માટે તીર્થનો આશ્રય કરવો. સર્વ તીર્થોમાં ગંગા ભગવાનનાં ચરણારવિંદમાં રહેનારી હોવાથી શ્રેષ્ઠ છે. ઘણા પવિત્ર કુરુક્ષેત્ર વગેરે તીર્થોમાં રહેવું એટલું જ નહિ, પરન્તુ ઉદ્ધારનો અલૌકિક પ્રકાર જાણનાર, મંત્રદ્રષ્ટા ગુરુ પાસે જઈ તેમની પાસેથી આપના ભજનનાં સાધનો શીખી લેવાં. ગુરુ મદવિનાના હોવાથી તેમને કોઈ પણ પોતાનાં-પારકાં હોતાં નથી. તેમનાં હૃદયમાં આપનાં ચરણારવિંદ રહે છે અને બહાર પણ તેઓ આપની આજ્ઞા પ્રમાણે વર્તનાર હોય છે. તેમના ચરણારવિંદના જલથી પાપનો નાશ થાય છે. તેમના ઉપદેશથી તેમના હૃદયમાં રહેલું આપનું ચરણારવિંદ તેમનો ઉપદેશ લેનારનાં હૃદયમાં આવે છે. ગુરુના ઉપદેશથી જેઓ સદા સુખ આપાનારા પોતાના આત્મારૂપ આપમાં એક વાર પણ મન રાખે છે, તેઓ ઘેર રહેતા નથી. જેમ અમુક સ્ત્રીમાં કામીનું મન લાગે તે તેનો અનુભવ કર્યા વિના

પાછું ફરતું નથી, તેમ આપના સ્નેહ અને આપના રસમાં આસક્તિ થતાં આપમાં જેનું ચિત્ત ચોંટે છે, તે ઘેર પાછો આવતો નથી. જેણે પહેલાં આપનો અનુભવ કર્યો ન હોય તે કદાચ ઘેર પાછો આવે પણ જેને આપનો અનુભવ પહેલાં થયો છે તે તો પાછો ઘેર નથી જ આવતો, કારણ કે વિવેક, ધૈર્ય વગેરે જે પ્રાપ્ત થતાં હોય તે બધાંને ઘર હરે છે.

સચ્ચિદાનન્દ ભગવાન જ ભજન કરવા યોગ્ય છે. લોકમાં સત્, ચિત્ અથવા આનન્દ એકે ધર્મ કોઈમાં નથી. અસત્ની સેવાથી નાશ થાય છે અને સત્ની સેવા કરવાથી કૃતાર્થ થવાય છે. ''જગત્ જો સત્ હોય તો તેનો આશ્રય કરાય. તેથી તે સત્ નથી'' એમ જણાવતાં હવે (૨૩)કહે છે કે ''આ જગત્ સત્માંથી ઉત્પન્ન થયેલ હોવાથી સત્ છે એમ કોઈ માને તો તે ખોટું છે, કારણ કે તર્કથી એવી માન્યતા ખોટી ઠરે છે. જગતમાં તેના કારણ (બ્રહ્મ)નું સત્યપણું આવે છે કે નવું જ સત્પણું ઉત્પન્ન થાય છે? જો કારણનું સત્પણું કાર્યજગતમાં આવતું હોય તો પછી કારણ-બ્રહ્મનું સત્પણું જતું રહેવાથી તે અસત્ થાય. જો તેમ થતું હોય તો પોતાનો નાશ થવાના ભયથી કારણ કાર્ય-જગતને ઉત્પન્ન જ ન કરે, એટલે પોતાનાં સત્ત્વનો નાશ થવાના ભયથી ભગવાન જગત્ ઉત્પન્ન જ ન કરે. બીજું કે કાર્યમાં નવું સત્ત્વ પણ આવતું નથી, કારણ કે સત્(ભલા) અંગરાજામાંથી અસત્(દુષ્ટ) વેન રાજા ઉત્પન્ન થયો હતો. અંગના અસત્ અંશરૂપ બીજથી જ વેન ઉત્પન્ન થયો હોત, તો દુષ્ટ વેનમાંથી ભલો પૃથુરાજા ન થાત. તેથી કારણ અને કાર્ય જુદી-જુદી જાતનાં હોવાથી કારણ સત્ હોવાથી કાર્યને સત્ ન માની શકાય. સમવાયીકારણ સત્ હોત તો કાર્ય સત્ હોય છે એમ પણ ન મનાય, કારણ કે છીપમાં રૂપું દેખાય છે, ત્યાં સમવાયીકારણ છીપ સત્ હોવા છતાં રૂપું અસત્ છે. આંખના દોષને લીધે છીપમાં રૂપું દેખાય છે તેથી તે અસત્ છે એમ માનીએ, તો આ જગત્ પણ મનના દોષથી દેખાતું અસત્ જ છે. વળી કેટલાક પ્રકૃતિ-પુરુષને જગતનું કારણ માને છે. તે બન્નેના સંયોગથી જગત્ ઉત્પન્ન થતું હોવાથી તે સદસદ્રૂપ છે, માત્ર સત્ નથી. જગત્ સત્ જેવું અંધ પરંપરાથી દેખાય છે પણ તે ખરેખર સત્ નથી. મોટા પુરુષોને તે અસત્ જ ભાસે છે. આપની વાણી વેદ જગતને સત્ય કહે છે એમ કેટલાક કહે છે પરંતુ વેદ તો બધા બ્રહ્મનું જ નિરૂપણ કરે છે અને તેને સત્ કહે છે તે ઉપરથી તેઓ ખોટી રીતે એમ માને છે, કારણ કે આપની તે વાણી કર્મમાં આસક્તિવાળા જડપુરુષોને ભમાવે છે. તેથી જગત્ સત્ છે એમ માની સારા પુરુષોએ તેનું ભજન ન કરવું પણ સત્ આપ શ્રીકૃષ્ણનું જ ભજન કરવું.

હવે (૨૪)જગત્ સત્ સિદ્ધ થતું નથી, તેમ અસત્ હોવાનું પણ સિદ્ધ થતું નથી. તેથી તેનાં ભજનથી ગુણ થતો નથી તેમ દોષ પણ થાય નહિ, તો પછી તેનો ત્યાગ શા માટે કરવો? એવી શંકા દૂર કરતાં કહે છે કે ''આ જગત્ આપે રચ્યું, તે પહેલા તે ન હતું. વળી પ્રલય થયા પછી પણ નહિ હોય. એટલે વચગાળાના સમયમાં જ તે જણાતું હોવાથી તે અસત્ છે, કારણ કે સત્ હોય તે કોઈ સમય અસત્ થતું નથી, તેથી એવું અનુમાન થાય છે કે વચગાળાના સમયમાં તે મિથ્યા હોવા છતાં એકરસ આપમાં ભાસે છે. જેમ છીપમાં રૂપું ન

હોવા છતાં જણાય છે, તેમ તે આપમાં જણાય છે. જેમ ચક્ષુ અને છીપ ની વચ્ચે રૂપું ન હોવા છતાં ભાસે છે તેમ જોનારના અને બ્રહ્મના ચૈતન્ય વચ્ચે જગત્ ન હોવા છતાં ભાસે છે. પછી આ બધો વિચાર કરતાં અને 'તે તું છો' એ વાક્યનો અર્થ સમજતાં બધે બ્રહ્મ જ ભાસે છે. જગતનું ભાન થાય છે તે કારણથી જગત્ સત્ ન ગણાય, કારણ કે ભાન તો સસલાના શીંગડા જેવા અસત્ પદાર્થનું પણ થાય છે. જગત્ મનથી જે જેને જેવું માને છે, તેને તે તેવું ભાસે છે. આ શત્રુ, આ મિત્ર, આ શુદ્ધ, આ અશુદ્ધ એમ જે જેને જેવું માને છે તેને તેવું જણાય છે, કારણ કે જગતમાં કોઈ કુદરતી એવો પદાર્થ નથી કે જે બધાને પ્રિય લાગે. તેથી મનનો જેવો વિલાસ તેવું તે બને છે અને મનોરથ જેવું મિથ્યા છે. તેને સત્ માનનારા પંડિત નથી પણ વિચારહીન છે. આકાશમાં પુષ્પ જેવું જગત્ મિથ્યા છે. આપ શ્રીકૃષ્ણરૂપ અધિષ્ઠાનને લીધે જ તે સત્ ભાસે છે, તેથી આપની જ સદા ભક્તિ કરવી જોઈએ.

હવે (૨૫)ચિદંશ પણ આપમાં જ છે એમ જણાવતાં કહે છે કે ''ચિત્ સેવા કરવા યોગ્ય છે એમ માનવામાં આવે તો પણ આપની જ સેવા કરવી જોઈએ, કારણ કે આપ સ્વરૂપમાં રહેનાર છો જ્યારે જીવો તો સ્વરૂપથી ભ્રષ્ટ થયેલા છે. જીવો ભગવદ્રૂપ જ છે, પરન્તુ ભગવાનની માયાને લીધે અવિદ્યા અથવા પ્રકૃતિ ને અનુસરી જીવ બને છે અને અવિદ્યાના ગુણોને સેવતાં પોતાનો આનન્દ તજી ''જડ પદાર્થોમાંથી મને આનન્દ મળશે'' એમ માની જડનો અનુભવ કરતાં પોતે પણ જડ બને છે, જડ પદાર્થો સેવવા યોગ્ય નથી એમ પાછળ દર્શાવેલું જ છે. જડ પદાર્થોમાં કાલ ખડભડાટ કરે છે અને અન્ન હોય તેમ તેમને ખાઈ જાય છે, તેમ આ જીવો પણ જડ બની મૃત્યુ પ્રાપ્ત કરે છે અને તેનાં ઐશ્વર્ય વગેરેનો લોપ થાય છે. એ પ્રમાણે જે માટીના ઢેફાં જેવો મૃત્યુએ ગળેલો બને તે સેવા કરવા યોગ્ય કેમ હોઈ શકે? આપ તો જેમ સર્પ કાંચળીને તજે તેમ માયાને તજો છો અને આપના ઐશ્વર્ય વગેરે આપની પાસે રહે છે. સર્પો પણ પોતાને વૃદ્ધ માનતાં તેમાનાં મુખ્ય સર્પને ઘડપણ દૂર કરનાર કેટલાક મંત્રોનું જ્ઞાન થતાં તેણે સર્પોને ઘરડા થતા બચાવ્યા. ત્યારથી બધા સર્પો જૂના દેહ (કાચળી)નો ત્યાગ કરવા લાગ્યા. તેમ આપ પણ પોતાનાં ઐશ્વર્ય વગેરેવાળી પહેલાની સ્થિતિમાં અખંડ જ રહેતાં આપની સાથે સહજ સમ્બન્ધવાળી કાચળીરૂપ માયાનો ત્યાગ કરો છો અને આપના પૂર્ણ તેજરૂપ ઐશ્વર્ય વગેરેમાં શોભો છો. માયા હોય કે ન હોય તેથી આપને કોઈ સરસાઈ અથવા હાનિ થતાં નથી, છતાં પણ લોકની દૃષ્ટિએ તેના સમ્બન્ધથી દોષ જણાય, તેથી આપ તેને તજો છો. વસ્તુતઃ માયા વગેરે બધી શક્તિઓ આપમાં રહે છે પણ આપનું તેઓ કાંઈ અનિષ્ટ કરી શકતા નથી. તેથી આપ જ સેવા કરવા યોગ્ય છો.

**''કાલાદિતૃણપર્યન્તા ન સેવ્યા મુક્તિમિચ્છતા, દોષત્યાજનશક્તો હિ સેવ્યો દાતા ગુણસ્ય ચ''** મોક્ષ ઈચ્છનારે કાલથી આરંભી તણખલાં સુધીના (જીવો)ની સેવા કરવી ન જોઈએ. દોષ ફીટાડવાની શક્તિવાળા અને ગુણ આપનાર આપની જ સેવા કરવી જોઈએ.

હવે (૨૬)''જીવમાં ભગવાન છે અને જીવ પણ છે. તેથી તેમાં પોતાના અંશ(જીવ) સહિત ભગવાન હોવાથી એકલા અંશવિનાના ભગવાનની સેવા કરવા કરતાં જીવની જ સેવા વધારે સારી'' એવી શંકા દૂર કરતાં કહે છે કે ''જીવ તો જડ થયેલો છે અને ભગવાન તેનામાં સમ્પૂર્ણ રીતે પ્રકટ નથી, તેથી જીવની સેવા કરવાથી શું લાભ? કાષ્ઠમાં અગ્નિ છે, તેથી ટાઢ ઉડાડવા કોઈ કાષ્ઠનો આશ્રય કરતું નથી તેમ કાષ્ઠમાં હોમ પણ કરતું નથી (કારણ કે તેમાં અગ્નિ પ્રકટ નથી) તેવી રીતે જીવમાં ભગવાનનું સ્વરૂપ પ્રકટ ન હોવાથી, તે સેવા કરવા યોગ્ય નથી. જો સંન્યાસીઓ પણ હૃદયમાં રહેલી કામની વાસનાઓ દૂર કરે નહિ, તો તેમને પણ આપનું જ્ઞાન થતું નથી. જેમ ખજાનો દાટી તેના ઉપર વૃક્ષો વાવ્યા હોત તો તેમને મૂળમાંથી ઉખાડ્યા વિના ખજાનો બહાર કાઢી શકાતો નથી, તેમ હૃદયમાં માયારૂપ પડદાથી છૂપાએલા અને તે (માયા) ઉપર અવિદ્યાથી ઢંકાયેલા અને તેના ઉપર વાસના કામ ક્રોધ વગેરેરૂપ વૃક્ષોથી નહિ જણાતા આપનું દર્શન કેમ થાય? તેમાં વળી જેમને દેહનું અભિમાન હોય તેમને તો કેમ જ દર્શન થાય? જેમ કંઠમાં પહેરેલા મણિનું વિસ્મરણ થાય તો તેથી સુખ થતું નથી પણ ઉલટું તેને શોધવાનો પ્રયાસ કરતાં દુઃખ જ થાય છે, તેમ બધાનો ત્યાગ કરી આત્માને શોધવાનો પ્રયાસ કરનાર સંન્યાસીઓને દુઃખ જ થાય છે. જે પહેલાં સંન્યાસી થઈ આત્માની બહાર પ્રાપ્તિ ન થવાથી દુઃખવાળાં સાધનો કરી જેમ-તેમ પ્રાણોનું પોષણ કરે છે અથવા પોતાના પ્રાણનું પોષણ કરવા જ સંન્યાસી બનેલા છે તેમને બન્ને પ્રકારે દુઃખ થાય છે. તેમણે ધર્મનો ત્યાગ કરેલ હોવાથી યમ અને કાલ દુઃખ દે છે અને મૃત્યુ પમાડી નરકમાં નાખે છે. તેમજ આપનું સ્મરણ કરવું એમણે પડતું મૂકેલ હોવાથી આપ પણ તેમને દુઃખ દો છો, કારણ કે આપનું સ્થાન તેમણે પ્રાપ્ત કરેલું ન હોવાથી તેઓ ચિન્તાને લીધે દુઃખી થાય છે.

''**જીવેષુ ભગવાન આત્મા સચ્છન્નસ્તેન તત્ર ન, ભજનં સર્વથા કાર્યં તતોઽન્યત્રૈવ પૂજ્યેત્**'' જીવોમાં આત્મા આપ ભગવાન છુપાયેલા રહો છો, તેથી જીવોમાં આપનું ભજન ન કરવું, પરન્તુ સાક્ષાત આપનું જ ભજન કરવું જોઈએ.

હવે (૨૭)લૌકિક આનન્દનો પણ આશ્રય ન કરવો પરન્તુ ભગવાનના આનન્દનો જ આશ્રય કરવો એમ જણાવતાં કહે છે કે ''સ્મૃતિ વગેરેમાં સ્વર્ગ વગેરેના આનન્દ ભોગવવાની મના કરેલી છે. જેમ આ લોકમાં સ્ત્રીઓનું સેવન કરવાથી અપકીર્તિ થાય છે, તેમ સ્વર્ગમાં પણ અપ્સરાઓનું સેવન કરવાથી અપકીર્તિ થાય છે. એવી રીતે સુખમાત્ર દુઃખ સાથે ભળેલું છે, પરન્તુ આપ ભગવાનના આનન્દનું સેવન કરવામાં એવા દોષ નથી, કારણ કે આ લોકમાં જ આપના સ્વરૂપનું જ્ઞાન થયા પછી ભોગ ભોગવવાથી દુઃખ, નિન્દા અથવા ચિન્તા થતાં નથી. જેમ ઘણા સ્નેહવાળા જારમાટે સ્ત્રી દુઃખી થતી હોય તો પણ તેને દુઃખ ગણતી નથી અને રાજાને કસ્તુરી ચોળનાર નોકરને કસ્તુરી લાગવા છતાં તેને તેથી સુખ થતું નથી, તેમ જે આપનાં સ્વરૂપને જાણે છે તે આપના કારણે તેને થયેલ સુખ અથવા દુઃખ ગણતો નથી અને તેથી તેને ચિન્તા, અપકીર્તિ વગેરે કાંઈ થતાં

નથી. આ લોકમાં જ આપનો સમ્બન્ધ થતાં તેનાં બધાં દુ:ખ દૂર થાય છે, કારણ કે આપ મોક્ષ આપનાર છો. મનુષ્યો દરેક યુગમાં સદા આપના ગુણોનું શ્રવણ કરે છે. આપના ગુણો અમુક સમયે અમુક સ્થળે જ શ્રવણ કરાય એવો કાંઈ નિયમ ન હોવાથી, તેમનું શ્રવણ કરવું એ તેમનું નિત્ય કર્મ છે. વ્યાસ વગેરેએ આપના ગુણના જે ગીતો રચેલાં છે તે પરંપરાથી પ્રાપ્ત થયેલા ગીતો તેઓ શ્રવણે ધારણ કરે છે, અને તેથી તેમનાં પાપોનો નાશ થવાથી તેઓને દુ:ખકારી અપકીર્તિ વગેરે થતાં નથી. તેથી આપના સેવક જ દોષરહિત સુખ ભોગવે છે.

દેશ–કાલની હદવાળું સુખ નાશવંત હોવાથી સેવન કરવા યોગ્ય નથી. તેણે હવે (૨૮)ભગવાનના સમ્બન્ધવાળો આનન્દ દેશ–કાલની હદ વિનાનો છે એમ જણાવતાં કહે છે કે ''આપનો આનન્દ અનંત હોવાથી ઈન્દ્ર વગેરે દેવો તેનો અંત જાણતા નથી. બ્રહ્માના આનન્દ સુધીના આનન્દોની હદ જણાઈ છે. આપના સ્વરૂપાનન્દનો અંત આપ જાણતા નથી, કારણ કે તેનો અન્ત છે જ નહિ. જે નથી તે જાણવાથી આપના સર્વજ્ઞપણાની હાનિ નથી. તેથી આપના આનન્દનો અંત નહિ હોવાથી તેને કાલની હદ નથી. તેને દેશની પણ હદ પણ નથી, કારણ કે આપની અંદર પ્રકૃતિ સુધીના એક પછી એક દશ–દશ ગણા આવરણો સાથેના ઘણા બ્રહ્માણ્ડોના સમૂહો છે. આપનાં રુંવાડાનું દરેક છિદ્ર આકાશની જેમે ઘણું વિશાલ છે અને જેમ આકાશમાં કરોડો ભૂમિનાં રજકણો ઉડ્યાં કરે તેમ આપના દરેક રુંવાડામાં કરોડો બ્રહ્માણ્ડો કાલ સહિત ભમ્યા કરે છે. વાયુની જેમે કાલ પણ તેમાં ચાલ્યો જાય છે અને અમે શ્રુતિઓ પણ ભમ્યા કરીએ છીએ. દરેક બ્રહ્માણ્ડોની વાર્તા જાણનાર વેદ પણ જુદો છે. એ પ્રમાણે અસંખ્ય બ્રહ્માણ્ડોના વેદ પણ અસંખ્ય છે. આ વિષયનું પ્રમાણ અમે શ્રુતિઓ જ છીએ પણ અમે પુરું જણાવી શક્તી નથી. જેમ ભૂમિ ઉપર અનન્ત વૃક્ષોને ફલ આવે અને ઊંચે રહેલાં ફલો પણ ભૂમિ ઉપર જ પડે છે, તેમ અમે બધા વેદો પોતપોતાથી બની શકે તેટલું આપનું માહાત્મ્ય ગાઈએ, તે જ્ઞાન ફલરૂપ છે. અમે બીજુ કાંઈ દર્શાવતા નથી પણ આપના જ ગુણ ગાઈએ છીએ. જેવી રીતે અનન્ત વૃક્ષોના અનન્ત ફલો ભૂમિ ઉપર પડવા છતાં ભૂમિનો એક હજારમો ભાગ પણ ઢંકાતો નથી, તેમ મેરુ જેવા આપના માહાત્મ્યનો માત્ર રાઈના દાણા જેટલો ભાગ અમે બધા વેદો મળી જણાવી શકીએ છીએ. જે કાંઈ અમે જણાવી શકીએ તે બધાથી આપ ઉત્તમ છો, એમ આપનું ઉત્તમપણું અમે ગાઈએ છીએ. ''જેમને પહોંચ્યા વિના વાણી મન સાથે પાછી ફરે છે'' એમ આપના ગુણ ગાતાં અમારી કહેવાની શક્તિ ખૂટી જતાં અમે જાણે અપ્રમાણ હોઈએ તેમ આપમા સમાઈ જઈએ છીએ. આપ પરમાનન્દરૂપ શ્રીકૃષ્ણ સેવા કરવા યોગ્ય છો અને આપનોજ અમે બોધ કરીએ છીએ. આવું જ્ઞાન સર્વને થાય તે માટે આપે બુદ્ધિ ઉત્પન્ન કરી છે કે જેથી સૂક્ષ્મ દષ્ટિથી જાણેકે બધા વેદો આપનુંજ નિરૂપણ કરે છે. તેથી બ્રહ્મ જણાવી શકાય તેવું ન હોવા છતાં અને અમો શ્રુતિઓ ગુણ જણાવનારી હોવા છતાં સાક્ષાત્ આપનુંજ નિરૂપણ કરીએ છીએ.

**''કૃષ્ણાનન્દઃ પરાનન્દો નાન્યાનન્દસ્તથાવિધઃ, વેદા અપિ ન તચ્છક્તાઃ પ્રતિપાદયિતું સ્વતઃ''** શ્રીકૃષ્ણનો આનન્દજ સર્વથી ઉત્તમ આનન્દ છે, બીજો કોઈ આનન્દ તેવો નથી. વેદો પણ પોતે શ્રીકૃષ્ણના આનન્દનું સાક્ષાત્ નિરૂપણ કરવા સમર્થ નથી.

એ પ્રમાણે શ્રુતિએ કહેલ તે બ્રહ્માના માનસપુત્રોને સનન્દે કહી સંભળાવ્યું. ''ભગવાન જ છે અને તે જ સેવા કરવા યોગ્ય છે'' એટલો જ આ શ્રુતિગીતાનો અર્થ છે. બ્રહ્માના પુત્રોના હૃદયમાં તે અર્થ ઉતર્યો એટલે તેમણે સનન્દની પૂજા કરી, કારણ કે આ વિષય અપૂર્વ અને જનલોકમાં વસનારાઓને પણ દુર્લભ હતો. પછી તેમને બીજું કાંઈ શ્રવણ કરવા યોગ્ય ન રહેવાથી તે બધા સિદ્ધ થયા. સર્વ વેદો, પુરાણો તથા ઉપનિષદો મથીને કાઢેલો આજ અર્થ છે. તેથી બ્રહ્મા પાસેથી બ્રહ્મરૂપ વારસો પ્રાપ્ત કરનાર નારદ! તું આ શ્રુતિગીતાના અર્થનો સદા વિચાર કરતાં પૃથ્વી ઉપર ફર્યા કર. તેનાથી સદા ભગવાનનું સ્મરણ થયા કરે છે અને સર્વ કામનાઓનો નાશ થાય છે. મનુષ્યોને આ શ્રુતગીતા ખાસ હિત કરનારી છે.

**વ્યાસનો શ્રુતિગીતાના સિદ્ધાન્તમાં અવિરોધઃ**

ગુરુ નારાયણે એ પ્રમાણે નારદને બોધ આપ્યો. નારદને શ્રુતિગીતામાં શ્રદ્ધા થઈ અને તેનો અર્થ તે બરાબર સમજ્યો. પછી વીર જેવા વ્રતવાળામુનિ નારદે કહ્યું કે ''મૂલરૂપ ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર છે. પ્રાણીમાત્રને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે તે કમનીય રૂપ ધારણ કરી અવતાર લે છે. અમારા ઉપર ઉપકાર કરવા આપ નારાયણનાં રૂપથી તે શ્રીકૃષ્ણ જ પ્રકટ થયા છે.'' નારાયણ પણ પ્રથમ ઋષિ હોઈ પોતાનું સ્વરૂપ જાણતા હતા અને તેમના શિષ્યો પણ જાણતા હતા, તેથી એ પ્રમાણે કહી તેમને નમસ્કાર કરી નારદ વ્યાસજીના આશ્રમે ગયા. વ્યાસે કરેલ સત્કાર તથા આસન ગ્રહણ કરી, નારદે નારાયણના મુખથી જે સાંભળ્યું તે વ્યાસને કહ્યું અને વ્યાસે તેનો વિરોધ કર્યો નહિ, તેથી સાંખ્ય અને તેના ઉપર આધાર રાખનાર વૈષ્ણવ સિદ્ધાન્ત પ્રમાણે પણ વેદો બધા માત્ર ભગવાનના જ ગુણગાન કરે છે અને તેમની જ ભક્તિ કરવાનો ઉપદેશ કરે છે એ વૃત્તાન્ત ભગવાનનો 'યશ' ગુણ દર્શાવે છે.

**શ્રીકૃષ્ણને અને શંકરને ભજનાર ભક્તોમાં શ્રી સમ્બન્ધી ભેદઃ**

હવે ભગવાનના ''શ્રી' ગુણનું નિરૂપણ કરવામાં આવે છે. શંકરમાં લક્ષ્મીથી પ્રાપ્ત થતી શોભા નથી છતાં શંકરને ભજનારા મોટે ભાગે ધનવાન અને ભોગ ભોગવનારા હોય છે. ભગવાન શ્રીકૃષ્ણ તો લક્ષ્મીના પતિ અને બીજાનાં દુઃખોને હરનારા છે છતાં તેમનું ભજન કરનાર નથી હોતા ધનવાન કે નથી હોતા ભોગો ભોગવનાર. તેનું કારણ એવું છે કે શંકરને અભિમાન ન હોવા છતાં તે સદા શક્તિ સાથે રહે છે. શાંત શિવ જો પ્રલય કરનારી શક્તિને ધારણ ન કરે તો તે પ્રલય કરે. શંકર જો કાલકૂટ વિષ પોતાના કંઠમાં ન રાખે તો તે સર્વ પદાર્થોના દોષોનું અધિદૈવિક રૂપ હોવાથી તે સર્વ વસ્તુમાં દોષો ઉત્પન્ન કરે એટલે

દોષવાળાં અન્ન વગેરે ખાઈ બધા મરણ પામે. જો તે સર્પને ધારણ ન કરે તો બધા પુરુષોને કુંડલીની (સર્પોની આધિદૈવિક રૂપવાળી શક્તિ) ઘેરી લઈ મારી નાખે. જો તે ચંદ્રને ધારણ ન કરે તો ચંદ્ર સર્વને દુબળા બનાવે. જો મૃત્યુના વર્ણરૂપ વાઘચર્મને તે ધારણ ન કરે તો પ્રાણીઓનું મૃત્યુ રોકાય નહિ. જો તે ગંગાને ધારણ ન કરે તો તે સર્વના દેહને પોતાના સ્પર્શથી ભગવદીય બનાવે, એટલે સર્વ કોઈ અધિકારી થાય. જો તે મેઘરૂપ જટા ધારણ ન કરે તો વાયુથી પ્રેરાઈ મેઘો જતા રહે અને વૃષ્ટિ ન કરે. શંકર એવી રીતે ઘણા કૃપાળુ હોવા છતાં પોતાના સેવકોને અનુસરી સત્ત્વ, રજસ્ અને તમો ગુણથી ઘેરાઈ ત્રણ ગુણવાળા થાય છે અને અહંકારના અધિષ્ઠાતા થાય છે. પછી શક્તિને પુરુષનો સમ્બન્ધ થતાં, તે પ્રલય કરવાનું મૂકી દઈ સૃષ્ટિ રચે છે. પાંચ મહાભૂતો અને અગિયાર ઈન્દ્રિયો મળી સોળ વિકાર હોવાથી મહાદેવ સોળ રૂપ ધારણ કરે છે. તે સોળ પૈકી હરકોઈ મૂર્તિની ઉપાસના કરનારને બધી વિભૂતિઓનું ફલ મળે છે, કારણ કે ઐશ્વર્ય વગેરેને ક્ષય ન પામે તેવા કરીને મહાદેવ ધારણ કરે છે. તેથી તેમનામાં કાંઈ દોષ નથી છતાં પોતાના ભક્તોને અનુકૂલ થઈ, તેમને ધન વગેરે આપે છે.

આથી ઉલ્ટું શ્રીકૃષ્ણ નિર્ગુણ છે અને સર્વ ભક્તોના આત્મા હોવાથી તેમનું હિત જ વિચારે છે પણ તેમને અનૂકૂલ થઈ દાન કરતા નથી. બધાનાં સર્વ કાર્ય વગેરે તે જુએ છે, અન્તર્યામી હોવાથી સમીપ રહીને પણ જુએ છે. તેથી જ્યારે અમુક પદાર્થો વિના ભક્તોનું કાર્ય સિદ્ધ થાય તેમ નથી એમ જુએ ત્યારે જ તે તેને આપે છે. આવા ઘણા ચતુર ભગવાનના ભક્તને પણ ગુણોનું પ્રયોજન ન રહેવાથી તે પણ નિર્ગુણ થાય છે. તેથી ધન વગેરેની તેને જરૂર હોતી નથી અને ભગવાન તેન તે આપતા પણ નથી. યુધિષ્ઠિરનો અશ્વમેધ પૂરો થતાં તેના પ્રશ્નના ઉત્તરમાં શ્રીકૃષ્ણે તેને કહેલ કે ''જેના એકલાના ઉપર હું કૃપા કરું છું તેને ભક્તોનો સંગ કરાવી કૃતાર્થ જ કરું છું, તેનું ધન હરવાની મારે જરૂર હોતી નથી; પરન્તુ જેના બધા સમ્બન્ધીઓ ઉપર પણ હું કૃપા કરું છું, તેનું ધન હરવાથી બધાના ઉપર ઉપકાર થતો હોવાથી હું તેનું ધન ધીરે-ધીરે હરું છું. જો ધન હરતાં તેને વિવેક (સારું-ખરાબ જાણવાની શક્તિ) થાય તો પછી ધન નથી હરતો. વિવેક ન થાય તો ધન હર્યા જ કરું છું, એટલે તે નિર્ધન થવાથી તેના સમ્બન્ધીઓ તેનો ત્યાગ કરે છે અને તે ઘણો દુઃખી થાય છે. ધનવાન્ હોવાથી જે મારી ભક્તિ કરતો નથી તેને આવી દશા કરું છું. પછી ધન પ્રાપ્ત કરી, તે સમ્બન્ધીઓને વશ કરીશ એવી માન્યતાથી ધન પ્રાપ્ત કરવા તે પ્રયાસ કરે છે પણ તેને ધન પ્રાપ્ત થતું નથી ત્યારે તે દુઃખી થઈ વૈરાગ્ય પ્રાપ્ત કરે છે, એટલે પોતાના જેવા (નિર્ધન) મારા ભક્તો સાથે તેને મૈત્રી થાય છે, એટલે હું પોતે જ તેના ઉપર કૃપા કરી, તેને બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવી પછી મારી સેવા કરાવી સર્વ સુખો આપું છું. તેને મારા ભક્તો સાથે મૈત્રી થવાથી પ્રથમ જ્ઞાન પ્રાપ્ત થાય છે, એટલે તે માત્ર મને જ ભજે છે. હું તેને ધન વગેરે આપતો નથી, હોય તે પણ હરી લઉં છું અને મુક્તિ જ આપું છું પણ આ લોકનાં સુખ આપતો નથી. તેથી લૌકિક સુખ ઈચ્છનારા મને ન ભજતાં બીજાને જ ભજે છે. શંકર વગેરે

દેવો તરત તેમના ઉપર પ્રસન્ન થઈ તેમને રાજ્ય-લક્ષ્મી વગેરે આપે છે, એટલે તેમને મદ થાય છે. પછી મદ વધતાં તેઓ અસાવધાન થઈ ધર્મ વગેરે આચરતા નથી અને પોતાને રાજય વગેરેનું દાન કરનાર દેવને પણ વિસરી જાય છે અને તે દેવ પોતે કૃપા કરી તેને પોતાનું સ્મરણ કરાવે તો તેમની અવગણના પણ કરે છે.'' તેથી ભગવાન શ્રીકૃષ્ણ પોતે નિશ્ચલ લક્ષ્મી રાખે છે પણ ભકતોને આપતા નથી. શિવ વગેરે દેવો વિચાર કર્યા વિના દાન કરે છે. શ્રીકૃષ્ણ જ વિચાર કરીને દાન કરનાર છે. વિચાર કર્યા વિના દાન કરવાથી દાના કરનારને પણ હાનિ થાય છે. માત્ર શ્રીકૃષ્ણમાં આસક્તિ રાખનારી લક્ષ્મી શુદ્ધ છે, બીજા પાસે ગયેલી દુષ્ટ જ છે. તેથી બુદ્ધિમાન્ પુરુષે શ્રીકૃષ્ણ જ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવી પણ કોઈ સમયે લક્ષ્મી પ્રાપ્ત કરવાની ઈચ્છા ન કરવી.

**વૃકાસુરની કથાઃ**

વિચાર કર્યા વિના દાન કરવાથી, દાન કરનારને પણ હાનિ થાય છે, એ વૃકાસુરને કથાથી સિદ્ધ થાય છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર તેમજ દુર્ગા-ગણેશ વગેરે દેવો શાપ આપવાની અથવા વર આપવાની શક્તિ વાળા છે, છતાં બ્રહ્મા અને શંકર થોડા જ સમયમાં શાપ આપે છે અથવા વર આપે છે પણ શ્રીકૃષ્ણ તેમ કરતા નથી. તે તો તે જીવનું સ્વરૂપ, સ્વભાવ, તેણે ભવિષ્યમાં કરવાનું કાર્ય વગેરે સર્વનો વિચાર કર્યા પછી જ શાપ અથવા વર આપે છે. શંકરે વૃકાસુરને વગર વિચારે વર આપેલ અને તેથી તેમને પોતાને જ દુઃખ થયેલું. હિરણ્યાક્ષના પુત્ર શકુનિનો 'વૃક' નામનો પુત્ર હતો. તે દુષ્ટ હોવાથી બધા દેવોનો જડમૂલથી નાશ કરવા ઈચ્છતો હતો. સર્વ દેવોના મૂલરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર હોવાથી તેમનો નાશ કરવાની ઈચ્છાથી તે ત્રણમાંના જ એકને પ્રસન્ન કરી તેની કૃપાથી એમ કરીશ એવા વિચારથી તેનો ઉપાય જાણનાર નારદ તેને દૈવની ઈચ્છાથી માર્ગમાં મળતાં તેણે તેને પૂછ્યું કે ''આ ત્રણ દેવોમાં તરત પ્રસન્ન થાય તેવા કોણ?'' નારદ દેવોના નાશનો ઉપાય દર્શાવે નહિ, છતાં વૃક દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી તેણે તેને પૂછ્યું. નારદે કહ્યું કે ''શંકર થોડા જ ગુણથી તરત પ્રસન્ન થાય છે અને થોડા જ દોષથી તરત કોપ કરે છે. તેથી તેમની પાસે જા તો તારું કાર્ય તરત પાર પડશે. રાવણ અને બાણે તેમની ભાટને જેમે સ્તુતિ કરી એટલે મહાદેવે તેમને ઘણું જ ઐશ્વર્ય આપ્યું અને પોતે તેમના નગરરક્ષક થઈ દુઃખી થયા.''

નારદે એવો ઉપદેશ આપ્યો એટલે વૃકાસુર હિમાલય ઉપર અગ્નિખુણા તરફ મુખ રાખેલ મહાદેવ પાસે ગયો અને પોતાના અવયવોમાંથી માંસ કાપી મહાદેવને ઉદ્દેશી અગ્નિમાં હોમવા લાગ્યો. સાત દિવસ સુધી તેમ કરવા છતાં તેને શંકરના દર્શન થયા નહિ એટલે તે દિવસે પોતાનું તે તીર્થના જલથી પલાળેલું માથું તેણે પોતાની તલવારથી કાપવાની તૈયારી કરી. તેનું એ સાહસ જોઈ, શંકરને તેના વર માગવાના અભિપ્રાય વિશે શંકા થતાં ઘણી દયા આવી. તે ઘણા દયાળુ છે. નિરર્થક મૃત્યુ પામેલાઓને સ્મશાનમાં જોતાં દુઃખી થવાથી, તેમની ભસ્મમાં આળોટીને તેમણે પોતાની જટા ભૂખરી કરેલી. તેથી ઝટકો મારતાં તેણે જેવું તેમનું આહ્વાન કર્યું તેવા જ તે અગ્નિ જેમે કુંડમાંથી પ્રકટ થયા અને માથું કાપતાં તેને

અટકાવ્યો. શંકરનો સ્પર્શ થતાં જ તેનો દેહ પહેલાનો જેવો પુષ્ટ થયો. તેમણે તેને વર માગવા કહ્યું, એટલે તે પાપીએ માગ્યું કે જેના-જેના માથા ઉપર હું મારો હાથ મૂકું તે મરણ પામો. તે સાંભળી શંકરને ખેદ થયો. આવો વર આપવાથી શું થશે? તેના વિચારમાં પડી ગયા. પછી વિચારતાં ભવિષ્યમાં પરમેશ્વર આને ઠગીને હણશે એમ જાણી તેણે હસીને હા પાડી અને જેમ સર્પને દૂધ પાય તેમ તેને માગેલ વર આપ્યો. તે અસૂરે તરત વરની પરીક્ષા કરવા પોતાનો હાથ શંકરના માથા ઉપર મૂકવા માંડ્યો. તે જોતાં શંકર ભય પામ્યા અને ધ્રુજતા-ધ્રુજતા ભાગ્યા. સ્વર્ગ, ભૂમિ અને દિશાઓ ના અંત સુધી નાઠા. અસુર પાછળ દોડ્યો જતો હતો. શંકરનો રક્ષણ કરવાનો ઉપાય ન જાણવાથી મોટા-મોટા દેવો પણ શાંત રહ્યા. પછી શંકર નારાયણ પર્વતની પશ્ચિમે બદરીમાં વૈકુંઠ સ્થાન છે ત્યાં ગયા. ત્યાં સાક્ષાત્ નારાયણ વિરાજે છે અને ત્યાં ગયેલ પાછા આવતા નથી (મુક્ત થાય છે). દૂરથી શંકરને દુઃખમાં પડી આવતાં જોઈ, ભગવાન પોતાની યોગમાયાથી બાલક બન્યા. તેમણે મુંજનો કંદોરો, મૃગચર્મનું વસ્ત્ર, ખાખરાનો દંડ અને જપની માળા ધારણ કરેલ અને વિનયીની જેમે હાથમાં કુશ રાખી અગ્નિ જેમે પ્રકાશતા વૃકની સામે આવી તેને વંદન કર્યુ. તેમણે કંદોરો વગેરે ચારથી તેના ચારે પુરુષાર્થ, કુશથી તેનું પુણ્ય, તેજથી તેનું બલ અને વંદનથી તેનું આયુષ્ય હરી લીધા. પછી તેને મોહ ઉત્પન્ન કરતા કહ્યું કે ''હે વૃક! તને પરસેવો થયેલ હોવાથી તું જરૂર થાકેલો છે. તું દોડતો આટલે બધે દૂર કેમ આવ્યો છો? એક ક્ષણ અહીં વિશ્રામ લે. પ્રાણીઓનો દેહ તેમની સર્વ કામનાઓ પૂરી પાડનાર છે. શ્રમને લીધે દેહ પડશે તો તારું કાંઈ કાર્ય નહિ થાય, તેથી કાર્ય પડતું મૂકી દેહનું રક્ષણ થાય તે માટે વિશ્રામ લે. તારું કાર્ય છુપું હોય તો મને ન કહીશ પણ જો મને કહેવા જેવું હોય તો કહે કે આટલો બધો શ્રમ કરી તારે શું કરવું છે? કારણ કે દરેક માણસ પોતાના મિત્રોની મદદથી પોતાનું કાર્ય પાર પાડે છે.

ભગવાને અમૃત વાણીથી એમ કહ્યું, એટલે તેનો શ્રમ ઉતરી ગયો ભગવાન સર્વના મિત્ર છે એમ તેણે સાંભળેલું. તેથી તેણે નારદને પ્રશ્ન પૂછેલો ત્યાંથી આરંભી પોતે તપ કરેલ તે તથા પોતાનો અભિપ્રાય તેમને જણાવ્યો. એટલે તેમણે કહ્યું કે ''તારે જો તેમનાં વચનની પરીક્ષા જ કરવી હોય તો તેનો ઉપાય હું તને કહું. મારામાં તને વિશ્વાસ હશે તો તેમનું વચન ખોટું જ ઠરશે. મને તેમાં વિશ્વાસ નથી, કારણ કે દક્ષે તેમને શાપ આપેલ છે કે દેવોમાં અધમ ગણાશે અને તેમને યજ્ઞમાં ભાગ પણ નહિ મળે. તેથી તે શ્મશાન વગેરેમાં ભમી પિશાચ થયેલ છે. પિશાચો સર્વથી અધમ છે. તેથી જો મારામાં વિશ્વાસ હોય તો તેણે આપેલ વર મિથ્યા છે એમ જાણી નિશ્ચિન્ત થા. જો તને તે જગતના ગુરુના વચનમાં વિશ્વાસ હોય તો તારા પોતાના માથાં ઉપર હાથ મૂકી પરીક્ષા કર.'' ભગવાનનો આમ કહેવામાં એવો અભિપ્રાય હતો કે જો વૃકને તેમનામાં વિશ્વાસ હશે તો શંકરે આપેલ વરથી તે પોતે મરશે નહિ, મહાદેવને પણ દુઃખ નહિ થાય અને લોકોને પણ કાંઈ હાનિ નહિ થાય; એટલે મહાદેવે આપેલ વર ભગવાને પાછો લઈ લીધો એમ થશે, પણ જો ભગવાનનાં

વચનમાં વિશ્વાસ ન રાખતાં મહાદેવના વરમાં તેને વિશ્વાસ હશે તો તેનો નાશ થશે. ભગવાનની આવી મોહક વાણીથી તેની બુદ્ધિ નાશ પામી. તેના હૃદયમાં તેમનું વચન ખોટું થશે એમ સ્ફુર્યું. ભગવાન શંકરનું વચન ખોટું હોવાનું કેમ કહે છે એમ તેને વિસ્મય થયો. તે દુષ્ટ બુદ્ધિવાળો હોવાથી તેણે જેવો પોતાનો હાથ પોતાના માથા ઉપર મૂક્યો કે તરત જ તેનું માથું ફૂટ્યું અને વજ્રથી હણાયેલો હોય તેમ જગતને દુઃખી કરનારો તે હણાઈ ભૂમિ ઉપર પડ્યો. સ્વર્ગમાં દેવોએ ''જય-જય!નમસ્કાર! બહુ સારું થયું'' એમ કહ્યું. દેવો, ઋષિઓ, પિતૃઓ અને ગન્ધર્વોએ પુષ્પોની વૃષ્ટિ કરી, કારણ કે એક તરફ વાઘ અને બીજી તરફ ખાઈ હોય એવા સંકટમાં પડેલા પુરુષની જેમે, પોતાનું અજરપણું તથા અમરપણું પોતાનાં જ વચનથી ખોટું પડે એવા સંકટમાં આવી પડેલા શંકર તેમાંથી છૂટ્યા. પછી શરમને લીધે મહાદેવને દુઃખ ન થાય તે માટે ભગવાને તેમને કહ્યું કે ''હે મહાદેવ! આ પાપી પોતાનાં પાપથી જ મૂઓ, કારણ કે મોટાઓનો દ્રોહ કરનાર કોણ કુશલ રહે? તમારા સેવકનો અપરાધ કરનાર પણ સુખી ન થાય તો તમારો અપરાધ કરનાર તો કયાંથી જ સુખી થાય?''

આ વાત પરમત હોવા છતાં શ્રીના સમ્બન્ધમાં વિવેકના નિધિરૂપ ભગવાન કેવા પ્રકારનું દાન કરે છે તે દર્શાવે છે. લોકોને દાન કરનાર મહાદેવ છે. તે પણ જ્યારે અનર્થ કરે છે અને સંકટમાં આવી પડે છે ત્યારે તેમને પણ ભગવાન જ મુક્ત કરાવે છે. એ પ્રમાણે ભગવાનમાં 'શ્રી' (લક્ષ્મી તથા લક્ષ્મીથી થતી શોભા) હોવાનું સિદ્ધ થાય છે.

**ઋષિઓની ત્રિમૂર્તિ સમ્બન્ધી મંત્રણા અને નિર્ણયઃ**

હવે ભગવાનના 'જ્ઞાન' ગુણનું નિરૂપણ કરવામાં આવે છે. ભગવાનમાં પૂરેપૂરી જ્ઞાનશકિત છે. તે નીચેની ઋષિઓની મંત્રણાથી સિદ્ધ થાય છે. સરસ્વતીના તીરે ઋષિઓ યજ્ઞ કરતા હતા ત્યારે કર્મનું ફળ કોને સમર્પણ કરવું એ પ્રશ્ન ઉત્પન્ન થયો. કેટલાક કહે કે ''બ્રહ્મા (જગત્ રચનાર) પિતા હોવાથી તેમને સમર્પણ કરવું''. કેટલાક કહે કે ''વિષ્ણુ યજ્ઞરૂપ હોવાથી તેમને સમર્પણ કરવું''. અને કેટલાક કહે કે ''શંકર જ્ઞાનનો ઉપદેશ કરનાર ગુરુ હોવાથી તેમને સમર્પણ કરવું''. ''જેમનામાં વધારે સદ્ગુણો હોય અને જેમને કોઈ પણ સ્થિતિમાં ક્રોધ ન થાય તેમને સમર્પણ કરવું''. આ ત્રણમાં તેવા કોણ એ નિર્ણય કરવા, પ્રત્યક્ષને પ્રમાણ ગણી, પ્રત્યક્ષ જોઈ નિર્ણય કરવા તે બધાએ પોતાની જ્ઞાનરૂપ બ્રહ્મશક્તિ ભૃગુમાં મૂકી, ત્યારે ભૃગુ બ્રહ્મરૂપ થયા અને દેહનો સમ્બન્ધ ભૂલ્યા. તેમને બધાએ પરીક્ષા કરી નિર્ણય કરવા મોકલ્યા.

બ્રહ્મા પિતા છે, 'બ્રહ્મ' શબ્દથી ઓળખાય છે અને સર્વને પ્રવૃત્તિ કરાવે છે તેથી તે પહેલાં બ્રહ્મા પાસે ગયા. અને બધા ત્યાં જનારા તેમને નમસ્કાર કરી સ્તુતિ કરતા તેમ તેમણે ન કર્યું, કારણ કે તે બ્રહ્માના વિવેક-ધૈર્ય વગેરેની પરીક્ષા કરવા ઈચ્છતા હતા. બ્રહ્મામાં વેદ હોવાથી તે પોતાના જ બ્રહ્મતેજથી પ્રજ્વલિત હતા અને ભૃગુમાં તો બ્રાહ્મણોનું બ્રહ્મતેજ હતું, છતાં ભૃગુએ નમસ્કાર તથા સ્તુતિ ન કર્યા તેથી બ્રહ્માને ક્રોધ

થયો પણ પછી શાંત થયો. ભૃગુ પણ પોતાથી ઉત્પન્ન થયેલ પુત્ર હતા અને ક્રોધ પણ પોતાથી ઉત્પન્ન થયેલો. તેથી બન્ને સમાન બલવાળા હોવાથી માત્ર કજીયો થશે એમ વિચારી, બ્રહ્માસ્ત્રથી જેમ બહ્માસ્ત્ર શાંત થાય તેમ બ્રહ્માએ ક્રોધ શાંત કર્યો. વાસ્તવિક રીતે તો જેમ અગ્નિમાંથી ઉત્પન્ન થયેલ જલથી અગ્નિ શાંત થાય તેમ ભૃગુના તેજથી બ્રહ્માનો ક્રોધ શાંત થયો. બ્રહ્માને ક્રોધ થવાથી તે કર્મનું ફલ સમર્પણ કરવા યોગ્ય નથી એમ વિચારી, લોકને ઉપદેશ કરનાર મહાદેવમાં એવી યોગ્યતા હશે એમ માની ભૃગુ કૈલાસ ગયા.

શંકર અને ભૃગુ બન્ને બ્રહ્માથી ઉત્પન્ન થયેલા હોવાથી ભાઈ હોઈ સમાન હતા, છતાં ભૃગુનું તેજ જોઈ, પોતે જ્ઞાનશકિત અને ઐશ્વર્ય વાળા હોવા છતાં, શંકરે આનન્દથી ઉઠી તેમને ભેટવાની તૈયારી કરી ત્યારે ભૃગુએ કહ્યું કે ''તમે તો વામમાર્ગી હોવાથી મને ભેટશો નહિ''. દેવ સ્વચ્છંદ ચરિત આચરે તેથી દોષ થતો નથી, છતાં ભૃગુએ હ્યું તેથી શંકરને ક્રોધ થયો, એટલે તેમની જ્ઞાનશક્તિનો લોપ થયો અને ત્રિશુલ ઉગામી તે ભૃગુને મારવા તૈયાર થયા. એટલામાં જ્ઞાનશકિત પાર્વતીએ ભૃગુનું સ્વરૂપ જાણી શંકરના પગે પડી તેમને શાંત કર્યા.

પછી ભૃગુ વૈકુંઠમાં ભગવાન જનાર્દન વિરાજે છે ત્યાં ગયા. તે ભૃગુની પુત્રી લક્ષ્મીના પતિ, ભૃગુના જમાઈ હોવાથી તેમને દ્વારપાલોએ રોકયા નહિ. ભગવાન તે સમયે લક્ષ્મીના ખોળામાં પોઢ્યા હતા. ત્યાં જઈ ભૃગુએ તેમની છાતી ઉપર પગની પાટુ મારી. ભૃગુ પરીક્ષા કરવા ગયેલ હોવાથી, વિલંબ થાય તે તેમને ગોઠતું ન હતું અને ભગવાન તો પોઢ્યા હતા. પોઢેલ હોય તેમનો અપરાધ બીજી શી રીતે થાય? તેથી અપરાધ કરતાં જ તેમને જગાડ્યા. સ્થાન, સમય, પોઢેલાની અવસ્થા, લક્ષ્મીની હાજરી, અપરાધ પગથી કરવો અને લાત એ છએ દુષ્ટ હતા. જો ભગવાનમાં છએ ગુણો ન હોય તો તે અવશ્ય ક્રોધ કરે; પણ ભગવાનની જ્ઞાનશક્તિ પૂર્ણ છે. તે સર્વજ્ઞ છે. તેથી ભૃગુમાં બ્રહ્મતેજ છે એમ જાણી તેમણે પોતાના છ ગુણો ભૃગુમાં સ્થાપન કરી, તેના ગુણો ગ્રહણ કર્યા અને ભૃગુએ પગની લાત મારેલ હોવા છતાં જરાએ ક્રોધ ન કરતાં મન, કાયા અને વાણી થી તે ગુણો પ્રકટ કર્યા. જેવી લાત મારી કે તરતજ ૧.ઉભા થયા, એ તેમણે પોતાના ઐશ્વર્યથી વિરુદ્ધ ગુણ પ્રકટ કર્યો. ૨.લક્ષ્મી સાથે ઉભા થયા એ વીર્યથી વિરુદ્ધ ગુણ પ્રકટ કર્યો, કારણ કે શક્તિવાળો કોઈ સુખ તજે નહિ. ૩.સત્પુરુષોના ફલરૂપ હોવા છતાં તેમણે તેમ કર્યું એ યશથી વિરુદ્ધ છે, કારણ કે તેથી હલકાઈ જણાતી હોવાથી અપકીર્તિ થાય. ૪.તે પોતાની પથારીમાંથી ઉઠ્યા એ શ્રીથી વિરુદ્ધ છે, કારણ કે તેમ કરવાથી શોભા જતી રહે. ૫.પછી તેમણે ભૃગુને નમન કર્યું એ જ્ઞાનથી વિરુદ્ધ છે, કારણ કે હલકો (અજ્ઞાની) હોય તે નમન કરે. ૬.તે પણ મસ્તકથી નમન કર્યું, એ વૈરાગ્યથી વિરુદ્ધ છે, કારણ કે ભૃગુ મુનિ ક્રોધ ન કરે તે માટે એવી રીતે નમન કરવું એ મુનિની દરકાર કરવા બરાબર છે અને જેને બીજાની દરકાર હોય તે વૈરાગ્યવાળા ન ગણાય.

પછી વાણીથી પણ એવા જ ગુણો પ્રકટ કર્યા. ૧.પધારો કહી તેમને પોતાની

સમાન જણાવી ઐશ્વર્યથી વિરુદ્ધ ગુણ પ્રકટ કર્યો. ૨.'હે બ્રહ્મન્!' એવા સંબોધનથી તેમને સરસાઈ દર્શાવી વીર્યથી વિરુદ્ધ ગુણ પ્રકટ કર્યો. ૩.'આ આસન ઉપર વિરાજો' એવી પ્રાર્થના કરી એ કીર્તિથી વિરુદ્ધ કહ્યું. ૪.'એક ક્ષણ (વિરાજો)' એમ દૈન્ય દર્શાવ્યું એ શ્રીથી વિરુદ્ધ છે. ૫.'તમે પધાર્યા તે મને ખબર ન હતી' એમ કહ્યું એ જ્ઞાનથી વિરુદ્ધ છે. ૬.'મારો અપરાધ ક્ષમા કરો' એમ કહ્યું, એ તેમની દરકાર દર્શાવતું હોવાથી વૈરાગ્યથી વિરુદ્ધ છે.

પછી વાણીથી જ કાયાના એવા ગુણો પ્રકટ કરતાં કહ્યું કે 'મને પવિત્ર કરો'. ૧.ભગવાન પવિત્રતામાં મોટામાં મોટા ઐશ્વર્યવાળા છે, કારણ કે તેમણે પોતાના ચરણના નખના જલરૂપ ગંગામાં પણ પાવિત્ર્ય મૂકેલું છે. નખનું જલ અપવિત્ર છે. તેમાં પવિત્રતા જેમણે મૂકેલી તે ભગવાન આમ કહે તે ઐશ્વર્યથી વિરુદ્ધ છે. ૨.વળી ઘણું દૈન્ય જણાવતાં તેમણે કહ્યું કે ''મારી અંદર લોકપાલો છે તેમની સાથે મને પવિત્ર કરો'' આ વીર્યથી વિરુદ્ધ છે, કારણ કે તે ભગવાનમાં રહેલા લોકપાલો સાથે ભૃગુને સમ્બન્ધ જ ન હતો, એટલે તે તેમને કેવી રીતે પવિત્ર કરવાના હતા? ૩.તે પણ ''તમારા તીર્થોને તીર્થ બનાવનારાં ચરણોદકથી પવિત્ર કરો'' એમ કહ્યું, તે કીર્તિથી વિરુદ્ધ છે. ૪.''હું આજે લક્ષ્મીના કાયમના ધામરૂપ થયો'' એમ કહ્યું તે શ્રી(લક્ષ્મી)થી વિરુદ્ધ થયું, કારણ કે અધિદૈવિકી અને આધિભૌતિકી લક્ષ્મી પણ સદા ભગવાન પાસે જ રહે છે. તેથી આ વચન ભગવાનનાં તેમજ લક્ષ્મીનાં સ્વરૂપથી વિરુદ્ધ છે. ૫.'મારી છાતી ઉપર લક્ષ્મી સદા રહેશે' એમ કહ્યું તે જ્ઞાનથી વિરુદ્ધ છે, કારણ કે જ્ઞાનથી પૂર્ણ ભગવાનની છાતી ઉપર ક્રિયા શક્તિ રહે નહિ ૬.વળી તે અંતરંગ શક્તિ રહેશે, એવી આશા દર્શાવી તે વૈરાગ્યથી પણ વિરુદ્ધ છે. ૭.''તમારા ચરણના પ્રહારથી મારાં પાપનો નાશ થયો'' એમ કહ્યું તે ધર્મીથી પણ વિરુદ્ધ છે.

ભગવાને પોતાના ગુણો ભૃગુમાં સ્થાપન કરી, તેના ગુણો ગ્રહણ કરીને જ આ બધું કહેલું છે. જો ભગવાન તેમ ન કરે તો ભૃગુનો નાશ જ થાય. જેમ કોઈ ભારે રાજદ્રોહ કરે ત્યારે રાજાના અધિકારીઓ તેને મારી જ નાખે, પણ જો રાજા તે અપરાધીને પોતાના સિંહાસન ઉપર બેસાડે તો તે અધિકારીઓ તેને અનુકૂલ થઈ પડે અને પીડા ન કરે. તેથી તે પ્રમાણે કરવા ભગવાને ભૃગુની એ રીતે સેવા કરી. ભગવાનની હલકાઈ દર્શાવનારી આ લીલા મોહ કરનારી જાણવી. ભગવાને એ પ્રમાણે એમ જણાવ્યું કે તેમનામાં અહંકાર નથી અને તે માન આપનારા છે. ભગવાનની એવી મધુર નમ્ર વાણીથી ભૃગુને આનન્દ થયો. ભગવાને તેમનામાં પોતાના ગુણો મૂકેલા હોવાથી તે તૃપ્ત થયા અને સંદેહ વગેરે ન કરતાં શાંત રહ્યા, ભગવાન અદ્ભુત કર્મ કરનારા હોવાથી ભૃગુએ ભક્તિથી વિરુદ્ધ કરેલા અપરાધથી પણ તેમને ભક્તિનું દાન કર્યુ અને પ્રેમલક્ષણા ભક્તિથી તેમના નયનોમાં આંસુ આવ્યાં. તે પાછા મુનિઓ યજ્ઞ કરતા હતા ત્યાં આવ્યા અને પોતાનો બધો અનુભવ તેમને કહી સંભળાવ્યો.

તે સાંભળી બધા મુનિઓ વિસ્મય પામ્યા. ભગવાન જ કર્મનું ફળ સમર્પણ

કરવાયોગ્ય છે એમ તેમણે જાણ્યું. તેમને તેમનામાં જ ઘણી શ્રદ્ધા થઈ, કારણ કે શાન્તિ અને અભય તે જ પ્રાપ્ત કરાવે છે. તેમને લીધે જ ધર્મ થાય છે, અને પ્રાણીઓને પીડા ન થાય તેવાં દયાવાળાં જ્ઞાન અને વૈરાગ્ય, આઠ પ્રકારના અણિમા વિગેરે ઐશ્વર્ય અને અન્તઃકરણનો મલ નાશ કરનાર યશ પ્રાપ્ત થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરાવનાર, મનન કરનાર, શિક્ષા કરવાનું તજનાર, શાંત, સમચિત્તવાળા, ધનની દરકાર ન રાખતાં નિર્ધન રહેનાર, સદાચરણવાળા પુરુષોના ફલરૂપ પણ ભગવાન જ છે. સત્વગુણ તેમને પ્રિય છે અને તે પ્રાપ્ત કરાવનાર બ્રાહ્મણો તેમના ઈષ્ટદેવ છે, અને ફલની ઈચ્છા વિનાના, શાંત, વિવેક જ્ઞાન વિગેરે ગુણવાળા તેમનું જ ભજન કરે છે. તેમનું ભજન કરવામાં કુશલ બુદ્ધિની જરૂર પણ નથી. દેવો અસુરો અને રાક્ષસોનાં રૂપ પણ તેમણે જ ધારણ કરેલ હોવાથી તે સર્વરૂપ છે. સરસ્વતીના તીરે યજ્ઞ કરનાર ઋષિઓ પ્રમાણને મુખ્ય માનતા. પોતાનો સંશય દૂર કરવા તેમણે પોતે જ ભગવાનનું ભજન કર્યું, અને ભગવાનની જ સેવા કરી તેમને પ્રાપ્ત કર્યા.

''**ભક્ત્યૈવ તુષ્ટિમભ્યેતિ વિષ્ણુર્નાન્યેન કેનચિત્, સએવ મુક્તિદાતા ચ ભક્તિસ્તત્રૈવ કારણમ્**'' વિષ્ણુ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, બીજાં કોઈ(સાધન)થી પ્રસન્ન થતા નથી. વળી તે જ મુક્તિ આપનાર છે, અને તે (મુક્તિ)નું સાધન ભક્તિ જ છે. એ પ્રમાણે પ્રમાણબલથી ભગવાનની જ્ઞાનશક્તિ જણાવી.

હવે પ્રમેયબલથી ભગવાનની જ્ઞાનશક્તિ દર્શાવવા દ્વારકાવાસી વિપ્રની કથા કહેવામાં આવે છે. એક વાર દ્વારકામાં એક બ્રાહ્મણની પત્નીનો પુત્ર જન્મ્યો કે તરત જ તે સમયે કાલ ભૂમિ ઉપર હોવાથી તેને ભૂમિનો સ્પર્શ થતાં જ તે મૃત્યુ પામ્યો. બ્રાહ્મણે જાણ્યું કે ''ભગવાન હોવા છતાં મારો પુત્ર મરે એ તો રામચંદ્રના રાજ્યમાં શમ્બુક તપ કરતો હતો તેથી પિતાની હયાતીમાં પુત્ર મરેલો તેવું થયું. વળી ભગવાન કાલને પાછો કાઢે છે, તેથી મારો પુત્ર પાછો આવશે પણ ખરો, અને આ મૂઓ તે રાજાના દોષથી બનેલ છે''. તેથી તે મરેલા પુત્રને રાજદ્વારે લાવ્યો, અને મડદું ઉચકનારને બોલવાની શાસ્ત્રમાં મના હોવાથી તેને ત્યાં મૂકી, ગરીબડો થઈ રડતાં-રડતાં બોલ્યો કે ''ઉગ્રસેન બ્રાહ્મણોનો દ્વેષ કરનાર, જડબુદ્ધિવાળો, લોભી અને વિષયમાં રચ્યોપચ્યો રહેનાર હોવાથી, તેના દોષો(તેને કોઈ પુરુષાર્થ નહિ હોવાથી) તેને નુકશાન કરી ન શકવાથી, મને નડ્યા અને મારો પુત્ર મૂઓ. હિંસામાં આનંદ માનવો, દુરાચરણ અને ઈન્દ્રિયોને વશ ન રાખવી એ ત્રણ રાજાના મોટા દોષ છે. અવા રાજાની પ્રજા દરિદ્ર અને સદા દુઃખી રહી નાશ પામે છે''. એમ રાજાને ઉપદેશ આપવા કહી, પછી બાળકના મડદાને લઈ ગયો. બીજો તેનો બાળક મૂઓ ત્યારે પણ તેમ જ કર્યું. તે સમયે અર્જુન ત્યાં આવેલો. દ્વારકા આવેલ હોવા છતાં લૌકિક બુદ્ધિથી 'હું લોકોનો પતિ છું' એમ માની તે ભગવાનની સમીપ જ બેઠેલા. તેણે અહંકારથી કહ્યું કે ''હે બ્રાહ્મણ! તું રહે છે ત્યાં ધનુષ્ય ધારણ કરનાર કોઈ ક્ષત્રિય નથી? આ સભામાં બેઠા છે તેમના પૂર્વજો ક્ષત્રિયો હતા, પણ અહીં બેઠેલા ઉત્તમ ક્ષત્રિયો જણાતા નથી. બ્રાહ્મણો તો યજ્ઞ કરે છે જ, એટલે તેમના દોષથી આ બાલકો મૂઆ નથી. જે ક્ષત્રિયોના રાજ્યમાં

બ્રાહ્મણો ધન, સ્ત્રી તથા પુત્ર વિનાના શોકમાં રહે છે, તેઓ માત્ર ક્ષત્રિયોનો વેષ ધારણ કરી લોકો પોસેથી અન્ન લઈ પોતાના પ્રાણોનું પોષણ કરે છે. બ્રાહ્મણનું રક્ષણ ક્ષત્રિયે કરવું જોઈએ. તમો સ્ત્રી-પુરુષના બાલકનું હું રક્ષણ કરીશ અને જો મારી આ પ્રતિજ્ઞા ન પળાય તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ''.

અર્જુનનું વચન સાંભળી બ્રાહ્મણે કહ્યું કે ''સંકર્ષણ, વાસુદેવ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચાર રૂપે અવતરેલ ભગવાન પણ મારા પુત્રનું રક્ષણ કરી શક્તા નથી, તો જગતના ઈશ્વરથી પણ થઈ શક્તું નથી તેવું કઠણ કાર્ય કરવા ઈચ્છા રાખનાર તું મૂર્ખ છે. તારા વચનમાં મને શ્રદ્ધા નથી'' અર્જુન એમ માનતો હતો કે સંકર્ષણ વગેરે ચારે પોતપોતાનું મુકરર કરેલું કાર્ય જ કરે, પણ હું તો આવું કાર્ય કરવા ખાસ અવતરેલ હોવાથી હું આ કરી શકીશ. તેથી તેણે ઉત્તર આપ્યો કે ''હે બ્રાહ્મણ! હું સંકર્ષણ, વાસુદેવ, પ્રદ્યુમ્ન કે અનિરુદ્ધ નથી, પણ હું ગાયોને પાછી લાવનાર અને ગાણ્ડીવ ધનુષ્ય ધારણ કરનાર અર્જુન છું. મેં મારા પરાક્રમથી શંકરને પણ પ્રસન્ન કરેલ, તે મૃત્યુ ઉપર વિજય મેળવનારા છે, બીજો કોઈ તેવો પરાક્રમી નથી. તેમને પણ મેં પ્રસન્ન કરેલ તો હું મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરી તારું બાલક લાવી આપું તેમાં શું સંદેહ?''

**અર્જુને કરેલ નિરર્થક રક્ષણપ્રયાસઃ**

એવી રીતે અર્જુને બ્રાહ્મણનો પોતામાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો ત્યારે તે પ્રસન્ન થઈ તેના વીર્યની ગામમાં બધે વાત કરતો પોતાના ઘેર ગયો. પછી તેની પત્નીની સુવાવડ થવાનો સમય આવ્યો ત્યારે અર્જુન પાસે આવી, બાલકનું રક્ષણ કરવા તેને કહ્યું. મહાદેવના બલથી હું બાલકનું રક્ષણ કરીશ એવા વિચારથી, બધા દેવોનો પોતામાં આવેશ થાય તે માટે, મંત્રથી પવિત્ર કરેલાં જલનું અર્જુને આચમન કર્યું, બધાં દિવ્ય અસ્ત્રોનું સ્મરણ કર્યું, પ્રત્યંચા ચઢાવેલું ગાણ્ડીવ લીધું, અને જાત-જાતના અસ્ત્રોથી યોજેલાં બાણોનું પ્રસૂતિગૃહની બધી બાજુએ તથા ઉપર અને નીચે પાંજરું કર્યું. પછી બ્રાહ્મણીનો પુત્ર જન્મયો અને તરત જ રડતાં શરીર સાથે આકાશમાર્ગે અદશ્ય થયો. આકાશ, કાલ અને માયા ને ભેદી તે ભગવાન સાથે લોકાલોક પર્વતની સામી બાજુએ ગયો.

ત્યારે શ્રીકૃષ્ણની હાજરીમાં અર્જુનની નિંદા કરતાં બ્રાહ્મણે કહ્યું કે ''નપુંસકમાં શૌર્ય સંભવે જ નહિ. તેવાની બડાઈમાં મેં શ્રદ્ધા કરી એ મારી મૂર્ખાઈ થઈ. જેનું પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, બલભદ્ર અને કેશવ રક્ષણ કરી ન શક્યા તેનું રક્ષણ કોણ કરી શકે? ખોટું બોલનાર અર્જુનને અને બડાઈખોરના ધનુષ્યને ધિક્કાર છે. જ્યાં સંદેહ હોય ત્યાં પ્રતિજ્ઞા કરાય, પણ જ્યાં પોતાથી રક્ષણ થઈ ન શકે એવા વિષયમાં પણ રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરનાર અર્જુન દુષ્ટ બુદ્ધિવાળો જ છે''. એ પ્રમાણે બ્રાહ્મણ કહેતો હતો એટલામાં અર્જુન ઈચ્છા પ્રમાણે ગતિ આપનારી વિદ્યાનો આશ્રય કરી યમની રાજધાની સંયમનીમાં ગયો. ત્યાં બ્રાહ્મણનો બાલક જોવામાં ન આવતાં, ત્યાંથી ઈન્દ્રની પુરી વગેરે જુદા-જુદા સ્થાને ગયો. ક્યાંય બ્રાહ્મણનો બાલક જોવામાં ન આવતાં પ્રતિજ્ઞા ન પાળવાથી તેણે અગ્નિમાં

પ્રવેશ કરવાની ઈચ્છા કરી.

**શ્રીકૃષ્ણની જ્ઞાનશક્તિથી બધા મરેલ પુત્રોની પણ પ્રાપ્તિઃ**

શ્રીકૃષ્ણે તેને તેમ કરતાં અટકાવ્યો અને 'બ્રાહ્મણના બાલકો હું દેખાડું' એમ કહ્યું. પછી અર્જુન સાથે પોતાના રથમાં બેસી શ્રીકૃષ્ણ પશ્ચિમ દિશામાં ગયા. સાત દ્વીપો, સાત સમુદ્રો અને સાત પર્વતો પછી આવેલી સુવર્ણની ભૂમિ તથા લોકાલોક પર્વતમાં પ્રવેશ કર્યો. ત્યાં અંધકારમાં ભગવાનનાં અશ્વોની ગતિ અટકી પડી, એટલે તેમણે એક હજાર સૂર્યના જેટલાં તેજવાળાં પોતાનાં સુદર્શન ચક્રને આગળ મોકલ્યું. ઘોર અંધકારનો પોતાનાં ઘણા તેજથી નાશ કરતું, મનના જેવી ઝડપવાળું તે સુદર્શન આગળ જવા લાગ્યું. જેમ રામચન્દ્રનું બાણ જ્યાં નાખવાનું ધારી છોડ્યું હોય ત્યાંજ જતું અને જડ હોવા છતાં ચેતનની જેમે જરાએ આડુંઅવળું ન જતું, તેમ સુદર્શન પણ ભગવાનના હાથમાંથી છૂટ્યું કે સીધું ધારેલા સ્થળે જ જતું હતું. તેના માર્ગે અનંત તેજ પ્રસરી રહ્યું, તે જોતાં અર્જુનની આંખો અંજાઈ જવાથી તેણે આંખો બંધ કરી. પછી પ્રચંડ વાયુથી ઉછળતા મોટા મોંજાઓને લીધે ભયંકર જલમાં રથે પ્રવેશ કર્યો. તે જલમાં પ્રકાશતા મણિઓના એક હજાર સ્તંભોથી શોભતું એક અદ્ભુત તેજસ્વી ભવન હતું. તે ભવનમાં પ્રવેશ કરતાં ઘણો અદ્ભુત સર્પ જોવામાં આવ્યો. એક હજાર માથાઓ ઉપરના મણિઓથી તે શોભતો હતો. તેની બે હજાર આંખોથી તે ભયંકર લાગતો હતો. શ્વેત પર્વત જેવો તે શોભતો હતો. તેની કંઠ અને જીભ કાળા હતા, કારણ તે મહાદેવનું અધિદૈવિક સ્વરૂપ હોવાથી તેની જીભમાં મૃત્યુ અને કંઠમાં કાલકૂટ વિષ હતાં. તે સર્પના દેહ ઉપર સુખથી વિરાજેલા ઘણા પ્રભાવવાળા પુરુષોત્તમોત્તમ જોવામાં આવ્યા. તેમનો રંગ ઘાટાં જલવાળાં વાદળાં જેવો હતો. તેમણે ઉત્તમ પીળું વસ્ત્ર પહેર્યું હતું. તેમનું મુખ પ્રસન્ન હતું અને તેમનાં વિશાળ નેત્રો સુંદર હતાં. મોટા મણિથી જડેલાં મુકુટ-કુંડલ તેમણે પહેરેલાં, તેમની કાંતિથી તેમના કેશ સર્વ બાજુએ પ્રકાશતા હતા. તેમને લાંબી સુંદર આઠ ભુજાઓ હતી. તેમણે કૌસ્તુભ તથા શ્રીવત્સ ધારણ કરેલા અને વનમાલા પહેરી હતી. નન્દ-સુનન્દ વગેરે તેમના સેવકો, ચક્ર વગેરે મૂર્તિમાન તેમનાં આયુધો, પુષ્ટિ, શ્રી, કીર્તિ, પ્રકૃતિ તથા ધન-ધાન્ય વગેરે સંપત્તિઓના આધિદૈવિક સ્વરૂપો તેમની સેવા કરતા હતાં. અનંત મૂર્તિવાળા શ્રીકૃષ્ણે પોતાનાં જ તે સ્વરૂપને નમન કર્યું. તે સ્વરૂપનાં દર્શન કરવાથી ભય પામેલા અર્જુને તમને નમન કર્યું. તે બ્રહ્માણ્ડોના અધિપતિ અનિરુદ્ધને તે બન્ને હાથ જોડી ઉભા રહ્યા. અર્જુનને ઠગવા શ્રીકૃષ્ણ પણ એવું નાટક કરતા હતા.

પછી અનિરુદ્ધ ભગવાને હસતાં-હસતાં ગંભીર વાણીથી તેમને કહ્યું કે ''તમને બેને જોવાની ઈચ્છાથી મેં આ બ્રાહ્મણના આ પુત્રો અહીં આણેલા છે. તમે બે દ્વિજોનું તથા ધર્મનું રક્ષણ કરવા મારી કલાના સ્વરૂપે અવતરેલા છો. ભૂમિના ભારરૂપ અસુરોને હણી તમે બે ત્વરાથી અહીં મારી પાસે આવો. તમે નર અને નારાયણ ઋષિઓ પૂર્ણકામ હોવાથી તમારે કાંઈ કરવાનું નથી, છતાં જગત્ નભી રહે તે માટે લોકસંગ્રહમાટે તમે ધર્મ આચરો.''

ભગવાન અનિરુદ્ધે એમ કહ્યું, ત્યારે તેમનું વચન સ્વીકારી, તેમને નમન કરી, બ્રાહ્મણના બાલકોને લઈ, પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ-અર્જુન જે માર્ગે ત્યાં ગયેલા તેજ માર્ગે પાછા આવ્યા. અને બાલકોના જન્મસમયે તેમનાં જેવાં વય, સ્વભાવ વગેરે હતા તેવા વય-સ્વભાવ વગેરે વાળા બાલકો બ્રાહ્મણને પાછા આપ્યા. પછી ભગવાને અર્જુનને તે સ્વરૂપ જણાવ્યું ત્યારે તેને વૈષ્ણવધામનું જ્ઞાન થયું. પહેલાં તે એમ જાણતો કે જેવું ઈન્દ્ર વગેરેનું ધામ તેવું વિષ્ણુનું પણ ધામ, પણ હવે વિષ્ણુના અને ઈન્દ્ર વગેરેના ધામમાં મેરુ અને રાઈ જેટલો તફાવત છે એમ જાણી તે ઘણો વિસ્મય પામ્યો. પછી તેણે જાણ્યું કે પુરુષમાં જે કાંઈ પુરુષાતન છે તે શ્રીકૃષ્ણની કૃપાથી જ છે, એટલે પહેલાં તેણે જે કાંઈ કરેલું અને બીજાઓએ જે કરેલું તે બધું શ્રીકૃષ્ણની કૃપાથી જ થયેલ એમ તેણે માન્યું.

આ દશ બ્રાહ્મણના બાલકો દશ લીલારૂપ, અથવા દશ પ્રાણરૂપ અથવા નિર્ગુણ ભક્તિ ગણતાં દશ ભક્તિરૂપ હતા, એટલે તેમના માટે ભગવાન ગયેલા. આ અનિરુદ્ધનું ચરિત્ર હોવાથી ભગવાન-અર્જુન સાથે ગયેલા. અર્જુન પાસે બધા દેવોનાં અસ્ત્રો હોવાથી, તેની શક્તિથી કાર્ય થઈ ન શક્યું એટલે તે બધા દેવોની શક્તિથી પણ થઈ શકે તેવું નથી, એમ જણાવવાં આ કથા કહેલી છે. આ ચરિત્ર પ્રમેયબલથી ભગવાનની જ્ઞાનશક્તિ દર્શાવે છે.

આવાં જ્ઞાનરૂપ અથવા નિરોધરૂપ અનેક ચરિત્રો દર્શાવતાં ભગવાને ગ્રામ્ય વિષયોનો ભોગ કરેલો અને ઉત્તમ યજ્ઞો કરેલા, કારણ કે લોકના જેવા ગુણો ભગવાન પોતામાં દર્શાવે નહિ તો નાટક બરાબર ન થાય, લોકોને વિશ્વાસ ન આવે અને બધાને મુક્તિ પ્રાપ્ત ન થાય. તેથી જ ભગવાને લોકની જેમે લૌકિક-વૈદિક કર્મો કરેલા. વળી બ્રાહ્મણ વગેરે સર્વ પ્રજાની બધી કામનાઓ ભગવાને પૂર્ણ કરેલી. પ્રાણીમાત્ર અન્નથી નભે છે; અને તે અન્ન વૃષ્ટિને આધીન છે. જો ઈન્દ્ર ક્ષણમાત્ર ઉદાસીન રહે તો પ્રાણીઓનો નાશ જ થાય. જેમ ઈન્દ્ર યોગ્ય સમયે વૃષ્ટિ કરે છે તેમ ભગવાને પ્રજા માત્રની કામનાઓ પૂર્ણ કરી એ તેમની સરસાઈ સિદ્ધ કરે છે. ભગવાને દુષ્ટ રાજાઓને હણ્યા અને અર્જુન વગેરેરૂપ સાધનવડે તેમનો નાશ કરાવ્યો પછી કાંટા વિનાની ભૂમિમાં યુધિષ્ઠિર વગેરેરૂપ સાધનવડે ધર્મની પ્રવૃતિ કરાવી.

**શ્રીકૃષ્ણનો વૈરાગ્ય દર્શાવનાર રતિવિલાસઃ**

હવે ભગવાનના 'વૈરાગ્ય' ગુણનું નિરૂપણ કરવામાં આવે છે. ભક્તોનું મન ભગવાનમાં સ્થિર થાય તે માટે આરંભમાં ભગવાનની પરમાનન્દરૂપ લીલા જણાવવામાં આવે છે.

સર્વ વિલાસોની સામગ્રીવાળા લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ સર્વ સંપતિવાળી પોતાની નગરી દ્વારકામાં વિરાજતા હતા. કાંઈ પણ સાધારણ ઉપદ્રવ થાય તો યાદવો તેનું નિવારણ કરતા, ભગવાનને તે માટે પ્રયાસ કરવો પડતો નહિ. અસાધારણ ઉપદ્રવનું તો ભગવાને જ પહેલાં નિવારણ કરેલું. ત્યાં શ્રીકૃષ્ણ મહેલોમાં રમણ કરતા હતા. પુષ્પોવાળાં વૃક્ષોની પંક્તિઓમાં પ્રવેશતાં પક્ષીઓના નાદ ત્યાની વાડીઓ અને બગીચાઓમાં થતા હતા. ત્યાં

સોળ હજાર સ્ત્રીઓની ઘણી સમૃદ્ધિવાળા ભુવનોમાં તેમના એક જ પતિ શ્રીકૃષ્ણ તેમની સાથે તેમના જેટલાં સ્વરૂપો કરી રમણ કરતા હતા. બધી સ્ત્રીઓને તેમનામાં સ્નેહ હતો. જેટલી સ્ત્રીઓ હતી તેટલા પોતાના સ્વરૂપો તેમની કામના પૂર્ણ કરવા ભગવાન કરતા. બધી સાથે એક સ્થળે રમણ કરવામાં આવે તો એક-બીજીની અદેખાઈ થાય. તેથી દરેક સાથે તેના ભુવનમાં રમણ કરતા. એવી રીતે ગૃહસ્થ જેમે રમણ કરતા. ત્યારે ગંધર્વો તથા ભાટ-ચારણો મૃદંગ, ઢોલકા, વિણા વગેરે વગાડતાં તેમના યશનો ગાન કરતા હતા.

ભગવાનનું ચરિત્ર અદ્‌ભુત છે. તેથી તેમના 'વૈરાગ્ય' ગુણનું નિરૂપણ કરતાં પ્રેમલીલા વર્ણવી. શ્રીકૃષ્ણ ભગવાન હોવાથી તે પોતાને માટે રતિ કરતા નથી એમ પહેલા ગોપીઓનાં પ્રસંગમાં જણાવેલું છે. સ્ત્રીઓ માટે તે રતિ કરે છે તેથી સ્ત્રીઓને રાગ થાય, છતાં શ્રીકૃષ્ણની સાથે રતિ કરવાથી તેમ થતું નહિ, એમ દર્શાવવા આ વર્ણન કરેલું છે. ભગવાન એવી રીતે સ્ત્રીઓ સાથે વિહાર કરતા હતા ત્યારે ભગવાન સ્ત્રીઓની સન્મુખ પધારતા, તેમની સાથે વાતચિત કરતા, કામકલાઓથી તેમની સામે દષ્ટિ કરતા, સ્મિત કરતા, કાયાના વિલાસો કરતા, મશ્કરીનાં વચનો બોલત, માનસી ક્રીડા કરતા અને આલિંગન કરતા, તેથી સ્ત્રીઓન અંતઃકરણને હરી લેતા. તેથી ભગવાનની આ ક્રીડાથી સ્ત્રીઓને પ્રપંચમાં આસક્તિ થતી ન હતી, પરંતુ પ્રપંચનું વિસ્મરણ જ થતું, એમ મુકુંદમાં જ ચિત્ત રાખનારી તે સ્ત્રીઓનાંજ નીચેના વચનોથી સિદ્ધ થાય છે. આ અસંબદ્ધ વચનો તેઓ ઉન્મત્તની જેમે બોલતી. ઉન્મત્તમાં ગન્ધર્વોનો આવેશ હોય છે અને આ સ્ત્રીઓમાં ભગવાનનો આવેશ થતો.

**શ્રીકૃષ્ણની પત્નીઓનો તેમના વિષે ભાનઃ**

(૧)રાજરાજસી સ્ત્રીઓ કહેતી કે ''હે ટીટોડી! તું વિલાપ કરે છે? અરેરે! વિલાપનું કારણ દુઃખ હોય ત્યારે વિલાપ કેવી રીતે અટકાવાય! તને ઊંઘ નથી આવતી? ઊંઘ ન આવતી હોય ત્યારે કેટલીક લાંબી થઈ સૂએ તેમ પણ તું કરતી નથી, કારણ કે ભગવાનને પ્રસન્ન કરવા કઠણ છે. તે વશ કેમ થાય? એવી તને મોટી ચિંતા છે અને ભગવાનનાં વિરહને લીધે દુઃખ થાય છે; પરંતુ તારું દુઃખ અમે તેમને જણાવી શકીએ તેમ નથી, કારણ કે તે પોઢેલા છે અને હાલે રાત્રીનો સમય છે. ભગવાન જગતના સર્વ પ્રાણીઓના સુખમાટે પોઢે છે. તે જ નિદ્રાના સુખના ભોક્તા છે. નિદ્રામાં પણ તેમને જ્ઞાન હોય છે. તે લીલાથી પોઢતા હોય ત્યારે પણ તેમને જગાડાય નહિ. તેથી અમારી સાથે આ વાતચિત કરી તારું દુઃખ દૂર કર. તું અમારા જેવી દુઃખી છે. તને પણ કામની જ પીડા થઈ જણાય છે. ભગવાનના કમલ જેવા નયનો, હાસ્ય અને ઉદાર લીલાવાળી બાણ જેવી દષ્ટિથી અમારી જેમે તારું હૃદય પણ ઘણુંજ ઘવાએલું છે.'' આ સ્ત્રીઓ એમ જાણતી કે ભગવાન સિવાય બધુંએ જગત્ સ્ત્રીરૂપ જ છે અને તેથી એક ભગવાનજ બધાના પતિ છે, તેથી જે કોઈને દુઃખ થાય તેનું કારણ ભગવાનનો વિરહજ છે. આ ટિટોડી ભગવાનના વિરહથી દુઃખી થતી હતી તેને ભગવાને બોલાવી પોતાના કટાક્ષરૂપ બાણોથી તેનું મન હરેલું

છે અને તેથી તે વિલાપ કરે છે. તેથી પોતાનું દુઃખ કહી તેમણે તેનાં દુઃખને શાંત કર્યું.

(૨)રાજસસાત્ત્વિકી સ્ત્રીઓએ પોતાની પાસે ખેલવા બે ચક્રવાકો રાખેલા તેમને મળવા કોઈ એક ચક્રવાકી આવી એટલે તેને જોઈને તે પણ રડે છે એમ વિચારી, તેનું દુઃખ દૂર કરવા તેઓ કહેતી હતી કે ''હે ચક્રવાકિ! તું નેત્રો પણ કેમ બંધ કરતી નથી? નેત્રો બંધ કરવાનો રાત્રિનો સમય થયો છે. તારા પતિને મળવાના વિચારથી તું નેત્રો બંધ કરતી નહિ હોય અને તેથી જ અરેરે! તું દયા ઉપજે તેમ રડે છે'' આટલું બોલતામાં તે ચક્રવાદી પાસે બીજું ચક્રવાક આવતાં તેઓ વિચારે છે કે ''આ ઘણું કરી ભગવાનની ભક્ત છે, કારણ કે આનો પતિ તો (અહીં) છે'' એમ વિચારી વળી કહેતી હતી કે ''તું ભગવાનની દાસી અમારી જેમે થઈ જણાય છે, એટલે સેવાના ફલમાં તેમના ચરણકમલમાં સમર્પણ થયેલી માલા ભગવાન આપે તો તારી સેવા સ્વીકારી એમ જાણી તે ભક્તિરૂપ માલાને અમારા અંબોડામાં રાખી અમે જેમ કૃતાર્થ થઈએ છીએ તેમ તું પણ તેને તારા માથા ઉપર પધરાવવા ઈચ્છતી જણાય છે.''

(૩)રાજસતામસી સ્ત્રીઓ સમુદ્રનો અવાજ સાંભળી કહેતી કે ''હે સમુદ્ર! તું સદા અવાજ કર્યા કરે છે, તેથી જણાય છે કે તું પણ રાત્રે સૂતો નથી. જેનામાં જલ બહુ હોય તેને ટાઢ વાય, એટલે તેને કયાંય ઊંઘ ન આવે અને ઉજાગરો જ થાય. જેમ ભગવાન અમારા હૃદયમાં શયન કરતા, તેમ શેષરૂપ પલંગ ઉપર પહેલા તારા અંદર પણ શયન કરતા, પણ હાલમાં તેમણે અવતાર ધારણ કરેલ હોઈ અહીં રહે છે. (એટલે તારી અંદર શયન કરતા નથી), તેમ અમારા હૃદયમાંથી પણ તિરોહિત થયા છે. તેથી આપણું સર્વસ્વ જતાં આપણે રડવું જ રહ્યું. તે મોક્ષ આપનાર મુકુંદે પોતાનું ચિહ્ન આપણામાંથી લઈ લીધેલ હોવાથી, આપણને હવે નહિ મળે મોક્ષ અને ન રહ્યા સંસારમાં, આવી આપણી દશા થઈ. તેનો કાંઈ ઉપાય ન હોવાથી દુઃખ ન માનવું.''

(૪)તામસતામસી સ્ત્રીઓએ કાલને શાપ દેતાં એવો નિશ્ચય કર્યો કે ''જો રાત્રી પૂરી થાય તો આપણું દુઃખ જાય તેથી તેઓ ચંદ્રની ગતિ દેખાતી નથી એટલે ધીરે-ધીરે ચાલે છે કે ચાલતો નથી એ વિષયનો નિશ્ચય ન થવાથી, કામથી ઘણી અંધ થતાં બધું જગત્ અંધકારમય છે એમ જોતી કહેતી હતી કે ''હે ચંદ્ર! તને દક્ષના શાપથી ઘણો પ્રબલ ક્ષય થયેલ હોવાથી તું ચાલતો નથી તે યોગ્ય જ છે, પરન્તુ તારા કિરણોથી તું અંધકારનો નાશ પણ કરતો નથી એ ઘણું આશ્ચર્યકારક છે. પણ આ તારો સ્વાભાવિક દોષ જણાતો નથી. ભગવાન મુકુંદે મોક્ષનો ઉપદેશ દેવા કેટલાંક વચનો કહેલાં તે દુર્લભ વચનો અમારી જેમે ભૂલી જતાં તેને ઘણી ચિંતા થઈ અને તેથી તારી ગો (કિરણરૂપ વાણી, ઈન્દ્રિય એટલે ગતિ કરનાર ચરણ) અટકી પડી, એટલે (કિરણ અટકી પડવાથી અંધકારનો નાશ તું કરી શક્તો નથી અને ચરણ અટકી પડવાથી) ચાલી શક્તો નથી, એમ જ અમને તો જણાય છે.''

(૫)તામસરાજસી સ્ત્રીઓ મલય પર્વતથી આવતા વાયુને શાપ દેતી કહેતી હતી કે ''હે મલયના વાયુ! ગોકુલમાં લીલા કરનાર ગોવિંદના કટાક્ષના સ્મરણથી જ અમારા

હૃદય ભેદાયા છે, તેમાં તું કામને પ્રેરણા કરી, જેમ કોઈ વૃક્ષનાં કોટરમાં અગ્નિ મૂકીને તે લીલાં પણ આખાએ વૃક્ષને બાળે તેવી પીડા અમને કેમ કરે છે? અમે તારું શું બગાડ્યું છે? તું શીતલ હોવાથી તને ગરમી અપ્રિય છે. અમે તો જ્યારે ભગવાન સાથે હતી ત્યારે અમારાં હૃદયને ચંદન વગેરે લગાડી તને ઘણો શીતલ કરેલો. એવો અમે તારા ઉપર ઉપકાર કરેલો છતાં તું કામને પ્રેરણા કરી અમોની પીડી અમારાં પર અપકાર કેમ કરે છે? અમે હમણાં તાપવાળી (દુઃખી) હોવાથી તું અમારા ઉપર ક્રોધ કરતો હો તો તને તો સર્પો ડસે છે, તેને અમે શું દુઃખ દેવાની હતી?''

(૬)તામસસાત્ત્વિકી સ્ત્રીઓએ મેઘને ભગવાન જેવો જોયો અને તે ચંદ્ર (વિરહીઓને ચંદ્રના કિરણો ઘણી પીડા કરે છે. મેઘ વચ્ચે આવી ચંદ્રના કિરણો સ્ત્રીઓ ઉપર પડવા ન દઈ તેમને શીતલતા કરે છે.) નીચે આવી થોડો સમય શીતલતા કરતો હોવાથી તેની સ્તુતિ કરતાં કહેવા લાગી કે ''હે મેઘ! વિજળી વગેરેની શોભાને લીધે તું ઘણો કાંતિવાળો છે, તું શ્યામ-પીળાં વસ્ત્ર (વીજડી) વાળો, પ્રાણીઓને જીવન આપનારો અને તેમનાં દુઃખ ટાળનારો હોવાથી તું ભગવાનનો ઘણો પ્રિય છે, છતાં તું સુખી જણાતો નથી; કારણ કે મિત્ર મિત્રને મળે અથવા જુએ ત્યારે જ સુખી થાય છે. હમણાં ભગવાન અંદર પોઢેલા હોવાથી તને તેમનાં દર્શન થતાં નહિ હોવાથી તું માત્ર તેમનું જ ધ્યાન ધરે છે. શ્રીવત્સ તેમનું ચિહ્ન છે અને તેના ઉપર ભૃગુએ લાત મારેલી તેનાં ચિંતનથી તું દુઃખી છે. શ્રીવત્સ ઉપર લક્ષ્મી રહે છે તેથી હમણાં તેની સાથે રહેલા ભગવાન અમારી દરકાર કરતા ન હોવાથી અમને પણ દુઃખ થાય છે. તેથી આપણાં બંનેના દુઃખનું કારણ શ્રીવત્સ છે. અંતઃકરણના પ્રેમથી તું બંધાયેલ હોવાથી તેમને ભૂલી શકતો નથી. તું ખરેખર દુઃખી છે, કારણ કે ૧.તને ભગવાન પ્રાપ્ત કરવાની ઘણી ઉત્કંઠા છે, ૨.તારું હૃદય રડ્યાં કરે છે એટલે તું ગર્જનાને રોકે છે, ૩.અમારા જેવા ભૂખરા રંગનો ગતિવિનાનો અને ઝાંખો થયો છે. ૪.વારંવાર આંસુઓ પાડ્યા કરે છે અને ૫.ભગવાનને સંભારી-સંભારી થોડી-થોડી વારે વૃષ્ટિ કરે છે. ભગવાન સાથે હરકોઈ પ્રસંગ પડે તેથી દુઃખ જ થાય છે, તો પછી જેને તેમનો ઘણો સંગ થાય તેને દુઃખ કેમ ન થાય? જગતમાં કોઈ એવો નથી કે જે ભગવાન સાથે સમ્બન્ધ થયા પછી એક ક્ષણ પણ સ્વસ્થ રહે, પ્રસંગ પડ્યા પછી આ જણાય. અનુભવ ન હોય તેને ન જણાય.'' એ રીતે મેઘની સ્તુતિ કર્યા પછી, પોતાના ગુણો તેનામાં હોવાની કલ્પના કરી, તેને પણ દુઃખી માની, આ સ્ત્રીઓ પોતાનાં સમાનપણાથી તેનું દુઃખ દૂર કરવા લાગી.

(૭)સાત્ત્વિકસાત્ત્વિકી સ્ત્રીઓ કહેતી હતી કે ''હે પ્રિયના જેવા અવાજવાળી કોયલ! તું બોલે છે તેનો અર્થ નથી થતો, પરંતુ તું જે પદોનો ઉચ્ચાર કરે છે તેથી અમને ભગવાનનું સ્મરણ કરાવે છે, કારણ કે તારો અવાજ તેમના જેવો છે. પહેલા ભગવાનના વિરહને લીધે અમે મરી જ જાત, પણ આ તારી વાણી મરેલાને જીવાડનારી છે, એવી વાણી બોલનાર તારું અમે શું પ્રિય કરીએ તે કહે. આવા શબ્દ વારંવાર બોલ્યા કરજે. તને

ખીર-ભાત આપશું'' આ સ્ત્રીઓએ કોકીલાનો અવાજ સાંભળી ભગવાન અમને બોલાવે છે એમ જાણી એક ક્ષણ પરમાનન્દનો અનુભવ કર્યો; અને કોકિલાના શબ્દોથી આવું સુખ પ્રાપ્ત થયું એમ જાણી તેમણે તેની એવી રીતે સ્તુતિ કરી.

(૮)સાત્ત્વિકરાજસી સ્ત્રીઓએ નિશ્ચય કર્યો કે ગોવર્ધન પર્વત ભગવાનનાં ચરણારવિંદને ધારણ કરતો હોવાથી તેમનો ભક્ત છે, છતાં તે ભગવાનના નામનો ઉચ્ચાર કરતો ન હોવાથી તેનું કારણ પુછતાં તેઓ કહેતી હતી કે ''તું ખરેખર ઉદાર બુદ્ધિવાળો છે. 'ભગવાનનો માત્ર આશ્રય કરવાથી જ કૃતાર્થ થવાય, તેમના નામનો ઉચ્ચાર કરવાથી શું?' એમ વિચારી તું બધું વિશ્વ કૃતાર્થ થાય તેનો ઉપાય શોધે છે. એવા મોટા પદાર્થનો વિચાર કરતો હોવાથી તારું મન જેવું સ્થિર છે તેવી જ તારી કાયા અને વાણી પણ સ્થિર છે, એટલે નથી હાલતો કે નથી બોલતો. ભૂમિ ઉપર રહતો હોવા છતાં તું ભૂમિને ધારણ કરે છે તેથી તારી બુદ્ધિ ઉત્તમ છે. ખરેખર! તું વિશ્વને કૃતાર્થ કરવાના ઉપાય તરીકે ભગવાનનાં ચરણારવિંદનું જ ચિંતન કરતો લાગે છે. તે ચરણારવિંદ જ એવું છે કે તેનું ચિંતન કરનારો એક હોય છતાં આખા વિશ્વને મુક્ત કરાવી શકે. અમે આ જાણી ગયા, કારણ કે અમે જેમ તે ચરણારવિંદને અમુક બંધોમાં અમારાં હૃદય પર પધરાવવાની ઈચ્છા કરીએ છીએ, તેમ તું પણ ભગવાન તારા ઉપર ફરતા હોય ત્યારે તારો સાત્ત્વિકભાવ ઘણો વધતાં તે ચરણ તારા શિખર ઉપર ઉઠે અને તેની આકૃતિ તું ધારણ કરે એમ ઈચ્છતો જણાય છે.''

(૯)સાત્ત્વિકતામસી સ્ત્રીઓએ પર્વતમાંથી નીકળતી નદીઓને ચોમાસામાં અગાધ જલવાળી જોયેલી. તે પછી ધીરે-ધીરે ક્ષીણ થતાં, ઉનાળામાં તેમના ધરાઓ પણ સૂકાઈ ગયેલા જોઈને તેઓ કહેતી હતી કે ''અરેરે! અગાધ જલવાળા સમુદ્રની પત્ની હોવા છતાં આ નદીઓ હમણાં ઘણી ક્ષીણ થઈ છે, તેમ અમે પણ કરોડો બ્રહ્માણ્ડના આધિપતિ, આનન્દમૂર્તિ શ્રીકૃષ્ણની પત્નીઓ હોવ છતાં હમણાં ઘણી દુઃખી છીએ. શરીરનું દુઃખ હોવા છતાં પણ જો ચિંતા ન હોત તો છેવટ મુખ તો ન કરમાત, પણ આ નદીઓમાં કમલની શોભા પણ જતી રહી છે કારણ કે તેમનો પતિ સમુદ્ર હોવા છતાં, તેમના ઈચ્છેલા પાલન કરનાર પતિ ભગવાન શ્રીકૃષ્ણની તેમને પ્રાપ્તિ ન થવાથી તેમનાં મનમાં દુઃખ થાય છે. તેવી રીતે અમારા ઉપર પણ થોડો સમય જ ભગવાનની સ્નહેવાળી દષ્ટિ ન પડવાથી એક ક્ષણમાં જ અમે પણ દૂબડી પડેલી છીએ, અને અંતઃકરણમાં પણ દુઃખી થયેલી છીએ, કારણ કે અમારું હૃદય તેમણે પહેલાં જ હરી લીધું છે.''

(૧૦)આવો જ વિચાર કરતી ગુણાતીત સ્ત્રીઓ દૂર ગઈ ત્યાં અંતઃપુરમાં જ નદીના તીરે તેમણે હંસ જોયો. આ સ્ત્રીઓ શુદ્ધ હોઈ ભગવાનમાં કોઈ સમયે દોષ જોતી ન હતી, એટલે તે પણ આપણું હિત જ કરે છે એમ માનતી હતી. તેમનું હિત તો ભગવાનનો સમ્બન્ધ થવાથી જ થાય, અને તે માનવાળી હોવાથી તેમનું માન ભગવાન મૂકાવે નહિ ત્યાં સુધી તેમને ભગવાનનો સમ્બન્ધ પણ ન થાય. તેથી તેણે વિચાર્યુ કે સારા-નરસાનો ભેદ જાણનાર આ હંસને ભગવાને આપણું માન મૂકાવવા જ મોકલ્યો છે, તેથી આ આપણે

ગુણાતીત હોવાથી આપણને ભગવાનની પાસે લઈ જશે. એવો નિશ્ચય કરીને તેઓ કહેતી હતી કે ''હે હંસ! અમે એકદમ માની જઈએ તેવી નથી, તેથી તું બેસ. ભૂખ્યો હોય તો દૂધ પી ભગવાન શૌરિની કથા કહે. પહેલાં હંસો દૂત થતા, તેથી તને પણ અમે ભગવાનનો દૂત જ જાણીએ છીએ, કારણ કે તારે અહીં આવવાનું બીજું કાંઈ પ્રયોજન નથી. ભગવાન કોઈથી પણ જીતાય તેવા નહિ હોવાથી કુશલ હશે જ, પણ બધાને હણતાં કદાચ વ્યગ્ર થાય એમ લાગવાથી પૂછીએ છીએ કે તે કુશલ છે ને? કદાચ હમણાં શયનમાંથી ઉઠ્યા હોય તો 'શયનમાંથી ઉઠેલ પુરુષ અપવિત્ર છે' એવો શાસ્ત્રનો નિયમ હોવાથી, તે હમણાં શુદ્ધ રૂપથી વિરાજે છે કે નહિ તે કહે, કારણ કે શુદ્ધ રૂપથી વિરાજતા ન હોય ત્યારે અમારે તેમની પાસે જવું નકામું છે. તેમણે અમને પહેલા કહેલ કે ''તમારા જેવી પ્રેમવાળી પત્ની હું ઘરોમાં જોતો નથી'', એનું તે સ્મરણ કરે છે? કોઈ-કોઈનું સદા સ્મરણ કરતું નથી, પણ પ્રેમ હોય ત્યારે સ્મરણ કરે અને ભગવાનનો પ્રેમ અસ્થિર છે. તે સ્મરણ કરતા હોય તો પણ અમારે તેમની પાસે શામાટે આવવું? કારણ કે બીજા કાર્ય રહ્યા નહિ અને પ્રેમ છે કે નહિ તેનો પણ સંદેહ છે. તું મીઠી વાણીવાળો છે, તેથી કામના પૂરનાર ભગવાનની જ કથા કર, લક્ષ્મીની કથા કરીશ નહિ કારણ કે ભગવાન ઉપર પ્રેમ રાખનારી તે એકલી નથી, પરંતુ બધી સ્ત્રીઓ તેમના ઉપર પ્રેમ રાખે છે.

આ સ્ત્રીઓનાં વચનોથી જણાય છે કે આ બધી સ્ત્રીઓનો ભગવાને નિરોધ કરેલો. તેઓ ક્રીડા કરતી હોવા છતાં તેમને પ્રપંચનું ભાન ન હતું. ભગવાનમાં તેમનો પ્રેમ જ પૂર્ણ હતો. ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વરોના પણ ઈશ્વર છે. યોગ, ભક્તિયોગ વગેરે ફલ પ્રાપ્ત કરવાના મોટાં સાધનો છે, તેઓ પણ ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી જ ફલ આપે છે. તે ભગવાન શ્રીકૃષ્ણમાં આવો દઢ પ્રેમ રાખવાથી સ્ત્રીઓને ભગવાનની પ્રાપ્તિ થઈ. તેમનું ચિત્ત સંસારમાં જ હતું અને સંસારના પ્રકારે જ તે ભગવાનને શરણ આવેલી, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા જ પ્રકટ થયેલા. તેથી તેમનો ઉદ્ધાર કરવો એ જ તેમના અવતારનું પ્રયોજન હોવાથી તે માટે માત્ર તેમનો સમ્બન્ધ થવાની જ જરૂર હતી. તેમને ભગવાનનું માત્ર શ્રવણ થતાં જ ભગવાન તેમનું મન પ્રપંચમાંથી સર્વ તરફ ખેંચી લઈ પોતાની અંદર સ્થાપન કરતા, તો પછી કીર્તન વગેરે કરે તેમનાં મનને પોતામાં સ્થાપન કરે તેમાં શું આશ્ચર્ય? જે સ્ત્રીઓ તેમની પાસે જ રહી તેમનાં દર્શન કરતી, તેમનાં મનને પોતાનાં સૌંદર્યથી જ ભગવાન વશ કરે તેમાં શું આશ્ચર્ય? જે સ્ત્રીઓ પ્રેમથી જ ભગવાનનાં ચરણ ચાંપવા વગેરે પ્રકારે, ભગવાન પતિ માનીને જ શાસ્ત્રમાં જણાવેલ તે રીતે તેમની સેવા કરતી, તેમનાં તપનું કહેવું જ શું?

**વૈદિક ધર્મનું આચરણ અને યાદવોનો નિરોધઃ**

જેમ ભગવાને બધાનો નિરોધ કર્યો, તેવી જ રીતે લોકસંગ્રહમાટે વેદમાં જણાવેલા ધર્મોનું પણ આચરણ કર્યું. જો ભગવાન ધર્મનું આચરણ ન કરે તો સત્પુરુષોના માર્ગનું રક્ષણ ન થવાથી સત્પુરુષોનું પણ રક્ષણ ન થાય. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે

પુરુષાર્થનું સ્થાન ઘર છે. તેથી ઘરમાં આસક્તિવાળાઓની બુદ્ધિનું રક્ષણ કરવા વારંવાર સોળ હજાર પ્રકારે એ પુરુષાર્થ પ્રાપ્ત કરવાનું દર્શાવ્યું. સોળ હજાર ઘરોમાં પણ ઉત્તમ ધર્મ આચરનાર શ્રીકૃષ્ણ સ્વરૂપથી એક જ હતા અને તે ઘરોમાં રહેનારી તેમની સોળ હજાર મહારાણીઓ પણ સ્વરૂપથી એક જ હતાં. જેમ એક જ શ્રીકૃષ્ણ સોળ હજાર ગૃહસ્થ બનતા તેમ એક જ (લક્ષ્મી) સોળ હજાર ગૃહિણીઓ બનતાં અને તે દરેક ગૃહિણી સંપૂર્ણ પ્રકારે એકસો-એકસો સ્ત્રીઓથી અધિક હતા.

ભગવાનની જેટલી પત્નીઓ હતી તે દરેકમાં તેમણે દશ-દશ પુત્રો ઉત્પન્ન કરેલા. તે પૈકી પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, દીપ્તિમાન, ભાનુ, સાંબ, મધુ, બૃહદ્ભાનુ, ચિત્રભાનુ, વૃક, અરુણ, પુષ્કર, વેદબાહુ, શ્રુતદેવ, સુનન્દન, ચિત્રબાહુ, વિરૂપ, કવિ અને ન્યાગ્રોધ એ અઢાર પુત્રો ઘણા પરાક્રમવાળા મહારથીઓ હતા. તે બધામાં પણ પ્રદ્યુમ્ન ઉત્તમ હતો. જેમ ભગવાનની પત્નીઓમાં રુક્મિણી શ્રેષ્ઠ હતાં, તેમ પુત્રોમાં તેમનો સર્વથી મોટો પુત્ર પ્રદ્યુમ્ન શ્રેષ્ઠ હતો. પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ દશ હજાર હાથી જેટલો બલવાન હતો. તેનો પુત્ર વજ્ર જ્યારે યદુવંશનો નાશ મુસલયુદ્ધથી થયેલ, તેમાં તે બચી ગયો હતો. યદુવંશમાં ઉત્પન્ન થયેલ કોઈ દરિદ્ર, અલ્પ પ્રજાવાળા, અલ્પ આયુષ્યવાળા કે અલ્પ વીર્યવાળા ન હતા. માકણ્ડેય જેવા લાંબા આયુષ્યવાળા પણ યદુવંશમાં જે જુમ્યા તેમની બરોબરી કરી શકે તેમ નથી. યદુકુળના કુમારોને ત્રીસ અર્બુદ અઠ્ઠાસી હજાર આચાર્યો ભણાવતા હતા અને ઘણા કુમારોને ભણાવનાર એક આચાર્ય હોય. તે ઉપરથી કુમારોની સંખ્યાનો વિચાર કરી લેવો. યાદવોની સંખ્યા કોણ કરી શકે? એકલા ઉગ્રસેન એક હજાર અર્બુદ સેવકો હતા. દેવો અને અસુરો ના યુદ્ધોમાં જે રાક્ષસો મરાયા તે મનુષ્યોમાં જન્મેલા અને મદવાળા થઈ પ્રજાને પીડતા. તેમનો નાશ કરવા ભગવાનની આજ્ઞાથી દેવો યાદવકુલમાં અવતરેલા. તેમના એકસો એક કુલો હતા. તે યાદવોનાં દુઃખ ટાળવા ભગવાન પોતે પણ અવતરેલા. તે યાદવો અને ભગવાનને અનુસરનારા બીજા પણ, જેમ વડના બીમાંથી બીજો વડ થાય તેવી રીતે વધતા હતા. ભગવાનના સમ્બન્ધને લીધે તે બધા પરાક્રમી હતા. સૂતા, જમતા, ફરતાં, વાત કરતા, દ્યૂત વગેરે રમતાં, સ્નાન કરતાં તથા બેસતાં બધી સ્થિતિમાં તે બધાનાં ચિત્ત શ્રીકૃષ્ણમાં રહેતાં અને તેથી તેમને પોતાનું પણ ભાન ન રહેતું. પ્રપંચમાં તેમનું ચિત્ત જતું જ નહિ. એવી રીતે ભગવાન શ્રીકૃષ્ણે પોતામાં સર્વનો નિરોધ કર્યો.

**લીલાનું નિત્યપણું:**

ગંગા ભૂમિઉપર, પાતાલમાં અને સ્વર્ગમાં વહે છે. ભૂમિ ઉપર અને પાતાલમાં વહેતી ગંગાને કદાચ ભૂમિના અને પાતાલના દોષનો સમ્બન્ધ થયો હોય, તે પણ સ્વર્ગમાં વહેતી ગંગા તો સર્વ તીર્થોમાં ઉત્તમ છે. તે પણ ભગવાનના ચરણ ધોયેલ જલ છે. ચરણ ધોયેલ જલ સર્વથી હલકું ગણાય છે, પરંતુ ભગવાનના ચરણ ધોયેલ જલ સ્વર્ગંગા સર્વ તીર્થોમાં ઉત્તમ છે. તે સ્વર્ગંગા ભગવાને યદુકુલમાં અવતરી જે કાંઈ ચરિત્ર કર્યા, ગુણો પ્રકટ કર્યા તથા ભગવાન સાથે જે-જે પદાર્થો સમ્બન્ધમાં આવ્યા તે દરેકથી હલકી છે. આ

ચરિત્રો, ગુણો તથા પદાર્થમાત્રને ભગવાને સ્વર્ગંગાથી પણ ઉત્તમ કરેલા છે, તો પછી ભગવાનનાં માહાત્મયનું કહેવું જ શું?

વળી ભગવાન ઉપર સ્નેહ રાખીને અથવા તેમનો દ્વેષ કરીને પણ જે-જે જીવો ભગવાનના સમ્બન્ધમાં આવ્યા તેમને તેમનાં સ્વરૂપની પ્રાપ્તિ થઈ, તેમના ઉપર સ્નેહ રાખવાથી તેમજ તેમનો દ્વેષ કરવાથી મોક્ષ પ્રાપ્ત થયો. તેથી શ્રીકૃષ્ણ સાથે હરકોઈ પ્રકારે સમ્બન્ધમાં આવવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. વળી લક્ષ્મી ભગવાનમાં આસક્તિવાળી છે અને સ્વામી પોતાના સેવકને જ તે આપે, બીજાને ન આપે. તેથી શ્રીકૃષ્ણની સેવા કરવાથી વિના પ્રયાસ આ લોકનું ફલ (લક્ષ્મી-વૈભવ વગેરે) પ્રાપ્ત થાય છે. આ અર્થરૂપ પુરુષાર્થ પ્રાપ્ત કરવા બીજાઓ (ભક્તો ન હોય તે) ઘણો પ્રયત્ન કરે છે, છતાં તેમને તેની પ્રાપ્તિ થશે કે નહિ તે ચોક્કસ થતું નથી જ્યારે હલકામાં હલકા પુરુષાર્થ અર્થની પ્રાપ્તિનો પણ તેમને સંદેહ રહે છે, તો પછી ધર્મ વગેરેનું કહેવું જ શું?

વળી ભગવાનનું નામ અમંગલ માત્રનો નાશ કરે છે. ભગવાનના નામનો માત્ર સમ્બન્ધ થાય, એટલે તેમનું નામમાત્ર સાંભળવામાં આવે તો તે અમંગલનો નાશ કરે છે. તેનો ઉચ્ચાર કરવામાં આવે તો તે અમંગલનો તથા તેના કારણનો પણ નાશ કરે છે. ધર્મનું માહાત્મ્ય માનવામાં આવે તો ધર્મ પણ ભગવાને કરેલી ઋષિઓની પરંપરામાં જ રહે છે. જે ભગવાનનું આટલું બધું માહાત્મ્ય છે, તેમને ભૂમિનો ભાર હરવો એ શું હિસાબમાં? અર્જુન વગેરેએ પણ ભૂમિનો ભાર હરેલ હોવાથી તે તો જીવથી પણ થાય તેવું કાર્ય છે. વળી કાલરૂપ સુદર્શન ચક્ર ભગવાનનું આયુધ છે. જ્યારે કાલનો એક હજારમો અંશ પણ ભૂમિનો ભાર હરી શકે છે, તો પછી પૂર્ણકાલરૂપ ભગવાનનું આ આયુધ તે કાર્ય કરે તેમાં શું સંદેહ?

એવા માહાત્મયવાળા ભગવાન શ્રીકૃષ્ણ હાલ પણ પોતાના સમ્બન્ધવાળા બધાએ પુરુષોમાં ઉત્તમ પ્રકારે રહે છે, કારણ કે સ્વભાવથી જ તે બધા પુરુષોમાં રહેનાર છે. પરમાત્મા સર્વની અંદર રહે છે. દેવકીજીથી તે જન્મેલા, એમ તો માત્ર કહેવાય છે. લોકમાં વિવાદ થાય ત્યારે કોઈ કહે કે ભગવાન કયાંય છે જ નહિ, ત્યારે સંસારમાં જેમને રાગ રહ્યો નથી તેઓ સિદ્ધાન્ત દર્શાવતાં આરંભમાં કહે છે કે તે દેવકીજીથી જન્મેલા; પરંતુ એટલું જ ભગવાનનું સ્વરૂપ નથી. હાલ પણ તે દ્વારકામાં યાદવોની સભામાં વિરાજે છે, જે પોતાના સેવકો છે તેમનાથી દૈત્ય વગેરે રૂપ જે કાંઈ અધર્મ પ્રકટ થાય તેનો નાશ કરાવે છે અને પોતે પણ તેનો નાશ કરે છે. જો કોઈ દૈત્ય પ્રકટ થાય તો એ સભામાંથી જ પોતાના કોઈક સેવકને મોકલી તેનો ઘાત કરાવે છે. વળી દ્વારકા સિવાયના સ્થળે પણ જ્યાં-જ્યાં તે ફરે છે ત્યાં બધાએ પુરુષો અથવા વૃક્ષો સર્વના પાપનો નાશ કરે છે. તેથી જે કોઈ ભક્ત થાય તેને ભગવાન સર્વત્ર હોવાથી હરકોઈ સ્થળે મળે છે. વળી ગોકુલમાં, મથુરામાં તથા દ્વારકામાં જે ગોપીઓ, કુબ્જા તથા મહારાણીઓ છે, તેમનાં હૃદયમાં પોતાનાં શોભતાં મુખારવિંદથી કામની વૃદ્ધિ કરે છે, કારણ કે કામથી તેઓ મોક્ષ પ્રાપ્ત કરે છે. કામ સર્વમાં છે જ, તેની જ વૃદ્ધિ કરતાં માત્ર પોતાના સમ્બન્ધથી જ ભગવાન મોક્ષ આપે છે. જેમ તેમણે પહેલાં આ

કાર્ય કરેલ, તેવું જ હજી પણ કરે છે.

પોતાના ભક્તોના રક્ષણમાટે મનુષ્ય દેહ ધારણ કરેલ, અક્ષરથી પણ પર ભગવાન શ્રીકૃષ્ણ મનુષ્યનું અનુકરણ કરવાનું નાટક ભજવી ભોજન શયન વગેરે જે કોઈ કાર્ય કરે છે તે સર્વ પાપનો નાશ કરનારા છે. પાપનો નાશ તો તે કાર્યોના શ્રવણથી એની મેળે થાય છે. તેમનાં ચરણારવિન્દની સેવા કરવાની જેની ઈચ્છા હોય તેણે આવા ચરિત્રનું જ શ્રવણ કરવું જોઈએ. એ ચરિત્રનું શ્રવણ તેલની ધારા જેમે ચાલુ કરવામાં આવે ત્યારે ક્રમે-ક્રમે ચરણારવિંદની સેવા પુષ્ટ થતાં, મનુષ્ય કુદરતી મરણ પામે તેવો હોવા છતાં તે એ સેવાથી તે જ દેહથી ભગવાનનું ધામ વૈકુંઠ પ્રાપ્ત કરે છે. તે ધામમાં ૧.કોઈ પણ પ્રકારે રોકી ન શકાય તેવું મૃત્યુ હણવા આવતું હોય તો પણ તેનો વેગ ચાલતો નથી. મૃત્યુ માત્ર અક્ષર સુધી જ જઈ શકે છે. ભગવાનનાં ચરણારવિંદની સેવાથી અક્ષરરૂપ વ્યાપિવૈકુંઠ પ્રાપ્ત થાય છે, ત્યાં કાલ અથવા મૃત્યુ જઈ શકતું નથી. જ્ઞાનમાર્ગથી પણ આ ફલ પ્રાપ્ત થતું નથી. ૨.પહેલાં રાજાઓ રાજ્યમાં રહી રાજ્યનું પાલન કરવામાં પ્રવીણ થયા પછી નગર તજી જ્ઞાનમાં શ્રદ્ધા રાખી ગામડામાં વસતા પછી ત્યાં પણ ભગવાનનું માહાત્મ્ય જાણવામાં આવતાં ગામડાંને તજી કોઈ ન જઈ શકે તેવા છૂપા સ્થળે વનમાં જતા. તેથી ભગવાનનાં ચરિત્રનું શ્રવણ રાજ્ય કરતાં પણ ઉત્તમ છે, કારણ કે તેમ ન હોય તો તે વિવેકી રાજાઓ પ્રાપ્ત થયેલ રાજ્ય તજી વનમાં શા માટે જાય? તેથી ભગવાનનાં ચરિત્રોનું શ્રવણ કરી, તેમનું કીર્તન અને ચિંતન કરવાં તેમનાં ચરણારવિંદની સેવા કરવી.

## :: આસુર વ્યામોહ ::

**ભૂમિના ભારરૂપ યાદવકુલઃ**

કંસ, જરાસંધ વગેરે રાજા થઈ અવતરેલા દૈત્યોનો ભગવાને વધ કર્યો અને કેટલાકનો વધ અર્જુન વગેરે દ્વારા કરાવ્યો. એ પ્રમાણે ભૂમિનો ભાર હર્યો અને સ્ત્રીઓ વગેરેનો નિરોધ કર્યો, એટલે ભગવાનને ભૂતલ ઉપર વિરાજવાનું બીજું પ્રયોજન ન રહ્યું, પરંતુ ભૂમિનો ભાર ઉતારવામાં જે યાદવકુલ સાધન બનેલ તે જ હવે ભૂમિને ભારરૂપ થઈ રહ્યું. જેમ રક્ષણ કરવા આવેલ રાજાના સૈનિકો લોકના સર્વસ્વનું ભક્ષણ કરે તેમ યાદવકુલ જ ભારરૂપ થઈ પડ્યું ત્યારે ભગવાને વિચાર કર્યો કે ''મેં ભૂમિનો ભાર મારા બાહુઓથી રક્ષાયેલા યાદવોથી હર્યો, છતાં હજી તે ભાર તેવો જ રહ્યો, કારણ કે ભાર હરનાર યાદવો જ ભારરૂપ છે. જે ભાર હરનાર હતા તે જ ભારરૂપ થયા. આ ભાર યાદવકુલ વિના બીજા કોઈથી હરી શકાય તેવો નથી, કારણ કે બીજા બધા યાદવોથી દુર્બલ છે. યાદવો બધા મારો આશ્રય કરનારા હોવાથી તેમનામાં મદ વગેરે દોષ હોવાનું સંભવતું નથી. તેમનું કુલ સદા સર્વ સંપત્તિવાળું છે. તેથી બીજો કોઈ કાલ પણ તેનું અપમાન કરી શકે તેમ નથી, તો તેનો નાશ તો કોણ જ કરી શકે? તેથી જેમ વાંસના વનમાં અગ્નિ ઉત્પન્ન થવાથી તેનો નાશ

થાય છે તેમ આ યાદવકુલમાં અંદર-અંદર કજીયો ઉત્પન્ન કરી તેને સંકેલી લઉં અને તે કજીયાથી બીજા કોઈનો નાશ થવા ન દઉં. પછી મારા ધામમાં પધારું.''

ભગવાને પોતે એવો વિચાર કરી, યાદવકુલમાં ઋષિઓના શાપના બાનાથી અંદર-અંદર કજીયો ઉત્પન્ન કરાવવાનો નિશ્ચય કર્યો. ભગવાન સત્યસંકલ્પ છે. તે વિચારે તે સત્યે જ થાય છે. બ્રાહ્મણોનો શાપ મિથ્યા થતો નથી. તેથી યાદવકુલનો નાશ જ થાય, છતાં ભગવાન હરકોઈ કાર્ય કરવા, ન કરવા અથવા કરેલું ફેરવવા શક્તિમાન છે. તેથી ઋષિઓને પણ 'અમે યાદવકુલનો નાશ કર્યો' એવું અભિમાન ન થાય તે માટે તેમણે ઉદ્ધવ અને વજ્ર વગેરે યાદવોનો નાશ થવા ન દીધો. એ પ્રમાણે ભગવાને બ્રાહ્મણોના શાપથી પોતાનું કુલ સંકેલી લેવાની ઈચ્છા કરી અને સંકર્ષણ વ્યુહનું કાર્ય કરવા તત્પર થયા.

**વિપ્રોનો શાપઃ**

ભૂમિ ઉપર ઉત્પન્ન થયેલાએ ઋષિ, દેવ તથા પિતૃઓ નાં ઋણ ફેરવવા જોઈએ, તેથી અનિરુદ્ધ અંશ પ્રકટ કરી ભગવાને યજ્ઞ કરવા બ્રાહ્મણો બોલાવ્યા. તેમણે પશુ-પુત્ર વગેરેને આરોગ્ય પ્રાપ્ત કરાવનારાં પુણ્ય કર્મો લોકોને બોધ દેવા કર્યા ત્યારે ભગવાનમાં રહેલ સંકર્ષણ અંશે બ્રાહ્મણોમાં, યાદવોમાં તથા દેશ-કાલ માં પ્રવેશ કર્યો અને પછી ભગવાને વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા, ભૃગુ, અંગિરા, કશ્યપ, વામદેવ, અત્રિ, વસિષ્ઠ, નારદ વગેરે ઋષિઓને જવાની રજા આપી, એટલે તેઓ દ્વારકા પાસે પિંડારક ગયા.

યાદવકુમારોએ જાંબવતીના પુત્ર સાંબને સ્ત્રીનો વેષ પહેરાવ્યો અને રમતા-રમતા તે બ્રાહ્મણો પાસે જઈ તેમને નમસ્કાર કર્યા અને નમ્રતાનો ડોળ કરી ઉદ્ધતાઈથી તેમને પૂછ્યું કે ''હે વિપ્રો! આ ગર્ભવતી સુંદર સ્ત્રી આપને પૂછતાં શરમાય છે. તેને પ્રસવ થવાની તૈયારી છે અને પુત્રની કામના છે. તે શું જણશે તે આપ કહો''. ધનમાટે યજ્ઞ કરાવનાર આ બ્રાહ્મણો લંપટ હશે એમ માની તેમણે એ પ્રમાણે તેમને ઠગી બનાવવા પ્રયાસ કર્યો. એ રીતે ઋષિઓની પરીક્ષા કરવા આડું બોલી તેમને ઠગવા પ્રયાસ કરતાં, તેઓ કોપ્યા અને તેમણે ઉત્તર આપ્યો કે ''હે નમાલાઓ! તે તમારા કુલનો નાશ કરનાર મુસલ જણશે.'' ઋષિઓએ એવો શાપ આપ્યો ત્યારે સર્વનો નાશ થશે એવા વિચારથી કુમારોને ઘણો ભય થયો અને ભયને લીધે જાણે મરણ પામતાં હોય તેમ જડ બનેલા સાંબનું ઉદર તેમણે કપડાંથી વીંટાળેલ તે છોડ્યું. તેને વીંટાળતા જે ખાલી જગ્યા રહેલી તેમાં સાંબની નાભિમાંથી પ્રકટ થયેલું લોઢાનું મુસલ તેમણે જોયું. તે લોઢાનું હોવાથી બાળી શકાય તેમ પણ ન હતું. તે જોઈ તેઓ વિચારવા લાગ્યા કે ''આપણાં ભાગ્ય ખરેખર મંદ છે, કારણ કે હવે મૃત્યુથી ભગવાનનાં અવ્યક્ત સ્વરૂપમાં આપણો પ્રવેશ થશે. ભગવાન સાથે બહાર રહેવું તે તેમના અવ્યક્ત સ્વરૂપમાં પ્રવેશ કરવા કરતાં ઉત્તમ છે. આપણે આ શું કર્યું? આપણને લોકો શું કહશે?'' એમ વિચારતાં દુઃખી થઈ, શું કરવું તેનું ભાન ન રહેવાથી ભગવાનની ઈચ્છાથી તે મુસલને ઘેર લઈ ગયા અને ઘેર-ઘેર દેખાડવા લાગ્યા.

**રાજાએ શાપ ટાળવા કરેલ નિષ્ફળ ઉપાયઃ**

'કુલના માટે એકનો ત્યાગ કરવો' એ પ્રમાણે તેમણે સ્ત્રી બનેલ સાંબનો જ ત્યાગ કરવો જોઈતો હતો, અથવા મુસલનો જ ત્યાગ કરવો જોઈતો હતો અથવા ભગવાનને બધો વૃત્તાન્ત જણાવવો જોઈતો હતો. તે ત્રણે ન કરતાં તેમણે બધાં જાણે તેમ બધા યાદવોની સમક્ષ રાજાને સર્વ વૃત્તાન્ત જણાવ્યો. યાદવો મૃત્યુ પામે તે પહેલાં તે બધાને વૈરાગ્ય થાય તે માટે ભગવાને તેમને તેવી પ્રેરણા કરી. ભગવાન ઘણા કૃપાલુ છે; અને તેમનું એક કાર્ય ઘણા પ્રયોજન સિદ્ધ કરે છે. પોતાના અંશરૂપ અવતરેલા યાદવોને સાયુજ્ય અથવા બ્રહ્મભાવ પ્રાપ્ત થાય તે માટે તેમને સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ન કરાવવા તે વૃત્તાન્ત બધા જાણે તેમ કર્યું.

શાપરૂપ જે મુસલ પ્રકટ થયેલ તેનો નાશ થાય તેમ ન હતું. સર્વના ગુરુ અને ફલરૂપ ભગવાન દ્વારકામાં જ હતા, છતાં પણ તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીને અથવા તેમની ઉપાસના કરીને મોક્ષ પ્રાપ્ત કરવા યાદવોએ પ્રવૃત્તિ ન કરી, પરંતુ શાપ સાચો ઠરશે એમ જણાવનારું મુસલ જોઈને પણ તેમને આશ્ચર્ય જ થયું અને ભય પામ્યા. પછી રાજાએ વૃદ્ધની સંમતિથી તે મુસલનું ઝીણું ચૂર્ણ કરાવ્યુ. તે ચૂર્ણ અને જેનું ચૂર્ણ ન થઈ શકે તેવો બાકી રહેલ તેનો નાનો કટકો ખારા જલમાં તેમનો નાશ થાય તે માટે સમુદ્રમાં નખાવ્યાં. લોઢું જલમાં ડૂબે, પરંતુ બ્રાહ્મણના શાપરૂપ મુસલનું ચૂર્ણ સમુદ્રમાં ડૂબ્યુ નહિ, પરંતુ મોજાઓથી તણાઈ કાંઠે આવ્યું અને રેતિમાં ચોંટી, તેનું 'એરકા' ઘાસ થયું. ચૂર્ણ ન થઈ શકે તેવો કટકો નાખેલ, તે પણ સમુદ્રમાં ડૂબ્યો નહિ. લોઢું ખાવા યોગ્ય પદાર્થ ન હોવા છતાં એક માછલું તેને ગળી ગયું. માછીમારોએ બીજા માછલાં સાથે તે માછલાને જાળમાં પકડ્યું અને તેના પેટમાંથી લોઢું નીકળેલું તેનું 'જરા' નામના પારધીએ પોતાના બાણનું ફણું બનાવ્યું. તે પારધી કાલની કન્યા 'જરા'રૂપ હતો, અને આ કાર્ય માટે જ એ કન્યા 'જરા' નામના પારધીરૂપે અવતરેલી.

**શ્રીકૃષ્ણનું શાપને અનુમોદનઃ**

ભગવાન આ સર્વ વૃત્તાન્ત જાણતા હતા. સાંબ અપરાધી હોવાથી ભયને લીધે તેમને કોઈએ આ વૃત્તાન્ત કહ્યો ન હતો. પરંતુ તે પોતાની મેળે આ સર્વ જાણતા હતા. વસ્તુતઃ આ સર્વ તેમણે જ કરેલું હોવાથી આ તેમનું જ ચરિત્ર છે. જો યાદવોએ ઉદ્ધવ જેમે મોક્ષમાટે પ્રયત્ન કર્યો હોત તો ભગવાન બ્રાહ્મણોના શાપને મિથ્યા કરવા પણ શક્તિમાન્ હતા. છતાં યાદવોએ એવો પ્રયાસ કર્યો નહિ. અને હવે વાસુદેવ અંશનું કાર્ય કરવાનું નહિ રહેવાથી ભગવાને પણ તેને મિથ્યા કરવાની ઈચ્છા ન કરી, પરંતુ તેનું અનુમોદન જ કર્યું, સેવકોએ કરેલ કાર્ય ઈશ્વર અનુમોદન કરે ત્યારે દૃઢ થાય છે. તેથી એ શાપ દૃઢ થયો. યાદવોને વૈરાગ્ય ઉત્પન્ન થાય તે માટે ભગવાને આ ઉપાય રચ્યો.

**શ્રીકૃષ્ણને દેવોની વિજ્ઞપ્તિઃ**

ત્યાર પછી બ્રહ્મા-શંકર વગેરે દેવો દ્વારકા શ્રીકૃષ્ણનાં દર્શન કરવા આવ્યા અને તેમણે ભગવાનની સ્તુતિ કરી. પછી બ્રહ્માએ ભગવાનને નિવેદન કર્યુ કે ''આપે ભૂમિનો

ભાર ઉતાર્યો છે. યાદવકુલને પણ બ્રાહ્મણોનો શાપ લાગ્યો છે. ભવિષ્યની પ્રજા આપના ગુણોનું કીર્તન કરી કૃતાર્થ થાય તે માટે અદ્ભુત ચરિત્રો પણ કર્યાં છે, એટલે હવે આપને ભૂતલ ઉપર કાંઈ દેવોનું કાર્ય કરવાનું રહ્યું નથી. તેથી આપની ઈચ્છા હોય તો આપ સ્વધામ પધારો.'' ભગવાને તેમને ઉત્તર આપ્યો કે ''મારી પોતાની પણ તેવી જ ઈચ્છા છે અને યાદવકુળનો સંહાર થયા પછી હું સ્વધામ પધારીશ.''

**ઉદ્ધવને શ્રીકૃષ્ણની આજ્ઞાઃ**

પછી ઉદ્ધવ ભગવાન પાસે આવ્યા અને પોતાને પણ તેમની સાથે સ્વધામ લઈ જવા પ્રાર્થના કરી. પછી જેમ કુરુક્ષેત્ર રણમેદાન ઉપર ભગવાને અર્જુનને ઉપદેશ આપેલ, તેવી રીતે તેમણે ઉદ્ધવને જ્ઞાનનો ઉપદેશ કર્યો અને અંતે બદરિકાશ્રમ જઈ, પોતાના ચરણ જલ ગંગામાં સ્નાન કરી પવિત્ર થઈ, તપ કરી, શાંતિ રાખી પોતામાં ચિત્ત રાખવાની આજ્ઞા કરી, અને ઉદ્ધવ ભગવાનની પાદુકાઓને પોતાનાં માથા ઉપર પધરાવી બદરિકાશ્રમ જવા નીકળ્યા.

**યાદવોનું પરસ્પર યુદ્ધઃ**

પછી દ્વારકામાં મોટા ઉત્પાતો થવા લાગ્યા ત્યારે ભગવાને બાલક, સ્ત્રી અને યાદવોને શંખોદ્ધાર જવા અને બીજાઓને પ્રભાસ જઈ ત્યાં સ્નાન વગેરે કરી પવિત્ર થઈ બ્રાહ્મણોને દાન આપવા જણાવ્યું. યાદવો નાવથી સમુદ્ર ઉતરી રથમાં પ્રભાસ ગયા અને ભગવાને જણાવ્યા પ્રમાણે સ્નાન વગેરે કરી, પવિત્ર થઈ બ્રાહ્મણોને દાન આપ્યાં. પછી તેમની બુદ્ધિ ભ્રષ્ટ થતાં તેમણે મદિરાપાન કર્યું અને મદથી ઉન્મત્ત થયા. તેમનામાં કજીઓ થયો. એક-બીજા ક્રોધ કરી શસ્ત્રોથી લડવા મંડ્યા. પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, મામા-ભાણેજ, કાકા-ભત્રીજા પરસ્પર લડી એક બીજાને મારવા લાગ્યા. યુદ્ધ કરતાં હથીઆર તૂટતાં તેમણે એરકા ઘાસ ઉપાડી તેનાથી એક-બીજા ઉપર પ્રહાર કરવા માંડ્યો અને તે પણ વજ્ર જેવું થઈ સંહાર કરવા લાગ્યું. જેમ વાંસના વનમાં વાંસથી ઉત્પન્ન થયેલો અગ્નિ આખા વનને બાળે તેમ ક્રોધી યાદવોએ પોતાનાં કુલનો વિનાશ કર્યો. બલભદ્રે યોગથી પરમ પુરુષનું ધ્યાન ધરી પરમાત્મા સાથે ઐક્ય કરી પોતાના દેહનો ત્યાગ કર્યો.

**જરાએ શ્રીકૃષ્ણના ચરણમાં મારેલું બાણઃ**

પછી શ્રીકૃષ્ણ પીપળાનાં મૂળ પાસે જઈ મૌન ધારણ કરી ત્યાં વિરાજ્યા. તે સમયે તેમણે પોતાની કાંતિથી પ્રકાશતું ચાર ભુજાઓવાળું સ્વરૂપ ધારણ કર્યુ અને ધૂમાડા વિનાના અગ્નિની જેમે બધી દિશાઓના અંધકારને દૂર કર્યો. શ્રીવત્સ ધારણ કર્યો અને બે પીડા વસ્ત્રો પહેરેલું ઘનશ્યામ સ્વરૂપ ધારણ કર્યું. તેમનું સુંદર સ્મિતવાળું મુખકમલ શ્યામ કેશોથી શોભતું હતું. તેમનાં નયનો કમલ જેવાં સુંદર હતાં. તેમનાં મગરની આકૃતિવાળાં કુંડલો પ્રકાશતાં હતાં. તે કંદોરો, જનોઈ મુકુટ, કડાં, બાજુબંધો, હાર, નૂપૂર, વીંટીઓ તથા કૌસ્તુભથી શોભતા હતા. તેમણે વનમાળા પહેરી હતી અને તેમનાં મૂર્તિમાન આયુધો તેમની પાસે હતાં. તે પોતાના ડાબા ચરણને જમણા સાથળ ઉપર રાખી વિરાજતા હતા. તે

સમયે હરણના આકારે રહેલા તે ચરણને જોઈ, તેને હરણ માની, મુસલના બાકી રહેલ લોઢાના ફણાવાળાં બાણથી 'જરા' નામના પારધિએ ચરણને વીંધ્યું. પછી નજીક આવતાં તેને ચાર ભુજાવાળા ભગવાનનાં દર્શન થતાં, પોતે ભગવાનનો અપરાધ કર્યો છે એમ જાણી તે ભયભીત થઈ ભગવાનના ચરણમાં પડ્યો, તેમની ક્ષમા માંગી અને ફરી આવો અપરાધ પોતે કરે નહિ તે માટે પોતાને શિક્ષા કરવા વિનતી કરી. ભગવાને તેને ભય ન રાખવા કહ્યું અને પોતાની જ તે બાણ મારે તેવી ઈચ્છા હોવાનું જણાવ્યું અને તેને સદેહે સ્વર્ગમાં મોકલ્યો. ભગવાનને ત્રણ વાર પરિક્રમા કરી, નમન કરી તે વિમાનમાં બેસી સ્વર્ગે ગયો.

**શ્રીકૃષ્ણની દારૂકને આજ્ઞાઃ**

પછી ભગવાનની માલાના તુલસીની ગંધે-ગંધે ભગવાનનો સારથી દારૂક તેમની પાસે આવ્યો. ભગવાનનાં દર્શન થતાં તેમને પીપડા નીચે જોઈ સ્નેહને લીધે તેની આંખમાં આંસુ આવ્યાં અને તે રથ ઉપરથી કૂદી તેમના ચરણમાં પડ્યો. પછી ગરૂડના ચિહ્નવાળો ભગવાનનો રથ, ઘોડા તથા ધજા સાથે આકાશમાં ઉડી ગયો અને તેમનાં દિવ્ય આયુધો પણ એ પ્રમાણે ઉડી ગયા. તે જોઈ વિસ્મય પામેલા દારૂકને ભગવાને કહ્યું ''હે સારથી! તું દ્વારકામાં જા અને યાદવો પરસ્પર યુદ્ધ કરી મરણ પામ્યા છે, બલભદ્ર સ્વધામ પધાર્યા છે અને મને તું જેવી દશામાં જુએ છે તે બંધુઓને કહેજે. વળી તેમને કહેજે કે તેઓ હવે દ્વારકામાં ન રહે, કારણ કે હું ત્યાં નહિ રહું એટલે સમુદ્ર તેને ડુબાડી દેશે. તે બધા પોતપોતાના પરિવાર અને મારા માત-પિતાને લઈ અર્જુનના રક્ષણમાં ઈન્દ્રપ્રસ્થ જાય. તું શાંતિ રાખજે.'' ભગવાનની આજ્ઞા સાંભળી, ભગવાનને વારંવાર પરિક્રમા કરી, નમન કરી, તેમના ચરણ પોતાના માથે પધરાવી ઉદાસ બની દારૂક દ્વારકા ગયો.

**દેવોનું આગમન અને આસુરવ્યામોહ લીલાઃ**

પછી ભગવાન સ્વધામમાં કેવી રીતે પધારે છે તે જોવા ત્યાં બ્રહ્મા, શંકર, પાર્વતી, ઈન્દ્ર, બીજા દેવો, મુનિઓ, પિતૃઓ, સિદ્ધો, ગન્ધર્વો વિદ્યાધરો, મોટા સર્પો, ચારણો, યક્ષો, રાક્ષસો, કિન્નરો, અપ્સરાઓ તથા બ્રાહ્મણો આવ્યા અને ભગવાનથનાં જન્મ તથા કર્મો નું કીર્તન કરવા લાગ્યા. દેવો વગેરે પોતપોતાનાં વિમાનમાંથી પુષ્પોની વૃષ્ટિ ભક્તિપૂર્વક કરવા લાગ્યા. પછી ભગવાને પોતાનાં કમલ જેવા નયનો બંધ કર્યા અને પોતાના ધામમાં પધારી ગયા. તે સમયે સ્વર્ગમાં દુંદુભિઓ ગગડ્યાં અને આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થઈ. સત્ય, ધર્મ, વૃત્તિ, કીર્તિ અને શ્રી ભૂમિ ઉપરથી ભગવાનની પાછળ જતાં રહ્યાં. જેમ મેઘમંડલને તજી આકાશમાં ફરતી વીજળીની ગતિ મનુષ્ય જોઈ શકતા નથી, તેમ ભગવાન કેવી રીતે સ્વધામમાં પધાર્યા તે બ્રહ્મા વગેરે દેવો પણ જોઈ શક્યા નહિ, અને ભગવાનની યોગગતિની પ્રશંસા કરતા-કરતા પોતપોતાના લોકમાં ગયા.

**સ્વમૂર્ત્યાલોકલાવણ્યનિર્મુક્ત્યા લોચનં નૃણામ્।**
**ગીર્ભિસ્તાઃ સ્મરતાં ચિતં પદૈસ્તાનીક્ષતાં ક્રિયાઃ।।**

**આચ્છિદ્ય કીર્તિં સુશ્લોકાં વિતત્વ હ્યંજસા નુ કૌ।**
**તમોઽનયા તરિષ્યનીત્યગાત્ સ્વં પદમીશ્વરઃ।।**

જ્યાં સુધી ભગવાન ભૂતલ ઉપર વિરાજતા હતા ત્યાં સુધી માણસોનાં લોચનને સત્યલોક વગેરે લોકમાં રહેનાર માણસોનાં લાવણ્યનો પોતાના દેહથી ત્યાગ કરાવી પોતાના દેહમાં જ તેને લગાડતા હતા, પોતાની વાણીનું સ્મરણ કરનારાં તેમનાં ચિત્તને તે વાણીથી જ હરી લેતા હતા અને બીજા કોઈ પદાર્થમાં ચોંટવા દેતા ન હતા અને પોતાનાં વૃંદાવન વગેરે સ્થાન જોનારાઓની બીજી બધી ક્રિયાઓ અટકાવી દઈ તેમને તે જોવામાં જ તલ્લીન કરતા. એ પ્રમાણે તેમના સમયમાં જે જીવો હતા તેમનો ભગવાન ઉદ્ધાર કરતા. પછી વ્યાસ વગેરે મુનિઓએ ભગવાનની કીર્તિના ઉત્તમ શ્લોકો રચેલા. તે કીર્તિરૂપ પ્રકાશથી ભવિષ્યના જીવો પણ સહેલાઈથી અજ્ઞાનને તરી મુક્તિ પામે તે માટે ભૂતલ ઉપર એવી કીર્તિનો પ્રસાર કરી ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ધામમાં પધાર્યા પછી ભગવાને તજેલી ભગવાનના મંદિર સિવાયની બધી દ્વારકા નગરી સમુદ્રે પોતાની અંદર ડૂબાડી દીધી. માત્ર ભગવાનનું મંદિર ડૂબ્યું નહિ. તે મંદિરમાં ભગવાન સદા વિરાજે છે.

**શ્રીકૃષ્ણઃ પરમાનન્દં દશલીલાયુતં સદા।**
**સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ।।**